
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૭)



વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૧૫૧-૧૮૦ શ્લોક ૧૦૩-૧૨૫) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૨૧૩-૨૪૮)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૭)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ગાથા-૧૫૧ થી ૧૮૦, શ્લોક-૧૦૩ થી ૧૨૫,
પ્રવચન-૨૧૩ થી ૨૪૮)

પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

| | | |
|---|---|---|
| વિક્રમ સંવંત ૨૦૭૬ | વીર સંવંત ૨૫૪૬ | ઈ. સન ૨૦૨૦ |


**પ્રકાશન તિથિ**

શ્રી દશ-લક્ષણ-ધર્મ પર્વ, ઉત્તમ ક્ષમા દિવસ,
ભાદરવા સુદ - ૫, તા.૨૩-૦૪-૨૦૨૦

**પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ**

| | |
|---|---|
| શ્રી સમકિત પ્રદિપભાઈ દેસાઈ, સુરત | ૧૦,૦૦૦/- |
| શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા, રાજકોટ | |
| શ્રી ચેતનભાઈ ચંદુલાલ મહેતા, રાજકોટ | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી મણીબેન રતનશી શાહ, વિદિશા | ૫૦,૦૦૦/- |

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૫ પ્રવચનનાં
સંકલનરૂપ આ **'ભાગવત શાસ્ત્ર'** ભાગ–૭ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય

થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!

- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું

દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૧૫૧ થી ૧૮૦ ગાથા તથા તેના ૧૦૩ થી ૧૨૫ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૨૧૩ થી ૨૪૮ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૭માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી

સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**

**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઇન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં–વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૧૩ | ૨૬–૧૦–૧૯૭૬ | કળશ–૧૦૩–૧૦૪ | ૦૦૧ |
| ૨૧૪ | ૨૭–૧૦–૧૯૭૬ | કળશ–૧૦૪, ગાથા–૧૫૧ | ૦૧૩ |
| ૨૧૬ | ૩૦–૧૦–૧૯૭૬ | કળશ–૧૦૫, ગાથા–૧૫૩ | ૦૨૫ |
| ૨૧૭ | ૩૧–૧૦–૧૯૭૬ | ગાથા–૧૫૪ | ૦૩૭ |
| ૨૧૮ | ૦૧–૧૧–૧૯૭૬ | ગાથા–૧૧૫ | ૦૫૦ |
| ૨૧૯ | ૦૨–૧૧–૧૯૭૬ | ગાથા–૧૫૫–૧૫૬ | ૦૬૩ |
| ૨૨૦ | ૦૩–૧૧–૧૯૭૬ | કળશ–૧૦૬–૧૦૭, ગાથા–૧૫૬ | ૦૭૬ |
| ૨૨૧ | ૦૪–૧૧–૧૯૭૬ | કળશ–૧૦૮, ગાથા–૧૫૭ થી ૧૫૯ | ૦૯૦ |
| ૨૨૨ | ૦૫–૧૧–૧૯૭૬ | ગાથા–૧૬૦ | ૧૦૩ |
| ૨૨૩ | ૦૬–૧૧–૧૯૭૬ | ગાથા–૧૬૧ થી ૧૬૩ | ૧૧૭ |
| ૨૨૪ | ૦૭–૧૧–૧૯૭૬ | ગાથા–૧૬૧ થી ૧૬૩, કળશ–૧૦૯ | ૧૩૦ |
| ૨૨૫ | ૦૮–૧૧–૧૯૭૬ | કળશ–૧૦૯–૧૧૦ | ૧૪૨ |
| ૨૨૬ | ૦૯–૧૧–૧૯૭૬ | કળશ–૧૧૦–૧૧૧ | ૧૫૫ |
| ૨૨૭ | ૧૦–૧૧–૧૯૭૬ | કળશ–૧૧૨ | ૧૬૭ |
| ૨૨૮ | ૧૧–૧૧–૧૯૭૬ | કળશ–૧૧૩ | ૧૭૮ |
| ૨૨૯ | ૧૨–૧૧–૧૯૭૬ | ગાથા–૧૬૪–૧૬૫ | ૧૯૦ |
| ૨૩૦ | ૧૩–૧૧–૧૯૭૬ | ગાથા–૧૬૬ | ૨૦૩ |
| ૨૩૧ | ૧૪–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭–૧૬૮ | ૨૧૭ |
| ૨૩૨ | ૧૫–૧૧–૧૯૭૬ | ગાથા–૧૬૮, કળશ–૧૧૪ | ૨૨૯ |
| ૨૩૩ | ૧૬–૧૧–૧૯૭૬ | ગાથા–૧૬૯, કળશ–૧૧૫ | ૨૪૨ |
| ૨૩૪ | ૧૭–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૦–૧૭૧ | ૨૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૩૫ | ૧૮–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૨ | ૨૬૭ |
| ૨૩૬ | ૧૯–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૨, કળશ–૧૧૬ | ૨૭૯ |
| ૨૩૭ | ૨૦–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૨થી૧૭૬,કળશ–૧૧૬–૧૧૭ | ૨૯૨ |
| ૨૩૮ | ૨૧–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૩ થી ૧૭૬ | ૩૦૬ |
| ૨૩૯ | ૨૨–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૩ થી ૧૭૬ | ૩૨૦ |
| ૨૪૦ | ૨૩–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૭–૧૭૮, કળશ–૧૧૮–૧૧૯ | ૩૩૩ |
| ૨૪૧ | ૨૪–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૭–૧૭૮ | ૩૪૬ |
| ૨૪૨ | ૨૫–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૭–૧૭૮, કળશ–૧૨૦ | ૩૫૮ |
| ૨૪૩ | ૨૬–૧૧–૧૯૭૬ | કળશ–૧૨૦–૧૨૧ | ૩૭૦ |
| ૨૪૪ | ૨૭–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૯–૧૮૦, કળશ–૧૨૧ | ૩૮૩ |
| ૨૪૫ | ૨૮–૧૧–૧૯૭૬ | ગાથા–૧૭૯–૧૮૦, કળશ–૧૨૨–૧૨૩ | ૩૯૭ |
| ૨૪૬ | ૨૯–૧૧–૧૯૭૬ | કળશ–૧૨૩ | ૪૦૯ |
| ૨૪૭ | ૩૦–૧૧–૧૯૭૬ | કળશ–૧૨૩–૧૨૪ | ૪૨૧ |
| ૨૪૮ | ૦૧–૧૨–૧૯૭૬ | કળશ–૧૨૪–૧૨૫ | ૪૩૩ |

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૭)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

**કારતક સુદ-૪, મંગળવાર, તા. ૨૬-૧૦-૧૯૭૬,**
**કળશ-૧૦૩ - ૧૦૪, પ્રવચન નં. ૨૧૩**

સમયસાર, ૧૦૩ કળશ. ૧૦૩ કળશ છે. હિન્દીની માગણી છે.

(स्वागता)

कर्म सर्वमपि सर्वविदो यद्
बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं
ज्ञानमेव विहितं शिवहेतुः।।१०३।।

‘**શ્લોકાર્થ :—કારણ કે સર્વજ્ઞદેવો સમસ્ત (શુભ તેમ જ અશુભ) કર્મને...**’ આહા..હા..! સર્વજ્ઞદેવે અવિશેષ કહ્યા, બેમાં ફેર પાડ્યા વિના. બેમાં ફેર પાડ્યા વિના સામાન્ય તરીકે શુભ અને અશુભ એક જ બંધનું કારણ છે. આહા..હા..! ચાહે તો દયા, દાન, વ્રત, તપનો ભાવ હો કે ચાહે તો હિંસા, જૂઠું, ચોરીનો ભાવ હો, બેય વિભાવભાવ છે, એનો ભગવાને નિષેધ કર્યો છે કે એ ધર્મ નથી, ધર્મનું કારણ પણ નહિ. છે? સર્વજ્ઞદેવ સર્વવિદ્. ત્રિકાળ જ્ઞાની સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવે ‘**सर्वम् अपि कर्म**’ ‘**સમસ્ત કર્મ...**’ એટલે શુભાશુભભાવ. વ્રત હો, તપ હો, ભક્તિ હો, પૂજા હો કે હિંસા, જૂઠું, ચોરી, વિષય(વાસના)

હોય, એ બેય ભાવનો ભગવાને નિષેધ કર્યો છે. સામાન્યથી એને બંધનું સાધન કહે છે. એકરૂપ જ બંને બંધનું સાધન છે. આહા..હા..! આ આકરું પડે છે માણસને. વ્યવહાર વ્રત, તપ, શીલ, સંયમ એ બધી ક્રિયાઓ શુભભાવ છે અને એ બંધનું કારણ છે. બંધનું કારણ છે એમ સર્વજ્ઞદેવ, જિનેશ્વરદેવે દિવ્યધ્વનિમાં આમ કહ્યું છે. આહા..હા..!

'**अविशेषात्**' એટલે કે બેયમાં કાંઈ ફેર નથી. બંધનની અપેક્ષાએ તો બેય ભાવ એકસરખા છે. આહા..હા..! આકરું પડે છેને આ માણસને. વ્યવહાર કરીએ તો નિશ્ચય થશે અને વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એ વાત સર્વજ્ઞની આજ્ઞા બહાર છે. આહા..હા..! આચાર્ય મહારાજને તેથી શબ્દ ગોઠવવો પડ્યો '**सर्वविदः**' આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! '**सर्वविदः**' ત્રણકાળ, ત્રણલોકને જાણનાર જિનેશ્વર વીતરાગ પરમાત્મા સર્વ કર્મનો નિષેધ (કરીને) બંધનું સાધન (કહે છે). આહા..હા..! એ વ્રત પાળે પંચમહાવ્રત કે બાર વ્રત એ અપવાસ આદિ કરે એ બધા શુભભાવ છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર એ શુભભાવ અને અશુભભાવ, વિષયકષાયના ભાવ અને આ દયા, દાન, વ્રત, તપના ભાવ બેયને તફાવત વિના બંધના સાધન ભગવાને કહ્યું છે. આહા..હા..! છે કે નહિ અંદર?

અમૃતચંદ્રાચાર્ય મહારાજ કળશ ટીકાકાર (કહે છે), સર્વજ્ઞ પરમેશ્વરે તો આમ ફરમાવ્યું છે. આહા..હા..! ત્રણકાળ, ત્રણલોક જેણે જાણ્યા છે અને એક સમયમાં અનંત આનંદનું જેને વેદન છે. આહા..હા..! અનંતજ્ઞાન છે, અનંત આનંદ છે અને અનંતવીર્યની સ્ફુરણા સ્વરૂપની રચનામાં પૂર્ણ કામ કરે છે, આહા..હા..! એવા જે સર્વજ્ઞદેવ એ પુણ્ય અને પાપ બેય ભાવને સામાન્યથી.. અવિશેષ છે ને? અવિશેષ એટલે સામાન્ય. વિશેષ નહિ, બેમાં કાંઈ ફેર નહિ. આહા..હા..! સામાન્યતયા બંધનું સાધન, બંધનું કારણ (કહે છે). આહા..હા..! આકરી વાત. લોકોને આ આકરું પડે છે. શું થાય? માર્ગ તો આ છે, ભાઈ! બહારથી માનીને બેસે. એની સંખ્યા ઘણી હોય માટે સત્ય થઈ જાય એમ નથી. આહા..હા..! કહે છે, બેય ભાવ બંધનું કારણ સામાન્યપણે ફેર પાડ્યા વિના, જેમ વિષયકષાયના ભાવ બંધનું કારણ છે, એમ અહીં વ્રત, તપ, શીલ, બ્રહ્મચર્યનો વિકલ્પ એ પણ બંધનું કારણ છે. આહા..હા..! કેમકે બેય કર્મચેતના છે. રાગનું ચેતાવું (થાય છે). જ્ઞાનમૂર્તિ ભગવાન રાગમાં રોકાઈ જાય છે એ બંધનું કારણ છે. આહા..હા..!

'**તેથી (એમ સિદ્ધ થયું કે...**' એ સિદ્ધ નામ નિર્ણય થયો, નિર્ધાર થયો '**કે..**' તેમણે '**सर्वम् अपि तत् प्रतिषिद्धं**' '**સમસ્ત કર્મને નિષેધ્યું છે...**' બાકી શું રહ્યું? '**ज्ञानम् एव शिवहेतुः विहितं**' આહા..હા..! ભગવાને તો જ્ઞાનસ્વરૂપ ભગવાન, એ જ્ઞાનની સેવા, જ્ઞાનની એકાગ્રતા (કરવાનું કહ્યું છે). ચૈતન્યસ્વરૂપ જે ભગવાન આત્મા એ જ્ઞાનની સેવા, જ્ઞાનમાં એકાગ્રતા રાગ, પુણ્ય, પાપના વિકલ્પરહિત.. આહા..હા..! આચાર્યને તો સર્વજ્ઞનો આધાર લેવો પડ્યો. સાધારણ પ્રાણી ન માને. સર્વજ્ઞ પરમેશ્વર આમ કહે છે, બાપુ! તું કોને (કહે છે)? સર્વજ્ઞ ભગવાન (આમ કહે છે). સર્વજ્ઞ ભગવાન જે ત્રિકાળ જાણે છે એનો આધાર લઈને આચાર્ય

કહે છે. હું કહું છું એકલું એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? વર્તમાનમાં તો બહુ ગડબડ થઈ ગઈ. વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, જાત્રા કરો, સમ્મેદશિખરની જાત્રા 'એક વાર વંદે જો કોઈ નરક પશુ ન હોઈ' આવે છેને? એમાં શું થયું? એ સમ્મેદશિખરની જાત્રા પણ શુભભાવ છે. એને ભગવાને બંધનું સાધન કહ્યું છે. આહા..હા..! કહ્યુંને? છે કે નહિ અંદર? પ્રભુ! તારો માર્ગ ચેતના જ્ઞાનમાં જ્ઞાનચેતના. રાગ શુભ-અશુભ હોય પણ બેય કર્મચેતના છે, વિકારી કાર્ય છે. આહા..હા..!

અહીંયાં તો ભગવાને સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવે '**ज्ञानम् एव शिवहेतुः विहितं**' આ ત્રણ શબ્દમાં તો આખો ઓહો..હો..! ચોથું પદ છેને ચોથું? '**ज्ञानम् एव**' એમ શબ્દ છે. '**ज्ञानम् एव**'. '**જ્ઞાનને જ...**' એમ. '**एव**' છેને '**एव**'. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક એ જ્ઞાનસ્વભાવને જ મોક્ષનો હેતુ કહ્યો છે. આહા..હા..! છે કે નહિ એમાં પાઠ? '**ज्ञानम् एव**' '**જ્ઞાનને જ...**' '**एव**' એટલે એમ. નિશ્ચયથી એમ. કથંચિત્ રાગથી અને કથંચિત્ જ્ઞાનથી એવો સ્યાદ્વાદ માર્ગ નથી વીતરાગનો.

'**ज्ञानम् एव**' સ્વરૂપ એનું જ્ઞાન છે. એ સ્વરૂપમાં પુણ્ય-પાપના વિકલ્પનો, રાગનો અભાવ છે, એના અભાવમાં એકલો જ્ઞાનસ્વરૂપ રહ્યો, એનું અંદર ધ્યાન કરીને એકાગ્રતાજ્ઞાનનો અનુભવ કરવો, આત્મરસનો અનુભવ કરવો. રાગ છે એ રાગનો અનુભવ આકુળતા અને દુઃખ છે. આહા..હા..! ચાહે તો વ્રત ને તપ ને બ્રહ્મચર્ય ને સત્ય, દત્ત રાગનો હોય, જાત્રાનો રાગ હોય, ભગવાનના સ્મરણનો રાગ હોય પણ એ તો કર્મચેતના દુઃખરૂપ છે. આહા..હા..! એનો નિષેધ કરીને ભગવાન એમ કહે છે કે તું જ્ઞાનના અનુભવરસનું સેવન કર. આહા..હા..! જ્ઞાનસ્વરૂપનો અનુભવરસ. જ્ઞાનરસ, આનંદરસ, વીતરાગી રસ, અનાકુળ શાંતરસનું સેવન કર. આહા..હા..! છે? છેલ્લી ચોથી લીટીમાં ત્રણ શબ્દમાં તો બધું ભરી દીધું. '**ज्ञानम् एव शिवहेतुः विहित**' ભગવાને તો વસ્તુનો સ્વભાવ જે જ્ઞાન છે એની અંતરની નિર્વિકલ્પ એકાગ્રતા, આનંદના રસનો અનુભવ (મોક્ષનું સાધન કહ્યું છે). રાગના રસનો તો નિષેધ કરી દીધો. પુણ્ય-પાપના શુભ-અશુભ વિકલ્પનો, રાગરસનો નિષેધ કરીને આત્મરસમાં એકાગ્ર થઈને વિહિત કહ્યું છે. એ મોક્ષનો વિહિત માર્ગ છે. આહા..હા..! આમાં ક્યાંય અવકાશ છે પ્રશ્નને? વ્યવહાર કેટલેક ઠેકાણે આવે. વ્યવહાર સાધક છે, નિશ્ચય સાધ્ય છે એવું પણ આવે, એ તો વ્યવહારનું જ્ઞાન કરાવે છે. વ્યવહાર તો શુભરાગ છે. સમજાણું કાંઈ?

અહીં તો એક જ વાત '**ज्ञानम् एव शिवहेतुः विहितं**' ભગવાન આત્મા આનંદના રસમાં મશગુલ થઈને આનંદનું સેવન કરે એ જ્ઞાનનો ભાવ એણે ભગવાને '**शिवहेतुः विहितं**' મોક્ષનું કારણ '**विहित**' નામ કહ્યું છે. આહા..હા..! આ વિધિ કહી છે. કહો, સમજાણું કાંઈ? છે કે નહિ સામે? પંક્તિમાં છે કે નહિ અંદર? આહા..હા..! આવો માર્ગ (છે) પણ ખબર નથી લોકોને. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર વીતરાગદેવની શું આજ્ઞા છે અને શું નિષેધ છે? કઈ

પ્રવૃત્તિ કરવી અને કઈ પ્રવૃત્તિ ન કરવી એવી જે આજ્ઞા છે એ ટૂંકામાં બહુ કહ્યું. બધા શાસ્ત્રમાં ચારેય અનુયોગમાં ભગવાનની આજ્ઞા તો આ છે. ચાહે તો ચરણાનુયોગ હોય, કરણાનુયોગ હોય, કથાનુયોગ હોય, દ્રવ્યાનુયોગ હોય. આહા..હા..! સમજાણું કાંઈ? નિજસ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન એની એકાગ્રતા!

'ज्ञानम् एव'નો અર્થ જ્ઞાનસ્વરૂપ તો ત્રિકાળ છે, પણ વર્તમાનમાં જ્ઞાનની એકાગ્રતા એ 'ज्ञानम् एव'. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનરસ, જ્ઞાનભાવ, જ્ઞાનસ્વભાવ, ધ્રુવસ્વભાવ જ્ઞાન એ નહિ. અહીં તો એ ધ્રુવસ્વભાવ જ્ઞાનમાં એકાગ્રતા એ શિવહેતુ એને કહ્યું છે. '**જ્ઞાનને જ મોક્ષનું** કારણ...' (કહ્યું છે). અહીં તો પર્યાયની વાત છેને. સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ બેયનો ભગવાને તો નિષેધ કર્યો છે (કે એ) ધર્મનું સાધન (નથી), એ તો બંધનું કારણ છે. આહા..હા..!

જેને હજી સમ્યગ્દર્શનના ઠેકાણે નહિ અને આ દયા ને વ્રત કરતાં કરતાં નિશ્ચય થઈ જશે. ભ્રમણા છે ભ્રમણા. આહા..હા..! શિવનગરીનો રાજા, શિવ નિરૂપદ્રવસ્વરૂપ ભગવાન રાજા એ રાગમાં રોકાઈ ગયો. આહા..હા..! શિવપુરીનો રાજા ભગવાન આત્મા. અંદર શિવપુરી ભરી છે. આહા..હા..! જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એવો જે ચૈતન્યરાજા પોતાની નિજનિધિને ભૂલીને, રાગને ધર્મ માને છે (એ) ચોર ચોરી કરે છે. આહા..હા..! એ શુભભાવને ધર્મ અને ધર્મનું કારણ માને છે એ ચોર છે. આહા..! આવો માર્ગ ભારે!

સર્વજ્ઞ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ. દિગંબર આચાર્ય છઠ્ઠે ગુણસ્થાને મુનિ બિરાજે છે. સાચા સાધુ તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં હજારો વાર આવે છે. અને મુનિ જે સાચા હોય એને તો રાત્રે છેલ્લી પહોરમાં એક પોણી સેકન્ડ નિદ્રા આવે છે. એવી ભાવલિંગ દશા છે. એ દશાને પ્રાપ્ત છે મુનિ. આહા..હા..! વીતરાગી મુનિ છે, વીતરાગી મુનિ. આહા..હા..! અકષાયભાવ પણ ઘણો થઈ ગયો છે એટલે નિંદ્રા પણ એક સેકન્ડની અંદર (આવે છે). આહા..! ભલે એને અંતર્મુહૂર્ત કહો. સેકન્ડને પણ અંતર્મુહૂર્ત કહે છે. સેકન્ડના અસંખ્યમા ભાગમાં પણ અસંખ્ય સમય જાય અને એને પણ અંતર્મુહૂર્ત કહે છે. આહા..હા..! એક સેકન્ડમાં અસંખ્ય સમય જાય છે. આહા..! આમ નથી આવતું? સાંઈઠ પહોરનો વિપળ ને સાંઈઠ વિપળની સેકન્ડ, સાંઈઠ સેકન્ડની મિનિટ અને સાંઈઠ મિનિટનો કલાક. નિશાળમાં આવતું નિશાળમાં. પળ, વિપળ, સેકન્ડ ને... આહા..હા..! એક સેકન્ડમાં અસંખ્ય સમયનો વિપળ હોય છે. વિપળ ઘણા, એનાથી સેકન્ડ મોટી હોય છે. આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદનો રસ, ચારિત્રની દશામાં આવ્યો, અતીન્દ્રિય આનંદનો રસીલો પ્રચુર સ્વસંવેદન આનંદ (આવ્યો), એ આનંદનો અનુભવ તેને મોક્ષનો માર્ગ ભગવાને કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ તો આ છે.

એ કહ્યું, 'ज्ञानम् एव' કદાચિત્ શુભભાવથી અને કથંચિત્ જ્ઞાનથી એમ નથી કહ્યું. 'एव'

શબ્દ વાપર્યો છે. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યબિંબ, તે ચૈતન્યરસમાં એકાગ્રતા A¡ "ज्ञानम् एव' એમ કહે છે. ત્રિકાળી જ્ઞાનની વાત નથી આ. ત્રિકાળી જ્ઞાનમાં એકાગ્રતા એ 'ज्ञानम् एव'. લાલચંદભાઈ! પર્યાયની વાત છેને? આહા..હા..! જે જ્ઞાયકભાવ ધ્રુવ અનાદિ અનંત જ્ઞાયકભાવરૂપ અનાદિ અનંત નિર્મળાનંદ નિર્લેપ વસ્તુ દ્રવ્યસ્વભાવ જેમાં બંધ અને મોક્ષની પર્યાયનો પણ અવકાશ નથી. આહા..હા..! એવો જે અનાદિ નિત્ય જ્ઞાયકભાવ એ આત્મા, એમાં એકાગ્રતા એ 'ज्ञानम् एव' પરિણતિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત! તો આ બધી ધમાલ શું આ બધી? આ બધા મંદિરો ને રથયાત્રા ને ગજરથ ને આવા ૨૬-૨૬ લાખના મકાનમંદિરો, એમાં ભગવાન (બિરાજમાન કરવા). એ બધી ચીજ હો. એ તો એને કારણે થાય છે. એ કરનારનો ભાવ હો તો શુભભાવ છે, એ મોક્ષનો માર્ગ નથી. આહા..હા..!

**શ્રોતા :-** કારણ તો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :** કીધુંને માર્ગ પણ નહિ અને કારણ પણ નહિ. આહા..હા..! શુભભાવ વચ્ચે આવે, પણ એ બંધનો સાધક છે. આવે ખરો. જ્ઞાનીને એવો શુભભાવ આવે ભક્તિ આદિ, પણ છે એ બંધનું સાધન. આહા..હા..! દેવીલાલજી ક્યાંય ગયા છે? સવારે નહોતા? શું કહે છે? સવારમાં નહોતા. તબિયત સારી નથી. ઠીક! આહા..!

ભગવાન આત્મા તો શરીરના રોગરહિત અને રાગના રોગરહિત છે. આહા..હા..! એને ભગવાને 'ज्ञानम् एव' આ પરિણતિની વાત છે. શુભાશુભ રાગ છે એ જ્ઞાન નથી, એ તો રાગ છે, આકુળતા છે. આહા..હા..! જે શુભાશુભભાવરહિત ભગવાન ચિદાનંદરસ ધ્રુવસ્વરૂપ ભગવાન એમાં જેની એકાગ્રતા છે એ 'ज्ञानम् एव' જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. આહા..હા..! 'विहितं' શબ્દ પડ્યો છેને? 'विहितं' આ વિધિ કીધી છે અને આ માર્ગ કહ્યો છે. 'विहितं'માં કહ્યું છે એમ કહેવું છે. 'शिवहेतुः विहितं' એક શબ્દને પણ યથાર્થપણે સમજે તો વસ્તુસ્થિતિ ભાઈ એવી છે. મોટા લાંબા લાંબા પુસ્તક અને શાસ્ત્રની વાતું કરે અને પરમાર્થ એમાં ન હોય એ ચીજ શું? બાપુ! અહીં તો જેનાથી જન્મ-મરણ ન મટે એ ચીજ શું?

'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક...' એ શુભભાવ કેટલો કર્યો? એવો શુભભાવ તો અત્યારે હોતો પણ નથી. નવમી ગ્રૈવેયક જાય એવો શુભભાવ. આહા..! સમજાણું કાંઈ? જેની શુક્લલેશ્યા... પણ શુક્લલેશ્યા, શુક્લધ્યાન નહિ. શુક્લલેશ્યા એટલે ક્લેશ, બંધનું કારણ, એ શુક્લલેશ્યા. આહા..હા..! એ શુભભાવરૂપી શુક્લલેશ્યા, શુક્લલેશ્યા એને ભગવાન બંધનું સાધન કહે છે. આહા..હા..! અને ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા અનંતગુણની ખાણ, શિવનગરીનો રાજા.. આહા..હા..! ચેતનરાજા. પોતામાં રાજતે રાજા. સ્વરૂપમાં એકાગ્ર થાય એ રાજતે રાજા છે. આહા..હા..!

પોતાના આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં, જ્ઞાનચેતના એટલે જ્ઞાનમાં એકાગ્ર થવું. જ્ઞાનની ચેતના જે ગુપ્ત જ્ઞાન છે, જે ગુપ્ત જ્ઞાન છે એને પર્યાયમાં પ્રગટ કરવું એનું નામ જ્ઞાનચેતના કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાને તો આ કહ્યું છે. ઓહો..હો..! ભારે શ્લોક

છે. ૧૦૩.

હવે ૧૦૪. '**જો સમસ્ત કર્મ નિષેધવામાં આવ્યું છે તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું...**' જ્યારે શુભાશુભભાવનો નિષેધ કર્યો તો મુનિને શરણ કોનું? મુનિએ પાળવું શું? શુભાશુભભાવનો તો નિષેધ કર્યો કે ધર્મ નથી. તો મુનિએ પાળવું શું? સેવન કોનું કરવું? કોનું શરણ છે એને? આહા..હા..! ૧૦૪ કળશ. આપે તો મહાવ્રત, પંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર બધાનો નિષેધ કરી દીધો કે એ બધું બંધનું સાધન છે. હવે એણે પાળવું શું? જે પાળી શકે છે, પાળે છે એનો તો તમે નિષેધ કર્યો. સમજાણું કાંઈ? આહા..! શ્લોક બહુ ઊંચા છે હોં ૧૦૩-૧૦૪.

(शिखरिणी)

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः॥१०४॥

'શ્લોકાર્થ :—' '**सुकृतदुरिते सर्वस्मिन् कर्मणि किल निषिद्धे**' '**શુભ આચરણરૂપ કર્મ...**' શુભ આચરણરૂપી કાર્ય-ભાવ અને અશુભ આચરણરૂપી કાર્ય. છેને? ''**એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં...**' એ બેય ભાવનો નિષેધ કરવામાં આવતાં '**नैष्कर्म्ये प्रवृत्ते**' મુનિની નિષ્કર્મ પ્રવૃત્તિ-અવસ્થામાં પ્રવર્તમાન. આહા..હા..! એ રાગના વિકલ્પથી (રહિત) ભગવાનના સ્વભાવમાં નિષ્કર્મ પ્રવૃત્તિ મુનિની હોય છે. રાગના કાર્ય વિનાની જ્ઞાનચેતનાની નિષ્કર્મ પ્રવૃત્તિ હોય છે. નિષ્કર્મ શબ્દે? શુભાદિ રાગના કર્મરહિત. બાકી જ્ઞાનચેતના એ પણ છે તો કર્મ. કર્મ નામ કાર્ય. નિર્મળ પ્રવૃત્તિ છે. આહા..હા..! શુદ્ધોપયોગ પ્રવૃત્તિ નિર્મળ છે. આહા..હા..! આવું આકરું લાગે એટલે લોકો (બીજા રસ્તે ચડી ગયા). અનંતકાળ થયા ભાઈ, શુભ-અશુભ કરીને. શુભભાવ તો નિગોદમાં પણ થાય છે. નિગોદ છેને? કદી ત્રસ નહિ થાય. એવા અનંતા નિગોદ જીવ પડ્યા છે. આહા..હા..! એને પણ શુભભાવ અને અશુભભાવ ક્ષણે-ક્ષણે થાય છે, નિગોદમાં અભવિ હોય એને પણ. આહા..હા..! કદી નહિ નીકળનારા, મનુષ્ય નહિ થનારા એવા જીવ પડ્યા છે અનાદિથી. આહા..હા..!

ભગવાન કહે છે કે એને પણ ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ એવી કર્મધારા ચાલે છે. આહા..હા..! એ કોઈ નવી ચીજ, અપૂર્વ ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં તો કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ નથી. દયા, દાન કોને દેવી એ તો છે નહિ. એનું શું કામ છે? અંદર શુભભાવ થાય છે નિગોદના જીવને. એક શરીરમાં અનંતજીવ. દરેક જીવને ક્ષણે-ક્ષણે શુભ-અશુભ થાય છે. આહા..હા..! એક રાઈ જેટલો દાણો લ્યો દાણો. ડુંગળી, લસણ, કાંદા, મૂળા, કંદમૂળ હોય છેને. શક્કરકંદ જુદાં, મૂળી જુદી, ધોળી મૂળી કે શક્કરકંદ એની એક

કટકી લ્યો, કાચા શક્કરકંદની કાચા, પાકે પછી અચેતન થઈ જાય. સમજાણું કાંઈ? છતાં એ જીવ અંદર છે. એ અચેતન એટલે બાહ્યથી આમ દેખાય, પણ છે જીવસ્વરૂપ અંદર. આમ બહારથી અંદર ચેતન છે એ ખબર ન પડે. છે તો ચેતન અંદર જીવ. આહા..હા..! એ શક્કરકંદમાં જે ઉપરની છાલ હોય છે છાલ, છાલનું લક્ષ છોડી દ્યો તો આખું શક્કરકંદ શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ છે એને કારણે શક્કરકંદ-સાકરકંદ કહે છે. શક્કર-શક્કર સાકરની મીઠાશનો પિંડ છે. એમ ભગવાન આત્મા શુભ અને અશુભભાવ એ છાલ છે. આહા..હા..! છાલની પાછળ અંદર ભગવાન અતીન્દ્રિય અમૃત આનંદનો કંદ છે. જેમ પેલો શક્કરકંદ છેસાકરનો કંદ મીઠાશ, એમ ભગવાન અમૃતનો કંદ છે. આહા..હા..! એ આત્માની ખબર ન મળે કે આત્મા કેવો છે? આહા..હા..! એ માટે અહીં કહે છે જુઓ,

**'શુભ આચરણરૂપ કર્મ–'** આચરણરૂપ કર્મ લીધું છે હોં! પેલા પરમાણુ કર્મ બંધાય એમ નહિ. એ આમ લે છે લોકો આમાંથી. પણ આમાં તો ચોખ્ખી વાત છે. જુઓ, **'सुकृतदुरिते'** એમ શબ્દ છે. શુભાચરણ દયા, દાન, વ્રત, ભક્તિનું અને **'दुरिते'** હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, ભોગ એ બધા અશુભભાવ છે. બેય ભાવ **'એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં...'** આહા..હા..! **'नैष्कर्म्ये प्रवृत्ते'** **'એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** આહા..હા..! શુભભાવથી નિવૃત્તિ અને શુદ્ધભાવમાં પ્રવૃત્તિ. સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે અને એવો માર્ગ વીતરાગ સિવાય કોઈ માર્ગમાં છે નહિ. બધાય વિરુદ્ધ. વેદાંત કહો, સાંખ્ય કહો, વૈશેષિક કહો, વિષ્ણુએ આ માર્ગ એણે જાણ્યો નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એવા જિનવરદેવના હુકમમાં એ આવ્યું છે. આહા..હા..!

મુનિ કહે છે કે જ્યારે ભગવાને શુભાચરણ અને અશુભાચરણ બેનો નિષેધ કર્યો તો હવે કરવું શું? શરણ શું રહ્યું? સમજાણું કાંઈ? એના શરણનો કોઈ આધાર તો રહ્યો નહિ. શુભ આચરણનો તો તમે નિષેધ કર્યો કે બંધનું કારણ છે. આહા..હા..!

તો કહે છે, **'नैष्कर्म्ये प्रवृत्ते'** એની નિષ્કર્મ –શુભરાગથી રહિત આનંદસ્વરૂપ, અમૃતસ્વરૂપ ભગવાન એમાં એની પ્રવૃત્તિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન અંતર અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે, દરેક ભગવાન આત્મા... આહા..હા..! શક્કરકંદની પેઠે (છે). લાખ શક્કરકંદ હોયને લાખ, દરેક શક્કરકંદ સાકરની મીઠાશથી ભરેલો છે. છાલને એક કોર છોડી દ્યો; એમ આ કર્મ, શરીર ભિન્ન છે, પુણ્ય-પાપના વિકલ્પ એ છાલ ભિન્ન છે. આહા..હા..! એની પાછળ અંદર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો પડ્યો છે, પૂર્ણ પડ્યો છે. અરે..! એને એક વિષયની વાસના, એક માનમાં ખોઈ બેસે છે. આહા..હા..! વિષયની વાસનાનો પ્રેમ, રાગનો પ્રેમ એમાં ભગવાન એવા અમૃતના સાગરનો અનાદર કરી દે છે. સમજાણું કાંઈ?

ભગવાન અમૃતનો સાગરમાં પ્રવૃત્તિ છે. કોની? નિષ્કર્મ પ્રવૃત્તિ છે. આહા..હા..! **'नैष्कर्म्ये प्रवृत्ते'** છેને? નિષ્કર્મ નિવૃત્તિ અવસ્થામાં પ્રવર્તમાન. ભાષા એમ છેને? છે તો પ્રવૃત્તિ શબ્દ.

**'नैष्कर्म्ये प्रवृत्ते'** જ્યારે શુભરાગની પ્રવૃત્તિ છૂટી ગઈ તો **'नैष्कर्म्ये प्रवृत्ते'** અરાગી પરિણતિની પ્રવૃત્તિ થાય છે. આહા..હા..! મુનિનું એ પ્રવર્તન છે. આહા..હા..! પંચમહાવ્રત ને નગ્નપણું ને એ કોઈ મુનિપણું નથી, એ તો બહાર લિંગ છે જડનું. આહા..હા..!

મુનિને શરણ શું? ત્યારે મુનિ કરે છે શું? શુભભાવનો નિષેધ કર્યો તો એને શરણ શું? કે કર્મ રહિત શુભભાવના કાર્યરહિત નિષ્કર્મ કાર્ય છે એનું. આહા..હા..! શુભભાવરહિત કર્મથી નિવૃત્તિ અને શુદ્ધભાવની પ્રવૃત્તિનું એને શરણ છે. આહા..હા..! શું કહે છે? સમજાણું કાંઈ? છેને સામે પુસ્તક છે. એ કાંઈ અહીંનું બનાવેલું નથી. સોનગઢનું બનાવેલું નથી. મુનિનું બનાવેલું છે. કુંદકુંદાચાર્ય અને હજારો વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય. આ કુંદકુંદાચાર્ય! આ અમૃતચંદ્રાચાર્ય! એમ કહે છે કે મુનિને શરણ છે. કોનું? કર્મ શુભભાવથી રહિત નિષ્કર્મની પ્રવૃત્તિ. શુભભાવથી નિવૃત્તિ અને નિષ્કર્મ શુદ્ધ પરિણતિની પ્રવૃત્તિ. આહા..હા..! શુદ્ધ પરિણતિ પ્રવૃત્તિ, શુભરાગથી નિવૃત્તિ અને સ્વભાવની શુદ્ધની પરિણતિ એ એનું કર્મ છે, કાર્ય છે. આહા..હા..! એને મુનિ કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ તો આ છે, ભાઈ! આહા..! પાંચ ઇન્દ્રિયના વિષયોમાં જાય છે એ ચોર છે.

અહીંયાં તો પાંચ ઇન્દ્રિયના વિષયમાં ભગવાન અને ભગવાનની વાણી પણ ઇન્દ્રિયના વિષયમાં નાખી દીધી છે. ૩૧ ગાથા. ૩૧ ગાથામાં (કહ્યું), **'जो इंदियं जिणित्ता'** આહા..હા..! જે કોઈ આત્મા આ પાંચ ઇન્દ્રિય જડ અને અંદર એક-એક ખંડ-ખંડ ઇન્દ્રિય ભાવઇન્દ્રિય અને ઇન્દ્રિયનો વિષય સ્ત્રી, કુટુંબ, દેશ, દેવ, ગુરુ, શાસ્ત્ર ને વાણી. આહા..હા..! ૩૧ ગાથામાં એમ કહ્યું છે, સમયસાર. **'जो इंदियं जिणित्ता'** એટલે કે વિષયની વાસના અને શુભભાવ કે દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વલણનો શુભભાવ એને જીતીને એટલે એનું લક્ષ છોડી દઈને. આહા..હા..! આવો માર્ગ (છે).

એ નિષ્કર્મ અવસ્થામાં પ્રવર્તમાન. ભાષા તો એમ છેને? નિષ્કર્મ પ્રવૃત્તિ છે. પછી અર્થ કર્યો નિષ્કર્મ એટલે નિવૃત્તિ એમ. શેનાથી નિવૃત્તિ? ઓલા શુભભાવથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિષ્કર્મ-નિવૃત્તિ અવસ્થામાં પ્રવર્તતાં **'मुनयः खलु अशरणाः न सन्ति'** **નમુનિઓ કાંઈ અશરણ નથી;...થ** આહા..હા..! ભગવાન આત્માનું શરણ છે એમ કહે છે. રાગનું શરણ છૂટી ગયું તો ભગવાન આત્માનું શરણ મળ્યું. આહા..હા..! મંગલિકમાં નથી આવતું? અરિહંતા શરણં, સિદ્ધા શરણં. એ બધી વ્યવહારની વાત છે. આ તો આત્માનું શરણ. આહા..હા..! અરિહંત-સિદ્ધનું શરણ લેવા જાય છે તો પણ વિકલ્પ ઊઠે છે, શુભરાગ છે, શુભરાગ બંધનું કારણ છે. આહા..હા..! એમ સર્વજ્ઞદેવ અનંત જિનવરદેવો, તીર્થંકરો મહાવિદેહમાં બિરાજે છે ભગવાન તો. મહાવીર આદિ તો મોક્ષ પધાર્યા. મહાવિદેહમાં બિરાજે છે સાક્ષાત્ અત્યારે. પાંચસો ધનુષનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય છે. ઇન્દ્રો જેની સભામાં સાંભળવા જાય છે. નાગ ને વાઘ ને સર્પો જંગલમાંથી સમવસરણમાં સાંભળવા જાય છે અત્યારે. મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે.

કેવળી બિરાજે છે અરિહંતપણે. મહાવીર આદિ તો સિદ્ધ થઈ ગયા. નમો સિદ્ધાણં. આ નમો અરિહંતાણં. આહા..હા..! અરિહંતપદે પ્રભુ બિરાજે છે. એ વાણીમાં આ કહે છે.

કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. દિગંબર સંત આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ભગવાનની જાત્રા કરવા ગયા હતા. આહા..હા..! ત્યાં આઠ દિવસ સાંભળ્યું અને શ્રુતકેવળીઓ મુનિઓ હતા. કારણ કે ભગવાનની વાણી તો છ ઘડી છૂટે, પછી આગળ-પાછળ હોય નહિ. સવારમાં છ ઘડી, બપોરે છ ઘડી, સાંજે છ ઘડી. પછી આગળપાછળ મુનિ શ્રુતકેવળી સંતો હતા એની સાથે ચર્ચા કરી અને લાવ્યા અને આ શાસ્ત્ર બનાવ્યું. આહા..હા..! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા પ્રભુ મહાવિદેહમાં બિરાજે છે. એમની પાસે ગયેલા. આ સંદેશ લાવ્યા. સર્વજ્ઞ પરમેશ્વર આમ કહે છે કહે. મુનિ એમ કહે છેને. આહા..હા..! ભગવાનની સમીપે સાંભળીને અમે આવ્યા, ભગવાન આમ કહે છે. અમૃતચંદ્રાચાર્ય એમાંથી કાઢીને આમ કહે છે. આહા..હા..!

નિષ્કર્મ અવસ્થા. આહા..હા..! શું કહે છે? શુભ અને અશુભ બેય આચરણનો જ્યારે નિષેધ કર્યો તો એનું આચરણ શું હવે? એણે આચરવું શું? શુભભાવ અને અશુભભાવના આચરણનો નિષેધ કર્યો કે બેય બંધનું કારણ છે. તો એનું આચરણ શું હવે? શું આચરણ કરવું? પંચાચારમાં આચાર છેને— જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર, તપાચાર. આ શુભનો તો નાશ કર્યો, ત્યારે આચાર શું? કે ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ, એના જ્ઞાનમાં આચરણ કરવું, એના શ્રદ્ધામાં આચરણ કરવું શ્રદ્ધાનું, એમાં સ્થિરતાનું આચરણ કરવું, એ વીર્યની શુદ્ધતાની રચનામાં આચરણ કરવું, ઈચ્છા નિરોધરૂપી અનંત આનંદમાં રમણતા કરવી એ મુનિઓનું આચરણ છે. આહા..હા..! કેટલાક એમ કહે છે, સોનગઢે આ નવો પંથ કાઢ્યો છે. આ શું કહે છે? આ બે હજાર વર્ષ પહેલાંની ભગવાન કુંદકુંદાચાર્યની વાત છે. હજાર વર્ષ પહેલાં કળશ ટીકાકાર થયા દિગંબર સંત, અમૃતચંદ્રાચાર્ય, દિગંબર. સાચા મુનિને અંતર આનંદનો એટલો અનુભવ હોય છે કે જેને વસ્ત્ર લેવાનો વિકલ્પ પણ ન હોય. એટલા અમૃતના આનંદની લહેરમાં પડ્યા હોય અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રેણિક રાજાની વાત નથી આવતી એ? શ્રેણિક રાજા. મુનિ ધ્યાનમાં બેઠા હતા. આનંદના અમૃતના ઘૂંટડા પીતા હતા. જેમ શેરડીનો રસ પીવે છેને, શેરડી, શેરડી. શેરડીનો. તૃષા લાગી હોય તો ઘટક-ઘટક કરી પીવે છે, એમ ધર્મી અતીન્દ્રિય આનંદને ગટક-ગટક કરે છે. શું ચીજ છે? સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો રસ પીવે છે એ નિષ્કર્મ અવસ્થા છે. આહા..હા..! ભાઈએ નાખ્યો નથી દાખલો આપ્યો? સોગાનીએ દાખલો આપ્યો છે દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં. નિહાલચંદ્ર સોગાની અજમેરના. પછી તો (કલકત્તા રહેતા હતા). મોટા ગૃહસ્થ હતા, પણ ઘણી અંદર આત્માની શક્તિ ખીલી ગયેલી. લોકોને આકરું પડે એવું હતું. અંતર આત્મા અંદર ખીલી ગયો. અમે તો શેરડીનો રસ પીઈએ, એમ આત્માના આનંદના રસ પીઈએ છીએ, બહાર નીકળવું (ગોઠતું નથી). આહા..હા..! ધર્મ અને ચારિત્ર એને કહીએ. આહા..હા..!

જે અહીંયાં (કહ્યું), છે? '**નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા) પ્રવર્તે છે ત્યારે...**' '**ज्ञाने प्रतिचरितम् ज्ञानं हि**' '**જ્ઞાનમાં...**' એટલે આત્મામાં '**આચરણ કરતું-**' લ્યો! આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં મુનિઓ આચરણ કરતાં અંદર આનંદની રમણતા કરતાં. આહા..હા..! શુભાશુભભાવ તો ઝેર છે. કેમકે ભગવાન અમૃતસ્વરૂપથી બેય વિરુદ્ધ ભાવ છે, બંધના સાધક છે તેથી એનો નિષેધ કરીને અંતરમાં '**ज्ञाने प्रतिचरितम् ज्ञानं हि**' '**જ્ઞાનમાં આચરણ કરતું-રમણ કરતું-પરિણમતું...**' આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ શરણ છે ત્યાં. આત્મામાં રમતો થકો અમૃત આચરણનો અનુભવ કરે છે. આહા..હા..! નિર્વિકલ્પ આનંદનું વેદન કરે છે એ મુનિનું આચરણ છે. આહા..હા..! વાત આકરી પડે. શું થાય બાપુ? એની શ્રદ્ધા પહેલી કરવી પડશે અને અનુભવ પછી થશે. સમજાણું કાંઈ? અનુભવ પછી, સ્થિરતા પછી થશે. મુનિની ચારિત્રની દશા, અનુભવદશા તો અલૌકિક છે! આહા..હા..!

મુનિ તો સાક્ષાત્... નિયમસારમાં તો કહે છે કે મુનિમાં અને પરમાત્મામાં જરી-કિંચિત્ ફેર છે, એક કળશમાં એમ લીધું છે. અને એક કળશમાં એમ લીધું છે કે મુનિમાં અને વીતરાગમાં ફેર જોવે એ જડ જેવા (છે). એ કળશ છે. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદમાં ઝૂલે છે, રમે છે એવા મુનિ અને ભગવાનમાં જે અંતર જોવે છે એ જડ છે. એવો કળશ લીધો છે. ઈ આ પદ્મપ્રભમલધારીદેવ. નિયમસારની ટીકા કર્તા આ મુનિ છે. આહા..હા..! ત્રણલોકનો નાથ આનંદના સ્વભાવની રુચિ છોડી અને પરના વિષયોમાં શુભાશુભભાવમાં લલચાઈ ગયો, એ સંસાર ઊભો કર્યો એણે. પરિભ્રમણના પંથે પડ્યો એ. પરિભ્રમણને પંથે ગયો એ શુભાશુભભાવમાં. આહા..હા..!

સમયસાર નાટકમાં તો ત્યાં સુધી કહ્યું છે. મુનિ પોતાના આનંદમાં રમે છે એ જ એનું આચરણ છે, પણ એને જે પંચમહાવ્રતના વિકલ્પ ઊઠે છે એ જગપંથ છે. સમયસાર નાટકમાં છે. બનારસીદાસ. પછી આ લોકો કહેને બનારસીદાસ અને ટોડરમલ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા. પ્રભુ! તને ખબર નથી, ભગવાન! તું તો શિવનગરીનો રાજા. આહા..હા..! તારા ગુણની ખાણમાં અનંતા ગુણો, એક-એક ગુણની અનંતી નિર્મળ પર્યાય. આહા..હા..! એવો ચૈતન્યરત્નાકર. ચૈતન્યરત્નાકર, ચૈતન્યરૂપી રત્નનો દરિયો. ચૈતન્યના રતનનો દરિયો જ આત્મા દરિયો છે. આહા..હા..! આ એક બે બીડી પીવે સરખાઈની ત્યારે ભાઈસાહેબના જાડા ઉતરે પાયખાનામાં. બે બીડી પીવે ત્યારે. આવા અપલક્ષણ. હવે એને કહેવું કે તું ચૈતન્યરત્નાકર. સમજાય છે કાંઈ? ચૈતન્યના રતનનો દરિયો. ચૈતન્યરત્નાકરનો અર્થ એ. ચૈતન્યના રતનનો એ દરિયો છે, આકર છે. આહા..હા..!

એમાં એકાગ્ર થઈને મુનિ '**જ્ઞાનમાં...**' પરિણમન કરતાં થકા. દેખો. '**જ્ઞાનમાં આચરણ કરતું...**' જ્ઞાન શબ્દે આત્મા ત્રિકાળી. એમાં આચરણ કરતાં થકા, એમાં રમણ કરતાં થકા, એમાં પરિણમન કરતાં થકા. વિશેષ ખુલાસો કર્યો. પરિણમનપર્યાયની નિર્મળતા પ્રગટ કરતાં

થકા, વીતરાગી પરિણામ પરિણતિ કરતાં થકા મુનિ. રાગનો તો નિષેધ કર્યો કે એ ધર્મ નથી. તો શરણ શું છે હવે? ભગવાન આત્માનું શરણ લઈને રમણતા કરતાં થકા. 'एषां' '**મુનિઓને શરણ છે;...**' આહા..હા..! મુનિઓને એ શરણ છે. આહા..હા..! અરિહંતા શરણં, સિદ્ધા શરણં એ શરણ નહિ.

ભગવાનનો માર્ગ તો નિવૃત્ત માર્ગ છે, ભાઈ! રાગથી નિવૃત્ત એ માર્ગ છે. પછી રાગથી નિવૃત્ત અને શુદ્ધથી પ્રવૃત્ત. એને પ્રવૃત્તિ પણ કહેવામાં આવે છે. એ પ્રવૃત્તિ તો કહ્યું. આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન પોતાના આનંદની રાજધાની. આહા..હા..! એ શિવનગરીનો રાજા જે ચૈતન્યપ્રભુ એમાં જ્ઞાનમાં આચરણ કરતો થકો આત્માને જ્ઞાનશરણ છે. મુનિઓને જ્ઞાનશરણ છે, રાગાદિ શરણ નથી. એ જ્ઞાન પણ શાસ્ત્રજ્ઞાન એ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ શરણ નથી. શાસ્ત્રજ્ઞાન તો વિકલ્પ છે. આહા..હા..! ભેદરૂપ વિકલ્પ છે ત્યાં તો. આહા..!

'**જ્ઞાનમાં આચરણ કરતું–રમણ કરતું–પરિણમતું જ્ઞાન જ...**' ભાષા છેને? પાઠમાં છે જુઓને. 'ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि'. 'જ' કહ્યું છે, એકાંત કહ્યું છે. જ્ઞાન જ શરણ છે. રાગ પણ શરણ છે નહિ. વ્યવહારે કથંચિત્ શરણ અને નિશ્ચય કદાચિત્ શરણ એમ નથી. આહા..હા..! 'हि' શબ્દ વાપર્યો છે. '**જ્ઞાનમાં આચરણ કરતું જ્ઞાન જ...**' 'एषां' '**મુનિઓને શરણ છે;...**' 'तत्र निरताः' આહા..હા..! ભગવાન સ્વરૂપમાં '**લીન થયા થકા...**' જ્ઞાનસ્વરૂપી પરમાત્મા. પરમાત્મા પોતાના નિજ સ્વરૂપમાં લીન થયા થકા શુભભાવને છોડીને. આહા..હા..!

'परमम् अमृतं' આહા..હા..! '**પરમ અમૃતને...**' 'स्वयं' રાગની અપેક્ષા વિના, વિકલ્પની અપેક્ષા વિના. આહા..હા..! શુભરાગ વ્યવહાર હતો તેથી અમૃતનો સ્વાદ આવ્યો. સાધક કહે છેને? એ નહિ. સ્વયં અમૃત પીવે છે. રાગની અપેક્ષા બિલકુલ નથી. વ્યવહારની અપેક્ષા નિશ્ચયના અનુભવમાં છે નહિ. આહા..હા..! કળશ તો કળશ છે. ગજબ ટીકા છે! આહા..હા..! એક એક કળશમાં આખો સાર ભરી દીધો છે, પણ પ્રાણી બહારમાં પ્રવૃત્તિમાં એટલો બધો રોકાય. એક તો સંસારના અશુભભાવથી નિવૃત્તિ ન મળે. એ આખો દિ' ધંધા ને આ. એમાં બે-પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા થયા હોય દસ કરોડ, બે કરોડ રૂપિયા હોય તો થઈ રહ્યું. ઘૂસી જાય એમાં. એનું વ્યાજ ઊપજાવવું ને એનું આ કરવું ને એનું આ કરવું એકલું પાપ. આહા..હા..! અને સ્ત્રી કુટુંબનું પોષણ કરવું અને એને રાજી રાખવા. આહા..હા..! એમાંથી નવરો થાય નહિ, એમાં શુભભાવ તો ક્યાંથી આવે એને? આહા..હા..! અરે..! અહીંયાં તો કહે છે કે શુભભાવનું આચરણ દેવદર્શન, ગુરુ પૂજા આદિ છ બોલ કીધા છેને સમકિતીને? એવા મિથ્યાદૃષ્ટિને છ હોય, પણ એ બંધના કારણ છે. સમકિતીને હોય છ આવશ્યક એ બંધના કારણ છે. આહા..હા..! છ આવશ્યક કહ્યાને? દેવપૂજા, ગુરુસેવા, દાન, તપ, સંયમ એ છ વિકલ્પ છે, શુભરાગ છે. બંધનું કારણ. આવે છે, પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે સ્વભાવની દૃષ્ટિ, અનુભવ હોવા છતાં પોતાની નબળાઈને કારણે એવા શુભભાવ આવે છે, પણ એ બંધનું કારણ છે. આહા..હા..!

આવો માર્ગ છે. ''

'परमम् अमृतं' આહા..હા..! મુનિઓ તો સ્વયં અમૃતનો અનુભવ કરે છે. પરમ અમૃતનો સ્વયં એટલે પરની અપેક્ષા વિના એમ કહે છે. સ્વયં આત્મા પોતાથી અમૃતનો અનુભવ કરે છે. આહા..હા..! એનું નામ મુનિપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'परमम् अमृतं' પાછું એકલો 'अमृतं' એ શબ્દ નથી વાપર્યો. 'परमम् अमृतं' આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન, અતીન્દ્રિય આનંદનો અનુભવ પરમ અમૃત છે. પર્યાયની વાત છે આ.

'પરમ અમૃતને પોતે...' 'विन्दन्ति' 'અનુભવે છે-' આહા..હા..! મુનિઓ અમૃતનો અનુભવ કરે છે એ એનું આચરણ છે. શુભને છોડવા માટે બંધનું સાધન કર્યું તો આચરણનું કોઈ સાધન નથી એમ નથી. અંતર ભગવાન આત્માનું આચરણ છે. આહા..હા..! વિકલ્પ નામ રાગથી ભિન્ન પડીને પોતાના જ્ઞાનસ્વભાવમાં 'निरता' નામ અમૃતમાં લીન છે. અમૃતનો અનુભવ કરે છે. એ શરણ છે, એમાં રહે છે, એમ કહે છે. આહા..હા..! જુઓ આ મુનિપણું! આ મોક્ષનું સાધન, મોક્ષનું કારણ આ. સમજાણું કાંઈ? એ 'विन्दन्ति' સ્વાદ લે છે. આહા..હા..! મુનિઓ તો અમૃતનો સ્વાદ લે છે. આહા..હા..! આ ઘીનો સ્વાદ ને સાકરનો સ્વાદ ને. ઘીનો સ્વાદ નથી આવતો કોઈને. એ તો જડ છે. સમજાણું કાંઈ? સાકર ને ગોળ, મેસુબ, મોહનથાળ, દૂધના શું કહેવાય એ? રસગુલ્લા. એ તો જડ છે, અજીવ છે. અજીવનો સ્વાદ જીવને નથી આવતો, પણ એ સમયે એને દેખીને 'ઠીક છે' એવો રાગ કરે છે, એ રાગનો સ્વાદ આવે છે. એ ચીજ જડ છે. જડનો સ્વાદ (નથી આવતો). આ તો અરૂપી ભગવાન છે. રૂપ, રંગ, ગંધ, સ્પર્શ વિનાની ચીજ છે. સમજાણું કાંઈ? સ્ત્રીની રમતમાં પણ સ્ત્રીના વિષયનો સ્વાદ નથી આવતો. સ્ત્રીનું શરીર તો માંસ, હાડકા, ચામડા છે. એ તો જડ છે, અજીવ છે. એનો સ્વાદ નથી આવતો, પણ એ ઠીક છે એવો રાગ કરે છે એ રાગનો સ્વાદ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દુઃખરૂપ સ્વાદ આવે છે. ધર્મીને આનંદનો સ્વાદ આવે છે એમ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! તારાચંદજી!

અમૃતં પિવન્તિ આહા..હા..! 'परमम् अमृतं' મુનિ છેને, મુનિની પ્રધાનતાથી કથન છેને. પ્રચુર સ્વસંવેદન કહ્યું છેને પાંચમી ગાથામાં. મુનિ છે (એને) પ્રચુર સ્વસંવેદન (છે). ચોથે ગુણસ્થાને સ્વસંવેદન છે પણ જઘન્ય છે, થોડું છે. પાંચમે શ્રાવકને વિશેષ આનંદ છે અને છઠ્ઠે તો વિશેષ પ્રચુર સ્વસંવેદન છે, આહા..હા..! ત્રિલોકનાથ ભગવાનનું શરણ લઈને આનંદનો સ્વાદ આવ્યો એનું નામ આચરણ અને એનું નામ મુનિપણુ કહે છે. આહા..હા..! સર્વજ્ઞદેવના શાસ્ત્રમાં અને સર્વજ્ઞદેવની વાણીમાં આ આવ્યું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ-૫, બુધવાર, તા. ૨૭-૧૦-૧૯૭૬,**
**કળશ-૧૦૪, ગાથા-૧૫૧, પ્રવચન નં. ૨૧૪**

સમયસાર, ૧૦૪ કળશનો ભાવાર્થ છે.

'**ભાવાર્થ :—**' કોઈને શંકા થશે કે જ્યારે '**સુકૃત કે દુષ્કૃતબન્નેનો નિષેધ કરવામાં આવ્યો છે...**' શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ સુકૃત-શુભભાવ; હિંસા, જૂઠું, ચોરી, વિષય-વાસના, ક્રોધ, માન, માયા, અશુભ—એ બેયનો નિષેધ કર્યો કે એ બેય ધર્મ નથી. '**તો પછી મુનિઓને કંઈ પણ કરવાનું નહિ રહેવાથી...**' મુનિને કાંઈ કરવું તો રહ્યું નહિ. કારણ કે પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એને સુકૃત ગણીને નિષેધ કર્યો કે એ ધર્મ નથી. આહા..હા..! તો મુનિને કરવાનું હતું એનો તો નિષેધ કર્યો. હવે એને કરવાનું શું રહ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? કોઈને એ શંકા થાય કે જ્યારે શુભ અને અશુભ કર્તવ્ય '**બન્નેનો નિષેધ કરવામાં આવ્યો તો પછી મુનિઓને કંઈ પણ કરવાનું નહિ રહેવાથી તેઓ મુનિપણું શાના આશ્રયે, શા આલંબન વડે પાળી શકે?**' આહા..હા..! તો મુનિપણું કોને કહીએ? શુભ મહાવ્રતાદિના પરિણામનો તો તમે નિષેધ કર્યો. નિર્દોષ આહાર લેવો, વ્યવહારે સમિતિ પાળવી, ગુપ્તિ પાળવી એ બધાનો તો નિષેધ કર્યો કે એ ધર્મ નહિ. આહા..હા..! તો પછી મુનિએ કરવું શું? કરવાલાયક હતું એનો તો નિષેધ કર્યો, તો કરવું શું હવે?

'**એમ કોઈને શંકા થાય તો તેનું સમાધાન આચાર્યદેવે કહ્યું છે કે : સર્વ કર્મનો ત્યાગ થયે જ્ઞાનનું મહા શરણ છે.**' આહા..! અગમ્ય વાત છે એવી વાત છે. શુભ-અશુભરાગ એ બંધનું કારણ છે, તેથી મુનિને નિષેધ કર્યો કે એ ધર્મ નથી. તો ધર્મ શું છે? કે ભગવાન પરમાત્મસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આત્મા એમાં લીન થવું, (એ) જ્ઞાનનું મહાશરણ છે. અર્થાત્ આત્મ શુદ્ધ વીતરાગસ્વભાવી છે એનું મુનિઓને શરણ છે. આહા..હા..! કહો, 'અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રત એ બધું ચારિત્ર નથી, એ મુનિપણું નથી, એ ધર્મ નથી' એમ આપે કહ્યું તો પછી કરવું શું? ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! મહાપદાર્થ ચૈતન્ય છેને અંદર. આહા..! ૧૫૧માં કહેશે. એ તો મહાપ્રભુ છે ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ નિત્યાનંદ સહજાનંદસ્વભાવસ્વરૂપ, એનું શરણ છે. મુનિઓને એનું શરણ છે. એ સ્વભાવમાં દૃષ્ટિ અને લીનતા કરે છે એ વીતરાગી પરિણતિનું શરણ આત્મા છે. આહા..હા..!

**શ્રોતા :—** આત્માની પરિણતિ પોતે શરણ છે એમ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આત્મા શરણ છે. ભાષા એમ છે, જ્ઞાનનું મહાશરણ છે, એમ. જ્ઞાનમાં લીન થતાં. વસ્તુ છેને વસ્તુ, સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ સહજાનંદ સહજાત્મસ્વરૂપ,

સહજાત્મસ્વરૂપ સહજ આત્મ-અણકરાયેલ અને અવિનાશી એવી ચીજ જે અનંતગુણનું ધામ, અનંતગુણનો સ્વાશ્રય વસ્તુ, એનો આશ્રય કરીને લીન થાય છે. આહા..હા..! ભારે વાતું. જેની દૃષ્ટિમાં આત્મા અનુભવમાં આવ્યો, હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપી છું, એને એ ભગવાન જ્ઞાનસ્વરૂપ કહો કે આત્મસ્વરૂપ કહો, એ આત્મસ્વરૂપ જ એને શરણ છે. આહા..! તારાચંદજી! આવી વાત બધી. અગમ્ય વાતું. લોકોની પદ્ધતિથી વીતરાગનો માર્ગ જુદો છે. છે?

'**સર્વ કર્મનો ત્યાગ થયે જ્ઞાનનું મહા શરણ છે.**' એ જ્ઞાન શબ્દે આત્મસ્વભાવ. પુણ્ય-પાપનો ભાવ એ કર્મસ્વભાવ, એ વિભાવસ્વભાવ, અધર્મસ્વભાવ. આહા..હા..! એ વિકલ્પથી રહિત ત્રિકાળી ચીજ સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ છે, જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ છે, એનું મુનિને શરણ છે. આહા..હા..! એને આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, અનાકુળ આનંદનો સ્વાદ જે આવે છે એ આત્માના શરણથી આવે છે, એ એને શરણ છે. આ વાત. ધર્મ તો એને કહીએ, જેને આત્માના આનંદરસનું અનુવેદન હોય. આહા..હા..! શુભાશુભભાવ તો કર્મરસ છે, ઝેરરસ છે.

**શ્રોતા :—** અશુભની અપેક્ષાએ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અશુભની અપેક્ષાએ ઝેર છે. અશુભ તીવ્ર ઝેર છે, શુભ મંદ ઝેર છે. છે ઝેર. એ બેનો તો નિષેધ કર્યો કે એ તો ધર્મ નથી. તો મુનિને શું કરવું? કે એણે આત્મસ્વભાવમાં લીન થવું. આહા..હા..! ઝીણી વાતું ભાઈ! અનંતકાળમાં એ મહાપ્રભુ, ચૈતન્યપ્રભુ મહાપ્રભુ છે, મહાપદાર્થ છે. ૧૫૧માં આવશે. એ મહાન પદાર્થ અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ, એનું શરણ છે. એ તરફના ઝુકાવથી જે આત્માનો આનંદરસ આવે છે એ આનંદરસનો અનુભવ એ મુનિપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ અંદર?

આ તો હજાર વર્ષ પહેલાં ટીકા થઈ છે. બે હજાર વર્ષ પહેલાં શાસ્ત્ર બન્યું. ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર સંત મુનિ એ એમ કહે છે કે મુનિપણું કોને કહીએ? આહા..હા..! અને મુનિ કોને કહીએ? કે જે કોઈ પુણ્ય અને પાપના વિકલ્પનો ત્યાગ કરી અને પોતાના આનંદસ્વરૂપનો રસ અનુભવે, અતીન્દ્રિય આનંદનો રસ અનુભવે એને મુનિપણું કહેવામાં આવે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના રસનો જઘન્ય થોડો અનુભવ થાય એ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં પણ પૂર્ણાનંદની પ્રતીતિ થવાથી શક્તિમાંથી વ્યક્તતા આનંદની, જ્ઞાનની, શાંતિની, સ્વરૂપની રચના થાય એવી નિર્મળ પર્યાય આનંદના રસની છે એ સમકિત છે, એને સમકિત કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જઘન્ય છે. મુનિને તો પ્રચુર સ્વસંવેદન (છે). અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન, એનો પર્યાયમાં પ્રચુર સંવેદન આનંદનું એ મુનિપણું છે. એ મુનિપણું પોતાની નિર્મળ પર્યાયમાં વસ્તુસ્વભાવનું શરણ છે. આહા..હા..! અથવા એ નિર્મળ પર્યાય પણ શરણ છે. આહા..હા..!

**શ્રોતા :–** ઈ બે કેમ શરણ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેય એમ જ કહેવાય. એનું શરણ છે એ પર્યાય ગ્રહણ કરે છેને. રાગનું શરણ નથી, નિર્મળ પરિણતિનું શરણ છે. સમજાણું કાંઈ? ૭૧ ગાથામાં આવી ગયું છે એ. વસ્તુનો સ્વભાવ એનું પરિણમન તે વસ્તુ. ૭૧માં આવી ગયું છે. ભાઈ! આહા..હા..! ભગવાન જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ, એ સ્વભાવનું પરિણમન એ વસ્તુનું સ્વરૂપ છે. ત્યાં તો એમ કહ્યું. સમજાણું કાંઈ? છેને ૭૧ ગાથા છે. ૭૧-૭૧. આ ૭૧ જુઓ. ૭૧. '**આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે,...**' વસ્તુ જે ભગવાન આત્મા તો સ્વભાવમાત્ર વસ્તુ છે, '**અને સ્વનું ભવન તે સ્વભાવ છે (અર્થાત્ પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે);...**' ભાષા છે? આહા..હા..! કેમકે સ્વભાવના પરિણમનમાં સ્વભાવનું ભાન થયું તો એ પરિણમન એ સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ બહુ આકરો છે. જન્મ-મરણરહિત વીતરાગભાવથી થાય છે, એ વીતરાગભાવ અપૂર્વ છે. લોકોને એ સાંભળવા મળતો નથી. બિચારા શું કરે?

અહીં તો કહે છે કે '**જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને સ્વનું ભવન તે સ્વભાવ છે (અર્થાત્ પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે); માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું પરિણમવું તે આત્મા છે...**' જુઓ, એ શુદ્ધપણે પરિણમવું એ જ આત્મા છે એમ કહે છે. આહા..હા..! ૭૧ છે. છે? આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્ય મહાપ્રભુ, જેના જ્ઞાનમાં રાગ જડ આદિ ચીજનું ભાન થાય છે. જે જાણનાર છે એમાં પરનું જ્ઞાન થાય છે. એ પરના જ્ઞાનમાં પોતાનું સ્વરૂપ છે. પરના જ્ઞાનમાં પરસ્વરૂપ નથી. આહા..હા..! બહુ વાત ઝીણી.

એ આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપપણે પરિણમવું (એ સ્વભાવ છે). આહા..હા..! અને પુણ્ય-પાપના પરિણમનપણે પરિણમવું એ સ્વભાવથી વિપરીત ક્રોધ છે. આહા..હા..! છે? '**ક્રોધાદિનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે.**' ક્રોધ કેમ કહ્યો? કે પોતાનું જે નિજસ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય છે એની રુચિ છોડીને જેણે રાગની, દયા, દાન, વ્રતાદિની પરિણામની રુચિ કરી એને ક્રોધના પરિણામ (કહે છે) અને એ સ્વભાવથી વિરુદ્ધ પરિણમન છે, સ્વભાવથી દ્વેષ થયો. આહા..હા..! રાગથી પ્રેમ થયો અને સ્વભાવથી દ્વેષ થયો. દ્વેષના બે ભાગક્રોધ અને માન. સમજાણું કાંઈ? તો ક્રોધાદિ થવું એ ક્રોધાદિ છે, એ આત્મા નહિ અને આત્માનું સ્વભાવપણે થવું એ આત્મા છે, એ ક્રોધાદિ નથી. આહા..હા..! માર્ગ સૂક્ષ્મ છે, અપૂર્વ છે, ભાઈ! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે '**જ્ઞાનમાં લીન થતાં સર્વ આકુળતારહિત...**' આહા..હા..! પરમાનંદનો ભોગ થવો. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એ અતીન્દ્રિય આનંદનો અનુભવ ભોગ-ભોક્તા થવું, આહા..હા..! આ મુનિપણું. સાચું મુનિપણું તો આ છે. '**સર્વ આકુળતા...**' કેમ? કે પુણ્ય અને પાપભાવ બેય આકુળતા છે. એ '**સર્વ આકુળતા રહિત...**' પોતાનો પરમાનંદનો

અનુભવ ભોગવવો, પરમાનંદનું વેદન કરવું. આહા..હા..! **'જેનો સ્વાદ જ્ઞાની જાણે છે.'** આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપના આનંદનું વેદન, એ અતીન્દ્રિય આનંદ શું છે એ જ્ઞાની જાણે છે, અજ્ઞાનીને ખબર નથી. સમજાણું કાંઈ? એ તો આ વ્રત પાળવા, તપ કરવા, અપવાસ કરવા, બસ! જે આકુળતા છે, દુઃખ છે, એને એ ધર્મ માને છે. છે કે નહિ એમાં? કે સોનગઢનું છે આ? કેટલાક કહે કે સોનગઢનું નિશ્ચય છે. વ્યવહાર તો કહેતા જ નથી અને વ્યવહાર થાય છે એમ પણ કહેતા નથી. આ શું કહે છે? આ બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યે બનાવ્યું, ઈ કહે છે. આહા..હા..!

ધર્મ એને કહીએ કે જેમાં પુણ્ય-પાપની આકુળતાની ગંધ નથી. આહા..હા..! આકુળતાની ગંધ નથી એ તો નાસ્તિથી કહ્યું. અસ્તિ શું? પરમાનંદ અતીન્દ્રિય આનંદ ભગવાન, એ અતીન્દ્રિય આનંદનું પર્યાયમાં વેદન ભોગવવું એ મુનિપણું છે એ ચારિત્ર છે, એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..!

**'પરમાનંદનો ભોગવટો...'** આહા..હા..! અનુભવમાં આનંદ આવવો. આહા..હા..! પરમાનંદસ્વરૂપ ભગવાન એને અનુસરીને થવું એ પરમાનંદનું વેદન... આહા..હા..! અતીન્દ્રિય આનંદનો ભોગવટો, ભોગ થવો એ મુનિપણું છે. અતીન્દ્રિય આનંદનો ભોગવટો એ મોક્ષનો માર્ગ છે. અરે.. અરે..! આવી વાત. **'જેનો સ્વાદ જ્ઞાની જ જાણે છે.'** આહા..હા..! એ શું કહે છે? જેણે અનુભવમાં આત્મા લીધો છે એને ખબર છે કે આનંદ શું છે અને જ્ઞાનીનોઆત્માનો સ્વાદ શું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અજ્ઞાની કષાયી જીવ કર્મને જ સર્વસ્વ જાણી...'** દેખો! આહા..હા..! જયચંદ્ર પંડિત આટલો ખુલાસો કરે છે. અજ્ઞાની કષાય નામ પુણ્ય અને પાપના ભાવ, અહીંયાં તો મુખ્યપણે તો પુણ્યના વ્રત ને તપ ને ભક્તિ ને એ બધો પુણ્યભાવ, એ કષાયભાવ છે. આહા..હા..! **'અજ્ઞાની કષાયી જીવ કર્મને જ સર્વસ્વ જાણી...'** કર્મ શબ્દે પુણ્યપરિણામ. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ 'બસ! એ જ મારું કર્તવ્ય છે અને એજ વસ્તુ છે' એમ જાણીને **'કર્મને જ સર્વસ્વ જાણી તેમાં લીન થઈ રહ્યો છે,...'** એ શુભભાવ જે કષાય છે એમાં અજ્ઞાની લીન રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? તે **'જ્ઞાનાનંદનો સ્વાદ નથી જાણતો.'** આહા..હા..!

દુનિયામાં નથી કાંઈક કહેવાતું, ખીસકોલી એમ કહે છેને? શું કહે છે? ખાખરની. ખાખરની ખીસકોલી. ખાખરાની ખીસકોલી સાકરના સ્વાદને શું જાણે? અમારે એ વાત થઈ ગઈ હતી એક ફેરી. મનસુખ ગયોને મનસુખ ગયો. મારાથી નાનો ભાઈ હતોને એ જરી ભોળો હતો. પરણાવ્યો હતો. પણ જરીક એનાથી... બોલ્યો કે આથણું લાવો આથણું. કેરીનું આથણું. તો અમારે શિવલાલભાઈની વહુ હતી. એ વળી એમ બોલી હતી. બિચારાને કાંઈ ખબર ન મળે. ઈ કહે, ખાખરાની ખીસકોલીને સાકરના સ્વાદની શું ખબર પડે? એમ. તમારે વળી આથણું શું? ઓય... માર્યા! આ તો કેટલાય વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૪ કે ૬૫ની સાલની

વાત હશે. હું બેઠો હતો. મેં તો ના જ પાડી હતી આથણાની કે આથણું મારે માટે નહિ. આથણું સમજો છો? આચાર. અમારે ૩૦ માણસ છેને. ઘરમાં ૩૦ માણસ એક રસોડે (જમે). દુકાન ચાલતી હતી મોટી. ૬૪-૬૫ની વાત છે. કેરી-કેરી. કેરીનું આથણું કરીને આટલી આટલી હોયને બરણી (એમાં રાખે) એમ કરતા હતા. મેં તો એકવાર આથણા લાવતા હતા. મેં કીધું, ક્યાંથી લાવે છે જોઉં. તો ડામચિયો હોયને ડામચિયો. આ ગાદી-તકિયા રહેને લાકડાના ઉપર. નીચે ખાલી (જગ્યા હોય). ત્યાં કેરીની બરણી પડેલી બરણી. હું જોવા ગયો. ઉપર મેલું કપડું એમ ને એમ ઉઘાડું પડ્યું કંથવા.. કંથવા... કંથવા... મેલું કપડું મેલું અને નીચે ઢાંકણ. પણ ઢાંકણું કાઢીને આમ જ્યાં લેવા ગયા તો કંથવા અંદર. અરેરે..! કીધું, આ આથણા! આ શું? આ જૈનનો ખોરાક નહિ. એવા જેમાં કંથવા ઝીણા. બરણી હોયને આવડી, એમાં ઢાંકણ હોય અને એમાં કપડા મેલા. એમાં કંથવા-કંથવા ઝીણા. આમ ખુલે, ત્યાં કોણ એનું ધ્યાન રાખે. અંદર કંથવા પડે. એ આથણા (ખાવા). અરે..! કીધું, બાપુ! આ આથણું અમારે ન ખપે. ત્યારથી આથણું છોડી દીધું. ૬૪-૬૫ની સાલમાં. અથાણા-આચાર. જેમાં કંથવા પડે, ઝીણા માંસ ખોરાક અંદરમાં પોણો મણ કેરી હોય. કેરી સમજ્યા? આમ. આહા..હા..! કીધું, ભાઈ! આ ખોરાક તો અમારે લેવો નથી. અમે આવું આથણું જાવજીવ નહી ખાઈએ.

**શ્રોતા :—** રસચલિત જીવ ઉત્પન્ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જીવ ઉત્પન્ન થાય રસચલિત અને આ તો કંથવા સીધા. એ બરણી ઉપર કપડું હોયને, એ બાઈ લેવા જાય તો કપડાને આમ કરે તો કપડાની અંદર ગરે કંથવા. કંથવા સમજો છો? નાની નાની જીવાત હતી. આવા આથણા અમે નહિ ખાઈએ. આહા..! અમારો નાનો ભાઈ વળી જરી ભોળો તો માગ્યું. અને એ હતી અભિમાની, અમારે શિવલાલભાઈની વહુ હતી. મરી ગઈ નાની ઉંમરમાં. (સંવત) ૧૯૯૨ની સાલમાં. એ કહે, ખાખરાની ખીસકોલીને સાકરના સ્વાદની શું ખબર પડે! ઓય મારા. નહિતર છે તો બધો ભાગ અમારો ભેગો દુકાનમાં. કાંઈ તારું એકનું નથી. દુકાનમાં રસોડાનો ભાગ ભેગો હતો. પણ આવી બાયું અભિમાની હોય છે અંદર. મગજ ફાટી ગયેલા હોય. આહા..હા..! ભાન ન મળે કાંઈ. ઢોર જેવા ધંધા એના. એય..!

અને એકવાર તો માલ લેવા ગયેલ. એમાં રાત્રે ખીચડી ને આપતા હતા. તો એમાં ફુદા-ફુદા સમજ્યા? ઝીણી જીવાત. કીધું અરેરે..! આ રાત્રિમાં આહાર ખાવો એ જૈનનું કર્તવ્ય નહિ, ભાઈ! એમાં જીવાત પડે, માંસ ખોરાક, કઢી, ખીચડી, ઉની-ઉની કઢી હતી. કઢી સમજ્યા? કઢી કહે છે. એમાં જીવાત પડે. આ ખોરાક જૈનનો નહિ, બાપુ! અમારે રાત્રિ આહારનો ત્યાગ છે, કીધું. આહાર અને પાણી ૬૫ની સાલથી ત્યાગ છે. રાત્રે પાણી અને આહાર નહિ. પાણીનો બિંદુ નહિ અને આહારનો કણ નહિ. આ જીવાત (ખોરાક) જૈનનો હોય નહિ. ખરેખર જૈનને તો રાત્રિ (ભોજનનો) ત્યાગ હોવો જોઈએ વ્યવહારજૈન હોય એને. આહા..હા..! જીવાત છે,

બહુ જીવાત છે. અને એવા અથાણાઆચાર. સવારનું અથાણું કર્યું હોય એ સાંજ સુધી ખપે. એક દિવસ. પછી ત્રસ પડે ત્રસ.

અહીંયાં કહે છે કે અહીંયાં તો જ્ઞાનનું પરિણમન એ ધર્મ છે. આહા..હા..! એ આથણાના રસ અને એ રસ તો ક્યાંય રહ્યા, પણ રાગના રસ જે પુણ્યનો રસ છે એ પણ ઝેર છે, આકુળતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ માર્ગ (ઝીણો). ક્યાંક એમ કહેવાય છે કે વ્યવહાર સાધન અને નિશ્ચય (સાધ્ય). એ તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? એ પૂર્વે હોય છેને એ અપેક્ષાએ કહેવામાં આવે છે, પણ નિશ્ચયથી તો એ વસ્તુ દુઃખરૂપ છે. એ પરલક્ષી ભાવ પુણ્ય-પાપનો છે એનો ત્યાગ થઈને સ્વલક્ષીભાવ જે થાય છે, આનંદનો અનુભવ, આનંદના રસનું વેદન (આવે એ સાધન છે). આહા..હા..!

**'લીન થઈ રહ્યો છે,...'** છે? જ્ઞાનશરણ છે, જ્ઞાનમાં લીન થઈને **'સર્વ આકુળતા રહિત પરમાનંદનો ભોગવટો હોય છે જેનો સ્વાદ જ્ઞાની જ જાણે છે. અજ્ઞાની કષાયી જીવ કર્મને જ સર્વસ્વ જાણી...'** બસ! એ શુભક્રિયા એ સર્વસ્વ માને. આપણે ધર્મ કર્યો. આહા..હા..! બ્રહ્મચર્ય પાળ્યા, વ્રત લીધા, જૂઠું ન બોલે, ચોરી ન કરે. અરે..! એ તો શુભરાગ છે. એને અજ્ઞાની સર્વસ્વ, એને ધર્મ માને છે. ચંદુભાઈ! આવી વાત છે. આહા..હા..! **'અજ્ઞાની કષાયી જીવ કર્મને જ સર્વસ્વ જાણી તેમાં લીન થઈ રહ્યો છે,...'** બસ! શુભભાવની ક્રિયામાં લીન થઈને અમે મુનિ છીએ એમ માને છે. આહા..હા..! **'જ્ઞાનાનંદનો સ્વાદ નથી જાણતો.'** કહો, મૂલચંદભાઈ! આ બધું સાંભળ્યું પણ નહોતું. તમે આટલા બધા વર્ષ ગાળ્યા એમાં. આહા..હા..!

**શ્રોતા** :— કોઈ કહેનાર ન હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— કહેનાર ન હતું. વાત સાચી.

આ માર્ગ તો વીતરાગમાર્ગ બાપા! આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા છે. કાલે કહ્યું નહોતું? શક્કરકંદ, શક્કરકંદ. એ છાલ સિવાય આખું શક્કરકંદ છે. સાકરનો પિંડ છે માટે શક્કરકંદ કહે છે. આહા..હા..! આપણે શક્કરિયા કહે છેને કાઠિયાવાડમાં. તમારે શક્કરકંદ. લાલ. એ છાલ ન દેખો તો એકલી શક્કરકંદ સાકરની મીઠાશનો પિંડ. એમ ભગવાન આત્મા પુણ્ય-પાપનો વિકલ્પ જે કર્મરૂપ રાગરૂપ દુઃખરૂપ છે, એને ન જુઓ... આહા..હા..! તો આત્મા પરમ અતીન્દ્રિય આનંદનો પિંડ છે. આહા..હા..! એ આનંદકંદમાં રમવું અને પરમ આનંદપરિણતિનો ભોગ લેવો એનું નામ ધર્મ અને મુનિપણું છે. સમજાણું કાંઈ? પરમાનંદનો અલ્પ અનુભવ થવો એ સમ્યગ્દર્શન છે. લ્યો ટકોરા વાગ્યા. ત્રણ ત્રણ ટકોરા. દર્શન-જ્ઞાન-ચારિત્ર. આહા..હા..!

**શ્રોતા** : એ વાત કોઈ સંભળાવનાર નહોતું એટલે તો અમે સાંભળવા આવ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** : ટાણું આવે ત્યારે કહેને એ. અરે..! ભાઈ! શરીરમાં ફેરફાર થઈ ગયો છે. આજે સવારે તો જંગલથી આવ્યાને કોણ જાણે શું થઈ ગયું, ખબર ન પડી. થાક

લાગ્યો જાણે અને કડ (કમર) દુઃખે એકદમ અને જ્યાં આવ્યા ત્યાં તો બેસી જવાણું. શું થયું કાંઈ ખબર નહિ. ઊંઘ ન આવી એટલે. ઊંઘ તો આવી ગઈ હતી. એવું થયું પણ કેમ થયું ખબર નહિ. થાક-થાક એકદમ. એકદમ બેસી જવાનું મન થઈ જાય, એકદમ ઊભા રહેવાનું મન થઈ જાય. ત્યાંથી માંડ-માંડ આવ્યા દિશાએથી. એવો દેહ એવો છે બાપા અંદર.

આનંદનો નાથ ભગવાન જાગતી જ્યોત... આહા..હા..! એ આનંદનો સ્વાદ લેવો એ સંસારથી મુક્ત થવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! લોકોને કઠણ લાગે, એમ કે આ તો એકલું નિશ્ચય (છે), પણ નિશ્ચય એ જ સત્ય છે. વ્યવહાર તો ઉપચાર કથન છે. સમજાણું કાંઈ? વ્યવહાર તો લૌકિક વાત છે. દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે દ્રવ્યસંગ્રહમાં, ભાઈ! દ્રવ્યસંગ્રહમાં. વ્યવહાર એ લૌકિક છે. આહા..હા..! વ્યવહારનું કથન એ લૌકિક છે. ભગવાન આત્મા પરમાર્થની નિશ્ચય વસ્તુ એ લોકોત્તર ભગવાન ચિદાનંદની ગાંઠ છે. આહા..હા..! રતનની ગાંઠ હોય ગાંઠડી, એ ખોલે તો રતન નીકળે. ગાંઠડી સમજો છો? આહા..હા..! એમ ભગવાન અનંત આનંદ, અનંતજ્ઞાનના રતની ગાંઠ છે. એ ખોલે આમ રાગથી એકત્વ છોડીને, સ્વભાવમાં એકત્વ કરે તો ખુલી જાય. આહા..હા..! તારાચંદજી! આવો વેપાર છે. આહા..હા..!

જ્ઞાનાનંદના સ્વાદને અજ્ઞાની (નથી જાણતા). એટલે શું કહે છે? કે જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કષાયભાવમાં લીન છે. આહા..હા..! એમ કહે છે, એ જ્ઞાનાનંદના સ્વાદને શું જાણે? આહા..હા..! આ પૈસામાં, ધૂળમાં સુખ છે એ તો ઝેર છે. આહા..હા..! પાંચ-પચાસ લાખ પૈસા. થોડા કહીએ છીએ, બાકી અહીં કરોડોપતિ હતાને. એ મરચાના જીવ મરચામાં રહીને મરચા માથે હોય બધા. મરચાનો ભૂક્કો સમજો છો? મરચી. ઈયળું થાય છે એમાં ઈયળ. તો ઉપર મરચાનું ઘર બનાવીને અંદર રહે. મરચી. મરચીમાં રહે છેને. અમે બધું જોયું છેને. આહા..હા..! એમ કષાયનું ઘર બનાવીને કષાયમાં અજ્ઞાની રહે છે. એ અહીં કહે છે કે અજ્ઞાનીને આત્મા જ્ઞાનાનંદ છે એની ખબર ક્યાં છે? જે પુણ્યની ક્રિયામાં લીન છે અને એમાં સર્વસ્વ માની રહ્યો છે, એનાથી પુણ્યક્રિયાથી ભિન્ન ભગવાન, આનંદનો અનુભવ શું છે એની ખબર ક્યાં છે એને? આ કડક લાગે છે લોકોને. સોનગઢ આમ કહે છે. ભગવાન કહે છે કે સોનગઢ કહે છે? આહા..હા..!

**શ્રોતા :** પોન્નુર હિલનો અર્થ પણ સોનું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** સોનું છે. પોન્નુર હિલનો અર્થ સોનું છે. ભગવાન કુંદકુંદાચાર્યના પગલા છેને. મદ્રાસથી ૮૦ માઈલ. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ એક વંદેવાસ નામનું ગામ છે. ૧૦ હજારની વસ્તી. ૩ થી ૫ માઈલ પોન્નુર હિલ નામની ટેકરી છે. અમે તો બે વાર ગયા છીએ. ત્યાં ભગવાન કુંદકુંદાચાર્યના પગલા છે અને ઉપર ઝાડ છે. શું કહેવાય એ ઝાડ? ચંપાનું ઝાડ. તો એ ચંપાના ફૂલ પડે ભગવાનના પગ ઉપર. ખુલ્લું, કાંઈ નહોતું. પછી અમે તો સંઘ લઈને ગયા હતા તો સંઘ તરફથી ૩૦ હજાર રૂપિયા આપ્યા. સંઘ તરફથી ૩૦ હજાર. માથે

ઓરડી બનાવવા માટે. મકાન બનાવ્યું. પોન્નુર હિલ. જ્યાં કુંદકુંદાચાર્ય ધ્યાન કરતાં હતા અને ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. પોન્નુર હિલ. અમે તો બધું જોયું છેને. જેટલા આપણા દિગંબરના મોટા તીર્થ છે એ બધે ઠેકાણે ગયા છીએ હિન્દુસ્તાનમાં ત્રણવાર દસ-દસ હજાર માઈલ, દસ-દસ હજાર માઈલ ત્રણવાર ફર્યા છીએ હિન્દુસ્તાનમાં. એ તમારું કોક .. રહી ગયું હશે.

**શ્રોતા :—** જોવાનું બાકી રહી ગયું. ગામડાના હવા-પાણી ઠીક રહેશે આપને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** .. આહા..હા..! અહીં તો આત્મા સિવાયની વાત ક્યાં છે? બધું ગમે તે હોય. આહા..હા..! અહીંયાં તો આત્માના હવા-પાણી, આનંદ અને શાંતિના હવા-પાણી છે. આહા..હા..! શરીરમાં હોય ન હોય એ તો જડ છે, માટી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આ જ્ઞાનાનંદના સ્વાદને કષાયવંત જે પુણ્યક્રિયામાં લીન છે એ જ્ઞાનનંદના સ્વાદને શું જાણે? એમ કહે છે. આહા..હા..! જે વ્યવહારરૂપ ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ એવા ભાવમાં લીન છે રાગમાં, એ કષાયમાં લીન છે, એને અકષાયસ્વભાવ આત્માના સ્વાદની શું ખબર પડે? આહા..હા..!

'**હવે, જ્ઞાન મોક્ષનું કારણ છે એમ સિદ્ધ કરે છે :-**' ૧૫૧. જ્ઞાન શબ્દે આત્મા. સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ વિકારરહિત એવો ભગવાન પૂર્ણાનંદનો નાથ એ એક મોક્ષનું કારણ છે. એની પરિણતિ મોક્ષનું કારણ છે. ૧૫૧.

परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी।
तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं।।१५१।।

**પરમાર્થ છે નકી, સમય છે, શુધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.**

'**ટીકા :—જ્ઞાન મોક્ષનું કારણ છે,...**' અર્થાત્ જે આત્મા શુદ્ધ ચૈતન્ય છે એની જ્ઞાન, શ્રદ્ધા આદિ છે એ પરિણતિ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? '**કેમકે જ્ઞાન શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી...**' પોતાનું સ્વસંવેદનજ્ઞાન, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પવિત્ર ભગવાનની દૃષ્ટિ કરવાથી પર્યાયમાં જે જ્ઞાન, નિર્વિકલ્પ આનંદ આદિ આવે છે એ જ એક મોક્ષનું કારણ છે. આહા..હા..! સમ્યગ્દર્શન પછી પણ શુભભાવ આવે, હોય છે. ભક્તિ હોય, પૂજા, જાત્રાનો ભાવ થાય, પણ એ શુભભાવ છે, એ જ્ઞાનીની દૃષ્ટિમાં હેય છે, છતાં આવ્યા વિના રહેતા નથી. અશુભથી બચવા ધર્મીજીવને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે એને પણ અંતરમાં લીન ન થઈ શકે તો અશુભ ટાળવા શુભ આવે છે, હો. એ આચરણ આદરણીય નથી, આહા..હા..! છતાં આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? અને એ મોક્ષનું કારણ નહિ. આહા..હા..! આવી વાત છે. અરે..! આવો મનુષ્યભવ અને વીતરાગમાર્ગમાં જન્મ થયો સંપ્રદાયમાં

આ માર્ગ ન સમજે તો ભવનો અભાવ ક્યાંથી થશે? ભવ તો અનાદિથી કરે છે. ચાહે તો સ્વર્ગનો હોય કે નરક હોય, બધા ભવ દુઃખરૂપ છે. આહા..હા..!

**'જ્ઞાન મોક્ષનું કારણ છે, કેમકે જ્ઞાન શુભાશુભ કર્મોના...'** કર્મ શબ્દે ભાવ હોં! **'બંધનું કારણ નહિ હોવાથી...'** શુભાશુભભાવ બંધનું કારણ છે એ જ્ઞાનમાં નથી. આહા..હા..! આત્મા જેનું અવલંબન છે એ અવલંબનથી જે પરિણતિ પુણ્ય-પાપરહિત શુદ્ધ પરિણતિ થાય છે એ બંધનું કારણ નથી. અસ્તિ-નાસ્તિ કરી. **'જ્ઞાન મોક્ષનું કારણ છે, કેમકે જ્ઞાન શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ...'** અસ્તિ-નાસ્તિ કરી. **'નહિ હોવાથી તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે.'** આહા..હા..! ભગવાન આત્માનું જ્ઞાન જાણન-દેખન જ્ઞાતા-દૃષ્ટા એવો એનો સ્વભાવ, એનું જાણપણું અને શ્રદ્ધાપણે પરિણમવું એ જ્ઞાનનું પરિણમન, આત્માનું પરિણમન છે. એ પરિણમન મોક્ષનું કારણ છે અને બંધના કારણરહિત છે, એમાં અંશે પણ બંધ નથી. આહા..હા..! બંધભાવમાં અંશે પણ મોક્ષમાર્ગ નહિ અને મોક્ષમાર્ગમાં બંધનો અંશમાત્ર નહિ. આહા..હા..! આવી વાત!

**'એ રીતે મોક્ષનું કારણપણું બને છે.'** પાછી અસ્તિ કરી. જ્ઞાન મોક્ષનું કારણ છે. આત્મસ્વભાવ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ્ઞાનપરિણતિ છે, આત્મપરિણતિ એ મોક્ષનું કારણ (છે). **'કેમકે જ્ઞાન શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે.'** જુઓ, આહા..હા..! શુભાશુભભાવ બંધના કારણથી રહિત ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ મોક્ષનું કારણ એક જ છે. સમજાણું કાંઈ? નિરૂપણ બે પ્રકારનું આવે છે નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ. એ તો કથનની પદ્ધતિ, વસ્તુ બે નથી. વસ્તુ તો એક જ આ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

**'તે (આત્મા) એકીસાથે (યુગપદ્) એકીભાવે (એકત્વપૂર્વક) પ્રવર્તતાં એવાં જે જ્ઞાન અને ગમન (પરિણમન) તે-સ્વરૂપ હોવાથી સમય છે,...'** લ્યો, એ આત્માની વ્યાખ્યા કરી. જેનું શરણ લઈને પરિણતિ થઈ એ આત્મા કેવો છે? એકીસાથે એકરૂપે પ્રવર્તમાન જાણન અને ગમન **'તે-સ્વરૂપ હોવાથી સમય છે,...'** એવા આત્માને સમય કહે છે, એ સ્વસમય છે. આહા..હા..! સમ-અય. સમ્યક્ પ્રકારે અય નામ જ્ઞાનનું પરિણમન થવું એનું નામ સમય કહે છે. આહા..હા..! છેને?

**'સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન...'** આહા..હા..! એક લીટી પડી રહી. **'સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર પરમાર્થ (પરમ પદાર્થ) છેઆત્મા છે.'** એક લીટી પડી રહી. સમજાણું કાંઈ? એ જ્ઞાન **'સમસ્ત કર્મ આદિ અન્ય જાતિ...'** એ પુણ્ય અને પાપ અન્ય જાતિ. એનાથી **'ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર પરમાર્થ છે-આત્મા છે.'** એને અહીંયાં આત્મા કહે છે. પરમાર્થ પદાર્થ છેને? પહેલો શબ્દ છે. **નનિશ્ચયથી જે પરમાર્થ...**થ પરમપદ એની વ્યાખ્યા થઈ. પછી સમયની વ્યાખ્યા પછી. મૂળ ગાથા.

આહા..હા..!

પહેલાં એમ કહ્યું કે મોક્ષનું કારણ આત્માની શુદ્ધ જ્ઞાન, આનંદની પરિણતિ. કેમકે એ બંધના કારણથી રહિત મોક્ષનું કારણપણું એને બને છે. જોયું! બને છે. અને '**તે જ્ઞાન, સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર પરમાર્થ છે આત્મા છે.**' માટે પરમપદાર્થ પરમાત્મા કહેવામાં આવે છે. પરમાર્થ કહો કે પરમાત્મા કહો, પરમઅર્થ પરમપદાર્થ. આહા..હા..! એનું પરિણમન થવું એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? ઘણાં કહે છે કે પણ આ તો નિશ્ચયની વાત છે. નિશ્ચય એ જ સત્ય છે. વ્યવહાર એ અસત્ય છે.

**શ્રોતા :—** ભગવાને બેનો ઉપદેશ કેમ આપ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવે છે, વ્યવહાર આવે છે એ તો કહ્યુંને. કહ્યુંને ૧૧મી ગાથામાં. ૧૧મી ગાથા. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ત્રિકાળી વસ્તુ તેને નિશ્ચયનય કહીએ. આહા..હા..! પરિણતિ પછી. ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ વિકારરહિત એક સમયની પર્યાયથી પણ રહિત ત્રિકાળ ભગવાન પરમાનંદનો નાથ એને ભૂતાર્થ અને શુદ્ધનય કહીએ અને એને આશ્રયે જે દશા થાય એને '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થને આશ્રયે થાય તે દૃષ્ટિ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એના અર્થમાં જયચંદ્ર પંડિતે કહ્યું... અર્થમાં છે. આત્માને ભેદનો પક્ષ અનાદિનો છે. ૧૧મી ગાથામાં છે. રાગાદિનો, પર્યાયાદિનો ભેદ પક્ષ અનાદિનો છે અને અન્યોન્ય પરસ્પર ભેદની જ પરૂપણા કરે છે. પરસ્પર વ્યવહારયનયના કથનથી જ પ્રરૂપણા કરે છે. બે. ત્રીજું, વ્યવહાર રાગાદિનું, નિમિત્તાદિનું હસ્તાવલંબ નિમિત્ત છે એમ દેખીને એની પ્રરૂપણા જૈનશાસનમાં બહુ ચાલી છે, પણ એ ત્રણે સંસારનું કારણ છે. લખ્યું છે? ૧૧ ગાથા છે. જુઓ! ૨૩ પાનું છે.

'**અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી;...**' વગેરે વગેરે આગળ છે. પછી. '**વ્યવહારનયનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' એ ૨૪ પાને. '**ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' એક. '**અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' એ ઉપદેશ કરે છે અને લોકોને ઠીક પડે છે પરસ્પર. આમ છે, વ્યવહાર કરતાં આમ થાય. આહા..હા..! અજ્ઞાની પરસ્પર ભેદના પક્ષની પ્રરૂપણા કરે છે અને માને છે. આહા..હા..! બે વાત. અને '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી...**' જોયું! હસ્તાવલંબ-સહાયક જાણી '**બહુ કર્યો છે;...**' વ્યવહારનું કથન આવ્યું છે. '**પણ એનું ફળ સંસાર જ છે.**' સંસાર જ છે. આહા..હા..! છે અંદર?

**શ્રોતા :—** વ્યવહાર કરતા-કરતા નિશ્ચય થાય એરહ્યું નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છે ક્યાં એ? એ તો કથન. આવે ખરો, વ્યવહાર હોય છે. એને વ્યવહારનયથી પૂર્વે હોય તો સાધક પણ કહે છે. આહા..હા..!

'વિદ્વજન બોધક' પુસ્તકમાં બહુ લીધું છે, ભાઈ! પૂર્વની પર્યાયને એમ કહ્યું છે એ શું? એ તો કથન છે. ખરેખર તો દ્રવ્યસ્વભાવને આશ્રયે જ મોક્ષ થાય છે. 'વિદ્વજન બોધક' વંચાઈ ગયું. અર્થ વંચાણા છે. પૂર્વની પર્યાય છે એ મોક્ષનું કારણ છે, એમ કહેવું એ પણ વ્યવહાર છે. છે? એમ પણ નથી. ખરેખર તો મોક્ષનો માર્ગ છે એને મોક્ષ છે એ પણ વ્યવહાર છે. મોક્ષની પર્યાય છે એનું ખરું કારણ દ્રવ્યસ્વભાવ છે. સમજાણું કાંઈ? પણ એમ કેમ કહ્યું? એવું લખ્યું છે એમાં કે પૂર્વની પર્યાય ઈ હતી એ બતાવવા એને મોક્ષનું કારણ અને મોક્ષનો માર્ગ કહ્યો. પૂર્વે એ પર્યાય હતી, પણ એ પર્યાયથી મોક્ષ થાય છે (એમ નથી). એ પર્યાયનો તો વ્યય થાય છે. ભાવ-અભાવ થાય છે, તો અભાવથી મોક્ષ થાય? આહા..હા..! ઝીણો માર્ગ બહુ ભાઈ!

**શ્રોતા :—** વ્યવહાર તો ક્યાંય રહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાંય ગયો. એમ કે પૂર્વ પર્યાયને કહ્યું છેને? એ કહ્યું છે પણ એ પૂર્વ પર્યાય ખરેખર કારણ નથી. નવી પર્યાયનું ખરેખર પૂર્વ પર્યાય કારણ નથી. નિર્મળ પર્યાય પણ પૂર્ણ પર્યાયનું કારણ છે નહિ. આહા..હા..! આવો માર્ગ છે.

**શ્રોતા :—** બીજની કળા વધતી વધતી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, પણ એ વધે છે ચંદ્રને કારણે. પૂર્વની પર્યાયને કારણે નહિ. આહા..હા..! જૈન શૈલીની કઈ નયનું કથન છે એ સમજવું . સ્યાદ્વાદ એને કહે છે. નય ન્યાયથી યથાર્થ સમજે તો એ સ્યાદ્વાદ પ્રગટે છે. આહા..હા..! સ્યાત્ કથન, વાદ કઈ અપેક્ષાએ કથન છે એને સમજવું બહુ કઠણ છે. પાંચ બોલ આવ્યા છેને. એક ગાથા હોય એમાં એ ગાથાનો શબ્દાર્થ કરવો, નયાર્થ કરવો. આ વ્યવહારનયનું કથન કે નિશ્ચયનું છે. આગમનું વાક્ય છે કે અન્યમતિનો નિષેધ માટે શું છે? અને તાત્પર્ય શું છે? એવા એક સૂત્રમાં પાંચ (બોલ ઉતારવા). અને એ સર્વ સૂત્રનું તાત્પર્ય શાસ્ત્રતાત્પર્ય છે. આહા..હા..! અને શાસ્ત્રતાત્પર્યમાં વીતરાગતા બતાવી છે. સૂત્રતાત્પર્ય છે એ સાધક છે. શાસ્ત્રતાત્પર્ય સાધ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવપ્રકાશમાં આવે છે એ. સૂત્રતાત્પર્ય સાધક છે, શાસ્ત્રતાત્પર્ય આખાનો સરવાળો વીતરાગતા એ સાધ્ય છે. આહા..હા..!

વીતરાગતા ક્યારે થાય છે? બધા શાસ્ત્રનો સાર કે નિમિત્ત, રાગ અને પર્યાયની ઉપેક્ષા કરીને ત્રિકાળી ભગવાનની અપેક્ષા કરે ત્યારે યથાર્થ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો વીતરાગતા ઉત્પન્ન થાય છે. વસ્તુ ત્રિકાળી ચિદાનંદ પ્રભુ, એનો આશ્રય લેવાથી વીતરાગતા થાય છે. પર્યાયના આશ્રયે, નિમિત્તના આશ્રયે, રાગને આશ્રયે વીતરાગતા થતી નથી. તો સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. તો સૂત્રતાત્પર્યમાંથી સાધક કરીને શાસ્ત્રતાત્પર્ય કાઢવું જોઈએ.

જે ગાથા સૂત્રની ચાલતી હોય જે પ્રકારની, એ વખતે સૂત્રતાત્પર્ય એનો અર્થ, પણ એનો પાછો સાર શાસ્ત્રતાત્પર્ય કાઢવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા જેમાંથી નીકળે એ શાસ્ત્ર તાત્પર્ય છે. આહા..હા..! એવો વખત કોણ લે પણ? નિવૃત્તિ ક્યાં? આખો દિ' ધંધા... ધંધા.. ધંધા.. પાપના વેપારના અને આહા..હા..! એમાં થોડો વખત જાય એમાં છ-સાત-આઠ કલાક ઊંઘે, એમાં બાયડીની રમતમાં બે-ત્રણ કલાક જાય, ખાવામાં બે-ત્રણ કલાક જાય. અરેરે..! આમાં ક્યાં...? એય..! બલુભાઈ! અરેરે..! એને વખત ક્યાં મળે છે? એને આ આત્માનું શું થશે? એનો નિર્ણય કરવા માટે (વખત ન મળે). અરે..! આવે કાળે નહિ કરે, પ્રભુ! કે દિ' કરશે? ક્યાં એનો સમય ક્યાં મળશે?

ભાઈ ટોડરમલ તો કહે છે કે સર્વ અવસર આવી ગયો છે. આવે છેને? સર્વ અવસર આવી ગયો છે, ભાઈ! પ્રભુ! હવે તું તારો નિર્ણય કર અંદર. આહા..હા..! સાચી જિનવાણી સાંભળવાનો યોગ મળ્યો ત્યાં સુધી તો તું આવી ગયો. આહા..હા..! હવે અંતર્મુખની દૃષ્ટિ કર. આહા..હા..! જ્યાં ભગવાનસ્વરૂપે પરમાત્મા પોતે બિરાજે છે આત્મા. એ અહીં કહ્યુંને? પરમપદાર્થ કહ્યોને? એ ખરેખર પરમાત્મા છે. પરમ અર્થ કહ્યુંને? બીજો બોલ. અહીં પહેલો બોલ કહ્યો. પરમાર્થ-પરમ પદાર્થ ભગવાન આત્મા. આહા..હા..! જેમાં મોક્ષમાર્ગની પર્યાય પણ પરમ નહિ. ભગવાન પરમ પદાર્થ નિત્યાનંદ પ્રભુ એના આલંબને જે પરિણતિ થાય એ મોક્ષનું કારણ છે. આમાં તો સીધી ભાષા સમજાય એવું છે. આમાં કાંઈ અટપટી વાત નથી. આહા..હા..!

અને એ આત્મા એક સમયમાં એકરૂપે પ્રવર્તમાન. જુઓ! એકરૂપે પ્રવર્તમાન એટલે પુણ્ય-પાપના વિકલ્પ પણ નહિ. આહા..હા..! એકસાથે **'અન્ય જાતિઓથી ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર...' 'એકી સાથે એકીભાવે પ્રવર્તતાં...'** એટલે? વીતરાગી પરિણતિથી પરિણમન આત્મા કરે એનું નામ સમય નામ આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત. ઓલામાં તો હોંશ આવે, હરખ આવે. ગજરથ ચલાવે, લાખ-બે લાખ ખર્ચે તો એમ લાગે હા..હો..હા..હો.. દુનિયા પણ કહે ઓહો..હો..! ભારે! ભાઈ! એ તો બધી પ્રવૃત્તિના રાગના વિકલ્પની વાતું છે.

**શ્રોતા :—** શુભભાવની ચરમસીમા હોય તો ચરમ સુખ હોયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બિલકુલ નહિ. એ માટે તો કહ્યું.

**'સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન...'** માટે એને આત્મા કહેવામાં આવે છે અને એવા આત્માની પરિણતિ તે મોક્ષનો માર્ગ છે. આહા..હા..! છે ભાઈ દુનિયામાં તો બધું કહે છેને. વિરોધ કરે છે. આહા..હા..! સમય કહે છે. એને સમય કહે છે. સમય-આત્મા. સમ-અય—સમ્યક્ પ્રકારે જ્ઞાનમાં પરિણમન કરે, આનંદરૂપે પરિણમન કરે અને **'એકી સાથે એકીભાવે પ્રવર્તતાં...'** અનંતગુણનું રૂપ એકસાથે અંદર પરિણમન કરે... આહા..હા..! એનું નામ સમય નામ આત્મા. એ આત્માને આશ્રયે, અવલંબને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત વીતરાગી

પરિણતિ જે ઉત્પન્ન થાય એ જ્ઞાન છે, એ મોક્ષનું કારણ છે, બીજું કોઈ મોક્ષનું કારણ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૮, શનિવાર, તા. ૩૦-૧૦-૧૯૭૬, કળશ-૧૦૫, ગાથા-૧૫૩, પ્રવચન નં. ૨૧૬

સમયસાર, પુણ્ય-પાપ અધિકાર, ૧૫૩.

**'જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે એમ હવે કહે છે :'** મથાળું.

वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता।
परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति।।१५३।।

**વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.**

'ટીકા :—**જ્ઞાન જ મોક્ષનો હેતુ છે;...**' જ્ઞાન એટલે આત્મસ્વભાવ એ જ મોક્ષનો હેતુ છે. કેમકે એ મોક્ષસ્વરૂપ છે. જ્ઞાન એટલે આત્મા એ મોક્ષસ્વરૂપ છે. તેથી તે મોક્ષનો હેતુ છે. સમજાય છે કાંઈ? '**કારણ કે તેના (-જ્ઞાનના) અભાવમાં,...**' જેને આત્મજ્ઞાન નથી, આત્મદર્શન નથી એના અભાવમાં '**પોતે જ અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને...**' પોતે જ અજ્ઞાનરૂપ થયેલા, કર્મને લઈને નહિ. પોતે મોક્ષનો હેતુ ભગવાન આત્મસ્વભાવ ચિદ્‌ઘન આનંદકંદ પ્રભુ આત્મા મોક્ષસ્વરૂપ છે, માટે તે મોક્ષનું કારણ છે.

એના '**અભાવમાં પોતે જ અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને...**' આહા..હા..! સ્વભાવ અને સ્વરૂપનું જ્યાં જ્ઞાન નથી એવા અજ્ઞાનીઓને '**અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે...**' ક્રિયા શરીરની એ નહિ. તેથી અંતરંગમાં શબ્દ વાપર્યો છે. વ્રતના પરિણામ, નિયમના ભાવ, અભિગ્રહાદિ, શીલનો ભાવ, તપનો ભાવ—બાર પ્રકારના તપ બધા વિકલ્પ. આહા..હા..! એ '**વગેરે શુભકર્મોનો સદ્‌ભાવ (હયાતી) હોવા છતાં...**' છે? જડકર્મ નથી નાખ્યું અહીં. પહેલું બતાવ્યું હતું. શુભ કર્મ એ વ્રત, અહિંસા, સત્ય, દત્, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, એવો જે વિકલ્પ શુભરાગ અને નિયમ, અભિગ્રહ, શીલ-બ્રહ્મચર્ય શરીરથી પાળવું અને તપ. તપમાં બધું આવી ગયું. દેવ-ગુરુનો વિનય ને પરની વયાવચ્ચ ને એ બધો ભાવ શુભભાવ '**વગેરે શુભકર્મોનો...**' શુભકર્મો એટલે શુભકાર્ય. એ બધા રાગ બંધનના કારણ છે. આહા..હા..! આ

આકરું લાગે છે અત્યારે. સોનગઢથી આ જાણે નીકળ્યું એમ કહે છે.

**શ્રોતા :—** એ તો અજ્ઞાનીના. આ તો કહે છે કે અમે જ્ઞાની છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોણ ના પાડે છે. વ્રત ને તપના ભાવ છે એ શું છે? રાગ બંધસ્વરૂપ છે, ભગવાન અબંધસ્વરૂપ છે. આહા..હા..! આ તો પુણ્ય અને પાપના ભાવ, વ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે શરીરથી, સત્ય બોલે, ચોરી ન કરે એક વસ્ત્રનો ધાગો પણ ન રાખે. સમજાય છે? અને મહિના-મહિનાના અપવાસ કરે એ બધી અનશન, ઉણોદરી, રસપરિત્યાગ કરે, કાયક્લેશ, પ્રાયશ્ચિત, વિનય, વયાવચ્ચ, સજ્ઝાય કરે શાસ્ત્ર આદિની, ધ્યાનનો એ જાતનો વિકલ્પ. આહા..હા..! અત્યારે એ ચાલ્યું છેને કે ધ્યાન કરો... ધ્યાન કરો. પણ કોનું ધ્યાન? વસ્તુની સ્થિતિ, વસ્તુનું સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યા વિના શેનું ધ્યાન કરવું?

**શ્રોતા :—** દૃષ્ટિમાં રાગ છે તો રાગનું ધ્યાન કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રાગથી કરે એ ધ્યાન ક્યાં છે? ધ્યાન છે, આર્તધ્યાન છે. આહા..હા..!

અહીંયાં તો ચોખ્ખા શબ્દો વાપર્યા છે. '**વ્રત, નિયમ, શીલ, તપ વગેરે...**' તપમાં તો બાર પ્રકારના તપમાં બધું આવી ગયું હોં વિકલ્પ, શુભરાગ. એ '**શુભકર્મોનો સદ્ભાવ (હયાતી) હોવા છતાં મોક્ષનો અભાવ છે.**' આહા..હા..! ચિદાનંદ સહજાનંદ પ્રભુ એનો અનુભવ નથી, એની દૃષ્ટિ નથી, એના તરફના ઝુકાવ ને વલણ નથી અને આ વ્રત ને તપ ને બ્રહ્મચર્ય આદિ પાળે એ બધા શુભકર્મોમાં મોક્ષનો અભાવ છે, એનાથી મોક્ષ છે નહિ, એ સંવર-નિર્જરાનું કારણ નથી એમ કહે છે.

**શ્રોતા :—** કારણ શેનુંક હોવું જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કારણ છે બંધનું. કહે છેને, હમણાં કહેશે.

'**અજ્ઞાન જ બંધનો હેતુ છે;...**' એ બધું અજ્ઞાન છે. વ્રત, નિયમ, તપના ભાવ એ બધો શુભરાગ એટલે શુભકર્મ એ અજ્ઞાન છે. કેમકે જ્ઞાનસ્વભાવનો એમાં અભાવ છે. '**અજ્ઞાન જ બંધનો હેતુ છે;...**' છેને? અજ્ઞાન જ બંધનું કારણ છે. આહા..હા..! એ વ્રત ને નિયમમાં અજ્ઞાન છે એટલે કે એમાં ચૈતન્યનો જ્ઞાનસ્વભાવનો અભાવ છે. એથી વ્રત, નિયમ જે છે એ બધાને અજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આકરું કામ બહુ, ભાઈ! અહીં તો અત્યારે સમ્યગ્દર્શન વિના, આત્માનુભવ વિના આ વ્રત ને તપ કરે એ બધું મોક્ષનું કારણ છે, એનાથી નિશ્ચય થશે એવી વાત છે એ તો વીતરાગમાર્ગથી વિરુદ્ધ છે, ભાઈ! આહા..હા..! બંધનું કારણ અને બંધસ્વરૂપ છે. કહેશે.

'**કારણ કે તેના અભાવમાં, પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને બાહ્ય વ્રત,...**' આહા..હા..! અજ્ઞાન જ બંધનો હેતુ છે. એ વ્રત અને નિયમના ભાવ તે અજ્ઞાન છે. એમાં ચૈતન્યસ્વભાવનો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનો એમાં અભાવ છે. આહા..હા..! ભારે આકરું કામ. ચિદ્ઘન આત્મા એના રસના વેદન વિના જે કાંઈ આ વ્રતાદિનું વેદન છે એ તો બધું રાગનું

વેદન છે. આહા..હા..! એ અજ્ઞાનભાવ છે. આહા..હા..! બારમે ગુણસ્થાને જે અજ્ઞાન કહ્યું છે એ જુદું અને આ અજ્ઞાન જુદું. આ તો જેમાં વિકલ્પ છે તપનો અને વ્રતનો એ શુભરાગ છે તેમાં અચેતનપણું છે, એમાં ચૈતન્યના સ્વભાવનો અંશ નથી, માટે તેને અજ્ઞાન કીધું અને બારમે ગુણસ્થાને જે અજ્ઞાન કીધું એ જ્ઞાનની ઓછપને લઈને અજ્ઞાન કહ્યું. સમજાય છે કાંઈ? આહા..હા..! અપૂર્ણ છે એથી અજ્ઞાન કહ્યું. અજ્ઞાન એ આ અજ્ઞાન નહિ. જ્ઞાનનો અભાવ છે, અલ્પ જ્ઞાન છે એથી બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાન કહ્યું અને આ તો પહેલા ગુણસ્થાનનું અજ્ઞાન છે. આહા..હા..! જેની રુચિમાં, પ્રેમમાં રાગ જ ભાસ્યો છે, રાગ વિનાનો ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ નિર્લેપ ચીજ છે એ તો દૃષ્ટિમાં આવી નથી, દૃષ્ટિ કરી નથી, એનું વેદન નથી. સમજાણું કાંઈ?

એ '**અજ્ઞાન જ બંધનો હેતુ છે;...**' કેમ? '**તેના અભાવમાં પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને...**' આહા..હા..! એ તો આત્મા આનંદસ્વરૂપ રૂપે થયા એને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ,... અહીં 'બાહ્ય' શબ્દ વાપર્યો છે, જોયો? ઓલામાં અંતરંગ શબ્દ હતો. અજ્ઞાનીના વ્રત, નિયમનો અંતરંગ હતું, કારણ કે એ રાગને જ પોતાનું સ્વરૂપ માનીને ક્રિયાકાંડ કરતો. આહા..હા..! શું કહ્યું? '**અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મોનો સદ્ભાવ હોવા છતાં...**' શુદ્ધ આચરણનું સદાચરણ, એ જાતના શુભરાગનું આચરણ હોવા છતાં મોક્ષનો અભાવ છે. આહા..હા..! '**અજ્ઞાન જ બંધનો હેતુ છે;...**' કીધુંને એમાં કે અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, શીલ આદિ. જ્યાં ચૈતન્ય ભગવાન વાસ્તવિક જે પદાર્થ છે એ તો અનાકુળ આનંદ અને જ્ઞાનનો સાગર છે, એ પરમેશ્વરસ્વરૂપ છે. એવા પરમેશ્વરસ્વરૂપના જ્ઞાનના અભાવમાં જે કાંઈ વ્રત, નિયમ આદિ કરે છે એ બધા અજ્ઞાનભાવમાં બંધના હેતુ છે. આમાં વાંધા મોટા છે કે એ ભલે વ્રત, નિયમ કરે શુભ પણ એને કરતાં-કરતાં શુદ્ધ (થશે). બંધભાવથી અબંધભાવ થશે.

**શ્રોતા :—** કાયદાની કોર્ટમાં ન ચાલે એવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન ચાલે? આ ઈ હલવે છેને. શું થાય, પ્રભુ? માર્ગ આ છેને, ભાઈ! એને એવું લાગે છે કે આ તો આમાં પછી આ વર્તમાન સાધુઓ છે એ તો બધા ઊડી જાય છે. કારણ કે એને આત્માનો અનુભવ અને સમ્યક્ત્વ નથી અને બાહ્યના આચરણમાં.. એથી દુઃખ લાગે છેને બિચારાને. પણ દુઃખ લાગે, બાપુ! માર્ગ આ છે, પ્રભુ! તારા હિતનો પણ માર્ગ આ છે હોં! બીજી રીતે ક્ષમા કર બાપુ! ક્ષમા કરજે હવે, બીજું શું થાય? માર્ગ તો આ છે.

ભગવાન આત્માના આનંદના વેદન અને અનુભવ વિના, એ જ્ઞાતાના જ્ઞાન વિના, આહા..હા..! એ જાણનાર-દેખનારના પિંડસ્વરૂપ પ્રભુ એના જ્ઞાન વિના જેટલા વ્રત, નિયમ, તપ અને શીલ આદિ પાળે એ બધા શુભરાગનું કર્તવ્ય છે, એ અજ્ઞાનભાવ છે, એ બંધનું

કારણ છે. આહા..હા..! આવું છે. દેવીલાલજી! બિચારા લોકોને એવું દુઃખ થાય છે. આવું તમે એકાંત કરો (છો એના બદલે) અનેકાંત કરો. એ શુભ આચરણ કરતાં-કરતાં પણ કોકને થાય અને કોકને શુદ્ધથી થાય. આમ લોકો અત્યારે અનેકાંત ઠરાવવા માગે છે. વાસ્તવિક વસ્તુ છે પોતે, વસ્તુ કહેશે કળશમાં તો કહેશે, શીલસ્વરૂપ જ છે એ. ભગવાન મોક્ષસ્વરૂપ જ મુક્ત અબંધસ્વરૂપ છે. એ આવ્યુંને ૧૪-૧૫મી ગાથામાં. અબદ્ધસ્પૃષ્ટ છે પ્રભુ તો. રાગથી બંધાયેલો નથી. એ તો અબદ્ધ છે, મુક્તસ્વરૂપ છે. આહા..હા..! શીલસ્વરૂપ છે, મોક્ષસ્વરૂપ છે. એના કારણે જે જ્ઞાન, આનંદાદિ પ્રગટે તે જ્ઞાનસ્વભાવ થઈને મોક્ષનું કારણ છે. કહો, મૂળચંદભાઈ! આ શું અત્યાર સુધી બધું સાંભળ્યું હતું ત્યાં? ઊંધુ સાંભળ્યું હતુંને? એ વાત છે. એથી દુઃખ લાગે છે લોકોને.

**શ્રોતા :–** વસ્તુ જ નહોતીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વસ્તુ નહોતી, પણ એને એમ લાગે લ્યો આ નવો ધર્મ કાઢ્યો તમે? એમ કહે છે. ભગવાન! આ નવો નથી, પ્રભુ! અનંત વીતરાગનો માર્ગ છે. મળતી નથી. તેથી ઓલાએ લખ્યું છે નરેન્દ્રએ. વાંચ્યું ભાઈ? નરેન્દ્રએ એમ લખ્યું છે કે તમે આ પલટનમાં કરવા માગો છો શાસ્ત્ર-પરિષદ તે આ લલિતપુરનું કર્યું એવું કરવા માગો છો કે શું કરવા માગો છો? પ્રસ્તાવ બહાર પાડો. તો અમને આવવાનો મોખ રહે, કેવી રીતે આવવું કે નહિ? કરવાનો હેતુ તો એ છે એને. વિરોધ કરવાનો. પલટન. શેઠિયાઓએ બધાએ પક્ષ કર્યો છે હવે તો આ. આનો જે વિરોધ કર્યો છે એ બહુ ખરાબ કર્યો છે. બધા શેઠિયાઓ બિચારા હજારો. ઓલા કુરઈના શેઠ તો છે, કૃષિપંડિત મોટો ગૃહસ્થ, કરોડોપતિ ઘણું ઘણું. એણે તો લખ્યું છે મારા ઉપર હજારો તાર આવ્યા છે. તારને શું કહેવાય? ફોન ફોન. આ જે કહ્યું છે એ બહુ ખરાબ થયું છે. લલિતપુરમાં, આ ગોહાટીમાં. ત્રણેયની વાત લખી છે.

ભાઈ! બાપુ! વિરોધ શું આવે છે? કે આ આત્માનું જે ચૈતન્યસ્વરૂપ છે, એની દૃષ્ટિ ને જ્ઞાન ને રમણતા તે જ મોક્ષનું કારણ છે. એને જ મોક્ષનો માર્ગ પ્રભુ કહે છે. આમાં તો એવું લીધું છે હોં. આ કળશ છેને કળશ, એમાં એવું લીધું છે. એ પંડિત. એને પંડિત કહેવું એમ છે કાંઈક. આ કળશ છેને કળશ, કેટલામો છે એ? ૧૦૫. છેને? **'प्रतिपादितं'** આમ કહ્યું છે પરમાર્થ પંડિતે, એમ લખ્યું છે. મોક્ષનો માર્ગ ભગવાન આત્માના સ્વભાવનો અનુભવ થવો. ત્યાં તો ત્યાં સુધી લીધું છે કે ભવન થવું. ભવન.. ભવન લીધું છે. એટલે એનું ગૃહ થવું. આત્મા પોતાના ઘરમાં જાય... આહા..હા..! ભવન શબ્દ છેને? કળશમાં છે. **'ज्ञानात्मत्वं भवनम्'** ત્યાં એમ લીધું છે કે મોક્ષ જ **'भवनं गृहं'** મોક્ષ એ ઘરનું ઘર છે. એ **'मोक्षं भवनं गृहम् स्थानम्'** એ ગૃહ પોતાનું સ્થાન છે. આહા..હા..! લાલચંદભાઈ! બાપુ! એ તારું સ્થાન છે. પ્રભુ! તું એ છો. આહા..હા..! અનંત આનંદ, અનંતશાંતિનો સાગર એની મોક્ષદશા અનંત આનંદ અને શાંતિ છે. એ આત્માનુંજ્ઞાનનું ભવન છે, જ્ઞાનનું ઘર છે, જ્ઞાનનું સ્થાન

છે, જ્ઞાનની પૂર્ણ દશા એ એનું સ્થાન છે. આહા..હા..! એ ઘરમાં તારે રહેવાનું છે. કહો, મીઠાલાલજી! આ બધા વિરોધ કરે, બાપુ! ભગવાન!

અમે તો એકવાર કહ્યું હતું, બાપુ! માર્ગ તો ભાઈ આ છે. ... સત્ છે ઈ. તમને દુઃખ લાગતું હોય તો ક્ષમા કરજો. બીજું શું કરીએ? બીજું કરીએ શું? કરવું શું? આહા..હા..! વિરોધ બાપા શું કરવા કરો છો? ભાઈ! સત્ય જ આ છે. પરમાત્માનો પોકાર છે અહીં. આહા..હા..! એ જ કહ્યું છે. '**प्रतिपादितं**' છેને? કળશમાં આવશે. છેને? '**भवनमनुभूतिर्हि विहितम्**' એ ભગવાન આત્માનું ભવન, ઘર એ મોક્ષ છે. મોક્ષસ્વરૂપ તો છે, પણ પર્યાયમાં મોક્ષ થાય એ એનું ઘર ખરું છે. આહા..હા..! ભગવાન! તું કોણ છો? બાપુ! તને (ખબર નથી). આ લૂગડા ને શરીર ને આ બધા દિદારને ન જો. એ તો જડના બધા દિદાર છે. આહા..હા..! અંદરમાં રાગ થાય એને ન જો, રાગથી મલિનતા ઊભી થાય છે, ભાઈ! એ રાગ વિનાનો અંદર ચૈતન્યસ્વરૂપ મહાપ્રભુ બિરાજે છે એનો અનુભવ અને એનું વેદન અને એનું ભવન થવું. આહા..હા..!

જ્ઞાનસ્વભાવ જ્ઞાનરૂપે પરિણમવું, જ્ઞાનસ્વભાવ જ્ઞાનરૂપે શ્રદ્ધામાં આવવું, જ્ઞાનસ્વભાવ જ્ઞાનરૂપે સ્થિરતા થવી. આહા..હા..! આવો તો પોકાર પ્રભુનો છે. કહો, મહેરચંદજી! હવે આમાં લોકો એમ કહે કે આ કરો, બાપુ! શું થાય ભાઈ! માર્ગ તો આ છે અને તે તારું ઘર છે એ. મોક્ષસ્વરૂપ એ તારું ઘર છે અને એ મોક્ષનું કારણ છે એ તારું ઘર છે અને એનું કાર્ય જે મોક્ષ થાય એ પણ તારું ઘર છે. આહા..હા..! કહો, ચંદુભાઈ! અરે..! પ્રભુ! આ ચોર્યાસીના અવતાર જુઓને! આહા..હા..! ચીમનભાઈનું તો બે કલાકમાં થઈ ગયું. ખલાસ ઊડી ગયું. ભવ બદલી ગયો આખો. આહા..હા..! એને તો બિચારાને પ્રેમ બહુ, સાંભળવાનો રસ ઘણો. એટલો રસ. આહા..હા..! આ શરીર પલટાઈ ગયું ક્ષણમાં. આહા..હા..! બાપુ! એ ચીજ ક્યાં તારી હતી? એ તો સંયોગી ચીજ સંયોગે જ છે, સંયોગે જ છે. સંયોગી ચીજ વિયોગે છે. અત્યારે વિયોગે છે. આહા..હા..! એ આવે છેને, એ આવે છે. નિર્જરામાં ક્યાંક આવે છે. જ્ઞાનીને વિયોગભાવે વર્તે છે. નહિ? આવે છે, શબ્દ આવે છે શાસ્ત્રમાં હોં બધા. ધર્મીને બધા રાગાદિ વિયોગભાવે વર્તે છે. આહા..હા..! કેમકે વિયોગસ્વરૂપ છે માટે વિયોગભાવે વર્તે છે. આહા..હા..! હા, એ. આહા..હા..!

ભાઈ! સત્ય તો આ છે. એને વાદવિવાદે કરીને વીંખી-પીંખી ન નખાય. પરમાત્માના એટલે તું પરમાત્મા. આહા..હા..! તારો માર્ગ પરમાત્મસ્વરૂપમાં અંદરમાં શ્રદ્ધા કરી, જ્ઞાન કરીને ઠરવું પ્રભુ! એ જ માર્ગ છે. ત્રણકાળ, ત્રણલોકમાં સર્વજ્ઞોએ આ પોકાર કરીને કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની શ્રદ્ધાનો પક્ષ તો કરે. આહા..હા..! શું કહે છે જુઓને!

'**કારણ કે તેના અભાવમાં, પોતે જ જ્ઞાનરૂપ થયેલા...**' રાગની ક્રિયા વ્રતાદિની છે એના અભાવમાં. આહા..હા..! ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ થયેલી એવી દશા '**જ્ઞાનીઓને**

**બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મોનો અસદ્ભાવ હોવા છતાં...'** ઓલાને સદ્ભાવ છે અજ્ઞાનીને, છતાં એ બંધનું કારણ છે અને જ્ઞાની વ્રતના વિકલ્પથી ભિન્ન પડીને અંદર ઠર્યો છે. આહા..હા..! એથી એને વ્રત અને નિયમના શુભરાગનો અભાવ હોવા છતાં જ્ઞાનમાં ઠર્યો છે, તે મોક્ષનું કારણ છે. આહા..હા..! ઝીણી વાતું બહુ, બાપા!

માણસને આયુષ્ય પૂરું થાય... તે દિ' નહોતો એ કહેતો? મલકાપુરનો એક ભાઈ છે એ કહેતો હતો. જુવાન માણસ હોં! બેય ૨૮-૨૮ વર્ષના. ઈ કહે, અમે વાતું કરતાં હતા. બેય જણા બેઠા હતા. કાંઈ ન મળે. રોગ નખમાં નહિ. ૨૮ વર્ષનો જુવાન. આમ વાત કરતાં આમ જ્યાં જોયું ત્યાં ફૂ... એટલું ફૂ થયું ત્યાં ઊડી ગયો, જીવ નીકળી ગયો. કાંઈ રોગ નહિ. આ દબાણ-ફબાણ ને ઢીંકણું (કાંઈ નહિ). આહા..હા..! એકદમ વાત કરતાં-કરતાં ૨૮ વર્ષનો જુવાન માણસ. કાંઈ નહિ. ફૂ.. આમ થયું ત્યાં જીવ ન મળે. એ સ્થિતિ પૂરી છે, બાપુ! સંયોગી ચીજ છે. આ તો સંયોગી છે, પણ પુણ્ય અને પાપના ભાવ એ પણ સંયોગીભાવ છે. એ ૬૮-૬૯માં આવ્યું છેને. ૬૯-૭૦. ગાથા પહેલી કર્તાકર્મની. આહા..હા..! સંયોગીભાવથી સ્વભાવને લાભ થાય એમ કેમ હોય, ભાઈ? આહા..હા..! સમજાણું કાંઈ? ૬૯-૭૦માં કહ્યું છે. સંયોગીભાવ છે. શુભ-અશુભભાવ તો સંયોગી છે, સ્વભાવભાવ નથી. સંયોગે છે, છૂટી જશે. એ છૂટશે માટે તે તારા નથી. તારું હોય તે છૂટે નહિ અને છૂટે એ તારું નહિ. આહા..હા..! આવું છે. આમાં કોઈ પંડિતાઈની કે એની કાંઈ જરૂર નથી. એને પોતાનો સ્વભાવ છે તેની દૃષ્ટિની, રુચિની એની જરૂર છે. આમાં જ્ઞાન ઓછું હોય, વધારે હોય, સમજાવતા આવડે-ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

અહીં કહે છે કે **'જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને...'** છેને? જે વ્રત, નિયમ, શીલ, તપના અભાવમાં, એવી ક્રિયાના અભાવમાં **'પોતે જ જ્ઞાનરૂપ થયેલા...'** એટલે રાગને લઈને નહિ. એવા વ્રતાદિ થયા માટે અહીં જ્ઞાન થયું, સમ્યક્ થયું એમ નહિ. આહા..હા..! **'પોતે જ જ્ઞાનરૂપ થયેલા...'** પોતે જ જ્ઞાનરૂપ થયેલો. આહા..હા..! જેને એ વ્યવહારના વિકલ્પની અપેક્ષા જ નથી જેને. આહા..હા..! એના વિકલ્પના અભાવમાં **'પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને...'** આહા..હા..! આનંદના રસના સ્વાદિયા, આનંદના રસમાં આવેલો, એને શુભકર્મનો અભાવ હોવા છતાં, આનંદના પરિણમનથી આહા..હા..! **'બાહ્ય વ્રત આદિનો...'** અસદ્ભાવ હોવા છતાં મોક્ષનો સદ્ભાવ છે. આહા..હા..! વ્રત આદિના ક્રિયાના પરિણામ એને નથી. કારણ કે રાગ છે એ તો. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એકલો જ્ઞાનનો દરિયો એ. 'જ્ઞાન તે આત્મા' એમ કહ્યું ત્યાં. એવા અપરિમિત સ્વભાવથી ભરેલું ચૈતન્ય, એ ચૈતન્યતત્ત્વનું પરિણમન તે પરિણમનમાં વ્રતાદિના વિકલ્પનો અભાવ હોવા છતાં તે પરિણમન મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કહ્યુંને. **'તેના અભાવમાં...' 'અજ્ઞાન જ બંધનો હેતુ છે; કારણ કે તેના અભાવમાં, પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને...'** આહા..હા..! જ્ઞાનરૂપ થયેલી

પરિણતિની વાત છે આ. જ્ઞાનસ્વભાવ તો ત્રિકાળ છે, મુક્તસ્વભાવ, પણ મુક્તસ્વભાવનું પરિણમન જે થયું છે, આહા..હા..! એ બંધના ભાવ વિનાનું છે અને પોતે જ જ્ઞાન ને આનંદરૂપે થયેલો, પ્રભુ! આહા..હા..!

**'બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મોનો અસદ્‌ભાવ હોવા છતાં...'** એને શુભ કર્મ છે નહિ **'છતાં મોક્ષનો સદ્‌ભાવ છે.'** આહા..હા..! ગાથા બહુ સરસ છે. આવી વાત છે. ભાઈ! તેં રાગને પોતાનો માની અને શુભથી લાભ થશે એમ માનીને જીવને ખેદ કર્યો છે. મિથ્યાત્વભાવ કર્યો ભાઈ! અને એ તને સંસારના પરિભ્રમણનું કારણ છે. સમજાણું કાંઈ? એ શુભ વ્રતાદિના પરિણામ એ મને લાભદાયક છે ને મારા છે એવી માન્યતા મિથ્યાત્વની અનંત સંસારમાં દુઃખના કારણરૂપે છે. આહા..હા..! કેમકે એ રાગ પોતે અજ્ઞાનસ્વરૂપ છે. એટલે કે ચૈતન્યના સ્વભાવના અભાવસ્વરૂપ છે. અને જ્ઞાનીઓનું જ્ઞાન એ શુભકર્મના અભાવસ્વરૂપ છે, આહા..હા..! એને શુભ હોય પહેલું, છતાં શુભરહિત જે શુદ્ધનું પરિણમન છે તે મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગાથા તો બહુ સારી આવી છે, જુઓને! આહા..હા..!

એવા **'શુભકર્મોનો...'** કર્મ એટલે ઓલા જડ કર્મ નહિ. શુભપરિણામરૂપી કર્મ એટલે કાર્ય. આહા..હા..! અજ્ઞાનીનું રાગનું ષટ્‌કારકનું પરિણમન એ એનું કાર્ય. એવા કાર્યનો જ્ઞાનીને અભાવ છે અને એ કાર્યમાં જ્ઞાનનો અભાવ છે આવા ભાવવાળાને. આહા..હા..! સમજાણું કાંઈ? **'મોક્ષનો સદ્‌ભાવ છે.'** આહા..હા..! એ વ્રતાદિના વિકલ્પ ગયા અને નિર્વિકલ્પ દૃષ્ટિનો અનુભવ થયો, નિર્વિકલ્પ આનંદના શાંતિના સ્વાદમાં રમી ગયો એને જ આ મોક્ષનું કારણ છે. આહા..હા..! રાગ તો દુઃખનું કારણ, આકુળતાનું કારણ છે. એ આકુળતાનું કારણ એ નિરાકુળતાનું કારણ થાય? આ મોટો વાંધો પંડિતો વચ્ચે. સાધુઓ જે છે એની વચ્ચે આ વાંધા ઊઠે છે. એ સોનગઢનું એકાંત છે... એકાંત છે... એકાંત છે. વ્યવહાર આચરણ જે કરીએ છીએ એ કારણ છે એ માનતા નથી, એમ કહે છે. પ્રભુ! એ માર્ગ નથી, ભાઈ! તારા હિતનો એ પંથ નથી.

અહીં તો કહ્યું, વ્રત, નિયમ, શીલ, તપ હોવા છતાં એને આનંદ આત્માના સ્વભાવનો એમાં અભાવ છે, એ તો અજ્ઞાન છે; અને જ્ઞાનીને સ્વરૂપમાં ઠરતાં તેને વ્રત, નિયમના વિકલ્પનો અભાવ હોવા છતાં એ શુદ્ધની પરિણતિ થઈ તે જ મોક્ષનું કારણ છે. આહા..હા..! કહો, તારાચંદજી! આવી તો ચોખ્ખી વાત છે. આ સોનગઢનું છે કે આ તે ભગવાનનું છે? આહા..હા..! પણ અહીંથી બહાર પાડ્યું ચોખ્ખું એટલે લોકોને... આહા..હા..!

**ભાવાર્થ :–** જ્ઞાન જ મોક્ષનો હેતુ છે એટલે **'જ્ઞાનરૂપ પરિણમન જ મોક્ષનું કારણ છે...'** એમ. સમજાણું? **'જ્ઞાનરૂપ પરિણમન જ મોક્ષનું કારણ છે...'** એમ. એટલે ત્રિકાળી છે એ અને જ્ઞાનનું જે પરિણમન અને **'જ્ઞાનરૂપ પરિણમન જ...'** જ્ઞાન એટલે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ એકલો આત્મા, એનું જે પરિણમન, શુદ્ધસ્વભાવનું પરિણમન એ મોક્ષનું કારણ છે.

**'અને અજ્ઞાનરૂપ પરિણમન...'** એમ બેયને લીધું છેને. એ પુણ્યના પરિણામ જે વ્રત ને તપના બધા એ અજ્ઞાનરૂપ પરિણમન જ **'બંધનું કારણ છે;...'** આહા..હા..! સમજાણું કાંઈ? **'વ્રત, નિયમ, શીલ, તપ આદિ શુભભાવરૂપ...'** જુઓ! ઓલામાં કર્મ શબ્દ વાપર્યો હતોને એટલે અહીં ખુલાસો કરી નાખ્યો. એ કર્મ એટલે ઓલું જડ નહિ. **'શુભભાવરૂપ શુભકર્મો...'** શુભભાવરૂપી શુભરાગના કર્તવ્યો.. આહા..! એ કાંઈ મોક્ષના કારણ નથી. ભગવાનનો માર્ગ અનેકાંત છે, સ્યાદ્વાદ છે. કદાચિત્ બંધના કારણ એ મોક્ષના કારણ થાય અને મોક્ષના કારણ એ બંધના કારણ થાય એ શાસ્ત્રમાં પાઠ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં નથી? કે મોક્ષના કારણ છે એ બંધના કારણ છે. મોક્ષનું કારણ છે એમાં જે રાગ આવ્યોને એ બંધનું કારણ છે. એ મોટી તકરાર છેને આ પ્રેમચંદજીને? સનાવત. મોટું લખાણ લખ્યું છે વિરોધનું. એ ભાઈએ ના પાડી પછી કૈલાસચંદજીએ, કે તમારું આ બધું લખાણ ખોટું છે. તમે આવો અર્થ કરવા માગો છો ને આમ છે તેમ છે. .. અર્થ જ જૂઠો કર્યો છે. અને ટોડરમલે તો અર્થ બરાબર કર્યો છે. બંધનો ઉપાય છે, એ રાગ મોક્ષનો ઉપાય નથી. ત્યારે ત્યાં કહે છે કે રાગ પણ મોક્ષનો ઉપાય છે, એવો અર્થ એનો કરે છે. આહા..હા..! એવો તો એ લોકોને ક્યાં.. એ લોકો રાગના પક્ષની ભક્તિ અને એનો પ્રેમ બધાને. જાણે ગુરુ તારી દેશે. આપણે પકડો. આ કહે ત્રણલોકના નાથને પકડો તો રાગ છે. આહા..હા..! સ્વદ્રવ્યના આશ્રય વિના ત્રણકાળમાં એને સંવર-નિર્જરા અને મોક્ષ થતો નથી. સમજાણું કાંઈ?

ભગવાન ચિદાનંદ શુદ્ધસ્વરૂપ એના અવલંબન વિના, એના આશ્રય વિના ત્રણકાળમાં સંવર, નિર્જરા અને મોક્ષ હોઈ શકે નહિ. પરનો આશ્રય છે એ ત્રણકાળમાં એને મોક્ષનું કારણ હોઈ શકે નહિ. આહા..હા..! અરેરે..! ભ્રમણા કરી, રાગથી લાભ થાય એવી ભ્રમણા કરી, ભવભ્રમણ કર્યા. એવી ભ્રમણામાં ભવભ્રમણ થયા. પોતાની જાતને જાણી નહિ અને રાગ (કર્યો). વિકલ્પ છે, ભલે શુભ હો, ગુણ-ગુણીના ભેદનો શુભવિકલ્પ હો, આસ્રવ છે એ. ન કહ્યું? આમાં પરમાત્મપ્રકાશમાં આવ્યું. નિશ્ચયના બે ભેદ. એક સવિકલ્પ અને એક નિર્વિકલ્પ. સવિકલ્પ નિશ્ચય નિશ્ચય હોં! નિશ્ચયના બે ભેદ. કારણ કે પોતાને આશ્રયે જે વિકલ્પ ઊઠ્યોને 'હું આવો છું... હું આવો છું... આવો છું..' અને જે પોતે વિકલ્પ વિનાનો એકલો નિર્વિકલ્પ એ આસ્રવ વિનાની ચીજ છે અને નિશ્ચયમાં 'હું આવો છું.. આવો' એવો જે વિકલ્પ છે એ આસ્રવ છે, બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરમાત્મપ્રકાશમાં આવ્યું છે.

**'તપ આદિ શુભભાવરૂપ શુભકર્મો કાંઈ મોક્ષના કારણ નથી, જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીને...'** એ જાણવું કર્યું શાસ્ત્ર આદિ એ જ્ઞાન નહિ. જ્ઞાનસ્વરૂપ જે છે તે આત્માનું તે જ્ઞાનરૂપે પરિણમન થવું. સમજાણું કાંઈ? તે દિ' આ ક્યાં ખબર હતી કાંઈ? બલુભાઈ! લાંઘણું કરી હતી કેટલીક. આહા..હા..! આવી વાત છે. રાગ મંદ હોય તો પુણ્ય બાંધે, પણ એ મિથ્યાત્વસહિત. આહા..હા..! માર્ગ તો અનાદિનો અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત મુનિઓ,

સંતો, ગણધરો પોકાર કરીને આ કહી ગયા છે. '**प्रतिपादितं**' આવશે હમણાં. સનાતન સત્ય. દિગંબર દર્શન એટલે સનાતન જૈનદર્શન. અનાદિ સત્. આહા..હા..! એ કોઈ વાડો નથી. એ સ્વરૂપ જ છે. વિકલ્પની લાગણી પણ એ અંદર રાખે તો એ દિગંબર નથી. વસ્ત્રનો કટકો રાખે એ તો દિગંબર સાધુ નથી અને એક વિકલ્પની લાગણી પણ મારી છે (એમ માને) તો એ દિગંબર સમકિતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

**શ્રોતા** :— ભગવાનની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— વસ્તુ આ સ્થિતિ જ એવી છે. આહા..હા..!

આનંદઘનજી કહે છે, એ 'ધાર પર નાચતા દેખ બાજીગરા સેવના ધાર પર રહે ન દેવા.' દેવો પણ સમ્યગ્દર્શન સિવાયની સ્થિરતા કરી શકતા નથી. 'ધાર તરવારની સોહ્યલી...' તરવારની ધાર ઉપર પગ મૂકવા અને ફરવું ઓ સોહ્યલી છે. એ દશા થઈ શકે મંત્ર-જંત્ર આદિથી. તલવાર ઉપર ફરે અને પગ કપાય નહિ. એ 'ધાર તરવાર સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા.' અનંતનાથ એવો જે આ ભગવાન... ચૌદમા અનંતનાથ છેને? એની આ સ્તુતિ છે આનંદઘનજીની. અનંતનાથ એવો આત્મા. આહા..હા..! અનંતનાથ પોતે છે. ચૌદમા અનંતનાથ. આહા..હા..! અનંતજ્ઞાન, દર્શનનો, આનંદનો દરિયો એ છે. એ અનંતનાથની સેવા અનાદિ અભ્યાસને લઈને દોહ્યલી કીધી છે. છે તો પોતે સત્સ્વરૂપ જ બિરાજે છે, આહા..હા..! જેની મહત્તા સત્સ્વરૂપની એના પોતાના દ્રવ્યને લઈને છે. આહા..હા..!

અજ્ઞાનીના શુભભાવ શુભકર્મો કાંઈ મોક્ષના કારણ નથી. એમ. '**જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીને તે શુભ કર્મો ન હોવા છતાં તે મોક્ષને પામે છે; અજ્ઞાનરૂપે પરિણમેલા અજ્ઞાનીને તે શુભ કર્મો હોવા છતાં...**'જુઓ! શુભ આચરણ વ્રત, નિયમ હોવા છતાં '**તે બંધને પામે છે.**'

હવે કળશ ૧૦૫.

(शिखरिणी)

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुं स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।१०५।।

આહા..હા..! એક-એક કળશે ખુલાસા એટલા બધા છે. એક ગાથા.. વસ્તુ છે એ તો નિર્મળાનંદ પ્રભુ છે. પર્યાયમાં એક સમયની મલિનતા છે એ તો પર્યાયદષ્ટિએ છે. વસ્તુદષ્ટિમાં મલિનતા જરીએ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. આહા..હા..! એ તો પરમાત્માસ્વરૂપ, ભગવંતસ્વરૂપ પરમેશ્વરસ્વરૂપ. એવો જે ભગવાન '**જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા...**' એમ કીધુંને જુઓને, '**यद् एतद्**' એમ. '**જે આ...**' એમ. '**यद्**' એટલે જે. '**एतद्**' એટલે આ. '**જે આ જ્ઞાનસ્વરૂપ**

**આત્મા ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો પરિણમતો...'** આહા..હા..!

ધ્રુવપણે એટલે નિશ્ચયપણે, અચળપણે ન ફરે એ રીતે જ્ઞાનસ્વરૂપે થતો. આનંદસ્વરૂપે પરિણમતો. આહા..હા..! અતીન્દ્રિય આનંદના સ્વાદે પરિણમતો. આહા..હા..! રાગનો સ્વાદ તો દુઃખ છે. અશુભરાગ, વિષયવાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ એ અશુભભાવ તો દુઃખ છે, તીવ્ર દુઃખ છે, પણ શુભભાવ પણ દુઃખ અને આકુળતા છે. આહા..હા..! એનાથી રહિત નિશ્ચયપણે, અચળપણે, જ્ઞાનસ્વરૂપે થતો એટલે કે આત્મા આત્માના સ્વરૂપે પરિણમતો. **'ભાસે છે...' 'अयं शिवस्य हेतुः' 'એ જ...' 'अयं'** 'એ જ...' **'अयं' 'એ જ...' 'शिवस्य हेतुः' 'મોક્ષનો હેતુ છે...'** લ્યો! આહા..હા..! ભગવાન આત્મા જેનો જ્ઞાન અને આનંદસ્વભાવ છે એ રીતે જેનું જ્ઞાન અને આનંદ અતીન્દ્રિયનું થવું તે જ મોક્ષનું કારણ છે. આહા..હા..!

**'તે જ મોક્ષનો હેતુ છે કારણ કે...'** હવે કારણ આપે છે કે **'तत् स्वयम् अपि शिवः इति' 'તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે;...'** આહા..હા..! આત્મા પોતે મોક્ષસ્વરૂપ જ છે અને એનું પરિણમન પણ મોક્ષસ્વરૂપ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે;...'** વસ્તુસ્વભાવ રાગની પરિણતિથી ભિન્ન પ્રભુ, એનું જે મોક્ષસ્વરૂપ એનું તો પરિણમન તે મોક્ષસ્વરૂપ. કેમકે શિવસ્વરૂપ છે તો એ મોક્ષનું કારણ શિવરૂપ થાય છે એમ કહે છે. આહા..હા..! ભારે આકરું લાગે માણસને. **'તેના સિવાય જે અન્ય કાંઈ છે...'** તેના સિવાય એટલે જ્ઞાન ને આનંદના પરિણમન સિવાય જે કાંઈ છે **'તે બંધનો હેતુ છે...'** આહા..હા..! જ્ઞાનીને એ શુભપરિણામ હોય છે, પણ છે એ બંધનો હેતુ. મહાવ્રતના પરિણામ, બાર વ્રતના પરિણામ (હોય છે), પણ છે એ ભાવ બંધનો હેતુ. **'કારણ...'** બંધના હેતુનું કારણ? **'तत् स्वयम् अपि बन्धः इति' 'તે પોતે પણ બંધસ્વરૂપ છે.'** રાગ છે વ્યવહારની ક્રિયા છે રાગ છે એ બંધસ્વરૂપ છે. બંધસ્વરૂપ છે માટે બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આ લોહી ફરતું અટકે ફટ્ દઈને રગ તૂટે ને દેહ છૂટ્યો જાવ. આહા..હા..! એમ અહીંયાં આત્મા રાગથી છૂટે તો છૂટ્યો. સમજાણું કાંઈ? અને રાગથી એકત્વ પડ્યો એ બંધ્યો. કેમકે રાગ પોતે બંધસ્વરૂપ છે. વ્રત, નિયમના પરિણામ એ રાગ છે, એ બંધનું કારણ છે કેમ? કે એ બંધસ્વરૂપ છે. આહા..હા..! અને ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ એની જે શુદ્ધપરિણતિ વીતરાગી દશા એ મોક્ષનું કારણ (છે). કેમકે એ સ્વસ્વરૂપ જ છે એ. એ મૂકાયેલા પરિણામ છે. વસ્તુ મૂકાયેલી છે મુક્ત, એના પરિણામ પણ રાગથી મૂકાયેલી ચીજ જ તે છે. આહા..હા..! આવી વાત હવે. કહો, લાલજીભાઈ! આવું સાંભળ્યું હતું ત્યાં કલકત્તામાં કોઈ દિ'? આહા..હા..! આવો માર્ગ છે. અહીંનું પુસ્તક છે આ? આહા..હા..! પરની રમતુંમાં ગાણા ગાયા બાપુ તેં. રાગની રમતુંમાં. પોતાની રમતું ગોતવા-શોધવા નવરો ન થયો. આ તો મોક્ષનું કારણ જે પરિણમન

છે એ મોક્ષસ્વરૂપ છે એમ કહે છે. વસ્તુ તો મોક્ષસ્વરૂપ છે જ.

**'આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્રુવપણે અને અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો-પરિણમતો ભાસે છે તે જ મોક્ષનો હેતુ છે...'** ઓલું પરિણમન હોં! આહા..હા..! **'કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે;...'** એ પરિણમન છે એ રાગથી મુક્તસ્વરૂપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આવો વારસો આચાર્યો મૂકી ગયા છે. આહા..હા..! કેવળીના વિરહ ભૂલાવે એવો વારસો મૂક્યો છે. આહા..હા..! નવજીવન. નવજીવન એ (કે) રાગનું જીવન છોડીને શુદ્ધનું જીવન કરે એ જીવનું જીવન. રાગનું જીવન એ તો બંધનું જીવન, અજ્ઞાનનું જીવન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેના સિવાય જે કાંઈ છે તે બંધનો હેતુ છે...'** શું કીધું એ? એ વ્રત, નિયમ, તપનો જે ભાવ છે એ બંધનું કારણ છે. બંધનો હેતુ કીધુંને? કારણ. **'કારણ કે તે પોતે પણ બંધસ્વરૂપ છે.'** આહા..હા..! એ વ્રત ને નિયમ ને તપનો ભાવ બંધનું કારણ છે. કેમકે એ બંધસ્વરૂપ છે. આહા..હા..! કેટલી વાત છે આમાં જુઓને સીધી. આમાં કાંઈ બહુ વ્યાકરણ અને સંસ્કૃત ભણે તો આ સમજાય એવું કાંઈ છે નહિ. આહા..હા..! એના શુદ્ધના સંસ્કાર નાખવા. આહા..હા..! પરિણમન થવું એ સંસ્કાર છે. આહા..હા..!

**'જ્ઞાનસ્વરૂપે થતો-પરિણમતો ભાસે છે...'** જોયું? પરિણમતો ભાસે છે. **'તે જ મોક્ષનો હેતુ છે...'** કેમ પાછું કેમ? કે **'तत् स्वयम् अपि शिवः इति'** આહા..હા..! એ જ્ઞાનનું પરિણમન, આનંદનું પરિણમન, શાંતિનું પરિણમન એ પોતે મોક્ષનું કારણ છે, એ પોતે મોક્ષસ્વરૂપ જ છે. કેમકે રાગથી મુક્તસ્વરૂપ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? અને **'તેના સિવાય જે અન્ય કાંઈ છે તે બંધનો હેતુ છે કારણ કે તે પોતે પણ બંધસ્વરૂપ છે. માટે જ્ઞાનસ્વરૂપ થવાનું...'** હવે આવે છે. **'(-જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું)...'** એટલે અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન, એને અતીન્દ્રિય આનંદપણે પરિણમવાનું. આહા..હા..! જ્ઞાન શબ્દે આખો આત્મા. અતીન્દ્રિય આનંદના સ્વાદપણે પરિણમવું એટલે કે **'અનુભૂતિ કરવાનું જ...'** આહા..હા..! એ બાર અંગમાં આ કહ્યું છે, કહે છે. તીર્થંકરોએ સર્વજ્ઞોએ પરમાર્થ પંડિતોએ. પરમાર્થ પંડિત એમ આવ્યું છે. અજ્ઞાની પંડિતે નહિ. આહા..હા..!

પહેલાં એ આવ્યું હતું. **'ज्ञानम् एव शिवहेतुः'** આવ્યું હતુંને? કળશ-કળશ. કળશ આવ્યો હતો. **'ज्ञानम् एव शिवहेतुः विहितं'** ૧૦૩. ૧૦૩ કળશ. **'ज्ञानम् एव शिवहेतुः विहितं'** ૧૦૩ આવ્યું હતું. એ અહીં ૧૦૫માં આમ કહ્યું કે **'(-જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે અનુભૂતિ કરવાનું જ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે.'** આહા..હા..! સિદ્ધાંતમાં, વીતરાગની વાણીમાં, આગમમાં અનુભૂતિ કરવાનું વિધાન છે, રાગ કરવો છે એનું વિધાન નથી એમાં. આહા..હા..! વ્યવહારનયથી કથન આવે પણ નિશ્ચયની એ વસ્તુ નથી. વ્યવહારથી આવેને

વ્યવહારનયના ગ્રંથમાં. વ્રત પાળવા, વ્રત આમ કરવું એ વ્યવહારનયનું કથન છે. નિશ્ચયનું તો આ કથન. આહા..હા..!

**'अनुभूतिः हि'** આત્માનો અનુભવ થવો, 'અનુભવ રત્નચિંતામણી અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો...' એ ત્યાં કહ્યું જુઓ પાછું. 'અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.' ત્યાં એમ નાખ્યું છે. સમજાણું કાંઈ? ક્યા કળશમાં હશે? આમાં હશે. સમયસાર નાટકમાં છે. આહા..હા..! **'अनुभूतिः हि'** ભગવાન આત્માનો અનુભવ કરવો, આનંદના વેદનમાં આવવું. આહા..હા..! પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનો ગાંઠડો છે. આહા..હા..! એને ખોલીને, સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા ખોલીને અનુભૂતિ કરવી. આહા..હા..!

**'अनुभूतिः हि'**. **'हि'** શબ્દ છે જુઓ! એકાંત છે આ તો. અનુભૂતિનું પણ ફરમાન છે અને શુભનું પણ ફરમાન છે. એમ નથી કહ્યું. આ જ અનેકાંત છે. અનુભૂતિનું ફરમાન છે અને રાગનું કરવાનું ફરમાન છે નહિ. થાય તેને જાણવાનું ફરમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ પરિણમવું એટલે થવું એવી જે **'અનુભૂતિ કરવાનું જ...'** **'विहितम्'** વિધાન છે. લ્યો, આ વિધાન છે. વિધિવિધાન. એય.. ચેતનજી! તમારે શ્વેતાંબરમાં બહુ આવે વિધિવિધાન. વિધિથી કરવું આ વિધિથી કરવું આ પૂજા ને ભક્તિ ને ફલાણું. એ વિધિ નહિ. આ વિધિ છે કહે છે. આહા..હા..!

**'અનુભૂતિ કરવાનું જ આગમમાં...'** **'विहितम्'** શબ્દ છેને? ઓલું પણ **'विहितम्'** હતું. આહા..હા..! આમાં આવ્યુંને **'ज्ञानात्मा भवनम्'** છેને? આની પહેલાં આવ્યુંને **'ज्ञानात्मा भवनम्'** જ્ઞાનસ્વરૂપે થવું એ એનું ભવન છે, એ એનું ઘર છે, એ એનું સ્થાન છે. આહા..હા..! રાગ એનું ઘર નહિ, એનું સ્થાન નહિ, એની જાત નહિ. આહા..હા..! **'ज्ञानात्मत्वं'** **'જ્ઞાનસ્વરૂપે...'** છેને? જ્ઞાનસ્વરૂપે એટલે કે ભવન શબ્દ છેને? પરિણમવું એટલે ભવવું. ભવનનો અર્થ જ એ કર્યો. ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપે છે તેને જ્ઞાનરૂપે પરિણમન થવું એ એનું ભવન છે, એ એનું મકાન છે, એ એનું ઘર છે, એ એનું ભવન છે. એ ભવન છે એમાં વાસ્તુ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

બહુ આકરી વાત ભાઈ, લોકોથી. એક તો બહારમાં નવરા નથી. બાયડી-છોકરા અને એના ધંધા આડે આખો દિ' કુથલી પાપની. આહા..હા..! વખત ગાળવો ત્યાં. એને આ સાંભળવાનું મળે નહિ. આહા..હા..! મોક્ષનો માર્ગ તો ન હોય, પણ જે સત્સમાગમ ને શાસ્ત્રશ્રવણ આદિના વખતમાં જે શુભભાવ હોય એ પુણ્ય પણ ન હોય જેને, એને તો ક્યાં જાવું? આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષનું કારણ જેને ન હોય અને એ સિવાય બહારના પ્રવૃત્તિના કાળમાં અશુભમાં જાય એને. શાસ્ત્રશ્રવણ, સત્સમાગમ, વાંચન આદિ બે-ચાર કલાક જોઈએ, એ પણ જ્યાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એથી આ બધા મોટા શેઠિયા-બેઠિયા... હમણા ઓલી કૂતરી વિયાણી છેને ત્યાં. આહાર કરતાં હતા ત્યાં બચ્ચા બોલતા હતા. રસોડે કૂતરી વિયાણી છે અંદર. નાના

બચ્ચા બોલ-બોલ કરતાં હતા. મેં કીધું, આ બધા મોટા શેઠિયાઓ મરીને આ બધા કૂતરા થાશે. આજે આહાર વખતે કહ્યું નહોતું? ઓલું બોલતું હતું. કેમકે એક તો ધર્મ તો નથી સમ્યગ્દર્શન આદિ અને પુણ્યના પણ ઠેકાણા નથી. બે-ચાર કલાક, શાસ્ત્ર વાંચન, સાંભળવું, સમાગમ કરવો, બહારની વાતને ભૂલી જવી. બલુભાઈ! અરર..ર..! બહારમાં આના બાયડી, છોકરા ને આને તે.

**શ્રોતા :-** આપને શરણે આવ્યા છીએ, હવે જેમ કરવું હોય એમ કરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કારણ આપ્યુંને. જેણે સંસ્કાર નાખ્યા છે અને શુભભાવ છે એ તો જુદી ચીજ છે. આહા..હા..! અરે..! એને ક્યાં જાવું? બાપુ! ચોર્યાસીના અવતાર.

અહીં તો પરમાત્માએ આગમમાં અનુભૂતિનું વિધાન છે. કળશમાં નથી આવતું ભાઈ, કળશમાં? એમ કે કોઈ એમ કહે કે બાર અંગનું જ્ઞાન તે ઊંચી ચીજ છે. ના, એ વિકલ્પ છે. એ બાર અંગમાં પણ અનુભૂતિ જ કીધી છે. કળશમાં છે, કળશની અંદર. આહા..હા..! અંતર્મુખ થઈને આત્માનો અનુભવ કરવો એ જ વિધાન શાસ્ત્રએ કહ્યું છે. વીતરાગનો માર્ગ આ છે. બાકી વિશેષ જાણવાલાયક છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૯, રવિવાર, તા. ૩૧-૧૦-૧૯૭૬, ગાથા-૧૫૪, પ્રવચન નં. ૨૧૭

આ સમયસાર, ૧૫૪ ગાથા. '**હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેના દોષ બતાવે છે :-**' શું કહે છે? કે આ સામાયિક નામ ધરાવે છેને, સામાયિક કરીએ છીએ. તો સામાયિક કરવામાં એને સામાયિક જે આત્મા છે એની તો ખબર નથી. એમાં જે દયા, દાન, વ્રતના ભાવ થાય એ તો શુભભાવ છે-પુણ્ય છે, એ કાંઈ ધર્મ નથી, એ સામાયિક નથી. એ પુણ્યના પક્ષપાતીને સમજાવે છે. એને પુણ્યનો પક્ષ છે પણ શુભભાવ તો છેને અમારે એ? પુણ્ય છેને? ધર્મ તો નથી. આ સામાયિક ને પોષા ને કરે છેને આ બધા? ત્યાં ધર્મ તો નથી એને. ફક્ત શુભભાવ છે. દયાનો, વ્રતનો, ભક્તિનો, તપનો એ શુભભાવ છે, એ પુણ્ય છે. એને જે ધર્મ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે, એને અહીં સમજાવે છે. ૧૫૪.

परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति।
संसारगमणहेदुं पि मोक्खहेदुं अजाणंता।।१५४।।

**પરમાર્થબાહ્ય જીવો અરે ! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.**

'**ટીકા :—સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ...**' એ આત્મસ્વરૂપ એ મોક્ષ. શું કહે છે? પુણ્ય અને પાપના ભાવ જે દયા, દાન, વ્રત, તપના ભાવ છે એ બધા પુણ્યભાવ છે, એ વિકલ્પ છે, રાગ છે. એ અહીં તો કહે છે, '**સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી...**' પુણ્ય અને પાપના બેય ભાવનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ, એટલે આત્મલાભસ્વરૂપ મોક્ષ. આત્મલાભ એટલે? પુણ્ય-પાપના ભાવનો નાશ થઈને આત્મસ્વરૂપનો આત્માનો લાભ મળે પૂર્ણ એનું નામ મોક્ષ. '**આ જગતમાં કેટલાક જીવો ઈચ્છતા હોવા છતાં,...**' મોક્ષને ઈચ્છતા હોવા છતાં. મોક્ષના કારણરૂપ સામાયિક નહિ. મોક્ષનું કારણ સામયિક, એ સામાયિક કોને કહેવી? એ અહીં ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુભ-અશુભભાવનો નાશ થઈને ઉત્પન્ન થતો આત્મલાભ એટલે આત્મસ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ એનું નામ મોક્ષ. એ મોક્ષને ઈચ્છતા છતાં અને જે '**સામાયિક કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,...**' સામાયિક તો એને કહીએ કે જે આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય એનું સમ્યગ્દર્શન, એનું સમ્યગ્જ્ઞાન અને એ સ્વરૂપમાં રમણતા. છે?

એ '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,...**' આહા..હા..! સામાયિક તો એને કહીએ.. કહો, શાંતિભાઈ! ઘણાં તમે જ્યાં ને ત્યાં ભાગ આપ્યા છે મોઢા આગળ બેસાડીને. આ સામાયિક આને કહેવી કે જેમાં આનંદસ્વરૂપ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરે જે જોયો એવો જે અંદર આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, દેહને દેખનારો તે આત્મા, દેહને જાણનારો તે આત્મા એ દેહરૂપ નથી. એમ પુણ્ય અને પાપના ભાવ એનો દેખનાર-જાણનારો તે આત્મા. એ પુણ્ય-પાપભાવ આત્મા નહિ. આહા..હા..! એવા પુણ્ય-પાપના નાશથી ઉત્પન્ન થતો આત્માના સ્વરૂપનો લાભ મોક્ષ એને ઈચ્છતા થકા સમાયિકને અંગીકાર કરે છે.

કેવી સામાયિક છે? સાચી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. સમ્યક્ શબ્દ ત્રણેને લાગુ પાડવો. સામાયિક, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. પરમાર્થભૂત જ્ઞાન એટલે આત્માનું ભવન. આહા..હા..! ભવનનો અર્થ આપણે આવી ગયો છે. ઘર-ઘર. આત્મા આનંદસ્વરૂપ છે એનું થવું એ ઘર એનું છે. વીતરાગ પરિણતિએ થવું એ શુભ-અશુભભાવનો નાશ કરીને અથવા અભાવ કરીને આત્મા આનંદસ્વરૂપ છે તેનું ભવન, તેનું ઘર, નિર્મળ પરિણતિ વીતરાગી થવી તે તેનું પરિણમવું, તે તેનું ભવન અને તે તેનું ઘર છે. પુણ્યના ભાવ જે થાય છે શુભ દયા-દાનના એ એનું ઘર નથી, એનું ભવન નથી. એ ભવનમાં એ રહેતો નથી. સમજાય છે કાંઈ? એવી વાત બહુ (આકરી). આહા..હા..! ભવન નીચે છે. 'થવું તે; પરિણમન.'

**શ્રોતા :—** ભવનનો અર્થ 'રહેઠાણ' એવો નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ અહીં કીધુંને, ટીકામાં કીધું હતુંને સવારમાં. સવારમાં કહ્યું હતું ને? આમાં ટીકા નહોતી કીધી? કાલે આવ્યું હતુંને. ભવન. સર્વકલ્યાણરૂપ મોક્ષભવનં, ગૃહમ, સ્થાનમ. શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રતાદિના ભાવ એ શુભ પુણ્ય છે એનાથી ભિન્ન આત્માના આનંદના પરિણામ થવા એ એનું ઘર છે. એ નિજઘરમાંથી આવ્યું એ નિજઘર છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિજઘર છે, ભવનં, ગૃહમ, સ્થાનમ ઈતિ... આહા..હા..! ભગવાન આત્મા.. પણ ઝીણી અત્યારે ચાલતી નથીને વાત, એટલે લોકોને...

આ આત્મ છે એ તો પુણ્ય-પાપના ભાવથી ભિન્ન છે અને એનું સ્વરૂપ જ વીતરાગસ્વરૂપ છે. અનાદિ વીતરાગમૂર્તિ આત્મા છે. એનું અંતર દર્શન, જેવું એનું પૂર્ણ રૂપ છે તેવી તેની પ્રતીતિ એ નિર્વિકલ્પ પ્રતીતિ. જેવું તેનું સ્વરૂપ છે તેવું નિર્વિકલ્પ જ્ઞાન. હવે નિર્વિકલ્પ એટલે? જ્ઞાન તો સવિકલ્પ છે, પણ રાગ વિનાનું જ્ઞાન એટલે નિર્વિકલ્પ, એમ. સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ! આ બધી સામાયિક કરી? કેટલીય કરી હશે. કેટલાય પથરણા ફાડ્યા. આહા..હા..! બાપુ! સામાયિક કોને કહેવી? એક સેકન્ડની સામાયિક અલ્પ કાળમાં મોક્ષ આપે એનું નામ સામાયિક છે. કહો, બલુભાઈ! તે દિ' સામાયિક તો કરી હશેને વર્ષીતપમાં. વર્ષીતપ કર્યા હોય એટલે બેસેને નવરા થઈને. આહા..હા..! એ સામાયિક નહિ.

સામાયિક તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળું જે જ્ઞાનનું ભવન, એવા સ્વભાવવાળું પરમાર્થભૂત આત્માનું ભવન. આત્મા જે શુદ્ધ વીતરાગમૂર્તિ તેનું વીતરાગભાવે થવું એનું નામ સામાયિક છે. આહા..હા..! એક વાત. બીજું. બીજું એનું લક્ષણ. **'એકાગ્રતાલક્ષણવાળું છે...'** સામાયિક તો આત્માના આનંદમાં એકાગ્રતા. એક-અગ્ર જેને અગ્રમાં મુખ્ય વસ્તુ જે ધ્રુવ છે તે જેની દૃષ્ટિમાં છે, એમાં જે એકાગ્રતા. આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે આત્મા તો. આહા..! એમાં એકાગ્રતા લક્ષણવાળું જે તે સામાયિક. આહા..હા..! બે.

**'સમયસારસ્વરૂપ છે...'** એ સામાયિક સમયસારસ્વરૂપ છે. સમયસાર એટલે આત્મા જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કર્મ અને નોકર્મ એનાથી રહિત એવું આત્માનું સ્વરૂપ, તે આત્માના સ્વરૂપનો અનુભવ તે સમયસારસ્વરૂપ છે. અરે..! સમજાણું કાંઈ? એને સામાયિક કહીએ. જેમાં સમ-આય સમતાનો લાભ મળે, વીતરાગપણાનો અંદર આનંદનો લાભ મળે એને સામાયિક કહીએ. એ એકાગ્રતા લક્ષણ છે. એક અગ્ર ધ્રુવ ચૈતન્યનું અગ્ર લક્ષ બનાવીને જે પરિણતિ વીતરાગી થાય તે એકાગ્રતા લક્ષણવાળી સામાયિક છે. એ તો એને ખબર પણ ન હોય. અત્યારે તો આઠ આઠ વર્ષની છોડીયું પણ સામાયિક કરીને બેસે. પાંચ-પાંચ પથરણે. પછી આ શેઠિયાઓ આપે એને આઠ આના-રૂપિયો, બે રૂપિયા. થઈ ગયો એને પણ ધર્મ થઈ ગયો અને આને પણ ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી. મિથ્યાત્વ છે ત્યાં તો. આહા..હા..! એ તો રાગની ક્રિયાને એણે સામાયિક માનીને ધર્મ માન્યો. તારાચંદજી! આહા..હા..!

**શ્રોતા :—** ગૃહીત મિથ્યાત્વ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ બધું ગૃહીત જ છે અંદર. સંપ્રદાયની દૃષ્ટિ જ ગૃહીત મિથ્યાત્વ છે. આમ તો અગૃહીત છે એ. સમજાણું કાંઈ? આહા..હા..!

પરમપદાર્થ એવો જે ભગવાન આત્મા એનું ભવન થવું. આહા..હા..! એ વિકારસ્વરૂપ છે એનો આશ્રય લે તો એનું ભવન થાય. હવે કોણ આત્મા છે એની તો એને ખબર પણ ન મળે. સમજાણું કાંઈ? એ '**પરમાર્થભૂત...**' આત્માનું ભવન થવું. આહા..હા..! શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ એ શું હશે એની ખબર ન મળે. અંદર શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. સત્-ચિદ્ અને આનંદ. છે, જ્ઞાન અને આનંદ જેનું અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એને અતીન્દ્રિય આનંદરૂપે પરિણમન થવું, રહેવું... આહા..હા..! એનું નામ સામાયિક છે. એ '**સમયસારસ્વરૂપ છે તેની પ્રતિજ્ઞા લઈને પણ,...**' એમ કહે છે. આવા સામાયિકની પ્રતિજ્ઞા લઈને બેસે. આહા..હા..! '**દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...**' આહા..હા..! પણ કહે છે કે એ પુણ્ય અને પાપના બેય ભાવ એ દુરંત કર્મચક્ર છે. એને છોડવાને નપુંસક છે. આહા..હા..! શુભભાવ જે છે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અને તપ, અપવાસ આદિનો ભાવ એ બધો શુભ છે. એ શુભભાવને નહિ ઓળંગતા, એને નહિ છોડતા. છે? '**દુરંત કર્મચક્ર...**' પુણ્ય અને પાપ જેને છોડવું દુરંત મહાપુરુષાર્થ છે. એવાને પાર ઊતરવાની નામર્દાઈનપુંસક છે કહે છે. આહા..હા..!

એ **નમો** અરિહંતાણં... **નમો** અરિહંતાણં... ગણે છે સામાયિકમાં અને સજ્ઝાય કરે કે આ શું કહેવાય? **નમો** અરિહંતાણં.. **નમો** સિદ્ધાણં.. આનુપૂર્વી એ તો બધો શુભરાગ છે. કહે છે કે અશુભરાગ અને શુભરાગ બેય કર્મચક્ર છે. એને બેય કર્મચક્રને છોડવાને નામર્દાઈ છે-નપુંસક છે. આહા..હા..! એ શુભને છોડતો નથી તે નપુંસક છે. શુભરાગની ક્રિયામાં રાચે છે એ નપુંસક છે, હિજડો છે એ પાવૈયો છે. આહા..હા..! જેમ હીજડાને પ્રજા ન હોય, પાવૈયાને પ્રજા ન હોય, એમ પુણ્યના ભાવમાં ધર્મની પ્રજા હોય નહિ. નવરંગભાઈ! આવી વાતું છે. વીતરાગમાર્ગ બાપુ ઘણો અલૌકિક છે. જગતને સાંભળવા મળ્યો નથી. કાંઈક રાગને નામે ભગવાનને ખતવી નાખ્યા. સમજાણું કાંઈ? શું કહ્યું છે? જુઓ, પાઠ છે '**क्लीबतया**' સંસ્કૃતમાં ત્રીજી લીટીનો શબ્દ છે. '**क्लीब**' છે. કહે છે કે અશુભભાવ એ છોડે છે, પણ કર્મચક્ર જે શુભ છે દયા, દાન, વ્રતના પરિણામ, એને છોડવાને એ નપુંસક છે. આહા..હા..! એનું વીર્ય તેને છોડવા કામ કરતું નથી. સમજાણું કાંઈ? એ નોકાર ગણે બે ઘડી, કાંઈ આનુપૂર્વી ગણે (એટલે) થઈ ગઈ સામાયિક. એ તો શુભરાગ છે, એ તો બાહ્યલક્ષી વિકલ્પ છે. એને છોડવાને નામર્દી '**क्लीब**' છે, નપુંસક છે કહે છે. આહા..હા..! રાગને છોડી અને સ્વરૂપનું જે વીર્ય છે એ વીર્ય સ્વરૂપની શુદ્ધતાને રચે એનું નામ વીર્ય અને એનું નામ સામાયિક છે. વીતરાગભાવને રચે એનું નામ સામાયિક છે અને એનું નામ સંવર અને મોક્ષનો માર્ગ છે. આહા..હા..! સમજાણું

કાંઈ? શાંતિભાઈ! એમાં છે કે નહિ? જુઓ, સંસ્કૃતમાં '**क्लीब**' કીધો છે એને. એ શુભને છોડતો નથી અને શુભમાં અટકીને સામાયિકને ધર્મ માને છે એ બધા '**क्लीब**' છે. '**क्लीब**' એટલે કે નપુંસક છે. નપુંસક એટલે એ પાવૈયા છે. આહા..હા..!

ભગવાન આત્મા એની જે આનંદની રચના અને વીતરાગ પર્યાયની રચના થવી જોઈએ એ કરતો નથી. સમજાણું કાંઈ? '**(અસમર્થતાને લીધે)...**' નામર્દ એટલે '**क्लीब**' '**પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર...**' આહા..હા..! ખરેખરો જે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એવો જે જ્ઞાનનો અનુભવ, એનો જે અનુભવ થવો. સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ છે એને અનુસરીને ભવન થવું એ અનુભવ. રાગને અનુસરીને રહેવું એ તો નપુંસકતા છે કહે છે. આહા..હા..! આવી વાત. કહો, ટોળિયા! આવું સાંભળ્યું હતું કોઈ દિ'? જય નારાયણ. બસ થઈ રહ્યું. સામાયિક કરી ને પોષા કર્યા. થઈ ગયો ધર્મ. ક્યાં હતો ધૂળેય. આહા..હા..! લ્યો! ભાઈ! અમારે શેઠ કહે છે. એ કલકત્તાના શેઠ હતા જાધવજીભાઈ. બાપુ! આ માર્ગ છે જ નહિ. આહા..હા..! અંતરમાં એ દયા, દાન અને વ્રતનો, અપવાસનો વિકલ્પ ઊઠે એ તો વિકલ્પ છે, એ શુભરાગ છે અને રાગમાં રોકાઈ જવું એ નપુંસક છે. એ પાપને જેમ છોડે છે એમ પુણ્યને છોડીને સ્વરૂપનો અનુભવ કરે તેને પુરુષાર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વાતું. જાધવજીભાઈ! ત્યાં બધે કલકત્તામાં મળે એવું નથી ત્યાં રખડપટ્ટી. ત્યાં મોઢા આગળ નામ ધરાવે ફલાણા બેસાડીને. બેસાડો શાંતિભાઈને અહીં સ્થાનકવાસીમાં બોલકા છે તે. દિલ્હી-દિલ્હીને? દિલ્હીમાં છે. આહા..હા..! માર્ગ એવો છે, બાપુ!

વસ્તુ છેને. એક સમયનો વિકૃત ભાવ છે પુણ્ય-પાપનો એ સિવાય આખી ચીજ તો નિર્મળાનંદ પ્રભુ છે. આહા..હા..! ખબરેય ક્યાં છે એને? એક સેકન્ડનો અસંખ્યમો ભાગ, એટલો એને પુણ્ય-પાપના ભાવ અને મારા એટલો મિથ્યાત્વનો મેલ એક સમયમાં છે અને વસ્તુ છે એ તો નિર્મળાનંદ પ્રભુ છે. આહા..હા..! પોતે વસ્તુ છે એ તો પરમેશ્વર છે, વીતરાગ છે, પરમેશ્વર છે, ભગવંત છે. આહા..હા..! કેમ બેસે? એ પુણ્યના પરિણામમાં રોકાઈને ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપનો અનુભવમાત્ર જે સામાયિક. જુઓ! એ સામાયિક. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. ઇન્દ્રિયજ્ઞાન પણ નહિ અને ઇન્દ્રિયસુખ પણ નહિ. ઇન્દ્રિયજ્ઞાન પણ એનામાં નહિ. આહા..હા..! એ તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ એનું સ્વરૂપ છે આત્માનું. એને અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદના પરિણમનરૂપ, થવારૂપ દશા તે સામાયિક છે. આહા..હા..!

એવી '**સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા,...**' એવી જે સામાયિક, એવો જે આત્મસ્વભાવ, એને અજ્ઞાની નહિ પામતા થકા. '**જેમને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે...**' અશુભભાવ જેને નથી. સંકલેશ પરિણામ એટલે અશુભભાવ જેણે છોડ્યો છે અને ભગવાનનું સ્મરણ અને નમો અરિહંતાણં આદિ એવા

ભાવ શુભમાં પડ્યો છે. સમજાણું કાંઈ? **'અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ...'** પરિણામરૂપ કર્મ હોં, ઓલા જડરૂપકર્મ નહિ. પરિણામરૂપ કર્તવ્યથી નિવૃત્ત થયો છે. અશુભભાવ નથી એને. પણ **'અત્યંત સ્થૂલ વિશુદ્ધ પરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...'** આહા..હા..! એને અત્યંત સ્થૂલ એવો શુભભાવ એને વર્તે છે. છે? **'અત્યંત સ્થૂલ...'** ભગવાન આત્મા તો એ પુણ્યપરિણામથી ઘણો જ સૂક્ષ્મ, ભિન્ન છે, અરૂપી સૂક્ષ્મ ચૈતન્યઘન છે. એવા **'અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામમાં પ્રવર્તે છે...'** સમજાણું કાંઈ? અશુભભાવ છોડ્યો છે, પણ શુભભાવ સામાયિકની પ્રતિજ્ઞા લીધી છે, મોક્ષનું કારણ ઈચ્છતો, પણ શુભભાવમાં પડ્યો છે એ, એ સામાયિક નથી, એ તો વિષમભાવ, રાગભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સામાયિકમાં બેસીને (બોલે), નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ૧૦૮ વાર ગણે કાં માળા ગણે. સમજાણું?

ઝવેરી આવ્યા છે કે નહિ? મોરબી. ઝવેરી નહિ છોકરાઓ? એનો બાપ હતો. આનો બાપ અને એનો બાપ મૂળશંકર ભગત. ઝવેરી, મોરબીના ઝવેરી. ગંગારામ ઝવેરી હતા. ઝવેરી હતા. અમરચંદભાઈ ને બે ભાઈ હયા. એ મોરબી જ્યારે ૭૬માં નીકળ્યા હતાને અહીંથી પહેલાં ચા.. લઈને ત્યારે વઢવાણમાં વ્યાખ્યાન ચાલતું હતું. ૭૬ની વાત છે. ઘણા માણસો. એમાં એ ગંગારામભાઈ અને અમરચંદભાઈ હતા, મોટી પાઘડી ને. હીરા દેવા આવેલા દરબારને. એમાં વ્યાખ્યાન સાંભળવા આવ્યા. વ્યાખ્યાન સાંભળીને... આહા..હા..! આ શું કહે છે! એ વખતે સમાધિ અધ્યયન ચાલતું હતું. સૂયગડાંગનું એક સમાધિ અધ્યયન છે. મોઢે કરેલું બધું. કથા-બથા નહિ. સમાધિ અધ્યયન છે એક. સૂયગડાંગના સોળ અધ્યાયમાં એમાં એક સમાધિ (અધ્યયન છે એ) ચાલતું હતું. અમરચંદભાઈ હતા. મોટી પાઘડી ને... મોટો સંઘ આવવાનો હતો મોરબીથી. લીંબડી જવાનો હતો. નાનચંદજીના ગુરુ પક્ષઘાતમાં પડ્યા હતાને? ત્યાં જવાના હતા. તાર કર્યો. કહે અહીંયાં આવો. એક બોટાદના સાધુ છે. આ તો ૭૬ની વાત છે. એ બહુ કાંઈ વાંચે છે, આવું તો અમે સાંભળ્યું નથી કોઈ દિ'. દરિયાપરી અપાસરે હતા. ઘણું માણસ. થોડાક દિ' ત્યાં રહ્યા હતા. એ જ્યારે આવ્યા ત્યારે હોં! એટલે સંઘને કહે અહીં ઉતરો પહેલાં પછી ત્યાં જજો લીંબડી. એના માણસને મોકલ્યા લીંબડીવાળાએ, કહે ત્યાં પહેલું ન ઉતરાય. એ તો બોટાદ સંઘાડાના છે. આ કહે, ના. અમારે પહેલું ત્યાં ઉતરવું છે. એ વાંધા. ૭૬થી વાંધા ઊઠે છે. એ આવ્યા. આઠ દિ' રહ્યા. વ્યાખ્યાન સાંભળ્યા. ત્રણેય અપાસરાના માણસને જમાડ્યા મૈસુબથી. ૭૬. ત્રણેય હોં. સુંદર વોરા, ડોસા વોષરા, દરિયાપરી. પાંચસો ઘર. મેસુબથી જમાડ્યા. તે દિ' તો સોંઘુ હતુંને. એટલો મેસુબ વધ્યો કે પાંજરાપોળની ગાયુને નાખ્યો. આ ૭૬ની વાત છે. તે દિ' તો ચાર આનાનું શેર હતુંને. અત્યારે તો.. મારી દીક્ષામાં ત્યાં દસ રૂપિયાનો મણ. પચાસ મણ મેસુબ કર્યો હતો દીક્ષામાં. ૭૦. પચાસ મણ. દસ રૂપિયાનો મણ, ચાર આનાનો શેર. ઊંચો હોં પાછો, આવો અત્યાર (જેવો) નહિ. ઘી ઊંચું, ચોખ્ખો લોટ,

સાકર, ઊંચી. એમાં સાડા ત્રણ રૂપિયે મણ પતરી સાકર. અને ૧૯ રૂપિયાનું મણ ઘી. આ ૭૦માં. આ તો ૭૬ની વાત કરી. તે દિ' સોંઘુ હતુંને. તે દિ' ક્યાં... હવે પછી (મોંઘુ) થઈ ગયું. એટલો મેસુબ પાંચસો ઘરને જમાડ્યા. બે હજાર કે પચ્ચીસો માણસ. મેસુબ એટલો વધ્યો કે નાખી દીધો.

એ ઝવેરી આવ્યા અને સાંભળ્યા. એ ઝવેરીના છોકરાના છોકરા છે આપણે અહીં બોર્ડિંગમાં. એના બાપનો બાપ એવો હતો મૂળશંકર ભગત કે આમ માળા મૂકે. સામાયિકમાં બેસેને જ્યારે માળા આમ મૂકે. તો એક માળા ઉપર નજર રાખે. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં,.. લક્ષ ફેરવે, હાથમાં ન લે. એવો ૧૦૮ મણકા ઉપર નજર કરીને માળા ફેરવતા. એ તો બધો શુભભાવ છે. ત્યાં ધર્મ ક્યાં છે? એ તો પરાશ્રય વિકલ્પ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં એ કહે છે, સ્થૂળ લક્ષવાળા એ છે. આહા..હા..! એ સ્થૂળ છે, રાગ છે. એની ચીજ ક્યાં છે? છૂટી જાય છે. જે છૂટી જાય છે એ એની ચીજ ક્યાંથી હોય?

**શ્રોતા :—** શુભને તો સૂક્ષ્મ કહેવો જોવેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, ના, બેય સ્થૂળ છે એમ કીધું અહીં તો. બેય એક જાતના છે. તેથી તો અહીંયાં (ખુલાસો કરે છે). આત્મસ્વભાવ સૂક્ષ્મ જે ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ સૂક્ષ્મ એનાથી પુણ્યના ભાવ સ્થૂળ, અત્યંત સ્થૂળ, એકલા સ્થૂળ પણ નહિ. આહા..હા..! છે?

'**અત્યંત સ્થૂળ વિશુદ્ધપરિણામરૂપ...**' સ્થૂળ સંક્લેશ પરિણામ કર્મ કહ્યા. '**स्थूलतम**' '**स्थूलतम**' છે. એટલે અત્યંત કીધુંને પછી. '**तम**'નો અર્થ અત્યંત કીધો. સ્થૂળ અત્યંત આવ્યું. '**स्थूलतम**' છે. આહા..હા..! ઓલામાં પણ '**स्थूलतम**' સંક્લેશમાં પણ છે. '**स्थूलतम**' છે. '**तम**'નો અર્થ અત્યંત કર્યો. શું બોલ છે? સ્થૂળતર, સ્થુલતમ. એમ. આ '**स्थूलतम**' છે. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ બધો ભાવ અત્યંત સ્થૂલઅત્યંત જાડો છે, રાગ છે. આહા..હા..! અચેતન છે એ. એમાં ચેતન ક્યાં છે? ચેતન ભગવાન જ્ઞાનસ્વરૂપી એ શુભરાગમાં ક્યાં છે? એ તો ૭૨મી ગાથામાં ન કહ્યું? અશુચિ છે, અચેતન છે અને દુઃખ છે. ત્રણ બોલ લીધા છે અને એ અત્યંત સ્થૂળ પરિણામ વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં પણ દુઃખનું કારણ છે. મોક્ષનું કારણ તો નહિ પણ દુઃખનું કારણ છે. આહા..હા..!

એવા જે '**અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મો...**' એટલે કાર્યો પરિણામ. શુભમાં પ્રવર્તે છે, શુભમાં પ્રવર્તે છે. શુભરાગમાં એ પ્રવર્તે છે. '**એવા તેઓ, કર્મના અનુભવના ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ...**' એટલે શું કીધું? શુભભાવ એ લઘુકર્મ છે અને અશુભ એ ગુરુ-વિશેષ કર્મ છે. છે? ગુરુ અને લઘુ. ગુરુ એટલે અશુભભાવ એ ગુરુ છે. ગુરુ એટલે ભારે. અને લઘુ એટલે શુભભાવ. એ '**ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...**' આહા..હા..! ભારે વાત! એ ગુરુભાવ જે અશુભ

છે, ગુરુ એટલે ભારે, એને છોડ્યું છે, પણ લઘુ જે સ્થૂળ ભાવ છે એને રાખ્યો છે. બેય કર્મ છે, બેય વિકાર છે, બેય દોષ છે, બેય અપરાધ છે. આહા..હા..! આવી વાતું. એમાં **'સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...'** એ શુભભાવમાં સંતુષ્ટ થયા થકા. કર્મનું હળવાપણું છેને શુભભાવ. કર્મ એટલે કાર્ય હોં! હળવાપણું છે એમાં સંતુષ્ટપણું માનીને. આહા..હા..! **'સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...'** **'સ્થૂલ લક્ષ્યવાળા હોઈને...'** આહા..હા..! એ શુભભાવ સ્થૂળ લક્ષ છે એનું. આ સૂક્ષ્મ ચૈતન્ય ભગવાન એના લક્ષનો એને અભાવ છે, સૂક્ષ્મનો એને અભાવ છે. શુભરાગ એવો અત્યંત સ્થૂળ છે તેના એ લક્ષવાળા છે. રાગના લક્ષવાળા છે એ અત્યંત સૂક્ષ્મ ચૈતન્યના લક્ષ વિનાના છે. આહા..હા..! તમારે તો ક્યાં ત્યાં હતું વિષ્ણુમાં તો આ બધું. આહા..હા..! સ્થૂળ લક્ષ એટલે? **'(સંક્લેશપરિણામોને છોડતા હોવા છતાં) સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી.'** આહા..હા..! પણ ઈ શુભ છે એ કર્મકાંડ છે. આહા..હા..!

પ્રવચનસારમાં છેલ્લે પાછળ છેને ૪૭ નયો, એમાં એમ કીધું છે કે કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય. એ વ્યવહારનયનું વચન છે. પણ એનો અર્થ શું થયો? કે રાગ છે માટે અહીં સૂક્ષ્મ ચૈતન્ય હાથ આવે છે એમ છે? રાગ છે માટે ચૈતન્યની શુદ્ધપરિણતિ એને લઈને છે? શુદ્ધપરિણતિનો સ્વકાળ છે કે જેને રાગની અપેક્ષા નથી, દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? કેમકે જેણે ચૈતન્યસ્વરૂપ ભગવાનનું લક્ષ કર્યું, એના પરિણામ લક્ષ કરે છે એટલું છે. હવે પરિણામ તો વીતરાગી પર્યાય જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે એને દ્રવ્યની પણ અપેક્ષા નથી. આહા..હા..! એવી એ પર્યાય સ્વતંત્ર, સામાયિકની એટલે વીતરાગ પર્યાયની પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. સ્થાનકવાસીમાં તો એ સામાયિક, પડિક્કમણા, પોષા એ ધર્મ. દેરાવાસીમાં આ મૂર્તિ, પૂજા, જાત્રા ને સિદ્ધચક્ર ને ફલાણું, સિદ્ધની પૂજા ને એ ધર્મ. બેય જૂઠું છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે શુભભાવમાં વર્તે છે એ તો સ્થૂળ લક્ષવાળા છે, રાગના લક્ષવાળા છે, એને સૂક્ષ્મ ચૈતન્યના લક્ષનો અભાવ છે. આહા..હા..! એને સામાયિક ક્યાંથી હોય? આહા..હા..! સમજાણું કાંઈ? **'સ્થૂલ લક્ષ્યવાળા હોઈને...'** એટલે પાછું એમ પણ સિદ્ધ કરતાં જાય છે કે કર્મને લઈને એને પરિણામ શુભમાં વર્તે છે એમ પણ નહિ. એ પોતાના ઊંધા પુરુષાર્થથી શુભમાં વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં શીતલપ્રસાદ આવતાને ઓલા. સામાયિક લઈને બેસતા હતા. આપણે છેને આ પગથિયા, ત્યાં બેસતા. આ પગથિયા છેને સ્વાધ્યાય મંદિરના. પછી નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ગણે. એ.. સામાયિક થઈ જાય. નમો અરિહંતાણં છે એ તો રાગ છે. પંચ પરમેષ્ઠી તો આત્માના દ્રવ્યથી પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું સ્મરણ એ તો શુભરાગ છે, ત્યાં સામાયિક ક્યાં આવી? આહા..હા..! સમજાણું કાંઈ?

**'સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...'** સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા એટલે એના પુરુષાર્થથી ઊંધા રહ્યા થકા એમ. કર્મને લઈને એ શુભમાં રહ્યા છે, કર્મનું એને જોર છે માટે અભાવ

કરી શકતા નથી એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મૂળચંદભાઈ! સામાયિક કરી તો હશે બધી સ્થૂળ. દોઢ કલાક. આહા..હા..! '(પોતે) **સ્થૂળ લક્ષ્યવાળા હોઈને (સંક્લેશપરિણામોને છોડતા હોવા છતાં) સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી.**' આહા..હા..! ચૈતન્ય વીતરાગી મૂર્તિ પ્રભુ, તેનું લક્ષ અને આશ્રય કરતાં નથી તેથી શુભભાવને મૂળમાંથી ઉખેડતા નથી, મૂળમાંથી ઉખેડતા નથી. એને મૂળમાં રાખે છે. ભઈ, શુભભાવ હોય તો પછી એ કાળે શુદ્ધતા આવે, શુભ છોડીને, પણ અશુભતા વખતે એને છોડીને આવે? માટે, એટલો તો શુભ સારો છે એમ કહો. સમજાણું કાંઈ? શું કહ્યું? એમ કે આખરમાં જ્યારે સ્વરૂપની દૃષ્ટિ થાય છે ત્યારે છેલ્લો ભાવ શુભ હોય છે અને શુભનો આશ્રય છોડે છે ત્યારે નિશ્ચયની દૃષ્ટિ થાય છે, પણ અશુભનો આશ્રય છોડીને નિશ્ચયની દૃષ્ટિ થાય એ થાય નહિ. માટે એ વખતે એટલી તો મદદ કરે (છે). ના, એ તો બેય લક્ષ જૂઠાં છે. આહા..હા..! શુભમાં વર્તે તો કર્મકાંડમાં વર્તે છે, અશુભમાં વર્તે તોપણ કર્મકાંડમાં વર્તે. આત્મકાંડની ક્રિયા નિર્મળ પરિણતિમાં એ વર્તતો જ નથી. આહા..હા..! એને સામાયિક હોતી નથી. કહો, દેવીલાલજી! આહા..હા..! કહો, બલુભાઈ! આવું કે દિ' સાંભળ્યું હતું ત્યાં? ચુનીભાઈએ નહોતું સાંભળ્યું, નારણભાઈએ નહોતું સાંભળ્યું. ડોસા હતા બિચારા નરમ માણસ. પહેલાં જ્યારે અમે આટકોટ આવ્યા ત્યારે ડોસા હતા. પહેલાં આવ્યા ત્યારે. નારણશેઠ. તમારા બાપના બાપ. આ નારણશેઠ લાઠીવાળા અને એ નારણશેઠને બહુ સંબંધ હતો. નારણશેઠ લાઠીવાળા હતાને. ગુજરી ગયા એ. અને એ નારણશેઠ અમારા પિતાજીના પિતાજીને ઓળખે. કારણ કે અમારે મોટું ગૃહસ્થ ઘર હતુંને. એની સાથે .. કહેતા. ગીગા કૂરા. આહા..હા..! પણ ધર્મની કાંઈ ખબર નહિ. અમારા બાપના બાપ હતા એ કવિ હતા. કવિ. ગૃહસ્થ માણસ. પૈસાવાળા માણસ. ધંધો કાંઈ કરી શકે નહિ. તે દિ' દસ હજારની મૂડી તો ઘણી કહેવાતીને તે દિ'. કવિ. રાજેમતિ અને નેમિનાથનું જોડે. ભાન ન મળે કાંઈ. રૂપાળા દરબાર ગરાસિયા રાજા જેવા દેખાવ. રૂપાળા બહુ હતા. લોકો એમ કહે, ઓહો..! ગીગો શેઠ તો ઓહો..હો..! ધર્મિષ્ઠ, કવિ. નિવૃત્તિ હોય તો કવિ કરે, બીજું કાંઈ કામકાજ નહિ. પણ ભાન ન મળે કાંઈ. એ શુભભાવમાં રોકાઈને માને કે અમે ધર્મ કર્યો છે. એમ હતું બધે. આહા..હા..! એ શું કરે બિચારા? સાંભળેલું નહિ કોઈ દિ'. આહા..હા..! કાઠી લોકો આદર આપતા. ગીગા શેઠ.. ગીગા શેઠ. આમ તો નામ પરષોત્તમ હતું. ગિગા કૂરા કહેવાતા. પુરષોત્તમ કુંવરજી નામ એમ હતું, પણ એ વખતે બહુ થોડા નામે બોલાવતા. ગીગાભાઈ.. ગીગાભાઈ.. ગીગા કૂરા. કુંવરજીભાઈનું. કૂરા. એવું નામ હતું. કાંઈ ખબર ન મળે. અમે ધર્મ કરીએ છીએ કાંઈક. આ કવિતા જોડીએ અને બીજાને સંભળાવીએ. કવિ હતા ,બહુ હુશિયાર હતા. શેઠિયા માણસ. કાંઈ ભાન ન મળે. આહા..હા..! અત્યંત સ્થૂળ લક્ષવાળા. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે, '**સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી.**' કર્મકાંડ એટલે શુભ અને અશુભભાવ બેય. બેય કર્મ એટલે વિકારની ધારા છે. શુભ અને અશુભભાવ બેય કર્મધારા છે.

આવે છેને જ્ઞાનધારા અને કર્મધારા બે? જ્ઞાનીને હોય છે રાગ, પણ એ રાગ હેય તરીકે જાણે છે. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય છે તેને ઉપાદેય તરીકે જાણે છે. એની પરિણતિ શુદ્ધ છે એટલું મોક્ષનું કારણ જાણે છે. જેટલો સાથમાં રાગ છે અશુદ્ધ એ પણ બંધનું કારણ છે એમ જ્ઞાની પોતે જાણે છે. વીતરાગ થયા પહેલાં બે ધારા હોય છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને એક ધારા જ હોય છે કર્મધારા. કેવળીને એક ધારા હોય છે જ્ઞાનધારા. સાધકને બે ધારા હોય છે જ્ઞાન અને રાગધારા. આહા..હા..!

એ અહીં કહે છે જેને રાગધારાનું જ લક્ષ છે. ભગવાન ચૈતન્ય અંદર જુદો છે નિર્મળાનંદ પ્રભુ, એનું તો લક્ષ પણ નથી, દૃષ્ટિ પણ નથી. આહા..હા..! એ સામાયિકના નામ લઈને બેસે, એ શુભભાવમાં વર્તે. આહા..હા..! '**આ રીતે તેઓ, પોતે પોતાના અજ્ઞાનથી...**' જોયું! ભાષા કેટલી સરળ મૂકે છે! કર્મનું જોર છે માટે તે શુભથી છૂટતા નથી, એમ નથી. '**પોતે પોતાના અજ્ઞાનથી...**' ચૈતન્ય ભગવાન આનંદનો નાથ બિરાજે છે. જેની ચૈતન્યજ્યોતમાં આ બધું જણાય છે, એ જાણનારો જણાય છે તેનાથી જુદો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? રાગને કાળે જાણનારો છે એ તો રાગથી જુદો છે. આહા..હા..! જેની સત્તામાં જાણવું વર્તે છે અને જેની સત્તા પરની સત્તાને જાણવામાં કામ કરે છે એ સત્તા પોતાની સત્તા છે. આહા..હા..! એવી ચૈતન્યસત્તા સ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ હોવાથી અજ્ઞાની શુભભાવમાં અટકીને પોતાના અજ્ઞાનથી '**કેવળ અશુભકર્મને જ બંધનું કારણ માનીને,...**' અશુભ જે હિંસા, જૂઠું, ચોરી એને કર્મબંધનું કારણ માને. પણ જુઓ ખુલાસો. '**વ્રત નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મો...**' એ તો શુભપરિણામ છે. વ્રત એ શુભરાગ છે. આહા..હા..! છે?

'**પોતાના અજ્ઞાનથી કેવળ અશુભકર્મને જ બંધનું કારણ માનીને વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મો પણ બંધના કારણ હોવા છતાં...**' છે તો એ શુભવિકલ્પ બંધનું કારણ. આહા..હા..! '**તેમને બંધના કારણ નહિ જાણતા...**' એને બંધનું કારણ જાણતો નથી. સમજાણું કાંઈ? આ સિદ્ધચક્રની પૂજા અને કર્મદહનની પૂજા બધી કરે છેને? એ બધો ભાવ રાગની મંદતા હો તો શુભ હો, પણ સાથે મિથ્યાત્વ છે. આહા..હા..! કારણ કે 'આ ધર્મ કરીએ છીએ' એમ કર્તા થાય છે. જ્ઞાનસ્વભાવને કર્તામાં જોડી દે છે એને. રાગનો કર્તા અને પરની ક્રિયા થાય એને હું બરાબર આમ કરું. યા હોમ. સ્વાહા. સ્વાહા એ તો ભાષા અને આંગળા આમ આમ થાય એ તો જડ છે અને અંદર ભાવ થાય તે શુભ છે. એ બધો શુભરાગ છે. આહા..હા..! આવી વાત છે.

અશુભને જ બંધનું કારણ માને છે એમ કહે છે. પણ વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ પુણ્યકર્મ છે એ તો. એને '**બંધના કારણ હોવા છતાં તેમને બંધના કારણ નહિ જાણતા...**' જુઓને આ વાત છે. આહા..! પણ અમે વ્રત પાળીએ છીએને. પણ વ્રત છે એ તારો રાગ છે સાંભળને. ત્યાં ક્યાં અરાગ હતો. આહા..હા..! એટલે અશુભના બંધના કારણને

માને પણ વ્રત ને નિયમ ને **'બંધના કારણ હોવા છતાં તેમને બંધનાં કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે...'** આવી તો સ્પષ્ટ વાત છે. આહા..હા..! તકરાર-તકરાર વાંધા બધા ઉઠાવે. એ દ્રવ્યસામાયિક કરશે તો કો'ક દિ' ભાવસામાયિક આવશે, પણ નહિ કરે એને શી રીતે આવશે? એમ કહે છે. કેમ? વાડીભાઈ! સંપ્રદાયમાં એમ કહે છે બધા. અરે બાપા! અશુભભાવ જેમ કરે છે તેમ શુભ (કરે તો) બેય એક જ જાત છે. કર્મની જાત છે, રાગની જાત છે, વિકારની જાત છે, વિભાવની જાત છે, બેય ચંડાળણીના પુત્ર છે. બે આવી ગયું છેને પહેલું? આહા..હા..!

ચંડાળણીનો દીકરો હોવા છતાં બ્રાહ્મણને ત્યાં ઉછર્યો હોય. એ બ્રાહ્મણ કહે, આ મારે ખપે નહિ... આ મારે ખપે નહિ... આ મારે ખપે નહિ; પણ તું છોને ચંડાળનો દીકરો, ન ખપે.. ન ખપે.. એ ક્યાં કરવાનું રહ્યું? એમ અશુભને ટાળીને આ અશુભ અમારે ખપે નહિ, આ અમારે ખપે નહિ, પણ છે તો બધો શુભભાવ એ, વિભાવ છે, ચંડાળણીનો દીકરો છે. આહા..હા..! નવરંગભાઈ! આકરી વાત બાપુ બહુ. વીતરાગ જિનવરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એ ફરમાવે છે આ. આહા..હા..!

**'બંધનાં કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે...'** એ વ્યવહાર છે એ મોક્ષનું કારણ થાશે, એમાંથી મોક્ષ આવશે, આહા..હા..! એમાંથી મોક્ષનો માર્ગ આવશે. સમજાણું કાંઈ? એ પ્રવચનસારમાં કહ્યું છે, કર્મકાંડથી જ્ઞાનકાંડ. એટલે ત્યાં લોકો ઊભા રહી જાય. સમ્યગ્જ્ઞાન દિપીકામાં .. એ કાઢી નાખ્યું છે. કર્મકાંડથી જ્ઞાનકાંડ એ કાઢી નાખ્યું. લેખ ૪૭ નયનો બધો આપ્યો છે, સમ્યગ્જ્ઞાન દિપીકા, ધર્મદાસ ક્ષુલ્લક. એ આ કર્મકાંડ એ શબ્દ કાઢી નાખ્યો છે. કારણ કે ભ્રમમાં પડશે લોકો. બે ત્રણ કાઢી નાખ્યા. ઈશ્વરનય એ બે-ત્રણ રહી ગઈ છે કે ગમે તે.

**'મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.'** આહા..હા..! વ્રત ને તપ ને અપવાસ ને, એને મોક્ષના આશ્રય તરીકે એને અંગીકાર કરે છે. આહા..હા..! એ મિથ્યાદષ્ટિ છે કહે છે, એને જૈનધર્મની ખબર નથી. જૈનધર્મ તો વીતરાગભાવ એ જૈનધર્મ છે. રાગ એ જૈનધર્મ છે? પણ એ રાગ ક્યાં દુકાને બેઠેલા ભાવ કરતાં તો સારો છે કે નહિ? એ કઈ દુકાન? એ શુભભાવની દુકાન છે. ઓલી અશુભભાવની દુકાન હતી, આ શુભની. આહા..હા..! પરલક્ષીના ભાવમાં તો એકની એક જાત છે. કર્મજાત છે ત્યાં ધર્મજાત નથી. આહા..હા..!

**શ્રોતા :—** સોનાની બેડી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સોનાની બેડી તો લોઢા કરતા આકરી પડે. લોઢાનો તોલ ઓછો હોય અને સોનાનો તોલ વધારે હોય. પગમાં પહેરે તો ઘસાય બહુ. આવી ગયું છે પહેલું સોનાની બેડીનું. સોનાની બેડી અને લોઢાની બેડી. એ શુભભાવ સોનાની બેડી. આ વ્રત ને તપ ને જે ભાવ થાય છે એ બધા એ તો સોનાની બેડી છે અને પાપ છે તે લોઢાની બેડી

છે. બેય બેડી છે. આહા..હા..!

'**ભાવાર્થ :—કેટલાક અજ્ઞાની લોકો દીક્ષા લેતી વખતે...**' દીક્ષા લેતી વખતે '**સામાયિકની પ્રતિજ્ઞા લે છે...**' સામાયિકની પ્રતિજ્ઞા લે છે આ દીક્ષા લે ત્યારે. '**પરંતુ સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહિ કરી...**' ઓલા સ્થૂળ સામે ખુલાસો કર્યો છે. સૂક્ષ્મ એવો આત્મસ્વભાવ, શુદ્ધ ચૈતન્ય આત્મસ્વભાવ, '**સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા,...**' એ સમકિત, લક્ષ એ જ્ઞાન, અનુભવ સ્થિરતા. '**નહિ કરી શકવાથી,...**' '**આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહિ કરી શકવાથી,...**' સ્થિરતા નહિ કરી શકવાથી '**સ્થૂળ લક્ષ્યવાળા તે જીવો સ્થૂલ સંક્લેશપરિણામોને છોડીને એવા જ સ્થૂળ વિશુદ્ધપરિણામોમાં...**' એવા જ. આહા..હા..! બંધના કારણ તરીકે બેય એક જ છે. આહા..હા..! નિશ્ચયની વાત છે આ તો, નિશ્ચય છે, પણ એનું કાંઈ સાધન હશે કે નહિ? એમ માણસ રાડુ પાડે છે. આ જ સાધન છે. આહા..હા..! રાગથી ભિન્ન પડી સ્વભાવનો આશ્રય કરવો એ જ સાધન છે. રાગ એ સાધન છે જ નહિ. ક્યાંક કહ્યું છેને? કહ્યું છે જ્ઞાન કરવા. એ ભૂમિકામાં રાગની મંદતા કઈ જાતની હોય છે એટલું જ્ઞાન કરાવવા એને સાધન કહ્યું હોય છે આરોપથી. આહા..હા..! ભારે તકરાર પડે.

હવે આ વાત સમયસાર શાસ્ત્રની છે કે કો'કના ઘરની છે? કુંદકુંદાચાર્યની વાત છે. હવે એ જેમાં લખેલું એ શાસ્ત્ર કોના છે? એ દિગંબર શાસ્ત્ર છે. આહા..હા..! એને પાણીમાં નાખવા ને અરે..! પ્રભુ! શું કરે છે? બાપુ! આ માનના વેગમાં .. પણ પ્રભુ! તને બહુ નુકસાન છે, ભાઈ! તો આ શું કહે છે અહીંયાં ૧૫૪મી ગાથામાં. અશુભભાવ સ્થૂળ છે એવો શુભભાવ એ સ્થૂળ છે. અશુભને બંધનું કારણ જાણે છે, પણ શુભને બંધનું કારણ જાણતો નથી એ મૂરખ છે અજ્ઞાની એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? હવે એમાં રાજી રાજી થઈ જાય એમ કહે તો. ઓહો.. દેશ સેવા કરો, ભગવાનની સેવા કરો, આ કરો. હોય છે શુભભાવ. તમે તો બહુ કહ્યું. ઓહો..હો..! એમ શુભમાં એને રંગાઈ ગયેલાને રાજીપો કરાવે છે. આહા..હા..! એને વીતરાગ.. વીતરાગ.. જિનવરદેવનો ધર્મ વીતરાગપણું એની એને ખબર નથી. આહા..હા..! આ લખાણ વાંચે તો આનું સ્પષ્ટીકરણ છે બીજા શાસ્ત્રમાં.

**શ્રોતા :—** અમે વાંચીએ પછી વાંધા કઈ રીતે કાઢીએ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વાંચતા પણ નથી જુઓને. 'સમ્યગ્જ્ઞાન દિપીકા' દિગંબર ગ્રંથ (છે). હવે એને કહે છે, સોનગઢવાળાનો ગ્રંથ છે આ. સોનગઢવાળાએ છપાવ્યું શું કરવા? પણ અહીં તો લાખો પુસ્તક છપાણા, ૨૦ લાખ. ૧૪ લાખ તો સોનગઢમાં અને ૬ લાખ જયપુરમાં. જયપુર. ૨૦ લાખ છપાણા છે અહીંના તરફથી, ૨૦ લાખ. હજી તો લાખો છપાય છે. બધા દિગંબર શાસ્ત્રો છે. આ દિગંબર શાસ્ત્ર છે આ બધા જુઓ. આ તો આપણા છે કહે છે, ભાવનગરવાળાના નથી, અહીંના છે. છપાવ્યા છેને? સંસ્થા તરફથી. કોકે પૈસા આપ્યા

છે. તલકચંદ પાટણવાળા. આહા..હા..!

'**કેટલાક અજ્ઞાની લોકો દીક્ષા લેતી વખતે સામાયિકની પ્રતિજ્ઞા લે...**' નવ-નવ કોટીએ પાપનો ત્યાગ. એમ કરે, પણ પાછા અશુભને છોડે, પણ શુભને છોડતા નથી. આહા..હા..!

**શ્રોતા :** (ધર્મ) માને એને શી રીતે છોડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :** માને એને ખબર પણ ક્યાં છે (કે) આ શુભભાવ છે. અપવાસ કરવો, છઠ- અઠમ એ બધો શુભભાવ છે. આહા..હા..! વિકલ્પ છે, લાગણી છે, રાગ છે એ તો. એનાથી ભિન્ન ભગવાનનો આશ્રય નહિ કરતા આવા સ્થૂળ લક્ષવાળાઓ '**આત્મસ્વભાવની શ્રદ્ધા,...**' નહિ કરીને '**સ્થૂલ લક્ષ્યવાળા તે જીવો સ્થૂળ સંક્લેશપરિણામોને છોડીને એવા જ સ્થૂળ વિશુદ્ધપરિણામોમાં...**' શુભપરિણામોમાં '**રાચે છે.**''' આહા..હા..! '(**સંક્લેશપરિણામો તેમ જ વિશુદ્ધપરિણામો બન્ને અત્યંત સ્થૂળ છે; આત્મસ્વભાવ જ સૂક્ષ્મ છે.**)' આહા..હા..! જે સૂક્ષ્મ સ્વભાવ આત્માનો એ સ્થૂળ વિકલ્પથી કોઈ રીતે જણાય એવો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વિકલ્પ છે શુભ એ તો સ્થૂળ છે અત્યંત, એનાથી આત્મ સમ્યગ્દર્શન થાય કે એનાથી જ્ઞાન થાય સૂક્ષ્મ (એ) કોઈ રીતે થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ રીતે તેઓ જોકે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે...**' ખરેખર તો પુણ્ય-પાપના ભાવરહિત એવા '**આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે, તોપણ કર્માનુભવના-બહુપણા-થોડાપણાને જ બંધ-મોક્ષનું કારણ માનીને,...**' અશુભ છે એ બંધનું કારણ છે અને શુભ છે મોક્ષનું કારણ છે, આહા..હા..! એમ માને અજ્ઞાની. અમે ક્યાં દુકાને બેઠા છીએ? અમે તો અપાસરે બેઠા છીએ. ઓલા કહે, અમે ક્યાં બહાર બેઠા છીએ? અમે તો દેરાસરમાં ભગવાન પાસે બેઠા છીએ. આમાં ક્યાં શુભભાવ આવ્યો? અમે તો ભગવાન પાસે બેઠા છીએ. ભગવાન પાસે બેઠા હોય કે અપાસરામાં બેઠા હોય ઈ શુભરાગ છે એ તો. આહા..હા..! સમજાણું? અંદરમાં બેઠો નથી ત્યાં સુધી શુભરાગ છે. આહા..હા..! આવી વાતું.

'**કર્મના અનુભવના બહુપણા-થોડાપણાને જ બંધ-મોક્ષનું કારણ માનીને,...**' જોયું! આહા..હા..! '**વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મોનો મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.**' આહા..હા..! પણ વ્યવહારને પરંપરા (કારણ) કહ્યું શાસ્ત્રમાં, લ્યો. પરંપરાનો અર્થ શું? એનો અભાવ કરીને થશે. અત્યારે અભાવ નથી. જેટલો અભાવ થયો છે તેટલો સાક્ષાત્ કારણ છે અને પછી અભાવ કરશે ત્યારે એ પરંપરા કારણ કહેવામાં આવે છે. આહા..હા..! બધાની આ તકરાર છે. પરંપરા કારણ.. પરંપરા કારણ. શું પણ પરંપરા હવે? '**મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.**' આવી ગયું.

'**હવે એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છે :-**' લ્યો.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૧૦, સોમવાર, તા. ૦૧-૧૧-૧૯૭૬, ગાથા-૧૫૫, પ્રવચન નં. ૨૧૮

સમયસાર, ૧૫૫ ગાથા. '**હવે એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છે :-**' ૧૫૫ ગાથા. બહુ સારી ગાથા છે.

जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं।
रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो।।१५५।।
**જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,**
**રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.**

'ટીકા :**મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.**' એ તો તત્ત્વાર્થસૂત્રનું પહેલું સૂત્ર છે. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' મોક્ષનું કારણ, માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. રખડવાનો માર્ગ મિથ્યાદર્શન-અજ્ઞાન અને અવ્રત છે.

**શ્રોતા :—** બેયમાં શું ફેર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બેય સરખા. આહા..હા..!

ચોર્યાસીના અવતાર નરક અને નિગોદ, કીડા અને કાગડના ભવ, એનું કારણ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણ. આહા..હા..! એની સામે મોક્ષનું કારણ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર. આ વાત દિલ્હીમાં આ જે છેને વિદ્યાનંદજી અત્યારે, એની સાથે ખાનગી ચર્ચા થઈ હતી. દિલ્હી દિલ્હી. આ ગાથા. આ વિદ્યાનંદજી છેને અત્યારે? બહુ સભા ભરાય છે. ૧૦-૧૦ હજાર, ૨૦-૨૦ હજાર. બધા શેઠિયાઓ હતા અને ફૂલચંદજી હતા. ઓલા એક વર્ણી, નહિ? જિનેન્દ્રવર્ણી. જિનેન્દ્ર. એ હતા બધા. ઘણો આખો ઓરડો ભરાઈ ગયો હતો. પછી કહે, તમે બધા બહાર નીકળી જાવ, અમારે ખાનગી વાત કરવી છે. પછી આ ૧૫૫મી ગાથાની વાત કરી. એણે તો એમ કહ્યું કે '**जीवादीसद्दहणं**' જીવાદિની શ્રદ્ધા એ સમકિત. કીધું, અહીં એમ નથી. અહીં તો બીજી વાત છે.

અહીંયાં તો કહ્યું, '**જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે સમકિત છે;...**' ઝીણી વાત છે. શાંતિભાઈ! એક તો એ વાત લીધી છે આત્માવલોકનમાં કે વીતરાગદેવ છેને, વીતરાગદેવ એની જે પ્રતિમા, એ પ્રતિમા છે એ સ્થિરબિંબ છે. હલતી નથી, ચલતી નથી, આંખની પાંપણ ફેરવે આ બધું (કાંઈ નહિ). સ્થિર... સ્થિર... સ્થિર છે. એને દેખીને એમ વિચાર આવે કે એ વીતરાગને જે રાગભાવ હતો, વીતરાગ શબ્દ છેને? વીતરાગ-રાગ ટાળ્યો. ટાળ્યો એટલે રાગ હતો. અને રાગ ટળી અને વસ્તુ હતી તે રહી ગઈ. સમજાણું

કાંઈ? વીતરાગમૂર્તિ હોય કે વીતરાગ પરમેશ્વર હોય, બેયને દેખીને આવો એણે વિચાર કરવો કે એ ભગવાનને.. વિકલ્પ જે પુણ્ય-પાપના વિકલ્પ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસ આદિનો વિકલ્પ એ રાગ છે. એને લોકો અત્યારે ધર્મ માને છે. એ રાગ વીતરાગને હતો, માટે વીતરાગ-રાગરહિત. રાગ નીકળી ગયો એટલે એની ચીજ નહોતી, ત્યારે વીતરાગબિંબ રહી ગયું છે ભગવાનને. એ વસ્તુ છે. એ વીતરાગપણું તે વસ્તુ છે વીતરાગનું. સમજાણું કાંઈ? રાગ એની વસ્તુ નથી. દયા, દાન, વ્રત જે આ કરે છે એ બધા વિકલ્પ રાગ છે. એને લોકો ધર્મ માને છે. આ સામાયિક કરે અને પોષા કરે છેને. એ ધર્મ નથી, એ તો બધો રાગ છે. આહા..હા..!

**શ્રોતા :—** આપ વધારે કહો છો કે મિથ્યાદષ્ટિ સહિત રાગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એને દૃષ્ટિની તો ખબર જ કે દિ' છે. આ આત્મા કોણ છે એના માટે તો વાત ચાલે છે આ કે રાગ નીકળી ગયો ત્યારે વસ્તુ તો રહી ગઈ. એક વીતરાગપણું રહ્યું દેવને, એવો સમ્યગ્દષ્ટિએ અંદર વિચાર કર્યો. એ મિથ્યાદષ્ટિ હોય છતાં એવો વિચાર એણે કર્યો કે એ તો વીતરાગ છે. જેને કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ છે એ નથી, તેમ હિંસા, જૂઠું, ચોરીના પરિણામ નથી. એ પરિણામ કૃત્રિમ હતા, એની વસ્તુમાં નહોતા, એ વસ્તુની ચીજ નહોતી માટે નીકળી ગયા. માટે વીતરાગ કીધા. વીત નામ ગયો છે રાગ જેને એટલે હતો એમ સિદ્ધ થયું પહેલું, પણ એનો વસ્તુત્વ સ્વભાવ નહોતો. એથી એને રાગથી રહિત થઈને એકલી વીતરાગતા રહી ગઈ. એ વસ્તુ. એ વસ્તુસ્વભાવ આ છે. અને ગુરુનો વિચાર કરીએ તો ગુરુ એને કહીએ કે જે ચૈતન્યસ્વરૂપ વીતરાગ છે એ વીતરાગતાના સ્વરૂપનું કથન કરે. આ ત્રણ લીધા છે ત્યાં. દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન જે વીતરાગપણું છે એનું કથન કરે ગુરુ. એ ગુરુ કહીએ. જે ગુરુ બહારના દયા, દાન, વ્રત, પૂજાના ભાવમાં ધર્મ મનાવે અને માને એ ગુરુ નહિ, જૈન સાધુ નહિ. સમજાણું કાંઈ? અહીં તો આપણે ત્રણેમાં વીતરાગતા લેવી છે. દેવ, ગુરુ અને ધર્મ—ત્રણ. તો દેવ પણ રાગ નીકળીને વિકલ્પ જે હતો.. પણ એ રાગ કહેવો કોને એ લોકોને (ખબર નથી). એય બલુભાઈ! આ સામાયિક કરીને બેસે ઘડી બે ઘડી, (તો) જાણે અમે સામાયિક કરીએ છીએ. ધૂળેય સામાયિક નથી. એ તો બધા વિકલ્પ હતા. નમો અરિહંતાણં.. નમો સિદ્ધાણં..

સામાયિક તો જેને અંતરમાં ગુરુએ, ગુરુ વીતરાગ હોય છે અને જૈન આત્મસ્વરૂપની વીતરાગતાની પ્રરૂપણા એની હોય છે. મૂળ મૂળ ભાઈ! કહ્યું છેને? ચૈતન્યસ્વરૂપ જ વીતરાગ છે આ. આ આત્મા જ વીતરાગ છે. એમાં આ પુણ્ય અને પાપના વિકલ્પ ઊઠે છે એ તો આસ્રવ અને બંધ છે. આહા..હા..! એથી ગુરુ ચૈતન્યના વીતરાગસ્વરૂપનું કથન કરે. સમ્યગ્દર્શન આ '**जीवादीसद्दहणं**' અંદર વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ સ્વભાવને આશ્રયે (થાય). કીધું છેને? '**સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું**

થવું-..' જ્ઞાનનું થવું એટલે આત્માનું થવું. જ્ઞાન કહીને અહીં આત્મા કીધો છે. ભગવાન આત્મા.. આહા..! એના પરિણમનમાં એની વીતરાગી દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે તેનું સ્વરૂપ છે. એ ગુરુ એમ પ્રરૂપે, પણ જે ગુરુ એમ પ્રરૂપે કે રાગથી ધર્મ થાય, આ ક્રિયાકાંડ કરવાથી (એ ગુરુ નહિ).

**શ્રોતા :—** એમ સીધુ તો ન કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ સીધું નહિ કહે. એને ખબર પણ ક્યાં છે હજી. આ સામાયિક ને પોષા ને પડિક્કમણા એ ધર્મ છે એમ માને છે બધા અને ગુરુ પણ મનાવે છે. એય બલુભાઈ! આ બલુભાઈએ પણ કરી હતીને લાંઘણું, નહોતી કરી? વર્ષીતપ કર્યો હતો એણે. લાંઘણ હતી બધી લાંઘણ. જ્યાં આત્મા હજી કોણ છે? રાગ વિનાની ચીજ છે. એ વિકલ્પ જે ઊઠે છે કે અપવાસ કરું, સામાયિક કરું, પોષા કરું વિકલ્પ ઊઠે એ રાગ છે. આહા..હા..!

**શ્રોતા :—** એનું અમારે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો કહીએ છીએ, એ માટે તો આ વાત ફેર છે.

દેવ વીતરાગ છે કે જેને વીત નામ રાગને ટાળીને વસ્તુ રહી ગઈ. ગુરુ વીતરાગ છે, ગુરુ પોતે વીતરાગ છે કે જેને વીતરાગી પરિણમન થયું છે અને વીતરાગી પરિણમનની જ એ પ્રરૂપણા કરે છે. બોલે તો એ બોલે (કે) વીતરાગપણું પ્રગટ કરો, જીવને આશ્રયે વીતરાગપણું થાય, કોઈ ક્રિયાકાંડને આશ્રયે વીતરાગપણું થાય નહિ. —એવી પ્રરૂપણા કરે અને એમ બતાવે તે ગુરુ કહેવાય. હવે ધર્મ. આ અહીં આવ્યો એ. ધર્મ પણ વીતરાગસ્વરૂપ તે ધર્મ છે. એ અહીં કહ્યુંને?

**'સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે...'** આહા..હા..! 'ભગવાન આત્મા અનંત આનંદ અને અનંતજ્ઞાનનો સાગર છે' એવી જેને અંતરમાં ચૈતન્યની શ્રદ્ધા થઈ છે કે હું તો વીતરાગસ્વરૂપ જ છું. રાગ છે તે આગંતુક (છે). જેમ મહેમાન આવ્યો હોય અને વયો જાય એમ આગંતુક આવીને વયો જશે, એ મારી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ ક્યો? આ દયા, દાન, વ્રત, ભક્તિ, અપવાસ એ બધો રાગ છે. એને ખબર ક્યાં છે ઈ? એ રાગ પણ આગંતુક છે. કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલો છે પોતાનો ભાવ પર્યાયમાં, પણ વસ્તુમાં એ છે નહિ. એટલે વીતરાગની પ્રરૂપણા કરે, વીતરાગભાવે પરિણમે એ ગુરુ, વીતરાગભાવે રહેલા હોય એ ગુરુ, સ્થાપનાપણે વીતરાગપણાનો દેખાવ છે; અને ધર્મ પણ વીતરાગપણે પરિણમે આત્મા એનું નામ ધર્મ છે. આહા..હા..! છે?

**'જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...'** આ પ્રશ્ન વિદ્યાનંદજી સાથે થયેલો દિલ્હીમાં ખાનગી. હું, એ અને એક ઓલા વર્ણી. જિનેન્દ્ર વર્ણી છેને. ત્રણ જણા રહ્યા. ઓરડો ખાલી કરાવ્યો. બધા શેઠિયા હતા શાહુજી ને એ. થોડીવાર ન બોલે એટલે જિનેન્દ્ર વર્ણી બોલ્યા,

આ મૌન રહેવાનો કાળ છે આ? કાળ ચાલ્યો જાય છે, પ્રશ્ન કરો. એટલે પ્રશ્ન આ થયો. '**જીવાદીસદ્દહણં**' એટલે શું? 'આ જીવ છે અને આ અજીવ છે' એમ શ્રદ્ધા ફક્ત કરવી એનું નામ સમકિત છે? જીવાદિનું તત્ત્વનું જે જ્ઞાન છે, એ આત્મા એ જ્ઞાનપણે, આત્માપણે, વીતરાગપણે (થાય તે ધર્મ છે). કારણ કે આત્મા વીતરાગસ્વરૂપ છે. એ વીતરાગસ્વરૂપે પરિણમે છે એનું નામ ધર્મ છે.

વીતરાગદેવ, વીતરાગસ્વરૂપે ચૈતન્યગુરુ એ વીતરાગ સ્વરૂપનું કથન કરે અને વીતરાગ પોતે ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આ વીતરાગ સમ્યગ્દર્શન છે. જીવ ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ છે એમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. એ વીતરાગભાવે પડ્યો છે. સમજાણું કાંઈ? એવા જીવનું, પુણ્યનું. આ દયા, દાન, વ્રતનો વિકલ્પ, સામાયિક, પોષા કરવા એ બધો વિકલ્પ રાગ છે, એ પુણ્યમાં જાય છે. એની પુણ્યની શ્રદ્ધા કરે પુણ્યરૂપે, જીવની શ્રદ્ધા કરે વીતરાગભાવરૂપે, પાપની શ્રદ્ધા બંધરૂપે, પાપરૂપે એવી શ્રદ્ધાનું પરિણમન થવું અંદરમાં. આહા..હા..! છે? જીવની શ્રદ્ધા અને જીવાદિની શ્રદ્ધા થઈ ગઈ માટે સમકિતી, એમ નથી. આહા..હા..! શું કીધું?

'**જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...**' આત્માનું થવું, પરિણમવું. જ્ઞાન એટલે આત્મા. પ્રભુ આત્મા તો જ્ઞાનજ્ઞાતાસ્વરૂપ છે, એ જ્ઞાનનો સાગર છે. જિનેશ્વરદેવ પરમાત્મા જ્ઞાનનો સાગર હતો તે ઉછળ્યો પર્યાયમાં અને કેવળજ્ઞાન થયું. એ અંદરમાંથી આવ્યું છે. એ વીતરાગતા પણ અંદરમાં હતી તે આવી છે. સમજાણું કાંઈ? એ વીતરાગ સર્વજ્ઞે દિવ્યધ્વનિમાં એમ કહ્યું કે આ આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે; દયા, દાન, વ્રત, અપવાસનો વિકલ્પ તે રાગ અને પુણ્ય છે; હિંસા, જૂઠું, ચોરી, વિષયનો રાગ તે પાપ છે; એ બધાને તે રીતે જ્ઞાનમાં એટલે આત્મામાં શ્રદ્ધીને, શ્રદ્ધામાં વીતરાગ પરિણતિપણે પરિણમવું, જ્ઞાનપણે થવું. કેમકે આત્મા વીતરાગસ્વરૂપ છે. દેવ વીતરાગ છે, ગુરુ વીતરાગ છે, વીતરાગનું કથન કરે છે અને ધર્મ વીતરાગ (છે). કેમકે આત્મા વીતરાગસ્વરૂપ છે. આહા..હા..! સવારમાં આવ્યું નહોતું? સમભાવની બાર અંગની ટીકા છે. એક વીતરાગપણાની જ બાર અંગની ટીકા છે. બાર અંગની. આહા..હા..! એ આત્મા જ્ઞાનસ્વરૂપ એટલે જાણકસ્વભાવ અને જાણકસ્વભાવ એટલે વીતરાગચારિત્રસ્વભાવ એવો જે એનો કાયમી સ્વભાવ છે, તેની શ્રદ્ધા, એ શ્રદ્ધાપણે પરિણમવું. આત્મા વીતરાગપણાની પર્યાયપણે પરિણમે એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! આ તો સાદી ભાષા છે. આહા..હા..!

ભગવાનની વાણી બાર અંગ અને ચૌદ પૂર્વ એ બધામાં આ સમભાવનું જ વર્ણન છે. વીતરાગદેવ સમભાવે, ગુરુ વીતરાગપરિણતિએ હોય તે ગુરુ. અને વીતરાગસ્વરૂપની વાત કરે તે ગુરુ.

**શ્રોતા :** વીતરાગસ્વરૂપ અને સમભાવ એક?

**પૂજ્ય ગુરુદેવશ્રી :** વીતરાગસ્વભાવ અને સમભાવ એક છે. સમભાવ કહો તે વિષમભાવ રહિત સમભાવ. પુણ્ય અને પાપના ભાવ તે વિષમભાવ છે, એનાથી રહિત તે સમભાવ છે.

સમભાવ છે તે વીતરાગભાવ છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! અત્યારે બહુ ફેરફાર કરી નાખ્યો છે. લોકોની જિંદગી બિચારાની ચાલી જાય છે અને એમ ને એમ અમે કાંઈક ધર્મ કરીએ છીએ એમ માને છે, પણ ક્રિયાકાંડમાં એ ગાળે રાગ મંદ હોય જરી. મિથ્યાત્વ તો સાથે છે જ. જાણે દેહની ક્રિયા હું કરું છું, રાગ થાય એ જ મારું કર્તવ્ય છે, એમ માને છે એટલે મિથ્યાદૃષ્ટિ તો છે, એ જૈન જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જૈન પરમેશ્વર જૈન એને કહે છે, એના દેવ વીતરાગી, એના ગુરુ વીતરાગી, એનો કહેલો ધર્મ વીતરાગી. આહા..હા..! વાડીભાઈ! આવી વસ્તુ છે. તેથી કહે છે કે આ ભગવાન આત્મા જે પર તરફના વલણવાળો શુભ કે અશુભરાગ એ આત્મા નહિ. તેથી તે રાગરહિત આત્મા પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એ વીતરાગભાવે પરિણમે, રાગરહિત વીતરાગી દશાપણે થાય એનું નામ સમ્યગ્દર્શન છે. હવે સમ્યગ્દર્શન કેમ થાય એની રીતની ખબર ન હોય. એય બલુભાઈ! બધું કર્યું છેને એણે થોથા. એય લાભુભાઈ! અમે પણ કર્યું છે હોં! અમે પણ કરતા. દુકાન ઉપર પાલેજમાં પડિક્કમણા કરીએ, અપવાસ કરતા આઠ દિ'ના. આઠ દિ' હોં. પછી કાંઈ નહિ. પર્યુષણના આઠ દિ' આવે (એ) આઠ દિ' માં ચાર અપવાસ કરીએ ચોવિહારા હોં. નાની ઉંમરની વાત આ તો ૧૯૬૪-૬૫ની. ૧૮, ૧૯, ૨૦ વર્ષની ઉંમરની વાત છે. ચાર અપવાસ કરીએ ચોવિહારા, પાણી નહિ અને સાંજે પડિક્કમણામાં બધા ભેગા થાય. સ્થાનકવાસી હોય. હું ભગત કહેવાતો. હું પડિક્કમણું કરાવતો, પણ બધું આવું. આહા..હા..! અપવાસ કર્યો એટલે જાણે આપણે ધર્મ થઈ ગયો, નિર્જરા થઈ ગઈ અને પડિક્કમણા કર્યા એટલે જાણે હવે સંવર થઈ ગયું અને પાપ ધોવાઈ ગયું. ધૂળેય નથી.

અહીંયાં તો ભગવાન આત્મા વીતરાગ પરમેશ્વર થયા એ કેમ થયા? કે એ વસ્તુનું સ્વરૂપ હતું તે થઈ ગયું એમ ને એમ અને વસ્તુનું સ્વરૂપ નહોતું તે નીકળી ગયું. આહા..હા..! એવી રીતે ધર્મી પણ એમ વિચારે છે કે મારો વસ્તુસ્વભાવ છે તે રાગ વિકલ્પ વિનાનો છે. એ દયા ને દાન ને વ્રત ને ભક્તિ એવો વિકલ્પ છે એનાથી રહિત સ્વરૂપ છે મારું. આહા..હા..! શાંતિભાઈ! શાંતિભાઈ કહેતા હતા. તે દિ' બોલ્યા હતા અભૂત અશ્રુત. નહિ સાંભળેલું. અભૂત. બાપુ! મારગડા જુદાં બાપા! આ દુનિયાને બધાને નથી જોઈ! આહા..હા..! બાપુ! માર્ગ તો જુદો છે વીતરાગનો. આહા..હા..!

એ ઓલા વિદ્યાનંદજીને કહ્યું પણ એને એમ કે પરિણમન-પરિણમન શું? એમ કે આ શ્રદ્ધા કરીએ છીએ બધી એ સમકિત. બાપુ! અને ઓલી જ્ઞાનમતિ છેને દિલ્હીમાં મોટી? કરાવે છેને મોટું ત્યાં જંબુદ્વીપ કરાવે છે મોટું. ૨૫ લાખ રૂપિયા નાખીને જંબુદ્વીપ કરાવે છે. એ દેરાસરમાં દર્શન કરવા ગયા હતા ભગવાનના, ઈ બેઠા હતા. એ વાતું બધી કરે અને અત્યારે પ્રસિદ્ધ છે. એનો ક્ષયોપશમ છે ઘણો, પણ એ વાતું. ત્રિલોક પરિણતિએ આમ કહ્યું છે, ફલાણાએ આમ કહ્યું છે. શેઠિયા બધા સાથે હતા. શાહુજી ૪૦ કરોડ રૂપિયા.

કૈલાસચંદ્રજી નહિ? રાજા. રાજા શું કહેવાય? રમકડાનો રાજા. એ બધા હતા. બધા ઘણા શેઠિયા હતા. મેં તો એમ કહ્યું, માતાજી! સમ્યગ્દર્શન કોઈ જુદી ચીજ છે. બીજું શું આપણે કહીએ? આહા..હા..! બાપુ! સમ્યગ્દર્શન શું ચીજ છે? સમ્યગ્દર્શન થયું એ તો મોક્ષ થઈ ગયો એનો. આહા..હા..!

**શ્રોતા** :— ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ના, ના એ સાંભળ્યું એણે. એને ક્યાં પડી છે? આપણે કોઈ વ્યક્તિનું કામ નથી. અહીં તો આ વસ્તુસ્થિતિ આવી. આ ગાથા ચાલી હતી. પ્રશ્ન કર્યો હતો.

અહીં કીધું કે આત્મા કોને કહીએ? કે જે પુણ્ય અને પાપના ભાવ એ તો આસ્રવ છે, ભાવબંધ છે. શરીર ને કર્મ તે અજીવ છે. એ અજીવથી જુદો અને પુણ્ય-પાપના ભાવથી જુદો. કારણ કે એ તો જ્ઞાયકતત્ત્વ છે. એ જ્ઞાયકતત્ત્વને પુણ્ય-પાપરહિત થઈને જ્ઞાયકપણે વીતરાગપણે, સમભાવપણે, સમ્યગ્દર્શનપણે પરિણમન કરવું. આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એવું પરિણમન કરવું એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન પણ સાચું ન હોય અને એને ચારિત્ર અને વ્રત-બત હોય એ એકડા વિનાના મીંડા છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણેય નાખ્યા વીતરાગભાવમાં. દેવ વીતરાગ. વીત-રાગ, રાગ હતો એમ બતાવીને રાગરહિત થઈ ગયા, વસ્તુ રહી ગઈ. ગુરુ વીતરાગરાગરહિત થઈને એ વીતરાગ થયા અને રાગરહિતની પ્રરૂપણા પણ એ કરે. ગુરુ વીતરાગપણાની પ્રરૂપણા કરે. વીતરાગપણું ચૈતન્યનું સ્વરૂપ વીતરાગ તે વસ્તુધર્મ છે એમ ગુરુ કહે તે ગુરુ જૈનના કહેવાય. પણ જે કોઈ આ દયા, દાન અને વ્રતના પરિણામથી ધર્મ મનાવે, માને એ જૈનના સાધુ નહિ, જૈન નહિ.

**શ્રોતા** :— પરંપરા થાય એમ બતાવે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— હજી એ તો પરંપરાની ખબર પણ ક્યાં છે? સમ્યગ્દર્શન વિના પરંપરા ક્યાંથી આવી? સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ આકરો બાપુ, બહુ ભાઈ! શું થાય? જિનવરદેવ... જન્મ-મરણરહિત થવાનો તો આ માર્ગ છે. વીતરાગમાર્ગ છે કે નહિ આ? તો વીતરાગમાર્ગમાં શું આવે? આહા..હા..! વીતરાગતાની ઉત્પત્તિ થાય અંદર. આહા..હા..! એટલે આ સમ્યગ્દર્શન છે એ વીતરાગી પર્યાય છે એમ સિદ્ધ કરવું છે. સરાગસમકિત છે અને વીતરાગચારિત્ર હોય તે નિશ્ચયસમકિત છે એ તો ચારિત્રદોષના વર્ણન સાથે કથન છે. એમ નથી.

અહીં તો એકલો ભગવાન આત્મા.. આહા..હા..! ચૈતન્ય આનંદકંદ પ્રભુ એવો જે આત્મા શુદ્ધસ્વભાવી, વીતરાગસ્વભાવી એનું વીતરાગપણાનું પરિણમન શ્રદ્ધામાં થવું... આહા..હા..! વીતરાગી દેવ, વીતરાગી ગુરુ અને વીતરાગી આત્મા. એ વીતરાગી આત્મા વીતરાગપણાની

પરિણતિએ શ્રદ્ધાપણે પરિણમે એને સમકિત કહીએ. કહો, ચંદુભાઈ! માર્ગ તો આ છે, બાપા! એને હા તો પાડવી પડશે પહેલી. આહા..હા..!

બજારમાં ૨૦-૨૫ ગણો ભાવ થઈ ગયો છેને. સાકરનો અને ઘીનો. કેટલો ઘીનો (ભાવ)? ૨૦૦ રૂપિયે મણ. એમ છેને કાંઈક? ખબર નથી. ૧૯-૨૦ રૂપિયાનું કીલો કાંઈક કહે છે. ૨૫નું કીલો, ગજબ છેને! અમારે દીક્ષામાં ૧૯ રૂપિયાનું મણ (હતું). ૭૦માં ૧૯નું મણ ઘી. દીક્ષા ઘરે કરી હતીને ભાઈએ, મોટા ભાઈએ. ૨૫ ડબા ઘીના લીધા હતા. ૧૯નું મણ. અને સાકર ભાવનગરથી મગાવી હતી ઊંચી સાકર પતરીની. સાડા ત્રણ રૂપિયાની મણ. એ ૨૫ મણ સાકર મગાવી હતી. આ તો ૭૦ની સાલની વાત છે. ૬૩ વર્ષ પહેલાં. મોટા ભાઈએ દીક્ષા ઘરે આપી હતીને? અહીં કહે છે કે પ્રભુ! મોંઘવારી એની થઈ ગઈ, એમાં મોંઘવારી છે. બાપુ! દુર્લભ તો આ સદાયની ચીજ છે આ. આહા..! માલ સોંઘો હતો તે દિ' પણ સમકિત તો દુર્લભ જ હતું. સમજાણું કાંઈ? હજી તો સમ્યક્ ચોથું ગુણસ્થાન, શ્રાવકનું પંચમ. સાચા શ્રાવક હોં! આ વાડાના શ્રાવક એ શ્રાવક છે નહિ. હજી સમ્યક્‌ની ખબર નથી અને શ્રાવક ક્યાંથી થયો એ? આહા..હા..! એને આત્મા અંદર દેવ અને ગુરુ પણ વીતરાગી અને વીતરાગી પરિણમનમાં પડેલા, વીતરાગ કેવળીને પૂર્ણ વીતરાગતા છે, ગુરુને કાંઈક અપૂર્ણતા છે, પણ છે એ વીતરાગી પરિણમન તેને સાધુ કહીએ. પંચમહા વ્રતને પાળે ને એ સમિતિ ગુપ્તિને પાળે માટે સાધુ, એ જૈનદર્શનમાં એને સાધુ કહેતા નથી. આહા..હા..!

**શ્રોતા :—** અઠ્યાવીશ મૂળગુણ પાળે એ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અઠ્યાવીશ મૂળગુણ પાળે એ સાધુ નહિ. અઠ્યાવીશ મૂળગુણ એ વિકલ્પ છે. એનાથી રહિત વસ્તુસ્વરૂપ છે. કીધુંને પહેલું? કે ભગવાનને રાગ નીકળી ગયો અને એકલી વસ્તુ રહી ગઈ. એ વસ્તુ રહી ગઈ વીતરાગસ્વરૂપ રહી ગઈ. આહા..હા..! એમ અત્યારે પણ આત્મા રાગરહિત વીતરાગ સ્વરૂપે જ છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મ અવલોકનમાં બહુ લીધું છે. ભગવાન આમ બિરાજતા હોય તીર્થંકર. એના હોઠ ન હલે, કંપ નહિ, પ્રતિમાની જેમ બસ સ્થિર... સ્થિર... સ્થિર... સ્થિર બિંબ. રાગ નીકળી ગયો માટે સ્થિરબિંબ થઈ ગયા. કેમકે વસ્તુ હતી તે રહી ગઈ. વસ્તુમાં નહોતું તે નીકળી ગયું. આહા..હા..!

એમ અહીંયાં આત્મામાં રાગ નથી અને અપૂર્ણતા પણ નથી. આહા..હા..! એવો પૂર્ણ ભગવાન આનંદનો સ્વભાવ અને જ્ઞાનનો સ્વભાવ ભર્યો છે, એના સન્મુખ થઈને વીતરાગ પરિણતિએ પરિણમવું એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! આ વાત છે. દેવ વીતરાગ, ગુરુ વીતરાગ, ધર્મ વીતરાગ, આત્મા વીતરાગ. આહા..હા..! સમજાણું કાંઈ? જિનવર ત્રિલોકનાથ પરમાત્માનું આ (ફરમાન છે). કહો, ભાનમલજી! આવું ત્યાં ક્યાં મળે ત્યાં. વાંચે છે વળી આપણા ઝવેરભાઈ નાઈરોબીમાં. મુંબઈ રહે છે. આહા..હા..!

જીવાદિની શ્રદ્ધા, આ જીવ છે એ શ્રદ્ધા એમ નહિ. જીવ જ્ઞાયકભાવે વીતરાગસ્વભાવે

છે અને રાગસ્વભાવે નથી એવી જે વીતરાગી પરિણતિ થવી શ્રદ્ધાની એટલે.. છેને? જ્ઞાનનું પરિણમવું. એમ છેને? જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન કેમ લીધું? કે ઓલો રાગ નહિ. દયા, દાન, વ્રતાદિનો રાગ છે એ તો વિકલ્પ છે, વિકાર છે. એનાથી રહિત જ્ઞાનનું થવું એટલે કે આત્માનું થવું એટલે કે વીતરાગી સ્વરૂપી આત્મા એ વીતરાગપરિણતિએ પરિણમે તેને સમ્યગ્દર્શન કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો આ ચોથા ગુણસ્થાનની વાત છે. શ્રાવક તો પાંચમે હોય, મુનિ તો છઠ્ઠે હોય એ તો કાંઈક વાતું છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! સહેલું કહો તો સહેલું આ, સહેલું આ. ઝવેરાતના ધંધા પણ કરવા અને આ કાંઈક સમજાઈ જાય ઝટ એવું કાંઈક બતાવો.

**શ્રોતા :—** શ્રાવકને બેય હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બેય હોતા નથી. રાગ થાય એને હેય જાણે છે. શ્રાવક સાચા જે છે સમકિતી એને રાગ થાય તેને હેય જાણે છે, આદરણીય અને કર્તવ્ય મારું છે એમ એ માનતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ!

**'જીવાદિ પદાર્થોના...'** નવ પદાર્થ. **'શ્રદ્ધાનસ્વભાવે...'** શ્રદ્ધાનસ્વભાવે. આહા..હા..! જેવો અંદર શ્રદ્ધાસ્વભાવ છે સમકિતનો અંદર શ્રદ્ધા એવો પર્યાયમાં શ્રદ્ધાનસ્વભાવે... આહા..હા..! આત્માનું થવું તે સમકિત છે. આત્માનું થવું એટલે આત્મા પોતે વીતરાગસ્વરૂપી છે અને એની શ્રદ્ધા થવી તે પણ વીતરાગી પર્યાય છે. સમજાણું કાંઈ? આવો માર્ગ હવે. પછી કહે છે જ્ઞાન કોને કહેવું હવે.

**'જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-'** આહા..હા..! આ શાસ્ત્રનું જ્ઞાન અને એ જ્ઞાન નહિ. **'જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે...'** એટલે આત્મસ્વભાવે જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું. સ્વસંવેદન આત્માના જ્ઞાનનું અંતરમાં સ્વના પ્રત્યક્ષ જ્ઞાનપણે થવું તેને જ્ઞાન કહે છે. આહા..હા..! શાસ્ત્રના ભણતરની વાતું કરે એ કાંઈ જ્ઞાન નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એ જ્ઞાનરૂપે થાય એને જ્ઞાન કહેવામાં આવે છે. એ પણ વીતરાગી જ્ઞાનની પર્યાય છે. અરેરે..! આવી વાત છે. વીતરાગમાર્ગ છેને આ તો. જિનવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ કેવળી... આહા..હા..! ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે પરમાત્મા આમ કહેતા હતા. એ આ માર્ગ છે. બાકી બધાના કલ્પેલા કલ્પિતમાર્ગ છે. આહા..હા..!

**'જીવાદિ પદાર્થોના...'** જીવ આદિના જ્ઞાનનું **'જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું...'** જોયું! **'જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું...'** એટલે આત્માનું પરિણમવું. આહા..હા..! જેની જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકપણાનું જ્ઞાન થયું, એમાં પુણ્ય-પાપ નાસ્તિ થઈ એવું જ્ઞાન ભેગું આવી ગયું. શું કહ્યું? એ તો કહ્યું હતું રાતે થોડું, નહિ? કે જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક આત્મા જણાય છે. ૧૭-૧૮ ગાથા. આ જ્ઞાન વસ્તુ છે એની જે દશા જ્ઞાનની પર્યાય છે અવસ્થા, જેમાં રાગ જણાય, શરીર આદિ જણાય, જણાય છે એ તો જ્ઞાન છે. એ (પર) જણાતું

નથી, એ તો જ્ઞાન જણાય છે. એ જ્ઞાનની જે પર્યાય અવસ્થા છે એનો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે. એથી એ જ્ઞાનમાં અજ્ઞાનીને પણ જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જ જણાય છે, પણ અજ્ઞાની એના ઉપર લક્ષ દેતો **નથી**. સમજાણું કાંઈ? ૧૭-૧૮ ગાથા છેને સમયસારની. આહા..હા..! જોવી છે? જુઓ, ૧૭-૧૮. .. છે. નીચેનો પેરેગ્રાફ.

'**આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું** લક્ષણ **છે એવું શ્રદ્ધાન ઉદય થાય છે...**' શું કીધું જુઓ, '**જ્યારે આત્માને, અનુભવમાં આવતા...**' પછી છે ત્રીજો પેરેગ્રાફ છે. '**પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...**' છે ત્રીજો પેરેગ્રાફ? પહેલો છે '**નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી...**' બીજો છે, '**આત્માને, અનુભવમાં...**' ત્રીજો છે, '**જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ...**' બાળકથી માંડીને વૃદ્ધ બધાને, '**સૌને સદાકાળ...**' સૌને સદાકાળ બાળકથી વૃદ્ધને, સ્ત્રીથી પુરુષને '**પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...**' આહા..હા..! પર્યાયમાં આત્મા જ જણાય છે. આહા..હા..! કેમકે પર્યાયનો સ્વભાવ છે સ્વપરપ્રકાશક. એટલે સ્વપ્રકાશક જ જ્ઞાનમાં જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીના જ્ઞાનમાં, પણ આત્મા જણાય છે જ્ઞાનમાં. પણ એ માનતો નથી, ત્યાં એનું લક્ષ નથી. લક્ષ રાગ ને પુણ્ય ને ક્રિયા (ઉપર છે). આહા..હા..! છે?

'**અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...**' ભગવાન આત્મા કહેતા કેટલાયને બેસે નહિ. ભગવાન અત્યારે કેવો? અરે..! ત્રિકાળ ભગવાન છે, સાંભળને! આત્મા સ્વરૂપ એનું ત્રિકાળી ભગવાનસ્વરૂપ જ છે. ભગવાનસ્વરૂપ ન હોય તો ભગવાન પર્યાયમાં થાશે ક્યાંથી? આહા..હા..! પર્યાયમાં (થાય) એ તો એનું એન્લાર્જ છે. ભગવાનસ્વરૂપે છે એનું એન્લાર્જ પર્યાયમાં ભગવાન થાય છે. અરેરે..! એને ક્યાં ખબર છે. આહા..હા..!

'**અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ...**' છેને? આબાળ એટલે બાળકથી માંડીને, ગોપાળ એટલે વૃદ્ધ '**સૌને...**' સૌ જીવને '**સદાકાળ...**' આહા..હા..! '**પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને આ 'અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...**' બંધના વશે, રાગના વશે થયેલો પરદ્રવ્ય (સાથે) એકપણાના નિશ્ચયથી 'રાગ તે હું', 'એ દયા, દાન, વ્રતનો વિકલ્પ છે તે હું' એવા રાગને વશે થયેલો, '**એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને આ અનુભૂતિ છે...**' આ જ્ઞાનમાં આવે છે અને જ્ઞાનસ્વરૂપ તે આત્મા એનો એને નિર્ણય થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વસ્તુ છે ભાઈ આ. જેના જ્ઞાનની પર્યાયમાં ભલે ક્ષયોપશમ થોડો હોય, પણ એ પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. એ સ્વપરપ્રકાશક સ્વભાવમાં સ્વ પ્રકાશે છે, પણ એની દૃષ્ટિ એના ઉપર નથી, રાગના વશ ઉપર છે. આહા..હા..! એ વિકલ્પની ક્રિયાકાંડમાં એનો રાગનો વિષય બનાવીને ત્યાં ચોંટ્યો

છે ઈ. એથી 'આ અનુભૂતિ ભગવાન એનો જાણનાર હું છું ત્રિકાળી' એ શ્રદ્ધા ઉદય થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાના શ્રદ્ધાન સમાન હોવાથી,...'** જ્ઞાનની વર્તમાન દશામાં જ્ઞાયક જ જણાય છે, છતાં તેના તરફનું લક્ષ નથી અને રાગને તાબે થઈ ગયો છે તેથી એને આત્મા જણાતો નથી. અને જણાયા વિનાની શ્રદ્ધા એ ગધેડાના શિંગડા જેવી છે. ગધેડાને શિંગડા ન હોય એમ આને શ્રદ્ધાનો અભાવ છે... આહા..હા..! જ્ઞાનનો અભાવ છે. આહા..હા..! આવું કામ.

પહેલાંના ઓલા માણસ.. નવા માણસને તો એવું લાગે કે આ શું કહે છે? આવો જૈનમાર્ગ હશે આ? જૈનમાર્ગ તો આ ચોવીહાર કરવો, કંદમૂળ ન ખાવા, પ્રત્યેક વનસ્પતિની પણ મર્યાદા કરવી, બ્રહ્મચર્ય પાળવું, છપરબી એવું તો .. અરે..! ભગવાન! સાંભળને હવે. એ તો બધી રાગની ક્રિયાની વાતું છે, એમાં ભગવાન આત્મા આવતો નથી. આહા..હા..! (ભગવાન આત્માનો) રાગ પણ આવતો નથી. ઓલામાં કહ્યું છે અનુભવ પ્રકાશમાં કે સાંજની સંધ્યા સૂર્યના અસ્તની છે; સવારની સંધ્યા સૂર્યને ઊગવાની છે, એમ બાયડી, છોકરા, કુટુંબ, વેપારનો રાગ એ આત્માને અસ્ત કરી નાખે એવો છે. અને ભગવાન પ્રત્યેનો રાગ એને ઓળખાણ છેને એ અપેક્ષાએ, એ લીધું છે, એ સવારની સંધ્યા જેવો છે. એ સંધ્યા જઈને સૂર્ય ઊગશે, એમ ભગવાનની શ્રદ્ધા જેને સમ્યગ્દર્શન છે એને જે ભગવાન પ્રત્યેનો રાગ છે, સમ્યગ્દૃષ્ટિની વાત છે હોં! કારણ કે એને ખ્યાલ છે કે ભગવાન આ મારો સ્વભાવ આવો છે, વીતરાગ પણ આવા છે. વીતરાગ પ્રત્યેનો જેને પ્રેમ થયો છે એ પ્રેમ ટળીને અંદર વીતરાગતા પ્રગટ થશે એને. કારણ કે એ વીતરાગના પ્રેમમાં વીતરાગે કહેલીની શ્રદ્ધાની ખબર છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પરમેશ્વર વીતરાગદેવે કહેલી વસ્તુ રાગ વિનાની છે એવી ખબર છે અને એ રાગ ભગવાનનો રાગ પણ મને લાભદાયક છે એમ એ માનતો નથી. એથી એને રાગની પાછળ એ રાગ ટળીને ચૈતન્ય જાગશે. એ સવારની સંધ્યાનો રંગ હોયને સવારનો? એ રંગની પાછળ સૂર્ય છે અને સાંજની સંધ્યા પાછળ અંધારા છે.

**શ્રોતા :—** દૃષ્ટાંત બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બરાબર છે? એમાં છોકરાઓનો પંકજનો રાગ સાંજની સંધ્યા જેવો છે. બાયડી, છોકરા ને વેપાર ને પૈસા ને ધૂળ એનો રાગ તો આત્માને આથમી દેશે, આંધળો કરી દે છે. આહા..હા..! અને ત્રણલોકના નાથ પરમેશ્વર જિનવરદેવને ઓળખ્યા છે એની વાત છેને? એને રાગ આવે છે, પણ એ રાગ ટળીને પછી સૂર્ય કેવળજ્ઞાન થશે. આહા..હા..! ભગવાન સૂર્ય પ્રગટ થશે અંદરથી. આહા..હા..! અભાવ કરીને હોં! શબ્દ એમ છે ત્યાં આગળ. સવારની સંધ્યાનો રાગ એમ કે સંધ્યા છે એ ટળીને સૂર્ય ઊગશે જ. આહા..હા..! આમ તો રાગ બંધનું કારણ છે, પણ એની દૃષ્ટિમાં રાગરહિત આત્માની ખબર છે, પરમેશ્વર પણ વીતરાગ

રાગરહિત છે એની ખબર છે, એની વચ્ચે આ રાગ આવે છે એ ટળવા માટે આવે છે. આહા..હા..! હેય કરીને આવ્યો છે એટલે ટળશે જ એ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૭-૧૮માં છે, લ્યો.

અહીં. '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે...**' આહા..હા..! એ જાણે કે નવ તત્ત્વને અમે માનીએ છીએને એ જ સમકિત છે. હજી નવ તત્ત્વની શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. અહીંયાં તો કહે છે કે જીવ, અજીવ, પુણ્ય, પાપ આદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે, એનો જ્ઞાનસ્વભાવે, પોતાનો જે જ્ઞાનસ્વભાવ છે તે જ્ઞાનસ્વભાવે આત્માનું થવું તેનું નામ જ્ઞાન છે. આહા..હા..! એ શાસ્ત્ર વાંચ્યા ને ધાર્યા માટે તે જ્ઞાન છે એમ નહિ કહે છે. આહા..હા..!

ભગવાન પોતે ચૈતન્યમૂર્તિ છે. ચેતનમૂર્તિ છે. આ રાગાદિ બધા અચેતન જડ છે. એ ચેતનનું ચેતનપણે પરિણમન થવું જ્ઞાનનું, એ આત્મા આત્માપણે પરિણમે જ્ઞાનરૂપે એને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? ઈ આ ઉપરથી લઈ લે, '**जीवादीसद्दहणं**' પાઠ એવો છેને. '**सम्मत्तं तेसिमधिगमो णाणं।**' તેનું જ્ઞાન તે જ્ઞાન એમ. પણ એની શ્રદ્ધા અને જ્ઞાન શું? એનો ટીકાકારે ખુલાસો કર્યો. પાઠમાં તો આટલું છે, '**जीवादीसद्दहणं**' બસ! '**जीवादीसद्दहणं**' પણ એટલે શું? અને તેનું અભિગમ એટલે જ્ઞાન. જીવનું નવ તત્ત્વનું જ્ઞાન તે જ્ઞાન અને રાગાદિ પરિણામ '**रागादीपरिहरणं चरणं**' એમાં તો એ આવે કે પુણ્ય-પાપના બેય રાગને છોડે ત્યારે સ્થિરતા ચારિત્ર કહેવાય. આહા..હા..! સમજાણું? ત્યાં તો એવું લીધું છે. મુહુ..મુહુ.. વારંવાર ગુરુ વીતરાગસ્વરૂપે જીવ છે અને જીવનું ચૈતન્ય વીતરાગપણે પરિણમવું તે ધર્મ છે, વીતરાગી તે ભાવ તે ધર્મ છે એમ વારંવાર ઉપદેશ કરે. ચરણાનુયોગની અપેક્ષામાં પરના આચરણની વાત જણાવે, ચરણાનુયોગની અપેક્ષામાં જણાવે પણ એ આદરણીય નથી. આહા..હા..! આવે છે એને જણાવે. સમજાણું કાંઈ?

જૈનના સાધુઓ અને જૈનના ગુરુઓ એ વીતરાગસ્વભાવરૂપી આત્મા તે વીતરાગસ્વભાવરૂપે એ દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગસ્વરૂપે પરિણમે છે એને ધર્મ એ કહે, એવી ધર્મની પ્રરૂપણા એ કરે. આ તો કાંઈ ઠેકાણા ન મળે અને કાંઈક દયા પાળો, પર જીવને ન મારવા એ દયા અને એ દયા એ ધર્મ. પરની દયા પાળવાનો ભાવ અહીંયાં તો કહે છે કે રાગ છે, એ આત્માની હિંસા છે. આવી વાત. સમજાણું કાંઈ?

**શ્રોતા** :—દયા તે સુખની વેલડી..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ દયા આ આત્માની. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ,' અનંત જીવ મોક્ષે ગયા એમ કહે છે. અનંત જીવ મોક્ષે ગયા દયા તણા પરમાણ. બધી વાતુંની ખબર છે કે નહિ? ૮૧માં ગઢડે ચોપાનિયું ચોડ્યું હતું એ લોકોએ. પણ એ દયાની ક્યાં વાત છે? આહા..!

આત્માની દયા પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન પડીને આત્માનું જીવન જે જ્ઞાન અને

આનંદરૂપે છે તેના ટકતા તત્ત્વને, ટકતા તત્ત્વ તરીકે પ્રતીતિ સમ્યગ્દર્શનની થવી, સમ્યગ્જ્ઞાનની થવી એનું નામ દયા છે. આહા..હા..! એટલે? કે જેવડો એ છે તેટલા જીવનને સ્વીકારવું. એનાથી ઓછું અને વિપરીત માનવું એ તો હિંસા છે. તું એવડો નથી એમ માન્યું એણે તો. આહા..હા..! પણ એ આત્મા મૂકીને, વર મૂકીને જાન જોડી દીધી છે અત્યારે. આહા..હા..! પૈસાવાળાને પૈસા-બૈસા ખર્ચો લાખ, બે લાખ, પાંચ લાખ (તો) ધર્મ થાશે, એમ મનાવી દીધું. પૈસા ક્યાં આત્માના હતા તે આત્મા આપે એને! આહા..હા..! પૈસા રાખવાનો ભાવ એ પાપ છે અને આવા ધર્મને નામે આપે તો એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! લાખ-કરોડ ખર્ચે નહિ એમાં. આહા..હા..! હવે ખર્ચાઈ ગયા છે એમ કહે છે. ૨૬ લાખનું મોટું મકાન. બંગલો ૨૬ લાખનો. એ તો એના કારણે બન્યું. કોણ બનાવે? આહા..હા..! આત્મા પરને શું કરી શકે? મકાન આત્મા કરી શકે? જડની પર્યાય? આહા..હા..! રામજીભાઈ ધ્યાન રાખતા હતા. પૂછતા હતા. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો પરમાણુઓ માટી-ધૂળ છે. એની રચના એનાથી થઈ છે. આહા..હા..! એનો જન્મક્ષણ હતો, એ પરમાણુ પુદ્ગલની જન્મની ઉત્પત્તિનો કાળ હતો (એટલે) આ ઉત્પન્ન થયું. આહા..હા..! આ કોણ માને?

ઘડો કુંભારથી થયો નથી એમ ભગવાન કહે છે. એ ઘડો થયો છે માટીથી, કુંભારથી નહિ. કુંભારથી માને એ પરદ્રવ્યની પર્યાયનો કર્તા માનનારો મૂઢ જીવ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અપવાસને દિ' મેં આહાર છોડ્યો, આહાર ખાધો નહિ, પાણી પીધું નહિ. એ આહાર અને પાણી જડ છે, પર છે એને તેં ખાધો હતો ક્યાં તે છોડે તું? ખાવાની ક્રિયા તો જડની છે. એ જડને તેં છોડ્યું? આકરી વાતું, બાપુ! પરનું ગ્રહણ-ત્યાગ માનવું એ જ મિથ્યાત્વ છે. પરને મેં પકડ્યા છે હવે હું છોડું છું એને. રસત્યાગ કર્યો, ફલાણું ત્યાગ કર્યું, મેં આ ત્યાગ કર્યો, જોડા પહેરવા ત્યાગ કર્યો. આહા..હા..!

**શ્રોતા :—** ઈચ્છાનો નિરોધ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાં નિરોધ હતો? આત્માનો નિરોધ છે ત્યાં. રાગની સામગ્રીની ઉત્પત્તિ છે. કેમકે આત્મામાં ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ પડી છે. પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એ રહિત જ શક્તિ છે. આત્મામાં એવો અનાદિ ગુણ છે, એ પરને ગ્રહતો નથી અને પરને છોડતો નથી. આહા..હા..! આવું પણ ક્યાં સાંભળે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એનું જ્ઞાન તે જ્ઞાન છે. એટલે શું કહ્યું? જે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, સ્વભાવ છે. એટલે કે વીતરાગી જ્ઞાનસ્વરૂપ છે. એનું પરિણમનમાં વીતરાગી જ્ઞાનનું પરિણમવું એનું નામ જ્ઞાન છે. આહા..હા..! એ આ જ્ઞાન એ વીતરાગી પર્યાય છે. આ તો વીતરાગમાર્ગ છેને? આહા..હા..! એમાં રાગ ભેગો આવે એ વીતરાગમાર્ગ નહિ. આહા..હા..! બે બોલ થયા.

ત્રીજો. '**રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું...**' જુઓ, એ પંચમહાવ્રતના પરિણામ

છે એ પણ રાગ છે. આહા..હા..! સાધુના જે અઠ્યાવીશ મૂળગુણ છે એ રાગ છે, વિકલ્પ છે. આહા..હા..! એ '**રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું...**' રાગના ત્યાગસ્વભાવે આત્માનું થવું. આહા..હા..! ચાહે તો પંચમહાવ્રતનો રાગ હો, રાગ છે. એ લોકોને ખબર નથી. મહાવ્રત છે એટલે ધર્મ છે એમ માને. અવ્રત છે તે પાપ છે અને વ્રત છે તે પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા..! એ '**રાગાદિના ત્યાગસ્વભાવે...**' રાગના અભાવસ્વભાવે. આત્મા પોતે જ્ઞાનસ્વભાવે પરિણમે છે ત્યાં સહેજે રાગરૂપે થતો નથી, એને રાગરૂપે થાય છે માટે છોડું છું એમ પણ નથી ત્યાં. સમજાણું કાંઈ? અહીંયાં તો રાગાદિ રહિત સમ્યક્ ચારિત્રપણે પરિણમવું, રાગાદિ ત્યાગસ્વભાવે આત્માનું થવું એટલે કે આ હેય છે માટે છોડું એ પણ ત્યાં નથી. એ તો રાગાદિના અભાવસ્વભાવે આત્માનું પરિણમવું... આહા..હા..! એને ચારિત્ર કહે છે. આ વાત તો સાંભળી ન હોય અને આ ચારિત્ર લઈને બેઠા જાણે. લૂગડા ફેરવ્યા અને થઈ ગયા (સાધુ). આહા..હા..! રાગ આદિ લીધું એટલે દ્વેષ. શુભ-અશુભભાવ બેય. એના ત્યાગસ્વભાવે, એના અભાવસ્વભાવે જ્ઞાન એટલે આત્માનું પરિણમવું, વીતરાગદશાપણે થવું, રાગના અભાવસ્વભાવરૂપ, ત્યાગભાવરૂપ, વીતરાગસ્વભાવરૂપે થવું એને ચારિત્ર કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં સાધુના ૨૭ ગુણ આવે છે. આમાં ૨૮ મૂળગુણ આવે છે દિગંબરમાં. બેય વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો...! ગાથા એક છે તે.

વીતરાગભાવસ્વભાવ છે એને વીતરાગભાવનું પરિણમન થવું એટલે રાગાદિના ત્યાગભાવરૂપ થઈ ગયો ત્યાં, કરવો પડતો નથી. સમજાણું કાંઈ? આનું નામ ચારિત્ર. હવે એ ચારિત્રની વ્યાખ્યાની ખબર ન મળે. પંચમહાવ્રતના પરિણામ ને દયા, દાનના ભાવ એ સંયમ છે અને એ ચારિત્ર છે. અહીં તો એકલો ભગવાન આત્મા વસ્તુનું વસ્તુપણું વીતરાગપણું છે. એ વસ્તુના વસ્તુપણે પરિણમવું, વીતરાગભાવરૂપે થવું એને અહીંયાં ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? એને સામાયિક કહે છે. સામાયિક ચારિત્ર. આહા..હા..!

વિકલ્પમાત્ર, ગુણ-ગુણીનો ભેદ વિકલ્પ કે આ સત્ છે અને એનું આ સત્ત્વ છે આવડું એવો જે ભેદનો વિકલ્પ રાગ એના અભાવસ્વભાવે, ત્યાગસ્વભાવે અને વીતરાગના અસ્તિસ્વભાવે પરિણમવું (એ ચારિત્ર છે). આહા..હા..! આ તો બહુ સારી વ્યાખ્યા ત્રણની છે. આહા..હા..! રાગાદિ પુણ્ય વિકલ્પ. વ્યવહારનો રાગ છે એ શુભરાગ છે, વ્યવહારદર્શન—જ્ઞાન એ શુભરાગ છે. એના ત્યાગના સ્વભાવરૂપે. આહા..હા..! આત્માનું પરિણમવું, જ્ઞાન એટલે આત્મા. રાગ નહિ એટલે જ્ઞાન કહ્યું, પણ જ્ઞાન એટલે આખો આત્મા. ભાવાર્થમાં આવશે. એને ચારિત્ર (કહે છે). આહા..હા..!

જેને અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન છે વીતરાગી, અતીન્દ્રિય આત્માના આનંદનું પ્રચૂર ઘણું વેદન છે. એ આનંદની દશાને રાગના ત્યાગસ્વભાવરૂપ આત્માનું થવું કહીને એને ચારિત્ર કીધું છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી વાત યાદ રાખવી આમાં? વાત તો ટૂંકીટચ છે.

કીધી હતીને? પરથી ખસ અને સ્વમાં વસ, ટૂંકીટચ. એ દયા, દાનના વિકલ્પ છે એ પણ રાગ છે. આહા..હા..! એમાંથી હઠી જા અને સ્વભાવમાં આવી જા. આહા..હા..! પણ સ્વભાવની ખબર ન મળે ક્યાં આવે અને ક્યાં જાય. આહા..હા..! તેથી... હવે વિશેષ કહેશે પછી...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૧૧, મંગળવાર, તા. ૦૨-૧૧-૧૯૭૬, ગાથા-૧૫૫-૧૫૬, પ્રવચન નં. ૨૧૯

સમયસાર, ૧૫૫ ગાથા. ટીકાનો થોડો ભાગ બાકી છેને. ફરીને થોડું લઈએ. જુઓ, **'મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.'** એ કોણ ચારિત્ર છે સમ્યગ્દર્શન? એ નિશ્ચય. મોક્ષનું કારણ ખરેખર સત્યાર્થથી જોઈએ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, એટલે વ્યવહાર સમ્યગ્દર્શન એ કોઈ મોક્ષનો માર્ગ નથી, એમ.

**શ્રોતા :—** 'दु' શબ્દ વાપર્યો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, છેને. ... ખરેખર છે. 'दु' છેને 'दु'. 'दु' શબ્દનો અર્થ .. છે.

जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं।
रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो।।१५५।।

એ જ મોક્ષનો પંથ છે. **'चरणं एषस्तु मोक्षपथः'** 'दु'નો અર્થ કર્યો, એ જ છે, એમ.

વાસ્તવિક તો આત્માનો જે સ્વભાવ છે એ આત્માને અહીં જ્ઞાન તરીકે કહ્યું છે. જે કાયમી અસલી, ત્રિકાળી વીતરાગી સ્વભાવ એ સ્વભાવપણે પરિણમવું એટલે જ્ઞાનપણે પરિણમવું એમ. જ્ઞાન કહીને આત્માનું વર્ણન કર્યું છે. જ્ઞાન તો એક ગુણ છે, પણ એક ગુણ દ્વારા આખો આત્મા વર્ણવ્યો છે કે **'મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું...'** જ્ઞાન શબ્દે અહીં આત્મા.

**'જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...'** દર્શનસ્વભાવ-સમ્યક્સ્વભાવે આત્માનું થવું-પરિણમવું તે જ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એ તો આવી ગયું સવારમાં, નહિ? મોક્ષમાર્ગ છે એ વીતરાગી પરમાનંદના રસનો સ્વાદ જે છે એ મોક્ષનો માર્ગ છે, સમભાવ એ છે. સામાયિકમાં આવે છેને? સામાયિક એટલે સમતાનો લાભ. સામાયિક એટલે સમતાનો લાભ. એ સમતા એટલે શું? એ સમભાવ એટલે શું? આહા..હા..! વીતરાગી પરમાનંદનો એકરૂપ સુખનો સ્વાદ, રસાસ્વાદ એનું નામ સમતા. આહા..હા..! લોકો કહે, આ સામાયિક કરીએ. એય.. બલુભાઈ!

**શ્રોતા :—** લોકોને તો લૌકિક સામાયિક હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લૌકિક પણ ક્યાં હતી ઠેકાણા. નામ સામાયિક એને કઈ રીતે કહેવું? વાસ્તવિક ભાવ હોય તો એને વાસ્તવિક નામ લાગુ પડે. આમ તો કથનમાત્ર છે. આહા..હા..! સામાયિક. સામાયિક એમ શબ્દ છે. સામ–આય–સમતાનો લાભ એ પ્રત્યય છે. સમતાનો લાભ. સમતાનો લાભ એટલે સમભાવનો લાભ એટલે વીતરાગભાવનો લાભ એટલે... આહા..હા..! વીતરાગી પરમાનંદના રસનો સ્વાદ એનું નામ સામાયિક છે. હવે એની તો ખબર પણ ન મળે. આહા..હા..!

વીતરાગમાર્ગ જ એવો છે. લોકોએ રાગમાં માની લીધો છે. આહા..હા..! સાંભળ્યું નથી સત્ય. એ સમતા એટલે સમભાવ, સમભાવ એટલે વીતરાગતા, વીતરાગતા એટલે.. આહા..હા..! વીતરાગતાની પરિણતિમાં વીતરાગી પરમાનંદનું વેદન, આનંદગુણનું વેદન અથવા ભોગશક્તિના પરિણમનમાં આનંદનું ભોગવવું, આહા..હા..! એને વીતરાગતા કહે છે, એને સમતા કહે છે, એને સમભાવ કહે છે, એને સામાયિક કહે છે. જાધવજીભાઈ! કોઈ દિ' સાંભળ્યું નહોતું ત્યાં કલકત્તામાં તો કોઈ દિ'. ત્યાં શેઠિયા હતા. આહા..હા..!

અહીંયાં કહે છે કે આત્માનું શ્રદ્ધાસ્વભાવે... આહા..હા..! શાંતસ્વભાવે પરિણમન થવું એમાં પ્રતીતિ (થવી) તેને સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું...**' આહા..હા..! જ્ઞાન એટલે આત્માનું થવું. આત્મા એટલે પરમાનંદ અને વીતરાગસ્વરૂપે પ્રભુ, એને વીતરાગ અને આનંદસ્વરૂપે જેનું થવું—પરિણમવું, એ જ્ઞાનનું પરિણમવું કહો કે આત્માનું પરિણમવું કહો, એને સમ્યગ્જ્ઞાન કહે છે. આહા..હા..! શાસ્ત્રનું ભણતર અને વાંચન બધું કાઢી નાખ્યું કે આટલા ભણ્યા માટે જ્ઞાન છે. આહા..હા..! એ આત્મા આનંદસ્વરૂપનો વીતરાગી મૂર્તિ પ્રભુ, એનું વીતરાગપણે આનંદના સ્વાદપણે જ્ઞાનનુંઆત્માનું થવું એને સમ્યગ્જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ?

અને '**રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું...**' ઓહો..હો..! પંચમહાવ્રતના પરિણામ એ તો રાગ છે. રાગના અભાવસ્વભાવસ્વરૂપ આત્માનું થવું, આત્મા તો વીતરાગસ્વરૂપી છે, ચારિત્રસ્વરૂપ જ છે, અકષાયસ્વરૂપ જ છે. કેમકે ચારિત્ર નામનો ગુણ એનો અનાદિઅનંત આત્મામાં છે. ચારિત્ર કહો કે અકષાયભાવ કહો કે વીતરાગભાવ કહો. એ વીતરાગભાવનું વીતરાગભાવરૂપે પરિણમવું, રાગાદિના અભાવરૂપે થવું એનું નામ ચારિત્ર છે. અહીં તો પંચમહાવ્રતના હજી ઠેકાણા નહિ તો કહે કે ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચમહાવ્રત કોને કહેવા અને કેવી રીતે છે વ્યવહાર (એની ખબર ન મળે). માર્ગ આવો છે, બાપુ! એના લાભની વાત છે ભાઈ, આ તો. સમજાણું કાંઈ? જેની શ્રદ્ધામાં હજી આવું છે નહિ કે રાગથી ચારિત્ર ન હોય. ચારિત્ર તો અરાગી પરિણમન, વીતરાગી આનંદના સ્વભાવનું સુખરૂપે સમાધાનરૂપે, શાંતિરૂપે થવું એનું નામ ચારિત્ર છે. આહા..હા..! આમાં ક્યાંય એમ નથી લીધું કે પંચમહાવ્રત અને નગ્નપણું હોય તો એ ચારિત્ર છે. એ તો નથી એટલે એની સાથે સંબંધ લીધો નથી. આહા..હા..! નગ્ન દિગંબર

થયા અને પંચમહાવ્રત પાળે માટે ચારિત્ર છે એમ નથી. આહા..હા..!

રાગના ત્યાગરૂપે, ત્યાગસ્વભાવે. પુણ્ય-પાપના વિકલ્પનો જે વિકાર છે તેના અભાવસ્વભાવે પરિણમવું અને વીતરાગના સ્વભાવપણે પરિણમવું, એમ. ઓલાનો અભાવ અને આ સ્વભાવભાવ. આહા..હા..! એને અહીંયાં ચારિત્ર કહે છે. ત્યાં સુધી તો આવ્યું હતું. '**તેથી એ રીતે...**' આ રીતે. જે રીત કીધી તે રીતે. '**એમ ફલિત થયું...**' એનું ફળ, એનો સાર એ નીકળ્યો '**કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (-પરિણમન)** જ છે.' સજાતિ આત્મા આનંદકંદ એનું પરિણમન છે. રાગાદિ છે એ વિજાતીય છે. મહાવ્રતના પરિણામ પણ અજીવ છે. આહા..હા..! એ સ્વજાતિના પરિણામ નથી. સમજાણું કાંઈ? રાગ છેને? રાગ છે તે અજીવ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાનથી વિરુદ્ધ ભાવ છે. એથી એ મહાવ્રતના પરિણામ અને નગ્ન દશા (ચારિત્ર નથી). વસ્ત્રવાળાની તો વાત અહીં છે જ નહિ કે વસ્ત્રવાળા સાધુ હોય. એ તો દ્રવ્યલિંગી પણ ન હોય. બહુ આકરી વાત છે લોકોને. સમજાણું કાંઈ? વસ્ત્ર રાખે અને મુનિપણું માને એ તો જૈનદર્શનથી વિરુદ્ધ છે. વિતરાગભાવથી વિરુદ્ધ છે. આહા..હા..! દૃષ્ટિથી વિરુદ્ધ છે. અહીંયાં તો નગ્નપણું હોય અને અઠ્યાવીશ મૂળગુણ આદિ હો એ પણ ચારિત્ર નહિ. એ વચ્ચે વ્યવહાર એવો નિમિત્તરૂપે હોય છે. નિમિત્તની વ્યાખ્યા? એનાથી આ ચારિત્ર-વીતરાગી પરિણમન થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આવી વાતું હવે. ઓહો..હો..!

**શ્રોતા :—** સાધન તો કહેવાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ સાધન વ્યવહારે, નથી તેને કહેવું એ. છે કેવું સાધન? નિમિત્તથી. એ તો ખુલાસો કર્યો છે કૈલાસચંદજીએ કે સોનગઢવાળા નિમિત્તનો નિષેધ નથી કરતા, પણ નિમિત્તને કર્તા માનતા નથી. વાત તો એમ જ છે. સમજાણું કાંઈ? કર્મ વિકારમાં નિમિત્ત છે, પણ નિમિત્ત વિકારનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં ખબર? એકેય તત્ત્વની ખબર ન મળે. કર્મનું પરિણમન એ કર્મને કારણે છે. એમાં રાગ-દ્વેષના પરિણામ નિમિત્ત છે, પણ એ રાગ-દ્વેષના પરિણામ કર્મપણે પરિણમે એમાં કારણ નિમિત્ત તો અસ્તિ છે એટલું, પણ એને કારણે કર્મ પરિણમે છે એમ નથી. આહા..હા..! એમ આત્મા વીતરાગસ્વભાવે થાય છે. આહા..હા..! એ સાંભળ્યું છે ક્યાં? જિંદગી એમને એમ ચાલી જાય છે. અજૈનના નામે જૈન ચલાવ્યું છે. આ તો વીતરાગમાર્ગ પરમેશ્વરનો, જિનેશ્વરનો. એને તો અંદર એ મહાવ્રતના પરિણામ છે તે અજીવ છે, અચેતન છે. એ રાગ છે માટે એના ત્યાગનો, ત્યાગસ્વભાવે પરિણમવું, રાગના ત્યાગસ્વભાવે થવું. આહા..હા..! એટલે કે વીતરાગસ્વભાવે આત્માનું થવું, જ્ઞાનનું થવું એટલે આત્માનું થવું. આહા..હા..! જાણપણું શાસ્ત્રનું એ અહીં નથી. અહીં તો આત્મા જે આનંદસ્વરૂપે ભગવાન છે એને આનંદરૂપે થવું—પરિણમવું લીનતા એનું નામ ચારિત્ર છે. આહા..હા..! એ વીતરાગમાર્ગમાં તો આ માર્ગ છે. કલ્પિત કરીને ઊભા કર્યા છે માર્ગ એમાં આ વાત હોતી નથી. આહા..હા..!

**'એ રીતે એમ ફલિત થયું...'** એમ એનો સાર આવ્યો, તાત્પર્ય નીકળ્યું **'કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું...'** એકલું આત્માનું ભવન છે, એમ કહે છે. એકલું નામ પંચમહાવ્રતના પરિણામ એ બેકલું એમ નથી. આહા..હા..! ડોક્ટરમાં દવાના ને બધા ચોપડા તપાસતા હોય, આ પણ ચોપડો જુઓ તો ખરા શું છે આ. આ જન્મ-મરણ મટાડવાનો ચોપડો છે. આહા..હા..! અરે..રે..! જિંદગી ચાલી જાય. પાંચ-પચાસ લાખ પૈસા થાય, જગતમાં કાંઈક રળીને કમાણો કહેવાય, કમાણો કહેવાય, છે તો હારી ગયો છે, કમાણો નથી.,ખોટ ગઈ છે આત્મામાં. આહા..હા..! પૈસા તો દુઃખનું નિમિત્ત છે. પૈસા સુખનું નિમિત્ત નથી. આહા..હા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરુ એ બધા દુઃખના નિમિત્ત છે. આહા..હા..! સુખનું કારણ તો ભગવાન આત્મા છે. આહા..હા..! એ તો આવી ગયું નહિ? વીતરાગ આનંદ સવારમાં આવ્યું હતુંને. વીતરાગી આનંદ છે એ આત્મામાં છે. આહા..હા..! એ પૈસામાં પણ નથી, બાયડીમાં પણ નથી, સારા લૂગડા અને કપડા પહેરે એમાં પણ નથી ને મોટો હજીરો દસ લાખનો, ચાલીસ લાખનું મકાન હોય મોટું. કરોડનું કરે તોપણ દુઃખનું નિમિત્ત છે. આહા..હા..!

**'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર...'** આ સમ્યગ્દર્શન-જ્ઞાન કોણ? નિશ્ચય. સ્વભાવ વસ્તુ છે આત્મા ચૈતન્યમૂર્તિ આનંદકંદ પ્રભુ છે. પણ કેમ બેસે? આનંદકંદ છે એ વાત બેસે નહિ એને. આહા..હા..! આત્મા એટલે એ હોય આ કામ કરે, બોલે ચાલે એ આત્મા. બોલે-ચાલે એ તો જડ છે. આત્મા ક્યાંથી બોલે? અને આત્મા બોલે? આહા..હા..! આત્મામાં તો પુણ્ય અને પાપના વિકલ્પો છે એ આત્મામાં નથી. એ તો આસ્રવતત્ત્વ છે, અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વ ભગવાન આત્મામાં ક્યાંથી હોય? આહા..હા..! અરે..! એની ખબરું ન મળે કોઈ. એ અહીં કહે છે.

**'એકલું...'** ભાષા એમ છે જોયું. **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (-પરિણમન)** જ છે.' આહા..હા..! આહા..હા..! એ જ્ઞાન એટલે આત્મા. આત્મા એટલે વીતરાગી સ્વભાવ, એનું પરિણમવું, એકલું પરિણમવું, એકલા આત્માનું પરિણમવું. એમાં કર્મના અભાવની અપેક્ષા નહિ અને વ્યવહારરત્નત્રયના સદ્ભાવની અપેક્ષા નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! શું આ વાતું! વ્યવહારના સદ્ભાવની અપેક્ષા નહિ અને કર્મના અભાવની અપેક્ષા નહિ. આહા..હા..! એને આત્માની અપેક્ષા નહિ. એકલો આત્મા સ્વયં તે સમયે નિશ્ચયથી તો એ દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ ષટ્કારકરૂપે પરિણમતા પ્રગટ થાય છે. આહા..હા..! જેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. તેથી કીધુંને આત્માનું પરિણમવું, વસ્તુ વીતરાગપણે પરિણમે એ તો પર્યાય થઈ. આત્મા પર્યાયમાં આવતો નથી. આહા..હા..! અરે..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ વીતરાગપણે (પરિણમતા) વીતરાગી આત્માનું પરિણમન છે. એ પરિણમનમાં દ્રવ્યસ્વભાવ આવતો નથી અને પરિણમનને ખરેખર દ્રવ્યસ્વભાવની અપેક્ષા પણ નથી. આહા..હા..! ફક્ત એ રૂપે આમ થાય છે. આહા..હા..! શું કહે છે આમાં કાંઈ.

**શ્રોતા :—** ઘડીકમાં આત્મા પરિણમે છે એમ કહો અને ઘડીકમાં આત્મા નથી પરિણમતો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પરિણમે છે એ પર્યાયથી પરિણમે છે એમ કહેવું છે. દ્રવ્યથી પરિણમતો નથી. દ્રવ્ય તો ધ્રુવ છે. આહા..હા..!

આત્માનું પરિણમવું એટલે એકલું જ્ઞાનનું ભવન. એટલે દ્રવ્યનુંવસ્તુનું પરિણમનભવન. આહા..હા..! વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ એનું ભવન છે. એનો અર્થ તો આવી ગયો હતો આપણે. એ એનું ઘર છે, એ એનું સ્થાન છે. રાગ અને પુણ્યના પરિણામ એ એનું સ્થાન-ઘર નહિ, એ તો પરઘર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં રાજી થાય લોકો બહારથી કહેને, આમ અપવાસ કરો, છઠ કરો, અઠ્ઠમ કરો. સહેલું હતું એણે કર્યું હતું. માની બેઠા હતા કે ધર્મ છે. ઊંધુ મિથ્યાત્વ હતું. એણે બાર મહિના અપવાસ કર્યા હતા. વર્ષીતપ કર્યો હતો. બાયુમાં તો કરે પણ આદમીએ કરેલો. પાછા લાખોપતિ માણસ હતા. એમ કે બહારમાં શોભા થાય ને લોકો વખાણ કરે કે ઓહો..હો..!

**શ્રોતા :** એ વખતે તો એનાથી ધર્મ થાય એમ જ માનતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** ધર્મ થાય એમ માનીને જ કરતાં હતાને. આહા..હા..! અપવાસ ને છઠ-અઠ્ઠમ ને એ તો બધો વિકલ્પનો ભાગ છે. 'હું અપવાસ કરું, આહાર છોડું' એ તો વિકલ્પ રાગ છે, એ તપસ્યા નથી અને એ ધર્મ નથી. આહા..હા..! શું થાય? એ તો આવી ગયું નહિ આપણે આમાં? વ્રત, નિયમ, શીલ, તપ. છેને? ૧૫૪માં. એ બધા શુભકાર્યો, શુભરાગ છે. આહા..હા..! શુભકર્મ છે, શુભરાગ છે. એને દુનિયા ધર્મ માને છે અજ્ઞાની. આહા..હા..! ૧૫૪માં આવી ગયુંને? '**વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મો...**' એ તો બધા શુભરાગના કાર્ય છે. આહા..હા..!

**શ્રોતા :—** તપથી તો નિર્જરા થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** તપ કેવો તપ? અમૃતના આનંદનું પરિણમન થવું. સોનું જેમ ગેરુ લાગતા ઓપે ને શોભે છે, એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમાં લીન થઈને અતીન્દ્રિય આનંદની પરિણતિથી ઇચ્છા નિરોધ અને અમૃતના સાગરનું ઉછળવું એવી દશાને પ્રતપંતિ ઇતિ તપ કહે છે. નિયમસારમાં છે. સમજાણું કાંઈ? આ તો બધી લાંઘણું છે. બાયું-બાયું વર્ષીતપ કરે અને પછી ધણી ઉજવે બે-પાંચ દસ હજાર ખર્ચીને. બધા અજ્ઞાન અને મૂર્ખાઈ છે. આહા..હા..! મોટી અહીં આવેલી છે. જયસંગભાઈના દીકરાની વહુ. મીલ માલિક, જયસંગભાઈ અમદાવાદવાળા. એના દીકરાની વહુએ કર્યો હતો અઠ્ઠમ તો આખી સ્પેશ્યલ (ટ્રેઈનમાં) પાણિતાણા લઈ ગયા હતા. કેટલો પોણો લાખ રૂપિયા ખર્ચ્યા હતા. આહા..હા..! બહારમાં કેવું થાય! બલુભાઈએ વર્ષીતપ કર્યો. ઓહો..હો..! મિથ્યાત્વ સેવ્યું હતું. એ બધા માનનારા રિપોર્ટ આપનારા પણ કેવા? રિપોર્ટ આપનારા બધા મૂઢ મિથ્યાદષ્ટિ બિચારા, એને કાંઈ ખબર ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

ધર્મી કહેવાય. ત્યારે કહેવાયને. દુકાને બેસે છે કાંઈ? રોટલા ખાતો નથી, પાણી પીતો નથી, બાયડીને એ વખતે બ્રહ્મચર્ય પાળે બાર મહિના પાછું. વર્ષીતપમાં બ્રહ્મચર્ય પાળે. તો હવે એણે શું પાપ કર્યું ત્યાં? અરે..! સાંભળને હવે. આહા..હા..! એ અપવાસમાં રાગની મંદતા થઈ તેને ધર્મ માન્યો એ મિથ્યાત્વનું પાપ લાગ્યું. બાબુભાઈ! આવું છે, બાપુ માર્ગ તો. દુનિયાને રિપોર્ટ આપનારા પણ એવા અને લેનારા પણ એવા. માર્ગ તો આ છે. એ તો એને બેસતું નથી એની દૃષ્ટિનો વિરોધ કરે છે. આહા..હા..! માર્ગ તો આવો છે, બાપુ! વીતરાગ ત્રિલોકનાથ જિનવરનો માર્ગ તો વીતરાગ પર્યાયથી ઊભો થાય. એ રાગથી ધર્મ થાય એ જિનમાર્ગ નહિ, વીતરાગમાર્ગ નહિ. એ અજ્ઞાનીનો માર્ગ છે. આહા..હા..! રસિકભાઈ! એ બધા સ્થાનકવાસીમાં શેઠિયા હતા. હતા કીધુંને. આહા..હા..! અરેરે..! બાપુ!

અહીં શું કહે છે જુઓને. ભાષા શું છે? કે ત્રણનો સાર એ નીકળ્યો કે **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન...'** એકલા આત્માના વીતરાગપણાનું થવું એ જ છે. આહા..હા..! એટલી લીટીમાં તો કેટલું નાખ્યું છે! **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન...'** સજાતિય આત્મા એકલો વીતરાગભાવે પરિણમે. એમાં રાગની મદદ નહિ, રાગની અપેક્ષા નહિ.. આહા..હા..! વ્યવહારના શ્રદ્ધા-જ્ઞાનની પણ જેને અપેક્ષા નહિ. કારણ કે એ તો વિજાતીય છે. એકલો ભગવાન પૂર્ણાનંદનો નાથ આનંદપણે થાય, અતીન્દ્રિય આનંદપણે પરિણમે એ મોક્ષનો માર્ગ એક જ છે. આહા..હા..! આ વળી બે મોક્ષમાર્ગ કહે છે એને પણ ઉડાવી દીધા. આહા..હા..!

**'માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.'** લ્યો છે? **'માટે જ્ઞાન જ...'** જ્ઞાન એટલે આત્મા નિર્મળાનંદ વીતરાગી પ્રભુ, એ જ એનું પરમાર્થે મોક્ષકારણ છે. આહા..હા..! અરે..! આત્મા કોણ છે એની એને ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય. ગજબ છેને! વર મૂકીને જાન જોડી દીધી. **'માટે જ્ઞાન જ...'** જ્ઞાન એટલે આત્મા. આત્મા વીતરાગમૂર્તિ અવિકારીસ્વભાવસ્વરૂપ એ આત્મા અવિકારપણે, વીતરાગપણે પરિણમે એ એક જ મોક્ષનું કારણ છે.

એ તો (સંવત) ૧૯૯૦ની સાલમાં કહ્યું હતું. ચોમાસુ ત્યાં હતું સદરમાં. ગામમાં હતું ચોમાસુ, પરષોત્તમ. અહીં તો વાત ચાલતી હતી કે વર્ષીતપ બધા કરે છે એ બધા રાગની મંદતામાં ધર્મ માને છે, મિથ્યાત્વ છે. એ ગામમાં વાત ચાલી. બિચારા લાખોપતિની વહુ છોકરાની, પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ.. એ વર્ષીતપ કરે ઊભા ઊભા બિચારા. અરે..! ધૂળ નથી. એ તો કાયક્લેશ છે. આહા..હા..! ૯૦ની સાલ. પરષોત્તમજી ચોમાસુ ગામમાં હતા અને મારું ચોમાસુ સદરમાં હતું. આ વાત ચાલતી હતી ત્યાં. આ વર્ષીતપ અને ફર્ષીતપ એ બધો ધર્મ નથી. આહા..હા..! એ તો રાગની ક્રિયા મિથ્યાત્વસહિત પુણ્ય બંધાય, રાગની મંદતા રાખતો હોય તો. દુનિયામાં દેખાવા માટે, ઉજવવા માટે કરતા હોય તો પાપ બંધાય. આહા..હા..!

સમજાણું કાંઈ?

અહીં એ કહે છે, **'આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન જ છે.'** એટલે શું કહ્યું? કે આત્માના સ્વભાવમાં તો અનંત ધર્મો છેગુણો. એમાં અસધારણ એક જ ગુણ એવો છે કે જ્ઞાન તે અસાધારણ. જે જ્ઞાન છે તે બીજા કોઈ દ્રવ્યમાં નથી અને જ્ઞાન છે તે સ્વપરને જાણે એવો બીજા કોઈ ધર્મનો-ગુણનો સ્વભાવ નથી. આત્માના અનંતા ગુણો છે એમાં જ્ઞાનનો એક જ ગુણ સ્વપરને જાણવાનો છે. શ્રદ્ધા, સુખ એ નથી જાણતા પોતાને, નથી જાણતા જ્ઞાનને. શું કીધું એ? આત્મામાં જે ચારિત્ર ધર્મ થાય એ નથી જાણતો પોતાને અને નથી જાણતો એ જ્ઞાનને. જ્ઞાન જે છે એ જાણે છે પોતાને અને જ્ઞાન છે તે જાણે છે બીજા ધર્મનેગુણને. આહા..હા..! માટે તેને અસાધારણ ગુણ કહ્યો. એના જેવો બીજો કોઈ છે નહિ. **'સ્વરૂપ જ્ઞાન જ છે.'**

**'વળી આ પ્રકરણમાં...'** એટલે આ અધિકારમાં **'જ્ઞાનને જ પ્રધાન કરીને વ્યાખ્યાન છે.'** જ્ઞાન એટલે વીતરાગી પરિણતિ, એમ. ઓલા રાગનો ભાગ જે આવે એ મોક્ષનો માર્ગ નથી માટે જ્ઞાનનું પરિણમન એ ઓલું રાગનું પરિણમન નહિ એમ. આહા..હા..! જ્ઞાનને મુખ્ય કરીને વ્યાખ્યાન છે. શેનું મુખ્ય કરીને? શેને માટે? આત્માને માટે. **'તેથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રએ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે...'** એ જ્ઞાન એટલે આત્મા. **'એમ કહીને જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. જ્ઞાન છે તે અભેદ વિવિક્ષામાં આત્મા જ છે...'** જોયું! જ્ઞાન અને આત્મા અભેદ કથન છે. જ્ઞાન તે જ આત્મા. જાણે... જાણે... જાણે... જાણે... જાણે... જાણે... જેનામાં જણાય તે જ્ઞાન. જ્ઞાન તે આત્મા. આહા..હા..! ચૈતન્યપ્રકાશની મૂર્તિ તે આત્મા.

**'એમ કહીને...'** અભેદ વિવિક્ષામાં. અભેદ કથન વિવિક્ષા એટલે. જ્ઞાન અને આત્માનું એકરૂપ કહીને અભેદ કથનથી જ્ઞાનને જ આત્મા કહ્યો છે. આ જ્ઞાન એ જ આત્મા છે. **'એમ કહેવામાં કાંઈ પણ વિરોધ નથી. માટે ટીકામાં કેટલેક સ્થળે આચાર્યદેવે જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞાન શબ્દથી કહ્યો છે.'** જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞાનસ્વરૂપ કહ્યો છે. છે તો જ્ઞાનસ્વરૂપ એનો ગુણ, છતાં એ જ્ઞાનસ્વરૂપને આત્મા કહ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. હવે આમાં ક્યાં પકડવું? માંડ-માંડ મજૂરી કરીને નવરા થાતા ન હોય દુકાનના ધંધા આડે. એ મજૂરી છેને આખો દિ', બીજું શું છે? મોટા મજૂર. ઓલા મજૂર તો ૮ થી ૧૨ સુધી કામ ચાર કલાક કરે અને બપોરે ૨ થી ૬. એમાં પણ વળી અડધો કલાક પેશાબ કરવા જાય, દિશાએ-બિશાએ જાય કરીને કાઢે. આ તો ભાઈસાહેબ સવારે ઊઠે ૬ થી રાતના ૮-૯ વાગ્યા સુધી.

**શ્રોતા :–** નોકરી જ એવી હોય, એમાં શું કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ એમના દીકરાની વાત કરે છે. એની તો નોકરી એવી છે.

૮ હજારનો પગાર મહિનાનો સુમનભાઈને. નથી આવ્યું એ? એ તો ઠીક હવે એનો. આ તો ત્યાં એવો એનો માણસ છે કે એને ત્યાં આખો દિ' રહેવું પડે. એક ખાવા આવવા દે. આવી તે નોકરી. આવા મજૂર મોટા. વખત ન મળે. તોપણ ... હોં! દિવસના સાંભળવાનો (સમય) લ્યે. બેય વાર સાંભળવાનું... આહા..હા..!

અમારે કુંવરજીભાઈ હતા એ એમ કહેતા, પાલેજવાળા. સવારથી ૬ થી તે રાત સુધી બધાને જગાડીશ અને હું કામ કરીશ. ઓલા છોકરાઓ કહે, પણ બાપા! હવે શું કરવું છે આટલું બધું તમારે? નહિ. સવારે વહેલો ઊઠીશ. બધા નોકરોને જગાડીશ. દુકાન પણ મોટી, નોકરો પણ ખરા. જગાડીને હું કામ બધું લઈશ. પણ કોના માટે? અમે કહીએ છીએ ના પાડીએ છીએ તમને હવે. અમારા માટે કરતા હતા તો હવે અમે ના પાડીએ છીએ. આહા..હા..! પણ છતાં મજૂર મોટા.

**શ્રોતા :—** છોકરાઓને શું ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમાં કર્યું શું? પુણ્યને લઈને થયું. એમાં દાળિયા શું થયા? બુદ્ધિ કેટલી હતી એ બધી ખબર છે અમને. શેઠ કહે એમાં શું થઈ ગયા દાળિયા એમાં. શેઠ બેઠા હેઠ. આહા..હા..! ચંદુભાઈ! આખો દિ' કામ પાપના એકલા હવે એને ધર્મ તો નથી પણ પુણ્યના પણ ઠેકાણા નથી. સત્ સમાગમ, શાસ્ત્ર સાંભળવા, વિચારવા બે-ચાર કલાક એ તો પુણ્ય છે એના પણ ઠેકાણા નથી. ધર્મ તો છે નહિ. આહા..હા..! ગતિ સુધરે કે મનુષ્યપણું મળે કે દેવપણું એના પણ ઠેકાણા નથી. ચોવીસ કલાકમાં બે કલાક કદાચિત એક કલાક સાંભળવા જાય, તો ઓલા માથે એ ધર્મ બતાવે કે એ વ્રત કરો અને તપ કરો એ ધર્મ. આવું મિથ્યાત્વનું સાંભળે. આહા..હા..! શ્રીમદ્ રાજચંદ્ર કહે છે શ્રીમદ્ તો. ૨૩ કલાક બિચારા માંડ .. હોય, એક કલાક જાય તો કુગુરુ લુંટી લે એનો કલાક. આહા..હા..! અરેરે..! શું થાય? એમ જિંદગી (ચાલી જાય). વાણિયા તો એને કાંઈક પાંચ-દસ લાખ મળ્યા એટલે સલવાઈ ગયો, થઈ રહ્યું અંદરમાં. છેતરાઈ ગયો. ધર્મને બહાને છેતરાણા છે અત્યારે તો. આહા..હા..! પાપમાં તો મરી ગયા છે બિચારા. આહા..હા..! એવું છે, ભાઈ!

મેં તો એને કહ્યું હતું ૬૬ની સાલમાં. ૬૬માં હોં! દીક્ષા પહેલાં. કુંવરજીભાઈ આ તમારી સ્થિતિ મને એવી લાગે છે કીધું. હું તો ભગત કહેવાતોને ત્યારે પણ. શાસ્ત્ર વાંચન, દુકાન ઉપર વાંચન શાસ્ત્રનું વાંચન, જાવજીવના ચોવિહાર, રાત્રે આહાર-પાણીનો ત્યાગ ૬૫ની સાલથી. ૬૫ની સાલથી રાત્રે આહાર-પાણીનો ત્યાગ. પાણી નહિ અને આહાર નહિ. દુકાને ધંધો કરીએ પણ સાંજે આહાર અસ્ત પહેલાં કરી લઈએ. પછી આહાર (નહિ). તમે તમારું જાણો કીધું. એને કહ્યું એકવાર હોં. ભાઈ! તમને આવી મમતા એવી દેખાય છે. બે લાખની પેદાશ. દસ લાખ રૂપિયા રોકડા માલ. મરીને ઢોર થાશો, યાદ રાખજો. આહા..હા..! ૬૬ની વાત છે. તે દિ' તો પૈસા ઓછા હતા પણ પેદાશ હતી. પાંચ-પાંચ હજારની પેદાશ. પછી વધી ગઈ બે

લાખની થઈ. ૬૬ની વાત છે. તે દિ'તો મનહરનો જન્મ પણ નહિ હોય. ફાવાભાઈ હતા ફાવાભાઈ. ગાંડાભાઈ હતા. આહા..હા..! આ શું કરો છો? આખો દિ' આ ચોવીસ કલાકમાં ક્યાંય કોઈ સત્‌સમાગમ (નહિ), ગામમાં સાધુ આવે તો રાતે ૮ વાગે તો જાય. એને આહાર-પાણી કે કોઈ કાંઈ નહિ. હું ભગત કહેવાતો, તો હું જાવ દુકાન છોડીને. ભાઈ! આને આહાર-પાણી વહોરવા ક્યાંક આપણે. અમારા ઘરમાં ૩૦ માણસ એટલે મોટું ઘર. રાતડિયા કહેતા એ લોકો. સાધુ કહેતા કે રાતડિયા શ્રાવક આવ્યા. રાતે આઠ વાગે આવે. આખો દિ' સાધુ પાસે જાય જ નહિ. દર્શન કરવા પણ ન જાય. એટલા લોહવાટિયા. મોટા મજૂરો. એય..!

અહીં કહે છે કે પ્રભુ! એમાંથી છોડીને થોડો સત્‌સમાગમ, વાંચન-શ્રવણ (કરે તો) એ પુણ્ય છે. એ પણ હજી પુણ્ય છે. એમાં પણ ઠેકાણા તારા નથી અને ધર્મ તો ક્યાં હતો? આહા..હા..! તારાચંદજી! એ સાચો સમાગમ, સાચા શાસ્ત્રનું વાંચન એવું કરે તો બે-ચાર કલાક કરે તો એને પુણ્ય બંધાય. પુણ્ય બંધાય હોં! ધર્મ નહિ. આહા..હા..! ધર્મ તો એ પુણ્ય ને વાંચનનો જે વિકલ્પ છે એનાથી ભિન્ન આત્મા... આહા..હા..! વીતરાગ મૂર્તિ પ્રભુ, પણ વીતરાગપણું તો કેવળી થાય ત્યારે વીતરાગ હોય. આ આત્મા અત્યારે વીતરાગ હશે? અરે..! એ તો પર્યાયમાંઅવસ્થામાં વીતરાગ ભગવાન થાય છે. વસ્તુ તો વીતરાગપણે ત્રિકાળી પડી છે. ત્રિકાળી વીતરાગમૂર્તિ જ ભગવાન છે આત્મા. પણ એને ક્યાં (સાંભળવા નવરાશ છે). બે બીડી વિના (પાયખાને જંગલ ઉતરે નહિ.), બે બીડી સરખી પીવે ત્યારે પાયખાને જંગલ ઉતરે. આવા તો અપલક્ષણના પાર નહિ. હવે એને કહેવું કે તું ભગવાન છો. આહા..હા..! ક્યે માપે માપે? ગજ ક્યાં છે એની પાસે. અરેરે..!

અહીં કહે છે કે આત્મા એમ કહેવામાં આવ્યું કે આત્મા .. માટે આચાર્યદેવે જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞાન શબ્દથી કહ્યો છે. એ આત્મા વીતરાગમૂર્તિ છે તે વીતરાગપણે પરિણમે છે. એકલો આત્મા સજાતિય જેને વિજાતીયની અપેક્ષા નથી એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સજાતિય પરિણમે તેને મોક્ષનું કારણ કહે છે. આહા..હા..!

'**હવે, પરમાર્થ મોક્ષકારણથી અન્ય જે કર્મ તેનો નિષેધ કરે છે :-**' આત્માનું જે વીતરાગી સ્વભાવથી પરિણમવું એ જ મોક્ષનું કારણ (છે) અને એ સિવાય જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એ બધો રાગ છે, પુણ્ય છે, ધર્મ નહિ. એ વાત કરે છે હવે.

मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति।
परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ।।१५६।।

**વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,**
**પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.**

આહા..હા..! '**ટીકા :— પરમાર્થ મોક્ષહેતુથી જુદો,...**' પરમાર્થે જે આત્મા વીતરાગસ્વરૂપે

પરિણમવું એવો જે મોક્ષનો માર્ગ, મોક્ષનો હેતુ કહો કે માર્ગ કહો, એનાથી જુદો '**વ્રત, તપ વગેરે શુભકર્મ...**' એ વ્રતના ભાવ અને અપવાસના ભાવ તપના એ બધા શુભ પુણ્ય છે. એ તો શુભભાવરૂપી કર્મ રાગ છે. આહા..હા..! ખરેખર મોક્ષના કારણથી જુદો એટલે કે આ વ્રત, તપ એ મોક્ષનું કારણ નહિ. આહા..હા..!

અહીં તો તપ કરે, અપવાસ કરે ને એક અઠ્ઠમ કરે અને અઠ્ઠમ ઉપર એક પોરસી ચડાવે તો પચ્ચીસ અપવાસનું (ફળ મળે). ધર્મ કહે એ તો, પણ પુણ્યે કહોને તો પુણ્ય પણ નથી એને. અઠ્ઠમ કરેને પછી એક પોષો ચડાવો તો પચ્ચીસ અપવાસનો ધર્મ થાશે. આહા..હા..! અહીં તો કહે છે કે પરમાર્થે વીતરાગસ્વરૂપી ભગવાન, એનું જે વીતરાગપણે નિર્દોષપણે, અતીન્દ્રિય આનંદપણે થવું તે મોક્ષનો હેતુ નામ કારણ છે. એનાથી અનેરી ચીજ કોણ? વ્રત અને તપ વગેરે. ઓલામાં ચાર બોલ હતા. આમાં બે કરી નાખ્યા. ૧૫૪માં ચાર હતાને. '**વ્રત, નિયમ, શિલ, તપ...**' અહીં વ્રત અને તપ બે કરી નાખ્યા. એ અપવાસના કરવા ને એ બધા તપ, એ બધું શુભ પુણ્ય છે. એ રાગની મંદતા રાખતા હોય તો. દુનિયાને દેખાડવા અને આબરૂ માટે (કરતાં હોય કે) અમે આમ કરીએ, અમે આમ કરીએ તો એકલું પાપ બાંધે. આહા..હા..!

'**પરમાર્થે મોક્ષહેતુ...**' એટલે મોક્ષનું કારણ. એનાથી '**જુદો,...**' એટલે મોક્ષનું કારણ નહિ. આહા..હા..! '**વ્રત, તપ વગેરે શુભકર્મ...**' શુભકર્મ એટલે શુભ પુણ્ય. એ સ્વરૂપે '**મોક્ષહેતુ કેટલાક લોકો માને છે,...**' કેટલાક લોકો અજ્ઞાની શુભ પરિણામને મોક્ષનો હેતુ માને છે. આહા..હા..! '**તે આખોય નિષેધવામાં આવ્યો છે;...**' આખોય. અરેરે..! ક્યાં મળે? બાયડીએ વર્ષીતપ કર્યા હોય ને પછી કાંઈક ઘર ઠીક હોય એટલે ઉજવણું કરો. નહિતર આ લાંઘણું કરી છે આ? એમ બોલે. ઓલા મરેને જ્યારે? મરેને પછી છાજિયા લે. ખબર છે? છાજિયા લે. એ બરાબર છાજિયા ન લે તો કહે, આ લાકડું ભાગ્યું છે? કેમ છાજિયા નથી લેતા? આ બધું સાંભળેલું છે હોં. એક ફેરી ત્યાં અમે દડવામાં હતા. દડવા- દડવા છેને અમારે ઉમરાળા પાસે.

**શ્રોતા :—** છાજિયા લેવા બોલાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બોલાવે. અને એ બોલે. બોલનાર એવું બોલે જો સરખાઈના હાથ ન લે તો કહે, લાકડુ ભાંગ્યું છે કે શું છે આ? છાજિયા કેમ સરખા લેતા નથી? આહા..હા..! એમ આ કહે કે અપવાસ કર્યા અને ઉજવણું નથી કરતાં તો લાંઘણું કરી છે કે શું અમે? બધું સરખું છે. આહા..હા..! આ બધું સાંભળેલું હોં! દડવામાં. ૮૧ની વાત છે. આ છાજિયા નથી કહેતા? શું કીધું? છાતી કૂટના. બાયુ કૂટેને આમ-આમ. આહા..હા..! એમાં સરખી છાતી સાથે બરાબર અવાજ ન આવે તો ઓલા બોલે, શું છે આ? છાજિયા લેતા આવડતા નથી સરખા? અરર..ર..! એમ આત્માને નામે આ વ્રત ને તપ કરીને ધર્મ માને એ છાજિયા લે છે બધા. આહા..હા..! શું થાય? વીતરાગમાર્ગ પડ્યો રહ્યો એક કોર અને બીજે ચાલે ... અવતાર

ખલાસ થઈ જાય છે. આહા..હા..! અરે..! સાંભળવાને મળે નહિ બિચારા કરે શું? એ ક્યાં જાય?

એ અહીં કહે છે. '**કેટલાક લોકો માને છે,...**' એટલે એમ લેવું ત્યાં વિદ્વજ્જન. પાઠમાં છેને? વિદ્વાનો શાસ્ત્ર વાંચીને એમાંથી વ્યવહાર કાઢે છે. છે પાઠ? એનો અર્થ તેથી કરવો પડ્યોને અહીં? કે વિદ્વજ્જનો ભૂતાર્થ તજી.. છે? '**मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति**' આત્મા નિશ્ચયનો વિષય વીતરાગપણું એને છોડી દઈને વિદ્વાનો વ્યવહારમાં વર્તે છે. એટલે? શાસ્ત્રમાંથી શોધીને વ્યવહાર કાઢે છે. આહા..હા..! વિદ્વજ્જનો વિદ્વાનો ભણી-ભણીને શાસ્ત્ર કાઢ્યા. એમાં આવા વ્રત ને તપ ને નિયમને એને મોક્ષનો માર્ગ કાઢે એ વિદ્વજ્જનોએ. પણ '**परमट्ठमस्सिदाण दु**' ભગવાન આત્મા આનંદસ્વરૂપ, એના આશ્રયમાં ઠરે દર્શન-જ્ઞાન-ચારિત્ર તેને મોક્ષ છે. એ વ્રત ને તપ કરનારા વ્યવહારવાળા એ મોક્ષ નથી, બંધનું કારણ છે. સમજાણું કાંઈ? અહીંયાં તો.. એ વખતે પણ એવા હશે. એ વખતે એવા હશે વ્યવહારને પણ ધર્મ માનનારા એટલે કહ્યું વિદ્વજ્જનો. શાસ્ત્ર વાંચ્યા છે, શાસ્ત્ર ભણ્યા છે એ પણ જ્યારે વ્યવહારથી આત્માને મોક્ષ થાય એમ માને છે (એ) અજ્ઞાન છે. આહા..હા..! છે ને પાઠ ઈ છેને? વિદ્વાન છેને. વિદ્વાનો અર્થ છેને? ગાથાર્થ. ગાથાર્થ છે ઉપર. '**નિશ્ચયનયના વિષયને છોડીને...**' એટલે ભગવાન પૂર્ણાનંદનો નાથ તેના ધ્યેયને છોડી દઈને '**विद्वांसः**' નામ '**વિદ્વાનો વ્યવહાર વડે પ્રવર્તે છે;...**' એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપમાં પ્રવર્તે છે. '**પરંતુ પરમાર્થને (-આત્મસ્વરૂપને) આશ્રિત યતીશ્વરોને જ કર્મનો નાશ આગમમાં કહ્યો છે.**' આહા..હા..! મુનિઓને તો અંતર આનંદમાં રમવું એને મોક્ષનું કારણ કહ્યું છે. આહા..હા..! આનંદ શું ને દુઃખ શું ને કાંઈ ખબર નહિ. વ્રત અને તપનો ભાવ છે એ દુઃખ છે, રાગ છે, આકુળતા છે. પણ એને ખબર (નથી), હજી આનંદ જોયો હોય ત્યારે આકુળતાની ખબર પડેને. કોની સાથે મિંઢવે? બીજો માલ હોય તો તો મેળવે. આહા..હા..!

યતિને, મુનિઓને. યતિ એટલે મુનિ. સંતને તો અંદર આત્માને આશ્રયે મોક્ષનો માર્ગ થાય છે. આહા..હા..! અને વ્યવહારમાં વિદ્વાનો વર્તે તેને બંધકારણ થાય છે. એ બંધના કારણને અજ્ઞાનીઓ મોક્ષનું કારણ માને છે એ અજ્ઞાન અને મિથ્યાત્વ છે. આવો માર્ગ છે, ભાઈ! પછી ઘણાને ન રુચે એટલે.. કાલે ઈ આવ્યું હતું. ..નું. કૃષ્ણિ પંડિત. અહીંની લાગણીવાળો છેને. હજારો કાગળ આવ્યા છે મારી પાસે. આ જે કર્યું છે ગોહાટીમાં એના વિરોધના. પણ હું બધાનું ક્યાં આપું? આપણે આવી ગયું છે. અહીં વાંચ્યું હતું. આજે ફરીને આવ્યું છે. બધાને વંચાવજો. વાંચીને ... આવ્યો છે, આવ્યું છે. આવ્યું છે. શેઠિયાઓએ એટલો પક્ષ કર્યો એટલો કે આ સોનગઢના શાસ્ત્રોને પાણીમાં નાખવા, ફાડવા એ ઘણો અવિનય કર્યો છે, અશાતાન કરી છે. ગમે તે શાસ્ત્ર, ગમે તે સંસ્થાથી, કુંદકુંદાચાર્યના શાસ્ત્રો ગમે તે સંસ્થાથી બહાર પડેલા હોય એનો અવિનય કરવો મહામોહનીયકર્મ બાંધે છે. કેટલા આચાર્યે કુદરતે ધર્મનો... શાસનના

પુણ્ય, શેઠિયાઓ બધા. મોટા મોટા શેઠિયાઓ આ વાત કરવા મંડ્યા અત્યારે.

**શ્રોતા :—** શાસન કોઈ વ્યક્તિ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ પછી એમ જ કહેવાયને. મારા પુણ્ય છે એમ કાંઈ કહેવાય? સમજાણું કાંઈ? શાહુજી શાંતિપ્રસાદ ૪૦ કરોડ રૂપિયા, ઓલો ૨૦ કરોડ રાજકુમારસિંહ, ઈંદોર, ભાલચંદજી–અજમેર બધાએ સહી કરી છે. બધાની સહી છેને. શેઠિયાઓની. જેટલા મોટા મોટા શેઠિયા ને બધા. સોનગઢના સાહિત્યને જેણે પાણીમાં નાખ્યા એણે મહાપાપ બાંધ્યું છે. મોટું પાપ આમાં સખત કરીએ છીએ કે આખા સમાજને ચેતવીએ છીએ કે આવું ફરીને પુનરાવર્તન ન થાય. બાપુ! આ માર્ગ જુદો, ભાઈ! એને સાંભળવા મળ્યો ન હોય એટલે કાંઈ બીજું સત્ય થઈ જાય? સત્ય તો છે ઈ છે. આહા..હા..! આમાં વિદ્વાનો શાસ્ત્રમાંથી ગોતીને વ્યવહાર પ્રધાનતાને મોક્ષ માને એ વાત કહી છે. જેઠાલાલજી! શાસ્ત્ર (વાંચીને) એમાંથી વ્યવહાર કાઢ્યો. આહા..હા..!

૧૧મી ગાથામાં કહ્યું છેને ભાઈએ. અર્થમાં ભાઈએ કે શાસ્ત્રમાં પણ વ્યવહારને નિમિત્ત દેખીને, હસ્તાવલંબ દેખીને ઘણો અર્થ કર્યો છે, ઘણું લખાણ છે, પણ એનું ફળ સંસાર છે. ૧૧મી ગાથા, સમયસાર. સમજાણું કાંઈ? છે? ૧૧મી. ૨૫ પાને છે. છે? પહેલેથી બીજી લીટી, ૨૫ પાને. **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** એ રાગનો, ભેદનો પક્ષ તો અનાદિ કાળથી (છે), એ કાંઈ નવો નથી. **'અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** એ વ્યવહારનો જ ઉપદેશ જગતના પ્રાણી માહોમાંહ કરે અને બીજાને સારું લગાડે છે અને બીજા પણ કહે, વાહ..વાહ..! આહા..હા..! છે? બે.

**'જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;...'** એ કાઢે વિદ્વાનો એમ કહે છે અહીં. છે? **'જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે.'** આહા..હા..! આ તો જયચંદ્ર પંડિત લખી ગયા છે. શાંતિભાઈ! છે? જિનવાણીમાં વ્યવહાર ઘણો કહ્યો છે. કારણ કે વ્યવહારથી સમજાવ્યા વિના બીજો કોઈ ઉપાય નથી, પણ એ વ્યવહારનું ફળ સંસાર છે. આહા..હા..! આ પંડિતે આ કાઢ્યું અને ઓલા પંડિતે વ્યવહાર કાઢ્યો. આ ચાલતી ગાથા.

વિદ્વજનો આહા..હા..! **'વ્રત, તપ વગેરે શુભકર્મસ્વરૂપ મોક્ષહેતુ કેટલાક લોકો...'** એટલે વિદ્વાન લોકો **'માને છે, તે આખોય નિષેધવામાં આવ્યો છે;...'** ભગવાનની વાણીમાં ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ, વ્રત ને શીલ એ બધો શુભ છે, એ મોક્ષમાર્ગનો નિષેધ કર્યો—એ મોક્ષમાર્ગ નથી. **'આખોય નિષેધવામાં આવ્યો છે;...'** કથંચિત્ વ્યવહાર લાભ કરે અને કથંચિત્ વ્યવહાર નહિ એમ નહિ. આખોય નિષેધવામાં

આવ્યો છે. આહા..હા..! છે કે નહિ? તે દિ' આ સાંભળ્યું નહિ હોય, વાંચ્યું નહિ હોય.

'કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો હોવાથી...' મોક્ષનો હેતુ તો 'અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્ગલસ્વભાવી) હોવાથી તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી,...' વ્યવહાર છે તે અન્ય દ્રવ્યના સ્વભાવવાળો હોવાથી. એ રાગની ક્રિયા એ અન્ય દ્રવ્ય છે, આત્મદ્રવ્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? 'અન્ય દ્રવ્યના સ્વભાવવાળો હોવાથી...' એ વ્યવહારને જે કીધો એ વ્રત, તપ એ પુદ્ગલદ્રવ્યસ્વભાવી હોવાથી. આહા..હા..! વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ એ બધો પુદ્ગલસ્વભાવી છે. આહા..હા..! અરેરે..!

સાતમને દિ' બે કાળ કરી ગયાં. ચીમનભાઈ અહીં બાર વાગે કાળ કરી ગયા અને એ સાતમના રાતે બાર વાગે પ્રેમચંદ ડોક્ટર. અહીં આવ્યા હતાને. આવતા બિચારા. ઈ શુક્રવારે તે સાંજના છ વાગે. કહેતા હતા કાંઈક બોલતા હતા પ્રરૂપણાનું. આ બધું ક્ષણિક છે, આમ છે, તેમ છે એમ કીધુંને એકદમ આવ્યો. શું કહેવાય તમારે? હુમલો. હુમલો આવ્યો. આહા..હા..! બાર વાગે દેહ છૂટી ગયો. પ્રેમચંદભાઈ નહોતા બેસતા અહીં? બહુ પ્રેમ એને. આમ શ્રીમદ્ના ઓલા હતા, પણ અહીંનું સાંભળીને એમ (થયું) કે માર્ગ આ છે. અહીં હતાને અહીં હતા. અહીં બેસતા. કેમ પ્રેમચંદભાઈ.. અહીં બેસતા. સાતમે ગુજરી ગયા. ભાઈ ગુજરી ગયા ચીમનભાઈ અહીં બાર વાગે. સુરતના બેય રહેવા(વાળા). આહા..હા..! બિચારા બહુ લાગણીવાળા હતા. એવું છે. ક્ષણમાં એક ક્ષણમાં કાંઈક. ચીમનભાઈને દસ વાગે થયું અને બાર વાગે ગુજરી ગયા, આને છ વાગે થયું ને બાર વાગે ગુજરી ગયા. આહા..હા..! આવો દેહ ક્યારે શું (થાય). આ તો દેહ, માંસ, હાડકા, ચામડા જડની ચીજ છે. એને છૂટવાનો કાળ હશે ત્યારે ગમે તે પ્રસંગમાં બોલતા- બોલતા ખલાસ થઈ જશે. હાલતા-હાલતા પડી જશે. દેહની સ્થિતિ પૂરી થઈ એટલે એને ખલાસ, નીકળે જ છૂટકો એમાંથી. આહા..હા..! એના પહેલાં જો આત્માનું કામ ન કર્યું.. આહા..હા..! પાછું પરિભ્રમણ ઊભું જ છે માથે, ભાઈ! આહા..હા..!

એ અહીં કહે છે, વ્યવહાર તો 'આખોય નિષેધવામાં આવ્યો છે;...' આખોય નિષેધવામાં આવ્યો છે. આહા..હા..! વીતરાગદેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો એ પણ રાગ છે, એનો પણ મોક્ષમાર્ગમાં નિષેધ કર્યો છે, કહે છે. આહા..હા..! આહા..હા..! આવે, હોય છે. પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી જ્ઞાનીને પણ રાગ આવે વિનય ભક્તિ(નો), પણ એ મોક્ષમાર્ગ તરીકેનો નિષેધ છે. આહા..હા..! 'આખોય' એમ આવ્યું કે નહિ? ભક્તિ, પૂજા, વ્રત, અપવાસ, રાત્રે ચોવિહાર કરવો, આહાર ન લેવો, પાણી ન લેવું એ બધો વિકલ્પ રાગ છે એ તો. શાસ્ત્રવાંચન કરવું, શાસ્ત્ર સંભળાવવા. એ બધો શુભરાગ છે. 'આખોય નિષેધવામાં આવ્યો છે;...' મોક્ષમાર્ગ એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? 'કારણ કે તે અન્ય દ્રવ્યના સ્વભાવવાળો હોવાથી...' આ ગજબ કર્યું છેને કામ! એ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, કહે છે અન્યદ્રવ્યનો સ્વભાવ

છે, ચૈતન્યદ્રવ્યનો સ્વભાવ નહિ. આહા..હા..! '**તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી,...**' એ વ્યવહારના ક્રિયાકાંડ વડે આત્માનો નિશ્ચયધર્મ થવો નથી. આહા..હા..!

**શ્રોતા** :— પરંપરામાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ થયો જ નથી, પછી પરંપરા શું? એની વિશેષ વાત આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૧૨, બુધવાર, તા. ૦૩-૧૧-૧૯૭૬, કળશ-૧૦૬-૧૦૭, ગાથા-૧૫૬, પ્રવચન નં. ૨૨૦

સમયસારની ૧૫૬ ગાથા. છેલ્લું ફરીને થોડું. '**પરમાર્થ મોક્ષહેતુથી જુદો,...**' એટલે શું? કે વ્રત, તપ, ભક્તિ, દયા, દાન, પૂજા એ ભાવ મોક્ષના કારણથી જુદો છે.

**શ્રોતા** :— એટલે મોક્ષનું કારણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— જુદો છે એટલે નથી. એનો અર્થ થયોને. આહા..હા..! એ તો રાગનો ભાગ છે. પરમાર્થે મોક્ષના કારણથી જુદો '**વ્રત, તપ વગેરે...**' શુભરાગરૂપી સ્વરૂપ '**મોક્ષહેતુ કેટલાક લોકો માને છે.**' અજ્ઞાની એને મોક્ષનું કારણધર્મ માને છે. એ અનાદિથી અજ્ઞાનીની દૃષ્ટિ એવી છે. અહીં તો વિદ્વજનોની વ્યાખ્યા છે. શાસ્ત્ર ભણ્યા છે, શાસ્ત્ર વાંચ્યા છે એ પણ વ્યવહારથી ધર્મ થાય એમ માનનારા એ મૂઢ છે, એમ કહે છે. આવી વાત છે. વ્રત, તપ, નિયમ, શીલ એ શુભરાગસ્વરૂપ મોક્ષના કારણ ધર્મરૂપે કેટલાક લોકો માને છે. '**તે આખોય નિષેધવામાં આવ્યો છે;...**' આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એમાં એકેય અંશ આત્માને મોક્ષનું કારણ નથી. આ લોકોને આકરું પડે છે. કોઈ દિ' સાંભળ્યું ન હોય. '**આખોય નિષેધવામાં આવ્યો છે;...**' એટલે કે જેટલા શુભરાગના કર્તવ્ય છે, દયા, દાન, એ બધો પૂર્ણ રીતે નિષેધવામાં આવ્યો છે. એ મોક્ષનું કારણ છે નહિ, એટલે કે એ ધર્મસ્વરૂપ છે નહિ.

**શ્રોતા** :— વ્યવહારમોક્ષમાર્ગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— વ્યવહારમોક્ષમાર્ગ એ તો કથનમાત્ર છે. એ (મોક્ષમાર્ગ) છે જ નહિ. આહા..હા..! આવી વાત છે. અરે..! ચોર્યાસીના અવતાર કરી-કરીને મરી ગયો છે એ. એ તો નિમિત્તનું કથન છે. વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય એ તો સાધનનું નિરૂપણ બે પ્રકારે છે, સાધન તો એક જ પ્રકારે છે. વિકલ્પથી જુદું પડીને શુદ્ધ ચૈતન્યનું સાધન સાધે એ એક જ સાધન છે. વાત આવી છે, ભાઈ! આહા..હા..! ચોર્યાસીના અવતાર કરી-કરીને

મરી ગયો છે.

**શ્રોતા :** નિશ્ચય-વ્યવહારમાં જીવ ભરમાઈ ગયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** ભરમાઈ ગયો છે. આહા..હા..! જે જે જ્યાં સાધક છે તે તે ત્યાં બાધક છે. એવું સમયસાર નાટક(માં) બનારસીદાસ કહે છે. માર્ગ બાપા (એવો છે). અહીં તો કહે છે... ઈ કહેશે ખુલાસો કરશે.

'**કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવાવાળો હોવાથી...**' એ પુણ્ય-દયા, દાન, વ્રત, તપના ભાવ એ તો અન્યદ્રવ્ય પુદ્‌ગલનો સ્વભાવ છે. કારણ કે પુદ્‌ગલના ઉદયના સંગે થયેલો પુદ્‌ગલનો સ્વભાવ છે. સ્વભાવને સંગે થયેલો એ ભાવ નથી. આવી વાત છે. કેમકે વ્રત, તપ, અપવાસ, રસપરિત્યાગ—ખાંડ ન ખાવી, દૂધ ન પીવું, દહીં ન ખાવું એવો જે રસનો ત્યાગ આદિ એ શુભભાવ શુભરાગ છે. આહા..હા..! આત્માના આનંદના રસ વિના એ રસનો ત્યાગ એ બધો બંધનું કારણ છે. આહા..હા..! આવી વાત છે.

'**કારણ કે તે અન્ય દ્રવ્યના સ્વભાવવાળો...**' છે. વ્રત, તપ, ભક્તિ, પૂજા, શીલ, દયા, દાન, વ્રત, બધું અન્ય દ્રવ્યના સ્વભાવ, એ અન્ય દ્રવ્યનો સ્વભાવ છે, એ પુદ્‌ગલદ્રવ્યનો સ્વભાવ છે, એ જીવદ્રવ્યનો સ્વભાવ નથી. આહા..હા..! ભગવાન-ભગવાનની માળા ગણવી. નમો અરિહંતાણં... નમો સિદ્ધાણં... ૧૦૮ મણકા. એ પણ પુદ્‌ગલસ્વભાવી રાગ છે કહે છે. આવી વાત. છે એમાં? '**અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્‌ગલસ્વભાવી) હોવાથી...**' આહા..હા..!

એ જ આ પ્રશ્ન જયપુર થયો હતો જયપુર, પૂનમચંદ ગોદિકાના ઘરે. ભાઈ આવ્યા હતાને એ. શું કહેવાય એ? મનોહરલાલજી વર્ણી. ગણેશપ્રસાદ વર્ણીના શિષ્ય છેને, એ આવ્યા હતા. ખાસ મળવા જ આવ્યા હતા. રેલમાં બેસીને આવ્યા હતા. છે તો ક્ષુલ્લક એને ખપે નહિ રેલ પણ એણે પ્રશ્ન આ કર્યો હતો કે આ રાગ-દ્વેષના પરિણામ છે જીવના એને પુદ્‌ગલના કેમ કીધા? આહા..હા..! કારણ કે વસ્તુત્વ છે એ રહી જાય છે અને રાગ છે એ વસ્તુત્વ નથી એટલે નીકળી જાય છે. એથી પુદ્‌ગલના કહીને એને છોડાવ્યા છે. આહા..હા..! ત્યાં પણ કહ્યુંને પુદ્‌ગલ. પુદ્‌ગલના પરિણામ કહ્યા પણ એને અહીં તો અન્ય દ્રવ્યનો સ્વભાવ જ કીધો છે. આહા..હા..! જેટલા દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ એવો જે ભાવ એ અન્યદ્રવ્યનો સ્વભાવ છે. કેમકે એ વિકલ્પ છે એ રાગ છે. આહા..હા..!

**શ્રોતા :—** શાસ્ત્ર સાંભળવું ઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શાસ્ત્ર સાંભળવાનો વિકલ્પ એ પણ પુદ્‌ગલનો સ્વભાવ છે, વિકલ્પ છે, વિકલ્પ છે.

**શ્રોતા :—** અન્ય દ્રવ્ય એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પુદ્‌ગલ. અંદર છેને વાંચો. '**અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્**

**પુદ્‌ગલસ્વભાવી)...'** છેને અંદર લખ્યું છે અને હજી આવશે ટીકામાં કળશમાં.

**'તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી,...'** આહા..હા..! એ બધી વિકલ્પની, રાગની ક્રિયા છે. એ પુદ્‌ગલસ્વભાવી રાગ છે, આત્મસ્વભાવી નથી. આત્મસ્વભાવી હોય તો નીકળી જાય નહિ અને નીકળી જાય તે આત્મસ્વભાવી વસ્તુ નહિ. આહા..હા..! એ પુદ્‌ગલસ્વભાવીથી મોક્ષનું કારણ થતું નથી. છે? **'તેના સ્વ-ભાવ વડે...'** એટલે કે દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવ વડે **'જ્ઞાનનું ભવન...'** ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે તેનું પરિણમન એ રાગથી થતું નથી. આહા..હા..! કહો, બલુભાઈ! હવે એ તો કહે છે કે આ ગયા હતા એ ધૂળમાં બધું ગયું. આ બાપુ માર્ગ એવો છે. આખી દુનિયાથી જુદી જાત છે. આહા..હા..!

ભગવાન આત્મા તો આનંદ અને જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એમાં રાગસ્વભાવ એ એનો ક્યાં છે? અને હોય તો નીકળી કેમ જાય? અને નીકળી જાય તો એની ચીજ નથી, એ તો પુદ્‌ગલસ્વભાવી ચીજ છે. આહા..હા..! એકલો ભગવાન રહી જાય. દ્રવ્યસ્વભાવ, શુદ્ધ ચૈતન્ય જ્ઞાન આનંદ રહી જાય છે એ એનો સ્વભાવ છે. આહા..હા..! આ તો અત્યારે તો તપ અને ત્યાગ એમાં જ ધર્મ માની બેઠા છે લોકો. આણે આટલા અપવાસ કર્યા, આણે આટલો ત્યાગ કર્યો, આણે આમ કર્યું, આણે હાથજોડ કરી બ્રહ્મચર્યની. આહા..હા..! લખાણ આવે પત્રમાં પત્ર. માસિક પત્રિકા આવેને. એમાં એ આવે. આણે આટલા અપવાસ કરે, દસ વર્ષની બાળીકાએ પણ આઠ અપવાસ કર્યા, પંદર વર્ષની છોડીએ માસખમણ કર્યું. ઓહો..હો..! ધન્ય! અહીં કહે છે કે એ બધી ક્રિયા પર તરફના લક્ષવાળી સ્વસ્વરૂપના સ્વભાવ વિનાની પુદ્‌ગલના સ્વભાવી ક્રિયા મોક્ષનું કારણ એનાથી થતું જ નથી. આહા..હા..!

**'તેના સ્વ-ભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી,...'** આહા..હા..! એ રાગના ભાવના ભાવ વડે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાન અને આનંદનું થવું તેના ભાવથી થતું નથી. આહા..હા..! બહુ આકરી વાત છે. આ તો સોનગઢને પાદર જંગલ આમાં તો.. અહીં બેઠા. સંપ્રદાયમાં રહેવા ન દે જો આવું કહે તો. પહેલેથી કીધું, ભાઈ! માર્ગ આ નથી. ભાઈને કીધું હતું ૮૭માં. ૯૧માં અહીં પરિવર્તન કર્યું. ભાઈની હાજરી હતી. ૮૭માં વીંછીયા એક કોર બોલાવીને કહ્યું. ૮૭માં. ભાઈ! તમે દીક્ષા તો મોટા મહોત્સવથી આપી છે. ૬૩-૬૪ આ પૂરા થશે આ માગશર સુદ દશમે. ૬૩ વર્ષ પૂરા થાશે દીક્ષાના. ૬૪મું બેઠશે. કીધું, તમે ૧૮૦૦ ખર્ચ્યા. ૧૮૦૦ રૂપિયા ખર્ચ્યા તે દિ' ઘરે-ઘરે દીક્ષા લીધી. આ દીક્ષા નહિ, આ સાધુપણું નહિ, હું તો આ છોડી દેવાનું છું કીધું આ. એ..! જયસુખભાઈ! નહિતર અમારી ક્રિયા તો સખત હતી. બહુ ક્રિયા આકરી. વહોરવા જઈએ તો અમારે આહાર પાંચ, દસ, પંદર ઘર ફરીએ ત્યારે માંડ આહાર મળે. એટલી નિર્દોષ વૃત્તિનું. માનેલું તે પ્રમાણે. પાણીનો

બિંદુ પણ કરેલો હોય અમારે માટે એ ખ્યાલ આવે તો (લઈએ નહિ). સ્નાનનું નામ આપે છે. ભાઈ! સ્નાન કર્યા પછી આટલું પાણી ક્યાંથી વધ્યું? પૂછીએ કે પાણી કેમ વધેલું છે આ? કે મહારાજ! સ્નાન માટે કર્યું હતું. આટલું બધું પાણી? દસ શેર પાણી સ્નાન કર્યા પછી વધે? સ્નાન કર્યા પછી વધે તો શેર-બે શેર, બસ. એનાથી વધારે ન વધે. પાણી ન લઈએ, પાણી વિના રોડવીએ. રોડવીએ એટલે સમજાણું? ચલવાય. કાઠી અને ગરાસિયાના ઘરેથી છાશ લઈ આવીએ છાશ. છાશ અને રોટલા. કેટલો વખત એમાં કાઢેલા. આખા દિ'માં પાણીનો બિંદુ નહિ. પણ એ બધી ક્રિયાકાંડો રાગની ક્રિયા. આહા..હા..!

**શ્રોતા :—** પુદ્ગલસ્વભાવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો પરદ્રવ્યસ્વભાવી છે, બાપુ! આહા..હા..! શાંતિભાઈ! શાંતિભાઈ તો હવે મહિનો રહેવા આવ્યા છે. છોકરાએ કીધું, બાપુજી જાવ બાપા ત્યાં. જયાબહેનનો ભાવ તો એવો ખરો પણ આને જરી.. આહા..હા..! અરેરે..! આવી પરમસત્ય વાત સાંભળવા મળે નહિ. એને ક્યાં જાવું, બાપુ? આહા..હા..! આ બધા મભા-બભા પડ્યા રહેશે, ભાઈ! આબરૂ પચાસ લાખની મૂડી, કરોડની મૂડી ધૂળની. પડ્યા રહેશે, બાપા! એ મુડી તારી ક્યાં છે? તારી મુડી તો તારામાં અનંતજ્ઞાન, આનંદ તારી પૂંજી તો અહીં પડી છે અંદર. આહા..હા..! અરે..! સરોવરને કાંઠે આવ્યો અને તરસ્યો રહી ગયો. સમજાણું કાંઈ? ભગવાન આનંદ અને જ્ઞાન જાણવાનો સ્વભાવ. એનો તો જાણવું, દેખવું, આનંદ એ સ્વભાવ. એ સ્વભાવનું થવું. આ અન્ય દ્રવ્યનો સ્વભાવ એટલે પુદ્ગલના નિમિત્તે થયેલો વિકાર બધો, એનાથી આત્માના સ્વભાવનું થવું ભવન થતું નથી. આ તો મુદ્દાના રકમની વાત છે આ. ત્યાં સુધી તો આવ્યું હતું આપણે કાલે.

**'માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ...'** ખરેખર તો પરમાર્થ મોક્ષનો હેતુ **'હેતુ જ એક દ્રવ્યના સ્વભાવવાળો...'** આહા..હા..! ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવવાળું, એના પરિણમનમાં જ્ઞાન અને આનંદનું પરિણમન થાય એ જ મોક્ષનો હેતુ છે. આહા..હા..! **'જ્ઞાનાનંદસ્વભાવી હું...'** આવે છેને? હુકમચંદજી, હુકમચંદજીએ નથી કહ્યું? મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હૂં. મારે અને રાગને લેશ સંબંધ નથી. ભેદને સંબંધ નથી. ભેદ અને રાગ બધો સંબંધ એમ નાખ્યું છે એમાં. ભેદ અને રાગ. આહા..હા..! ભગવાન આત્મા ગુણી છે અને અંદર આનંદગુણ છે (એવો ભેદ પણ) સ્વરૂપમાં નથી. આહા..હા..! ભગવાન એ ભેદને સ્પર્શતો નથી. આહા..હા..! આવી વાત આકરી પડે પછી શું થાય? બધી જાણી છેને, ખબર તો છેને, બધા કેમ માને છે અને કેમ મનાવે છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનવરદેવ ત્રિલોકનાથ ઈન્દ્રો અને ગણધરો, એકાવતારી ગણધરો એ ભવે મોક્ષ જનારા, ઈન્દ્રો એકાવતારી શક્રેન્દ્ર એકભવે મોક્ષ જનારા, એની સમક્ષ પ્રભુ આમ કહેતા હતા, એ સંતો કહે છે. આહા..હા..! જેને એ અન્યદ્રવ્યસ્વભાવ વડે મોક્ષનો હેતુ થાય

એ માન્યતા મિથ્યાદર્શન મહાપાપ છે. આહા..હા..! કેમકે '**એક દ્રવ્યના સ્વભાવવાળો હોવાથી...**' ખરેખર મોક્ષનો હેતુ તો એક દ્રવ્યસ્વભાવી હોય. ચૈતન્યસ્વભાવી આત્મા એ ચૈતન્યસ્વભાવનું જ્ઞાતા-દૃષ્ટાપણે અને આનંદપણે થવું, અતીન્દ્રિય આનંદપણે થવું એ એક જ પરમાર્થનો હેતુ દ્રવ્યસ્વભાવ છે. આહા..હા..!

'**એક દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ જીવસ્વભાવી) હોવાથી તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થાય છે.**' તેના સ્વભાવ વડે આત્માનું પરિણમન નિર્મળ વીતરાગીપણે પરિણમે. આહા..હા..! કેમકે એક જીવ દ્રવ્યસ્વભાવ એ વીતરાગસ્વભાવ છે. એ દ્રવ્યસ્વભાવપણે પરિણમવું, જ્ઞાતાપણે, દૃષ્ટાપણે, આનંદપણે, શાંતિપણે, સ્વચ્છતાપણે, પ્રભુતાપણે એવું જે એક દ્રવ્યનું સ્વભાવપણે પરિણમવું એ મોક્ષનો હેતુ છે. આમાં શું કરવું? જયસુખભાઈ! આવો માર્ગ છે.

'**તેના સ્વભાવ વડે આત્માનું ભવન થાય છે.**' આહા..હા..! જેણે ભગવાન આત્માની ઉપર દૃષ્ટિ મૂકી અને જેનો સ્વભાવ જ પરિણમનરૂપે થયો... આહા..હા..! એ દયા, દાન, વ્રતના પરિણામ પુદ્‌ગલસ્વભાવી હોવાથી તે નિષેધવામાં આવ્યો છે. એનાથી ભિન્ન પડીને દ્રવ્યસ્વભાવનું પરિણમન થાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે, સ્વરૂપાચરણપણે, સ્વરૂપ જે આત્માનું છે તેનું આચરણ દર્શન, જ્ઞાન અને ચારિત્રપણે આચરણપણે થાય. આહા..હા..! એ સ્વરૂપાચરણ તે મોક્ષનો હેતુ છે. સમજાણું કાંઈ? પરસ્વરૂપ આચરણ એ બંધનું કારણ છે. આહા..હા..! બબ્બે મહિનાના સંથારા કર્યા, આ સમાધિમરણ કર્યા, ધૂળેય નથી. આહા..હા..! સમાધિમરણ કોને કહેવું, બાપુ! જેને હજી સાચા-દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ઠેકાણા નથી અને વ્રતને એ ક્રિયાને ધર્મ માને છે, એને સમાધિમરણ થાતા હશે.

**શ્રોતા :–** સ્વર્ગમાં કેમ જાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વર્ગમાં જાય શુભભાવ છે તો. એ તો અભવિ પણ જાય છે. શુભભાવ મિથ્યાત્વસહિત છે. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. મિથ્યાશ્રદ્ધાસહિત શુભભાવ છે અને મિથ્યાત્વના પાપસહિત પુણ્યભાવ અઘાતિને બાંધે એવું હોય છે. ઘાતિનો તો બંધ એમાં થાય છે શુભભાવ વખતે, પણ અઘાતિનું પુણ્ય બંધાય એને લઈને સ્વર્ગમાં જાય. એમાંથી નીકળીને કોઈ શેઠિયો કરોડપતિ, અબજપતિ થાય, પછી મરીને નરકે અને ઢોરમાં જાય.

**શ્રોતા :** શેઠિયો થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** શેઠિયો થાય. શેઠિયા.. આહા..હા..! એ આવા શેઠિયા નરકમાં નહિ ઢોરમાં જવાના. જેને નથી ધર્મ આત્માનો રાગથી ભિન્ન પડેલી વસ્તુ અને નથી જેને પુણ્યના આચરણ દયા, દાન, વ્રતાદિ કે સંયમ કે આ સત્‌સમાગમ કે શાસ્ત્રવાંચન એવા બે-ચાર કલાક પણ નથી એટલે પુણ્યના પણ ઠેકાણા નથી. એને એક જ ગતિ રહી. આહા..હા..! બહુ માર્ગ એવો છે, બાપુ!

અમારા ભાઈ હતા નહિ? ફઈના દીકરા ભાગીદાર એને કહ્યું હતુંને. ૬૬ની સાલમાં. ૬૬ની

સાલ. કેટલા વર્ષ થયા? ૬૬. ૬૫ થયા. ૬૭ થાશે. ભાઈ! આ માર્ગ નથી. તમે દુકાને બેસીને આમ પૈસા પેદા થાય છે. તે દિ' તો પાંચ હજારની પેદાશ હતી વર્ષની. પછી પેદાશ વધી ગઈ. વધતા-વધતા દુકાન વધી ગઈ. બબ્બે લાખની પેદાશુ થઈ.

**શ્રોતા** :— બીજાની દુકાનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— બીજાની દુકાન એ તો પુણ્યને લઈને બધું સમજવા જેવું હતું, બુદ્ધિ કેવડી છે એ તો. અમે બધા ભેગા રહેલા છીએને. એક રસોડે જમતા ૩૦ માણસ. બેય દુકાન ઘરની હતી. બેય ભાયુંની. આહા..હા..! કાંઈ થોથા હતા, બાપા! હું તો એ વખતે ભગત કહેવાતો, શાસ્ત્ર વાંચતો. પુસ્તક શાસ્ત્ર આપણા સ્થાનકવાસીના. આચારાંગ, સૂયગડાંગ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન બધું વાંચ્યું હતું ત્યાં દુકાન ઉપર. આ જ્યાં જોયું આ સમયસાર.. આહા..હા..! મોક્ષનો માર્ગ તો આ છે, કીધું. એવો ક્યાંય હાથ આવે એવો નથી. એ ક્રિયાકાંડની વાતું બધી.

અહીં કહે છે, '**ભાવાર્થ :—મોક્ષ આત્માનો થાય છે...**' જુઓ, ન્યાય આપે છે. મોક્ષ એટલે સિદ્ધપદ એ આત્માને થાય છે ને. '**તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ.**' મોક્ષ આત્માનો થાય છે. '**તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ.**' આત્મસ્વભાવી 'જ' હોવું જોઈએ. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા આનંદ વીતરાગતા એવી જે પરિણતિ પર્યાય, ભાવ એ જીવસ્વભાવી ભાવ છે. આહા..હા..!

'**અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય?**' લ્યો! અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભાવ તો અન્યદ્રવ્યસ્વભાવી રાગસ્વભાવી છે. રાગનો સ્વભાવ જીવનો છે? હોય તો રાગ નીકળી કેમ જાય? વીતરાગ થયા એને રાગ નીકળી ગયો અને વીતરાગ રહી ગયા. આહા..હા..! એક તો સંસારની આડે નવરો થાતો નથી. ધંધો, બાયડી, છોકરા એના બે-ચાર-પાંચ છોકરા હોય સરખા એને વરાવવા, એને ઠેકાણે પાડવા, એની વહુ વળી સરખી ન આવી હોય તો બેને કેમ કરવું ભારે કઠણ. એમાં ગોઠવવામાં વખત જાય, એમાં વળી સાંભળવા જાય તો મળે આવું પાછું. હવે એને કે દિ' બેસે કે સાંભળવાનું મળે કે દિ' એને? જાધવજીભાઈ! આહા..હા..! એને તો વળી બે છોકરા છે. પણ એક તો મરી ગયો બિચારો. પણ જેને પાંચ-પાંચ, છ-છ છોકરા, આઠ-આઠ છોકરા હોય આહા..હા..! એને પરણાવવા, એને જુદાં મકાનો.

**શ્રોતા** :— ભાગ્યશાળી કેવો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ભાગ્યશાળી છે? ભાગ્યશાળી છે? ભાંગશાળી છે એ. તમાકુ ચાળે છે. આહા..હા..! ભાગ્યશાળી તો એને કહીએ કે જેને સત્ય વાત સાંભળવા મળે એ ભાગ્યશાળી છે. પછી ધર્મ કરે, અંદર થાય એ વળી જુદી ચીજ છે. પૈસા મળ્યા કરોડ, બે કરોડ, પાંચ કરોડ માટે ભાગ્યશાળી છે, એમાં કાંઈ માલ નથી. એ તો ભાંગશળી છે. તમાકુ ચાળી છે

એણે તો. એ ઊડેને તો ક્ષય રોગ થઈ જાય. આ તમાકુનું બહુ ઓલું હોય. કપાસિયાનું છેને જુઓને. કપાસિયાના ધંધા હોય છેને જીનમાં? એની ઝીણી-ઝીણી રજ ઊડે તો ક્ષય થઈ જાય છે. અમારે આ હાજરનો દાખલો છેને. ક્યાં ગયા હોલકર? નથી? રખડવા ગયા? એ બેઠા છેલ્લે. એને ઉધરસ થયા જ કરે. એ ઓલા કપાસિયામાં ગયેલાને. પછી દવા-બવા કરે તો હજી એવી ઉધરસ છે, એને એવી ઉધરસ છે મૂળ તો. અમે તો ત્યાં પાલેજમાં એક હતો કપાસિયાનો તોલનારો. અમે હતા ત્યારે હોં. એને ક્ષય થઈ ગયેલો. કપાસ તોલેને. એની રજ ઝીણી ઊડેને ઝીણી. અંહહ.. થઈ જાય. મરી ગયો ક્ષય થઈને. નામ ભૂલી ગયા. આ તો ઘણા વર્ષ થઈ ગયાને. આહા..હા..! એ મજૂરીમાં જાય ત્યાં જઈને ખોંખારા હેં..હેં..હા..હા.. હવે એને નવરાશ કે દિ'? હજી સારું સાંભળવાની નવરાશ ન મળે. અને સાંભળવા જાય તો મળે આવું પાછું, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, સાધુને વહોરાવો તો તમને ધર્મ થાશે.

અહીં કહે છે કે ત્રણલોકના નાથ તીર્થંકર જ્યારે છદ્મસ્થ હોય અને એને વહોરાવે તો એ પુણ્યબંધ થાય, ધર્મ ન થાય. આહા..હા..! દેવીલાલજી! એ એવી વાત બહુ આવે સ્થાનકવાસીમાં. શ્વેતાંબરના ૩૨ સૂત્ર છે, વિપાકસૂત્ર છે. એમાં એવું આવે છે કે દાન દેનારો મિથ્યાદૃષ્ટિ હતો, પણ સાધુ આવ્યા અને બહુ હરખ થયો કે ઓહો..હો..! પધારો.. પધારો.. આહાર વહોરાવ્યો તો સંસાર પરિત કર્યો, વિપાકસૂત્રમાં છે. તદ્દન ગપ છે.

**શ્રોતા :—** સાધુને આહાર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ બિલકુલ નહિ, પણ એ વાત જ જૂઠી છે તદ્દન. આહા..હા..! એ મોટી ચર્ચા ગોંડલમાં થયેલી તમારા પોપટભાઈને. સાધ્વી હતી એક, નહિ? માણેકચંદ તપસીની એક સાધ્વી હતી હુશિયાર. એ બધું આ માનતી ત્યાં અને વ્યાખ્યાનમાં આવતી એટલે કીધું આવું? શાસ્ત્રમાં તો એમ કહ્યું ભગવતીસૂત્રમાં કે ભગવાનને આહાર વહોરાવ્યો તો પરિત સંસાર કર્યો. કીધું, એ શાસ્ત્ર જ સાચા નથી. એ વખતે એટલું બધું નહોતું કહ્યું. કીધું, અત્યારે ન કહેવાય બહુ. હજી આમાં હોઈએને કહેવું શી રીતે? એ વાત જ જૂઠી છે. એ તો શું પણ અહીંયાં આવ્યા હતા એક મહાવીરકીર્તિ દિગંબર સાધુ. સમજાણું? અહીં ઉતર્યા હતા. પ્રવચનમંડમાં ઓલી કોર ઉતર્યા હતા. ઘણા વર્ષ થઈ ગયા. વચ્ચે હું આહાર કરીને ફરું છુંને થોડું. ગયા હતા. બેઠા હતા. કાંઈ પગે-બગે લાગીએ નહિ આપણે. કોઈને સાધુ માનતા નહોતા. અહીં કાઢ્યો એણે પ્રશ્ન કે મારી પાસે એક પુસ્તક છે સમ્મેદશિખરની માહાત્મ્યનું. જેમ શ્વેતાંબરમાં શેત્રુંજય માહાત્મ્યનું પુસ્તક છે, એમ મારી પાસે આ છે. પછી એમાં શું લખ્યું છે? કે સમ્મેદશિખરની જાત્રા કરે તો એને ૪૯ ભવે મોક્ષ થાય. કીધું, એ વીતરાગની વાણી નહિ. પરદ્રવ્યના દર્શનથી પરિત સંસાર થાય એ ત્રણકાળમાં વીતરાગની વાણી નહિ. સમજાણું કાંઈ? એમાં વિપાકસૂત્રમાં દસ અધ્યયન છે. એ દસેયમાં મિથ્યાદૃષ્ટિ સાધુને આહાર વહોરાવે છે, પરિત સંસાર કહ્યું છે.

એ વીતરાગની વાણી જ નથી. એ તો અજ્ઞાનીએ કરેલા, કલ્પેલા શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? એ ચર્ચા મોટી થઈ હતી. એક ગોકળચંદ નહિ ભાઈ, ઓલો ગાંધી. રાજકોટ. ગોકળચંદ એની સાથે. એ ચોટીલા આવેલા અને ચર્ચા બહુ થઈ.

**શ્રોતા :—** એણે તો છાપામાં પણ બહાર પાડ્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પાડ્યું હતું છાપામાં. મેં કીધું ભાઈ પૂછો આ. આ શાસ્ત્રમાં વિપાકસૂત્રમાં નામ છે ૩૨ સૂત્રમાં કે સાધુને વહોરાવે મિથ્યાદૃષ્ટિ તો સંસાર નાશ કરે. તદ્દન જૂઠી વાત છે કીધું. એ સાચા શાસ્ત્ર જ નથી. કરો બહાર વાત. પરદ્રવ્યને આશ્રયે સંસાર ઘટે એ વાત ત્રણકાળમાં હોઈ શકે નહિ. એ તો અહીં કહે છે અન્ય દ્રવ્યના સ્વભાવવાળા ભાવથી મોક્ષનું કારણ થાય (નહિ). આહા..હા..! જુઓને,

**'મોક્ષ આત્માનો થાય છે તો તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ. જે અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય?'** એ દયા, દાન, વ્રત આહાર દેવો એ તો શુભરાગ છે, એ તો અન્યદ્રવ્ય સ્વભાવ છે. જયસુખભાઈ! આવી વાત છે. આ તો પહેલેથી અમારે તો ચાલે છેને ઘણું. તીર્થંકર એમ કહે છે કે અમે છદ્મસ્થ હોઈએ જ્યાં સુધી કેવળી નથી, ત્યાં આહાર વહોરવા જઈએ અને અમને આહાર આપે તો એને પુણ્ય બંધાય. ભવકટી થાય એ આહાર-પાણીમાં એ વસ્તુ છે નહિ. આવી વાત છે, બાપુ!

**શ્રોતા :—** કર્મની સ્થિતિ અંતઃકોડાકોડી થઈ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો અંદરની પુરુષાર્થની વાત છે, એ કાંઈ આને લઈને થાય એમ નથી. સ્થિતિ રહે તો શું થયું? એ કાંઈ ધર્મ છે? આહા..હા..! સ્થિતિ ઘટાડે, કર્મની સ્થિતિ શુભભાવને લઈને ઘટે એથી ધર્મ છે એમ છે નહિ. ભવકટી છે એમ નથી. આહા..હા..!

અહીં કહે છેને, શું કીધું? **'મોક્ષ આત્માનો થાય છે તો તેનું કારણ પણ આત્મસ્વભાવી જ હોવું જોઈએ. જે અન્ય દ્રવ્યના સ્વભાવવાળું હોય...'** એટલે રાગ છે એ તો અન્ય દ્રવ્યનો સ્વભાવ છે, વિકલ્પ છે એ તો. **'તેનાથી આત્માનો મોક્ષ કેમ થાય?'** કહો, સમજાણું કાંઈ? **'શુભકર્મ પુદ્‌ગલસ્વભાવી છે...'** ભાષા જુઓ! એ રાગ, દયા, દાન, ભક્તિ, આહાર દેવાનો ભાવ એ બધો શુભકર્મ પુદ્‌ગલસ્વભાવી છે. આહા..હા..!

બે વાત પૂછી હતી બહુ ખટકતી હતી. એક એ અને એક જ્ઞાતાસૂત્રમાં મેઘકુમારનો અધિકાર આવે છે. એમાં મેઘકુમારનો જીવ હાથીના ભવમાં સસલાની દયા પાળી. એક મોટું ઓલું કરેલું. વરસાદ બહુ આવેને એટલે.. શું કહેવાય એ? એ નામ છે કાંઈક. ભૂલી ગયા. તે દિ' તો બધું યાદ હતુંને. એમાં બધા અગ્નિ લાગી ચારે કોર. મંડળ મંડળ કરે. એક યોજનમાં મંડળ કરેલું ચોખ્ખું. હાથીએ સાફસુફ કરી અને જ્યારે બહુ અગ્નિ લાગી ગઈ હોય તો ત્યાં આવીને ઊભા રહે. એમાં અગ્નિ લાગી જંગલમાં. એમાં મેઘકુમારનો જીવ. ૩૨ સૂત્રમાં, જ્ઞાતાસૂત્રમાં

પાઠ છે. એ ત્યાં આવ્યો. આવ્યો ને ઢોર ખીચોખીચ આવ્યા. ક્યાંય રસ્તો ન મળે. એટલું ખીચોખીચ. એમાં એક સસલું આવ્યું. બેસવાની જગ્યા ન મળે. એમાં હાથીએ પગ ખંજવાળવા માટે ઉપાડ્યો. એટલી જગ્યા થઈ ત્યાં સસલું ગરી ગયું એના પગમાં. ગર્યું અને પગમાં જોયું તો સસલું. અઢી દિ' સુધી પગ થોભી રાખ્યો. એનાથી પરિત સંસાર કર્યો એવો પાઠ છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :— એને સમકિત હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— સમકિત ક્યાં હતું? સમકિત હોય તો પુણ્ય બાંધે. શુભભાવ હોય. સમકિત વિનાનો શુભભાવ હોય છે. મિથ્યાદષ્ટિને શુભભાવ નથી? નવમી ગ્રૈવેયકે ગયો, શુભભાવ છે. એ દયા પાળી એટલે પરિત સંસાર કર્યો એવો પાઠ છે એમાં. અહીં કહે છે કે અન્ય દ્રવ્યના સ્વભાવ વડે સંસાર ઘટે નહિ ત્રણકાળમાં. સમજાણું કાંઈ? એ બધા કરોડો શ્લોકો જોયા છેને. ૩૨ સૂત્રના શ્લોક જ ૭૧ હજાર છે. આખા ૩૨ સૂત્રના શ્લોક ૭૧ હજાર. હવે એવું તો વર્ષોવર્ષ વાંચતા. અને એની ટીકા કરોડો શ્લોકની બધી વાંચેલી છે. આહા..હા..! અહીં એમ કહે છે અને ત્યાં એણે એમ કીધું છે. અહીં કહે છે કે જે દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા કે આહાર દેવાનો ભાવ એ બધો અન્ય દ્રવ્યસ્વભાવી છે, પુદ્ગલસ્વભાવી છે, રાગ-વિભાવસ્વભાવી છે. એનાથી મોક્ષનો હેતુ થાય અને સંસાર ઘટે એ ત્રણકાળમાં બને નહિ. આમ છે, ભાઈ! માર્ગ એવો છે, બધો ફેરફાર બિચારાને. ભગવાનને નામે મારી નાખ્યા છે. આહા..હા..! દુઃખે-દુઃખે. આ સુખે સુખે ગયા. છેને બેય છે.

અહીં તો કહે છે કે '**શુભકર્મ પુદ્ગલસ્વભાવી છે...**' છે? એ શુભભાવ તો પુદ્ગલ (સ્વભાવી છે), '**તેના ભવનથી પરમાર્થે આત્માનું ભવન ન થઈ શકે;...**' આહા..હા..! '**માટે તે આત્માના મોક્ષનું કારણ થતું નથી.**' આહા..હા..! '**જ્ઞાન આત્મસ્વભાવી છે તેથી તેના ભવનથી આત્માનું ભવન થાય છે;...**' આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટાના પરિણમન વડે કરીને મોક્ષનો હેતુ થાય છે, એ રાગના પરિણમન વડે મોક્ષનો હેતુ થતો નથી. આહા..હા..! એમાં શરીર જુવાન હોય ૨૦ વર્ષનું, ૨૫ વર્ષની જુવાની ફાટી હોય અને મા-બાપ પાસે કાંઈક પાંચ-પચાસ લાખ હોય અને લગન વખતે બે લાખ ખર્ચવા હોય અને વરરાજાને ફુલાવે માથે ચડાવીને, જાણે એવું થઈ જાય અંદર જાણે.. આહા..હા..! પરદ્રવ્યના પ્રેમમાં મરી ગયો છે એ. ભગવાન આત્માનો પ્રેમ નથી જેને. આહા..હા..! આનંદનો નાથ ભગવાન જ્ઞાનસમુદ્રથી ભરેલો પ્રભુ. આહા..હા..! એના પ્રેમથી જે રુચિથી જે પરિણમન થાય એ આત્મસ્વભાવી પરિણમન હોય, એ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન હોય. આહા..હા..! એ મોક્ષનું કારણ થાય. ઊંડા ઉતરવું પડે. આહા..હા..! જ્યાં શાંતિ અને આનંદ પડ્યો છે પ્રભુના તળમાં, તળિયામાં. દરિયાને તળે મોતી હોય તો (નીચે) જાવું પડે છેને લેવા. આ જાય છે આ લોકો. ત્યાં આગળ બત્તી લઈને જાય હોં અંદર. એટલો શ્વાસ લઈ શકે એટલું ઉપર રાખે નળી.

એટલો શ્વાસ આવે અને ત્યાં પાછા આંખને આમ આડું રાખે. આમ જોવાય એટલો ખ્યાલ રહે. હેઠે મોતી પડ્યા હોય એ લઈ લે. તળિયે જાય તો મોતી મળે. આહા..હા..!

'સહેજે સમુદ્ર ઉલસિયો જેમાં રતન તણાણા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠીયું ભરાય.' આહા..હા..! 'સહેજે સમુદ્ર ઉલસિયો જેમાં રતન તણાણા જાય, ભાગ્યહીન કર વાવરે એને શંખલે મુઠીયું ભરાય.' શંખલા હાથ આવે એને. એમ પુણ્યશાળીને શંખલા હાથ આવ્યા છે. ધર્મશાળીને આનંદ હાથ આવ્યો છે. આનંદના મોતી ત્યાં પાક્યા છે. આહા..હા..! આવું છે, બાપુ! માર્ગ પ્રભુ આવો છે. વીતરાગ ત્રિલોકનાથ આ કહે છે. અરે..! એને જિંદગીમાં સાંભળવા મળે નહિ એ બિચારા ક્યાં જશે? આહા..હા..! આંખ મીંચીને આત્મા તો ચાલ્યો જશે. એને પણ આ મળે નહિ શું થાય? ત્યાં એકાંત છે... ત્યાં વળી લાકડીમાં જાદુગર છે, લાકડીથી લોકોને વશ કરી નાખે છે, એવું ઉડાવે છે લ્યો. આ તો લાકડી છે. હાથમાં પરસેવો થાય અને હાથ ન અડાય એ માટે (રાખીએ છીએ). અને ચોરાઈ ગઈ એક લાકડી તો સનાવતમાં. સનાવત નહિ, ..માં. એ તો લાકડી છે, બાપા! ઓલી તો સુખડની લાકડી હતી. ઓલા ચીની લોકો નથી વેચતા? મુંબઈમાં. ચીની લોકો સુખડની લાકડી વેચે. એમાંથી કો'ક લાવ્યું હતું તો હાથમાં રાખીએ. આમ પરસેવો શાસ્ત્રને અડાય નહિને અશાતના થાયને. એ પણ ઉપાડી ગયું કે એમાં કાંઈક છે. ધૂળમાંય નથી, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** ન્યાલ થઈ ગયા હશેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન્યાલ થાશે કે ભ્રમણામાં જાશે. પછી આ લાવ્યા ભાઈ. ચંદુભાઈ ડોક્ટર બનાવીને. શું કહેવાય? પ્લાસ્ટિકની. ચંદુભાઈ ડોક્ટર નહોતા આવ્યા આપણે? એ બનાવીને લાવ્યા હતા. આમાં લાકડીમાં શું છે? આ તો માટી ધૂળ જડ છે. ત્યાં મંત્ર કે દિ' હતા? આહા..હા..!

**શ્રોતા :—** આપના નામ તો .. ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આહા..હા..! નામ ક્યાં છે આત્માને? એ તો શરીરનું નામ છે. આહા..હા..! ભગવાન તો અનામી છે, જેનું નામ શું? આહા..હા..! ત્યાં લખ્યું છે અંદર કે આ આત્મા, એવું નામ લખ્યું છે અંદર? આહા..હા..!

જ્ઞાનાનંદ પ્રભુ સમજણનો પિંડ પ્રભુ ચૈતન્યનો રસકંદ આત્મા, એના સ્વભાવે પરિણમવું એટલે કે ઊંડી દૃષ્ટિ કરીને તે સ્વભાવે વર્તમાનમાં વીતરાગી પરિણતિપણે સમ્યગ્દર્શન-ચારિત્રપણે થવું એ એક દ્રવ્યસ્વભાવી હોવાથી તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? ઓલું લાગે સારું. આવું મોંઘુ લાગે. જુઓ, પરિત સંસાર કર્યો, જુઓ, આણે આમ કર્યું. આહા..હા..! પ્રભુ! પણ જિંદગી વઈ જશે, બાપા! આવું મનુષ્યપણું મળ્યું એને એક સમયની કરોડો રતનની સ્તુપ આપે તો એની કિંમત મળે નહિ એટલું મોંઘુ છે મનુષ્યપણું. એમાં ભગવાન આત્મા એક દ્રવ્યસ્વભાવ પોતાનો ચૈતન્યસ્વભાવ, આનંદસ્વભાવ, વીતરાગસ્વભાવ, શુદ્ધસ્વભાવ, ઈશ્વરસ્વભાવ એની દૃષ્ટિ

આપતા જે ઈશ્વરસ્વભાવ, પ્રભુત્વસ્વભાવ, આનંદસ્વભાવનું પરિણમન થાય એ એક દ્રવ્યસ્વભાવી હોવાથી તે મોક્ષનું કારણ છે. આહા..હા..! એ જુવાની ઝોલા ખાય, એ વૃદ્ધાવસ્થા આવીને ઊભી રહેશે. આહા..હા..! એં.. એં... ટેં.. ટેં.. કરશે પછી. જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવે નહિ, જ્યાં સુધી ઈન્દ્રિય હીણી પડે નહિ, જ્યાં સુધી ઈન્દ્રિયોમાં રોગ દાખલ થાય નહિ, આહા..હા..! એ પહેલાં કરી લે, બાપુ! પછી તને નહિ થાય, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! પછી કડ દુઃખશે, માથું બેસી શકશે નહિ, ઓઠીકણ વિના રહી શકશે નહિ. આહા..હા..! આ મલૂકચંદભાઈને થઈ ગયું નહિ? પડ્યા હતા તો. ચાલે છે તો આમ રાખીને. આવ્યા નથી?

**શ્રોતા :—** સોજા ચડી ગયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સોજા ચડી ગયા છે. અહીં બેસે છેને એ. આ એના બાપ જયંતિભાઈના. આહા..હા..! હાથ દઈને ચાલે માંડ માંડ. પડી ગયા. જાડુ શરીર. ઓલામાં બેસવા ગયા તો હેઠે પડી ગયા. શેમાં? રેકડીમાં. રેકડીમાં બેસવા ગયા તો ત્યાં બેઠા અને હેઠે પડી ગયા. અને મોટું શરીર. આહા..હા..! એ શરીરના એક-એક તસુમાં છન્નું રોગ છે. ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યું છે. આ શરીર સાડા ત્રણ હાથનું પણ એક-એક તસુમાં છન્નું રોગ, તો આખા શરીરમાં કેટલા રોગ ગણ તો ખરો એકવાર. અમને મજા છે ને અમે સુખી છીએ. સાંભળ તો ખરો હવે. આહા..હા..!

એ ભગવાન અહીં કહે છે, મોક્ષનો માર્ગ તો એક દ્રવ્યસ્વભાવ જ છે. આહા..હા..! '**પરમાર્થ આત્માનું ભવન ન થઈ શકે;...**' પરદ્રવ્યથી. '**માટે તે આત્માના મોક્ષનું કારણ થતું નથી. જ્ઞાન આત્મસ્વભાવી છે તેથી તેના ભવનથી...**' ભવવું એટલે થવું. આનંદરૂપે પરિણમવું, જ્ઞાનરૂપે પરિણમવું, વીતરાગભાવપણે થવું. આહા..હા..! '**માટે તે આત્માના મોક્ષનું કારણ થાય છે. આ રીતે જ્ઞાન જ વાસ્તવિક મોક્ષહેતુ છે.**' જ્ઞાન એટલે આત્મા. શુદ્ધસ્વભાવી ભગવાન જ મોક્ષનું કારણ છે, બીજું કોઈ મોક્ષનું કારણ છે નહિ.

કળશ ૧૦૬.

(अनुष्टुभ्)

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।१०६।।

'**શ્લોકાર્થ :-**' '**एकद्रव्यस्वभावत्वात**' '**જ્ઞાન એકદ્રવ્યસ્વભાવી (-જીવસ્વભાવી-)...**' જાણવું-શ્રદ્ધવું-ઠરવું એ એક જીવસ્વભાવી-એક દ્રવ્યસ્વભાવી છે. આહા..હા..! રાગની ક્રિયાથી ભિન્ન પડીને દ્રવ્યના સ્વભાવની ક્રિયાનું પરિણમન થવું એ એક દ્રવ્યસ્વભાવી હોવાથી '**જ્ઞાનના સ્વભાવથી હંમેશાં જ્ઞાનનું ભવન થાય છે;...**' આહા..હા..! શુદ્ધ આત્મદ્રવ્યના સ્વભાવથી શુદ્ધ આત્મદ્રવ્યનું ભવન થાય છે. આહા..હા..! એમાં કોઈ પરદ્રવ્યના અવલંબનની કે રાગની ત્યાં જરૂર નથી. આહા..હા..! ભારે આવું!

'માટે...' 'तद् एव मोक्षहेतुः' 'तद्' નામ તે '**જ્ઞાન જ...**' એમ '**જ્ઞાન જ...**'. જ્ઞાન એટલે? જાણવા-દેખવાના પરિણામને પ્રગટ કરવા, વીતરાગભાવને પ્રગટ કરવો તે '**જ્ઞાન જ મોક્ષનું કારણ છે.**' તે મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક જ શ્લોકમાં કેટલું ભર્યું જુઓ! 'एकद्रव्यस्वभावत्वात' શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ વીતરાગી પરિણતિ એ એકદ્રવ્યસ્વભાવી છે. એનો સ્વભાવ છે તેનું પરિણમન છે અને રાગની ક્રિયા પુદ્ગલદ્રવ્યસ્વભાવી અનેરા દ્રવ્યની ક્રિયા છે. એનાથી ધર્મ ત્રણકાળમાં થાય નહિ. આહા..હા..! એ ૧૦૬ કર્યો.

૧૦૭. એ ટીકા છેને એનો સાર કરીને કર્યું છે.

(अनुष्टुभ्)

वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।१०७।।

આહા..હા..! 'द्रव्यान्तरस्वभाववात्' 'કર્મ...' એટલે શુભભાવ, વ્રત, તપ, દાન, દયા, પૂજા, ભક્તિ એ ભાવ. એ બધો '**કર્મ અન્યદ્રવ્યસ્વભાવી (-પુદ્ગલસ્વભાવી-)...**' છે. આહા..હા..! રાડ નાખેને લોકો. દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ એ પુદ્ગલસ્વભાવી છે. રાગ છેને રાગ, એ આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ હોય તો રાગ નીકળી કેમ જાય? પરમાત્મા સિદ્ધ થાય એને રાગ નીકળી જાય છે. એકલી વસ્તુ રહે છે. આહા..હા..! એ કહ્યું હતું નહિ?

ભગવાનની મૂર્તિ કે ભગવાનને દેખીને, ભગવાનની પ્રતિમા કે ભગવાનની મૂર્તિ, ભગવાન સાક્ષાત્ બેયને દેખીને એવો વિચાર ધર્મીને આવે... આહા..હા..! જેના હોઠ હલતા નથી, પગ હલતા નથી, શરીર હલતું નથી, સ્થિર બિંબ, એવો અંદર વસ્તુત્વ સ્વભાવ છે તે રહી ગયો સ્થિર. વીતરાગ છે. પહેલો રાગ હતો પછી રાગ ટળી ગયો. વીતરાગ, વીતરાગ. વીત નામ પૈસો પણ થાય છે. અહીં વીત નામ ટાળવું થાય છે. વીતરાગ. રાગરહિત ભગવાન વીતરાગ છે એની મૂર્તિ દેખીને કે એ સાક્ષાત્ ભગવાનને દેખીને આ વીતરાગ છે. એટલે? પહેલો રાગ હતો એને ટાળ્યો છે અને વસ્તુ છે તે રહી ગઈ છે, એકલી વીતરાગમૂર્તિસ્વરૂપ તે રહી ગયું છે. આહા..હા..!

અરૂપી પણ વસ્તુસ્વભાવમાં સાગર મોટો છે. આહા..હા..! જડના સ્વભાવને પણ જડસ્વભાવ છે એમ જાણનારો કોણ? જડને ખબર છે આ શરીરને કે હું છું કે નહિ જગતમાં? આ શરીર જગતમાં છે એવું જાણનાર કોણ? જ્ઞાનસ્વરૂપ જાણે છે કે આ જડ છે. જડને તો ખબરેય નથી કે આ શું ચીજ છે. એવો જે જાણનાર પરને જાણવાવાળો જીવ, જાણવું તે હું છું. સમજાણું કાંઈ? ગમે તે ક્ષેત્ર-કાળ-ભાવમાં પોતાની હાજરી ન હોય તો એને જાણે કોણ? દરેક ઠેકાણે પોતે જ જાણનાર છે અને જાણનાર છે તે પોતે છે. એમાં રાગ થાય અને જણાય

જાય ચીજ એ ચીજ આત્મા નથી કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. માંડ કલાક વખત મળતો હોય એને બિચારાને આવું કહે તો એ સમજે કે દિ'? પકડે કે દિ'? ઓલી વાત તો સહેલીસટ થઈ જાય કે એક ચોવિહાર કરી નાખો, બાપા! એક અઠ્ઠમ કરો જાવ, તમારે તપસ્યા નિર્જરા. વર્ષીતપ કરો. આ બલુભાઈએ કરી નાખ્યો હતોને વર્ષીતપ. એ તો ગૃહસ્થ હતા છતાં વર્ષીતપ કર્યો લાંઘણું. પારણામાં લઈ ગયા હતા ઘરે, રાજકોટ. આ વર્ષીતપ આમાં ધર્મ ક્યાં હતો.

**શ્રોતા :—** કરે એટલું તો પામેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કરે છે એનું મિથ્યાત્વ પામે. રાગ કરું છું અને રાગ મારું કર્તવ્ય છે એટલે મિથ્યાત્વને પામે. જે અનંત સંસારની જડ છે. નરક ને નિગોદની જડ મિથ્યાત્વ છે. આહા..હા..! મિથ્યાત્વ જેવું પાપ જગતમાં બીજું એકેય નથી.

ભરત ચક્રવર્તી સમકિતી હતા, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. પણ આત્મજ્ઞાની હતા. એ ચીજ મારી નહિ અને હું એનો નહિ. 'રાગ થાય છે એ મારી ચીજ નહિ' એવું એને અંતરમાં ભાન હતું. તે ભાનસહિત જરી ચારિત્રદોષ હતો એ કરોડો પૂર્વ સુધી, કરોડ પૂર્વ નહિ પણ .. છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીપદ પાળ્યું. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવું છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીપદમાં રહ્યા. એનું કર્મ કેટલું બંધાણું? કે અંતર ધ્યાનમાં ગયા ત્યારે નાશ કરી નાખ્યો. આહા..હા..! ચારિત્રદોષ હતો. મિથ્યાત્વ નહોતું, સમકિત હતું. આહા..હા..! એ છ લાખ પૂર્વના ભોગનું પાપ, રાજનું પાપ જે વિકલ્પ હતો એ અંદરમાં નજર કરતાં ઠર્યો, નાશ કરીને કેવળજ્ઞાન અંતર્મુહૂર્તમાં ઊપજાવ્યું છે. આ મિથ્યાત્વનું પાપ તો અનંતા નિગોદમાં લઈ જાય એટલું પાપ છે. એને ખબર ક્યાં છે. મિથ્યાત્વ એટલે શું? રાગ એટલે શું? એ રાગ એટલે ક્યો દોષ? મિથ્યાત્વ એટલે ક્યો દોષ? એની કાંઈ ખબર જ ન મળે. આહા..હા..! રાગથી ધર્મ માનવો, વ્રત અને ભક્તિથી મહામિથ્યાત્વનું પાપ, અનંતા નરક અને નિગોદના ભવ કરે એવું એ મિથ્યાત્વ પાપ છે. અરેરે..! આહા..હા..!

અને સમકિત સહિત છન્નું હજાર સ્ત્રીની વિષયની રમતનો રાગ હતો, પણ એ રાગનું પાપ કેટલું? અલ્પ. અલ્પ સ્થિતિ અને અલ્પ રસ પડે. એ અંદર ધ્યાનમાં ક્ષણમાં આવ્યા ત્યાં ઊડાવી દીધું. આહા..હા..! ક્ષણમાં કેવળ. ઝળહળ જ્યોતિ કેવળજ્ઞાન જેને. જેને ઈન્દ્રો મિત્ર. ઈન્દ્રો જેના મિત્ર, હીરાના... શું કહેવાય આ? સિંહાસન. હીરાના સિંહાસન ઉપર બેઠેલા. ઈન્દ્રો જેની સાથે એકાવતારી બેસે. આહા..હા..! પણ આત્મજ્ઞાન હતું, રાગથી ભિન્ન મારી ચીજ તો પરિપૂર્ણ છે. એ રાગની ક્રિયા મારી નહિ. એવું ભાન હતું. આહા..હા..!

ભગવાન જ્યારે મોક્ષ પધાર્યા અષ્ટાપદ પર્વત ઉપર, ઋષભદેવ ભગવાન અષ્ટાપદ પર્વત ઉપર (મોક્ષ પધાર્યા). ત્યાં ભરતની હાજરી હતી અને ઈન્દ્રો આવ્યા ઉપરથી, શક્રેન્દ્ર ૩૨

લાખ વિમાનનો સ્વામી. એ સમકિતી એકાવતારી. એ ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. આ ભરત આમ ભગવાનનું મૃત્યુ દેખે છે. આહા..હા..! આંખમાંથી આંસુની ધારા ચાલી જાય. અરેરે..! ભરતમાં સૂર્ય અસ્ત થયો આજે! આ સૂર્ય તો સવારમાં ઊગે અને સાંજે આથમે. આ તો .. સૂર્ય ચૈતન્ય. કેવળજ્ઞાની પરમાત્મા સિવાયના બધા અંધારા થઈ ગયા. આહા..હા..! આંખમાંથી આંસુની ધારા જાય છે. રાગ છેને. પણ એનું બંધન અલ્પ છે. ઈન્દ્ર કહે છે કે અરે.. ભરત! ઈન્દ્ર સરિખા જેના મિત્ર. અરે.. ભરત! આ શું છે? (ભરત કહે છે), ખબર છે, જ્ઞાનમાં છે. અમારો મોક્ષ આ ભવમાં છે એ ખબર છે. અમારે દેહ બીજો નથી. ઈન્દ્ર કહે છે, અમારે તો હજી એક દેહ મનુષ્યનો કરશું ત્યારે મોક્ષ થાશે. તારે તો આ છેલ્લો દેહ છે. બધી ખબર છે. સાંભળ! પણ રાગનો ભાવ આવ્યા વિના રહેતો નથી. એ ચારિત્રદોષ છે, દર્શનદોષ નહિ. આહા..હા..! આવી વાત છે. સમ્યગ્દર્શન એટલે શું અને એનો વિષય શું? બાપુ! એના માહાત્મ્ય શું છે એની ખબરું નથી. બસ! આ ક્રિયાકાંડના માહાત્મ્ય જગતને. બહારના આ કર્યા ને આણે અપવાસ કર્યા, આણે ત્યાગ કર્યો, આણે બ્રહ્મચર્ય લીધું ને હાથજોડ કરીને એમાં પચાસ હજાર ખર્ચ્યા. સંઘ જમાડ્યા મેસુબના. બદામના મેસુબ કર્યા હતા. અરે.. પ્રભુ! એમાં શું હતું, બાપુ! આહા..હા..!

અહીંયાં એ કહે છે જુઓ, કે કર્મ... છેને? કર્મ એટલે પુણ્યના ભાવ. અહીં તો ખરેખર પુણ્યના ભાવને કર્મ ગણવું છે. વ્રત, તપ, શીલ, શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ પણ એક શુભવિકલ્પ છે, આહા..હા..! એ ધર્મ નથી. નિશ્ચયથી બ્રહ્મચર્ય તો બ્રહ્મ નામ આનંદસ્વરૂપ ભગવાનમાં રમણ કરવું એ બ્રહ્મચર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્મ...**' એટલે પુણ્ય પરિણામ '**અન્યદ્રવ્યસ્વભાવી (-પુદ્‌ગલસ્વભાવી-) હોવાથી...**' આહા..હા..! '**કર્મના સ્વભાવથી...**' '**ज्ञानस्य भवनं न हि वृत्त**' '**જ્ઞાનનું...**' એટલે આત્માનું પવિત્ર થવું એ નથી થતું. આહા..હા..! એ રાગના સ્વભાવથી મોક્ષના માર્ગનું પરિણમન થતું નથી. આહા..હા..! '**માટે...**' '**कर्म मोक्षहेतुः न**' માટે શુભભાવ વ્રત, તપ આદિ એ '**કર્મ મોક્ષનું કારણ નથી.**' અહીં તો દાંડી પીટીને કીધું છે, આમાં કાંઈ ગુપ્ત નથી રાખ્યું. લોકોને એ મળવું અરે..! સાંભળવું, મળવું પણ મુશ્કેલ. મહાભાગ્ય હોય એને તો સાંભળવું મળે અને પુરુષાર્થથી જ્યારે કરે ત્યારે આત્માનું જ્ઞાન થાય. સાંભળવાથી ન થાય. આહા..હા..! દિવ્યધ્વનિથી પણ આત્માનું જ્ઞાન ન થાય એમ કહ્યું છે. પહેલાં આવી ગયું છે. સાક્ષાત્ ત્રણલોકના નાથ.. ૐ ધ્વનિથી જ્યારે ઉપદેશ આવે, એનાથી આત્માનું સમ્યગ્જ્ઞાન ન થાય. આહા..હા..! એ આત્મા સ્વદ્રવ્યના આશ્રયે સમ્યક્જ્ઞાન થાય. આહા..હા..! પહેલી કડીમાં એમ કીધું, જ્ઞાન એકદ્રવ્યસ્વભાવી હોવાથી (તેનાથી) મોક્ષ થાય. અહીં કર્મ અન્યદ્રવ્યસ્વભાવી હોવાથી તેને મોક્ષ ન થાય એમ કહ્યું. છે? '**કર્મના સ્વભાવથી...**' '**ज्ञानस्य भवनं न हि वृत्त**' '**જ્ઞાનનું ભવન થતું નથી; માટે કર્મ મોક્ષનું કારણ નથી.**' એ

ક્રિયાકાંડનો શુભરાગ વિકલ્પ તે મોક્ષનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૦૭ થઈને? હવે ૧૦૮ છે એ જરી ઝીણું છે. એ અવસરે આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક સુદ-૧૩, ગુરુવાર, તા. ૦૪-૧૧-૧૯૭૬, કળશ-૧૦૮, ગાથા-૧૫૭ થી ૧૫૯, પ્રવચન નં. ૨૨૧**

સમયસાર, ૧૦૮ કળશ.

(अनुष्टुभ)

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।

मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।१०८।।

'**શ્લોકાર્થ :કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું હોવાથી,...**' ઘાતક છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો એ ઘાતક છે, કર્મપુણ્ય અને પાપના ભાવ. આ આકરું લાગે. કર્મ એટલે પુણ્ય-પાપના ભાવ. ખરેખર તો કર્મ એટલે પુણ્યનો ભાવ અહીં છે. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો જે દયા, દાન, એવો જે ભાવ, એવું જે ભાવરૂપી કર્મ એ મોક્ષના કારણનું ઢાંકનારું છે, ઘાતનશીલ છે. આહા..હા..! જે મોક્ષના કારણનું ઘાતનશીલ છે એ મોક્ષના કારણને મદદ કરે એમ બની શકે? આ મોટો અત્યારે વાંધો છે.

**શ્રોતા :—** વ્યવહારથી નિશ્ચય થાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આજે આવ્યું છે થોડું. કાયાના ત્યાગથી અમારે તો શરૂઆત થાય છે એમ કહે. ખરું સ્વરૂપ એમ છે. કાયાથી ત્યાગ થાય પછી મનથી ત્યાગ થાય. એ આમ બાહ્યથી લેવું છે.

અહીં કહે છે કે '**કર્મ મોક્ષના કારણનું...**' એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનું એ ઘાતનશીલ છે. શું? વ્રત, તપ, ભક્તિ, પૂજા, આદિ દયા, દાનનો ભાવ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનું કારણ એનું ઘાતનશીલ છે.

**શ્રોતા :—** આકરી વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હવે આ શું? તારાચંદજી! આમા છે હોં! આમાં છે કે નહિ? આહા..હા..! એક વાત. '**પોતે જ બંધસ્વરૂપ હોવાથી...**' બીજી વાત. એ શુભ વ્રત, તપ, ભક્તિ, દાન, દયાનો ભાવ પોતે બંધસ્વરૂપ છે. પહેલું મોક્ષના કારણનું ઘાતક છે એમ કહ્યું,

બીજું (કહ્યું) એ બંધસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રીજું, '**મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી...**' એટલે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ છે એનાથી આ વિરોધસ્વભાવવાળા છે. મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ એ વિરોધસ્વભાવ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! માણસને અંતર મોક્ષમાર્ગની ખબર નથી.

અહીં તો પરમાત્મા એમ કહે છે કે જેટલા દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપનો ભાવ આવે એ બધો શુભરાગ અને શુભકર્મ છે. એ શુભરાગ આત્માના મોક્ષના કારણ છે તેનું ઘાતનશીલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક વાત. ત્રણ વાત છે આમાં. એક કળશમાં ત્રણ. ભગવાન આત્મા એનું મોક્ષનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. અંતર સ્વરૂપની પ્રતીતિ પૂર્ણ સ્વભાવની, પૂર્ણસ્વભાવનું જ્ઞાન અને પૂર્ણસ્વભાવમાં રમણતા એ મોક્ષનું કારણ તો અનાદિ છે. એમાં આ પુણ્યભાવ જે છે, વ્રત, તપ, ભક્તિ આદિ દાન, દયા એ ભાવ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઘાત કરનાર છે, એમ પરમાત્મા કહે છે. દુનિયાને બેસે ન બેસે એ દુનિયા જાણે. દુનિયા તો અનાદિથી અજ્ઞાનમાં પડી છે. 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા ભાવધર્મ રુચિ હિન, ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન?' એ દ્રવ્યક્રિયા જે છે દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ એક તો એની રુચિ અનાદિની અજ્ઞાનીની છે અને એના ઉપદેશકો એવા મળ્યા. એનાથી ધર્મ થાય, એ કરતાં-કરતાં આગળ જવાય. એટલે બે વાત બેસી ગઈ એને. પાકુ થઈ ગયું. એવી વાત છે. વીતરાગમાર્ગ તો,.. વીતરાગભાવ એવો જે આત્મદ્રવ્યનો સ્વભાવ, એની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ દર્શન-જ્ઞાનના પરિણામ છે. એ પરિણામને પુણ્ય પરિણામ ઘાતનશીલ છે, ઘાત કરે છે. માટે તે મોક્ષનું કારણ નથી. એ શુભભાવ એ બંધસ્વરૂપ છે. માટે તે મોક્ષનું કારણ નથી. બે.

ત્રીજું, '**મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ...**' એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એનાથી વિરોધભાવ જે છે એ મિથ્યાત્વ, અજ્ઞાન, રાગરૂપપરિણામ છે. પહેલામાં ઘાતનશીલ હતું, બીજામાં એનાથી વિરોધભાવવાળું છે. સમજાણું કાંઈ? આવી વાત છે, બાપુ! ધર્મ માર્ગ ઝીણો બહુ. વીતરાગમાર્ગ. આહા..હા..! ત્રણ વાત લીધી ત્રણ. જેટલા વ્રત, તપ, દાન, દયા, શીલ, પૂજા, ભક્તિ, ભાવ (છે) એ ભાવ રાગ છે. એથી તે મોક્ષના માર્ગનું ઘાત કરનારું છે. એક વાત. બીજું, એ શુભભાવ છે એ પોતે બંધસ્વરૂપ છે. માટે પણ મોક્ષનું કારણ નહિ. ત્રીજું, એ શુભભાવ છે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિરુદ્ધ ભાવવાળો ભાવ છે. વિરુદ્ધ ભાવવાળો ભાવ છે. પહેલામાં ઘાતનશીલ કહ્યું હતું, બીજામાં એનાથી વિરુદ્ધ ભાવસ્વરૂપ છે. આહા..હા..! છે કે નહિ સામે? જુઓને!

**શ્રોતા :—** .. ઘણો મોટો ઠરાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વસ્તુસ્થિતિ આવી છે ત્યાં શું થાય?

ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધ આત્મતત્ત્વ એનો આશ્રય લીધા વિના મોક્ષનો માર્ગ ત્રણકાળમાં

ક્યાંયથી ઉત્પન્ન થાય એવો નથી. આખો જ્ઞાનનો પુંજ પ્રભુ આનંદનો ગંજ એવો જે આ ભગવાનસ્વભાવ.. આહા..હા..! પણ એને બેસે શી રીતે? કોઈ દિ' જોયું નથી, સાંભળ્યું નથી. આહા..હા..! એ તો શાંતસ્વભાવ અને આનંદસ્વભાવ અને જ્ઞાનસ્વભાવનો ગાંઠડો છે. ગાંઠ-ગાંઠ અથવા ગાંઠડી. શું કહે છે? ગાંઠડી. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એના આશ્રયમાં જઈને એમાંથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એના અવલંબનથી પ્રગટે એ મોક્ષનું કારણ છે. એના વિના જેટલા પુણ્યના ભાવ વ્રત ને તપ ને ભક્તિ, દાન, દયા, પૂજા આદિ એ ભાવ તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ઘાત કરનારા છે. આહા..હા..! આમાં તો ત્યાં સુધી કહ્યું છે. આ બતાવ્યું હતુંને તે દિ', નહિ? ૧૦૮. ૧૦૮ કળશ છેને. કળશટીકા. એમાંથી બનાવ્યું છે ભાઈએ સમયસાર નાટક, બનારસીદાસ. ૧૦૮ આ ચાલે છેને આપણે? **'અહીં કોઈ જાણશે કે શુભ-અશુભક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.'** એમ કોઈ કહે.

**શ્રોતા :** કરવા જેવું નથી અને છોડવા જેવું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** કરવાયોગ્ય નથી તેમ છોડવાયોગ્ય નથી, એમ કોઈ કહે. આકરી વાત, ભાઈ! આહા..હા..! **'दंसण भट्ठा न सिझंत्ति चरित्त भट्ठा सिझंत्ति'** એવો ભગવાનનો પાઠ છે. શ્રદ્ધાથી ભ્રષ્ટ છે તે કોઈ દિ' મુક્તિ પામશે નહિ. ભ્રષ્ટમાં જ્ઞાન પણ ભ્રષ્ટ અને ચારિત્ર પણ ભ્રષ્ટ. ચારિત્રથી ભ્રષ્ટ છે એને ખ્યાલમાં છે કે મારામાં ચારિત્રસ્વરૂપરમણતા નથી. તો સિદ્ધાંત કુંદકુંદાચાર્ય કહે છે **'चरित्तभट्ठा सिझंत्ति'** ચારિત્રથી ભ્રષ્ટ હશે એ સ્વરૂપમાં દૃષ્ટિ અને જ્ઞાન છે એ તો સિદ્ધ થશે. કારણ કે એને ચારિત્ર આવવાનું, આવવાનું અને આવવાનું; પણ **'दंसण भट्ठा'** શ્રદ્ધાથી જે ભ્રષ્ટ છે તે જ્ઞાનથી ભ્રષ્ટ છે, તે ચારિત્રથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? આ શ્લોક છે દર્શનપાહુડનો. **'दंसण भट्ठा भट्ठा'** આહા..હા..! છેને, કંઠસ્થ કરેલો છેને. આહા..હા..!

વસ્તુ ભગવાન પૂર્ણ આનંદનો નાથ એ આનંદસ્વરૂપ જ ત્રિકાળ છે. બીજી રીતે કહીએ તો એ ચેતનાસ્વરૂપ ત્રિકાળ છે. ભલે એની પર્યાયમાં સંવર-નિર્જરા થાય, મોક્ષ થાય, છતાં એ સ્વરૂપ એનું ત્રિકાળી તો ચેતનાસ્વરૂપ જ છે. આહા..હા..! એ ચેતનાસ્વરૂપ જે ત્રિકાળ છે તેનો આશ્રય લઈને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે મોક્ષનું કારણ છે. એ વિના વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા, દયા, દાન આદિ શુભભાવ એ બધો તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વને આશ્રયે થાય એનો એ શુભભાવ ઘાત કરનાર છે, અને એ શુભભાવ બંધસ્વરૂપ છે. માટે પણ નિષેધવાલાયક છે. એ અહીં કહે છે. છે?

**'શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય નથી.'** એમ કોઈ કહે તો **'ઉત્તર આમ છે કે વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર...'** આહા..હા..! ભારે કઠણ, બાપા! પંચમહાવ્રતના પરિણામ, સમિતિ, ગુપ્તિના ભાવ શુભરાગ એ વ્યવહારચારિત્ર એ **'હોતું થકું દુષ્ટ છે,...'** રાજમલ ટીકા જેમાંથી સમયસાર

નાટક બનાવ્યું છે. કોઈ દિ' પણ સાંભળ્યું હતું કે દિ' આ? .. ગુજરી ગઈ. વાત સાચી. આહા..હા..! 'પ્રભુનો માર્ગ છે શુરાનો, એ કાયરના ત્યાં કામ નથી.' આહા..હા..!

અહીંયાં તો કહે છે કે એ શુભભાવ મોક્ષમાર્ગના કારણનું ઘાતનશીલ છે માટે નિષેધવા યોગ્ય છે, એ બંધસ્વરૂપ છે માટે નિષેધવા યોગ્ય છે અને ત્રીજું એ શુભભાવનું શ્રદ્ધા-જ્ઞાન આદિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિરુદ્ધ ભાવ છે એથી તે '**વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે;...**' આહા..હા..! '**તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...**' જેમ વિષય-કષાયના અશુભભાવ એ નિષેધ છે, એમ વ્યવહારચારિત્રના પરિણામ પણ પુણ્યના ભાવ એ નિષેધ છે, મોક્ષના માર્ગમાં એનો આદર નથી. આહા..હા..! આકરું કામ ભાઈ, બહુ! પ્રભુનો માર્ગ એવો છે, ભાઈ! આહા..હા..! આ રાજમલની ટીકા છે. આમાંથી સમયસાર નાટક બનાવ્યું બનારસીદાસે. આમાંથી બનાવ્યું છે.

અહીંયાં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો હવે. આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપ સદા પદ મેરો. 'સિદ્ધ સ્વરૂપ સદા પદ મેરો.' હું તો સિદ્ધસ્વરૂપી શુદ્ધ ચૈતન્યઘન (છું). એવો જે આત્મા એની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા અને રાગથી વિમુખતા તે મોક્ષનું કારણ છે, અને એની સન્મુખતાથી વિમુખતા અને રાગની સન્મુખતા (એ બંધમાર્ગ છે). મયાચંદભાઈ! આવો આકરો માર્ગ છે. આહા..હા..! વીતરાગમાર્ગ વીતરાગભાવથી શરૂ થાય છે, એ રાગભાવથી શરૂ થતો નથી. એવો માર્ગ, બાપુ! આહા..હા..! સમ્યગ્દર્શન એ રાગથી ભિન્ન પડી અને પૂર્ણાનંદના નાથને-સ્વભાવને પ્રતીતમાં-અનુભવમાં લેવો એને સમ્યગ્દર્શન કહે છે અને એ સમ્યગ્દર્શન જ્યાં નથી ત્યાં જ્ઞાન સાચું નથી અને ત્યાં વ્રત અને ચારિત્ર પણ કાંઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બે બોલ થયાને? ત્રીજો બોલ કીધો. મોક્ષના કારણ, મોક્ષનું કારણ આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ચૈતન્યના પરિણામ. મોક્ષના કારણ ચૈતન્યના પરિણામ, એનાથી શુભભાવ વિરુદ્ધ પરિણામ છે, એ ચૈતન્યના પરિણામ નથી. આહા..હા..! એ શુભભાવ અજીવના પરિણામ છે. સમજાણું કાંઈ? અહીં તો સોનગઢ છે એટલે કાંઈ કોઈની ઓલી નથી. અહીં તો જે હોય એ ચોખવટ થાય. આ કાંઈ વાડો નથી. આ તો વીતરાગનો માર્ગ છે. આહા..હા..!

ત્રણ બોલ હોવાથી એને નિષેધવામાં આવે છે. આહા..હા..! એક કડીમાં તો કેટલું મૂક્યું જુઓને! જે આત્માનું નિર્વિકલ્પ દર્શન, જ્ઞાન અને ચારિત્ર, જે દૃષ્ટિમાં પૂર્ણાનંદનો નાથ આવ્યો છે, જેના જ્ઞાનમાં એ સ્વસંવેદનજ્ઞાનમાં પૂર્ણ આત્મા છે એ જ્ઞાન એનું થયું છે અને જેના સ્વરૂપમાં, જેની રમણતા અતીન્દ્રિય આનંદના સ્વાદની રમણતા જેને જાગી છે એને દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષનું કારણ કહીએ. મીઠાલાલભાઈ! આવી વાત છે. આહા..હા..! અને તેથી તે જેટલા પરિણામ શુભના, પુણ્યના તે બધા મોક્ષમાર્ગના ચૈતન્યના જે પરિણામ છે એનો એ ઘાત કરનારા છે. એ અચેતનને ઉત્પન્ન કરે છે. રાગાદિ અચેતનભાવ છે. આહા..હા..!

અને રાગાદિ તે બંધસ્વરૂપ છે. ભગવાનનો સ્વભાવ આત્માનો મુક્તસ્વરૂપ છે અને એને આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ મોક્ષના કારણના નિર્મળ પરિણામ છે, ત્યારે એ અબંધસ્વરૂપ છે. ત્યારે આ શુભભાવ એ બંધસ્વરૂપ છે. આહા..હા..! આવી વાત કરે એ એને કાને ન પડે એ કે દિ' નિર્ણય કરે અને કે દિ' રસ્તે જાય? આહા..હા..!

અને એ મોક્ષના કારણનું વિપરીતભાવપણું છે. ત્રીજામાં એમ લીધું. પહેલામાં ઘાતકશીલ છે, બીજામાં બંધસ્વરૂપ છે, આ ભગવાન અબંધસ્વરૂપ છે. એના પરિણામ જે મોક્ષના એ પણ અબંધ પરિણામ છે. ત્યારે શુભભાવ તે બંધસ્વરૂપ છે. ત્રીજી રીતે કે એ શુભભાવ તે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિરુદ્ધ ભાવવાળા ભાવ છે. આહા..હા..! શુભભાવથી મને કલ્યાણ થાય એ મિથ્યાદર્શન, શુભભાવનું એકલું જ્ઞાન એ મિથ્યાજ્ઞાન, શુભભાવમાં રમણતા એ મિથ્યાચારિત્ર. આવી વાતું છે.

**શ્રોતા :—** ચૈતન્યના પરિણામ અને પુદ્ગલના પરિણામ એ બંને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પુદ્ગલના કીધા. પુદ્ગલની અહીં વાત નથી. અહીં તો ચૈતન્યના પરિણામથી વિપરીત પરિણામ તેને પુદ્ગલના પરિણામ કીધા છે. પુદ્ગલ જડની વાત અહીં નથી.

**શ્રોતા :—** બંને ભેગા હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકસાથે હોય નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય ત્યાં મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર હોય ક્યાંથી? સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના ત્રણ પરિણામ જ્યાં છે, ત્યાં આગળ મિથ્યા રાગના પરિણામ પણ નથી. અહીં તો ત્રણે વાત સાથે લેવી છેને? સમ્યગ્દર્શન થાય આત્માનું, સમ્યગ્જ્ઞાન અનુભવ થાય, સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ વેદન થાય અને ચારિત્ર ન હોય તેને રાગ હોય, પણ એ રાગ બંધનું કારણ છે એને પણ.

અહીં તો ત્રણેય લીધા સાથે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંતર રમણતા વીતરાગી આનંદની. આહા..હા..! એ આત્માનો સ્વભાવ જ વીતરાગસ્વરૂપ છે, ભાઈ! એને બેસવું જોઈએ. આહા..હા..! એ વીતરાગની મૂર્તિ જ પ્રભુ આત્મા છે. અનાદિઅનંત હોં! દ્રવ્યસ્વભાવ. આહા..હા..! એની અંદરમાં સન્મુખ થઈને પ્રતીતિ કરવી, જ્ઞાનનું પરિણમન થઈને શ્રદ્ધાનું પરિણમન થવું એનું નામ સમ્યગ્દર્શન. એના જ્ઞાનસ્વરૂપમાં રમણતા કરતાં સ્વસંવેદન, સ્વ નામ પોતાનો આત્મા જ જ્યાં પ્રત્યક્ષ જ્ઞાનમાં વેદાય તેને સમ્યગ્જ્ઞાન કહે છે. અને એ વીતરાગી સ્વરૂપમાં, આનંદમાં રમણતા, રમી જવું, લીન થઈ જવું એનું નામ ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ત્રણ મોક્ષનો માર્ગ છે એને શુભપરિણામ તે ઘાત કરનારા છે, બંધરૂપ છે અને શુદ્ધપરિણામથી વિપરીત પરિણામવાળા છે. આહા..હા..! આવી વાત છે, ભગવાન!

'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહા..હા..! શુભરાગની રુચિવાળાને તો નપુંસક કહ્યા છે. ભગવાન ત્રિલોકનાથ એમ પોકારે

છે, ભલે એ અબજોપતિ હોય કે મોટો દેવ હોય નવમી ગ્રૈવેયકનો, પણ જેને એ પુણ્યભાવની રુચિ અને પ્રેમ છે એ નપુંસક છે, એને ધર્મની પ્રજા છે નહિ. જેમ પાવૈયાને પ્રજા ન હોય એમ શુભભાવની રુચિવાળાને ધર્મની પ્રજા ન હોય. જયસુખભાઈ! વાત આવી છે, બાપુ! આહા..હા..!

પહેલી તો વાત એ છે કે દર્શનભ્રષ્ટ છે (એને) તો જ્ઞાન પણ ભ્રષ્ટ અને ચારિત્ર પણ ભ્રષ્ટ (છે). જેની શ્રદ્ધામાં એમ છે કે એ શુભભાવ કરતાં-કરતાં કલ્યાણ થશે એ તો મિથ્યાદૃષ્ટિ, મિથ્યા શ્રદ્ધાવાળા અજ્ઞાની છે. એ તો દર્શનથી ભ્રષ્ટ છે, જ્ઞાનથી ભ્રષ્ટ છે અને ચારિત્રથી ભ્રષ્ટ--ત્રણેથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? તેથી કહ્યું, વ્યવહારચારિત્ર એટલે પંચમહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ, ગુપ્તિસ્રા અઠ્યાવીશ મૂળગુણ જે કહેવાય છેને સાધુના, એ બધા વ્યવહાર. એ બધો વ્યવહાર પુણ્યભાવ છે, શુભભાવ છે, એ કર્મકાંડનો ભાવ છે. આહા..હા..! એ આત્માના જ્ઞાનકાંડનો (ભાવ) નહિ. આહા..હા..! આકરી વાત છે, બાપુ!

**શ્રોતા :—** અઘરું લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અઘરું લાગે પણ કોઈ દિ' કર્યું છે કે દિ'? આ બધા પુણ્યભાવ અનંતવાર કર્યા. કીધું નહિ? 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, આતમજ્ઞાન બિના...' સમ્યગ્દર્શન વિના મુનિવ્રત અનંત વાર ધારણ કર્યા, પંચમહાવ્રત અનંત વાર પાળ્યા, પાંચ સમિતિ, ગુપ્તિ બાળબ્રહ્મચારી અનંતવાર રહ્યો, એથી શું થયું? એ તો બધો શુભભાવ છે. આહા..હા..! 'પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એના અર્થમાં શું કહ્યું છ ઢાળામાં? કે મુનિવ્રત છે એ દુઃખરૂપ છે. વ્રત અને તપના પરિણામ એ બધા દુઃખરૂપ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.થ આત્માના અનુભવ વિના એને આનંદ ન આવ્યો તો એ તો દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય એટલું સમજો, બાપુ! માર્ગ આ છે. એમાં વીતરાગમાર્ગમાં કોઈ બીજાની સિફારીશ પોગે એવી નથી કે ભાઈ! આના માનનારા થોડા છે અને ઘણા છે એ માપ નથી. સત્યનું માપ સત્યથી છે. માનનારા ભલે એક હોય, બે જ હોય, કોઈ ન હોય એથી સત્ કાંઈ બીજું થઈ જતું નથી. આહા..હા..!

**'હવે પ્રથમ, કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું છે એમ સિદ્ધ કરે છે :-**
**-'** ગાથા મૂકીને હોં!

**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**मिच्छत्तमलोच्छण्णं तह सम्मत्तं खु णादव्वं।।१५७।।**
**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**अण्णाणमलोच्छण्णं तह णाणं होदि णादव्वं।।१५८।।**
**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**

मिच्छत्तमलोच्छण्णं तह चारित्तं पि णादव्वं।।१५९।।
મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.
મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ્ વસ્ત્રનું,
અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.
મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,
ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.

આહા..હા..! આ જિનેશ્વર વાણી કોતરાવી છે. પોણા ચાર લાખ આ અક્ષરો વીતરાગની વાણી છે બધી. નસુધા સંસાધની ધર્મશાળા...થ ઈ યાદ આવતા આવ્યું આ. નસુધા સંસાધની ધર્મશાળા, સુધા તાપની નાશની મેઘમાળા, મહામોહ વિધ્વંસની, મોક્ષગામી, નમો દેવી વાગેશ્વરી જિનવાણી. નમો દેવી વાગેશ્વરી...થ વાગ એટલે ઓલો વાઘ નહિ અન્યમતિ કહે છે ઈ. આ તો વાક એટલે વચન. દુનિયાના વચનોમાં ભગવાનની વાણી વાકેશ્વરી છે. વાકમાં ઈશ્વરી છે એ. સમજાણું કાંઈ? આ બધું કોતરાઈ ગયેલા છે. આ કળશો, આ ગાથા. કોતરાઈ ગયેલી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ. પાંચ. આમ ચાર અને આઠ બાર. આહા..હા..! એ વીતરાગ વાણી આમ કહે છે હોં! ત્રણલોકના નાથ ઈન્દ્ર અને ગણધરની સમક્ષમાં આમ કહેતા હતા. એ કહે છે જુઓ હવે.

એ ત્રણ ગાથાની '**ટીકા : જ્ઞાનનું સમ્યક્ત્વ...**' એટલે? જ્ઞાન નામ ચેતના ત્રિકાળી ભગવાન આત્મા એનું જે સમ્યક્ત્વ. આહા..હા..! આતમ ભગવાન એટલે જ્ઞાન લીધું છે હોં! અહીંયાં જ્ઞાન એટલે આત્મા. '**જ્ઞાનનું સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' આહા..હા..! '**તે પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ તેના વડે વ્યાપ્ત થવાથી, તિરોભૂત થાય છે-**' આહા..હા..! **મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ** (એટલે) ભાવમિથ્યાત્વ હોં! શુભભાવ એ ધર્મ છે એવી માન્યતા તે મિથ્યાત્વ છે. આહા..હા..! એ '**મિથ્યાત્વ નામનો...**' ભાવરૂપી '**મેલ તેના વડે વ્યાપ્ત થવાથી,...**' આહા..હા..! સમકિત '**તિરોભૂત થાય છે -**' એ સમકિતનો ત્યાં નાશ થાય છે. ઘાતકશીલ છે. આહા..હા..! અરે..! આવી વાત ક્યાં વીતરાગની! લ્યો. પરમાત્મા દિગંબર સંતો આ વાત જાહેર કરે જગતને. સમાજ સમતોલ રહેશે કે નહિ એ દિગંબર સંતોને પડી નથી. સમાજ કાંઈ સમતોલ રહેશે કે નહિ? માનશે કે નહિ? વિપરીત થઈ જશે કે નહિ? એને કાંઈ નથી. નાગા બાદશાહથી આઘા છે. વીતરાગનો માર્ગ આ છે, બાપુ! લોકો માને ન માને એથી કાંઈ સત્ય તે અસત્ય થઈ જતું નથી. આહા..હા..!

'**જ્ઞાનનું સમ્યક્ત્વ...**' આ આત્માનું સમકિત. એટલે ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ તેની અંદર અનુભવમાં પ્રતીતિ એ સમકિત '**જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' એ સમકિત છે એ મોક્ષના કારણરૂપ-માર્ગરૂપ સ્વભાવ છે. '**તે પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ...**' એ શુભભાવ

તે ધર્મ છે એવો જે મિથ્યાત્વભાવ એ સમકિતને ઘાત કરે છે એટલે કે સમકિત થવા દેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા ભાઈ ઝીણી આવી છે, બીજું શું થાય? આ તો વીતરાગનો માર્ગ છે, બાપા! અને એ વાત વીતરાગ સિવાય કોઈ પંથમાં એ વાત છે જ નહિ. કોઈ પંથ વેદાંત હો કે વૈશેષિક હોય કે સાંખ્ય હોય કે .. પંથ હોય, ક્યાંય છે જ નહિ આ માર્ગ. આહા..હા..! આવું સ્પષ્ટીકરણ સત્યનું દિગંબર સંતો કરે છે એવી વાત શ્વેતાંબરમાં પણ નથી. કાંઈ નથી, બધું વિપરીત છે. કેટલીક વાત ઠીક કરી હોય ગુણસ્થાન-ફલાણું એ તો કહે એથી શું? મૂળ તત્ત્વમાં આખો ફેર. કેવળજ્ઞાનીને આહાર ઠરાવે, મુનિને વસ્ત્ર હોય તો મુનિ ઠરાવે, સ્ત્રીને તીર્થંકર ઠરાવે ૧૯મા મલ્લિનાથને. આહા..હા..! બાપુ!

**શ્રોતા :—** ભગવાનના માતાને મોક્ષ થયો કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સ્ત્રીને મોક્ષ ક્યાંથી હોય, બાપા! સ્ત્રીને સાધુપણું ન હોય ને મોક્ષ ક્યાંથી હોય! સ્ત્રીને તો પાંચમું ગુણસ્થાન સમકિત થાય તો આવે. આહા..હા..! અને છઠ્ઠું ગુણસ્થાન મુનિનું ન આવે એને તીર્થંકર ઠરાવવા અને એને મોક્ષ ઠરાવવા. ઘણો વિરોધ, બાપુ! ઘણો વિરોધ, ભાઈ! કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિ. વ્યક્તિ આત્મા છે, ભગવાન આત્મા છે; પણ એની દૃષ્ટિ છે વિપરીત એ તો એણે બરાબર જાણવી જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..!

શુભભાવરૂપી.. છે? પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ એમ. ઓલો કર્મ નહિ, જડ નહિ. **'પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ તેના વડે વ્યાપ્ત થવાથી, તિરોભૂત થાય છે-'** એ સમકિતનો ઘાત થાય છે ત્યાં. આહા..હા..! શુભભાવમાં ધર્મ માનવાથી, શુભભાવનું જ્ઞાન કરવાથી જાણે જ્ઞાન થયું અને શુભમાં રમણતા થઈ એ ચારિત્ર થયું એમ માનવાથી સમકિતનો ઘાત થાય છે. આહા..હા..! **'શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ.'** વસ્ત્રનો જેમ ધોળો સ્વભાવ છે એને મેલ લાગવાથી એ શ્વેત સ્વભાવ ઢંકાઈ જાય છે, એમ. એક વાત થઈ.

હવે **'જ્ઞાનનું જ્ઞાન...'** આહા..હા..! ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપી, ચૈતન્યસૂર્ય ચૈતન્યના નૂરનો તેજનું પૂર પ્રભુ છે. આહા..હા..! ભગવાન આત્મા તો ચૈતન્યના નૂરના તેજથી પૂર ભરેલું છે. પાણીનું જેમ પૂર હોય છે. આહા..હા..! અરે..! એણે એની કોર કોઈ દિ' જોયું છે ક્યાં? પર્યાયમાં અને રાગમાં આખી જિંદગી વર્ષો અનાદિ કાઢ્યા, પણ એક સમયની પર્યાયની પાછળ મોટો ભગવાન બિરાજે છે. આહા..હા..! એનું જે જ્ઞાન, છેને? **'જ્ઞાનનું જ્ઞાન...'** એટલે આત્માનું જ્ઞાન. જ્ઞાન શબ્દે આખો આત્મા વર્ણવવો છે. આત્મજ્ઞાન જે આત્મા વસ્તુ છે તેનું જે જ્ઞાન **'કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** એ જ્ઞાનનું આત્માનું જ્ઞાન, સ્વ ભગવાનનું જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન આદિ નહિ, પર જ્ઞાન નહિ. આહા..હા..! આત્મા જ્ઞાનનું જ્ઞાન. એ જ્ઞાન ચૈતન્યસ્વરૂપ બિંબ છે, જેમાં સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય પણ જેમાં નથી. આહા..હા..! એવું ચૈતન્યસ્વરૂપ જે નિત્યાનંદનું દળ એનું જે જ્ઞાન એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એ

જ્ઞાન મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. આહા..હા..!

'**તે, પરભાવસ્વરૂપ અજ્ઞાન નામના કર્મમળ...**' એ શુભભાવ તે ધર્મ છે એવું જે અજ્ઞાન, એના '**વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે-**' ત્યાં આગળ જ્ઞાન ઢંકાઈ જાય છે. સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થતું નથી. આહા..હા..! '**જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્ર...**' મેલથી જેમ વસ્ત્રની સફેદાઈ ઢંકાઈ જાય છે, તિરોભૂત થઈ જાય છે એમ '**શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. જ્ઞાનનું...**' જ્ઞાન. એમાં આ જે મિથ્યાજ્ઞાન એનાથી સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થતું નથી. ઘાત કરનાર છે. આહા..હા..! હવે આવી વાતું. માંડ સંસારના કામમાં પચ્યો હોય આખો દિ', રાતે છ-સાત કલાક ઊંઘમાં પડ્યો હોય, જાગે તો પાછી હોળી જાગે આ બધી પૈસાની, બાયડી ને છોકરાની. હવે એમાંથી કલાક સાંભળવાનું મળે એમાં જે સાંભળ્યું હોય એમાં ઠેકાણું ન હોય. એમાં આવું સાંભળવા મળે. આહા..હા..! પ્રભુ! તારો માર્ગ જુદી જાતનો, ભાઈ!

પરમેશ્વરે તો કહ્યું કે આત્માનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન. આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન એ નહિ. દિવ્યધ્વનિથી ઉત્પન્ન થયેલું જ્ઞાન એ નહિ. દિવ્યધ્વનિ સાંભળી ભગવાન પાસે અનંતવાર અને જે જ્ઞાન થયું પોતાથી ત્યાં, દિવ્યધ્વનિ તો નિમિત્ત છે પણ તે જ્ઞાન પોતાથી થયું એ ઉપાદાનનો પર્યાય પણ એ જ્ઞાન સમ્યક્ નહિ. જ્ઞાનનું જ્ઞાન. આહા..હા..! મલૂકચંદભાઈ! ભાઈ ગયા? આકરું પડે ભાઈ માર્ગ આ તો એવો છે. અંતર જ્ઞાનસ્વરૂપ ભગવાન આખો જ્ઞાનનો પિંડ છે. આહા..હા..! એ જ્ઞાનનું એટલે આત્માનું જ્ઞાન. તે જ્ઞાનને આ શુભભાવ તે અજ્ઞાન છે, એનાથી તે સમ્યગ્જ્ઞાન ઢંકાઈ જાય છે, ઘાત થઈ જાય છે. આહા..હા..!

'**તેમ જ્ઞાનનું ચારિત્ર...**' જુઓ! સાચું ચારિત્ર કોને કહેવું? કે આત્માનું ચારિત્ર. આત્મા જે આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ એમાં રમણતા, આનંદની રમણતા, અતીન્દ્રિય આનંદની રમણતા એ આત્માનું ચારિત્ર. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાન એટલે આત્મા. ચેતના ત્રિકાળી સ્વરૂપ ભગવાન. એ આત્માનું ચારિત્ર એટલે આત્મામાં અંતર રમણતા. અતીન્દ્રિય આનંદનું ઉગ્ર વેદન એવું જે ચારિત્ર. આહા..હા..! '**કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' એ આત્માની અંદરમાં રમણતા, આનંદની રમણતા જે પુણ્યના પરિણામથી ભિન્ન અને સ્વભાવથી જે પર્યાય અભિન્ન, એવું જે આત્માનું ચારિત્ર તે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. પંચમહાવ્રતાદિ પરિણામ એ મોક્ષના કારણરૂપ સ્વભાવ નહિ, પણ એ પંચમહાવ્રતના પરિણામ એ જ્ઞાનનું ચારિત્ર તેને ઘાત કરે છે. છે? હવે જે ઘાત કરે એ પછી આગળ વધારી દે આત્માને? આહા..હા..! મૂળ શ્રદ્ધામાં મોટો ફેર છે આખો. શ્રદ્ધામાં જે વિરુદ્ધ છે એનું તો જ્ઞાન ને ચારિત્ર ને વર્તન બધું મિથ્યા છે. આહા..હા..! જેનો ઉપદેશ એવો છે કે આ કરવું, યમ કરો, વ્રત કરો, નિયમ કરો, તપ કરો, તપસ્યા કરો, તે તમારા કલ્યાણનું કારણ છે, એ મિથ્યાશ્રદ્ધાની પ્રરૂપણા મિથ્યાશ્રદ્ધાની પોષક છે. આહા..હા..! આત્માનું ચારિત્ર. તેથી એમાં કહ્યુંને ઓલામાં? 'મુનિ

વ્રતધાર અનંતબૈર...' પંચમહાવ્રતાદિ અનંતવાર પાળ્યા. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્માના અંતર જ્ઞાન વિના, અંતરની રમણતા વિના એને આનંદ ન આવ્યો. એ બધા પંચમહાવ્રતના પરિણામ જે રાગ હતા વ્યવહારચારિત્ર એ દુઃખરૂપ હતું. આહા..હા..! વીતરાગ પરમેશ્વરનો માર્ગ તો આ છે.

એ '**જ્ઞાનનું ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે, પરભાવસ્વરૂપ કષાય...**' જુઓ! રાગાદિ ભાવ છેને કષાય? એ '**નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે–**' એ શુભભાવથી ચારિત્ર જ્ઞાનનું તે નાશ થાય છે. આહા..હા..! લોકો શાંતિથી સ્વાધ્યાય કરતા નથી. આવા શાસ્ત્રો પડ્યા છે. મહા વીતરાગની વાણીનો વારસો છે આ તો. ભગવાન વારસો મૂકી ગયા સંતો. ઓહો..હો..! દિગંબર સંતોએ શાસ્ત્રો બનાવીને વારસો ભગવાનનો મૂકી ગયા. પૈસા મૂકી જાય એ તરત સંભાળે. ધૂળને. મારા બાપ પાસે પાંચ લાખ હતા.

**શ્રોતા :—** એનાથી શાક આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શાક એનાથી આવતું હશે? શાક તો શાકને કારણે આવે. સાંભળ્યું નથી? કે ખાનારનું નામ દાણે દાણે છે. એમ આવે છેને?

**શ્રોતા :—** દાને દાને પે લિખા હે ખાનાવાલે કા નામ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નામ છે. નામનો અર્થ શું? નામ છે અંદર? પણ ખાનારના જે રજકણ આવવાના છે ઈ આવશે જ અને નહિ આવવાના હોય એ નહિ આવે, એમ કહે છે. પરમાણુ ખાવાના છે, લક્ષ્મીના.. શું કહેવાય? શાક, શાકને તરકારી કહે છે? એ આવવાના હશે તો આવશે જ આવશે. પૈસાથી નહિ, એનાથી નહિ, તારા રાગથી પણ નહિ. આહા..હા..!

**શ્રોતા :—** હુશિયાર માણસ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હુશિયાર કોને કહેવા? હુશિયાર હોય તો જ્ઞાનનો ઉઘાડ તો એની પાસે રહ્યો એમાં શાક આવવામાં ત્યાં ક્યાં જ્ઞાન ગરી ગયું? આહા..હા..! બહુ હુશિયાર અને કંજુસ હોય. ઓલો શાક લઈને આવ્યો હોય મણ શાક, બે મણ, ખપી ગયું હોય આખો દિ'માં. પાંચસો રહ્યું હોય તો ટુવાવાળો. ટુવા સમજ્યા? ટુવાને શું કહે? ડંખ ડંખ. પાંચસો શાક રહ્યું હોય તો પછી એમ કહે કે ભાઈ, તમે લઈ જાવ. ચાર આનાનું શેર અત્યાર સુધી આપ્યું છે. પાંચ શેર છે એમાં જરીક આ લઈ ગયો. બે આનાનું શેર. તો ઓલો હુશિયાર માણસ કહે કે બે આને મળે છેને. એ બે આના પાંચ શેર લીધું દસ આનાનું. ઘરે જોવે તો આખું શાક સડેલું. આ સોંઘુ કરવા ગયા ત્યાં... આહા..હા..! એમ આ શુભભાવથી ધર્મ થાશે (એમ) સોંઘુ કરવા ગયા ત્યાં બધુ વયું ગયું એના મિથ્યાત્વભાવમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન. એ શું ચીજ છે, બાપુ! આ ભગવાન પરમાત્મા. આહા..હા..! જેની એક પર્યાય એક

સમયની દસામાં ત્રણકાળ, ત્રણલોકથી અનંતગુણું હોત તો જણાત એટલી તાકાત છે એની. આહા..હા..! એવા જિન પરમેશ્વરની ઈચ્છા વિના વાણી દિવ્યધ્વનિ નીકળી એમાં આ આવ્યું. દિવ્યધ્વનિમાંથી આગમ રચના થઈ. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે...' ભગવાનના શ્રીમુખે તો ૐ જ નીકળે. ૐ.. હોઠ હલ્યા વિના, કંઠ ધ્રુજ્યા વિના ૐ એવો અવાજ ઊઠે. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' એ ૐકારની ધ્વનિ સુણી ગણધર સંત હોય મુનિ એ એનો અર્થ વિચારે. એમાંથી આગમ રચે. 'રચી આગમ ઉપદેશે સંશય નિવારે.' ઓલામાં આવે છેને એ ૐકાર ધ્વનિમાં. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે સંશય નિવારે.' એમ છે. છેને અહીં?

'નમો કેવળ નમો કેવળરૂપ ભગવાન, મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર...' મુખ. મુખ શબ્દ લીધો છે. આ દુનિયા દેખે એ અપેક્ષાએ, નહિતર તો આખા શરીરથી ઊઠે છે. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે, સો સત્યાર્થ શારદા...' એ સત્યાર્થ વાણી ભગવાનની એ શારદા વાણી ભગવાનની. આહા..હા..! 'તાસુ ભક્તિ ઉર આન છંદ ભુજંગપ્રયાતમેં અષ્ટક કહો બખાન.' બનારસીદાસે બનાવ્યું છે આ. ૐકાર જ્યારે આપણે સ્થાપ્યો હતો જ્યારે ૯૫માં, ત્યારે આ બનાવ્યું છે. બનારસીદાસમાંથી આ કાઢ્યું છે. બનારસી વિલાસ નામનો ગ્રંથ છે એમાંથી આ નીકળ્યું.

'**તે, પરભાવસ્વરૂપ કષાય...**' આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એની અંતરની રમણતા જ્ઞાનની, નિર્વિકલ્પ રમણતા વીતરાગ પરિણતિ, એનો આ શુભભાવ તે ઘાતક છે. આહા..હા..! આટલું સ્પષ્ટ છે પણ હવે માણસને, એ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાશે, એમ કહે. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ડકાર આવશે. લસણ, લસણ. લસણ હોય છેને. ઢોકળામાં તેલ.. એનો ઓડકાર આવ્યો કસ્તુરીનો. એમ હશે? લસણના ઓડકારે કસ્તુરી હોય? એમ શુભભાવનો ભાવ નિશ્ચય વીતરાગતા આવે? આહા..હા..!

**શ્રોતા :—** શુભભાવ લસણ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શુભભાવ લસણ છે અને આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન એ વીતરાગી પર્યાય છે. રાગથી વીતરાગી પર્યાય આવે? આહા..હા..! આવી વાત છે, પણ આકરું લાગે. શાંતિભાઈ! મોટો પ્રવાહ. પછી આવી વાત (સાંભળીને) કહે કે આ સોગનઢની વાત છે; પણ આ ભગવાનની છે કે સોનગઢની છે? આહા..હા..! વીતરાગવાણીનો પોકાર તો આ છે દુનિયા પાસે. એને ન બેસે એથી કાંઈ સત્ય બીજું થઈ જાય? આહા..હા..!

'**કષાય નામના કર્મમળ વડે...**' કીધુંને? '**કષાય નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે, જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. માટે મોક્ષના કારણનું (-સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું-) તિરોધાન કરતું હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.**' આહા..હા..! એને

ઘાતનશીલ શુભભાવ હોવાથી તેને નિષેધ કરવામાં ભગવાનની આજ્ઞામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :—** રાગ ઘાતક છે, નિશ્ચયથી કે વ્યવહારથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રાગ રાગ ઘાતક છે નિશ્ચયથી. વ્યવહારથી ક્યાં હતો? એ પોતે જ વ્યવહાર છે. ચારિત્રની પર્યાય એ નિશ્ચય દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર છે. વીતરાગી પર્યાય વ્યવહાર છેકે નહિ? આહા..હા..! દ્રવ્યસ્વભાવ છે એ ત્રિકાળ નિશ્ચય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ પર્યાય વ્યવહાર છે. એને ઘાત કરનારો રાગ એ પણ વ્યવહાર એટલે અહીંયાં તો પર્યાયનો ઘાત કરે છે. પર્યાય નિશ્ચય ગણીને એનો ઘાત કરે છે. નિશ્ચયનો ઘાત કરે છે, એમ કહેવું છેને. સ્વની પર્યાય છે તે નિશ્ચય છે એની અપેક્ષાએ અને એનો ઘાત કરનાર તે રાગ છે. એનો વિરોધ ભાવ છે એ. એનો ને એનો, એ જ એનો વેરી છે. એ લીધું છે ઓલામાં. વેરી છે એમ. જે વેરી છે જેનો એ એનો નિશ્ચય છે. રાગ જ એનો વેરી છે. નિશ્ચયથી એ વેરી છે એમ લીધું છે. આત્માવલોકનમાં લીધું. વેરી છે એનો. આહા..હા..! કર્મ વેરી નહિ. વિકારભાવ છે તે અનિષ્ટ છે અને ઈષ્ટ તે આત્માનો સ્વભાવ છે. આહા..હા..! એ દુષ્ટમાં આવી ગયું. દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે—ત્રણ બોલ આવ્યા હતા. આહા..હા..! મૂળ આ પ્રરૂપણા અને આ આખો ઉપદેશ બહુ ઘટી ગયોને તો લોકોને એમ લાગે કે આ બધી નિશ્ચયની વાત છે, પણ નિશ્ચય એ જ સત્ય છે. વ્યવહાર તો ઉપચાર છે, અસત્ય છે.

છ ઢાળામાં ન આવ્યું? નિશ્ચય સત્યાર્થ મોક્ષમાર્ગ. નિશ્ચય. એનો હેતુ તે વ્યવહાર. હેતુ એ અસત્યાર્થ છે. આહા..હા..! છ ઢાળામાં ઘણું ભરી દીધું છે. ઘણું ભર્યું છે. ગાગરમાં સાગર. પણ લોકોને એટલો વખત ક્યાં વાચવાનો, સાંભળવાનો, વિચારવાનો. દુનિયાની હોળી આડે આખો દિ'. કહો, મનહર! પૈસામાં ઘુંચાઈ જાય આખો દિ' આ કરો ને આ કરો. પાપ એકલું, એકલું પાપ અને પાપથી પાછું જાવું લઈને સાથે. આહા..હા..! ગજબ છે, ભાઈ! એમાં આ સાંભળવાનો, વાંચવાનો વિચાર અને વખતનો સ્વાધ્યાય ક્યાં મળે છે? સ્વાધ્યાયનો કાળ બે-ચાર કલાક ગાળતો હોય તો એને ખબર પડે કે આ શું તત્ત્વ છે? આહા..હા..! લ્યો, '**કર્મને નિષેધવામાં આવ્યું છે.**'

'**ભાવાર્થ :—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે.**' એ ઉમાસ્વામી, તત્ત્વાર્થસૂત્ર. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એ '**જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ પરિણમન...**' જુઓ! આત્માનું સમ્યક્રૂપે પરિણમન એ '**મિથ્યાત્વકર્મથી તિરોભૂત થાય છે;...**' આહા..હા..! એ શુભભાવને પોતાનો માનવો એવો એ મિથ્યાત્વભાવ ઘાતક થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** જીવનો ભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જીવનો ભાવ અહીં. કર્મ તો નિમિત્ત છે જડ એને ક્યાં. નિમિત્તથી કહો તોપણ ભાવ આ છે. મૂળ તો મિથ્યાત્વભાવ છે, મિથ્યાત્વભાવ. કર્મનો ઉદય તો જીવને

અડતો પણ નથી, એ ઘાત શી રીતે કરે? આહા..હા..! જે એનો ભાવ વિપરીતભાવ છે તે તેના અવિપરીત ભાવનો ઘાત કરે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** .... કર્મથી થાય, કર્મથી થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, લીધું હોય ભલે કર્મથી. પણ કર્મથી એટલે આ લેવું. અહીં આપણે આવી ગયું નહિ? વ્રત, તપ આદિ શુભકર્મ છે એ ન આવ્યું? કર્મ છે. શુભભાવ છે, રાગ છે ને કર્મ છે. ભાવકર્મ છે એ જ નુકસાન કરનાર છે. દ્રવ્યકર્મ તો જડ છે એને ક્યાં.. એ તો પરચીજ નિમિત્ત છે. આ તો અશુદ્ધ ઉપાદાન એનું જે રાગનું, એ એના શુદ્ધ ઉપાદાનની પરિણતિનો ઘાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે. જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ પરિણમન...**' પરિણમન હોં! સમ્યગ્દર્શનનું નિર્મળ પરિણમન તેનો '**મિથ્યાત્વકર્મથી તિરોભૂત થાય છે;...**' એ પરિણમનનો ઘાત કરે છે, એ પરિણમન થવા દેતું નથી. આહા..હા..! થોડું પણ સત્ય હોવું જોઈએ. મોટી-મોટી વાતું કરવી અને એમાં સત્ય કાંઈ હાથ પણ આવે નહિ. આહા..હા..! વીતરાગે કહ્યું એ સત્ય હાથ આવવું જોઈએ.

'**જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમન...**' જોયું! પર્યાય. આત્માનું જ્ઞાનરૂપે પરિણમવું થવું, એ '**અજ્ઞાનકર્મથી તિરોભૂત થાય છે;...**' સ્વરૂપનું અજ્ઞાન છે, શુભભાવનું જ જ્ઞાન છે એ એને રોકી દે છે. આહા..હા..! શુભભાવમાં જ જ્ઞાન રોકાઈ ગયું છે એ અજ્ઞાન છે, એ સમ્યગ્જ્ઞાનના પરિણમનને ઘાત કરે છે. આહા..હા..! આમાં વાર્તા ન મળે, કથા ન મળે. આવો ઉપદેશ લ્યો. માર્ગ તો એવો છે, બાપુ! ઝીણો, ભાઈ! આ તો આત્માની કથા છે, આત્મધર્મની કથા છે આ. આત્મધર્મ કેમ થાય એની વાત છે. એ આત્મધર્મને રોકનારા ઊંધા પરિણામ છે એમ કહે છે. આહા..હા..! કર્મ ઘાત કરે... કર્મ ઘાત કરે. કર્મ તો જડ છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' ભક્તિમાં આવે છે. ચંદ્રાનનમાં. 'કર્મ બિચારે કૌન?' એ તો જડ છે, માટી છે એને તો ખબરેય નથી કે અમે કોણ છીએ. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' મારી ભૂલની અધિકતા છે, કર્મને કાંઈ છે નહિ. આહા..હા..! 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' પોતે કોણ છે એનું જ્ઞાન પોતાને નથી, ભાન નથી એને. દુનિયાના ડાહ્યાની વાતું કરવા બેસે તો જાણે ઉપરથી દેવનો દીકરો ઉતર્યો જાણે વાતું કરે. આનું આમ છે ને આનું આમ છે.

**શ્રોતા :—** દેવને દીકરો જ ક્યાં હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એટલે એની વાત સાચી જ ન હોય એમ કીધું. આહા..હા..!

'**જ્ઞાનનું ચારિત્રરૂપ...**' આત્માનું જે ચારિત્ર. આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ એ આત્માનું ચારિત્ર નથી, એ તો રાગનું આચરણ છે. આહા..હા..! આત્માનું ચારિત્રરૂપ પરિણમન એટલે કે આત્માનું ચારિત્ર પરિણમન તો વીતરાગી પરિણતિ છે. એને '**કષાયકર્મથી તિરોભૂત થાય છે.**' કષાયરૂપી કર્મ છે એ. આવ્યું હતુંને? દાન, શીલ, તપ, ભાવ, વ્રત એ બધો શુભકર્મ

છે, શુભભાવ છે. આહા..હા..! એનો ઘાત કરે છે.

'**આ રીતે મોક્ષના કારણભાવોને...**' મોક્ષના કારણભાવોને. એટલે મોક્ષના કારણ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પરિણતિ તેને '**કર્મ તિરોભૂત કરતું હોવાથી...**' નિમિત્તથી કર્મ કહો તો ઉપાદાનથી અશુદ્ધ પરિણામ કહો. '**તેનો નિષેધ કરવામાં આવ્યો છે.**' વીતરાગદેવ ત્રિલોકનાથે શુભભાવને ધર્મ તરીકે માનવાનો નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ? વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ-૧૪, શુક્રવાર, તા. ૦૫-૧૧-૧૯૭૬, ગાથા-૧૬૦, પ્રવચન નં. ૨૨૨

આ સમયસાર, ૧૬૦ ગાથા. '**હવે, 'કર્મ પોતે જ બંધસ્વરૂપ છે' એમ સિદ્ધ કરે છે :**'

सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो।
संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।१६०।।

**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,**
**સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.**

શું કહે છે? કે આ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ આદિનો ભાવ છે એ શુભભાવ છે અને એ શુભભાવ બંધસ્વરૂપ છે, એટલે એ મોક્ષનું કારણ નથી. પહેલાં ત્રણ ગાથામાં એમ કહ્યું કે આ આત્મા (એની) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ જે પરિણતિ છે એનો એ શુભભાવ ઘાતક છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન જે મોક્ષનો માર્ગ,... ઝીણી વાત છે, ભાઈ! એને એ દાન, દયા, પૂજા, ભક્તિ, વ્રત, તપ એ બધો વિકલ્પ છે એ શુભરાગ છે. આત્મા તો જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપ છે. એથી એ વિકલ્પ છે જે શુભરાગ એ આત્માના સમ્યગ્દર્શન અને શુભરાગનો પ્રેમ મિથ્યાત્વ એ સમ્યગ્દર્શનને ઘાતે છે. એ શુભભાવનું જ્ઞાન એ અજ્ઞાન, એ જ્ઞાનભાવને ઘાતે છે. શુભભાવનું જે આચરણ, રાગનું અંતર આચરણ, એ ચારિત્રને ઘાતે છે. આહા...! આવી વાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે. તેથી તે ઘાત કરનારું હોવાથી નિષેધ છે. મોક્ષના માર્ગમાં એ શુભભાવ નિષેધ છે એમ ત્રણ ગાથામાં કહ્યું.

હવે ૧૬૦ ગાથામાં એમ કહે છે કે જે જડ કર્મ છે એ દ્રવ્યબંધ છે, એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જડ કર્મને આકારે જાણવામાં જે રાગ-દ્વેષનો

ભાવ થાય એ ભાવબંધ છે. આહા..હા..! અને એ ભાવબંધ બંધસ્વરૂપ છે, ભગવાન અબંધસ્વરૂપ છે, આત્મા અબંધસ્વરૂપ છે; અથવા અબંધસ્વરૂપને આશ્રયે થતા પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન એ અબંધ પરિણામ છે, જ્યારે શુભભાવ છે એ બંધભાવ છે, તેથી તે નિષેધવાલાયક છે. આત્મામાં થતાં ભાવબંધ એવો જે શુભરાગ એને આકારે પરિણતિ દશા (થાય) એને ભાવકર્મ અથવા શુભોપયોગ કહે છે, એને ભાવબંધ કહે છે. છે?

'**ટીકા :—જે પોતે જ જ્ઞાન હોવાને લીધે...**' ભગવાન આત્મા તો જ્ઞાન-દર્શનસ્વરૂપ છે. ચૈતન્યસ્વરૂપ જે આત્મા એ તો સામાન્ય જે દર્શન અને વિશેષ જ્ઞાન એ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? '**જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (-સર્વ પદાર્થોને) સામાન્ય...**' નામ દર્શન અને વિશેષ નામ જ્ઞાન એવા '**જાણવાના સ્વભાવવાળું છે...**' આહા..હા..! કોણ? આ આત્મા. એ તો જાણવાના અને દેખવાના સ્વભાવવાળું તત્ત્વ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! જે આ આત્મા છે એ શરીરથી જુદું તત્ત્વ છે, કર્મથી જુદું છે, એમ આ શુભભાવથી પણ એ જુદું તત્ત્વ છે અને એ તત્ત્વનો સ્વભાવ જાણવું અને દેખવું છે. આહા..હા..!

'**જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય,...**' એમ. એવું આત્મદ્રવ્ય. જે જાણવું એ વિશેષ જ્ઞાન છે, દેખવું એ સામાન્ય દર્શન છે એવો જે આત્મા. આહા..હા..! એ '**આત્મદ્રવ્ય અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી...**' જુઓ આમાં. આવ્યા હતાને ઇંદોરથી, હુકમીચંદજી. સર હુકમીચંદજી આવ્યા હતા અહીંયાં. એની સાથે પંડિત હતા જીવરાજજી. કેવા? જીવનધર. જીવનધર પંડિત હતા. એમાં આ ગાથા ચાલતી હતી. એને એમ કે '**कम्मरएण**' શબ્દ પડ્યો છેને ઉપર. કર્મરજથી આત્મા ઢંકાઈ ગયો છે. ત્યારે પાઠ તો એમ છે કે પોતાના અપરાધથી ઢંકાયેલો છે. ભાવકર્મમાં ઢંકાઈ ગયો છે એ. ભાવકર્મનું પરિણમન છે એ ભાવઘાતિ છે. કર્મ છે એ તો નિમિત્ત જડ છે. જડને તો આત્મા સ્પર્શતો પણ નથી, કોઈ દિ' અડતો પણ નથી, અડ્યો પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શરીર, કર્મ, વાણી, મન, રજકણ એને તો કોઈ દિ' ભગવાન અરૂપી અડ્યો પણ નથી. અડે ક્યાંથી? આ અરૂપી અને એ રૂપી છે. આહા..હા..! ફક્ત કર્મના બંધના કાળમાં તેનું જ્ઞાન અને દર્શન તેને આકારે પરિણમતું પરજ્ઞેય... જડ કર્મના ઉદયના કાળમાં આત્મા પોતે પરને જાણવામાં રોકાઈ ગયો છે, ત્યાં આગળ એને શુભ અને અશુભભાવ થાય છે. એ શુભ અને અશુભભાવ એ ભાવઆવરણ છે. કર્મનું આવરણ તો જડ છે, એ તો નિમિત્ત છે, પર છે. એને તો એ અડતો પણ નથી. આહા..હા..!

આત્મા જાણનાર-દેખનાર સ્વભાવવાળું તત્ત્વ છે એ '**અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી...**' ભાષા જુઓ! કર્મને કારણે ઢંકાણું છે એમ નહિ. આહા..હા..! પોતાના પુરુષાર્થના અપરાધથી. આહા..હા..! કર્મ જડ છે, 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' એ જડ કર્મ

શું કરે? પોતાની જે અપરાધદશા પુણ્યના ભાવ કરી અને પોતાના માનવા એ ભેખ બંધનો છે. એ આત્માની પર્યાયમાં બંધનો ભેખ છે, એ એનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું એટલે..

ચૈતન્યતત્ત્વ છે એ તો જ્ઞાયક જાણક-દેખન સ્વભાવવાળું તત્ત્વ છે. એમાં જે આ શુભ પરિણામ છે એ ભાવબંધસ્વરૂપ છે. એ પર્યાય ત્યાં રોકાઈ ગઈ છે રાગમાં. આહા..હા..! એ રોકાય છે તે ભાવબંધ છે. તે ભાવબંધ છે એ એનો પોતાનો અપરાધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનું સ્વરૂપ તો જ્ઞાન અને દર્શન, સર્વને જાણવું, દેખવું એવું સ્વરૂપ (છે). એ તો અબંધસ્વરૂપ છે અથવા જ્ઞાયકસ્વરૂપ છે. એના પર્યાયમાં રાગ અને પુણ્યના પરિણામમાં રોકાતા તે ભાવબંધ થાય છે એમાં એ પોતાનો અપરાધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! એને ક્યાં નિર્ણય કરવાના ઠેકાણા ન મળે. હજી સમ્યગ્દર્શન પ્રથમ દશા ધર્મની પહેલી ભૂમિકા સમ્યગ્દર્શન, એમાં નિર્ણય કરવાનું આ ટાણું છે એને. આહા..હા..!

આત્મા તો જ્ઞાન અને દર્શનથી ભરેલો સર્વજ્ઞ અને સર્વદર્શી છે. આહા..હા..! સર્વજ્ઞ અને સર્વદર્શી એની શક્તિ એટલે સ્વભાવ એટલે ગુણ છે. એ સર્વજ્ઞ અને સર્વદર્શી ગુણવાળું એ તત્ત્વ છે એ પોતાના અપરાધને લઈને એટલે રાગમાં રોકાવાને લઈને. આહા..હા..! '**પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું...**' પુણ્ય પરિણામ એ કર્મમળ છે. વિકારના કાર્યનો એ મેલ છે. આહા..હા..! આવી વાતું હવે આમાં. દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો તો સમજાય પણ ખરું. શું સમજવું હતું એમાં? એ તો રાગ છે. એનો સ્વભાવ તો રાગ કરવાનો છે જ નહિ. આહા..હા..! એનો સ્વભાવ તો જાણવા-દેખવા કરવાનો સ્વભાવ છે. એવો જે આ ભગવાન આત્મા પોતાના જ્ઞાતા-દૃષ્ટાના સર્વજ્ઞ અને સર્વદર્શી સ્વભાવને ભૂલી જઈ અને રાગમાં રોકાય છે એનો અપરાધ પોતાનો છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા...**' એ કર્મમળ. વિકારી મેલ ભાવ એ કર્મમળ. આહા..હા..! જડ છે એ પર છે, એની સાથે કાંઈ સંબંધ છે નહિ. આ મોટી ચર્ચા ચાલી હતી તે દિ'. શેઠ આવ્યા હતાને હુકમીચંદજી ઈંદોર. જીવનધર હતા, બંસીધરજી હતા કે નહિ? પછી આવ્યા હતા? પછી આવ્યા. બીજી વાર. વાત એ છે કે 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' પોતે જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવવાળો તે પણ પૂર્ણજ્ઞાન અને પૂર્ણદર્શનના સ્વભાવવાળું તત્ત્વ છે. અપૂર્ણ જ્ઞાન અને દર્શન એ પણ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

તેથી કહ્યુંને જુઓને, '**વિશ્વને (-સર્વ પદાર્થોને) સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું...**' દ્રવ્ય છે એ તો. આહા..હા..! લોકાલોક, રાગથી માંડીને બધી ચીજોને દેખવું અને જાણવું એ એનો સ્વભાવ છે, એ એની આંખ છે. એ ભગવાન પોતાના અપરાધથી એટલે કે રાગના ભાવમાં રોકાવાથી એ પોતાનો અપરાધ છે. ભલે એ શુભરાગ હોય દયા, દાન, વ્રત, તપનો ભાવ પણ એ રાગ છે અને રાગમાં રોકાવાથી બંધભાવ છે. માટે અહીંયાં

નિષેધ કરવામાં આવ્યો છે. આહા..હા..! છે એમાં? જુઓ, થોડું પાછું ઘરે વાંચવું જોઈએ.

કેમ ભૂલ્યો છે અનાદિથી? કે પોતાના અપરાધથી ભૂલ્યો છે. જે જ્ઞાતા-દૃષ્ટા ઉપર નજર જોઈએ એ સ્વભાવવાળું તત્ત્વ, એને ઠેકાણે બંધ રાગ ઉપર એની નજર છે. સમજાણું કાંઈ? જડના કર્મના ભેખ તો અજીવના છે, પણ આ જીવનો ભેખ ભાવકર્મ છે. આહા..હા..! અહીં તો ખરું તો એ પુણ્ય પરિણામને જ કર્મમળ તરીકે લેવું છે, અશુભ તો છે જ, એની વાત તો સાધારણ છે.

એટલે અહીં કહે છે કે સર્વ પ્રકારે '**કર્મમળ વડે લેપાયું...**' ઓહો..હો..! વ્યાપ્ત થયું. જડની સાથે વ્યાપ્ત ન થાય. વ્યાપક ભગવાન અને વ્યાપ્ય કર્મ એમ ન હોય. ભાવકર્મનું વ્યાપ્ય એનું કર્મ છે. વ્યાપક આત્મા અને પુણ્ય પરિણામ દયા-દાન એ વ્યાપ્ય એનું કર્મકાર્ય છે. એમાં રોકાવાથી એનું જ્ઞાન-દર્શન જાણવું-દેખવું થાય એ ન થયું. એટલામાં રોકાઈ ગયો એ. સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુ, બાપુ! વીતરાગમાર્ગ... દુનિયાની ચીજો શરીર, વાણી, મન કે કર્મ કે નોકર્મ એટલે બાહ્યની ચીજો એને તો એ અડતો પણ નથી, કોઈ દિ' અડ્યો પણ નથી અનંત કાળમાં. ફક્ત પોતાનો અપરાધ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવને ભૂલી અને રાગમાં રોકાઈ ગયો એ એનો અપરાધ છે. મીઠાલાલભાઈ! આવી વાતું છે ભાઈ, ધર્મની!

એ ભાવબંધ છે એ પોતાના હોવાથી '**બંધ-અવસ્થામાં સર્વ પ્રકારે...**' જુઓ, શું કહ્યું? રાગમાં રોકાવાથી બંધ અવસ્થામાં, સર્વજ્ઞ અને સર્વદર્શી સ્વભાવ હોવા છતાં રાગમાં રોકાવાથી... આહા..હા..! '**સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા...**' પોતે જ પોતે સર્વને જાણનારો એવો આત્મા, એમ. છે? '**બંધ અવસ્થામાં...**' એટલે રાગમાં રોકાવાની દશામાં. આહા..હા..! '**સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને...**' પોતાને. ત્રિકાળી ભગવાન પૂર્ણ આનંદ અને અનંત ગુણનો પિંડ એને સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને કે '**સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા...**' પોતે છે '**એવા પોતાને નહિ જાણતું થકું,...**' આહા..હા..! શું કહ્યું સમજાણું કાંઈ?

એનો સ્વભાવ સર્વજ્ઞ અને સર્વદર્શી, સર્વને જાણવું-દેખવું એવું એ સ્વરૂપ છે. હવે એવા સ્વરૂપવાળો રાગમાં રોકાવાથી સર્વને જાણનાર-દેખનાર એવો આત્મા એને એ દેખતો નથી. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મની વાત છે, બાપુ! ન્યાયની વાત છે. આહા..હા..! અરે..! એ કેમ દુઃખી થાય છે? કહે છે કે જાણનાર, સર્વને જાણવું-દેખવું એનું સ્વરૂપ છે, પણ એ સર્વને જાણવું-દેખવું એવો જે આત્મા એ રાગમાં રોકાવાથી સર્વને જાણનાર-દેખનાર એવો આત્મા એને એ જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! દયા ને દાન ને વ્રત ને તપ ને અપવાસનો જે વિકલ્પ છે એ તો રાગ છે, એ વૃત્તિનું ઉત્થાન છે. સ્વરૂપમાં એ ક્યાં છે? આહા..હા..! એ પોતે રાગમાં રોકાવું એવો જે પોતાનો અપરાધ એને લઈને સર્વને જાણવા-દેખવાનો સ્વભાવ એવો જે આત્મા એને એ દેખતો નથી, એને એ જાણતો નથી. સમજાણું

કાંઈ? ગાથા બહુ સારી છે. એ વખતે ચર્ચાણી હતી ઘણી, શેઠ આવ્યા ત્યારે.

**'બંધ-અવસ્થામાં...'** બંધ અવસ્થામાં એમ કીધું છે. બંધ કર્મમાં એમ નહિ. આહા..હા..! સર્વને જાણવા-દેખવાનો સ્વભાવ એવું જે પોતાનું સ્વરૂપ, એ રાગમાં રોકાવાથી સર્વને સંપૂર્ણ રીતે જાણનારો એવો આત્મા એને એ જાણતો નથી. તારાચંદજી! સર્વને જાણવું-દેખવું એવો જે સ્વભાવ આત્મદ્રવ્યનો એને દેખવું જોઈએ એને ઠેકાણે રાગમાં અટકતો, રાગને દેખતો, સર્વને જાણનાર-દેખનાર એવા આત્માને દેખતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. ઓહો..હો..!

**'કર્મમળ વડે લેપાયું-વ્યાપ્ત થયું-હોવાથી...'** એમ. એ રાગના મેલમાં વ્યાપ્યો હોવાથી. ઓહો..હો..! એ જાણે આત્માનું કાર્ય હોય એમ વ્યાપ્ય હોવાથી... **'હોવાથી જ,...'** એમ છેને? **'વ્યાપ્ત થયું-હોવાથી જ...'** આહા..હા..! એટલે કર્મને લઈને નહિ, જડને લઈને નહિ એમ કહે છે. આહા..હા..! લોકોને જૈનમાં તો કર્મ નડે, કર્મ નડે. જ્યાં ત્યાં કર્મ નડે. અહીં કહે છે, કર્મ તો જડ છે, બાપુ! એ નડતું નથી. તું પરને જાણવા રોકાતા સર્વને જાણનાર-દેખનારને દેખતો નથી, એ તારો અપરાધ છે. રાગને રાગ દ્વારા બીજાને જાણવા માટે જ્યાં રોકાય છે, ત્યાં સર્વને જાણનાર-દેખનારું એવું જે તત્ત્વ એને તું દેખતો નથી, એ તારો અપરાધ છે. આહા..હા..! આ તો ૧૮મી વાર વંચાય છે સભામાં. ૧૭ વાર તો પૂરેપૂરું વંચાઈ ગયું, આ ૧૮મી વાર ચાલે છે. આહા..હા..! ભાષા કેવી છે! આહા..હા..! ટીકા તે ટીકા છેને! ગજબ છેને!

પોતે વિશ્વને સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું. ભાષા એમ લીધી, જોયું! જાણવાના સ્વભાવવાળું સામાન્ય અને વિશેષ દેખવું-જાણવું એમ. પાઠમાં તો એ છેને. પાઠમાં એ છે જુઓ. **'सो सव्वणाणदरिसी'** એવો પાઠ છે. **'सव्वणाणदरिसी'** સર્વજ્ઞ અને સર્વદર્શી. સર્વને જાણવું અને સર્વને દેખવું એવો જેનો સ્વભાવ, એવું જેનું સ્વરૂપ. આહા..હા..! એવડો જે ભગવાન આત્મા સર્વને જાણવા-દેખવાના સ્વભાવવાળું એવું દ્રવ્ય જે છે એને જાણવું જોઈએ એને ઠેકાણે એ રાગને જાણવા રોકાઈ ગયો રાગમાં, એ એનો અપરાધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતે તો સર્વને જાણનાર-દેખનાર સ્વભાવવાળું તત્ત્વ છે, એ રાગવાળું તત્ત્વ એ નથી. રાગ તો આસ્રવતત્ત્વ, ભાવબંધતત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? કેટલાક એમ કહે છે. જાદવજીભાઈ! બાપુ! વીતરાગનો માર્ગ જ આ છે, ભાઈ! જિનેશ્વર ત્રણલોકના નાથ તીર્થંકરદેવ એની આ વાણી છે. સંતો એને અનુસારે આ કહે છે. આહા..હા..! કેમકે જેણે સંપૂર્ણ સર્વજ્ઞ-સર્વદર્શીપણું એવો આત્મા એને જાણ્યો છે એણે. પૂર્ણપણે જાણ્યો છે કેવળજ્ઞાનમાં. આહા..હા..! એવા ભગવાનની વાણીમાં ઇચ્છા વિના વાણી આવી. એને વીતરાગ કેવળીને ઇચ્છા હોતી નથી. સર્વજ્ઞ એ તો વીતરાગ છે, પણ વાણી અંદર ધ્વનિ ઊઠે છે ૐ ધ્વનિ. એ ૐ ધ્વનિમાંથી ગણધરો શાસ્ત્ર રચે છે. એમાં આ

શાસ્ત્રરચનામાં આ આવ્યું. હે પ્રભુ! તું તો સર્વને જાણવા-દેખવાવાળું દ્રવ્ય છોને. તું રાગમાં અટકે એ તારું સ્વરૂપ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! છે? ભાષા કેવી છે!

સ્વભાવથી સર્વને જાણનારો-દેખનારો.. છતાં કર્મરજ શબ્દ વાપર્યો એનો અર્થ આચાર્યે કર્યો આ. પોતાના સ્વયં અપરાધથી પ્રવર્તતા એવા '**અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ...**' પુણ્યના-પાપના ભાવ એ પોતાના અપરાધથી પ્રવર્તતો એવો ભાવ. આહા..હા..! એ વડે લેપાયું, વ્યાપ્ત થયું થકું. આહા..હા..! એવું થયુ થકું '**હોવાથી જ, બંધ અવસ્થામાં...**' રાગમાં એકાકાર થવાથી બંધદશામાં '**સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને...**' આહા..હા..! '**અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને...**' એમ કહેવું છે. સર્વ જ્ઞેયોને જાણે છે એમ નથી અહીં કહેવું. સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારો એવો આત્મા. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આત્માને જાણે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પોતાને નથી જાણતો એ પરમેષ્ઠીને સાચી રીતે જાણે છે ક્યાંથી?

**શ્રોતા :—** ભક્તિ કેમ કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભક્તિ તો પછી શુભરાગ આવે માટે. પણ એ તો અહીં કહે છે કે શુભરાગ બંધનું કારણ છે. એ સિદ્ધ કરવું છે અહીં. આવે છે, સમ્યગ્દષ્ટિને પણ શુભરાગ આવે છે, પણ બંધનું કારણ (છે), એ મોક્ષનું કારણ નથી. આહા..હા..! ધર્મીને વ્યવહાર આવે છે, પણ એ વ્યવહાર બંધનું કારણ છે. એ વ્યવહારના બંધના કારણે આત્માને મોક્ષ કારણ પ્રગટે એવો આત્માનો સ્વભાવ જ નથી એમ કહે છે. આહા..હા..! કહો, રસિકભાઈ! આવી વાતું ઝીણી બહુ, બાપા! આહા..હા..!

**શ્રોતા :—** કલકત્તાથી ઝીણી વાત સાંભળવા આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વાત સાચી. રોકાણા છે. આહા..હા..!

ભગવાન એમ ફરમાવે છે, પ્રભુ! તું કોણ છો? કેવડો છો? ક્યાં છો? કે સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવમાં હું છું. આહા..હા..! એવો તું છો. સર્વને જાણવા-દેખવાના સ્વરૂપરૂપ તું દ્રવ્ય છો. આહા..હા..! એ દ્રવ્ય પોતાના અપરાધથી પર્યાયમાં... આહા..હા..! પર્યાયમાં રાગમાં રોકાવું એ પોતાનો સ્વયં અપરાધ છે. કર્મને લઈને રાગમાં રોકાય છે એમ નથી, કે કર્મનો ઉદય આવ્યો માટે રાગ આવ્યો અને એમાં રોકાવું (પડ્યું) એમ નથી એમ કહે છે.

**શ્રોતા :—** ગોમ્મટસાર બધું ખોટું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ગોમ્મટસાર તો નિમિત્તથી કથન છે. આહા..હા..!

અહીં તો કહ્યું નહિ? પંચાસ્તિકાય ૬૨ ગાથા. આત્મામાં જે મિથ્યાત્વના પરિણામ થાય, 'રાગ તે હું' એવા મિથ્યાત્વના (પરિણામ) એ ષટ્કારકનું પરિણમન પર્યાયનું સ્વતંત્ર છે, કર્મને લઈને નહિ, દ્રવ્ય-ગુણને લઈને નહિ. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. કર્મને લઈને નહિ. કર્મ તો અજીવ

છે, એને અડતું નથી. આહા..હા..! ૬૨ ગાથા પંચાસ્તિકાય. અસ્તિકાય સિદ્ધ કરવું છેને ત્યાં. એ અસ્તિકાય સિદ્ધ કરવું છે એમાં એ વિકારી પર્યાયનું પરિણમન સ્વતઃ ષટ્કારણે છે. પોતાના કારણે કર્તા, કર્મ (છે) એ અસ્તિકાયનું સ્વરૂપ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે પોતાના અપરાધથી એટલે રાગમાં પરિણમનમાં મિથ્યાત્વના પરિણમનમાં રાગમાં રોકાણો એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સ્વભાવમાં આવવું જોઈએ એને ઠેકાણે રાગમાં રોકાણો એ મિથ્યાદૃષ્ટિ છે. અસ્થિરતા આવે એમાં રોકાણો નથી, એને જાણનારો જ્ઞાની છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને રાગ અસ્થિરતા વ્યવહાર આવે, પણ એને જાણનારો-દેખનારો છે. એમાં રોકાતો નથી, ચારિત્રદોષ છે એ. સમજાણું કાંઈ? આહા..હા..! બંધ છે. જ્ઞાનીને બંધ છે એટલો. દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય છે એનું જ્યારે વર્ણન ચાલતું હોય ત્યારે એને નિરાસ્રવી-નિર્બંધ કહેવાય. કેમકે વસ્તુ પોતે આસ્રવ અને બંધ વિનાની અને દૃષ્ટિનો વિષય તે આખો એ. એથી એને આસ્રવ અને બંધ નથી એમ કહેવાય; પણ જ્ઞાનનો વિષય ચાલે ત્યારે એમ કહેવાય કે જેટલા અંશે રાગ અને દ્વેષને પરિણમે એ પોતાનો અપરાધ છે, એ એની સત્તામાં છે. ચારિત્રની અપેક્ષાએ કહીએ તો એ રાગના પરિણામ તે ઝેર છે. દૃષ્ટિની અપેક્ષાએ પર છે, જ્ઞાનની અપેક્ષાએ પોતાનું જ્ઞેય છે, ચારિત્રની અપેક્ષાએ રાગ તે ઝેર છે. આહા..હા..! આવી વાત છે. આ ક્યાંય નથી, બાપુ! બહુ ફેરફાર, ભાઈ! શું કહીએ? વીતરાગમાર્ગ આ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ છે એ એને સમજવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ? ભાષા સમજો છો? ભાષા સમજો છો ગુજરાતી? આહા..હા..!

બહુ ટૂંકામાં પરમાત્મા (કહે છે), તું પરમાત્મસ્વરૂપ એટલે સર્વને જાણનાર-દેખનાર જ તારું સ્વરૂપ છે. જેમ પરમેશ્વર સર્વજ્ઞ-સર્વદર્શી પર્યાયમાં છે. તું દ્રવ્યમાં સર્વજ્ઞ-સર્વદર્શી તું દ્રવ્યસ્વરૂપ છો. આહા..હા..! એવા સ્વરૂપ જે સર્વજ્ઞને દેખવું-જાણવું એવા સ્વભાવવાળું તત્ત્વ દ્રવ્ય, સ્વભાવવાન, આવા સ્વભાવવાળો સ્વભાવવાન એને ન જોતાં રાગને જોવા અટક્યો છે એ સર્વથી સંપૂર્ણ એવા જાણનાર-દેખનાર આત્માને જાણતો નથી. આહા..હા..! જયસુખભાઈ! આવો માર્ગ છે. આ કાયદા વીતરાગના જુદાં છે. આ દુનિયામાં તો બધું બહારનું ચાલે. આ કરો ને આ કરો ને આ કરો. આહા..હા..!

એ '**બંધ-અવસ્થામાં...**' એટલે કે રાગમાં રોકાતી અવસ્થામાં. આહા..હા..! '**સર્વ પ્રકારે સંપૂર્ણ...**' બધે પ્રકારે સંપૂર્ણ એવો ભગવાન, '**એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે...**' સંપૂર્ણ અનંતગુણ, અનંતઆનંદનું પૂર્ણ સ્વરૂપ છે એ. '**એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને...**' સર્વ જ્ઞેયોને જાણતો નથી એમ નથી કહ્યું અહીંયાં. બંધમાં અટક્યો માટે સર્વ જ્ઞેયોને જાણતો સર્વ જ્ઞેયોને દેખતો એમ નહિ. બંધમાં અટક્યો છે માટે સર્વ જાણનાર-દેખનાર એવો આત્મા એને પણ જાણતો નથી. આહા..હા..! શું કહ્યું સમજાય છે કાંઈ? એ પુણ્યના ભાવ શુભભાવ છે એ રાગ છે. એમાં રોકાતો જીવ સર્વ જ્ઞેયોને જાણતો નથી એમ

નથી કહ્યું, પણ સર્વ જ્ઞેયોને જાણનારો એવો જે આત્માનો સ્વભાવ, એવો જે આત્મા એને જાણતો નથી. આહા..હા..!

વીતરાગમાર્ગ બાપુ આ તો! આહા..હા..! જેની સભામાં ઈન્દ્રો, ગણધરો બેઠા હોય છે, ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ. ૨૦ તીર્થંકરો સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે. ક્ષેત્રથી વિરહ પડ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન બિરાજે છે એ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, આઠ દિન રહ્યા હતા. સાક્ષાત્ સદેહે ભગવાનની જાત્રા કરી હતી. ચૈતન્યમૂર્તિ પરમાત્માની જાત્રા. આહા..હા..! ત્યાં આઠ દિન રહ્યા. આહા..હા..! ત્યાં તો પાંચસો ધનુષનો દેહ છે અને આ ચાર હાથ. ત્યાં આહાર કરવો શી રીતે? હાથ આટલો. ઓલાના મોટા હાથ. આઠ દિન આહાર-પાણી વિના (રહ્યા). આહા..હા..! ત્યાં તો પાંચસો ધનુષ—બે હજાર હાથના ઊંચા ભગવાન અને આ કુંદુકંદાચાર્ય ચાર હાથના. હવે ત્યાં રહેવું ને આહાર-પાણી ક્યાંના કરવા?

**શ્રોતા** :— સમવસરણમાં ભૂખ લાગે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પણ સમવસરણમાં સદાય એ બેઠા ન હોય. વાણી હોય તે વખતે (બેઠા હોય). પછી તો મુનિઓ શ્રુતકેવળીઓ પાસે ચર્ચામાં બેઠા હતા. આહા..હા..! એ ત્યાંથી આવીને આ સંદેશ લાવ્યા પ્રભુનો. ભગવાન ત્રિલોકનાથ સીમંધર પરમાત્માનું આ કથન છે. આ ગાથા એ પછી રચાણી છે બે હજાર વર્ષ પહેલાં. સંવત્ ૪૯માં ભગવાન પાસે ગયા હતા. આ ગાથા (રચી). '**सव्वणाणदरिसी**' આહા..હા..!

પ્રભુ! તું સર્વને જાણનાર-દેખનાર સ્વભાવવાળો તું છો. એવો જે સર્વને જાણનાર-દેખનારો સર્વ પ્રકારે સંપૂર્ણ એવો ભગવાન, એ રાગની અવસ્થામાં રોકાતા, બંધની અવસ્થામાં સર્વને સંપૂર્ણ જાણનારો એવો આત્મા તેને એ જાણતો નથી. આહા..હા..! છે? '**પોતાને નહિ જાણતું થકું,...**' આહા..હા..! ગજબ વાત કરી છેને! ટીકા તે ટીકા! આહા..હા..! અમૃત રેડ્યા છે અમૃતચંદ્રાચાર્યે. આ કુંદકુંદાચાર્ય એમની ગાથા છે. આ ટીકા છે અમૃતચંદ્રાચાર્યની. બીજા નંબર. આહા..હા..!

પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, ભાઈ! આહા..હા..! પોતે જ જ્ઞાન અને દર્શન હોવાથી, પોતે જ સર્વને જાણવા-દેખાના સ્વરૂપવાળો હોવાથી.. આહા..હા..! એ રાગમાં રોકાતા, બંધની અવસ્થામાં રોકાવાથી જ '**સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે...**' જાણનાર-દેખનાર જેનો સ્વભાવ એવો પોતાને તે જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. એય..! દેવીલાલજી! પ્રભુનો માર્ગ છે શુરાનો એ કાયરના નહિ કામ ત્યાં. અન્યમતમાં કહે છે અન્યમતિ. 'હરિનો રે માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ જોને.' એ તો ખોટી વાત છે. કોઈ હરિ-બરિ કર્તા છે નહિ, પણ 'પ્રભુનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ જોને.' 'વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ

રે. ગુણવંતા રે જ્ઞાની એ અમૃત વરસ્યા રે પંચમકાળમાં.' આહા..હા..! ત્રણલોકના નાથની વાણી કુંદકુંદાચાર્યે લાવીને અમૃત વરસાવ્યા છે. સમજાય છે? એક ગાથામાં કેટલું ભર્યું છે! તારાચંદજી! આહા..હા..!

એમાં એમ ન કહ્યું કે રાગની અવસ્થામાં સર્વ જ્ઞેયોને જાણતો નથી. સર્વ જ્ઞેયોને જાણવા-દેખવાનો સ્વભાવવાળો એ ભગવાન, એ રાગની બંધ અવસ્થામાં એ પોતાને આ રીતે જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગજબ વાત છે! અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર. કુંદકુંદાચાર્ય પંચમ આરાના તીર્થંકર અને એની ટીકા કરનારા ગણધર અમૃતચંદ્રાચાર્ય પંચમ આરાના. ચોથા આરાના ભગવાન ત્રણલોકના નાથ એ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સર્વ જ્ઞેયોને જાણનારા...**' સર્વ જ્ઞેયોને જાણતો નથી એમ ન લીધું. પંડિતજી! સર્વ જ્ઞેયોને રાગમાં અટકતો સર્વ જ્ઞેયોને જાણતો નથી એમ ન લીધું. આહા..હા..! રાગમાં અટકતા એ દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ છે એમાં રોકાતા. આહા..હા..! સર્વ જ્ઞેયોને જાણવા-દેખવાના સ્વભાવવાળો એવો જે ભગવાન એને એ અપરાધથી જાણતો નથી. આહા..હા..! શાંતિભાઈ! આવો માર્ગ છે ભગવાનનો. અરેરે..! કાને ન પડે જેને સમજવામાં ન આવે. આહા..! વીતરાગ ત્રણલોકનો નાથ એ પોતે કહે છે કે.. આહા..હા..! બંધ કેમ નિષેધ છે? રાગ બંધસ્વરૂપ છે. પહેલું આવ્યું હતું કે રાગ એ મોક્ષના માર્ગની પરિણતિનું ઘાતક છે. હવે કહે છે કે રાગ એ બંધસ્વરૂપ છે. એથી સર્વને જાણવા-દેખવાવાળો અબંધસ્વભાવ. આહા..હા..! કારણ કે સર્વને જાણવા-દેખવાનો સ્વભાવ એ તો અબંધસ્વરૂપ છે. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એ રાગની અવસ્થામાં રાગમાં રોકાતા પ્રભુ, સર્વ જ્ઞેયોને જાણવા-દેખવાનો સ્વભાવ એવો આત્મા એ પોતાને નહિ જાણતો. પોતાને નહિ જાણતો એમ કીધું. જ્ઞેયોને નહિ જાણતો એમ નથી કીધું. પરને જાણવું એ તો વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનો જે સ્વભાવ સર્વને જાણવું-દેખવું એવું જે દ્રવ્ય વસ્તુ જ એવી છે. આત્મા એવડો અને એ છે કે જે સર્વને સંપૂર્ણ રીતે જાણવું-દેખવું એવા સ્વભાવવાળો તે આત્મા છે. સમજાણું? એ આત્મા સર્વને દેખનારો એવો આત્મા એમ, પરને દેખવું એ નહિ. પરને અને સ્વને દેખનારો એવો જે આત્મા. આહા..હા..! અરે..! દુનિયામાં હેરાન થઈને મરી ગયો છે અનંત કાળથી. મુનિવ્રત પણ અનંતવાર ધાર્યા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો..' આવે છેને? સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં કહે છે, '**સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને...**' આહા..હા..! '**સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને...**' તેનો ખુલાસો કર્યો. '**નહિ જાણતું થકું,...**' કોણ? આત્મતત્ત્વ, દ્રવ્યસ્વભાવ. '**આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (-અજ્ઞાનદશામાં) વર્તે છે;...**' એ રાગને જોવામાં અટકતો જીવ અજ્ઞાનભાવે વર્તે છે, કહે છે. આહા..હા..! એ જ્ઞાનભાવમાં જોવું જોઈએ એમાં આવતો નથી. સર્વને જાણનાર-દેખનાર એવો ભગવાન આત્મા એને જાણતો

નથી, પણ રાગમાં અટકતા અજ્ઞાનભાવે પ્રવર્તે છે. આહા..હા..! જુઓ, આ બંધસ્વરૂપને સિદ્ધ કરે છે. એ શુભભાવ એ બંધસ્વરૂપ છે, એ અજ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! એ બંધમાં વર્તે છે તો અજ્ઞાનભાવે વર્તે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પ્રત્યક્ષ અજ્ઞાનભાવે...'** આહા..હા..! **'(-અજ્ઞાનદશામાં) વર્તે છે;...'** રાગમાં વર્તે છે તો અજ્ઞાનદશા છે એ. રાગમાં જાણવાની શક્તિ ક્યાં છે? રાગ છે એ શુભ ભલે હો. એ પોતે પોતાને જાણતો નથી, બીજું જ્ઞાન છે આત્મા એને જાણતો નથી, એ બીજા વડે એટલે રાગને બીજા જ્ઞાન દ્વારા જણાય છે, માટે તે રાગ અચેતન-અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! ઓલો તો સહેલોસટ હતો લ્યો. જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. ઈચ્છામી પડિક્કમણું કરે. તસ્સુતરી કરણેન, ... અપ્પાણ વોસરે. પણ શું છે? તું બોલે છે શું? ભાવ શું? એની કાંઈ ખબર છે તને? અપ્પાણં વોસરે. ક્યો આત્મા વોસરાવો છે તારે?

અહીંયાં કહે છે કે અંદર આત્માના ધ્યાનમાં જ્ઞાનસ્વરૂપ જ્યાં જાણ્યું, એમાં રહેતા અશુદ્ધ પરિણામ છે એવો જે આત્મા તેને વોસરાવે છે ઈ. આહા..હા..! જે અશુદ્ધ પરિણામનો ભેખ ધારણ કર્યો છે એ જીવ શુદ્ધ ચૈતન્યમૂર્તિને જાણતા-જોતા એ અશુદ્ધભાવને વોસરાવે છે, એનું નામ કાયોત્સર્ગ કહેવાય છે. આહા..હા..! આવે છેને તસ્સુતરીમાં નહિ? જયસુખભાઈ! કર્યું છેકે નહિ? નથી કર્યું. તસ્સુતરી કરણેન.. નથી આવતું? વિશલ્યે કરણે. વિશલ્યે કરણેન. વિશલ્ય નામ મિથ્યાત્વના શલ્યરહિત કરવાની વાત (છે). આહા..હા..! એ પાઠ આવે છે. એ શાંતિભાઈને મોઢે હશે. સામાયિક-બાામાયિક કરી હશે કે નહિ કો'ક દિ' અમથી? આ માનેલી. આહા..હા..!

**'આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે...'** આહા..હા..! એટલે શું? કે રાગમાં રોકાતા સંપૂર્ણ એવો જાણનાર-દેખનાર એવું દ્રવ્ય એને ન જાણતાં, તેમાં ન પ્રવર્તતા, રાગમાં અજ્ઞાનભાવે પ્રવર્તે છે. રાગ પોતે જ અજ્ઞાન (છે). અજ્ઞાન એટલે જ્ઞાન વિનાની ચીજ છે એ. આહા..હા..! એમાં એ રોકાઈ ગયો છે. અજ્ઞાનભાવે **'તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.'** આહા..હા..! તેથી એ નક્કી થયું કે રાગ પોતે ભાવબંધ બંધસ્વરૂપ છે. આહા..હા..! કર્મ એટલે કાર્ય રાગનું. સમજાણું? કર્મ એટલે જડની વાત નથી.

**'આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે વર્તે છે;...'** જે રાગમાં રોકાઈ ગયો શુભભાવમાં... આહા..હા..! એ તો પ્રત્યક્ષ અજ્ઞાનભાવે વર્તે છે કહે છે. આહા..હા..! અને જ્ઞાનસ્વભાવી ભગવાનને એ જોતો-જાણતો નથી. માટે તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! **'એ નક્કી થયું કે...'** શુભકર્મ વ્રત, તપ, દયા, દાન, પૂજા ને ભક્તિ એ બધો શુભભાવરૂપી કર્મ **'પોતે જ બંધસ્વરૂપ છે.'** આહા..હા..! **'માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.'** એ શુભભાવને નિષેધવામાં આવ્યું છે. આહા..હા..! આકરું પડે માણસને. શુભભાવ કરીને ધર્મ માને.

અપવાસ કર્યા, બે અપવાસ કર્યા, પાંચ અપવાસ કર્યા, આહાર-પાણીનો ત્યાગ કર્યો, રસનો ત્યાગ કર્યો, થઈ ગયો ધર્મ. ધૂળેય નથી સાંભળને! આહા..હા..! એ તો રાગની ક્રિયા છે શુભની અને એમાં એ ધર્મ માને છે એ તો મિથ્યાત્વને સેવે છે. આહા..હા..! અધર્મને ધર્મ માને તો મિથ્યાત્વ. આવે છે કે નહિ ૨૫ મિથ્યાત્વ? ૨૫ મિથ્યાત્વ આવે છે. અધર્મને ધર્મ માને તો મિથ્યાત્વ, ધર્મને અધર્મ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ; પણ એની ખબર પણ ક્યાં છે એને? કોને કહેવા સાધુ અને કોને કહેવું મિથ્યાત્વ. આહા..હા..!

અહીં કહે છે, આવું બંધસ્વરૂપ હોવાથી. ઓહો..હો..! સાત લીટી છે. સાત છેને? એમાં તો બાર અંગનો સાર વર્ણવી નાખ્યો છે. આહા..હા..! **'કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી...'** રાગ એ બંધસ્વરૂપ જ હોવાથી એ રાગને નિષેધવામાં આવ્યું છે. એ ધર્મ નથી. શુભભાવ એ ધર્મ નથી. કેમકે એ અધર્મ છે. આહા..હા..! ગજબ વાત છે, બાપુ! બંધસ્વરૂપ કહો કે અધર્મસ્વરૂપ કહો.

**'ભાવાર્થ : અહીં પણ જ્ઞાન શબ્દથી આત્મા સમજવો.'** શબ્દમાં પાઠમાં જ્ઞાન છેને? એ જ્ઞાન એટલે આત્મા. **'જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય...'** જ્ઞાન એટલે આત્મદ્રવ્ય, આત્મપદાર્થ, **'સ્વભાવથી તો સર્વને દેખનારું...'** સ્વભાવથી તો સર્વને દેખનારું, સ્વભાવથી તો સર્વને **'જાણનારું છે પરંતુ અનાદિથી પોતે અપરાધી હોવાથી કર્મ વડે આચ્છાદિત છે,...'** આહા..હા..! પુણ્ય-પાપના વિકાર વડે આચ્છાદિત ઢંકાઈ ગયું છે. ભાવકર્મ છેને. ભાવઘાતિ છે એ. કર્મ જે છે એ દ્રવ્યઘાતિકર્મ છે, એ તો જડ છે. એને અહીં રોકે કોણ આત્માને? પરદ્રવ્ય રોકે? આહા..હા..! પોતાનો અપરાધ એ એને રોકે છે. એ એનો વેરી છે એને એ સજ્જન માને છે, પોતાનું સ્વરૂપ માને છે. આહા..હા..! ઝીણી વાતું, બાપા! આવો મનુષ્યદેહ મળ્યો. એમાં વીતરાગમાર્ગ જિનેશ્વરદેવ એના પંથને ન ઓળખે માર્ગને, બાપુ! એ જન્મ-મરણના આંટા એને નહિ ફરે, એ નહિ મટે. આહા..હા..! એ કીડા ને કાગડા ને કૂતરા ને કીડીયુંના અવતાર કરી-કરીને મરી ગયો છે. આ થોડુંક અહીં બહાર કાંઈક મળ્યું અને પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા મળ્યા કે શરીર ને બાયડી મળી આ જાણે ઠીક. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! ભિખરો છો. અનંત જ્ઞાન-દર્શનની લક્ષ્મીથી ભરેલો, એની તો તને રુચિ નહિ અને આ ધૂળની તને રુચિ. આહા..હા..! કહો, મુળચંદભાઈ! ભિખારી છે એ ભિખારી. કરોડપતિ હોય તોપણ ભિખારો છે. જડનો સ્વામી. આ સર્વ દેખનારનો સ્વામી ન થતાં (જડનો સ્વામી થાય છે). આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો રાગને અપરાધ ગણવો છે. આહા..હા..! રાગ પોતાના અપરાધથી ત્યાં રોકાયેલો છે, કર્મથી રોકાયેલો છે એમ નથી. પોતાના અપરાધથી રોકાણો છે. આહા..હા..! એ કહે છે જુઓ.

**'અનાદિથી પોતે અપરાધી હોવાથી કર્મ વડે આચ્છાદિત છે, અને તેથી પોતાના**

**સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી;...'** એમ વાત છે અહીં. જોયું! પરને-સર્વને જાણતું-દેખતું નથી એમ નહિ. પોતાનું જે ત્રિકાળી સ્વરૂપ છે જાણવું-દેખવું એને એ જાણતો નથી. આહા..હા..! પોતાનો સ્વભાવ છે એને ત્રિકાળી જાણે છે એવો એનો સ્વભાવ છે. એ પોતે પોતાને ત્રિકાળી જાણનાર છે એને એ જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લોજિકથી તો વાત આચાર્ય કરે છે ન્યાયથી તો. એમ ઘસડી-મસડીને વાત કરે એ કાંઈ વસ્તુ નથી. લોજિકથી-ન્યાયથી કંઈ વસ્તુ આવવી જોઈએ. આહા..હા..! આ અષાઢ સુદ ચૌદશ છે આ. મોટો ચૌદશનો દિન, કાલે પાખી છે. આહા..હા..!

'**તેથી પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી;...'** પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી. આહા..હા..! સમ્યગ્દર્શનમાં પોતાનું સંપૂર્ણ સ્વરૂપ છે એવી પ્રતીતિ થાય છે. સમજાય છે કાંઈ? હું બંધસ્વરૂપ છું કે અલ્પજ્ઞ છું એ નહિ. સમ્યગ્દર્શનમાં પૂર્ણ જાણનાર-દેખનાર એવો ભગવાન એની એને પ્રતીત થાય છે. પ્રગટ ભલે પછી થાય કેવળજ્ઞાનાદિ. પ્રતીતમાં એ આવે છે કે આ જ્ઞાનદર્શન એ પૂર્ણ સ્વરૂપ છે. પૂર્ણ સ્વરૂપ છે તેને એ પ્રતીત કરે છે. આહા..હા..! એ રાગને પોતાપો માનતો નથી, અલ્પજ્ઞ પર્યાયને પોતાની માનતો નથી કે 'એટલો હું છું એમ નહિ.' આહા..હા..! હજી તો ચોથા ગુણસ્થાનની વાત છે આ. સમ્યગ્દર્શન. હજી સમ્યક્‌ના ઠેકાણા નથી ત્યાં વ્રત ને તપ ને ચારિત્ર ક્યાંથી આવી ગયા ત્યાં? આહા..હા..! એકડા વિનાના મીંડાની સંખ્યા ક્યાંથી થઈ ગઈ? આહા..હા..!

અહીંયાં કહે છે '**સંપૂર્ણ સ્વરૂપે જાણતું નથી; એ રીતે અજ્ઞાનદશામાં વર્તે છે.'** આહા..હા..! રાગમાં રોકાતા અજ્ઞાનમાં રોકાય છે અને સંપૂર્ણ જાણનાર-દેખનારમાં એ આવી શકતો નથી. જાણતો નથી એને. આહા..હા..! '**આ પ્રમાણે કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા...'** આહા..હા..! એકલો જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ. જ્ઞાનની મૂર્તિ એકલો જ્ઞાનનો રસકંદ એ ભગવાન આત્મા. '**કેવળજ્ઞાનસ્વરૂપ...'** એકલું જ્ઞાનસ્વરૂપ. '**અથવા મુક્તસ્વરૂપ...'** આ બંધની સામે લેવું છેને? બંધનો નિષેધ કરવો છેને? રાગ છે એ બંધ છે અને બંધભાવ છે તે નિષેધ છે. એટલે સામે મુક્ત લીધું. આહા..હા..!

'**કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા કર્મ વડે લિપ્ત હોવાથી...'** આહા..હા..! રાગના વિકલ્પ દ્વારા '**લિપ્ત હોવાથી અજ્ઞાનરૂપ અથવા બદ્ધરૂપ વર્તે છે,...'** આહા..હા..! એ રાગમાં અજ્ઞાનપણે પ્રવર્તે છે અથવા બંધમાં પ્રવર્તે છે. આહા..હા..! '**માટે એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.'** આહા..હા..! '**કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.'** ભગવાન આત્મા જ પોતે અબંધસ્વરૂપ છે. આહા..હા..! અબંધસ્વરૂપ કહો કે સર્વને દેખવા-જાણવાવાળો કહો. સર્વને જાણવા-દેખવાવાળો પછી બંધ ક્યાં આવ્યો ત્યાં? આહા..હા..!

આત્મામાં ભેખ બે પ્રકારનાએક જડ કર્મનો ભેખ એ અજીવ બંધ છે. એ અજીવ બંધ છે એ તો જડનો ભેખ છે; પણ જીવમાં રાગનો ભેખ છે એ ચૈતન્યનો ભેખ વિકારી ભેખ

છે. આહા..હા..! ભાવબંધ એ ચૈતન્યનો વિકારી ભેખ છે. સમજાય છે કાંઈ? કર્મથી પૂર્ણ છૂટવું એ દ્રવ્યમોક્ષ છે અને ભાવમાં અપૂર્ણતા અને રાગથી પૂર્ણ છૂટી જવું એ ભાવમોક્ષ છે, એ પણ એક ભેખ છે આત્માનો. દ્રવ્ય છે એ તો ત્રિકાળી છે. આહા..હા..! એ વસ્તુમાં ભેખ છે, મોક્ષ પણ એક પર્યાય ભેખ છે, ત્રિકાળી સ્વરૂપ નથી એનું એ. આહા..હા..! ત્રિકાળી સ્વરૂપમાં મોક્ષની એ તો પર્યાય છે. મોક્ષમાર્ગ સંવર, નિર્જરા એ પણ પર્યાય છે, એ કાંઈ દ્રવ્ય નથી. આહા..હા..!

એમ અહીં તો બંધનો ભેખ ધારણ કર્યો છે એને અબંધસ્વરૂપ એવો સર્વદર્શી, સર્વજ્ઞ જ્ઞાની આત્માને જાણતો નથી. એ કર્મ ને રાગમાં જાણીને રોકાઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો રાગ છે તે પરજ્ઞેય છે. એને સ્વજ્ઞેયને જાણવાનું અટકી ગયું, પરજ્ઞેય છે અને પોતાનું જ્ઞેય છે, એ રાગ હું છું એમ માની બેઠો. આહા..હા..! એથી એને સ્વજ્ઞેય જે સંપૂર્ણ જ્ઞાનદર્શનવાળું તત્ત્વ છે એને એ જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ એનો મિથ્યાત્વનો અપરાધ છે. એ મિથ્યાત્વનો અપરાધ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે.'** આહા..હા..! બે બોલ થયા. ત્રણ બોલમાં બે બોલ થયા. ક્યા ત્રણ બોલ? કે એક તો શુભભાવ છે તે ચૈતન્યની નિર્મળ પરિણતિને ઘાતક છે, માટે તે નિષેધ છે. બીજું, શુભભાવ એ બંધસ્વરૂપ છે, બંધ અવસ્થા સ્વરૂપ છે. એ ત્રિકાળી સ્વભાવથી ભિન્ન ચીજ છે. ખરેખર તો બંધ અવસ્થા જ્ઞાનનું જ્ઞેય છે. એને જ્ઞાન જાણનારું આને જાણે છે એમ ન માનતા એ હું છું (એમ માને છે) આહા..હા..! સમ્યગ્દષ્ટિને રાગ હોય છે, પણ એનો હું જાણનાર છું, એ પરજ્ઞેય છે, મારું સ્વજ્ઞેય નહિ. સ્વજ્ઞેય તો સંપૂર્ણ જ્ઞાન-દર્શનથી ભરેલો આત્મા તે સ્વજ્ઞેય છે. આહા..હા..! એ સ્વના પ્રકાશની જેને ખબર નથી, એને આ પરપ્રકાશનું જ્ઞાન જ્યાં રાગમાં રોકાણું 'એ પણ હું છું' એમ માની બેસે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે ત્રીજો બોલ છે બાકી. ક્યો ત્રીજો? કે એક તો શુભભાવ એ જ્ઞાન-દર્શન-ચારિત્રની નિર્મળ મોક્ષના માર્ગની દશા એને ઘાત કરે છે, માટે તે નિષેધ કરવા જેવું છે. બીજું, શુભભાવ પોતે બંધ અવસ્થાસ્વરૂપ છે. તેથી સંપૂર્ણ એવા જ્ઞાનદર્શન જાણવાવાળો જે આત્મા તેને બંધ અવસ્થાવાળો જાણતો નથી, માટે તે નિષેધ છે. હવે ત્રીજું કે શુભભાવ છે એની શ્રદ્ધા તે મિથ્યાત્વ છે, એનું જ્ઞાન અજ્ઞાન છે અને એમાં રોકાવું અચારિત્ર છે. એ મોક્ષના માર્ગથી શુભભાવ વિપરીત ભાવ છે. આહા..હા..! આવી વાત ક્યાં છે, બાપા! આહા..હા..! સાંભળવા કો'ક દિ' મળે એવી વાત છે આ.

**'હવે, કર્મ મોક્ષના કારણના...'** ભાષા છે. હવે પુણ્ય પરિણામ જે કર્મ છે, એ મોક્ષનું જે કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનો **'તિરોધાયિભાવસ્વરૂપ...'** છે. એટલે એનાથી વિરૂદ્ધ

ભાવસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? શુભભાવની રુચિ એ મિથ્યાત્વ છે, શુભભાવનું જ્ઞાન તે અજ્ઞાન છે અને શુભભાવમાં અટકવું તે અચારિત્ર છે—એ ત્રણેય ભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિપરીત ભાવ છે. માટે તે નિષેધ કરવાલાયક છે. આહા..હા..! લોજિકથી તો વાત ચાલે છે આમાં. જયસુખભાઈ! કચરડી-બચડીને એમ નથી. અરે..! પણ દરકાર કરી નથી કોઈ દિ' અને આ દુનિયાની (માંડી છે). આહા..હા..! એ વિશેષ કહેવાશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ-૧૫, શનિવાર, તા. ૦૬-૧૧-૧૯૭૬, ગાથા-૧૬૧ થી ૧૬૩, પ્રવચન નં. ૨૨૩

આ સમયસાર, પુણ્ય-પાપ અધિકાર, ૧૬૧, ૧૬૨, ૧૬૩.

પહેલી બે વાત એમ કરી કે આત્માને ઘાત કરનાર, આત્મા જે વસ્તુ છે એમાં તો ઘાત કરવાની વાત નથી, એનું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પરિણામ છે એને ઘાત કરનાર ઘાતક મિથ્યાત્વ, અજ્ઞાન અને અવ્રત છે. શુભાચરણ, શુભાચરણ છે એને પોતાનું માનવું એ મિથ્યાત્વ છે, શુભરાગને પોતાનું એકલું જાણવું એ મિથ્યાજ્ઞાન છે અને શુભરાગનું આચરણ કરવું એ મિથ્યા આચરણ છે. એ ત્રણેય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ જે છે તેને ઘાતે છે. માટે તે કર્મ નિષેધ છે. નિષેધવાલાયક છે. દેવીલાલજી! આહા..હા..! બીજી વાત કે એ શુભભાવ કર્મ છે એ બંધસ્વરૂપ છે. માટે તે મોક્ષમાર્ગથી વિરુદ્ધ છે, માટે તે નિષેધવાલાયક છે.

હવે આમાં ત્રણ ગાથામાં એ લીધું કે મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર એ ત્રણ છે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિરુદ્ધભાવ છે. ખરેખર તો એ શુભભાવ છે એ મારો એ મિથ્યાત્વ. શુભભાવનું જ્ઞાન એકલું કરવું પરજ્ઞેય એ અજ્ઞાન અને શુભમાં ઠરવું એ અચારિત્ર. એ ત્રણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિરુદ્ધ ભાવવાળા છે. બરાબર છે? આહા..હા..! એ વાત કહે છે.

'કર્મ...' એટલે શુભભાવ અથવા વિકારીભાવ '**મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ (અર્થાત્ મિથ્યાત્વાદિભાવસ્વરૂપ) છે...**' આહા..હા..! ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એની પરિણતિ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ તો નિર્વિકારી દશા છે. એનાથી વિરુદ્ધભાવ મિથ્યાત્વ, અજ્ઞાન, અચારિત્ર કષાયભાવ. આહા..હા..! એની વાત કરે છે. જુઓ,

**सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो मिच्छादिट्ठि त्ति णादव्वो।।१६१।।**

णाणस्स पडिणिबद्धं अण्णाणं जिणवरेहि परिकहियं।
तस्सोदयेण जीवो अण्णाणी होदि णादव्वो।।१६२।।
चारित्तपडिणिबद्धं कसायं जिणवरेहि परिकहियं।
तस्सोदयेण जीवो अचरित्तो होदि णादव्वो।।१६३।।
સમ્યકત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.
એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.
ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩.

'**ટીકા :—સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એનો અનુભવ કરીને પ્રતીત થવી અંદર એ સમ્યક્ત્વ છે, એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. સમકિતની વાત છે હોં! ત્રિકાળી સ્વભાવ છે એ નહિ. સમ્યક્ત્વ એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. '**તેને રોકનારું મિથ્યાત્વ છે;...**' મિથ્યાત્વ એના પરિણામ હોં! એને કર્મના નિમિત્તથી વાત કરી, પણ છે પરિણામ એના. મિથ્યાત્વ પરિણામ છે તે સમ્યક્ત્વને રોકનાર છે.

આમાં મોટો પ્રશ્ન હતોને કે રાગ કેમ ટળે? કે પ્રતિબદ્ધ કારણ. આ પ્રતિબદ્ધ આવ્યુંને? પ્રતિબદ્ધ કારણ કરે. ભાઈ! કર્મ છે એ પ્રતિબદ્ધ કારણ ખરેખર છે જ નહિ. એ આત્મા જડને સ્પર્શ્યો પણ નથી, જડ ચૈતન્યને સ્પર્શ્યો નથી ત્રણકાળમાં. ફક્ત એની વિપરીત દશાને સ્પર્શ્યો છે આત્મા. જડને સ્પર્શ્યો નથી અને જડ આને સ્પર્શ્યું નથી. જડ કેમ અહીં રોકે? રોકનારો તો આત્માનો જે સમ્યક્ સ્વભાવ જે મોક્ષનું કારણ છે એનાથી વિપરીત મિથ્યાશ્રદ્ધા છે તે તેને વિપરીત ભાવ છે એ રોકનારું છે. સમજાણું કાંઈ? ભારે આકરી વાત. લોકો કર્મ-કર્મ બધા માંડે છે. આ રહ્યું. '**सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं**' અને '**तस्सोदयेण**' ઉદયનો અર્થ એ છે કે જીવ ભગવાન પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એની સન્મુખની જે અનુભવની પ્રતીતિ એ સમ્યક્થી મિથ્યાત્વ પરિણામ એ વિપરીત છે. પુણ્યથી ધર્મ થાય, નિમિત્તથી આત્મામાં નુકસાન થાય, બીજાથી મને નુકસાન થાય, મારાથી પરમાં નુકસાન થાય એવી જે મિથ્યાત્વ માન્યતા એ સમકિતથી વિરુદ્ધ વાત છે. સમજાય છે કાંઈ? કર્મ છે એ તો અજીવનો ભેખ છે અને આ મિથ્યાત્વભાવ છે એ જીવનો ભેખ વિકારી છે. આહા..હા..!

**શ્રોતા** :— પુદ્ગલસ્વભાવી કીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પુદ્ગલસ્વભાવી એટલે એ પોતે નિમિત્તને આધિન થઈને થાય છે, માટે પુદ્ગલસ્વભાવી છે. એ છે તો એની પોતાની અશુદ્ધ પરિણતિ. પરને સંબંધ શું છે?

જડની સાથે સંબંધ શું છે? આહા..હા..! વાત ભારે આવી વાત છે, બાપા! અશુદ્ધપણાનું પરિણમન એ જીવનો ભેખ છે, જીવમાં થાય છે. તે ખરેખર તો મિથ્યાત્વભાવ પર્યાયમાં ષટ્કારકથી પરિણમન થઈને વિકાર થાય છે, જેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, પરની પણ અપેક્ષા નથી. આવી વસ્તુ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પોતાની પ્રતિછાયા વિપરીત થાય છે. જે મિથ્યાત્વભાવ... આહા..હા..! શુભભાવ કરતાં-કરતાં સમકિત થશે એવો જે મિથ્યાત્વભાવ એ જીવની પરિણતિ પોતાની છે, એ સમકિતથી વિરુદ્ધ છે. કાંતિભાઈ! આવી વાત છે, ભાઈ! બધા ઈ કહે છે. પણ ખરેખર તો કર્મ અજીવ છે, જીવમાં એની નાસ્તિ છે અને અજીવ કર્મ છે એમાં જીવની નાસ્તિ છે. હવે જે નાસ્તિ છે એ એને કરે શું? સમજાય છે કાંઈ? આ જૈનમાં આ લાકડું બહુ ગરી ગયું છે, કર્મને લઈને... કર્મને લઈને રાગ થાય, કર્મ ટળે તો રાગ ટળે. તદ્દન મિથ્યાભ્રમ છે.

**શ્રોતા :—** આપ એ લાકડુ કઢાવી નાખો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ કહીએ છીએને. એ છે જ નહિ. પુદ્ગલના ખેલને જીવ કોઈ ત્રણકાળમાં અડ્યો જ નથી, છુયો નથી, સ્પર્શ્યો નથી, અસ્પર્શ છે. કર્મથી જીવ અસ્પર્શ છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ, દેવીલાલજી? જડ છે, કર્મ અજીવ છે, ભગવાન આત્મા તો જીવ અરૂપી છે. એ અરૂપી જીવ જડને સ્પર્ષ્યો નથી ત્રણકાળ, ત્રણલોકમાં. આહા..હા..! એની દૃષ્ટિમાં વિપરીતતા જે પોતે કરે છે એ સમકિતથી વિરુદ્ધભાવ છે. જડનો વિરુદ્ધભાવ છે એ છે નહિ. એ પરમાં છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...'** થોડું થોડું સમજાય છેને ભાઈ ગુજરાતી? થોડું થોડું સમજવું. પછી તો સમજાવવું થોડું તમારી હિન્દી ભાષામાં. સમજાય છે કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો સાગર છે. એની જે શ્રદ્ધા- સમ્યક્ પરિણતિ એનાથી મિથ્યાત્વ તે વિરુદ્ધ છે. એકમાં આવે છેને? પોતાનો વેરી તે દુશ્મન તે પોતે જ છે. નિયમસારમાં. નિયમસાર શું અનુભવપ્રકાશમાં. પોતાનો વેરી વિકાર તે પોતાનો વેરી છે, એ નિશ્ચય છે. પર વેરી છે એ વસ્તુ છે જ નહિ. સમજાણું કાંઈ?

નમો અરિહંતાણં. એનો અર્થ કરે કે નમસ્કાર હો જેણે કર્મરૂપી વેરીને હણ્યા એ. એ બધા નિમિત્તના કથન છે, વાસ્તવિક નથી. એની અનિષ્ટતા જે વિકારી પરિણામ તે અરિ હતા, એને જેણે હણીને વીતરાગતા પ્રગટ કરી એનું નામ અરિહંત છે. સમજાય છે કાંઈ? પહેલા શબ્દથી વાંધા. એકડે એક. નમો અરિહંતાણં. કર્મરૂપી વેરી. પણ ચૈતન્યને જડ વેરી હોઈ શકે જ નહિ. વેરી તો એનો વિપરીતભાવ એ એનો વેરી છે. એ પ્રવચનસારમાં આવે છે. અનિષ્ટ અને ઈષ્ટ નહિ? અનિષ્ટનો નાશ કર્યો અને ઈષ્ટની પ્રાપ્તિ કરી પરમાત્માએ. અનિષ્ટ એટલે જડ અનિષ્ટ છે? આહા..હા..!

પોતાના નિશ્ચય પરિણામ જે વિકારના છે એ નિશ્ચય છે એ એને સમ્યગ્દર્શનમાં રોકનારા અથવા એનાથી વિરુદ્ધ છે એ, એ પ્રતિબદ્ધ છે. '**सम्मत्तपडिणिबद्धं**' આ. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણ એ મોક્ષમાર્ગના કારણથી વિપરીત છે. શાંતિભાઈ! આવી વાત છે.

**શ્રોતા :—** ગાથામાં તો પુદ્‌ગલના પરિણામ કહ્યા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ કઈ અપેક્ષાએ? કે જીવનો સ્વભાવ નથી એ અપેક્ષાએ. અહીં કીધુંને અહીં જુઓને. '**तस्सोदयेण**' કીધું. પણ એ પુદ્‌ગલના જ પરિણામ છે, જીવની જાત નથી. આહા..હા..! ભગવાન આત્મા.. અહીં પરિણામ છે એ છે અશુદ્ધ. અશુદ્ધતા નીકળી જાય છે માટે એના પરિણામ નથી. વસ્તુ તો છે તે રહી જાય છે. રાગ જો એની વસ્તુ હોય તો નીકળી ન જાય અને નીકળી જાય છે, વસ્તુ રહી જાય છે. એકલો આનંદઘન વીતરાગી પ્રભુ છે એ રહી જાય છે. માટે એ રાગ એ એનું સ્વરૂપ છે નહિ એટલે પુદ્‌ગલની જાત છે એમ, અચેતન જાત છે, અજીવ જાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! એને કોઈ દિ'... પોતાની વિપરીતતા એ પોતાની સમ્યગ્દર્શનની વિપરીતતાની દશા છે. પોતાની સમ્યગ્દર્શન પરિણતિ એની વિપરીત માન્યતા એ એની છે. કર્મ વિપરીત, જડ વિપરીત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ નિમિત્તથી કથન છે. વિરોધ હોય તો એની ઊલટી પર્યાયનો છે એને. એ પ્રતિબદ્ધ છે. અટકી ગયો છે ત્યાં રાગમાં. રાગમાં અટક્યો છે એ જ મિથ્યા પરિણામ, મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણ છે. આહા..હા..! આ પુણ્ય-પાપ અધિકાર છેને? સમજાણું કાંઈ?

આમ પહેલેથી કર્મથી લીધું, પણ અર્થમાં પાછું બધું લીધું છે કે જે પરિણામથી પુણ્ય બંધાય એ શુભ છે, જે પરિણામથી પાપ બંધાય એ અશુભ છે. છે બેય અજ્ઞાનભાવ. એમ કહ્યુંને પહેલેથી? એ જ્ઞાનસ્વભાવભાવ નથી. આહા..હા..! હજી એને સત્ય સમજવામાં જ વાંધા. અરે..! એને કે દિ' દોર હાથ આવે? વિપરીતમાં જ્યાં પડ્યો, કર્મ મને વિકાર કરાવે.. કર્મ મને (વિકાર કરાવે). એ તો નિમિત્તમાત્ર વસ્તુ (છે), નિમિત્ત કર્તા એનું છે જ નહિ. વિકારના પરિણામનું કર્તા કર્મ છે જ નહિ. તેમ ખરેખર વિકારના પરિણામનો કર્તા પરિણામ કર્તા છે, દ્રવ્ય પણ કર્તા નથી. આહા..હા..! એમ વાત છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વના પરિણામનો કર્તા કર્મ નથી, દર્શનમોહ નથી, તેમ નિશ્ચયથી મિથ્યાત્વના પરિણામનો કર્તા દ્રવ્ય-ગુણ નથી, દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. એ પરિણામ પરિણામનો કર્તા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ આવ્યું હતું નહિ આપણે? પંચાસ્તિકાયમાં એ ચર્ચા ચાલી હતીને વર્ણીજીની ત્યાં. ૨૦ વર્ષ પહેલાં. ૧૩ની સાલ. આ ૩૩ થઈ. ૨૦ વર્ષ પહેલાં. વર્ણીજી સાથે એ ચર્ચા ચાલી હતી કે પંચાસ્તિકાયમાં ૬૨મી ગાથા એમાં એ લીધું છે કે વિકારનું ષટ્‌કારકનું પરિણમન પરના કારકની અપેક્ષા વિના છે. મિથ્યાત્વનું પરિણમન કર્મના નિમિત્તના કારક વિનાનું છે. મોટી ચર્ચા ચાલી હતી. ત્યારે એ કહે કે નહિ, એમ નહિ. પ્રતિબદ્ધ કારણ ટળે તો ટળે. પણ પ્રતિબદ્ધ

કારણ કર્મ છે કે પ્રતિબન્ધ કારણ એની વિપરીત માન્યતા છે? આહા..હા..! તારાચંદજી! મોટી ગડબડ છે ઠેઠથી. આહા..હા..!

દર્શનમોહના નિમિત્તમાં ઉપયોગ ગયો એ તો પોતાનો ઉપયોગ છે. એ ઉપયોગ ગયો એ મિથ્યાત્વ પરિણામ થયા એ પોતામાં પોતાને કારણે થયા છે. ખરેખર તો પરિણામ પરિણામનો કર્તા છે. પરિણામનો નિમિત્ત કર્તા નથી અને એ પરિણામનો પોતાના દ્રવ્ય-ગુણ કર્તા નથી. વાત એવી છે. એ અહીં સમ્યક્ પરિણામના જે સ્વભાવ મોક્ષના કારણસ્વભાવ '**તેને રોકનારું મિથ્યાત્વ છે;...**' મિથ્યાત્વ છે, વિપરીત માન્યતા તે છે. '**તે તો પોતે કર્મ જ છે,...**' વિકારભાવ છે. એ કાંઈ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલાં આવી ગયું છે એ કે વ્રત, નિયમ, શીલ, તપ એ બધું કર્મ શુભભાવ છે, એને કર્મ કહ્યું છે. પહેલાં આવી ગયું ૧૫૪. કર્મ શબ્દે કાર્ય, કાર્ય. એ વિકારી પરિણામ એ કાર્ય છે. એ જીવનું કાર્ય એટલે કે જીવના પરિણામનું એ કાર્ય છે. પછી જીવને છે એટલે વ્યવહારથી એમ કહેવાય કે જીવ એનો કર્તા છે. સમજાણું કાંઈ? આવી વાતું. પહેલેથી અંદર વાંધા. અને આ વાણિયાને કાંઈ ખબર ન હોય. મજૂરી કરતો હોય આખો દિ'. એમાં સાંભળવા જાય કલાક, જે માથે કહે ઈ જય નારાયણ. બાબુભાઈ! એમ આ તો માર્ગ વીતરાગનો છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે કે મિથ્યાત્વ પરિણામ એ તારી ઊંધાઈની દૃષ્ટિનો વિષય છે, એ તારે કારણે છે, એ કર્મને કારણે નથી. આહા..હા..!

વિપરીત માન્યતા એ સમકિતસમ્યગ્દર્શન જે મોક્ષનું કારણ એવો જીવનો સ્વભાવ, એનાથી તે વિપરીતભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર વસ્તુ દુશ્મન હોઈ શકે જ નહિ. પરવસ્તુ મિત્ર પણ હોઈ શકે નહિ અને પર વસ્તુ શત્રુ હોઈ શકે નહિ. પર વસ્તુ તો જ્ઞેય તરીકે છે. આહા..હા..! પણ જે મિથ્યાદર્શનમોહનો ઉદય છે, જડનો-જડનો ભેખ એમાં ઉપયોગ જોડાઈ જાય છે તે મિથ્યાત્વ પરિણામ છે, એ પોતાના છે, પોતાને કારણે છે. સમજાણું કાંઈ? '**તે (મિથ્યાત્વ) તો પોતે કર્મ જ છે,...**' એ આત્મસ્વભાવ નથી, એમ. '**તેના ઉદયથી...**' એટલે મિથ્યાત્વના પ્રગટ થવાથી જ '**જ્ઞાનને મિથ્યાદૃષ્ટિપણું થાય છે.**' લ્યો! આહા..હા..! જ્ઞાન એટલે આત્મા.

**શ્રોતા :—** ઉદય લીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઉદય એ ઉદય છે. એ ઉદય છેને, ઉદયભાવ છેને, મિથ્યાત્વ ઉદયભાવ છે. પહેલાં અર્થ કર્યો હતો એમ નિમિત્તથી, પણ આ તો હવે ઉપાદાનથી અધિકાર ચાલે છે. એ ખબર છે. એનો ઉદય ક્યારે કહેવાય? કે એમાં જોડાય છે ત્યારે એનો ઉદય કહેવાય, ન જોડાય તો ખરી જાય છે એ તો. એને કારણે આવ્યું છે અને એને કારણે ખસી જાય છે. આત્મા પોતાની ચીજને ભૂલી અને દર્શનમોહ પરને જાણવા-દેખવામાં રોકાઈ ગયો, સ્વનું જાણવું-દેખવું રહી ગયું એ પોતાના અપરાધને કારણે પરમાં દેખવા-જાણવાનો એ

મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ મિથ્યાત્વભાવ એનાથી '**જ્ઞાનને મિથ્યાદષ્ટિપણું થાય છે.**' એ મિથ્યાત્વભાવને લઈને આત્માને મિથ્યાદષ્ટિપણું છે. ભાઈ મીઠાલાલજી! આવી વાત છે. મોટી ચર્ચા ચાલી છે આ તો કર્મની. આ તો ૭૧થી ચાલે છે અમારે તો આ ચર્ચા. કર્મને લઈને થાય... કર્મ લઈને થાય. કીધું, હરામ છે કર્મને લઈને થાય તો. ઓલા વળી જીવનધર હતા અહીં. આવ્યા હતાને શેઠની સાથે. હુકમીચંદ શેઠ ઇંદોરવાળા એની સાથે (આવેલા). એ કહે કે પચાસ ટકા આત્માના અપરાધના અને પચાસ ટકા નિમિત્તના એમ બે રાખો. કીધું, સોએ સો ટકા પોતાના અપરાધના અને નિમિત્તના સોએ સો ટકા નિમિત્તમાં. આત્મામાં એકેય અંશે નહિ. એ (સંવત) ૨૦૦૫ની સાલ. ૨૦૦૫ની સાલ છેને. આ ૩૩ થઈ. ૨૮ વર્ષ થયા. પહેલાં શેઠ આવ્યા હતાને, હુકમીચંદજી ઇંદોરથી આવ્યા હતા. પહેલાવહેલાં. ૨૦૦૫ની સાલમાં વૈસાખ વદ પાંચમે આવ્યા. ત્યારે આ ચર્ચા થઈ હતી કે ઉપાદાનમાં વિકાર થાય એમાં પચાસ ટકા પોતાનો અપરાધ લેવો અને પચાસ ટકા કર્મનું નિમિત્ત લેવું. આ તો ભાષા સમજાય એવી છે સાદી. પચાસ ટકા સમજ્યાને? શું કહે છે? પ્રતિશત. કીધું, એકેય ટકો નહિ પરનો. સોએ સો ટકા અપરાધના પોતાના પરિણામના છે. ખરેખર તો કર્મ જડને આત્મા અડ્યો જ નથી, સ્પર્શ્યો જ નથી. એ કર્મ આને અડ્યા નથી, સ્પર્શ્યા નથી. એ કર્મ કર્તા કેમ થાય પણ? આહા..હા..! કર્મ એના પરિણામનો કર્તા અને એનું પરિણામ એ એનું કર્મ, પણ વિકારી પરિણામ એ કર્મનું કર્મ એમ છે નહિ. તારાચંદજી! મોટા વાંધા આ. આહા..હા..!

**શ્રોતા :—** આખું ફરી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આખું ફરી ગયેલું. એ ૭૧થી વાંધા ઉઠ્યા છે. પછી ૧૩માં વર્ણીજી પાસે ગયા તો વર્ણીજીએ વાંધો ઉઠાવ્યો કે વિકાર છે તે કર્મથી થાય. નહિતર એ સ્વભાવ થઈ જાય. પણ અહીં તો સ્વભાવ.. પંડિતજી! ૩૭૨ ગાથા છેને? બધાનો સ્વભાવ લીધો છે.

अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणुप्पाओ।
तम्हा दु सव्वदव्वा उप्पज्जंते सहावेण।।३७२।।

૩૭૨ ગાથા. '**सहावेण**' નામ પુણ્ય અને પાપનો ભાવ પણ સ્વભાવિક એનો પોતાનો છે એમ કહે છે. ચોથું પદ છે. ૩૭૨. ૩, ૭ અને ૨. '**अण्णदविएण अण्णदवियस्स णो कीरए गुणु**' એટલે પર્યાયનો ઉત્પાદ. કર્મના કારણે આત્માની વિકારી પર્યાય કે અવિકારી પર્યાય ત્રણકાળમાં થાય નહિ. છે સુજાનમલજી? નીકળ્યું? શું કહે છે? પણ ગાથાનો અર્થ નથી નીચે? ગાથાનો અર્થ નથી એમાં? ગાથાર્થ. ગાથા અર્થ છે એમાં તરત. '**અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યને ગુણની...**' એટલે પર્યાયની '**ઉત્પત્તિ કરી શકાતી નથી; તેથી** (એ સિદ્ધાંત છે કે) **સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી ઊપજે છે.**' અહીં વિકારની વાત કરવી છે. એ પણ

એનો સ્વભાવ '**स्पष्ट भवनं**' સ્વભાવ એ અપેક્ષાએ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? અહીં વિકારની વાત છે હોં! જુઓ ટીકામાં જુઓ.

'**વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી;...**' છે? પરદ્રવ્ય કર્મ પરદ્રવ્ય જીવને રાગાદિ ઉપજાવે છે એમ શંકા ન કરવી '**કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણ...**' એટલે પર્યાય, પર્યાયનો '**ઉત્પાદ કરવાની અયોગ્યતા છે;...**' કર્મથી આત્મામાં વિકાર થાય તે અયોગ્ય છે, અલાયક છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? '**કેમકે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.**' વિકારી પરિણામ કે અવિકારી પરિણામ એ એનો સ્વભાવ છે. '**स्वस्य भवनं स्वभावं**' એ અપેક્ષાએ. છે વિકાર, પરભાવ. એ તો નીકળી જવાની અપેક્ષાએ, પણ છે એની પર્યાયનો પોતાનો ભાવ. છે?

'**સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :—**' પછી સમજાવશે કે '**માટી કુંભભાવે ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે?**' ઘડો કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે? ઘડો તો માટીના સ્વભાવથી ઊપજે છે. કુંભાર એનો કર્તા છે જ નહિ. આહા..હા..! છે? '**કુંભભાવે ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે? જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ, પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.**' આહા..હા..! જયસુખભાઈ! આ મોટો તકરાર-વાંધો છે આ.

કર્મ છે એને લઈને વિકાર થાય, એ વાત તદ્દન જૂઠી છે. વિકાર પોતાના અપરાધના પુરુષાર્થના અવળાઈથી થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આમાં બહુ વિશેષ લીધું છે આખું. જુઓ, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ. '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ કુંભારના સ્વભાવને નહિ સ્પર્શથી થકી,...**' જુઓ! એમ આત્મામાં વિકાર કર્મથી છે જ નહિ. આત્મા જ કર્મને નહિ સ્પર્શતો થકો પોતાના વિકાર પરિણામને સ્વતંત્ર કરે છે. આહા..હા..! એને ગરજ ક્યાં, નિર્ણય કરીને ક્યાં જાવું છે એના કાંઈ ઠેકાણા ન મળે. આહા..હા..! અરે..! સત્ય શું છે? અને સત્યની પ્રાપ્તિ પછી કેમ થાય? આ રીતે અહીં તો કહે છે કે કર્મ આત્માને વિકાર ઊપજાવે છે એ ત્રણકાળમાં વાત સાચી છે નહિ. પાઠ તો આવે છેને ગોમ્મટસારમાં. જ્ઞાનાવરણીય કર્મ ઘાતિકર્મ તે ઘાત કરે છે. એ તો નિમિત્તના કથન, વ્યવહારનયનું કથન છે. જ્ઞાનાવરણીય ઘાત કરે જ્ઞાનને. એ પરદ્રવ્યને અડતું નથી, પરદ્રવ્ય શું ઘાત કરે? પોતે જ જ્ઞાનની પર્યાયમાં હીણું પરિણમન ભાવઘાતિરૂપ કરે છે ત્યારે દ્રવ્યઘાતિને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત એને કરે છે કાંઈ, ત્રણકાળમાં નહિ. ઘાતિકર્મ બોલવું અને કર્મ કરે નહિ ઘાત. એ

૧૬મી ગાથામાં કહ્યું છે પ્રવચનસારમાં કે ઘાતિકર્મ બે પ્રકારના છે, એક ભાવઘાતિ, એક દ્રવ્યઘાતિ. કર્મ છે એ દ્રવ્યઘાતિ અને એની (જીવની) ઊલટાઈ–ઊંધી દશા છે એ ભાવઘાતિ. સમજાય છે કાંઈ?

આત્માને સમ્યગ્દર્શન એટલે આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એનો અનુભવ થઈને પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન, એ ધર્મનો પહેલો પાયો. એ ધર્મ વિના સમ્યક્ વિના જ્ઞાન પણ સાચું હોય નહિ અને એને વ્રત અને ચારિત્ર પણ સાચા હોય નહિ, ખોટા હોય ખોટા. એવું જે સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીઢી, પહેલું સોપાન, શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણસ્વભાવે ભરેલો આનંદઘન, એના સન્મુખની નિર્વિકલ્પ રાગના અપેક્ષા વિનાની, વ્યવહારના અપેક્ષા વિનાની, દ્રવ્યના અપેક્ષિત ભાવવાળી સમ્યગ્દર્શનની પર્યાય તે મોક્ષનું કારણ છે. એ કારણથી મિથ્યાત્વભાવ તે વિપરીત છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :—** પોતામાં ને પોતામાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બીજે શું છે? પરની સાથે સંબંધ શું છે? એ તો જડ છે. ખેલ, જડના ખેલ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય પુદ્ગલ એ તો જડના ખેલ છે.

**શ્રોતા :—** કર્મની વાત તો બહુ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવે તો કર્મ નિમિત્તથી કથન તો આવેને. આહા..હા..! અહીંયાં તો આ ખુલાસો કર્યો કે કુંભાર ઘડાને ઉત્પન્ન કરતો નથી. ઘડાની ઉત્પત્તિ માટીથી થાય છે.

**શ્રોતા :—** એ નિશ્ચય કથન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ સત્ય. વ્યવહાર એટલે કથનમાત્ર ભાષા. અભૂતાર્થનયથી કહેવાય કે નિમિત્તકર્તા છે એટલે કે છે નહિ. આહા..હા..! આવી વાત, બાપુ!

દરેક દ્રવ્ય જે આત્મા કે જડ તેનો તે તે ક્ષણે છતો પર્યાય પરિણમન તેનો કર્તા તે પરિણામ છે. નિશ્ચયથી તો દ્રવ્ય-ગુણ પણ કર્તા નથી. આમ વાત છે. એ કહ્યુંને ૬૨ ગાથામાં. ત્યાં ચર્ચા ચાલી હતી મોટી, ઈસરીમાં. દોષ જે છે મિથ્યાત્વ કે અજ્ઞાન એ પરિણામના ષટ્કારકનું પરિણમન, પરિણમનમાં પર્યાય છે. એ પર્યાયનું પરિણમન પર્યાયથી થાય છે. વિકારી પરિણામનો કર્તા પરિણામ, વિકારી પરિણામનું કાર્ય વિકાર પર્યાય, વિકારી પરિણામનું કરણ વિકારી પરિણામ, વિકારી પરિણામથી પરિણામ થયા, વિકારી પરિણામને આધારે થયા, વિકારી પરિણામ થઈને વિકારીએ રાખ્યા. આમ છે. દેવીલાલજી! મોટી તકરાર વાંધા. બે આ વાંધા—એક તો નિમિત્તથી થાય એ વાંધા અને પછી વ્યવહારથી નિશ્ચય થાય એ વાંધો. બેય વાંધા ખોટા છે.

**શ્રોતા :—** નિમિત્ત એ વ્યવહાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિમિત્ત અંદરનો વ્યવહાર એ નિમિત્ત છે, રાગ છે. પાંચના વાંધા છે. એક ક્રમબદ્ધ. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો

સાગર, સર્વજ્ઞ વીતરાગ જિનવરદેવે જોયો, કહ્યો તે. એ આત્મા પોતાના સ્વરૂપની પ્રતીતિ અને અનુભવ કરે અને સમ્યક્ થાય એમાં વીતરાગ પરિણામ પ્રગટે એ સમ્યગ્દર્શન વીતરાગ પરિણામ છે. એ વીતરાગ પરિણામમાં આનંદ ગર્ભિત છે. સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ ભેગો આવે. આહા..હા..! ત્યારે એને સમ્યગ્દર્શન મોક્ષના કારણના પરિણામ કહેવાય. આહા..હા..! એવા જે મોક્ષના કારણરૂપ પરિણામ એના મિથ્યાત્વભાવ એનાથી વિપરીત છે. એ અહીં ચાલે છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનને મિથ્યાદષ્ટિપણું થાય છે.**' એક વાત કીધી. '**જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' શું કીધું? આ જ્ઞાન શબ્દે આત્મા નહિ. આત્માનું સમ્યગ્જ્ઞાન થવું, આત્મા પૂર્ણાનંદ અતીન્દ્રિય (આનંદનો) કંદ પ્રભુ છે એનું જ્ઞાન આનંદનું થવું, એ થવું એ જ્ઞાન. સ્વસ્વરૂપનું જ્ઞાન થવું તે જ્ઞાન. એ જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. આહા..હા..! શાસ્ત્રજ્ઞાન પણ નહિ, આ વકિલાતનું જ્ઞાન પણ નહિ. આ ડોક્ટરનું અને વકીલાતનું. આ બેઠા વકીલ. જયસુખભાઈ વકીલ છે. ડોક્ટર મોટા એમ.એ.ના પૂછડા વળગાડ્યા હોય એ જ્ઞાન નહિ, કુજ્ઞાન છે એ તો. આહા..હા..!

જ્ઞાન તો એને કહીએ કે જે વસ્તુ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એની અંદર સન્મુખ થઈને જે જ્ઞાન થાય તે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. મોક્ષના કારણરૂપ ભાવ છે. છે? '**મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનારું અજ્ઞાન છે;...**' અજ્ઞાન છે. રાગમાં એકલા જ્ઞાનને રોકવું, પરપદાર્થને જાણવા-દેખવામાં રોકવું, એવું જે અજ્ઞાન એ સમ્યગ્જ્ઞાનનો વિરોધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! મોક્ષનો માર્ગ વીતરાગ શું કહે છે એની ખબરું ન મળે અને આ એક વ્રત કર્યા, તપ કર્યા ને જાત્રા કરી, મંદિર બંધાવ્યા તે ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! ત્યાં તો શુભપરિણામ હોય તો પુણ્યબંધન થાય. એ પુણ્યબંધન એ સ્વભાવની વિપરીત દશા છે. એ તો અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાન...**' એટલે આત્માનું જ્ઞાન, એમ. સ્વસંવેદનજ્ઞાન. પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા ચિદ્ઘન, આનંદકંદ પ્રભુ એનું જ્ઞાન એ આત્મજ્ઞાન. સમજાય છે કાંઈ? આમ કહ્યું નહિ છ ઢાળામાં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો,...' અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રત અનંતવાર પાળ્યા, નવમી ગ્રૈવેયક સુધી ઉપર ચાલ્યો ગયો, પણ આત્મજ્ઞાન બિન. આત્મજ્ઞાન ન કર્યું એણે. પરનું જ્ઞાન, પરની વસ્તુમાં રોકાઈ ગયો. આહા..હા..! 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' અંશે આનંદ ન મળ્યો એને. પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ અને દુઃખરૂપ છે. આહા..હા..! જગતથી જુદું છે બાપુ આ તો. વીતરાગ પરેશ્વર જિનવરનો માર્ગ આખી દુનિયાથી જુદો, ક્યાંય મેળ ખાય અવું નથી. આહા..હા..! 'મુનિવ્રત ધાર...' મુનિવ્રત. જે પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ (પાળીને) 'અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' ગ્રૈવેયક ઉપરમાં છે ગ્રીવાને સ્થાને નવ ગ્રૈવેયક. ત્યાં અનંતવાર ગયો.

**શ્રોતા :—** ભવિ જ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભવિ-અભવિ બેય. અનંત પરાવર્તન કર્યા. અરે..! ક્યાં એની ખબર છે?

'પણ આતમજ્ઞાન બિન...' આત્મા જે ચૈતન્યમૂર્તિનું સ્વસન્મુખ થઈને આત્માનું જ્ઞાન કરવું જોઈએ, જે જ્ઞાનમાં આનંદ આવવો જોઈએ, જે જ્ઞાનમાં વીતરાગતા આવવી જોઈએ તે જ્ઞાન ન કર્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' પર્યાય હોં એ. '**તેને રોકનારું અજ્ઞાન છે;...**' આહા..હા..! '**તે તો પોતે કર્મ જ છે,...**' અજ્ઞાનભાવ એ વિકારીભાવ છે. આહા..હા..! '**તેના ઉદયથી જ જ્ઞાનને અજ્ઞાનીપણું થાય છે.**' એ અજ્ઞાનના પ્રગટ થવાથી જ જ્ઞાનને અજ્ઞાનીપણું થાય છે. આહા..હા..! માટે મોક્ષના માર્ગથી મિથ્યાત્વ અને અજ્ઞાન એ વિપરીતભાવ છે. આહા..હા..!

'**ચારિત્ર...**' હવે ત્રીજો બોલ. ચારિત્ર એટલે સ્વરૂપ આનંદનો નાથ ભગવાનમાં રમણતા, ચરવું. આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય સચ્ચિદાનંદ પ્રભુ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' નાટકમાં આવે છે, સમયસાર નાટકમાં. 'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો; જ્ઞાનકળા ઊપજી અબ મોકુ કહું ગુણ નાટક આગમ કેરો, તાસુ પ્રસાદ સધૈ સિવમાર્ગ વેગે મીટે ઘટ વાસ વસેરો.' આહા..હા..! બનારસીદાસ કહે છે. 'ચેતનરૂપ...' ભગવાન આત્મા ચૈતન્ય જાગૃતસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા. આહા..હા..! 'ચેતનરૂપ અનુપ અમૂરત.' જેને કોઈ ઉપમા નથી. અમૂર્તસ્વરૂપ છે ભગવાનનું. 'સિદ્ધ સમાન સદા પદ મેરો, પણ મોહ મહાતમ આતમ અંગ' પર પ્રત્યેનો મોહ કરીને, મિથ્યાત્વ કરીને મેં આત્માના અંગને તોડી નાખ્યું. અથવા 'મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો.' મેં પરનો સંગ કર્યો રાગ અને પુણ્યનો એથી એના માહાત્મ્યથી મારું સ્વરૂપ રોકાઈ ગયું બધું. આહા..હા..!

'મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો. પણ જ્ઞાનકળા ઊપજી અબ મોકુ..' રાગરહિત હું ચીજ છું. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ એનાથી પણ મારી ચીજ ભિન્ન છે. આહા..હા..! એવું જે આત્માનું સ્વરૂપ એમાં જે ચરવું, આનંદના નાથનું આનંદ ભોજન કરવું અતીન્દ્રિય ભોજન. આહા..હા..! આ રોટલા ખાય છે એમાં રોટલાને ભોગવતો નથી. રોટલા કહેવાયને? આ શું કહેવાય તમારે? રોટી. રોટી ખાતો નથી. રોટી તો જડ છે. જડને ખાય આત્મા? એ તો જડની ક્રિયા છે.

**શ્રોતા :—** કોણ ખાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખાય જડ એ. એના તરફનો રાગ કરે છે એ રાગને ખાય. આ રોટલી ઠીક છે, શીરો ઠીક છે, મૈસુબ ઠીક છે, સ્ત્રીનું શરીર ઠીક છે એવો રાગ કરે છે, રાગને ભોગવે છે. શરીરને કોઈ ભોગવતું નથી ત્રણકાળમાં. આહા..હા..! સમજાણું કાંઈ? શરીર જડ

છે, જડને આત્મા ભોગવે? ભગવાન તો અરૂપી છે, એ રૂપીને સ્પશર્તો પણ નથી, અડતો નથી, છુતો નથી કદી ત્રણકાળમાં. ફક્ત ભોગને કાળે પોતાના સ્વરૂપને ભૂલીને 'આ ઠીક છે' એવો રાગ ઉત્પન્ન કરે છે એ રાગને ભોગવે છે, શરીરને નહિ, દાળ-ભાતને નહિ, મોસંબીને નહિ, લાડવાને નહિ, શું બીજું કહેવાય? રસગુલ્લા. આ રસગુલ્લા નથી કરતાં દૂધના? એ રસગુલ્લા આત્મા ખાઈ શકતો નથી. એ તો જડની ક્રિયા છે, માટી, ધૂળ છે. ફક્ત એ તરફનું લક્ષ કરીને 'આ ઠીક છે' એવો રાગનો ભોક્તા છે એ. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ચારિત્રમાં આનંદનો ભોક્તા છે. આહા..હા..! ચારિત્ર એને કહીએ જેમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ, પ્રચુર સ્વસંવેદન (આવે). આનંદસ્વરૂપ ભગવાન આનંદની ખાણ છે, એની પર્યાયમાં સ્વસંવેદન ઉગ્ર થાય, આનંદની વેદનદશા ઉગ્ર થાય એનું નામ ચારિત્ર છે. આવ્યું છેને પાંચમી ગાથામાં, સમયસાર. કુંદકુંદાચાર્ય કહે છે કે અમારો વૈભવ શું છે? કુંદકુંદાચાર્ય દિગંબર સંત ૪૯માં થયા. સંવત્ ૪૯માં. બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા અને આઠ દિન ત્યાં રહ્યા હતા ભગવાન કુંદકુંદાચાર્ય. એ કહે છે. આહા..હા..! અમારો વૈભવ. આ ધૂળનો નહિ હોં! માટી ને ધૂળ પચાસ લાખ કે કરોડ એ બધી ધૂળની માટી વૈભવ એ તો માટી ધૂળ છે. એમ પુણ્ય-પાપનો વિકાર એ પણ પોતાનો વૈભવ નહિ. આહા..હા..! ત્યારે પોતાનો વૈભવ શું? કે પોતામાં પ્રચુર સ્વસંવેદન આનંદનું ઉગ્ર વેદન થાય એ અમારા અનુભવની મહોરછાપ એનામાં છે. રિઝર્વ્ડ છે. ચારિત્રમાં આનંદની મહોરછાપ છે એ રિઝર્વ ચારિત્ર છે. અરે..! કાંઈ ખબર ન મળે એ ચારિત્ર. આ લૂગડા છોડ્યા આ કર્યું, મહાવ્રતના પરિણામ આવ્યા તો કહે ચારિત્ર થઈ ગયું. ધૂળેય નથી સાંભળને.

અહીં તો કહે છે કે **નચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ** છે...થ આહા..હા..! વીતરાગી પ્રભુ આત્મા એમાં વીતરાગી રમણતા, અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વભાવવેદન, જેમાં આનંદની મહોરછાપ (છે). આ ટ્રેડમાર્ક નથી કરતાં પોસ્ટમાસ્તર? કે સોનગઢની છાપ, અમદાવાદની છાપ. એમ અનુભવની છાપ શું? કે આનંદનું હોવું એ અનુભવની મહોરછાપ છે. ચારિત્રમાં અનુભવ શું? કે એમાં આનંદનો અનુભવ થવો એ ચારિત્રની મહોરછાપ છે. આહા..હા..! બહુ ફેર વાતમાં. ઊગમણો, આથમણો ફેર છે. એ ચારિત્ર જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. પર્યાય હોં આ. ત્રિકાળી સ્વભાવની વાત નથી. તેને રોકનારું કષાય છે. એવા ચારિત્રને રોકનારા શુભ-અશુભભાવ છે. શુભ-અશુભભાવ.

**શ્રોતા :-** ચારિત્ર છેને, એને રોકે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રોકે. ભાષા સમજાવવી છેને. એ તો ૬૯-૭૦માં એમ કહ્યું હતું કે પોતાનો ભાવ છોડીને ઉદયભાવ શુભ-અશુભભાવ પ્રગટ કરે છે. તો ભાવ થયો હતો વીતરાગી? વીતરાગી થવો જોઈએ એ નથી થતો અને પુણ્ય-પાપનો ભાવ ઉત્પન્ન કરે તે કર્તાકર્મ મિથ્યાત્વના છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો વીતરાગસ્વરૂપી છે, સિદ્ધસ્વરૂપી છે.

'સિદ્ધ સમાન સદાપદ મેરો.' એ ચીજના અંદરમાં રમણતા, ચરવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું એ ચારિત્ર છે. આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર નથી, એ તો અચારિત્ર છે. સમજાણું કાંઈ? એ તો આસ્રવ છે. નગ્નપણું તો અજીવની દશા છે. આ તો જડની દશા માટીની છે. ચારિત્રની દશા તો વીતરાગી આનંદગર્ભિત અનુભવ થાય અંદર આનંદનો. આહા..હા..! એવું જે ચારિત્ર એને મોક્ષનું કારણ સ્વભાવ તેને રોકનારો કષાય છે. એ શુભભાવ એને રોકે છે. તો આ કહે કે શુભભાવથી ચારિત્ર થાય છે.

**શ્રોતા :—** વ્યવહારને શુભભાવ કહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વ્યવહાર છે કહો કે કષાય કહો કે વિપરીત પરિણામ કહો ચારિત્રથી. આહા..હા..! છે એમાં, લખ્યું છે જુઓને વાંચે ત્યારેને. ક્યાં એની બાપા પડી છે. આહા..હા..! અરેરે..! ચોર્યાસી લાખના અવતારમાં અનાદિ કાળથી રખડતો, રઝળતો દુઃખી છે એ. એ પુણ્યના પરિણામ પણ અનંતવાર કર્યા, મહાવ્રતના પરિણામ અનંતવાર કર્યા નવમી ગ્રૈવેયક ગયો ત્યારે, શુક્લલેશ્યા અનંતવાર કરી. શુક્લધ્યાન જુદું શુક્લલેશ્યા જુદી. શુક્લલેશ્યા તો અભવીને પણ થાય છે. આહા..હા..! એ શુક્લલેશ્યા તો શુભભાવ છે. એ શુભભાવ ચારિત્રને રોકનાર છે. આહા..હા..! હવે જે ચારિત્રને રોકનાર છે એ શુભભાવ ચારિત્રને ઉત્પન્ન કરે? ઝીણી વાત બાપુ! ભગવાનનો વીતરાગ જિનવરનો માર્ગ એ માર્ગ બીજે ક્યાંય નથી. જિનવર સિવાય ક્યાંય એ માર્ગ બીજે કોઈ પંથમાં છે જ નહિ. બીજામાં પણ કાંઈક છે, ફલાણામાં છે, વેદાંતમાં કાંઈક છે ફલાણામાં. એ ક્યાંય નથી. આહા..હા..! આવું સ્વરૂપ તો શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં પણ નથી. આ તો અનાદિ સનાતન જૈનધર્મ એવો જે દિગંબર ધર્મ એમાં છે આ વાત. આહા..હા..! શું થાય?

**શ્રોતા :—** એ તો આપે કાઢ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ અંદર રહે કે નહિ? વાંચતા ન આવડે તો શું થાય. આહા..હા..!

પરમાત્મા તો એમ કહે છે જુઓ, ચારિત્ર જે સ્વરૂપમાં આનંદસ્વરૂપમાં રમણતા, ચરવું, અતીન્દ્રિય આનંદને ભોગવવો... આહા..હા..! એ ચારિત્ર. ચરવું એટલે ભોગવવુંઅનુભવ. એવો જે અનુભવ ચારિત્ર આનંદનો, એ મોક્ષના કારણરૂપ સ્વભાવ એને રોકનાર કષાય છે. આહા..હા..! એને પુણ્ય અને પાપનો ભાવ બેય ચારિત્રને રોકનાર છે. આહા..હા..! તે તો પોતે કર્મ છે, આત્મા નહિ. આહા..હા..! વિકારી કાર્ય છે.

**'તેના ઉદયથી જ...'** એટલે વિકારના પ્રગટ થવાથી જ ચારિત્રના પરિણામ પ્રગટ થતા નથી. ઉદય ફરી ગયો આ. પછી કર્મનું નિમિત્ત એમાં જોડાણો એ અપેક્ષાએ નિમિત્ત કહેવાય, પણ એનાથી કાંઈ થયું નથી. આહા..હા..! એવો છે માર્ગ, ભાઈ! આહા..હા..!

પ્રભુ આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સમાન આનંદનો નાથ પ્રભુ છે. આહા..હા..! સિદ્ધમાં જેમ અનંત આનંદ છે, એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન છે એનો જે અંતરમાં અનુભવ થવો આનંદનો એનું નામ ચારિત્ર,

એ મોક્ષનું કારણ છે. એ ચારિત્રને રોકનારો કષાય છે. કષાય એટલે કૃસ એટલે સંસાર અને આય એટલે લાભ. જેમાં સંસારનો લાભ થાય એ મોક્ષને અટકાવે છે. મોક્ષના કારણને અટકાવે છે, સમજાય છે કાંઈ? એ શુભભાવ પણ જગપંથ છે, સંસારપંથ છે. આહા..હા..! અરે..!

સમયસાર નાટકમાં આવ્યું હતું. સમયસાર નાટક, મોક્ષ અધિકાર ૪૦મો બોલ છે. જગપંથ. આહા..હા..! વિકલ્પ ઉઠે શુભરાગ પંચમહાવ્રતનો, એ રાગ સંસારપંથ છે. એનાથી ભગવાન આત્માની ભિન્ન ચીજ છે. આહા..હા..! શું થાય? અનંતકાળ પરિભ્રમણ કરતા ગયો. ભવ વિનાનો કોઈ દિ' થયો છે કોઈ દિ'? ભવ.. ભવ... ભવ... ભવ... ભવ... ભવ... આહા..હા..! મનુષ્ય ને એના પછી મનુષ્ય, એના પછી કાંઈક, એના પછી કાંઈક. એમ કરતા કરતા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ભવ થયા. આહા..હા..! નારકીના અનંત, દેવના અનંત, સ્વર્ગના અનંત. શુભભાવ કર્યો (હોય તો) સ્વર્ગમાં જાય, પણ જન્મ-મરણ મટે નહિ. પાપ કરે તો નરકમાં જાય, માયા-કપટ કરે તો તિર્યંચમાં જાય, પશુ-ઢોર થાય, કાંઈક સરળતા આદિ કે કષાય મંદ હોય તો મનુષ્ય થાય, પણ એ બધો સંસાર છે ચારેય ગતિ. દેવમાં પણ દુઃખ છે. એ સુખને ભોગવવા જાય છે એ રાગ છે અને રાગ છે તે દુઃખ છે. આહા..હા..!

આનંદ તો પ્રભુ આત્મામાં છે અંદર. આહા..હા..! એ પરમાં સુખ શોધવા જાય છે એ મૂઢતા છે. આહા..હા..! મૃગજળમાં પાણી શોધે. મૃગજળ. ખારેલી જમીનમાં સૂર્યના કિરણ અડવાથી જળ જેવું દેખાય. ત્યાં ક્યાં જળ છે? એમ ઇન્દ્રિયોમાં, વિષયમાં, પૈસા ધૂળમાં બે-પાંચ-દસ કરોડ થયા એટલે પૈસાવાળા અમે સુખી થયા, મૂર્ખ છે મોટા. આહા..હા..! સમજાણું કાંઈ? હમણાં નથી કોઈ. કરોડપતિ નથી આમ નજર કરી. આ તો ભાઈ ભગવાન શેઠ હતાને અહીં? સાગરવાળા નહિ? બીડીવાળા. કરોડપતિ મોટા. આપણે ભગવાનલાલ, ભગવાનભાઈ નહિ? થાનવાળા ભગવાનભાઈ બેસતા નથી? મહાજન. એ કરોડપતિ બધા. બધા દુઃખી છે. પૈસા ઉપર લક્ષ જાય એટલે મમતા થાય અને મમતા થાય એ દુઃખ છે. આહા..હા..! બાબુભાઈ! કેમ હશે આ? આ દુનિયા તો એમ કહે. બે-પાંચ કરોડ રૂપિયા થાય તો સુખી છે. મૂર્ખાઈ છે મોટી. સુખ તો પ્રભુ આત્મામાં છે. એ બહારમાં સુખ માને છે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. ઇન્દ્રિયોમાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે, બંગલા હજીરા, ૨૫-૨૫-૫૦ લાખના મોટા બંગલા હોય અને એમાં સુખ છે, મૂર્ખાઈ છે.

**શ્રોતા :—** ૭૦ લાખનો બંગલો હોય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ૭૦ લાખનો.. ૭૦ લાખનો છેને કોને? રમણીકભાઈને લ્યો. આ પોર ઉતર્યા હતાને અમે. ૮૭ વર્ષ બેઠુંને ત્યાં જયંતિ ઉજવી હતી. દાદર-દાદર. રમણીકભાઈ છે. સાચી વાત. યાદ કર્યું. પાંચ કરોડ રૂપિયા છે અને ૭૦ લાખનો એક બંગલો છે. એક બંગલો. ધૂળમાંય નથી કીધું આમાં તારા બંગલામાં.

**શ્રોતા :—** આપને ઉતારવા થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઉતારવામાં શું દાળિયા થયા? આહા..હા..! ભગવાનલાલ બીડીવાળાને છ-છ લાખના બંગલા મોટા ઘણા છે. એને તો ઘણા મકાન છે બે-બે લાખના, લાખના. આ બીડીવાળા નહિ ભગવાદાસ શોભાલાલ, સાગર-સાગર, તારણપંથી. એ તો અહીંયાં આવનારા, હવે તો આવે છે. બે લાખના મકાન કરાવ્યા. હમણા વિદ્વત પરિષદ ભરાવાની છે ત્યાં સાગરમાં. પૈસા ઘણા એને. ૬૦ તો મોટર ઘરે છે. એ શું? ધૂળ છે, એ તો પુદ્ગલ માટી છે. આહા..હા..!

અહીં તો ચારિત્રમાં આનંદ છે એમ સિદ્ધ કરવું છે. સ્વરૂપનું ચારિત્ર એ ચારિત્ર હોં! પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહિ. આહા..હા..! સ્વરૂપે ચરણં ચારિત્રં. એ પ્રવચનસારનું ભગવાન કુંદકુંદાચાર્યનું વચન છે. સ્વરૂપે ચરણં. આનંદનો નાથ પ્રભુ એના સ્વરૂપમાં રમવું આનંદમાં એનું નામ ચારિત્ર છે. એ ચારિત્ર મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. **'તેને રોકનાર કષાય છે;...'** આહા..હા..! એ શુભભાવ, દયા, દાન, વ્રત, એ શુભભાવ ચારિત્રને રોકનાર છે. રાડ નાખી જાય માણસ. આવું ક્યાંથી કાઢ્યું? કાઢ્યું નથી, અનાદિથી છે આ.

**શ્રોતા :—** કુંદકુંદાચાર્યનું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કુંદકુંદાચાર્ય પોકાર કરે છે. આહા..હા..! ભગવાન પાસે ગયા હતા, આઠ દિન રહ્યા હતા. આવીને આ પોકારે છે, માર્ગ આ છે. તમને બેસે ન બેસે, તમે સ્વતંત્ર પ્રાણી છો. અનાદિથી એને સત્ય બેઠું જ નથી. વિપરીત માન્યતામાં રોકાઈને ચાર ગતિના પરિભ્રમણમાં અનંતા ભવ કર્યા. એને રોકનાર કષાય છે. જોયું! શુભભાવ કષાય છે. સ્વરૂપમાં રમણતારૂપી ચારિત્રને રોકનાર શુભભાવ કષાય છે.

**'તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અચારિત્રીપણું થાય છે.'** એ શુભભાવથી આત્માને અચારિત્રપણું છે. આહા..હા..! છે? શાંતિભાઈ! આવ્યા છો, ઠીક! આ પરમાત્મપ્રકાશ સવારે, અત્યારે સમયસાર. **'માટે, (કર્મ) પોતે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.'** એ વિકારી શુભભાવનો નિષેધ કરવામાં આવે છે કે એ ધર્મનું કારણ નથી અને ધર્મ છે નહિ. આવે ખરો શુભભાવ, ધર્મીને એ શુભભાવ આવે ખરો, પણ છે ધર્મ નહિ, એ હેય છે. એને નિષેધ કરવામાં આવ્યો છે કે એ ધર્મ નહિ. એમ ભગવાન કુંદકુંદાચાર્ય પોકાર કરે છે. એનો ભાવાર્થ આવશે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ-૧, રવિવાર, તા. ૦૭-૧૧-૧૯૭૬,**
**ગાથા-૧૬૧ થી ૧૬૩, કળશ-૧૦૯, પ્રવચન નં. ૨૨૪**

શ્રી સમયસાર, પુણ્ય-પાપ અધિકાર, ભાવાર્થ છેલ્લો.

'**ભાવાર્થ :—સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના** કારણરૂપ ભાવો છે...' મોક્ષ એટલે પરમ આનંદનો લાભ. આત્માના પરમ આનંદની પૂર્ણતાનો લાભ એનું નામ મોક્ષ. આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. આ બહારમાં જે સુખ માને છે એ તો ભ્રમણા અજ્ઞાનીની છે. પૈસામાં, વિષયમાં, આબરુમાં, કીર્તિમાં (સુખ માને છે) એ તો અજ્ઞાનીનો ભ્રમ છે, મિથ્યાભ્રમ. સુખ તો આત્માની અંદર છે. એ સુખની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ છે. એ મોક્ષનું કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એટલે? કે આનંદસ્વરૂપ આત્મા પૂર્ણજ્ઞાનસ્વરૂપ પ્રભુ એની સન્મુખ થઈને એની જ્ઞાનની પર્યાયમાં આખા પૂર્ણતાનો ભાસ થવો, જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ સ્વભાવ વસ્તુનો ભાસ થાવો અને એમાં પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! અને એ આત્મા જ્ઞાયકસ્વરૂપ, ચિદાનંદસ્વરૂપ એનું સ્વસંવેદનજ્ઞાન, આત્માનું પોતાનું પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન એ જ્ઞાન એ મોક્ષનું કારણ; અને સ્વરૂપમાં રમણતા, આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં લીનતા એનું નામ ચારિત્ર.

એ '**સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના...**' નામ આત્માના પૂર્ણ આનંદનો લાભ એવી જે મોક્ષદશા એના કારણરૂપ આ ત્રણ ભાવ છે. સમજાય છે કાંઈ? '**તેમનાથી વિપરીત મિથ્યાત્વાદિ ભાવો છે;...**' સમ્યગ્દર્શનથી વિપરીત (અર્થાત્) પરમાં સુખ છે, પુણ્યથી ધર્મ થાય, પાપમાં મજા છે એવી જે મિથ્યાત્વ માન્યતા એ સમ્યગ્દર્શનથી વિપરીત છે અને સમ્યગ્જ્ઞાન જે સ્વનું થાય એનાથી એકલું પરનું જ્ઞાન થઈને એ માને કે આ મને જ્ઞાન થયું એ મિથ્યાજ્ઞાન છે અને આત્મામાં પુણ્ય અને પાપના ભાવ (થાય) એનું આચરણ એ મિથ્યાચારિત્ર છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષના કારણરૂપ ભાવ એનાથી આ ત્રણ બોલ વિપરીત છે. આહા..હા..!

'**કર્મ તે મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે.**' એ પુણ્ય-પાપના ભાવ જ એનું સ્વરૂપ નથી. એને પોતાનું માનવું એ મિથ્યાત્વ છે, એનું જ્ઞાન કરવું એ મિથ્યાજ્ઞાન છે અને એમાં એકાગ્રતા પુણ્ય પરિણામમાં પણ એકાગ્રતા એ મિથ્યાચારિત્ર છે. આહા..હા..! આવી વાત છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષના કારણરૂપ ભાવો એનાથી આ મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર એ વિપરીતભાવ છે. કષાય આવ્યો હતો ચારિત્રમાં તો. આત્માનો સ્વભાવ શુદ્ધ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાથી વિપરીત કષાયભાવ. ચાહે તો પુણ્યનો ભાવ હોય કે પાપનો પણ એ કષાય

છે. એ ચારિત્ર તે મિથ્યાચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મિથ્યાત્વાદિ ભાવ તે કર્મસ્વરૂપ જ છે વિકારભાવ. '**આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો-સ્વરૂપ છે.**' આ ત્રણ ગાથામાં એ આવ્યું. હવે ત્રણ પહેલી કીધી. વચમાં એક ચોથી કીધી અને હવે ત્રણ કીધી. સાતનો મેળ કરે છે હવે. આહા..હા..! '**પહેલાં ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું સમ્યક્ત્વાદિનું-ઘાતક છે.**' આહા..હા..! એ પુણ્યાદિના ભાવ એવો જે મિથ્યાત્વભાવ, 'એ મારા છે' એવો જે મિથ્યાત્વભાવ એ મોક્ષના કારણ ભાવોનું ઘાતક છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ છે, એ આત્માના સમ્યગ્દર્શનનું ઘાતક છે, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું એ ઘાતક છે. પહેલી ત્રણ ગાથામાં એમ કહ્યું હતું.

'**પછીની એક ગાથામાં એમ કહ્યું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.**' એ શુભભાવ છે એ બંધસ્વરૂપ છે. અબંધસ્વરૂપી ભગવાન એનાથી ભિન્નસ્વરૂપ છે. આહા..હા..! માટે તે મોક્ષનું કારણ થવાને લાયક નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પુણ્ય પરિણામની મીઠાશ પ્રેમ મિથ્યાત્વ, અજ્ઞાન અને એનું આચરણ—એ ત્રણ સમકિત, દર્શન, જ્ઞાન, ચારિત્રનું ઘાતક છે અને એ પુણ્ય પરિણામ એ પોતે બંધસ્વરૂપ છે. આહા..હા..! આકરી વાત છે. સમજાણું કાંઈ? બે. '**આ છેલ્લી ત્રણ ગાથાઓમાં કહ્યું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે...**' એ છેલ્લી ગાથા ત્રણ. પહેલીમાં એમ કહ્યું કે એ પુણ્ય પરિણામરૂપી કર્મ, વ્રતાદિનું આવ્યું હતુંને. ચાર બોલ ૧૫૪માં. વ્રત, નિયમ, શીલ, તપ એ બધું શુભકર્મ શુભ છે, કર્મ છે, વિકારભાવ છે. આહા..હા..! એ આત્માના મોક્ષના કારણને ઘાત કરે છે. પછી કહ્યું કે એ પુણ્ય પરિણામ બંધસ્વરૂપ છે, માટે તે અબંધસ્વરૂપ ભગવાન આત્માથી વિરુદ્ધ વાત છે અથવા અબંધસ્વરૂપ એવો આત્મા, એના અબંધ પરિણામ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષસ્વરૂપ છે, ત્યારે પુણ્ય આદિના પરિણામ તે બંધસ્વરૂપ છે. બે.

ત્રીજું. એ પુણ્યાદિનો પ્રેમ અને રુચિ, જ્ઞાન એ બધા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિપરીતભાવ છે. સમજાણું કાંઈ? ઘાતક છે, બંધ છે અને વિપરીતભાવ છે. એમ ત્રણ રીતે (કહ્યું).

**શ્રોતા :—** ઘાતકમાં વિપરીતભાવ ન આવ્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, ઘાત કરે છે એટલું જ ત્યાં તો. ઉત્પત્તિને ઘાત કરે છે અને આ તો વિપરીતભાવ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે ઝીણો. મીઠાભાઈ રોકાણા છે હમણા. એના ગામમાં આવે ન આવે, પણ અહીં તો લાભ લઈએ. કરવાનું તો આ બાપુ છે. આહા..હા..! એ ઘાતકમાં ઉત્પન્ન થવા દેતું નથી એટલું અને આમાં વિપરીતભાવરૂપી અસ્તિત્વ છે એટલું. સમજાય છે કાંઈ? કર્મ એટલે પુણ્યના પરિણામરૂપી કાર્ય એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષના કારણરૂપ ભાવ એને ઉત્પન્ન થવા દેતા નથી એટલે ઘાતક છે એટલું. અને પછી કહ્યું કે એ પોતે બંધસ્વરૂપ છે. માટે તે મોક્ષના કારણથી વિરુદ્ધ છે. મોક્ષના કારણ તો અબંધપરિણામ છે. વસ્તુ પોતે અબંધસ્વરૂપ છે અને એના પરિણામ

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ અબંધસ્વરૂપ પરિણામ છે. અને પુણ્યના પરિણામ છે તે બંધસ્વરૂપ છે, માટે પણ નિષેધ કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ માણસને (આકરો લાગે છે). ભાઈ આવ્યા નથી ઓલા ડોક્ટર. એ કહે, આવીશ હું પણ કાંઈ.. એ આવશેને ત્યાં. આવે ત્યારે ત્યાંથી. સાંજે માંડ નવરા થાય. હેઠે ઉતરે ને આહાર કરે. આવવાના હતા. બિચારા કહેતા હતા. આહા..હા..!

અહીં કહે છે કે સમ્યગ્દર્શન સત્ દર્શન, સત્ જ્ઞાન અને સત્ ચારિત્ર એ મોક્ષના કારણ. એનાથી મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ વિપરીતભાવ છે. ત્રણ આવ્યાને? સાત ગાથામાં ત્રણ પ્રકાર આવ્યા. પહેલી ત્રણ ગાથામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ઘાતક કર્મ છે, બીજીમાં બંધસ્વરૂપ છે અને ત્રીજીમાં (આવ્યું) એનાથી વિપરીતસ્વરૂપ છે. શશીભાઈ! આહા..હા..! આ પુણ્ય-પાપ માટે નિષેધ કરવાલાયક છે, એ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. આહા..હા..!

**શ્રોતા :—** પરંપરા કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પરંપરા એ તો સમ્યગ્દષ્ટિને શુદ્ધતા પ્રગટી છે અને અંદર શુભભાવ બાકી છે એ પછી ટાળશે એથી એને પરંપરા કહ્યું છે. રાગ પરંપરા કારણ કોઈ દિ' હોઈ શકે નહિ. આહા..હા..! એ જ અત્યારે વળગે છેને બધા. પરંપરા કારણ કહ્યું છે. એ તો ઘણે ઠેકાણે કહ્યું છે. જયસેનાચાર્યની ટીકામાં તીર્થંકર પ્રકૃતિને પરંપરા કારણ કહ્યું છે. એટલે શું? સમજાણું કાંઈ?

વસ્તુ વીતરાગમૂર્તિ આત્મા (છે). પુણ્ય-પાપ એ કાંઈ આત્મા નહિ, એ તો અણાત્મા છે. આહા..! શરીર આ તો અણાત્મા જડ છે, માટી, ધૂળ છે. આહા..હા..! એ અણાત્મા અજીવ, શરીરાદિ, પુણ્ય-પાપ અણાત્મા આસ્રવ, આત્માનું સ્વરૂપ નહિ એ. આહા..હા..! માટે તે પુણ્ય-પાપના ભાવ મોક્ષના કારણને ઘાતે છે, બંધસ્વરૂપ છે અને મોક્ષના કારણથી વિપરીત ભાવ છે. પ્રવિણભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા ઘાતકમાં એ આવી ગયું કે નહિ? ઘાતકમાં આવ્યું નહિ? આ તો વિપરીત ભાવ છે. ઓલામાં તો ફક્ત સમ્યગ્દર્શન-જ્ઞાનને ઘાત કરે છે એટલે ઉત્પન્ન થવા દેતો નથી. આ તો ઉત્પન્ન થયેલા ભાવ છે—મિથ્યાત્વ, અજ્ઞાન, અચારિત્ર. સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વાદિસ્વરૂપ છે. આ પ્રમાણે એમ બતાવ્યું કે કર્મ મોક્ષના કારણનું ઘાતક છે,...'** જુઓ, **'બંધસ્વરૂપ છે અને બંધના કારણસ્વરૂપ છે,...'** બંધના કારણસ્વરૂપ છે. આહા..હા..! એટલે વિરોધી ભાવ થયોને? **'માટે નિષિદ્ધ છે.'** આહા..હા..! આ લોકો કહે છેને કે ભાઈ! દયા દાન, વ્રત, તપ, અપવાસ કરીએ તો કરતાં-કરતાં ધર્મ થશે. તો અહીં તો કહે છે કે પણ બંધસ્વરૂપ છે એ કરતા-કરતાં અબંધસ્વરૂપ પરિણામ ક્યાંથી થશે તારા? આહા..હા..! વાત આકરી ભારે! સમજાણું કાંઈ? આનંદનો નાથ ભગવાન અંદર પડ્યો છેને. અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. જ્ઞાનીને રાગ આવે, અશુભ પણ આવે, પણ તેને હેય તરીકે જાણે

છે અને દયા, દાન, વ્રત, ભક્તિના પણ પરિણામ આવે એને હેય તરીકે, જ્ઞેય તરીકે જાણે છે. આહા..હા..! અને જ્ઞાની સ્વરૂપને ઉપાદેય તરીકે જ્ઞેય તરીકે જાણે છે. સમજાય છે કાંઈ? જ્ઞેય તો ત્રણેય છે. શુદ્ધ આત્મા જ્ઞેય છે, પુણ્ય-પાપના ભાવ જ્ઞેય છે અને મોક્ષના માર્ગના પરિણામ પણ જ્ઞેય છે. સમજાણું કાંઈ? પણ એક જ્ઞેય ત્રિકાળી આદરવા લાયક છે, એક જ્ઞેય વર્તમાન પરિણમન માટે મોક્ષનું કારણ છે અને એક જ્ઞેય બંધનું કારણ છે. જાણવું તો બધું જાણવું જોઈએને. સવારમાં આવ્યું નહોતું? તતા તત્. તત્ત્વ-અતત્ત્વને જાણીને તત્ત્વમાં લીન થાય. સવારની ગાથા એ હતી. આહા..હા..! પણ અત્યારે તો આ આત્મા પોતે શું ચીજ છે એ મૂકીને બધી વાતું.

**શ્રોતા :—** દિગંબર હોય એ જન્મથી સમજે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દિગંબર કોને કહેવા હજી? એ કહે છે, એ ભાઈ કહેતા ઈન્દ્રલાલજી. જયપુરમાં ઈન્દ્રલાલ પંડિત હતા. દિગંબરમાં જન્મ્યા એ તો બધા ભેદજ્ઞાની જ છે.

**શ્રોતા :—** સમ્યગ્દર્શન લઈને જ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા. ઈન્દ્રલાલને મળ્યા હશો તમે જયપુર. એ એમ કહેતા. અમારે મૂળચંદજી હતા એ એમ કહેતા ગુરુભાઈ કે સ્થાનકવાસી બધા છે એને સમ્યગ્દર્શન તો છે, સાચી શ્રદ્ધા તો છે. હવે એને વ્રત પાળવા, એ એમ કહેતા. ગણધર જેવી શ્રદ્ધા છે સ્થાનકવાસીને. એમ બધું છે.

અહીં કહે છે કે બાપુ! શ્રદ્ધા ગણધર જેવી કોને કહેવી, ભાઈ? પૂર્ણાનંદનો સ્વભાવ જેનો એવો જે ભગવાન આત્મા એને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણીને ઉપાદેય ન કરે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી. આહા..! અને સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી ત્યાં એને વ્રત ને તપ ને ચારિત્ર હોતા નથી. એ અજ્ઞાની જે વ્રત-તપ કરે એ બાળવ્રત અને બાળ(તપ) મૂર્ખાઈ ભરેલી તપસ્યા છે. આહા..હા..! જેમાં ભગવાન આત્મા ભળતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અશુભકર્મ તો મોક્ષનું કારણ છે જ નહિ,...**' છે? હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ-ક્રોધ, માયા, લોભ એ તો પાપ છે, એ તો મોક્ષનું કારણ છે જ નહિ. '**તેથી નિષિદ્ધ જ છે; પરંતુ શુભકર્મ પણ કર્મસામાન્યમાં આવી જતું હોવાથી...**' શુભ અને અશુભકર્મ બેય સામાન્ય કહેતા અહીં કર્મ શુભ પણ એમાં આવી જાય છે, એમ કહે છે. કર્મનો નિષેધ છે એમ કહેતા સામાન્ય પણે કહેતા એમાં શુભ અને અશુભ બેય આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ભારે આવો ભાઈ! લોકોને એકાંત... એકાંત... એકાંત... એમ પોકાર કરે છે. કરો, બાપુ! તમારી લાયકાત હોય એમ થાય, બીજું શું થાય? એ ભગવાન છે, પણ પર્યાયમાં ભૂલ છે. આહા..હા..!

'**તે પણ બાધક જ છે...**' બાધક જ છે. અશુભભાવ તો બંધનું કારણ છે, એ તો

નિષેધ છે, એની તો અહીં મોક્ષના કારણમાં કાંઈ જરૂર નહિ, પણ શુભભાવ તે બાધક જ છે. **'તેથી નિષિદ્ધ જ છે એમ જાણવું.'** લ્યો! આહા..હા..! એ વ્યવહાર દયા, દાન, વ્રતના પરિણામ એ બાધક છે. આહા..હા..! શાંતિભાઈ! હવે વ્રત કરે બિચારા તપસ્યા કરે, વર્ષીતપ કરે લ્યો. બાયું ઊભી-ઊભી બિચારા આમ રાતે ચોવિહાર કરે, વર્ષીતપ કરે પછી પચાસ વર્ષની ઉંમર હોય તો વર્ષીતપ કરીને બ્રહ્મચર્ય લે જાવજીવનું, તોપણ કહે છે કે એ ધર્મ નહિ. એ તો રાગની મંદતા કરતો હોય તો શુભ છે, એ ધર્મ નહિ અને એ ધર્મનું કારણ નહિ. આહા..હા..!

હવે શ્લોક કહે છે, ૧૦૯.

(शार्दूलविक्रीडित)

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्-
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०९।।

આહા..હા..! નીચે અર્થ.

**શ્લોકાર્થ :—'मोक्षार्थिनां इदं समस्तम् अपि तत् कर्म एव संन्यस्तव्यम्'** **'મોક્ષાર્થીએ...'** જેને મોક્ષનું પ્રયોજન છે, પરમાનંદની પ્રાપ્તિનું જેને પ્રયોજન છે એવા **'મોક્ષાર્થીએ આ સઘળુંય કર્મમાત્ર ત્યાગવાયોગ્ય છે.'** આહા..હા..! એ બધા પુણ્યના પરિણામ પણ ત્યાગવાયોગ્ય છે મોક્ષાર્થીએ. કહો, બાબુભાઈ! શ્વેતાંબરમાં તો એમ કહે, સિદ્ધચક્ર ને ફલાણું કરો, પૂજા, કર્મદહન પૂજા એય.. કલ્યાણજીભાઈ! માર્ગ જુદો, બાપુ! આહા..હા..!

**'સઘળુંય કર્મ...'** સઘળું કહેતાં ક્યુ બાકી એમાં રહી ગયું? કહે છે. પાપ અને પુણ્ય બેય આવી ગયા. **'ત્યાગવા યોગ્ય છે.' 'संन्यस्ते सति तत्र पुण्यस्य पापस्य वा किल का कथा' 'જ્યાં સમસ્ત કર્મ છોડવામાં આવે છે ત્યાં પછી પુણ્ય કે પાપની શી વાત?'** કે ભાઈ પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. જિનવરદેવનો માર્ગ વીતરાગી છે અને વીતરાગની દૃષ્ટિથી શરૂ થાય છે. એ રાગને કારણે વીતરાગદૃષ્ટિ ન થાય, એ ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ વીતરાગ મૂર્તિ પ્રભુ... આહા..હા..! એને આશ્રયે વીતરાગી સમ્યગ્દર્શન થાય. ત્યાંથી ધર્મની શરૂઆત થાય. એવા જીવને પુણ્ય અને પાપ બેય નિષેધવાલાયક છે. આહા..હા..! આવો માર્ગ છે.

**શ્રોતા :—** પાપ કરતાં-કરતાં કોઈ પુણ્ય .., પુણ્ય કરતાં-કરતાં ધર્મ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં તો પુણ્યને પણ આમાં પાપ કહ્યું છે. યોગીન્દ્રદેવ તો કહે છે કે 'પાપ ને પાપ તો સહુ કહે પણ અનુભવી જીવ પુણ્યને પાપ કહે.' અને આ અધિકારમાં આવે છે આમાં (જયસેનાચાર્યદેવની ટીકામાં). છે? છેલ્લી છેને. શિષ્યનો પ્રશ્ન છે.

'**द्वितीयापातनिकाभिप्रायेण पापाधिकशारव्याख्यानमुख्यत्वेन गतम्।**' પાપનો અધિકાર છે આ. સંસ્કૃત છે. '**व्यवहाररत्नत्रय-व्याख्यानं कृतं, तिष्ठति कथं पापाधिकार इति।**' આ તો અધિકાર પાપનો ચાલે છે અને તમે આ વ્યવહારરત્નત્રયનો અધિકાર ક્યાંથી આવ્યો? એ કાંઈ પાપ નથી. એમ શિષ્ય કહે છે. સમજાય છે કાંઈ? અધિકાર પાપનો ચાલે છે. એમાં વ્યવહારરત્નત્રય છે એ તો પુણ્ય છે એ અધિકારમાં ક્યાંથી નાખ્યું તમે? શિષ્ય કહે છે. આહા..હા..! '**कथं पापाधिकार इति? तत्र परिहारः -- यद्यपि व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य कारणभूतत्वादुपादेयः**' વ્યવહારથી ઉપાદેય કહેવામાં આવે છે. વ્યવહારથી ઉપાદેય કહેવામાં આવે છે. '**परंपरया जीवस्य पवित्रताकारणत्वात् पवित्रस्तथापि बहिर्द्रव्या-लंबनत्वेन**' પવિત્ર પણ એને વ્યવહારે કહેવામાં આવે છે વ્યવહારથી. '**बहिर्द्रव्यालंबनत्वेन पराधीनत्वात्पतति**' પણ શુભરાગમાં પરદ્રવ્યનું અવલંબન છે, એ શુભ જ પરદ્રવ્યનું અવલંબન છે. એને કારણે પરાધીનતા '**पतति**' પર આધીન થઈને સ્વરૂપથી પતીત થાય છે, '**नश्यतीत्येकं कारणम्**' અને '**निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्पावलंबनेन स्वरूपात्पतितं भवतीति द्वितीयं कारणम्। इति निश्चयनयापेक्षया पापम्।**' વ્યવહારસમકિત, વ્યવહારજ્ઞાન અને વ્યવહારચારિત્ર કષાયની મંદતા. નિશ્ચયનયે તો એ પાપ છે કહે છે.

યોગસારમાં આવે છે. 'પાપને પાપ તો સહુ કહે પણ પુણ્યને અનુભવી પાપ કહે.' આ તો સંસ્કૃત ટીકામાં નાખ્યું છે કે એ નિશ્ચયની અપેક્ષાએ પાપ જ છે. આહા..હા..! '**अथवा सम्यक्त्वादिविपक्षभूतानां मिथ्यात्वादीनां व्याख्यानं कृतमिति वा पापधिकारः।** ' બે રીતે કહ્યું. વ્યવહારરત્નત્રય એ રાગ છે અને પોતાના સ્વરૂપથી આનંદનો નાથ ભગવાન, એના સ્વરૂપથી રાગમાં પતીત થાય છે. શુભરાગથી- શુભ વ્યવહારરત્નત્રયથી (સ્વરૂપથી) પતીત થાય છે, માટે તે પાપ છે અથવા મિથ્યાત્વ આદિનો અધિકાર ચાલે માટે પાપ છે. આહા..હા..! વળી યોગીન્દ્રદેવે તો દોહરા બનાવ્યા પણ આ તો સંસ્કૃત ટીકા છે જયસેનાચાર્યની. આહા..હા..!

**'પુણ્ય કે પાપની શી વાત?' 'જ્યાં સમસ્ત કર્મને છોડવામાં આવે છે ત્યાં...'** વળી પુણ્ય અને પાપના ભેદ પાડવા એ શું? આહા..હા..! પ્રવચનસારમાં તો એમ કહ્યું છે કે પુણ્ય અને પાપમાં વિશેષતા માને છે એ ઘોર સંસારમાં રખડશે. હિંડતિ. પુણ્ય ઠીક છે અને પાપ અઠીક એવો જે સામાન્ય તરીકે બે બંધના કારણ છે એમાં એની વિશેષતા કોઈ માને બેમાં (કે) પુણ્ય ઠીક, પાપ (અઠીક) એ ઘોર સંસારમાં રખડવાના છે. આવી વાત છે.

**શ્રોતા :—** કુંદકુંદાચાર્યની વાત જ આકરી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કુંદકુંદાચાર્ય, સંતો બધા દિગંબર સંતો એ જ કહે છે. દિગંબર સંત તો આ સનાતન જૈનદર્શનનો પ્રવાહ છે એને એ પોષે છે. સમજાણું કાંઈ? આ તો જયસેનાચાર્યે કહ્યું. કુંદકુંદાચાર્યે તો પાઠમાં (કહ્યું) પણ જયસેનાચાર્યે કહ્યું. આહા..હા..! દિગંબર સંત છે. નવસો વર્ષ પહેલાં અમૃતચંદ્રાચાર્ય પછી થયા. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં, અમૃતચંદ્રાચાર્ય હજાર

વર્ષ પહેલાં, જયસેનાચાર્ય નવસો વર્ષ પહેલાં. બધાનું એક જ કથન છે. સમજાણું કાંઈ? વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના, બાર વ્રતના ભાવ અને શાસ્ત્રનું પરલક્ષીજ્ઞાન—એ ત્રણેય પાપ છે. એમ છે. એય..! કહો, જયંતિભાઈ! આવી વાત છે, બાપુ! એ તો મુનિ દિગંબર નાગા. નાગા બાદશાહથી આઘા. એને કાંઈ બાદશાહની અને સમાજની પડી નથી કે આ સમાજ શું માનશે? શું કહેશે? વસ્તુ આ છે. માનો, ન માનો સ્વતંત્ર જીવ છે. આહા..હા..! અને મૂળમાં દર્શનભ્રષ્ટ છે એ બધેથી ભ્રષ્ટ છે. જ્ઞાન પણ ભ્રષ્ટ અને ચારિત્ર પણ ભ્રષ્ટ. '**दंसणभट्ठा ण सिज्झंति**' શ્રદ્ધામાં જેની ભ્રષ્ટતા છે કે વ્યવહારથી ધર્મ થશે, એનાથી પરંપરા મોક્ષ થશે, મિથ્યાદૃષ્ટિને પણ એવા શુભની પરંપરાએ મોક્ષ થશે. તો અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો એવો શુભભાવ તો અત્યારે છે નહિ એવો શુભભાવ એનો હતો. અનંતવાર કર્યો. તોપણ કાંઈ સમ્યક્ પામ્યો નહિ.

**શ્રોતા :—** કાળલબ્ધિ નહોતી પાકી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કાળલબ્ધિ તો પુરુષાર્થ કરે ત્યારે પાકેને? કાળલબ્ધિનું જ્ઞાન સાચું ક્યારે થાય? કાળલબ્ધિ-કાળલબ્ધિ કરે, પણ એ ધારણામાં કરે એનો અર્થ શું? કાળલબ્ધિ એ તો મોટો પ્રશ્ન હતો (સંવત) ૧૯૭૨ની સાલમાં. કીધું નહિ? કેવળીએ દીઠું થાય, કેવળીએ દીઠું થાય, પણ કેવળી છે સર્વજ્ઞ ભગવાન જગતમાં એની પ્રતીત કોણે કરી? અને પ્રતીત એની કરે એને ભવભ્રમણ હોય જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ કાળલબ્ધિ અમારે દામોદર શેઠ બહુ કહેતા. કાળલબ્ધિ થાય એમ થાશે, કાળલબ્ધિ થાય એમ થાશે; પણ કાળલબ્ધિ પાકે શી રીતે? પોતાના સ્વભાવનો પુરુષાર્થ કરે ત્યારે સ્વભાવ આવ્યો, પુરુષાર્થ આવ્યો, કાળલબ્ધિ આવી, ભવ્યત્વ ભાવ આવ્યો અને કર્મનું નિમિત્ત એટલું હઠી ગયું છે એટલે નિમિત્તનો અભાવ આવ્યો. આહા..હા..! મીઠાભાઈ! આવી વાત છે, બાપુ! આ તો કાંઈ... વીતરાગનો માર્ગ બાપુ! સમજણ કરવી એ મહાપુરુષાર્થ છે. આહા..હા..! ચારિત્રનો પુરુષાર્થ તો અલૌકિક છે, પણ પહેલો આ દર્શનનો પુરુષાર્થ એ અલૌકિક છે. સમજાય છે કાંઈ? આહા..હા..! રત્નત્રય જેને કહીએ વ્યવહાર એ કહે છે કે પાપ કહેવાય અને આત્માના મોક્ષને માટે કાંઈ કારણ નથી. કહો, પંડિતજી! સંસ્કૃત લખ્યું છેને સંસ્કૃત. આહા..હા..!

'**संन्यस्ते सति तत्र पुण्यस्य पापस्य वा किल का कथा**' જેમાં બેય ભાવ ત્યાગવાયોગ્ય છે એમ કહ્યું એમાં વળી પુણ્ય-પાપના ભેદ પાડીને એની વાત શી કરવી? બેય એક જ છે. આહા..હા..! જેમ પાપ પણ બંધનું કારણ છે, પુણ્ય પણ બંધનું કારણ છે. સોનાની બેડી છે એ. આહા..! એ પહેલું આવી ગયું છે. પાપ લોઢાની બેડી, પુણ્ય સોનાની બેડી. બેય બેડી છે. આહા..હા..!

'**(કર્મમાત્ર ત્યાજ્ય છે, ત્યાં પુણ્ય સારું અને પાપ ખરાબએવી વાતને ક્યાં અવકાશ છે?**' છે? પુણ્ય અને પાપમાં કર્મ છે એ બેય, કર્મમાત્ર ત્યાજ્ય છે. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટાના

પરિણામનો કર્તા ભગવાન એ એનું નિશ્ચયથી કર્મ છે. જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ એ એનું કર્મ છે. એ આત્માનું કર્મ છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો એ પરિણામ પોતે કર્તાનું કર્મ છે પર્યાયનું. પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સાધન પોતે, પર્યાયની ઉત્પત્તિનું સાધન પોતે, કારણ પોતે, દ્રવ્ય-ગુણ પણ નહિ એમ કહે છે. આહા..હા..!

સમ્યગ્દર્શનની પર્યાય એની ઉત્પત્તિનું લક્ષ જાય દ્રવ્ય ઉપર, પણ એ દ્રવ્ય ઉપર લક્ષ જાય એટલી વાત, પણ પરિણામમાં એ સમ્યગ્દર્શનની પર્યાય પોતાના પરિણામની કર્તા, એ પરિણામ એનું કાર્ય, પરિણામ પરિણામનું કારણ-કરણ, પરિણામથી પરિણામ થયું, દ્રવ્ય-ગુણથી નહિ. આહા..હા..! નિમિત્તથી તો નહિ પણ વાત આકરી લોકોને (લાગે પણ), સત્ય તો આ છે. એ સમ્યગ્દર્શન સાધન પણ પોતે, પરિણામ હોં, અને એ પરિણામમાંથી પરિણામ થયા એ ઉપાદાન પોતે, અને પરિણામે કરીને પરિણામ રહ્યા, સંપ્રદાન એ પણ પોતે. આહા..હા..! અને પરિણામનો આધાર પરિણામ એ અધિકરણ. આવી વસ્તુ છે. સમજાય છે કાંઈ?

પરિણામ છે સમ્યગ્દર્શનના કે મિથ્યાદર્શનના, એ પરિણામનું કર્તૃત્વ ષટ્કારકનું સ્વતંત્ર પરિણામનું છે. આહા..હા..! આ વાત. અહીં તો વળગે છે કે મિથ્યાત્વ થાય દર્શનમોહનીયને લઈને અને કર્મનો ઉદય થાય એ પ્રમાણે શુભભાવ થાય અને શુભભાવ તે પછી મોક્ષનું કારણ (થાય). એટલે કર્મ મોક્ષનું કારણ. આહા..હા..! શું થાય પણ, ભાઈ!

'ઝાઝા નબળા લોકથી કદી ન કરીએ વેર' એવું આવે છે. બીજીમાં આવતું. 'ઝાઝા નબળા લોકથી કદી ન કરીએ વેર, કીડી કાળા નાગનું પ્રાણ જ લે આ પેર.' લાખો કીડીયું. સર્પ નીકળ્યો હોય ને સર્પ. નબળા પણ ઝાઝા છેને? આહા..હા..! એમ અહીં લાગુ ન પડે એવું હોં! વિપરીત દૃષ્ટિવાળા ઝાઝા માટે ફાવી ગયા એ. એની સાથે ન જાવું. છે એવું. દ્વેષ કોઈ વ્યક્તિનો નહિ. અરે..! ઈ ભગવાન છે, બાપુ! આહા..હા..! એ તો અતીન્દ્રિય આનંદનો કંદ છે પરમાત્મા. પર્યાયમાં ભૂલ છે એ તો અણાત્મા છે. આત્મા તો પૂર્ણાનંદનો નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે. આહા..હા..! બાળગોપાળ, સ્ત્રીનો દેહ હોય, પુરુષનો દેહ હોય, હીજડા-પાવૈયાનો દેહ હોય કે કીડીનો દેહ હોય. કે હાથીનો દેહ હોય, હજાર યોજનના મચ્છનો હોય, પણ ભગવાન આત્મા અંદર તો શુદ્ધ ચૈતન્યઘન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુદ્ધ ચૈતન્યનો આશ્રય લેવો. એમાં પુણ્યના પરિણામનો નિષેધ કરીને મોક્ષનો માર્ગ ઉત્પન્ન થાય છે એમ કહે છે. આહા..હા..! ત્યાં પછી એકાંત કહે છે. ભાઈ, એકાંત તો કહો ભગવાનને કહો કે આ એકાંત છે તમારું. આહા..હા..!

'**એવી વાતને ક્યાં અવકાશ છે? કર્મસામાન્યમાં બન્ને આવી ગયાં.**)' જ્યાં કર્મનો નિષેધ છે ત્યાં પુણ્ય-પાપ બેય આવી ગયા. એમાં વળી પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે (એમ ક્યાં આવ્યું?). આહા..હા..! પ્રવચનસારમાં તો એ કહ્યું, પુણ્ય-પાપમાં વિશેષતા માને, ભેદ માને કે આ પુણ્ય ઠીક છે અને પાપ (અઠીક છે), ઘોર સંસારમાં રખડશે. પ્રવચનસાર.

સમજાણું કાંઈ? છેને? '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्यपावाणं।**' પુણ્ય-પાપમાં વિશેષ કાંઈ નથી. છતાં '**ण हि मण्णदि**' વિશેષ છે એમ માને છે. વિશેષ કાંઈ નથી પુણ્ય-પાપમાં, છતાં એ માને છે '**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।**' મિથ્યાત્વથી ઢંકાયેલો એ આત્મા ઘોર સંસારમાં રખડશે. આવું તો કથન છે. અને '**पुण्यफला अरहंता**'. ઈ ઘણા નાખે છે. છેને? કેટલામી ગાથા? કેવી? ૪૫. કીધુંને પહેલાં કહેતા હતા એ. ૪૫ પહેલાં કીધું હતું. '**पुण्यफला अरहंता**' પુણ્યના ફળ તરીકે અરિહંતપદ મળશે. એવો અર્થ કરે છે લોકો.

**શ્રોતા :—** એમાં લખ્યું છે જ બીજી રીતે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ આ ટીકા જુઓને. '**अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर**' તીર્થંકરને પુણ્યનો વિપાક અકિંચિત્કરકાંઈ કરતો નથી. હવે આવો તો અંદર પાઠ છે. પાઠ છે જુઓ. '**अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर एवेत्यवधारयति—**' એમ કહેવામાં આવે છે. આહા..હા..! હવે એનો અર્થ એવો કરે છે બધા રતનચંદજી ને એ, '**पुण्यफला अरहंता**' જુઓ, પુણ્યના ફળમાં અરિહંતપદ મળે. આહા..હા..! અહીં તો પુણ્યના ફળમાં અતિશય મળે એની વાત છે. એના આત્માને એ પુણ્ય કાંઈ કરતું નથી. આહા..હા..! હવે આવા અર્થ કરે એનું શું કરવું? આ રહ્યા '**पुण्यफला अरहंता**' લ્યો. પણ '**तेसिं किरिया पुणो हि ओदइया**' એમ કીધું. એ પુણ્યના ફળની ક્રિયા તો ઉદયની ક્રિયા એને પુણ્ય કીધું. આહા..હા..! આ બોલવું, ચાલવું એ ક્રિયા બધી ઉદયની છે, એ પુણ્યફળ છે. અરિહંતપદ છે એ પુણ્યનું ફળ છે એ વાત જ ક્યાં છે? એ આ કાઢે છે અંદરથી. મીઠો તો આનંદનો નાથ છે ભગવાન. મીઠો મહેરામણ આનંદ ઝુલે છે અંદરથી. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો છલોછલ સાગર છે પ્રભુ! એને ખબર ક્યાં છે કે હું કોણ છું? કોણ છું? કોણ છું? ક્યાં છું? કેમ છું? એમને એમ આંધળે આંધળું ચાલ્યું જાય છે.

અહીં તો કહે છે કે '**पुण्यफला अरहंता**'માં એની ક્રિયા જે છે એ પુણ્યનું ફળ છે. અતિશય છે, સમવસરણ છે, બોલવાનું છે, ચાલવાનું છે એ બધા પુણ્યના ફળ છે. આહા..! અને અહીં તો કીધું નહિ? '**तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर**' ભગવાનને પુણ્યનું ફળ કાંઈ કરતું નથી. એ તો વીતરાગ સ્વરૂપ કેવળી છે. હવે એનો અર્થ આવો કાઢે છે. '**पुण्यफला अरहंता**'. ઓલા સાંભળનારને ખબર ન હોય. જય નારાયણ. હા, આ રહ્યું જુઓ! '**पुण्यफला अरहंता**'. પણ '**पुण्यफला अरहंता**' એ શું અરિહંતપદની વ્યાખ્યા છે કે અરિહંતના અતિશયની વ્યાખ્યા છે આ? અતિશયની વ્યાખ્યા છે. અને તેને પછી ક્ષાયિક કીધી છે. ક્ષણે ક્ષણે ઉદય નાશ થઈ જાય છેને? એટલે ઉદયક્રિયા જે છે પછી એની ક્ષાયિક થઈ જાય છે, એમ કહે છે. છેને? '**मोहादीहिं विरहिदा तम्हा सा खाइग त्ति मदा।**' લ્યો! ઉદયનો ભાવ જે છે એ ક્ષણે ક્ષણે નાશ થાય છે. કેમકે મોહભાવ છે નહિ. એથી ઉદયની ક્રિયાને પણ ક્ષાયિકી

કહેવામાં આવી છે. એ વાત અહીં છે. એને ઠેકાણે પુણ્યના ફળપણે અરિહંતપદ મળે (એમ કહે છે).

**શ્રોતા :—** શ્વેતાંબરથી આઘા ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શ્વેતાંબરના તો ક્યાંય ઠેકાણા ન મળે. આ પ્રવચનસાર દિવ્યધ્વનિ. ભગવાનની દિવ્યધ્વનિ. આહા..હા..! અરે..!

**શ્રોતા :—** પંડિતો ચકરાવામાં નાખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ચકરાવામાં નાખે છે. આ '**पुण्यफला अरहंता**' કહેને? આમાં આવ્યુંને પુણ્યના ફળમાં અરિહંતપદ છે.

'**એવી વાતને ક્યાં અવકાશ છે?**' સમ્યક્ત્વમ. આહા..હા..! '**सम्यक्त्वादिनिजस्वभावभवनात् मोक्षस्य हेतुः भवन्**' '**સમસ્ત કર્મનો ત્યાગ થતાં,...**' પુણ્ય અને પાપના ભાવનો ત્યાગ થતાં '**સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ...**' આહા..હા..! એ તો વિભાવ છે કહે છે. એ તો છોડવાલાયક છે. સમ્યગ્દર્શન આદિ જે આત્માની પર્યાયનો સ્વભાવ.. '**પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી...**' સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્મળ નિર્વિકારી પર્યાયપણે પરિણમવાથી-થવાથી પુણ્ય-પાપ વિકારભાવ છે એના ત્યાગથી, નિર્મળ નિર્વિકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સ્વભાવ પરિણમવાથી.. આહા..! '**મોક્ષના કારણભૂત થતું,...**' કોણ? આત્મા અથવા જ્ઞાન. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન મોક્ષના કારણરૂપ થાય છે. આહા..હા..!

'**नैष्कर्म्यप्रतिबद्धम् उद्धतरसं**' આહા..હા..! કર્મ નામ પુણ્ય અને પાપરહિત '**નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ...**' છે. આહા..હા..! પુણ્ય-પાપનો રસ છે એ દુઃખરૂપ ઝેર છે અને એના ત્યાગથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે, પરમ આનંદનો રસ અતીન્દ્રિય રસ છે એ. આહા..હા..! મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. છે? '**નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉદ્ધત રસ પ્રતિબદ્ધ...**' છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના રસ સાથે નિષ્કર્મ અવસ્થા સાથે એને સંબંધ છે. કર્મની અવસ્થાને મોક્ષમાર્ગ સાથે કાંઈ સંબંધ છે નહિ. આમાં સામે પુસ્તક તેથી રાખ્યું છે. આવું છે. છે કે નહિ પંડિતજી? તમે તો સંસ્કૃત ભણ્યા છો. આહા..હા..! પુણ્ય-પાપના ભાવથી રહિત અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભાવસહિત જેમાં ઉદ્ધત આત્મરસ પ્રગટ્યો છે કહે છે, આહા..હા..! પુણ્યમાં તો ઝેર રસ હતો, દુઃખનો રસ હતો, આહા..હા..! આકુળતા હતી, અને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં તો અનાકુળ આનંદનો રસ જેમાં પડ્યો છે. આહા..હા..! છે અંદર જુઓને.

'**મોક્ષના કારણભૂત થતું, નિષ્કર્મ અવસ્થા...**' જ્ઞાન. જ્ઞાન એટલે આત્મા અથવા એ આત્માનું પરિણમન. '**નિષ્કર્મ અવસ્થા સાથે...**' એટલે પુણ્ય-પાપ વિનાની જ્ઞાનની પરિણતિ, આત્માની પરિણતિ તે જ્ઞાન. આહા..હા..! નિષ્કર્મ અવસ્થા. પુણ્ય-પાપના ભાવ એ કર્મ અવસ્થા અને મોક્ષનો માર્ગ નિષ્કર્મ અવસ્થા. આહા..હા..! થોડું પણ સત્ય હોવું

જોઈએ. ભાઈ! વાત એવી છે. મોટી-મોટી વાતું કરીને એમાંથી નીકળે કાંઈ નહિ સાચું. દેવીલાલજી! આવું હોવું જોઈએ, બાપુ! જેમાં સત્સ્વરૂપ એનો લાભ થવો જોઈએ. એ અસત્ પુણ્ય-પાપથી એનો લાભ થાય? આહા..હા..!

ભાષા તો કેવી છે! આહા..હા..! **'समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्-मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।'** આહા..હા..! લ્યો. જેની સાથે ઉદ્ધત. ઉદ્ધત શેનું કાઢ્યું? **'नैष्कर्म्यप्रतिबद्धम् उद्धतरसं'** આહા..હા..! **'नैष्कर्म्यप्रतिबद्धम् उद्धतरसं ज्ञानं'** આહા..હા..! વસ્તુ જે અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન એનું જે જ્ઞાન એ નિષ્કર્મ જ્ઞાન. પરિણામ હોં એ. નિષ્કર્મ જ્ઞાન. ઓલા કર્મ છે એથી આ નિષ્કર્મ જ્ઞાન છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. આત્માના મોક્ષના કારણરૂપ પરિણામ. નિષ્કર્મ અવસ્થા.. આહા..હા..! **'प्रतिबद्धम् उद्धतरसं'** આહા..હા..! જે આત્માના રસની ઉદ્ધતાઈ પ્રગટી છે એ રાગને ગણતો નથી. મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ અતીન્દ્રિય આનંદના રસથી પ્રતિબદ્ધ છે. આહા..હા..! ઉદ્ધત છે. આનંદનો રસ ઉદ્ધત છે. જેમ ઉદ્ધત માણસ હોય છેને? કોઈને ગણે નહિ, એમ આ પુણ્યને ગણતો નથી. આહા..હા..! આ ઉદ્ધત માણસ નથી હોતા છોકરો? કે આ છોકરો ઉદ્ધત છે. કોઈને ગણે નહિ, માને ગણે નહિ, બાપને ગણે નહિ, મોટા ભાઈને ગણે નહિ, કોઈને ગણે નહિ.

એમ આ આત્મા.. આહા..હા..! પોતાના સ્વભાવની પરિણતિ શ્રદ્ધા-જ્ઞાનને કરતાં અને સ્વરૂપની રમણતા એ ત્રણ કરતાં ઉદ્ધતરસ છે એ, રાગથી ભિન્ન પડેલો આનંદનો રસ છે. એ ઉદ્ધત રસ છે એમાં એ લીન છે. આહા..હા..! **'સંકળાયેલો છે...'** છેને પ્રતિબદ્ધનો અર્થ? આનંદના રસથી ઉત્કટપણે સંકળાયેલો મોક્ષમાર્ગ છે. આહા..હા..! મોક્ષનો માર્ગ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિષ્કર્મ અવસ્થા છે. પુણ્ય પરિણામ એ કર્મ અવસ્થા છે અને નિષ્કર્મ અવસ્થા ઉદ્ધત ઉત્કૃષ્ટ પોતાના આનંદના રસ સાથે પ્રતિબદ્ધ સંકળાયેલ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એ સંકળાયેલો છે મોક્ષનો માર્ગ. આહા..હા..! સમજાય છે કાંઈ? કાંઈ સમજાય છે? એમ કહેવાય છેને. કઈ રીતે શું કહેવાય છે એનો ભાસ થાય છે? આહા..હા..!

કર્મરસ છે એ દુઃખરસ છે. પુણ્ય પરિણામ આકુળતાનો રસ છે એ. ત્યારે આત્માનો મોક્ષમાર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિષ્કર્મ અવસ્થા છે, એ આનંદના રસથી સંકળાયેલી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે, એ નિષ્કર્મ અવસ્થા છે. પુણ્ય પરિણામ એ કર્મ અવસ્થા છે. એનો નિષેધ થઈને નિષ્કર્મ અવસ્થા જે પ્રગટી જ્ઞાનની-આત્માની, એ અંતર ઉદ્ધત આત્મરસથી સંકળાયેલો એ ભાવ છે. આનંદના રસથી સંકળાયેલો એ ભાવ છે. આહા..હા..! પ્રવિણભાઈ! વાત તો જુઓ! આહા..હા..! જ્યાં ભગવાન પૂર્ણાનંદનો નાથ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ નિષ્કર્મ અવસ્થા છે, કર્મ અવસ્થા નહિ. આહા..હા..! અને તે ઉત્કટ આનંદના રસથી સંકળાયેલો મોક્ષમાર્ગ છે. આહા..હા..! કહો, ..ભાઈ! આવી

વાત છે આ. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો છલોછલ સ્વભાવ છે એનો. એનું જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ તો ઉદ્ધત-ઉત્કટ આનંદના ભાવરસથી સંકળાયેલો એ ભાવ છે. આહા..હા..! સમ્યગ્દર્શન પણ આનંદના રસથી સંકળાયેલ છે, સમ્યગ્જ્ઞાન પણ આનંદના રસથી સંકળાયેલ છે... આહા..હા..! અને ચારિત્ર પણ એ આનંદના રસથી સંકળાય છે. દુઃખ નથી ચારિત્રવંતને. આહા..હા..! માણસ કહે છેને, ચારિત્ર તો ભાઈ લોઢાના ચણા મીણના દાંતે ચાવવા, બાપા! આહા..હા..! એમ નથી. એ સુખરૂપ છે, એમ કહે છે. આવે છેને છ ઢાળામાં, નહિ? વૈરાગ્ય ત્યાગ કષ્ટદાન કહે. વૈરાગ્યને કષ્ટ ગણે. બાપા! ચારિત્ર તો કષ્ટદાયક બાપા! આહા..હા..! લોઢાના ચણા મીણના દાંતે ચાવવા. બાપુ! એમ નથી, ભાઈ! આહા..હા..! અહીં તો પરમાત્માનું કથન છે એ સંતો કહે છે. અમૃતચંદ્રાચાર્ય. કળશ એમનો છેને. અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ નવસો વર્ષ પહેલાં (થયા). અમૃતચંદ્રાચાર્ય, આ કુંદકુંદાચાર્ય. આહા..હા..!

કહે છે **'नैष्कर्म्यप्रतिबद्धम् उद्धतरसं ज्ञानं स्वयं धावति'** નિર્મળ પરિણમન સ્વયં પ્રગટ થાય છે. એટલે કે જેને વ્યવહારની અપેક્ષા પણ નથી. આહા..હા..! કષાયની મંદતા હોય વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય એવું આવે શાસ્ત્રમાં. એ તો કથન વ્યવહારનું છે. આહા..હા..! અહીં તો આવ્યુંને જુઓ આવ્યું. **'એવું જ્ઞાન...'** **'स्वयं'** એટલે **'આપોઆપ...'** આહા..હા..! **'દોડ્યું આવે છે.'** પુણ્ય-પાપના ભાવથી રહિત આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા... આહા..હા..! એ દોડ્યું આવે છે આપોઆપ. એ આત્માની નિર્મળ પર્યાય દોડી આવે છે અંદરમાં. આહા..હા..! પર્યાય છેને. આવી વાત તો ચોખ્ખી પડી છે. પણ વાંચે નહિ, વિચારે નહિ અને પોતાનો પક્ષ છોડે નહિ. આહા..હા..! ભાગ્યશાળીને તો આ સત્ય વાત કાને પડે એવી વાત છે. આહા..હા..! આવી વાત, બાપા! આહા..હા..! શું કહે છે પણ એ? કહે છે કે પુણ્યનો ભાવ એ દુઃખથી સંકળાયેલો છે. સમજાણું કાંઈ? વ્રત ને તપ ને ભક્તિ પૂજાનો ભાવ એ દુઃખ સંકળાયેલ છે, દુઃખરસ છે. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ઢીમ છે એ. આહા..હા..! મીઠાલાલભાઈ! આહા..હા..! હમણા નવરાશ લીધી છે વળી અહીં. વાત તો એવી ભગવાન છે અને એના ઘરની વાત છેને બાપા! એમાંથી ઘરમાંથી કાઢવું છે, ક્યાં પરમાંથી લેવું છે. આહા..હા..!

**શ્રોતા :—** ઘરમાંથી .. દોડતું આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દોડતું આવે છે. આવતી નથી જ્ઞેય અધિકારની? દોડતી પર્યાય. દરેક દ્રવ્યમાં પર્યાય દોડતી એટલે એક પછી એક પછી એક ક્રમસર દોડતી આવે છે. એમ અહીં કહે છે કે આનંદરસ દોડતો આવે છે અંદરથી. આહા..હા..! જેને વર્તમાન પુણ્યના પરિણામ હોવા છતાં પુણ્ય પરિણામને ઓળંગીને જેણે જ્ઞાનની પર્યાયને દ્રવ્યમાં જોડી દીધી. આહા..હા..! એ રાગની ઉપરાંત થયેલી જ્ઞાનની પર્યાય એ પર્યાય દ્રવ્ય સાથે જોડી દીધી. આહા..હા..!

હવે કહે છે કે એ પર્યાયમાં ઉદ્ધત-ઉત્કટ આત્માના રસ સાથે સંકળાયેલી દશા છે એ તો. આહા..હા..! અતીન્દ્રિય આત્માના સ્વાદથી સંકળાયેલી મોક્ષમાર્ગની દશા છે. આહા..હા..! આ દુનિયા કહે, ભોગમાં આનંદ છે. જુવાન અવસ્થા ૨૫ વર્ષની હોય ને બે-પાંચ-દસ લાખ, પચાસ લાખ હોયને.. આહા..હા..! ઓલો રાજા નહોતો? એક મોટો રાજા છેને. એક કલાકના દોઢ લાખની પેદાશ. એ પરણ્યો હતો એ રાજા. મારી નાખ્યો એને. એ પરણ્યો હતો. પહેલી હતી સુહાગરાત પરણીને. એક કરોડ ખર્ચ્યા. એક કરોડ. ઓહો..હો..! એક રાતમાં એક કરોડ. પૈસા ઘણા. પેદાશ એક દિવસની ૩૬ લાખની. આહા..હા..! એ પેટ્રોલ એવા કૂવા નીકળ્યા. દેશ નાનો છે, રાજ્ય નાનું છે.

**શ્રોતા :—** ઈરાક.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, ગમે તે હોય. આ તો એક વાત. આહા..હા..! પરણીને જાણે કે આ જુવાન અવસ્થા, બાયડી જુવાન, પૈસા કરોડ રૂપિયા એક રાતમાં ખર્ચ્યા. સુહાગરાત પહેલી. ધૂળેય નથી, મરી ગયો સાંભળને. મારી નાખ્યો છે આત્માને. આનંદના નાથને દુઃખમાં તેને રગદોળી નાખ્યો તેં. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૨, સોમવાર, તા. ૦૮-૧૧-૧૯૭૬, કળશ-૧૦૯-૧૧૦, પ્રવચન નં. ૨૨૫

૧૦૯ કળશનો ભાવાર્થ છે. '**કર્મને દૂર કરીને,...**' પુણ્ય-પાપ અધિકાર છેને. પુણ્યરૂપી ભાવ એને દૂર કરીને. દયા, દાન, વ્રત, શીલ, તપ આદિ ભાવ પુણ્ય કર્મ છે, પુણ્યભાવ છે. એને દૂર કરીને '**પોતાના સમ્યક્ત્વાદિસ્વભાવરૂપે પરિણમવાથી...**' પોતાનું સમ્યગ્દર્શન ચૈતન્ય પૂર્ણ શુદ્ધ એની સન્મુખની પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં રમણતા એ રૂપે પરિણમવાથી, એ રૂપે દશામાં અવસ્થા થવાથી '**મોક્ષના કારણરૂપ થતું...**' પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ એના કારણરૂપ થતો આત્મા... '**જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે,...**' ભગવાન આત્મા પુણ્ય-પાપના ભાવથી રહિત થઈ પોતાના સ્વભાવનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણમવાથી '**આપોઆપ પ્રગટ થાય છે,...**' દ્રવ્યસ્વભાવે જેને.... એમ કહેવું છે. વ્યવહારરત્નત્રયના રાગની પણ જેને અપેક્ષા નથી. એવો જે ભગવાન આત્મા, પોતાના જ્ઞાન-ચારિત્રપણે પરિણમે એ મોક્ષનું કારણ છે.

'**ત્યાં પછી તેને કોણ રોકી શકે?**' ત્યાં રોકવાની અવસ્થા પુણ્ય-પાપની જેણે છોડી.,

ઝીણી વાત ભારે આકરી. આ મોટી તકરાર છેને આની. વ્યવહારથી નિશ્ચય થાય.. વ્યવહારથી નિશ્ચય થાય.. અહીં તો કહે છે વ્યવહારને છોડીને. પોતાનો જે જ્ઞાનસ્વભાવ, વ્યવહારનો વિકલ્પ હોવા છતાં તેનાથી ભિન્ન પડીને અધિકપણે જ્ઞાનસ્વભાવની પર્યાયને જ્ઞાન તરફ વાળતા જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ વ્યવહારની અપેક્ષા રાખતું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આજ કેમ આવ્યા? ભાઈને સાથે લેતા આવ્યા છે, હીરાલાલને. આહા..હા..!

શું કહે છે? કે શુભ અને અશુભભાવ જેણે દૃષ્ટિમાંથી છોડી દીધા છે. જ્ઞાનની વર્તમાન પર્યાયે શુભ-અશુભભાવને છોડી દીધા છે અને જેણે જ્ઞાયકભાવ ત્રિકાળી સ્વભાવ એના આશ્રયથી જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ જે મોક્ષનું કારણ (એને) પ્રગટ કર્યા છે એને હવે કોણ રોકી શકે? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આ ધર્મ! વ્રત કરવા ને તપ કરવા ને એ બધું સમજણ પડે લ્યો. કે જાત્રા કરવી સમ્મેદશિખરની કે શેત્રુંજયની. આ તો કહે છે કે બધું રાગ છે.

એકાંત છે એમ કહે છે. એકાંત છે એમ કહે છે એના બે પ્રકાર. રાગથી થાય નહિ અને અંતરથી થાય એ (મિથ્યા) એકાંત કહે છે (એમ એ લોકો કહે છે) અને અહીં કહે છે કે રાગથી થાય નહિ, સ્વભાવથી થાય એ (સમ્યક્) એકાંત છે. શશીભાઈ! કેટલાક એમ કહે છે કે એ વ્રતાદિ, તપાદિ વ્યવહાર છે. એનાથી થાય અને એનાથી ન થાય તો એ એકાંત છે. ત્યારે અહીં કહે છે કે એ વ્રતાદિના, તપના પરિણામ શુભરાગ છે એને છોડીને, એનાથી ન થાય. એકલા સ્વદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન પરિણમન થાય. એનાથી આત્મા મોક્ષને પામે. આવી વાતું. બે કીધાને એકાંત. બેય એકાંત, પણ એક સમ્યક્ એકાંત અને એક મિથ્યાત એકાંત. એ કહે છે કે સમ્યક્ એકાંત અમારું છે. દયા, દાન, વ્રતના પરિણામથી સમ્યગ્દર્શન થાય, વ્યવહારથી. એમ કરીને એ અનેકાંત કહે છે. એમ ન માનો તો એકાંત છે એમ કહે છે. શાંતિભાઈ! આહા..હા..! અહીં કહે છે કે એકાંત છે એ આ રીતે છે. વ્યવહારને છોડી અને આત્મા નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાનપણે પરિણમે એ (સમ્યક્) એકાંત છે. એ એકાંત જ તે વ્યવહારથી ન થાય તે અનેકાંત છે. થાય શું, ભાઈ? અત્યારે તો બધી જાગી છે આ..

**'પછી તેને કોણ રોકી શકે?'** આહા..હા..! જેણે નજરું ફેરવી નાખી છે. શરીર, વાણી, મન તો એક બાજુ રહ્યા છે, એ તો એમાં છે નહિ એક સમયમાત્ર; પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ સમયમાત્ર છે, એના અસ્તિત્વમાં છે. શરીર, વાણી, મન તો એના અસ્તિત્વમાં છે નહિ. આહા..હા..! આવો ધર્મનો ઉપદેશ! એની હયાતીમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં શરીર, વાણી, કર્મ તો છે નહિ, પણ એની પર્યાયમાં આ શુભભાવ દયા, દાન, આદિનો ભાવ છે. એને છોડી દઈને. આહા..હા..! અંતરમાં જ્ઞાયકભાવનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે થવું એ મોક્ષનું કારણ એક સમ્યક્ એકાંત આ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કોઈ એમ માને કે એનાથી ન થાય પણ એના વગર પણ ન થાય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એના વગર જ થાય. એનો અભાવ કર્યો તો વગર થયુંને? શું થયું? રોકીને એટલે શું થયું? કર્મને રોકીને. છે? 'દૂર કરીને,...' રાગભાવને દૂર કરીને સ્વભાવના સમીપમાં આવ્યો એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમન થયું. એટલે એના વિના થયું છે. એનાથી (વ્યવહારથી) નહિ અને એના (વ્યવહારના અભાવ) વિના નહિ. બેય નહિ. આહા..હા..! એમાં એક શબ્દમાં લીધો છે ટીકામાં. કર્મની જેને નિરપેક્ષતા છે, એમ લખ્યું છે. ક્યાંક છે ઘણું કરીને. આમાં છે? કઈ ગાથા ચાલે છે આ? .. આવે છેને? એમાં છે. .. જેને રાગની અપેક્ષા છે જ નહિ. શું કીધું સમજાણું? એ વ્યવહાર દયા, દાન, વ્રતના પરિણામ છે એ રાગ છે અને સમ્યગ્દર્શનમાં એની અપેક્ષા છે જ નહિ. '**एकम् एव**' છેને? પછીમાં આવશે.

**શ્રોતા** :— 'કર્મની અપેક્ષા નથી' એ પણ અપેક્ષા જ છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ અપેક્ષા નથી એટલે કે એનું લક્ષ જ નથી, એનાથી થતું નથી, એનાથી નિરપેક્ષ છે. વ્યવહારના રાગના પરિણામથી નિરપેક્ષ સમ્યગ્દર્શન છે. કેમકે એનો આશ્રય દ્રવ્યસ્વભાવ છે, આનો આશ્રય નથી. આહા..હા..! આવી વાત છે, પણ હવે પ્રથા બધી તૂટી ગઈને પરંપરા એટલે આ એકાંત લાગે. આહા..હા..! માર્ગ તો આ છે, બાપુ! એની શ્રદ્ધાના પક્ષમાં એણે આમ આવવું પડશે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રદ્ધાનો દોર સમજણમાં તો બાંધે કે રાગના વ્યવહારથી-પર દિશા તરફના વલણથી સ્વ દિશા તરફ વલણ થાય નહિ. સમજાણું કાંઈ? ઉગમણા જાવું હોય તો આથમણું થોડુંક ચાલીને જવાય એમ નથી. એય..! દેવીલાલજી! ઉગમણું જાવું હોય, થોડું આથમણું ચાલે પછી ગતિ તો થાયને. આહા..હા..! આવો માર્ગ (છે) પણ શું કરે? અરેરે..! જન્મ-મરણ કરી-કરીને ચોર્યાસીના અવતાર (કરીને) દુ:ખી-દુ:ખી છે એની ખબર નથી. આ ભગવાન આત્માનો આનંદ છે એના સ્વાદની એને ખબર નથી. આહા..હા..!

એ '**नैष्कर्म्य**'નું વધારે જોયું હતું પ્રતિબદ્ધનું. એ સંકળાયેલો તમે અર્થ કર્યો છે કે ભાઈએ કર્યો છે? જયચંદ પંડિતે કર્યો છે? સંસ્કૃતમાં નહિ હોય. આ અર્થ બરાબર છે. સંબંધ કર્યો છેને. સંબંધ છે. આનંદનો જેને સંબંધ છે. ઉદ્ધતરસનો જેને સંબંધ છે. આહા..હા..! આત્માનો જે અતીન્દ્રિય આનંદ એનું પર્યાયમાં પ્રગટ થવું અને રાગના રસનો અભાવ થવો એવો જે આત્મા તે પોતે પોતાના આનંદથી સંકળાયેલો— સંબંધવાળો છે. અતીન્દ્રિય આનંદનું સંબંધવાળું તત્ત્વજ્ઞાન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ મોક્ષનો માર્ગ અતીન્દ્રિય આનંદના સંબંધવાળું છે. આહા..હા..! આચાર્યોના શબ્દ તો જુઓ! શશીભાઈ!

કેમકે વ્યવહારરત્નત્રય છે એ આકુળતા અને રાગ છે, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ આકુળતાને છોડી દઈને અંતર દૃષ્ટિમાં ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ બિરાજે ચૈતન્ય હીરલો.. આહા..હા..! જેના અનંતગુણ તો પાસા છે. આ હીરાને પાસા હોયને પાસા. અનંતગુણ તો પાસા છે, આહા..હા..! અને અનંતી પર્યાય જેમાં હાંસ છે. આહા..હા..! એવો જે આ

ભગવાન ચૈતન્ય હીરો નિર્મળાનંદ ભગવાન એને જેને મોક્ષનું કારણ પ્રગટ કરવું હોય એટલે કે ધર્મ પ્રગટ કરવો હોય તો એણે પુણ્ય અને પાપના પરિણામને દૃષ્ટિમાંથી છોડવા પડશે. આહા..હા..!

એક તો આ બહારના નવરો ધંધા, પૈસા, બાયડી, છોકરા, બે-પાંચ-દસ લાખ પૈસા થાય, એમાં આખો દિ' ઘુંચાઈને મરી ગયો. મારી નાખ્યો આત્માને. એય..! વીરચંદભાઈ! રળવું પછી પૈસા કાંઈક બે-પાંચ-દસ લાખ થાય એટલે અમે સુખી. મરી ગયો, મારી નાખ્યો આત્માને. આહા..હા..! એકલા પાપના પ્રપંચ. એમાં સંડોવાઈ ગયો. હું કોણ અને ક્યાં છું એની ખબર પણ ન મળે. આહા..હા..! પણ કહે છે કદાચિત્ શાસ્ત્રના શ્રવણમાં આવ્યો એને પુણ્યભાવ થયા, ઓલા પાપથી દૂર થયો થોડો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવમાં આવ્યો, પણ એ ભાવ એ પુણ્યનો રાગ ને વિકાર ને બંધન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'एकम् एव'** શબ્દ છેને? **'स्थितम् एकम् एव'** પછીનું પદ. **'स्थितम् एकम् एव परमं ज्ञानं विमुक्तं' 'एकम् एव'** એકલું જ્ઞાન, એકલો આત્મા, એ પછીના શ્લોકમાં આવશે. આહા..હા..! પછી તેને કોણ રોકી શકે? આહા..હા..! પોતે જ જ્યારે પુણ્યભાવમાં રોકાયેલો હતો ત્યારે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પુણ્યભાવમાં હોં! પુણ્યના ફળમાં જે આ ધૂળ મળીને એમાં રોકાયેલો એ તો બહુ જ ભ્રમણામાં છે. આહા..હા..! પણ અંદરમાં દયા, દાન, વ્રતના, તપના ભાવ આવ્યા શુભ એમાં રોકાયેલો છે એ મિથ્યાત્વભાવ છે. એને છોડી અને સ્વાશ્રયમાં ગયો એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન થાય એને કોણ રોકે હવે? કહે છે. આહા..હા..!

**શ્રોતા :** પહેલાં તો રોકતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** એ રાગમાં રહેતો એ રોકતું. રોકતો હતો કોણ? એ પુણ્યનો રાગ એનો પ્રેમ હતો એ રોકતું ત્યાં. કર્મ-બર્મ રોકતું-ફોકતું એ અહીં વાત છે નહિ. આહા..હા..! અરે..! જન્મ-મરણ કરીને ક્ષણમાં દેહ છૂટી જાય લ્યો. આહા..હા..! અમારે જીવરાજજી આવી શક્યા નથી. છાતીમાં દુઃખાવો ઉત્પન્ન થયો છે, પણ એમનું આયુષ્ય લાંબુ છે તો ચાલ્યું જાય છે એમને એમ. અને આ ઠેકાણે બિચારા .. બેઠા હોય અહીં. ભાઈ બેસતાને અહીં. ચીમનભાઈ અહીં બેસતા. પ્રેમચંદ ડોક્ટર અહીં બેસતા. હજી અહીં દિવાળી સુધી આ તો ઓલા.. નોમ હતી. કઈ તીથી? શુક્રવાર. સાતમ. સાતમને શુક્રવારે બેય ઊડી ગયા. આહા..હા..! એ પણ ચીજ એમાં હતી ક્યાં? એ દેહ, વાણી એ આત્માની પર્યાયમાં, દ્રવ્ય-ગુણમાં તો નહિ પણ પર્યાયમાં પણ ક્યાં હતી? આહા..હા..! એનું સર્વસ્વ દ્રવ્ય, ગુણ અને પર્યાય આત્માનું. હવે એ પર્યાયમાં શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, ધંધો એનામાં છે જ નહિ એ.

**શ્રોતા :–** નથી તો ગરી ગયો ક્યાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાં? કાંઈ ગરી ગયો નથી. માન્યું છે એ તો. કહો, જયસુખભાઈ! આહા..! આહા..હા..! વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય એટલે શક્તિઓ ગુણનો પિંડ, ગુણ એટલે શક્તિઓ અને પર્યાય એટલે એની હાલત વર્તમાન દશા. બસ! એની એટલી સત્તામાં એ જીવ છે. દરેક

પદાર્થ એટલામાં છે. હવે આ આત્મા પણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. એમાં શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર તો એની પર્યાયમાં પણ નથી, એ તો બહારની ચીજ છે. એની સાથે સંબંધ શું છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો પર્યાયમાં જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પાપ છોડીને પુણ્ય થતાં એને પણ છોડીને હવે. એ રાગ છે એ અટકે છે ત્યાં. રાગના પ્રેમમાં અટકે છે એને આત્મા પ્રત્યે દ્વેષ છે. આહા..હા..! ચિદાનંદ નાથ ભગવાન અંદર અનાકુળ શાંતરસનો કંદ છે. આહા..હા..! એ ચૈતન્ય હીરલા પ્રત્યેનો જેને દ્વેષ છે એને એ પુણ્ય પ્રત્યેનો પ્રેમ છે. આહા..હા..! 'દ્વેષ અરોચક ભાવ' આનંદઘનજીમાં આવે છે. આપણે ક્રોધ શબ્દ આવે છેને? સ્વભાવથી વિરુદ્ધ ભાવનો પ્રેમ તે ક્રોધ છે. આહા..હા..! ભગવાન આત્મા તો જ્ઞાનમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલું તત્ત્વ અનાદિઅનંત એને પામવા માટે એણે પુણ્યના પરિણામનો પ્રેમ અને રુચિ છોડવી પડશે, નહિતર આ બાજુ રુચિ જશે નહિ. આત્મામાં રુચિ નહિ જાય એની. આહા..હા..! બહારની ધૂળની વાતું તો શું કરવી? આ બે-પાંચ-પચાસ લાખ મળ્યા અને ધૂળ મળ્યા અને કરોડ (મળ્યા). એ તો પુદ્‌ગલ ધૂળ છે, માટી છે. આહા..! તે પણ તારી પર્યાયમાં એ નથી. એ તો એની પર્યાય એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. આહા..હા..!

**શ્રોતા :—** એનું મમત્વ છેને આની ઉપરનું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મમતા છે એ તો એની પર્યાયમાં છે. એ ચીજ ક્યાં છે ત્યાં? આ સ્ત્રી મારી, કુટુંબ મારા, ધંધા મારા, વેપાર મારા, પૈસા મારા એ મમતા એની પર્યાયમાં છે. એ ચીજ ક્યાં એની પર્યાયમાં છે? આહા..હા..! કાંઈ વિચાર કર્યો નથી ને એમને એમ આંધળે આંધળા ચાલ્યે જાય છે. તારાચંદજી! આ મોટા પગારદાર હતા બે હજારના પગારમાં. આપણા ભાઈ છેને. લ્યો સુમનભાઈ. ભલે ઓછું થઈ જશે હવે, પણ આઠ હજારનો પગાર તો કહેવાય છે. આવતું હોય કેટલું એ શી ખબર પડે? આહા..હા..! ઓલો રાજા નથી? એક કલાકની દોઢ લાખની પેદાશ. ઈરાન-ઈરાન. એક કલાકની દોઢ લાખની પેદાશ છે અત્યારે એને. ૨૪ કલાકમાં ૩૬ લાખની પેદાશ. એ પ્રમાણે બાર મહિનાની કેટલી હશે? મરી ગયો, મારી નાખ્યો એના કુટુંબીએ. હા, કીધુંને. કુટુંબી ભાઈએ મારી નાખ્યો. સ્થિતિ એટલી.. આહા..હા..! અને મરીને પાછું નરકે જાવું. અરરરર! અને આ આર્ય માણસ હોય વાણિયા એને દારૂ-માંસ ન હોય એટલે નરકે તો ન જાય એ. આહા..હા..! પણ આ પૈસા ને બાયડી ને છોકરા ને એમાં ઘૂંચમાં પડ્યો. એ પાપના પરિણામ એવા કે એ બધા મરીને ઢોરમાં જવાના.

**શ્રોતા :—** આકરું કામ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આકરું નથી, એનું સ્વરૂપ જ એટલું છે. આહા..હા..! અમારા ભાઈ હતાને ભાગીદાર, કુંવરજીભાઈ ભાગીદાર ફઈના દીકરા હતા. ભાઈ! આ તમે શું કરો છો? કીધું. આખો દિ' આ રળવું... રળવું... રળવું... રળવું... તે દિ' તો વર્ષની પાંચ હજારની

પેદાશ હતી. તે દિ' ૬૬ની સાલની વાત છે. ૬૬. કેટલા વર્ષ થયા? ૬૭. ૬૦ ને ૭. દુકાન હતીને અમારી. બે દુકાનો હતી. એ દુકાને જઈને.. બહુ મમતા આખો દિ' અને કરતા... કરતા... કરતા... બે લાખની પેદાશે ગયા. એક વર્ષની બે લાખની પેદાશ મરી ગયો ત્યારે. દસ વર્ષ થયા. મેં તો એને કહેલું ભાઈ! મને આ વાત.. હું તો ભગત કહેવાતોને પહેલેથી. દુકાન હતી ભલે પણ, ભાઈ! મને એવું લાગે છે ભાઈ, તમારે માટે. મારી ઉંમર તે દિ' ૨૦ વર્ષની. આ ૬૭ થયા. ૮૭ છેને? ૬૭ થયા. અત્યારે ૮૭. ભાઈ! મને એમ લાગે છે બાપુ! તારા પરિણામ મને.. આપણે વાણિયા છીએ, બાપુ! આપણે માંસ-દારૂ ખાતા નથી એટલે નરકે તો નહિ જાવ, ભાઈ! પણ દેવમાં જવાના લક્ષણ મને નથી લાગતા. કીધું. ૬૭ વર્ષ પહેલાંની વાત છે. આ તો ૮૭ થયા અત્યારે. મનુષ્ય થવાના લક્ષણ મને નથી દેખાતા કીધું ભાઈ હોં. એક ગતિ રહી હવે તિર્યંચ. વીરચંદભાઈ! આ તો ૬૭ વર્ષ પહેલાંની વાતું છે.

**શ્રોતા :—** અમારા જન્મ પહેલાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** તમારો જન્મ પણ નહિ. આહા..હા..! અંતરથી જ એવા પરિણામ આવતા એવા અંદર કે આ શું કરે છે પણ આટલું બધું? કંઈક અંદરમાં સાધુ આવે તો સમાગમ કરવો, કલાક-બે કલાક. વખત નહિ. રાતે ૮ વાગે જાય. દુકાન બંધ કરી, નામુ-બામુ લખીને આઠ વાગે જાય.

**શ્રોતા :** બિલકુલ ન જાય એના બદલે આઠ વાગે જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** પછી એમાં કાંઈ (નહિ), એ જાય તે શું કરે? જાવું પડે એટલું. કારણ કે સ્થાનકવાસીના ઘર જ અમારું મૂળ ઘર. ૩૦ માણસ અમારું અને બે દુકાનું. ગામમાં સ્થાનકવાસી બીજા કોઈ નહિ. મુખ્ય તો અમારું ઘર હતું. એટલે અમારે જાવું જ પડે ત્યાં. હું તો ભગત કહેવાતો. હું તો દુકાન છોડી દઉં. સાધુ ગામમાં આવે તો દુકાન છોડી દઉં. દુકાને બેસવાનું નહિ. પણ ભાઈ, તમે આટલી મમતા શું કરો છો આ? આહા..હા..! એમ આ વાણિયાનું સમજી લેવું. જેને નથી ધર્મ, નથી જેને પુણ્ય. બબ્બે-ચાર-ચાર કલાક સ્વાધ્યાય, વાંચન, મનન એવું હોય તો પુણ્ય પણ હોય એને. આ તો એ પણ ન મળે. એકાદ કલાક વળી જાય અને જે-તે સાંભળીને વયો આવે, જાવ. આહા..હા..! જાધવજીભાઈ! એટલે ધર્મ તો નથી, પણ પુણ્ય પણ નથી એને. ચાર-ચાર, બે કલાક સુધી શાસ્ત્ર શ્રવણ કરવા, વાંચન કરવું, સમાગમ કરવો, ભલે જે સંપ્રદાયના હોય એ ભલે, પણ એવા શુભભાવના પણ નથી ઠેકાણા એને આ પાપના પરિણામ છે, બાપા! કુદરતના નિયમમાં જે છે એ થશે. બીજું કાંઈ નહિ થાય આડુંઅવળું.

અહીં તો પ્રભુ એમ કહે છે, પુણ્યના પરિણામ જેને થયા એને છોડીને ધર્મ કરવો હોય એણે આત્માનો આશ્રય કરવો પડશે. આહા..હા..! આવો માર્ગ છે, બાપા! જિનવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ આમ ફરમાવે છે. ભાઈ! પાપના પરિણામની તો શું વાત કરવી? આહા..હા..!

પણ પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત લઈને બેઠો અને શુભભાવ હોય એને. આહા..હા..! શાસ્ત્ર શ્રવણ કરવાના ચાર-ચાર કલાક કાઢ્યા હોય તો એને પુણ્ય શુભભાવ હોય છે. સમજાય છે કાંઈ?

પણ અહીં તો કહે છે, પ્રભુ! તારે જો કલ્યાણ કરવું હોય, શુભભાવને છોડી પ્રભુ અંદર જૈન ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વરૂપ છે, એ રાગનો ભાવ છે એને જાણનારું જ્ઞાન એ જ્ઞાન દ્વારા જાણીને અંદર જો, અંદર જા. આહા..હા..! તને આનંદ આવશે. આહા..હા..! દુનિયાની સાથે ભાઈ આ મેળ ખાય એવું નથી. સવારે નહોતું આવ્યું? દુનિયા પાગલ કહે. દુનિયા આવી વાતને પાગલ જેવી વાતું કરે છે. અમે બધા આટલા બબ્બે-પાંચ કરોડ રૂપિયા (હોય), દસ-દસ લાખની પેદાશું હોય અમારે વર્ષની. ધૂળ છે હવે સાંભળને તારું. જેને હજી પુણ્યના ઠેકાણા નથી એની તો વાત શું કરવી? કહે છે. સમજાણું કાંઈ? જેને પુણ્યના શુભભાવ.. રાજેન્દ્રભાઈ આવ્યા? આજે આવ્યા. આજે જ આવ્યાને? આહા..હા..! ડોક્ટર. આજે બપોરે આવ્યા હતા ત્યાં. આહા..હા..!

કહે છે કે જેને પુણ્ય થયા છે અને પુણ્ય હોય છે. ભાવ હોં! એને પણ પુણ્યના પરિણામની રુચિ છોડીને... એ કર્મ છે એ વિકાર છે. આહા..હા..! જેને ધર્મ કરવો હોય, પ્રભુ! જન્મ-મરણના દુઃખથી છૂટવું હોય તો. ચોર્યાસી લાખના અવતાર. આહા..હા..! બ્રહ્મદત્ત ચક્રવર્તી નહોતી કરી વાત એક ફેરી? સાતસો વર્ષ ચક્રવર્તીપદ ભોગવ્યું. ચક્રવર્તી પદ તો થોડું હોય છે. કાંઈ જન્મથી હોય છે? સાતસો વર્ષ. છન્નું કરોડ ગામ અને છન્નુ હજાર સ્ત્રીઓ. સોળ હજાર તો દેવ સેવા કરે એની. બ્રહ્મદત્ત ચક્રવર્તી રાજા. સોળ હજાર દેવ જેને.. આહા..હા..! ચૌદ રતનના ચૌદ હજાર અને એના રખવાળા, દેહના રખવાળા બે હજાર દેવ. આહા..હા..! એ મરીને એ હીરાના ઢોલિયે, મણિરતનનો ઢોલિયો અબજો રૂપિયાનો એમાં સૂતા અને સ્ત્રીનો મોહ, એને એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે એવો ચક્રવર્તી. એક સ્ત્રી હોં. બીજી સ્ત્રીઓ સાધારણ છન્નું હજાર. એ કુરુમતી... કુરુમતી.. કરતાં.. આહા..હા..! મરીને સાતમી નરકે ગયો છે એ. સાતમી પાતાળ, બાપુ! સંસારના નિયમ પ્રમાણે રહેશે. જેના નિયમ છે તે પ્રમાણે થાશે. તું આડુઅવળું કરવા માગીશ તો નહિ થાય. કહો, રસિકભાઈ! આહા..હા..!

સાતસો વર્ષના શ્વાસ થાય. એથી એક-એક શ્વાસ ઉપર ૧૧ લાખ પલ્યોપમનું દુઃખ એક શ્વાસનું. એટલી મમતાની તીવ્રતાની ચીકાશ. આહા..હા..! ક્યાં રતન ચૌદ હજાર દેવ (સેવા કરે). રાણી, એક હજાર તો દેવ સેવા કરે રાણીની. એ મરીને સાતમી નરકે પોઢ્યો છે અત્યારે. એને હજી થોડા વર્ષ ગયા ૮૫ હજાર. હજી તો અસંખ્ય અબજ વર્ષ (બાકી છે). આહા..હા..! જેને પાણીનો બિંદુ નહિ. અહીં બહાર પાણી માગે ત્યાં મોસંબી આવે. ખમ્મા અન્નદાતા! શું જોઈએ છે? પાણીની તૃષા છે. ત્યાં મોસંબીનું પાણી લાવે. ભૂખ લાગી હોય તો આપે મેસુબના કટકા. આ મેસુબ. આહા..હા..! સૂવાને જોવે તો મણિરતનના ઢોલિયા અને મખમલના

ગાદલા. મખમલના ગાદલા એક નહિ, એક ઉપર બે ને ત્રણ એના ઉપર સૂવે.

આ પ્રશ્ન ભાઈ થયો હતો એકવાર. આપણા હરિભાઈનો નહિ? કનુ. આપણે ભાયાણી. કનુભાઈ નાનો હતો. અહીં ૯૪માં આવ્યો હતો. સાત વર્ષનો હતો ૯૪માં. એમ કહે, મહારાજ! અમે એક ગોદડે સુઈએ, અમે આમ કરીએ અને ચક્રવર્તી તો ત્રણ ગોદડા રેશમના એના ઉપર સૂવે અને એ ધર્મી અને અમે ધર્મી નહિ. એવો પ્રશ્ન કર્યો હતો. આપણા છેને આપણા મેનેજર કાંતિભાઈ છેને, એના નાનાભાઈ થાય. આ તો ૯૪ની વાત છે. ૮૬માં એનો જન્મ. અમે ૮૬માં ત્યાં હતા ભાવનગર. ૮૬ની સાલ આમાં આવ્યાને આમાં. બહાર બેઠા હતાને સાંજે. મહારાજ! તમે કહો છો કે ભરત ચક્રવર્તી, જેને છન્નું હજાર સ્ત્રીઓ, સોળ હજાર દેવ અને તમે કહો કે એ તો સમકિતી અને જ્ઞાની અને ત્રણ-ત્રણ ગાદલા રેશમના નાખીને ઉપર સુવે અને એક ગોદડું પાથરીને નીચે સૂઈએ. એને ધર્મ થાય અને અમારે ધર્મ નહિ, આ કઈ રીતે છે? બાપુ! એ ત્રણ ગાદલે સૂવે પણ એ એમાં નહોતા. એ તો રાગમાં પણ નહોતા. આહા..હા..! એ રાગ થાય એમાં પણ નહોતા. એ તો રાગના જ્ઞાનમાં, જ્ઞાતાના જ્ઞાનમાં હતા. આહા..હા..! ધર્મી તો જ્ઞાનના જ્ઞાનમાં હતા. એ રાગમાં નહોતા ને તળાઈમાં તો હતા જ ક્યાં એ? આહા..હા..! સમજાણું કાંઈ? અને અધર્મની દશાવાળા રતનના ઓલામાં સૂતા હોય એની દૃષ્ટિમાં ફેર છે. અમે સુખી છીએ, અમને સુખના સાધન મળ્યા છે, ભોગવીએ. મૂરખ છે મોટો. આહા..હા..!

અહીં કહે છે કે પણ જેણે પાપ કર્યા છે એનો તો પ્રશ્ન પણ નહિ હવે. જેણે દયા, દાન, વ્રત, તપના ભાવ કર્યા છે એવા શુભભાવવાળાને પણ, જેને ધર્મ કરવો હોય તો તેનો પ્રેમ છોડવો પડશે. આહા..હા..! ભગવાન આનંદના નાથના પ્રેમમાં જાવું પડશે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહ્યું. આવો જે ભગવાન આત્મા જ્યાં શુભભાવનો પ્રેમ છૂટ્યો, દૂર કર્યો રાગને.. આહા..! અને સમીપ કર્યો પ્રભુને. પુણ્યના ભાવને દૂર કર્યો અને ભગવાન આત્મા આનંદનો નાથ દૂર હતો એને સમીપ કર્યો. આહા..હા..! એ મોક્ષનું કારણ એને પ્રગટ્યું. એ આત્મા પોતાની મેળે દોડતું જ્ઞાન વીતરાગપણાને પામશે એમ કહે છે. એ આનંદના નાથમાં રમતો.. આહા..હા..! આવી વ્યાખ્યા અને આવો ધર્મ! એ તો દેરાસર બનાવવું દસ લાખનું, પાંચ લાખ આપ્યા તો ધર્મ થાય. ધૂળેય નહિ થાય મરી જાને. આહા..હા..!

**શ્રોતા :—** એ તો આપણે બધું થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** થઈ ગયું. ત્યાં તો કહ્યું નહોતું? હજી બે વર્ષ થયા. ૩૧ની સાલ, બેંગલોર. બાર લાખનું મંદિર બનાવ્યું. એક ભભતુમલ છે મારવાડી. બે કરોડ રૂપિયા. એણે આઠ લાખ નાખ્યા અને એક સ્થાનકવાસી જુગરાજજી, મુંબઈ દુકાન, બેંગ્લોર દુકાન. વૃદ્ધ માણસ બહુ. અહીં આવતા. એણે ચાર લાખ નાખ્યા. કીધું, ચાર લાખ અને આઠ લાખથી તમને ધર્મ થાય એ વાત નથી. બાર લાખનું મંદિર કર્યું. આવવાના છે. વિનંતી કરવા આવવાના છે. ભભુતમલ છેને. બે કરોડ રૂપિયા. આની પાસે એક કરોડ, એણે ચાર લાખ નાખ્યા, બે

કરોડ એણે આઠ લાખ નાખ્યા.

.. એ પોતે પરમાત્મસ્વરૂપે છે. ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપે છે. આહા..! એ કેમ બેસે? એ સ્વરૂપે છે તો પરમાત્માને પામે છે. સમજાણું કાંઈ? એ અહીં વાત કરી છે.

**'હવે આશંકા ઊપજે છે કે—'** આશંકા એટલે શંકા નહિ. શંકાનો અર્થ એ કે તમે કહો છો એ વાત ખોટી છે. આશંકાનો અર્થ એ કે તમે કહો છો એ મને સમજાતું નથી. એનું નામ આશંકા. સમજાણું કાંઈ? શંકા અને આશંકા બેના અર્થમાં ફેર. શંકા એ કે તમે કહો છો એ વાત સાચી નથી, ખોટી છે, એ શંકા કરનાર છે; અને આશંકા કરનારો, તમે કહો છો એ વાત બરાબર હશે, પણ મને સમજાતી નથી માટે આશંકા કરું છું. આહા..હા..! એ આશંકા ઊપજે છે. છેને? દરેક શબ્દમાં ફેર છે.

**'અવિરત સમ્યગ્દૃષ્ટિ...'** ચોથે ગુણસ્થાને ધર્મી જીવ હોય એને **'જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે?'** એને રાગ થાય છે, દ્વેષ થાય છે, સમકિતી હોય એને વિષયકષાયના ભાવ પણ થાય છે. સમજાણું કાંઈ? છે સમ્યગ્દૃષ્ટિ, પણ હજી રાગ થાય છે વિષયનો આદિ આબરુનો કે એવો ભાવ. આહા..હા..! એવા શુભભાવ-અશુભભાવ હોય છે. તો **'કર્મનો ઉદય રહે ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે?'** તો ત્યાં સુધી આત્મા મોક્ષનું કારણ કેમ થઈ શકે? વળી કર્મ અને જ્ઞાન એ બંને કર્મના નિમિત્તે થતી શુભાશુભ પરિણતિ. ભાષા શું છે? **'(કર્મના નિમિત્તે થતી શુભાશુભપરિણતિ...'** નિમિત્તે એટલે નિમિત્ત છે એટલું. થાય છે પોતાને કારણે. **'(કર્મના નિમિત્તે થતી શુભાશુભપરિણતિ અને જ્ઞાનપરિણતિ બન્ને-) સાથે કેમ રહી શકે?'** આહા..હા..! ધર્મી થયો, આત્માનું જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું, પુણ્ય-પાપનો પ્રેમ છોડીને આત્માની દૃષ્ટિ થઈ, છતાં એને રાગ ને દ્વેષના પરિણામ તો જ્ઞાનીને ચોથે-પાંચમે હોય છે. છઠ્ઠે અમુક જાતના રાગ મંદ હોય છે. **'ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે?'** ત્યાં સુધી આત્મા મોક્ષનું કારણ કેમ થાય? **'વળી કર્મ અને જ્ઞાન બન્ને...'** જ્ઞાન પરિણતિ બન્ને. કર્મ અને રાગ એક **'સાથે કેમ રહી શકે?થ** વિકાર પણ હોય અને ધર્મ પણ હોય, આ બે એકસાથે કેમ હોઈ શકે? એમ આશંકા છે. સમજાણું કાંઈ? **'તે આશંકા સમાધાનનું કાવ્ય કહે છે :'**

(शार्दूलविक्रीडित)

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।
किन्त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्-
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।।११०।।

આવ્યુંને એ? 'एकम् एव'. આહા..હા..! નીચે અર્થ.

શ્લોકાર્થ :- **'જ્યાં સુધી જ્ઞાનની કર્મવિરતિ બરાબર પરિપૂર્ણતા પામતી નથી...'**

એટલે શું કહે છે? પુણ્ય-પાપના પરિણામરૂપી ભાવ, એની પૂર્ણ નિવૃત્તિ જ્યાં સુધી નથી, ધર્મીને પણ. સમજાણું કાંઈ? જ્ઞાનની કર્મવિરતિ. આત્માને પુણ્ય-પાપના ભાવની નિવૃત્તિ **'બરાબર પરિપૂર્ણતા પામતી નથી...'** રાગના ભાવની પરિપૂર્ણતા, ત્યાગની પરિપૂર્ણતા પામતી નથી **'ત્યાં સુધી કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે;...'** આહા..હા..! એને પુણ્યના ભાવ પણ હોય, પાપના ભાવ પણ હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ છે, ચોથે-પાંચમે શ્રાવક છે, એને પુણ્ય-પાપના ભાવ પણ હોય છે.

**'કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે;...'** એટલે આત્માનું જ્ઞાન અને દર્શન અને ચારિત્ર અંશે હોવા છતાં સાથે રાગના ભાવ પુણ્ય અને પાપનો હોય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. સમજાણું કાંઈ? **'ત્યાં સુધી કર્મ અને જ્ઞાનનું એકઠાપણું કહ્યું છે; તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી; પરંતુ અહીં એટલું વિશેષ જાણવું કે આત્મામાં અવશપણે (-જબરદસ્તીથી)...'** રુચિ વિના જે રાગ થાય છે... આહા..હા..! ધર્મીને પણ રુચિ નથી છતાં અશુભરાગ અને શુભરાગ થાય છે. આહા..હા..!

**'અવશપણે જે કર્મ પ્રગટ થાય છે...'** પુણ્ય-પાપના ભાવ ધર્મીને પણ હોય છે. **'તે તો બંધનું કારણ થાય છે,...'** એ જ્ઞાનીને પણ એ પુણ્ય-પાપના ભાવ હોય છે એ બંધનું કારણ છે. એક કોર કહે, જ્ઞાનીના ભોગ નિર્જરાનો હેતુ છે. અહીં કહે કે શુભાશુભ પરિણામ એ બંધનું કારણ છે. કઈ અપેક્ષા છેને ભાઈ! એ તો દૃષ્ટિના જોરે ભગવાન પૂર્ણાનંદનો નાથ અનુભવમાં આવ્યો, દૃષ્ટિના જોરે ભોગ આવ્યો એ ખરી જાય છે એમ કહ્યું ત્યાં. અહીં તો કહે છે, અશુભ અને શુભ પરિણતિ બેય બંધનું કારણ છે, ધર્મીને પણ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અને મોક્ષનું કારણ તો,...'** 'एकम् एव परमं ज्ञानं स्थितम्' આહા..હા..! **'એક પરમ જ્ઞાન છે તે એક જ થાય છે-'** એક જ લીધું. 'एकम्' શબ્દ આવ્યોને? 'एकम् एव' 'એક જ...' આહા..હા..! ધર્મીને જેટલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માનું પરિણમન છે એટલું મોક્ષનું કારણ છે અને જેટલા શુભાશુભભાવ છે એ પણ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? અવશ એટલે .. રુચિ વિના એમ. રુચિ નથી પણ નબળાઈને લઈને પુણ્ય-પાપના ભાવ થાય છે. એને પ્રગટ કરવાની હોંશ નથી, રુચિ નથી, પણ જબરદસ્તી નબળાઈને લઈને પુણ્ય-પાપના ભાવ થાય છે. આહા..હા..!

**'અને મોક્ષનું કારણ તો, જે એક પરમ જ્ઞાન છે...'** 'एकम् एव' કહ્યું ને? એનો અર્થ ઓલામાં કર્યો કે નિષ્કર્મકર્મને નિરપેક્ષપણે. પુણ્યના પરિણામની અપેક્ષા વિના જેટલી ધર્મ દશા પ્રગટી, શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા જેટલી પ્રગટી એ એક જ મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! **'તે એક જ થાય છે...'** ભાષા એમ છે, જુઓ! જેટલી આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ છે એ એટલું જ મોક્ષનું કારણ છે અને એને પણ

જેટલા પુણ્ય-પાપના ભાવ થાય છે એટલું બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણ બંધ તો ભગવાન થાય એટલે પૂર્ણ બંધરહિત થઈ જાય. સંપૂર્ણ બંધનું કારણ મિથ્યાદૃષ્ટિને, સંપૂર્ણ અબંધનું કારણ કેવળીને અને મોક્ષના માર્ગી સાધકજીવને કાંઈક બંધનો ભાવ અને કાંઈક અબંધનો ભાવ બેય એકસાથે હોય છે. આહા..હા..!

જેટલો ભગવાન આત્મા પોતાના દ્રવ્યસ્વભાવને સ્પર્શીને જે સ્વભાવ પ્રગટ થયો સમ્યગ્દર્શન-જ્ઞાન એ એક જ જ્ઞાન એકલું એક જ મોક્ષનું કારણ છે અને જેટલો રાગાદિ ઉત્પન્ન થયો, શુભ કે અશુભ થયો (તે બંધનું કારણ છે). આહા..હા..! સમકિતી ચક્રવર્તીને તો છન્નું હજાર સ્ત્રીનો વિષય ભોગ હોય છે, છન્નું હજાર સ્ત્રી, છતાં એ રાગ થોડો છે અને ધર્મની પરિણતિ સાથે વર્તે છે. આહા..હા..! જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એને રાગરહિત દશા પણ છે અને રાગસહિત દશા (પણ છે), એકસાથે બે છે, અને એ બેને રહેવામાં વિરોધ નથી. જેમ મિથ્યાદૃષ્ટિને, સમ્યગ્દૃષ્ટિને સાથે રહેવામાં વિરોધ છે. મિથ્યાદૃષ્ટિ ત્યાં સમ્યગ્દૃષ્ટિ નહિ અને સમ્યગ્દૃષ્ટિ ત્યાં મિથ્યાદૃષ્ટિ નહિ. એનો વિરોધ (છે) એવો આ વિરોધ નથી. આહા..હા..! આત્મજ્ઞાન પણ થયું છે, આત્મદર્શન પણ છે અને આત્માની રમણતાનો અંશ પણ છે એ મોક્ષનું કારણ અને જેટલો પુણ્ય-પાપનો ભાવ થાય એટલું એકાંત બંધનું કારણ છે. આ એકાંત મોક્ષનું કારણ, **'एकम् एव'** એ મોક્ષનું કારણ, આ **'एकम् एव'** બંધનું કારણ. આહા..! સમજાણું કાંઈ? આવા માર્ગ હવે.

ઓલું તો કાંઈ નહોતું, ઈચ્છામી પડિક્કમણા, ઈરિયા.. તસ્સમિચ્છામી દુક્કડમ. જાવ. તસ્સ ઉતરી તાવકાએ.. અપ્પાણં વોસરે... કાંઈ માથાકૂટ? થઈ ગઈ સામાયિક અને થઈ ગયા પોષા. ધૂળેય નથી સામાયિક, સાંભળને! આહા..હા..! સામાયિક તો જેને અતીન્દ્રિય આનંદનો સમભાવ થઈને પ્રગટ્યો છે એને, એને મોક્ષનું કારણ છે, એને સામાયિક કહીએ; અને એને જેટલો રાગ વર્તે છે પુણ્ય-પાપનો એટલું બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આવી વાતું હવે. સાંભળવાનું કો'ક દિ' મળે એનાથી આ ... છે. આહા..હા..! ધંધા આડે નવરો ક્યાં છે, બાપા. પાપની પીંજણ કર્યા જ કરે છે આખો દિ'. સપનામાં પણ એ જ આવે એને, આમ કર્યું ને આમ કર્યું ને.

એક જણો હતોને રાતે એ કહે, ભગત હતો એ. રાણપુરમાં. રાતે ઊઠીને એને કપડાનો ધંધો હતો કપડાનો. શેઠને. .. .. હલાલ. હરામ નહિ .. શેઠની દરકાર નહિ એને એવું એ કામ કરે. ભગત હતા. એ રાતે ઊઠે તો ... પાંચ હાથ.. પાંચ હાથ.. પાંચ હાથ... .. ઊંઘમાં પણ આ. પાંચ હાથ લ્યો, પાંચ હાથ લ્યો. સાડા ચારે ઓઢેલું ફાડે. જાગે ત્યાં ઓય બાપા, આ ફાડ્યું. આહા..હા..! .. સાધુ થવાના હતા. મારી પાસે દીક્ષા લેવાના હતા. કીધું, અમે દીક્ષા-બીક્ષા આપતા નથી. આત્માનું. દીક્ષા કોને કહેવી એની ખબર નથી એને. ઘણા દીક્ષા લેવા આવતા અમારી પાસે. અમારું નામ મોટું હતું ને. ઘણા આવે. બાળબ્રહ્મચારી હોં. ઘણા

આવતા. દીક્ષા-બીક્ષા નહિ. દીક્ષા કોને કહેવી એની ખબર નથી. ચારિત્ર કોને કહેવું, બાપુ! આહા..! હજી સમ્યગ્દર્શન કેમ થાય એની ખબર ન મળે ત્યાં ..

અહીં કહે છે, જેને આત્મજ્ઞાન થયું છે... આહા..હા..! જેને રાગનો પ્રેમ ઊડી ગયો છે, ભગવાન પ્રત્યેના પ્રેમમાં જામી ગયો છે, પણ હજી અપૂર્ણ સ્થિરતા છે. કર્મ એટલે રાગની નિવૃત્તિ પૂર્ણ નથી. વીતરાગને રાગની નિવૃત્તિ પૂર્ણ છે. મિથ્યાદૃષ્ટિને આત્માની નિવૃત્તિ પૂર્ણ છે, આત્મ નિવૃત્તિ. ભગવાનને રાગની નિવૃત્તિ પૂરી છે. મિથ્યાદૃષ્ટિને ભગવાન આત્માની નિવૃત્તિ પૂર્ણ છે, સાધકને કેટલીક રાગથી નિવૃત્તિ છે અને કેટલીક રાગમાં પ્રવૃત્તિ પણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રેણિક રાજા. લ્યો. હજારો રાજા સેવા કરતાં. ક્ષાયિક સમકિતી. હજારો રાણીઓ હતી, રાજાઓ હતા. ક્ષાયિક સમકિતી. તીર્થંકરગોત્ર બાંધ્યું, પણ નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. અત્યારે નરકમાં છે. તીર્થંકર થવાના ત્યાંથી નીકળીને. જેવા મહાવીર ભગવાન થઈ ગયા એવા એ થવાના. પહેલી નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ નરકે ગયા. પહેલું આયુષ્ય બંધાણું તે ૩૩ સાગરનું. પણ જ્યારે આત્મજ્ઞાન પામ્યા... આહા..હા..!

બૌદ્ધધર્મી હતા, પણ એની રાણી સમકિતી હતી. આત્મજ્ઞાની રાણી. એટલે એકવાર મુનિને મરેલો સર્પ ડોકમાં નાખી અને ઘરે આવ્યા. ચેલણાને કહે, આ તારા ગુરુને હું નાખી આવ્યો છું. સર્પ મરેલો કાઢી નાખ્યો હશે. આ જૈનધર્મી સમકિતી હતી અને આ બૌદ્ધધર્મી મિથ્યાદૃષ્ટિ. ચાલો. ગુરુ પાસે જોયું તો ધ્યાનમાં આનંદમાં બેઠા હતા અને લાખો કીડીઓ સર્પ ઉપર .. જુઓ અન્નદાતા! એ મુનિને ઉપસર્ગ આવ્યો એ કાઢી ન નાખે. એ તો અતીન્દ્રિય આનંદમાં લીનમાં છે. ઓહો..હો..! આવો ધર્મ! આવો ધર્મ તે અત્યારે કરોડો કીડીઓ છે એનું લક્ષ નહિ અને અતીન્દ્રિય આનંદમાં મગ્ન છે! હા અન્નદાતા! મગ્ન છે, પ્રભુ! આહા..હા..! ત્યાં વળી મુનિ (પાસે) ધર્મ ઉપદેશ લઈને સમકિત પામ્યા. સાતમી નરકનું આયુષ્ય બંધાઈ ગયું છે. મુનિને ... તોડી નાખ્યું અને ૮૪ હજાર રહી ગયું. ૮૪ હજાર. લાડવો વાળ્યો હોય એમાંથી ઘી કાઢીને રોટલી ન થાય. એ લાડવો કાઢ્યો ખાધે છૂટકો એમ આયુષ્ય બંધાણા પછી ફરે નહિ. સ્થિતિ ઘટે. ઘટીને... આહા..હા..! અત્યારે પહેલી નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં છે. અઢી હજાર ગયા છે. સાડી એક્યાસી (હજાર વર્ષ બાકી છે). ઇન્દ્રો આવીને એની માની સેવા કરશે. આહા..હા..! માતા! તીર્થંકરનો જીવ તમારી .. આહા..! તીર્થંકરનો. એ પહેલી નરકમાંથી નીકળીને. આહા..હા..!

**શ્રોતા :—** ઘડીકમાં દીર્ઘસંસારીમાંથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અંતર્મુહૂર્તે ચઢી ગયા. એકસાથે તૂટ્યું. આહા..હા..! .. ઉપદેશ આપ્યો કે ત્રણલોકનો નાથ ચૈતન્ય પ્રભુ બિરાજેને પ્રભુ તું. અને આ .. બધા. એકદમ ગુલાંટ ખાઈ ગયા અંદરમાં. રાગ અને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પડી અને આત્માનો અનુભવ થઈ ગયો એક અંતર્મુહૂર્તમાં. આહા..હા..! પછી ભગવાનની સભામાં જાય છે, ત્યાં તીર્થંકરગોત્ર બાંધે છે.

આવતી ચોવીસમાં પહેલા તીર્થંકર થવાના એ શ્રેણીક રાજા. હજારો રાણીઓ હતી, રાજા સેવા કરતા. પલંગ શું કહેવાય? સિહાંસન. હીરાના સિહાંસન ઉપર ત્યાં બેસતા. આહા..હા..! રાગ તો હતો, પણ અંદર સમકિત હતું ભેગું. 'હું પૂર્ણાનંદનો નાથ પ્રભુ છું. મારામાં અપૂર્ણતા એ પણ મારી ચીજ નથી, રાગ તો ચીજ મારી નથી પણ અપૂર્ણતા એ પર્યાયમાંથી મારી પૂર્ણ ચીજ નથી. આહા..હા..!' એવું અંતરમાં સમ્યગ્દર્શનમાં આનંદના વેદનસહિતનું જ્ઞાન અને પ્રતીતિ થઈ એની સાથે રાગ પણ હતો. આહા..હા..! સમજાણું કાંઈ? રાગે બંધનું કારણ કર્યું, સમ્યગ્દર્શને મોક્ષનું કારણ ઉત્પન્ન કર્યું. બે ધારા ચાલે છે—જ્ઞાનધારા અને કર્મધારા. અજ્ઞાનીને એકલી કર્મધારા, કેવળીને એકલી જ્ઞાનધારા, સાધકને બેઆત્મધારા અને રાગધારા. સમજાય છે કાંઈ? આહા..હા..! ચોર્યાસીના અવતાર કરી કરીને વાત કરતા ઊડી જાય છે.

એક નહોતો હમણાં કહેતો મલકાપુરનો? મલકાપુરનો .. છેને. બે જણા બેઠા હતા. ૨૮ વર્ષની ઉંમર, યુવાન અવસ્થા. રોગ કાંઈ નખમાં નહિ. વાત કરતાં હતા જોડે. બસ! દેહ છૂટી ગયો. ત્યાં મરી ગયો. દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં. આહા..હા..! એનું આયુષ્ય જ એટલું. એટલે આયુષ્યે જ દેહ છૂટે, એમાં આડુઅવળું કાંઈ થાય નહિ. આહા..હા..! અઠ્યાવીસ વર્ષનો જુવાન માણસ. મિત્રો બે. વાત કરતાં પણ કાંઈ રોગ નહિ. એકદમ આમ થઈ ગયું. આમ થઈ ગયું. આમ જોવે તો મરી ગયો. આહા..હા..! દેહની સ્થિતિ આવી છે, બાપુ! આહા..હા..!

કહે છે, એ બંધનું કારણ. ગાથા એવી છે આ. જેટલો આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ નિર્મળ પરિણતિ પ્રગટ થઈ એટલું એકાંત મોક્ષનું જ કારણ છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન બિલકુલ બંધનું કારણ નથી. આવી તકરાર ચાલે છેને પુરુષાર્થસિદ્ધિ ઉપાયની? .... ઘણું લખ્યું છે. એના પુણ્ય આવા બંધાય. પુણ્ય બંધાય તો શું છે? સાતિષય પુણ્ય કહેવાય. એય..! પ્રેમચંદજી! મોટું લખ્યું છે .. કૈલાસચંદજીએ કાઢી નાખ્યું. વાત ખોટી છે. આહા..હા..! મારી પાસે આવ્યા ત્યારે પણ એ વાત કરતાં હતા કે આ જે રાગ જે અંતરંગ કર્મ છે એ જડ લેવું, રાગ-દ્વેષ ન લેવા, ભાવકર્મ ન લેવું, જડનું લેવું. અરે..! સાંભળને. આહા..હા..! સનાવતમાં પહેલી વખત આવ્યા ત્યારે. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ બધા અરૂપી વિકારીભાવ છે, એ પણ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! ત્યારે એમ કે એ પરિણામ .., જડનો ઉદય લેવો. આહા..હા..! .. જડમાં, ચૈતન્યના વિકાર ચૈતન્યમાં. આહા..હા..! આસ્રવ અને બંધ એ એનો ભેખ છે. આહા..હા..! એ કોઈ બંધનું કારણ નહિ. એ જ્ઞાન.. ઉપયોગ થાય છે. એ ...જ્ઞાન છે તે એક જ મોક્ષનું કારણ છે. આહા..હા..! રાગથી મુક્ત જ છે એ જ્ઞાન-આત્મા. એવી દૃષ્ટિ અને સ્થિરતા થઈ તે મોક્ષનું કારણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૩, મંગળવાર, તા. ૦૯-૧૧-૧૯૭૬, કળશ-૧૧૦-૧૧૧, પ્રવચન નં. ૨૨૬

સમયસાર, પુણ્ય-પાપ અધિકાર, ૧૧૦ શ્લોકનો ભાવાર્થ.

'**જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી...**' એટલે કે આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર હોવા છતાં જ્યાં સુધી પૂર્ણ યથાખ્યાત ચારિત્ર થતું નથી. '**ત્યાં સુધી સમ્યગ્દષ્ટિને બે ધારા રહે છે...**' સમ્યગ્દષ્ટિ આત્માનું દર્શન થયું, ભાન થયું, શુદ્ધનું પરિણમન પણ થયું, પણ પૂર્ણ શુદ્ધનું પરિણમન યથાખ્યાતનું ન થાય ત્યાં સુધી બે ધારા રહે છે. એક '**શુભાશુભ કર્મધારા...**' શુભાશુભ પરિણામરૂપી કર્મધારા. સમ્યગ્દષ્ટિ હોવા છતાં પૂર્ણ ચારિત્રની વીતરાગતા પ્રગટ થઈ નથી ત્યાં સુધી તેને બે પ્રકારની ધારા હોય છે. એક શુભાશુભરાગધારા, બેય હોં! એકલી શુભ નથી અહીંયાં. શુભ અને અશુભભાવ બેય હોય છે '**અને જ્ઞાનધારા...**' રાગથી ભિન્ન એવા આત્મજ્ઞાનની ધારા પણ વહે છે. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, એની દૃષ્ટિનું ભાન થતાં એને જ્ઞાનની નિર્મળતા પરિણતિમાં થઈ તે વીતરાગી પર્યાય પણ ધારાવાહી વર્તે છે. આહા..હા..! એક સમયમાં બેય હોય છે. સમજાણું કાંઈ? '**તે બન્ને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી.**' શુભ-અશુભભાવ અને સમ્યગ્દર્શનની જ્ઞાનધારા. સ્વભાવના અવલંબનથી પ્રગટેલી જ્ઞાનધારા, પરના અવલંબનથી પ્રગટેલી શુભાશુભ રાગધારા. આહા..! બેય એક સમયે રહેવામાં વિરોધ નથી. સમજાણું કાંઈ?

'**(જેમ મિથ્યાજ્ઞાનને અને સમ્યગ્જ્ઞાનને પરસ્પર વિરોધ છે...**' મિથ્યાજ્ઞાન હોય ત્યાં સમ્યગ્જ્ઞાન હોય નહિ અને સમ્યગ્જ્ઞાન હોય ત્યાં મિથ્યાજ્ઞાન હોય નહિ, એમ અહીં નથી. અહીં તો '**તેમ કર્મસામાન્યને અને જ્ઞાનને વિરોધ નથી.)**' સામાન્ય એટલે પુણ્ય-પાપના ભાવ હોય છે, સમકિતીને લડાઈના ભાવ પણ હોય છે. આહા..હા..! રૌદ્રધ્યાન પણ હોય છે સમ્યગ્દષ્ટિને. પાંચમા ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન હોય છે. એ રૌદ્રધ્યાન એ અશુભરાગની ધારા છે. આહા..હા..! અને સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું છે એટલી શાંતિની, જ્ઞાનની ધારા છે. આહા..હા..! ઓલી અશાંતિની ધારા છે, આ શાંતિની છે.

'**તે સ્થિતિમાં કર્મ પોતાનું કાર્ય કરે છે...**' આહા..હા..! શુભ-અશુભભાવ આવે, થાય એ કર્મબંધનનું કાર્ય કરે છે. ધર્મીને પણ, જ્યાં સુધી પૂર્ણ યથાખ્યાત આત્માની પ્રસિદ્ધિ પૂર્ણ ન થાય, વીતરાગ ચારિત્રરૂપે ત્યાં સુધી આ બે હોઈ શકે છે. એમાં કાંઈ વિરોધ છે નહિ. '**કર્મ પોતાનું કાર્ય કરે છે...**' કર્મ એટલે પુણ્ય-પાપના ભાવ એ બંધનું કાર્ય કરે છે... આહા..હા..! '**અને જ્ઞાન પોતાનું કાર્ય કરે છે.**' આહા..હા..! જેટલું સ્વાવલંબી જ્ઞાનદર્શન પ્રગટ્યું એ

શુદ્ધતા અને નિર્જરાનું કામ કરે છે, સંવર અને નિર્જરાનું એ કાર્ય કરે છે અને જેટલે અંશે શુભાશુભરાગ રહ્યો એટલે અંશે બંધનું કાર્ય કરે છે. એક સમયે બેય હોય છે. વીતરાગને કર્મધારા હોતી નથી, મિથ્યાદૃષ્ટિને જ્ઞાનધારા હોતી નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

જ્યાં આત્મા જ જાણ્યો નથી, ચૈતન્યમૂર્તિ ભગવાન એનો પર્યાયમાં પ્રકાશ આવ્યો નથી એ જીવને તો એકલી રાગધારા-કર્મધારા વર્તે છે, એનો કાંઈ અહીં પ્રશ્ન છે નહિ; તેમ કેવળજ્ઞાની યથાખ્યાત ચારિત્ર થયું એને એ રાગધારા છે નહિ, એકલી કેવળજ્ઞાનધારા (છે). આહા..હા..! પણ સાધકને? સાધકજીવથી તો સાધ્યદશા પ્રગટ થઈ ગઈ કેવળજ્ઞાનમાં. નીચે તો સાધ્ય-સાધન કાંઈ છે જ નહિ, અજ્ઞાન સાધક છે. આહા..હા..! આ શાસ્ત્રોના અર્થ જ આ છે. આ કાંઈ ઘરની કોઈ વાત નથી. એ કુંદકુંદાચાર્યની જે વાત છે એનો અનુવાદ છે આ તો. આહા..હા..!

**શ્રોતા :—** કો'કને આ નથી ગમતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન ગમે તો વસ્તુ તો આ છે. આવું લખાણ આવે ને એને એમ માનવું કે આ સાચું નથી. એનો અર્થ શું? શું થાય?

**શ્રોતા :—** .. વ્યવહારથી નિશ્ચય થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વ્યવહારથી બંધ... અહીં કીધુંને, વ્યવહારથી બંધ થાય. જ્ઞાનીને પણ જેટલો શુભભાવ અને અશુભભાવ આવે, એને જ્ઞાનીને પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હોય છે.

**શ્રોતા :—** એની ક્યાં ના પાડે છે, પણ સાધન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ બંધનું કારણ છે, સાધન નથી. જેને હેય કહ્યું એને સાધન કહ્યું હોય તો એ તો ઉપચારથી કહ્યું છે, આરોપથી. આહા..હા..!

**શ્રોતા :—** સાધન તો છેને, ભલે હેય કહો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હેયનો અર્થ શું થયો? એ સાધન નથી એને સાધનનો આરોપ કરીને (કહ્યું છે). જેમ સમ્યગ્દર્શન છે એ નિશ્ચય તો સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ તે સમ્યગ્દર્શન છે. હવે જોડે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્રનો રાગ એ તો રાગ છે, એને વ્યવહારસમકિત, વ્યવહાર જ્ઞાન કહ્યું, એ વ્યવહાર જ્ઞાન છે? વ્યવહાર સમકિત છે? આરોપથી કથન છે. એ તો નિશ્ચયનો આરોપ આપ્યો છે. ટોડરમલે એનો ખુલાસો બહુ સરસ કર્યો છે કે જ્યાં નિશ્ચય છે ત્યાં વ્યવહાર રાગને, વ્યવહાર સમકિત. વ્યવહારસમકિત એ તો રાગનો ભાગ છે. સમકિતની પર્યાય છે? આહા..હા..! એ રીતે બધે લઈ લેવું. બધા શાસ્ત્રના અર્થ કરવામાં આ રીતે લેવું. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ એવી છે ત્યાં. જેટલું સ્વાલંબન પ્રગટ્યું છે એટલો સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ છે. જેટલો પરાલંબ ભાવ છે, ચાહે તો ત્રણલોકના નાથની પૂજા, ભક્તિ ને સ્તવન, પણ છે એ પરાલંબી રાગ, એ બંધનું કારણ છે. આહા..હા..!

**શ્રોતા :—** અશુભથી બચવા માટે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અશુભથી બચવા માટે એટલે શું પણ? છે એ બંધનું કારણ છેને? આહા..હા..! આવી મોટી તકરારું જગતને. તોય એટલા વળી ભાગ્ય શાસનના કે શેઠિયાઓએ પક્ષ કર્યો કે આ વિરોધ કર્યો લોકોએ. પાણીમાં બોળ્યા છે અને ગોહાટીમાં ફાડી નાખ્યા શાસ્ત્ર. સમયસાર ભગવાનની વાણી છે, કુંદકુંદાચાર્યની વાણી છે, એની ગાથાઓ છે. એ તમને અર્થમાં તમને ઠીક ન લાગ્યું માટે ગાથાઓ ફાડી નાખવી? શું થાય ભાઈ? બહુ આકરું કામ માણસને. આ વાત હતી નહિને.

**શ્રોતા :—** આપનો પ્રચાર ઝાઝો થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ પ્રચાર ઝાઝો થઈ ગયો એમાં જ વાંધો (પડ્યો). એ તો હમણા મેં કહ્યુંને ભાઈ. ચેતનજીને કહ્યું હતું કે પ્રચાર વધી ગયો એટલે ખટક્યું. શ્રીમદ્‌નો એટલો પ્રચાર (નહોતો).

**શ્રોતા :—** પ્રચાર સહન ન થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સહન ન થયું. સ્થાનકવાસી, શ્વેતાંબરમાં તો પ્રચાર થયો, પણ દિગંબરમાં પ્રચાર થયો આ. એટલે માણસને લાગે દુઃખ. બાપુ! શું થાય ભાઈ! માર્ગ તો ત્રણે કાળે 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ તો એક જ હોય. સ્વ વસ્તુ પોતે એનું આલંબન લઈને જે દશા પ્રગટ થઈ એ એક જ મોક્ષનો માર્ગ એક જ છે, બે માર્ગ છે જ નહિ. બેનું નિરૂપણ છે, બે માર્ગ નથી. આહા..હા..! એ તો ટોડરમલે કહ્યું કે નિરૂપણ બે પ્રકારનું છે. મોક્ષમાર્ગનું કથન એક આરોપિત અને એક યથાર્થ, પણ વસ્તુ તરીકે મોક્ષમાર્ગ બે નથી, બે માનવા એ ભ્રમ છે. ત્યારે વળી અત્યારે એક પંડિત એમ કહે છે કે બે ન માને એ ભ્રમ છે. હવે શું થાય? આ બધો પ્રચાર ઝાઝો થઈ ગયો એટલે સહન ન થયું. ઈર્ષ્યા થઈ ગઈ ઈર્ષ્યા. ભગવાન! આ તો સત્ છે, પ્રભુ! તારા હિતની વાત છે. આહા..હા..!

વ્યવહાર હોય છે એ તો કહ્યું અહીં. અશુભભાવ પણ હોય સમકિતીને. આહા..હા..! પાંચમે ગુણસ્થાને પણ તીર્થંકર જેવાને લ્યો એ પાઠ છે શાસ્ત્રમાં. તીર્થંકર છે એ આઠ વર્ષે પાંચમું ગુણસ્થાન ગ્રહણ કરે એવો પાઠ છે. શાસ્ત્રએ ન કીધું ઈ? આઠ વર્ષે લે. આદિપુરાણ નહિ. એમાં જ છે પણ આ તો બીજું આવ્યું છેને. આઠ વર્ષે શ્રાવક થાય. ભૂલી ગયા નામ. એ પુરાણ છે. આઠ વર્ષે તો થાય જ. ગુણભદ્રાચાર્ય. ગુણભદ્રાચાર્યનું. શું છે ગુણભદ્રાચાર્યનું? ઉત્તર પુરાણ. ઉત્તર પુરાણ. ઉત્તર પુરાણમાં છે, બસ હા એ. ગુણભદ્રાચાર્ય, હમણાંથી વાત નથી નીકળી એટલે (યાદ ન આવ્યું). ગુણભદ્રાચાર્યના ઉત્તર પુરાણમાં એવો પાઠ છે કે જેટલા તીર્થંકરો થાય આઠ વર્ષે પંચમ ગુણસ્થાન ધારણ કરે. ધવલમાં એમ છે કે તીર્થંકરો સમકિતી છે એટલે ઢીલુંપણું ન અંગીકાર કરે. લે તો એકદમ મુનિપણું લે, પણ આમાં પાઠ છે ઉત્તર પુરાણમાં, ગુણભદ્રાચાર્યનો કે આઠ વર્ષે એ લે. છતાં હજી છન્નું હજાર સ્ત્રી હોય છે ચક્રવર્તીને,

કામદેવ પુરુષ છે. આહા..હા..! હોય, રાગની ધારા. રાગની ધારા કામ કરે એ બંધનું કામ કરે. આહા..હા..! અને જોડે જાણનાર જે જાગ્યો છે એ રાગને જાણનાર છે, એ તો જાણવાની પર્યાયનું કામ કરે. આહા..હા..! એ જાણવા-દેખવાની પર્યાય એ સંવર-નિર્જરાનું કાર્ય કરે અને વચ્ચે શુભ-અશુભરાગ આવે,... એ કહ્યુંને જુઓને! આહા..હા..!

**'પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે...'** જેટલા અંશે. **'તેટલા અંશે કર્મબંધ થાય છે...'** જરીયે સંવર, નિર્જરા નથી. આમાં બહુ લખ્યું છે વધારે કળશટીકામાં. બહુ લીધું છે કે ભાઈ! સમકિતીને, મિથ્યાદૃષ્ટિને યતિના વ્રતમાં ફેર શું? મિથ્યાદૃષ્ટિને પણ વ્રત ધારે બંધનું કારણ છે અને સમકિતીના વ્રતાદિ એ બંધનું કારણ છે. એમ છે, કળશટીકામાં છે આનો અર્થ. સમજાણું કાંઈ? એમ નથી કે ભાઈ, મિથ્યાદૃષ્ટિને તો ઠીક વ્રત નથી, મિથ્યાદૃષ્ટિ છે, પણ સમ્યગ્દૃષ્ટિને તો વ્રત હોય છે બાર વ્રત અને પંચમહાવ્રતના પરિણામ, તો એ ક્રિયા કાંઈક લાભદાયક હશે કે નહિ? સમજાણું કાંઈ? આમાં છે. ૧૧૦ કળશમાં છે આ. **'અહીં કોઈ ભ્રાન્તિ કરશે કે મિથ્યાદૃષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે, તે બંધનું કારણ છે, સમ્યગ્દૃષ્ટિનું જે યતિપણું...'** પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ **'શુભક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે;...'** એમ કોઈ કહે કે, **'કારણ કે અનુભવ-જ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.'** આહા..હા..! **'ત્યાં સમાધાન આમ છે કેજેટલી શુભ-અશુભ ક્રિયા...'** આ આવ્યું હતું નહિ? કાલે આવ્યું હતું. **'બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર ઈત્યાદિ સમસ્ત કર્મબંધનું કારણ છે. આવી ક્રિયાનો આવો સ્વભાવ છે,...'** સમ્યગ્દૃષ્ટિને પણ જે વ્રતના પરિણામ આવે, શુભના આવે, દયાના, દાનના, આવે, પૂજાના આવે એ બધું બંધનું જ કારણ છે. આહા..હા..! યતિ સંત ભાવલિંગી જેને હોય એને આવા ભાવ આવે-પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના, પણ છે બંધના કારણ.

**'સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિનો એવો ભેદ તો કાંઈ નથી;...'** કે સમ્યગ્દૃષ્ટિના વ્રત ને તપ એ ધર્મનું કારણ છે, નિર્જરાનું કારણ છે (અને) મિથ્યાદૃષ્ટિના વ્રત એ બંધનું (કારણ છે). એમ કાંઈ છે નહિ. આહા..હા..! આવો તો ખુલાસો કર્યો છે અને આમાંથી સમયસાર નાટક બનાવ્યું છે બનારસીદાસે. આહા..હા..! **'એક જ કાળમાં સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાન પણ છે, ક્રિયારૂપ પરિણામ પણ છે, તોપણ ક્રિયારૂપ છે જે પરિણામ તેનાથી એકલો બંધ થાય છે,...'** એમ શબ્દ લીધો છે. જોયું! છે? અને **'કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી.'** પંચમહાવ્રતના પરિણામ વ્રતના, વાંચન, શ્રવણનો વિકલ્પ જે છે એ જરીએ ધર્મનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આવું વસ્તુનું સ્વરૂપ છે,...'** આહા..હા..! **'સહારો કોનો? તે જ કાળે શુદ્ધસ્વરૂપ-**

**અનુભવજ્ઞાન પણ છે, તે જ કાળે જ્ઞાનથી કર્મક્ષય થાય છે, એક અંશમાત્ર પણ બંધ થતો નથી.'** સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રનો જે અંશ છે એ બિલકુલ બંધનું કારણ નથી અને શુભાશુભરાગનો અંશ છે એ બિલકુલ મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે. આમ તો ખુલાસો કર્યો છે હવે. આવો તો ખુલાસો છે. છે એમને. વસ્તુની સ્થિતિ એવી છેને. આહા..હા..!

**'ક્રિયારૂપ પરિણામ અને આત્મદ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન, તેમનું એક જીવમાં એક જ કાળે અસ્તિત્વપણું છે, એવું પણ છે;...'** આહા..હા..! એમાં કોઈ ક્ષતિ નથી, એમ કહે છે. **'એક જ કાળે જ્ઞાન-ક્રિયા બંને કઈ રીતે હોય છે? સમાધાન આમ છે કેવિરુદ્ધ તો કાંઈ નથી. કેટલાક કાળ સુધી બંને હોય છે,...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ પણ છે અને રાગના ભાવ છે સાથે. બેય સાથે કેટલોક કાળ હોય વીતરાગ ન થાય ત્યાં સુધી. આ ઘણું લાંબુ બહુ સરસ છે. આખા બે પાના ભર્યા છે. આવું સ્વરૂપ છે, લ્યો. આનો અનુવાદ છે આ બધા શાસ્ત્રો અહીંના બનેલા છે એ. આ કાંઈ ઘરની વાત નથી. ઘરની એટલે છે તો આત્માની. બનાવટી નથી. આહા..હા..!

**'જેટલા અંશે જ્ઞાનધારા છે...'** ચૈતન્યસ્વભાવનો જે અનુભવ થઈને નિર્મળ દશા પ્રગટ થઈ છે તેટલા અંશે બિલકુલ બંધનું કારણ નથી. કહો હવે આ એક ખુલાસો. ઓલા પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં (આવે કે) બંધનો ઉપાય નહિ. અહીં તો કહે છે, જરીએ બંધ થાય નહિ આ મોક્ષના માર્ગથી અને રાગથી જરીએ મોક્ષનો માર્ગ થાય નહિ, બંધમાર્ગ છે. હવે આનું સ્પષ્ટ... હવે એનું પુણ્ય બંધાય એ સાતિશય પુણ્ય હોય, વળી એમ કહે છે. સાતિશય એટલે પુણ્ય પણ એ પુણ્ય એટલે સંયોગ આપે બસ એટલી વાત છે. આહા..હા..! અને સંયોગ ઉપર લક્ષ જશે તો રાગ જ થાશે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર મળે પણ એના ઉપર લક્ષ જાય તો રાગ થશે, પરદ્રવ્ય છે એ. સ્વદ્રવ્યનું આલંબન જ્યાં ન આવ્યું ત્યાં બંધનું કારણ જ છે. આહા..હા..! આવી વાત છે.

**'વિષય-કષાયના વિકલ્પો...'** સમકિતીને કે **'વ્રતનિયમના વિકલ્પો-'** વ્રત-નિયમની વૃત્તિ રાગ, વ્રત-નિયમનો શુભરાગ અને વિષયકષાયનો અશુભ. **'શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં -'** આમાં છેને એ? **'શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાંકર્મબંધનું કારણ છે;...'** આહા..હા..! ચિંતવનનો વિકલ્પ ઊઠે એ પણ બંધનું કારણ છે. આહા..હા..! ભગવાન આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનમાં જેટલી ધારા એકાગ્ર થઈ છે એટલી ધારા એ સંવર-નિર્જરાનું કારણ છે, એને જરીએ બંધનું કારણ એ નથી અને શુભ-અશુભ ધારા જરીએ સંવર-નિર્જરાનું કારણ નથી. હવે એને સાધક કહ્યું છે એ કઈ અપેક્ષાએ? પંચાસ્તિકાયમાં વ્યવહારનયનું સાધ્ય-સાધન કહ્યું. પણ એ તો સાથે છે એનું જ્ઞાન કરાવ્યું છે, એ સાધન છે જ નહિ, એ તો હેય છે. આહા..હા..! બંધનું કારણ એ સાધન થાય? મોક્ષના કારણમાં બંધના સાધન થાય? એ તો વિરુદ્ધ છે.

આહા..હા..! અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિનું મુનિપણું હોય, સાચા સંતનું, ભાવલિંગીને પણ પંચમહાવ્રત હોય એ બંધનું કારણ છે. આહા..હા..!

**'શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.'** 'જ' છેને? **'શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ...'** કથંચિત્ જ્ઞાનધારા મોક્ષનું કારણ અને કથંચિત્ બંધધારા મોક્ષનું કારણ, એમ નથી. આહા..હા..! આવું સ્વરૂપ લોકોને.. એ શુભભાવમાંથી નીકળવું એને ગોઠતું નથી. શુભભાવમાંથી કાંઈક થાય લાભ તો એને મજા પડે. કારણ કે એ સિવાય તો આગળ ચાલી શકતો નથી. આહા..હા..! પણ એ મિથ્યાશલ્ય છે મોટું. આહા..હા..! એને રાગના પરિણામ બંધનું કારણ છે, પંચમહાવ્રતના (ભાવ) પણ જગપંથ છે. ન સમયસાર નાટકમાં આવ્યું? મુનિને પણ પંચમહાવ્રતના પરિણામ પ્રમાદના પરિણામ છે એ જગપંથ છે. સમયસાર નાટકમાં એમ કહ્યું છે. જગપંથ છે, સંસારનો પંથ છે. આહા..! એનાથી તો ભવ મળશે. અને આ આત્માની ધારા છે એનાથી મોક્ષ મળશે હવે આવી તો વાત ચોખ્ખી છે શું થાય? અરે..! આવો મળ્યો વખત ને ભાઈ! આ ઝઘડા અને વિવાદ શેના? ભાઈ! આહા..હા..!

તરવાનો ઉપાય તો સ્વ-આશ્રયથી થાય છે અને બંધનું કારણ એ પરાશ્રયથી જ થાય છે. આહા..હા..! એ કહ્યું નહિ પછી? જ્ઞાની પરાશ્રયભાવને છોડી નિષ્કંપપણે નિશ્ચયમાં કેમ રહેતા નથી? આહા..હા..! બંધ અધિકાર નહિ? અધ્યવસાય... આહા..હા..! જેટલો પરાશ્રયભાવ છે એ વ્યવહાર છે અને તે છોડવાલાયક છે એમ ભગવાન કહે છે. અમે તો એમ માનીએ છીએ કે એ બંધનું કારણ (છે) માટે છોડવાલાયક કહ્યું. અને 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.', આહા..હા..! અરેરે..! એ વાત એને બેસે નહિ. સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદ પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ વીતરાગ, પૂર્ણ પ્રભુના ઈશ્વરતાના સ્વભાવથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એનું માહાત્મ્ય આવે નહિ અને રાગનું માહાત્મ્ય જાય નહિ. આહા..હા..! અને રાગનું માહાત્મ્ય ગયું એને આત્માનું માહાત્મ્ય થયા વિના રહે નહિ. આહા..હા..! એવું છે. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. આહા..હા..!

અહીંયાં તો એ કહે છે, **'શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.'** આહા..હા..! એકાંત રાગાદિ ભાવ તે, ધર્મી જીવનો પણ શુભરાગ પંચમહાવ્રતાદિનો પણ બંધનું જ એકાંત કારણ છે. અને જ્ઞાનીના જ્ઞાનનો ભાવ શુદ્ધસ્વભાવના આશ્રયે પ્રગટેલી શુદ્ધ પરિણતિ એ એકાંત મોક્ષનું કારણ છે, જરીએ બંધનું કારણ નહિ અને રાગાદિ બિલકુલ બંધનું કારણ, જરીએ સંવર-નિર્જરાનું કારણ નહિ. આહા..હા..! અશુભ બચ્યો એટલો સંવર છે કે નહિ?—ના. એ પોતે તો બંધનું જ કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'હવે કર્મ અને જ્ઞાનનો નયવિભાગ બતાવે છે :-'** ૧૧૧.

(शार्दूलविक्रीडित)

मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति यन्-
मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।।१११।।

'**શ્લોકાર્થ :—કર્મનયના આલંબનમાં** તત્પર...' કરનારા. એટલે કે શુભભાવના અવલંબન લેનારા. આહા..હા..! 'તત્પર (**અર્થાત્ કર્મનયના પક્ષપાતી**) **પુરુષો** ડૂબેલા છે...' લ્યો, અહીં તો એ કહે છે. શુભભાવનું આલંબન લેનારા પુરુષો ડૂબેલા છે, એ સંસારમાં ઘુંચી ગયેલા છે. આહા..હા..! '**કર્મનયના આલંબનમાં** તત્પર (**અર્થાત્ કર્મનયના પક્ષપાતી**)...' એ પક્ષપાતી છે. એ '**પુરુષો** ડૂબેલા છે કારણ કે **તેઓ જ્ઞાનને** જાણતા **નથી.**' આત્મસ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન એને એ કર્મનયના આલંબનારા જાણતા નથી. રાગના અવલંબનારા રાગરહિત સ્વરૂપ ભગવાન આત્માનું છે તેને જાણતા નથી. આહા..હા..! એ ડૂબેલા છે. સંસારના ચોર્યાસીના અવતારમાં ડૂબેલા છે. ભવસિંધુમાં ગળકા ખાય છે એ. આહા..હા..!

'ज्ञाननय-एषिणः अपि मग्नाः' અને '**જ્ઞાનનયના** ઈચ્છક (**અર્થાત્ પક્ષપાતી**) **પુરુષો પણ** ડૂબેલા **છે...**' એકલી જાણપણાની વાત કરે પણ દૃષ્ટિ અને રમણતા જ્ઞાનમાં જરીએ નથી અને મંદ ઉદ્યમએનો વિચાર પણ કરવાનો અવસર લેતા નથી. કળશટીકામાં એમ લીધું છે, કળશટીકામાં. શુદ્ધસ્વરૂપ છે તેના વિચાર માટે પણ જેને અવકાશ નથી અને એકલો સ્વચ્છંદી જ્ઞાનની વાતું કરે પણ અંદરમાં દૃષ્ટિમાં ઠેકાણા નથી એને. આહા..હા..! '**જ્ઞાનનયના** ઈચ્છક **પુરુષો** પણ ડૂબેલા છે કારણ કે...' 'अतिस्वच्छन्दमन्द-उद्यमाः' 'તેઓ **સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે** (**સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ** કરતાં **નથી, પ્રમાદી** છે...' આહા..હા..! એકલા વિષય અને કષાયમાં જ વર્તતા, સ્વભાવની સન્મુખના પુરુષાર્થનો વિચાર પણ જેને નથી. એથી સ્વચ્છંદ અતિ મંદઉદ્યમી લીધા છે. સમજાય છે કાંઈ? આહા..! શુદ્ધ ભગવાન પરિપૂર્ણ આનંદસ્વરૂપ એની તરફનો વિચાર ને તે તરફનો જુકાવનો ભાવ જ જરીએ નથી અને જ્ઞાનની વાતું કરીને સ્વચ્છંદને પોષે, વિષયકષાયને પોષે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે** (**સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ** કરતા **નથી, પ્રમાદી** છે **અને વિષયકષાયમાં** વર્તે છે).' આહા..હા..! એ પણ ડૂબેલા છે.

શ્રોતા :— ... અશુભ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, અશુભ. શુભમાં આવતા નથી અને શુદ્ધનો વિચાર કરતાં નથી. શુદ્ધનો વિચાર કરતાં નથી અને શુભમાં આવીને અશુભમાં ચાલ્યા જાય છે, એને અહીંયાં ગણ્યા છે સ્વચ્છંદી. વિષયકષાયનું પોષણ છે, પણ સ્વરૂપ તરફનો પ્રયત્ન પણ કરતાં નથી.

એની સન્મુખ થવું એ પણ એને વિચાર આવતો નથી. આહા..હા..! એકલા વિષયકષાયને સેવે છે.

**શ્રોતા :—** જ્ઞાનની વાત કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વાત કરે છે એ શુભભાવ છે, પણ અંદર આત્માની દૃષ્ટિ એકાગ્ર થતી નથી અને તે તરફનું વલણ જ નથી, એમ કહે છે. વલણ હોય તો સમ્યક્ત્વ સન્મુખ છે. મિથ્યાદૃષ્ટિ છે પણ અંદરની વિચારધારા સન્મુખ છે, સમકિત સન્મુખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો એની સન્મુખ જરીએ નથી અને એકલા વિષય-કષાયમાં વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એણે અર્થ કર્યો છે આમાં. આમાં જ છેને એ? ૧૧૧ છે?

'**अतिस्वच्छन्द**' '**ઘણું જ સ્વેચ્છાચારપણું છે...**' '**मन्द-उद्यमाः**' એનો અર્થ કર્યો. '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ કરતા નથી.**' એવા લીધા છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ સ્વરૂપ છે એનો વિચાર પણ કરવાને નવરા નથી અને એકલા કષાયમાં વર્તે છે. સમજાણું કાંઈ? '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ કરતા નથી. એવા છે જે કોઈ તેમને મિથ્યાદૃષ્ટિ જાણવા.**' આહા..! બેય વાત છેને. '**તે જીવો...**' બે લીધા. એક રાગની ક્રિયા શુભભાવની કરીને ધર્મ માનનારા ત્યાં રોકાઈ ગયેલા એ પણ સંસારમાં ડૂબેલા છે અને એક જ્ઞાનની વાતું કરનારા પણ જ્ઞાનવસ્તુ છે તેના સન્મુખનો વિચાર પણ કરતાં નથી, તેના સન્મુખનો પ્રયત્ન પણ નથી. સન્મુખ ભલે થયું નથી એને, પણ એની સન્મુખનો પ્રયત્ન પણ નથી એને જરીએ. આહા..હા..!

**શ્રોતા :—** વિચાર નથી, વલણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વલણ નથી. વાત એ છે. આહા..હા..!

'**ते विश्वस्य उपरि तरन्ति**' હવે ત્રીજા કે '**તે જીવો વિશ્વના ઉપર તરે છે...**' '**ये स्वयं सततं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति**' '**જેઓ પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા-પરિણમતા થકા...**' આનંદની દશાના પરિણમનના વખતમાં આનંદરૂપે પરિણમતા. આહા..હા..! '**કર્મ કરતાં નથી...**' તે કાળે રાગ છે નહિ. સ્વરૂપમાં ઉદ્યમી છે. આહા..હા..! '**કર્મ કરતાં નથી અને ક્યારેય પ્રમાદને વશ પણ થતા નથી...**' રાગને વશે તદ્દન થઈ જવું અશુભભાવમાં એમ પણ નથી. કર્મ કરતાં નથી, પણ એને જ્ઞાનરૂપ પરિણમનમાં પ્રયત્ન છે. આહા..હા..! તે તરે છે. તે '**(સ્વરૂપમાં ઉદ્યમી રહે છે).**' તે તરે છે. આહા..હા..! પૂર્ણ ભગવાન પરમાનંદસ્વરૂપ તે તરફનો જેનો પ્રયત્ન છે, તેના વિચારો છે, તેનો જુકાવ છે, એટલું પણ જેને નથી એ તો મિથ્યાદૃષ્ટિ ડૂબવાના છે કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :—અહીં સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કર્યો છે...**' એટલે કે વ્યવહારને કરતાં નથી અને નિશ્ચયને કરતાં નથી. અને વ્યવહારથી મને લાભ થશે એવી એકાંત માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! '**કારણ કે સર્વથા એકાંત અભિપ્રાય જ મિથ્યાત્વ**

છે.' એટલે એનો અર્થ એવો નથી કે શુભભાવથી લાભ થાય તો અનેકાંત થાય, એમ નથી. શુભભાવથી તો બંધ જ છે અને શુદ્ધ પરિણતિથી મોક્ષ છે એનું નામ અનેકાંત છે. અનેકાંત એમ નથી કે શુદ્ધભાવ સન્મુખથી પણ મોક્ષ થાય અને રાગથી પણ મોક્ષનું સાધન કહ્યું છે નિશ્ચયનું, માટે (વ્યવહાર) સાધનથી સાધ્ય થાય, એમ નથી. આહા..! આવી વાતું.

અરે..! જેને આત્માને ભવનો ડર છે (એને) સ્વચ્છંદ કેમ થાય એ? આહા..હા..! આત્માના પ્રયત્નનું આરાધનપણું એનું વધ્યા જ કરે. સમજાણું કાંઈ? આહા..હા..! એના સ્વસન્મુખની આરાધના ચાલ્યા જ કરે. અને એવું નથી અને એકલા રાગની સન્મુખતાથી લોકો માને.. આહા..હા..! છેને? '**કેટલાક લોકો પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતા નથી...**' આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ દયા, દાન, વ્રતના ભાવસ્વરૂપ છે એ? એ તો વિભાવસ્વરૂપ છે. '**કેટલાક લોકો પરમાર્થભૂત...**' ભગવાન આત્મા આનંદનો નાથ જ્ઞાતા-દૃષ્ટા એવા આત્માને તો જાણતા નથી. '**અને વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરને...**' જોયું! વ્યવહાર લીધો. વ્યવહારસમકિત, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર રાગની પરિણતિ. એ વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્રિયાકાંડ છે. એ બધો ક્રિયાકાંડ છે. આહા..હા..! વ્યવહારસમકિત દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ ક્રિયાકાંડ-રાગકાંડ છે. એમ શાસ્ત્રનું ભણતર એ રાગ છે એ ક્રિયાકાંડ છે અને વ્રતાદિની મંદતાનો ભાવ એ શુભભાવ એ ક્રિયાકાંડ છે. વ્યવહારરત્નત્રય એ જ ક્રિયાકાંડ છે, રાગની ક્રિયા છે એ બધી. આહા..હા..!

'**ક્રિયાકાંડના આડંબરને...**' આડંબર મોટો. ઓહો..! અપવાસ કરવા ને આ કરવા ને આમ કરવા. ભગવાન પાસે માગવું અને ઓહો..હો..! પ્રભુ! મને મોક્ષ આપો.. આપો. પણ એ તો બધો વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ '**આડંબરને મોક્ષનું કારણ જાણી...**' એને મોક્ષનું કારણ જાણે છે અંદર. આહા..હા..! શાસ્ત્રને ખુબ વાંચે આઠ-આઠ કલાક, દસ કલાક, બાર કલાક, એ બધો રાગની ક્રિયાનો આડંબર છે. આહા..હા..! એ '**મોક્ષનું કારણ જાણી તેમાં તત્પર રહે છે-**' એ વ્યવહારથી કદી નિશ્ચય થશે એમ જાણી વ્યવહારના ક્રિયાકાંડ, વ્યવહાર દર્શન, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર રાગની મંદતા એ ક્રિયાકાંડ છે શુભભાવ એમાં તત્પર રહે છે '**તેનો પક્ષપાત કરે છે.**' પક્ષપાત કરે છે કે નહિ, કરતાં-કરતાં થશે. શુભઉપયોગ કરતા કરતા શુદ્ધોપયોગ થશે. અશુભ ઉપયોગથી શુદ્ધોપયોગ થાય? માટે શુભોપયોગથી શુદ્ધોપયોગ થાય. સમજાણું કાંઈ? વ્રત, નિયમ, શીલ, દાન, શીલ, તપ, ભાવ. વ્યવહારદાન હોં! પરને દાન દેવા વગેરે. શીલશરીરથી બ્રહ્મચર્ય પાળવું એ બધો વ્યવહાર છે. આહા..હા..! રાગ છે એ તો. દાન, શીલ, તપ. બાર પ્રકારના તપ એ વિકલ્પ છે, શુભરાગ છે, ભાવ-એ શુભભાવ, એમાં તત્પર છે અને પક્ષપાત કરે છે.

'**આવા કર્મનયના પક્ષપાતી લોકોજેઓ જ્ઞાનને તો જાણતા નથી...**' આત્માને તો જાણતા નથી. જ્ઞાન શબ્દે આત્મા વીતરાગમૂર્તિ છે એકલો જ્ઞાનસ્વભાવનો પિંડ છે, એમાં

ક્રિયાકાંડનો વિકલ્પ પણ તેમાં છે નહિ. એને તો જાણતા પણ નથી, એની સન્મુખતા નથી, એનો વિચાર નથી, એમાં તત્પરતા નથી. આહા..હા..! **'આવા કર્મનયના પક્ષપાતી લોકો...'** કર્મ શબ્દે શુભભાવ હોં! અહીંયાં લેવાનો છે. **'જેઓ જ્ઞાનને તો જાણતા નથી અને કર્મનયમાં જ ખેદખિન્ન છે...'** કર્મનયમાં જ ખેદખિન્ન છે. આહા..હા..! એ શુભભાવની ક્રિયા એ ખેદખિન્ન છે, રાગ છે, દુઃખ છે. આહા..હા..! બહુ માર્ગ બાપુ! આહા..હા..! **'ખેદખિન્ન છે...'** એ શુભની ક્રિયામાં ખેદ છે, ખેદથી ખિન્ન થઈ જાય છે. આહા..હા..! શાંતિનો ત્યાં ક્ષય થાય છે. આહા..હા..! તેઓ **'સંસારમાં ડૂબે છે.'** એક વાત. હવે જ્ઞાનની વાતું કરે પણ જ્ઞાનની સન્મુખતા કરતો નથી. આહા..હા..!

**'વળી કેટલાક લોકો આત્મસ્વરૂપને યથાર્થ જાણતા નથી અને સર્વથા એકાંતવાદી મિથ્યાદષ્ટિઓના ઉપદેશથી પોતાની મેળે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે કલ્પી તેમાં પક્ષપાત કરે છે.'** આહા..હા..! જ્ઞાન એટલે આત્મા તો જ્ઞાતા-દષ્ટા છે. એવું ખબર નથી ને પક્ષપાત કરે છે એકલો, એમ કહે છે. **'પોતાની પરિણતિમાં જરાય ફેર પાડ્યા વિના...'** આહા..હા..! એવા ને એવા વિષયકષાય સેવન ચાલુ રાખે અને જરાય પરિણતિમાં ફેર પાડે નહિ **'તેઓ પોતાને સર્વથા અબંધ માને છે...'** આહા..હા..! અમે તો અબંધ છીએ, અમારે બંધ નથી. આહા..હા..!

**'અને વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રના ક્રિયાકાંડને નિરર્થક જાણી છોડી દે છે,...'** એમ કહે છે. અંતરમાં જતો નથી અને વ્યવહાર છોડી દે છે. આહા..હા..! **'આવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતાં નથી...'** શુદ્ધ સ્વભાવ ભગવાન પરમાનંદની મૂર્તિ એનો તો એ પુરુષાર્થ કરતા નથી. **'શુભ પરિણામોને છોડી સ્વચ્છંદી થઈ...'** શુભભાવને છોડી શુદ્ધતા પામતો નથી, શુદ્ધતા સન્મુખ નથી અને શુભ પરિણામને છોડી દે છે. **'સ્વચ્છંદી થઈ વિષય-કષાયમાં વર્તે છે...'** અશુભમાં. આ અશુભની વાત છે અહીં વિષયકષાય. **'તેઓ પણ સંસાર સમુદ્રમાં ડૂબે છે.'** આહા..હા..! એ જ્ઞાનને શ્રદ્ધા માને પણ અશુદ્ધતા જરીએ ટળી નથી. એને અહીં લીધા છે. સમજાણું કાંઈ? શુદ્ધતા અંશે પણ આવી નથી અને એને લઈને અશુદ્ધતા જરીએ ટળી નથી. એ જ્ઞાનની વાતું કરનારા એકલા. **'તેઓ પણ સંસાર સમુદ્રમાં ડૂબે છે.'** આહા..હા..!

**'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ.'** આવે છેને? **'માને માર્ગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.'** આહા..હા..! શ્રીમદ્દે એ જ કહ્યું ત્યાં. એથી એનો અર્થ એવો નથી કે શુભભાવથી અશુભભાવ છોડે માટે એને હળવે-હળવે નિશ્ચય થશે એમ નથી અહીં. સમજાણું કાંઈ? પણ એને નિશ્ચયના તરફનું લક્ષ અને વિચાર પણ નથી. શુદ્ધ સ્વરૂપ પરિપૂર્ણ છે તેનો એને અંદરમાં વ્યવહારશ્રદ્ધા તરીકેમાં પણ જેને ઠેકાણા નથી. હું પરિપૂર્ણ વસ્તુ છું, શુદ્ધ છું એવા જેને ઠેકાણા નથી એ સંસારમાં ડૂબે છે. આહા..હા..!

'**મોક્ષમાર્ગી જીવો...**' હવે ત્રીજા નંબરના લીધા. '**મોક્ષમાર્ગી જીવો જ્ઞાનરૂપે પરિણમતા થકા...**' આત્માની શુદ્ધતાપણે થયા થકા, શુદ્ધોપયોગપણે પરિણમતા થકા '**શુભાશુભકર્મને હેય જાણે છે...**' લ્યો આવ્યું આ, જુઓ! શુભ-અશુભ બેયને હેય જાણે છે. જ્ઞાની શુભાશુભથી લાભ થાશે, શુભથી આત્માનો લાભ થાશે એમ માનતા નથી, એને હેય જાણે છે. આહા..હા..! વિષય-કષાયના પરિણામમાં પણ હોંશથી જોડાતા નથી ધર્મી. સમાધાન થતું નથી તેથી રાગનું આચરણ એને છે, પણ એમાં સ્વચ્છંદી નથી, એનો પ્રેમ નથી કે આ ઠીક થાય છે સુખરૂપ. એવી બુદ્ધિ હોય તો મિથ્યાત્વ છે. આહા..હા..! વિષય અને કષાયના પરિણામમાં મજા છે... આહા..હા..! ઠીક પડે છે અમને, એ તો મિથ્યાદષ્ટિ છે. પણ અંદરમાં રહી શકતા નથી અને રાગ ટળતો નથી, એથી રાગમાં આવે છે. આહા..હા..!

'**મોક્ષમાર્ગી જીવો જ્ઞાનરૂપે પરિણમતા થકા શુભાશુભકર્મને હેય જાણે છે અને શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે.**' જુઓ! હવે આવો તો ખુલાસો જયચંદ્ર પંડિત કરે છે. '**તેઓ માત્ર અશુભકર્મને જ નહિ પરંતુ શુભકર્મને પણ છોડી,...**' આહા..હા..! '**સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે-**' જુઓ, આ શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે. એ માત્ર અશુભકર્મને નહિ પણ શુભકર્મને પણ છોડી, શુભભાવને પણ છોડી સ્વરૂપમાં રમણતા કરે છે. આહા..હા..! શુભભાવને છોડીને સ્વચ્છંદમાં થાય છે, અશુભ કરે છે એમ નથી. આહા..હા..!

'**નિરંતર ઉદ્યમવંત છે—સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી તેનો પુરુષાર્થ કર્યા જ કરે છે.**' આહા..હા..! આત્મા તરફનું વલણ કર્યા જ કરે છે. '**જ્યાં સુધી, પુરુષાર્થની અધૂરાશને લીધે,...**' વીતરાગતા ન પ્રગટે અને પરમાર્થની અધૂરાશ છે એને લીધે '**શુભાશુભ પરિણામોથી છૂટી...**' શુભાશુભ પરિણામથી છૂટી '**સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી...**' આહા..હા..! '**ત્યાં સુધી જોકે સ્વરૂપસ્થિરતાનું અંતર-આલંબન (અંતઃસાધન) તો શુદ્ધ પરિણતિ પોતે જ છે...**' સ્વરૂપ સ્થિરતા એનું અંતર અવલંબન '**તો શુદ્ધ પરિણતિ પોતે જ છે તોપણ અંતર આલંબન લેનારને જેઓ બાહ્ય આલંબનરૂપ કહેવાય છે...**' એ શુભ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ બાહ્ય આલંબન નિમિત્તરૂપે છે. આહા..હા..!

**શ્રોતા :—** આલંબન આવ્યુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવ્યુંને, પરનું આલંબન છેને એ.

શુભપરિણામોમાં બાહ્ય આલંબનરૂપ છે. બાહ્ય આલંબન કીધુંને? એવું હોય છે ત્યાં એમ કે. '**એવા (શુદ્ધ સ્વરૂપના વિચાર આદિ) શુભપરિણામોમાં તે જીવો હેયબુદ્ધિએ પ્રવર્તે છે,...**' આહા..હા..! '**પરંતુ શુભકર્મોને નિરર્થક ગણી...**' શુભભાવને નિરર્થક ગણી '**છોડી દઈને સ્વચ્છંદપણે અશુભકર્મોમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી.**' લ્યો! સ્વચ્છંદપણે અશુભ કર્મો એટલે પુણ્ય-પાપના ભાવમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી.

આહા..હા..! બંધનું કારણ જાણીને. જોડાઈ જાય છે નિર્બળતાને લઈને. પ્રેમ નથી, એમાં સુખબુદ્ધિ નથી, પણ એવો ભાવ એને શુભ-અશુભનો આવી જાય છે. આહા..હા..! અને અહીં તો શુભની વાત કરે છે.

**'હેયબુદ્ધિએ પ્રવર્તે છે,...'** આહા..હા..! **'પરંતુ શુભકર્મોને નિર્થક ગણી છોડી દઈને સ્વચ્છંદપણે અશુભકર્મોમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી. આવા જીવો જેઓ એકાંત અભિપ્રાય રહિત છે...'** જ્ઞાનની વાતું કરે ને વ્યભિચાર હોય તોપણ એના ઠેકાણા ન મળે. એમાં શું છે? એ તો...

**શ્રોતા :—** ચારિત્રનો દોષ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ચારિત્રનો દોષ. ચારિત્રનો દોષ પણ એવો હોય નહિ એને. આહા..હા..! વ્યભિચાર ને એવા હોય લંપટપણા, અમારે શું? ઇન્દ્રિય ઇન્દ્રિયનું કામ કરે અમારે શું? મરી જવાના. સમજાણું કાંઈ? એમ કે ઇન્દ્રિય, શરીર જડ છે, જડનું જડ કામ કરે એમાં અમારે શું? પણ ભાવ કોનો છે? આહા..હા..!

**'એકાંત અભિપ્રાય રહિત છે તેઓ કર્મનો નાશ કરી, સંસારથી નિવૃત્ત થાય છે.'** આહા..હા..! જેને આત્મા પૂર્ણાનંદનો નાથ દૃષ્ટિમાં આવ્યો છે, પરિણતિ જેની શુદ્ધ થઈ છે, એમાં રહી શકતા નથી તેથી તેને શુભાશુભભાવ થાય છે, પણ એને છોડીને-શુભને છોડીને અશુભમાં જાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'એકાંત અભિપ્રાય રહિત છે...'** આહા..હા..! એકલા જાણવાના ભાવથી જ મુક્તિ થાય કે શુભભાવથી મુક્તિ થાય એમ એકાંત અભિપ્રાય જ્ઞાનીનો હોતો નથી. આહા..હા..!

**'તેઓ કર્મનો નાશ કરી, સંસારથી નિવૃત્ત થાય છે.'** લ્યો! આહા..હા..! જેટલો આત્મા પોતાના અવલંબનથી શુદ્ધ પરિણતિને પ્રગટ કરે છે, એને શુદ્ધ પરિણતિ પૂરી નથી એથી એને પુણ્ય અને પાપનો ભાવ આવી જાય છે, પણ એ પુણ્યને છોડીને પાપમાં પ્રવર્તે છે એકલો, એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એને શુભમાં હોય છે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, વ્રત, નિયમ, જાત્રા એવો ભાવ આવે છે, પણ એમાં એ ધર્મ માનતો નથી. હેયબુદ્ધિએ પ્રવર્તે છે એમ કહ્યુંને? આહા..હા..! આવ્યા વિના રહેતો નથી અને આદરણીય કરતો નથી. આહા..હા..! હેયબુદ્ધિએ વર્તે છે. હેયબુદ્ધિએ ન વર્તે અને રાગને ઉપાદેયબુદ્ધિ કરે તો મિથ્યાદૃષ્ટિ છે એ તો. આહા..હા..! આવો માર્ગ છે. હેય માર્ગ છે, હેયબુદ્ધિ છે. હેયબુદ્ધિ છે એનો વસ્તુ વ્યવહાર આવે ખરો, અશુભ પણ આવે પણ હેયબુદ્ધિએ, એમાં સુખબુદ્ધિ નથી, એમાં પ્રેમનો અંદર રુચિભાવ નથી. આહા..હા..! રુચિમાં પોષાણ નથી શુભ-અશુભનું, પણ નબળાઈને લઈને આવ્યા વિના રહેતો નથી. આહા..હા..! આવી વાત છે. એ તો અંદરની વાતું છે. અરે..! ચોર્યાસીના અવતાર રખડીને.. અહીં મોટો શેઠિયો હોય કરોડપતિ અને મરીને કૂતરીને કૂખે ગલુડિયું થાય. આહા..હા..! ગલુડિયા સમજો છો? પિલ્લા-પિલ્લા. આહા..હા..! કેમકે સ્વરૂપની દૃષ્ટિનું ભાન

નથી અને અશુભભાવ છોડતો નથી માયા, કપટ, કુટિલતા. આહા..હા..! એના ફળ તરીકે તો એ જ હોય. બીજું શું હોય? આહા..હા..! જ્ઞાનીનો એકાંત અભિપ્રાય હોતો નથી. વિશેષ અધિકાર કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૩, બુધવાર, તા. ૧૦-૧૧-૧૯૭૬, કળશ-૧૧૨, પ્રવચન નં. ૨૨૭

સમયસાર, ૧૧૨-કળશ, પુણ્ય-પાપનો છેલ્લો અધિકાર.

(मन्दाक्रान्ता)

भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।११२।।

શું કહે છે આ? છેલ્લી ગાથા છેને આ પુણ્ય-પાપની?

'**શ્લોકાર્થ :જેણે મોહરૂપી મદિરા પીધી હોવાથી...**' આહા..હા..! મિથ્યાશ્રદ્ધાના જોરથી. '**भ्रम-रस-भरात**' '**ભ્રમના રસના ભારથી (અતિશયપણાથી)...**' ભ્રમણાના રસના ભારથી વિશેષથી. આહા..હા..! '**भेदोन्मादं नाटयत्**' '**तत् सकलम् अपि कर्म**' '**શુભાશુભકર્મના ભેદરૂપી ઉન્માદને નચાવે છે.**' આહા..હા..! શુભભાવ ભલો છે, અશુભભાવ અઠીક છે એમ બેમાં ઉન્માદપણે બેના ભેદ પાડે છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય શુભભાવ એ ઠીક છે, ભેદ છે અને અશુભભાવ છે એ ભિન્ન છે—એમ બેનો ભેદ પાડે છે મિથ્યાત્વના જોરે, ભ્રમણાના રસમાં મિથ્યાત્વમાં, જેમ દારૂ પીને ગાંડા થઈ ગયા એમ કહે છે અહીં. આહા..હા..! દારૂ પીને જેમ પાગલ થઈ ગયા હોય એમ પુણ્ય અને પાપના ભાવમાં ભેદ પાડનારા પાગલ થઈ ગયા છે, કહે છે. આહા..હા..! આ આકરું લાગે છે લોકોને.

જે પરાશ્રય પરાલંબી પુણ્ય-પાપના ભાવ (છે) એ '**भ्रम-रस-भरात**' ભ્રમણાના રસથી-ભારથી, ભ્રમણાની અતિશયતાથી '**भेदोन्मादं नाटयत्**' ભેદના ઉન્માદને નચાવે છે. સમજાય છે? પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે, એમ પુણ્ય-પાપમાં આવા ભેદ પાડીને મિથ્યાદષ્ટિના રસમાં-ભ્રમમાં પડેલા બેનો ભેદ પાડે છે તે મિથ્યાત્વના રસમાં ગાંડા થઈ ગયા છે. હવે આવી તો વાત છે. આકરું પડે લોકોને. વ્યવહારથી થાય.. વ્યવહારથી થાય.. વ્યવરહારથી થાય એમ

કહે. શુભભાવથી ભલે ન થાય, પણ શુભભાવ છે એમાં કષાયની મંદતા છે, પણ એનાથી થાય એ મિથ્યાત્વના જોરથી મોહમદિરા પીધો છે એટલે આ બે ભેદ પાડે છે, કહે છે. આહા..હા..! એ કહે છેને અહીંયાં કે નિશ્ચયે થાય અને વ્યવહારથી પણ નિશ્ચય થાય, નહિતર એકાંત થાય છે એમ કહે છે. ધન્નાલાલજી! સાંભળ્યું છેને? એણે તો ઘણું સાંભળ્યું ત્યાં. આહા..હા..!

**શ્રોતા :—** પ્રમાણજ્ઞાન કરવું હોય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જ્ઞાન કરવાની ક્યાં વાત છે? આ તો બે છે એ તો જાણવાલાયક છે, પણ બે છે એમાં પુણ્યને કારણે ધર્મ થાય, પાપને કારણે ન થાય એમ વાત છે. આહા..હા..! શુભભાવથી શુદ્ધતા થાય, અશુભભાવથી ન થાય, એમ શુભ-અશુભમાં ભેદ પાડે છે. જાણવામાં તો શુભાશુભ બેય હોય છે. જેમ નિશ્ચયથી આત્મા સ્વને આશ્રયે સમ્યગ્દર્શન પામે છે અને સ્વને આશ્રયે સ્વસંવેદન પ્રત્યક્ષ અનુભવ થાય છે એ કાળે વ્યવહાર હોય એને જાણે છે. જાણવામાં ક્યાં વાંધો છે? હેય તરીકે જાણે છે. હોય છે, વ્યવહાર હોતો નથી એમ નહિ. પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી વ્યવહાર તો આવે છે, પણ એનાથી કલ્યાણ થાય અને એનાથી નિશ્ચય પમાય એ મોહરૂપી મદિરાના પીધેલા પાગલ લોકો માને છે એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :—** સાધન તો ખરુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સાધન કેવા? વિઘ્ન કરનાર છે. કર્મધારા બંધનું કારણ છે. કાલે કહ્યું નહોતું એમાં? કે કોઈ એમ માને કે મિથ્યાદષ્ટિના યતિપણા આદિ છે એ બંધનું કારણ, પણ સમ્યગ્દષ્ટિના યતિપણાનો વ્યવહાર છે એ બંધનું કારણ નથી. એ બેય જૂઠાં છે કહે છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિની યતિની ક્રિયા પંચમહાવ્રતાદિ એ પણ બંધનું જ કારણ છે. એમાં વળી સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનનો ફેર એમાં ક્યાં છે? આહા..હા..! કળશટીકામાં આવ્યું. કાલે કહ્યું હતું. આહા..હા..! ઝીણી વાત બહુ ભાઈ! વર્તમાનમાં લોકોને...

જે પરાશ્રયભાવ છે શુભ અને અશુભ બેય, એમાં પરાશ્રય શુભભાવ છે તે લાભનું કારણ છે, નિશ્ચયનું કારણ છે એમ જે કહે છે.. આહા..હા..! **'મોહરૂપી મદિરા પીધી...'** **'पीतमोहं'** મિથ્યાત્વરૂપી મદિરા પીધો છે કહે છે. આહા..હા..! શાંતિભાઈ! આવી વાત છે. આ આકરું લોકોને એવું લાગે છે બિચારાને. વ્યવહાર વ્રત, નિયમ, કરે ચારિત્ર તો એને સમકિત થાય. કહો, કનુભાઈ! આમ કહે છે આ. **'पीतमोहं'** **'જેણે મોહરૂપી મદિરા પીધી હોવાથી...'** એને લઈને ભ્રમ થઈ ગયો છે એને. આહા..! **'ભ્રમના રસના ભારથી...'** ભ્રમણાના એકાગ્રતાના વિશેષથી એ **'भेदोन्मादं नाटयत्'** એ પુણ્ય-પાપમાં, શુભાશુભમાં ભેદ પાડીને ગાંડપણને નચાવે છે. આહા..હા..! પહેલા શબ્દે આવું કહ્યું એમાં તો એ અનેકાંત થાય છે એમ કહે છે. શુભથી પણ થાય, શુદ્ધથી પણ થાય. અહીં કહે છે કે શુદ્ધથી થાય અને શુભથી થાય ભેગું માને તો એ એકાંત મિથ્યાત્વ દારૂ પીધો છે. આવી વાત છે. આહા..હા..!

**'भेदोन्मादं नाटयत्'** શુભાશુભમાં ભેદરૂપી ગાંડપણાને-પાગલપણાને, એ તો પાગલ છે,

પાગલપણાને પરિણમાવે છે. આહા..હા..! **'એવા સમસ્ત કર્મને...'** શુભભાવ હો કે અશુભભાવ હો, બેય વિકારી કર્મ છે. આહા..હા..! એ ધર્મ નથી, તે વસ્તુનો સ્વભાવ નથી. આહા..હા..! એથી **'સમસ્ત કર્મને પોતાના બળ વડે...'** ભાષા જુઓ! એ સ્વભાવના આશ્રયના બળ વડે પુણ્ય-પાપ બેયને નાશ કરે છે, એ ધર્મી છે. આહા..હા..! એ પોતાના બળ વડે. કર્મ મંદ પડે ને આમ થાય એમ પણ નહિ. ત્યારે કહે, બળ વડે પુરુષાર્થ તો તમારે નિયતમાં તો રહેતો નથી. જે સમયે જે પર્યાય થવાની એ થાય, એમાં ફેરફાર પણ ન કરી શકે. પણ બાપુ! જેને જે સમયે થાય એવો જેને નિર્ણય છે એને જ્ઞાયક ઉપર પુરુષાર્થ છે. આહા..હા..! એને 'જ્ઞાયકસ્વભાવ હું છું' એના પુરુષાર્થમાં જે સમયે જે થાય તેનું તે જ્ઞાન કરે છે. આમ વાત છે. શું થાય? માર્ગને ફેરફાર (કરી નાખ્યો). આહા..હા..!

**'એવા સમસ્ત કર્મને...'** સ્વાશ્રયના બળથી, પરાશ્રયના શુભાશુભભાવને **'मूलोन्मूलं कृत्वा' 'મૂળથી ઉખેડી નાખીને...'** શુભ ને અશુભને મૂળમાંથી ઉખેડીને. આહા..હા..! ગાયું જે ઘાસ ખાયને એ ઉપરથી ચરે. મૂળિયા સાજા રાખે. ગધેડા ખાય એ ખેંચીને ખાય. એમ અહીં ગધેડા શબ્દ જેવા જ્ઞાની પુણ્ય ને પાપને મૂળમાંથી ઉખેડી નાખે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં (ગધેડા) ડાહ્યા એમ એની સામે વાત છે. ઓલા ગધેડા છે. અહીં ડાહ્યા છે. અહીં ડાહ્યા છે. આહા..હા..! અરેરે..! એને સત્યની શ્રદ્ધાના ઠેકાણા ન મળે જેને. આહા..હા..! અરે.. પ્રભુ! એને વ્રત ને નિયમ કેવા? એ તો બધા બાળવ્રત અને બાળનિયમ છે. શું થાય? દુઃખ લાગે, લાગે માણસને. અહીં તો કહ્યું, બાપુ! તમને દુઃખ લાગે તો ક્ષમા કરો, બાપુ! આહા..હા..! તમારો આત્મા ભગવાન છે એ અમારો સાધર્મી છે. પર્યાયની વાત છે. એય..! આહા..હા..! ભાઈ! બીજું શું થાય આમાં? આમાં પક્ષપાત કોનો કરવો? વસ્તુની સ્થિતિ જ જ્યાં આવી છે. આહા..!

**શ્રોતા :—** જ્ઞાનીને દ્વેષ નથી થતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દ્વેષ નહિ. અરે..! વ્યક્તિ પ્રત્યે... એના ભાવને સેવે છે. વિરોધનું એનું ફળ, બાપુ! એ આકરું હોય. એની સાથે વિરોધ ન હોય. આહા..હા..! સત્યથી વિરુદ્ધ શ્રદ્ધાનું ફળ, ભાઈ! મિથ્યાત્વ અને એનું ફળ તો નરક અને નિગોદના દુઃખોનું વેઠવું, એવા પ્રાણી પ્રત્યે વેર ન હોય, વિરોધ ન હોય. સત્વેષુ મૈત્રી. બધા ભગવાન મૈત્રી છે. આહા..હા..! વસ્તુ તરીકે. વસ્તુ પરમાત્મસ્વરૂપ જ છે. એ તો એની પર્યાયમાં ભૂલ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'मूलोन्मूलं कृत्वा' 'મૂળથી ઉખેડી નાખીને...' 'ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे'** જુઓ! ઓલામાં પણ **'भरेण'** આવ્યું હતું, ભારથી. ભ્રમરસ. **'ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे' 'જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્યસહિત પ્રગટ થઈ.'** આહા..હા..! પુણ્ય અને પાપના ભાવને મૂળથી ઉખેડી નાખીને જ્ઞાનજ્યોતિ ચૈતન્યસૂર્ય ચૈતન્યના નૂરનું તેજ જેની પર્યાયમાં પ્રગટ થયું.

આહા..હા..! ચૈતન્યનો પ્રકાશ જેને પ્રગટ થયો. અંધકાર જે પુણ્ય-પાપના ભાવ અંધકાર, અજ્ઞાન, અવિદ્યા હતી. આહા..હા..! અરે..! આમાં હોશું શુભની શું કરવી? અને શુભથી ધર્મ માનનારને અનાદર શી રીતે કરવો? બેય વસ્તુસ્થિતિ જગતમાં છે. આહા..હા..!

અહીં કહે છે કે જ્ઞાનજ્યોતિ. ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાયકસ્વભાવ એનો આશ્રય લઈને જેણે પુણ્ય-પાપને મૂળમાંથી નાશ કર્યો એને જ્ઞાનજ્યોતિ અત્યંત અતિશયપણે પ્રગટ થઈ. નિર્મળ જ્ઞાનજ્યોતિ શુદ્ધ ચૈતન્યની પરિણતિ એને પ્રગટ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? **'ज्ञानज्योतिः भरेण' 'भरेण'** એટલે **'સામર્થ્યસહિત...' 'प्रोज्जजृम्भे'** 'પ્રગટ થઈ...' એમ. આહા..હા..! જ્ઞાનજ્યોતિ પોતાના અત્યંત સામર્થ્યસહિત શુભાશુભભાવને છેદીને. આહા..હા..! એવો જે ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશના સ્વાદથી પ્રગટ થયો. આહા..! જેને એ પુણ્ય-પાપનો સ્વાદ સંતાપરૂપ, દુઃખરૂપ, ક્લેશરૂપ, અસંતોષરૂપ (લાગ્યો). આહા..હા..! બેય ભાવ હતા એને છેદીને જેણે અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કર્યું, જેણે જ્ઞાનજ્યોતિ એટલે ભગવાન આત્મા ચૈતન્ય સ્વયં જ્યોતિ સુખધામ એનો આશ્રય લઈને જેણે જ્ઞાન જ્યોતિ પ્રગટ કરી. આહા..હા..! પર્યાયની વાત છે આ હોં! વસ્તુ તો હતી, પણ શુભ-અશુભને છેદીને વર્તમાન પર્યાયમાં જ્ઞાનજ્યોતિ નિર્મળપણે પ્રગટ થઈ. આહા..હા..! એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..!

**શ્રોતા :—** પર્યાય સામર્થ્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પર્યાયની વાત છે આ. સામર્થ્ય છે.

**'સામર્થ્યસહિત પ્રગટ થઈ.'** આહા..હા..! શુભાશુભમાં સામર્થ્ય તો હીન હતું. એને ટાળીને જેણે આત્માના સ્વભાવના શુદ્ધોપયોગનું સામર્થ્ય જેણે પ્રગટ કર્યું. આહા..હા..! અંતરના વીર્યની શક્તિ અંદરમાં વાળતા પુણ્ય-પાપનો છેદ થઈને અત્યંત પરિણતિ શુદ્ધ પરિણતિ, વીતરાગ પરિણતિ જેને પ્રગટ થઈ. આહા..હા..! રાગભાવ છેદાણો એટલે વીતરાગભાવ ઉત્પન્ન થયો એમ કહે છે. એ વ્યવહારરત્નત્રયનો રાગ છેદાણો એટલે અહીંયાં ચૈતન્યજ્યોતિ ઉગ્ર થઈ. એનાથી ઉગ્ર થાય એ વાત બહુ અત્યારે ફેરફાર થઈ ગયો છે. બહુ પ્રચાર બહુ બહાર ગયોને એટલે પછી થાય લોકોને. થોડામાં હતું ત્યાં સુધી કાઠિયાવાડમાં.. આ તો ચારે કોર ગયું પછી થાય માણસને. પાટણીનો કાગળ આવ્યો છે, રાતે આવજો વહેલા. એમ કે મુંબઈ ને મદ્રાસને છોડી દેવું, એમ કહે છે.

**શ્રોતા :-** જન્મજયંતિ અહીં ઘણાં વખતથી ઉજવાઈ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો જામનગરવાળો છેને. એની માગણી તો આ મુંબઈને લઈને. ૮૪માં તો એણે કહ્યું હતું. કાગળ આવ્યો છે મોટો પાટણીનો. ખીમચંદભાઈએ લખ્યું હશેને, એના ઉપર આવ્યો છે. પણ આ બધું એમ કે બધી .. વાત. આહા..હા..! અરે..! આવી વાત, પ્રભુ! તને શું થાય? ઉન્માદ છે, ઉન્માદ છે ભાઈ! આહા..હા..!

આ **'જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્યસહિત...'** છેને? **'भरेण'** એમ. **'અત્યંત સામર્થ્ય**

**સહિત...'** '**प्रोज्जृम्भे**' '**પ્રગટ થઈ.**' આહા..હા..! સ્વભાવની સન્મુખ થતાં અને વિભાવની વિમુખ થતાં.. આહા..હા..! વ્યવહારરત્નત્રયના રાગથી પણ વિમુખ થઈને, સ્વભાવની સન્મુખથી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ. આહા..! જેનું સ્વસંવેદન જ્ઞાનનું પોતાથી પોતામાં પ્રત્યક્ષ વેદન થયું. આહા..હા..! એ પોતાના બળથી થયું છે. સમજાણું કાંઈ? '**જે અજ્ઞાનરૂપી અંધકારને કોળિયો કરી ગઈ છે...**' આહા..હા..! પુણ્ય-પાપરૂપી ભાવ જે અજ્ઞાન છે, એ તો અજ્ઞાન છે એમાં કાંઈ જ્ઞાનજ્યોતિ નહોતી. શુભ-અશુભભાવ બેય અજ્ઞાન છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ નહિ, પણ એમાં જ્ઞાનનો-ચૈતન્યનો પ્રકાશ નહોતો. ચાહે તો શુભ હોય વ્યવહારરત્નત્રય કે અશુભ હોય, એમાં કાંઈ ચૈતન્યના પ્રકાશનો કિરણ નહોતો ત્યાં. આહા..હા..! એથી જ્ઞાનજ્યોતિ '**અજ્ઞાનરૂપી અંધકારને કોળિયો કરી ગઈ છે...**' કોળિયો કરી ગઈ, ભાષા લખી. કાંઈ ગણતરી ન રહી. આહા..હા..! અજ્ઞાનનો નાશ કરી નાખ્યો. આહા..હા..! શુભથી ધર્મ થશે અને અશુભથી નહિ થાય, શુભભાવ છે એ મોક્ષના માર્ગમાં થાય છે-એવી જે ભ્રમણા.. આહા..હા..! એને જ્ઞાનજ્યોતિએ '**અજ્ઞાનરૂપી અંધકારનો...**' નાશ કર્યો. આહા..!

'**हेला-उन्मिलत्**' '**જે લીલામાત્રથી...**' આહા..હા..! '**(-સહજ પુરુષાર્થથી)...**' લીલામાત્રથી એટલે રમત કરતાં-કરતાં. આહા..હા..! આત્માના અંદરમાં આનંદની લહેર કરતાં-કરતાં. આહા..હા..! શુભાશુભભાવ જે દુઃખ હતું એને મૂળમાંથી ઉખેડી નાખ્યું, અરે..! એની શું ચીજ છે એને હજી નજરમાં તો લે. આહા..હા..! સમજાણું કાંઈ? '**हेला-उन्मिलत्**' '**જે લીલામાત્રથી ઊઘડતી-વિકસતી...**' '**हेला**' એટલે લીલામાત્રથી. '**उन्मिलत्**' એટલે વિકસતી જાય છે. આહા..હા..! એ ચૈતન્યના નૂર જ્યોતિધામ ભગવાન એનો આશ્રય લઈને જેણે પુણ્ય-પાપને છેદ્યા છે એની જ્ઞાનજ્યોતિ નિર્મળ ઊઘડતી જાય છે. ક્ષણે... ક્ષણે... ક્ષણે... નિર્મળ જ્યોતિ પ્રગટ થતી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ. માણસને પરંપરાથી મનાણું હોય એમાં ફેરવવું પડે, આકરું બહુ પડે, આકરું પડે. એમાં પણ વળી શેઠિયાઓએ પક્ષ કર્યો કે આ થયું છે એ ખરાબ કર્યું છે. નેનવામાં. નેનવાને? નેનવામાં, ગોહાટીમાં. એ લોકો બિચારા ગળગળા થઈને શાહુજી.. આ ખરાબ કર્યું. એથી એ લોકો સામાવાળા વધારે ઉત્તેજિત થઈ ગયા છે. આ તો અમારી સત્ય વાત હતી એને ઉડાડી દીધી. બાપુ! એમ નથી, ભાઈ!

કુંદકુંદાચાર્યની ગાથાઓ, અમૃતચંદ્રાચાર્યની ટીકા, એનો અનુવાદ એ તો કુંદકુંદાચાર્યની વસ્તુ છે. સોનગઢથી થઈ છે. આહા..હા..! એ તો શ્રીમદ્‌થી થઈ છે. ત્યાંથી છપાણું છે. જગમોહનલાલે લખ્યું છે કે શ્રીમદ્ તરફથી સમયસાર છપાણું છે, સોનગઢથી છપાણું છે. એ તો કુંદકુંદાચાર્યની ચીજ છે. ગમે તે સંસ્થાથી છપાય. આહા..હા..! છે ભાઈ, વસ્તુ એવી. આહા..હા..! ભવભ્રમણના નાશ કરવાના કાળે આવી ભ્રમણા જાગે. આહા..હા..! અરે..! બાપુ! એ ભવભ્રમણ.. આહા..હા..! નિગોદ... નિગોદ... નિગોદ... આહા..હા..! કળીકાળ આવો!

**શ્રોતા :-** સત્ય વાત સામે આવી તો ખળભળાટ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખળભળાટ થઈ ગયો.

આહા..હા..! અહીં અમૃતચંદ્રાચાર્ય તો ખુલ્લું મૂકે છે. નાગા છે બાદશાહથી આઘા. સમાજમાં સમતોલ રહેશે કે નહિ, એની કાંઈ દરકાર નથી. માર્ગ આ છે, બાપા! અનંત તીર્થંકરો, અનંત સંતોએ આ પ્રવાહ કહ્યો છે. શુભાશુભને બંધનું કારણ ગણી.. એ તો ત્રણ વાત આવી ગઈ નહિ? શુભાશુભભાવ એની રુચિ એવો મિથ્યાત્વભાવ તે સમકિતનો ઘાતક છે અને શુભભાવ બંધરૂપ છે, એ અબંધસ્વભાવથી વિરુદ્ધ બંધરૂપ છે અને શુભભાવ એ સમ્યગ્દર્શન-જ્ઞાનથી વિપરીત ભાવ છે. શુભભાવની પ્રીતિ-રુચિ છે એ મિથ્યાત્વ છે. આહા..હા..! એ સાત ગાથામાં આવી ગયું. પહેલી ત્રણમાં એ આવ્યું કે સમ્યગ્દર્શન-જ્ઞાન જે ચૈતન્યના પરિણામ એમાં જે આ શુભભાવની રુચિ જે છે એ પરિણામની ઘાતક છે. હવે જે રુચિ શુભની ઘાતક છે, તે શુભભાવ આત્માને મદદ કરે સમ્યક્માં? પ્રભુ! આ કેમ બેસે? બાપુ! આહા..હા..! અને ક્યાંક કહ્યું હોય કે વ્યવહારથી ભેદ સાધક-સાધ્ય, એ તો સાધક આરોપથી કહ્યું, પ્રભુ! નહિતર તો વાણીનો વિરોધ થઈ જાય. સમજાણું કાંઈ? એક કોર એમ કહે કે ઘાતક છે અને બીજી કોર એ કહે કે સાધક છે, એ તો વિરોધ થયો. એનો વિરોધ ટાળવાનો ઉપાય શું? એ સાધક કહ્યું છે તે વ્યવહારનયના આરોપથી કહ્યું છે. આહા..હા..! અહીં સાધક જે થાય છે રાગથી ભિન્ન પડીને, પ્રજ્ઞાછીણીથી અનુભવથી સાધકપણું સાધે છે એને એ વ્યવહારરત્ન(ત્રયના) વ્યવહારભાવમાં વ્યવહાર સાધનનો આરોપ આપ્યો. એમ છે નહિ એને કહેવું, એમ. આહા..હા..! વસ્તુસ્થિતિ આવી છે. એમાં કોઈનો કાંઈ પક્ષ ચાલે નહિ.

**'લીલામાત્રથી...'** આહા..હા..! ચૈતન્યનો સ્વભાવ જ્યાં દૃષ્ટિમાં પકડ્યો અને જ્ઞાને તેને અનુભવ્યો અને સ્થિરતાની રમણતા જેને અંતર જામી.. આહા..હા..! એને શુભાશુભથી રહિત લીલામાત્ર(માં) આનંદની લહેર કરતાં-કરતાં આનંદની દશા વિકસતી જાય છે. આહા..હા..! એમ કેમ કહ્યું? કોઈ કહે કે ભાઈ શુભાશુભભાવથી રહિત ચારિત્ર એ તો બહુ દુઃખરૂપ છે. એ માટે કહ્યું, એ તો લીલામાત્રમાં આનંદની લહેર કરતો-કરતો સાધે છે. સમજાણું કાંઈ? આવી વાત છે. **'ઊઘડતી-વિકસતી જાય છે...'** ભલે શુદ્ધતા વધે પણ એ વધતા-વધતા ઓછા અંશનો ફેર, પણ છે તો શુદ્ધતા અને તે પણ અભેદ થતી જાય છે નિર્મળ દશા. આહા..હા..!

**'परमकलया सार्धम् आरब्धकेलि' 'જેણે પરમ કળા અર્થાત્ કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે...'** આહા..હા..! **'એવી તે જ્ઞાનજ્યોતિ છે. (જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ છદ્મસ્થ છે ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે,...'** પૂર્ણ કેવળજ્ઞાનની સાથે સાધકભાવ જે છે એ ક્રીડા કરે છે. અલ્પ કાળમાં એને કેવળજ્ઞાન થશે હવે. આહા..હા..! બીજ ઊગી છે એને તેર દિ'એ પૂનમ થયે છૂટકો. એમ જેને જ્ઞાનકળા જાગી, જ્ઞાનકળાએ મતિ-શ્રુતની કળાએ કેવળજ્ઞાનની કળા સાથે જોડી દીધી છે. આહા..હા..! શું કહે? બોલાવે છે (એમ) આવે છે આગમમાંષટખંડાગમમાં. સમ્યગ્જ્ઞાન જે મતિ અને શ્રુત થયું એ

કેવળજ્ઞાનને બોલાવે છે, આવો... આવો... આવો... અલ્પ કાળમાં આવો. આહા..હા..! અરેરે..! એવી વાતું ક્યાં છે ભાઈ, અને એના વિરોધની વાત, બાપુ! એ સંતોષ માનીશ પણ વસ્તુની સ્થિતિ નહિ અંદર આવે હાથ. આહા..હા..! અરેરે..! મિથ્યાત્વમાં તો ભવિષ્યમાં અનંતા નરક અને નિગોદના ભવ પડ્યા છે. આહા..હા..!

ભવનું નિવારણ કરવાનો ઉપાય તો આ છે. સ્વભાવની સન્મુખતા, સ્વભાવનો અનુભવ, સ્વભાવની આનંદદશાનું વેદન, આહા..હા..! એ કેવળજ્ઞાન સાથે ક્રિડા કરે. રમત માંડી છે કેવળજ્ઞાને સાથે. આહા..હા..! જેણે મતિ-શ્રુતજ્ઞાન પ્રગટ કર્યું તેણે કેવળજ્ઞાન સાથે ક્રીડા કરી. આ તે એનો અંશ છું. તે અંશીને મારે પ્રગટ કરવો છે. આહા..હા..! એમ કહીને એમ કહે છે કે શુભભાવ એ કોઈ અંશ નથી, સ્વભાવનો. વ્યવહારરત્નત્રયનો ભાવ એ કોઈ અંશ નથી, એ તો વિભાવિક ભાવ છે. આહા..હા..! અને એનાથી રહિત ભગવાન આત્માની શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યા એ તો સ્વભાવનો અંશ છે. કેવળજ્ઞાન સ્વભાવની પૂર્ણતા છે તે આ સ્વભાવનો અંશ પૂર્ણતાની સાથે ક્રિડા કરે છે. આહા..હા..! એ સાધ્યમાં એ છે એને. ધ્યેયમાં દ્રવ્ય છે, સાધ્યમાં કેવળજ્ઞાન છે. આહા..હા..!

'**કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી...**' એટલે કે પૂર્ણ પર્યાય છે તે જ વસ્તુ છે પર્યાયની, એમ એને શુદ્ધનયના બળથી, શુદ્ધનયની પૂર્ણતા કેવળજ્ઞાનમાં થાય છે. શુદ્ધનયનો વિષય છે એ તો પરિપૂર્ણ ધ્રુવ છે, પણ એનો આશ્રય બંધ થઈ જાય છે, આશ્રય લેવો બંધ થાય છે એવો જે શુદ્ધનયનો વિષય કેવળજ્ઞાનમાં કહેવામાં આવે છે. કેમકે કેવળજ્ઞાનમાં હવે કોઈ આશ્રય લેવો બાકી નથી રહ્યો. આહા..હા..! પૂરેપૂરો થઈ ગયો. એ છેને, આગળ આસ્રવમાં આવશે. એ શુદ્ધનયની પૂર્ણતા કેવળજ્ઞાનમાં થાય છે, એમ કહે છે. અહીં કહે છે કે શુદ્ધનયનો વિષય ધ્રુવ છે, પણ એ આશ્રય કરે છે જ્યાં સુધી ત્યાં સુધી પૂર્ણતા નથી. પૂર્ણતા થઈ એટલે આશ્રય કરતો નથી. એટલે ત્યાં શુદ્ધનય પૂર્ણ થઈ એમ કીધું. નહિતર શુદ્ધનયનો વિષય તો ધ્રુવ છે, પણ ધ્રુવનો આશ્રય જ્યાં સુધી લે છે ત્યાં સુધી એની પૂર્ણતા થઈ નથી અને પૂર્ણતા થઈ એને હવે ધ્રુવનો આશ્રય લેવાની જરૂર નથી. એથી કેવળજ્ઞાનના પર્યાયને શુદ્ધનય કીધી છે.

એક કોર શુદ્ધનય, '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભગવાન પૂર્ણાનંદનાથ સત્યાર્થ, ભૂતાર્થ ધ્રુવસ્વભાવ તે શુદ્ધનય છે, એમ કીધું છે ૧૧માં. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભગવાને ભૂતાર્થને શુદ્ધનય કીધી છે. આહા..હા..! એ વિષયની અપેક્ષાએ છે અને અહીં કેવળજ્ઞાન થતાં શુદ્ધનય પૂરી થાય છે એમ કહેશે. એ આશ્રય (લેવો) છૂટી જાય છે એ અપેક્ષાએ પૂરી થઈ જાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આસ્રવ અધિકારમાં એ છે. આવી વાત છે. આહા..હા..! અરે.. ભાઈ! એને હોંશથી હા તો પાડ. આહા..હા..! એનો વિરોધ ન કર, ભાઈ! વિરોધ થતાં તારો વિરોધ થાય છે. આહા..હા..! અને પુણ્યના

ભાવનું સમર્થપણું-બળપણું આવે છે અને પોતાનું બળપણું ત્યાં ઢંકાઈ જાય છે. આહા..હા..! શુભની હોંશુ કરતાં એની ભાવના થઈ જાય છે. ભાવના થતાં તો મિથ્યાત્વ (થાય), આસ્રવની ભાવના તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ચૈતન્યસ્વભાવની ભાવના એટલે એકાગ્રતા. એવી જે દશા પ્રગટી એ પૂર્ણ એકાગ્રતાને સાધે છે. એની સાથે ક્રીડા માંડી છે હવે. પૂર્ણ કરશે. આહાહા..! આવી વાત, બાપુ! આહા..હા..! આ વાત બેસવી અંતરમાંથી. ભવનો (અંત) જેને નજીક છે, ભવના આરા જેને નજીક છે એને આ બેસશે, બાપા! આહા..હા..! આમ છે.

જીવતી જ્યોતમાં આત્મા અસાધ્ય છે. અરે..! ગજબ છેને! દોઢ વર્ષની અસાધ્ય. આ બાઈ મરી ગઈને હમણાં. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. શાંતિલાલ ખુશાલ. ગોવા-ગોવા. દોઢ વર્ષ સુધી હેમરેજ. અસાધ્ય. અરે..! જીવતા જેને સાધ્ય ન મળે, વ્યવહારની સાધ્ય હોં! નિશ્ચયથી મિથ્યાદષ્ટિને સાધ્ય જ નથી, અસાધ્ય છે એ. આહા..હા..! એ અસાધ્યમાં પડ્યા છે. આહા..હા..! પુણ્ય-પાપના પ્રેમમાં પડ્યા એ અસાધ્ય છે અને એ અસાધ્યની દશામાં જવાના. નિગોદમાં અસાધ્ય છે તદ્દન. આહા..હા..! અક્ષરનો અનંતમો ભાગ જ ક્ષયોપશમનો ખુલ્લો છે નિગોદને. આહા..હા..! વસ્તુ છે એ તો પૂર્ણાનંદ છે એને પણ. સ્વભાવ છે નિગોદનો એ પૂર્ણ છે. પર્યાયમાં અક્ષરનો અનંતમો ભાગ. કેવળજ્ઞાન જે નાશ ન થાય એનો અનંતમો ભાગ ઉઘાડ છે. આહા..હા..! અક્ષર એટલે નાશ ન થાય. કેવળજ્ઞાન એ નાશ ન થાય. એનો અનંતમો ભાગ ઉઘાડ રહી ગયો છે ત્યાં.

જેણે સત્યના આળ આપ્યા છે કે આવું નહિ, આમ હોય, આવું ન હોય, આમ હોય એ સત્યને આળ દીધા છે. એ આળ દીધેલાની પર્યાય, પોતે જીવ છે એની તો ખબર નથી પણ બીજા જીવ માનવાને તૈયાર નહિ રહે. આ નિગોદના જીવ અને અનંતા જીવ આ. પણ જેણે પોતાની હયાતીને આળ આપ્યા છે કે પુણ્ય તે હું, રાગ તે હું, આ તે હું. આહા..હા..!

ચોથી ગાથામાં ન આવ્યું? **'सुदपरिचिदाणुभूदा'** ભલે નિગોદમાંથી નથી નીકળ્યા જીવો, છતાં ત્યાં તો એમ કહ્યું છે કે રાગની કથા તો એણે સાંભળી છે એટલે કે વેદે છેને રાગને. આહા..હા..! **'सुदपरिचिदाणुभूदा'** એણે રાગને સાંભળ્યો છે એટલે કે એ પરિચયમાં આવ્યો છે, એને વેદે છે. જે હજી ત્રસ થયો નથી, ઈયળ થયો નથી, એવા નિગોદના જીવ અનંતા. એને માટે એમ કહ્યું કે એણે રાગની વાત સાંભળી છે. સાંભળીનો અર્થ વેદે છે તો બધું સાંભળ્યું છે. આહા..હા..! એ રાગને જ વેદે છે. ભગવાન આનંદનો નાથ એક કોર પડ્યો રહ્યો છે. આહા..હા..! અરે..! માર્ગ તે અલૌકિક છે ભાઈ! એના ફળ પણ અલૌકિક સાદિઅનંત. ભૂતકાળની પર્યાય કરતાં ભવિષ્યની અનંતગુણી પર્યાય અને તે પૂર્ણ આનંદની પર્યાય એવો અનંતકાળમાં રહે, એનો ઉપાય તો અલૌકિક જ હોયને! આહા..હા..! એને દુનિયાનું સામું (જોવાનું) શું કામ છે? આહા..હા..!

'परमकलया सार्धम् आरब्धकेलि' આહા..હા..! **'શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા**

**કરે છે, કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ થાય છે.)'** આહા..હા..! એક કળશમાં કેટલી વાત મૂકી છે! આહા..! પૂર્ણ (સુધી) લઈ ગયા. શુભાશુભભાવમાં શુભ ઠીક છે અને અશુભ અઠીક છે મોહરૂપી મદિરા પીધેલા, ગાંડા થઈ ગયેલા ઉન્માદ... આહા..હા..! એણે આવા બે ભાવમાં બે ભેદ પાડ્યા, એના બંધનમાં બે ભાવભેદ પાડ્યા, આહા..હા..! એના ફળમાં જેણે બે ભેદ પાડ્યા. આહા..હા..! પુણ્યથી સામગ્રી સારી મળે, પાપથી ખરાબ મળે એટલો ફેર નથી? અરે.. ભાઈ! જરીએ ફેર નથી, બાપુ! સ્વર્ગની સામગ્રીમાં લક્ષ જાય છે તે દુઃખ છે. આહા..હા..! સુખ ક્યાં છે? સુખ ત્યાં છે સ્વર્ગમાં? સુખ તો અહીં અંદરમાં છે. એને ઠેકાણે સ્વર્ગમાં સુખ માને છે તો ભ્રમણા છે. આહા..હા..! દુઃખ છે, આકુળતા છે. આહા..હા..! અહીં કહે છે, **'શુદ્ધનયના બળથી...'** કેવળજ્ઞાન સાથે રમતું જેણે માંડી છે. આહા..હા..! એ રમતની પૂર્ણતા કેવળજ્ઞાન થયે થઈ જશે.

**'ભાવાર્થ :- પોતાને (જ્ઞાનજ્યોતિને) પ્રતિબંધક કર્મ...'** જોયું! **'કે જે શુભ અને અશુભ-એવા ભેદરૂપ થઈને નાચતું હતું...'** આહા..હા..! કર્મ તો એક જ જાત છે. શુભ અને અશુભભાવ કે બંધન તો એક જ જાત છે. એ ભેદરૂપ થઈને નાચતું હતું. એ જુદી જાત છે શુભભાવની અને અશુભની જુદી જાત છે, પુણ્યની બંધન પ્રકૃતિ જુદી છે અને પાપની પ્રકૃતિ જુદી છે, એમ ભેદરૂપે થઈને નાચતું હતું, પરિણમતું હતું **'અને જ્ઞાનને ભુલાવી દેતું હતું...'** આહા..હા..! **'તેને પોતાની શક્તિથી ઉખેડી નાખી...'** આહા..હા..! એટલે પુરુષાર્થ(થી) સ્વભાવનો આશ્રય લઈ... આહા..હા..! **'જ્ઞાનજ્યોતિ સંપૂર્ણ સામર્થ્યસહિત પ્રકાશિત થઈ.'** આહા..હા..! શું કહે છે આ વાત! આવો ધર્મ! અહીં તો કહે, વ્રત અને વ્રતના અતિચારો ટાળવા ને એ બધો રાગ અને આસ્રવ છે. વ્રતના અતિચાર ટાળે એટલે સંવર થાય? વ્રત પોતે જ સંવર નથી. આહા..હા..!

**'જ્ઞાનને ભુલાવી દેતું હતું...'** એટલે? શુભભાવ ઠીક છે અને અશુભ ઠીક નથી એમ ભ્રમણા, જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દ્રષ્ટા શુભાશુભથી ભિન્ન છે એને ભુલાવી દેતું હતું. આહા..હા..! **'તેને પોતાની શક્તિથી ઉખેડી નાખી જ્ઞાનજ્યોતિ સંપૂર્ણ સામર્થ્યસહિત પ્રકાશિત થઈ. આ જ્ઞાનજ્યોતિ અથવા જ્ઞાનકળા કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે...'** લ્યો! એમાં પણ તકરાર છે લોકોને કે કેવળજ્ઞાનનો અંશ આ હોય? કેવળજ્ઞાન પ્રગટે તો પૂર્ણ પ્રગટે, એનો અંશ કેવો? એમાં પણ તકરાર છે. આહા..હા..! પત્રોમાં આવે છે. આજનું કો'કનું લખાણ છે. આ હિન્દુસ્તાનમાં પત્રિકાઓ કેટલી છે એનું આખું લખાણ કર્યું છે. પત્રિકાઓ, પત્રો. કોકે લખ્યું છે. આપણા ઉપર આવ્યું છે. અહીંનું નામ છે. આત્મધર્મ-સોનગઢ. બધાની પત્રિકાઓ. એકે મહેનત કરી છે એક જણાએ. વિષ્ણુમાં, અન્યમાં, આમાં... આહા..હા..! આત્મધર્મ હિન્દુસ્તાનથી પ્રગટ થાય છે એમ લખ્યું છે. ભારતભરમાં જેટલી પત્રિકાઓ છેને એનું એક પુસ્તક રચ્યું છે એક જણાએ. મોકલ્યું છે, આજે અહીં આવ્યું છે. એમાં અહીંનું નામ છે. આત્મધર્મ માસિક

હિન્દી, સોનગઢથી સૌરાષ્ટ્રમાં એમ લખ્યું છે. બધાના નામ આપ્યા છે. કલ્યાણના ઓલાના. શ્વેતાંબરમાં નીકળે છે એના. આહા..હા..!

'**જ્ઞાનકળા કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે...**' અહીંયાં તકરાર કરે છે માણસ કે કેવળજ્ઞાન તો ઘાતિ છે તો ઘાતિ એકસાથે ટળે છે એનો થોડો અંશ ઉઘડે એ તો ક્ષયોપશમભાવનો છે. એ પત્રોમાં ચર્ચા આવી હતી. અહીં કહેવાયને કે એ અંશ ક્ષયોપશમ અંશ એના જેવો કેવળજ્ઞાનો અંશ છે.

**શ્રોતા :—** શ્રીમદ્‌ના વખતમાં પણ એ વાંધો હતો. એમના પત્રોમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, વાંધો આવેને. કેવળજ્ઞાનનો અંશ છે. ભાઈએ કીધું નથી ત્યાં? બનારસીદાસે ઉપાદાન-નિમિત્તમાં, પરમાર્થ વચનિકામાં, કેવળજ્ઞાનનો અંશ છે. શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે. શુભભાવમાં પણ શુદ્ધનો અંશ છે. એ ગ્રંથીભેદ થયા વિના એ શુદ્ધતાનો અંશ કામ નહિ કરી શકે. કેમકે જ્ઞાનનો અંશ જે વધી વધીને કેવળજ્ઞાન પામે તો શુદ્ધનો અંશ જો હોય તો એ વધી-વધીને યથાખ્યાત થાય. કાંઈ એકલો અશુદ્ધ જ હોય તો યથાખ્યાત થાય એમ બની શકે નહિ. એટલે યથાખ્યાતનો અંશ એ શુભમાં અંશ શુદ્ધતા છે. પણ કોને? ગ્રંથીભેદ થાય તેને એ કામ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર તો અભવીને પણ એ પ્રમાણે છે, પણ રાગની એકતા તોડે તેને શુભમાં શુદ્ધતાનો અંશ ચારિત્રનો છે કે જે શુદ્ધતા વધી-વધીને યથાખ્યાત થાય. એકલો જો અશુદ્ધભાવ હોય તો અશુદ્ધતામાંથી યથાખ્યાત ચારિત્ર પૂર્ણ ક્યાંથી થાય? એ સિદ્ધ કરવા આપ્યું છે. આહા..હા..! આ અંશ જે ક્ષયોપશમનો છે જ્ઞાનનો એ વધીને કેવળજ્ઞાન થાય છે અને શુદ્ધતાનો-ચારિત્રનો અંશ છે એ વધીને યથાખ્યાત થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અને કેવળજ્ઞાનના સંપૂર્ણ સ્વરૂપને તે જાણે છે...**' કોણ? મતિ અને શ્રુત કેવળજ્ઞાનનો અંશ.ઓલામાં લખ્યું નથી? આગમ શું કીધું? આ પરમાગમમાં. જયધવલ, જયધવલમાં છે. આટલો થાંભલો દેખે છે થાંભલો, એનો એક હાંસ છે એ થાંભલાનો અંશ છે. એક સ્તંભ-સ્તંભ મોટો હોયને. એને હાંસ હોયને? એ આખા અવયવી થાંભલાનો અંશ છે. જેણે અંશ જોયો એને અવયવી પણ દૃષ્ટિમાં આવ્યો છે, જયધવલમાં છે. અંશ છે. એ વળી જુદું. પણ આ તો અમથો અંશ છે એ પણ કેવળજ્ઞાનનો અંશ છે એ પરમાર્થ વચનિકામાં છે અને આ મતિ-શ્રુતનો અંશ છે ઉઘાડ એ કેવળજ્ઞાનનો અંશ છે, એ આ કહ્યું. ત્યારે કહે કે મતિ-શ્રુતનો ઉઘાડ તો ક્ષયોપશમભાવ છે. એ ક્ષાયિકનો અંશ ક્યાંથી આવ્યો? એમ વળી કહે છે. એ તો થાય તો આખું એકદમ ઉઘડે છે. થોડું ઉઘડે, વધારે ઉઘડે તો એને ઘાતિ કહેવાય કેમ? એમ કહે છે. દેશઘાતિ નથી. દેશઘાતિ તો આ ચાર મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય એ દેશઘાતિ છે. પણ બાપુ! કઈ અપેક્ષા છે?

અહીં શું કીધું? કેવળજ્ઞાન એ પરમકળાનો... જ્ઞાનકળા કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે.

સ્વભાવ છેને? મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ કહ્યું છે કે ઉઘાડનો અંશ છે એ સ્વભાવ છે અને એ વધી-વધીને કેવળજ્ઞાન થશે. અજ્ઞાનીનો અંશ જે ક્ષયોપશમ છે એ પણ એનો અંશ છે, એમ કીધું છે. એય..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં. આહા..હા..! શાસ્ત્રને આધારે બધી વાત કરી છે ટોડરમલે. પરલક્ષી છે પણ ક્ષયોપશમ અંશ છે એ. એનો સ્વભાવ અંશ છે એ. એ કાંઈ વિભાવ નથી, એ અપેક્ષાએ. આમ તો ચાર જ્ઞાનને વિભાવજ્ઞાન કીધા અને કેવળજ્ઞાનને સ્વભાવજ્ઞાન કીધું, નિયમસાર. એ અપેક્ષા બીજી. પૂર્ણ અને અપૂર્ણની અપેક્ષાએ. આ અપેક્ષા એ એની જાતની અપેક્ષાએ. આહા..હા..! મતિ અને શ્રુતનો અંશ જે સમ્યક્ થયો એ જ કેવળજ્ઞાનનો અંશ છે. સ્વરૂપને તે પૂર્ણ જાણે છે. મતિ-શ્રુત પણ બીજનો જે અંશ ઊગ્યો એ બીજ બીજને જાણે છે અને બીજ આખા ચંદ્રના આકારને પણ જાણે છે, બતાવે છે. આ ચંદ્ર ઊગે છેને. આહા..હા..! નીચલો અંશ છે એ એને બતાવે છે અને નીચલો અંશ પાછો પૂર્ણ ચંદ્ર એને પણ બતાવે છે, એમ મતિ-શ્રુતના જ્ઞાનનો અંશ કેવળજ્ઞાનને બતાવે છે. આહા..હા..! આવી વાતું બધી. એની મહત્તાની ખબર ન મળે. આહા..!

**'તેમ જ તે તરફ પ્રગતિ કરે છે,...'** પૂર્ણને જાણે છે અને પૂર્ણ તરફ પ્રગતિ કરે છે મતિ-શ્રુત. શુભાશુભભાવ પ્રગતિ નથી કરતાં એમ કહે છે. એ તો વિકાર છે. આહા..હા..! એમ કહે છે. શુભાશુભભાવ રહિત મતિ-શ્રુતજ્ઞાનની જે નિર્મળ પર્યાયનો અંશ છે એ અંશમાં કેવળજ્ઞાનની પ્રતીતિ છે પૂર્ણની અને તે અંશ આગળ વધીને પ્રગતિ પૂર્ણની કરે છે. એ પ્રગતિ વધે છે. આહા..હા..! જેમ બીજની ત્રીજ, ચોથ, પાંચમ, છઠ, સાતમ થાય, એમ મતિશ્રુતનો અંશ એ આગળ વધી-વધીને કેવળજ્ઞાનને પામશે. આહા..હા..!

**'તેથી એમ કહ્યું છે કે જ્ઞાનજ્યોતિએ કેવળજ્ઞાન સાથે ક્રીડા માંડી છે.'** આ એનો અર્થ કર્યો. **'જ્ઞાનકળા સહજપણે વિકાસ પામતી જાય છે...'** આહા..હા..! રાગથી ભિન્ન પડ્યું જ્ઞાન, એ કર્મ એટલે શુભાશુભભાવથી ભિન્ન પડ્યું જ્ઞાન એ સ્વયં જ્ઞાનજ્યોતિ પોતાથી વધતી જાય છે. આહા..હા..! એને રાગની મદદની જરૂર નથી. વ્યવહારરત્નત્રય થાય તો કાંઈક જરી વધે થોડું (એમ નથી). છોટાલાલજી એમ કહેતા એક ફેરી. છોટાલાલ બ્રહ્મચારી. ઈંદોર-ઈંદોર. વચમાં ફરી ગયું હતુંને, પછી અહીં આવ્યા પછી પાછુ ફેરવી નાખ્યું. જરી શુભમાં આવે તો એને વિશ્રામ મળે, પછી એને નિશ્ચય થઈ શકે. ઈંદોરવાળા નહિ? છોટાલાલ. પહેલા અનુકૂળ હતા. વચમાં રોટલા ન આપ્યા એમ કે આ તો તમારી શ્રદ્ધા સોનગઢની થઈ. રોટલા ન આપે એટલે પછી જરી ભળી ગયા પાછા. આહા..હા..! પછી પાછા ફરી ગયા. આવ્યા હતા. બધી વાત ખોટી મારી છે. બાપુ! આ તો માર્ગ સત્ય છે. આ કાંઈ કોઈ પક્ષ નથી, પણ આ તો અપૂર્વ વાત છે. આહા..હા..!

**'જ્ઞાનકળા સહજપણે વિકાસ પામતી જાય છે અને છેવટે પરમકળા અર્થાત્ કેવળજ્ઞાન થઈ જાય છે.'** આહા..હા..! અહીં સિદ્ધાંત શું સિદ્ધ કરવો છે? કે શુભ-અશુભભાવથી

ભિન્ન પડેલું જ્ઞાન વધીને કેવળજ્ઞાન થઈ જાય છે. એ શુભભાવથી, અંદર વચમાં પાછો આવશે શુભભાવ એનાથી કેવળજ્ઞાન થાશે એમ નહિ. જ્ઞાનીને એ શુભભાવ આવશે તો ખરો, પણ એનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે એમ નહિ. આહા..હા..! એ જેટલો અંશ શુભ-અશુભથી ભિન્ન પડીને નિર્મળ થયો છે એ નિર્મળ તે વધી-વધીને કેવળજ્ઞાનને પામશે. સમજાણું કાંઈ? શુભના અભાવથી, શુભના ભાવથી નહિ. શુદ્ધના ભાવથી શુદ્ધપણું પામશે. આહા..હા..! આવી વાતું હવે. માર્ગ એવો છે, બાપુ! આહા..હા..! અપૂર્વ! પૂર્વે કોઈ દિ' કર્યો નથી એથી એને અપૂર્વ લાગે પણ એની જાતની વસ્તુ છે, એના ઘરમાં પડી છેને. પોતે જ એ રૂપે છે પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપે છે સમયસાર. આહા..હા..!

'**ટીકા :-પુણ્ય-પાપરૂપે બે પાત્રરૂપ થયેલું કર્મ...**' છે? પુણ્ય અને પાપરૂપે બે પાત્રરૂપે થયેલું કર્મ '**એક પાત્રરૂપ થઈને** (રંગભૂમિમાંથી) **બહાર નીકળી ગયું.**' કર્મરૂપે થઈને નીકળી ગયું. બે પાત્ર છે એ નહિ. આહા..હા..! એ નીકળી ગયું. કર્મ છેને બેય, એમ એટલું અત્યારે. અને આના છેલ્લા અધિકારમાં તો એ જ કહ્યું છે ટીકામાં જયસેનાચાર્યની ટીકામાં કે પુણ્ય છે એ પાપ જ છે. ઓલામાં આવ્યું નહિ યોગસારમાં? 'પાપ પાપને સહુ કહે પણ અનુભવીજન પુણ્યને પાપ કહે.' લોકોને આકરું લાગે છે. શું થાય? ભાઈ! વસ્તુની સ્થિતિ જ એવી છે ત્યાં એને મચરડી-કચરડીને બીજી રીતે બેસાડે એ કાંઈ નહિ બેસે. આહા..હા..! એનો ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૪, ગુરુવાર, તા. ૧૧-૧૧-૧૯૭૬, કળશ-૧૧૨-૧૧૩, પ્રવચન નં. ૨૨૮

ભાવાર્થ. ભાવાર્થ છેને બાકી? અહીંયાં અધિકાર પુણ્ય-પાપનો ચાલે છે. જે શુભ અને અશુભભાવ... દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ ભાવ શુભ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના અશુભ. બેય ભાવ કર્મ છે, વિકાર છે, એમાં કોઈ ધર્મ નથી, તેમ એ ધર્મનું કારણ પણ નથી. આહા..હા..!

'**કર્મ સામાન્યપણે એક જ છે...**' પુણ્ય અને પાપ બે ભાવ એ વિકારી. કર્મ એક શબ્દે સામાન્યપણે એમાં બેય આવી ગયા. પુણ્ય અને પાપ બેય. આહા..હા..! '**તોપણ તેણે પુણ્ય-પાપરૂપી બે પાત્રોનો સ્વાંગ ધારણ કરીને...**' એક પુણ્યનો સ્વાંગ અને એક પાપનો ભેખ '**ધારણ કરીને રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો.**' જેમ નાટકશાળામાં પહેલો આવે છેને પ્રવેશ, એમાં રંગભૂમિમાં બે સ્વાંગ ધારણ કરીને આવ્યા હતા. કર્મ તો એક જ પ્રકાર છે.

આહા..હા..!

'**બે પાત્રોનો સ્વાંગ ધારણ...**' એક પુણ્યનો અને એક પાપનો. '**તેને જ્ઞાને યથાર્થપણે એક જાણી લીધું...**' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા એ જ્ઞાનના સ્વભાવથી જાણી લીધું કે બેય સામાન્યમાં કર્મમાં પુણ્ય અને પાપ બેય એક જ છે, બેમાં ફેર કાંઈ નથી. આહા..હા..! આવું જગતને ભારે કઠણ આ બધું પડ્યું. વ્યવહાર સાધન છે એ વાંધા ઉઠ્યા છે. આહા..હા..! નિયતનો વાંધો ઉઠ્યો અને એક આ વ્યવહારનો. આહા..હા..! એ તો ભગવાન પોતે કહે છે, જે જ્ઞેયની જે સમયની જે પર્યાય (થવાની) તે સમયે તે જ પર્યાય થશે. એ તો નિયત નિશ્ચય કીધું. તારાચંદજી! એ તો પ્રવચનસારમાં ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું, અમૃતચંદ્રાચાર્યે એની ટીકા કરી. આહા..હા..!

જે સમયમાં જે પ્રકારની જે પર્યાય થવાની તે થવાની. આહા..હા..! પણ એની દૃષ્ટિ ક્યાં જોઈએ? જે સમયમાં તે પર્યાય થાય એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જોઈએ. કેમકે એનો એ પર્યાય અંશ છે અને અંશીનો નિર્ણય કરતાં તે સમયે તે થાય છે તેમ નિર્ણય એમાં આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી અટપટી વાતું ઝીણી એટલે.. આહા..હા..! એવો માર્ગ વીતરાગનો સૂક્ષ્મ છે.

અહીં કહે છે, તેને જ્ઞાન યથાર્થ જાણી લે છે. પછી શુભભાવ હો કે અશુભ હોય, બેય બંધના કારણ છે. પુણ્ય એ સોનાની બેડી, પાપ એ લોઢાની બેડી. આહા..હા..! પુણ્યના ફળ તરીકે મળે તો એ બધો સંયોગી પુદ્ગલ મળે છે. પાપના ફળ તરીકે પણ પુદ્ગલની પ્રતિકૂળતા. બેય પુદ્ગલ જાત છે. આહા..હા..! પુણ્યથી આ પૈસા મળે, શરીર સુંદર મળે, સ્ત્રી કુટુંબ અનુકૂળ મળે, ધંધામાં ફાવટ આવી જાય એ બધા પુણ્યના ફળ, પણ એ તો બધી સંયોગી પુદ્ગલની વાતું છે. કહો, શેઠ! એ તો પુદ્ગલના ઢગલા છે આ તમારા ઘરે છે ઈ. આહા..હા..! મકાનો,..

**શ્રોતા** :— પુદ્ગલના ઢગલાંમાં ફેર છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ફેર જરીએ (નથી). પુદ્ગલ છે, અજીવ છે, અજીવ છે. આહા..હા..! ખરેખર તો જ્ઞાનનું એ જ્ઞેય છે, પર હોં, પરજ્ઞેય. આહા..હા..! એને ઠેકાણે ફેર પાડવો કે પુણ્ય અને પાપના ભાવમાં ફેર છે, પુણ્ય તે ઠીક છે અને પાપ તે અઠીક છે, એ ભાવ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગ જન્મ-જરા-મરણરહિત થવાનો (માર્ગ છે). જન્મ-જરા-મરણ ભલે સ્વર્ગનો કરે કે નરકનો, એ બધા દુઃખના પંથે પડેલા સંસાર કરે છે. આહા..હા..! એ પુણ્ય-પાપના પંથે પડ્યા એ દુઃખને પંથે પડ્યા છે એને આ સંસાર મળે અને ફળે છે. જ્ઞાન એને જાણી લે છે કે અરે..! હું તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. પુણ્ય-પાપની જાત એક જ કર્મ છે, બે જાત છે નહિ. આહા..હા..! આવી વાતું હવે માણસને ન બેસે એટલે શું થાય? એમ કહ્યુંને?

તેને '**જ્ઞાને યથાર્થપણે...**' યથાર્થપણે એક જાણી લે છે. ચાહે તો શુભભાવ હો કે અશુભ

(હોય), બેય કર્મ જ છે, વિકાર જ છે. બેય વિભાવ છે, એ વિભાવ ચંડાળણીના પુત્ર બેય છે. આહા..હા..! સ્વભાવ ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો પ્રભુ એવી જેને અંતરદૃષ્ટિ થઈ એ જ્ઞાનની પર્યાયમાં પુણ્ય-પાપને બેને એક જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. **'ત્યારે તે એક પાત્રરૂપ થઈને...'** જુઓ! ત્યારે તે એક પાત્રરૂપ થઈને નીકળી જાય છે. પુણ્ય અને પાપ બે સ્વાંગ લઈને આવ્યા હતા, એક પાત્ર છે. આહા..હા..!

અમારે ત્યાં પાલેજમાં થયું હતું એકવાર. એક નાટક આવ્યું હતું. ત્યાં મુસલમાનનું જોર છે. પાલેજમાં મુસલમાનનું જ ગામ છે પાલેજ. ગામ હોં! દુકાનો પછી નવી થઈ. એક આવ્યો નાટકવાળો તે નાટક પાડતો હતો. એમાં મુસલમાન હતા એ ગરતા હતા મફત. ઘણા મફત ગરે. હવે એ થવાનો હતો ભર્તૃહરિ અને વળી થયો પીંગળા પછી. એનો એ પીંગળા અને એનો એ ભર્તૃહરિ. પીંગળા વખતે એ વેશ અંદર પહેરતો હતો પીંગળાનો. આ લૂગડા નાખીને કપડું નાખીને. એમાં તકરાર મોટી થઈ બહાર એકદમ એટલે બહાર આવવું પડ્યું મેનેજરને. એણે કીધું, આ તો મેનેજર પીંગળા થઈને આવવાનો. મેનેજર હોયને એનો? વેશ છેને ભર્તૃહરિનો? ભર્તૃહરિનું નથી નાટક? ભર્તૃહરિ રાજા વિક્રમનું. એ ભર્તૃહરિ પણ પોતે થયેલો પહેલા. કારણ કે બેનો સાથે મેળ ન હોય. અને પીંગળાનો વેશ પહેરતો હતો અંદર રાણીનો. એમાં તકરાર થઈ તો એકદમ બહાર આવ્યો એમ ને એમ. કપડા હજી અડધા પહેર્યા હતી સ્ત્રીના. આ તો કીધું મેનેજર આ તો. સમજાણું શેઠ? એકનો એક માણસ બે પાત્ર ધારણ કરતો હતો.

એમ કર્મ જ બે ધારણ કરતા હતા પુણ્ય અને પાપ. એકરૂપે થઈને જ્ઞાને જાણ્યું કે આ તો પુણ્ય અને પાપ એક બંધનું કારણ છે, સંસાર છે. જ્ઞાનનો ભેખ જ્યાં ધારણ કર્યો અંદર 'હું જ્ઞાતા-દૃષ્ટા આત્મા છું' એણે પુણ્ય અને પાપમાં એક પાત્ર ગણીને એને કાઢી નાખ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? પણ લોકો એમ કહે, પુણ્યને લઈને આ બધા પાંચ-પચાસ કરોડ રૂપિયા ધૂળ મળે અને સુખી કહેવાય, બંગલા હોય. ધૂળમાંય નથી. બધા ભિખારા છે. આત્માની લક્ષ્મીની ખબર નથી એ પુણ્યના ફળ એને શું કામના? સમજાણું કાંઈ? આત્મા અંદર આનંદનો નાથ પ્રભુ જેના પાસે જતા આનંદ આવે. પુણ્ય-પાપ પાસે જતા તો આકુળતા આવે. આહા..હા..! પુણ્ય અને પાપના પરિણામમાં જતા તો દુઃખ થાય અને ભગવાન આત્માના પરિણામમાં જતા તો આનંદ આવે. જાત જ બે જુદી છે.

**શ્રોતા :—** આપે જે વાત કરી ઈ પુણ્ય તે ધર્મ નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ વખતની વાત છેને. પછી શું પણ? ધૂળ પુદ્ગલ છે. એ પુદ્ગલ બેય કીધા. આવી ગયું છે એ. પૈસા મળે એ પુદ્ગલ અને નિર્ધનપણું એ પણ પુદ્ગલનો અભાવ પુદ્ગલ છે. એમાં એકેયમાં આત્મા નથી ક્યાંય. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** પૈસા હોય તો આપની પાસે અવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળેય ન અવાય. એને લઈને અવાતા હશે? એમ કે પૈસા-બૈસા

હોય, નિવૃત્તિ હોય તો આવી શકાય. આ શેઠ-બેઠ આવે છેને ધનાલાલજી. છોકરાઓ કામ કરે એટલે હવે નિવૃત્તિ પૈસાને લઈને. એમ હશે? એ તો શુભરાગનો ભાવ આવે એટલે પરથી નિવૃત્તિનો ભાવ થાય, એમાં કાંઈ પુણ્ય કામ કરે એ કાંઈ છે નહિ. આહા..હા..! અને તે પણ શુભભાવથી નિવૃત્તિ નથી ખરી. ખરી નિવૃત્તિ તો શુભાશુભભાવથી રહિત થઈને અંતરમાં નિવૃત્ત સ્વભાવમાં જાય તેને નિવૃત્તિ કહેવામાં આવે છે. આહા..હા..! એવી છે વાત. શુભાશુભથી નિવૃત્તિ, પણ શુદ્ધની પ્રવૃત્તિ. એના એ બોલને શુભાશુભથી નિવૃત્તિ અને પુણ્ય-પાપના ભાવરહિત શુદ્ધ સ્વભાવના આશ્રયથી જે શુદ્ધભાવ થાય એ પવિત્ર. એ શુભથી નિવૃત્તિ, શુદ્ધમાં પ્રવૃત્તિ. એ શુદ્ધ પણ પ્રવૃત્તિ છે. સમજાય છે કાંઈ? એ તો શુભાશુભની અપેક્ષાએ નિવૃત્તિ, પણ પોતે શુદ્ધનું પરિણમન કરે છે એ પ્રવૃત્તિ છે. આહા..હા..! આવો માર્ગ ભારે આકરો!

'**એક પાત્રરૂપ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયું,...**' લ્યો. બેય એક જ જાત છે એમ કર્મ છૂટી ગયું. આહા..હા..! '**નૃત્ય કરતું અટકી ગયું .**' હવે સરવાળો કરે છે.

**આશ્રય, કારણ, રૂપ, સવાદસું ભેદ વિચારી ગિને દોઊ ન્યારે,**
**પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિ બંધ ભયે સુખદુઃખકરા રે;**
**જ્ઞાન ભયે દોઊ એક લખૈ બુધ આશ્રય આદિ સમાન વિચારે,**
**બંધકે કારણ હૈં દોઊ રૂપ, ઈન્હૈં તજિ જિનમુનિ મોક્ષ પધારે..**

'**આશ્રય,...**' અજ્ઞાની પુણ્ય પરિણામમાં મોક્ષનો આશ્રય, મોક્ષમાર્ગનો આશ્રય છે અને પાપમાં બંધનો, એમ ફેર પાડે છે અજ્ઞાની. '**કારણ,...**' પુણ્યબંધમાં શુભ પરિણામનું નિમિત્ત છે, પાપબંધમાં અશુભનું નિમિત્ત છે એ કારણમાં ફેર પાડે છે અજ્ઞાની. '**રૂપ,...**' એના શુભ-અશુભભાવમાં કષાયની મંદતા છે અને એકમાં તીવ્રતા છે. એવું અને સ્વાદ એનો અનુભવ, રૂપ એટલે બંધન. બંધ થવું પુણ્ય-પાપના રજકણોનું, પુદ્ગલનું. અને સ્વાદ. પુણ્યનો સ્વાદ જરી ઠીક છે અને પાપનો અઠીક છે એમ અજ્ઞાની ભેદ પાડે છે.

'**વિચારી ગિને દોઉ ન્યારે, પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિ બંધ ભયે સુખદુઃખકરા રે;...**' આહા..હા..! બેય પુણ્ય અને પાપ શુભાશુભભાવથી બંધ ભયે. એનાથી તો બંધ થાય. '**સુખદુઃખકરા રે;...**' સંસારના સુખ-દુઃખના ભાવ છે એમાં તો. સંસારનું સુખ એટલે અહીં દુઃખ. આહા..હા..! લક્ષ્મી, સ્ત્રીના વિષયો એ તરફ લક્ષ જતાં એતો એને અશુભભાવ અને પાપ છે, એકલું દુઃખ છે. મૂઢ છે એને ભાન નથી કે તે દુઃખ (છે). સુખ તે આત્મામાં છે. આત્મા આનંદસ્વરૂપ છે એમાં સુખ છે એને ઠેકાણે અહીં આનંદ માને છે, ભ્રમ છે અજ્ઞાનીનો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિબંધ ભયે...**' સુખદુઃખ બહારના અનુકૂળ-પ્રતિકૂળ સુખ-દુઃખના સંયોગ આવે છે. '**જ્ઞાન ભયે દોઉ એક લખૈ...**' સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન. આત્મા આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ એવું જ્યાં અંદરમાં ભાન થયું એને ધર્મ કહીએ. ધર્મીને

આત્માનું ભાન થતાં, ... વાણી, એને સાંભળવી અને એ વખતે શાતા કરવી. પંખા ખાવાને.. મોટા ઓલામાં પંખા નાખે છે. આહા..હા..! અરે..! પ્રભુ! એકવાર સાંભળવા ટાણે પણ તને બહારની અનુકૂળતાનો ભાવ એ તો મોટો પાપનો ભાવ છે, મહા અજ્ઞાનનું-મિથ્યાત્વનું પાપ છે. એય..! આહા..હા..! અહીં તો આચાર્ય કહે છે... **'જ્ઞાન ભયે દોઊ એક લખૈ...'** આહા..હા..! આત્મા આનંદનો નાથ પ્રભુ શુભાશુભ વિકારી પરિણામથી ભિન્ન છે એવું જ્યાં જ્ઞાન થયું. આહા..હા..! **'એક લખૈ...'** લખૈ એટલે જાણે. પુણ્ય અને પાપ બેયને એક જાણે. પુણ્ય-પાપના બંધને પણ પુદ્ગલ એક જાણે, એના ફળને પણ પુદ્ગલ એક જાણે. આહા..હા..! આવું આકરું. પૈસાવાળાને આમ ખમ્મા-ખમ્મા થાય લ્યો. ખુરશી મળે, પાંચ-દસ હજારનો પગાર હોય મહિને, પછી મોઢા આગળ ઓફિસર કહેવાય. એમાં ધૂળમાં શું થયું પણ હવે. દસ હજારના પગાર મહિને, એ તો લાખ-બે લાખ હોય તો શું થયું? એ તો ધૂળ છે.

**શ્રોતા :—** ધૂળ વિના ચાલતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ધૂળ વિના ચાલે છે. એ તો કહ્યું નહોતું એક ફેરી? સ્વદ્રવ્યે પરદ્રવ્યના અનંતના અભાવથી નભાવ્યું છે. સ્વવસ્તુમાં... આ એક આંગળી છે એમાં આ આંગળીનો અભાવ છે. એનો પોતાનો ભાવ છે અને આનો અભાવ છે ત્યારે તે ટકી રહી છે, એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ, નિર્મળાનંદ ચૈતન્યપ્રભુ જેમાં વિકારનો પણ અભાવ છે ત્યારે એ ટકી રહ્યો છે. આહા..હા..!

કર્મ, શરીર, પૈસા, સ્ત્રી એ તો બધા બહાર ક્યાંય ધૂળ બહારના ઢગલા, એનો તો વસ્તુમાં અભાવ છે. પોતાનો ભાવ અને પરનો અભાવ એ રીતે તો ટકી રહ્યો છે. પરને લઈને ટકી રહ્યો છે? આહા..હા..! કહો, રસિકભાઈ! શું હશે આ બધું? પૈસા-બૈસા છોકરા રળે ત્યારે નિવૃત્તિ મળે એટલે લ્યો પૈસાને લઈને છેને એટલી નિવૃત્તિ? જેને આજીવિકા કરવી હોય એ બિચારા શું કરે? એમ કોઈ કહે છે. ધૂળમાંય નથી ત્યાં હવે. આહા..હા..! નિવૃત્તિ તો અંદર પુણ્ય અને પાપના બે વિકલ્પથી નિવૃત્તિ કરે તેને નિવૃત્તિ કહેવામાં આવે છે. આહા..હા..! જેમાં જન્મના, મરણના અંત આવે એને નિવૃત્તિ કહીએ. આહા..હા..! ચોર્યાસીના અવતાર અટકી ગયા અને પરમ-પરમ પરમાનંદની દશા (પ્રગટ થઈ ગઈ). આહા..હા..! **'हेला-उन्मिलत्'** આવ્યું નહોતું? **'हेला-उन्मिलत्'** લીલાથી જેણે મોક્ષનો માર્ગ પ્રગટ કર્યો છે. આનંદથી. આહા..હા..! એ આવી ગયું હતું કળશમાં. આહા..હા..! આ વાત તો એવી છે કે જેને આત્મા શું ચીજ છે અને ધર્મ કેમ થાય એને માટે વાત છે. બાકી તો આ રખડવાની વાતું આખી દુનિયામાં (ચાલે છે). સંપ્રદાયમાં એ ચાલે કે આ દયા, દાન ને વ્રત કરો, તપ કરો, થશે કલ્યાણ. એ બધો સંસાર છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'જ્ઞાન ભયે દોઊ એક લખૈ...'** લખૈ એટલે જાણે. શુભભાવ હોય કે અશુભ હોય, બેય એક જ પ્રકાર વિકાર છે. આહા..હા..! પુણ્યબંધ પણ એક, પાપ પણ એક પુદ્ગલ છે

એ તો. એના ફળમાં પૈસો મળે અને નિર્ધન હોય એ બધી પુદ્ગલની જાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્ઞાન ભયે દોઊ એક લખૈ બુધ...'** જ્ઞાની. **'આશ્રય આદિ સમાન વિચારે,...'** બધો બંધને આશ્રયે રાગ થાય છે પુણ્યાદિ. આહા..હા..! **'બંધકે કારણ હૈં દોઊ રૂપ,...'** શુભ અને અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ પણ બંધનું કારણ. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, કમાવું એ ભાવ પાપ. બેય એક જાત છે. **'બંધકે કારણ હૈં દોઊ રૂપ, ઈન્હૈં તજિ જિનમુનિ મોક્ષ પધારે.'** એ જિનમુનિ વીતરાગતા થઈ તે મોક્ષ પધારે. એ રાગના ભાવને છોડી દઈને, એમ કહે છે. એ અધિકાર પૂરો થયો.

**'આમ, શ્રી સમયસારની (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં પુણ્ય-પાપનો પ્રરૂપક ત્રીજો અંક સમાપ્ત થયો.'** લ્યો.

---

# – ૪ –
# આસ્રવ અધિકાર

હવે, ચોથો આસ્રવ અધિકાર. શુભ અને અશુભભાવ બેય આસ્રવ છે. આહા..હા..! ત્યાં આગળ પુણ્ય-પાપની વ્યાખ્યા કરી હતી. હવે અહીંયાં એકલા પુણ્ય-પાપ બે ભાવ આસ્રવ છે એને આત્મા જીતે છે એનો અધિકાર લેશે. આહા..હા..!

**દ્રવ્યાસ્રવથી ભિન્ન છે, ભાવાસ્રવ કરી નાશ;**
**થયા સિદ્ધ પરમાત્મા, નમું તેહ, સુખ આશ.**

આ આત્મા દ્રવ્ય એટલે જડના આસ્રવથી તો જુદો છે ત્રિકાળ. બરાબર છે? પરમાણુ જે જડ છે એનાથી જુદો છે. દ્રવ્ય પરમાણુ, રજકણનો આસ્રવ એ તો અજીવ છે, એનાથી તો આત્મા જુદો છે સદાય. આહા..હા..! **'ભાવાસ્રવ કરી નાશ;...'** પણ જેણે ભાવાસ્રવ, પુણ્ય અને પાપના ભાવ વિકારી એનો જેણે સ્વભાવના આશ્રયથી નાશ કર્યો. આહા..હા..! **'થયા સિદ્ધ પરમાત્મા,...'** મોક્ષ પધાર્યા, પરમાત્મદશા થઈ. સિદ્ધ પરમાત્મા નમો સિદ્ધાણં. આહા..હા..! જેણે પુણ્ય અને પાપના બેય ભાવના આસ્રવનો નાશ કરી અને વીતરાગભાવે પોતે પરમાત્મપદને પામ્યા... આહા..હા..! એ આસ્રવથી પામ્યા નથી એમ કહે છે. બે માર્ગ છેને વ્યવહારમોક્ષમાર્ગ અને નિશ્ચયમોક્ષમાર્ગ? વ્યવહારમોક્ષમાર્ગનું ફળ વ્યવહારમોક્ષ, નિશ્ચયમોક્ષમાર્ગનું ફળ નિશ્ચયમોક્ષ, એમ બે હશે? આહા..હા..! શું થાય? માણસને પક્કડ થઈ જાય છેને. પુણ્યની

મીઠાશ લાગે છે. આ ભભકા બહારના દેખાયને પૈસા, આબરૂ, કીર્તિ, બાયડી, છોકરા, ખુરશીયું, મખમલના કપડા, કોટ ને આમ. ધૂળમાંય ફેર નથી. સોનાની લાકડીયું સોનાના ઓલાવાળી. ચાલે તે. મુઠ-મુઠ. સોનાની મુઠ માથે અને રૂપાની અને સોનાની લાકડી. આહા..હા..! શું છે? ધૂળ છે? સાંભળને. એ માને છે એ તો અજ્ઞાની છે, મૂઢ છે. આહા..હા..!

બાળકનો દાખલો નહોતો આપ્યો? જેઠ મહિનાની ગરમી આકરી હોય અને દૂધ પીધું હોય ઘણું-ઝાઝું છોકરાએ. વર્ષ-દોઢ વર્ષનું બાળક હોય. વધારે દૂધ પીધું હોય એટલે પછી શેરણું થઈ જાય દસ્ત પાતળું અને જેઠ મહિનાનો તડકો હોય એટલે એને હાથ નાખે તો ઠંડી લાગે એને બાળકને. બહુ દૂધ પીવાઈ ગયું. પાયું એની માએ પાયું ત્યાં એક બીજી વળી આવી એણે પાયું. શેરણું થઈ ગયું, દસ્ત થઈ ગયો. ઠંડુ-ઠંડુ લાગે બાળકના હાથને. એ ચાટે. ઠંડુ લાગે એટલે ચાટે. એવું આ પુણ્યના ફળના ભોગના ચાટવું બાળકને છે અજ્ઞાનીને. સમજાણું કાંઈ? આકરું લાગે.

કેમ નથી આમાં લખ્યું આપણે? ઈંદોરમાં કાચના ઓલામાં. 'ચક્રવર્તીની સંપદા ઈન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક'. આહા..હા..! કાગની વિષ્ટા. કૌઆ-કૌઆ. એની વિષ્ટામાં તો ખાતર પણ ન થાય, ભૂંડ પણ ન ખાય. હજી માણસની વિષ્ટામાં ખાતર થાય. ખાતર સમજ્યા? ખાત. ખાત થાય, ભૂંડ ખાય. એ 'કાબ વિટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક'. પુણ્ય અને પાપના ફળ, ચક્રવર્તીના પદ અને ઈન્દ્ર સરીખા ભોગ. આહા..હા..! જેને કરોડો અપ્સરાઓ, જેને દેવ-દેવીના સંયોગનું પુણ્યનું ફળ, સમ્યગ્દૃષ્ટિ કાગ વીટ સબ માનત હૈ. કૌઆની વિષ્ટા સમાન એ સમકિતી માને. આહા..હા..! પુણ્યને વિષ્ટા કીધી એની ચર્ચા કરે છે. રાડુ પાડે છે. ભાઈએ નાખ્યું છેને, સોગાનીએ. પુણ્ય એ વિષ્ટા છે. વિષ્ટાના ઢગલા ઉપર બેઠો છે એ પુણ્યના ફળવાળો. ધૂળમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મહા આત્મા પવિત્રતાનો પિંડ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ અંદર સત્ શાશ્વત જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનું ઘર જેનું છે, એ ઘરમાં આવતો નથી અને પરઘરમાં વ્યભિચારી થઈને સુખ માને છે. આહા..હા..! એ વિષ્ટા કીધી છે. સિદ્ધાંતમાં તો એને ઝેર કીધું છે. મોક્ષ અધિકાર, શુભભાવ એ ઝેરનો ઘડો કીધો છે. વિષકુંભઝેરનો ઘડો. આહા..હા..! પાપના પરિણામ તો ઝેરનો ઘડો છે જ—હિંસા, જૂઠ્ઠુ, ચોરી, વિષયભોગ, કામ, ક્રોધ, માન; પણ શુભભાવ પડિક્કમણું, પડિસરણ આવે છેને આઠ બોલ, એ વિષકુંભ છે, ઝેરનો ઘડો છે. ભગવાન આત્મા અમૃતનો સાગર છે. ક્યાં પણ એને (ખબર છે). આહા..હા..! બે બીડી સરખી પીવે ત્યારે પાયખાને જંગલ ઉતરે ભાઈસાહેબને. આવા તો એના અપલખણ. એને એમ કહે કે તું ભગવાન આત્મા પુણ્ય-પાપરહિત છો. કયે માપે માપ કાઢે? આહા..હા..! બાપુ! તને માપ કાઢતા આવડ્યું નથી પ્રભુનું. આહા..હા..! જેના શુદ્ધ પરિણામ ચૈતન્યની સન્મુખ થઈને થાય છે એ પરમાત્મા અંદર પૂર્ણાનંદનો નાથ એ પુણ્ય-પાપના ભાવથી રહિત થઈને

શુદ્ધ પરિણામે પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાસ્રવ કરી નાશ; થયા સિદ્ધ પરમાત્મા, નમું તેહ સુખ આશ.**' મારા આનંદની આશાથી હું ભગવાનને નમું છું. બસ! એટલી ભાષા છે. '**નમું તેહ સુખ આશ.**' અતીન્દ્રિય આનંદના સુખની અભિલાષા છે, બીજી કોઈ અભિલાષ છે નહિ. કે ભાઈ, પુણ્ય થશે તો સ્વર્ગમાં જાશું અને ધૂળ મળશે લક્ષ્મી બે-પાંચ કરોડ ને... આહા..હા..! હું તો ભગવાન આવાને પુણ્ય-પાપના ભાવનો નાશ કરી, આસ્રવનો નાશ કરી અને થયા સિદ્ધ ભગવાન એને સુખની આશાએ નમન કરું છું. એમાં નમન કરું છું તો પછી આનંદની સુખની આશાએ? કે પુણ્યના સુખની આશાએ? લખાણ શું આવે આમાં? મારી અભિલાષા તો અતીન્દ્રિય આનંદની છે. સમજાય છે? નમન કરું છું એ વિકલ્પ છે. આહા..હા..! નમન કરું છું એ વિકલ્પ શુભરાગ છે, પણ મારી અભિલાષા તો અંદર આનંદની પ્રાપ્તિ થાય એ છે. નમન કરવાથી થાય એમ નહિ. આહા..હા..! શૈલી તો એવી જ આવેને. શું આવે?

'**પ્રથમ ટીકાકાર કહે છે કે હવે આસ્રવ પ્રવેશ કરે છે. જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર માણસ સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે...**' પહેલા નાટકમાં આવે છેને કે નાટકમાં પહેલો નારદ આવે. મોટું નાટક હોય છેને. અમે તો જોયા છેને મોટા-મોટા નાટક. અનસૂયાના, મોટા ભર્તૃહરિના, નરસિંહ મહેતાના, ઘણા સંસારમાં જોયેલા. ૬૩ વર્ષ પહેલાં. ફિલ્મો પણ જોયેલી. મુંબઈ માલ લેવા જતાં. ફિલ્મ પણ જોયેલી મોટી ફિલ્મ. પણ એ ૧૭ વર્ષથી ૨૨ વર્ષ, પાંચ વર્ષની રમતું. આહા..હા..!

નારદ આવે પહેલો. ચોટલીને.. 'બ્રહ્માસૂત હું નારદ કહાવું જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.' એ આવે. આહા..હા..! ચોટલી હોય માથે. નાટક મોટા જોયા છેને. અને પછી એની ચોપડી હોય છે. એ ચોપડી લઈએ. બાર આના નાટકના અને બાર આનાની ચોપડી. તમે શું બોલો એ અમારે સમજવું જોઈએને, છેટે બેઠા છીએ. એમાં આ બોલતો. વડોદરાની વાત છે. ૬૪ની સાલની વાત છે લ્યો. સંવત્ ૧૯૬૪. કેટલા વર્ષ થયા? ૬૯. ૭૦માં એક ઓછો. ત્યાં આવે અંદરથી 'બ્રહ્માસૂત હું નારદ કહાવું.'

અહીં નાટકમાં પહેલું આવે છે કે આનંદ સૂત હું પરમાત્મા કહેવાઉ. જ્યાં હોય કુસંપ ત્યાં સંપ કરાવું. આહા..હા..! ભગવાનની સાથે જેને પ્રીતિ નથી અને પુણ્ય-પાપની જેને પ્રીતિ છે એ તોડાવીને ભગવાનની સાથે પ્રીતિ કરાવું હું તો. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગના નાટકની શરૂઆત અહીંથી થાય છે.

'**નૃત્ય કરનાર માણસ સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ અહીં આસ્રવનો સ્વાંગ છે.**' પુણ્ય અને પાપ બેય આસ્રવ છે, નવા આવરણો આવવાનું કારણ છે. જેમ વહાણમાં છિદ્ર હોતાં છિદ્ર, પાણી આવે છે, એમ ભગવાન આત્મામાં પુણ્ય-પાપના છિદ્ર પડ્યા આસ્રવના તો એને આવરણકર્મનું આવરણ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**સ્વાંગ**

છે. તે સ્વાંગને યથાર્થ જાણનારું સમ્યગ્જ્ઞાન છે; તેના મહિમારૂપ મંગળ કરે છે : —' હવે સમ્યગ્જ્ઞાનની મહિમાનું મંગળ પહેલું અહીં કરે છે. મંગળિકમાં નાટકનો આ અધિકાર પહેલો છે. સમ્યગ્જ્ઞાનરૂપી મંગળિક, એની મહિમા પહેલી અહીં કરે છે. ૧૧૩.

(द्रुतविलम्बित)

अथ महामदनिर्भरमन्थरं
समररङ्गपरागतमास्रवम्।
अयमुदारगभीरमहोदयो
जयति दुर्जयबोधधनुर्धरः।।११३।।

આહા..હા..! **'હવે સમરાંગણમાં આવેલા,...'** રણમાં જેમ યોદ્ધો આવે એમ સમરાંગણમાં આસ્રવ આવ્યો. આહા..હા..! નાટકથી વાત કરી છેને. સમયસાર નાટક છેને આ. સમરાંગણ એટલે જ્યાં લડાઈ ચાલે ત્યાં. **'મહા મદથી ભરેલા મદમાતા આસ્રવને...'** મહામદથી અભિમાનથી ભરેલો મદમાતા. મોટા મુનિઓને પણ મેં પછાડ્યા છે. શુભભાવની લાલચ કરાવીને ધર્મ થાય એને મેં પછાડ્યા છે, આસ્રવ (કહે છે). આહા..હા..! આસ્રવને મદ ચડ્યો છે. મેં મોટા મહંત દિગંબર સાધુ થાય, અઠ્યાવીશ મૂળગુણ પાળે, પંચમહાવ્રત પાળે એને મેં પછાડ્યા છે. એ પંચમહાવ્રતના આસ્રવથી મને લાભ થાશે, એને પછાડ્યા છે, મેં મિથ્યાત્વમાં નાખ્યા. આસ્રવને મદ ચડ્યો છે, મોટા મહંતને પાડ્યા છેને મેં. તું કોણ સાધારણ? આહા..હા..!

**'મહા મદથી ભરેલા મદમાતા...'** એમ. આહા..હા..! ઓલા બ્રાહ્મણનું આવે છેને મંથર. **'આસ્રવને...'** મહામદથી ભરેલો પુણ્ય-પાપનો ભાવ આસ્રવ, મેં ઘણાને જીતી લીધા છે. હું સમરાંગણમાં યોદ્ધો છું રણમાં આવેલો હું એક યોદ્ધો છું. આસ્રવે મદથી એમ કહ્યું. આહા..હા..! એ **'આસ્રવને આ દુર્જય જ્ઞાન-બાણાવળી...'** આહા..હા..! જ્ઞાન-બાણાવળી દુર્જય તેને જીતવું કઠણ છે. આહા..હા..! જે ભગવાન ચિદાનંદની મૂર્તિ છે એનું જેણે અંતરમાં જ્ઞાન કર્યું. આહા..હા..! એ જ્ઞાનરૂપી દુર્જય બાણાવળી છે. આહા..હા..! જેમ અર્જુન બાણાવળી હતા, અર્જુન. એને બાણાવળી-આવળી એટલે બાણ ઉપર બાણ, બાણ ઉપર બાણ, આવળી આમ ધારા ચાલે; એમ આ જ્ઞાન-બાણાવળી છે. પુણ્ય-પાપથી રહિત જ્યાં આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાન બાણાવળી છે. ક્રમે-ક્રમે એ બાણ છૂટે છે આસ્રવને જીતવા અને સંવરની દશાને વધારે છે, એવી જ્ઞાન બાણાવળી તે પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું, લ્યો.

**'દુર્જય જ્ઞાન બાણાવળી...'** છેને? **'धनुर्धरः'** એમ છેને? **'दुर्जयबोध' 'दुर्जयबोध'** એટલે જ્ઞાન. **'धनुर्धरः'** બાણાવળી. ધનુષ નામ ધરનાર. એને જીતી લે છે. આહા..હા..! 'હું તો આનંદકંદ જ્ઞાનાનંદ સ્વરૂપ છું' એવો દૃષ્ટિનો અનુભવ થઈને એ આસ્રવને જીતી લે છે. આહા..હા..! આ ધર્મ. આવી વાત છે. આસ્રવને મદ કહ્યો હતો અભિમાની, ત્યારે જ્ઞાનને દુર્જયબોધ ધનુર્ધર કહ્યો. આહા..હા..! એના વિશેષણો વધારી નાખ્યા. આહા..હા..! જે આત્મા

આનંદસ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ પ્રભુ આત્મા, સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો સાગર એનો જેને અંતર અનુભવ થયો એણે પુણ્ય-પાપના ભાવને જીતી અને જ્ઞાનની બાણાવળી ધારા સંવરની વધી ગઈ એને. એક પછી એક શુદ્ધિની વૃદ્ધિ ત્યાં થાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** જ્ઞાનનું બાણ કેવું હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકાગ્રતા શુદ્ધતામાં થઈ એ જ્ઞાનનું બાણ. જેવો એ પુણ્ય-પાપમાં એકાગ્ર થતો એ આસ્રવ, એ વિકાર, એ દુઃખ, એ વિભાવ, એ સંસાર. એમાંથી નીકળીને ભગવાન ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ, અરે! પણ એ કોણ છે એની ખબર ક્યાં છે એને? આત્મા એટલે શું? આ કરે, આ પાપ કરે, પુણ્ય કરે, વેપાર કરે, ધંધો કરે એ આત્મા છે. આહા..હા..! ધૂળેય નથી. તને ખબર નથી આત્માની. આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે, પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. આહા..હા..! એક સમયની વર્તમાન પર્યાયની પાછળ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે. જેણે પર્યાયને આત્મા તરફ વાળી એવી જે જ્ઞાનદશા બાણાવળી.. આહા..હા..! જ્ઞાનની એકાગ્રતાની ધારાવાહી પ્રવાહ ચાલે છે ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુસ્વભાવ પૂર્ણ પ્રભુ ચૈતન્યકંદ છે એના ઉપર દૃષ્ટિ જતાં જે જ્ઞાનધારા અને આનંદધારા પ્રગટ થઈ તે ધનુર્ધર બોધ બાણાવળી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**दुर्जयबोधधनुर्धरः**' આહા..હા..! જે પરિણામમાં પુણ્ય-પાપ થતાં તે પરિણામે સંવરને જીતી લીધા હતા, તે પરિણામ છૂટીને જે પરિણામ સ્વભાવમાં ગયા તે પરિણામ જ્ઞાનના ધારાવાહી પરિણામ થતાં અશુદ્ધતાને જીતી લે છે. જેમ અર્જુનનું બાણ પાછું ન ફરે.. આહા..હા..! જેમ રામચંદ્રજીનું બાણ ફરે નહિ. બાણ માર્યું એ મરી ગયે છૂટકો. એમ ભગવાન આત્મરામ... આહા..હા..! એનો જ્યાં અંતરમાં સ્વીકાર થયો, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ભગવાન અંદર પડ્યો.. આહા..હા..! એનો સ્વીકાર થતાં જે જ્ઞાનધારા, આનંદધારા, શ્રદ્ધાધારા, સંવરધારા, નિર્જરાધારા પ્રગટ થઈ. આહા..હા..!

**શ્રોતા :—** આસ્રવને મારી નાખ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મારી નાખ્યાં. કહો, દેવીલાલજી! આવી વાતું છે, ભાઈ! ઓલા કહે કે વ્રત કરો, અપવાસ કરો, જાત્રા કરો, ભક્તિ કરો એટલે થઈ રહ્યું. એને સમજવાનું કાંઈ રહ્યું નહિ. એમને એમ મરી જવાના રાગમાં. એ તો રાગ છે ક્રિયા. આહા..હા..! રાગ તો આસ્રવ છે. આહા..હા..!

પરદ્રવ્યના અવલંબનથી થતી દશા તે આસ્રવ છે. એણે સ્વદ્રવ્યના અવલંબને પ્રગટ કરેલી જ્ઞાન બાણાવળી એ આસ્રવને જીતે છે. પરના અવલંબને થતાં પરિણામને સ્વના અવલંબે જીતે છે. એક જ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાતું બાપુ, આ તો. આહા..હા..! એની શ્રદ્ધામાં તો લેને એ વાત પહેલી. આહા..હા..! સ્વ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, જેનો અતીન્દ્રિય સ્વાદ આવતા જેની પાસે ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલાં મડદા મિંદડા જેવા લાગે.

સડેલાં મિંદડા, બિલાડી ને કૂતરા સડેલાં હોય એવું લાગે. આહા..હા..! જેને દુનિયા ભોગમાં અને આનંદમાં મઝા માને છે મૂઢ જીવ, જ્ઞાનીને ત્યાં દુઃખ-ઝેર લાગે છે. આહા..હા..! એવો જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા... અરે..! એ શું? જ્ઞાનસ્વરૂપ એટલે શું? આ શાસ્ત્રનું જાણવું અને આ જાણવું એ જ્ઞાન? એનો સ્વભાવ જ જ્ઞાનસ્વરૂપ જ ભગવાન છે. જેમ સાકર ગળપણસ્વરૂપે છે, અફીણ કડવાસ્વરૂપે છે, એમ ભગવાન જ્ઞાનસ્વરૂપે છે. એનું સ્વ-રૂપ જ એ જ્ઞાન છે. આહા..હા..!

'**દુર્જય જ્ઞાન-બાણાવળી...**' બાણાવળી સમજ્યા? બાણની આવળી-ધારા. એક પછી એક પછી એક ધારા છૂટે. આહા..હા..! આત્માના અંતરમાં પુણ્ય-પાપના ભાવથી રહિત થઈને જ્ઞાયકભાવનો આશ્રય લઈને જે જ્ઞાનધારા સમકિતધારા, આનંદધારા, સ્વસંવેદનધારા (પ્રગટ થઈ) એ બાણાવળી. એ જ્ઞાનરૂપી બાણની ધારા. આહા..હા..! આનું નામ ધર્મ. '**જીતે છે**' '**દુર્જય જ્ઞાન બાણાવળી જીતે છે...**' કોને? આસ્રવને. આહા..હા..!

'**उदारगंभीरमहोदयः**' '**જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય ઉદાર છે...**' આહા..હા..! '**(અર્થાત્ આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે)...**' આનંદમાંથી. આહા..હા..! ભગવાન દરિયો છે અંદર, આનંદનો દરિયો છે, પુરુષાર્થનો દરિયો છે, સ્વભાવનો સાગર છે, ગુણનું ગોદામ છે. આ હવે ક્યાં બેસે એને? અહીં જરી એક બીડી બે પીવે ત્યાં રાજી- રાજી થઈ જાય. એમાં કાંઈક બે-પાંચ હજાર મળે જો ત્યાં તો લાપસી કરો આજ લાપસી. પૈસા પેદા થયા છે પાંચ હજાર. આવા ભીખારા. એને આત્મા આનંદલક્ષ્મીવાળો છે એ કેમ બેસે એને? આહા..હા..!

જેનામાં અનંત આનંદ અને અનંતજ્ઞાનની લક્ષ્મી પડી છે અંદર. એ જેનો '**મહાન ઉદય ઉદાર છે...**' છેને? '**(અર્થાત્ આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે)...**' એમ કહે છે. જોયું! આહા..હા..! એ ચૈતન્યસ્વભાવમાં એકાગ્રતા થતા જે આસ્રવને જીતવા પુરુષાર્થ જોઈએ તેટલો બહાર પાડે છે. આહા..હા..! આ જ્ઞાનસ્વભાવનું મંગળિક કરે છે. નાટકનો પહેલો પાયો. આહા..હા..! '**આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ...**' '**उदारगंभीरमहोदयः**' જુઓ, મહાન ઉદય. એ '**महोदयः**'નું '**મહાન ઉદય ઉદાર છે અને ગંભીર છે (અર્થાત્ જેનો પાર છદ્મસ્થ જીવો પામી શકતા નથી એવો છે).**' આહા..હા..! ભગવાન આત્મામાં અતીન્દ્રિય અનંત આનંદ છે. છદ્મસ્થ જીવ એને અનંતને પામી શકતા નથી, પૂરો પામી શકતા નથી. અપાર.. અપાર... અપાર... આહા..હા..! જેનો પાર છદ્મસ્થ જીવો, છદ્મસ્થ નામ આવરણમાં, સ્થ-રહેલાં. જે કાંઈ અલ્પજ્ઞમાં રહ્યા છે એ જીવો પાર પામી શકતા નથી. આહા..હા..!

મંગળિક જ આવું કર્યું, લ્યો! આસ્રવનો અધિકાર લેતાં એને જીતનાર સમ્યગ્જ્ઞાનના મંગળિક કર્યા. આહા..હા..! આ મંગળિક છે. ઓલા મંગળિક સાંભળવા મહારાજ પાસે જાય છે. રળવા જઈએ છીએ મંગળિક સંભળાવો, પરણવા જઈએ છીએ મંગળિક સંભળાવો. હવે ધૂળમાં તારા

પાપમાં મંગળિક સાંભળીને શું કરવું છે તારે? આહા..હા..! આ મંગળિક છે. આહા..હા..! જેણે આ રાગ અને પુણ્ય-પાપરહિત આત્માનું જ્ઞાન, અનુભવ પ્રગટ કર્યો છે અને તેની યાદી રહી ગઈ છે ધારણામાં (કે) આ તો પરમાનંદસ્વરૂપ છે. એવી યાદગીરીમાં આસ્રવને જીતે છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગંભીર યાદ છે. અનુભવ કરીને યાદગીરી સિદ્ધ કરી છે. સાંભળીને, વાંચીને એમ નહિ, એમ કહે છે. આહા..હા..! હા. શ્રુતજ્ઞાન. આહા..હા..! અને એ તો આપણે આવ્યું હતું. શ્રુતજ્ઞાનની ધારા કેવળજ્ઞાનને બોલાવે છે. પૂર્ણ જ્ઞાન મારો સ્વભાવ છે તે આવો પર્યાયમાં. આહા..હા..! આવી વાત ક્યાં?

એ અહીંયાં (કહે છે), ગંભીર છે. '**(અર્થાત્ જેનો પાર છદ્મસ્થ જીવો પામી શકતા નથી એવો છે).**' એવો જેનો ઉદાર છે એમ કહે છે. મહાન જેનો ઉદાર પુરુષાર્થ છે. આહા..હા..! ઉપલક દૃષ્ટિવાળાને તો એનું માપ આવી શકે નહિ એમ કહે છે. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા પોતે એની જાગૃતિ દશા થઈ એની ઉદારતાને મહાન, એની ગંભીરતાની શું વાત કરવી કહે છે. આહા..હા..!

'**ભાવાર્થ :અહીં નૃત્યના અખાડામાં આસ્રવે પ્રવેશ કર્યો છે.**' નાટકપણે દાખલો આપ્યો છેને? '**નૃત્યના અખાડામાં આસ્રવે પ્રવેશ કર્યો છે. નૃત્યમાં અનેક રસનું વર્ણન હોય છે તેથી અહીં રસવત્ અલંકાર વડે...**' રસવત્—રસની પેઠે. '**અલંકાર વડે શાંતરસમાં વીરરસને પ્રધાન કરી...**' છે તો શાંતરસનું વર્ણન. આહા..હા..! શુભાશુભભાવ એ અશાંતરસ છે અને ભગવાન આત્મા તરફનું ધ્યાન અને જ્ઞાન એ શાંતરસ છે, અકષાયરસ છે, વીતરાગી રસ છે, શાંતરસ છે. આહા..હા..! ઉપશમરસ છે. આહા..હા..! આવો ધર્મ આ શું! કોઈને ભાઈ, દુઃખી હોય એને પૈસા દેવા, અનાજ દેવું, પાણી દેવું એ વાત કાંઈ આવતી નથી. કોણ દે? કોણ લે? સાંભળને હવે. કમાવે કોણ? એ તો પુણ્ય હોય તો મળે. ત્યાં પુરુષાર્થથી મળે છે એ? બુદ્ધિના બારદાનો ઘણા નથી જોયા? કરોડોપતિ હોય છે. બારદાન સમજાણું? કોથળા. બુદ્ધિ, ત્યાં ક્યાં બુદ્ધો કામ કરતો હતો? અને બુદ્ધિના ખાં હોય એને બે હજાર પેદા કરવા મહિને પરસેવા ઉતરતા હોય. એ તો પૂર્વના પુણ્ય પ્રમાણે આવે છે. શું પુરુષાર્થથી ત્યાં આવે છે પૈસા? આહા..! આ તો પુરુષાર્થથી આવે છે એમ કહે છે. શાંતરસ તો પુરુષાર્થથી પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**શાન્તરસમાં વીરરસને પ્રધાન કરી...**' જોયું! બાણાવળી છેને? ઓલાને જીતે છેને તો વીરરસ કીધો. એ વીરરસ છે. આહા..હા..! '**જ્ઞાનરૂપી બાણાવળી આસ્રવને જીતે છે. આખા જગતને જીતીને મદોન્મત્ત થયેલો આસ્રવ...**' આહા..હા..! મોટા અગિયાર અંગના ભણેલાને મેં પાડ્યા છે. એ પણ આસ્રવના પ્રેમમાં પડેલા હારી ગયા. આહા..હા..! '**મદોન્મત્ત થયેલો આસ્રવ સંગ્રામની ભૂમિમાં આવીને ખડો થયો; પરંતુ જ્ઞાન તો તેના કરતાં વધારે બળવાન યોદ્ધો છે...**' ઓલી તો ઊંઘાઈ છે. ઊંઘાઈમાં પુરુષાર્થ બહુ થોડો હોય

છે, એમ કહે છે અને સવળાઈમાં પુરુષાર્થનો પાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેના કરતાં વધારે બળવાન યોદ્ધો છે તેથી તે આસ્રવને જીતી લે છે...**' ચૈતન્યસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા અને આનંદનો નાથ હું. હું જે છું એ તો આનંદસ્વરૂપ છું. આહા..હા..! એ પુણ્ય અને પાપ હું સ્વરૂપ નહિ. એમાં હું આવતો નથી, એ મારું કર્તવ્ય નથી. આહા..હા..! આવો ધર્મ! આવી વાતું કરે. ઓલું તો દેશ સેવા કરવી, ચિકિત્સાલયો કરવા દસ લાખના, વીસ લાખના મોટા મંદિરો... શું કહેવાય એ? ડોક્ટરો. દવાખાના. સર્વોદય હોસ્પિટલ. ૨૫ લાખ કરીને, ૫૦ લાખ કરીને કરે. ધૂળેય નથી. શું કરી શકે? પરને તું શું કરી શકે? આહા..હા..! આ તો જન્મ-મરણને ટાળવાની ઔષધાલય છે આ તો. એ છે આ.

ભગવાન આત્મા મહાબળવાન યોદ્ધો છે. જ્ઞાનસ્વરૂપી એવો ભગવાનને જ્યાં જાણ્યો તો પર્યાયમાં બળવાન યોદ્ધો થયો એ. આહા..હા..! પર્યાયમાં હોં આ. વસ્તુ છે એ નહિ, પર્યાયમાં મહાયોદ્ધો છે. વસ્તુ છે તો વસ્તુ છે, અનંતવીર્ય સંપન્ન છે, એ તો અનંતવીર્ય સંપન્ન છે. આ તો પર્યાયમાં મહાબળવાન યોદ્ધો (થયો). આહા..હા..! '**તેથી તે આસ્રવને જીતી લે છે અર્થાત્ અંતર્મુહૂર્તમાં કર્મોનો નાશ કરી...**' આહા..હા..! '**કેવળજ્ઞાન ઉપજાવે છે.**' સર્વજ્ઞપદ ઉપજાવે છે અને મોક્ષ જાય છે. આહા..હા..! જે પર્યાય રાગમાં ઢળતી એને અંતરમાં વાળી, એવું જે જ્ઞાનસ્વરૂપ તેને જ્ઞાનમાં એકાગ્ર થતાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાનને પામે છે, એમ કહે છે. આહા..હા..! સર્વ કર્મોનો નાશ કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે છે. '**એવું જ્ઞાનનું સામર્થ્ય છે.**' આત્માના સ્વભાવનું એવું સામર્થ્ય છે. એનું સામર્થ્ય તો સિદ્ધ જેવું જ છે. આત્માની શક્તિ કહો, સ્વભાવ કહો, સામર્થ્ય કહો, એ તો પરમેશ્વર સ્વરૂપનું સામર્થ્ય છે એનું. હવે એ કેમ બેસે? એને પર્યાયમાં પ્રગટ કર્યું એની અહીં વાત ચાલે છે. આહા..હા..! એવું જ્ઞાનનું સામર્થ્ય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૫, શુક્રવાર, તા. ૧૨-૧૧-૧૯૭૬, ગાથા-૧૬૪-૧૬૫, પ્રવચન નં. ૨૨૯

સમયસાર, આસ્રવ અધિકાર. પહેલી બે ગાથા.

'હવે આસ્રવનું સ્વરૂપ કહે છે :-'

मिच्छत्तं अविरमणं कसायजोगा य सण्णसण्णा दु।
बहुविहभेया जीवे तस्सेव अणण्णपरिणामा।।१६४।।

णाणावरणादीयस्स ते दु कम्मस्स कारणं होंति।
तेसिं पि होदि जीवो य रागदोसादिभावकरो।।१६५।।
મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ સંજ્ઞ અસંજ્ઞ છે,
એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.
વળી તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,
ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.

'**ટીકા : આ જીવમાં રાગ, દ્વેષ અને મોહએ આસ્રવો...**' એ જીવના પરિણામ છે. એ '**પોતાના પરિણામના નિમિત્તે થાય છે...**' નિમિત્ત એટલે આશ્રય. પોતાને આશ્રયે એ પુણ્ય-પાપ, રાગ-દ્વેષ-મોહ થાય છે. એથી એ જડ નથી. '**તેઓ જડ નહિ હોવાથી...**' અહીં આસ્રવ એની પર્યાયમાં થાય એ પહેલું સિદ્ધ કરવું છે. ૭૨ ગાથામાં કહ્યું હતું કે પુણ્ય-પાપભાવ આસ્રવ એ જડ છે. એ એનો ચૈતન્યસ્વભાવ નથી અને સ્વભાવની દૃષ્ટિ કરાવવા, આસ્રવભાવ પોતે પોતાને જાણતા નથી, તેમ બીજાને જાણતા નથી, તેમ બીજા વડે જણાય છે માટે તે જડ છે, એમ કહ્યું હતું. અહીં કહે છે કે એ પોતે જડ નથી. પાઠમાં છે જુઓ, '**अजडत्वे सति**' એ ચૈતન્યના પરિણામ છે. ચૈતન્યના પર્યાયમાં અસ્તિત્વમાં પોતાથી થાય છે. આહા..હા..!

રાગ-દ્વેષ અને મોહ '**એ આસ્રવો પોતાના પરિણામને નિમિત્તે થાય છે...**' ભાષા જુઓ. પરિણામને કારણે થાય છે એટલે? કર્મના ઉદયને કારણે થાય છે એમ નહિ, એમ પાછું સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? કહેશે આગળ. જે કર્મનો ઉદય છે એ આસ્રવ છે. આ પુણ્ય-પાપ, રાગ-દ્વેષ-મોહ છે તે આસ્રવ છે, ઓલા જડ આસ્રવ છે, આ ચૈતન્ય આસ્રવ છે. આહા..હા..!

'**ચિદાભાસ છે...**' ચિદાભાસ જ્ઞાનનો આભાસ. ચૈતન્યની પરિણતિ છે માટે ચિદાભાસ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક બાજુ એમ કહે કે એ આસ્રવ છે એ જડ, અશુચિ, દુઃખનું કારણ—એનું કર્તાપણું છોડાવવા એ વાત કરી; અને અહીંયાં એની પર્યાયમાં જ આસ્રવ થાય છે એમ સિદ્ધ કરીને કર્મના ઉદયને લઈને આ પરિણામ થાય છે એમ નથી, (એમ કહેવું છે). આહા..હા..! સમજાણું કાંઈ? '**જીવમાં રાગ, દ્વેષ અને મોહ-**' જીવમાં. પોતાના પરિણામને કારણે જીવમાં, પર્યાયમાં થાય છે. આહા..હા..! આ લોકો રાડ પાડે છેને કે વિકાર કર્મને લઈને થાય.. કર્મને લઈને થાય.

**શ્રોતા :—** કર્મ ન હોય તો નથી થતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ન હોય તો નથી થતું એ તો પોતાને કારણે છે. એક કહેતો હતો, સિદ્ધમાં કર્મ નથી થતું. અહીં કર્મ છે તોપણ અહીં થતું નથી. એ ઘણે ઠેકાણે દાખલા આપ્યા છેને. ઉદયમાત્રથી જો આત્માને રાગ-દ્વેષ થાય તો તો સદાય સંસાર રહ્યા જ કરે. કર્મનો ઉદય તો સદાય છે. સમજાય છે કાંઈ? ઉદયમાત્રથી જો વિકાર થાય તો ઉદય સંસાર

સદાય રહેશે. એ પરિણામ પોતે કરે તો ઉદયને નિમિત્ત કહેવામાં આવે. આહા..હા..! આવી વાત છે. મોટી આ તકરાર હતીને. વિકાર પોતાના પરિણામમાં... પંચાસ્તિકાય સિદ્ધ કરવું છે ત્યાં. પંચાસ્તિકાયમાં જીવાસ્તિકાય સિદ્ધ કરવી છે ૬૨ ગાથામાં. તેના અસ્તિત્વમાં એ વિકાર પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે, જેને પર કારકની પણ અપેક્ષા નથી. આહા..હા..! આમ એને બેસવું જોઈએ હોં! એ ભાષામાં.. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..!

અહીં કહે છે કે '**તેઓ જડ નહિ હોવાથી...**' પાઠમાં એ છે '**अजडत्वे सति**' '**જડ નહિ હોવાથી ચિદાભાસ છે...**' ચૈતન્યની પર્યાયમાં થવાથી તે ચિદાભાસ છે. આહા..હા..! વાસ્તવિક એ ચૈતન્યનું સ્વરૂપ નથી, પણ એના પરિણામમાં થાય માટે ચિદાભાસ એનો છે. આહા..હા..! આ મોટા વાંધા, ઝઘડા. આના ઝઘડા કરવા. કર્મને લઈને વિકાર ન થાય તો વિકાર સ્વભાવ થઈ જશે, એમ કહે છે. અહીં કહે છે, ૩૭૨ ગાથામાં તો એને સ્વભાવ કીધો છે. '**सहावेण**' એવો પાઠ છે. પુણ્ય અને પાપ મિથ્યાત્વાદિ સ્વભાવ છે પર્યાયનો. '**स्वस्य भवनं स्वभावः**' આહા..હા..! શું થાય? આ તો જેને આત્માની સત્યતા શોધવી હોય એને માટે છે, બાપુ! વાદવિવાદ કરવો, તો એ કાંઈ પાર પડે એવું નથી. આહા..હા..! '**(-જેમાં ચૈતન્યનો આભાસ છે એવા છે, ચિદ્વિકાર છે).**' એક વાત.

બીજી વાત. '**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગએ પુદ્‌ગલપરિણામો, જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ કર્મના આસ્રવણનાં (-આવવાનાં) નિમિત્ત હોવાથી,...**' નવા જ્ઞાનાવરણીય આદિ આવવાના પૂર્વના ઉદય જે પુદ્‌ગલના પરિણામ છે તે નવા કર્મ આવવાનું કારણ હોવાથી '**ખરેખર આસ્રવો છે;...**' શું કીધું એ? જૂના કર્મનો જે ઉદય છે એ નવા કર્મને આવવાનું નિમિત્ત છે માટે તેને આસ્રવ કહેવામાં આવે છે. આહા..હા..! અહીં સંજ્ઞા શબ્દ છેને? સંજ્ઞા એટલે ચૈતન્યમાં થાય તે એમાં ચિદાભાસ છે. અસંજ્ઞમાં એટલે જડના પરિણામ છે તે અસંજ્ઞ તે જડના ભાવ છે. આહા..હા..!

પુદ્‌ગલ છે એનો જે ઉદય આવે છે એ જડના પરિણામ છે. દર્શનમોહનો ઉદય એ જડના પરિણામ, ચારિત્રમોહનો ઉદય જડના પરિણામ, એ કર્મનો ઉદય છે એ જડના પરિણામ. એ પુદ્‌ગલ પરિણામ છે, અજીવ છે એ જડ. આહા..હા..! કેટલી અપેક્ષા હોય એને ન જાણે તો પકડી લે. એક બાજુ એમ કહે કે ૭૫, ૭૬ ગાથામાં કે જ્ઞાનીનો આત્મા વ્યાપક થઈને સ્વભાવની પર્યાયનું વ્યાપ્ય કરે. ત્યારે તેને વિકાર છેને? કે એ કર્મ વ્યાપક થઈને વિકારના વ્યાપ્ય કરે. એ તો બે જુદાં પાડવા માટે કહ્યું. દ્રવ્યસ્વભાવ છે એ વ્યાપક થાય તો વ્યાપક થઈને વિકાર વ્યાપ્ય થાય એમાં? એમાં ક્યાં સ્વભાવમાં વિકાર છે દ્રવ્ય-ગુણમાં? આહા..હા..! શું કીધું? એ ખીલે બંધાય છે. એના અસ્તિત્વમાં થાય માટે ચૈતન્યના પરિણામ એમ કહ્યું, પણ તે પરિણામમાં ચૈતન્યનો સ્વભાવ નથી આવતો માટે જડ કહ્યું. અને જ્ઞાનીનો આત્મા જ્ઞાનસ્વભાવે પરિણમે છે તો જ્ઞાનીનો આત્મા વ્યાપક છે અને નિર્મળ પરિણામ તેનું વ્યાપ્ય

નામ કાર્ય છે. એને એમ ગણીને જે કાંઈ રાગ રહ્યો છે એ કર્મ વ્યાપક થઈને તેનું એ વ્યાપ્ય છે. આહા..હા..! દેવીલાલજી! આવું છે, ભગવાન! સ્વરૂપ એવું છે.

**શ્રોતા :–** રાગને પોતામાંથી કાઢી નાખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે પહેલો સિદ્ધ કર્યા પછી કાઢી નાખેને. એના પરિણામમાં પોતામાં છે. પછી કાઢી નાખવાની વાત. એનું દ્રવ્ય, આત્મા દ્રવ્ય એનો ગુણ અને એની પર્યાય. એ પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ છે. એનું અસ્તિત્વ જ એવું છે, એ પરને લઈને નહિ. આહા..હા..! એક વાત.

બીજી વાત કે '**મિથ્યાત્વ, અવિરતિ, કષાય...**' કોણ? જડ. મિથ્યાત્વ એટલે દર્શનમોહનો ઉદય, અવિરતિ એટલે ચારિત્રમોહનો ઉદય, કષાય એટલે ચારિત્રમોહનો ઉદય અને યોગ એટલે યોગનો ઉદય. એ જડ હોં! જડ અજીવ પુદ્‌ગલ. આહા..હા..! આ બાજુ ચિદાભાસ રાગ-દ્વેષ-મોહને કહ્યો એ ચૈતન્યની પરિણતિની પર્યાયને કહ્યું, એ આસ્રવ છે. આ બાજુ જડનો ઉદય છે દર્શનમોહનો, ચારિત્રમોહનો એ જડના પરિણામ છે તે આસ્રવ છે. કેમ એ આસ્રવ? કે નવા આવરણનું એ કારણ બને છે માટે. પછી કહેશે કે એ આસ્રવને પણ આત્માના રાગ-દ્વેષ-મોહ પરિણામ થાય તો જૂના કર્મ નવાનું આવવાનું નિમિત્ત થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવી છે વસ્તુ. '**મિથ્યાત્વ, અવિરતિ,...**' ઓલામાં રાગ-દ્વેષ અને મોહ એમ નાખ્યા હતા ત્રણ. જીવના પરિણામ વર્ણવવામાં રાગ-દ્વેષ અને મોહ ત્રણ નાખ્યા હતા. પુદ્‌ગલના પરિણામ બતાવવામાં મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ નાખ્યા. એ જડના અજીવની વાત છે, પુદ્‌ગલની. આહા..હા..! સમજાણું કાંઈ? અને તે પણ ખરેખર આસ્રવ છે એમ કહ્યું. જોયું! કોણ? જૂના કર્મનો ઉદય તે ખરેખર આસ્રવ છે, જડ-જડ. આહા..હા..!

એ એમ કહે છે કે એ જડ છે એ આસ્રવ ક્યારે થાય નવાને? એ જીવ રાગ-દ્વેષ-મોહ કરે તો. સમજાય છે કાંઈ? આહા..હા..! ત્રણ વાત અટપટી લીધી. આહા..હા..! એક તો ભગવાન આત્મામાં પોતાના પરિણામને કારણે. નિમિત્ત લીધુંને. નિમિત્ત એટલે પોતાનું કારણ. પોતાનું કારણ છે. રાગ-દ્વેષ-મોહ, પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધના ભાવ એ જીવના પરિણામ જીવના કારણે જીવમાંથી થાય છે. આહા..હા..! એમાં એનું અસ્તિત્વ જીવમાં છે એમ એનું સિદ્ધ કરવું છે. ત્યારે બીજો આસ્રવ સંજ્ઞા-અસંજ્ઞ બે શબ્દ છેને? '**कसायजोगा य सण्णसण्णा**' '**सण्ण**' એટલે ચેતનાભાસ. એ જીવના પરિણામ. '**असण्ण**' એટલે ચૈતન્યના ભાસ એના જડના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ. આહા..હા..! ક્યાં નિવૃત્તિ આમાં આવો નિર્ણય કરવાને! આહા..હા..! વીર્યનો ઉલ્લાસ જોઈએ એમાં. એને નિર્ણય કરવા માટે ઉલ્લાસ જોઈએ, હોંશ જોઈએ અંદર. આહા..હા..!

જીવના પરિણામ એને રાગ-દ્વેષ-મોહ, બસ! રાગ-દ્વેષ ચારિત્રદોષ, મોહ-દર્શનદોષ એ પરિણામ ચિદ્‌ના આભાસ ચૈતન્યના પરિણામ છે. '**अजडत्वे सति**' એ જડ નહિ માટે ચૈતન્યના પરિણામ

છે. એક વાત. તે કાળે કર્મનો જે દર્શનમોહનો ઉદય છે એ મિથ્યાત્વ એ જડના પરિણામ છે, પુદ્‌ગલના પરિણામ છે. દર્શનમોહનો જે ઉદય છે એ જડના પરિણામ, અજીવના પરિણામ (છે). આહા..હા..! વર્ણ, ગંધ, રસવાળા પરિણામ. આ જે રાગ-દ્વેષ-મોહ થયો એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાના એ ચૈતન્યના પરિણામ. આહા..હા..! સમજાણું કાંઈ? અત્યારે તો વાંધા અનેક ઉઠ્યા છે, બાપા! કર્મથી વિકાર થાય, શુભભાવથી વ્યવહારથી નિશ્ચય થાય, પરિણામ ક્રમબદ્ધ છે એમ નહિ. આહા..હા..!

**શ્રોતા :—** આપ નવી-નવી વાતો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નવી ક્યાં છે આ તો. આહા..હા..! પુરાણી અનાદિની વાત છે આ તો. પોતપોતાના અવસરે થાય એ શું કહ્યું? ૯૯ ગાથામાં કહ્યું કે વિકાર પોતપોતાને અવસરે થાય. એ શું કહ્યું? ક્રમ કીધો કે આ અવસરે આ.. આ અવસરે આ... આ અવસરે આ.. ક્રમ.

**શ્રોતા :—** ક્રમબદ્ધ સોનગઢથી નીકળ્યું છેને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સોનગઢથી ક્રમબદ્ધ નીકળ્યું? ક્રમબદ્ધ શબ્દ નથી સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં? એ તો અમારે પંડિતજીએ ચોખ્ખું કર્યું. ક્રમનિયમિત હતું. નિયમિત હતું એનો ક્રમબદ્ધ કર્યો ચોખ્ખો. ત્યારે ઓલો કહે છે દેવેન્દ્ર, ક્રમબદ્ધ સોનગઢવાળાએ નવું કાઢ્યું, શાસ્ત્રમાં છે જ નહિ. આહા..હા..! અરેરે..! દેવેન્દ્ર છે એક શાસ્ત્રી. એ અહીંનો વિરોધી પાકો. એના પોતાના પરિણામનો વિરોધી છે. અહીંનો કોણ (વિરોધી છે)? આહા..હા..!

અહીં તો કહે છે, એકવાર શાંતિથી સાંભળ, ભાઈ! તારા પરિણામ જે છે એ રાગ-દ્વેષ-મોહ એટલું ત્યાં લીધું. જીવના પરિણામ છે. જીવના પરિણામ જીવને કારણે થાય છે, એને નિમિત્તે થાય છે. કર્મને નિમિત્તે નહિ, એમ. આહા..હા..! અને કર્મના પરિણામ જે ઉદય છે એ જીવના પરિણામને કારણે નહિ. એ દર્શનમોહનો ઉદય, ચારિત્રમોહનો ઉદય, યોગનો, નામ કર્મનો ઉદય એ બધા પુદ્‌ગલના અજીવ પરિણામ છે. તદ્દન અજીવ જડ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા અને આ પરિણામ આત્માના એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાના, પણ છે ચિદાભાસ. જીવનો વિકાર છે, જીવના કારણે વિકાર (છે). એમ કીધુંને? '**પોતાના પરિણામના નિમિત્તે થાય છે...**' નિમિત્ત એટલે એનું કારણ, આશ્રય. આહા..હા..! આવી વાત છે. બે. '**ખરેખર આસ્રવો છે;...**' પાછી ભાષા પણ લીધી છે. શેની? એ જૂના કર્મનો ઉદય પુદ્‌ગલ પરિણામ છે તે ખરેખર આસ્રવ છે. છે?

**શ્રોતા :—** નવાને નહિ, આ તો જુનાને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જુનાને. નવાની વાત નથી. જુના કર્મનો જે ઉદય છે એ ખરેખર આસ્રવ છે. કેમકે નવા આવરણમાં એ કારણ છે માટે. અને એના કારણમાં ભગવાનના રાગ-દ્વેષ-મોહ પરિણામ કારણ થાય છે ત્યારે તે આસ્રવ પરમાં નિમિત્ત થાય છે. આહા..હા..! છે

કે નહિ સામે? જુઓને! પડ્યું છે કે નહિ? આવી વાત છે. આઠેય કર્મ છે. ઉદય છે. જ્ઞાનાવરણાદિ આ બધું. નવા આવવામાં જ્ઞાનાવરણીયાદિ આઠેયનું છે. નવાની વાત છે.

'**જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ કર્મના આસ્રવણનાં** (-આવવાના) **નિમિત્ત હોવાથી,...**' નવા આઠેય કર્મને આવવાનું જૂના કર્મ નિમિત્ત હોવાથી. આમાં તો ધીમેથી સ્પષ્ટ થાય છે, બાપા! આહા..હા..! ભગવાનના અભિપ્રાયમાં તો આ છે કે જૂના કર્મ જડને ખરેખર આસ્રવ કેમ કહીએ? કે જીવનો સ્વભાવ નથી અને એ નિમિત્તમાં રાગ-દ્વેષ-મોહના પરિણામ નિમિત્ત થાય છે તેથી તે આસ્રવ નવા કર્મનું ખરેખર આસ્રવ એમ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, ભાઈ મીઠાલાલભાઈ! સમજાય છે કાંઈ? જુના કર્મ છે એ જડ પરિણામ છે એ આસ્રવ છે કેમ? કે નવા કર્મનું નિમિત્ત છે માટે. પણ એ નવા કર્મનું નિમિત્ત થાય ક્યારે? જીવ રાગ-દ્વેષ-મોહ પરિણામ કરે ત્યારે. કહો, શેઠ! જરી સમજાય ઝીણી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

'**નિમિત્ત હોવાથી, ખરેખર આસ્રવો છે; અને તેમને...**' તેમને એટલે જૂના કર્મ જડનો ઉદય છે (જે) આસ્રવ કીધા તેમને. '(**મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને**) **કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત રાગદ્વેષમોહ છે-**' આહા..હા..! સાધારણ માણસને કાંઈ વિચાર નહિ, મનન નહિ. માથે જે કીધું એ જય નારાયણ. નવરાશ પણ ન મળે. આહા..હા..! અરેરે..!

**શ્રોતા :—** પંડિતો ખોટું કહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પંડિત કોને કહેવા? સત્યનો નાશ કરે એ પંડિત કેવા? પંડ્યા.. પંડ્યા... પંડ્યા... ફોતરા ખાંડ્યા. નથી આવતું? મોક્ષમાર્ગ પ્રકાશકમાં પહેલા અધ્યયનમાં આવે છે. પંડ્યા... પંડ્યા... પંડ્યા... ત્રણવાર કહ્યા છે. મિથ્યાત્વમાં વિરોધ, અજ્ઞાનમાં વિરોધ અને અવ્રતમાં વિરોધ તારો ત્રણમાં. ફોતરા ખાંડ્યા તેં. આહા..હા..! છીલકા-છીલકા. આહા..હા..! આ મોટી ચર્ચા થઈ હતી ૨૦ વર્ષ પહેલાં. (સંવત) ૨૦૧૩ની સાલ, વર્ણીજી પાસે. મોટી ચર્ચા. પંડિતો હતા. રામજીભાઈ હતા, હિંમતભાઈ હતા. ફૂલચંદજી હતા, કૈલાસચંદજી હતા, બંસીધરજી હતા, બધા ઘણા હતા.

વિકાર કેમ થાય? વિકાર પોતાના ષટ્કારક(થી થાય છે). વિકાર કર્તા વિકારનો, વિકાર કાર્ય વિકારનું, વિકારનું સાધન વિકાર, વિકારથી વિકાર થાય, વિકારનો આધાર વિકાર, વિકાર થઈને વિકાર રહે એ સંપ્રદાન એનું છે. આહા..હા..! (વાત) ન બેઠી વર્ણીજીને અને બંસીધરજીને. નહિ એ અભિન્ન કારણ છે. શેઠિયાઓને કાંઈ ખબર ન હોય. જય નારાયણ. શું કહેતા હશે કાંઈક. અભિન્ન કારણ છે. પણ અભિન્ન કારણનો અર્થ શું? કે બીજું કારણ નહિ. આહા..હા..! ૬૨ ગાથા મૂકી હતી એ વખતે. એક ફૂલચંદજીએ પકડ્યું. ફૂલચંદજી મધ્યસ્થવાળો માણસને. નહિતર એની લાઈન તો બીજી જ હતી. વર્ણી જેવી જ હતી પહેલા એની, પણ એણે પકડ્યું.

સ્વામીજી એમ કહે છે કે નિશ્ચયથી વિકારનો કર્તા જીવ છે, તેમાં પરના કારકની નિશ્ચયમાં અપેક્ષા છે નહિ. નિશ્ચયમાં પરની અપેક્ષા? એ તો વ્યવહાર છે પરની અપેક્ષા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે..! મૂળમાં વાંધા. એ તો આમાં આવતું નથી પ્રવચનસારમાં? કે ઉદયમાત્રથી જોતાં તો સંસાર સદાય રહેશે. બંધનું કારણ ઉદય નથી.

**શ્રોતા :—** આ ગાથામાં આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ ગાથામાં પણ છેને અર્થમાં. આ તો ચાર-પાંચ ઠેકાણે નાખ્યું છે. પ્રવચનસારમાં સંસ્કૃતમાં છે. આનામાં જયસેનાચાર્યની ટીકામાં, જયસેનાચાર્યની. ઉદયમાત્રથી બંધ થાય તો તો સંસાર સદાય રહે, પણ ઉદયકાળમાં પોતે આત્મા જો રાગ, દ્વેષ અને મોહ કરે તો બંધ થાય. આહા..હા..! ઉદયમાત્રથી બંધ થાય તો સંસારનો અભાવ કદી થાય નહિ. કારણ કે ઉદય તો સદાય છે. કર્મનો ઉદય તો સદાય છે, પણ ઉદયકાળમાં પોતાના શુદ્ધાત્મસ્વભાવથી ભ્રષ્ટ થઈને રાગ-દ્વેષ મોહ કરે તો બંધન થાય. રાગ-દ્વેષ-મોહ ન કરે તો ઉદય આવે છે એ ખરી જાય. આહા..હા..!

એ આ વિકારની શરૂઆત તો ૭૧થી થઈ છે મોટી. ૭૧થી સંપ્રદાયમાં ઝઘડો ચાલ્યો હતો. ગુરુ પણ બિચારા ભદ્રિક હતા અને મૂળચંદજી ઓલા હતા પણ સાંભળતા.. સાંભળતા.. સાંભળતા. ૭૧ની વાત છે. ૬૨ વર્ષ થયા. સાંભળતા. કીધું, વિકાર થાય છે એ જીવને કારણે પોતાથી છે, કર્મનું બિલકુલ કારણ નહિ, એક ટકો પણ નહિ. ત્યારે અહીં શેઠ આવ્યા ત્યારે જીવનધર સાથે હતા. ૫ની સાલ. જીવનધર પંડિત હતા ને ઈંદોરના. એ કહે કે પચાસ ટકા આત્માના પુરુષાર્થના અને પચાસ ટકા કર્મના ઉદયના, સો ટકા એમ કરીને વિકાર થાય. જુઓ, આ પ્રકાશ છે. આ ચોપડી મૂકીએ તો પ્રકાશ અટકી જાય છે એને કારણે, એમ કહ્યું હતું. બાપુ! એમ નથી. આહા..હા..! સોએ સો ટકા લ્યો કીધું બેયમાં. ટકા સમજ્યા? પ્રતિશત. પ્રતિશત. ૨૦૦૫ની સાલની વાત છે એ. ઓલી ૨૦૧૩ની સાલની વર્ણીજી સાથે. અહીં ૨૦૦૫ની સાલમાં પહેલાં શેઠ આવ્યા ત્યારે. બંસીધરજી ને બધા હતા. થોડા ટકા આ રાખો. અમારે દામોદર શેઠ હતા સંપ્રદાયમાં એ એમ કહેતા કે બહુ તમે પુરુષાર્થનું તમે કામ લ્યો વિકારમાં, તો ૫૧ દોકડા પુરુષાર્થના અને ૪૯ દોડકા કર્મના. બે ટકા તમારા વધી ગયા એમ કરો. સમજાણું કાંઈ? આ તો ૭૬ ને ૮૩ની વાતું છે. એ તો ઘણા વર્ષ પહેલાની. મોટી ચર્ચા ચાલતી. બહુ તમે કહો છો કે પોતાના પુરુષાર્થથી જ વિકાર થાય છે તો એમાં ૫૧ ટકા એ રાખો અને ૪૯ નિમિત્તના રાખો. કીધું, સોએ સો ટકા વિકાર કરવામાં જીવના છે. અને ઉદય થયો એ સોએ સો ટકા એના કારણમાં છે, એને કારણે અહીં કાંઈ નથી. અહીં કહ્યુંને? કે પૂર્વના કર્મ નિમિત્ત છે એ આસ્રવ છે. નવા જ્ઞાનાવરણીમાં નિમિત્ત, પણ તેને પણ જો આ જીવના રાગ-દ્વેષ-મોહ પરિણામ હોય તો નિમિત્ત થઈને આસ્રવ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

એ '**કર્મ-આશ્રવરણના નિમિત્તપણાનું નિમિત્ત...**' જુઓ, શું કીધું એક કોર? જૂના કર્મ જડ છે એને નવા કર્મના આસ્રવનું નિમિત્ત કહ્યું હતું અને તેને ખરેખર આસ્રવ કહ્યા હતા. એ આસ્રવને પણ જીવના રાગ-દ્વેષ-મોહ નિમિત્ત હોય તો તે આસ્રવ નવા આસ્રવનું નિમિત્ત થાય. સમજાણું કાંઈ? એ કર્મના ઉદયમાત્રથી આસ્રવ જીવમાં થાય અથવા કર્મના ઉદયમાત્રથી નવા કર્મ બંધાય એમ નથી. આહા..હા..! શાંતિભાઈ! એવી કોણે દરકાર કરી છે? બધું એમને એમ ચાલ્યું જાય સંસાર એ તો. બાયડી, છોકરા નભાવવા અને એને પરણાવવા અને સરખા નાખવા. આહા..હા..! આવી ચીજ છે એના હજી નિર્ણયના ઠેકાણા ન મળે. એને દર્શન નથી ત્યાં ચારિત્ર કેવા? આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..!

હાર્ટફેઈલ ઘણા સાંભળીએ છીએ હમણાથી. એક હાર્ટફેઈલનું સાંભળ્યુંને આજે. આપણે હિંમતભાઈ જોબાળિયા નહિ? એનો નિરંજન ઓલામાં પરણ્યો છેને પૂના મારવાડમાં, સંઘવી-સંઘવી. એનાથી મોટો ભાઈ હાર્ટફેઈલ થઈ ગયું. તાર હતો. આ નિરંજન. હિંમતભાઈનો નિરંજન ત્યાં પરણ્યો છેને. મારવાડમાં એ પુનામાં છે, સંઘવી-સંઘવી. એનો મોટો ભાઈ સુરજમલ? સુરજમલનું હાર્ટ ફેઈલ થઈ ગયું. દેશમાં મારવાડમાં. મડદું લાવશે અહીં. ત્યાં દુકાન છેને મોટી. આહા..હા..! અરે..! કોના મડદા? કોના બાપા? મડદું જ છે અત્યારે આ શરીર. આ પરમાણુમાં જીવ છે જ ક્યાં? આ પરમાણુનો પિંડ એમાં જીવ છે ક્યાં? અને જીવમાં આ પરમાણુનો પિંડ ક્યાં છે? આહા..હા..!

તેથી ૯૬ ગાથામાં એમ કહ્યું છે, મૃતક કલેવરમાં અમૃતનો સાગર મૂર્છાણો છે. અત્યારે હોં મૃતક કલેવર. મરી ગયા પછી (નહિ). મરે કોણ પણ? આહા..હા..! એ તો પરમાણુની પર્યાય વ્યય થાય એને લોકો મરણ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા અમૃતનો સાગર એ પુણ્ય-પાપના પરિણામ છે એ એના દ્રવ્ય-ગુણમાં નથી. આહા..હા..! એના દ્રવ્ય એટલે શક્તિવાન અને ગુણ એટલે શક્તિ. એ તો અમૃતથી ભરેલા ગુણો છે એના. સુખના રસના સ્વાદથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એવો અમૃતનો સાગર ભગવાન આ મૃતક કલેવરમાં (મૂર્છાઈ ગયો). મૃતક કલેવર છે આ. આહા..હા..! એમાં મૂર્છાઈ ગયો. એનું ધ્યાન રાખવું ને આને સંભાળ કરવું, એ મારી ચીજ છે, શરીર મારું છે. ધૂળેય નથી તારી, સાંભળને! આ તો જગતના પરમાણુ છે. આહા..હા..! વીંછીના ડંખપણે પરમાણુ પરિણમેલા. વીંછી-વીંછી, એ પરમાણુ અહીં આવ્યા છે. આહા..હા..! વીંછીના ડંખપણે હતા ત્યારે એને ઠીક નહોતું લાગતું અને આ શરીરપણે થયા તો એને મારા.. આહા..! અને હું કરું જાણે આનાથી. આહા..હા..! આનાથી વિષય લઈ લઉં, આને રમત કરું, આનાથી.. આહા..હા..! ભગવાન! ક્યાં તું ગયો? કહે છે.

**શ્રોતા :—** એની લીલા કરવા ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** લીલા અજ્ઞાનની લીલા છે. આહા..હા..!

અમૃતનો સાગર મૃતક કલેવરમાં... આહા..! ખાવાની ક્રિયા, પીવાની ક્રિયા, ભોગની ક્રિયા એ મારી અને એમાં મને મજા. અરેરે.. શું થયું પ્રભુ તને આ? આહા..હા..! આ રોગ ક્યાંથી વળગ્યો તને? ઈ તેં રોગ ઉત્પન્ન કર્યો છે, કર્મને લઈને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્રણ વાત લીધી અહીં. એકજીવના પરિણામ પોતે પોતાને કારણે છે રાગ-દ્વેષ-મોહ. એક જડના પરિણામ તે કાળે ઉદયમાં તેને કારણે જડના-અજીવના પરિણામ થાય. બે. હવે એ અજીવના પરિણામને આસ્રવ કેમ કહ્યું? કે નવા કર્મને નિમિત્ત છે માટે. પણ નવા કર્મને નિમિત્ત એ ક્યારે થાય? કે જૂના કર્મમાં પોતે રાગ, દ્વેષ અને મોહ પોતે ભળીને થાય તો જૂના કર્મ નવાનું આવરણ થાય. આહા..હા..! વાણિયાને આવો વખત ક્યાં હોય. માંડ વખત બે કલાક કે કલાક મળતો હોય સાંભળવા. બાકી તો ઘુસ્યાઘુસ આખો દિ' વેપાર ને ધંધાના પાપ. બાબુભાઈ! દુકાન અનાજની ગુણ, વખાર ફલાણું. આ અમારે મનોહર લ્યોને. આખો દિ' .. ભંગાર ને સોસાયટી બનાવી ને એમાં પૈસા આવ્યા ને એમાં થયું ને એમાં ઢીંકણું થયું. અરેરે..! શું થયું બાપા? શું થયું?

**શ્રોતા :—** રૂપિયાના ઢગલા થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળના ઢગલા ધૂળમાં છે. તારી પાસે ક્યાં આવ્યા? એની પાસે તો એને દેખીને એમ કે 'આ મારા' એ મમતા આવી. આહા..હા..! એટલે દુઃખ આવ્યું એની પાસે તો. એ દુઃખ પોતે ઉત્પન્ન કર્યું છે, પૈસાને લઈને નહિ ને કર્મને લઈને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્મ-આસ્રવપણાના નિમિત્તપણાનું નિમિત્ત રાગદ્વેષમોહ** છેકે **જેઓ અજ્ઞાનમય આત્મપરિણામો છે.**' જોયું! પહેલાં કહ્યા હતાને કે તેઓ જડ નથી. '**આસ્રવો પોતાના પરિણામના નિમિત્ત થાય છે...**' પણ છે કેવા એ? '**અજ્ઞાનમય આત્મપરિણામ...**' આહા..હા..! કેટલો ખુલાસો કર્યો છે! એ અજ્ઞાનમય આત્મપરિણામ છે. જીવે જે રાગ-દ્વેષ-મોહ પરિણામ કર્યા એ પરને કારણે નહિ, પોતાને કારણે કર્યા એ અજ્ઞાનમય પરિણામ છે. અજ્ઞાનમય આત્મપરિણામ છે એમ ભાષા લીધી. આહા..હા..! શુભ-અશુભભાવ અને મિથ્યાત્વભાવ એ અજ્ઞાનમય આત્માના પરિણામ છે. પરદ્રવ્યને શું સંબંધ છે? પરદ્રવ્ય પરદ્રવ્યમાં રમે, આ આત્મા પોતે પોતાના વિકાર કે અવિકારમાં રમે. એમાં પરની સાથે સંબંધ શું છે? આહા..હા..!

પ્રવચનસારમાં તો એમ પણ કહ્યું કે ભાઈ! પાંચ ઈન્દ્રિયના વિષયો એને રાગ-દ્વેષ કરાવવાને અસમર્થ છે, અકિંચિત્કર છે. અહીં કર્મ કરવામાં અસમર્થ એમ નોકર્મ એને રાગ-દ્વેષ કરાવવા માટે અકિંચિત્કર છે. સમજાણું કાંઈ? એ કર્મ આવે એટલે કર્મના જે પ્રમાણે ઉદય આવે તે પ્રમાણે પરિણામ કરવા જ પડે. આહા..હા..! કર્મ નિમિત્ત થઈને જ આવે એટલે એને વિકાર કરવા જ પડે. આહા..હા..! ઈ એમાં પણ નથી એમ કહ્યું. એમાં પણ એક જ વાત છે. નિમિત્તથી

કથન છે ગોમ્મટસાર આદિમાં. આહા..હા..! કહ્યું નહિ ત્યાં એ? ગોમ્મટસાર. ભાવકલંક પહુરા. નિગોદવાસ.. એમ નથી કહ્યું કર્મનું જોર છે માટે નિગોદ છોડતા નથી. આહા..હા..!

**શ્રોતા :—** કર્મનું જોર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો નિમિત્તના કથન છે. નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, બાપુ! વીતરાગ માર્ગમાં પૂર્વાપર વિરોધ હોય નહિ. આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકના નાથ જિનેશ્વરદેવની વાણી છે એ વાણી અહીંયાં સંતો જગતને કહે છે. આહા..હા..!

પહેલાં એટલું કહ્યું હતું કે '**એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છે, માટે તેઓ જડ નહિ હોવાથી ચિદાભાસ છે...**' એને અહીં અજ્ઞાનમય આત્મપરિણામ કહ્યા. રાગ અને દ્વેષ અને મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરે તે જીવ, એ અજ્ઞાનમય આત્માના પરિણામ છે. આહા..હા..! '**અજ્ઞાનમય આત્મપરિણામો છે. માટે (મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને)...**' જૂના જડ જે દર્શનમોહનો ઉદય આદિ એવા '**આસ્રવણના નિમિત્તપણાના...**' એ ઉદય છે એ આસ્રવના '**નિમિત્તપણાના નિમિત્તભૂત હોવાથી રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે.**' જોયું! ઓલામાં ખરેખર આસ્રવો કહ્યા હતા અને અહીં '**રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે.**' એમ 'જ' નાખ્યો. આહા..હા..!

શાંતિથી સ્વાધ્યાય કરે નહિ. શાંતિથી શું કહે છે એમ અભિપ્રાય પોતાનો છોડીને આ અભિપ્રાય શું કહેવા માગે છે એનો વિચાર ન કરે તો શું થાય? આવી અનીતિ સંભવે નહિ. આવે છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં, કર્મને લઈને વિકાર થાય એવી અનીતિ સંભવે નહિ. આહા..હા..! એ વાત મૂકી હતી ત્યાં ઈસરીમાં. વ્યાખ્યાનોમાં ઘણા પાંચ-સાત હજાર માણસ. પછી બંસીધરજી બિચારા ઊભા થઈને ગળગળા થઈને બોલ્યા હતા કે આ સ્વામીજીનો કોઈ વિરોધ કરે એ કુંદકુંદાચાર્યનો વિરોધ કરે છે એમ કીધું. ગળગળા થઈને કીધું. પણ એનું ઠેકાણું નહિ પાછું. ગંગા કાઠે ગંગાદાસ. ઘણા વર્ષનો અભ્યાસને. સાંઈઠ-સાંઈઠ વર્ષનો અભ્યાસ. અને પંડિતો ભેગા થઈને.. વર્ણીજી જેવા શાસ્ત્રના અભ્યાસી. સમયસાર નાટક આખું કળશ મોઢે. સંસ્કૃત ટીકા કંઠસ્થ. હા, ભણેલા. અહીં તો વ્યાકરણ પણ ન મળે અને સંસ્કૃત પણ નહિ. આહા..હા..! જેને અંતર દૃષ્ટિ થઈ એમાં વ્યાકરણ અને સંસ્કૃતની જરૂર ક્યાં છે? આહા..હા..! ભગવાન આત્મા અજ્ઞાનમય આત્માના પરિણામ કરે ત્યારે જૂના કર્મને એ નિમિત્ત થાય. તેથી જૂના કર્મ ત્યારે નવાને આસ્રવમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ફેરવી ફેરવીને વાત તો લઈએ છીએ. કહો, પદમચંદજી! ભાઈ! આ તો કાંઈ ઘરની (વાત નથી). આહા..હા..!

'**આસ્રવણના નિમિત્તપણાના નિમિત્તભૂત હોવાથી રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે.**' જોયું! ઓલામાં ખરેખર આસ્રવ ઉદય છે એમ કીધું, જડ તરીકે અને આ ચૈતન્યના રાગ-દ્વેષમોહ તે જ ખરેખર આસ્રવ છે. એમ કીધુંને? મોહ જ આસ્રવો છે. આહા..હા..! '**રાગદ્વેષ**

मोहा' 'रागद्वेष मोहा एवास्रवाः' એમ છેને? એને અંદર જુઓ. 'रागद्वेष मोहा एवास्रवाः' આહા..હા..! ઓલામાં તો એટલું જ કહ્યું હતું. મિથ્યાદષ્ટિ પુદ્ગલ પરિણામ. આ 'ज्ञानावरणादिपुद्गलकर्मास्रवणनिमित्तत्वात्, किलास्रवाः' 'किलास्रवाः' કહ્યું હતું ત્યાં. સંસ્કૃત છે. 'किलास्रवाः' કહ્યું હતું. અહીં 'एवास्रवाः' આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! જન્મ-મરણના ચોર્યાસીના અવતાર, બાપુ! તને અત્યારે શરીર ઠીક લાગે છે અને કાંઈક નિરોગતા હોય અને એમાં પાચ-પચાસ હજાર, લાખ-બે લાખ પૈસા હોય ધૂળ. આહા..હા..!

ઓલો લંડનનો કાગળ આવ્યો છે. તે દિ' નહોતો આવ્યો પ્રેમચંદનો? ત્યાં વાંચે છેને લંડનમાં. પ્રેમચંદ મહાજન નહિ? લંડનમાં. આપણે અહીં કાગળ આવ્યો હતો. હરિભાઈ નથી? ગયા છે? ઠીક નથી? એણે એમ લખ્યું છે કે આ બાર મહિનાથી હું આ વાંચું છું આત્મધર્મ. ઘણો જ મને પ્રમોદ આવે છે. આ બાર નવું આ. .. એમ કે જૂનાના પણ છે એમ કરીને.. પણ એમ નહિ એમાં લખ્યું છે, બાર મહિનાથી હું આ. દોઢ વર્ષ થયા હું લંડનમાં આવ્યા. પણ હું વાચું છું આ. ઘણો પ્રમોદ આવે છે. બહુ છ પાના આવડા મોટા છે. આ કાગળ આવે છેને ફુલસ્કેપ. છ-છ પાના લખ્યા છે. ભગવાનજી કચરા ઉપર. ભગવાનજીભાઈ. બહુ ખુશી બતાવે છે. મહાજન છે લંડનમાં. આહા..હા..! અરે..! આત્મા છેને, બાપુ! હરિજન હો કે બ્રાહ્મણ હો. એ તો શરીરની વાતું છે. આત્મા તો બ્રાહ્મણ પણ નથી અને વાણિયો પણ નથી. આહા..હા..! એ તો મૂર્ખ પણ નથી અને પંડિત પણ નથી. આહા..હા..! આવે છેને? પરમાત્મપ્રકાશ. પર્યાયની વાતું છે બધી.

એ તો ભગવાન આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય સુખનો સાગર. કહો, શેઠ! આ સાગર આવ્યું તમારું. આહા..હા..! ભગવાન! તું અતીન્દ્રિય આનંદનો દરિયો છો, પ્રભુ! તને ખબર નથી. તને એનો વિશ્વાસ ભરોસો નથી આવતો. પોતાને પોતાનો ભરોસો આવતો નથી. આહા..હા..! પરના ભરોસામાં ચાલ્યો જાય. આહા..હા..! એક ફેરી એ પ્રશ્ન ઉઠ્યો હતો ત્યાં. આપણે નરભેરામભાઈ સાથે. ભાઈ! વકીલ નહિ? રાજકોટ. ૮૭માં. નરભેરામભાઈ કહે, એટલો બધો વિશ્વાસ આવી શકે નહિ. એવું હોઈ શકે નહિ. દર્શનશુદ્ધિમાં.. કીધું, તમને એક વાત કહું? સાંભળો! તમારા લગન થયા એ કન્યા કોણ છે અને કોની એ કાંઈ તમને ખબર હતી? પહેલાં તો એવું હતુંને. હવે તો આ બધું બગડી ગયું છે. પંદર-પંદર દિ' સાથે ફરે ને પછી. પહેલાં તો એના મા-બાપ સગપણ કરે એ થઈ રહ્યું. કોઈ પૂછે તો કહે, એ વાત નહિ. શાંતિભાઈ! હવે તો પંદર દિ' સાથે ફરે ને પછી ઢીંકણું થાય અને પછી વળી... આહા..હા..! ઠેકાણા વિનાના બધા થઈ ગયા. બહુ ફરી ગયું, બહુ ફરી ગયું. આહા..હા..!

એ વખતે મેં કહ્યું એને કે એ કન્યા જ્યારે આવી પરણીને. તમને એના ઉપર શંકા પડી એમાં? કે આ અજાણી છે, આ મારી નાખશે તો? પણ તમને વિષયનો રસ છે તો એના ઉપર શંકા પડી જ નહિ તમને. શેઠ! એમાં વિશ્વાસ નથી? તમને વિશ્વાસ પાકો થઈ ગયો

છે. આહા..! અને છે અજાણી બાઈ. કોણ હજી કોની કેવી પ્રકૃતિ હશે. સામું પણ જોયું ન હોય કોઈ દિ'. આહા..હા..! એ તો હવે આ બધો પરિચય કરીને એકબીજા સાથે વાતું કરે ને ઢીંકણું કરે પછી. કીધું, એ વખતે શંકા પડે છે તમને જરીએ? કે આ બાઈ અજાણી, કોકના ઘરની. ૧૬, ૧૭, ૧૮ વર્ષની. શું હશે? એનો સંગ કરીશ તો મને કાંઈક નુકસાન થશે, મને મારી નાખશે. એવું છે કાંઈ? દેવીલાલજી! ભગવાન! એમ આત્માનો વિશ્વાસ એવો આવે કે ત્રણકાળમાં ફરે નહિ. આહા..હા..! પહેલી ઘડીએ જેમ તમને વિશ્વાસ આવી ગયો છે અને શંકા નથી, એમ પહેલી ઘડીએ અંદરમાં આનંદનો નાથ.. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સત્.. સત્ ચિદ્ જ્ઞાન અને આનંદનો સાગર એને જ્યાં પહેલી ક્ષણે જે આવે એને ભેટો... આહા..હા..! સમજાણું કાંઈ? એને આનંદ આવે. આહા..હા..!

ઓલામાં લીધું નથી ક્યાંક? ભોગાનંદ ને ફલાણા નંદ એમાં બધો આ આનંદ હોય છે. એ તો વળી ઓલાએ કાઢ્યું હતું, રજનીશ. એમ કે આ આનંદ છે એ બધો ભોગાનંદમાં, વિષયાનંદમાં એમ આ આનંદ છે. એમ આ આનંદ નથી. પણ એ.. ઓલો રજનીશ છેને એક. પૂનામાં છે અત્યારે. પંદર લાખનું તો મોટું મકાન છે. પૈસા દેનારા ઘણા માણસો એમાં રહે છે. ઘણાને લાવેલા છે. આહા..હા..! એમ કે ભોગમાં પણ આનંદ આવે છે એ આત્માનો આનંદ છે. અરેરે.. પ્રભુ!

**શ્રોતા :—** પર્યાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પર્યાય છે એ જુદી વાત છે. એ તો દુઃખની પર્યાય છે. અતીન્દ્રિય આનંદ ત્યાં ક્યાં છે? આહા..હા..! અતીન્દ્રિય આનંદ ભગવાન પૂર્ણાનંદ છે એનો જ્યાં અંતર વિશ્વાસ આવે છે ત્યારે સન્મુખ જાય છે ત્યારે જે આનંદ આવે તે આત્માનો આનંદ છે. પરમાત્માનો ભેટો થાય છે. પોતે પરમાત્મસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ એનો ભેટો થાય અને જે આનંદ આવે એ આનંદ છે. બાકી બધા થોથે થોથા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'અને તે તો અજ્ઞાનીને જ હોય છે...'** અહીં એમ સિદ્ધ કરવું છે હોં! શું કહેવું છે? જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહ મિથ્યાત્વ સંબંધીના નથી. એથી અહીં અજ્ઞાનીને આવા રાગ-દ્વેષ-મોહ અજ્ઞાન સંબંધના અજ્ઞાનીને છે એમ સિદ્ધ કરવું છે. શું કીધું સમજાણું? જ્ઞાનીને પછી રાગ-દ્વેષ થાય છે, પણ એ મિથ્યાત્વસંબંધીના અને અનંતાનુબંધીના નહિ. માટે આ અજ્ઞાનીને જ આ આસ્રવ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! એક-એક શ્લોકે કેટલું પદ છે જોયું! **'(-રાગદ્વેષમોહ તો) અજ્ઞાનીને જ હોય છે...'** આહા..હા..! મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રાગ-દ્વેષ એ તો અજ્ઞાનીને હોય છે. જ્ઞાનીને એ મિથ્યાત્વ અને રાગદ્વેષ અનંતાનુબંધીના હોતા નથી. ઓલા છે એની અહીં ગણતરી નથી. મૂળ રકમ તો આ ઊંધી છે કહે છે. આહા..હા..! એક-બે ગાથામાં કેટલો વિસ્તાર કર્યો છે! **'(-રાગદ્વેષમોહ તો) અજ્ઞાનીને જ...'** પાછો જ. **'એમ અર્થમાંથી નીકળે છે.'** અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યના

કેડાયત ટીકાકાર એ કહે છે કે આવા અર્થમાંથી આમ નીકળે છે કે રાગ-દ્વેષ અને મોહ જે અજ્ઞાનભાવના છે તે અજ્ઞાનીને જ હોય છે. આહા..હા..! જ્ઞાનીને એ રાગ-દ્વેષ મોહ હોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એમ અર્થમાંથી જ નીકળે છે.'** '(**ગાથામાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું નથી તોપણ ગાથાના જ અર્થમાંથી એ આશય નીકળે છે.**) ' 'तेसिं पि होदि जीवो य रागदोसादिभावकरो।' એ અજ્ઞાનીની વાત છે એમ. એમાંથી એમ નીકળે છે. રાગભાવને કરો એમ કીધુંને? કરનાર. એમ ભાઈ એટલે. આહા..હા..! કર્તાબુદ્ધિવાળો અજ્ઞાનીને અહીં લીધો છે. કરો. આહા..હા..! સમયસાર! સમયસાર જગતનો સૂર્ય છે! આહા..હા..! અજ્ઞાનીને જ રાગ-દ્વેષ ને મોહ હોય છે. આહા..હા..! કેમકે મિથ્યાત્વભાવ છે ત્યાં રાગદ્વેષના પરિણામમાં પ્રેમ છે એને. જ્ઞાનીને રાગ-દ્વેષ હોય છે પણ એમાં એનો પ્રેમ-રુચિ નથી. માટે જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહ છે નહિ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્યાં પણ પાછું એમ એકાંત ખેંચી લે કે જ્ઞાનીને રાગ-દ્વેષ છે જ નહિ. એને દુઃખ છે જ નહિ, અહીં તો દૃષ્ટિના વિષયમાં રાગ-દ્વેષ-મોહ દૃષ્ટિના વિરુદ્ધવાળાને છે એ સિદ્ધ કરવું છે, એવું સમ્યગ્દૃષ્ટિને હોતું નથી, પણ પછી સમ્યગ્દૃષ્ટિને પણ હજી જેટલો ચારિત્રમોહનો રાગદ્વેષ છે એ અહીં ગણવામાં નથી આવ્યો. દૃષ્ટિનું જોર છેને. આહા..હા..! કહેશે આગળ. અહીં ના પાડે છે, ત્યાં કહેશે ૭૦ ગાથામાં, ૧૭૦. જ્યાં સુધી યથાખ્યાતચારિત્ર નથી ત્યાં સુધી જ્ઞાન, દર્શન અને ચારિત્રનું પરિણમન જઘન્ય છે તેથી તેને રાગ-દ્વેષ છે, એનાથી બંધ એને છે. આહા..હા..! ૧૭૦માં કહેશે. આમાં ને આમાં આસ્રવમાં. ઓહો..હો..! કઈ અપેક્ષાએ ક્યાં કહ્યું, બાપુ! એમ સમજવું પડે, ભાઈ! આહા..હા..! પોતાનો આગ્રહ છોડી દેવો પડે. અમે માન્યું છે એમ અંદરમાં આવવું જોઈએ શાસ્ત્રમાં. શાસ્ત્રમાં એમ આવે કેમ? શાસ્ત્રએ જે અભિપ્રાયે કહ્યું છે તે એમાંથી કાઢવું જોઈએ. આહા..હા..!

**'ભાવાર્થ :—જ્ઞાનાવરણાદિ કર્મોના આસ્રવણનું...'** નવા હોં. **'કારણ તો મિથ્યાત્વાદિ કર્મના ઉદયરૂપ પુદ્‌ગલના પરિણામ છે,...'** સમજાણું? કહ્યું? નવા જ્ઞાનાવરણીયના આસ્રવનું નિમિત્ત જૂના મિથ્યાત્વાદિ કર્મનો ઉદય પુદ્‌ગલના પરિણામ છે. છે? **'માટે તે ખરેખર આસ્રવો છે. વળી તેમને...'** એમાં પણ નાખ્યું છેને ભાઈ! આ સિદ્ધાંત શું કહેવાય? પ્રવેશિકા. એમાં નાખ્યું છે. ઉદયને આસ્રવ કહ્યો છે ત્યાં. દ્રવ્યાસ્રવ. ઉદયને દ્રવ્યાસ્રવ કહ્યો છે. સિદ્ધાંત પ્રશ્નોત્તર. શું કહેવાય એ? જૈન સિદ્ધાંત પ્રવેશિકા. એમાં નાખ્યું છે.

**'તેમને કર્મ આસ્રવણના નિમિત્તભૂત થવાનું નિમિત્ત...'** જૂના કર્મ નવાને કારણ આસ્રવનું છે અને તેને પણ **'નિમિત્તભૂત થવાનું નિમિત્ત જીવના રાગદ્વેષમોહરૂપ (અજ્ઞાનમય) પરિણામ છે, માટે રાગદ્વેષમોહ જ આસ્રવો છે. તે રાગદ્વેષમોહને ચિદ્વિકાર પણ કહેવામાં આવે છે. તે રાગદ્વેષમોહ જીવને અજ્ઞાન-અવસ્થામાં જ હોય છે.'** લ્યો, આ

સિદ્ધાંત. મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ એ મિથ્યાદષ્ટિ હોય તેને થાય છે. **'મિથ્યાત્વ સહિત જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે.'** આહા..હા..! **'માટે મિથ્યાદષ્ટિને અર્થાત્ અજ્ઞાનીને જ રાગદ્વેષમોહરૂપી આસ્રવો હોય છે.'** બહુ અટપટી વાતું. ત્રણ ચાર લાંબી વાત કરી. સમજાણું કાંઈ? વાત તો સ્પષ્ટ થઈ છે. અને જૂના કર્મને ફક્ત પુદ્ગલના પરિણામ લીધા દર્શનમોહ ને આદિ. નવા આવવામાં જ્ઞાનાવરણીયનું કારણ કહ્યું. જ્ઞાનાવરણીય આઠેય કર્મને આવવાનું કારણ જૂના પરિણામ પુદ્ગલના.અને એને આત્માના જીવના રાગદ્વેષમોહના પરિણામ એને નિમિત્ત હોવાથી ત્યારે નવા જ્ઞાનાવરણીય આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે.. આવું ક્યાં? ભાઈ! આવા કાળ મળ્યા, મનુષ્યપણું, જિનદેવનો સંપ્રદાય મળ્યો. વાડો મળ્યો. એમાં આવો નિર્ણય નહિ કરે તો પછી કે દિ' કરશે? આ દુનિયાની માણસની સંખ્યા એને માનનાર છે કે નહિ? એમ જોવાનું નથી. સત્ય છે કે નહિ? માનનારા ઘણા નીકળે તો આ સત્ય, એમ છે નહિ. આહા..હા..! સત્યને માનનારા થોડા હોય. 'વિરલા જાણે તત્ત્વને, વિરલા ધારે કોઈ.' આહા..હા..! 'વિરલા સાંભળે કોઈ.' એમ કહ્યું છે. આહા..હા..!

**'હવે જ્ઞાનીને આસ્રવોનો (ભાવાસ્રવોનો) અભાવ છે એમ બતાવે છે :—'** શેનો? ભાવાસ્રવનો હોં! દ્રવ્યાસ્રવ તો પુદ્ગલ જડ છે, પણ જ્ઞાનીને રાગથી ભિન્ન પડેલું ચૈતન્ય એનું જ્ઞાન હોવાથી દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ છે અને શુદ્ધનો વિશ્વાસ, અનુભવ આવ્યો એને ભાવાસ્રવનો અભાવ છે. રાગદ્વેષમોહ જે ખરેખર છે મિથ્યાત્વ સંબંધીનો એનો તો એને અભાવ છે. એટલે જ્ઞાનીને આસ્રવ અને બંધ છે નહિ. એમ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૬, શનિવાર, તા. ૧૩-૧૧-૧૯૭૬, ગાથા-૧૬૬, પ્રવચન નં. ૨૩૦

સમયસાર, ૧૬૬ ગાથા. આસ્રવ અધિકાર છેને. **'જ્ઞાનીને આસ્રવોનો (ભાવાસ્રવોનો) અભાવ છે...'** એ આવશે ટીકામાં.

णत्थि दु आसवबंधो सम्मादिट्ठिस्स आसवणिरोहो।
संते पुव्वणिबद्धे जाणदि सो ते अबंधंतो।।१६६।।

**સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;**
**નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.**

**'ટીકા :— ખરેખર જ્ઞાનીને...'** એટલે ધર્મીને એટલે કે જેને આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ

આનંદઘન એની જેને અંતર દૃષ્ટિ થઈ છે તેને અહીંયાં જ્ઞાની કહેવામાં આવે છે. જેને આ શુદ્ધચૈતન્ય વસ્તુ અનાદિની નિત્યાનંદ પ્રભુ એમાં જેની દૃષ્ટિ થઈ છે અથવા એ દૃષ્ટિમાં પૂર્ણાનંદનો નાથ જ્ઞાનમાં જણાણો છે એને નિર્વિકલ્પ અનુભવ હોય છે. આહા..હા..! એને અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે. આહા..હા..! એને ધર્મી અથવા જ્ઞાની કહીએ. સમજાણું કાંઈ?

એ '**ખરેખર જ્ઞાનીને જ્ઞાનમયભાવો વડે...**' આહા...! હું ચૈતન્યઘન આનંદઘન એવી અંતરમાં દૃષ્ટિ હોવાને લીધે એને તો જ્ઞાનમય એટલે આત્મમયભાવ થાય છે. આહા..હા..! આત્મમય ભાવો વડે, '**અજ્ઞાનમયભાવો અવશ્યમેવ નિરોધાય છે–**' અજ્ઞાનમયભાવ એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષમય ભાવ. અજ્ઞાનની વાત છે હોં! મિથ્યાત્વ અને અનંતાનુબંધીના અજ્ઞાનભાવ એને રોકાઈ જાય છે. આહા..હા..! આમ બહારથી સંવર ને આસ્રવ ને નિરોધ લઈને બેસે એમ કાંઈ નથી.

**શ્રોતા :–** એની પ્રેક્ટિસ પાડે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનાથી પ્રેક્ટિસ પડે? પ્રેક્ટિસ તો રાગના વિકલ્પથી પ્રજ્ઞા વડે અંદરમાં ભિન્નની પ્રેક્ટિસ કરે એ પ્રેક્ટિસ છે. આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન ભગવાન આત્મા છે, પવિત્ર આનંદનો પિંડ એને રાગના પર તરફના વલણથી સ્વ તરફના વલણપ્રેક્ટિસપ્રયત્ન કરે તો તે જણાય એવો છે. આહા..! આવી વાત છે. વ્યવહાર સાધન કરે અને પછી જણાય એવું એ સ્વરૂપ જ નથી.

અલિંગગ્રહણમાં કહ્યું છે છઠ્ઠા બોલમાં, પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાની છે. આહા..હા..! એ પોતે શુદ્ધ ચૈતન્યના પરિણામ પ્રકાશથી જણાય એવો એ આત્મા છે. એ વિકલ્પ જે પુણ્ય દયા, દાનના વ્રત આદિના એનાથી જણાય એવી ચીજ જ નથી, વસ્તુનું સ્વરૂપ જ એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..! એ પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાનની નિર્મળ પર્યાય દ્વારા, એને પરની અપેક્ષા નથી, તેથી તે દ્વારા આત્મા પ્રત્યક્ષ જણાય છે. આહા..હા..! આ વાત. શું થાય? ભાઈ!

**શ્રોતા :–** આત્માના પ્રદેશો જણાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રદેશોની વાત નથી. પ્રદેશો પ્રત્યક્ષ ન થાય, પણ આનંદનું વેદન પ્રત્યક્ષ થાય તેથી તેને પ્રત્યક્ષ કહેવામાં આવ્યો છે.

**શ્રોતા :** એ તો અનુભવ પ્રત્યક્ષ થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** અનુભવ પ્રત્યક્ષ છે એની વાત છેને. આહા..હા..! કેમકે આત્મા જે રાગનું વેદન અનાદિથી કરે છે. નવમી ગ્રૈવેયક ગયો જૈન સાધુ દિગંબર થઈને પણ એને એ રાગનું વેદન હતું. પંચમહાવ્રત ને અઠ્યાવીશ મૂળગુણ એ રાગનું વેદન. આહા..હા..! એનાથી આત્મા પરથી ભિન્ન છે અને સ્વરૂપે પરિપૂર્ણ છે એવું જે અનુભવમાં આવે એને સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ હોય છે. આહા..હા..!

**શ્રોતા :—** ઈ સ્વાદ કેવો હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રાગના સ્વાદથી એ સ્વાદ જુદો. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો અનુભવ નિર્વિકલ્પ દૃષ્ટિથી આત્માને અંદર અનુભવતા આનંદની દશા આવે. આહા..હા..! એને અહીંયાં જ્ઞાની અને ધર્મી કહે છે. આકરું પડે છે લોકોને. શું કરે? ઓલા વ્રત ને ચરણાનુયોગથી આચરણ કરે તો એ સાધક થાય એમ અહીં છે નહિ, ભાઈ! આહા..હા..! ચરણાનુયોગમાં તો વ્રતાદિ કેવા હોય એવું એણે જણાવ્યું છે. વ્યવહારે કરે અને વ્યવહારે આદરે એમ કહેવાય વ્યવહારનયથી. નિશ્ચયનયથી તો એ વ્યવહારચારિત્ર આચરણ એ ચારિત્ર જ નથી. આહા..હા..! આવો માર્ગ ભાઈ! પચ્યો નહિ એને મુશ્કેલી પડે એવું છે. ખોરાક પચે નહિ પછી એનું અજીર્ણ થાય. આહા..હા..!

**શ્રોતા :—** પાચનશક્તિની ગોળી લ્યે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પાચનશક્તિની ગોળી તો આ કે દૃષ્ટિમાં, પર્યાયમાં આખો પૂર્ણ પાચન કરે એનું નામ પાચન છે. આહા..હા..! જેમ અગ્નિમાં ત્રણ ગુણ છે—પાચન, દાહક, પ્રકાશક. એ જયસેનાચાર્યની ટીકામાં વાત આવી ગઈ છે આપણે, ભાઈ! એમ આત્મામાં પાચનશક્તિ સમ્યગ્દર્શનની છે. સમ્યગ્દર્શનમાં ભગવાન પૂર્ણાનંદ પાચન થાય છે. આહા..હા..! એને પચે છે. દેવીલાલજી! આવી વાતું છે, બાપુ! આહા..હા..! સમ્યક્ સત્ય શ્રદ્ધા એ આખા પૂર્ણને પાચન કરે છે એવી એનામાં તાકાત છે. આહા..હા..! એ સમ્યગ્દર્શનની પર્યાય પૂર્ણાનંદને પાચન કરે છે. આહા..હા..! છે અલ્પજ્ઞ. વર્તમાન પૂરતી પર્યાય, છતાં એ પાચનમાં પૂર્ણાનંદને પચવે છે. આહા..હા..! પૂર્ણ સ્વરૂપને એ પચવે છે. સમ્યગ્દર્શન વિશ્વાસમાં પ્રતીતમાં પૂર્ણને લે છે. આવી વાતું હવે.

**શ્રોતા :—** વ્રત ને તપ ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ બધા વ્રત ને તપ ને બધા વિકલ્પ. આહા..હા..! એ આવશે પરમાત્મ પ્રકાશમાં કે ખરું વ્રત તો એ કે વ્રત અને અવ્રતનો વિકલ્પ છે એનાથી છૂટીને સ્વરૂપમાં સ્થિર થઈ જવું. આનંદના નાથમાં-આનંદના અનુભવમાં સ્થિર થઈ જવું-જામી જવું એનું નામ વ્રત કહેવાય છે. એ જ વસ્તુ છે. ઓલો તો ઉપચાર છે. આહા..હા..!

ચૈતન્ય હીરો ભગવાન અંદર અનંતગુણના પાસાથી શોભતો.. આહા..હા..! જેમાં અનંતગુણની પર્યાય પ્રગટ છે એવો જે ભગવાન આત્મા પર્યાયમાં પૂર્ણાનંદનું પાચન થવું, આહા..હા..! એ સમ્યગ્દર્શનની તાકાત છે. સમ્યગ્જ્ઞાનમાં પ્રકાશની તાકાત છે અને સ્વરૂપમાં સ્થિરતાની ચારિત્રમાં રાગાદિને બાળવાની તાકાત છે. આહા..હા..! ઝીણી વાત બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! આહા..હા..! તેથી કહ્યું નહિ આજે કાંઈક કાગળ આવ્યો જયપુરથી પણ સમજાતું નથી. આમાં મુક્યું છે એણે આ 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ. ચિર કાળ ભજે વિષયકષાય અબ તો...' આહા..હા..! ત્યાગ કરે.

પર તરફના વિકલ્પોની લાગણીઓને પ્રભુ તેં અનંતવાર સેવી છે. આહા..હા..! આ જન્મ-મરણ રહિત થવું હોય તો આ એનો પંથ છે કે જે સમ્યગ્દર્શનમાં સ્વસન્મુખ દશા થઈ એ સન્મુખે સત્‌મુખે, એ સત્ એની સન્મુખ થઈ પૂર્ણ સત્‌ને એ પ્રસિદ્ધ કરી દે છે. આહા..હા..! તેથી તેને પર્યાયમાં પણ સમ્યગ્દર્શન સહિતમાં, સમ્યગ્જ્ઞાન સહિતમાં આનંદની દશા પ્રગટ થાય છે આત્માને. આહા..! જેનો સ્વાદ અનુભવી જાણે, એ સ્વાદનો વેદનાર જાણે, બીજાને ખબર પડે નહિ. આહા..હા..! આવો જે '**ખરેખર જ્ઞાની...**' અહીં આ શબ્દ આટલો. '**જ્ઞાનીને...**' એટલે જ્ઞાની કોને કહેવો એની વ્યાખ્યા થઈ. આહા..હા..! જ્ઞાની શબ્દની વ્યાખ્યા થઈ. આહા..હા..! જ્ઞાની એટલે શાસ્ત્ર વાંચતા આવડે ને લોકોને સમજાવતા (આવડે), લાખ-બે લાખ માણસ ભેગા થાય તો સમજાવતા આવડે તો જ્ઞાની એમ નથી. આહા..હા..!

**શ્રોતા :—** થોડામાં થોડા કેટલાને સમજાવે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોઈ એકેય નહિ. અહીં સમજાવવાની વાત જ નથી. આહા..હા..! સમજાવાની ભાષા એ જડની અને સમજાવા તરફ વલણ જાય એ પણ વિકલ્પ રાગ. આહા..હા..! એ તો પરમાત્મપ્રકાશમાં આવી ગયું નહિ? ન ભણે ન ભણાવે. આહા..હા..! ભણવું અને ભણાવવું એ એક વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! અરે..! રાગની વ્યાખ્યા ક્યાં સુધી જાય છે? એમ કે સ્ત્રી, કુટુંબ, પરિવાર અને ધંધા પ્રત્યે પ્રેમ કરવો એ રાગ. એ રાગ એ તો સ્થુળ વાત છે. સમજાણું કાંઈ?

અરે..! ચોર્યાસીના અવતાર કરી-કરીને મરી ગયો છે એ. એવા અનંતવાર અવતાર (કર્યા). ક્ષણમાં ભાન ન મળે અને દેહ છૂટી જાય ફડાક દઈને. આહા..હા..! ક્ષણમાં અસાધ્ય થઈ જાય. થઈ રહ્યું. અરેરે..! આપણા નહિ ભૂરાભાઈ જેવા. પોરબંદર. છ મહિના અસાધ્ય રહ્યા. ગૃહસ્થ માણસ. ૩૨-૩૦ લાખ રૂપિયા. બુદ્ધિવાળો માણસ. અહીંની રુચિ. છ મહિના સુધી અસાધ્ય. આહા..હા..! હવે અહીં આ દશા, અરેરે..! એ અસાધ્ય તો બહારના રોગની અપેક્ષા છે, પણ જેને રાગથી ભિન્ન છે એવું સાધ્યપણું પ્રગટ્યું નથી એ બધા અસાધ્ય છે. આહા..હા..!

**શ્રોતા :—** કાળલબ્ધિ પાકી જાય તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કાળલબ્ધિ કોને કહેવી? જે સમયમાં સ્વભાવનું ભાન થયું તેને કાળલબ્ધિ કહેવી. કાળલબ્ધિ કોને કહેવી પણ? કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય? કે વાત કરવી છે કાળલબ્ધિની? આહા..હા..! કાળલબ્ધિનું જ્ઞાન થાય તેને કાળલબ્ધિ કહીએ. આમ વાત ધારણામાં લે કાળલબ્ધિ, કાળલબ્ધિ એનો અર્થ શું? આહા..હા..! સમજાણું કાંઈ?

એ તો કહ્યું હતું નહિ? (સંવત) ૧૯૭૨ની સાલમાં એ કીધું. કેવળીએ દીઠું એ થાશે.. કેવળીએ દીઠું થાશે. તો દીઠું થાશે એમાં શું કહેવું છે તમારે? કેવળજ્ઞાની પરમાત્મા જગતમાં છે, અરે.. પ્રભુ! દિવ્યશક્તિનો ધરનાર એવો દેવ જેને પર્યાયમાં દિવ્યપણું પ્રગટ્યું છે. આહા..હા..! જેની એક સમયની જ્ઞાનની પર્યાયમાં લોકાલોક તો જણાય છે, પણ એથી અનંતગુણા લોકાલોક

અને અનંતકાળ છે એ અનંત ગુણો કાળ હોત (તોપણ જાણી લે). આહા..હા..! જેને જ્ઞાનની પર્યાયમાં આટલી જાણવાની તાકાત, જેમાં અનંતા કેવળીઓ જાણે એવી તાકાત, એની સત્તાનો સ્વીકાર કરે ત્યારે એને કાળલબ્ધિ પાકી ગઈ. આહા..હા..! આવી સત્તા જગતમાં છે, પ્રભુ! એની દૃષ્ટિ પર્યાય ઉપરથી ઉઠીને સર્વજ્ઞસ્વભાવી ભગવાન છે ત્યાં દૃષ્ટિ જાય ત્યારે તેને કાળલબ્ધિ પાકી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીમદ્ે ન કહ્યું, 'જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ, ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' કાળલબ્ધિ અને ભવસ્થિતિ હશે તે થશે. ભગવાને દીઠું હશે તે થાશે એવા નામ લઈને તું પુરુષાર્થને-આત્માર્થને છેદ નહિ, ભગવાન! આહા..હા..! સંસારમાં ગૃહસ્થાશ્રમમાં (લખ્યું છે). સમજાણું કાંઈ? 'જો ઇચ્છા પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ, ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' પ્રયોજનભૂત એવા ભગવાન આત્માની પ્રતીત માટે પુરુષાર્થ કરો. એ કાળલબ્ધિ થશે એવા બહાના લઈને અટકો નહિ. આહા..હા..! દેવીલાલજી! આહા..હા..! પૈસા રળવા જાય તો એમ કહે છે કે કાળલબ્ધિ હશે ત્યારે પૈસા મળશે? ત્યાં સામું જોવે છે? ત્યાં તો હું પુરુષાર્થ કરું તો પૈસા (મળશે).

**શ્રોતા :—** ખાવા ટાણે ક્યાં કાળલબ્ધિ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખાવા ટાણે એમ છે કે ખાવાનું (આવશે ત્યારે) ખવાશે. પ્રયત્ન કરે છે ખાવાનો. આ લાવો.. આ લાવો.. આ લાવો... આવે એને કારણે, પણ પ્રયત્ન કરે છેને એ? આહા..હા..! જડની ક્રિયા. ખાવા, પીવાની બધી જડની ક્રિયા, ભગવાન! એ આત્માની નહિ. છતાં એને પ્રયત્નથી આમ ખાઉં ને આમ પીઉં ને આમ કરું. આહા..હા..! પેટમાં દાંત નથી માટે ચાવી-ચાવીને ખાવું. અંગ્રજી કહે છે એ બધા... અરે.. ભગવાન! કાઠિયાણી અને ગરાસણીયું હોયને ગરાસણીયું. એને કાંઈ કામ ન હોય. એટલે નવરીયું જ્યારે થાય બપોરે પછી તલ લે તલ. તલ લઈને એવા ચાવે.. એવા ચાવે... ચાવી ચાવીને. થોડાક આટલા તલ લે તો કલાક બે કલાકે ચાવી ચાવીને ખાય. નવરા માણસ. આ ગરાસણી, કાઠિયાણી. આહા..હા..! પાળિયાદમાં ચોમાસુ હતું (ત્યારે) છાશ લેવા જઈએ કાઠીને (ત્યાં). નિર્દોષ અહીં ન મળે વાણિયામાં તો ત્યાં જતા. નવરીયું બેઠી હોય બપોરે. કારણ કે ગરાસ હોય. દસ-વીસ હજારની ઊપજ હોય. એ વખતે તો દસ-વીસ હજાર એટલે બહુ કહેવાતુંને. હવે આ બધું સાધારણ થઈ ગયું. એટલે નવરી બાયું થાય રાંધીને. બેઠી હોય. તલ હોયને તલ. તલ-તલ. તીલ. એ ચાવી.. ચાવી.. ચાવી... ચાવી... ચાવી... ચાવી.. ચાવી... ચાવે. ખૂબ ચાવે. નવરા (ખરાને). આહા..હા..! એમ આત્માને ચાવી ચાવીને અંદર પુરુષાર્થથી અનુભવ કરવો જોશે એને. આહા..હા..!

**શ્રોતા :—** આત્માનો ભૂક્કો કરવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રાગનો ભૂક્કો કરવો અને ભગવાનનું આરાધન કરવો. આહા..હા..! વિકારનો ભૂક્કો કરવો અને પ્રભુને અખંડપણે આરાધવા. આહા..હા..! એવા જ્ઞાનીને. અહીં એવી વ્યાખ્યા છે. '**જ્ઞાનમય ભાવો વડે...**' એને તો આત્મા જ્ઞાનમય છે, એના ભાવો બધા જ્ઞાનમય

થાય છે, એને રાગમય અને મિથ્યાત્વમય ભાવ એને હોતા નથી. અહીં એમ કહેવું છેને. મિથ્યાત્વસંબંધીનો રાગ અને મિથ્યાત્વ સંબંધીનો દ્વેષ અને મિથ્યાત્વ સંબંધીનો અભિપ્રાય એવો **'જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે અજ્ઞાનમયભાવો અવશ્યમેવ નિરોધાય છે-'** જરૂર ત્યાં અજ્ઞાનભાવ રોકાઈ જાય છે. આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ અંદર સામર્થ્ય જેનું પરમાત્મસ્વરૂપ છે એનું જ્યાં જ્ઞાન થયું સ્વસંવેદન, તો એ જ્ઞાનભાવ વડે, મિથ્યાત્વ અને રાગ-દ્વેષના અજ્ઞાનભાવ રોકાઈ જાય છે. ઉત્પન્ન થતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અભાવરૂપ થાય છે...'** ત્રણ અર્થ કર્યા. **'જ્ઞાનીને જ્ઞાનમયભાવો...'** ભાષા. જ્ઞાનવાળા ભાવો એમ નહિ, જ્ઞાનમયભાવો. જ્ઞાનસ્વરૂપી ભગવાન છે ચૈતન્યબિંબ પ્રભુ, એના જ્ઞાનમય એટલે જ્ઞાન તરફના વલણવાળા, જ્ઞાનના અભેદવાળા પરિણામ. એવા ભાવો વડે. છે પર્યાય આ બધી. જ્ઞાનમય ભાવો એ છે પર્યાય. સમજાણું કાંઈ? **'જ્ઞાનીને જ્ઞાનમયભાવો વડે...'** રાગથી ભિન્ન પડ્યું છે સ્વરૂપ, એના ભાનમાં **'જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે...'** જ્ઞાનમયની પર્યાય વડે, અજ્ઞાનમય ભાવો એટલે પર્યાયો જરૂર રોકાઈ જાય છે, આહા..હા..! રૂંધાઈ જાય છે, અભાવરૂપ થાય છે. આહા..હા..! આ કાંઈ કથા નથી. આ તો અધ્યાત્મના... આહા..હા..! રટણ રઢણ છે, ઘુંટણ છે અધ્યાત્મનું. આહા..હા..! હું એક આત્મા પર તરફથી વલણને છોડી અને અંતરના વલણમાં જ્ઞાનમયભાવ થાય તેને અજ્ઞાનમય એટલે આ મિથ્યાત્વ રાગ-દ્વેષ હોં! અસ્થિરતાને અહીં ગૌણ ગણ્યા છે. અજ્ઞાનમય ગણ્યા હતાને અહીં? **'અજ્ઞાનમયભાવો અવશ્યમેવ નિરોધાય છે-'** જરૂર અભાવ થાય છે. **'કારણ કે પરસ્પર વિરોધી ભાવો સાથે રહી શકે નહિ;...'** એટલે? કે મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના ભાવમાં સાથે હોઈ શકે નહિ. બેય વિરોધી છે. જ્ઞાનમયભાવમાં મિથ્યાત્વમયભાવ હોય નહિ અને મિથ્યાત્વમયભાવમાં સમ્યગ્જ્ઞાનમયભાવ હોય નહિ. આહા..હા..! આસ્રવને રૂંધાય છે એની વાત છે.

**'પરસ્પર વિરોધી ભાવો...'** એટલે? ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ પ્રભુ, એની જે જ્ઞાનની દશા થઈ એ જ્ઞાનની દશા શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષ એનાથી વિરુદ્ધ ભાવ છે. એટલે જ્ઞાનમય ભાવ થાય ત્યાં વિરોધી ભાવ ઉત્પન્ન થતો નથી. આહા..હા..! **'તેથી અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ કે જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે...'** જુઓ, **'અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ...'** એટલે મિથ્યાત્વ **'કે જેઓ આસ્રવભૂત છે તેમનો નિરોધ હોવાથી, જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે.'** જ્ઞાનીને મિથ્યાત્વ અને મિથ્યાત્વની સાથે રહેલા રાગ-દ્વેષ એવા આસ્રવનો નિરોધ હોય જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ વાતે વડા પાકે એવું નથી. વડાની વાત નથી આવતી? વડા સમજો છો? પકોડી. અમારે વડા કહે વડા. એમ કે વાતે કાંઈ વડા પાકે? લોટ જોઈએ, તેલ જોઈએ. એ તમારે કહેવત હશે. હા ઈ. અમારે કાઠિયાવાડમાં એમ કહે, વાતે વડા ન થાય. એમ વડાની

વાતું કરો કે આમ થાય ને તેમ થાય એટલે કાંઈ વડા થઈ જાય? આહા..હા..! વડા માટે લોટ જોઈએ, તેલ જોઈએ, એને પાચનની આવડત જોઈએ. ભલે પાચન એનાથી થાય પણ આવડત જોઈએને. આ પાકી ગયા માટે કાઢી નાખો. એમ ને એમ વધારે ચડે તો બળી જાય. આહા..હા..!

એમ ભગવાન આત્માને પાચન કરવા માટે પુરુષાર્થ જોઈએ કહે છે, આહા..હા..! અંતર સ્વભાવ તરફના વીર્યનું વલણ એવા જ્ઞાનમયભાવને ધર્મ કહીએ અને એ ધર્મમયભાવ વડે અધર્મમયભાવ ઉત્પન્ન થતાં નથી. સમજાણું કાંઈ? આવી વાતું એટલે માણસને એવું (થાય છે) કે સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો એમ કહે છે. આ કોની વાત છે? સોનગઢની છે? આ પુસ્તક તો બે હજાર વર્ષ પહેલાંનું કુંદકુંદાચાર્યનું કરેલું છે. હજાર વર્ષ પહેલાંની ટીકા છે આ. આહા..હા..! લોકોને વાત એ કે સ્વ ચૈતન્ય મૂર્તિ એનું એને માહાત્મ્ય આવતું નથી. કેમ? કે આખી રમતું પર્યાયમાંઅવસ્થામાં, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ ક્રોધ આદિ અને જ્ઞાનનો ક્ષયોપશમ પણ એ પર્યાયમાં જે ઉઘાડ થયો એટલામાં એ રમે છે. આહા..હા..! એને ત્રિકાળની આગળ એ ક્ષયોપશમની પણ કિંમત નથી. આહા..હા..!

એ અહીં કહે છે. '**જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે. માટે જ્ઞાની, આસ્રવો જેમનું નિમિત્ત છે એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્‌ગલકર્મોને બાંધતો નથી,**–' લ્યો! કેમકે આસ્રવ નથી એટલે જ્ઞાનાવરણીય બંધાતું નથી. આહા..હા..! એ તો સમજાવે છે તો શું સમજાવે? એ વખતે બંધાવાનો યોગ જ નહોતો. પરમાણુઓને જ્ઞાનાવરણીયપણે પરિણમવાનો એમાં યોગ જ નહોતો. એને આસ્રવ રૂંધાણો એટલે બંધન નથી થતું એમ કહેવામાં આવે છે. ભાઈ! શૈલી ભાષાની તો એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સત્તામાં રહેલાં પૂર્વબદ્ધ કર્મોને, પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને,...**' આહા..હા..! ધર્મી અને જ્ઞાની તો જ્ઞાનસ્વભાવવાળો છે, જાણનાર-દેખનાર થયો છે એ તો, દુનિયાની આંખ્યું છે એ તો. આખી દુનિયા જેના જ્ઞાનમાં જણાય એવો એ જ્ઞાતા છે. આહા..હા..! '**કેવળ જાણે જ છે.**' આહા..હા..! છે? '**એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્‌ગલકર્મોને બાંધતો નથી, સદાય અકર્તાપણું હોવાથી...**' પાછું એમ. ભાષા દેખો. જ્ઞાનીને રાગનું કર્તાપણું નથી. તેથી તેને કર્મબંધનું નિમિત્ત જે કર્તાપણું એ છે નહિ, તો બંધન પણ નથી. 'કરે કર્મ સોહી કરતારા, જો જાણે સો જાણનહારા; જાણે સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાણે નહિ કોઈ.' આહા..હા..!

રાગના કર્તાપણે રોકાણો તેને જ્ઞાતાપણું રહેતું નથી. આહા..હા..! અને જ્ઞાતાપણામાં આવ્યો તેને રાગનું કર્તાપણું હોતું નથી. આહા..હા..! અને રાગનું કર્તાપણું નથી તેથી તેને બંધનું કારણ નથી, તેથી તેને બંધ થતો નથી. આહા..હા..! આવી ભાષા. જ્ઞાનાવરણીયની પર્યાય થવાની હતી એથી બંધ રોકાયો એમ કીધું, પણ ભાષામાં સમજાવવું શી રીતે? એ વખતે જ્ઞાનાવરણીયની પર્યાય કર્મમાં થવાની હતી જ નહિ. સમજાણું કાંઈ? એથી જ્ઞાની એ જ્ઞાનમયભાવમાં આવતા

અજ્ઞાનમયભાવનું કર્તાપણું અથવા અજ્ઞાનમયભાવ રોકાઈ જાય છે, તેથી તે અજ્ઞાનમયભાવ જે નિમિત્ત છે નવા આવરણને એ અજ્ઞાનભાવ ટળતા નવા આવરણનું બંધન એને થતું નથી. આહા..હા..! શું કીધું?

**શ્રોતા :—** એકદમ સહેલું છે, સાહેબ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સહેલું છે એ બધી વાતું કરવી એ સહેલું નથી. આહા..હા..!

**શ્રોતા :—** .. સહજ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—**સહજ છે, પણ સહજ ક્યારે છે? એ પુરુષાર્થ કરે સ્વભાવનો એને સહજ છે.

**શ્રોતા :—** કાળ પાકે ત્યારે પુરુષાર્થ થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પુરુષાર્થ કરે ત્યારે કાળનું જ્ઞાન થાય છે. એ તો પહેલું કહ્યું. આહા..હા..! દુનિયામાં ખાવાનું-પીવાનું એમાં કાળ આવશે ત્યારે થાશે એમ માને છે ત્યાં? ત્યાં તો પ્રયત્ન કરે છે. આ લોકો તેથી કહે છેને અહીંનું કે ત્યાંનું તો નિયત છે. હમણાં મોટું લખાણ આવ્યું છે, વઢવાણ શાસ્ત્રીનું. સોનગઢનું નિયતમિથ્યાત્વ છે. કારણ કે એ તો જે સમયે તે પર્યાય થાય એમાં નિમિત્તથી કાંઈ ન થાય એવું માનનારા છે. આહા..હા..! ભગવાન! નિયત જ છે. જે સમયમાં જે પર્યાય નિજક્ષણ એના ઉત્પન્નનો કાળ છે ત્યારે તે પર્યાય થાય છે, નિમિત્તથી થતી નથી; પણ તે કાળે તે થાય છે એનો નિર્ણય કોને હોય? એ અંતર્મુખ થયો હોય એને એ નિર્ણય હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

અંતર્મુખ વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ પડ્યો છે અંદર. આહા..હા..! આખી દુનિયા જેને એક સમયમાં જ્ઞેય તરીકે જણાય છે. આહા..હા..! ભલે મતિ-શ્રુતજ્ઞાન હો, પણ એક સમયમાં લોકાલોકને જાણવાની તાકાતવાળી પર્યાય છે ઈ. જાણે છે. આહા..હા..! એ કહ્યુંને? '**(જ્ઞાનાવરણાદિ) પુદ્ગલકર્મોને બાંધતો નથી, સદાય અકર્તાપણું હોવાથી...**' કેમકે જ્ઞાનીને રાગનું કર્તાપણું નથી. રાગનું જાણવાપણું એનું છે. આહા..હા..! પોતાનું જાણવાપણું અને રાગ થાય તેનું જાણવાપણું પોતામાં છે, પણ રાગનું કર્તાપણું જ્ઞાનીને પોતામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નવાં કર્મો નહિ બાંધતો થકો સત્તામાં રહેલાં પૂર્વબદ્ધ કર્મોને,...**' પણ પૂર્વના જે કર્મ સત્તામાં પડ્યા છે એ. '**પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને કેવળ જાણે જ છે.**' આહા..હા..! એ કર્મને કેવળ જાણે જ છે. જેમ કેવળજ્ઞાની ચાર અઘાતિકર્મ પડ્યા છે એને એ જ્ઞેય તરીકે જાણે છે. આહા..હા..! અને આ ટળશે ત્યારે ક્યો સમય એ પણ જ્ઞાનમાં જાણે છે. એ તો જાણનાર જ છે કેવળજ્ઞાની. આહા..હા..! ચાર કર્મ બાકી રહ્યા એને એ જાણે છે, જ્ઞેય તરીકે જાણે છે, મારા કર્મ છે અને મારામાં છે એમ નહિ.

**શ્રોતા :—** મારી પર્યાયમાં તો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બિલકુલ સત્તામાં નથી. સંયોગી ચીજ છે સંયોગમાં છે. જુદી. આહા..હા..!

'**(જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે, કર્તાપણું સ્વભાવ નથી;...**' આહા..હા..! કેવળજ્ઞાની જેમ જાણે છે લોકાલોકને છતાં એ કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત હોવા છતાં લોકાલોકનો એ કર્તા નથી. એમ જ્ઞાની જ્ઞાનમાં રાગાદિને જાણતો છતાં એ રાગનો કર્તા નથી. આહા..હા..! આવી વાતું છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણ કોઈ અલૌકિક વાત છે અને ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. એ પહેલાં ધર્મની શરૂઆત જ નથી. આહા..હા..! '**કર્તાપણું હોય તો કર્મ બાંધે,...**' છે? જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે. જાણવું એ, દેખવું એ સ્વભાવ છે. કર્તાપણું સ્વભાવ નથી. એ '**કર્તાપણું હોય તો કર્મ બાંધે, જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી.)**' આહા..હા..! થોડાં રાગ-દ્વેષ છે એથી કર્મમાં સ્થિતિ, રસ પણ થોડી પડે છે, પણ અહીં જ્ઞાતામાં જ્ઞેય તરીકે ગણ્યું છે એને. જાણનારનું એ જ્ઞેય છે, પરજ્ઞેય હોં! સ્વજ્ઞેયના જાણનારને રાગાદિ અને રાગથી થતો થોડો બંધ એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે, પરજ્ઞેય તરીકે જાણે છે. એ શૈલી અહીંલીધી છે.

જેમ ૧૧મી ગાથામાં કહ્યું, ભૂતાર્થ ભગવાન સત્યાર્થ પરમાત્મા પોતે એનો આશ્રય કરે એને સમ્યગ્દર્શન થાય. એવો જે નિશ્ચયસ્વભાવ જેને પ્રગટ્યો એને હવે પર્યાયમાં અપૂર્ણતા અને અશુદ્ધતા રહી એને જાણેલું પ્રયોજનવાન છે. જાણેલું પ્રયોજનવાન છે, આદરેલું નહિ. જાણે છે કે છે. એ વખતનો સ્વપરપ્રકાશક જ્ઞાતાસ્વભાવ જ એવો છે કે સ્વને જાણે ને રાગ થાય છે એને જાણે છે. રાગને અડ્યા વિના. આહા..હા..! સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. એ સ્વપરપ્રકાશક જ્ઞાન દ્રવ્યને અડ્યા વિના દ્રવ્યને જાણે અને રાગને અડ્યા વિના રાગને જાણે. આહા..હા..! આવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એક જ્ઞાનગુણમાં અનંતગુણનું રૂપ છે. એ જ્ઞાનની પર્યાય એને જાણે છે. એ શું કહ્યું? જેમ જ્ઞાન છે એમ અસ્તિત્વગુણ છે બીજો. એ અસ્તિત્વગુણ જ્ઞાનમાં નથી, પણ એ અસ્તિત્વનું રૂપ જ્ઞાનમાં છે. એટલે જ્ઞાન છે તે અસ્તિત્વપણે છે એ એનું સ્વરૂપ છે. આહા..હા..! એવા એક જ્ઞાનમાં અનંતા ગુણનું રૂપ છે. ગુણમાં બીજો ગુણ નથી, પણ ગુણમાં અનંતગુણનું રૂપ છે. એટલે જ્ઞાન પોતે અસ્તિત્વ છે, જ્ઞાન પોતે વસ્તુત્વ છે, જ્ઞાન પોતે પ્રમેયત્વ છે, જ્ઞાન પોતે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન વગેરે એનું સ્વરૂપ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એવા છ ગુણો છે. એ છ ગુણો તે જ્ઞાનમાં એ છ ગુણ નથી, પણ એ છ ગુણનું રૂપ જ્ઞાનમાં છે. એ જ્ઞાન પોતે કર્તાસ્વરૂપે છે. કર્તા ગુણથી નહિ, પોતાનું સ્વરૂપ જ કર્તાપણે છે. એમ આનંદની પર્યાય પ્રગટે એટલે કર્મસ્વરૂપ જ એ જ્ઞાન છે. એ ષટ્કારકનો પર્યાય જે શક્તિ છે એ એક-એક ગુણમાં એ સ્વરૂપે છે. એનું રૂપ એવડું છે. આહા..હા..!

**શ્રોતા :—** મુખ્ય-ગૌણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મુખ્ય-ગૌણની વાત નથી. એ મુખ્ય જ છે જ્ઞાનમાં અનંત ગુણો. એ ગુણોનું રૂપ. ગુણ એમાં નથી, પણ એ ગુણનું જે સ્વરૂપ છે તે રૂપ એનામાં છે. આહા..હા..! એવું જે અનંતુ રૂપ એવો જે ભગવાન એકરૂપ સ્વરૂપ.

એ તો પ્રશ્ન કર્યો છે ત્યાં ચિદ્‌વિલાસમાં કે ગુણપર્યાયવત્ દ્રવ્યમ્. તો દ્રવ્ય ક્યું રહ્યું પછી? ગુણ-પર્યાય તે દ્રવ્ય. દ્રવ્ય વળી બીજું ક્યાં આવ્યું? આહા..હા..! ચિદ્‌વિલાસમાં દિપચંદજીએ (પ્રશ્ન ઉઠાવ્યો છે), કે ભાઈ! ગુણપર્યાયવત્ દ્રવ્ય એ એકરૂપ છે દ્રવ્યનું અને ગુણપર્યાયનું અનેકરૂપ છે. અનેકરૂપનું એકરૂપ સ્વભાવનો આધાર, સ્વભાવિક વસ્તુ છે એ દ્રવ્ય છે. એ દ્રવ્યને આશ્રયે સ્વભાવ છે. સ્વભાવનો ધરનાર તે દ્રવ્ય છે. ગુણપર્યાય(વત્) દ્રવ્યમ્ પણ એ દ્રવ્ય છે, વસ્તુ છે. દ્રવ્ય કાંઈ નથી અને ગુણપર્યાય તે જ છે, એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ અહીં કહે છે.

કર્તાપણું રાગનું જ્ઞાનમાં નથી. આહા..હા..! પણ જ્ઞાનનું જ્ઞાનપણાનું કર્તાપણું જ્ઞાનમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનમયભાવ પ્રગટ્યો તે જ્ઞાનમાં જ્ઞાનની પર્યાયનું કર્તાપણું એના રૂપમાં જ્ઞાનગુણમાં છે, પણ રાગનું કર્તાપણું એ જ્ઞાનસ્વરૂપમાં છે નહિ. આહા..હા..! આવી ઝીણી વાત હવે. ભાઈ! તું અરૂપી છોને, પ્રભુ! એમાં સંકલ્પ-વિકલ્પ છે એ તો બધા રૂપી છે, અચેતન છે, જડ છે, એ જ્ઞાનના કિરણનો અભાવ છે પુણ્ય-પાપના ભાવમાં. એ ભગવાન પુણ્ય-પાપના અચેતનસ્વભાવથી તો ચેતન ત્રિકાળી સ્વભાવ તો તદ્દન ભિન્ન છે—એવા ચૈતન્યને જાણતા જે જ્ઞાનમયભાવ પ્રગટ થયો તે અજ્ઞાનમયભાવનો કર્તા હોતો નથી. અજ્ઞાનમયભાવનો એ કર્તા નહિ.

**શ્રોતા :—** અજ્ઞાનમયભાવ ઉત્પન્ન જ થતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એટલે એનો કર્તા નથી. ત્યારે કીધુંને ઉત્પન્ન થતો નથી એટલે કર્તા નથી. પરિણમન નથી એનું, એમ. કર્તા એટલે અજ્ઞાનમયભાવનું પરિણમન નથી. આહા..હા..! આવું બધું (સમજવા) નવરાશ કે દિ' હોય ને આ બધો નિર્ણય કરે. આહા..હા..! ભાઈ! તારા ઘરની વાતું છે આ અને ઘરમાં જવાની રીત આ છે. આહા..હા..!

**શ્રોતા :—** જ્ઞાનનો ક્ષયોપશમ ન હોય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્ષયોપશમની કોણે વાત કરી અહીંયાં? અહીંયાં તો રુચિની વાત છે. રુચિમાં આ બધું હોય જ. આહા..હા..! રુચિમાં આત્મા આખો પાચન થાય એમાં આ બધું હોય છે. આહા..હા..! જ્ઞાનગુણની એક સમયની પર્યાય અનંતા જ્ઞેયોને જાણે. એ તો એક જ્ઞાનમાં અનંતા ગુણને જાણવાનું સ્વરૂપ આવ્યું. આહા..હા..! એની રુચિ સ્વરૂપમાં જ એ દશા છે. એની રુચિ થતાં એ જ રુચિમાં આ આત્મા આવ્યો છે. આહા..હા..! ક્ષયોપશમ ઓછો હોય એની સાથે શું સંબંધ છે? રુચિમાં, પોષાણમાં, દૃષ્ટિમાં, શ્રદ્ધામાં, વિશ્વાસમાં જે પૂર્ણાનંદનો નાથ આવે છે એની મહત્તા ને પરિપૂર્ણતા પ્રતીતમાં આવી ગઈ છે. આહા..હા..!

ભાઈ! એ વાતું ઝીણી, અપૂર્વ છે, ભાઈ! આહા..હા..!

'**ભાવાર્થ : જ્ઞાનીને અજ્ઞાનમયભાવો હોતા નથી,...**' મિથ્યાત્વ અને મિથ્યાત્વ સાથેના રાગ-દ્વેષ ભાવ તે જ્ઞાનીને હોતા નથી. '**અજ્ઞાનમયભાવો નહિ હોવાથી (અજ્ઞાનમય) રાગદ્વેષમોહ અર્થાત્ આસ્રવો હોતા નથી...**' તેથી તેને રાગદ્વેષ અને મોહ એ ભાવ હોતા નથી. '**અને આસ્રવો નહિ હોવાતી નવો બંધ થતો નથી.**' નવું બંધન છે નહિ. '**આ રીતે, જ્ઞાની સદાય અકર્તા હોવાથી...**' આ વાત છે. વજન અહીં છે. ધર્મીજીવ તો રાગાદિનો સદાય ત્રિકાળ અકર્તા છે. કેમકે વસ્તુમાં રાગનું કરવાપણું એ છે જ નહિ. કર્તાગુણ છે આત્મામાં, પણ એ નિર્મળ પર્યાયને કરે તે કર્તાગુણ કહેવાય છે. એક કર્તાગુણ છે આત્મામાં અનાદિ, અનાદિ. જેમ જ્ઞાનગુણ છે, આનંદ છે એમ કર્તાગુણ છે, પણ એ કર્તા કોને કરે? એ નિર્મળ પર્યાયને કરે. આહા..હા..! કર્તા ગુણ છે એ પવિત્ર ત્રિકાળ છે તો એ કર્તાગુણ પવિત્ર પર્યાયને જ કરે. આહા..હા..! જે ૪૭ શક્તિ છેને સમયસારમાં? ત્યાં એવો અધિકાર લીધો છે કે ક્રમસર જે પર્યાય, પર્યાય અને અક્રમે થતા ગુણો એવું જે તત્ત્વ, એની જેને દૃષ્ટિ થઈ અને એ શક્તિવાન અને શક્તિનો અનુભવ થયો એને વિકારનું પરિણમન છે જ નહિ હવે. એને ક્રમસર વિકાર થાય એ વાત લીધી જ નથી. ત્યાં તો નિર્મળ પર્યાય ક્રમસર થાય અને ગુણ અક્રમ છે એ વાત લીધી છે. ૪૭ શક્તિ. કેમકે શક્તિ છે એ નિર્મળ છે અને નિર્મળશક્તિ નિર્મળપણે પરિણમે. મલિનપણું જે છે અંદર પણ એનું અહીં જ્ઞાન થાય તે એમાં પરિણમે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આસ્રવો નહિ હોવાથી નવો બંધ થતો નથી. આ રીતે, જ્ઞાની સદાય અકર્તા હોવાથી નવાં કર્મ બાંધતો નથી અને પૂર્વે બંધાયેલાં જે કર્મો સત્તામાં રહ્યાં છે તેમનો જ્ઞાતા જ રહે છે.**' જ્ઞેય તરીકે જાણે છે એને. આહા..હા..! '**અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી.**' હવે આ અજ્ઞાનમયભાવ હોતા નથી એનો ખુલાસો કર્યો કે ચોથે ગુણસ્થાને અવિરત સમ્યગ્દૃષ્ટિ છે એને અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધીના જે રાગદ્વેષ છે એ ચોથે ગુણસ્થાને હોતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**મિથ્યાત્વસહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે,...**' જોયું! આહા..હા..! જેની અભિપ્રાયમાં વિપરીતતા છે, રાગ છે તે હું છું, પુણ્ય છે તે હું છું અને એ રાગભાવ તે મને સ્વભાવનું સાધન છે એવો જે મિથ્યાત્વભાવ. છે? '**મિથ્યાત્વસહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે,...**' એ અજ્ઞાનના પક્ષમાં છે. સમ્યક્ સહિત રાગાદિ અજ્ઞાનના પક્ષમાં નથી. સમ્યક્ સહિત રાગ તો હોય છે થોડા પણ એ અજ્ઞાનપક્ષ નથી. ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને રાગ તો હોય છે, પણ એ અજ્ઞાનપક્ષમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે.**' કર્તા તરીકે. જ્ઞાનમય, આત્મામય

શુદ્ધ પરિણમન જ હોય છે. આહા..હા..! કેમકે દ્રવ્ય અને ગુણ છે એ તો પૂર્ણ શુદ્ધ છે અને એની દૃષ્ટિ થઈ, વેદનઅનુભવ થયો એ તો જ્ઞાનમય જ પરિણમન એને હોય છે. રાગ હોય છે તેનું અહીં જ્ઞાન કરે છે. તે પણ રાગ છે માટે એનું જ્ઞાન કરે છે એમ પણ નહિ. આહા..હા..! **'જ્ઞાનમય પરિણમન જ હોય છે.'** સ્વનું જ્ઞાન અને જે પ્રકારનો રાગ છે, દ્વેષ છે તેટલું તેવું તે પ્રકારનું જ્ઞાન એ પોતાને લઈને થાય છે. એથી તે જ્ઞાતા છે રાગનો. આહા..હા..! **'તેને ચારિત્રમોહના ઉદયની બળજોરીથી...'** બળજોરીનો અર્થ રુચિ નથી પણ અસ્થિરતાથી થાય છે તેને કર્મની બળજોરી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બળજોરી છે જ નહિ અહીં. કર્મ બળજોરીએ રાગ કરાવે એવું છે જ નહિ. અહીં તો પુરુષાર્થમાં રુચિ છે આત્માની, એને રુચિમાં અસ્થિરતા કરવી એની રુચિ નથી એથી એને બળજોરી રાગની કરીને **'રાગિદક થાય છે તેનું સ્વામીપણું તેને નથી;...'** આહા..હા..! સમ્યગ્જ્ઞાનીમાં રાગ આવે પણ સ્વામીપણું નથી, ધણીપતું નથી. આહા..હા..! આવી વાતું. આસ્રવમાં એમ આવ્યું હતું પહેલી ગાથાઓમાં કે મિથ્યાત્વ અને રાગદ્વેષમય પરિણામ જીવના પરિણામ જીવને કારણે થયા છે.

**શ્રોતા :–** અનન્ય પરિણામ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનન્ય પરિણામ પોતાના છે. જીવને પરિણામના નિમિત્તે થયા છે એમ. જીવના કારણે થયા છે, જીવના છે એ. એ તો એના અસ્તિત્વમાં થાય છે પોતે એ જણાવ્યું. હવે અહીં તો ભાન થયું છે જ્ઞાનમય આત્માનું એથી આસ્રવના પરિણામનો તે જ્ઞાતા છે, કર્તા નથી. આહા..હા..! આવી વાતું. એને ધર્મ થાય. હવે આ વાત. અહીં તો સામાયિક કરે, પોષા કરવા, પડિક્કમણા કરે (એટલે) થઈ ગયો ધર્મ, કાં જાત્રા કરે શેત્રુંજયની. બાપુ! ભાઈ! આવો કાળ જાય છે, નાથ! તારા ઉતારા નામ પંથમાં રસ્તા તો આ છે. એનો વિરોધ ન થાય. આહા..હા..! આવો આકરો માર્ગ કાઢ્યો (એમ) કહે (છે). આકરો (નથી), તારો સરળ માર્ગ છે એ. સહજપણે પુરુષાર્થ થાય તે સરળ માર્ગ છે. રાગનો પુરુષાર્થ તો કૃત્રિમ થાય છે. આહા..હા..!

ભગવાને તો ત્યાં સુધી કીધું કે વીર્યગુણ છે એ શુદ્ધતાની રચના કરે એને વીર્ય કહીએ. ૪૭ શક્તિમાં. વીર્ય એને કહીએ સ્વરૂપની રચના કરે તેને વીર્ય કહીએ. રાગની રચના કરે તેને નપુંસક કહીએ. આહા..હા..! વીર્ય એ ગુણ છે, પુરુષાર્થ ગુણ છે, પુરુષાર્થ સ્વભાવ છે. તો એનું રચનાપણું સ્વભાવનું છે. આહા..હા..! વિભાવની રચના એ એનું સ્વરૂપ જ નથી. પર્યાયનું સ્વરૂપ વિભાવનું રચવું એ વીર્યનું સ્વરૂપ નથી. શું કીધું સમજાણું કાંઈ? આહા..હા..! વીર્યગુણ જે છે પુરુષાર્થ. છેને? જીવતર, ચિતિ, દૃશિ, જ્ઞાન, સુખ, વીર્ય, છઠ્ઠી શક્તિ. ૪૭માં છઠ્ઠી શક્તિ. આહા..હા..! એ શક્તિ સ્વરૂપની રચના કરે. આહા..હા..! કેમકે એ ગુણ છે અને ગુણનો ધરનારો જે દ્રવ્ય છે એની જેને દૃષ્ટિ થઈ છે તેને ગુણ માન્યા છે અને તેથી તેને પરિણતિ

નિર્મળ જ થાય. આહા..હા..! મલિન પરિણતિ એ વીર્યનું કાર્ય જ નથી.

એક કોર કહે કે આસ્રવ-બંધ પરિણામ મિથ્યાત્વના આત્માના પરિણામ પોતાથી થયા છે. એ પર્યાયને સિદ્ધ કરે છે. પોતાની પર્યાયને સિદ્ધ કરે છે. એક બાજુ કહે કે ભગવાન આત્મા જ્ઞાની થયો એને રાગના પરિણામનું કર્તૃત્વ છે જ નહિ હવે. આહા..હા..! માર્ગ બાપા! જન્મ-મરણરહિત થવાની રીત. આવી વાત છે. ચોર્યાસીના અવતાર કરી એક એક યોનિમાં અનંત અવતાર (કર્યા). અનાદિ કાળમાં ભવ વિનાનો રહ્યો નથી. એવા ભવસહિત ભાવવાળો અનંતકાળ ગાળ્યો એણે. આહા..હા..! એને પોતાના પવિત્ર સ્વભાવનો ધરનાર ભગવાન એનું જેને સમ્યગ્જ્ઞાન થયું, એને હવે રાગાદિનો કર્તા એ છે નહિ. આહા..હા..!

'**ઉદયની બળજોરીથી જે રાગાદિક થાય છે...**' એનો અર્થ આ. એ આવે છે સ્વામી કાર્તિકેયમાં. કછવિ કમ્મો બળિયો, કછવિ જીવો બળિયો. એવું આવે છે. કોઈવાર કર્મ બળિયો અને કોઈવાર જીવ બળિયો. કર્મનો અર્થ ભાવકર્મ. જડની સાથે શું સંબંધ છે? જે અડતોય નથી, જે કર્મ જીવને અડ્યું જ નથી. શરીરને આત્મા ત્રણકાળમાં અડ્યો નથી. આહા..હા..! વિકારને પણ ખરેખર અડ્યો નથી. એમ છે, સ્વરૂપ એવું છે. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદ નાથ પૂર્ણમિદં એ પોતાનો સ્વભાવ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... જ્ઞાનાનંદનો એની જ્યાં જ્ઞાનમય દશા થઈ હવે એને અજ્ઞાનના રાગ-દ્વેષ હોતા નથી. કેમકે એનું સ્વામીપણું નથી, ધણીપતું નથી. ધર્મીને રાગનું ધણીપતું નથી. ધણીપતું પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય શુદ્ધનું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્વસ્વામીસંબંધ શક્તિ છેગુણ. ૪૭માં લીધો છે છેલ્લો. સ્વસ્વામી સંબંધશક્તિ. સ્વ-ચૈતન્યદ્રવ્ય, ગુણ અને નિર્મળ પર્યાય એ એનું સ્વ, એ એનો સ્વામી. એવો એનો સંબધ શક્તિ ગુણ છે. રાગનો સ્વામી (થાય એવો) આત્મામાં કોઈ ગુણ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી જ્ઞાની થતાં રાગનો સ્વામી જ્ઞાની થતો નથી. આહા..હા..!

'**તે રાગાદિકને રોગ સમાન જાણીને...**' જુઓ, રાગ છે પણ એને દુઃખ રોગ લાગે છે. કોઈ રીતે સમાધાન થતું નથી એટલે રાગમાં આવી જાય છે. આહા..હા..! એ રાગને રોગ સમાન જાણીને પ્રવર્તે છે. જુઓ, રાગમાં પ્રવર્તે છે પણ રોગ સમાન જાણીને. આહા..હા..! આ રોગ થાય ને એમાં દવા આવે, ડોક્ટર ભેગા થાય, સગાવ્હાલા જોવા આવે માટે રોગ રહેજો સદાય એમ ભાવના કરતો હશે? એકલા હતા એમાં રોગ થાય તો કેટલા જોવા આવે, કુટુંબી ભેગા થાય, મરવાનું ટાણું છે, ચાલો છેલ્લા મળી આવીએ. આહા..હા..! એ રોગને દુઃખ સમાન જાણે છે. રોગને સારો જાણે છે? આહા..હા..! પ્રવર્તે છે ખરો, જ્ઞાની પણ રાગમાં પ્રવર્તે છે, પણ રોગ સમાન જાણીને પ્રવર્તે છે એમ કહે છે.

'**અને પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે.**' આ શેઠિયાએ આ મૂક્યું હતું. દિપચંદ શેઠિયા. જ્ઞાનીને દુઃખ હોય જ નહિ એમ કહે. રાગ-દ્વેષ હોય નહિ. રાગ-દ્વેષ

કાપતો જાય, પણ કાપતો જાય તો છે એને કાપતો જાય કે ન હોય એને? સમજાણું કાંઈ? એ આ શબ્દ આવ્યો હતો એક ફેરી એના કાગળમાં, જ્ઞાનીને રાગ-દ્વેષ હોતા નથી. કેમકે એ કાપતો જાય છે. પણ કાપતો જાય છે એનો અર્થ શું? આહા..હા..! અજ્ઞાનમય રાગ-દ્વેષ નથી પણ જ્ઞાનીને રાગ અસ્થિરતાનો હોય છે અને તે પણ સ્વરૂપની એકાગ્રતા જેટલી તેટલું ટળે છે, પણ બીજા બાકી છે એ? એ દુઃખ છે જ્ઞાનીને પણ એટલું. આહા..હા..! સમજાણું કાંઈ? આ મોટો વાંધો આવ્યો હતો દિપચંદજી સાથે. જ્ઞાનીને દુઃખ હોય નહિ. ભાઈએ લખ્યું ખરુંને, સોગાનીએ, શુભભાવ પણ ભઠ્ઠી જેવો લાગે છે. એટલે એ કહે, નહિ આ ખોટી વાત છે. જેને કષાય દુઃખરૂપ લાગે એ તીવ્ર કષાયવાળો જીવ છે, એમ કહેતા હતા દિપચંદજી શેઠિયા. બહુ આવતાને અહીં. વર્ષો વર્ષ આઠ દિ' આવે. શેઠ તો જાણે છે. દૃષ્ટિ ફરી ગયેલી પછી. આ સોગાનીનું વાંચીને ખબર નહિ રહી. પહેલી નહિ સાચી, પણ એ વખતે એની દૃષ્ટિ બહાર આવી ગઈ ખુલ્લી, એમાં..

**શ્રોતા :—** દુઃખ થતું નથી તો કાપે શું કરવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કાપે શું કરવા? છે એને કાપે છેને. પણ છે કે નહિ? જેટલો કપાણો નથી એટલો છે કે નહિ? આહા..હા..! અને છે એ દુઃખ છે. આહા..હા..! માણસને સત્ય ઉપર આવવું બહુ (કઠણ). ખુલાસો પાછો એ બરાબર આવ્યો નહિ એમનો. આમ પત્ર આવ્યો હતો ક્ષમાપનાનો. આપ મને જે રીતે માનો છો, ધારો છે એ કરતાં મારામાં અવગુણ ઘણા છે. એમ આવ્યું હતું. પણ આ શું છે એનો ખુલાસો નહિ. પાછું તમે મને માનો છો. હું તો એમ માનતો હતો કે રાગને દુઃખરૂપ છે એ માનતો નથી, જાણતો નથી. એને ખબર જ નથી.

**'કાપતો જાય છે. માટે જ્ઞાનીને જ રાગાદિક હોય છે તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે; તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતાં નથી,...'** જુઓ, થોડો બંધ તો કરે છે પણ અનંત સંસારનો બંધ કરતાં નથી. **'માત્ર અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ કરે છે.'** જોયું! છે એનો બંધ કરે છેને? **'આવા અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.'** વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૭, રવિવાર, તા. ૧૪-૧૧-૧૯૭૬, ગાથા-૧૬૭-૧૬૮, પ્રવચન નં. ૨૩૧

સમયસાર, ૧૬૭ ગાથા. આસ્રવ અધિકાર છેને. 'હવે, **રાગદ્વેષમોહ જ આસ્રવ છે...'**

**भावो रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो।**
**रागादिविप्पमुक्को अबंधगो जाणगो णवरि।।१६७।।**
**રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;**
**રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.**

ઝીણી વાત (ઝીણી છે). મિથ્યાત્વસહિત જે રાગની એકતાબુદ્ધિ છે... આહા..હા..! રાગ જે વિકલ્પ થાય છે, પુણ્ય અને પાપનો ભાવ એની સાથે જેની એકત્વબુદ્ધિ છે એવા મિથ્યાદૃષ્ટિના રાગ અને દ્વેષ-મોહ આસ્રવનું કારણ છે. સમજાણું કાંઈ?

'ટીકા :-**ખરેખર, જેમ લોહચુંબક-પાષાણ સાથે સંસર્ગથી...'** લોહચુંબક-પાષાણ સાથે સંસર્ગથી '(**લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...'** આહા..હા..! '**લોખંડની સોયને પ્રેરે છે...'** લોહચુંબક પત્થર છે એના સંસર્ગથી. સોય સંસર્ગમાં આવે છે તેથી તેનાથી ઉત્પન્ન થયેલો ભાવ, સોયમાં લોખંડની સોયને ગતિ કરવાને પ્રેરે છે. શું કહે છે સમજાય છે કાંઈ? લોહચુંબક પત્થરની સાથે લોખંડની સોયમાં ઉત્પન્ન થયેલો ભાવ, લોખંડની સોયને ગતિ કરવાને પ્રેરે છે. એ સોય આમ લોહચુંબકની પાસે જાય છે. લોહચુંબકનું તો નિમિત્ત છે, સોયમાં પોતાને કારણે એમાંથી ઉત્પન્ન થયેલો ભાવ એ લોખંડની પાસે ગતિ કરવાને એ ભાવ પ્રેરે છે. હજી તો દૃષ્ટાંત છે આ.

**શ્રોતા :—** લોહચુંબક એને ખેંચે છે એમ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખેંચે છે એ તો નિમિત્તથી કથન છે. સંસર્ગ કર્યોને? એમ કહ્યુંને? લોહચુંબકે નહિ, લોહચુંબકનો સોયે સંસર્ગ કર્યો. આહા..હા..! એથી સોયમાં પાષાણની સમીપમાં જવાની ગતિની પ્રેરણા ઉત્પન્ન થઈ. સમજાણું કાંઈ? આ તો દૃષ્ટાંત છે. એ તો સિદ્ધાંત તો આત્મામાં ઉતારવાનો છે. આહા..હા..! '**તેમ રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી ઉત્પન્ન થયેલો...'** આહા..હા..! ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ છે. એ '**રાગદ્વેષમોહ સાથે ભેળસેળ...'** થવાથી. આહા..હા..! પુણ્ય અને પાપનો ભાવ અને મિથ્યાત્વભાવ તેની સાથે એકત્વ થવાથી. ભેળસેળ એટલે? રાગ-દ્વેષ અને મિથ્યાત્વમાં જ્ઞાયકમૂર્તિ ભગવાન એ રાગમાં એકત્વબુદ્ધિ થવાથી.. આહા..હા..! એ ઉત્પન્ન થયેલો અજ્ઞાનમયભાવ. જ્ઞાનસ્વરૂપી ભગવાન હું છું, ચૈતન્યરસ કંદ આત્મા છે, એની જેને ખબર નથી એ આત્મા વર્તમાન પર્યાયમાં થતાં

રાગ-દ્વેષ-મોહને એકત્વબુદ્ધિથી અજ્ઞાનમયભાવે એને ઉત્પન્ન કરે છે અને એ અજ્ઞાનમયભાવ જ બંધનું કારણ છે. આહા..હા..! આત્માને છેને?

**'અજ્ઞાનમયભાવ જ આત્માને કર્મ કરવાને પ્રેરે છે,...'** એટલે? 'રાગનું કર્તવ્ય મારું છે' તેમ અજ્ઞાનમયભાવ રાગ કરવાને પ્રેરે છે. આહા..હા..! પ્રભુ તો ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા છે. એવા જ્ઞાતા ચૈતન્યબિંબની વાત છે. અંદર ચૈતન્યસ્વરૂપ જે ભગવાન આત્મા એ તો ચિદ્રૂપ જ્ઞાતા-દૃષ્ટા છે. એ જ્ઞાતા-દૃષ્ટા રાગ-દ્વેષના મોહમાં એકત્વબુદ્ધિથી જે અજ્ઞાનમય ભાવ એ રાગને કરવાપણે પ્રેરે છે. સમજાય છે કાંઈ? ફરીને. આ કાંઈ એક-બે વારે (સમજાય એવું નથી). જેમ લોહચુંબકના પત્થરને સોયનો સંસર્ગ સોયે કર્યો એથી તેમાં ગતિ થવાની પ્રેરણાની ભાવના શક્તિ થઈ.

**શ્રોતા :—** નિમિત્તે ઉત્પન્ન કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઉત્પન્ન કર્યો એનો પ્રશ્ન અહીં નથી. અહીં તો દૃષ્ટાંત છે. સંસર્ગ કર્યો એ સિદ્ધાંત છે ત્યાં. લોખંડપાષાણનો સોયે સંસર્ગ કર્યો, એથી એમાં ગતિ થવાની પ્રેરણા ઉત્પન્ન થઈ; એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપને છોડી અને દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પ જે છે એને કરવા, 'કર્તવ્ય મારું છે' એમ જે પ્રેરે છે એવો જે અજ્ઞાનભાવ એ રાગનો કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..!

**'તેમ રાગ...'** ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હો, પણ એ રાગની કર્તૃત્વ કરવામાં પ્રેરણા અજ્ઞાનભાવની છે. પોતાના સ્વરૂપની ખબર નથી એથી એ રાગને પોતાનો માની એકત્વબુદ્ધિથી રાગને કરવા પ્રેરાય છે. આવી વાતું હવે. ધર્મ આવો ધર્મ મોંઘો. એય.. અમૃતલાલજી! કઠણ છે, કઠણ કહેતા નહોતા?

**શ્રોતા :—** ખબર નથી એ નિર્દોષ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખબર નથી એ મોટો પાપી થયો. ખબર નથી? પોસ્ટ માસ્તરમાં ખબર છે? પોસ્ટ માસ્તરમાં એમ હોય કે સીલ મારે સીલ. એના કાગળના હોયને? શું કહેવાય તમારે? રસીદું પૈસાની હોય એને સીલ મારે ત્યારે માસ્તરને હાજર રહેવું પડે. જો માસ્તર કહે કે મને ખબર નહોતી. અજ્ઞાન એ કોઈ બચાવ નથી. નીકળી જાવ નોકરીમાંથી. સમજાય છે કાંઈ? આ પોસ્ટમેન છે. અમારે નારણભાઈ કહેતા, નારણભાઈ હતાને પોસ્ટ માસ્તર હતા. પછી દીકરો એકનો એક હતો મરી ગયો. દીક્ષા લીધી હતીને. એ કહેતા કે પોસ્ટમાં આમ હોય. કોથળી હોયને શું કહેવાય એ? કાગળ નાખવાની અને રસીદ મૂકવાની એમાં. પૈસાવાળાની સો-બસ્સો પાંચસો હોયને? શું કહેવાય તમારે? ના, આ પૈસાની રસીદ. મની ઓર્ડર. મની ઓર્ડર. એ મની ઓર્ડરના પૈસા નાખ્યા હોયને અંદર. એ માસ્તરને ઊભા રહેવું પડે ત્યાં. પોસ્ટમેન. એની જોડે ત્યાં બાંધી ન રાખે તો ગુનેગાર છે. કેમ ઊભા ન રહ્યા તમે? કહે, મને ખબર નહોતી. ખબર નથી એ બચાવ છે? એય..! દેવાનુપ્રિયા! ખબર નથી એ બચાવ છે? જાવ.

પાંચ-દસ હજાર, પચ્ચીસ હજાર એમાં પડ્યા હોય અને ... ખ્યાલ ન રહ્યો હોય તો પોસ્ટમેને લઈ લીધો હોય. ખોલે ત્યાં ન મળે. કેમ ન મળે આ? પોસ્ટ માસ્તરને બોલાવો. કેમ નથી આમાં? હાજર હતા કે નહિ? સાહેબ! મને એનો ભરોસો હતો. ખબર નહોતી કે આમ કરશે. ખબર નથી એ બચાવ છે? પચાસ હજાર ગયા આ થેલીમાંથી. જાવ, પચાસ હજાર ભરીને જેલમાં જાવ. એય.. દેવાનુપ્રિયા!

**શ્રોતા :—** ખબર નહોતી એ નહિ ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખબર અજ્ઞાનપણે અમને ખબર નહોતી એ નહિ ચાલે. ખબર વિના હરડેના ભૂકાને ઠેકાણે સોમલ પીવાઈ ગયું ખબર વિના. મારી નાખ્યું. પીવાઈ ગયું હતુંને? આપણે પ્રેમચંદભાઈના બનેવી. પ્રેમચંદ ખારા અમરેલીવાળા. નાનુભાઈની બહેન. એના બનેવી હતા તે હેઠે ખાટલા હેઠે બે ઓલી પડેલી. શું કહેવાય? શીશી. એક શીશીમાં સોમલ અને એક શીશીમાં હરડે. હરડે નહિ? હરડે આવે છેને? ભૂકો. એમાં હરડે લેવી હતી. એના બદલે સોમલની શીશી હાથમાં આવી તો સોમલ લેવાઈ ગયું. આ ખબર નહોતી એમાં સોમલ ... ગયા. મરી ગયા. પાગલ .. પાંચ મિનિટ થાય ત્યાં તો... ખેંચાણ.. ખેંચાણ.. ખેંચાણ.. શું થયું આ? મેં તો હીમેજ લીધી છે. જુઓ તો ખરા. અરે..! હીમેજને ઠેકાણે સોમલની શીશી પડી હતી એમાંથી લેવાઈ ગયું. દેહ છૂટી ગયો. એય.. દેવાનુપ્રિયા! ત્યાં મને ખબર નહોતી ને સોમલ આવી ગયું. મારી નાખશે સોમલ.

એમ અજ્ઞાનપણ અમને ખબર નથી, મહાપાપ છે. રાગ મારું સ્વરૂપ નથી એમ જેને ખબર નથી, હું જ્ઞાનાનંદસ્વરૂપ છું એવી ખબર નથી અને રાગ મારું સ્વરૂપ નથી એ ખબર નથી એ રાગ કરવામાં પ્રેરાય છે. એ અજ્ઞાનભાવ બંધનું કારણ છે. તારાચંદજી! આવી વાતું છે, બાપુ! આહા..હા..! જુઓને, આચાર્ય કેવી શૈલી મૂકે છે! કર્તાકર્મની વાત કરી હતીને, એને આસ્રવમાં ભેગી નાખે છે હવે. આહા..હા..! એટલે શું કહે છે? કે પ્રભુ ચૈતન્યમૂર્તિ તો જ્ઞાન અને આનંદનું સ્વભાવનું સ્વરૂપ છે, પણ એની જેને દૃષ્ટિ નથી અને જેની પર્યાયબુદ્ધિ છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! પર્યાયબુદ્ધિમાં રાગની ઉત્પત્તિ થાય છે એ રાગ મારું કર્તવ્ય છે, એ રાગની એકતાબુદ્ધિ અજ્ઞાનભાવ તેને પ્રેરે છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! ધર્મ અને ધર્મની પદ્ધતિ સૂક્ષ્મ છે. લોકોએ માની લીધી એ આ નથી, બાપુ! આ તો આખો જન્મ-મરણના ભવસિંધુથી પાર કરવાની વાતું છે. આહા..હા..! ભવસિંધુ ચોર્યાસીના અવતાર કરી-કરીને (રખડી મર્યો છે). આહા..હા..!

ભગવાન તો એમ કહે છે, પ્રભુ! તેં દ્રવ્યલિંગ પણ એટલી વાર ધાર્યા જૈન સાધુપણાના કે પછી લોકમાં એવો ભાગ નથી કે જેમાં તું અનંતવાર જન્મ્યો અને મર્યો ન હોય, દ્રવ્યલિંગ ધારણ કર્યા પછી પણ. આહા..હા..! સાધુપણાનું દ્રવ્યલિંગ ધારણ કર્યું, પણ રાગને પોતાનું કર્તવ્ય માનીને અજ્ઞાનભાવે બંધ કરતો હતો. આહા..હા..! સમજાણું? કુંદકુંદાચાર્ય તો એમ કહે

છે, મારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હશો, એમ કહે છે. કેમ? કે જ્યારે દ્રવ્યલિંગ લેવાઈ જાય છે અને વસ્તુ નથી એથી એને મુંઝવણનો પાર નથી અંદર. રાગની ક્રિયા કરવી પડે ગુણસ્થાન પ્રમાણે માનેલી, ભલે માને છે કે અમે મુનિ છીએ એમ માને. એ રાગની ક્રિયા કરવામાં પ્રેરાય છે, કર્તાબુદ્ધિએ રાગ કરે છે. આહા..હા..! એ દ્રવ્યલિંગી બરાબર પંચમહાવ્રતને પાળે. આહા..હા..! પણ એવા રાગને પોતાપણે એકત્વબુદ્ધિથી માની અને કરવાપણાની બુદ્ધિએ પ્રેરાય છે, તે અજ્ઞાનભાવ તેને બંધનું કારણ છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! આ તો પરમ સત્ય વાત છે. બાપુ! આ તો આવી ગઈ છે. આ તો આવી ગઈ એ આવી ગઈ. સમજાણું કાંઈ? દુનિયાને બેસે, ન બેસે બીજી વાત છે. આહા..હા..!

અહીં તો કહે છે શુભરાગને પણ કર્તૃત્વબુદ્ધિથી કરવા અજ્ઞાનભાવે પ્રેરાય છે એમ કહે છે, આહા..હા..! દેવીલાલજી! સમજાય છે? ભાષા તો સાદી છે, ભાવ તો બહુ ઊંચા, બાપા! આહા..હા..! ત્રણલોકનો નાથ એ જ્ઞાનાનંદથી ભરેલો પ્રભુ, એના ભાન વિના રાગ કરવામાં પ્રેરાય એ અજ્ઞાનભાવના એ રાગ-દ્વેષ-મોહ એને બંધનું કારણ છે. કર્તાપણે થયેલા ભાવો એને બંધનું કારણ છે.

**શ્રોતા :—** સોયનું દૃષ્ટાંત આપ્યું, સોયની જગ્યાએ અજ્ઞાનમયભાવ લેવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અજ્ઞાન છે, અજ્ઞાન છે, ભાન નથી. હું જ્ઞાનસ્વરૂપ છું કે રાગસ્વરૂપ એની ખબર નથી. રાગ છે તે મારું કર્તવ્ય છે. આહા..હા..! પોતાના સ્વભાવના અભાનની ભૂમિકામાં, ચાહે તો દયા, દાન ને વ્રતનો વિકલ્પ હો, 'એ રાગનું કર્તવ્ય મારું છે' એ અજ્ઞાનભાવથી પ્રેરાઈને કર્તા થાય છે, કહે છે. આહા..હા..! આ તો હજી વાત પકડવી કઠણ પડે. બાપુ! આ તો ભગવાનના સંદેશા છે. આહા..હા..! સાધારણ માણસને તો બહુ એવું લાગે. આ વ્યવહાર કરીએ છીએને. કહે છે કે વ્યવહારનું કરવાપણું એ અજ્ઞાનની પ્રેરણાથી છે. છે?

'**(લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ લોખંડની સોયને** (ગતિ કરવાને) **પ્રેરે છે, તેમ રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી...**' ભાષા જુઓ! આહા..હા..! હું એક ચિદાનંદ સહજાત્મસ્વરૂપ પરમાત્મા, એવી મારી ચીજ છે એની એને ખબર નથી, એથી રાગને ભેળસેળપણું પોતાને માને છે. આહા..હા..! આ વાણિયા માલમાં ભેળસેળપણું નથી કરતાં? આ તીખાને બદલે પપૈયાના દાણા નાખે એમાં. તીખા સમજો છો? મરી-મરી. કાલી મીરચી. કાલી મીરચીમાં પપૈયાના દાણા એવા લાગેને. અત્યારે બજાર બહુ વધી ગયા છે ભેળસેળ. અહીં મ્યુન્સીપાલિટીનો માણસ આવ્યો હતો ભાવનગર. ગાંધીની દુકાનેથી ૩૫ વસ્તુ લઈ આવ્યો. મોટો માણસ હતો. ૩૫માં ૩૦ ભેળસેળ, પાંચ જ ચીજ ચોખ્ખી. એમ અનાદિનો અજ્ઞાની આત્માના આનંદ અને જ્ઞાનમાં પુણ્ય-પાપના ભાવને ભેળસેળ કરીને બેઠો છે. આહા..હા..! ચોખામાં કણકી નાખે, મરચાના કોથળામાં બીયાં-બીયાં. મરચાના બીયાં હોયને? છૂટા બિયાં હોય અધમણ કોથળામાં ભેગા નાખે. મરચા ભેગા તોળાય. આહા..હા..! અત્યારે તો આ ઔષધમાં બધા બહુ થઈ

ગયા છે. ઘીમાં ઓલું શું કહેવાય? વનસ્પતિનું ઘી. એ શું કહેવાય? વેજીટેબલ. એ સાચા ઘીમાં વેજીટેબલ ઘી નાખે. તેથી અમારે આત્મારામ છેને હમણા ઘી લઈ આવે છે ત્યાંથી, જેસરથી. અહીં વેચે છે. એને હવે પેદાશ કરવાનો ભાવ થઈ ગયો અત્યારે મરવા ટાણે. આત્મારામ છેને. કાં એમ કહે, સમિતિને જોવે છે માટે લાવું છું. સમિતિ લઈ લે. આ સમિતિ. આ શું કહેવાય આ છોકરાઓની? બોર્ડિંગ-બોર્ડિંગ. અને આ સમિતિમાં ન જોઈતું હોય તો ડબા લઈ આવે જેસર છે જેસર, પાલિતાણા પાસે. સો ઘર છે શ્વેતાંબરના. ડબા લઈ આવે ત્યાંથી. પંદર દિ'એ આઠ-દસ દિ'એ જાય. આ ફેરી દિવાળીને દિ' ગયા હતા બરાબર. એ લઈ આવે અને અહીં (આપી દ્યે). શું કહેવાય કીલો તમારું? ૨૨નું કીલો અહીં ૨૫ ઊપજે. એટલે ડબામાં પેદા થાય હોય ને ૨૦, ૨૫, ૪૦, ૫૦.

**શ્રોતા :—** ધંધો તો કરવો પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધંધો પણ હવે.. ચાર ચાર છોકરા, છેલ્લી સ્થિતિ અને અવસ્થા થઈ ગઈ. શું એને કહીએ? એને એ લોભ થઈ ગયો છે. લોકોને ભેળસેળ વિનાનું મળેને ચોખ્ખું ઘી એટલે કીલો ત્યાંથી ૨૨ કીલો હોય તો ૩-૪ રૂપિયા આપે વધારે. લઈ આવે ખરાને. નહિતર તો ઘી ભેળસેળવાળા ઘણા થઈ ગયા. ઘી .. નાખે અંદર બીજું.

**શ્રોતા :—** એની ઉપર એમાં વેજિટેબલ નાખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમાં વેજીટેબલ નાખે. એક ફેરી આપણે થયું હતુને? વકીલ તમારો નહિ? ઝવેરચંદ. ઝવેરચંદ વકીલ હતો નહિ ભાઈ આ? એ ચોખ્ખું લેવા ગયો હતો અહીં જીથરીમાં. તો બાયુંએ ઘી ઊનું કરવા વખતે દહીં નાખી દીધું. શું કહેવાય તમારું? વેજીટેબલ. આહા..હા..!

અહીં પરમાત્મા કહે છે કે પ્રભુ! તું આનંદનો નાથ જ્ઞાતા-દૃષ્ટા (સ્વભાવથી) ભરેલો એમાં તેં રાગને મિશ્રણ-ભેળસેળ કરી નાખ્યો. શેઠ! સમજાય છે કે નહિ? ભાષા તો સાદી છે. આહા..હા..! પ્રભુ! તને શું થયું? ભાઈ! આ સૂઝ ક્યાંથી પડી તને આવી? અંદર જ્ઞાતા-દૃષ્ટા છે ચૈતન્યમૂર્તિ એની સાથે વિભાવના રાગને પોતાના કરવાની બુદ્ધિ થઈ. આહા..હા..! (શ્રોતા :- આ વાત તો આપે ખુલ્લી કરી!) આવું છે, બાપુ! જીવને ગોઠે ન ગોઠે, સંપ્રદાયને ઠીક પડે ન ઠીક પડે, માર્ગ તો પ્રભુ આ છે હોં! આહા..હા..! (શ્રોતા :- આપનો મહાન ઉપકાર!) જુઓને, પણ કેટલું કરે છે! આહા..હા..! પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ છોને. તારામાં તો અનંતજ્ઞાન, અનંતઆનંદ પડ્યો છે, પ્રભુ! એવા અનંત જ્ઞાન અને આનંદના જ્ઞાન વિના... આહા..હા..! પોતાની જાતની ભાત પડ્યા વિના. એ રાગ છે એ પોતાની જાત નથી, એ કજાત છે. આહા..હા..! એ ચંડાળણીના પુત્ર છે પુણ્ય અને પાપભાવ. એની સાથે સ્વરૂપના અજાણપણે રાગને પોતાનો માનીને રાગ કરવા પ્રેરાય છે એ અજ્ઞાનભાવ બંધનું કારણ છે. મિથ્યાત્વ સાથેનું બંધ હોં! એ બંધની વ્યાખ્યા છે અત્યારે તો. એ મિથ્યાત્વના બંધનું કારણ છે. આહા..હા..!

**શ્રોતા :—** લોકેચ્છા છૂટે પણ, મતાગ્રહ ન છૂટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બધું છૂટે. બાયડી, છોકરા છોડે, દુકાન છોડે, પણ ઓલી માનેલી વાત છેને એ છોડવી.. આત્મા ફેરવી નાખે ત્યારે છૂટે. આહા..હા..!

**'તેમ રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી ઉત્પન્ન થયેલો...'** જેમ ઓલી સોયને લોહચુંબકના પત્થરના સંસર્ગથી ઉત્પન્ન થયેલો ગતિને પ્રેરે છે, એમ ભગવાન આત્મા... આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પૂર્ણમિદં સ્વરૂપ અંદર પૂર્ણ છે એનું. શાંત... શાંત... શાંત સત્ ચિદાનંદ સત્ ત્રિકાળી જ્ઞાન અને આનંદ. ચિદ્ એટલે જ્ઞાન એવો જેનો સ્વભાવ છે તેને ભૂલી અને જે પુણ્ય-પાપના વિકલ્પો તેને ભેળસેળ કરી.. આહા..હા..! અને આત્માને માને છે. ભેળસેળ કરીને માને છે. આહા..હા..! એ રાગનો ભાવ મને લાભ કરશે, એ મારું કર્તવ્ય છે, હું એનો કર્તા છું... આહા..હા..! એવી બુદ્ધિ **'અજ્ઞાનમય ભાવ જ...'** જોયું! રાગને ભેળસેળપણે માનવાથી એવો જે અજ્ઞાનમયભાવ એ **'આત્માને કર્મ કરવાને પ્રેરે છે,...'** જોયું! એ રાગ કરવાને એ અજ્ઞાનમય ભાવ પ્રેરે છે. રાગ સાથે જ્ઞાયકને ભેળસેળ કર્યો એથી અજ્ઞાનમય ભાવ જે થયો એ કર્મને કરવાનું કરે છે. એ રાગ કર્તવ્ય મારું છે એમ તે માને છે. આહા..હા..!

**શ્રોતા :—** આત્માને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, છેને. આત્માને. આત્માને આવો અજ્ઞાનમયભાવ તે આત્માને રાગ કરવાને પ્રેરે છે.

**શ્રોતા :—** અજ્ઞાનમયભાવ તો આત્માની પર્યાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, પર્યાય એની. તેથી કહ્યુંને, અજ્ઞાનમયભાવ એવો જે આત્માને રાગ કરવાને પ્રેરે છે. આહા..હા..! શું કીધું સમજાણું કાંઈ?

એ રાગની એકતાબુદ્ધિ-ભેળસેળ બુદ્ધિ એવો જે અજ્ઞાનભાવ તે રાગને કરવાને આત્માને અજ્ઞાનભાવ પ્રેરે છે. આહા..હા..! આવી વાત. ઓલી તો એવી વાત કે શુભ કરતાં-કરતાં થાય લ્યો. એટલું આવ્યું છે. બંધ છે એ મોક્ષનો ઉપાય છે. હવે આવું... બાપુ! રાગનો ચાહે તો શુભભાવ હોય, પણ એને આત્માના સ્વભાવ સાથે (ભેળસેળ કરે છે). કારણ કે એ તત્ત્વ તો ભિન્ન તત્ત્વ છે, એ આસ્રવતત્ત્વ છે, ભગવાન જ્ઞાયકતત્ત્વ છે. આહા..હા..! જ્ઞાયકતત્ત્વને આસ્રવતત્ત્વ સાથે ભેળસેળ કરી એટલે એકપણે માની એ ઉત્પન્ન થયેલો જે અજ્ઞાનભાવ એ રાગને કરવાપણે પ્રેરે છે. 'એ રાગ કર્તવ્ય મારું છે' એમ માને છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

મૂળ વાત અજ્ઞાન અને જ્ઞાનની મૂળ પહેલી બે વાત છે. અસ્થિરતા પછી હોય એ વાતની અહીં ગણતરી નથી. સમજાય છે કાંઈ? એ તો પહેલું કહી ગયા ને માથે? કે જ્ઞાનીને અસ્થિરતા હોય એનાથી થોડી બંધ-સ્થિતિ પડે પણ એને અહીંયાં ગૌણ ગણી છે. આહા..હા..! અલ્પ બંધ થાય. છે ખરું. જ્ઞાનીને રાગમાં કર્તાપણાની બુદ્ધિ છૂટી ગઈ છે તોપણ રાગ છે ખરો.

આહા..હા..! એ રાગ તે જ્ઞાતાપણાને જ્ઞેય તરીકે જાણવાનો રાગ છે. આહા..હા..! જેમ આત્મા લોકાલોકને જાણે કેવળજ્ઞાનથી એ અસદ્ભુત વ્યવહારનયનું કથન છે. કેમકે કેવળજ્ઞાન છે એ લોકાલોકને જાણે છે, એમાં તન્મય થઈને જાણતો નથી, એ તો ભિન્ન કરીને જાણે છે. એટલે એ તો અશુદ્ધ વ્યવહારનયથી જાણે છે એમ કીધું. આહા..હા..! એમ રાગને જાણતા રાગની સાથે એકત્વબુદ્ધિ કરીને રાગને જાણે એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ અસદ્ભુત વ્યવહારનય છે. આહા..હા..! અને જ્ઞાની જે છે એને રાગ થાય છે, પણ એને જ્ઞાનમાં રહીને રાગને જાણે છે. રાગમાં ભળીને રાગને જાણે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું બહુ બાપુ, માર્ગ! આહા..હા..! અને જેના ફળ તરીકે અનંત આનંદ આવે. અનંતજ્ઞાન-દર્શન, અનંત સમાધિ સુખસહિત આનંદ.. આનંદ... આનંદ.. જેનું મોક્ષ ફળ એના ઉપાય તો અલૌકિક હોયને, ભાઈ! લોકોત્તર ઉપાય હોય, અલૌકિક ઉપાય હોય.

રાગથી પૃથક્ થઈને જ્ઞાતાસ્વભાવને જાણવો, તેને રાગ હોય તો તેને તેના સંબંધીનું જ્ઞાન તેનાથી નહિ પણ પોતાથી થાય છે એમાં એ રાગ જાણવામાં આવે છે જ્ઞાનીને. એ રાગમાં એકત્વ થઈને જાણતો નથી એને. રાગથી પૃથક્ રહીને જાણે છે કે આ રાગ છે. આહા..હા..! જેમ કેવળજ્ઞાન લોકાલોકમાં તન્મય થઈને લોકને અને લોકાલોકને જાણતું નથી જ્ઞાન, એમ ભગવાન આત્મા જ્ઞાની થયો એ રાગને જ્ઞેય તરીકે જાણે, પણ પરજ્ઞેય તરીકે તેમાં તન્મય થયા વિના જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને જેમ લોહચુંબક-પાષાણ...'** એ અજ્ઞાનનો સ્વભાવ કીધો દૃષ્ટાંત દઈને. સમજાણું કાંઈ? સોયમાં ગતિ કરવાનો ભાવ નહોતો, પણ લોહચુંબકનો સંસર્ગ કર્યો એટલે ગતિ કરવાનો ભાવ થયો એ પોતાને સંસર્ગને કારણે થયો. એ પછી ગતિ કરે છે.

**શ્રોતા :–** સંસર્ગ તો નિમિત્ત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નિમિત્ત કીધુંને. પણ નિમિત્તથી થયું છે પોતામાં પોતાને કારણે. એના સંસર્ગથી. આ તો દૃષ્ટાંત છેને. આહા..હા..!

એમ ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ આનંદમૂર્તિ છે. **'पूर्णमिदं'**. જ્ઞાન અને આનંદથી પ્રભુ પૂર્ણ છે. આહા..! એની જેને દૃષ્ટિ નથી તેને પોતાના જ્ઞાયકસ્વભાવની સાથે રાગ કરવાની પ્રેરણા અજ્ઞાનભાવથી થાય છે. સ્વરૂપનું અજ્ઞાન છે, રાગની એકત્વબુદ્ધિ છે. આહા..હા..! માર્ગ ભારે કઠણ બાપા! આહા..હા..! સમજાણું? હવે સવળું લે છે. એ અવળી વાત હતી પહેલી.

**'જેમ લોહચુંબક-પાષાણ સાથે અસંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...'** લોહના સંગમાં ગઈ નહિ એવી સોય એને ઉત્પન્ન થયેલો ભાવ **'લોખંડની સોયને (ગતિ નહિ કરવારૂપ) સ્વભાવમાં જ સ્થાપે છે...'** આહા..હા..! સોય સોયમાં રહે છે. સોય આમ ગતિ કરતી નથી. સંસર્ગ નથી, અસંસર્ગ છે. સોયમાં ગતિ કરવાનો ભાવ નથી.

એ પોતાના સ્વભાવને સ્થાપે છે. આહા..હા..! લોહચુંબકના સંસર્ગના અભાવે સોય પોતાના સ્વભાવમાં રહે છે, ગતિ કરતી નથી. આહા..હા..!

**'સ્વભાવમાં જ સ્થાપે છે...'** સ્વભાવમાં જ સ્થાપે છે. આહા..હા..! અને સોયનો સ્વભાવ જે સ્થિર છે એ એમાં સ્થાપે છે એમ. સમજાણું કાંઈ? **'જેમ...' 'તેમ...'** છેને? પહેલું **'જેમ લોહચુંબક,' 'તેમ રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી...'** આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી છું, રાગથી ભેળસેળ નહિ હું. રાગ અને આત્મા એક નહિ. આહા..હા..! **'રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો જ્ઞાનમયભાવ,... '** જુઓ! ઓલામાં આત્માને અજ્ઞાનમયભાવથી આત્માને પ્રેરે છે રાગ કરવામાં. આહા..! રાગનો સંસર્ગ જ નથી, સ્વભાવના પરિચયથી આવેલું જે જ્ઞાન, તે જ્ઞાન. **'ઉત્પન્ન થયેલો જ્ઞાનમયભાવ,...'** જોયું! **'જેમ કર્મ કરવાની ઉત્સુકતા નથી...'** આહા..હા..! રાગ કરવાની ઉત્સુકતા હોંશ નથી ત્યાં. આહા..હા..! જ્ઞાનીને રાગ કરવાની રુચિ નથી, ઉત્સુકતા નથી. એ રાગની દશાને પ્રેરીને રાગને કરે એ દશા જ્ઞાનીને નથી. આહા..હા..! માર્ગ તો જુઓ!

**'રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો જ્ઞાનમયભાવ,...'** ઓલો આત્મામાં ઉત્પન્ન થયેલો અજ્ઞાનમયભાવ હતો ઓલામાં. **'(આત્મામાં) ઉત્પન્ન થયેલો અજ્ઞાનમયભાવ...'** એમ હતું. કૌંસમાં નાખ્યું છે આત્મા. છેને? કૌંસમાં નાખ્યું છે. **'ભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો અજ્ઞાનમયભાવ,...'** આત્મામાં ઉત્પન્ન થયેલો અજ્ઞાનમયભાવ રાગ કરવાને પ્રેરે છે. અહીંયાં પરના સંસર્ગ વિના રાગની સાથે જેનું ભેળસેળપણું નથી. 'હું તો એક જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છું' એવું જેને ભાન છે તે જ્ઞાનીને **'અભેળસેળપણાથી ઉત્પન્ન થયેલો...'** રાગ સાથે મિશ્રિતપણું છૂટી ગયું છે. આહા..હા..! અને જ્ઞાયકભાવ સાથે એકત્વબુદ્ધિ થઈ છે. એથી **'જ્ઞાનમય ભાવ, જેને કર્મ કરવાની ઉત્સુકતા નથી (અર્થાત્ કર્મ કરવાનો જેનો સ્વભાવ નથી)...'** આહા..હા..! વ્યવહાર રાગને કરવાનો પણ જીવનો સ્વભાવ નથી. આહા..હા..! આવી વાતું હવે. ઓલું તો કરતા દયા પાળવી, વ્રત પાળવા એવું હતું. સહેલુસટ હતું. જિંદગી વઈ જવાનું.

**શ્રોતા :—** શુભભાવથી ધર્મ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શુભભાવ એ મારો છે તો એને ધર્મ થાય એમ માનેને? પોતાનો સ્વભાવ એને માને તો એનાથી ધર્મ થાય. કેમકે સ્વભાવ માન્યો એણે. આહા..હા..!

**શ્રોતા :—** અત્યારે એ જ બધે ચાલે છે કે શુભભાવથી ધર્મ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ચાલે છે. અનાદિથી એ ચાલે છે. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી છે એને જ્ઞાનીને રાગ થાય છે, પણ એ રાગમાં એકત્વબુદ્ધિ નથી અને રાગને પૃથક્ રાખીને રાગનું જ્ઞાન કરે છે. અજ્ઞાની રાગને એકત્વબુદ્ધિથી ભેળસેળપણાથી રાગનો કર્તા થાય છે. આહા..હા..! આવી વાતું હવે. આવો ધર્મ કઈ જાતનો હશે? બાપુ! માર્ગ તો આવો

છે, ભાઈ! આહા..હા..!

ઓહો..! ચૈતન્યસ્વરૂપ ભગવાન જ્ઞાતા-દૃષ્ટા સ્વસંવેદનથી જણાય એવો એ રાગથી નહિ જણાય એમ કહે છે. પોતાના સ્વ-સં-પ્રત્યક્ષ જ્ઞાન વડે જણાય એવો છે. એ રાગથી ભેળસેળ નથી કરતો. આહા..હા..! જ્ઞાની પુણ્યના દયા-દાનના વ્રતના ભાવ સાથે અભેળસેળ છે. આહા..હા..! જ્ઞાન આત્માને અને રાગને ભેળસેળ નથી કરતો એ. બે થઈને આત્મા છે એમ નથી માનતો એ. એય..! આહા..હા..! પુસ્તક છે સામે. ક્યા શબ્દનો અર્થ થાય છે એ છે. નામું મેળવવું તો પડશેને એણે? આહા..હા..! અરે..! ક્ષણમાં દેહ છૂટી ચાલ્યો જશે. કોઈની પાસે માન મળ્યા હશે એ કાંઈ ત્યાં કામ નહિ આવે. અભિનંદન મળ્યા, માન મળ્યા, બહુ તમે તો આવા.. આવા. આહા..હા..! એ ત્યાં કામ નહિ આવે, બાપા!

ત્યાં તો 'ભગવાન આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છું' એવી જે દૃષ્ટિ અને સ્થિરતા થઈ છે એ ત્યાં કામ આવશે. આહા..હા..! ઓહો..! ભારે શ્લોક. ગંભીર ટીકા! અમૃતચંદ્રાચાર્યની ટીકા. જયસેનાચાર્યે આ દાખલો આપ્યો છે. જયસેનાચાર્યે દાખલો તો એનો (આપ્યો) છે લોહચુંબકનો. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ એ રાગમાં એકત્વબુદ્ધિ અને ભેળસેળ કરે છે ત્યારે તેનો જે અજ્ઞાનભાવ (છે) એ આત્માને રાગ કરવાને પ્રેરે છે. આહા..હા..! પણ જે આત્મા રાગના પરિચયમાં આવતો નથી, સ્વભાવના પરિચયમાં 'જ્ઞાયક છું' એ આવે છે, એવા રાગને એકપણે ભેળસેળ કરતો નથી, અભેળસેળપણે રાખે છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવથી રાગને ભિન્ન રાખે છે, ભેળસેળ કરતો નથી. આહા..હા..! ભાષા તે ભાષા છેને. ટીકા તે ટીકા. આત્મખ્યાતિ ટીકા છે આ. આ ટીકાનું નામ આત્મખ્યાતિ, આત્માની પ્રસિદ્ધિ. ટીકાનું નામ જ આત્મખ્યાતિ છે, આત્મપ્રસિદ્ધિ. જેને રાગ સાથે.. એ શું વ્યવહાર સાથે એકત્વબુદ્ધિ... આહા..હા..! હવે એનાથી આત્માને લાભ થાય.. આવી તો ગજબ વાત છે, પ્રભુ! અને એવું ન માને એ મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે.

'**એવા આત્માને સ્વભાવમાં જ સ્થાપે છે;...**' એટલે શું કીધું એ? જેમ સોય જ્યારે લોહચુંબકનો સંસર્ગ કરતી નથી એને ગતિની પ્રેરણા થતી નથી એટલે સોય સોયમાં રહે છે, એમ ભગવાન આત્મા રાગની એકતાબુદ્ધિ છૂટી ગઈ છે, રાગ સાથે ભેળસેળ નથી, એકલા આત્મા સાથે પોતે પોતાના સ્વભાવને જાણ્યો છે એનો આત્મા પોતામાં ઠરે છે. આહા..હા..! જેમ ઓલી ગતિ કરતાં સોય અટકી જાય છે, એમ આત્મા રાગની ગતિ કરતાં અટકી જાય છે. આહા..હા..! વાત તો આવી છે, બાપુ! ઘણાને એવું લાગે છે, પણ આ બધી વાતું નિશ્ચય, પણ કાંઈ સાધન? કાંઈ સહેલું. બાપુ! માર્ગ જ આ છે. આહા..હા..! કહો, દેવાનુપ્રિયા, લાડવા-બાડવા ખાવા અને .. લેવા વળી, પછી આ સમજવું કઠણ પડે. ત્યાં ઘરના ઘર છે ત્યાં. જરીયાને? જરીયા. .. છે ઘણો. એનાથી તો એને ખર્ચ પણ વધી જાય. ઘર. ખર્ચો થોડો હોય, એટલા બધા ખર્ચી ન શકે. એટલે એ રસોયાને કહે કે આ ફલાણી ફલાણી ચીજો..

ભાઈ ભેગા છેને? ભાઈ ભેગા છે એવું સાંભળ્યું હતું.

**શ્રોતા :—** પણ હું તો સાહેબ સોનગઢમાં જ છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ કે મને અહીંનો પ્રેમ છે, એમ કહે છે. એ .. પણ બાપુ! ત્યાં આવું સાંભળવાનું મળે નહિ. ઝીણવટની વાતું ક્યાં છે ત્યાં? જાડી વાતું સાંભળી એને પછી ગોખ્યા કરો અને વાંચ્યા કરો.

**શ્રોતા :—** મહારાજ! કાંઈ કાઢી દોને અંદરમાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ અંદરમાં શું થાય છે એની ખબર ન હોય એ થાશે ક્યાંથી?

ઓહો..હો..! શું આચાર્યોએ જ્ઞાન અને અજ્ઞાનના બે ફડચા પાડ્યા છે. રાગતત્ત્વ આસ્રવતત્ત્વ છે અને પ્રભુ આત્મા જ્ઞાયકતત્ત્વ છે. બેયને ભેળસેળ કર્યા છે તે અજ્ઞાનભાવ તેને બંધનું કારણ થાય છે. એ અજ્ઞાનભાવે રાગને કરવા પ્રેરાય છે. આહા..હા..! અને જેને જ્ઞાનસ્વભાવ આત્મા ચૈતન્યસ્વભાવ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ, જ્ઞાન અને આનંદસ્વરૂપ હું છું, એવું જેણે રાગથી પૃથક્ જાણ્યું અને રાગ સાથે ભેળસેળ કરતો નથી, તે અભેળસેળવાળો જ્ઞાની આત્માને આત્મામાં સ્થાપે છે, રાગ કરવામાં પ્રેરાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! આવી વાતું તો ક્યાંક મળે એવી મુશ્કેલી છે. આહા..હા..! બહુ આકરું કામ, બાપા! શું કરે? શું થાય? આહા..! ૨૫મા તીર્થંકર કહેવડાવે છે, એમ કહે. અરે..! પ્રભુ! આહા..હા..! શ્રીમદ્ વખતે એમ હતું. પ્રભુ! અમે સાધુ નથી ત્યાં તીર્થંકર કહેવરાવીએ? બાપા! આહા..હા..! એવું લખે છે લ્યો. ઓલી ભવિષ્યની વાતું બહાર નીકળી ગઈ તો વર્તમાનમાં .. તો એ બહુ વાતું ભવિષ્યની ન કરવી, એવું છે. આહા..! વ્યક્તિગતની વાત જ મૂકી દેવી જોઈએ. તત્ત્વ શું છે એ વાત. ભાઈને એમ કહ્યું. હુકમીચંદને કીધું ભાઈ, તત્ત્વની વાત મૂકવી. બહેન અને મારા સંબંધીની જે વિશેષતાઓ છે એ વાત વ્યક્તિગત ન કરવી. આહા..હા..! શું થાય, બાપુ! કાળ એવો છે.

**શ્રોતા :—** જીવોની લાયકાત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** લાયકાત નથી.

**શ્રોતા :—** બીજી નય પકડમાં આવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઊંધી છે. ભાઈએ લખ્યું છેને .. કે આવું કરીને પોતે .. કરવા, પોતાને બહાર માન લેવું છે. અરેરે! પ્રભુ! એમ કે બહેન ભગવતીસ્વરૂપ છે, એને જ્ઞાન છે, જાતિસ્મરણ છે ને આમ છે. બાપુ! જેમ છે એમ છે, ભાઈ! હવે જાતિસ્મરણ તો સાધારણ હજારો કેસ છે અત્યારે. હજારો કેસ છે. લૌકિક તરીકે જાણે એક ભવ, બે ભવ...

**શ્રોતા :—** એ વાત પચે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પચે નહિ, પચે નહિ. જાતિસ્મરણ .. એ ખોટી ઠરાવે છે. પછી શું જાણ્યું એમાં એ વળી જુદી વાત. આહા..હા..!

અહીં તો કહે છે, જેનો સ્વભાવ છે એવા આત્માને સ્વભાવમાં સ્થાપે છે. એટલે? જેની

દૃષ્ટિ જ્ઞાયકભાવ ઉપર પડી અને રાગને ભેળસેળ કરતો એનો નાશ થયો અને જ્ઞાનસ્વભાવ પ્રગટ્યો એ પોતે રાગને કરવા પ્રેરાતો નથી, પણ જ્ઞાન જ્ઞાનમાં રહે છે, જ્ઞાન પોતાના સ્વભાવમાં રહે છે. આહા..હા..! આનું નામ ધર્મ અને આનું નામ મોક્ષનો માર્ગ. ભગવાન આત્મા.. આહા..હા..! **નઅભેળસેળપણાથી...**' ભાષા છેને ઇ? રાગ સાથેની એકત્વબુદ્ધિના અભાવને લઈને '**ઉત્પન્ન થયેલો જ્ઞાનમયભાવ...**' આહા..હા..! જેને કર્મ કરવાનો ભાવ નથી, કર્મ કરવાનો જેનો સ્વભાવ જ નથી. રાગને કરવું એવો જીવનો સ્વભાવ નથી. આહા..હા..! કર્તાબુદ્ધિથી એ વાત છે હોં અત્યારે. બાકી જ્ઞાનસ્વભાવમાં જાણે. જેટલું રાગનું પરિણમન છે તેટલો કર્તા એને કહેવાય, કરવાલાયક છે એમ નહિ. સમજાણું કાંઈ? પણ જ્ઞાનસ્વભાવમાં રાગ થયો એ જાણે. એ જાણે, એમ જાણે જ્ઞાન કે મારું પરિણમન છે, મેં કર્તાબુદ્ધિએ કરેલું છે એમ નહિ, પણ પરિણમન છે એ અપેક્ષાએ કર્તા રાગ મારો છે, હું છું. ઘડીકમાં આ અને ઘડીકમાં આ. એય.. દેવીલાલજી! ૪૭ નય. ત્યાં કીધું કે કર્તા આત્મા રાગનો છે. જ્ઞાનીને પણ રાગનો કર્તા છઠ્ઠે ગુણસ્થાને મુનિને પણ એ પંચમહાવ્રતના પરિણામનો કર્તા પરિણમે તે કર્તા છે. બાકી પરિણમ્યો છે એ કર્તા છે. એ કર્તા-કર્તા બુદ્ધિ એ નહિ, ફક્ત પરિણમે છે માટે કર્તા એટલી અપેક્ષા. આહા..હા..! અહીં તો કરવાની બુદ્ધિથી કરે છે એનો ... બતાવે છે. આવી વાત છે, બાપુ! આહા..હા..!

'**સ્વભાવમાં જ સ્થાપે છે; માટે રાગાદિ સાથે મિશ્રિત (-મળેલો) અજ્ઞાનમયભાવ જ કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી બંધક છે...**' લ્યો, એ બંધક છે. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ એની સાથે મિશ્રિત થયેલો અજ્ઞાનમયભાવ. જોયું! એ કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી, રાગને કરવા જેવો છે એવું પ્રેરતો હોવાથી બંધ જ છે. એ અજ્ઞાનભાવ બંધ જ છે. આહા..હા..! જ્ઞાનીને જરી રાગ થાય છે એ કર્તૃત્વબુદ્ધિએ નથી. સમજાણું કાંઈ? તેમ થાય છે તેનો એ સ્વામી એમ નથી દૃષ્ટિની અપેક્ષાએ અને પર્યાયનું પરિણમન છે એ અપેક્ષાએ સ્વામી હું એનો છું. આહા..હા..! ૪૭ નયમાં સ્વામી કીધું છે પાછું એને.

**શ્રોતા :–** પરિણમે છે અપેક્ષાએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરિણમન છેને. નબળાઈ પોતાની છેને. કર્મને લઈને નથી કાંઈ, કર્મ તો જડ છે. આહા..હા..! જેટલું પરિણમન છે જ્ઞાનીને છઠ્ઠે ગુણસ્થાને પણ રાગનું એ પરિણમનનું કર્તૃત્વ એ પોતે માને છે અને ભોક્તા પણ હું છું એનો. કર્મને લઈને એ રાગ થયો છે અને કર્મને લઈને ભોગવવાપણું રાગનું થાય છે એમ નથી. આહા..હા..! માર્ગ તે માર્ગ, અનેકાંત સ્યાદ્વાદ. સમજાણું કાંઈ?

'**રાગાદિ સાથે અમિશ્રિતભાવ સ્વભાવનો પ્રકાશક હોવાથી...**' આહા..હા..! સરવાળો લીધો. પુણ્ય-પાપ સાથે નહિ ભળેલો ભાવ એ તો જ્ઞાતા-દૃષ્ટાનો ભાવ થયો. એ સ્વભાવનો પ્રકાશક છે. એ તો '**સ્વભાવનો પ્રકાશક હોવાથી કેવળ જ્ઞાયક જ છે,...**' આટલી વાત સિદ્ધ કરી છે. સમજાણું કાંઈ? પાછું એમાંથી એવું ખેંચી લે કે જ્ઞાની થયો એટલે જરીએ

એને રાગ નથી અને બંધક પણ નથી. એ આવશે, ૧૭૧ ગાથા કહેશે. તરત જ કહેશે. આહા..હા..!

**શ્રોતા :** બેય પડખાનું ચોખ્ખું જ્ઞાન હોવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** ચોખ્ખું. જ્યાં સુધી જઘન્ય જ્ઞાન છે, સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાન છે, પણ જ્યાં સુધી યથાખ્યાત ચારિત્રની દશા નથી ત્યાં સુધી એટલું રાગનું પરિણમન છે, એટલું એને બંધન પણ છે. આહા..હા..! અનંત સંસાર નથી. આવો ધર્મ લ્યો. આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? કાઢે ક્યાંથી? છે એવું છે. છે એવું બહાર બતાવ્યું છે. આહા..હા..!

અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ પણ રાગ છે, એની સાથે મિશ્રિતભાવ જે અજ્ઞાનભાવો 'એ રાગનું કર્તવ્ય મારું છે' તેમ પ્રેરાય છે. આહા..હા..! અને એ જ એને બંધનું કારણ છે. અબંધ સ્વભાવી ભગવાનને રાગ સાથે મિશ્રિત કરવો એ જ બંધનું કારણ છે. અબંધસ્વભાવી જ્ઞાયકને રાગથી ભેળસેળ ન કરતાં ભિન્ન પાડીને જ્ઞાયકમાં રહેવું એ બંધનો કર્તા નથી. આહા..હા..!

'**જરા પણ બંધક નથી.**' જોયું! મિથ્યાત્વ અને રાગ, અનંતાનુબંધી ને રાગ. મિથ્યાત્વ અને રાગદ્વેષ અનંતાનુબંધીનો એમાં જરાય એને બંધન છે નહિ.

**શ્રોતા :—** ક્ષયોપશમ સમકિતીને પણ જરાય બંધન નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નથી. ભલે ક્ષયોપશમ હોય, ભલે ઉપશમ (હો). ક્ષાયિક લો--ત્રણેનો વિષય તો દ્રવ્ય છે. વિષયમાં ફેર છે કાંઈ? એ તો મુદ્દતમાં ફેર છે. નિર્મળતા અને મલિનતામાં જરી ફેર છે, પણ ત્રણેનો વિષય તો ત્યાં જ્ઞાયક છે. વિષયમાં ફેર નથી. ઉપશમ ટકે છે અંતર્મુહૂર્ત એટલું. ક્ષયોપશમમાં જરી સમકિતભાવનો જરી મલિન ભાવ છે, પણ એનું એને બંધન નથી. આહા..હા..! ત્રણ સમકિતમાં ગમે તેવો સમકિતી જીવ હોય એ રાગ સાથે એકત્વબુદ્ધિ નથી એટલે એ જ્ઞાનમયમાં જ આત્માને સ્થાપે છે. આહા..હા..! રાગ કરવાને પ્રેરાતો નથી જ્ઞાની. આહા..હા..! આનું નામ ધર્મી અને એનું નામ (ધર્મ).

'**ભાવાર્થ : રાગાદિક સાથે મળેલો અજ્ઞાનમયભાવ જ બંધનો કરનાર છે,...**' અસ્થિરતાના રાગની અહીં વાત લીધી નથી. એને અહીં ગૌણપણે કરી નાખ્યું. ફક્ત રાગાદિ સાથે મળેલો અજ્ઞાનમય ભાવ. રાગ અને આત્મા એક છે એવી જે બુદ્ધિ અજ્ઞાન... આહા..હા..! એવો '**અજ્ઞાનમયભાવ જ બંધનો કરનાર છે,...**' અજ્ઞાનમયભાવ પાછું, જોયું! '**બંધનો કરનાર છે,..**' આહા..હા..! '**રાગાદિક સાથે નહિ મળેલો...**' પુણ્યના વિકલ્પની સાથે નહિ મળેલો એવો '**જ્ઞાનમયભાવ...**' વસ્તુ સ્વભાવ એવો એનો જ્ઞાનમય પર્યાયનો ભાવ '**બંધનો કરનાર નથી-**' એ બંધનો કરનાર નથી. બહુ ટૂંકું પાછું ટૂંકામાં લઈ લીધું. આહા..હા..! '**એ નિયમ છે.**' આવો સિદ્ધાંત અને આ પ્રમાણે કુદરતી નિયમ છે. આહા..હા..! જ્યાં સુધી રાગની મિશ્રિત દશા પોતાની માને છે, ત્યાં સુધી અજ્ઞાનભાવે તે રાગનો કર્તા પ્રેરાઈને થાય છે. એનાથી સુલટું, જ્ઞાયકભાવ રાગ સાથે મિશ્રિત નથી કરતો અને ભિન્ન પાડ્યો છે... આહા..હા..!

એવો ભિન્ન પડેલો રાગ અને ભિન્ન પડેલો જ્ઞાયક તે જ્ઞાનભાવ જ્ઞાનમાં સ્થાપે છે. રાગને કરવાપણામાં સ્થાપતો નથી. આહા..હા..! બહુ સરસ ગાથા હતી. ભાવનગરવાળા બધા ગયા? હીરાભાઈ નથી આવ્યા? નહિ આવ્યા હોય.

'હવે રાગાદિ સાથે...' રાગ-આદિ એટલે મિથ્યાત્વ અને દ્વેષ આદિ. **'નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :-'** આહા..હા..! ભગવાનનો દરબાર સાક્ષાત્ પ્રસિદ્ધ કરે છે. ચૈતન્ય દરબાર! જેમાં અનંતા અનંતા આનંદ શક્તિનો ભંડાર, એવો જે ભગવાન એને રાગાદિ સાથે નહિ મળેલો. એવો જે સ્વભાવ રાગથી એકત્વબુદ્ધિ નથી મળ્યો એવા ભાવની ઉત્પત્તિ બતાવે છે. આહા..હા..! આ હજી મથાળું કહે છે. **'રાગ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :-'** એટલે કે વિકારના પરિણામ સાથે જ્ઞાયકભાવ એકમેક થતો નથી, ભેળસેળ થયો નથી, અભેળસેળપણે ભિન્ન રાખે છે તેના ભાવની ઉત્પત્તિ બતાવે છે. એનો કેવો ભાવ ઉત્પન્ન થાય એ બતાવે છે.

पक्के फलम्हि पडिए जह ण फलं बज्झए पुणो विंटे।
जीवस्स कम्मभावे पडिए ण पुणोदयमुवेदि।।१६८।।
**ફળ પક્વ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.**

ફળ હોયને ફળ, પાક્યું હોયને પાક્યું? દીટ્યું તૂટી ગયું હોય એ ફરીને ચોંટે નહિ. આહા..હા..! ફરીને એ ફળને એના ઝાડ સાથે સંબંધ પામે નહિ. આહા..હા..! એમ કર્મનો ઉદય આવ્યો એને એકપણે માનતો નથી એવો અભેળસેળવાળો જ્ઞાની એ ઉદય આવ્યો એ ખરી જાય છે. એ ફરીને બંધનું કારણ, ફરીને આવતો નથી. એ વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૮, સોમવાર, તા. ૧૫-૧૧-૧૯૭૬, ગાથા-૧૬૮, શ્લોક-૧૧૪, પ્રવચન નં. ૨૩૨

૧૬૮ ગાથા.

पक्के फलम्हि पडिए जह ण फलं बज्झए पुणो विंटे।
जीवस्स कम्मभावे पडिए ण पुणोदयमुवेदि।।१६८।।
**ફળ પક્વ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.**

'**ટીકા : જેમ પાકું ફળ ડીંટડાથી એકવાર છૂટું પડ્યું...**' ડીટયું કહે છેને ડીટડું? શું કહે છે? ડંઠલ. એનું જે ડીટ્યું પડી ગયું હોય છે. ધ્યાન રાખજો આ વાતમાં બહુ મજા છે. '**એકવાર છૂટું પડ્યું થકું ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી,...**' આ તો દૃષ્ટાંત થયો. '**તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો...**' આહા..હા..! આ ફરીને પડી જાય એ વાત અહીં છે નહિ. એ વાત છે જ નહિ વસ્તુ. આહા..હા..! જ્યાં રાગથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન થયું કહે છે, તો જ્ઞાનભાવમાં જે કાંઈ કર્મનો ઉદય આવે એ એકત્વબુદ્ધિએ નથી, એથી એ ખરી જાય છે. ફરીને એ બંધ પામતો નથી. આહા..હા..! અપ્રતિહતભાવ બતાવે છે. પોતે મુનિ પોતાનો ભાવ બતાવે છે. સમજાણું કાંઈ આમાં?

રાગ અને ભગવાન બે ભિન્ન છે. રાગથી ભિન્ન અધિક જુદું જ્ઞાનસ્વરૂપ છે એવું જ્યાં ભાન થયું ત્યાં રાગની એકતા તૂટી ગઈ. એટલે હવે કહે છે કે જ્ઞાનીને જે કાંઈ કર્મનો ઉદય આવે એ જેમ પક્વફળ ફરીને સંબંધ ન પામે, એમ એ ઉદય આવે એવું ખરી જાય એ ફરીને ઉદયમાં આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું? આ ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક છે. એને રાગની એકતાથી જુદો પાડ્યો.. આહા..હા..! હવે કહે છે કે જે જ્ઞાનના ભાવથી નિર્જરા થાય છે એટલે જે ઉદય આવે છે તે ખરી જાય છે. આહા..હા..! અને એ ખરી ગયું એ ફરીને બંધ પામતું નથી એટલે કે એની તો દશા ગઈ એ ગઈ. આહા..હા..! જ્ઞાનભાવ વડે રાગની એકતાના અભાવના ભાવમાં જે સ્વભાવની એકતા થઈ... આહા..હા..! ત્યાં આસ્રવની એકતા તૂટી એને ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવ બે નિમિત્ત ભલે હોય, દ્રવ્યાસ્રવનો ઉદય આવતા પોતાની પર્યાયમાં પણ જરી ભાવાસ્રવ થાય, પણ એ ખરી જાય છે કહે છે અહીં તો. આહા..હા..! એટલું જ્ઞાયકભાવના ભાવનાની અપ્રતિહતભાવ.. ભલે કહે છે કે ક્ષયોપશમ જ્ઞાન હોય, જેથી એને કર્મનો ઉદય આવે, પણ એ આવે એ ખરી જાય અને ખરી જાય એ ફરીને ઉદયમાં આવે જ નહિ, બંધ પામે જ નહિ. આહા..હા..! એટલે કે એ જીવ પડશે જ નહિ હવે એમ કહે છે. એ શૈલી છે. સમજાણું કાંઈ?

જેમ પ્રવચનસારમાં ૯૨મી ગાથામાં કહ્યું છે કે આ આગમકુશળથી અને સ્વભાવના આશ્રયથી જે અમે મિથ્યાત્વનો નાશ કર્યો છે એ ફરીને ઉદય આવવાનો નથી. આહા..હા..! પંચમઆરાના મુનિ એમ કહે છે. ભગવાનના વિરહ પડ્યા છે એમાં એ કહે છે. અમારો ભગવાન અમને મળ્યો. આહા..હા..! રાગથી ભિન્ન પડીને ચૈતન્યના સ્વભાવનો આશ્રય લીધો, શરણ લીધું, હવે કહે છે કે કર્મનો ઉદય આવે અને એમાં એકત્વબુદ્ધિ થાય એ છે નહિ હવે. આહા..હા..! એમ દાખલો આપ્યો જુઓ.

બંધ તો પામે નહિ પણ તે ઉદય આવ્યો ખરી જાય. ફરીને એને રાગનું બંધ થઈને વળી એકત્વબુદ્ધિ થાય એવું જ્ઞાનીને હોતું નથી. આહા..હા..! એમાં એમ કહ્યુંને ઓલા અર્થ ફેરવ્યો છે એમાં કે મોક્ષનું કારણ તો પોતાનો સ્વભાવ છે અને રાગ છે એ બંધનું કારણ છે. ..

પુરુષાર્થસિદ્ધિનું. હવે એનો અર્થ એ કરે છે કે બંધ છે તે મોક્ષનો ઉપાય છે. હવે એની નીચે ગાથાઓ છે એ ગાથા થઈ રહી પછી ભાઈ.

येनाशेन सुदृष्टिस्तेनांशेनास्य बंधनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बंधनं भवति।।२१२।।

એ તો પૂર્વની વાતનું સ્પષ્ટીકરણ આવું હોય એનું સ્પષ્ટ કરે છે. આહા..હા..! અરે.. શું થાય? પ્રભુ એની બલીહારી છે ને જીવની. અશુદ્ધતાની પણ બલિહારી છેને. સત્ય તો આ છે. કે જે બંધરહિત ભાવ મોક્ષનું કારણ છે અને જેટલો રાગભાવ છે એ બંધનું કારણ છે, એ બંધનું કારણ તે મોક્ષનું કારણ છે નહિ. એવો જે આશય છે આચાર્યોનો. કેમકે એ વાતની પુષ્ટિ માટે નીચે ગાથાઓ ત્રણ આપી. નીચે. તરત જ તે.

येनाशेन सुदृष्टिस्तेनांशेनास्य बंधनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बंधनं भवति।।२१२।।
येनांशेन ज्ञानं तेनांशेनाय बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनाशेनास्य बंधनं भवति।।२१३।।
येनांशेन चरित्रं तेनांशेनायस्य बंधनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बंधनं भवति।।२१४।।

ત્રણેમાં એમ લીધું. જેન અંશે ચારિત્ર વીતરાગ પર્યાય, એ અંશે અબંધ અને જેટલો રાગ છે એ અંશે બંધ, ચારિત્રવંતને પણ. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** સમ્યગ્દષ્ટિનો શુભભાવ બંધનું કારણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બંધન જ છે, બંધન જ છે. છઠ્ઠા ગુણસ્થાનવાળાને શુભભાવ બંધ જ છે. આહા..હા..! એ તો જ્યારે દષ્ટિનો વિષય અને દષ્ટિ નિર્વિકલ્પ થઈ અને દષ્ટિનો વિષય અભેદ વસ્તુ છે એનું જ્યારે વર્ણન ચાલતું હોય તો દષ્ટિવંતને આસ્રવ નથી, એમ દષ્ટિ અને દષ્ટિની આશ્રયની અપેક્ષાએ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રાગનો અભાવ થયો તે આસ્રવ નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! શું થાય?

અને ઓલામાં એમ કીધું ૭૭ ગાથામાં. 'पुण्यफला अरहंता'. બતાવ્યું હતુંને શાંતિભાઈ! પ્રવચનસાર. 'पुण्यफला अरहंता' ત્યારે એ લોકોનો અર્થ કાલે આવ્યો હતો બધા મખનલાલજીને બધાનો. એ વર્ધમાન શાસ્ત્ર હશે.. આવ્યો. લાલબહાદુર. કહે નહિ. 'पुण्यफला अरहंता' પુણ્યને લઈને અરિહંત પદ મળે છે. કહો. ત્યાં તો કહ્યું છે માથે. કહ્યું હતું. ૭૭ને? બે ભાગ પાડ્યા. ૪૫માં. ૪૫માં ને એ? ૪૫. અહીં તો '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**' પુણ્ય-પાપમાં વિશેષ છે એમ માનનારા.. 'हिंडदि घोरमपारं संसारं...' પાપથી પણ બંધ થાય અને પુણ્યથી લાભ થાય એ બે ભાવના વિશેષપણે જુદાં પાડે છે '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**' પુણ્ય-પાપના ભાવમાં વિશેષ જરીએ

નથી. બેય બંધના કારણ છે. આહા..હા..! **'ण हि मण्णदि' 'हिंडदि घोरमपारं संसारं...'** આવી વાત છે. આહા..હા..!

અને **'पुण्यफला'**માં એ છે ૪૫માં. પોતાની દૃષ્ટિએ અર્થ કરીને સત્યને મરડી નાખે છે મારા. પ્રભુ! એમ ન થાય. નુકસાન થશે. આહા..હા..! જુઓ, ૪૫. જુઓ **'पुण्यफला अरहंता'** પુણ્યના ફળે અરિહંતપદ થાય છે, એમ કહે છે એ. ટીકા કહે છે અમૃતચંદ્રાચાર્ય **'अथैव सति तीर्थकृतां'** તીર્થંકરને.. **'पुण्यविपाकोऽकिंचित्कर...'** એણે મથાળું તો આ બાંધ્યું છે. પુણ્યનું ફળ તીર્થંકરને આવવાને અકિંચિત્કર છે. એ પુણ્યનું ફળ જે અતિશય ઉદય છે એ જુદી ચીજ છે. પુણ્યનું ફળ અરિહંતપદ મળે એ વાત નથી. છે? જુઓ, **'તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે...'** **'ऽकिंचित्कर एवेत्यवधारयति'** એમ છે. **'एव'**

પુણ્યનું ફળ તો જે બોલવાનું, ચાલવાની જે ક્રિયા છે એ પુણ્યનું ફળ ત્યાં વર્ણવ્યું છે. પુણ્યથી ત્યાં અરિહંત પદ મળે છે. આહા..હા..! આવી વાત કરે હવે શું થાય? મોટા પંડિત નામ ધરે ભગવાન!

**શ્રોતા :—** દ્રવ્યલિંગી મુનિને પુણ્યનું ફળ અરિહંતપદ કેમ ન મળ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાં અનંતવાર થયા પુણ્ય, પણ એ નહિ કહે છે. એને અર્થ એ બધા કરવા છેને ઉંધા. કોઈને થાય છે એમ કીધું હતુંને ભાઈએ. અરેરે.. એમ હોય નહિ, ભાઈ! નિયમ તો એક જ હોય કાંઈ નિયમને વળી અપવાદ હોય? અહીં તો ચોખ્ખું કહ્યું. **'मोहादींसि विरहिदा तम्हा सा खाइग त्ति मदा।।'** કોણ? પુણ્યના ફળરૂપે ઉદયભાવ જે છે એ ક્ષણે-ક્ષણે ક્ષય થતો જાય છે એની વાત છે. પદ મળ્યું છે પુણ્યને લઈને એ પ્રશ્ન અહીં છે જ નહિ. સમજાણું કાંઈ? આવા શાસ્ત્રના અર્થ કરે. શું કરે? વાત એ છે કે અહીંથી વિરોધ કરવો છેને. પણ બાપુ! વિરોધ તારો થાય છે ભાઈ! તને (ખબર નથી). કોણ કરે કોનો? આહા..!

અહીં કહે છે. આહા..હા..! એકવાર પણ જો.. **'કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો...'** જ્ઞાનભાવે એમ કહેવું છે. જ્ઞાનભાવ પ્રગટ્યો છેને. રાગથી ભિન્ન એવો એકત્વબુદ્ધિ છૂટીને સ્વભાવની એકતાનો ભાવ, એવો જે જ્ઞાનભાવમાં.. આહા..હા..! **'ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો થકો ફરીને જીવભાવને પામતો નથી.'** આહા..હા..! એ રાગની એક વૃત્તિ ગઈ કે ઉદય ગયો એ ફરીને રાગ થાય એવું વસ્તુમાં છે નહિ. આહા..હા..! દિગંબર મુનિઓની અંદર ધારા અક્ષયધારા કહે છે. આહા..હા..! અને આગમથી અને સ્વભાવના ભાનથી જે મિથ્યાત્વનો નાશ કર્યો છે એ હવે અમને થવાનો નથી, પણ તમે પ્રભુ, ચાર જ્ઞાન નહિ, કેવળી નહિ, છદ્મસ્થ નહિ. અમે કહીએ છીએને. આહા..હા..! મતિ અને શ્રુતજ્ઞાન સમ્યક્ છેને, સમ્યગ્જ્ઞાન દ્વારા અમે કહીએ છીએ. આહા..હા..!

૯૨મી ગાથામાં એ કહ્યું. આગમ કુશળથી અને આત્માના ભાન દ્વારા મિથ્યાત્વનો જે

નાશ કર્યો છે એ ફરીને હવે અમારે આવવાનો નથી. અરે.. પણ તમે છદ્મસ્થ છો, પંચમ આરાના સાધુ છો, કેવળીના વિરહ છે, વીતરાગના સમવસરણમાં તમે ગયા નથી. અમૃતચંદ્રાચાર્ય કહે છે. કુંદકુંદાચાર્ય ગયા હતા. આહા..હા..! બાપુ! ભગવાનના સમવસરણમાં અમે ગયા હતા. આહા..હા..! અનંતગુણનો નાથ પ્રભુ મહા સમવસરણ પ્રભુ બધા ગુણોમાં ઉતરેલા છે. સમવસરણ એમ કહેવાય છેને? સમ્યક્ પ્રકારે ઉતરવુંદેવોને, મનુષ્યોને, પશુને. સમવસરણમાં.

ભગવાન આત્મામાં અનંત.. અનંત... અનંત... અપાર અનંતગુણ ઉતરેલા છે, એમાં રહેલા છે. આહા..હા..! ધન્નાલાલજી! આવી વાતું છે, ભગવાન! ચારિત્રદોષ જુદી વસ્તુ છે અને દર્શનદોષ જુદી વસ્તુ છે. એ અહીં દર્શનદોષને માટે તો નકાર જ કરે છે કે એકવાર દર્શનદોષ નાશ થયો અને જ્ઞાનભાવ થયો એ ફરીને હવે દર્શનદોષથી મિથ્યાત્વભાવ થાય એમ છે નહિ. એ તો ન થાય પણ જે રાગ ગયો એ રાગની અસ્થિરતા એવી પાછી ફરીને થાય નહિ એમ કહે છે. ભાઈ! સમજાણું? અસ્થિરતા હજી આ તો. ઓલી વાત તો એકકોર જુદી રહી. અસ્થિરતા જે જ્ઞાનમાં ગઈ એ અસ્થિરતા હવે ફરીને આવવાની નથી. આહા..હા..! આ વીરનો માર્ગ છે, ભાઈ! આહા..હા..! નહરિનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ.થ એમ વીરના માર્ગ છે શુરાના. એ હીન પુરુષાર્થીના એ કામ નથી. આહા..હા..! આ તો પોતાને માટે વાત છે કે પરને માટે છે અહીં? પોતાને માટે. આહા..હા..!

**‘કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો થકો ફરીને જીવભાવને પામતો નથી.’** જીવભાવને પામતો નથી, એ જાતની અસ્થિરતા હવે થવાની નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈએ અર્થ ખુબ લખ્યો છે, સન્મતિ સંદેશમાં. હિતેષી. બહુ સારુ લખ્યું આ પુરુષાર્થસિદ્ધિ ઉપાય. બહુ દાખલા આપીને કે બંધથી મોક્ષનું કારણ માને તે મિથ્યાદૃષ્ટિ છે. એ અર્થ ત્યાં છે જ નહિ કે બંધથી મોક્ષ થાય. અને તે પાછા ત્રણ આપ્યા છે દાખલા. પહેલાં **‘येन अंशेन’**ની ગાથા મૂકી છે ને પછી આ ઓલું એમ કે આ તીર્થંકરગોત્ર બાંધે છે એ શું છે? કે એ અપરાધ છે. તીર્થંકરગોત્ર બાંધે તે અપરાધ છે, એ અપરાધ આત્માને લાભનું કારણ થાય? આહા..હા..! ત્રણ દાખલા આપ્યા છે. આપણે ઘણીવાર અપાઈ ગયા છે. સમજાણું કાંઈ? આહારક શરીર અને તીર્થંકરગોત્ર બાંધે જીવ, ભલે ક્ષયોપશમ સમકિતી હોય અને ક્ષાયિક હોય, પણ એ તીર્થંકરગોત્ર બાંધે તે ભાવ ગુનો છે, અપરાધ છે, શુભભાવ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને પણ અપરાધ-ગુનો છે. આહા..હા..! અરે.. ક્ષાયિક સમકિતી હોય, શ્રેણિકરાજા, પણ તીર્થંકરગોત્ર બાંધ્યો એ ભાવ અપરાધ છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો, ભાઈ! આહા..હા..! એવું તારું સ્વરૂપ જ છે, તારો માર્ગ જ એ છે, એમ કહે છે. આહા..હા..! લોકોને આ વાત નહોતીને એટલે નવી જેવી લાગે છે અને ઓલી જૂની-પુરાણી વાત એ સાચી લાગે છે. એમ નથી, ભાઈ! આહા..હા..!

**‘રાગાદિક સાથે નહિ મળેલો ભાવ ઉત્પન્ન થાય છે.’** આહા..હા..! છે? ‘આ રીતે

જ્ઞાનમય એવો,...' જ્ઞાનમય એવો. રાગથી ભિન્ન પડીને જ્ઞાન સમ્યગ્દર્શનનો ભાવ, '**જ્ઞાનમય એવો, રાગાદિક સાથે નહિ મળેલો...**' રાગના, પુણ્યના વિકલ્પથી નહિ એકરૂપ થયેલો એવો '**ભાવ ઉત્પન્ન થાય છે.**' એવો એને આનંદ અને જ્ઞાનનો ભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવી વાત છે ભાઈ! આ તો. વિરોધ બહુ આવે છે એટલે વધારે સ્પષ્ટ કરવું બાપુ આવો. તને આત્માને નુકસાનનું કારણ છે, ભાઈ! આહા..હા..! આ તો એટલું જોર છે આચાર્યનું. આહા..હા..!

'**જ્ઞાનમય એવો,...**' છેને? '**જીવભાવને પામતો નથી.**' એ આ રીતે '**જ્ઞાનમય એવો,...**' આહા..હા..! 'શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું' એવું જે ભાન વેદન થયું એવું જે જ્ઞાનમય એવો જે ભાવ જે **નરાગાદિક સાથે નહિ મળેલો...**' રાગ સાથે એકત્વપણે નહિ થયેલો એવો '**ઉત્પન્ન થાય છે.**' આહા..હા..! શું કહે છે? રાગ ઉત્પન્ન થાય છે ઉદય-ઉદય, છતાં અહીંયાં જ્ઞાનભાવ રાગ સાથે એકત્વ થઈને ઉદય થતો નથી. એ જ્ઞાનભાવ જ પોતે પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કેટલામે ગુણસ્થાને થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ચોથું ગુણસ્થાન. દેવાનુપ્રિયા! એ ત્યાં નથી એનામાં. જરીયામાં ત્યાં ભાડા ખાઈને રહેવું. એકલા માણસને ભાડુ ઊપજે છે ઘણું અને ખર્ચ થોડો. પહેલા વિશીવાળાને આપતા પૈસા કે તમારે મારે માટે ખાસ આ કરવું. એવું સાંભળ્યું હતું હોં. એણે કહ્યું હતું. એ કહ્યું હતુંને ખબર છેને. હવે એનો ભાઈ રાખે છે. આહા..હા..!

અહીં કહે છે, દેવાનુપ્રિયા! આ ચોથા ગુણસ્થાનની વાત છે. મુનિ છઠ્ઠે છે ત્યાં વાત કરી રહ્યા છે. કે, અમને રાગ સાથે મળેલો ભાવ છે નહિ. અમને તો રાગથી ભિન્ન પડેલો જ્ઞાનમય ભાવ છે. આહા..હા..! એવા જ્ઞાનભાવને પામેલો જીવ તે રાગની એકતાને મળેલો ભાવ તેને ઉત્પન્ન થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા, ભાઈ એ શું ચીજ છે! એ ભાષામાં-વાણીમાં ભલે આવે, પણ એના ભાવનું ભાસન થવું... આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર, જેનો સર્વજ્ઞસ્વભાવ જ છે. ભગવાન આત્માનો સર્વજ્ઞસ્વભાવ છે. જ્ઞ સ્વભાવ છે.. જ્ઞ સ્વભાવ. જ્ઞ છે એમાં અપૂર્ણતા કેવી? આહા..હા..! વસ્તુ આત્મા સ્વભાવવાન. એનો સ્વભાવ જ્ઞ છે. જ્ઞની સાથે જોડી દો તો સર્વજ્ઞ છે. આહા..હા..! એવું જ એનું સ્વરૂપ છે પ્રભુનું. એવું જેણે પ્રગટ કર્યું પર્યાયમાં.. આહા..હા..! જ્ઞેય પ્રમાણે જ્ઞાન, જેટલું જ્ઞેય છે એટલું અહીં જ્ઞાન થાય છે. એથી પણ વધારે જ્ઞેય હોત તો થાત જાણવામાં આવેત છે એમ કહે છે. આહા..હા..! ત્યાં પણ વાંધા ઉઠાવે છે. એમ કે જુઓ જ્ઞેય વિશેષ નથી-નિમિત્ત, માટે વધારે જ્ઞાન નથી. અરેરે..! ત્યાં તો એમ કહેવું છે કે ભગવાન આત્મા શક્તિના સ્વભાવના સામર્થ્યરૂપે જે જ્ઞાન હતું, સર્વજ્ઞપણું સામર્થ્યરૂપે હતું, શક્તિરૂપે હતું, એણે જેને પર્યાયમાં પ્રગટ

કર્યું એવા સર્વજ્ઞ ભગવાનને... આહા..હા..! સમજાણું કાંઈ? એણે જે જોયું, જાણ્યું, એની શક્તિ એટલી છે કે જ્ઞેય છે એટલું તો જાણ્યું, પણ એથી અનંતગુણુ જ્ઞેય હોત તો જાણેત એમ કહેવામાં એનું સામર્થ્ય વર્ણવે છે. ત્યારે એ એનો અર્થ એવો કરે છે કે જુઓ જ્ઞેય નથી-નિમિત્ત નથી માટે જાણતા નથી. અરેરે. ભગવાન!

અગ્નિ કોને ન બાળે? અગ્નિ કોને ન બાળે? સૂકાને બાળે અને લીલાને પણ સૂકા કરીને બાળે ભેગા. આહા..હા..! એમ ભગવાનનું જ્ઞાન આત્મ જ્યાં અંદર શક્તિનું સામર્થ્ય હતું, સામર્થ્યરૂપે હતું એ પ્રગટરૂપે થયું. આહા..હા..! એ કોને ન જાણે? એને મર્યાદા શી? સમજાણું કાંઈ? એક સમયમાં કેવળજ્ઞાનના જે અવિભાગ પ્રતિચ્છેદ છે એટલા જ બીજે સમયે હોય, એટલા ત્રીજે સમયે હોય, પણ બધાનો સરવાળો કરીને અનંતા છે એમ નહિ. એક સમયે જેટલા છે તેટલા બીજે સમયે તેટલા ત્રીજે સમયે પણ એ એટલા જ આવે. એ બધા થઈને સરવાળો કરીને ઝાઝા છે એમ નહિ. આહા..હા..! શું કહ્યું?

કેવળજ્ઞાન.. આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં કેવળજ્ઞાનની જે શક્તિ હતી સામર્થ્ય હતું એવા બધા અવયવો બધા અવિભાગ પ્રતિચ્છેદ પ્રગટ થઈ ગયા છે. આહા..હા..! હવે કહે છે કે એ પ્રગટ થયા તે બીજે સમયે પણ તે તેટલા જ પ્રગટ છે, એમ અનંતકાળમાં એટલા સમયમાં એટલા પ્રગટ છે. તો એ એક સમયના અવિભાગ પ્રતિચ્છેદ અને બીજા સમયના અને ત્રીજા એ બધાનો સરવાળો કરીને અવિભાગ પ્રતિચ્છેદ છે એમ નથી. આવી વાતું. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્યારે એ કહે જુઓ બીજો જ્ઞેય નથીને. નિમિત્ત નથી માટે જાણતા નથી. નિમિત્ત હોય એ જાણે. પણ નિમિત્ત હોય તો નિમિત્તને જાણતા નથી. નિમિત્તને જાણવું કહેવું પરને એ તો અસદ્ભુત ઉપચાર વ્યવહારનય છે—અસદ્ભુત ઉપચાર વ્યવહારનય છે. આહા..હા..! અરેરે..! કેમકે પરને જાણતા પરની સાથે તાદાત્મ્ય થઈને જાણતા નથી. આહા..હા..! નીચે પણ જ્ઞાની રાગમાં એક થઈને રાગને જાણતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો અહીં કહે છે જુઓને. રાગથી ભિન્ન પડેલું જ્ઞાન રાગને જાણે, પણ રાગને તાદાત્મ્ય થઈને જાણે એમ નથી. આહા..હા..! ઓહો..હો..! એવો જે સમ્યક્ મતિશ્રુતજ્ઞાનની તાકાત એટલી છે કે પરજ્ઞેયને જાણતા પરજ્ઞેયમાં તદ્રુપ થઈને જાણતું નથી. પોતાના જ્ઞાનમાં તદ્રુપ થઈને પોતાને જાણે છે. એમાં એ (પર) જણાય જાય છે એમ કહેવું એ અસદ્ભુત વ્યવહારનય છે. જણાવું એ તો યથાર્થ છે.

એ પ્રશ્ન કર્યો છે કે સર્વજ્ઞ તમે કહો કે પરને જાણવું એ સર્વજ્ઞને (પણ) છે તો પરનું જાણવું તો અસદ્ભુત વ્યવહારનય છે, તો સર્વજ્ઞપણું એ જૂઠું ઠર્યું. એ પ્રશ્ન જયસેનાચાર્યની ટીકામાં છે. આત્માવલોકનમાં છે, અનુભવપ્રકાશમાં છે, આત્માવલોકનમાં છે. સર્વજ્ઞ શું કહે છે? સર્વજ્ઞ જો એમ કહેતાં સર્વને જાણવું તે સર્વજ્ઞ તો સર્વને પરને જાણવું એ તો અસદ્ભુત

વ્યવહારનય છે. તો પરને જાણવું એને સર્વજ્ઞપણામાં રહેતું નથી. એમ નથી. સાંભળને પરને જાણવું એવો પોતાનો સ્વભાવ. પોતાથી પોતામાં થયેલો સ્વપરપ્રકાશક સ્વભાવ તેને એ જાણે છે. કેમકે એ પર્યાયમાં તદ્રુપ થઈને જાણે છે અને પરજ્ઞેયને તદ્રુપ થયા વિના ભિન્ન રાખીને જાણે માટે તે અસદ્ભુત વ્યવહારનયથી જાણે એમ કહેવામાં આવે. આહા..! તેથી સર્વજ્ઞપણું જે શક્તિ સ્વની છે, એ પરને લઈને છે એમ નથી. આહા..હા..! માણસને સત્‌ને વાંધે વાંધે ઉઠ્યા.

'**ભાવાર્થ :— જો જ્ઞાન એકવાર** (**અપ્રતિપાતી ભાવે**)...' એમ. પણ આ જ્ઞાન એવું જ છે. જ્યાં અહીં જ્ઞાન પ્રગટ્યું છે તે એવું જ છે. આહા..હા..! '**રાગાદિકથી જુદું પરિણમે**..' ભેદજ્ઞ-ભેદજ્ઞાન થાય એટલે રાગથી જુદું પડીને જાણે... આહા..હા..! એવું જ્ઞાન એકવાર દયા, દાનના વિકલ્પથી પણ જુદું પડી અને પરિણમે '**તો ફરીને તે કદી રાગાદિક સાથે ભેળસેળ થઈ જતું નથી.**' આહા..હા..! રાગ સાથે ફરીને એકત્વ થાય નહિ. આ છદ્મસ્થ મુનિઓ અમૃતચંદ્રાચાર્ય જેવા પંચમ આરાના ભગવાન પછી હજાર વર્ષે થયેલા, એ અર્થ કરે છે. પાઠ તો છે કુંદકુંદાચાર્યનો, પાઠમાં તો એ ધ્વનિ છે, પણ એ ધ્વનિને નીકાળીને પોતે પણ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી આત્મા, જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબિંબ છે. ચૈતન્યનું બિંબ એ છે. આહા..હા..! જેની લોકાલોક અને સર્વ જાણવાની, સર્વને લઈને નહિ, પોતાને લઈને જાણવાની શક્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું. સહેજ ફેરે આખો ફેર પડી જાય છે. સમજાણું કાંઈ?

'**આ રીતે ઉત્પન્ન થયેલો, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમયભાવ સદાકાળ રહે છે.**' આહા..હા..! રાગ છે તે મેલ છે, ચાહે તો શુભ હો કે અશુભ હો. મેલ સાથે નહિ મળેલું નિર્મળજ્ઞાન, રાગથી ભિન્ન પડેલું મળથી જુદું પડેલું નિર્મળ જ્ઞાન, એ નિર્મળજ્ઞાન ઉત્પન્ન થયું તે મળ સાથે એકત્વ કદી થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**જ્ઞાનમયભાવ સદાકાળ રહે છે.**' ભાઈ! આ ભાષા થોડી પણ ભાવ બહુ ઊંડા છે. આ તો વીતરાગ ત્રિલોકનાથ અને એમાં કુંદકુંદાચાર્ય મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી ત્રીજે નંબરે આવ્યા છે. વચ્ચે સાધુ તો ઘણા થઈ ગયા. સાચા સાધુ થઈ ગયા. છતાં આમ કેમ કહ્યું? ત્યાં બીજા મુનિઓ થઈ ગયા એનો અનાદર થતો નથી?

**શ્રોતા :—** વસ્તુસ્વરૂપ બતાવે એમાં..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આહા..હા..! મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં. આહા..હા..! પણ તમે આ નાખ્યા તો એમના ગુરુ અને એમના ગુરુ એવી પરંપરા ગઈ. એને ત્રીજામાં કેમ ન નાખ્યા? ગણધરોએ આમ કર્યું છે. પૂછવા જા ત્યાં એને. આહા..હા..!

બાપુ! એની પ્રસિદ્ધતા કુંદકુંદાચાર્યની જેવી પ્રસિદ્ધ છે. વસ્તુની શાસ્ત્ર સુધારા. થોડામાં

ઘણું સ્પષ્ટ છે. બીજા મુનિઓ કામ કરી ગયા. કલ્યાણ કરી ગયા, મોક્ષ ગયા કેટલાક તો. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આમની શૈલી એટલી બધી પ્રસિદ્ધ છે કે જેને દેવસેનાચાર્ય જેવા આચાર્ય મુનિ દર્શનસાર બનાવ્યું છે. એમાં લખી ગયા, લખ્યા છે. શ્લોક છે. હે પ્રભુ! તમે કુંદકુંદાચાર્ય મહાવિદેહમાં જઈને આ વસ્તુ ન લાવ્યા હોત તો અમે મુનિઓ આ ધર્મને કેમ પામત? આહા..હા..! આચાર્ય દેવસેનાચાર્ય દર્શનસાર છે. એ એમ કહે છે. આપણે નાખ્યું છેને આમાં? આમાં નાખ્યું છેને?

.. આહા..હા..! સીમંધર સ્વામી ... આહા..હા..! મહાવિદેહ ક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ શ્રી સીમંધરદેવ સ્વામી પાસેથી મળેલા દિવ્યજ્ઞાન વડે, શ્રી પદ્મનંદીનાથે-દેવે બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત? એમના ગુરુ પણ ધર્મી સમકિતી હતા, મુનિ હતા અને આ આચાર્ય છે એમના દેવસેન, એના પણ ગુરુ જ્ઞાની હતા. છતાં ઉપકાર આનો માન્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં બીજા મુનિઓનો અનાદર થયો છે? લોકોને પોતાની પંડિતાઈ આગળ મોટાઈ આગળ સત્ય શું છે એ દેખાતું નથી. આહા..હા..! કહો ધન્નાલાલજી! શું છે કે નહિ? કે મુનિ એમ કહે છે કે તમે ન લાવ્યા હોત તો અમારા ગુરુએ આપ્યું એ ખોટું?

કૈલાસચંદજીએ નહોતું કહ્યું તે દિ’? આ ઉદ્‌ઘાટન વખતે. કુંદકુંદાચાર્યનું કરવા જાય તો બીજાનો બલિદાન થાય છે. અરે ભગવાન! સાંભળતો ખરા ભગવાન એમ ન ચાલે ભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** બલિદાન નહીં કીયા જાતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બીજાના બલિદાન.. અહીં તો કહે છે બલિદાન કર્યા નથી. એની મોટપ જે છે ભગવાન પાસે ગયા હતા અને એ જે વાણી છે એમની, એવી વાણીનું સ્પષ્ટપણું બીજા મુનિઓમાં નથી. મુનિપણું છે, સાચા મુનિ છે, મોક્ષ ગયા છે. ગૌતમ પછી પણ કેટલાક મુનિઓ તો મોક્ષ ગયા છે, સમજાણું કાંઈ? પાંચમા આરામાં પણ કેટલાક બે-ત્રણ પેઢી મોક્ષ ગયા છે. પણ છતાં ગૌતમ પછી કુંદકુંદાચાર્યનું નામ આવ્યું. કે એ પરંપરાનું આવ્યું છે કે કોઈ નવું કરેલું છે? આહા..હા..! દેવસેનાચાર્ય છે, મુનિ છે. દર્શનસારમાં કહ્યું જુઓ છેને? આહા..હા..!

શ્રીમદ્ રાજચંદ્રે એ નાખ્યું આપણે. હે કુંદકુંદાદિ આચાર્યો! જુઓ, કુંદકુંદાદિ આચાર્યો નામ લીધું છે. તમારા વચનો પણ સ્વરૂપ અનુસંધાનને વિશે આ પામરને પરમ ઉપકારભૂત થયા છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું. એ પહેલા શિલાલેખો છે બધા. આહા..હા..! દેવસેન આચાર્ય પછી થયા. .. એ લગભગ છે. લગભગ. અમૃતચંદ્રાચાર્ય પછી હશે. આહા..હા..!

કહે છે ‘**આ રીતે ઉત્પન્ન થયેલો, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમયભાવ સદાકાળ**

રહે છે.' આહા..હા..! '**પછી જીવ અસ્થિરતારૂપે રાગાદિકમાં જોડાય તે નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ છે જ નહિ...**' એકત્વબુદ્ધિ નથી એ અપેક્ષાએ. એકત્વબુદ્ધિથી જોડાણ નથી, અસ્થિરતા છે તેને ભિન્ન રાખીને જાણે છે. સમજાણું? રાગાદિ અને અસ્થિરતા છે એટલે તેને ભિન્ન રાખીને જાણે છે. એકત્વબુદ્ધિથી જોડાણ રાખીને જાણતો નથી એને. આહા..હા..!

'**અને તેને જે અલ્પ બંધ થાય તે પણ નિશ્ચયદૃષ્ટિમાં બંધ છે જ નહિ,...**' દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ વાત હોય તો એ ગૌણ વાત છે બધી. '**કારણ કે અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે.**' આહા..હા..! જે આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. ૧૪-૧૫ ગાથા. એ રીતે પરિણમન નિરંતર છે. આહા..હા..! ભલે રાગ હોય. '**અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે.**' આહા..હા..! '**વળી તેને મિથ્યાત્વની સાથે રહેનારી પ્રકૃતિઓનો બંધ થતો નથી અને અન્ય પ્રકૃતિઓ સામાન્ય સંસારનું કારણ નથી;...**' આહા..હા..! '**મૂળથી કપાયેલા વૃક્ષનાં લીલાં પાંદડાં જેવી તે પ્રકૃતિઓ શીઘ્ર સુકાવાયોગ્ય છે.**' મૂળ કાપી નાખ્યા પછી પાંદડા રહ્યા એ સુકાઈ જશે થોડા દિ'માં. આહા..હા..! સુકાઈ જવાના જ. ફરીને થાશે? પાણી ક્યાં મળે? મૂળિયું તોડી નાખ્યું છે. એમ મિથ્યાત્વરૂપી મૂળ જ્યાં તોડી નાખ્યું છે એને હવે રાગ આગળ વૃદ્ધિ પામે એવું નથી. એ સુકાઈ જવાના રાગાદિ. આહા..હા..!

૪૧ પ્રકૃતિનો ચોથે ગુણસ્થાને બંધ થતો નથી. ૪૧ પ્રકૃતિનો. ૧૬ ને ૨૫ ૪૧નો તો ચોથે ગુણસ્થાને બંધ થતો નથી. ભલે અપ્રત્યાખ્યાની ચોકડીનો કષાય હોય, પણ એકતાબુદ્ધિનો નથી એટલે ૪૧ પ્રકૃતિનો ત્યાં બંધ જ થતો નથી, આહા..હા..! ૧૪૮માંથી. આહા..હા..! ટીકામાં લીધું છે. જયસેનાચાર્યની ટીકામાં છે. આહા..હા..!

'**અન્ય પ્રકૃતિઓ સામાન્ય સંસારનું કારણ નથી;...**' આહા..હા..! '**મૂળથી કપાયેલા વૃક્ષના લીલાં પાંદડાં જેવી તે પ્રકૃતિઓ શીઘ્ર સુકાવાયોગ્ય છે.**' આહા..હા..!

'**હવે, જે જ્ઞાનમયભાવ છે તે જ ભાવાસ્રવનો અભાવ છે...**' જ્ઞાનમયભાવ છે એ ભાવાસ્રવનો એમાં અભાવ છે, એ પોતે જ અભાવસ્વરૂપ છે. આહાહા..! શું કીધું સમજાણું? રાગની એકતાબુદ્ધિ તૂટીને જ્ઞાન સાથે એકતા થયેલો જ્ઞાનમયભાવ એ રાગના ભાવાસ્રવનો એમાં અભાવ છે. જ્ઞાનમયભાવમાં ભાવાસ્રવનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**'

(शालिनी)

भावो रागद्वेषमोहैर्विना यो
जीवस्य स्याद् ज्ञाननिर्वृत्त एव।
रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रवौघान्
एषोऽभावः सर्वभावास्रवाणाम्।।११४।।

'**શ્લોકાર્થ :જીવને જે રાગદ્વેષમોહ...**' મિથ્યાત્વસહિતના રાગ-દ્વેષની વાત છે. એ '**વગરનો,...**' '**ज्ञाननिर्वृत्तः एव भावः**' '**જ્ઞાનથી જ રચાયેલો ભાવ...**' આહા..હા..! સ્વભાવ જે આત્માનું જ્ઞાન, એનાથી રચાયેલો જ્ઞાનમયભાવ, શ્રદ્ધામયભાવ, એટલો સ્થિરતામયભાવ, આનંદમયભાવ... આહા..હા..! સમજાણું કાંઈ? આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે, દેવાનુપ્રિયા! એને આવું બધું છે એટલે ઊંચા ગુણસ્થાનની વાતું હશે. શું કીધું?

**શ્રોતા :—** ભાવાસ્રવ તો તેરમે ગુણસ્થાને રોકાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં એ કહ્યું નથી. ભાવાર્થમાં એ જ કહ્યું. ભાવાસ્રવ એને છે જ નહિ જ્ઞાનીને. મિથ્યાત્વ અને રાગદ્વેષનો ભાવાસ્રવ એને છે જ નહિ. આહા..હા..!

રાગ સાથે મળેલો ભાવ હતો તેને મિથ્યાત્વસહિતના રાગ-દ્વેષના ભાવ હતા અને એથી એ બંધનું કારણ હતું, પણ રાગથી ભિન્ન પડેલો જ્ઞાનમયભાવ એ જ્ઞાનમયભાવમાં ભાવાસ્રવ જે વિકારી પરિણામ એનો અભાવ છે. આહા..હા..! નિર્વિકારી જ્ઞાનમયભાવમાં વિકારી ભાવાસ્રવ દયા, દાન વિકલ્પ આદિનો પણ અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ એવો ભાઈ, ઝીણો. આહા..હા..! એને બધું સમાડી દેવું છે શુભભાવમાં. શુભભાવ મોક્ષનું કારણ ઠરાવવું છે. અરે પ્રભુ!

**શ્રોતા :—** અમૃતચંદ્રાચાર્યે બનાવ્યું અને તેઓ જ આમ કહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું કહે છે? અમૃતચંદ્રાચાર્ય એ જ કહે છે. બંધ છે તે મોક્ષનું કારણ નથી એમ કહે છે અને મોક્ષનો માર્ગ છે તે બંધનું કારણ નથી. આહા..હા..! હવે એ બધા ભેગા થઈને અહીંનો વિરોધ કરશે પલટનમાં. શેઠ કાલે કહેતા હતાને ગભરાણા છે. ગભરાઈ ગયા. અરેરે..! કહે હાય.. હાય.. આ તો આપણો.. ભગવાન એમાં આબરૂ ક્યાં છે? બાપા! અરે.. પ્રભુ! આ સત્ય વાત છેને. એમાં સત્યને સ્વીકાર કરવામાં આબરૂ જાય તો ભલે જવા દે. નહોતા જાણતા તો નહોતા જાણતા બાપુ, અમને ખબર નથી.

**શ્રોતા :—** એક-બેની જાય તો ઠીક. આ તો બધાની જાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બધાની જાય. પણ એમાં શું? આહા..હા..! અનાદિથી ભૂલ છે બાપુ! ભૂલમાં તો અનાદિથી પડ્યો છે. હવે એ ભૂલ ટાળવામાં આબરૂ જાય છે કે આબરૂ થાય છે? આહા..હા..!

**શ્રોતા :—** તમારી બધી વાત માનતા જૂની બધી વાતો ખોટી પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બધાની કાંઈ ખોટી છે નહિ, ખોટી હતી એની ખોટી પડે. તારાચંદજી! આહા..હા..! અને તે તો સર્વજ્ઞ વીતરાગથી અનુભવથી, આગમથી, શાસ્ત્રના ન્યાયથી, લોજીકથી પણ આ સિદ્ધ થાય છે. આહા..હા..!

'**જીવને રાગદ્વેષમોહ વગરનો, જ્ઞાનથી જ રચાયેલો ભાવ...**' ભાષા જુઓ, '**ज्ञाननिर्वृत्तः एव भावः**' જ. '**एव**' એટલે જ. સ્વરૂપ જ્ઞાતાદૃષ્ટા છે તેનાથી રચાયેલો જ્ઞાતા-

દૃષ્ટાનો ભાવ. આહા..હા..! અને **'જે સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોકને (અર્થાત્ જથ્થાબંધ દ્રવ્યકર્મના પ્રવાહને) રોકનારો છે,...'** કેમકે ભાવાસ્રવ વિનાનો ભાવ છે, માટે ભાવાસ્રવ નથી તો જથ્થાબંધને પણ રોકનાર છે. જડ-જડ આસ્રવ. સમજાણું કાંઈ? **'સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોકને (અર્થાત્ જથ્થાબંધ દ્રવ્યકર્મના પ્રવાહને) રોકનારો છે,...'** આહા..હા..! **'एषः सर्व-भावास्रवाणाम् अभावः' 'તે (જ્ઞાનમય) ભાવ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.'** આહા..હા..! અહીં તો મિથ્યાત્વ એ સંસાર છે. આવશેને આમાં. મિથ્યાત્વસહિત ભાવ તે છે. એ લખ્યુંને જુઓને. અને પાછળ છે. સંસારનું કારણ મિથ્યાત્વ જ છે. પાછળ છે. છેને? **'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** મુખ્ય એ વસ્તુ છે. આહા..! પાછળ ટીકા છેને. ભાવાર્થની અઢી લીટી થઈ ગયા પછી. છેલ્લી બે લીટી. આહા..હા..!

બસ મિથ્યાત્વ જ સંસાર. રાગ-દ્વેષાદિ છે એ તો.. આહા..હા..! એ અલ્પસ્થિતિ રસવાળો સંસાર એને ગૌણ કરી નાખ્યો. આ અનંત સંસારનું કારણની અહીં વાત છે. નહિતર તો એ છઠ્ઠે ગુણસ્થાને પણ જે પ્રમાદભાવ થાય શુભભાવ એને જગપંથ કીધો. એ જગપંથ છે એ અનંત સંસારનું ફળ નથી. આ તો અનંત સંસાર જેમાં નિગોદ અને નરકના અનંતભાવ થાય. આહા..હા..! જ્ઞાનીને જે ભાવ થયો એમાં તો અલ્પ સ્વર્ગ અને મનુષ્યના ભવ થાય એવો ભાવ હોય છે. સમજાણું કાંઈ? અસ્થિરતાનો. અને આ મિથ્યાત્વનો ભાવ તો અનંત નિગોદના ભવસિંધુ અનંતભવનું કારણ છે. એ અનંતભવ નરક અને નિગોદના કારણ છે મિથ્યાત્વભાવ. આહા..હા..!

**'ભાવાર્થ :—મિથ્યાત્વરહિત ભાવ જ્ઞાનમય છે.'** મિથ્યાત્વસહિત ભાવ અજ્ઞાનમય છે અને મિથ્યાત્વરહિત ભાવ જ્ઞાનમય છે. આહા..હા..! પુણ્યના ભાવના રાગને પણ પોતા સાથે મેળવવો, ભેળવવો એ મિથ્યાત્વસહિત રાગ અજ્ઞાનભાવ છે. આહા..હા..! અને **'મિથ્યાત્વરહિત ભાવ જ્ઞાનમય છે.'** રાગને આત્મા સાથે ન મેળવવો એવો જે જ્ઞાનમયભાવ તે મિથ્યાત્વરહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તે જ્ઞાનમયભાવ રાગદ્વેષમોહ વગરનો છે...'** એ જ્ઞાનમયભાવ જે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રાગદ્વેષ એ વિનાનો જ્ઞાનમયભાવ છે. આહા..હા..! **'અને દ્રવ્યકર્મના પ્રવાહને રોધનારો છે;...'** ભાવાસ્રવ નથી એટલે દ્રવ્યકર્મ પણ રોકાઈ જાય છે. આવતા આવતા રોકાઈ જાય છે એ ભાષા છે. આવતો નથી. સમજાણું કાંઈ? ભાષા વ્યવહારની એવી છે. દ્રવ્ય કર્મનો પ્રવાહ હતો એને રોકી દીધો એમ હતો, આવવાનો હતો? એ ભાવાસ્રવ જ્યાં નથી ત્યાં દ્રવ્ય આસ્રવનો પ્રવાહ છે જ નહિ, એમ કહેવું છે. આહા..હા..!

**'તેથી તે ભાવ જ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.'** આહા..હા..! રાગથી ભિન્ન પડેલો ભગવાન જ્ઞાનમયભાવ તે ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે. ભાવાસ્રવ એટલે દયા, દાન, વ્રત, કામ, ક્રોધના, પુણ્ય-પાપના ભાવ, ભાવ, જીવના ભાવ એ ભાવાસ્રવ છે. અને દ્રવ્યાસ્રવ એ

જડ રજકણો અજીવ જે આવતા હતા એને દ્રવ્યાસ્રવ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'તેથી તે ભાવ જ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.'** ક્યો ભાવ? જ્ઞાનમયભાવ. રાગથી જુદું પડ્યું એવું તત્ત્વ જ્ઞાનમયભાવ એ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે. તેથી એને દ્રવ્ય આસ્રવ હોતા નથી. હવે અહીં તો આ ચોખ્ખું કહ્યું છે જયચંદ પંડિતે. જયચંદ પંડિત છે એનો અર્થ કરનાર.

**'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** અરે..! પણ એક કોર મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ પાંચ બંધના કારણ છે.

**શ્રોતા :—** પાંચ બંધના કારણ છે, સંસારના કારણ થોડા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ પછી સંસાર એટલો તો કહ્યો છેને. પણ એ ગૌણની વાત કરી. અલ્પસંસાર એની વાત કાઢી નાખી. છે તો એ પણ સંસાર. શુભભાવને જ સંસાર કહ્યો પછી પ્રશ્ન શું? આહા..હા..! જ્ઞાની નામ મુનિને જે શુભભાવ થાય એ સંસાર છે, જગપંથ છે. આહા..હા..! રાગરહિત જે આત્મસ્વભાવનો ભાવ થાય તે શિવપંથ છે. સમજાણું કાંઈ? હજી શ્રદ્ધામાં જ જ્યાં ગોટા ઊઠે એને ચારિત્ર ને વ્રત ને તપ ને જ્ઞાન કેવા હતા? આહા..હા..! મુળગા મૂડીમાં જ વાંધા. મૂળમાં જ વાંધા. આહા..!

**શ્રોતા :—** ભાવાસ્રવનો અભાવ એટલે નિર્વિકલ્પ દશા એટલી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિર્વિકલ્પ અવસ્થા એટલી છે. રાગ વિનાની અવસ્થા છે એટલી. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ-મોહ છે એના અભાવની વસ્તુ છે એટલી, એટલી વીતરાગ અવસ્થા છે. સમ્યગ્દર્શન એ વીતરાગ અવસ્થા છે. અનંતાનુબંધીનો અભાવ એ સ્વરૂપાચરણ વીતરાગ અવસ્થા છે. આહા..હા..!

**'સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...'** એમ કહ્યું છે. કથંચિત્ મિથ્યાત્વ સંસારનું કારણ અને કથંચિત્ રાગદ્વેષ એમ નથી કહ્યું. અનંત સંસારનું કારણ એ મિથ્યાત્વ છે. પછીનો કષાય રહ્યો એ તો એક-બે ભવ રહ્યો એ છૂટી જવાનો. જેના મૂળિયા કપાઈ ગયા એના પાંદડા લીલા સૂકાઈ જવાના. આહા..હા..! મૂળ સાચા વિના પાંદડા તોડ્યા, ફરી ઊગશે પંદર દિ' એ પાછા. પાંદડા તોડ્યા બધા. એ રાગની મંદતા કરી, બાયડી-છોકરા છોડ્યા, પણ ઓલું મૂળિયું સાજું છે મિથ્યાત્વ. પંડિતજી! તરત જ બધું આવી જશે પાછું. નરક અને નિગોદ આવશે. આહા..હા..!

**'તેથી મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ થતાં...'** છેને? મિથ્યાત્વસંબંધી રાગાદિકનો રાગદ્વેષાદિનો અભાવ થતાં **'સર્વ ભાવાસ્રવનો અભાવ થયો એમ અહીં કહ્યું છે.'** એમ અહીં કહ્યું છે. વિશેષ કહેશે... (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૧૦, મંગળવાર, તા. ૧૬-૧૧-૧૯૭૬, ગાથા-૧૬૯, કળશ-૧૧૫, પ્રવચન નં. ૨૩૩

સમયસાર, ૧૬૯ ગાથા.

'હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે એમ બતાવે છે :-'

पुढवीपिंडसमाणा पुव्वणिबद्धा दु पच्चया तस्स।
कम्मसरीरेण दु ते बद्धा सव्वे वि णाणिस्स।।१६९।।

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,
છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.

રાગથી ભિન્ન પડીને જ્ઞાયકસ્વરૂપનો અનુભવ થયો એને અહીંયાં જ્ઞાની કહેવામાં આવે છે, એને ધર્મી, જ્ઞાની વળી કોઈ એમ કહે તો જ્ઞાની મોટી ચીજ છે, એને અહીં ધર્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વસ્તુ જે આનંદકંદ પ્રભુ એવી વસ્તુનો જેને અનુભવ થયો, અનુભૂતિ. સવારમાં આવ્યું હતુંને. આત્માની અનુભૂતિની રુચિથી વિપરીત મિથ્યાદર્શન. આહા..હા..! આત્મા આનંદસ્વરૂપ છે ભગવાન અને જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, ઈશ્વરસ્વરૂપ અનંતી શક્તિના સ્વરૂપ પિંડ છે. એનો અંતર્મુખ થઈને, બહિર્મુખની ઉપેક્ષા કરીને, અંતર્મુખના સ્વભાવનો અનુભવ થવો એને ધર્મની શરૂઆતનું સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહે છે.

એ જ્ઞાનીને **'જે પૂર્વે અજ્ઞાન વડે બંધાયેલા...'** આહા..હા..! આત્મા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ છે એનો. પુણ્ય પરિણામનું કરવું એ એનો સ્વભાવ નથી. સવારે આવ્યું નહિ ભાઈ જરી? ભેદાભેદરત્નત્રય મોક્ષનું કારણ છે. ભેદરત્નત્રય તો રાગ છે, છતાં ધર્મીને રાગનું કર્તાપણું છૂટી ગયું છે અને જે રાગ ભેદરત્નત્રયનો થાય છે એને વ્યવહારે મોક્ષનું કારણ કહેવામાં આવે છે. એ નિશ્ચય છે માટે. એના વિનાની વાત જ ક્યાં છે? પ્રશ્ન ક્યાં છે.

એ સવારે કહ્યું હતું નિશ્ચય જ્યાં છે, ભગવાન પૂર્ણાનંદ પ્રભુ આત્મા **'पूर्णमिदं'**, એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, સ્વરૂપાચરણ થાય એ દૃષ્ટિવંતને જે ભેદપણાનો રાગ આવે એનો કર્તા એ નથી, પણ એવો રાગ આવે એને વ્યવહારે મોક્ષનું કારણ કહ્યું છે. અભેદરત્નત્રય નિશ્ચય મોક્ષનું કારણ છે અને વિકલ્પ આવે છે એ જાતની ભૂમિકામાં એથી તેને વ્યવહાર મોક્ષનું કારણ કહ્યું છે. એટલે ખરેખર તો છે નહિ, પણ આરોપિત કથન એને કહીને ભેદાભેદરત્નત્રય બેયને મોક્ષનું કારણ કહ્યું છે. સમજાણું કાંઈ? સાથે હોય છે ને રાગનો કર્તા હોતા નથી એ અપેક્ષાએ વાત છે વધારે તો.

રાગનું કર્તાપણું છે એ બુદ્ધિ છૂટી ગઈ છે, છતાં રાગ થાય છે તેને જાણે છે અને જાણનાર દૃષ્ટિ અને સ્થિરતા ખરેખર તો એ મોક્ષનું કારણ છે, પણ એનો આરોપ આપ્યો વ્યવહારમાં. છે તો રાગ, એ કાંઈ મોક્ષમાર્ગ નથી, બંધમાર્ગ છે. આહા..હા..! એને આરોપથી કથન કરીને નિમિત્ત દેખીને કહ્યું એણે કે ભેદાભેદરત્નત્રય મોક્ષનું કારણ છે, પણ ઓલી કર્તાબુદ્ધિ છૂટી ગઈ છે અને રાગ આવ્યા વિના રહેતો નથી અને નિશ્ચયદૃષ્ટિ અનુભવમાં છે. આહા..હા..! એને એ વ્યવહારરત્નત્રયને વ્યવહાર મોક્ષ કહ્યો આરોપથી. જેને હજી આત્મા શું ચીજ છે એનું ભાન જ નથી એને તો વ્યવહાર પણ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને શ્રદ્ધે, માને એ વિકલ્પ એ તો વ્યવહારાભાસ છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે, અજ્ઞાનમાં તો રાગની એકતાબુદ્ધિથી જે અજ્ઞાનભાવ ઉત્પન્ન થાય એનાથી રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન થાય એનાથી તો બંધનું કારણ થાય; પણ જ્ઞાનીને રાગથી ભિન્ન પડેલું તત્ત્વ, ભિન્ન છે. એવા ભિન્ન તત્ત્વને અનુભવમાં લેતાં જે જ્ઞાન અને આનંદનો સ્વાદ આવ્યો એવા ધર્મીને '**પૂર્વે અજ્ઞાન વડે બંધાયેલા...**' પરમાણુ જે પડ્યા છેને જડ એની વાત છે. કર્મ જે જડ છેને અજીવ?

'**અજ્ઞાન વડે બંધાયેલા મિથ્યાત્વ,...**' દર્શન-મોહ એનો થોડો ભાગ હોય, હજી સમકિત છે છતાં અભાવ ન થયો હોય. સમકિતમોહનીય આદિનો છેને એને પણ મિથ્યાત્વનો અંશ ગણ્યો છે. સમજાણું કાંઈ? '**અજ્ઞાન વડે બંધાયેલા મિથ્યાત્વ,...**' જ્ઞાનીને. '**અવિરતિ, કષાય અને યોગરૂપ દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો છે,...**' પરમાણુરૂપી જડ પરમાણુનો પ્રત્યય-આસ્રવ છે, પણ '**તે અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો...**' છે. એ તો પરમાણુ-પુદ્ગલ-અજીવદ્રવ્ય છે. '**અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો...**' એટલે આસ્રવો. '**અચેતન પુદ્ગલ પરિણામવાળા હોવાથી જ્ઞાનીને માટીનાં ઢેફાં સમાન છે...**' માટીનું ઢેફું જેમ અજીવ છે-જ્ઞેય છે એમ એ અજીવ-જ્ઞેય છે, આહા..હા..! આવો માર્ગ છે. '**(-જેવા માટી વગેરે પુદ્ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો છે);...**' એવા અજીવ તત્ત્વ છે. '**તે તો બધાય, સ્વભાવથી જ માત્ર કાર્મણ શરીર સાથે બંધાયેલા છે-**' એ તો કાર્મણ શરીર સાથે જડના પરમાણુ છે એ—મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ. પરમાણુ પુદ્ગલની વાત છે. આહા..હા..!

'**જીવ સાથે નહિ;...**' એ જડ કર્મ મિથ્યાત્વાદિ પુદ્ગલથી જડ આત્મા સાથે સંબંધ નથી એને કાંઈ. આહા..હા..! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એ જ્ઞાનીએ તોડી નાખ્યો નિમિત્ત સંબંધ. એટલે પુદ્ગલ કાર્મણ સાથે જ એનો હવે સંબંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું બાપુ, બહુ. ભગવાન ચૈતન્ય સ્વરૂપ પ્રભુ, એને તો કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી દ્રવ્યને. પર્યાયમાં જે નિમિત્ત સંબંધ છે એ જ્ઞાનીએ તોડી નાખ્યો છે. મારામાં એ છે જ નહિ, મારે એનો સંબંધ કાંઈ છે જ નહિ. આહા..હા..! એટલે હવે રહેલાં અજ્ઞાનભાવે બંધાયેલા મિથ્યાત્વ, અવિરતિ આદિ દર્શનમોહની પ્રકૃતિ ભલે પડી હોય સત્તામાં, ઉપશમ, સમકિત

આદિ છે, ક્ષયોપશમ છે એમાં સત્તામાં કદાચ પડી હોય થોડી તો પણ તે પરમાણુ પુદ્ગલની સાથે સંબંધ છે. જ્ઞાનીને એની સાથે કાંઈ સંબંધ છે નહિ. ઓહો..હો..!

**'કાર્મણ શરીર સાથે બંધાયેલા છેસંબંધવાળા છે, જીવ સાથે નહિ; માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.'** સ્વભાવથી જ સિદ્ધ છે. જડના પરમાણુ સાથે જીવને સ્વભાવથી જ સિદ્ધ છે કે એની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! જેમ શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ પરપદાર્થ. એ પર જ છે એની સાથે તો કાંઈ સંબંધ છે જ નહિ. પર પોતાને કારણે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં બદલીને રહ્યા છે. આહા..હા..! આ શરીર પણ દ્રવ્ય-ગુણ-પર્યાય એના પોતામાં કરીને રહ્યા છે, એમ બીજા આત્માઓ અને બીજા શરીરો કે બીજા પુદ્ગલો એના દ્રવ્ય-ગુણમાં એની પર્યાય કરીને રહ્યા છે. આત્માને એને કાંઈ સંબંધ છે નહિ. તો કાર્મણ શરીર છે એ પણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલા છે. સમજાણું કાંઈ? એ આત્માની પર્યાયમાં આવ્યા નથી ને આત્માની પર્યાય સાથે એને-જડને સંબંધ નથી. આહા..હા..! **'માટે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.'** વસ્તુનો સ્વભાવ જ જ્ઞાયકમૂર્તિ જ્યાં ભાનમાં આવ્યો તો કર્મના પરમાણુનો સંબંધ જીવની સાથે છે નહિ, જડ સાથે સંબંધ. આહા..હા..!

**'ભાવાર્થ :— જ્ઞાની જે પૂર્વે અજ્ઞાનદશામાં બંધાયેલા મિથ્યાત્વાદિ દ્રવ્યાસ્રવભૂત...'** એટલે પરમાણુ-પુદ્ગલ-જડ. એ **'પ્રત્યયો છે...'** આસ્રવો. **'તે તો માટીનાં ઢેફાંની માફક પુદ્ગલમય છે...'** અને એ પુદ્ગલમયનો જીવદ્રવ્યમાં અને પર્યાયમાં પણ એનો અભાવ છે. સમજાણું કાંઈ? જેમ પર્યાયમાં રાગ-દ્વેષનો સંબંધ છે પર્યાયમાં, એ પર્યાયમાં તો કર્મનો સંબંધ નથી, અભાવ છે. એના પર્યાયમાં એ કર્મ છે જ નહિ. આહા..હા..! હવે રહ્યા ભાવાસ્રવ. પર્યાયમાં ઠરેલા. એનો હવે અભાવ બતાવે છે. પહેલું આ બતાવીને.

**'તેમનો બંધ અથવા સંબંધ પુદ્ગલમય કાર્મણ શરીર સાથે જ છે,...'** આહા..હા..! **'ચિન્મય જીવ સાથે નથી.'** ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે, પ્રજ્ઞાસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ એની સાથે કાર્મણ જડ અજીવને કાંઈ સંબંધ છે નહિ. આ બધા સાથે સંબંધ છેને સ્ત્રી, કુટુંબ, પરિવારને. આ અમારા સંબંધીઓ છે એમ નથી કહેતા? આ અમારા નાતીલા છે, આ અમારા સંબંધીઓ છે. આહા..હા..! નાતીલા પણ અમારા સંબંધી છે એમ. અમારે પુરાણો એની સાથે સંબંધ છે. એમ કહે માણસ. કોની સાથે સંબંધ બાપુ? બહુ તો તારે રાગ-દ્વેષ અને અજ્ઞાનમાં વિકાર સાથે સંબંધ છે. આહા..હા..! અજ્ઞાનમાં. જ્ઞાનમાં એ સંબંધ નથી એમ કહ્યું છે અહીં તો. આહા..હા..! ચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ, જ્યાં રાગથી રાગના કર્તાપણાથી ભિન્ન ભાળ્યો-જોયો, એ ચૈતન્યને હવે કર્મના જડ પુદ્ગલો સાથે તો સંબંધ નથી, પણ હવે તો અહીં કહે છે ભાવાસ્રવ સાથે સંબંધ નથી.

**'(વળી જ્ઞાનીને ભાવાસ્રવનો અભાવ હોવાથી, દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવનું**

**કારણ થતા નથી...'** લ્યો. જડકર્મ છે એ ઉદય આવે પણ ભાવાસ્રવ જ્યાં નથી જીવને, રાગ-દ્વેષ-મોહસંબંધી, મિથ્યાત્વ સંબંધીના એટલા, એટલે પછી જૂના કર્મ કાંઈ બંધનું કારણ થતું નથી. એ છૂટી જાય છે. આહા..હા..! એ તો આવી ગયું છે નહિ પહેલું? જડકર્મ છે એ આસ્રવ છે અને નવા કર્મનું એ કારણ છે. પણ ક્યારે? કે અહીંયાં જો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરે ત્યારે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ન કરે એ અજ્ઞાન સંબંધીના, તો કર્મના ઉદયના આસ્રવ નવાનું નિમિત્ત કહેવાતું નથી. આવી વાતું છે. આહા..હા..!

**'તેથી તે દૃષ્ટિએ પણ જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ છે.'** બે વાત લીધી. એક તો પુદ્‌ગલ છે માટે સંબંધ નથી અને બીજી વાત કે એને ભાવાસ્રવનો અભાવ છે, માટે ભાવાસ્રવ નથી માટે દ્રવ્ય, કર્મ બંધનું કારણ થતું નથી, માટે પણ દ્રવ્યકર્મ એને નથી. આહા..હા..! **'દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવનું કારણ થતા નથી...'** એમ. જૂના કર્મ પુદ્‌ગલ છે એ તો જડ. એની સાથે સંબંધ નથી. પણ હવે એ જડકર્મો નવા કર્મને નિમિત્ત છે, પણ નવા કર્મને નિમિત્ત થવાના જે રાગ-દ્વેષ-મોહ છે એ તો જ્ઞાનીને છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'** ૧૧૫ કળશ.

(उपजाति)

भावास्रवाभावमयं प्रपन्नो
द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।
ज्ञानी सदा ज्ञानमयैकभावो
निरास्रवो ज्ञायक एक एव।।११५।।

આહા..હા..! **'શ્લોકાર્થ :—ભાવાસ્રવોના અભાવને પામેલો...'** ધર્મી જીવ દ્રવ્યસ્વભાવના અનુભવથી ભાવાસ્રવ જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અનંતાનુબંધીના, એના ભાવાસ્રવના અભાવને પામેલો છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? જે રાગના કર્તાથી છૂટીને જ્ઞાતાદૃષ્ટાનો અનુભવ થયો એને તો **નભાવાસ્રવોના અભાવને પામેલો...**થ છે. ભાવઆસ્રવ એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અનંતાનુબંધીના. એનો તો અભાવ છે એને. આહા..હા..! આવું જાણપણું કરવું ને.. આ. એથી બિચારા જ્યાં હોય ત્યાં વળગી ગયા. કોઈ અપવાસ કરવા, કોઈ તપસ્યાઓ કરવી, જાત્રા કરવી, મંદિર-બંદિર બંધાવા બે-પાંચ-દસ લાખના. ધૂળમાંય નથી ત્યાં કાંઈ? એ તો એને કારણે થાય, એમાં તારો રાગ હોય શુભ તો પુણ્ય છે, એમાં કાંઈ ધર્મ નથી.

**શ્રોતા :—** આપણે તો (મંદિર) બંધાઈ ગયું છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો ઓલામાં બંધાઈ ગયું છે મોટું, બેંગ્લોર. બાર લાખનું મંદિર. આવ્યા હતા તમે? બેંગ્લોર આવ્યા હતા કે નહિ? બાર લાખનું બેંગ્લોરમાં લ્યો. બહુ મોટું. નીચે ભોયરું, વચમાં ભગવાન, ઉપર સમવસરણ. એથી શું? પણ એ તો પરમાણુની

પુદ્‌ગલની પરાવર્તનના કાળથી એ દશા થઈ છે. કોઈએ કરી છે ત્યાં, ભભુતમલે આઠ લાખ આપ્યા માટે એણે કરી.. (એમ નથી).

**શ્રોતા :—** ...ઉપદેશ આપ્યો માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઉપદેશ આપ્યો માટે થઈ એ વાત જ ખોટી છે. ભાષા તો એમ બોલે એ. કાનજીસ્વામીના ઉપદેશથી અમને આ મંદિર કરવાનો ભાવ થયો છે. ભાષા એમ બોલેને. એ કુરાવડવાળાએ એમ લખ્યું છે. જમકલાલજી આવ્યા છે કે નહિ? છેને? એ ત્યાં છેને એનું ગામ છે. કાગળ આવ્યો છેને. કુંદકુંદ નગરી છે આ. અને મહારાજના ઉપદેશથી અહીં થયું છે આ. પંચકલ્યાણક કરું છું. એ બધા ઉપદેશની વાતું નિમિત્ત છે. નિમિત્ત કાંઈ કરતું નથી. અરે! આ વાત ભારે આકરી.

**શ્રોતા :—** કરે નહિ કરવાનો ભાવ તો કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કરે એનો ભાવ કરે એ તો એનો કરનાર છે, એને ઉપદેશને લઈને છે એ? એ તો નિમિત્તથી કથન કરવામાં છે. એને ભાવ થાય શુભ તો એને કારણે છે. ઉપદેશનું નિમિત્ત થઈને એને ભાવ થાય છે? આહા..હા..!

**શ્રોતા :—** નિમિત્ત હોય તો છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિમિત્ત હોય ભલે. તે શું છે? ભગવાન સાક્ષાત્ બિરાજે છે. દર્શન કરે ત્યારે શુભભાવ થાય છે. તે શુભભાવ ભગવાનના દર્શનથી થાય છે? આ તો વળી બધું નાખ્યું કાચ-બાચને. નહિતર ચકલા બેસે માથે. એનાથી થતું હોય તો ચકલાને થવું જોઈએ. ચકલા સમજ્યા? ચીડીયાં. માથે બેસે ચકલા જુઓ. એ તો જેને શુભભાવ છે એને એવું નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી શુભભાવ થાય છે એમ નથી. આહા..હા..! ભારે વાત આવી. કોની કરે? આ મોટો અત્યારે વાંધો છે પંડિતો સાથે. નિમિત્તથી થાય. નહિતર નિમિત્ત શેનું?

**શ્રોતા :—** નવો સિદ્ધાંત કાઢ્યો આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નવો સિદ્ધાંત (નથી). ભગવાનનો સિદ્ધાંત છે આ તો. અહીં એટલું તો ભાઈએ ભલે એને બેઠું ન બેઠું પણ એટલું લખ્યું કૈલાસચંદજીએ છે કે ભાઈ! સોનગઢવાળા નિમિત્તનો નિષેધ નથી કરતાં, પણ નિમિત્તકર્તા માનતા નથી, એટલું લખ્યું છે. વાત એમ જ છે. સમજાણું કાંઈ? એ આ લોકોને ખટકે છે. સૌ એમ માનતા કે નિમિત્તથી કાંઈક થાય. કર્મનો ઉદય છે નિમિત્તમાં તો કાંઈક વિકાર થાય, કાંઈક થાય, કાંઈક તો થાય.

**શ્રોતા :** ઉપાદાનમાં ઘણી જાતની યોગ્યતા છે. જેવું નિમિત્ત આવે એવું કાર્ય થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** એ ખોટી વાત છે. ઉપાદાનની યોગ્યતા એક જ સમયની તે થવાની તે છે. એક સમયની એક સમયની યોગ્યતા એક જ છે. ભાઈ! માર્ગ તો આવે છે, બાપુ! પંડિતોને મોટી-મોટી વાતું કરીને બીજું કરે એ વાત કાંઈ અંદરમાં બેસે નહિ. અને એ વસ્તુ એમ છે પણ નહિ.

અહીં તો કહ્યું કે દિવ્યધ્વનિથી વેદ એટલે દિવ્યધ્વનિ. પરમાત્મપ્રકાશ. એનાથી આત્માને જ્ઞાન ન થાય. ત્યારે નિમિત્ત છેને મોટું. ભગવાનની વાણી આમ મોટી આ. દિવ્યધ્વનિ ઉઠે ૐ ધ્વનિ. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, આગમ રચી ઉપદેશે સંશય નિવારે.' જુઓ, એવું આવે છે. એ નિમિત્તના કથન તો એમ જ આવેને. એય.. આવે છે કે નહિ એ? નથી આવ્યું? એ નથી આમાં. અત્યારે નથી લાવતા. આ છે એને? 'નમો કેવળ નમો કેવળરૂપ ભગવાન,' બનારસીદાસ. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે,...' 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ...' એ તો નિમિત્ત છે. આહા..હા..! 'અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે...' ગણધરદેવ એ શાસ્ત્રની રચના કરીને ઉપદેશ કરે છે. 'ભવિક જીવ સંશય નિવારે.' 'ભવિક જીવ સંશય નિવારે.'

**શ્રોતા :—** દિવ્ય વાણી ખરી ત્યારેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ વાત જ એ કહે છે કે ઓલો ટાળે છે ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય. નિવારે છે. 'તે ભવિક જીવ સંશય નિવારે.' એમ કીધું. ઉપદેશ સંશય નિવારે. ભાષા જુઓને. આહા..હા..! 'સુસત્યાર્થ શારદા...' સત્યાર્થ શારદા ભગવાનની વાણી. પરમ સત્ય દિવ્યધ્વનિ. આહા..હા..! 'તાસુ ભક્તિ ઉર આણ છંદ ભુજંગ પર્યાપ્તમેં અષ્ટ કહો બખાન.' પાઠ. શ્લોક છે. 'જિનાદેશ જાતા જિનેન્દ્ર વિખ્યાતા, વિશુદ્ધ પ્રબુદ્ધા નમો લોકમાતા. દુરાચાર દુર્નૈહરા શંકરાની.' સુખની દેનારી વીતરાગની વાણી એમ કહે છે. નિમિત્તથી શું કહે? 'દુરાચાર દુર્નૈહરા શંકરાની, નમો દેવી વાગેશ્વરી જિનવાણી.' લ્યો. આહા..હા..! વાણી છે. આહા..હા..!

અહીં તો કહે છે કે દિવ્યધ્વનિથી પણ જ્ઞાન થાતું નથી એમ કીધું પરમાત્મપ્રકાશમાં. અને મુનિના શાસ્ત્રો જે ઊંચા રચેલા હોય એનાથી પણ જ્ઞાન થતું નથી. પર છે એ તો વસ્તુ. આહા..હા..! જ્ઞાન તો ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે, એની દૃષ્ટિ આપતા, અંતર્મુખ દૃષ્ટિ આપતા જ્ઞાન થાય. આહા..હા..! આ વાત તે. જ્યાં જ્ઞાનસ્વરૂપ પડ્યું છે. ચિદ્‌ઘન આનંદકંદ પ્રભુ. આહા..હા..! અરે.. એને કેમ બેસે? આવી ચીજ એને કેમ? ભગવાન ભગવત્ સ્વરૂપ તું છો ભાઈ! આહા..હા..! એની ઉપર નજર પડતાં એ જ્ઞાનનો પ્રવાહ જે આવે તેને જ્ઞાન કહીએ. બાકી બધું શાસ્ત્ર-બાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. આહા..હા..! આવી જ વસ્તુ છે. એય.. દેવાનુપ્રિયા! શું છે કાંઈ તર્ક? આમાં કાંઈ ચાલે એવું નથી. આહા..હા..!

**'ભાવાસ્રવોના અભાવને પામેલો...'** આહા..હા..! કોણ? ધર્મી. જ્ઞાની **'ભાવાસ્રવોના અભાવને પામેલો...'** આહા..હા..! ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એને પામેલો એ ભાવાસ્રવના અભાવને પામેલો. આહા..હા..! આત્મા જ્ઞાન અને આનંદ પ્રભુ છે, એવા જ્ઞાનાનંદના સ્વભાવને પામેલો એ ભાવાસ્રવના અભાવને પામેલો. સમજાણું કાંઈ? વાત તો અંદર ઘરની છે, સરળ છે, પણ લોકોએ એવી કરી મૂકી છેને કે એમાંથી નીકળવું કઠણ પડે. આહા..હા..! ભગવાન સત્ છે, સરળ છે, સર્વત્ર છે. ક્યાં એ પોતે નથી? આહા..હા..!

**'ભાવાસ્રવોના અભાવ...'** **'પ્રપન્નઃ'** એ તો નાસ્તિથી વાત કરી. કેમકે જ્ઞાની જ્ઞાનને પામ્યો છે, વસ્તુ જ્ઞાતા છું, દૃષ્ટા છું, સાક્ષી છું, જગત બધું જ્ઞેય છે અને હું જ્ઞાતા છું, જગત બધું દૃશ્ય છે અને હું દૃષ્ટા છું. એવું જેણે પોતાના સ્વરૂપને દૃષ્ટા-જ્ઞાતાપણે જાણે પામ્યો છે એ ભાવાસ્રવના અભાવને પામ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે ધર્માત્મા, જ્ઞાની પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવને પામ્યો છે, આહા..હા..! જે અનાદિથી રાગ અને દ્વેષરૂપી ભાવાસ્રવને પામતો હતો, 'એ મારા અને હું કરું છું' એવી માન્યતામાં પડ્યો હતો, આહા..હા..! એણે એવા રાગના આસ્રવના કર્તવ્યને છોડી દઈ, હું તો એ જ્ઞાતા-દૃષ્ટા-જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ પરમાનંદનો નાથ, બ્રહ્મસ્વરૂપ આનંદસ્વરૂપ છું, એવી આનંદની દશાને, જ્ઞાનદશાને પામેલો જ્ઞાની ભાવાસ્રવના અભાવને પામ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો શેઠ સાદી છે. આ હિન્દુસ્તાનવાળાને જરી હિન્દીભાષા... આહા..હા..! અનાદિથી પુણ્ય અને પાપના ભાવ જે આસ્રવ એને પામેલો એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો અજ્ઞાની છે. આહા..હા..! ભાવાસ્રવને પામેલો. આહા..હા..! જે વસ્તુ ભિન્ન છે એ ચીજ મારી છે એમ પામેલો. આહા..હા..!

**શ્રોતા :—** અજ્ઞાનીને આવો પુરુષાર્થ કરવો પડતો હશેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પુરુષાર્થ કરે છેને ઉંધો. વીર્ય વિનાનું ક્યું કાર્ય છે? અજ્ઞાનીનું કે જ્ઞાનીનું કોઈ કાર્ય વીર્ય વિનાનું નથી, અને પરમાણુમાં પણ કોઈ કાર્ય એની શક્તિ-વીર્ય વિનાનું નથી. પરમાણુમાં પણ શક્તિ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? ઉંધુ વીર્ય ફોરવે છે એ પણ પોતાનું કાર્ય છે અજ્ઞાનીનું. આહા..હા..!

**શ્રોતા :—** સહજ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સહજ થયું નથી, માન્યું છે, માન્યતા છે.

એ તો કહ્યું નહિ શ્રીમદ્ કે દિગંબરના આચાર્યો કહે છે કે મોક્ષ થતો નથી, મોક્ષ સમજાય છે. આહા..હા..! દિગંબરના આચાર્યો. બીજે વાત ક્યાં છે, બાપા? પક્ષને લઈને એવું લાગે કે આ તો એક બાપુ વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..! દિગંબરના આચાર્યો, શેઠ! શ્રીમદ્ રાજચંદ્ર એમ કહે છે. પુસ્તક માથે છે. એમાં પણ છે. દિગંબરના આચાર્યો એમ માને છે કે જીવનો મોક્ષ થતો નથી. આહા..હા..! ફક્ત માન્યું હતું કે 'હું બંધનમાં, રાગમાં છું' એ માન્યતા છૂટી એટલે મોક્ષસ્વરૂપ જ છે ભગવાન. આહા..હા..! ચિદ્‌ઘન, આનંદકંદ પ્રભુ અનાકુળ શાંત અને આનંદના રસનું સ્વરૂપ ગંભીર જેનું સ્વરૂપ છે, અમાપ જેનું સ્વરૂપ છે, જેના સ્વભાવનું માપ અને હદ આવી શકતી નથી, એવો જે પ્રભુ... આહા..હા..! એને મોક્ષ થતો નથી. માન્યતા હતી કે હું રાગથી બંધાણો છું.

ભગવાન આત્મા મોક્ષસ્વરૂપ છે તેમ સમજાય છે. બીજી રીતે કહ્યું હતું ૧૪-૧૫ ગાથામાં કે જે આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. બંધાયેલો નથી એટલે કે મોક્ષસ્વરૂપ છે. આહા..હા..! એને રાગથી બંધાયેલું તત્ત્વ નથી. કર્મની સાથે વાતનો સંબંધ તો ક્યાં છે દ્રવ્યને? આહા..હા..! પર્યાયને

અને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ એક સમયની દશાનો. વસ્તુને સંબંધ છે નહિ પરની સાથે. આહા..હા..! એવી વસ્તુ ભગવાન મોકળો મુક્ત સ્વરૂપ જ છે. મોકળો અમારી ગુજરાતી ભાષા છે. બંધાયેલાથી મોકળો–છૂટો. નાળિયેરના સૂકા ઓલામાં જેમ ગોળો છૂટો હોય છેને, આહા..હા..! એમ ભગવાન આત્મા રાગ અને શરીરથી છૂટું તત્ત્વ છે. આહા..હા..!

૨૦૦માં કહ્યું નથી? ૨૦૦ ગાથા. પ્રવચનસાર ગાથા. જ્ઞાયક તો જ્ઞાયકભાવે રહ્યો છે. આહા..હા..! એણે અન્યથા અધ્યવસાય કર્યો છે, અન્યથા માન્યતા કરી છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યરસકંદ જ્ઞાયકભાવનો પિંડ પ્રભુ તો એ જ્ઞાયકભાવપણે જ અનાદિથી રહ્યો છે. ૨૦૦ ગાથા. જ્ઞાયકસ્વભાવ વડે એકરૂપતાને છોડતો નથી. અનાદિ સંસારથી આ જ સ્થિતિએ જ્ઞાયકભાવપણે જ રહ્યો છે. આહા..હા..! (જ્ઞેય અધિકારનો) છેલ્લો શ્લોક, કે જ્ઞેયથી ભિન્ન જ જ્ઞાયક અનાદિથી રહ્યો છે. આહા..હા..!

'**જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધની અનિવાર્યતાને લીધે જ્ઞેય–જ્ઞાયકને ભિન્ન પાડવાં અશક્ય હોવાથી વિશ્વરૂપતાને પામ્યો હોવા છતાં...**' અનેક જ્ઞેયને જાણવાપણે પરિણમ્યો હોવા છતાં '**સહજ અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે એકરૂપતાને છોડતો નથી,...**' જે અનંતને જાણે છતાં એકરૂપતા જ્ઞાયકની છોડતો નથી. આહા..હા..! '**જે અનાદિ સંસારથી આ જ સ્થિતિએ (જ્ઞાયકભાવપણે જ) રહ્યો છે અને જે મોહ વડે અન્યથા અધ્યવસિત થાય છે (અર્થાત્ બીજી રીતે જણાય છે મનાય છે),...**' મોહ વડે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ છેને પ્રભુ, વસ્તુ છેને અનાદિ. એ જ્ઞાયકભાવ ચિદ્રસકંદ. ચિદ્રૂપોહં. જ્ઞાનરૂપ તે હું, એવો જ્ઞાયકભાવ એ તો ત્રિકાળ રહેલ જ છે.

લોકો મોહને લઈને અનેરો અધ્યવસાય માને છે. અનેરો નિર્ણય કરે છે એમ કહે છે. હું રાગવાળો છું, રાગના સંબંધમાં આવી ગયો છું. આવી વાત છે. આહા..હા..! કહો, દેવીલાલજી! આવો સ્વભાવ છે. આ તો માટી–જડ છે. એનાથી તો છૂટો છે, પણ રાગના ભાવાસ્રવથી છૂટો છે એમ કહે છે. આહા..હા..! કેમકે આસ્રવ છે તો મેલ છે. ભગવાન તો નિર્મળાનંદ પ્રભુ છે. આહા..હા..! સત્‌ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદનો ગોળો છે એ. આહા..હા..! ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનાદિ અનંત અવિનાશી. એ જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવે જ છે. અનેરો અધ્યવસાય કર્યો છે. આહા..હા..! એમ ત્યાં કહ્યું કે દિગંબરના આચાર્યોએ, જીવને મોક્ષ થયો નથી એમ . મોક્ષ છે, મોક્ષ થતો નથી. સમજાય ગયું કે અરે.. આ આત્મા તો રાગથી ભિન્નસ્વરૂપ જ છે. એમ સમજાણું તે એને મોક્ષ છે. સમજાય ગયું. મુક્તસ્વરૂપ કહો કે અબંધસ્વરૂપ કહો. આહા..હા..!

અને એ જ્ઞાયકસ્વરૂપ છે તેને મુક્તસ્વરૂપે દેખવો અથવા અબદ્ધસ્વરૂપે દેખવો, અબદ્ધ આમ નકારથી વાત છે, બદ્ધ નહિ, પણ મુક્તસ્વરૂપે દેખવો એ જૈનશાસન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**जो पस्सदि अप्पाणं**' ભગવાન આત્માને જે દેખે, અબદ્ધસ્પૃષ્ટ, બંધાયેલો

નથી અને વિશ્રા પરમાણુથી એને સ્પર્શ્યો પણ નથી. અનન્ય છે, અનેરી-અનેરી ગતિપણે થયો નથી. નિયત છે, નિશ્ચય સ્વભાવ જે છે તેરૂપે છે. સામાન્ય છે, દ્રવ્ય-ગુણમાં આ જ્ઞાન અને આ દર્શનને એવા ભેદો સામાન્યમાં નથી. અસંયુક્ત છે. આહા..હા..! એ કષાય અગ્નિ તે પુણ્ય-પાપના અભાવ તેનાથી તે ભિન્ન છે. આહા..! આવું જે આત્માનું સ્વરૂપ છે તે રીતે તે જાણે અને માને તેને જૈનશાસન કહેવામાં આવે છે. જૈનશાસન કોઈ વાડો નથી, એ કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે.

'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજલે જિનપ્રવચનકા મર્મ.' 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ,...' આહા..હા..! રાગાદિ પણ અન્ય કર્મ છે, એ આત્મા નહિ. આહા..હા..! 'યહી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ.' ત્રિલોકનાથ વીતરાગની વાણીનો આ મર્મ છે. આહા..હા..! અત્યારે વાત ગુપ્ત થઈ ગઈ બહુ બધી. સાંભળવી મળે નહિ બિચારાને એ ક્યાં જિંદગી ચાલી જાય છે. મનુષ્યપણું હારીને ચાલ્યા જશે. આહા..હા..! જેમાં ભવના અભાવ કરવાના ટાણા છે. એ ભવની મુદ્દતું પૂરી થતાં ચાલ્યો જશે. એના સ્વભાવની વાત પણ એને સાંભળવા મળે નહિ. આહા..હા..!

ભગવાન તું અબદ્ધસ્વરૂપ છોને. અને એ રીતે જાણવું એનું નામ જૈનશાસન. શુદ્ધ ઉપયોગમાં અબદ્ધસ્પૃષ્ટ જે જણાણો તે શુદ્ધ ઉપયોગ તે જૈનશાસન છે. આહા..હા..! વચમાં પુણ્યાદિ એ કોઈ જૈનશાસન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં કહે છે આ જ્ઞાયક છેને.એ સ્થિતિ જ્ઞાયકપણે ભાવપણે જ્ઞાયકભાવપણે. જાણકસ્વભાવના ભાવપણે એ વસ્તુ રહેલી છે. આહા..હા..! ગમે તે રીતે માનો પણ વસ્તુ તો આ રીતે છે. આહા..હા..! આ જ્ઞેયની છેલ્લી વાત. જ્ઞેય જ એવું છે કહે છે. જીવદ્રવ્ય જ્ઞેય એવું છે કે જ્ઞાયકપણે જ રહ્યું છે. આહા..હા..! પરને જાણવા છતાં પરના જ્ઞેયપણે એ થયો જ નથી. આહા..હા..! પરજ્ઞેયને જાણતા છતાં, પરજ્ઞેયપણે તે તત્ત્વ થયું નથી, થશે નહિ અને છે નહિ. આહા..હા..! આવી વાત આકરી પડે. આમાં કરવું શું સૂઝ પડે નહિ. ઓલામાં તો વ્રત કરવા, દયા પાળવી, ભક્તિ કરવી, દાન કરવી, ખબર તો પડે કે આ કર્યું. રસિકભાઈ! ભગવાન! એ ખબર પડે એ બહારની વાત છે, પ્રભુ! જન્મ-મરણના આરાના અંત તો આમ છે. બાકી તો મરીને દુઃખી થાય છે અનાદિથી. આહા..હા..!

રાજા દુઃખી, રંક દુઃખી, એ શેઠિયાઓ અબજપતિ દુઃખી, એ કષાયની અગ્નિમાં બળી રહ્યા છે. આહા..હા..! શાંતરસ એવો પ્રભુ આત્મા, એને ભૂલીને કષાયની અગ્નિમાં બળી રહ્યા છે. અરે! વ્યવહારના દયા, દાન, વ્રત ને ભક્તિ પૂજાનો ભાવ એ કષાય અગ્નિમાં બળી રહ્યા છે. આહા..હા..! 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેઈએ.' આહા..હા..! ભજ અનંતકાળમાં વિષયકષાય હવે તો છોડ, પ્રભુ! આહા..હા..! ભોગ લીધા, કષાય સેવ્યા, વિષયના ભાવ સેવ્યા હોં ભાવની વાત છે. પરને શું સેવે? વિષયકષાયનો ભાવ સેવ્યા પ્રભુ! એ વિષય કષાય વિનાનો

ભગવાન તો અંદર છે. આહા..હા..! એની સેવામાં તો આવ એકવાર. તને આનંદ થશે, દુઃખ ટળશે અને મોક્ષના ભણકાર વાગશે કે આપણો તો અલ્પકાળમાં હવે મુક્તિ છે, હવે આપણને સંસાર છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

સમ્યગ્જ્ઞાન થયું તે આસ્રવના ભાવથી રહિત થયું છે. આહા..હા..! એ જ્ઞાન ભલે મતિ અને શ્રુત હો, પણ એ મતિશ્રુતજ્ઞાન સમ્યક્ છે કેમકે જ્ઞેયને પકડ્યો છે, સ્વજ્ઞેય જે છે તેને પકડ્યો, નિજસ્વરૂપને પકડ્યો છે. આહા..! અને તે જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. આહા..હા..! કેવળજ્ઞાનને બોલાવે છે.. આવો.. આવો... આવો.. એ ભાઈ! અહીં આવ અહીં. આ માર્ગ ક્યાં છે? એમ પૂછે છેને. માર્ગ ભૂલો પડ્યો હોયને. એ ભાઈ અહીં નજીક આવો જરી. અમે તો વાડ છે તો આઘા નહિ આવી શકીએ. થોરની વાડ હોય મોટી. થોર-થોર સમજો છો? આઘેથી અમે અહીંથી ક્યાં નીકળી શકીએ? તમે જરી ઓરા આવોને ત્યાંથી. આહા..હા..! એમ મતિ અને શ્રુતજ્ઞાન કહે છે પ્રભુ! કેવળજ્ઞાન ઓરું આવેને. આહા..હા..!

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તો કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે મોક્ષનું કારણ કહો કે. કેવળજ્ઞાન મોક્ષ છેને ભાવમોક્ષ. આહા..હા..! ભાવમોક્ષ છે એનું કારણ છે આ. મતિશ્રુત એટલે એનો અર્થ થયો. મતિશ્રુતજ્ઞાન છે એ કાર્યનું કારણ છે એ એને બોલાવે છે કે આવો નજીક આવો. આહા..હા..! અમે તો એક-બે ભવે કેવળજ્ઞાન પામવાના છીએ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ભાવાસ્રવોના અભાવને પામેલો...**' આહા..હા..!

**શ્રોતા :—** કેવળજ્ઞાનને પામવાની વાત ક્યાં છે! એ તો કેવળજ્ઞાનમય જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો શક્તિરૂપે. આ તો પર્યાયરૂપેની વાત ચાલે છે. એ તો શક્તિરૂપે કેવળજ્ઞાન છે. હવે પર્યાયમાં મોક્ષની વાત આ તો ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયમાં મોક્ષ છે, કેવળજ્ઞાન શક્તિરૂપે તો કેવળજ્ઞાન આખું. એટલે કેવળની પર્યાયો અનંતી અનંતી જ્ઞાનગુણમાં પડી છે, પણ એ તો શક્તિરૂપે છે, સામર્થ્યરૂપે છે, બળના શક્તિના સામર્થ્યરૂપે એ સ્વરૂપ છે, પણ પર્યાયમાં એની પ્રગટતા થાય ત્યારે કેવળજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું બાપુ! આવો ધર્મ કેવો છે આ! આ કઈ જાતનો ધર્મ કાઢ્યો આવો? કેટલાક એમ કહે છે હોં. સોનગઢીયાએ નવો ધર્મ કાઢ્યો. અરે ભગવાન! તારી ચીજ છે એનો ધર્મ છે, બાપુ! નવો નથી. તું પોતે ભગવાનસ્વરૂપે જ્ઞાયક ચિદાનંદ ધ્રુવસ્વરૂપ નિત્યાનંદનો નાથ પ્રભુ તું છે એનો આશ્રય લેવો એ ધર્મ છે, આ તો આત્માનો ધર્મ છે. નવો કોણે કાઢ્યો? કોણ કાઢે બાપા? આહા..હા..! શું નવું શું પણ થાય? અનાદિનો તું છો એ ચીજને પ્રાપ્ત કરવી તે ભાવાસ્રવને નહિ પામેલો, એમ કીધું. છે?

'**ભાવાસ્રવોના અભાવને પામેલો...**' આહા..હા..! અને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને પામેલો. આહા..હા..! '**भावास्रव-अभावम् प्रपन्नः**' આહા..હા..! આચાર્યના શબ્દ તો જુઓ.

ધર્માત્મા ધર્મી એને કહીએ કે જે ભાવાસ્રવના અભાવને પ્રાપ્ત થયો છે. આહા..હા..! અને જેણે જ્ઞાનાનંદ સ્વભાવને પ્રાપ્ત કર્યો છે. આના અભાવને પ્રાપ્ત કર્યો છે અને સ્વભાવને પ્રાપ્ત કર્યો છે અસ્તિ. આ તો નાસ્તિ કીધી. આહા..હા..! આવી વાતું ધર્મની. પાંચ-પચ્ચીસ લાખ આપે તો ધર્મ થાય. એ બંગલા ચણાવે, મંદિર બનાવે, ધૂળેય નથી તારા સાંભળને હવે. આહા..હા..! આ મોટા શું કહેવાય હસ્ત-હાથી? ગજરથ. ગજરથ કાઢે મોટા હાથી. લ્યો. આ ગયા હતાને અમે જયપુર. ૨૧ હાથી. ૨૧? ૨૧ હાથી. ૪૦ હજાર માણસ. ભગવાનનો વરઘોડો હતો અને એમાં મોઢા આગળ હું બેઠો હતો. માણસ... માણસ... માણસ... ૪૦ હજાર. જયપુરમાં. પુનમચંદ ગોદિકા મોઢા આગળ બેઠા હતા. એ તો બહારની વાતું, બાપા! એમાં ધર્મ.. એમાં થયેલો રાગ છે એ તો શુભભાવ છે. આહા..હા..!

લોકોને એવું થઈ ગયું કે ૨૧ હાથી આ તે કોણ? રાજા આવ્યા છે એમ થઈ ગયું. ભાઈ રાજા નથી ભાઈ! આ તો... આહા..હા..! એ લોકો એમ બોલતા હતા. પૂનમચંદ ગોદિકાનો પ્રેમ ઘણોને. ચારેકોર ત્રણ-ત્રણ માળ માણસો ભરાય. એ તો ઉપર લાખો. એ જુદા. આ તો સાથે ૪૦ હજાર. મોઢા આગળ ૨૧ હાથી. બાપુ! એ તો બહારની વાતું, ભાઈ! એમાં આત્મા ક્યાં ત્યાં આવ્યો? એ તો શુભભાવ હોય એની પ્રભાવના વ્યવહારે કહેવાય, બાકી પ્રભાવના તો અંદર શુદ્ધ સ્વભાવની એકાગ્રતા થઈને શુદ્ધ સ્વભાવની વૃદ્ધિ થવી એ પ્રભાવના છે. આહા..હા..!

ભગવાન જે પૂર્ણ આનંદ અને પૂર્ણ શક્તિનો કંદ છે એમાંથી પૂર્ણ શક્તિને લક્ષે પ્રગટ સાધ્ય, પૂર્ણ કેવળજ્ઞાન મોક્ષ સાધ્ય છે, એને લક્ષે જેટલી શુદ્ધિ વધારે એ પ્રભાવના છે. આહા..હા..!

**શ્રોતા :–** એ તો નિશ્ચયથી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નિશ્ચય એ જ વસ્તુ. વ્યવહાર તો ઉપચાર છે. એ પરમાં ક્યાં ગયું? એ તો એને શુભરાગ થાય એ વ્યવહાર પ્રભાવના કહેવાય છે. હા, એ કહ્યું હતું. આત્મા પ્રભાવનિયો.. એ જ છેને. પણ બીજું છે શું? બહારમાં એ તો શુભરાગ હોય ને થાય, પણ એની સાથે બીજા પ્રભાવ પામે એમાં પ્રભાવના ક્યાં આવી? એને ક્યાં આવી? એને તો ઓલો શુભભાવ છે એટલો વ્યવહાર પ્રભાવના કહેવાય. આહા..હા..! આહા..હા..! એ તો વ્યવહાર છે. લોકોને વ્યવહારનો એટલો ગળો થઈ ગયો છેને. ગળો ઉગ્યો છે ગળો. આહા..હા..! લીંબડાની ગળો થાય છે સાંભળી છે? નીમ-નીમ. ગળો. લીલી છમ જેવી. ગળો નથી સાંભળ્યું? લીંબડામાં થાય છે વેલ. લીલા. એને ગળો કહેવાય છે. ગળો તમારે નામ શું? હા એ. કડવી બહુ કડવી. એ ગળો કડવી હોય છે. એમ પુણ્ય-પાપનો ગળો કડવો હોય છે. આહા..હા..! ભગવાનનો ગળો છે એ આનંદ છે. આહા..હા..! લીંબડામાં થાય છે લીંબડામાં ગળો. આમ વીટાઈ જાય બહુ ઘણી થઈ જાય. આહા..હા..!

અહીં કહે છે ધર્મી તો એને કહીએ કે જેણે આનંદ અને જ્ઞાનસ્વભાવી વસ્તુને પ્રાપ્ત કર્યું

છે. આહા..હા..! જે પર્યાયમાં આસ્રવની પ્રાપ્તિ હતી અવસ્થામાં તે પર્યાયમાં જ્ઞાનાનંદ સ્વભાવને પ્રાપ્ત કર્યો. આહા..હા..! એ જીવને ભાવાસ્રવના અભાવને પામેલો છે એ તો. આહા..હા..! 'અને...' '**द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः**' લ્યો ઠીક! આ તો ભાવાસ્રવનો અભાવ પામેલો છે અને '**દ્રવ્યાસ્રવો તો સ્વભાવથી જ ભિન્ન...**' છે. જડપરમાણુ તો એનાથી ભિન્ન જ છે, કર્મના દ્રવ્યાસ્રવ. આહા..હા..!

'**દ્રવ્યાસ્રવોથી તો સ્વભાવથી જ ભિન્ન એવો...**' '**अयं ज्ञानी**' '**આ જ્ઞાની...**' '**सदा ज्ञानमय-एक-भावः**' આહા..હા..! '**સદા એક જ્ઞાનમય ભાવવાળો છે...**' છે? '**સદા એક જ્ઞાનમય ભાવવાળો...**' આહા..હા..! ભેદ પણ નહિ એમ કહે છે. આહા..હા..! અભેદરૂપી જે જ્ઞાન છે એને એકરૂપને પામેલો. આહા..હા..! '**सदा ज्ञानमय-एक-भावः**' '**સદા એક જ્ઞાનમય ભાવવાળો છે...**' આહા..હા..! ભાવાસ્રવવાળો નહિ, ભાવાસ્રવના તો અભાવને પામેલો-અભાવને પામેલો. અને શેને પામ્યો? '**સદા એક જ્ઞાનમય ભાવવાળો...**' આહા..હા..! એ અસ્તિથી લીધું.

વાત એવી છે બાપુ આ તો. અનંત કાળમાં એ કરેલી નથી. અનંતકાળ થયો. દિગંબર સાધુ અનંતવાર થયો, દિગંબર પંચમહાવ્રતધારી પણ આ વસ્તુની નહિ ખબર. ત્યાં ને ત્યાં રોકાઈ ગયો એ. પ્રભુ! અંદર ચૈતન્ય તારા મહાવ્રતનો વિકલ્પ છે રાગ એનાથી પાર છે. ભાવાસ્રવના અભાવસ્વભાવ સ્વરૂપ છે એ. અને '**જ્ઞાનમય ભાવવાળો...**' આહા..હા..! સદાય એમ લીધું જોયું? એ જ્ઞાનમય ભાવવાળો છે. આહા..હા..! '**તે નિરાસ્રવ જ છે,...**' ત્રિકાળી જ્ઞાયકભાવમાં એકાગ્ર થયો છે તેથી તે નિરાસ્રવ જ છે. આહા..હા..! આટલો હો એ. મિથ્યાત્વ અને અનંતાનુબંધીના આસ્રવ વિનાનો છે બસ એટલી વાત છે. બીજો અસ્થિરતાનો ભાવ છે એને ગૌણપણે ગણ્યો નથી. સમજાણું? એ તો આગળ આવશે. પૂર્ણ અબુદ્ધિપૂર્વક છે એને ટાળવાનો પ્રયત્ન છે. આ તો ફક્ત બુદ્ધિપૂર્વક મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અનંતાનુબંધીના ટાળયા છે. પછી તો જે રાગ રહી ગયો છે એને પણ નાશ કરવાનો પ્રયત્ન કરે છે. આવશે શ્લોકમાં. '**संन्यस्य**' આવશેને. શ્લોક આવશેને હવે? '**संन्यस्य**' નથી આવતો? '**संन्यस्य**' ૧૧૬. એમાં આવશે. આહા..હા..!

એમ કે રુચિપૂર્વકના આસ્રવને તો ટાળ્યા છે અને અસ્થિરતાપૂર્વકનો આસ્રવ છે એને પણ એના ખ્યાલમાં છે, એ પણ સ્વભાવની એકાગ્રતાથી એને પણ ટાળશે. સમજાણું કાંઈ? અહીં તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અનંતાનુબંધીના ગણી એટલાની વાત લીધી છે.

'**તે નિરાસ્રવ જ છે,...**' '**एकः ज्ञायकः एव**' લ્યો ઠીક! '**માત્ર એક જ્ઞાયક જ છે.**' જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એ પરને જાણનાર નહિ. જાણનાર જાણનારને જાણનારો. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી એ જ્ઞાયક જ છે. આહા..હા..!

'**ભાવાર્થ :—રાગદ્વેષમોહસ્વરૂપ ભાવાસ્રવનો જ્ઞાનીને અભાવ થયો છે અને દ્રવ્યાસ્રવથી તો તે સદાય સ્વયમેવ ભિન્ન જ છે...**' એ તો સદાય જુદો જ છે. એ તો અજ્ઞાની પણ દ્રવ્ય જડથી ભિન્ન છે સદાય. માન્યું છે કે કર્મ અને મારે સંબંધ છે. જડ છે એની સાથે સંબંધ શું હોય? આહા..હા..! '**કારણ કે દ્રવ્યાસ્રવ પુદ્ગલપરિણામસ્વરૂપ છે...**' જડ રજકણો. '**અને જ્ઞાની ચૈતન્યસ્વરૂપ છે. આ રીતે જ્ઞાનીને ભાવાસ્રવ તેમ જ દ્રવ્યાસ્રવનો અભાવ હોવાથી તે નિરાસ્રવ જ છે.**' આ અપેક્ષાએ એને નિરાસ્રવ કહેવામાં આવે છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગદ્વેષના અભાવ વિનાનો અને સમ્યગ્દર્શન અને સ્વરૂપસ્થિરતાવાળો, સ્વરૂપ આચરણની સ્થિરતાવાળો. પૂર્ણસ્થિરતા નહિ. એને અહીંયાં નિરાસ્રવ કહેવામાં આવે છે. એકાંત પકડી બેસે કે આ તદ્દન આસ્રવ નથી એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**કારતક વદ-૧૧, બુધવાર, તા. ૧૭-૧૧-૧૯૭૬,**
**ગાથા-૧૭૦-૧૭૧, પ્રવચન નં. ૨૩૪**

આ સમયસાર, આસ્રવ અધિકાર. આસ્રવનો અર્થ શું છે? કે જે પુણ્ય-પાપનો ભાવ છે એ આસ્રવ છે. નવા આવરણનું એ કારણ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હોય તોપણ એ શુભભાવ પુણ્યાસ્રવ છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપાસ્રવ.

અહીંયાં તો એ કહ્યું કે જ્ઞાની તો આસ્રવરહિત છે. ૧૬૯. ધર્મી એને કહીએ કે જેને ચિદાનંદ શુદ્ધ આત્માની દૃષ્ટિ અને અનુભવ થયો હોય એને ધર્મી કહીએ, એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. જેને આ આત્મા આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણ અનંત જ્ઞાનથી સંપન્ન પ્રભુ એવી જેની દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યની દૃષ્ટિ એટલે વસ્તુની દૃષ્ટિ થઈને અનુભવ થયો છે. આહા..હા..! એને સમ્યગ્દૃષ્ટિ કહીએ, એને જ્ઞાની કહીએ, એને ધર્મી કહીએ. એ ધર્મીને ભાવાસ્રવનો અભાવ છે. ૧૬૯માં આવી ગયું છે કે આ મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધી રાગ-દ્વેષ એનો તો જ્ઞાનીને અભાવ છે અને એનો અભાવ હોવાથી પૂર્વના જે કર્મ જડ છે એ તો ભિન્ન છે. પુદ્ગલના પરિણામ એનાથી તો જ્ઞાની ભિન્ન છે. સ્વભાવથી ભિન્ન જુદો છે અને જે મિથ્યાત્વસંબંધી પુણ્ય-પાપના, રાગ-દ્વેષ-મોહના ભાવ થાય એનાથી ધર્મીજીવ તો ભિન્ન છે. આહા..હા..! ઝીણી વાત બહુ. એથી જ્ઞાનીને આ અપેક્ષાએ નિરાસ્રવ કહ્યો છે.

મિથ્યાત્વ અને પુણ્ય-પાપના ભાવ જે અનંતાનુબંધીના છે તેનો જ્ઞાનીને અભાવ હોય છે તેથી તેને નિરાસ્રવ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં પ્રશ્ન થાય છે ૧૭૦. 'હવે પૂછે છે કે **જ્ઞાની નિરાસ્રવ** કઈ રીતે છે?' જ્ઞાની થયો તો નિરાસ્રવ થઈ ગયો ? એમ શિષ્યનો પ્રશ્ન છે. '**તેના ઉત્તરની ગાથા કહે છે** :' ૧૭૦. શું કહે છે તમારે? ૧૭૦. ગાથા. કુંદકુંદાચાર્યદેવ દિગંબર મુનિ બે હજાર વર્ષ પહેલાં થયા. ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. એ શાસ્ત્ર એમ કહે છે...

**चउविह अणेयभेयं बंधंते णाणदंसणगुणेहिं।**
**समए समए जम्हा तेण अबंधो त्ति णाणी दु।।१७०।।**
**ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી**
**બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.**

આહા..હા..! ઝીણી વાત છે થોડી.

ટીકા. ટીકા છેને .. '**પ્રથમ, જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...**' આહા..હા..! ધર્મી જીવને પુણ્ય-પાપના ભાવ આસ્રવની ભાવનાનો અભિપ્રાયમાં અભાવ છે. આસ્રવભાવ કરવાલાયક છે એવા અભિપ્રાયથી રહિત છે. આહા..હા..! ઝીણી વાત બાપુ બહુ ભાઈ! જૈન ધર્મ. જેને આત્મજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું એ **નઆસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...**' એ પુણ્ય શુભ અને અશુભભાવ એ બેયના અભિપ્રાયથી ભાવનાના અભિપ્રાયના અભાવ છે. આહા..હા..! શાંતિભાઈ! આવી વાતું છે.

ધર્મી એને કહીએ કે જેને શુભ અને અશુભભાવ જે આસ્રવ છે એનો અભિપ્રાયમાં આસ્રવ કરવાનો ભાવ છે નહિ. છે? જ્ઞાનીને-ધર્મીને-સમ્યગ્દષ્ટિને આસ્રવભાવ પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ એની ભાવના, એની એકાગ્રતા અથવા એની ભાવના નામ આ હો, એવી '**ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...**' અભિપ્રાયમાં આસ્રવ કરવાનો ભાવ નથી. સમજાણું કાંઈ? મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જે અનંતાનુબંધીના એ અભિપ્રાયમાં આસ્રવભાવ કરવાનો અભાવ છે. દેવીલાલજી! માર્ગ વીતરાગનો બહુ સૂક્ષ્મ છે. આહા..હા..! અપૂર્વ છે. આહા..હા..!

જ્ઞાનીને એટલે કે ધર્મીને આસ્રવભાવ, એ ચાહે તો દયાના, દાનના, વ્રતના, ભક્તિના, અપવાસના, જાત્રાના જે શુભભાવ છે એ આસ્રવભાવ છે. આહા..હા..! અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના એ પાપાસ્રવ છે. બેય આસ્રવની ભાવનાનો જ્ઞાનીને અભિપ્રાયમાં અભાવ છે. અભિપ્રાયમાં અભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આસ્રવભાવ. અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. મૂળ શ્લોક કુંદકુંદાચાર્યનો છે. આ ટીકા અમૃતચંદ્રાચાર્યની. દિગંબર મુનિ એક હજાર વર્ષ પહેલાં થયા. સામે અમૃતચંદ્રાચાર્ય. ઝીણી વાત છે ભાઈ! ધર્મ ચીજ

એવી કે અહીંયાં સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન, એવા સમ્યગ્દૃષ્ટિ જીવ એના અભિપ્રાયમાં આસ્રવભાવ કરવાનો તો અભાવ છે. આહા..હા..! એ કારણે એને નિરાસ્રવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અસ્થિરતાનો આસ્રવ છે, પણ અહીંયાં અભિપ્રાયમાં આસ્રવ કરવાનો અભાવ એ અપેક્ષાએ નિરાસ્રવ કહેવામાં આવે છે. શ્રદ્ધામાં જ્ઞાનીને 'પુણ્ય અને પાપ કરવાલાયક છે' એવી બુદ્ધિ નાશ થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ પરમાગમ એવું છે. ભગવાનની વાણી કુંદકુંદાચાર્યથી તીર્થંકરની વાણી. આ પોણા ચાર લાખ અક્ષર. વાણીમાં આ કહ્યું. આહા..હા..!

ધર્મી એને કહીએ... આહા..હા..! કે જેના અભિપ્રાયમાં, આશયમાં, શ્રદ્ધામાં, રુચિમાં પોતાના પરમાનંદનો સ્વભાવ રુચિમાં આવ્યો છે, એનો વિશ્વાસ આવ્યો કે હું તો પરમાનંદ શુદ્ધ ચૈતન્યઘન છું. એ કારણે ધર્મીને પોતાના સ્વભાવની એકાગ્રતા અને ભાવના હોવાથી અભિપ્રાયમાં, પુણ્ય અને પાપના ભાવ એની ભાવના કરવાનો અભાવ છે. અભિપ્રાયમાં નહિ. સમ્યગ્દર્શનની પર્યાય. અભિપ્રાય સમ્યગ્દર્શનની પર્યાય છે. શેઠ પૂછે છે કે આ અભિપ્રાય ક્યા ગુણની પર્યાય છે? સમ્યગ્દર્શન. તેથી તો કહ્યુંને પહેલી ધર્મની સીઢી. પ્રથમ ધર્મનું સોપાન વીતરાગ જૈનદર્શન પરમાત્મા, ત્રિલોકનાથ જિનવરદેવ એમ ફરમાવે છે કે પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શનની પર્યાય અથવા સમ્યગ્દર્શનરૂપી અભિપ્રાય, એમાં આત્મા અખંડ આનંદ છે એની દૃષ્ટિ થાય છે. એમાં એકાગ્ર થવાની ભાવના છે. પુણ્ય અને પાપના ભાવ આસ્રવ કરવાનો ભાવ જ્ઞાનીને એ ભાવનો અભાવ છે. આહા..હા..! ગાથામાં વાત કરે છે. આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવ એમ દિવ્યધ્વનિમાં ફરમાવે છે એ સંતો આડતિયા થઈને માલ દુનિયાને દે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, શાંતિભાઈ! શાંતિભાઈ કહેતા હતા ભાઈ. અત્યાર સુધીની જિંદગી મફત ગઈ. કીધું જાગ્યા ત્યારથી સવાર. એ કાંઈ નહિ. બધા મોટપમાં બેસાડે અને જ્યાં ત્યાં .. વાતું. આ તત્ત્વની વાત એકકોર રહી ગઈને ભાઈ! આહા..હા..! અરેરે..! જન્મ-મરણના આરા, ચોર્યાસીના ફેરા, એને ટાળવાનો ઉપાય તો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ આત્મા, એની અંતરમાં રુચિ, દૃષ્ટિ અને અભિપ્રાય બાંધવો.. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. એવો ધર્મી સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને હોય.. આહા..હા..! પણ આસ્રવભાવ... આ તો કથા નથી આ. આ તો ગંભીર અધ્યાત્મ વાણી છે. એક લીટીમાં કેટલું ભર્યું છે! આહા..હા..!

'**જ્ઞાની તો...**' પહેલા તો એમ કહે છે કે '**જ્ઞાની તો...**' જેને જ્ઞાનસ્વરૂપ ભગવાનની દૃષ્ટિ થઈ, અભિપ્રાય થયો, હું પુણ્ય-પાપ નહિ, શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ કાંઈ નહિ. હું અલ્પજ્ઞ પણ નથી. આહા..હા..! ચોથા ગુણસ્થાનની વાત છે. હું તો સર્વજ્ઞ સ્વભાવી ચૈતન્યરસકંદ. સર્વજ્ઞ જે પર્યાયમાં પ્રગટે છે ભગવાનને એ ક્યાંથી આવ્યું? અંતર ભગવાન આત્મામાં

સર્વજ્ઞલક્ષણ સ્વભાવ પડ્યો છે. આહા..હા..! અરેરે..! એ સર્વજ્ઞ પૂર્ણજ્ઞાન, એની પ્રતીતિ અંતર્મુખ થઈને, બહિર્મુખની ઉપેક્ષા કરીને, નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞની પર્યાયની ઉપેક્ષા કરીને, પૂર્ણાનંદના નાથની અપેક્ષા કરીને જે અનુભવ થયો એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**જ્ઞાની તો આસ્રવભાવની...**' એટલે કે પુણ્ય-પાપના ભાવ, એની ભાવના. એટલે એ હો એવી વારંવાર એની ચિંતવના, એની ભાવના, એના '**અભિપ્રાયના અભાવને લીધે...**' શ્રદ્ધામાં આસ્રવના અભિપ્રાયનો અભાવ છે. આહા..હા..! ધર્મી જીવની શ્રદ્ધામાં આસ્રવભાવ કરવાનો અભાવ છે. આહા..હા..! આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી ધર્મીને પણ શુભભાવ, ભક્તિ, પૂજા આદિ આવે છે, પણ એ ભાવ કરવાલાયક છે એવી ભાવના છૂટી ગઈ અભિપ્રાયમાંથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

'**આસ્રવભાવની ભાવનાના...**' એ હોય, શુભ-અશુભભાવ હોય એવી '**ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે નિરાસ્રવ જ છે;...**' આહા..હા..! જુઓ એ 'જ' છે. સમ્યગ્દષ્ટિ જ્ઞાની નિરાસ્રવ જ છે અભિપ્રાયની અપેક્ષાથી. આહા..હા..! કહો, એક પંક્તિમાં એટલું છે. એક લીટી કહે છેને. '**પરંતુ જે તેને પણ દ્રવ્યપ્રત્યયો સમય સમય પ્રતિ અનેક પ્રકારનું પુદ્‌ગલકર્મ બાંધે છે,...**' આહા..હા..! જૂના કર્મ જે જડ છે ઉદય આવીને જરી નવા કર્મ બંધાય છે.. આહા..હા..! ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે. આહા..હા..! એ ઝીણી દશા, ઓછી દશા જ્ઞાનગુણની છે એ બંધનું કારણ છે.

**શ્રોતા :—** જીવ બંધનું કારણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વસ્તુ બંધનું કારણ નથી, દૃષ્ટિ બંધનું કારણ નથી. આહા..હા..! અભિપ્રાય બંધનું કારણ નથી. આહા..હા..! અભિપ્રાય બંધનું કારણ છે નહિ. આહા..હા..! ત્યારે છે શું? એ જ્ઞાનની હીણી પોતાની દશા નબળાઈને કારણે પરિણમે, એ કોઈ અભિપ્રાયનો આશ્રય નથી અને એ કોઈ અભિપ્રાયનો વિષય નથી. સમજાણું કાંઈ? બહુ વાત ઝીણી બાપુ!

વીતરાગનો માર્ગ સમ્યગ્દર્શન એ કોઈ અપૂર્વ ચીજ છે. દુનિયાએ માની લીધું કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં રહે, નવતત્ત્વની શ્રદ્ધા એ સમકિત છે—બધી જૂઠી વાત છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર તો એમ ફરમાવે છે કે જેને આત્મા અનુભવમાં આવ્યો... આહા..હા..! અથવા શુદ્ધ ચૈતન્ય આત્માની દૃષ્ટિમાં સ્વીકાર-સત્કાર થયો એવું જ્ઞાનીને અભિપ્રાયથી આસ્રવ કરવાનો ભાવ છૂટી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ કર્મબંધન થાય છે એને થોડું.. એ પૂર્વના કર્મના ઉદયમાં વર્તમાન પરિણતિ જ્ઞાનની જરી નબળાઈને લીધે પરિણમે છે એ બંધનું કારણ છે. દ્રવ્યદૃષ્ટિથી બંધનું કારણ નથી. પર્યાયમાં એટલી અસ્થિરતા માટે બંધનું કારણ છે, એમ કહે છે. એ બંધધારા ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

જિનવરદેવ ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાયા અને જેની વાણી

સાંભળવામાં એકભવતારી ગણધરો અને ઇન્દ્રો પણ જેને સાંભળતા હતા. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં પરમાત્મા સાક્ષાત બિરાજે છે. મોજુદ સમવસરણમાં બિરાજે છે. એની પાસે ગયા હતા ને આ વાણી લાવ્યા. આહા..હા..! તો પરમાત્મા એમ કહે છે કે જે જ્ઞાનીને અભિપ્રાયથી તો આસ્રવભાવનો નિરોધ છે એ કારણે એને નિરાસ્રવ કહેવામાં આવે છે. પણ એને થોડો બંધ થાય છેને? એ લીધું પાછું. એ તો દ્રવ્યપ્રત્યયો પૂર્વનું કર્મ જડ છે એ ઉદયમાં આવે છે, એમાં પોતાની પરિણતિ હીણી થાય છે, એ કારણે પુદ્‌ગલકર્મ બાંધે છે.

'**ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.**' જ્ઞાનગુણની હીણી દશા, ઓછી દશા બંધનું કારણ છે. જ્ઞાની નિરાસ્રવ છે એ કઈ અપાક્ષાએ? કે દૃષ્ટિના વિષયમાં ભગવાન આત્મા પૂર્ણાનંદની પ્રતીતિ થઈ તો અભિપ્રાયમાં સ્વભાવમાં એકાગ્ર થવાનો અભિપ્રાય છે. એ આસ્રવભાવ કરવાનો અભિપ્રાય છૂટી ગયો એ અપેક્ષાએ એને નિરાસ્રવ કહેવામાં આવે છે. છતાં એની પર્યાયમાં અવસ્થામાં જ્ઞાનસ્વભાવ ભગવાન એની પરિણતિ કમજોરી છે, હીણી દશા છે. એ હીનદશા એ સમકિતનો વિષય નથી. હિણી દશા એ સમકિતનું કારણ નથી. સમકિતનું કારણ તો ભગવાન ત્રિકાળ વસ્તુ તે સમકિતનું કારણ છે. એ કારણે એમ કહ્યું કે અભિપ્રાયમાંથી સમકિતીને આસ્રવ કરવાનો અભિપ્રાય છૂટી ગયો. એ કારણે એને નિરાસ્રવ કહેવામાં આવે છે. આહા..હા..! પણ પર્યાયમાં હીણી દશા થાય છે, ઓછી દશા અશુદ્ધ થાય છે એ ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે. એ જીવ અને જીવનો અભિપ્રાય કારણ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું વાત!

'**હવે વળી પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે?**' એમ શિષ્યનો પ્રશ્ન થયો. તમે તો એમ કહ્યું કે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એવું સમ્યગ્દર્શન થયું તો એને આસ્રવભાવનો તો અભાવ છે દૃષ્ટિમાં. દૃષ્ટિના વિષયમાં અને દૃષ્ટિમાં આસ્રવ કરવાનો--આસ્રવભાવનો અભિપ્રાયનો (અભાવ) છે. તો એની જ્ઞાનની હીણીદશામાં જે આસ્રવ થાય તોપણ તમે જ્ઞાનીને નિરાસ્રવ કહ્યો. એ પર્યાયમાં થાય છે એ પર્યાયનો આશ્રય એને છે નહિ. સમજાણું કાંઈ?

'**જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :-**' ૧૭૧.

जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि।
अण्णत्तं णाणगुणो तेण दु सो बंधगो भणिदो।।१७१।।

**જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,**
**ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.**

આહા..હા..! આ તો એકદમ અધ્યાત્મવાણી છે. એને અનંતકાળમાં સમજ્યો નથી. 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' મુનિવ્રત ધારણ કર્યા, પંચમહાવ્રત, અઠ્યાવીશ મુળગુણ,

નગ્નદશા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમ જ્ઞાનબિન લેશ સુખ ન પાયો.' પણ આસ્રવરહિત ભગવાન આત્માના જ્ઞાન વિના એને સુખ મળ્યું નથી. આહા..હા..! પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળ ગુણ એ બધો આસ્રવ છે. આહા..હા..! એ તો અનંતવાર કર્યું. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન...' આસ્રવની ભાવનારહિત વસ્તુ ચિદ્ આનંદકંદ એનું જ્ઞાન એક અંશે પણ ન કર્યું. જો આત્મજ્ઞાન થયું હો તો એને આનંદ આવે અને આત્મજ્ઞાન વિના પંચમહાવ્રત આદિ પાળ્યા તો દુઃખ થયું. આહા..હા..! કેમકે એ આસ્રવ છે એ દુઃખ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** સમ્યગ્દૃષ્ટિને તો સુખરૂપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એને પણ દુઃખરૂપ છે. સમ્યગ્દૃષ્ટિને વ્રતનો વિકલ્પ આવે, પણ છે ભાવના વિના, આસ્રવની ભાવના વિના નબળાઈને લીધે; કર્તાબુદ્ધિથી નથી આવતું. આહા..હા..! ઝીણી વાત ભારે. સમજાણું કાંઈ?

જેનાથી જન્મ-મરણ નાશ થાય, એવી જે સમ્યગ્દૃષ્ટિ. શ્રેણીક રાજા હજારો રાજા જેને ચામર ઢાળતા, અનેક રાણીઓ હજારો હતી, પણ ક્ષાયિક સમકિત હતા.. આહા..હા..! અને તીર્થંકરગોત્ર બંધાણું. વર્તમાનમાં નરકમાં છે, સમકિતી છે, જ્ઞાની છે, ધર્માત્મા છે, આ અપેક્ષાએ એ નિરાસ્રવ છે. ત્યાં પણ અભિપ્રાયની અપેક્ષાએ નિરાસ્રવ છે. આહા..હા..!

**શ્રોતા :—** નારકી એને મારે અને એ બીજાને મારેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એક બીજા-એક બીજા (મારે). ત્યાં રાગ-દ્વેષ છેને? આહા..હા..! પણ અંતર આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન થયું છે એની આસ્રવની ભાવનાનો અભાવ છે અને ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે. જેમ આ ચોવીસ તીર્થંકર હતા એમ આગામી કાળમાં પહેલા તીર્થંકર થશે. વ્રત નહિ, ચારિત્ર નહિ પણ સમ્યગ્દર્શન થયું. આહા..હા..! એ શું ચીજ છે એ લોકોને કિંમત નથી એને આ બાહ્ય ત્યાગ કર્યો ને આ કર્યું ને આ કર્યું એને લોકો ધર્મ માની લે છે. આહા..હા..! માને છે કે આ ધર્મ છે. બાપુ! ધર્મ બીજી ચીજ છે, ભાઈ! જિનવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગની વાણીમાં એમ આવ્યું, એ ક્રિયાકાંડનો ભાવ બધા પંચમહાવ્રત છે એ બધા બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

તો જ્ઞાનીને. કેમ? હવે ટીકા. **'જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્ય ભાવ છે...'** છે? ૧૭૧ની ટીકા. જ્યાં સુધી આત્માના જ્ઞાનગુણની પરિણતિ જઘન્યભાવે છે, ક્ષયોપશમભાવ છે, ક્ષાયિકભાવ થયો નથી. આહા..હા..! અભિપ્રાયની અપેક્ષાએ તો નિરાસ્રવ કહ્યું, પણ પરિણતિમાં નબળાઈ છે એનાથી આસ્રવ આવે એનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. સમજાણું કાંઈ? પણ બંધ થાય છે. જ્ઞાનીને જ્ઞાનની પરિણતિ પૂર્ણ ન હોય, કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી એના પરિણમનમાં આસ્રવ આવે છે, બંધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્ય...'** એટલે બહુ ઓછો ભાવ થાય છે. **'ત્યાં સુધી**

તે (જ્ઞાનગુણ) **અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી...**' શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એનું ભાન થયું અને એના ભાનમાં તો અંતર ધ્યાનમાં તો અંતર્મુહૂર્ત રહી શકે છે. ધર્મીજીવ પણ અંતરધ્યાનમાં, અનુભવમાં અંતર્મુહૂર્ત રહી શકે છે, વિશેષ રહી શકતો નથી. આહા..! ત્યારે વિકલ્પ ઉઠે છે, રાગ થાય છે. ચાહે તો વ્રતનો વિકલ્પ હોય, ચાહે તો વિષયકષાયનો વિકલ્પ હોય, પણ એ વિકલ્પ આવે છે. વિપરિણામ થઈ ગયા. જુઓ!

'**અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી...**' આહા..હા..! પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એનો અનુભવ થયો અને અનુભવમાં રહે છે એ તો અંતર્મુહૂર્ત કાળ રહે છે. અંતર્મુહૂર્ત એટલે મુહૂર્ત-બે ઘડીનું અંદર. પછી વિપરિણામ થાય છે. રાગના પરિણામ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**વિપરિણામ પામતો હોવાથી...**' શુદ્ધ ચૈતન્યનો અનુભવ આનંદનો, એ અંતર્મુહૂર્ત અનુભવમાં રહે છે. ધર્મી ક્ષાયિકસમકિતી હોય તોપણ, પછી વિપરિણામ અનુભવની પરિણતિથી વિપરીત રાગભાવ થાય છે. આહા..હા..! જ્ઞાનીને પણ, સમકિતીને, ક્ષાયિકસમકિતીને. આહા..હા..!

'**હોવાથી ફરીફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે.**' જ્ઞાનની પરિણમન દશામાં એનું અન્યરૂપ, વીતરાગ પરિણતિથી અન્યરૂપ-રાગરૂપ પરિણતિએ પર્યાય થાય છે. આહા..હા..! '**તે (જ્ઞાનગુણનું જઘન્ય ભાવે પરિણમન), યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે...**' જ્યાં સુધી વીતરાગદશા ન થાય યથાખ્યાત જેવો આત્મા પ્રસિદ્ધ છે એવી પ્રસિદ્ધિ પૂર્ણ ન થાય, વીતરાગદશા જ્યાં સુધી પૂર્ણ ન હોય ત્યાં સુધી તેને જઘન્યભાવના પરિણમનમાં.. છે? '**અવશ્યંભાવી રાગનો સદ્ભાવ હોવાથી,...**' આહા..હા..! જરૂર એ જ્ઞાનીને, સમકિતીને, ધર્મીને પણ અભિપ્રાયની અપેક્ષાએ નિરાસ્રવ કહ્યો. કેમકે અભિપ્રાય અને અભિપ્રાયનો વિષય તો વસ્તુ અખંડ છે, પણ એની પરિણતિ જઘન્ય છે. વીતરાગદશા પ્રગટ નથી થઈ એ કારણે જઘન્ય નામ નીચા દરજ્જાની વીતરાગ પરિણતિ છે. આહા..હા..!

'**યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે અવશ્યંભાવી...**' જરૂર '**રાગનો સદ્ભાવ હોવાથી,...**' આહા..હા..! લ્યો '**બંધનું કારણ છે.**' બંધનું કારણ છે. રાગ છે ત્યાં દુઃખ છે.

**શ્રોતા :–** એક બાજું નિરાસ્રવ કહ્યું, વળી બંધનું કારણ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કહ્યું હતું, અભિપ્રાયની અપેક્ષાએ નિરાસ્રવ કહ્યો હતો. અભિપ્રાય સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય એ અપેક્ષાએ નિરાસ્રવ કહ્યો, પણ એની પર્યાયમાં હીણી દશા છે એ અપેક્ષાએ બંધન થાય છે એ એને જાણવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** બે માંથી શું માનવું જોવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેય નય યથાર્થ છે. દેવીલાલજી!

દૃષ્ટિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એનો વિષય ત્રિકાળી ભગવાન એ અપેક્ષાએ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગના, દ્વેષના આસ્રવનો અભાવ છે; પણ એની પરિણતિમાં, પર્યાયમાં જ્યાં

સુધી યથાખ્યાતચારિત્ર ન થાય ત્યાં સુધી વિપરિણામ કષાયનો ઉત્પન્ન થાય છે. રાગ સદ્ભાવ, રાગનો સદ્ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શેઠિયાની સાથે આ વાંધો હતોને. શેઠિયા કહે જ્ઞાનીને રાગ થતો નથી, દુઃખ થતું જ નથી. કઈ અપેક્ષાએ? પણ આ અપેક્ષા પછી બીજી અપેક્ષા છે કે નહિ? સમજાણું કાંઈ? સરદાર શહેર. શાંતિભાઈ! સરદાર શહેરના હતાને દિપચંદજી શેઠિયા. એને એમ કે જ્ઞાનીને શુભભાવ.. ભાઈએ લખ્યુંને નિહાલચંદ્રજીએ. નિહાલચંદ્રજી સોગાની અજમેરના. અત્યારે તો દિલ્હી? કલકત્તામાં અને એક દુકાન મુંબઈમાં છે. એ અહીં આવ્યા હતાને. એને અનુભવ થયો. એણે એમ લખ્યું કે જ્ઞાનીને શુભભાવ ભઠ્ઠી સમાન લાગે છે. વાંચ્યું છેને શેઠ! દ્રવ્યદૃષ્ટિ દીધું છે. એ એને ન રુચ્યું, કે ધર્મીને પણ હજી દુઃખ લાગે?

અહીં તો કહે છે કે છઠ્ઠા ગુણસ્થાન મુનિ સાચા સંત, ભાવલિંગી જેને પોણી સેકન્ડની અંદર નિંદ્રા આવે છે. વિશેષ નિંદ્રા પણ નહિ. ભાવલિંગી નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ મુનિ છે એને તો પોણી સેકન્ડની અંદર નિંદ્રા આવે છે. પાછલી રાત. છ ઢાળામાં આવે છે. પાછલી રયણે. છ ઢાળામાં આવે છે. એવી જેની દશા, ભાવ સંત જ્યાં પ્રગટ થયા.. આહા..હા..! એને પણ જેટલો મહાવ્રતાદિનો ભાવ થાય છે એ પ્રમાદ છે અને એ પણ દુઃખ છે. આહા..હા..! એ પણ સંસાર છે, જગપંથ છે. સમજાણું કાંઈ? બનારસીદાસ સમયસાર નાટકમાં એ લીધું છે. મોક્ષ અધિકારમાં. ૪૦ બોલ છે. બોલ ઝાઝા છે એમાં. ૪૦. ઓહો..! જેને આત્મ અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું એને ચારિત્રની સ્થિરતા પણ થઈ. આહા..હા..! અને જ્યાં સુધી પ્રમાદભાવ છઠ્ઠે ગુણસ્થાને છે, શુભભાવ, પંચમહાવ્રતાદિ ત્યાં સુધી તેને જગપંથ કહેવામાં આવે છે. એ શુભભાવ જગપંથ, સંસારપંથ છે. આહા..હા..! સમજાણુંને? 'તા કારણ-જગપંથ...' આહા..હા..! સમ્યગ્દર્શન અનુભવ છે. હું તો આનંદનો સ્વાદ લેનારો છું. અને ચારિત્રમાં ઉગ્ર પ્રચુર સ્વસંવેદન છે. મુનિને પ્રચુર આનંદ, અતીન્દ્રિય આનંદ અને વેદન સ્વાદ છે, પણ જ્યાં એને પંચમહાવ્રતનો ભાવ થાય છે. જુઓ! પ્રમાદ સંસારનું કારણ. જગપંથ છે. આહા..હા..!

'તા કારણ જગપંથ ઈત, ઉત સિવમાર્ગ જોર.' સ્વભાવ સન્મુખમાં શિવમાર્ગ છે. વિભાવ પરિણામ આવ્યા એ જગપંથ છે. આહા..હા..! કહો, પંડિતજી! બનારસીદાસ, ટોડરમલ અલૌકિક વાતું છે. શાસ્ત્રના આધારથી બધી વાત કરી છે. ટોડરમલે મોક્ષમાર્ગ પ્રકાશકમાં સારી વાત કરી. કેટલાક લોકોને રુચિ નહિ એ વાત. અહીં તો એ કહ્યું છે. બનારસીદાસ આ કહે છે. સંસાર ભ્રમણનો ઉપાય છે. આહા..હા..! સાચા સંત મુનિ ભાવલિંગી અતીન્દ્રિય આનંદનો અનુભવ કરનાર એને જેટલો રાગ આવે છે એ જગપંથ છે. આહા..હા..! 'જે પરમાદી આલસી જિનકે વિકલ્પ પુરી...' પુરી એટલે વારંવાર વિકલ્પ આવે છે પંચમહાવ્રતાદિનો. 'હોય શીથીલ અનુભવવીશે તીનકો સિવપંથ દૂરી.' આહા..હા..! અનુભવમાં ઠરવું, અંદર આનંદમાં રમવું એમાં શિથિલ થઈને.. આહા..હા..! તેને શિવપંથ દૂર છે. આહા..હા..! બહુ સમયસાર નાટક છે.

અહીં કહે છે સમ્યગ્દૃષ્ટિને, સમ્યગ્દર્શનના અભિપ્રાયની અપેક્ષાએ સમ્યગ્દર્શનમાં તો સ્વભાવની

જ ભાવના છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની જ એકાગ્રતા છે, પણ એ જ્યારે અનુભવમાં રહી શકે નહિ ત્યારે વિકારનો વિકલ્પ આવે છે. આહા..હા..! ચાહે તો મહાવ્રતનો હોય, ભક્તિનો હોય, પૂજાનો હોય, દયા, દાનનો, એ વિકલ્પ છે, ત્યાં સુધી એને જરૂર રાગનો બંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે અવશ્યંભાવી...'** જરૂર. આહા..હા..! **'રાગનો સદ્ભાવ હોવાથી, બંધનું કારણ જ છે.'** એનો રાગ પણ બંધનું કારણ જ છે. એકકોર નિરાસ્રવ કહ્યું અને એકકોર... આહા..હા..! અભિપ્રાય અને અભિપ્રાયના વિષયની અપેક્ષાએ નિરાસ્રવ છે. અભિપ્રાયમાં આસ્રવ કરવાનો ભાવ રહ્યો નહિ, પણ કમજોરીથી જેટલો જ્ઞાની ધર્માત્માને પણ રાગ આવે યથાખ્યાતચારિત્ર થયા પહેલા એ અવશ્ય જરૂર બંધનું કારણ છે. જુઓ, આ સ્યાદ્વાદવાણી વીતરાગની!

**શ્રોતા :—** ઘડીકમાં કહ્યું કે એને આસ્રવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કઈ અપેક્ષાએ કહ્યું? સમજાણું કાંઈ?

**'જરૂર બંધનું કારણ જ છે.'** આહા..હા..! ધર્મીને, અનુભવીને, સમકિતીને, જ્ઞાનીને જેટલું પોતાનું પરિણમન આત્માનું હીણી નબળાઈવાળું છે, યથાખ્યાત ચારિત્રની નીચા દરજ્જામાં, ત્યાં સુધી જરૂર રાગ અવશ્યંભાવી સદ્ભાવ હોવાથી બંધનું કારણ છે. છઠ્ઠે ગુણસ્થાને પણ રાગ આવે છે પંચમહાવ્રતાદિનો, જરૂર બંધનું કારણ છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવી વાતું છે. વીતરાગમાર્ગ બહુ દુર્લભ છે. વીતરાગમાર્ગ...

**શ્રોતા :—** ગણધરને પણ આ લાગુ પડે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બધાને લાગુ પડે. ગણધરને પણ રાગ બાકી છે એટલો બંધનું કારણ છે. તીર્થંકર પણ જ્યાં સુધી છદ્મસ્થ અવસ્થામાં હોય, છદ્મસ્થ અવસ્થા, ત્યાં સુધી રાગ છે એ બંધનું કારણ છે. આહા..હા..! તીર્થંકર ત્રણ જ્ઞાન તો લઈને આવે છે સ્વર્ગમાંથી કે નરકમાંથી. આ શ્રેણિક રાજા નરકમાંથી આવવાના છે. ઋષભદેવ ભગવાન આદિ સ્વર્ગમાંથી આવ્યા હતા. તો ત્રણ જ્ઞાન અને સમકિત લઈને તો આવે છે. જ્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં છે, ત્યાં સુધી રાગ ઉત્પન્ન થાય એ જરૂર બંધનું કારણ એને થાય છે. આહા..હા..!

શું કહ્યું જુઓને, **'યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે...'** પૂર્ણ પર્યાય ન થઈ વીતરાગી દશા, વસ્તુ પૂર્ણ છે એની દૃષ્ટિ થઈ, ભગવાન પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ થઈ, દૃષ્ટિનો વિષય આવ્યો, પણ ચારિત્ર પૂર્ણ ન હોય ત્યાં સુધી રાગ જરૂર આવે છે. આહા..હા..! તીર્થંકર હોય કે ગણધર હોય! જ્ઞાનધારા જ્ઞાનમાં છે અને રાગધારા કર્મધારા છે. પોતાના આનંદસ્વરૂપનો અનુભવ થયો એ જ્ઞાનધારા જ્ઞાનધારામાં રહી અને જેટલો રાગ છે એ કર્મધારામાં આવ્યો. એ તો કાલે આવી ગયું છે. આહા..હા..!

સદ્ભાવ અવશ્યંભાવી એમ પાછું. જરૂર. રાગનો સદ્ભાવ હોવાથી બંધનું કારણ જ છે.

આહા..હા..! સમજાણું કાંઈ? અમૃતચંદ્રાચાર્ય કહે છેને મુનિ. ભાવલિંગી સંત છે. નિશ્ચય આત્માના આનંદના વેદનવાળા છે. એ પણ કહે છે કે અમને પણ હજી કલ્માશિતભાવ છે. કલુષિત ભાષા રાગની છે. નહિતર એને અશુભભાવ તો છે નહિ. ભાવલિંગી સંત અશુભ તો છે નહિ. શુભભાવ છે એ કલુષિત છે એમ કહે છે. આહા..હા..! શ્લોક છેને? કલ્માશિતાયાં.. આહા..હા..! અનાદિની રાગની કલ્માષિતતા હજી પડી છે મને. અમને ચારિત્ર છે, સમ્યગ્દર્શન છે, જ્ઞાન છે, પણ ચારિત્રની પૂર્ણતા નથી તો અમને પણ રાગનો સદ્ભાવ છે, એ અશુદ્ધતા છે. તો હું સમયસારની ટીકા કરું છું, તો ટીકાના કાળે મારો યોગ દ્રવ્યસ્વભાવ ઉપર રહેશે એ કારણે અશુદ્ધતાનો નાશ થશે. આહા..હા..! પાઠ તો ટીકા છે. ટીકા 'एव'. પાઠ એવો છે. 'एव'. 'एव'. છે. પણ એનો અર્થ એ. ટીકા કરે છે એ તો વિકલ્પ છે, રાગ છે. આહા..હા..!

ટીકા બનાવે છે એ પણ વિકલ્પ રાગ છે. રાગથી બંધ જ થાય છે એ તો અહીં કહ્યું. પણ અમારી દૃષ્ટિનું જોર આત્મધ્યાનમાં છે. અમારા લક્ષ્યના દોરમાં ભગવાન આત્મા છે. એવા લક્ષ્યમાં અમે દોર બાંધ્યો છે, તો એ લક્ષ્યના જોરથી ટીકાને કાળે અશુદ્ધતા નાશ થઈ જાવ. આહા..હા..! સમજાણું કાંઈ? ૭૦ અને ૭૧ બેય ગાથા અટપટી છે. પહેલાં કહ્યું કે ધર્મીને તો નિરાસ્રવ કહીએ. કઈ અપેક્ષાએ? અભિપ્રાયની અપેક્ષાએ. હવે અસ્થિરતાની અપેક્ષાએ ક્ષાયિકસમકિતીને પણ, અરે! મુનિને પણ. આહા..હા..! પૂર્ણ વીતરાગતા જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એને રાગનો સદ્ભાવ જરૂર છે. આહા..હા..! અને એ રાગ બંધનું જ કારણ છે. એ શુભરાગથી કોઈ કલ્યાણ થશે અને મુક્તિ થશે. ભાઈ! શુભભાવથી પરંપરા મુક્તિ થશે. અહીં તો કહે બંધનું જ કારણ છે. બંધનું કારણ એ મોક્ષનું કારણ થાય? બહુ ફેર દૃષ્ટિમાં ફેર, શ્રદ્ધામાં ફેર. અને જૈનપણું માને અમે જૈન છીએ. જૈન એમ નથી કહેતા. જેની દૃષ્ટિમાંથી પુણ્ય-પાપના ભાવનું બંધનનું કારણ છે એની દૃષ્ટિ છૂટી ગઈ છે. એ તો બંધનું કારણ છે. આહા..હા..! શુભભાવ પણ બંધનું કારણ છે. મારો સ્વભાવ જે શુદ્ધોપયોગ છે એ જ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

એક બાજુ નિરાસ્રવ કહ્યું અને એક બાજુ જ્ઞાનધારાની અપેક્ષાએ નિરાસ્રવ છે. રાગની ધારાની અપેક્ષાએ હજી બંધન છે. આહા..હા..! આવી વીતરાગની વાણી. સમજમાં આવે નહિ, ઓળખે નહિ અને એમ ને એમ ચાલ્યો જાય સંસાર અનાદિથી. પ્રભુ ચોર્યાસીના અવતાર મરીને ઘોદા ખાય ચોર્યાસીના અવતારમાં. જ્યાં સુધી સમ્યગ્દર્શન શું ચીજ છે? અને સમ્યગ્દર્શનનો વિષય શું ચીજ છે? અને સમ્યગ્દષ્ટિને કેમ રાગ આવે છતાં રાગની ભાવના છે નહિ, રાગના કર્તા છે નહિ. આહા..હા..! છતાં રાગ આવ્યા વિના રહેતો નથી. એ રાગ જરૂર બંધનું કારણ છે. આહા..હા..! તો જેની દૃષ્ટિ હજી પુણ્ય-પાપ ઉપર પડી છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. વ્રત ને તપ ને દયા ને દાન ને ભક્તિનો શુભભાવ રાગ છે, એના ઉપર દૃષ્ટિ છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એને તો એકલો મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગનો બંધ જ છે. આહા..હા..!

**શ્રોતા :—** એ લોકો કહે છે કે તમે કરી તો જુઓ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું કરી જોવે? એના કરતાં પણ વધારે કર્યું હતું. એને ખબર નથી.

ભીક્ષા માટે અમે જાતા હતા અમારે માટે પાણીનો બિંદુ બને તો અમે નહોતા લેતા. એમાં હતાને સ્થાનકવાસીમાં. કેટલા વર્ષ ૧૫ વર્ષ કાઢ્યું. પછી ઢીલું પછી પડ્યું પાછળથી છ વર્ષ. ભીક્ષા માટે જઈએ. અરે! વરસાદનો એક બિંદુ પડતો હોય તો ભિક્ષા માટે ન જઈએ. બબ્બે દિવસ નીકળી જાય ચોવિહારા હોં પાણી વિના અને નિર્દોષ પાણી ન મળે તો પાણી વિના ચલાવતા હતા. મઠા-મઠા. શું કહે છે? છાશ. છાશ અને રોટલી. એવા તો કેટલાય વર્ષ કાઢ્યા એમાં. ૨૧ વર્ષ રહ્યાને એમાં. સ્થાનકવાસી. ઢુંઢીયામાં કહે છે. ૨૧ વર્ષ ચાર માસ. પિતાજીનો ધર્મ એ હતો. અને અમારો જન્મ ત્યાં થયો. અમે એમાં દીક્ષા લઈ લીધી. પછી અંદરથી બીજી વાત આવી કે આ માર્ગ નથી. મોટા ભાઈએ દીક્ષા આપી હતી. માગશર સુદ નોમ. ૬૪મું વર્ષ બેઠશે. ૬૪ દીક્ષાને. ૬૩ ચાલે છે. આ માગશર સુદ નોમની દીક્ષા છે. ૬૪મું બેઠશે. મોટા ભાઈએ દીક્ષા ઘરે આપી હતી. ૬૩ વર્ષ પહેલા ૧૮૦૦ ખર્ચ્યા. બે હજાર— અઢારસો. ૬૩ વર્ષ પહેલાં. દીક્ષા દીધી ધામધુમથી હાથીના હોદ્દે.

ભાઈ! આ માર્ગ નહિ કીધું. આ માર્ગ નથી. સ્થાનકવાસી પંથ એ માર્ગ જ નથી કીધું. એના શાસ્ત્ર પણ સાચા નથી. આહા..હા..! એનો ભેખ એ પણ સાચો નથી. માર્ગ આ નથી. આહા..હા..! અહીંયાં તો એ વસ્ત્રનો ટૂકડો રાખીને મુનિ માને તો મિથ્યાદષ્ટિ અનંતસંસારી છે. આહા..હા..! એવો માર્ગ અનાદિનો છે. એ કોઈ સંપ્રદાયની વાત નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ? સખત ક્રિયા કરતાં હતા અમે. કપડા મેલા, ધોતા નહિ. નિર્દોષ પાણી મળે નહિ ને અને મળે તો પહેરતા નહિ. રેશમી જેવા કપડા છે. શરીર એવું છેને કે કપડું રેશમી જેવું લાગે બીજાને. હતો તો મેલ એકલો. પણ શરીરની સુંદરતા અને પરસેવો આવે પીળો થઈ જાય. બીજાને એમ લાગે કે આ તો રેશમી કપડું ઓઢ્યું. મેલું. એવું કર્યું. ગુરુએ એમ બતાવ્યું હતું માટે એમ કર્યું. પછી અંદરથી સમજ પડી કે અરે! આ માર્ગ નથી. આત્માના અનુભવ વિનાના માર્ગ બધા ખોટાં છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

**શ્રોતા :—** આપ એક નથી નીકળ્યા, અનેકને કાઢ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો પછી લોકો ભાગ્યવાન હોયને જીવ. આ માર્ગ એવો છે, ભાઈ! દિગંબર ધર્મ કોઈ સંપ્રદાય નથી. જૈનધર્મ એ વસ્તુનું સ્વરૂપ છે એ જૈન દિગંબર ધર્મ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. ભગવાને એમ કહ્યું. એ શાસ્ત્ર સાચા છે. એ સિવાય શ્વેતાંબરના શાસ્ત્ર પણ કલ્પિત છે, એ સત્યશાસ્ત્ર નથી. બધા સ્થાનકવાસી છેને અહીં તો.

મોક્ષમાર્ગપ્રકાશકમાં તો ટોડરમલજીએ એમ કહ્યું, જેમ વેદાંત એવા સ્થાનકવાસી એવા શ્વેતાંબર બધા અન્યમત છે, જૈનમત છે જ નહિ એ. આહા..હા..! કેમકે દૃષ્ટિ જ વિપરીત છે ત્યાં.

શાસ્ત્ર જ કલ્પિત છે બધા. આ તો ત્રણલોકના નાથની વાણી છે. વીતરાગની વાણી સંતો દિગંબર સંત આડતિયા થઈને દુનિયાને બતાવે છે. સમજાણું કાંઈ? આડતિયા કહે છેને? આહા..હા..! કુંદકુંદાચાર્ય મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો.. ત્રીજે નંબરે આવ્યા એ ગણધર પછી. આહા..હા..! જૈનધર્મોસ્તુ મંગલં. વીતરાગનો ધર્મ જૈનધર્મ એ મંગલિક છે. એ જૈનધર્મ આ કે પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગથી મારી ચીજ ભિન્ન છે. પુણ્ય-પાપથી મને ધર્મ થતો નથી, કલ્યાણ થતું નથી. એ દયા, દાન અને વ્રત, ભક્તિથી પણ મારું કલ્યાણ થતું નથી. એ શુભભાવ છે. આહા..હા..! એ રાગ છે. ભગવાનનો માર્ગ વીતરાગ છે. આહા..હા..! વીતરાગનો માર્ગ વીતરાગ છે. રાગથી ભિન્ન થઈને પોતાનું વીતરાગસ્વરૂપ, જિનસ્વરૂપ આત્મા છે એની પ્રતીતિ અને અનુભવ થયો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની શરૂઆત થાય છે. આહા..હા..!

**શ્રોતા :—** ગુરુ તો કોઈને માનવા પડશેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગુરુ પોતે નથી? સર્વજ્ઞદેવ પરમગુરુ સહજાત્મસ્વરૂપ પરમગુરુ. એવું આવે છે. સાંભળ્યું છે? શ્રીમદ્‌માં. સહજાત્મ સ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ. પોતાને ગુરુ સમજે ત્યારે બીજા ગુરુને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ભગવાનના સમવસરણમાં પણ અનંતવાર ગયો. સાક્ષાત્ ત્રણલોકનો નાથ, જિનવરદેવ સો ઈન્દ્રના પૂજનીક એના સમવસરણમાં અનંતવાર ગયો. અનંતવાર ભગવાનની પૂજા કરી. કલ્પવૃક્ષના ફૂલ, મણિરત્નના દીવા, હીરાના થાળ. એ ક્યાં હતું એ તો શુભભાવ છે. આહા..હા..! વીતરાગ કહે છે કે એ તો શુભભાવ છે. અમારી સામું જોવાનું છોડી દે, તારી સામું જો અંદર. આહા..હા..!

અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે. આહા..હા..! સચ્ચિદાનંદસ્વરૂપ ચૈતન્ય હીરલો. હીરો એ ચૈતન્ય હીરો અનંતગુણનો સ્વભાવ સંપન્ન છે. ત્યાં એને જો, એને દેખ, એની શ્રદ્ધા કર તો ગુરુ તું છે. ઈષ્ટોપદેશમાં આવ્યું છે કે આત્માનો ગુરુ આત્મા છે. સમજાણું કાંઈ? અને પોતાનો આત્મા પણ દેવ છે. પણ એ વાત એવી છે કે એ સ્વરૂપની શક્તિનું શું સામર્થ્ય છે એનો વિશ્વાસ આવતો નથી. એ તો સિદ્ધ થવાની શક્તિ રાખે છે. સંસારમાં રહેવાની શક્તિ એના સ્વભાવમાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આવે છેને. સમયસાર નાટક. 'ચેતનરૂપ અનુપ અમુરત સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો. જ્ઞાનકળા ઊપજી અબ મોકુ કહુ ગુણ નાટક આગમ કેરો, તાસુ પ્રસાદ સધૈ સિવમારગ વેગે મીટે ઘટવાસ વસેરો.' સમજાણું કાંઈ? સમયસાર નાટક. એને માનતા નથી કેટલાક. કહે નહિ. લલીતપુરમાં એવું ઉડાવ્યું. આ શાસ્ત્ર પરિષદે કે ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે એ બધા. અરરર..! સમજાણું કાંઈ? આ રમેશભાઈ ત્યાં હતાને જુઓને. એને માર્યા હતાને. લલીતપુરમાં એ શું કહેવાય એ? શાસ્ત્ર પરિષદ. અરરર..! આને માર્યા હતા દેરાસરમાં. છોકરાઓને

ઉત્તેજન કર્યા અને માર્યા. અરે! આવું હોય? ભલે પોતાની શ્રદ્ધા પ્રમાણે ન બેસે, પણ કોઈ સાથે વિરોધ હોય? ભગવાન છે આત્મા. કોઈ સાથે વેર-વિરોધ ન હોવો જોઈએ. સત્વેષુ મૈત્રી. બધા ભગવાનસ્વરૂપ છે એની મૈત્રી આત્માને દ્રવ્ય સાથે હોય, પર્યાયનું લક્ષ કરે એનું જ્ઞાન કરે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો માર્ગ પ્રભુનો ભાઈ! અનંતકાળે નહિ કરેલો એવી વાત છે આ તો! નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. પૂર્ણાનંદના નાથને સમજ્યા વિના સમ્યગ્દર્શન વિના નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. આહા..હા..! પણ જન્મ-મરણનો અંત ન આવ્યો. 'આતમજ્ઞાનબિન...' સમ્યગ્દર્શન વિના એક ભવનો અંત નથી થતો. આહા..હા..! એ અહીં કહે છે. આહા..હા..!

**'ભાવાર્થ :- ક્ષાયોપશમિક જ્ઞાન એક જ્ઞેય પર અંતર્મુહૂર્ત જ થંભે છે.'** અંતર ધ્યાનમાં આવે તો એક અંતર્મુહૂર્ત રહી શકે છે. આહા..હા..! **'પછી અવશ્ય અન્ય જ્ઞેયને અવલંબે છે;...'** જરૂર પર ઉપર લક્ષ જાય છે અને રાગ આવે છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? **'સ્વરૂપમાં પણ તે અંતર્મુહૂર્ત જ ટકી શકે છે.'** આનંદના અનુભવમાં તો અંતર્મુહૂર્ત, બે ઘડીના અંતરમાં એટલા રહી શકે છે. બહુ થોડો સમય છે. આહા..હા..! અનુભવમાં તો પોણી સેકન્ડથી અડધો કાળ રહી શકે છે. અંદર ધ્યાનમાં આત્મા જ્ઞાતા-જ્ઞેયને-જ્ઞાન ભેદરહિત થોડુંક આવે છે.

**'પછી વિપરિણામ પામે છે.'** રાગ આવે છે જરૂર એને રાગ થાય છે. આહા..હા..! **'માટે એમ અનુમાન પણ થઈ શકે છે કે સમ્યગ્દૃષ્ટિ આત્મા સવિકલ્પ દશામાં હો કે નિર્વિકલ્પ અનુભવદશામાં હો-'** રાગ આવે એ .. નિર્વિકલ્પ આનંદના અનુભવમાં હોય. આહા..હા..! એને **'યથાખ્યાતચારિત્ર-અવસ્થા થયા પહેલાં તેને અવશ્ય રાગભાવનો સદ્ભાવ હોય છે;...'** આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે. આહા..હા..! **'અને રાગ હોવાથી બંધ પણ થાય છે. માટે જ્ઞાનગુણના જઘન્ય ભાવને બંધનો હેતુ કહેવામાં આવ્યો છે.'** લ્યો! એનું પરિણમન જઘન્ય છે એ બંધનો હેતુ છે. અભિપ્રાય અને અભિપ્રાયના વિષયથી તો નિરાસ્રવ છે, પણ પરિણતિમાં હીણી દશા આવે, જ્ઞાનીને, મુનિને પણ. આહા..હા..! સાચા સંતને પણ જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી બંધ છે. એમ એણે બરાબર જાણવું જોઈએ. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ-૧૨, ગુરુવાર, તા. ૧૮-૧૧-૧૯૭૬, ગાથા-૧૭૨, પ્રવચન નં. ૨૩૫

સમયસાર, ૧૭૨ ગાથા. '**હવે વળી ફરી પૂછે છે કે જો આમ છે...**' કે જ્ઞાનીને જ્ઞાનનું ભાન હોવા છતાં સમ્યગ્દર્શન અંતર સ્વરૂપનો અનુભવ હોવા છતાં જ્ઞાનીને જઘન્ય જ્ઞાનનું પરિણમન જે છે એ હીણું છે. '**(અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્ય ભાવ બંધનું કારણ છે) તો પછી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે?**' એક કોર કહો છે કે આ બંધભાવ એને હોય. યથાખ્યાત ચારિત્ર થવા પહેલાં જ્ઞાનીને પણ અરુચિપૂર્વક મિથ્યાત્વના ભાવ રાગ, દ્વેષ અને મોહ હોય નહિ. પણ અબુદ્ધિપૂર્વક એટલે અસ્થિરતાથી રુચિ વિના રાગ-દ્વેષ થાય છે અને એને લઈને બંધ પણ છે તો વળી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે? એક કોર કહો છો કે નિરાસ્રવ છે અને એકકોર કહો છો કે એને બંધ થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

**दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण।**
**णाणी तेण दु बज्झदि पोग्गलकम्मेण विविहेण।।१७२।।**
**ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,**
**તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.**

એક કોર કહે નિરાસ્રવ છે અને વળી કહે છે બંધ છે. કઈ અપેક્ષાએ કહ્યું એ સમજવું જોઈએ ને? સર્વથા નિરાસ્રવ હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય અને આસ્રવ છે છતાં બંધ નથી એમ કહેવું એ પણ વિરોધ છે. પણ કઈ અપેક્ષાએ એને નિરાસ્રવ કહ્યા?

આ તો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીની વાત ચાલે છે. હવે કોઈ એમ કહે કે પણ સમ્યગ્દર્શન અને અનુભવ નથી એ પહેલાં શું કરવું? એ પહેલાં એ આત્મા અખંડ પૂર્ણ શુદ્ધ છે અને પર્યાયમાં મલિનતા અંશ છે, પણ વસ્તુમાં મલિનતા નથી એવો વિકલ્પ દ્વારા એણે પહેલો નિર્ણય કરવો. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** એવો નિર્ણય રાગની ભૂમિકામાં નથી આવતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રાગની ભૂમિકામાં આવો નિર્ણય હોય છે, છતાં એ વાસ્તવિક નિર્ણય નથી. એ ૧૪૩માં આવી ગયું, પહેલા આવી ગયું. સમજાણું કાંઈ? ઝીણી વાત છે.

'આત્મા આનંદ અને જ્ઞાન પરિપૂર્ણ વસ્તુ છે.' એવો વિકલ્પ નામ મનના સંબંધે, રાગ સંબંધે નિર્ણય કરવો. એ ૭૩ ગાથામાં એમ આવ્યું છે, ૧૪૩માં એમ આવ્યું છે કે 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે' એમ આગમથી પહેલો નિર્ણય કરવો. આવ્યું છે? ત્યાં ૧૪૩-૧૪૪ છેલ્લે ૪૪. આહા..હા..! કે આ વસ્તુ તો જ્ઞાતા-દૃષ્ટા જ છે. એવો વિકલ્પ દ્વારા અને 'રાગાદિનું સ્વામીપણું

કર્મનું છે, મારું નહિ અને હું રાગાદિના સ્વામીપણે સદાય નહિ પરિણમનારો તે હું.' એ ૭૩ એમ વિકલ્પ દ્વારા આવો નિર્ણય એણે કરવો. સમજાણું કાંઈ? આહા..હા..! પછી વિકલ્પને જેમ વહાણ વમળમાં પકડાઈ ગયું હોય અને એ વમળ છૂટે ને વહાણ છૂટું પડી જાય. ૭૩ ગાથા. એમ એ વિકલ્પને છોડીને આત્માનો નિર્વિકલ્પ અનુભવ કરવો. આહા..હા..!

**શ્રોતા :—** વમળ એની મેળે છૂટે અને વિકલ્પ એણે છોડવે પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ વમળ એની મેળે. એ છોડે તો જાય. એ તો વાત થઈ ગઈ તે દિ'. સમજાણું કાંઈ? ૭૩ ગાથા વખતે થઈ ગઈ હતી. વમળ તો એની મેળાએ છૂટે ત્યારે વહાણ છૂટે, આ વમળચક્ર રાગ છે એ પોતે છોડે તો છૂટે. આહા..હા..! કેમકે પર્યાયમાં પણ વીર્ય છે. વીર્યગુણ છેને? વીર્યગુણ છે તો દ્રવ્યમાં વીર્ય છે, ગુણમાં વીર્ય છે, પર્યાયમાં વીર્ય છે. આહા..હા..! તો પર્યાયનો વીર્ય વિકલ્પ દ્વારા એ વીર્ય એમ નિર્ણય કરે. આહા..હા..! હું શુદ્ધ, બુદ્ધ અખંડ ચૈતન્યઘન છું, અબદ્ધસ્પૃષ્ટ છું, સામાન્ય એકરૂપે છું—એવો એણે રાગમિશ્રિત વિચારમાં પહેલો એ ભૂમિકાએ આવો નિર્ણય આવે. છતાં એ વિકલ્પનો નિર્ણય અનુભવને આપે એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું ભારે. એને હોય શરૂઆતમાં હોય ખરું. બીજા વિકલ્પો કરતાં આ વસ્તુની સ્થિતિનો સર્વજ્ઞ જે રીતે આત્મા કહે છે એને બરાબર દ્રવ્ય, ગુણ ને પર્યાય જાણવામાં વિકલ્પ એને આવે. બીજાઓ કરતાં ભગવાને કહેલો આત્મા એવો ક્યાંય છે નહિ. એવો નિર્ણય કરવા એને વિકલ્પ દ્વારા પહેલો આવે. પણ વાસ્તવિક નિર્ણય તો ત્યારે કહેવાય કે વસ્તુના અંતરની દૃષ્ટિ કરતાં વિકલ્પ છૂટીને નિર્વિકલ્પથી અનુભવ થાય ત્યારે એ યથાર્થ નિર્ણય કર્યો કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું છે, બાપુ!

**શ્રોતા :—** થાય તો કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** તો કહેવાય. પહેલા પછી છે જ ક્યાં ત્યાં? એની અપેક્ષા જ ક્યાં છે? પણ આ હોય છે. સમજાણું કાંઈ?

જેને વિકલ્પ દ્વારા પણ 'પરમાત્મસ્વરૂપ શુદ્ધ, અખંડ અભેદ છે અને રાગનો સ્વામી હું નથી' એવો જેણે વિકલ્પ દ્વારા પણ નિર્ણય કર્યો નથી એને તો અંતરમાં જવાના ઠેકાણા નથી. આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ! આહા..હા..! વસ્તુ અંતર્મુખ છે. પર્યાયમાં વસ્તુ નથી આખી. એક સમયની પર્યાયમાં આખી ચીજ નથી. એ પર્યાયની પાછળ અંતર્મુખ ચીજ છે ત્યાં એની દૃષ્ટિ પડે. આહા..હા..! ત્યારે તેનો નિર્ણય નિર્વિકલ્પ અનુભવ થાય. એ અનુભવી જ્ઞાનીને નિરાસ્રવ આપ કઈ રીતે કહો છો? એ પ્રશ્ન છે. આહા..હા..! એક બાજુ કહો છો કે એ નિરાસ્રવી છે અને એક બાજુ કહો છો કે જઘન્ય જ્ઞાનનું આત્માનું જઘન્ય પરિણમન દર્શન-જ્ઞાન-ચારિત્રનું છે, ત્યાં સુધી એને બંધ છે. તો વળી નિરાસ્રવ કઈ રીતે કહ્યો? અને બંધ શી રીતે કહ્યો? આ શું કહો છો તમે આ? સમજાણું કાંઈ? આ એનો ઉત્તર અપાય છે.

'**ટીકા : જે ખરેખર જ્ઞાની છે...**' જોયું ભાષા! '**જે ખરેખર જ્ઞાની છે...**' આ

જુદી પડી ગઈ વાત. આહા..હા..! જેને નિર્વિકલ્પ દૃષ્ટિથી જેને અનુભવ થયો છે. આહા..હા..! વ્યવહારની અપેક્ષા પણ જેને નથી. વિકલ્પથી નિર્ણય કરવો. .. આવ્યા છે? ઠીક. પોરબંદર માટે આવ્યા હશે. એના ગામ માટે આવ્યા હશે. પોરબંદર. એ એના પોરબંદરના લોભે આવ્યા છે. વિનંતી માટે. આહા..હા..! અહીં કહે છે '**જે ખરેખર જ્ઞાની...**' આ શબ્દ પહેલો પડ્યો છે. શાસ્ત્રના વાંચનથી જાણપણું કર્યું એ ખરેખર જ્ઞાની નથી. તેમ વિકલ્પથી નિર્ણય કર્યો એ પણ ખરેખર જ્ઞાની નથી. એમ કહે છે. આહા..હા..! પહેલો શબ્દ ઉપાડ્યો છે. '**જે ખરેખર જ્ઞાની છે...**' ભગવાન આનંદનો નાથ તેને સ્વસંવેદનથી જ્ઞાન પ્રગટ્યું છે. આહા..હા..! સ્વ નામ પોતાને સં નામ પ્રત્યક્ષ જ્ઞાનના અવલંબે જેને પ્રત્યક્ષ આત્મા જણાણો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** વિદ્વાન અને જ્ઞાનીમાં ફરક શું?

**પૂજ્ય ગુરુદેવ :—** વિદ્વાન તો આ ભણેલા-બણેલા હોય એને વિદ્વાન કહેવાય અજ્ઞાનીને પણ. પણ એ કીધું નહિ? વિદ્વાન જે છે એ નિશ્ચય ત્યજીને વ્યવહારમાં વર્તે તે વિદ્વાન નહિ. એમાં આવ્યું છે. આહા..હા..! જેને નિશ્ચય તત્ત્વસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એનું જેને જ્ઞાન નથી નિશ્ચયનું અને વ્યવહારના શાસ્ત્રના વ્યવહારના જ્ઞાનના લખાણ આવે એને પકડીને એમાં વર્તે પણ પરમાર્થે તો નિશ્ચયાશ્રિત મુનિને મુક્તિ છે. આહા..હા..! એ વિકલ્પવાળી નય નહિ. નિર્વિકલ્પ વસ્તુ ભગવાન અનાકુળસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષ થાય છે, બીજો કોઈ એનો ઉપાય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે ખરેખર જ્ઞાની છે...**' આ પહેલો અર્થ એટલો થયો. આહા..હા..! વાસ્તવિક જેને આત્મજ્ઞાન પ્રગટ્યું છે. આત્મજ્ઞાન થયું છે તેને અહીં જ્ઞાની કહીએ. શાસ્ત્રના જ્ઞાન અને બાકીના જ્ઞાન લૌકિકના એ કાંઈ જ્ઞાન નથી. આહા..હા..! શાસ્ત્ર વાંચીને ધારણાથી જ્ઞાન કર્યું હોય એ પણ જ્ઞાન નથી. આહા..હા..! તેથી કહે છે કે '**જે ખરેખર...**' '**यो हि**' એમ શબ્દ છેને સંસ્કૃતમાં? શાંતિભાઈ! સંસ્કૃતમાં '**यो हि**' '**ખરેખર...**' આહા..હા..! '**यो**' એટલે જે. '**हि**' એટલે '**ખરેખર જ્ઞાની...**' આમ શબ્દ મૂક્યો છે. ભગવાન અમૃતચંદ્રાચાર્યે. આહા..હા..!

'**જે ખરેખર જ્ઞાની છે તે, બુદ્ધિપૂર્વક...**' એટલે રુચિપૂર્વક-અજ્ઞાનપૂર્વક, અજ્ઞાનમય એવા '**રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી,...**' જુઓ, સમજાણું કાંઈ? એને ઈચ્છાપૂર્વક, રુચિપૂર્વક '**રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી, નિરાસ્રવ જ છે.**' આ અપેક્ષાએ એને નિરાસ્રવ કહ્યો. એ તો કહ્યું હતુંને અભિપ્રાયમાં આસ્રવની ભાવનાનો જેને અભાવ છે. તેથી ભાવાસ્રવનો તેને અભાવ છે અને ભાવાસ્રવનો અભાવ હોવાથી દ્રવ્યાસ્વનો પણ એ તો જડ છે, એ તો ભિન્ન જ છે, એ અભાવ જ છે એનો. આહા..હા..!

'**બુદ્ધિપૂર્વક...**' એટલે રુચિપૂર્વક '**(ઈચ્છાપૂર્વક)...**' અભિપ્રાયપૂર્વક જેને '**રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી,...**' આહા..હા..! સમજાણું કાંઈ? હા એક રુચિપૂર્વક

અને એક અસ્થિરતાપૂર્વક, અબુદ્ધિપૂર્વક. બીજો પણ અર્થ કરશે રાજમલજી. સમજાણું કાંઈ? ભાવાર્થમાં જ્ઞાનીને બુદ્ધિપૂર્વક એટલે અજ્ઞાનમય એમ કહ્યું છે. ભાવાર્થમાં પહેલી લીટી બુદ્ધિપૂર્વક એટલે અજ્ઞાનમય, એમ. છેને? અજ્ઞાનમય. આહા..હા..!

'બુદ્ધિપૂર્વક...' અજ્ઞાનમય જે '**રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી, નિરાસ્રવ જ છે.**' નિરાસ્રવ જ છે એ આ અપેક્ષાએ. સમજાણું કાંઈ? આસ્રવ કરવાનો અભિપ્રાય નથી. રુચિમાં આસ્રવ કરવાની શ્રદ્ધા નથી, પણ આસ્રવ થાય છે એ જ્ઞાન અને આત્માની જઘન્ય પરિણતિથી, હીણી-પરિણતિથી થાય છે એનો એ સ્વામી નથી, પણ એ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એટલો આસ્રવ છે, અબુદ્ધિપૂર્વકનો આસ્રવ છે. અબુદ્ધિપૂર્વકના પછી બે અર્થ કરશે રાજમલજી કે જાણવામાં આવે છે કે આ રાગ થાય છે એને બુદ્ધિપૂર્વક કહે છે એ અને જાણવામાં ન આવે તેને અબુદ્ધિપૂર્વક કહે છે. રાજમલ બે અર્થ કરે છે.

અહીંયાં બે અર્થ આ છે કે રુચિપૂર્વક કરતો નથી માટે તે નિરાસ્રવ છે. એને પુણ્યના પરિણામની પણ રુચિ નથી. અભિપ્રાયમાં તેને ભાવતો નથી. આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપની જ જેને એકાગ્રતાની ભાવના છે એવા જ્ઞાનીને બુદ્ધિપૂર્વક નામ રુચિપૂર્વક '**રાગદ્વેષમોહરૂપી...**' એ પરિણામ છે રાગદ્વેષમોહ. એવા જે પરિણામ '**આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી, નિરાસ્રવ જ છે. પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે-**' આહા..હા..! '**જ્ઞાની જ્યાં સુધી જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને,...**' આહા..હા..! જોયું! ઓલામાં એમ લીધું હતું કે જઘન્યભાવે પરિણમે છે યથાખ્યાત ચારિત્ર પહેલાં અને રાગ છે એથી એને બંધ છે. જ્ઞાનીને દ્રવ્યની દૃષ્ટિએ તો એને બંધ છે નહિ, પણ પર્યાયમાં રાગની મંદતાને કારણે એને બંધ છે.

અહીં એમ કહે છે કે '**જ્યાં સુધી જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને,...**' ભાષા જુઓ! આહા..હા..! પોતાને પૂર્ણરૂપે દેખવાને. સમજાય છે કાંઈ? પૂર્ણરૂપે જાણવાને. એમ ભાષા. જ્ઞાનને હોં. પરની વાત નથી અહીંયાં. જ્ઞાન શબ્દે આત્મા જે પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એને પૂર્ણ રીતે દેખવાને, પૂર્ણ રીતે સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને.. આહા..હા..! '**જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો...**' એ અશક્ત વર્તે છે એ કર્મને લઈને નહિ. સમજાણું કાંઈ? એ જઘન્યપણે પરિણમન સર્વોત્કૃષ્ટપણે દેખવાનો અભાવ એ એનું પર્યાયનું વીર્ય એટલું જ કામ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ પર્યાયમાં પણ અખંડિત પ્રતાપથી સર્વત્ર શોભિત દશા છે એની. આહા..હા..!

પ્રભુત્વશક્તિ છેને? તો પ્રભુત્વશક્તિ પર્યાયમાં પણ છે. નિર્મળ પર્યાયનું પરિણમન હોવા છતાં એ જ કાળે હજી પૂર્ણ ચારિત્ર નથી એટલે અનિર્મળ પરિણમનનું જઘન્ય પરિણમન એટલે કે પોતાને '**ઉત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને...**' સમર્થ નથી. સમજાણું

કાંઈ? બીજી ચીજને ઉત્કૃષ્ટભાવે દેખવું-જાણવું એ અહીં વાત નથી. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને ઉત્કૃષ્ટપણે જાણવું અંદર ઠરવું, ઉત્કૃષ્ટપણે દેખવું અને ઉત્કૃષ્ટપણે ઠરવું આચરણ, એવા '**આચરવાને અશક્ત વર્તતો થકો...**' અશક્ત વર્તતો થકો એ પોતાના પુરુષાર્થથી છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાંક એમ આવે કે એને કર્મના ઉદયનું જોર છે બળજોરીથી ત્યાં સુધી એને રાગ-દ્વેષ થાય છે, એમ આવે છે. એનો અર્થ આ છે. બળજોરી એની નથી. રુચિ નથી એટલે પરાણે હોંશ વિના રાગદ્વેષમાં જોડાવું થાય છે એને ત્યાં કર્મના જોરથી કહેવામાં આવે છે. ભાઈ! વાત તો જેમ છે એમ. કોઈ વખતે કર્મ બળિયો અને કોઈ વખતે જીવ બળિયો એમ પાઠ આવે છે. એનો અર્થ પરના લક્ષનું બળ છે જ્યાં સુધી તેને કર્મનું બળ કહેવામાં આવે છે અને સ્વના લક્ષે બળ છે એ જીવનું બળ કહેવામાં આવે છે. આહા..હા..! ઈષ્ટોપદેશમાં છે એ. સમજાણું કાંઈ? જીવો બળિયો, કમ્મો બળિયો. પછી આ લોકોને જડકર્મ બળ.. જડકર્મ એને અડતું નથીને બળ ક્યાંથી લાવ્યા? આહા..હા..!

પોતાને નિમિત્તને આશ્રયે થતો ભાવ તેને કર્મનું બળ છે એમ પુરુષાર્થની હિનતા સ્વભાવને લઈને ત્યાં ભાવકર્મનું બળ છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! પરદ્રવ્યને અને આત્માને કાંઈ સંબંધ છે જ નહિ. એ કર્મ એને રાગ કરાવે અને કર્મ એને રખડાવે એ ત્રણકાળ, ત્રણલોકમાં એ વાત છે નહિ.

**શ્રોતા :–** સંબંધ નથી એટલો સંબંધ તો ખરો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાંઈ સંબંધ નથી. એ સંબંધ નથી એટલો સંબંધ એટલે એ છે જ ક્યાં? આહા..હા..! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એટલો સંબંધ નથી એનો અર્થ. આહા..હા..! કર્મનો ઉદય હોય અને ત્યારે જોડાય પોતાના પુરુષાર્થથી ત્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે. આહા..હા..! આમાં અત્યારે ગોટો છે મોટો. અરેરે! શું થાય?

એક બાઈનો પ્રશ્ન હોય તો ઉલ્લાસીબેનનો નહિ એ. ઉલ્લાસીનો. બીજી બાઈ છે? હિન્દી બાઈનો કાગળ આવ્યો. નામ ઉલ્લાસી, ગામ-બામ નથી લખ્યું. ભુલાઈ ગયું. છાપામાં બહુ છે. બહુ પ્રમોદ બતાવે છે. આત્મધર્મ વાંચીને તો મને .. થાય છે. ઓહો..હો..! એવું બિચારાએ બહુ પ્રમોદ બતાવ્યો છે. એ બાઈ તો હિન્દી છે. ઉલ્લાસી નામ પછી વિચાર આવ્યો કે આ બહેન તો નહિ હોયને આ. હમણા ગયા છેને ત્યાં. લાડનું ગયા છેને? કલકત્તા. બહુ પ્રમોદ બતાવ્યો છે. નામ-બામ ઉલ્લાસી આપ્યું છે. પત્ર આવ્યો છે મોટો અંતરદેશી. અમને તો કેવળજ્ઞાન વખતે જે હતું એ રીતે અમને તો સાંભળવામાં આવે છે. અમને તો કેવળજ્ઞાનનો વિરહ છે એમ નથી લાગતું. એમ બિચારાએ લખ્યું છે.

જ્યાં અંદર પ્રશ્ન ઊઠે ત્યારે આત્મધર્મમાં એનો ઉત્તર હોય જ તે એમ કહે. કલકત્તાથી. નામ નથી. ઉલ્લાસી નામ આપ્યું છે. બહુ ઘણું લખ્યું. અમે તો શું કહીએ? એમ લખ્યું છે બિચારાએ. પંચમ કાળના તીર્થંકર છો તમે તો, અમને તો એવું ભાસે છે. અંદરથી અમને જે

પ્રશ્ન ઊઠે એનું સમાધાન તરત આવે છે આત્મધર્મમાં. આટલી સરળ અને સીધી ભાષામાં અમને સમજવામા આવે છે એ વાત બહુ અલૌકિક છે. બહુ પત્ર લાંબો. આહા..હા..! બાપુ! આ તો વાત એમના ઘરની છે. આહા..હા..!

અહીં કહે છે ભાષા કીધી. પહેલાં એમ કહ્યું હતું કે જ્ઞાન એટલે આત્માનું જઘન્ય પરિણમન છે. યથાખ્યાત ચારિત્ર નથી ત્યાં સુધી તેને જઘન્ય પરિણમનથી બંધનું કારણ થાય છે. અહીં કહે છે કે સર્વોત્કૃષ્ટ દેખવાને-જાણવાને અસમર્થ છે ત્યાં સુધી એને બંધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્માને સર્વોત્કૃષ્ટથી જાણવું એટલે પૂર્ણ આશ્રય કરીને જાણવું. આહા..હા..! પ્રધાન તો એ ન્યાયે છે, પણ ત્યાં આગળ જઘન્ય પરિણમનની વાત કરી હતી. અહીં જઘન્યપણે દેખે છે અને ઉત્કૃષ્ટપણે દેખતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, દેવાનુપ્રિયા! એ આવું બધું અટપટું છે ત્યાં. થોડા દિવસ આવીને વયા જાય, ભાગી જાય પછી ત્યાં પોતાની મતિએ વાંચેને. એમાં તો ઝીણી વાતું છે. આહા..હા..! શું કીધું?

**શ્રોતા :—** નોળીયો જેમ સુંઘેને એમ અમે આવીયે છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા. આહા..હા..!

આ તો સર્વજ્ઞ પરમાત્માની વાણી દિવ્યધ્વનિ સીધી છે. આહા..હા..! સંતો કહે છે સર્વજ્ઞની વાણી છે. આહા..હા..! કહે છે જ્ઞાની ખરેખર જેને આત્માનો અનુભવ થયો છે. આત્માના અતીન્દ્રિય આનંદનો જેને જ્ઞાન.. એ આવ્યું હતુંને છ ઢાળામાં નહિ? '**જ્ઞાન સમાન ન આન સુખકો કારણ...**' આહા..હા..! '**યે પરમામૃત જન્મજરા...**' આહા..હા..! ભગવાન આનંદ જ્ઞાનસ્વરૂપ, એનું જ્ઞાન થતાં જે આનંદ આવે, જ્ઞાન સમાન ન આનંદ. આહા..હા..! એ સુખનું કારણ કોઈ બીજું નથી. સમજાણું કાંઈ? એના શરીર ને સ્ત્રી ને કુટુંબ ને પરિવાર ને પૈસા ને ધૂળ ને બંગલા-ફંગલા કોઈ સુખનું કારણ છે નહિ. આહા..હા..! ભગવાન આત્માનું જ્ઞાન તે સુખનું કારણ છે. આહા..હા..! કેમકે જ્ઞાન થતાં આનંદનો સ્વાદ સાથે આવે જ તે. આહા..હા..! એટલે આત્મજ્ઞાન તે સુખનું કારણ છે. સંસાર આદિના ઉપાયો આ બધા સ્ત્રી, કુટુંબ, પૈસા એ તો નહિ, પણ સંસારિક જ્ઞાન ને એ પણ સુખનું સાધન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સુખનું કારણ નહિ. શાસ્ત્રજ્ઞાન પણ સુખનું કારણ નહિ. આહા..હા..!

'**જ્ઞાન સમાન ન આન સુખકો કારણ...**' કેટલી વાતું કરી છે! માણસને વિચારવું નથી, પોતાનો આગ્રહ છોડવો નથી અને સત્ય વાત બહાર આવી એને જરી ઉડાવી દેવી છે કે આ વાત એકાંત છે. અરે! પ્રભુ સાંભળ, ભાઈ! આહા..હા..! કેવી વાત લીધી છે. ત્યાં એમ કહ્યું હતું, જ્ઞાની અનુભવ હોવા છતાં જ્ઞાનની અપેક્ષાએ, અભિપ્રાયની અપેક્ષાએ તો ભાવાસ્રવનો તેને અભાવ છે. એટલે દ્રવ્ય આસ્રવનો તો અભાવ છે, એ તો પર જડ છે. અહીં કહે છે કે જ્ઞાની પોતાના આત્માને જઘન્યભાવે દેખે, જાણે અને આચરે છે. આહા..હા..! ત્યાં સુધી એને એટલો બંધ છે. આહા..હા..!

**શ્રોતા :—** દર્શન એટલે શ્રદ્ધા લેવી કે દેખવું લેવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બેય જાણવું-દેખવું. દેખે છે એ પૂર્ણ નથી દેખતોને. શ્રદ્ધામાં તો પૂર્ણ આવી ગયું છે. દેખવામાં જે પૂર્ણ દેખવું જોઈએ એ નથી આવ્યું. સમજાણું કાંઈ? શ્રદ્ધામાં તો સમ્યક્ ક્ષાયિક પૂર્ણ દેખાણું છે. એ નહિ, એ તો શ્રદ્ધાની અપેક્ષાએ, પણ આ તો દેખવામાં જે પૂર્ણ દેખવું જોઈએ આમાં એ નથી એને આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં તો ત્યાં સુધી કહ્યું છે કે જ્ઞાની સમકિતી જીવ પોતે કેવળજ્ઞાનની પર્યાયની અપેક્ષાએ તો પોતે પામર માને છે. અરે! હું તો પામર છું. મારો પુરુષાર્થ ઘણો મંદ છે. સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં ગાથા છે. કેવળજ્ઞાનની પર્યાય ત્યાં.. આહા..હા..! મારી પર્યાયમાં પામરતા છે, વસ્તુમાં પ્રભુતા છે. દૃષ્ટિનો વિષય એમાં પ્રભુતા છે, પણ પર્યાયમાં જુઓ તો પામરતા ઘણી અનંતગુણની. અનંતમે ભાગે હજી પુરુષાર્થ, અનંતગણો પુરુષાર્થ કેવળજ્ઞાન માટે જોઈએ. સર્વોત્કૃષ્ટ દેખવું-જાણવું જોઈએ એ મારી પાસે નથી. આહા..હા..! તે સર્વોત્કૃષ્ટ દેખવું-જાણવું એ પરને નહિ. આહા..હા..! કેવી લીધી વાત!

પોતે આમ પૂર્ણસ્વરૂપ છે એને દેખવું-જાણવું એ દર્શન અને જ્ઞાન હોં. એને આમ દેખવું પૂર્ણ રીતે પૂર્ણ આશ્રય કરીને, એટલું જેને નથી. '**સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને,...**' ભાષા તો જુઓ. પ્રભુને, પરમાત્મસ્વરૂપ ભગવાન જિનસ્વરૂપને '**સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને...**' જોયું! '**સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને...**' ત્રણ લીધા. દર્શન-જ્ઞાન-ચારિત્ર. આ. '**આચરવાને અશક્ત વર્તતો થકો...**' આહા..હા..! કર્મને લઈને અશક્ત વર્તતો થકો એમ નથી લીધું. સમજાણું કાંઈ? બીજે ઠેકાણે આવે છે કે કર્મની બળજોરીથી જ્ઞાનીને રાગ થાય. એ તો બળજોરી એની નથી, નિમિત્ત ઉપર લક્ષ જાય છે એ બળજોરી છે.

ભગવાન ઉપર લક્ષ રહે છે તે પુરુષાર્થની ગતિ છે અને આમ જાય તેને રાગની બળજોરી છે. આહા..હા..! જ્યાં સુધી ભગવાન આત્મા પૂર્ણસ્વરૂપ અખંડ આનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે અંદર.. આહા..! અરે! કેમ બેસે? એને પૂર્ણ રીતે દેખતો નથી. સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાની છે, જઘન્યભાવે જઘન્ય દરજ્જે આત્માને જાણે, દેખે અને આચરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો...**' અશક્ત વર્તતો થકો. પોતે. પોતાની પુરુષાર્થની હીનતાને કારણે. કર્મને કારણે નહિ. આહા..હા..! શૈલી તો જુઓ! પોતાનો ભગવાન પૂર્ણસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ જ છે. એને પૂર્ણ જોવાને, સર્વોત્કૃષ્ટપણે દેખવાને અશક્ય છે. જઘન્યભાવે દેખે-જાણે અને પરિણમન આચરે છે. આહા..હા..! એ '**સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો જઘન્ય ભાવે જ જ્ઞાનને દેખે છે,...**' લ્યો જોયું! આહા..હા..! જ્ઞાન શબ્દે આત્મા. પૂર્ણાનંદના નાથને

જઘન્યભાવે દેખે છે. આહા..હા..! શું ટીકા ને શું! સમયસાર તો ગજબ વાત છે. સત્યને ખોલીને મૂક્યું છે. આહા..હા..!

ભાઈ! તારો આત્મા તને જણાણો, દેખ્યો અને આચરણપણ કર્યું, પણ જઘન્યભાવે દેખ્યો, જાણ્યો અને આચરણ છે. આહા..હા..! માટે જ્યાં સુધી સર્વોત્કૃષ્ટ ન થાય ત્યાં સુધી પુરુષાર્થ અંદર સર્વોત્કૃષ્ટ દેખવાને કર. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે આમાં સૂઝ પડે નહિ કે શું કરવું? કેટલાક એમ કહે સૂઝ પડતી નથી આમાં. આ કરવાનું કાંઈક વ્રત હોય, અપવાસ હોય, એકટાણુ કરવું, રસનો ત્યાગ કરવો, ફલાણું કરવું, આ બ્રહ્મચર્ય પાળવું છપરબી, અરે! જાવજીવનું પાળવું. સમજાય તો ખરું. એ તો રાગ છે, બાપા! આહા..હા..! બ્રહ્મચર્ય તો બ્રહ્મ નામ આનંદ પ્રભુ આત્મા, એમાં ચરે-રમે એનું નામ બ્રહ્મચર્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

બ્રહ્માનંદ ભગવાન આત્મા એને જઘન્યભાવે ભલે દેખે-જાણે તો એટલું બ્રહ્મચર્ય છે, ઉત્કૃષ્ટભાવે દેખે તો ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય છે. આહા..હા..! એ પોતાની નબળાઈને જ કારણે જઘન્યભાવે દેખે છે એમ કહે છે. કોઈ કર્મનું કારણ છે સમકિતીને માટે, ચારિત્રમોહનો ઉદય છે માટે અશક્ત જઘન્યભાવે પરિણમે છે (એમ નથી).

**શ્રોતા :—** કેવળીને આઘાતિકર્મ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અરે! કેવળીને કાંઈ.. એને શું છે એ તો બધું જાણે છે. એ તો પર્યાયમાં એટલી નબળાઈ છે એ જાણે છે કેવળી અને એનો પર્યાય વ્યક્ત થશે આ કાળે એ પણ એના જ્ઞાનમાં આવી ગઈ છે વાત. એને કાંઈ ખામી નથી. આહા..હા..! એમ કરીને કર્મનું જોર બતાવવું છે. એ પણ પર્યાયની કમી છે ત્યાં. અઘાતિકર્મમાં જે પ્રતીજીવી ગુણ છે એને પ્રગટ થવાની કમી છે માટે ત્યાં રહ્યા છે. કર્મને લઈને નહિ. આહા..હા..! પ્રતીજીવી ગુણ વિપરીતપણે પરિણમેલ છે. એથી તેમાં રહ્યા. એને અવિપરીતપણે પરિણમે ત્યારે મુક્ત થઈ જાય. ભાવમોક્ષ તો છે. પ્રતીજીવી ગુણની વિપરીત પર્યાય એને ટાળે ત્યારે દ્રવ્યમોક્ષ થાય. એ દ્રવ્યમોક્ષ કહેવાય એને. આહા..હા..! સમજાણું કાંઈ? ઘાતિ ટળ્યા છે, ટાળ્યા છે ત્યારે એને ભાવમોક્ષ કહીએ, પણ હજી દ્રવ્યમોક્ષ એટલે કર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એટલો. એ તો નિમિત્ત છે. નૈમિત્તિક પોતાની હીણી પર્યાય પરિણમે છે એ પોતાનું નૈમિત્તિક છે. સમજાણું કાંઈ? એ બેને ટાળે ત્યારે દ્રવ્યમોક્ષ થઈ જાય. એટલે રજકણનો પણ નિમિત્ત સંબંધ રહે નહિ. આહા..હા..!

**શ્રોતા :—** દ્રવ્યમોક્ષ જરૂરી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જરૂર એ તો થાય જ ત્યાં. ક્ષણે-ક્ષણે ભાવ થઈ ગયો છે એ ક્ષણે-ક્ષણે દ્રવ્યથી છૂટો પડતો જ જાય છે. સમયે-સમયે પ્રતીજીવી ગુણની પર્યાયની નિર્મળતા સમયે-સમયે થતી જાય છે. આહા..હા..! છે?

'જઘન્યભાવે જ જ્ઞાનને દેખે છે,...' પહેલા '**સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને, જાણવાને અને આચરવાને અશક્ત વર્તતો થકો જઘન્ય ભાવે જ જ્ઞાનને દેખે છે,...**' એમ પાછું. આહા..હા..! વસ્તુના સ્વરૂપને જઘન્યભાવે જાણે, '**દેખે છે અને આચરે છે ત્યાં સુધી તેને પણ, જઘન્યભાવની અન્યથા અનુપપત્તિ વડે...**' એટલે શું કહે છે? જઘન્યભાવની અન્યથા અનુપપત્તિ. જો ત્યાં રાગ ન હોય તો જઘન્યભાવ હોઈ શકે નહિ. આહા..હા..! જઘન્યભાવ છે ત્યાં બુદ્ધિપૂર્વક રાગ ભલે રુચિપૂર્વક નથી, પણ અરુચિપૂર્વક ત્યાં રાગ છે. ત્યારે જ્ઞાનીને પણ હજી રાગ છે એટલું દુઃખ છે. બંધ થાય છે એ ક્યા ભાવથી થાય? રાગ ભાવથી. તો રાગ બંધ-દુઃખનું કારણ છે. સમજાણું કાંઈ? બહુ વાંધા ઉઠ્યા. પહેલેથી તે અત્યાર સુધી એ વાંધા ઉઠાવ્યા જ કરે છે.

દીપચંદજી વળી એમ કહે, આ મોટી-મોટી બધી વાતું કરે બહારની, તત્ત્વદૃષ્ટિની ખબર ન મળે. અને સોગાનીની વાત બહાર આવતા એનું પોગળ ખુલ્લું થઈ ગયું. શુભભાવ દુઃખ છે, ભઠ્ઠી છે. એ અજ્ઞાનીને દુઃખ લાગે, જ્ઞાનીને શુભભાવમાં દુઃખ છે જ નહિ. અહીં તો જ્ઞાનીને જઘન્યભાવ પરિણમન છે એ રાગ વિના ન હોય, અન્યથા ન હોય એ તો સિદ્ધ કરવું છે. રાગ છે. આહા..હા..! જઘન્યભાવનું અન્યથા પરિણમન કેમ હોય? ઉત્કૃષ્ટ પરિણમન કેમ નથી? ઉત્કૃષ્ટ ભગવાન આત્માને દેખવા-જાણવા સમર્થ નથી, ત્યાં જઘન્ય છે એ અવિનાભાવ રાગનો સંબંધ છે એમ અનુમાન થઈ શકે છે. આહા..હા..! ત્યારે કહે ક્ષણે- ક્ષણે નાશ કરવો, પણ ક્ષણે-ક્ષણે નાશ થતો જાય પણ છે કે નહિ? સમજાણું કાંઈ? એમ આવ્યું હતું એકફેરી. ક્ષણે ક્ષણે કાપતો જાય છે. માટે તેને રાગ-દુઃખ છે જ નહિ. પણ કાપતો જાય છે પણ છે એને કાપે છેને, એક સાથે કપાય છે? આહા..હા..! આકરી વાતું ભારે, ભાઈ! નહિતર કેટલા પરિચયમાં વર્ષોવર્ષ આવતા. આઠ દિ' આવે આઠ દિ'. ભારે કામ, બાપુ! ધર્મીને ક્ષાયિકસમકિતિને પણ જઘન્ય પરિણમન છે દેખવા, જાણવા ને આચરવાને. એ અહીં કહે છે કે '**જઘન્યભાવની અન્યથા અનુપપત્તિ વડે (અર્થાત્ જઘન્યભાવ અન્ય રીતે નહિ બનતો હોવાને લીધે) જેનું અનુમાન થઈ શકે છે એવા અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્‌ભાવ હોવાથી,...**' અહીં છે હજી. કાપતો જાય છે એ તો વળી સમય-સમયની પર્યાય છે, પણ છે એટલી વાત અહીં લીધી. આહા..હા..!

'**સદ્‌ભાવ હોવાથી,...**' રાગને મલિનતાનો સદ્‌ભાવ હોવાથી પુદ્‌ગલ કર્મનો બંધ મલિનતાને કારણે થાય છે. આહા..હા..! '**માટે ત્યાં સુધી જ્ઞાનને દેખવું,...**' જોયું! ભગવાન આત્માને ત્યાં સુધી દેખવો '**જાણવું અને આચરવું કે જ્યાં સુધીમાં જ્ઞાનનો જેવડો પૂર્ણ ભાવ છે...**' આહા..હા..! ભગવાન આત્માને જેવડો સ્વભાવ દેખવા-જાણવાનો છે. જેવડો-તેટલો. આહા..હા..! '**તેવડો દેખવામાં, જાણવામાં અને આચરવામાં બરાબર આવી જાય.**' આહા..હા..! એ કેવળજ્ઞાન પૂર્ણ દેખાય, પૂર્ણ જાણે અને પૂર્ણ આચરણ થાય. સમજાણું કાંઈ?

એવું કહ્યું જોયું!

ઓલા પુણ્ય-પાપમાં એમ આવ્યું હતુંને? સર્વજ્ઞ જ્ઞાની, સર્વદર્શી પોતે પોતાને જાણતો નથી. સર્વને જાણતો નથી એમ નથી લીધું. પૂર્ણ રીતે સર્વને, સર્વને-પોતાને, સર્વ રીતે પૂર્ણ પોતાને જાણતો-દેખતો નથી. ૧૫૫ ગાથામાં આવ્યું. ૫૫ને બીજે? બીજે. ૬૦-૬૦. ૧૬૦. ત્યાં એમ કીધું સર્વને જાણનારો એવો આત્મા, એને જાણતો નથી. આહા..હા..! ૧૬૦ કીધુંને. ૧૬૦. પુરુષાર્થ. હા, ત્યાં આવ્યું છે. સર્વજ્ઞાની સર્વદર્શી હોવા છતાં.. એમ આવ્યું હતુંને? આમાં જ આવ્યું હતું. કેટલામું છે એ? આ રહ્યું. ૧૫૭ પાનું છે.

**सो सव्वणाणदरिसी कम्म रएण णियेणावच्छण्णो।**
**संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।१६०।।**

ભાષા દેખો! જુઓ શું કીધું? ટીકામાં જુઓ. '**જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (-સર્વ પદાર્થોને) સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે...**' આત્મતત્ત્વ જ એવું છે. '**એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી...**' તે દિ' જીવનધરને અહીં હતા. લ્યો આમાં કર્મનો રજ લીધું. અરે.. કર્મરજ નથી લીધું. પોતાનો ઊંધો પુરુષાર્થ લીધો. બધાને ત્રણે સંપ્રદાયને કર્મ-કર્મ વળગ્યું છે. એમાં ઈશ્વર કર્તાવાળા ઈશ્વરમાં નાખે, આ કર્મ કર્તામાં નાખે. અને આ આપે છે એ કહે નિયત તમે માનો છે માટે તમે.. ભયંકર તમારી શ્રદ્ધા ખોટી છે એમ કહે છે. આહા..હા..! નિયતમાં તો જે સમયે જે પર્યાય તે કાળે તે થાય એવો નિયત છે અને ઓલામાં નથી આવતું? અનુભવપ્રકાશ-અનુભવપ્રકાશ. ચિદ્વિલાસમાં. જે કાળે જે અવસ્થા થવાની તે થાય તે નિશ્ચય છે. છેને આમાં? જે કાળે જે અવસ્થા જે દ્રવ્યની થવાની તે થાય તે નિશ્ચય છે. આડે અવળી નહિ. આહા..હા..!

**શ્રોતા :—** જે સમયે અને જે કાળે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો પછી. આ તો આવા શબ્દ છે. એ તો ત્યાં સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં. પણ અહીં તો આ છે અનુભવપ્રકાશ અને આત્માવલકોન. જે કાળે. સમજાણું? નીચે છે. 'ઔર જિસ કાલ વિષે જૈસી હોની હૈ ત્યોંહી હોય જોભી સોભી નિશ્ચય કહીએ.' ચિદ્વિલાસ છે. પાનું ૫૩ છે. એ જ આત્માવલોકનમાં છે. શું કીધું? હવે ઓલા કહે છે કે જે સમયે જે થાય તો નિયત છે. એ આવી ગયું છેને આત્માવલોકનો એ તો એક જ છે. બે એક જ છે.

'જિસ કાલ વિષે જૈસી હોની હે ત્યોંહી હોય, જોભી સોભી નિશ્ચય કહીએ.' એ ૨૬ પાને છે આત્માવલોકનમાં. આત્માવલોકનમાં. એની એ ભાષા છે. ૨૬ પાને છે. તો એક એણે લીધી છે. 'જિસ ભાવ કા પ્રતિપક્ષી વેરી હૈ, ઈસકો વેર કરે, અવર કો ન કરે સુનિશ્ચય...' સ્વભાવથી વિરૂદ્ધ રાગ એ વેરી છે, એ નિશ્ચય છે. કર્મ વેરી છે એમ નિશ્ચય નહિ. અરિહંતાં અરિહં વિષ્ણુ એમ નહિ એમ કહે છે. છે? 'જિસ ભાવકા પ્રતિપક્ષી વેરી તીસીકો વેર કરે,

અવરકો ન કરે સોભી નિશ્ચય જાનના.' આહા..હા..! બીજાને શું કરે? આહા..હા..! એ ૩૦મેં પાને છે. 'જો જિસકાલ વિષે જૈસી જો હોની હૈ ત્યોંહી જો હોય સો ભી નિશ્ચય.' બેય ઠેકાણે છે. પાનું-૩૦. આત્માવલોકન પાનું-૩૦. આહા..હા..! આવું તો બધું અનુભવપ્રકાશ દીપચંદજી આટલું લખે છે. આહા..હા..!

હવે એને એ માન્ય નથી કે જે સમયે જે થાય એ નિમિત્ત વિના થાય તો એ તો નિયતવાદ થઈ ગયો. નિમિત્ત વિના તો શું? પણ ધ્રુવ ને વ્યય વિના થાય એનું નામ ઉત્પાદ અને નિશ્ચય છે. આહા..હા..! એય..! દેવીલાલજી! નિમિત્ત તો પરદ્રવ્ય કહ્યું, પણ ઉત્પાદ જે સમયનો જે સમયનો જે પર્યાય તે કાળે તે થાય તેને ધ્રુવની અપેક્ષા નથી. એના નિયત દ્રવ્યની અપેક્ષા નથી. હવે પરદ્રવ્ય તો અડે છે જ ક્યાં? આહા..હા..! મૂળ સાંભળ્યું નથી એણે. આહા..હા..! આ શેઠિયાઓને કાંઈ દરકાર ન હોય. જે માથે કીધું હોય એ જયનારાયણ કરીને...

**શ્રોતા :—** સાહેબ! દ્રવ્યની અપેક્ષા નથી એનો અર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દ્રવ્યની અપેક્ષા નથી તો વ્યય સત્ છે, ઉત્પાદ સત્ છે. સત્‌ને દ્રવ્યની અપેક્ષા નથી. સત્ અહેતુક છે. પર્યાય પર્યાયને કારણે થાય છે.

**શ્રોતા :—** દ્રવ્ય વગર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દ્રવ્ય વગર, હા. દ્રવ્ય હોવા છતાં પર્યાયને ઉત્પન્ન થવામાં દ્રવ્યની અપેક્ષા નથી, એને વ્યયની અપેક્ષા નથી, એને ધ્રુવની અપેક્ષા નથી. આહા..હા..! સ્વતંત્ર ત્રણ સત્ છે અને તે પણ પર્યાયમાં પ્રભુત્વશક્તિને લઈને સમ્યગ્દર્શનમાં હોં. આહા..હા..! એક પર્યાય પોતાની પ્રભુત્વ શક્તિને લઈને અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભિત છે એ પર્યાય. આહા..હા..! સમ્યગ્દર્શનનો પર્યાય ઉત્પન્ન થયો એ સ્વતંત્રપણે અખંડ પ્રતાપથી શોભાયમાન સ્વતંત્રપણે થાય છે. જેને નિમિત્તની અપેક્ષા તો નથી, પણ જેને દ્રવ્યની અપેક્ષા નથી. આહા..હા..! એવી એનામાં પ્રભુત્વશક્તિ, એક-એક પર્યાયમાં પ્રભુત્વશક્તિ પડી છે. આહા..હા..! પ્રભુત્વ શક્તિનું એમાં રૂપ છે અને એનું એ સ્વરૂપ છે. પ્રભુત્વશક્તિનું પર્યાયમાં રૂપ છે, અનંતી પર્યાય, પણ છતાં એનું સ્વરૂપ છે. આહા..હા..!

**શ્રોતા :—**દ્રવ્યની અપેક્ષા હોય તો શું વાંધો આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દ્રવ્યની અપેક્ષાએ તો વ્યવહાર થઈ ગયો. એ વ્યવહાર થઈ ગયો. અહીં તો નિશ્ચય સિદ્ધ કરવું છે. એ તો બિજામાં વ્યવહારના ગ્રંથ આત્મમિમાંસામાં એમ આવે છે. ધર્મને ધર્મીની અપેક્ષા નથી. ધર્મી અને ધર્મ બે ભિન્ન છે. આહા..હા..! ધર્મી દ્રવ્યને ધર્મની અપેક્ષા નથી. ધર્મને-પર્યાયને દ્રવ્યની અપેક્ષા નથી. નહિતર બે સિદ્ધ નહિ થાય સ્વયં. પછી કહેવું કે આ પર્યાય દ્રવ્યની અને આ દ્રવ્યનો પર્યાય વ્યવહાર થઈ ગયો પછી. એ અપેક્ષા થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એક બાઈ બહુ લખે છે ઘણું કહો, આવી સાદી ભાષા અને સરળ ભાષા. આવું તત્ત્વ બહાર આવે છે. ઓહો..હો..! નામ નથી અંદર ગામ. હોય છેને આત્માની. બાઈનું તો શરીર છે, આત્મા ક્યાં સ્ત્રી છે? આહા..હા..! એ તો ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા એ નાતેય ક્યાં છે? જાત પણ ક્યાં છે? વેશ પણ ક્યાં છે? અને વ્યવહાર પણ ક્યાં છે ત્યાં? આહા..હા..! એ વાત અંદરમાં બેસવી બાપુ! એમાં અનંત પુરુષાર્થ કહ્યો છેને એ ઓલા વસ્તુવિજ્ઞાનસારમાં. ૨૦૦૨ સાલમાં છપાણુંને. ભાઈ આમાં.. એમાં પણ ટીકા કરી છે. મહારાજ! જે સમયે જે થાય તેમાં અનંત પુરુષાર્થ છે કહે. આહા..હા..! અરે! ભાઈ! તને ખબર નથી, બાપુ! એ તારી પંડિતાઈ અહીં ન ચાલે એમાં. આહા..હા..! જે સમયે જે પર્યાય જે કાળે થવાની તે તેનો ક્ષણ છે. તેને એમાં અનંત પુરુષાર્થ છે. કેમકે એ પર્યાયનો નિર્ણય દ્રવ્યને આશ્રયે થાય છે. આહા..હા..! અને એ પર્યાયનું તાત્પર્ય વીતરાગતા છે. એટલે કે એ પર્યાય પૂર્ણાનંદને આશ્રયે જાય છે ત્યારે એને વીતરાગતા થાય છે, તે સમયે તે વીતરાગ થવાનો કાળ છે અને વીતરાગતા થાય છે. આહા..હા..! એ વ્યવહારને લઈને નહિ, પૂર્વની પર્યાયનો વ્યય થયો એને લઈને નહિ. આહા..હા..! આ તે આવું તત્ત્વ. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** નવેસરથી એકડા શીખવા પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકડા શીખવા પડે બધા ભાણ્યા છે પંડિતાઈના.

ભાઈ! આ તો વસ્તુ બીજી છે, બાપુ! જ્ઞેયનું સ્વરૂપ જ એ છે. તેથી તો જ્ઞેય અધિકારમાં નાખ્યું ૧૦૧-૨માં. ૧૦૧માં એમ નાખ્યું જ્ઞેય અધિકાર. જ્ઞેયનું સ્વરૂપ જ એવું છે કે ઉત્પાદ અને વ્યયની અપેક્ષા નથી. વ્યયને ધ્રુવની ઉપેક્ષા નથી, ઉત્પાદની અપેક્ષા નથી. ત્રણેય સ્વતંત્ર છે. એવું ૧૦૧ ગાથામાં પ્રવચનસાર દિવ્યધ્વનિનો સારમાં આ નાખ્યું છે. જ્ઞેયનું આવું સ્વરૂપ છે. આહા..હા..! એને બીજી રીતે માને તો એ શ્રદ્ધા વિપરીત, જ્ઞાન વિપરીત, આચરણ પણ વિપરીત છે ત્રણેય. આહા..હા..! આકરું કામ ભારે, ભાઈ!

**'જ્યાં સુધીમાં જ્ઞાનનો જેવડો પૂર્ણ ભાવ છે...'** વસ્તુ હોં. **'તેવડો દેખવામાં, જાણવામાં અને આચરવામાં બરાબર આવી જાય.'** આહા..હા..! **'ત્યારથી સાક્ષાત્ જ્ઞાની થયો થકો...'** જુઓ, ઓલામાં ખરેખર જ્ઞાની છે એ તો મૂક્યું હતું પહેલા પદમાં. અહીં સાક્ષાત્ હવે કીધું. એટલો ફેર પાડ્યો. પૂર્ણદર્શન-પૂર્ણ દેખવું, પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ સ્વરૂપનું આચરણ થતાં સાક્ષાત્ જ્ઞાની થયો થકો. ઓલામાં નિરાસ્રવ દ્રવ્ય છે એટલું હતું. અહીં સર્વથા નિરાસ્રવ. એમ કહ્યું. છે?

પહેલું જે પદ હતું એમાં ખરેખર જ્ઞાની છે તે. અહીં કહ્યું કે સાક્ષાત્ જ્ઞાની થયો થકો. ત્યાં કહ્યું હતું કે નિરાસ્રવ જ છે. અહીં કહ્યું સર્વથા નિરાસ્રવ જ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધન્નાલાલજી! ઉપર અને નીચે બેયનો મેળ છે આ. પહેલું કહ્યું ખરેખર જ્ઞાની છે તે. બુદ્ધિપૂર્વકના અભાવથી નિરાસ્રવ છે એમ કહ્યું હતું. અહીં કહે છે કે જ્યાં સુધી સાક્ષાત્ આત્મજ્ઞાની

થયો થકો. હવે ઓલો જ્ઞાની છે પણ એ સાક્ષાત્ પૂર્ણ નથી અને તેથી સર્વથા નિરાસ્રવ જ હોય છે. ઓલામાં નિરાસ્રવ કહે અહીં સર્વથા નિરાસ્રવ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ-૧૩, શુક્રવાર, તા. ૧૯-૧૧-૧૯૭૬, ગાથા-૧૭૨, કળશ-૧૧૬, પ્રવચન નં. ૨૩૬**

સમયસાર, આસ્રવ અધિકાર, ૧૭૨નો ભાવાર્થ. '**જ્ઞાનીને બુદ્ધિપૂર્વક (અજ્ઞાનમય) રાગદ્વેષમોહનો અભાવ હોવાથી જ્ઞાની નિરાસ્રવ જ છે.**' શું કીધું એ? જેને સર્વજ્ઞે દીઠું એવું થાય છે ક્રમબદ્ધ, આઘું-પાછું નહિ. એવું જેણે સર્વજ્ઞે દીઠું એવો નિર્ણય કર્યો એ જ્ઞાયકસ્વભાવ પ્રત્યે જતાં, કેમકે જ્ઞાયક સ્વભાવમાં સર્વજ્ઞતા છે. સર્વજ્ઞસ્વભાવ છે. એ સર્વજ્ઞની પ્રતીતિમાં સર્વજ્ઞના સ્વભાવની પ્રતીતિ આવે છે. અને તે જ્ઞાન થયેલું જ્ઞાન સર્વજ્ઞસ્વભાવનું જ્ઞાન થયું એટલે કે અલ્પજ્ઞાન, અલ્પનું, રાગનું અને નિમિત્તની ઉપેક્ષા કરીને. આહા..હા..! જેને આ સર્વજ્ઞસ્વભાવની પ્રતીતિ થઈ, અનુભવ થયો એને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

લોકો અત્યાર સુધી એ કહેતા કે આ તમારું નિયતવાદ છે. જે સમયે જે થાય તે એ છે તો એમ જ. જે સમયે જે પર્યાય જે દ્રવ્યની તેનો કાળ છે ત્યારે થશે. પણ એ નિર્ણય કોણ કરે એનો? એ સર્વજ્ઞે દીઠું છે તે પ્રમાણે થશે એ વાત તો કીધી હતી નહિ? ૭૨ની સાલની વાત છે આ તો. આહા..હા..! એવું જેને સર્વજ્ઞસ્વભાવ જગતમાં છે. આહા..હા..! એણે જે જોયું તે જ થાય. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાનો દાખલો આપ્યો છે. આપ્યો છે. .. જે કાળે જે રીતે થવાનું તે થાય છે. એમાં શંકા કરે તો મિથ્યાદૃષ્ટિ છે. એનો અર્થ એ કે જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય થતાં એને ક્રમબદ્ધનો નિર્ણય એમાં આવી જાય છે. સર્વજ્ઞનો નિર્ણય થતાં એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર નિશ્ચયથી શું છે એની શ્રદ્ધા એમાં આવી જાય છે. નિશ્ચયથી હોં. મોક્ષમાર્ગમાં આવે છેને ભાઈ! નિશ્ચયથી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા થતાં નિશ્ચયથી. દેવનું સ્વરૂપ છે સર્વજ્ઞપણું, ગુરુનું સ્વરૂપ છે નિર્ગ્રંથપણું, ધર્મનું સ્વરૂપ છે વીતરાગતાપણું. આહા..હા..! એનો જે નિર્ણય કરે એને સર્વજ્ઞસ્વભાવ પ્રત્યે જ દૃષ્ટિ જાય. આહા..હા..! આવી વાત આખી ગુપ્ત અને હવે બિચારાએ આટલી કાઢી થોડી અત્યારે આટલા વર્ષે. આહા..હા..! સમજાણું કાંઈ?

કેમકે આત્મા એ જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાનસ્વભાવ જ એનું સ્વરૂપ છે. તો જ્ઞાનસ્વભાવ શું કરે? જેમ સર્વજ્ઞ ત્રણકાળ, ત્રણલોકને જાણે છે એમ જ્ઞાનસ્વભાવનો જેને નિર્ણય થયો એ પણ જેમ થાય છે તેને જાણે છે. આહા..હા..! એ અહીં કહે છે કે જ્યારે જ્ઞાનીને હવેના

ક્રમબદ્ધમાં અજ્ઞાનમય રાગ-દ્વેષ-મોહનો અભાવ હોવાથી. કારણ કે અજ્ઞાન તો ગયું. સર્વજ્ઞ સ્વરૂપી હું આત્મા, હું તો જાણનાર-દેખનાર બસ. રાગનો પણ કર્તા નહિ, ક્રમબદ્ધની પર્યાયને ફેરવનાર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! અત્યારે તો પ્રવૃત્તિની ક્રિયાકાંડને એનામાં ઘુસી ગયો છે આખો. આહા..હા..! પણ ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે એટલે કે સર્વજ્ઞસ્વરૂપ છે. આહા..હા..! એ સર્વજ્ઞસ્વરૂપમાં પર્યાયને આશ્રયે સર્વજ્ઞની પ્રતીતિ ન થાય. સર્વજ્ઞની પ્રતીતિ સર્વજ્ઞસ્વભાવને આશ્રયે થાય. એ તો દૃષ્ટિ થઈ ગઈ દ્રવ્ય.

અને ક્રમબદ્ધ થાય એવો જે સિદ્ધાંતનો લેખ એનું તાત્પર્ય વીતરાગતા. તો ક્રમબદ્ધપર્યાયનું તાત્પર્ય વીતરાગતા એ વીતરાગતા શી રીતે થાય? કે દ્રવ્ય વસ્તુ જે સર્વજ્ઞસ્વભાવી છે એ ઉપર દૃષ્ટિ જાય ત્યારે તેને વીતરાગતા થાય. સમ્યગ્દર્શન એટલે વીતરાગતા. આહા..હા..! દેવાનુપ્રિયા! ઝીણી વાતું છે બધી. બધું અત્યારે ગોખી રાખ્યું છે એમાં બધો ફેરફાર કરવો પડશે.

**શ્રોતા :—** પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ જુદું. એ વળી જુદી લાઈન છે. એ તો ભેદજ્ઞાન કરવાની વાત છે.

અહીંયાં તો પર્યાયનો ભાવ પર્યાયમાં થાય છે તે સમયે. દ્રવ્યનો દ્રવ્યભાવ, ગુણનો ભાવ અને પર્યાયભાવ એ પર્યાયનો ભાવ પર્યાયને કાળે પર્યાયમાં થાય છે. આહા..હા..! એ દ્રવ્ય-ગુણથી નહિ અને નિમિત્તથી તો નહિ. આહા..હા..! આવો જે સમય-સમયનો પર્યાયભાવ ક્રમસર જે પર્યાયભાવ થાય છે એવો જે નિર્ણય એ દ્રવ્યના જ્ઞાયકભાવ ઉપર જાય ત્યારે થાય છે. એટલે પુરુષાર્થ આવ્યો, સર્વજ્ઞસ્વભાવ આવ્યો, નિયતિનો પર્યાયકાળ એ કાળલબ્ધિ આવી અને ભવિતવ્યનો ભાવ થયો તે ભાવ આવ્યો અને તે સમયે તેટલો નિમિત્તનો અભાવ છે એ પણ આવ્યું. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ! આહા..હા..!

અમારે ત્યાં હતા દામોદર શેઠ. એ એમ કહેતા કે સર્વજ્ઞ જેના માર્ગમાં હોય એ સર્વજ્ઞ પુરુષાર્થ કરવાનું કહે નહિ. કારણ કે એ તો જાણે છે કે આ ઠેકાણે આ સમયે આનો પુરુષાર્થ થાશે. એ વળી એમ કહેતા. કાંઈક કાંઈક લોકો વાતું. દામોદરશેઠ. દામનગર. એ વખતે તો પૈસાવાળા તો એ જ હતા દસ લાખ રૂપિયા તે દિ' ૬૦ વર્ષ પહેલાં. હવે અત્યારે આટલાબધા થઈ ગયા છે ઘણા. એ એમ કહેતા કે વીતરાગ એવી આજ્ઞા ન આપે કે પુરુષાર્થ કર. આહા..હા..! અરે! કીધું શું કહો છો તમે આ? વીતરાગની આજ્ઞા જ્યાં વાણી નીકળે એ વાણીમાં તો આત્માના સ્વભાવના પુરુષાર્થની જ વાણી આવે. સમજાણું કાંઈ?

ઓલી ૭૨ની સાલની ચર્ચા થઈ ગઈને મોટી? એ ઉપર વિરોધ કરતા એ. પુરુષાર્થ કરી શકાય નહિ. પુરુષાર્થને કાળે પુરુષાર્થ થશે. આપણે નવો કરી શકીએ નહિ. પણ પુરુષાર્થને કાળે પુરુષાર્થ થાશે એનો નિર્ણય કોની સન્મુખ થઈને કર્યો? સર્વજ્ઞની પર્યાયની સત્તાનો સ્વીકાર સર્વજ્ઞની

પર્યાયની સન્મુખ થઈને થાય? અને તેથી તો કહ્યું 'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।' અરિહંતનો પર્યાય જે જાણે એને એવો જ જીવ લીધો કે એ આત્માને જ જાણે. આહા..હા..! ત્યારે એને વ્યવહારે જાણ્યા કહેવાય. આહા..હા..! અરે! આવી વસ્તુ બાપુ! જ્ઞાનસ્વભાવી આત્મા કરે શું? એ તો જાણવાનું કામ ત્રણકાળ, ત્રણલોકનું જાણવાનું કામ કરે. એ જાણવાનું પણ સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે માટે કરે. આહા..હા..! પરવસ્તુ છે માટે પરને જાણે એમ પણ નહિ. સમજાણું કાંઈ?

આમ જ્યારે નિર્ણય કરે તો એમાં ક્રમબદ્ધમાં તો પાંચેય બોલનો નિર્ણય આવી ગયો. જે અહીં પાંચ બોલનો વિરોધ છેને? ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ. પાંચનો વિરોધ છે. હવે આ ક્રમબદ્ધનો નિર્ણય જો આવ્યો.. આહા..હા..! કેમકે સર્વજ્ઞ છે એણે જોયું છે એ બધું ત્રણકાળ, ત્રણલોક જ્યાં-જ્યાં જે પર્યાય થવાની તે એ તો ક્રમબદ્ધ થઈ ગયું. શાંતિભાઈ! એક વાત.

અને ક્રમબદ્ધમાં પણ વ્યવહાર અને નિશ્ચયને એક સાથે રાગની મંદતા છે, નિર્વિકલ્પ દૃષ્ટિ અને અનુભવ છે. એ પણ ક્રમબદ્ધમાં એક સમયે સાથે છે. એટલે વ્યવહારથી નિશ્ચય થાય એ રહ્યું નહિ, ક્રમબદ્ધની પર્યાય થાય છે ત્યારે નિમિત્તથી થાય છે એ પણ રહ્યું નહિ. નિમિત્ત હો. શેઠ! ઝીણી વાત છે, ભાઈ! સૂક્ષ્મ વાત છે. આહા..હા..! એક સર્વજ્ઞનો નિર્ણય કરતા અથવા ક્રમબદ્ધનો નિર્ણય કરતા, અહીંના જે પાંચેય બોલોનો વિરોધ છે એ એક સેકન્ડમાં પતિ જાય છે. આટલું જરી આવ્યું આ ફેરે બહુ સારું આવ્યું છે. રાતે વાંચશે. વાંચ્યું હતું. ઓહો..હો..! ભારે ઠીક લાગ્યું છે હવે.

અત્યાર સુધી આવા ખુલાસા નહોતા કરતા. નિમિત્તથી થાય... નિમિત્તથી થાય... પણ પહેલો એણે એક શબ્દ આવ્યો કે સોનગઢવાળા નિમિત્તનો નિષેધ કરતા નથી, પણ નિમિત્તને કર્તા માનતા નથી. વાત એમ જ છે. નિમિત્ત છે, પણ પરપર્યાયનો એ કર્તા નથી. આહા..હા..! કેમકે નિમિત્તને કાળે નિમિત્ત હોય, ઉપાદાનની પર્યાય પોતાને કાળે પોતાથી થઈ છે, એનાથી થઈ નથી. આહા..હા..! આવો જ્યાં નિર્ણય થાય ત્યાં ૪૭ ગાથામાં જે કહ્યું, દ્રવ્યસંગ્રહમાં. 'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा' એ આ સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. નિશ્ચય અને વ્યવહારમોક્ષમાર્ગ ધ્યાનમાં થાય છે. એટલે? એ ક્રમબદ્ધનો જ્યાં નિર્ણય કરે છે ત્યારે સ્વભાવ તરફ દૃષ્ટિ જાય છે ત્યારે સ્વભાવનું પરિણમન થાય છે, નિશ્ચય છે અને એ વખતે રાગ બાકી રહ્યો એનું નામ વ્યવહાર છે. એટલે વ્યવહારથી નિશ્ચય થાય એ રહ્યું નહિ, નિમિત્તથી ઉપાદાન થાય એ રહ્યું નહિ અને આડુંઅવળું થાય એ રહ્યું નહિ. આહા..હા..! માર્ગ તો આવો છે. આવો લેખ તો આજે જ આવ્યો આ સામાવાળા તરફથી. સમજાણું?

**શ્રોતા :—** નવરો થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નવરો થઈ જાય. કર્તાપણાથી નવરો થઈ જાય. આહા..હા..!

સર્વજ્ઞ પ્રત્યક્ષ પર્યાયથી ત્રણકાળ જાણે અને સર્વજ્ઞનો નિર્ણય કરનારો વર્તમાન મતિશ્રુતથી ત્રણકાળ, ત્રણલોકને જાણે બસ. જાણે. કરે નહિ કાંઈ, ફેરફાર નહિ, બીજાનું કરે નહિ, બીજાથી લે નહિ, થાય નહિ. આહા..હા..! રસિકભાઈ! આવું આવ્યું. ઠીક પણ અત્યારે કીધું આવ્યું આટલા વર્ષે. આવો લેખ અત્યાર સુધી નથી આવ્યો એનો. આપણે તો ઠેકઠેકાણે લખીએ છીએ. આહા..હા..!

વાત એ છે કે પ્રભુ તું છે કોણ? તું છો જ્ઞાનસ્વભાવ. એ સ્વભાવવાનનો જ્ઞાનસ્વભાવ. તો જ્ઞાનસ્વભાવ એ શું છે? સર્વજ્ઞસ્વભાવ. જ્ઞ સ્વભાવ સર્વજ્ઞસ્વભાવ. તો સર્વજ્ઞસ્વભાવ જેને પ્રગટ થયો એને સર્વજ્ઞ સ્વભાવમાંથી પ્રગટ પર્યાય આવી છે. એ ગુણને આશ્રયે કહીએ તો. બાકી તો સર્વજ્ઞની પર્યાયનું ષટ્કારકનું પરિણમન તે પર્યાય તેને કારણે થઈ છે. સર્વજ્ઞસ્વભાવને આશ્રયે કહેવું એ ત્યાં લક્ષ છે એટલી અપેક્ષા. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત બાપુ! બહુ વસ્તુ વીતરાગમાર્ગ એટલો સૂક્ષ્મ અને એટલો ફળદાયક છે. અપૂર્વ વાત છે. પણ એથી લોકોએ વીંખી નાખ્યું. ભગવાનને નામે પણ વીંખી નાખ્યો ધર્મ અને એ આરોપ દેવા માંડ્યા હવે. અરે! ભગવાન! આરોપ ન દેવાય પ્રભુ! તું છો એવો. આહા..હા..!

અહીં કહે છે કે જ્ઞાનીને અજ્ઞાનમય રાગ-દ્વેષનો અભાવ થઈ ગયો. એટલે કે જે રાગનું કરું એવું ગયું રાગ મારો એ દૃષ્ટિ ગઈ, જ્ઞાનસ્વરૂપ મારો છે એ દૃષ્ટિ થઈ. આહા..હા..! એથી એને ઉપાદાનની પર્યાય ક્રમમાં આવી તે થાય છે. એથી એને નિમિત્ત એનાથી થાય એ વાત રહી નહિ અને ઉપાદાનમાં જે નિર્મળ પર્યાય થઈ તેને કાળે તે વખતે હજી પૂર્ણ નિર્મળતા નથી તો રાગ છે તે ક્રમબદ્ધમાં બે સાથે છે. એથી વ્યવહારથી નિશ્ચય થાય એ રહ્યું નહિ. આ તો ઘણા વખત કીધું. આ તો આજે આવ્યું છે માટે.

**શ્રોતા :—** આ વાત કહેતા આપને ઘણો સમય થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ વાત તો ૭૨ની સાલથી કહેતા આવ્યા છીએ. ૪૨ થયા. આહા..હા..! આહા..હા..!

‘**બુદ્ધિપૂર્વક રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...**’ એ વખતે એના ક્રમમાં અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ રહ્યા છે હજી. સમજાણું કાંઈ? ક્રમબદ્ધનો નિર્ણય થતાં, સર્વજ્ઞનો નિર્ણય થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એમાં રાગ-દ્વેષ અને મોહનો અભાવ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? અને તેથી તેને નિરાસ્રવ કહીએ. આહા..હા..! જ્ઞાનસ્વભાવ હું છું, રાગ નહિ, નિમિત્ત નહિ, નિમિત્તથી થતું એ નહિ. તેમ મારો સ્વભાવ અલ્પજ્ઞ છે એ પણ હું નહિ. આહા..હા..! ‘હું સર્વજ્ઞસ્વભાવી આત્મા છું’ એવો નિર્ણય થતાં એને રાગ-દ્વેષ અને મોહનો અભાવ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાતું બહુ, ભાઈ!

ઉપધાન છે ત્યાં ઉપધાન પાણીતાણા કાંઈક. એય! ઓલા અપવાસ કરીને બેઠા હશે. ઉપધાન અને માળા ચડાવે. બસ ધર્મ થઈ ગયો.. ધર્મ થઈ ગયો.. આહા..હા..! શ્વેતાંબરમાં ઉપધાન

થાય છે આ. સો, સવા સો માણસ બેઠું છે. ૪૫ દિ'ના અપવાસ કરે. એક દિવસ ખાય અને એક દિવસ અપવાસ અને ભગવાન પાસે પૂજા બહુ .. ઘણું .. આહા..હા..! પણ એની દૃષ્ટિ ક્યાં છે? એ તો ઉઠબેસ ઉપર એને રાગઉપર છે. આહા..હા..! સમજાણું કાંઈ? દૃષ્ટિનો જે વિષય સર્વજ્ઞસ્વભાવ છે અને સર્વજ્ઞે કીધું છે અને સર્વજ્ઞે જોયું છે. આહા..હા..! એવા સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી ત્યારે તો એ બધા રાગ-દ્વેષ અને મોહને જ કરે છે સમયે સમયે. કર્તાપણે થઈને રાગને, પુણ્યને, દયાના, દાનના, તપના ભાવને કરે. એ તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** રાગ-દ્વેષ-મોહ વયા ગયા પછી શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પછી શું કરે? આ ફરીને સ્થિર થવું અંદર એ કરવું. રાગ-દ્વેષ-મોહ ગયા પછી સ્થિર થવું અંદર. એ આવે છેને જુઓને.

'**જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે ત્યાં સુધી તે જ્ઞાની જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખી, જાણી અને આચરી શકતો નથી-**' એટલે સર્વોત્કૃષ્ટભાવે દેખવો-જાણવો એ પછી કરવું. અને એ એના ક્રમમાં એ જ આવે. આહા..હા..! માર્ગ ભારે! જ્ઞાનસ્વરૂપ જે વસ્તુ એને સર્વોત્કૃષ્ટભાવે જોવી, જઘન્યભાવે પરિણમન છે તેને સર્વોત્કૃષ્ટભાવે દેખવું, જોવું અને આચરવું. આહા..હા..! પણ એ તો પહેલી ભૂમિકામાં થયા પછી એનો બધો ખુલાસો એમાં આવી જાય. એને મૂળ શંકાતા રહે નહિ, શું કરવું એ રહે નહિ.

'**જઘન્ય ભાવે દેખી, જાણી અને આચરી શકે છે;...**' પૂર્ણ કેવળજ્ઞાન નથી અને ક્ષયોપશમજ્ઞાન છે તેમાં જઘન્યપણે જાણે, દેખે અને આચરે છે. જઘન્ય સમજાય છેને? જઘન્ય શું ભાષા કહે છે? '**તેથી એમ જણાય છે કે તે જ્ઞાનીને હજુ અબુદ્ધિપૂર્વક કર્મકલંકનો વિપાક (અર્થાત્ ચારિત્રમોહસંબંધી રાગદ્વેષ) વિદ્યમાન છે...**' આહા..હા..! અને તેથી તેને બંધ પણ થાય છે. જ્ઞાનીને, સમકિતીને, ક્ષાયિકસમકિતી હોય, પણ જઘન્ય પરિણમન છે તેથી ચારિત્રમોહનો રાગ છે તેથી એને બંધ પણ થાય છે. આહા..હા..!

'**માટે તેને એમ ઉપદેશ છે કે-**' જોયું! '**માટે તેને એમ ઉપદેશ છે કેજ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી જ્ઞાનનું જ નિરંતર ધ્યાન કરવું,...**' લ્યો આ કરવું. આહા..હા..! એ જ્ઞાનમાં, જ્ઞાનમાં રમણતા કરવી. આહા..હા..! '**જ્ઞાનને જ દેખવું, જ્ઞાનને જ જાણવું અને જ્ઞાનને જ આચરવું.**' આહા..હા..! '**આ જ માર્ગે દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે...**' જોયું! આ જ માર્ગે દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે અને એમ કરતાં-કરતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! વ્યવહાર કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે એમ ન કહ્યું. આહા..હા..! સ્વરૂપની એકાગ્રતાનો વધારો કરતાં-કરતાં કેવળજ્ઞાન થાય છે. આહા..હા..! '**કેવળજ્ઞાન પ્રગટે...**' આહા..હા..! '**ત્યારથી આત્મા સાક્ષાત્ જ્ઞાની છે...**' જોયું! ઓલો જ્ઞાની હતો પણ આ તો સાક્ષાત્ જ્ઞાની થયો હવે. આહા..હા..! '**અને સર્વ**

**પ્રકારે નિરાસ્રવ છે.'** ત્યારે સર્વ પ્રકારે નિરાસ્રવ છે. ઓલી તો દૃષ્ટિ અને અનંતાનુબંધીના અભાવની અપેક્ષાએ નિરાસ્રવ હતો અને આ પૂર્ણ થયો ત્યારે સર્વથા પ્રકારે નિરાસ્રવ છે. આહા..હા..! એકલું સમજવું... સમજવું... સમજવું... એ સમજવું એ કરવું નથી? આહા..હા..! એ જ એનું કરવું અને કાર્ય છે. આહા..હા..!

**શ્રોતા :—** જ્ઞાન અને જ્ઞેય એકાગ્ર થઈ ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકાગ્ર સિદ્ધ થયા જ નથી. સ્વજ્ઞેયમાં એકાગ્ર પોતામાં છે. પરજ્ઞેયમાં નથી, છતાં પરજ્ઞેય રાગાદિ હોય છે અસ્થિરતામાં. જ્ઞાન એને જ્ઞેય બનાવીને જે જ્ઞાન થયું તે જ્ઞાનમાં જ્ઞેય અને જ્ઞાન પોતાનું જ્ઞાન થયું, પરજ્ઞેયનું જ્ઞેયાકાર પરિણમન થાય એ તો પછી પરતરફ લક્ષ છે એટલે થાય છે. સ્વજ્ઞેય આકારે જે જ્ઞાન થાય, આહા..હા..! તે જ્ઞાનને અહીં જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે...'** એટલે કે અધૂરું જ્ઞાન છે **'ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક (અર્થાત્ ચારિત્રમોહનો) રાગ હોવા છતાં,...'** રાગ છે ખરો. **'બુદ્ધિપૂર્વક રાગના અભાવની અપેક્ષાએ...'** જુઓ! રુચિપૂર્વકની અપેક્ષાએ તેને રાગ નથી એમ કહેવામાં આવે છે. જ્ઞાનીને નિરાસ્રવપણું કહ્યું. અને અબુદ્ધિપૂર્વક રાગનો અભાવ થતાં, કેવળજ્ઞાન પ્રગટતા **'સર્વથા નિરાસ્રવપણું કહ્યું. આ, વિવક્ષાનું વિચિત્રપણું છે.'** કથનની પદ્ધતિની વિચિત્રતાનું વિવિધપણું છે. એક કોર સમકિત થયું એટલે રાગ-દ્વેષ-મોહનો અભાવ કહીને નિરાસ્રવી કહ્યો. એકકોર પૂર્ણ થાય ત્યારે સર્વથા નિરાસ્રવ કહ્યો. એ વસ્તુની સ્થિતિને સમજાવવા કથનભેદે ભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ વિવિક્ષાનું...'** કથનનું **'વિચિત્રપણું છે. અપેક્ષાથી સમજતાં એ સર્વ કથન યથાર્થ છે.'** આહા..હા..! સમકિતીને આસ્રવ અને બંધ નથી એ પણ અપેક્ષા બરાબર છે એ દૃષ્ટિ અને અનંતાનુબંધીના અભાવની અપેક્ષાએ અને સર્વથા રાગરહિત છે ત્યારે નિરાસ્રવ છે એ પણ સ્થિરતાની અપેક્ષાએ. આમાં શું..

કળશ આવ્યો, ૧૧૬.

(शार्दूलविक्रीडित)

संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं
वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।
उच्छिन्दन्परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भव-
न्नात्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।११६।।

**'શ્લોકાર્થ :- आत्मा यदा ज्ञानी स्यात् तदा' 'આત્મા જ્યારે જ્ઞાની થાય ત્યારે,...'** આહા..હા..! એ જ્ઞાની થાય છે એનો અર્થ? જ્ઞાનસ્વભાવનો અનુભવ કરે છે ત્યારે તે જ્ઞાની થાય છે. રાગનો જ્યાં સુધી અનુભવ છે ત્યાં સુધી અજ્ઞાની છે. આહા..હા..! એકાંત રાગનો

હો! જ્ઞાનીને જ્ઞાનનો અનુભવ છે તેથી તે જ્ઞાની છે. એને હજી રાગ છે બાકી તેથી પણ તે અજ્ઞાની છે એમ નથી. આહા..હા..! **'પોતે પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને નિરંતર છોડતો થકો...'** જોયું! આહા..હા..! જ્યારે ધર્મી, જ્ઞાની ધર્માત્મા થાય છે ત્યારે નિજબુદ્ધિપૂર્વક **'પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને...'** **'अनिशं'** **'संन्यस्यन्'** **'નિરંતર છોડતો થકો...'** આહા..હા..! બુદ્ધિપૂર્વકમાં, રુચિપૂર્વકમાં જે રાગ છે એ તો છૂટી જાય છે એને. એમ. આહા..! **'વળી જે અબુદ્ધિપૂર્વક રાગ છે...'** એટલે અરુચિપૂર્વક રાગ છે. રુચિ નથી અને રાગ થાય છે, એમ. **'તેને પણ જીતવાને વારંવાર...'** **'स्वशक्तिं स्पृशन्'** આહા..હા..! વ્યવહારનો જે રાગ આવ્યો એ પણ અબુદ્ધિપૂર્વક એટલે રુચિપૂર્વક નથી. છતાં **'તેને જીતવાને વારંવાર (જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિને સ્પર્શતો થકો...'** આહા..હા..!

જ્ઞાનસ્વભાવી પ્રભુ એને સ્પર્શતો થકો. આહા..હા..! એમાં એકાગ્ર થયો થકો રાગને ટાળે છે. આહા..! કોઈ વ્યવહારની ક્રિયાકાંડ કરતાં રાગને ટાળે છે અથવા રાગને ટાળે એ કર્મ ટળે તો રાગ ટળે એમ ન કહ્યું ત્યાં. સમજાણું કાંઈ? એ પ્રશ્ન પહેલો ઉઠ્યો એ. ૧૩ની સાલ. ૨૦ વર્ષ. રાગ કેમ ટળે? કે પ્રતિબન્ધ કારણ કરે તો ટળે. અહીં કહે છે કે કેમ ટળે? સ્વસ્વભાવ સ્પર્શે તો ટળે. છે કે નહિ? આહા..હા..! કોનું?

**શ્રોતા :—** પ્રતિબન્ધ કારણનો અભાવ થાય તો રાગ ટળે એ તો નાસ્તિનું કથન થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અભાવ થાય નહિ, એ ટળે તો ટળે એમ. એ તો અજ્ઞાનનું કથન છે. પ્રતિબન્ધ ટાળે એમ જ્યારે સંબંધ શું પરદ્રવ્યનો? પોતે પોતાના દ્રવ્યને સ્પર્શે તો રાગ ટળે. આ સિદ્ધાંત છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત પણ મૂળમાં ફેર હતો. બહુ ફેર બાપુ! આહા..હા..! પહેલા પ્રશ્નમાં જ આ તે દિ' હતા ત્યાં તમે. ચિંતનભાઈ! તમે ત્યાં. મધુવનમાં. ઈસરીમાં. ઈસરીમાં હશે. એક વાગે. ઈસરીમાં પહેલે દિ'એ એક વાગે ગયા હતા. પહેલો પ્રશ્ન ઉઠ્યો હતો, રાગ કેમ ટળે? તો કહે કર્મ ટળે તો ટળે. પ્રતિબન્ધ કારણ એ છે.

**શ્રોતા :—** રાગ કઈ રીતે ટળે એનો શાસ્ત્રનો આધાર આપો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, એ વળી આવ્યું હતું. પહેલાં આવ્યું હતું. રાગ કેમ ટળે એ શાસ્ત્રમાં લખાણ નથી, એ એના તરફથી આવ્યું હતું. આહા..હા..! શું થાય? એ વાતને મૂળની વાત જ નથી. આહા..હા..! અને આ વાણિયાઓને, શેઠિયાઓને ધંધા આડે નવરા નહિ તો એ કાંઈ નિર્ણય કરવાની શક્તિ નથી. એય.. શેઠ! માથે ગુરુ ને મોટા હોય એને માને અને જય નારાયણ. એમ ન ચાલે, બાપુ! આહા..હા..! આ તો ન્યાયથી સમ્યગ્જ્ઞાન શું? રાગ શું? એને રાગને ટાળવો હોય તો સ્વભાવનો આશ્રય લેતાં વસ્તુનો સ્પર્શ કરતાં, શક્તિનો સ્પર્શ કરતાં રાગ ટળે છે. આહા..હા..! મિથ્યાત્વ પણ કેમ ટળે છે? કે એ પણ સ્વભાવનો સ્પર્શ કરતાં ટળે છે. આહા..હા..! પછીનો રાગ કેમ ટળે છે? કે એ સ્વનો ઉગ્રપણે સ્પર્શ કરતાં

ટળે છે. આહા..હા..! એય..! દેવાનુપ્રિયા! તમે પણ ત્યાં બધી હા એ હા પાડતા હતા બધા. નહિ? એની સામું ક્યાં? એ વખતે મનાતું હતું ને. એ વાત સાચી. એમ કે મોટા પુરુષ છે આવા મહાન એની સામે. એની સામે પણ તર્ક પણ કે દિ' ઉઠતો હતો એવો? નહિ? એ પણ ઓઘે ઓઘે ચાલતું હતું. આહા..હા..!

અહીં તો ત્રણલોકનો નાથ સર્વજ્ઞદેવ એને અનુસારે કહેનારા સંતો.. આહા..હા..! ગજબ વાત છેને. કેટલો ઉગમણો-આથમણો ફેર!. ઓલો કહે કર્મ ટળે તો રાગ ટળે, અહીં કહે કે આત્માનો સ્પર્ષ કરે તો રાગ ટળે. શાંતિભાઈ! આહા..હા..! તદ્દન વિપરીત. ઉગમણી-આથમણી દૃષ્ટિ. આહા..હા..! પાઠ છે જુઓ, કહો ધન્નાલાલજી! ક્યાં છે?

હા, એ. **'જીતવાને વારંવાર...' 'स्वशक्तिं स्पृशन्'** સ્વશક્તિ, સ્વભાવનો સ્વભાવ.. આનંદ અને જ્ઞાનસ્વભાવ એવા સ્વભાવને સ્પર્શતાં. આહા..હા..! એટલે કે એમાં એકાગ્ર થતાં રાગ ટળે છે. આહા..હા..! એવો સિદ્ધાંત છે. એ પહેલાં પ્રશ્ન ગયો. બીજો પ્રશ્ન કર્યો કે રાગ ક્રમસર થાય એ નહિ. કહે ના. એ હવે અહીં આવ્યું અહીં. ક્રમબદ્ધ છે બધી પર્યાયો. ભગવાને જોઈ છે સર્વજ્ઞમાં, એમાં ક્રમબદ્ધ જે છે એમાં જે થઈ છે અને એ પણ ખોટું, સાચું. બે અને સર્વજ્ઞ છે કે નહિ કીધું. .. સર્વજ્ઞ સર્વજ્ઞનું જાણે, ત્રણે ઉડાડ્યું. આહા..! ગજબ કર્યુંને. હવે એમના શિષ્ય છે એને સિદ્ધ કર્યું પહેલાં. નિયતિવાદ બનામ સર્વજ્ઞતા. નિયતિવાદ કહો કે સર્વજ્ઞતા કહો, એ સર્વજ્ઞના સિદ્ધાંતના નિર્ણયમાં નિયતિવાદ આવી જાય છે અને નિયતિવાદ એ પુરુષાર્થથી નિર્ણય થાય છે. આહા..હા..!

એ અહીં કહે છે કે પહેલો દ્રવ્યસ્વભાવ શુદ્ધ ચૈતન્ય આત્મસ્વભાવ એને સ્પર્શતા મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ ટળે છે. પછી વિશેષ સ્પર્શતા બાકી રહેલો અબુદ્ધિપૂર્વક રાગ એ વિશેષ સ્પર્શતા એ રાગ ટળે છે. આહા..હા..! આવી વાત છે. લ્યો! ૨૦ વર્ષ પહેલાં મોટી ચર્ચા. ઈસરીમાં. વ્યાખ્યાન મધુવનમાં ચાલતા હતા. આહા..હા..! લેખ વાંચવા જેવો છે હોં. રાતે વાંચશે.

**'आत्मा यदा ज्ञानी स्यात् तदा'** થાય છે. **'પોતે પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને નિરંતર છોડતો થકો...'** આહા..હા..! કેમકે જ્ઞાનપૂર્વક જ્યાં આત્માનું ભાન થયું ત્યાં રાગ છે તે મારો નથી એથી રાગપણાનો મિથ્યાત્વ અને રાગદ્વેષમોહ તો છૂટી ગયા, પણ અસ્થિરતાના રાગ-દ્વેષ અબુદ્ધિપૂર્વક રહ્યા, એને ટાળવાનો ઉપાય? કે પહેલો જે દ્રવ્યને સ્પર્શ્યો હતો અને મિથ્યાત્વ અને રાગદ્વેષ ટાળ્યા, એ રીતે દ્રવ્યને વધારે સ્પર્શતા એ અસ્થિરતાનો રાગ ટળે છે. આહા..હા..! સ્વના આશ્રયથી ટળે છે. આ સિદ્ધાંત વીતરાગતા. આહા..હા..! વીતરાગતા! સ્વને આશ્રયે પ્રગટ થાય છે અને વીતરાગતા પ્રગટે રાગ ટળી જાય છે. આહા..હા..! ગજબ વાત છે, બાપુ! પરમસત્ય.. પરમસત્ય.. અરે! જગતના સાંભળવા મળે નહિ પરમસત્ય અને એ કઈ રુચિ ક્યાં કરે અને ક્યાં જાય? કેની કોર જાય એ? આહા..હા..!

**શ્રોતા :—** કર્મ ટળે તો રાગ ટળે અને ત્યાગ વૈરાગ્યમાં નિમિત્ત—એ બંને વાત ખોટી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ બેય ખોટી છે. આહા..હા..!

'**જેતું વારંવારમ્ સ્વશક્તિં સ્પૃશન્**' આત્મા તરફના અનુભવને કરતો. આહા..હા..! અનુભવ થયો છે તે ઉપરાંત જ્ઞાનની ઉગ્રપણે અનુભવ કરતો, એમ કહે છે. આહા..હા..! કર્મની વાત નથી કરી કર્મ ટળે સ્વશક્તિને સ્પર્શે. ધન્નાલાલજી! કર્મના નામ પણ નથી આપ્યા. પરને સ્પર્શે નહિ એ તો અનેકાંત, એ જ અનેકાંત છે. આહા..હા..! એટલે પોતાથી પણ થાય અને કર્મથી પણ થાય. એ દાખલો આપે છે. એમ કે દીકરો બેથી થાય. મા અને બાપ બેથી થાય, એકથી ન થાય. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવાની વાત છે. અહીં તો રાગ નિશ્ચયથી એકથી જ થાય. રાગ પોતાના ષટ્કારકના વિકારી પરિણમનથી થાય અને એને ટાળવા માટે નિર્વિકારી ષટ્કારકનું પરિણમન થતાં તે ટળે. આહા..હા..! આવી વાત છે. રાગ ટળે હોં, કર્મ ટળે એની વાત નથી. કર્મ તો જડ એને કારણે ટળે અને એને કારણે રહે. આહા..હા..! ભાવકર્મ છે. એની વાત છેને અહીં.

સ્વશક્તિ, સ્વસ્વભાવ.. આહા..હા..! પોતાને જે અનંતજ્ઞાન, અનંત આનંદ એવી સ્વશક્તિ એવો જે સ્વસ્વભાવ તેને સ્પર્શતો એટલે તેમાં એકાગ્ર થતો, આહા..હા..! તે રાગને ટાળે છે. એકફેરી એ આવ્યું હતું પહેલું કહ્યું હતું કે શાસ્ત્રમાં રાગ કેમ ટાળવો એ શાસ્ત્રમાં અધિકાર નથી. એ બાજુથી આવ્યું હતું. વર્ણીજીથી આવ્યું હતું. ગુજરાતથી ભાઈ આવ્યા હતા. એણે પ્રશ્ન કર્યો હતો, મહારાજ! રાગ કેમ ટળે? એ કાંઈ શાસ્ત્રમાં નથી એમ ત્યાં અમે સાંભળીને આવ્યા છીએ. અરે ભગવાન! ગુજરાતી માણસો હતા. ભાઈ! રાગ કેમ ટળે એ તમારે પ્રશ્ન, રાગ ટળે એ તો એકકોર રાખે પણ એ આમ સ્વભાવ સ્પર્શે ત્યારે રાગ ઉત્પન્ન ન થાય એને ટાળ્યો કહેવામાં આવે છે. આ રાગ છે એને ટાળું છું એમ નથી. આહા..હા..! રાગને લક્ષે રાગ ટળે? શક્તિના લક્ષે રાગ ટળે છે. એટલે રાગ ટળે છે એનો અર્થ ઉત્પન્ન થતો નથી એણે આત્માને સ્પર્શ કર્યો એટલે રાગ ટળ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવું સત્. સત્ પોતે પોકાર કરી રહ્યું છે આવું. આહા..હા..!

**શ્રોતા :—** રાગ જાણવા જાય તો પર્યાય ઉપર લક્ષ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પર્યાય ઉપર લક્ષ જાય. પર્યાય ઉપર લક્ષ જાય તો રાગ જ થાય. આહા..હા..!

**શ્રોતા :—** ઉત્તમ સુખનું કારણ તો ઘાતિકર્મનો અભાવ કહ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ઘાતિ ભાવઘાતિનો અભાવ, દ્રવ્યઘાતિ નહિ. એનો આત્મા પરને ટાળી શકે નહિ અને પરને બાંધી શકે નહિ. ૧૬મી ગાથામાં આવ્યું છે, પ્રવચનસાર. '**સ્વયંભુ**' પોતાથી પોતે પ્રગટ થયો છે. એ ભાવઘાતિ જે કરતો હીણી દશા તેને ટાળીને થયો

છે, એમ કહ્યું છે. દ્રવ્યઘાતિ તેને કારણે ટળે. એ કાંઈ આત્મા ટાળી શકે નહિ. પરને અજીવને શું ટાળે? આહા..હા..!

**નમો અરિહંતાણં**.. ત્યાંથી ફેર પડ્યો આખો. કે કર્મરૂપી વેરીને હણ્યા તે વીતરાગ. એમ નથી. એ આમાં આવે છે નિશ્ચયમાં. નિશ્ચય અધિકાર છેને? '**જે કાળ વિષે જે કાંઈ જેમ થવાનું છે તેમ જ થાયએને પણ નિશ્ચય કહીએ છીએ. વળી, જે જે ભાવની જેવી જેવી રીત વડે પ્રવર્તના છે (તે તે ભાવ) તેવી તેવી રીત પામીને પરિણમે-એને પણ નિશ્ચય કહે છે.**' વેરી છે હોં ત્યાં. .. કહે છે. '**વળી, જે ભાવ જે ભાવનો પ્રતિપક્ષી–વૈરી...**' રાગ એ વેરી છે કર્મ નહિ. **નમો અરિહંતાણં**, કર્મને હણે એમ નહિ. એ વિકારની પર્યાય જ એની વેરી છે. જેને પ્રવચનસારમાં અનિષ્ટ કહ્યું છે. એ આમાં ચિદ્‌વિલાસમાં પાનું ૫૩ છે. '**વળી, જે ભાવ જે ભાવનો પ્રતિપક્ષી-વૈરી હોય તે તેની સાથે જ વૈર કરે, બીજા સાથે ન કરેએને પણ નિશ્ચય કહીએ.**' કર્મ વેરી નથી. વિકારભાવ એનો વેરી છે. એ અરી છે. એ અરીને હણે તે અરિહંત છે. છે? .. જડને શું કરે? જડની પર્યાયનો સ્વામી છે એ?

**શ્રોતા :—** આચાર્યે તો ઘનઘાતિકર્મનો વિપાક કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ઘનઘાતિ કીધા છે દ્રવ્યઘાતિની અપેક્ષાએ. ભાવઘાતિ પણ ઘનઘાતિ છે. આહા..હા..!

અરે! અહીં તો કહ્યુંને જેનો જે વેરી છે તે નિશ્ચય છે. રાગદ્વેષ તે જીવના સ્વભાવગુણની પર્યાયના વેરી છે. બીજો વેરી ક્યાં? આહા..હા..! પહેલાં વાંધા ત્યાથી ઉઠે. **નમો અરિહંતાણં**. કર્મરૂપી વેરીને હણ્યા એ અરિહંત. અહીં કહે કે પોતાનો વિકાર પરિણતિ જે અરિહંત-દુશ્મન હતો એને હણ્યા માટે તેને અરિહંત કહેવામાં આવે છે. આહા..હા..! કહો, દેવાનુપ્રિયા! આ જુઓ, આ વેરી શું કીધું? ઘાતિકર્મ વેરી નહિ એમ કહે છે. એમ ભાવઘાતિ વિકાર પરિણામ એ એનો વેરી છે. આહા..હા..! જેને પ્રવચનસારમાં અનિષ્ટ કહ્યાં છે. એ અનિષ્ટ વિકાર તે વેરી છે અને શુદ્ધ સ્વભાવ પ્રગટ થાય તે ઈષ્ટ છે. આહા..હા..! આવું વસ્તુનું સ્વરૂપ પણ અત્યારે ગુમ થઈ ગયું. લોકોએ પંડિતોને... પહેલાં ગુમ કરી નાખ્યું. દેવીલાલજી! આહા..હા..!

હજી પણ વિરોધ કરે છે. ઓલું આવ્યું છે એય (જીતુ)! તારાથી વિરૂદ્ધનું લખી નાખ્યું છે. ફોટો નાખ્યો હતોને? ત્યાં એમ કે કેડાયત. હમણાનું છે એ? બીજનું આ ૮૭નું. એમ કે કાનજીસ્વામીને કુંદકુંદાચાર્ય ભેટ આપે છે. ક્યાં કુંદકુંદાચાર્ય અને ક્યાં આવા ગપ્પા મારે છે? એવું આવ્યું છે. આપણને તો ખબર પણ નથી. આજ વળી આવ્યું તો પછી લાવ્યા ચંદુભાઈ ક્યાંક છે આમાં. કેડાયત છે. કેડાયત છે તો એનો અર્થ.. અત્યારે તો ભાઈ એવી વાત છે કે.. (આત્મધર્મના) અંકમાં છે. ૮૭ના અંકમાંને?

અહીં કહે છે કે ભગવાન આત્માના આનંદ અને જ્ઞાનસ્વભાવ જે છે પર્યાયમાં એનો વેરી

કોણ? કે એની પર્યાયમાં વિકારતા તે એનો વેરી છે. નિશ્ચય એ વેરી છે. કર્મ વેરી એ તો નિમિત્ત છે. જડ છે એને વેરી કહેવાના આરોપથી વેરી છે. આહા..હા..! યથાર્થ વેરી તો આ છે. આહા..હા..! અને પહેલા શબ્દાર્થમાં, અર્થમાં ફેર પહેલેથી. નમો અરિહંતાણંમાંથી ફેર. થઈ રહ્યું. એકડે એકમાં ફેર. નમો અરિહંતાણં. જુઓ આ લખ્યું, કર્મરૂપી વેરીને હણે તે.. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં એમ છે લ્યો. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં એમ છે કે કેવળજ્ઞાનની શક્તિ જુઓ કેવળજ્ઞાનાવરણીએ રોકી છે. એ તો પુદ્‌ગલના પરિણામમાં નિમિત્તની ઉત્કૃષ્ટતા કોની છે એ બતાવવા. નિમિત્તની ઉત્કૃષ્ટતા કે એ પરમાણુ એવા પરિણમ્યા છે કર્મની પર્યાયપણે જ્ઞાનાવરણીના. એ કોઈ ગુણ નથી અંદર. એ આવે છેને ભાઈ! કર્મ થવાનો કોઈ ગુણ નથી, પણ પર્યાયને પરિણમનને લઈને કર્મની પર્યાય થાય છે. પરિણતિને લઈને, ગુણ નથી કોઈ એવો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! હવે એ પરિણતિ તો એને લઈને છે અને એને ટળવું પણ એને કારણે છે. એક પ્રતિશત દ્રવ્યકર્મ અને જડ આત્મા છે, પણ એ કોઈ કોઈનો કર્તા છે એ તો નથી.

મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. એક પ્રદેશ બેય છે. કર્મના રજકણો અને આત્મા. કોઈ કોઈનો કર્તા નથી, કોઈની પર્યાય ક્યાંય જતી નથી. સૌની પર્યાયમાં સૌ પરિણમી રહ્યા છે. આહા..હા..! એ પણ વાત જ એવી કોને ગરજ એટલી? આ સત્ય શું છે અને કેમ સત્ય પ્રાપ્ત થાય? એવી ગરજ એમ ને એમ ઓઘે-ઓઘે ચાલે. ક્રિયા કરો આ કરો, વ્રત કરો, ભક્તિ કરો, તપ કરો બસ અપવાસ કરો. મરી જઈશ, સાંભળને હવે.

**શ્રોતા :—** .. એકેય વાતને સાચી ન માને એટલે કકળાટ કરેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકેય વાત સાચી હતી કે દિ' એની? વાત તો સાચી. તેથી કરે. થાય હોં. અને તેથી અહીંની જેટલી એને ખામી દેખાય, એની દૃષ્ટિ એ ખામીની વાત કરે એ. આહા..હા..!

અહીં કહે છે અબુદ્ધિપૂર્વક જેટલો રાગ-દ્વેષ આદિ વિકાર, વાસના, વિષય આદિ એને '**જીતવાને વારંવાર...**' '**स्वशक्तिं स्पृशन्**' આહા..હા..! ગજબ કામ કર્યું છેને. '**(જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિને સ્પર્શતો થકો...**' '**सकलां परवृत्तिम् एव उच्छिन्दन्**' આહા..હા..! '**સમસ્ત પરવૃત્તિને-પરપરિણતિને-ઉખેડતો.**' એ પણ વ્યવહારથી વાત છે. ઉખેડતો એટલે થતો જ નથી. ભાષા તો સમજાવું શી રીતે? આહા..હા..! '**સમસ્ત પરવૃત્તિને-પરપરિણતિને-ઉખેડતો...**' છેને? '**उच्छिन्दन्**' '**ज्ञानस्य पूर्णः भवन्**' '**જ્ઞાનના પૂણભાવરૂપ થતો થકો,...**' આહા..હા..! જે આત્મા છે તે જ્ઞાનમય સ્વરૂપ છે પૂર્ણ એની પર્યાયમાં પૂર્ણ થતાં '**ખરેખર...**' '**नित्यनिरास्रवः भवति**' '**સદા નિરાસ્રવ છે.**' આહા..હા..! દૃષ્ટિની અપેક્ષાએ સમકિતી મિથ્યાત્વ અને રાગ-દ્વેષ-મોહના અભાવને લઈને નિરાસ્રવ કહ્યો, પણ જઘન્ય પરિણમનમાં જે આસ્રવ આવે છે એ ઉત્કૃષ્ટ પરિણમન થતાં વસ્તુની શક્તિને ઉત્કૃષ્ટપણે સ્પર્શતાં, ઉત્કૃષ્ટ થતાં એ બધું ઉખડી

જાય છે, ઉત્પન્ન થતા નથી. આહા..હા..! એનો નાશ થઈ જાય છે. આવી વાત છે.

વિકારનો નાશ કરે એ પણ વ્યવહાર વાત છે. જડની તો વાત શી કરવી? જડનો નાશ કરે એ તો વાત છે નહિ, પણ વિકારનો નાશ કરે એ.. આહા..હા..! એ ૩૪માં લીધું છેને. જ્ઞાન, જ્ઞાનપણે રહ્યું છે. એ જ્ઞાન જ્ઞાનપણે રહે એ પચ્ચખાણ છે. પરનો ત્યાગમાત્ર કથન છે. પરનો રાગનો, ત્યાગ કરે એ તો કથનમાત્ર વાત છે. ૩૪ ગાથા, સમયસાર. રાગનો ત્યાગકર્તામાત્ર કહેવું એ પણ નામમાત્ર છે. આહા..હા..! રાગના ત્યાગ કર્તામાત્ર હોં. સમજાણું કાંઈ? આ સમયસાર છેને? આહા..હા..!

'**પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ (આત્માને) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' આહા..હા..! ૩૪ ગાથા. એની ટીકાની છેલ્લી લીટીઓ ચાર. છે? આહા..હા..! '**પ્રત્યાખ્યાનના સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું...**' એ રાગના ત્યાગનું કર્તાપણું '**નામમાત્ર હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' રાગના ત્યાગકર્તાપણું પોતાને નથી. આહા..હા..! પરના ત્યાગની તો વાત જ શું કરવી? આહા..હા..! પરના ત્યાગગ્રહણરહિત એની શક્તિ છે. ત્યાગ-ઉપાદાન-શૂન્યત્વશક્તિ. પરના દ્રવ્યનું, ગ્રહવું એને છોડવું એ તો એનામાં છે જ નહિ, પણ રાગના ત્યાગના કર્તાપણું નામમાત્ર છે. આહા..હા..! '**પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટ્યો નથી, માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે**' આહા..હા..! જ્ઞાન જ્ઞાનમાં રહ્યું એ પ્રત્યાખ્યાન છે. આહા..હા..! આવી નિશ્ચયની વાતું લોકોને બહાર આવી નહોતીને એટલે બિચારા ભડક્યા છે, બહુ ભડક્યા છે. આહા..હા..!

અહીં તો રાગના ત્યાગનું કર્તાપણું નામમાત્ર છે. રાગના કરવાપણાની વાત નહિ, જડના ત્યાગની વાત નહિ, રાગને છોડવાનો ત્યાગકર્તાપણું નામમાત્ર છે. આહા..હા..! કેમકે ભગવાન જ્ઞાનસ્વરૂપમાં ઠરે છે એટલે રાગ ઉત્પન્ન થતો નથી એને નામમાત્રથી કથન કર્યું, ભગવાન આત્માએ રાગનો ત્યાગ કર્યો. આહા..હા..! સમજાણું કાંઈ? સત્ય તો આવું છે. '**ખરેખર સદા નિરાસ્રવ છે.**'

'**ભાવાર્થ :- જ્ઞાનીએ સમસ્ત રાગને હેય જાણ્યો છે. તે રાગને મટાડવાને ઉદ્યમ કર્યા કરે છે;...**' જોયું! '**તેને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી;...**' એ પુણ્ય પરિણામની ભાવના કરે એવો અભિપ્રાય નથી. આહા..હા..! વીતરાગભાવની ભાવનાનો અભિપ્રાય છે, રાગ કરવાના ભાવનો અભિપ્રાય નથી. '**તેથી તે સદા નિરાસ્રવ જ કહેવાય છે.**' એ પહેલી વખતની અપેક્ષાએ. હવે '**પરવૃત્તિ (પરપરિણતિ) બે પ્રકારની છે—અશ્રદ્ધારૂપ અને અસ્થિરતારૂપ. જ્ઞાનીએ અશ્રદ્ધારૂપ પરવૃત્તિ છોડી છે...**' મિથ્યાત્વ અને

અનંતાનુબંધીની. '**અને અસ્થિરતારૂપ પરવૃત્તિ જીતવા માટે તે નિજ શક્તિને વારંવાર સ્પર્શે છે...**' આહા..હા..! '**અર્થાત્ પરિણતિને સ્વરૂપપ્રતિ વારંવાર વાળ્યા કરે છે.**' આહા..હા..! અંતર્મુખ થયા કરે છે. આહા..હા..! આવી આકરી વાત છે. જયચંદજી કહે છે. આહા..હા..!

આ તો ભગવાનની પેઢી છે, ભાઈ! ભગવાનનો માર્ગ આ રીતે છે. આહા..હા..! આ તો હજી પરનો આહારનો ત્યાગ કરીએ તો અમારે અપવાસ થઈ જાય. પાણીનો ત્યાગ કરીએ તો અમને પરદ્રવ્યના ત્યાગનો લાભ થાય. ધૂળેય નથી સાંભળને. પરના ત્યાગગ્રહણ સ્વરૂપમાં ક્યાં છે? જડને ગ્રહે શી રીતે? જડને છોડે શી રીતે? આહા..હા..! અહીંયાં તો સ્વરૂપનો સ્પર્શ કરીને રાગ જે ઉત્પન્ન થતો નથી, તે રાગના ત્યાગનો કર્તા કહેવું એ પણ નામમાત્ર કથન છે. આહા..હા..! પરમાર્થે તો રાગના ત્યાગકર્તાપણું આત્માને લાગુ પડતું નથી. આહા..હા..! અરે! આવી મૂળ વાત. સૂક્ષ્મ વાતને ન પકડે શું થાય? તોપણ આ જગતના ભાગ્ય એવા કે આ શેઠિયાઓએ પણ પક્ષ લીધો. એના વિરૂદ્ધ લખ્યું છે. કાગળ આવ્યો છે કલકત્તાથી. એ બધા નેતાઓ અત્યારે જે આમ કહે છે, પણ જેના અમને કહેવા માગે પણ એને કહેતા નથી કે આ તમારો દોષ છે અને આ તમારો.. આહા..હા..! તમે એવું નેતાપણું કરશો તો અમે નેતાપણે નહિ રાખીએ તમને, એમ કહે છે. સ્વતંત્ર છે. શેઠિયાઓ બધા વિરોધ પડી ગયા છેને એના કથનથી. એ આવ્યું છે કાલે. '**એ રીતે સકળ પ્રવૃત્તિને ઉખેડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે.**'

'**બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વકનો અર્થ આ પ્રમાણે છે :— જે રાગાદિપરિણામ ઈચ્છા સહિત થાય તે બુદ્ધિપૂર્વક છે અને જે રાગાદિપરિણામ ઈચ્છા વિના પરનિમિત્તથી બળજોરીથી થાય...**' બળજોરીનો અર્થ એ પુરુષાર્થની કમીને લીધે, એ અબુદ્ધિપૂર્વક છે. '**પરનિમિત્તની બળજોરીથી...**' એનો અર્થ? નિમિત્તને લક્ષે થાય છે તેને બળજોરી કહેવાય. નિમિત્તને બળજોરી કાંઈ નથી. પોતાનો પુરુષાર્થનો ક્રમ જ એવો છે એનો કે એ સમયે રાગનો ક્રમબદ્ધમાં તે છે. આહા..હા..!

**શ્રોતા :—** કાંઈક તો વાત માનો છો તમે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિમિત્ત છે. નિમિત્ત છે નહિ કોણ કહે છે? નિમિત્તથી કાંઈ થતું નથી. નિમિત્ત હોય તો પરદ્રવ્યની પર્યાયનો કાળ થાય છે એમાં નિમિત્તે કર્યું શું? સમયસાર એમ કહે છે. હા, એ નિમિત્તથી કહ્યુંને પણ એ તો. નૈમિત્તિક તો પોતાનું છે. આહા..હા..!

'**જ્ઞાનીને રાગાદિપરિણામ થાય છે તે બધાય અબુદ્ધિપૂર્વક જ છે;...**' લ્યો! આહા..હા..! કરવાની રુચિ નથી. '**સવિકલ્પ દશામાં થતા રાગાદિપરિણામો જ્ઞાનીની જાણમાં છે...**' જોયું! એને બુદ્ધિપૂર્વક કહીએ. '**તોપણ અબુદ્ધિપૂર્વક છે કારણ કે ઈચ્છા વિના થાય છે.**' એમ. ઈચ્છા વિના રુચિ નથી એ અપેક્ષાએ. '**બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વકનો અર્થ આ પ્રમાણે છે :જે રાગાદિપરિણામ ઈચ્છા સહિત થાય તે બુદ્ધિપૂર્વક છે...**'

રુચિ વિના થાય તેને અબુદ્ધિપૂર્વક. કારણ કે ઇચ્છા વિના થાય છે જોયું. રુચિ નથી અને થાય છે. છે પુરુષાર્થ પોતાનો ક્રમ, પણ રુચિ નથી, રાગ પોષાતો નથી. ઠીક છે એમ થતું નથી, પણ રાગ થયા વિના રહેતો નથી એને અબુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે. વિશેષ કહેશે અંદર... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક વદ-૧૪, શનિવાર, તા. ૨૦-૧૧-૧૯૭૬, ગાથા-૧૭૩ થી ૧૭૬, કળશ-૧૧૬, ૧૧૭, પ્રવચન નં. ૨૩૭

આ સમયસાર, ૧૭૨ ગાથા છેને. એનો ભાવાર્થ છે, રાજમલજીની ટીકામાં. શું વાત ચાલે છે? આ આત્મા જે આનંદસ્વરૂપ છે, એની જેને દૃષ્ટિસમ્યગ્દર્શન થયું. સમ્યક્ નામ સત્ય દૃષ્ટિ, જે પૂર્ણાનંદ પ્રભુ આત્મા ઉપર દૃષ્ટિ જતાં સમ્યગ્દર્શનનું પરિણમન થાય છે. આહા..! તો એ સમ્યક્દૃષ્ટિને પુણ્ય-પાપના ભાવ જે આસ્રવ છે એ થાય છે કે નથી થતા? આહા..! આ પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? સમ્યક્દૃષ્ટિને... હજી સમ્યગ્દર્શન સમજવું જ કઠણ ચીજ છે. સમ્યગ્દૃષ્ટિ અર્થાત્ ભેદજ્ઞ. અર્થાત્ જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય છે એ વિકાર છે, એ આસ્રવ છે. આહા..હા..! એનાથી પોતાની ચીજ ભિન્ન છે એવું ભેદજ્ઞાન જ્ઞાનીને હોય છે, એ ભેદજ્ઞ છે અર્થાત્ પોતાનું સ્વરૂપ અને વિકારના સ્વરૂપના ભેદને જાણનાર છે. ભભૂતમલજી! ઝીણી વાત છે આ.

**શ્રોતા :—** આવી વાત બેંગલોરમાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બેંગલોરમાં થોડું થોડું સાંભળતા હતા. ત્યાં કહ્યું હતું એને કે તમે આઠ લાખ નાખ્યા માટે ધર્મ થઈ જાય એમ નથી. ત્યાં કહ્યું હતું, બેંગલોરમાં. મંદિરમાં આઠ લાખ એણે નાખ્યા છે અને ચાર લાખ જુગરાજજીએ (નાખ્યા છે). બાર લાખનું મંદિર થયું છે. ત્યાં પણ કહ્યું હતું. ભાઈ!

**શ્રોતા :—** બની ગયા પછી કહ્યું. નહીં તો આવેત જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ બનાવે કોણ તે બનાવે છે? પરપદાર્થની પર્યાય તો પોતાને ક્ષણે ઉત્પન્ન થવાની પોતાને કારણે થાય છે, કોઈ કરી શકે એમ વાત નથી. આહા..હા..! બનાવવાવાળાનો ભાવ શુભ હો, શુભપુણ્ય પણ એનાથી એ ચીજ બને છે એમ નથી અને એ ચીજ બની માટે શુભભાવ થયો એમ પણ નથી અને શુભભાવ થયો તો એને ધર્મ થયો એમ પણ નથી. સમજાય છે કાંઈ? જુગરાજજી તો પરિચયમાં છે. એણે ચાર લાખ નાખ્યા છે, આઠ લાખ આણે નાખ્યા છે, બાર લાખનું મંદિર થયું છે બેંગલોરમાં. થવાની ચીજ હોય

તે થાય છે, એમાં બનાવવાળાનો ભાવ શુભપુણ્ય છે. રાગની મંદતા હો તો પુણ્ય છે. એ પુણ્ય ધર્મ નહિ. આહા..હા..! આમ વાત છે.

**શ્રોતા :—** ઉપદેશકના ભાવ શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઉપદેશ કરે છે એ પણ શુભભાવ છે. આહા..હા..! એવી વાત છે, ભાઈ! ક્યાં ગયું?

પહેલી વાત આ સૂક્ષ્મ વાત છે, ભગવાન! સમ્યગ્દર્શન જેને થાય છે તો એ સમ્યગ્દષ્ટિને શું ખ્યાલ છે અને શું એના જ્ઞાનમાં જણાય છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિ એટલે હજી પ્રથમ ચોથું ગુણસ્થાન. મુનિપણું અને શ્રાવકપણું એ તો કોઈ અલૌકિક ચીજ છે, બાપુ! આ તો જૈનદર્શન સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ ત્રિલોકનાથનું કથન છે. સમ્યગ્દર્શન થતાં એને અંતરમાં ભેદજ્ઞાન થઈ જાય છે. આહા..હા..! જે કોઈ દયા, દાન, વ્રત, તપના ભાવ છે એ રાગ છે અને હું રાગરહિત શુદ્ધ ચૈતન્યઘન છું. આહા..હા..! એમ અંતરમાં અનુભવસહિત દૃષ્ટિ થાય તો એની દૃષ્ટિ વીતરાગી પર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! કેમકે ભગવાન આત્મા વીતરાગમૂર્તિ છે, વીતરાગસ્વરૂપ. 'જિન સો હી આત્મા' એનો અંતરમાં સન્મુખ થઈને અનુભવ કરીને, નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયથી પણ વિમુખ થઈને-ઉપેક્ષા કરીને સર્વ ત્રિકાળી ભગવાનની પ્રતીતિ અંદર અનુભવમાં થઈ તો એને વીતરાગપર્યાય અને અતીન્દ્રિય આનંદના સ્વાદની સાથે સમ્યગ્દર્શન થાય છે. આ તમારા પૈસાના સ્વાદમાં રાગનો સ્વાદ છેદુઃખનો, દુઃખનો. એ દુઃખનો સ્વાદ છે. આહા..હા..!

**શ્રોતા :—** દુઃખ ન લાગતું હોય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન લાગે, ભાન ન હોય એને ન લાગે. સનેપાતિયાને સનેપાત થાય છે, દુઃખી છે (તોપણ) દાંત કાઢે છે એને ખબર નથી. સનેપાત થાય છેને? વાત, પિત્ત અને કફ બહુ વિકૃત થઈ જાય છે. પાગલ થઈને દાંત કાઢે, દાંત કાઢે. રાજી છે? સુખ છે ત્યાં? દુઃખની પરાકાષ્ટા થઈ ગઈ છે. સનેપાતમાં ભાન ભૂલી ગયો તો દાંત કાઢે છે. એમ અજ્ઞાની લોકો પૈસા ને સ્ત્રી ને કુટુંબના ગંજ દેખે અને રાજી થાય છે તો પાગલ છે.

**શ્રોતા :—** ભગવાનની દૃષ્ટિમાં ભલેને પાગલ રહ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દુનિયાની દૃષ્ટિએ પાગલ પાગલને વખાણે એમાં શું છે? આ તો વીતરાગની દૃષ્ટિની વાત ચાલે છે. વીતરાગ એમ કહે છે કે જેમ સનેપાતનો વિકાર છે અને અને દાંત કાઢે છે, એમ પર પૈસામાં પાંચ કરોડ, દસ કરોડ, અબજ રૂપિયા અને સ્ત્રી, કુટુંબ, પરિવાર બધા અનુકૂળ હોય, પાંચ-પાંચ લાખની માસિક પેદાશ થતી હોય એ દુઃખી છે. કેમકે પૈસા ઉપર એનું લક્ષ જાય છે અને પૈસા જડ છે. જડ ઉપર લક્ષ જાય છે તો રાગ જ ઉત્પન્ન થાય છે, એ દુઃખી છે. એમ સમ્યગ્દષ્ટિને ભાન થઈ ગયું છે. ભલે ભરત ચક્રવર્તીને ચક્રવર્તીપદ હતું. ભરત ચક્રવર્તી ઘરમાં વૈરાગી, આવે છેને? ભજનમાં આવે છે. છ ખંડ, છન્નુ

હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ, છન્નુ કરોડ ગામ, પણ અંતરમાં જે રાગ આવે છે, ભક્તિ, પૂજા આદિનો એને પણ એ દુઃખરૂપ જાણતા હતા. આહા..હા..! લોકોને સત્ય મળ્યું નથીને. આહા..હા..! ઓલામાં પ્રશ્ન કર્યો છે કે પરની દયા પાળે, દયાનો ભાવ (રાખે). પાળી તો ક્યાં શકે છે પરની દયા, પણ પરની દયાનો ભાવ ઉત્પન્ન થાય છે એને ભગવાન રાગ કહે છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય, અમૃતચંદ્રાચાર્ય. રાગ એ હિંસા છે. આહા..હા..! અરે..! આવી વાત દુનિયાએ સાંભળી નથી અને એમને એમ માન્યું કે અમે ધર્મ કરીએ છીએ અને ધર્મ છે. ધૂળેય ધર્મ નથી. ધર્મની દષ્ટિ અલૌકિક છે.

તો અહીંયાં પૂછે છે કે સમ્યગ્દૃષ્ટિ છે તેને આસ્રવવાળો કહે છે કે આસ્રવરહિત કહે છે? તો આચાર્ય કહે છે કે અમે આસ્રવરહિત કહીએ છીએ. સાંભળ! કઈ અપેક્ષાએ? કે એની પુણ્ય-પાપની રુચિ નથી. પોતાના સ્વભાવની દૃષ્ટિ છે જ્ઞાનીને તો સ્વભાવની દૃષ્ટિમાં પુણ્ય-પાપની રુચિ ખસી ગઈ. તો રુચિપૂર્વક એને પુણ્ય-પાપના ભાવ થતા નથી. હવે અસ્થિરતાપૂર્વક થાય છે એની અહીંયાં ગણતરી નથી. એની ગણતરી અહીંયાં નથી ગણવામાં આવી. સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! માર્ગ આખો વીતરાગનો. અરે..! જૈનધર્મમાં જન્મ્યા પણ જૈનધર્મ શું છે ઈ ખબર નથી અને માની બેઠા કે અમે દયા પાળી ને વ્રત કર્યા ને અપવાસ કર્યા એટલે થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી, એ તો રાગ છે.

**શ્રોતા :—** રાગ છેને, અધર્મ નથીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ રાગ કહેતા અધર્મ છે. આહા..હા..!

**શ્રોતા :—** સાધારણ માણસને તો એવું જ બતાવવું જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એવું બતાવવું જોઈએ પાપનું? ઊંધું બતાવવું સાધારણને? વીતરાગ તો એમ કહે છે, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, અમૃતચંદ્રાચાર્ય કે રાગની અનુત્પત્તિ તે અહિંસા ધર્મ છે. પંડિતજી! જિનાગમનો એ સંક્ષેપ છે, વીતરાગ પરમાત્માનો, કે જેટલો રાગ ઉત્પન્ન થાય છે, ચાહે તો પરદયાનો ભાવ ઉત્પન્ન થાય, સત્ય બોલવાનો રાગ થાય એ રાગને અહીંયા હિંસા કહી છે. અરે..રે..! આવો માર્ગ વીતરાગનો! એ પ્રશ્ન કર્યો છે એમાં ... આ એને ધર્મ કહેતા નથી, હિંસા કહે છે અને અધર્મ કહે છે. અરે..! પ્રભુ! તું સાંભળ તો ખરો, બાપુ! તેં સાંભળ્યો નથી વીતરાગધર્મ અને વીતરાગધર્મ કેવી રીતે થાય છે એની ખબર નથી. અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન એમાં રાગની ઉત્પત્તિ ન થાય અને વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય એને પરમાત્મા અહિંસા પરમો ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? તો એવી દૃષ્ટિ જેને થઈ, રાગનું ભેદજ્ઞાન થયું (કે) રાગ મારી વસ્તુ નહિ. ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો, એ પણ આસ્રવ છે, મારી ચીજ નથી. આહા..હા..! લોકોએ બિચારાએ સાંભળ્યું નથી. જિંદગી એમને એમ ચાલી જાય છે. આહા..!

જિનવરદેવ તીર્થંકર સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં વાત આવી એ સંત કહે છે. કુંદકુંદાચાર્ય,

એની ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્ય, આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. આહા..! સમ્યગ્દર્શન પરમાત્મસ્વરૂપ પોતાનું છે. પર્યાયમાં વિકાર છે તો એ વિકારથી તો દૃષ્ટિ ખસી ગઈ છે. અરે..! 'એક સમયની પર્યાય પણ હું છું' એવી રુચિ પણ ખસી ગઈ છે. આહા..હા..! 'હું તો પૂર્ણ વીતરાગમૂર્તિ ચૈતન્યબિંબ છું' એમ સ્વસન્મુખનો ભાવ થઈને શાંતિનું વેદન થયું, અનંતાનુબંધીનો અભાવ થઈને, તો એ સમ્યગ્દૃષ્ટિને આસ્રવ છે કે નહિ? એમ શિષ્યનો પ્રશ્ન છે. તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિને બુદ્ધિપૂર્વક તો આસ્રવ છે નહિ, રુચિપૂર્વક તો છે નહિ. અબુદ્ધિપૂર્વક થોડો છે એનો બંધ અને સ્થિતિ અલ્પ પડે છે તો એને અહીંયા સમ્યગ્દર્શનના વિષયમાં અને સમ્યગ્દર્શનની દૃષ્ટિમાં એને ગણાતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? જિનવરદેવ આમ કહે છે એમ કુંદકુંદાચાર્ય દિગંબર સંત વનવાસી (કહે છે). એમના પછી એક હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય થયા, ઈ આ કહે છે.

અહીંયાં '**(રાજમલજીએ આ કળશની ટીકા કરતાં 'બુદ્ધિપૂર્વક' અને 'અબુદ્ધિપૂર્વક'નો આ પ્રમાણે અર્થ લીધો છેઃ જે રાગાદિપરિણામ મન દ્વારા, બાહ્ય વિષયોને અવલંબીને, પ્રવર્તે છે અને જેઓ પ્રવર્તતા થકા જીવને પોતાને જણાય છે...**' પોતાને ખ્યાલમાં પણ આવે છે કે આ રાગ છે. સમજાય છે કાંઈ? રાગ આવ્યો, દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો. એમ મન દ્વારા થયેલા '**જીવને પોતાને જણાય છે...**' આહા..હા..! પોતાના જ્ઞાનમાં પોતાનું સ્વરૂપનું જ્ઞાન છે એની સાથે રાગનું જ્ઞાન થાય છે. આહા..હા..! ભારે આકરી વાતું. એ પોતાને જણાય છે. ધર્મીને સમ્યક્દૃષ્ટિને રાગ આવે છે તે જણાય છે, ખ્યાલમાં આવે છે '**તેમ જ બીજાને પણ અનુમાનથી જણાય છે...**' બીજા પણ જાણે કે આ જુઓ અત્યારે ભક્તિમાં બેઠા તો રાગ છે. સમજાય છે કાંઈ? વાંચન કરે છે તો રાગ છે. આહા..હા..! '**તે પરિણામો બુદ્ધિપૂર્વક છે...**' તે પરિણામને બુદ્ધિપૂર્વકના કહે છે '**અને જે રાગાદિ પરિણામ ઈન્દ્રિયમનના વ્યાપર સિવાય કેવળ મોહના ઉદયના નિમિત્તે થાય છે...**' જોકે મન તો ત્યાં પણ છે પણ અહીંયાં એમ લીધું છે. નહિતર અબુદ્ધિપૂર્વક રાગ છે ત્યાં મન તો છે જ, પણ ત્યાં વિશેષ સ્થૂળ રીતે મન નથી એમ લેવું છે. ઈ તો બહાર છે. મનનો સંબંધ છે પણ એને ખ્યાલ નથી એ અપેક્ષાએ મનપૂર્વક નથી એમ કહે છે.

'**મનના વ્યાપાર સિવાય...**' બહુ સૂક્ષ્મ માર્ગ, પ્રભુ! આહા..હા..! '**મોહના ઉદયના નિમિત્તે થાય છે જીવને જણાતા નથી...**' ખ્યાલમાં નથી આવતા. ઉપયોગ સ્થૂળ છે તો ખ્યાલમાં નથી આવતા એવા રાગને અબુદ્ધિપૂર્વક કહે છે, ખ્યાલમાં આવવાવાળા રાગને બુદ્ધિપૂર્વક કહે છે. પહેલા બીજી વાત લીધી હતી કે રાગની રુચિ છે તેને બુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે અને રુચિ વિના રાગ થાય છે તેને અબુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે. અહીંયાં બીજી વાત લીધી કે જ્ઞાનીને પણ બુદ્ધિપૂર્વકનો રાગ જણાય છે અને બીજો પણ જાણી શકે કે આને રાગ આવ્યો. એને અહીંયાં બુદ્ધિપૂર્વકનો રાગ કહેવામાં આવ્યો છે. આહા..હા..! પહેલા

બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક કહ્યું તે રુચિ અને અરુચિની અપેક્ષાથી. આવી વાત ક્યાંય કાને પડે નહિ. ભભૂતમલજી! અને આ પૈસાવાળા પૈસામાં ઘુંચાઈ જાય આખો દિ'. આ રળવું ને આ કરવું ને આનું આમ. આહા..હા..! પોતાની લક્ષ્મી અંદર આનંદની, જ્ઞાનની અનંત લક્ષ્મી પડી છે. ધૂળની બહારની લક્ષ્મી હતી કે દિ'? ધૂળ છે, માટી છે એ તો. એને પણ ધંધો બંધ કરવો પડ્યો પછી, સરકારના લાકડા બહુ ગરી ગયાને. ... ઓછા કરો. આહા..! ... સરકારના ઘણા છેને અત્યારે તો. ક્યાંક પકડાઈ જઈએ. આહા..! બહારની ચીજ તો પુણ્ય આધીન છે. અહીં તો કહે છે કે એ લક્ષ્મી આત્માની લક્ષ્મી નહિ. જે લક્ષ્મી જડ છે તેને પોતાની માને એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે. જ્ઞાની પાસે ચક્રવર્તીનું રાજ હોય તોપણ એ રાજ મારું નહિ એમ માને છે. આહા..હા..!

**શ્રોતા :—** અમે પણ એમ માનીએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એવી માન્યતા હોય તો અંદર આનંદનો સ્વાદ આવવો જોઈએ. ભભૂતમલજી! રાગનો સ્વાદ છે. પૈસા ને એ મારી ચીજ નથી તો મારી ચીજ શું છે? હું તો આનંદ અને જ્ઞાન લક્ષ્મીવાળો છું. એવી ચીજમાં એને આનંદ આવે છે ત્યારે પરવસ્તુ મારી નથી એ યથાર્થ થયું. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! વીતરાગમાર્ગ જિનવરનો માર્ગ બીજે ક્યાંય છે નહિ. વીતરાગ સિવાય આ વાત ક્યાંય, કોઈ ઠેકાણે (નથી). વેદાંત આદિ બધા. આહા..હા..! વાત ઝીણી બહુ, ભાઈ! શ્વેતાંબરમાં પણ આવી વાત નથી. આ તો દિગંબર ધર્મ જે અનાદિ સનાતન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો એ અલૌકિક ચીજ છે. આહા..હા..! લક્ષ્મી મારી નહિ, રાગ મારો નહિ, એવી માન્યતાવાળાને 'હું આનંદ છું' એવી માન્યતા હોય છે તેથી આનંદનો સ્વાદ આવે છે.

**શ્રોતા :—** રાગનો ભાગ ન હોય એટલે આનંદ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આનંદ આવે. આહા..હા..! એવી વાત છે, ભાઈ!

એ અહીં કહે છે કે જ્ઞાનીને પણ જણાય એવો રાગ થાય તેને બુદ્ધિપૂર્વક કહે છે. છે તો રાગનું ભેદજ્ઞાન. સમજાય છે કાંઈ? રાગથી મારી ચીજ ભિન્ન છે, હું આનંદ છું, અતીન્દ્રિય અનાકુળ શાંતિરસનો કંદ, કંદ અને કુંદ છું. આહા..હા..! સમ્યક્દૃષ્ટિ આમ માને છે. ચાહે તો એ નરકમાં નારકી હો, પશુ હો. અસંખ્ય પશુ છે, અઢી દ્વીપ બહાર અસંખ્ય પશુઓ સમકિતી જ્ઞાની છે, અસંખ્ય પશુઓ તિર્યંચ છે, હજાર હજાર જોજનના લાંબા મચ્છ સમકિતી છે પંચમ ગુણસ્થાનવાળા આત્મધ્યાની આત્મજ્ઞાની. શરીર જડ છે, તિર્યંચ છે, મનુષ્ય હો, આત્મા તો ભિન્ન છે. આહા...હા..! સમજાય છે કાંઈ? જેને રાગનો સ્વાદ આવે છે તેને પરવસ્તુ મારી છે એવી માન્યતા છે એટલે સ્વાદ આવે છે. આહા..હા..! અને આત્માના આનંદનો સ્વાદ આવે છે તો પરવસ્તુ મારી નહિ, રાગ પણ મારો નહિ એમ સ્વાદ આવે છે. આહા..હા..!

**શ્રોતા :—** બેમાંથી મીઠો સ્વાદ ક્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :**— મીઠો સ્વાદ તો પોતાનો સ્વાદ જ મીઠો છે, પેલો તો ઝેર છે. રાગનો સ્વાદ તો ઝેર છે. શુભભાવને પણ ભગવાન તો ઝેર કહે છે. આહા..હા..! અશુભની તો વાત જ શું! રળવું, કમાવું, વિષયભોગ-વાસનાના અશુભભાવ તો ઝેર, મહા ઝેર છે; પણ અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ થાય શુભરાગ એ પણ ઝેર છે. વિષકુંભ કહ્યું છે સમયસારમાં મોક્ષ અધિકારમાં. વિષકુંભઝેરનો ઘડો. આહા..હા..! જ્ઞાનીને આવે છે પણ એમાં એકત્વબુદ્ધિ નથી. સમજાય છે કાંઈ?

તેથી બુદ્ધિપૂર્વક અને **'આ અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે...'** આહા..હા..! **'અને તેમના અવિનાભાવી ચિહ્ન વડે પણ તેઓ અનુમાનથી પણ જણાય છે.'** એક તો રાગ ખ્યાલમાં આવે છે તેને પણ જાણે છે કે આ દુઃખરૂપ છે, ઝેર છે; અને ખ્યાલમાં નથી આવતો એ મારી અપૂર્ણ દશા છે તો અબુદ્ધિપૂર્વક રાગ પણ થાય છે, એ ખ્યાલમાં ન આવે પણ અનુમાનથી ખ્યાલમાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત કેવી, આ તે કઈ જાતની? આ તે વીતરાગનો ધર્મ હશે આવો? આહા..! પ્રભુ! વીતરાગનો માર્ગ (આવો જ છે). વીતરાગનો માર્ગ તો આ પૂજા કરવી, ભક્તિ કરવી, વ્રત પાળવા, અપવાસ કરવા. અરે..! ભગવાન! એ તો બધી ક્રિયાઓ રાગની છે. આહા..! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ... કહે છે કે **'આ અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે...'** આહા..હા..! **'તેમના અવિનાભાવી ચિહ્ન વડે તેઓ અનુમાનથી પણ જણાય છે.'** આહા..હા..!

**'હવે શિષ્યની આશંકાનો શ્લોક કહે છે.'** શિષ્યની શંકા છે.

(अनुष्टुभ्)

सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।
कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः।।११७।।

**શ્લોકાર્થ :— 'જ્ઞાનીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ વિદ્યમાન હોવા છતાં...'** સમકિતી આત્મજ્ઞાની થયો એને પ્રદેશમાં જડ કર્મની સંતતિ ઊભી છે. આહા..! આ કેમ કહ્યું છે કે **'જ્ઞાની સદાય નિરાસ્રવ છે...'** આહા..હા..! જ્ઞાની રાગથી, કર્મથી ભિન્ન થયો અને આત્માના આનંદનો સ્વાદ આવ્યો, પણ એની પાસે આત્મપ્રદેશમાં આઠ કર્મ જડ પડ્યા છે. તો એ કર્મ પડ્યા છે અને ઉદય આવે છે, રાગ-દ્વેષ થાય છે તો એને નિરાસ્રવ કેમ કહો છો? ભભૂતમલજી! આ ઝીણી વાત છે. તમારા ચોપડામાં ન મળે, બહાર વાડામાં મળતી નથી એટલે લોકો બિચારા વિરોધમાં (આવી જાય). આહા..! શું કરે? સાંભળ્યું નથી, જાણ્યું નથી. વિરોધ, વિરોધ, વિરોધ કરે. આહા..હા..! કરો બાપુ! તમારો વિરોધ છે. અહીં તો છે ઈ છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા તો કહે છે કે જ્ઞાનીને ભલે રાગની ના કહી, પણ અમે તો કહીએ છીએ કે એને આઠ કર્મ પડ્યા છેને? આત્મપ્રદેશમાં આઠ કર્મ પડ્યા છે. સમકિતી થયો એટલે ખલાસ થઈ ગયું? અને એ આઠ કર્મનો ઉદય આવે છે તો આત્મામાં પોતાને કારણે રાગ-

દ્વેષ પણ થાય છે. તો એને આસ્રવ નથી એમ કેમ કહો છો? પ્રશ્ન સમજાણો? **'એમ જો તારી બુદ્ધિ છે (અર્થાત્ જો તને એવી આશંકા થાય છે) તો હવે તેનો ઉત્તર કહેવામાં આવે છે.'** તારી આશંકા હોય તો એનો અમે ઉત્તર આપીએ છીએ, આચાર્ય કહે છે.

**'હવે, પૂર્વોક્ત આશંકાના ઉત્તરની ગાથા કહે છે :—'** કુંદકુંદાચાર્ય સંવત ૪૯માં થયા. ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. આહા..હા..! પરમાત્મા બિરાજે છે સીમંધર ભગવાન ત્રિલોકનાથ વીસ વિહરમાન જિન છે એની પાસે ગયા હતા. આહા..! નગ્ન મુનિ દિગંબર આત્મધ્યાની મસ્તી આત્મામાં. આહા..હા..! એ આઠ દિવસ રહીને આવ્યા અને આ શાસ્ત્ર બનાવ્યા. તો શિષ્યને ઉત્તર આપે છે. સમજાય છે કાંઈ?

**सव्वे पुव्वणिबद्धा दु पच्चया अत्थि सम्मदिट्ठिस्स।**
**उवओगप्पाओगं बंधंते कम्मभावेण।।१७३।।**
**होदूण णिरुवभोज्जा तह बंधदि जह हवंति उवभोज्जा।**
**सत्तट्ठविहा भूदा णाणावरणादिभावेहिं।।१७४।।**
**संता दु णिरुवभोज्जा बाला इत्थी जहेह पुरिसस्स।**
**बंधदि ते उवभोज्जे तरुणी इत्थी जह णरस्स।।१७५।।**
**एदेण कारणेण दु सम्मादिट्ठी अबंधगो भणिदो।**
**आसवभावाभावे ण पच्चया बंधगा भणिदा।।१७६।।**

**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદૃષ્ટિને,**
**ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.**
**અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,**
**જ્ઞાનાવરણ ઈત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.**
**સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;**
**ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.**
**આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,**
**આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.**

ટીકા :— **'જેમ...'** પહેલા દૃષ્ટાંત આપે છે. **'પ્રથમ તો તત્કાળની પરણેલી બાળ-સ્ત્રી...'** કન્યા હોય દસ-બાર વર્ષની ઉંમરની અને પરણી હોય. તત્કાળની પરણેલી બાળ-સ્ત્રી અનુપભોગ્ય છે. એ ભોગવવાલાયક નથી. આહા..! સંતોને ક્યાં પડી છે, એ તો વીતરાગી સંત છે. દૃષ્ટાંત દેવામાં એમને કાંઈ ખેંચ નથી. આહા..! **'જેમ પ્રથમ તો તત્કાળની પરણેલી બાળ-સ્ત્રી...'** દસ-બાર વર્ષની ઉંમરની હોય અને ધણી ૨૫-૩૦ વર્ષનો હોય તો એ ભોગવી શકતો નથી. બાળક છેને બાળક. **'પરંતુ યૌવનને પામેલી...'** જ્યારે યૌવન અવસ્થા ધારણ કરે છે **'પરણેલી સ્ત્રી યૌવન-અવસ્થામાં ઉપભોગ્ય થાય છે...'** આહા..! દૃષ્ટાંત છે. સિદ્ધાંત

સિદ્ધ કરવો છે. આહા..હા..! આવો દૃષ્ટાંત કેમ આપ્યો? ભાઈ! ભગવાન! મુનિ છે. એ દુનિયાને સમજાય એવો દૃષ્ટાંત આપ્યો છે. સમ્યક્જ્ઞાન દીપિકામાં તો ક્ષુલ્લક બ્રહ્મચારીનું કથન છે. હજી આજે જ આવ્યું છે. હજી એનો એ પ્રશ્ન કરે છે કે આ લોકો કહે છે કે પરસ્ત્રીને ભોગવે તો દોષ નથી. તો એને તમે પૂછો, પૂછો તો ખરા. એમ કહે છે. આટલી આટલી વાત થઈ છે. એ તો સમ્યક્જ્ઞાન દીપિકા બ્રહ્મચારી ધર્મદાસ ક્ષુલ્લકનો એ ગ્રંથ છે. એ તો સિદ્ધાંત સિદ્ધ કરવો છે. (પર)સ્ત્રીને ભોગવવી એ તો મહાપાપ છે, પણ ત્યાં તો પતિ છે અને કદાચિત્ એવું કાંઈક થઈ જાય તો બહારમાં દોષ દેખાતો નથી, એટલું કહેવું છે.

એમ ભગવાન આત્મા.. આહા..હા..! પોતાનું વીતરાગી સ્વરૂપ જેની દૃષ્ટિમાં, અનુભવમાં છે એને કોઈ પર્યાયમાં થોડો રાગાદિ હોય તો એનો દોષ બહારમાં દેખાતો નથી. એમ વાત છે. આહા..! હજી આ પ્રશ્ન કરે છે લ્યો. આજે નાખ્યું છે. સમ્યક્જ્ઞાન દીપિકા ગ્રંથ કોનો છે હજી એની ખબર નથી. એ તો દિગંબર ગ્રંથ છે. બ્રહ્મચારી ધર્મદાસજીનો ગ્રંથ છે. આહા..હા..!

અહીં કહે છે કે (તે સ્ત્રી) **'યૌવન-અવસ્થામાં ઉપભોગ્ય થાય છે અને જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે, પુરુષના રાગભાવને લીધે જ,...'** પાછું જોયું! એ પુરુષના રાગભાવને કારણે એ પુરુષને બંધન કરે છે. આહા..હા..! જેટલો એ રાગ કરે એ પ્રમાણે સ્ત્રી બંધન કરે છે. આહા..હા..! **'વશ કરે છે,...'**

**'તેવી રીતે જેઓ પ્રથમ તો સત્તા-અવસ્થામાં અનુપભોગ્ય છે...'** શું કહે છે? જ્ઞાનીને આઠ કર્મ પડ્યા છે અને સત્તામાં પડ્યા છે. સત્તામાં પડ્યા છે એ અનુપભોગ્ય છે. ઉદયમાં આવે તો ભોગ્ય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! **'પ્રથમ તો સત્તા-અવસ્થામાં અનુપભોગ્ય છે, પરંતુ વિપાક-અવસ્થામાં ઉપભોગયોગ્ય થાય છે...'** કર્મનો પાક થાય એ અવસ્થામાં ભોગવવાયોગ્ય થાય છે. **'એવા પુદ્‌ગલકર્મરૂપ દ્રવ્યપ્રત્યયો હોવા છતાં...'** અંદર જડ દ્રવ્યકર્મનો આશ્રય હોવા છતાં **'તેઓ જે રીતે ઉપભોગયોગ્ય થાય તે અનુસારે (અર્થાત્ ઉપયોગના પ્રયોગ અનુસારે), કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્‌ભાવને લીધે જ, બંધન કરે છે.'** આહા..હા..! કર્મના ઉદયમાં વર્તમાન જેટલો ઉપભોગ કરે છે તેટલું બંધન થાય છે. તો જ્ઞાનીનો ઉપભોગ રાગ-દ્વેષ, મોહ કરવાનો તો છે નહિ. અહીંયાં અસ્થિરતાની વાત નથી. રુચિપૂર્વક રાગ કરવો એ ભાવ તો છે નહિ. સત્તામાં પડેલા કર્મ અનભોગ્ય છે, બાળ સ્ત્રીની પેઠે. યુવાન થઈ ત્યારે જેટલો રાગ કર્યો તેટલું બંધન કર્યું. એમ સત્તામાંથી ઉદય આવ્યો ત્યારે જેટલો ઉપયોગ જોડાય તેટલું બંધન થાય. તો એનો ઉપયોગ દૃષ્ટિના વિષયને કારણે એને મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ઉપયોગ નથી. સમજ્યા?

અનંતાનુબંધીના રાગ-દ્વેષની અપેક્ષા છે અહીંયાં. અસ્થિરતા નહિ. સમજાય છે કાંઈ? બુદ્ધિપૂર્વક, રુચિપૂર્વક તો જ્ઞાનીને રાગ-દ્વેષ થતા નથી. ભલે કર્મ ઉદયમાં આવો, પણ ત્યાં રુચિ તો છે નહિ. થોડો થયો એમાં પણ રુચિ નથી. જ્ઞાનીને માલ પોસાતો નથી. જેમ વાણિયાને

માલ પોસાય તો લે છે કે નહિ? ત્રણ રૂપિયાનું મણ લીધું અને ત્યાં સાડા ત્રણ ઊપજશે તો સો મણ, બસ્સો મણ લ્યે, પણ અહીંયા ત્રણ રૂપિયા (આપે) અને ત્યાં પોણા ત્રણ ઊપજે તો એ માલ લ્યે? પોસાય? શું તમારે હતું ઈ બધું? સ્ટીલ, સ્ટીલ. સ્ટીલનો ધંધો. બે કરોડનું સ્ટીલ હતું. તે દિ' અમે જ્યારે ગયાને, સોળ દિવસ. પાંચ હજાર માણસ આવતા હતા પાછળથી. એટલામાં રહ્યા તો બે કરોડના સ્ટીલમાં ચાલીસ લાખ વધ્યા પાછા. આઠ લાખ ખર્ચ્યા અને ચાલીસ લાખ વધ્યા. લોકો તો એમ કહેવા માંડ્યા કે લ્યો, મહારાજને કારણે આવ્યા. અહીં અમારે કારણે નહિ, એના પુણ્યને કારણે થયા. શેઠ! આઠ લાખ ખર્ચ્યા હતા. સોળ દિવસ તો પછી બંધ રહ્યું. બે કરોડનું સ્ટીલ પડ્યું હતું. ભાવ વધી ગયા. ચાલીસ લાખ. એમ લોકો કહેતા હતા, એના મિત્ર કહેતા હતા. ઈ પોતે બહુ ન કહે. આહા..હા..! એ તો પૂર્વના પુણ્યનો યોગ હોય તો એમ થઈ જાય. એમાં આત્માને ક્યાં લાભ છે? આહા..હા...!

અહીંયાં તો કહે છે કે જ્ઞાનીને, જેમ અજ્ઞાનીને બાળ-સ્ત્રીનો ભોગ નથી અને યુવાન થાય પછી ભોગ થાય, એમ જ્ઞાનીને કર્મ સત્તામાં પડ્યા છે એ અનભોગ્ય છે. હવે ઉદયમાં આવે છે ત્યારે ઉપયોગ જેટલો જોડાય છે તે પ્રમાણે બંધન થાય છે. તો જ્ઞાનીનો ઉપયોગ મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી ખસી ગયો છે. આહા..હા..! એટલી વાત લેવી છે. સમજાય છે કાંઈ? આહા..હા..! 'એ રાગ મારો છે, રાગ મારું કર્તવ્ય છે' એ દૃષ્ટિ તો જ્ઞાનીને છૂટી ગઈ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મી ચોથે ગુણસ્થાને હોય પણ રાગ કર્તવ્ય છે અને રાગ મારું કામ છે, એ દૃષ્ટિ તો છૂટી ગઈ છે. આકરી વાત બહુ, ભાઈ! ઓલી સહેલીસટ વાત હતી. વ્રત પાળવા ને અપવાસ કરવા ને તપસ્યા કરવી ને ભક્તિ કરવી. અહીં કહે છે કે બાપુ! એવું અનંતવાર કર્યું પણ આત્મા હાથ આવ્યો નહિ. આહા..હા..!

**શ્રોતા** :— ક્રિયામાં ભૂલ હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ ક્રિયા તો રાગવાળી છે, ભૂલવાળી છે. એમાં ભૂલ ક્યાંથી? ક્રિયા પોતે રાગ છે, ભૂલવાળી છે. ઈ આત્માનો સ્વભાવ ક્યાં છે! આહા..હા..!

અહીંયાં તો કહે છે કે '**કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધના કારણ નથી.**' આહા..હા..! શું કહ્યું? કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સ્વભાવમાં એ કારણે બંધન કરે છે. શું કહ્યું? કર્મ સત્તામાં પડ્યા છે એ તો અનુભોગ્ય છે. હવે ઉદય આવ્યો તો કર્મોદયના કાર્યરૂપ જીવભાવ. આ જીવભાવમાં રાગ-દ્વેષ કરે તો બંધન થાય છે. તો જ્ઞાનીને તો રાગ-દ્વેષ છે નહિ. મિથ્યાત્વ સંબંધી અને અનંતાનુબંધી સંબંધી રાગ-દ્વેષ નથી. અહીંયાં ઈ વાત છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ચાહે તો ચક્રવર્તીપદમાં ભરત હો. આવે છે કે નહિ? ભરતજી ઘરમાં વૈરાગી. એનો અર્થ શું? કે કર્મોદયમાં એનું જોડાણ, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ગયા એટલું જોડાણ થતું નથી, તેથી તેને નિરાસ્રવ કહેવામાં આવે છે. આહા..હા..! બહુ ઝીણી વાતું, બાપા! આહા..હા..!

મિથ્યાત્વ એ જ સંસાર છે અને મિથ્યાત્વ એ જ આસ્રવ છે અને મિથ્યાત્વ એ જ મહાપાપ છે. 'રાગનો કર્તા હું છું' એ મિથ્યાત્વ જ મોટું પાપ છે. સમજાય છે કાંઈ? તો જ્ઞાનીને, હું રાગનો કર્તા છું એ વાત તો છૂટી ગઈ છે. સમજાય છે કાંઈ? સ્તવનમાં આવે છેને? સમયસાર નાટકમાં. 'કરે કર્મ સો હી કરતારા, જાને સો જાનનહારા, કરે કર્મ સો હી કરતારા, જો જાણે સો જાનનહારા. જાને સો કર્તા નહીં હોઈ, કર્તા સો જાને કોઈ.' ઝીણી વાતું, બાપુ! જ્ઞાની રાગ થાય છે તેનો કર્તા નથી થતો. આહા..હા..! કર્તા થાય તો ઈ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાત ક્યાં? આવો તે માર્ગ વીતરાગનો હશે ઈ ખબરેય નથી.

**શ્રોતા :–** છ-છ મહિના સુધી મડદું ઉપાડીને ફર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ ફેરવે તો શું છે? રાગ છે ત્યાં, બળદેવને એટલો વાસુદેવનો રાગ છે. ફેરવવાની ક્રિયા જડની છે, પણ એટલો રાગ છે, પણ અહીં તો એ રાગ ગણવામાં જ નથી આવતો. આહા..હા..! અનંત સંસારનું કારણ 'રાગ મારો છે' એવી બુદ્ધિ જ્ઞાનીને નથી. તો ઈ અપેક્ષાએ એને નિરાસ્રવ કહેવામાં આવે છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીના અભાવની અપેક્ષાએ. આહા..હા...! ૪૧ પ્રકૃતિનું બંધન નથી. સમ્યગ્દૃષ્ટિને ૧૪૮ પ્રકૃતિમાંથી ૪૧ પ્રકૃતિનું બંધન નથી. ભલે ચક્રવર્તીનું રાજ હો, બળદેવ હો, તીર્થંકર પણ ગૃહસ્થાશ્રમમાં હતાને, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ—ત્રણે તીર્થંકર હતા, ત્રણે ચક્રવર્તી હતા, ત્રણે કામદેવ હતા. ઈ ત્રણેય કામદેવ હતા, પણ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ગયા હતા. ઈ લઈને તો જન્મ્યા હતા. આહા..હા..! 'રાગ મારું કર્તવ્ય છે અને રાગથી મને લાભ છે' એ બુદ્ધિ તો નાશ કરીને આવ્યા હતા. આહા..હા..! રાગ થાય છે પણ એનાથી મને લાભ છે અને રાગ મારી ચીજ છે એ દૃષ્ટિ ઊડી ગઈ છે. અસ્થિરતાનો રાગ છે એની વાત અહીંયા ગણવામાં આવી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? છે?

'**કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્ભાવને લીધે જ,...**' જુઓ, કર્મોદયનું કાર્ય. કોણ? જીવભાવના સદ્ભાવને કારણે. જીવનો રાગ-દ્વેષભાવ હોય તો કર્મોદયનું કાર્ય એ છે. સમજ્યા? '**માટે જ્ઞાનીને જો પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો વિદ્યમાન છે, તો ભલે હો; તથાપિ તે (જ્ઞાની) તો નિરાસ્રવ જ છે,...**' શાંતિભાઈ! આવી વાતું છે. બાળસ્ત્રી જેમ વિષયને લાયક નથી, એમ કર્મની સત્તા વિષયને લાયક નથી. હવે યુવાન સ્ત્રી વિષયને લાયક છે, પણ જેટલો પુરુષનો રાગ છે તેટલું બંધન થાય છે, એટલો એને તાબે થાય છે. એમ સમ્યગ્દૃષ્ટિને પૂર્વના કર્મ સત્તામાં પડ્યા છે એ બાળસ્ત્રી જેવા છે અને જ્યારે ઉદય આવે છે ત્યારે રુચિ નથી. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ એને નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

'કારણ કે **કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ...**' છે. '**તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધના કારણ નથી.**' આ રાગદ્વેષ અને મોહ મિથ્યાત્વસંબંધી રાગ-દ્વેષ અને મોહ કહેવામાં આવ્યા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કર્મોદયનું કાર્ય શું? કે રાગ-દ્વેષ મોહરૂપ

આસ્રવભાવ. તો ઉદયનું કાર્ય તો જ્ઞાનીને આવ્યું નહિ. જ્ઞાનીને તો દૃષ્ટિ સમ્યક્ આત્મા ઉપર છે અને સ્વરૂપમાં સ્થિરતા સ્વરૂપાચરણ છે. તેથી મિથ્યાત્વસહિતના જે રાગ-દ્વેષ છે તે તો થયા નહિ. આ અપેક્ષાથી તેને નિરાસ્રવ કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :—** સમ્યગ્દૃષ્ટિને બંધનું કારણ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** .. નથી, રાગનો સદ્ભાવ હોય તો યુવાન સ્ત્રી પરાધીન કરી શકે એમ કહ્યું. રાગ નથી એને શું કરે? આહા..હા..! ઈ આવ્યું હતુંને પહેલું? **'જે રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે, પુરુષના રાગભાવને લીધે જ, પુરુષને બંધન કરે છે...'** રાગભાવ હોય એટલું બંધન કરે છે. આહા..હા..! એમ જ્ઞાનીને, જેને ભગવાન આત્માનો અનુભવ થયો, આત્માનો સ્વાદ આવ્યો, સમ્યક્દૃષ્ટિને ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો, ચક્રવર્તીના રાજમાં હો, અબજોપતિ શેઠિયામાં હો, પણ અંતરમાંથી આત્માના આનંદના સ્વાદ આગળ, કર્મોદયનું કાર્ય રાગદ્વેષમોહ મિથ્યાત્વસહિતના એને હોતા નથી. આહા..હા..! પોતાના આત્માના આનંદના સ્વાદ આગળ કર્મોદયનું કાર્ય જે રાગ-દ્વેષ અને મોહ એ જ્ઞાનીને હોતા નથી. કારણ કે ઈ બેસ્વાદ છે. આહા..હા..! મિથ્યાત્વસહિતની અપેક્ષાએ. થોડો અસ્થિરતાનો રાગ છે એ તો કર્મની સ્થિતિ, રસ અલ્પ પડે છે. એને અનંત ભવ નથી થતા. આહા..હા..! મિથ્યાત્વભાવ એ અનંત ભવનું કારણ છે. મિથ્યાત્વ જેનું ગયું ત્યાં સમકિત થયું, આત્માનું જ્ઞાન થયું. તો આત્મા તો ભવરહિત છે. ભવ અને ભવનો ભાવ રાગ, એનાથી તો ભગવાન આત્મા રહિત છે. આહા..હા..! નવ તત્ત્વમાં પુણ્ય-પાપને આસ્રવતત્ત્વ કહ્યું. આત્માને જ્ઞાયકતત્ત્વ કહ્યું. આહા..હા..!

ધર્મીજીવ એને કહીએ કે જેને કર્મના ઉદયમાં રાગદ્વેષમોહ હોતા નથી, સત્તામાં પડ્યા હોય ઈ તો એને કાંઈ કરતા નથી, પણ ઉદય આવ્યો ત્યારે પણ મિથ્યાત્વનો ઉપયોગ એ બાજુ નથી, સમકિતદર્શન ઉપર ઉપયોગ છે અંદર. આહા..હા..! ભારે વાતું, ભાઈ! લોકોને બાહ્ય ત્યાગનો મહિમા બહુ. એ મિથ્યાત્વભાવ છે. અંદરના રાગનો ત્યાગ અને વીતરાગપણાની ઉત્પત્તિ એ શું ચીજ છે એના માહાત્મ્યની ખબર નથી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને રાગનો ત્યાગ સર્વથા થઈ ગયો છે. દૃષ્ટિની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહા..હા..! અને જેટલો રાગ થાય છે એ બધો અસ્થિર છે અને અસ્થિરની દૃષ્ટિ છૂટી ગઈ છે. અસ્થિરપણું મારું છે એમ નથી, હું તો પૂર્ણ આનંદ છું. બહુ ઝીણું. વીતરાગમાર્ગ આવો હશે? કહે છે. ઓલો વ્યવહાર ક્યાં ગયો? વ્યવહાર ગયો રાગમાં, સાંભળને! વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાશે, લસણ ખાતા- ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. નહિ આવે. એમ રાગની વ્યવહાર ક્રિયા કરતાં કરતાં નિશ્ચય થશે, બધું જૂઠ છે.

કર્મોદયનું કાર્ય તો રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ છે. તેનો તો અભાવ છે. આહા..હા..! એ તો પહેલા આવી ગયુંને? દ્રવ્યાસ્રવ તો જડ છે, એનાથી તો આત્મા ભિન્ન જ છે, ભાવાસ્રવનો અભાવ છે. વિપરીત દૃષ્ટિ છૂટી ગઈ છે. આહા..હા..! રાગ મારો છે અને રાગ કરવાલાયક

છે એવી દૃષ્ટિ છૂટી ગઈ છે. 'હું તો જ્ઞાન આનંદમય છું' એની પરિણતિ કરવી એ મારું કર્તવ્ય છે. આહા..હા..! આનંદ અને રાગથી રહિત વીતરાગી પરિણતિ કરવી એ મારું કર્તવ્ય છે. ધર્મીની દૃષ્ટિનું આ કર્તવ્ય છે. વેપાર ધંધા આદિનું કર્તવ્ય તો અજ્ઞાની પણ કરી શકતો નથી. કારણ કે એ બધી તો જડની ક્રિયા છે. આ શરીરની ક્રિયા જડની છે. અંદર રાગ થાય છે એ પણ અચેતન છે, નિશ્ચયથી તો. આહા..હા..! રાગમાં આત્માનું જ્ઞાન નથી. તેથી જ્ઞાનીને મિથ્યાત્વસહિતનો રાગ જે અનંત સંસારનું કારણ મિથ્યાત્વ અને અનંત સંસારનું કારણ અનંતાનુબંધી રાગ-દ્વેષ, જ્ઞાનીને ઉદયકાળમાં એવા રાગ-દ્વેષ હોતા નથી. આહા..હા..! વાત જ હજી પકડવી કઠણ. શું કહે છે આ? માર્ગ બાપા જુદો છે, ભાઈ! આખી દુનિયા શું કહે છે એ બધી ખબર નથી? આહા..હા..!

**શ્રોતા** :— હવે શું કરવું જોઈએ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— આ કરવું જોઈએ. દ્રવ્યદૃષ્ટિવસ્તુની દૃષ્ટિ કરવી જોઈએ. ચિદાનંદ ભગવાનની દૃષ્ટિ કરવી જોઈએ અને દૃષ્ટિ કરીને એમાં લીન થવું જોઈએ. આ કરવાનું છે. આહા..હા..!

**શ્રોતા** :— દૃષ્ટિ અર્થાત્ આંખથી જોવાનું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ઈ નહિ. આંખ તો જડ છે. અંતરમાં સમ્યક્દૃષ્ટિની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. નિર્વિકલ્પ દૃષ્ટિ વીતરાગીને અહીંયાં દૃષ્ટિ કહે છે. એ દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે એને સમ્યક્દૃષ્ટિ કહે છે. આહા..હા..! એવું છે બાપુ! અપૂર્વ માર્ગની વાત છે આ તો, ભાઈ! અનંત કાળ... આમ તો કહ્યુંને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' મુનિના વ્રત અનંતવાર પાળ્યા. અઠ્યાવીસ મૂળગુણ પંચમહાવ્રતાદિ. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રવૈયેક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ મહાવ્રતના પરિણામ એ દુઃખરૂપ અને આસ્રવ છે. આહા..હા..! એ રહિત મારી ચીજ આત્મજ્ઞાન શું છે, એના જ્ઞાન વિના લેશ આનંદ ન આવ્યો, દુઃખ આવ્યું દુઃખ. પંચમહાવ્રતના પરિણામ એ દુઃખ છે. આહા..હા..! આવ્યું કે નહિ એમાં? શું આવ્યું?

છ ઢાળામાં આવે છે, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' લેશ સુખ ન પાયો. પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ છે, એ તો રાગ છે, એ તો દુઃખ છે. આહા..હા..! અવ્રતના પરિણામ તો પાપ અને દુઃખ છે એ તો છે જ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત છે, બાપુ! માર્ગ બહુ જુદો, છે ભાઈ! જન્મ-મરણરહિત થવાની દૃષ્ટિ અને એ દૃષ્ટિનો વિષય ભગવાન આત્મા, એ અલૌકિક વાતું છે. આહા..હા..! બહારની ક્રિયાકાંડથી એનો પત્તો લાગતો નથી. આહા..હા..! ઈ કહે છે, જુઓ!

'**કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ**...' છે. એ '**કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ તેના અભાવમાં**...' આહા..હા..! જ્ઞાનીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો તો અભાવ છે. સમજાય છે કાંઈ? અનંતાનુબંધીના રાગ-દ્વેષ અને મિથ્યાત્વ, એના અભાવમાં

**'દ્રવ્યપ્રત્યયો બંધના કારણ નથી.'** એને જૂના જડ કર્મ બંધનું કારણ નથી. આહા..હા..! સમ્યગ્દર્શનની કેટલી કિંમત છે અને સમ્યગ્દર્શન થતાં એનો વિષય કેવો પૂર્ણ છે એની ખબર વિના... આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર માનીએ, નવ તત્ત્વ માનીએ એટલે સમકિત છે. હવે વ્રત લઈ લ્યો, ચારિત્ર લ્યો, ધૂળેય નથી. સાંભળને! અહીં તો કહે છે, વસ્તુસ્થિતિ એવી છે કે પૂર્ણાનંદસ્વરૂપ રાગથી પૃથક્ ભેદજ્ઞાન થયું તો જ્ઞાનીને જૂના કર્મ પડ્યા છે તે બંધનયોગ્ય નથી. કર્મનો ઉદય આવ્યો તો અહીંયાં રાગ-દ્વેષ અને મોહ મિથ્યાત્વનો છે નહિ. મિથ્યાત્વસંબંધી રાગદ્વેષમોહના અભાવને કારણે પૂર્વના કર્મ બંધના કાર્યમાં નિમિત્ત થતા નથી. આહા..હા..! આવી વાતું. ઈ કરતાં પાંચ-દસ લાખ ખર્ચી નાખો, બે કરોડમાં પચાસ લાખ આપો. એટલા બધા વાણિયા ન આપે ઝટ, પણ પચાસ લાખ બે કરોડમાંથી આપે તોપણ ધર્મ નથી, અહીં તો કહે છે. મોટા ગજરથ કરે ને દસ લાખ ખર્ચે ને પચ્ચીસ લાખ ખર્ચે. એ પૈસા તો જડ છે. આહા..હા..! એના સંબંધી રાગ મંદ હોય તો પુણ્ય થાય છે, ધર્મ નહિ. ધર્મ તો રાગથી ભિન્ન પોતાના સ્વભાવનું જ્ઞાન થાય ત્યારે ધર્મ થાય છે. આહા..હા..! આવી વાત છે. બહુ આકરી પડે, તેથી લોકો... આહા..હા..!

અહીંયાં ઈ કહે છે, '**(જેમ પુરુષને રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે...**' શાંતિનાથ ભગવાન દીક્ષિત થયા. આત્માના આનંદસહિત તો હતા, સમ્યગ્દર્શન લઈને તો આવ્યા હતા. જ્યારે દીક્ષિત થઈ અંતર ચારિત્ર ગ્રહણ કરવા ગયા તો છન્નુ હજાર સ્ત્રીઓ જંટિયા તાણતી હતી. કારણ કે કામદેવ પુરુષ હતા. તીર્થંકર હતા, ચક્રવર્તી હતા અને કામદેવ હતા. એના જેવું રૂપ અઢી દ્વીપમાં કોઈનું ન હોય. એવું સુંદર રૂપ, સુંદર રૂપ. સ્ત્રીઓના ભોગનો રાગ હતો ત્યાં સુધી હતા, જ્યારે એ રાગ ઉઠી ગયો... આહા..હા..! સ્ત્રીઓ કહે છે, અરે..! સ્વામી! આ શું? અરે..! હું હવે મડદું થઈ ગયો છું. મને રાગનો નાશ થઈ ગયો છે. મડદાને જીવતું ન કરી શકાય. અમે રહ્યા હતા એ તમારે કારણે નહોતા રહ્યા, મારો રાગભાવ આસક્તિનો હતો તેથી રહ્યા હતા. શેઠ! આહા..હા..! બીડીવાળા, સાગર સાગર. એમને અહીંયાં રહેવાનો રસ છે. મોટાભાઈને ઘરે રહે છે. આહા..હા..! અરે..ભાઈ!

જ્ઞાયકતત્ત્વ વીતરાગસ્વરૂપે બિરાજમાન પ્રભુ છેને. આહા..હા..! એનો જેને સ્વીકાર થયો, સત્કાર નામ સત્‌નો સત્કાર (થયો), આહા..હા..! વિશેષ કાર્ય થયું. સ્વભાવ ચિદાનંદનો, દૃષ્ટિ જ્યાં સ્વભાવ ઉપર પ્રસરી ગઈ.. આહા..! તો દૃષ્ટિમાં દ્રવ્ય આવતું નથી, પણ દૃષ્ટિમાં દ્રવ્યની શ્રદ્ધા આવે છે. આહા..હા..! શું કહે છે આ? એવી શ્રદ્ધા થાય છે કે હું તો પર્યાય જેવડો પણ નહિ. રાગ તો હું નહિ, નિમિત્ત તો હું નહિ, નિમિત્તથી મારામાં થાય છે એમ નહિ, હું પરને નિમિત્ત છું તો પરમાં કાર્ય થાય એમ પણ નહિ. આહા..હા..!

શ્રેણિક રાજા સમકિત પામ્યા હતા, ક્ષાયિકસમકિત. ત્યાગ નહોતો, ચારિત્ર વ્રત નહોતા. પણ એ સમકિતની મહિમા શું છે એ લોકોને ખબર નથી. સમકિત એટલે શું? આ ભગવાનની

શ્રદ્ધા એ સમકિત. અરે! ભાઈ! એવું તો અનંતવાર કર્યું, સાંભળને! જેને સમ્યક્‌ના પ્રતાપે વિકલ્પ આવ્યો, રાગ આવ્યો તો તીર્થંકરગોત્ર બંધાઈ ગયું, પણ પહેલા નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું. મુનિની અશાતના કરી હતીને. સર્પ નાખ્યો હતો. સાતમી નરકનું આયુષ્ય બંધાયેલું. મુનિએ સર્પનો ઉપસર્ગ કાઢ્યો નથી. ચેલણા રાણીને સાથે લઈને ગયા. સ્વામી! જુઓ! અમારા ગુરુ! તમે કહેતા હતા.. બૌદ્ધ હતા પહેલા બૌદ્ધ. 'મેં સર્પ નાખ્યો છે, એ કાઢી નાખ્યો હશે.' સ્વામી નાથ! અમારા મુનિ એવા ન હોય. અમારા મુનિ તો ઉપસર્ગ વખતે અંદર ધ્યાનમાં મસ્ત રહે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના વેદનમાં મસ્ત રહે છે. અતીન્દ્રિય આનંદ. આહા..હા..!

ગયા રાણીને લઈને. ધ્યાનમાં આનંદમાં પડ્યા હતા. સર્પ કાઢ્યો. જુઓ સ્વામી જુઓ, ઓ..હો..હો..! આટલો ઉપસર્ગ, કરોડો કીડીઓ અને એને ખબર નથી અંદરમાં. એ તો ધ્યાન આનંદમાં છે. એ વખતે એની દૃષ્ટિ ફરી ગઈ. અરે..! આ..હા..હા..! આ માર્ગ વીતરાગનો! જૈનદર્શન આ અનુભવ! આનંદના વેદનમાં જેને ઉપસર્ગની ખબરેય નથી. આહા..હા..! એ વખતે ઉપદેશ આપ્યો અને ત્યાંને ત્યાં સમકિત પામ્યા. સાતમી નરકનું આયુષ્ય બાંધેલું એ તોડીને ચોર્યાસી હજાર વર્ષ રહી ગયા. ચોર્યાસી હજાર તો રહ્યા. લાડવો બનાવ્યો હોય. ઘી, લોટ અને સાકર ભેગા કરીને. એમાંથી ઘી કાઢીને પુરી થાય નહિ. એ તો લાડવો ખાધે છૂટકો. એમ આયુષ્ય બંધાઈ ગયું તો ત્યાં જાવું જ પડશે. નરકમાં ગયા, પણ સમ્યગ્દર્શન અને તીર્થંકર ગોત્ર બાંધીને ગયા. આહા..હા..! ચોર્યાસી હજાર વર્ષની મુદતમાં ત્યાં ગયા. અઢી હજાર વર્ષ ગયા, હજી સાડી એક્યાસી હજાર વર્ષ બાકી છે. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. નથી વ્રત, નથી ચારિત્ર. સાચું ચારિત્ર એ. સમજ્યા? આહા..હા..!

એક આત્માના સમ્યગ્દર્શનના પ્રતાપથી જેને વિકલ્પ આવતા તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. ત્યાંથી નીકળીને અહીંયા રાણીને કૂખે આવ્યા પહેલા ઈન્દ્રો છ માસ પહેલા તો માતાની કૂખ સાફ કરશે. ઓહો..! માતા! તીર્થંકરનો જીવ આપની કૂંખે આવવાનો છે. આહા..હા..! એ સમ્યગ્દર્શન શું ચીજ છે! સમ્યગ્દર્શન થયું તો અંદર મુક્ત થઈ ગયો. વસ્તુ અબદ્ધસ્પષ્ટ મુક્ત છે. સમજાય છે કાંઈ? આહા..! તીર્થંકર ત્રણલોકનો નાથ! સમકિતને પ્રતાપે. ચારિત્ર નહોતું ને વ્રતેય નહોતા ને તપેય નહોતા. અને એ સમ્યગ્દર્શન વિનાના ચારિત્ર, વ્રત ને તપ બધા એકડા વિનાના મીંડા છે.

એ અહીંયા કહે છે, '(**તેમ જીવને આસ્રવભાવ હોય તો જ ઉદયપ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે**).' સમકિતીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અનંતાનુબંધીના છે નહિ તો જૂના કર્મબંધનું કારણ એને છે નહિ. ભાવાસ્રવ પણ નથી અને દ્રવ્યઆસ્રવ પણ એને નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ-0)), રવિવાર, તા. ૨૧-૧૧-૧૯૭૬, ગાથા-૧૭૩ થી ૧૭૬, પ્રવચન નં. ૨૩૮**

આ સમયસાર, ૧૭૬ ગાથાથી ભાવાર્થ છેને? ભાવાર્થ ચાલે છે. ગુજરાતી છે તમારે? ગુજરાતીમાં એવો અર્થ છે કે દ્રવ્યાસ્રવના ઉદય વિના જીવને ભાવાસ્રવ નથી થતો. છે એમાં ભાવાર્થ? ભાવાર્થની બીજી લીટી. આમાં હિન્દી એમ લખ્યું છે કે '**દ્રવ્યાસ્રવોં કે ઉદય મેં યુક્ત હુએ બિના...**' વાત તો સાચી છે પણ... શું કહ્યું? હમણાં કહીએ છીએ, હોં!

'**દ્રવ્યાસ્રવોના ઉદયને...**' જડ કર્મ છેને? જડ કર્મ, એનો ઉદય અને જીવનો ભાવાસ્રવ થાય છે એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. શું કહ્યું? જે આ આત્મા છે આત્મા એનો સ્વભાવ તો પરમ શુદ્ધ પવિત્ર છે. એનો સ્વભાવ પવિત્ર વીતરાગસ્વરૂપ છે, પણ એની જે પર્યાય અવસ્થા છે એમાં જે વિકાર થાય છે એ ભાવાસ્રવ છે અને એમાં કર્મનો ઉદય છે એ દ્રવ્યાસ્રવ છે તેને નિમિત્ત કહેવામાં આવે છે. આવું શીખવું પડશે આવું બધું. છે? '**દ્રવ્યાસ્રવોના ઉદયને...**' જડ કર્મનો ઉદય દ્રવ્યાસ્રવ એટલે. એની મેળાએ કાંઈ સમજાય એવું નથી, ચોપડો કે દિ' ફેરવ્યો છે અંદરથી. શેઠ! આ પણ બધા પૈસાવાળા છેને, કરોડપતિઓ. ભાઈ નથી આવ્યા? થાકી ગયા હશે. નવનીતભાઈ સવારે આવ્યા હતા. શરીર નબળું છે જરી. શું કહે છે? આત્મા જે છે એ તો નિર્મળ વસ્તુ શુદ્ધ ચૈતન્ય છે. એની પર્યાય નામ અવસ્થામાં જે વિકાર થાય છે એને ભાવાસ્રવ કહે છે અને એને જે કર્મનો ઉદય છે એ દ્રવ્યાસ્રવ છે, એ જડ છે. એ જડનો ઉદય નિમિત્ત અને પોતાના પરિણામમાં વિકાર થાય છે એ નૈમિત્તિક. નિમિત્તના સંબંધમાં થવાવાળા વિકારને નૈમિત્તિક કહે છે. કહો શેઠ! ભાષા તો સાદી છે પણ... મોટું એકાંત છે, એકાંત છે એની ઉપર બહુ કરી નાખી. આહા..!

'**દ્રવ્યાસ્રવોના ઉદયને...**' જડ કર્મનો ઉદય પ્રગટ થવો. સત્તામાં જે કર્મ છે એ પ્રગટ થવા એનું નામ ઉદય છે. અને જીવ. દ્રવ્યકર્મનો ઉદય નિમિત્ત છે અને પોતામાં વિકાર થાય છે પોતાના ઉપાદાનમાં પોતાને કારણે થાય છે. આટલો '**નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે.**' જીવનો રાગ-દ્વેષ, મોહભાવ, મિથ્યાત્વભાવ હો કે રાગ-દ્વેષ હો, એ પોતાની પર્યાયમાં પોતાને કાળે એ થવાનો હતો માટે થયો છે. આહા..હા..! એમાં જૂના કર્મને ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી એમાં થાય છે એમ નહિ. આહા..! આ મોટો વાંધો છેને આ લોકોને અત્યારે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એની પર્યાય નામ અવસ્થામાં... હજી પર્યાયની ખબર ન મળે (કે) દ્રવ્ય-ગુણ ને પર્યાય (છે). દ્રવ્ય છે એ ત્રિકાળ છે અને એની આનંદ, જ્ઞાનાદિ શક્તિઓ-સ્વભાવ

ત્રિકાળ છે અને એની વર્તમાન દશામાં જે પુણ્ય અને પાપ ને મિથ્યાત્વનો ભાવ થાય છે એને ભાવાસ્રવ કહેવામાં આવે છે. એનાથી નવો બંધ પડે છે.

**શ્રોતા :—** ક્યા દેશની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વીતરાગના દેશની ભાષા છે. ભભૂતમલના દેશની વાત નથી આ. આહા..!

**શ્રોતા :—** બધા આત્મા એકસરખા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકસરખા છે એ શક્તિએ અને સ્વભાવે સરખા છે. પર્યાયમાં વિષમતામાં દરેકમાં ફેર છે અને એ ફેર શું છે? અને કેમ છે? કર્મનું નિમિત્ત છે એને નિમિત્ત કહેવામાં આવે છે અને એમાં આત્મા જેટલા પ્રમાણમાં જોડાય છે તેટલા પ્રમાણમાં એને મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? આહા..! આ લોકોને એથી એમ થઈ ગયુંને કે કર્મ છે તો કર્મનો ઉદય થાય એટલે આને વિકાર કરવો જ પડે. એ વાત જૂઠી છે. સમજાય છે કાંઈ? કર્મનો ઉદય તો જડ છે અને પોતાનો વિકારનો કાળ ઉત્પન્ન થવાનો પોતાથી છે. આહા..! એની જન્મક્ષણ છે. રાગ અને દ્વેષ અને મિથ્યાત્વભાવ તે સમયે ઉત્પન્ન કરવાને કારણે જન્મઉત્પત્તિનો કાળ છે. એ ઉત્પત્તિના કાળમાં પૂર્વના કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. આહા..! આવી વાત છે.

**શ્રોતા :—** કર્મ છે એટલે વિકાર થયોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ નહિ. આ વધારે સ્પષ્ટ કરવું પડે છે. કર્મ કર્મમાં છે અને આત્મામાં વિકાર થાય છે એ આત્માની પર્યાયમાં છે અને એ પર્યાયમાં એ ક્ષણે મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઉત્પત્તિનો કાળ હતો. આહા..હા..!

**શ્રોતા :—** કર્મ છે એટલે થાય છે, નહિતર કેમ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ બિલકુલ ખોટી વાત છે. ઈ વાત કહે છે, જુઓ! એથી ભાઈને જરી પૂછ્યું. ગુજરાતીમાં હવે એવી ભાષા છે કે '**દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને આસ્રવભાવ થઈ શકે નહિ...**' એમ છેને? હિન્દીમાં પછી સુધાર્યું છે એટલે આ લોકો કહે છે કે ઘરનું નાખ્યું. એમ ઘરનું નથી નાખ્યું. હમણાં એ ખુલાસો થયો હતોને? શાહૂજી શાંતિપ્રસાદ ધર્મસાગર પાસે ગયા હતાને? તો ધર્મસાગર કહે કે વીતરાગની વાણીની અવહેલના કરવી એ મહાપાપ છે, પણ એની વાણીમાં પોતાના ઘરની વાત ઘુસાડવી.. એમ કહીને અહીંની વાત કહે છે. અરે ભગવાન! સમજાય છે કાંઈ? કેમકે એ લોકોની એવી શ્રદ્ધા છે કે કર્મનો ઉદય આવે તો વિકાર કરવો જ પડે. એ અહીં નહિ. એ બદલી નાખ્યું. બસ વાત આવી છે.

**શ્રોતા :—** મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો લખ્યું છે કે તીવ્ર કર્મના ઉદયમાં જીવને વિકાર કરવો પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કરવો પડે એમ નથી. કરવો પડે એમ નથી આવ્યું. પોતાની પર્યાયમાં

પોતાના કાળમાં કરે છે અને નિમિત્ત આવ્યું તે પ્રમાણમાં જોડાણ થયું એમ પણ નહિ. સમજાય છે કાંઈ? કરવું પડેનો અર્થ નિમિત્ત ઉપર જોડાણ છે તો વિકાર એને થાય છે. આહા..! એક આ વાંધો છે કે નિમિત્તથી થાય છે. બીજો વાંધો છે, વ્યવહારથી નિશ્ચય થાય છે. બેય વાંધા ખોટા છે. સમજાય છે કાંઈ? આજે બહુ લખાણ આવ્યું છે, જૈનદર્શનમાં. અહીંના વિરોધ માટે જ છે આખું જૈનદર્શનમાં. લખો બાપા, એને ઈ બેસે, શું થાય?

અહીં તો કહ્યું નહિ? પ્રવચનસાર ૧૦૨ ગાથા. જે સમયે જે રાગ-દ્વેષ મિથ્યાત્વ આદિ ઉત્પન્ન થવાના છે તે તેની ઉત્પત્તિનો કાળ જ છે, પરને કારણે નહિ; અને સમ્યગ્દર્શન, જ્ઞાનાદિ સમ્યક્ ઉત્પન્ન થવાના છે તે પણ પોતાની ઉત્પત્તિના ક્ષણે જ ઉત્પન્ન થાય છે, આહા..હા..! પરથી નહિ. પરદ્રવ્યને તો અડતો નથી, નિમિત્તને તો આત્મા અડતો નથી. સમજાય છે કાંઈ? ઘડો જે થયો એ માટીથી થયો છે, કુંભાર નિમિત્ત હો પણ નિમિત્તથી થયું નથી. આહા..હા..! આ જ મોટા વાંધા. પરંપરા ચાલતી હતી તેમાં ઘા આવ્યો તો લોકોને વિરોધ લાગે છે. સમજાય છે કાંઈ? ૩૭૨ ગાથા કહીને? કુંભાર ઘડો ઉત્પન્ન કરે છે એમ અમે તો જોતા નથી, આચાર્ય કહે છે. આહા..હા..! માટીમાંથી ઘડો ઉત્પન્ન થવાનો કાળ હતો તો એ પર્યાય થઈ છે, કુંભારે બનાવ્યો નથી, ઘડો બનાવ્યો જ નથી. આહા..હા..! જોવી છે ૩૭૨? આ ચોપડા પણ કો'ક દિ' ફેરવતા હશે. જુઓ ટીકા છેને, ૩૭૨ ગાથાની ટીકા. મળી? '**વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી;...**' છે?

**શ્રોતા :–** સમયસારમાં તો લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું લખ્યું છે? નિમિત્તથી થાય છે એનો અર્થ એની હાજરી હતી, કર્યું છે પોતાની યોગ્યતાથી. એ વાત છે. આહા..હા..! આમાં મોટો વાંધા છે. મોટો. (સંવત) ૧૯૭૧ની સાલથી આ વાંધો ઉઠ્યો છે. અત્યાર સુધી આ જ વાંધો છે. આહા..હા..!

**શ્રોતા :–** હવે એનો કાંઈક નિકાલ કરવો પડશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિકાલ થઈ ગયો છે. એ તો તે દિ' ત્યાં કીધું હતું. કૈલાસચંદ્રજી કહે, ઉપાદાનથી થાય છે, નિમિત્તથી નહિ. તો કહ્યું, વિચારકોટીમાં આ વાત છે. બનારસમાં (સંવત) ૨૦૧૩ની સાલ. વીસ વર્ષ થયા. કીધું, બધા ખુલાસા થઈ ગયા છે. વિચારકોટીમાં વાત જ નથી. એમ કે હજી વિચાર કરવાનો, નિર્ણય કરવાનો (બાકી છે). અરે ભગવાન! આહા..હા..!

શું કહે છે જુઓ અહીંયાં. '**વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી;...**' છે? '**કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો...**' એટલે પર્યાય '**ઉત્પાદ કરવાની અયોગ્યતા છે;...**' આહા..હા..! કર્મને કારણે પોતાને વિકાર થાય એ અયોગ્યતા છે. કર્મમાં તાકાત નથી કે પોતામાં વિકાર કરાવી દે. આહા..હા..! પરદ્રવ્ય પરને વિકાર કરાવે એ તેની અયોગ્યતા છે, એમ કહે છે. આહા..હા..! કર્મનો ઉદય નિમિત્ત છે

પણ જીવને વિકાર કરાવી દે એવી અયોગ્યતા છે. આહા..હા..! ક્યાં પણ માણસને મધ્યસ્થતાથી શું ચીજ છે, વાંચન કરવું નહિ, વિચાર કરવો નહિ અને પોતાનો આગ્રહ છોડીને શું કહે છે એની દૃષ્ટિ (કરવી નથી). પોતાની દૃષ્ટિથી શાસ્ત્રના અર્થ કરવા છે, પણ શાસ્ત્ર શું કહે છે એના ઉપર પોતાની દૃષ્ટિ દેવી (જોઈએ). દેવીલાલજી!

'**કેમકે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.**' સર્વ દ્રવ્યોની પર્યાય પોતાના સ્વભાવથી નામ પર્યાયથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! દૃષ્ટાંત. '**માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી...**' છે? '**માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે?**' એ ઘડો ઉત્પન્ન થયો એ માટીના સ્વભાવથી ઉપજ્યો છે કે કુંભારના સ્વભાવે ઊપજ્યો છે? '**જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તે જોમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ.**' તો પુરુષના કુંભારના શરીરના સ્વભાવે એનો ઘડાનો આકાર થવો જોઈએ. એમ તો છે નહિ. આહા..! છે? '**પરંતુ એમ તો થતું નથી,... કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.**' આહા..હા..! છે? '**જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' કુંભાર ઘડાને ઉત્પન્ન કરનારો નથી. આહા..હા..!

**શ્રોતા :—** ... વેપાર નથી કરતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વેપાર એમાં કરે છે, નિમિત્ત પોતામાં વેપાર કરે છે. શું પરમાં ઘુસી જાય છે? સમજાય છે કાંઈ? પાઠ તો આમ છે. જુઓ, '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.**' માટી પોતાના સ્વભાવથી ઘડારૂપે થાય છે, કુંભારને કારણે નહિ. આહા..હા..! આ સ્ટીલ રાખ્યું છે અને સ્ટીલ જાય છે તો એને કારણે જાય છે, આત્માથી નહિ, એમ કહે છે. તે વખતે ત્યાં સ્ટીલ રહેવાનું છે તો પોતાની પર્યાયથી ત્યાં રહે છે, બીજો રાખે તો રહે છે એમ નથી. એમ કુંભાર ઘડાને કરે છે એમ અમે તો માનતા નથી, એમ તો અમે જોતા નથી એમ કહે છે આચાર્ય તો. આહા..હા..! રોટલી સ્ત્રી કરે છે એમ અમે જોતા નથી એમ કહે છે.

**શ્રોતા :—** ત્યાગીઓની દૃષ્ટિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દૃષ્ટિ સત્ય દૃષ્ટિ છે. ત્યાગીની હોય કે સમકિતીની. આહા..હા..! રોટલી લોટમાંથી પોતામાં ઉત્પન્ન થાય છે, સ્ત્રીથી નહિ, શું કહેવાય ઈ? વેલણ વેલણ, વેલણથી

ઉત્પન્ન નથી થઈ. ભભૂતમલજી! ક્યાં સાંભળ્યું છે? ન્યાં રળવા.. રળવા.. રળવામાં (પડી જાય). એટલા ભાગ્યશાળી કે હવે સવારમાં સાંભળવામાં આવી ગયા હોય.

**શ્રોતા :—** આપને ગુરુ તરીકે ધાર્યા પછી શું કામ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ પોતે પોતાનો ગુરુ થાય ત્યારે સમજાય એવું છે. આહા..! સમજાય છે કાંઈ? કુંભાર ઘડાનો ઉત્પાદક નથી, ઘડાનો ઉત્પાદક માટી છે, એમ પોતામાં વિકારનો ઉત્પાદક કર્મ નથી. આહા..હા..! ઈ આ ચાલે છે. '**દ્રવ્યાસ્રવોના ઉદય...**' આપણે ચાલતી વાત. '**અને જીવના રાગદ્વેષમોહભાવોને...**' રાગ-દ્વેષ ચારિત્રનો દોષ છે, મોહ મિથ્યાત્વનો. એ ભાવોને '**નિમિત્ત-નૈમિત્તિકભાવ છે. દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને ભાવાસ્રવ થઈ શકે નહિ...**' એ શબ્દ ગુજરાતીમાં છે. પછી અહીંયા તો આ સુધાર્યું છે. એનો અર્થ એ કે... પછી લખ્યું છેને, પછી લખ્યું છે. '**દ્રવ્યાસ્રવોનો ઉદય થતાં જીવ જે પ્રકારે તેમાં જોડાય...**' તેમ થયા વિના ભાવાસ્રવ ન થઈ શકે. તેથી બંધ પણ ન થઈ શકે.

'**દ્રવ્યાસ્રવોનો ઉદય થતાં...**' હવે આવ્યું. જુઓ, આ તો ગુજરાતીમાં છે. જડ કર્મનો ઉદય થતાં '**જીવ જે પ્રકારે તેમાં જોડાય...**' જે પ્રકારે પોતાના ઉપયોગમાં જોડાય, નિમિત્તમાં લક્ષ કરીને.. છે? '**જે પ્રકારે તેમાં જોડાય અર્થાત્ જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય...**' આહા..હા..! ઉદયથી નિમિત્તથી નહિ. એને જે પ્રકારે ભાવાસ્રવ થાય '**તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધનાં કારણ થાય છે.**' આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! વાત એ કે નિમિત્તથી થતું નથી એ વાત લોકોને (બેસતું નથી). ઉપાદાન-નિમિત્તની મોટી ચર્ચા. ઉપાદાનમાં જ્યારે પોતાની પર્યાય થવાની છે ત્યારે પોતાથી થાય છે, નિમિત્તથી નહિ. નિમિત્ત હો, નિમિત્તનો નિષેધ નથી. નિમિત્ત કર્તા, નિમિત્ત એમાં કરે એનો નિષેધ છે. ન્યાય સમજાય છે? શેઠ! આહા..હા..! આવી વાત છે. આ પંડિતોનો અને સાધુઓનો આ વિરોધ છે. કથંચિત્ નિમિત્તથી પણ થાય છે, કથંચિત્ પોતાથી થાય છે એમ અનેકાંત કરો. એ અનેકાંત છે જ નહિ, એ તો ફૂદડીવાદ છે, મિથ્યાવાદ છે. પોતાથી થાય છે અને નિમિત્તથી નથી થતું એ અનેકાંત છે. ધન્નાલાલજી! આહા..હા..!

વિરોધની ચર્ચામાં એ આવ્યું છે કે સોનગઢના પંડિતો નથી સમજ્યા વ્યાકરણ અને નથી આવડતું સંસ્કૃત અને પંડિતો થઈને ફરે છે અને એક આત્માની વાતું કર્યા કરે છે. ઈ આવ્યું છે. અને અધ્યાત્મની વાતું કર્યા કરે છે. નથી સંસ્કૃત ભણ્યા, નથી વ્યાકરણ ભણ્યા, નથી પંડિત થયા અને પંડિત કહેવડાવે છે. એ આવ્યું છે, બેયનું આવ્યું છે. સામાના પંડિતો નથી વિચારતા કે આ શું કહે છે સત્ય, એને નથી વાંચતા અને આના પંડિત સંસ્કૃત, વ્યાકરણ ભણ્યા વિના પંડિત થઈને આત્માની, આત્માની અધ્યાત્મની વાતું કર્યા કરે છે. આવ્યું છે. આહા..હા..! એમાં પંડિતાઈનું શું કામ છે અહીં? આહા..! એક જણાએ મધ્યસ્થ માણસ છે એણે લખ્યું છે. વિરોધ તરીકે નહિ પણ એણે આ રીતે બેયનો દોષ કાઢ્યો છે.

**શ્રોતા :—** જૈનદર્શનમાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જૈનદર્શનમાં છે. છે એવી વાત અને અત્યારે વાવાઝોડું ઉપડ્યું છેને. નિમિત્તથી ન થાય એ એકાંત છે. કેમ? ચરણાનુયોગનું આચરણ કરે એનાથી નિશ્ચય ન થાય એ એકાંત છે એમ કહે છે. અહીં કહે છે, ચરણાનુયોગનું તું લાખ ચરણ વ્રત ને તપ આચરે એનાથી નિશ્ચય ત્રણકાળમાં ન થાય.

**શ્રોતા :—** રાગથી વીતરાગતા કેવી રીતે થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રાગથી વીતરાગતા થાય? શું થાય, ભાઈ? માણસને એ વાત બેઠી હતી, ઈ વાત પરંપરામાં એમ જ હતી. સ્થાનકવાસીમાં, શ્વેતાંબરમાં અને દિગંબરમાં ત્રણેમાં આ વાત હતી. વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય. વ્રત પાળવા, ચરણાનુયોગ પ્રમાણે આચરણ કરવા. તો એ વાત તદ્દન મિથ્યાત્વ છે. રાગ કરતાં-કરતાં સમકિત થાય અને વીતરાગતા પ્રગટ થાય, લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવે. નહિ? મૂળમાં વાંધા છે આખા, મોટો વાંધો, મોટો વાંધો. આહા..હા..!

અહીં કહે છે કે '**દ્રવ્યાસ્રવોનો ઉદય...**' જડનો ઉદય હો. '**ઉદય થતાં જીવ જે પ્રકારે તેમાં જોડાય...**' એ તો ઓલામાં આવે છેને? ૮૭ ગાથા કે શું? એમ કે અંદરમાં જે પ્રમાણે પોતાને વિકાર થાય છે એ સ્વતંત્ર છે કરે ઈ. પરમાણુ અંદર રહેલો પણ પોતાથી પરિણતિમાં છે. નિશ્ચયથી તો એ વાત છે, ભાઈ! લોકોએ સાંભળી નથી. અહીંયાં તો પરમાત્મા એમ કહે છે કે જે સમયે જે વિકાર કે અવિકારી પર્યાય થવાની છે એ એનો નિશ્ચય કાળ જ છે, પરથી થાય છે એ વાત નથી. આહા..હા..! પ્રવચનસાર, ૧૦૨ ગાથા. ભગવાનની વીતરાગની ધ્વનિનો સાર. જન્મક્ષણ છે. દરેક દ્રવ્યની તે સમયે પર્યાય ઉત્પન્ન થવાનો જન્મ નામ ઉત્પત્તિનો એ કાળ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ તો પોતપોતાને અવસરે કીધું છે. ૯૯માં પોતપોતાના અવસરે વિકાર થાય છે કે નિર્મળ દશા પણ પોતપોતાના અવસરમાં થાય છે, આઘીપાછી નહિ. આહા..હા..! પણ એ વાત હતી નહિ એટલે લોકો એકદમ ભડક્યા છે અને ભડકાવે છે.

અહીં ઈ કહે છે, '**દ્રવ્યાસ્રવોનો ઉદય થતાં જીવ જે પ્રકારે તેમાં જોડાય...**' પોતાનો ઉપયોગ જેટલો જે પ્રકારે જોડે. '**જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધના કારણ થાય છે.**' આહા..હા..! ઉદયકાળમાં પોતાની પર્યાય જે પ્રકારના પુરુષાર્થથી કરે છે તો જૂના કર્મ નવા બંધમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? મોટો કર્મનો  વાંધો. કર્મને લઈને થાય, જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાય. શબ્દ છે કે નહિ જ્ઞાનાવરણીય? તો અહીં તો ભગવાન કહે છે, જ્ઞાનાવરણીય નિમિત્ત છે અને પોતાની જ્ઞાનની હિણી પરિણતિ પોતાથી કરે છે. સમજાય છે કાંઈ? વસ્તુ તો આમ છે, પરંતુ એ ચાલતી નહોતી એટલે લોકોને ભડકાવવાનું આ સાધન બનાવ્યું. આહા..હા..!

**શ્રોતા :—** ગુજરાતીમાં ચોપડીમાં યુક્ત શબ્દ રહી ગયો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ શબ્દ હશે, રાખ્યો હશે. ઉદય હોય છેને, એમ. ઉદય હોય છેને. વિકાર કરે ત્યારે એનું લક્ષ નિમિત્ત ઉપર જાય છેને. નિમિત્ત હોય છેને. યુક્ત આમાં નાખ્યું છે, એમાં નથી, ગુજરાતીમાં નથી. છેને? છેને ઈ પહેલું વાંચ્યું હતું. ગુજરાતીમાં નથી. આ તો એનું વિશેષ સ્પષ્ટીકરણ કર્યું. કર્મના ઉદય વિના દ્રવ્યાસ્રવના ઉદય વિના આસ્રવ ન થાય એનો અર્થ કે આસ્રવમાં એનું નિમિત્ત ઉપર લક્ષ જાય છે એથી નિમિત્ત વિના ન થાય એનો અર્થ આ. નિમિત્તથી થાય એમ નહિ. આટલો ફેર. કુંભારની હયાતી હો ઘડા વખતે પણ કુંભારથી ઘડો થાય છે એમ નહિ. આહા..! અરેરે..! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ વીતરાગ પરમેશ્વરની આ વાણી છે, પણ એ ચાલતી નહોતી એટલે નવું લાગે છે અને એકાંત લાગે છે. શું કરે! આહા..! અને આ વ્રત ને તપ ને આચરણ કરે છે એનાથી નિશ્ચયસમ્યગ્દર્શન આદિ થશે, એ પણ ખોટી વાત છે. એ રાગની મંદતાની ક્રિયા નિમિત્ત છે, એ નૈમિત્તિક સમ્યગ્દર્શન ઉત્પન્ન કરે એમ નથી. સમ્યગ્દર્શન તો પોતાનું દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, નિમિત્તના આશ્રયે નહિ અને નિમિત્તના અવલંબનથી નહિ અને નિમિત્તને કારણે નહિ. આહા..! પંડિતજી! આવું છે.

**શ્રોતા :—** નિમિત્તના કારણથી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કારણ-ફારણ નહિ, કારણ એક જ છે. આવી વાત છે. કહ્યું નહિ કુંભારનું? ૩૭૨ ગાથા. દરેક દ્રવ્યની પર્યાયનો સ્વભાવ પોતાથી (થવાનો છે).

**શ્રોતા :—** દરેક દ્રવ્યની પર્યાય એનાથી થાય કે પરથી થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પરથી ક્યાં થાય છે? શું થાય પણ? એ પરંપરા નહોતી. સત્યની એ પરંપરા તૂટી ગઈ હતી, એ બહાર આવી. એમાં લખ્યું છે, ગુરુની પરંપરા તૂટી ગઈ છે સમયસારની. એમાં પાછળ લખ્યું છે. આહા..હા..!

એમ વાત છે કે ભગવાનના જ્ઞાનમાં જણાયું છે કે નહિ? સર્વજ્ઞ પરમેશ્વર છે તો એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે છે કે નહિ? તો ત્રણકાળ, ત્રણલોક જાણે છે તો જ્યાં જે સમયે થાય છે તેને જાણે છે. આઘીપાછી થાય છે? પરથી થાય છે એમ જાણે છે? આહા..! દ્રવ્યમાંથી જે સમયે જે પર્યાય ત્રણકાળની થાય છે એને ભગવાન એમ જાણે છે, તો તે સમયે તો તેમાં ઈ થયું. પોતાથી ક્રમસર જે પર્યાય થવાની છે તે ક્રમવર્તી પર્યાય થાય છે, પરના કારણે નહિ. આહા..! દેવીલાલજી! આવી વાત છે, ભાઈ!

'**જીવ જે પ્રકારે તેમાં જોડાય અર્થાત્ જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય...**' જોયું? ઉદયના પ્રમાણમાં નહિ. '**જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય...**' ગુજરાતીમાં એમ છે ત્યાં, ગુજરાતીમાં એમ છે. '**તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધના કારણ થાય છે. જો જીવ ભાવાસ્રવ ન કરે...**' જુઓ! કર્મનો ઉદય હો, પણ વિકાર ન કરે '**તો તેને નવીન બંધ**

**થતો નથી.**' કર્મનો ઉદય થાય અને બંધ થાય તો કર્મનો ઉદય તો જીવને સદાય છે. પોતે કરે તો કર્તા થાય છે, ન કરે તો ઉદય છૂટી જાય છે. આહા...હા..! મોટો આ વાંધો છે આખો. એથી એકાંત છે એમ લોકો કહે છે. નિમિત્તથી થાય ત્યાં એમ કહે છે કે નિમિત્તનો આશ્રય નથી માટે નિમિત્તથી થાય એટલું કહ્યું છે, પણ નિમિત્તથી થાય છે એમ સોનગઢીયા નથી માનતા. એઈ..! આહા..હા..! નિમિત્ત તો પર છે. પરદ્રવ્ય પરદ્રવ્યનું કરે તો ઈશ્વરકર્તા થઈ જાય. જેમ ઈશ્વરકર્તા માને છે. આ જગતનો કર્તા ઈશ્વર માને, અને આ અજ્ઞાની એમ માને કે પરદ્રવ્ય મને કરે અને હું પરને કરું, તો ઈશ્વરનો બાપ થઈ ગયો ઈ તો. સમજાય છે કાંઈ? આહા..હા..! આત્મા બીડી વાળી શકતો નથી એમ કહે છે. શેઠ!

**શ્રોતા :—** શેઠ ન વાળે, નોકર વાળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ પત્તાના પરમાણુઓ એ સમયે એમ થવાની પર્યાયની યોગ્યતાથી થાય છે. આંગળીથી થયા નથી અને બીડી વાળવાની ઈચ્છાવાળા માણસથી પણ થઈ નથી. આ વાત.

**શ્રોતા :—** કોઈ માને એવું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન માને તો રખડશે. આ તો વીતરાગના ઘરની (વાત છે). ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ એમ કહે છે કે જે સમયે જે પર્યાય થવાની તેને અમે જાણીએ છીએ. એ એનાથી થાય છે, પરથી નહિ, એમ અમે જાણીએ છીએ. પર હો, પણ પરથી ઉત્પન્ન થાય છે એમ નથી. બેય નિશ્ચય છે. નિમિત્ત નિમિત્તના કાળમાં છે, ઉપાદાન પોતાની પર્યાયમાં છે. બેય છે, પણ પરથી થયું એ વાત ત્રણકાળમાં સત્ય નથી. આહા..હા..! કઠણ વાત માણસને.

**'સમ્યગ્દષ્ટિને...'** બીજો પેરેગ્રાફ. ત્રંબકભાઈ! આ પેરેગ્રાફ જરીયે ચાલ્યો નહોતો. મોટો વાંધોવાળો પેરેગ્રાફ છે. ઈ કહે છે, ચાલી ગયો છે ભાવાર્થ. બિલકુલ ચાલ્યો નથી. કાલે ચાલ્યો નથી. આહા..હા..! **'સમ્યગ્દષ્ટિને...'** જેને મિથ્યાત્વનો નાશ કરીને પોતાના શુદ્ધ ચૈતન્યનો આશ્રય કરીને સમ્યગ્દર્શન પ્રગટ થયું, આત્મા પૂર્ણાનંદના નાથની જ્યાં અનુભવમાં પ્રતીતિ થઈ, શુદ્ધાત્માની અનુભૂતિની પ્રતીત રુચિ થઈ.. આહા..હા..! હવે એ શુદ્ધાત્મા કોણ, અનુભૂતિ કોણ અને રુચિ કોણ? કંઈ ખબર નહિ. સમ્યગ્દર્શન એને કહીએ કે જેને શુદ્ધાત્માની અનુભૂતિ થાય, એની રુચિ થાય એને સમ્યગ્દર્શન કહીએ. આહા..હા..! શુદ્ધાત્મા કોણ અને અનુભૂતિ કોણ, સાંભળ્યું નથી અને કર્યું નથી. ઉપરથી કરો, વ્રત કરો ને જાત્રા કરો ને ભક્તિ કરો ને પૂજા કરો. એ બધો રાગ છે. મિથ્યાદષ્ટિનો રાગ પ્રશંસનીય નથી. એ સવારે આવ્યું હતું. આવે છે પણ પ્રશંસનીય નથી. આવે છે, ઈ તો કહ્યુંને. અજ્ઞાનીને ઉપાદેયબુદ્ધિથી આવે છે. આહા..હા..! તેથી પ્રશંસનીય નથી. જ્ઞાનીને આવે છે, પણ રાગ હેયબુદ્ધિએ આવે છે, આહા..હા..! એઈ..! એવી વાત છે. મોટો ફેર.

**'સમ્યગ્દષ્ટિને...'** સમ્યગ્દષ્ટિ કોને કહીએ? જેનું નિમિત્તથી લક્ષ છૂટીને રાગનો વિકલ્પ જે

કષાયની મંદતાની ક્રિયા એનાથી લક્ષ છૂટીને અને વર્તમાન પર્યાય છે તેનું પણ લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવ ચિદાનંદ '**भूदत्थमस्सिदो खलु**', એ ૧૧મી ગાથા, સમયસાર. ભૂતાર્થ ત્રિકાળ ભગવાન પૂર્ણાનંદ છે એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, નિમિત્તના આશ્રયે નહિ, મનના આશ્રયે નહિ અને પર્યાયના આશ્રયે નહિ. આહા..હા..! ૧૧મી ગાથા છે. '**ववहारोऽभूदत्थो**' વ્યવહાર બધો અભૂતાર્થ છે. ત્રિકાળના આશ્રયમાં એ કામ કરતું નથી. આહા..! અને ત્યાં તો એમ લીધું છે, વ્યવહાર તો અભૂતાર્થ છે, પર્યાયમાત્ર અસત્યાર્થ છે ત્રિકાળની મુખ્યતાની અપેક્ષાએ, ગૌણ કરીને. અને '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ત્રિકાળીને શુદ્ધનય કહ્યું છે. નિશ્ચયનય, ત્રિકાળી વસ્તુને જ નિશ્ચયનય કહ્યું છે. નિશ્ચયનયનો વિષય ત્રિકાળી છે એમ ત્યાં નથી લીધું.

'**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એમ કહે છે કે વસ્તુ જે ત્રિકાળ ભૂતાર્થ સત્યાર્થ ધ્રુવ છે એ જ શુદ્ધનય છે. શુદ્ધનયનો નિશ્ચયનો વિષય છે તેને નય કહી દીધું છે. આહા..! સમજાય છે કાંઈ? આરે..! આહા..હા..! મુદ્દાની વાતની ખબર ન મળે અને બહારથી ક્રિયાકાંડ કરે અને ધર્મ માને, ધર્મ થઈ ગયો. આ જુઓને જાત્રા-બાત્રા કરે છેને, પાલીતાણા. ઉપધાન છે કાંઈક ત્રણ ઠેકાણે. ઉપધાન કરે છેને અપવાસમાં? ત્રણ ઠેકાણે છે. ધમાલ.. ધમાલ એમ જાણે કે ધર્મ થઈ ગયો. આહા..! ઉપરથી જાત્રા કરી આવે, નીચે લાકડીનો ટેકો લઈને... ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. સાંભળ તો ખરો, એ જાત્રા તો શુભભાવ છે. પરદ્રવ્યના લક્ષે થાય એ ભાવ તો શુભ છે. ધર્મ ક્યાંથી આવ્યો? હોય છે. અશુભથી બચવા એ ભાવ આવે છે, પણ ધર્મ નથી. આહા..હા..!

**શ્રોતા :—** નવી શોધ કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નવી શોધ નહિ, વસ્તુની સ્થિતિ આમ છે. ભગવાન આત્મા જિનસ્વરૂપ વીતરાગસ્વરૂપ છે. ત્રિકાળ વસ્તુ તો મોક્ષસ્વરૂપ, જિનસ્વરૂપ છે. એ સત્યાર્થ છે, એ જ સત્યાર્થ છે. એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે અથવા એ ત્રિકાળી છે એ જ શુદ્ધનય છે. આહા..હા..! એના અવલંબનથી ઉત્પન્ન થઈ તો ત્યાં ત્રિકાળને જ શુદ્ધનય કહી દીધું. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! જૈનદર્શન વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. લોકોને સાંભળવા મળ્યો નથી. અજૈનને જૈન તરીકે માનીને બેઠા છે. શું થાય? આહા..હા..! એની યોગ્યતા ન હોય ત્યાં એને મળે શું? આહા..!

'**સમ્યગ્દૃષ્ટિ...**' ચોથે ગુણસ્થાને. શ્રાવકનું પાંચમું તો ક્યાંય રહી ગયું, સાચા શ્રાવકનું. આ તો વાડાના શ્રાવક છે, સાચા ક્યાં હતા. અહીંયાં તો હજી સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને પોતાના ત્રિકાળી નિત્યાનંદ પ્રભુનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થયું, એ સમ્યગ્દૃષ્ટિ. પોતાના શુદ્ધ સ્વભાવની અનુભૂતિ થઈ એની રુચિ એ સમ્યગ્દૃષ્ટિ. આહા...હા..! અહીં તો કહે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વની શ્રદ્ધા કરો, ઈ સમકિત. સમજાય છે કાંઈ?

**શ્રોતા :—** એમાં બાકી શું રહી ગયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બાકી રહી ગયો આત્મા. વર વિનાની જાન. દુલ્હા વિનાની જાન જોડી દીધી. જાન કહે છેને? બરાત. દુલ્હા વિનાની બરાત. એમ સમ્યગ્દર્શન વિના ક્રિયાકાંડ જોડી દીધા. આહા..હા..! આકરી વાત, બાપુ! વીતરાગ જિનવરનો માર્ગ. સમ્યગ્દર્શનમાં શું ચીજ છે, એનો વિષય શું છે, એ ચીજ શું છે... આહા..હા..! સમ્યગ્દર્શન છે તો પર્યાય, અવસ્થા છે, વીતરાગી પર્યાય છે, પણ એનો વિષય ત્રિકાળી ભગવાન છે. પોતાનો ત્રિકાળી ભગવાન હોં! પર ભગવાન નહિ. આહા..હા..! આવી વાતું છે.

**શ્રોતા :–** એ ભગવાન સિવાય પોતાનો કયો ભગવાન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભગવાન આત્મા છે. ૭૨ ગાથામાં પહેલા કહ્યું નહિ? આસ્રવ અશુચિ છે. પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ અશુચિ છેમેલ છે. ભગવાન આત્મા નિર્મળાનંદ છે. એ ૭૨માં આવ્યું છે. ૭૦ અને ૨ ગાથા. લો, ભભૂતમલને દેખાડોને.

‘**જળમાં શેવાળ છે...**’ છે ભાઈ? જળમાં શેવાળ સમજો છો? કાઈ. ‘**જળમાં શેવાળ છે તે મળ છેમેલ છે; તે શેવાળની માફક આસ્રવો...**’ આસ્રવ એટલે શુભ-અશુભભાવ. આહા..હા..! એ દયા, દાન, વ્રત, પૂજા, તપનો ભાવવિકલ્પ એ આસ્રવ છે, એમ કહે છે ભગવાન. આહા..હા...! અરે..રે..! કાંઈ ખબર નથી. ‘**આસ્રવો મળપણેમેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે...**’શુભ-અશુભભાવ બેય મેલ છે, અશુચિ છે. પછી? ‘**(અપવિત્ર છે) અને ભગવાન આત્મા...**’ પછી શું કહ્યું છે? પછી શું છે? ભગવાન આત્મા ઈ રહી ગયું. ‘**ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ છે.**’ અહીં તો ભગવાન કહેવું છે. આત્માને ભગવાન કહીને જ બોલાવ્યો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! છે? છે ત્યાં? ક્યાં છે? વાંચો જોઈએ. ભગવાન આત્મા... ભગવાન આત્મા કોને કહે છે? પ્રત્યેક આત્માને. શુભ-અશુભભાવ છે એ અશુચિમેલ છે. ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભગવાનની પૂજા અને જાત્રાનો ભાવ એ શુભભાવ અશુચિ છે. આહા..હા..!

‘**અને ભગવાન આત્મા તો...**’ આહા..હા..! ‘**સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે...**’ અનુભવાય છે. આહા..હા..! શું કહે છે આચાર્ય? શુભ-અશુભભાવ છે એ તો મલિનપણે અનુભવાય છે. આહા..હા..! અને ભગવાન આત્મા તો અતિનિર્મળ ચૈતન્યસ્વભાવ, નિર્મળસ્વભાવ અનુભવમાં આવે છે. અતિનિર્મળ, આહા..હા..! ચૈતન્યસ્વભાવ, ચૈતન્યમાત્રસ્વભાવ અનુભવમાં આવે છે. માટે ‘**અત્યંત શુચિ જ છે...**’ ભગવાન આત્મા અત્યંત પવિત્ર છે. આહા..હા..! બેનું ભેદજ્ઞાન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? આ તો વીતરાગમાર્ગ જન્મ-મરણ રહિત કેમ થવાય ઈ વાત છે, ભગવાન! આ પૈસા-બૈસા મળે ને રાજા થાય ને શેઠિયા થાય, એ બધા ભિખારા અનંતવાર થયા. ભગવાન આત્મા લક્ષ્મીવંત છે એની પ્રતીતિ અને ઓળખાણ કરી નહિ. સમજાય છે કાંઈ? આહા..!

ત્રણ વાર લીધું છે, ભગવાન આત્મા. છે? પછી લીધું છે. જુઓ, **'આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...'** છે? પુણ્ય અને પાપના ભાવ એ જડસ્વભાવ છે. કેમકે એમાં ચૈતન્ય જ્ઞાયકનો અભાવ છે. આહા..હા..! આ વાત લોકોએ સાંભળી નથી, વિચાર નથી અને શાસ્ત્રો જોતા નથી. પોતાની કલ્પનાથી અર્થો કરે અને કલ્પનાથી જોડી દ્યે. આહા..હા..! અહીં તો ભગવાન એમ કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારામાં પુણ્ય અને પાપના ભાવ થાય છે, દયાના, દાનના, વ્રતના, ભક્તિના, પૂજાના, પ્રભુનું નામસ્મરણ એ શુભભાવ તો જડ છે. આહા..હા..! સાંભળ્યું જાય નહિ. કહો, ધન્નાલાલજી! આઠ લાખ ખર્ચ્યા એણે મંદિરમાં, બેંગલોર. એમાં શુભભાવ થાય એ અચેતન છે, ચૈતન્ય નહિ, એમ કહે છે. આહા..હા..! શાસ્ત્ર શું કહે છે એ સમજે નહિ અને પોતાની દૃષ્ટિથી અર્થ કરવા, એમ ચાલે નહિ, ભાઈ! આ તો વીતરાગ ત્રણલોકના નાથ જિનવરનો માર્ગ છે. અહીં તો કહે છે કે આસ્રવ છે એ જડસ્વભાવ છે. ૭૨ ગાથા છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ જડ છે. કેમકે શુભરાગ છે. શુભરાગ છે તેમાં ચૈતન્યનો અભાવ છે. ચૈતન્યના કિરણનો અભાવ છે.

**શ્રોતા :—** તીર્થંકર નામકર્મ બંધાય એમાં અપરાધ તો નથીને કાંઈ?

**પૂજ્ય ગુરુદેશ્રી :—** અપરાધ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં લીધું છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. **'अपराधः'**. શુભોપયોગ એ અપરાધ છે. આહા..હા..! આ વાત લોકોને... આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! શુભોપયોગ એ તો રાગ છે, એ ધર્મ નહિ. આહા..હા..!

**શ્રોતા :—** આટલા રૂપિયા ખર્ચે ને ધર્મ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રૂપિયા કોણ ખર્ચતો હતો? એ તો જડ છે. જડની પરિણતિ જેમ થવાની હતી એમ થઈ. એ શું ભભૂતમલે કર્યું છે?

**શ્રોતા :—** રૂપિયાએ કર્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રૂપિયાએ પણ કર્યું નથી, એ પરમાણુએ કર્યું ત્યાં તો. રૂપિયા તો નિમિત્ત છે અને મંદિર બંધાય છે એ તો પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! સાંભળ્યું જાય નહિ, ભાઈ! સત્યની ખબર નહિ. આહા..હા..! સત્ય ભગવાન ત્રિલોકનાથ જિનવરદેવ એમનું કહેલું સત્ય બહુ કઠણ જગતને છે. આહા..હા..! મંદિર પોતાથી બંધાય છે, બનાવવાવાળાને કારણે નથી બનતું એમ કહે છે. પહેલા કહ્યું નહિ? ઘડો માટીથી થાય છે, કુંભારથી નહિ; એમ મંદિર મંદિરથી બંધાય છે, કડીયાથી નહિ. ઉલટ વાત છે.

**શ્રોતા :—** નિશ્ચયની વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિશ્ચય નામ સત્ય. સત્યની વાત આ છે. આહા..હા..! વ્યવહારની વાત ઉપચાર છે. એ તો ઉપચારનું કથન છે વ્યવહારનું. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! શું થાય? પરમાત્મા જિનવરદેવની આ વાણી એ વીતરાગી વાણી છે. આહા..હા..!

**શ્રોતા :—** અમે સાંભળ્યું હતું કે સોનગઢમાં નિશ્ચય-નિશ્ચયની વાત થાય છે, વ્યવહારની

થતી જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિશ્ચય નામ સત્ય, વ્યવહાર નામ ઉપચાર. થાય છે, એ જાણવાલાયક છે. થાવા દ્યો, થાવા દ્યો. એ વાવાઝોડુ થાય ત્યારે ખબર પડશે પછી. આ વ્યાખ્યાનનો વિકલ્પ ઉઠે છે એ નિશ્ચય છે કે વ્યવહાર? અહીં ભગવાનની ભક્તિ થાય છે કે નહિ? ૨૬ લાખનું મંદિર બન્યું. સમજાય છે કાંઈ? શુભભાવ છે, પુણ્યભાવ છે, જડભાવ છે. આહા..હા..! શરીરની ક્રિયા જડ છે એ બીજી હોં! આમ આમ વાણી થાય છે એ તો જડની ક્રિયા અજીવની છે. આ તો આત્મામાં શુભભાવની ક્રિયાને પ્રભુ અહીંયાં જડ કહે છે, એવી વાત છે. આ જડની ક્રિયા એ તો રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી છે અને પુણ્યભાવમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી, પણ ચૈતન્યના કિરણનો અભાવ છે એ અપેક્ષાથી શુભભાવને જડ કહ્યું છે. દેવીલાલજી!

**શ્રોતા :—** આપ પુણ્યભાવ કરો છો અને બીજાને ના પાડો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો આવે છે, પણ ધર્મ નથી. ભાવ તો આવે છે. મુનિને પણ પંચમહાવ્રતનો ભાવ આવે છે, પણ છે રાગ, એ અચેતન છે, જડ છે. આહા..હા..! જડ નામ પરમાણુનું જડત્વ એ નહિ. આ શરીર તો પરમાણુનું જડ છે, માટી છે; પણ એ પુણ્યભાવમાં રાગ જે છે એ પોતાને જાણતો નથી, બીજાને જાણતો નથી અને બીજા દ્વારા જણાય છે, માટે તે જડ છે. ન્યાયથી તો સમજાય એવું છે, લોજીકથી. જુઓ, અહીંયાં ઈ કહ્યું. ઈ કહે છેને?

**'આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે (કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે ) માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે;...'** આહા..હા..! એ શુભભાવ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો છે. ચૈતન્યનો સ્વભાવ એમાં નથી. આહા..હા..! આવી વાત ક્યાં?

**શ્રોતા :—** પુણ્ય-પાપ અધિકારમાં એને દ્રવ્યસ્વભાવ કેમ કીધો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પુદ્ગલ, પુદ્ગલના પરિણામ કીધા એને. પુદ્ગલ જ કીધા છે. આહા..હા..! એક પ્રશ્ન કર્યો હતો ભાઈએ, મનોહરલાલ વર્ણીએ. ત્યાં જયપુર આવ્યા હતા. આને પુદ્ગલપરિણામ કેમ કહ્યું છે? કીધું, નીકળી જાય છે, એની ચીજ નથી. એની ચીજ હોય તો એમાં રહે. એ નીકળી જાય છે તો એ ચીજની ચીજ નથી, એ તો અજીવ છે. આહા..હા..! અરે..! વાત તો આવી છે, બાપા! ભગવાન એમ કહે છે. કુંદકુંદાચાર્ય એમ કહે છે અને ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય, બેય એમ કહે છે. શુભભાવ છે, દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, જાત્રાનો એ અશુચિ છે, એ જડ છે અને ભગવાન આત્મા... લીધું? જુઓ!

**'ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક (જ્ઞાતા) છે...'** આહા..હા..! **'માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે...'** શું કહે છે? જાણવું સ્વભાવ છે એ ચૈતન્યથી અનન્યસ્વભાવ છે, પોતાનો છે અને રાગભાવ

છે એ ચૈતન્યભાવથી અનેરો ભાવ છે. આહા..હા..! છે ચૈતન્યની પર્યાયમાં રાગ, પણ એ રાગમાં ચૈતન્યભાવનો જાગૃતસ્વભાવનો અભાવ હોવાથી રાગને આંધળો અને જડ કહેવામાં આવે છે. આહા..હા..! એઈ..! કહો. આવી વાતું છે, પ્રભુ! આહા..હા..! એમ લીધુંને? હવે ત્રીજો બોલ. છે?

**'આસ્રવો આકુળતાના ઉપજાવનારા...'** છે. છે? આસ્રવ એટલે કોણ? શુભ-અશુભભાવ બેય. હવે બરાબર આવ્યું. આહા..હા..! ભગવાન વીતરાગ ત્રિલોકનાથ જિનવરદેવ ગણધરો અને એકાવતારી ઈન્દ્રોની વચ્ચે આ વાત કરતા હતા, એ વાત આ આવી છે. સમજાય છે કાંઈ? સીમંધર ભવગાન બિરાજે છે, મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે, ત્યાંથી આ વાત આવી છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, સંવત ૪૯, આઠ દિવસ ત્યાં રહ્યા હતા. પ્રભુ બિરાજે છે. એ કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય એની ટીકા કરનારા સ્પષ્ટ કરે છે. આહા..હા..! ભગવાન! એકવાર વાત તો સાંભળ! પ્રભુ! તારી મહિમાનો પાર નથી. એ પુણ્ય-પાપમાં ધર્મ માને એમાં તારી મહિમાનો નાશ થાય છે. આહા..હા..!

ભગવાન! તું શુભભાવથી ભિન્ન છે. છે? કહ્યુંને? **'ભગવાન આત્મા સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી,...'** જુઓ, ઓ..હો..હો..! ગજબ ટીકા છેને! એ રાગનું કાર્ય નહિ અને રાગનું આત્મા કારણ પણ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? પંચમહાવ્રતના પરિણામ છે એ રાગ છે, અજીવ છે, જડ છે. એ આત્માનું કાર્ય નહિ અને આત્મા એનું કારણ પણ નહિ. આહા..હા..! આવી વાતું. શાસ્ત્રમાં આ વાત છે કે નહિ? ભગવાન તો બધો વારસો મૂકી ગયા છે. દિગંબર સંતો. આહા..હા..! દિગંબર સંતો કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી આદિ મહાપુરુષો, આહા..હા..! કેવળીના કેડાયતો કેવળજ્ઞાનની કેમ ઉત્પત્તિ થાય એની વાત કરી છે. આહા..! એવી વાત કરી છે આ. છે?

**'ભગવાન આત્મા સદાય નિરાકુળતા-સ્વભાવ...'** એ રાગનું કારણ પણ નહિ અને રાગ કારણ થઈને નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય એવું કાર્ય પણ નથી. વ્યવહારથી નિશ્ચય થાય છે, એ કારણ નહિ એમ કહે છે. વ્યવહાર કારણ નહિ. છે કે નહિ એમાં? વ્યવહાર એ રાગ છે. તો રાગ કારણ અને નિર્મળ પર્યાય કાર્ય એમ છે નહિ, એમ કહે છે. આહા..હા..! પક્કડ રાખીને સાંભળે ને વાંચે એટલે શું થાય? પોતાની દૃષ્ટિની જે પક્કડ છે એ પ્રમાણે સાંભળે અને વાંચે. આ વીતરાગમાર્ગ છે, બાપુ! જેનાથી જન્મ-મરણરહિત થવાય એ વીતરાગી પર્યાય એ ધર્મ છે. આહા..હા..!

અહીં ચાલતું, **'સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી...'** સમ્યગ્દૃષ્ટિને હવે મિથ્યાત્વ નથી. સમજાય છે કાંઈ? મિથ્યાત્વ વિપરીત માન્યતા નથી. પુણ્યથી ધર્મ થાય છે, રાગથી નિશ્ચય થાય છે, નિમિત્તથી પરમાં કાર્ય થાય છે એવો

મિથ્યાત્વભાવ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી. આહા..હા..! ઠીક આવ્યા છો બરાબર. વાંચન ચાલે છે. આહા..હા..! અરે..! ભગવાન! આવો માર્ગ પ્રભુનો છે એની પહેલા ઓળખાણ તો કરો. આહા..હા..! '**સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાય...**' જ્ઞેયને ઈષ્ટ માનીને રાગ થવો, અનિષ્ટ માનીને દ્વેષ થવો એ અનંતાનુબંધીનો કષાય છે. આહા..હા..! એનો તો અભાવ છે. '**તેને તે પ્રકારના ભાવાસ્રવ તો થતા જ નથી...**' સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રાગ ભાવાસ્રવ વિકારી પરિણામ તો થતા જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

શ્રેણિક રાજા સમ્યગ્દર્શન પામ્યા. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ હતા. અવિરતિના ભાવ હતા એમને, પણ એ આસ્રવ હતો. આહા..! એ આસ્રવ જાણતા હતા. શુભભાવ પણ હતો તો એને આસ્રવ જાણતા હતા. તીર્થંકરગોત્ર બંધાયું. એ શુભભાવ પણ આસ્રવ છે એમ માનતા હતા. આહા..હા...! સમજાય છે કાંઈ? આ વાત તો (સંવત) ૧૯૮૫માં સંપ્રદાયમાં અમે સભામાં કરી હતી. ૮૫ની સાલ, પોષ માસ. કેટલા વર્ષ થયા? ૪૮. ૩૩ ને ૧૫, ૪૮. પચાસમાં બે ઓછા. બોટાદ (સંઘાડામાં) દીક્ષિત થયા હતાને, સ્થાનકવાસી. અમે તો સંપ્રદાયમાં પણ કહ્યું હતું, મોટી સભા ત્યાં. સાડા ત્રણસો ઘર. વ્યાખ્યાનમાં હજાર, પંદરસો માણશ, પંદરસો. અપાસરામાં સમાય નહિ એટલે પાછળ ખાલી ગલી હોયને ત્યાં માણસો બેસે. ૮૫નો પોષ માસ. સંપ્રદાયમાં કહ્યું હતું કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. કહો, કેટલા વર્ષ થયા તમને? ૪૭. ૫૫ વર્ષ પહેલાં કહ્યું હતું. તમારા જન્મ પહેલાની વાત છે. આહા..હા..! ૫૫ વર્ષ પહેલાંની વાત છે. સંપ્રદાયમાં મોટી સભા હતી. મોટા મોટા લાખોપતિ સભામાં બેઠા હતા. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ, એ ભાવ રાગ છે અને આસ્રવ છે અને પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ છે, ધર્મ નહિ. બે વાત કરી હતી. ભાઈ! ૫૫ વર્ષ પહેલાં, હોં! તમારો તો ક્યાંય બીજે ભવ હશે. પણ ત્યાં તો અમારી છાપ હતીને. અને મુહપત્તિ હતી એટલે બધા (સાંભળે). એક સાધુ હતા એ થોડું બોલ્યા. ગુરુભાઈ હતા. વોસરે.. વોસરે... એટલે આ શ્રદ્ધા અમારે ન જોઈએ. પણ એનું કોણ માને? એ વખતે તો સંપ્રદાયનો વેષ હતો. આહા..હા..!

અહીં ઈ કહે છે, '**મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી.**' આહા..હા..! વિશેષ વાત કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૧, સોમવાર, તા. ૨૨-૧૧-૧૯૭૬, ગાથા-૧૭૩-૧૭૬, પ્રવચન નં. ૨૩૯

૧૭૬ ગાથાનો ભાવાર્થ. બીજો પેરેગ્રાફ ભાવાર્થનો. '**સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી તેને તે પ્રકારના ભાવાસ્રવો તો થતા જ નથી...**' શું કહ્યું? જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે. પર્યાયમાં તે સમયે તે પર્યાય થાય, તે ઉદયો હોવા છતાં દૃષ્ટિ દ્રવ્યના લક્ષે જ્યાં જાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો તો નાશ થઈ ગયો છે. છેને? મિથ્યાત્વનો, વિપરીત પ્રતીતિનો, સમ્યક્ પ્રતીતિના કારણે વિપરીત પ્રતીતિનો તો નાશ થઈ ગયો છે અને તેટલો સ્વરૂપમાં સ્થિર થયો છે. અનંતાનુબંધીનો અભાવ થયો એટલે સ્વરૂપ આચરણમાં સ્થિર છે. તેથી '**તેને તે પ્રકારના ભાવાસ્રવો તો થતા જ નથી...**' મિથ્યાત્વ સંબંધી અને અવ્રતના અનંતાનુબંધી સંબંધી એ તો એને થતા નથી. આહા..હા..!

'**મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી.**' કારણ કે તે ભાવ થતાં નથી તે બંધ પણ થતો નથી. સમજાય છે કાંઈ? આ મૂળ અભ્યાસ જોઈએ ભાઈ થોડો. તે વિના અદ્ધરથી એકલી ઉપરથી વાતું પકડે. આ અભ્યાસ ન હોય. સવારમાં બધું આવ્યું હતું ને સજ્ઝાયમાં? છ દ્રવ્ય છે ને આના ગુણ છે અને એની પર્યાય છે અને એના પ્રદેશ છે. ભાઈ બધું એણે જ્ઞાન કરવું જોઈએ. અનાદિથી વિપરીત માન્યતા છે એટલે એને સમ્યક્.. સર્વજ્ઞ-સર્વજ્ઞનો જ્ઞેયનો સ્વભાવ શું કહે છે? અને એનો સ્વભાવ શું છે તે એણે જાણવું જોઈએ. આહા..હા..! જ્ઞેયનો સ્વભાવ, ચૈતન્યનો સ્વભાવ, ધ્રુવસ્વભાવ તો પરમાનંદસ્વરૂપ છે અને એનો પર્યાયનો સ્વભાવ તે સમયે તે પ્રકારની પર્યાય થવાની ભાવની શક્તિ છે તેથી થાય છે. સમજાણું કાંઈ? જેને નિમિત્તની અપેક્ષા નથી અને પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આહા..હા..! એવી સમય સમયની પર્યાય પોતાના ક્ષણકાળે થાય એનો નિર્ણય કરનાર દ્રવ્યસ્વભાવમાં જાય. સમજાણું કાંઈ? આ વાત પણ આવી આકરી છે.

એ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સચ્ચિદાનંદ પ્રભુ જે સ્વભાવમાં અનંતજ્ઞાન છે, અનંત આનંદ છે, અનંત વીર્ય છે, અનંત દૃષ્ટા છે, એવું અનંત. એક ગુણમાં પણ અનંતગુણનો ભાવ છે. એક પર્યાયમાં પણ અનંત પર્યાયનો ભાવ છે. આહા..હા..! એવું એ ભાવ-ભાવ સ્વરૂપ એનું સ્વરૂપ છે. આહા..હા..! દ્રવ્ય પણ પોતાના ભાવને કારણે કારણકાર્ય દ્રવ્ય છે. ગુણ પણ પોતાના કારણ અને કાર્યે ગુણ છે. દ્રવ્યનું કારણ દ્રવ્ય અને દ્રવ્યનું કાર્ય દ્રવ્ય. આહા..હા..! આ બધા કારણ-કાર્યના વાંધા ઊઠે છેને? ગુણનું કારણ ગુણ અને ગુણનું કાર્ય ગુણ. એમ પર્યાયનું કારણ

પર્યાય અને પર્યાયનું કાર્ય પર્યાય. આહા..હા..!

આવા ભાવસ્વરૂપ જે દ્રવ્ય-ગુણ-પર્યાય એનું એને જ્ઞાન જોઈએ. એનું જ્ઞાન થતાં એના વલણમાં પછી દ્રવ્યસ્વભાવ તરફ જાય. આહા..હા..! જે પરમાત્મા પોતે ચૈતન્યસ્વરૂપ એની સત્તા અનંતગુણ સત્તાવાન, એક સત્તા એવી અનંતગુણ સત્તાવાન પ્રભુ છે. આહા..હા..! ગુણ શબ્દે પરિપૂર્ણ શક્તિ. સમજાય છે કાંઈ? એવા.. રાતે ઘણું આવ્યું હતું, પણ હવે એ કાંઈ બધું આવે છે અત્યારે? બહુ સરસ હતું. પોણો કલાક આવ્યું હતું રાતે. તમને સંભાર્યા હતા. કીધું આ રહી ગઈ વસ્તુ. રાતે વસ્તુ આવી હતી હવે એ ફરીને ક્યાંથી આવે? પોણો કલાક એકલું સત્‌નું. ધારા ચાલી હતી. આવે ત્યારે આવેને ભાઈ! એ કાંઈ.. શેઠ તો હતાને રાત્રે? પણ પકડાય ઓછું. બહુ ઝીણું... બહું ઝીણું...

અહીંયાં કહે છે કે સમ્યગ્દૃષ્ટિ એટલે શું? જેનો દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ છે. એટલે કે જેની ગુણ શક્તિ એક-એક પરિપૂર્ણ છે અને એની પર્યાય પણ પોતાના સ્વતંત્ર કારણે થાય છે. એ સમ્યગ્દર્શન પણ સ્વતંત્ર છે. એ સમ્યગ્દૃષ્ટિ કીધો છેને? એ સમ્યગ્દૃષ્ટિ સત્‌ની પ્રતીતિ તે સમયની સ્વતંત્ર છે. આહા..હા..! પોતાના ષટ્કારકના પરિણમનથી. સમ્યગ્દર્શનની પર્યાય કર્તા, સમ્યગ્દર્શનની પર્યાય કાર્ય. સમ્યગ્દર્શનની પર્યાય કરણ-સાધન, સમ્યગ્દર્શનની પર્યાય પોતે રાખે અને પોતાથી થાય અને પોતાને આધારે થાય. આહા..હા..! આવું સ્વરૂપ છે. સર્વજ્ઞે તો ઘણું સહેલું કરીને મૂક્યું છે. દિગંબર સંતોએ પણ ઘણું સહેલું કરીને... આહા..હા..!

**શ્રોતા :—** નિમિત્ત ક્યાં ગયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિમિત્ત, નિમિત્તમાં રહ્યું. નિમિત્તની પર્યાય પણ તેને ક્રમકાળે તે પર્યાય તે પ્રકારે થવાની તે થાય ત્યાં... આહા..હા..! આ મોટા વાંધા આ છેને, નિમિત્તથી થાય. નિમિત્ત હોય પણ નિમિત્તથી થાય નહિ. આહા..હા..! એ તો કહ્યું હતું વ્યવહાર અને નિશ્ચય એક સમયે થાય છે. એ તો કહ્યું હતું કાલે વ્યાખ્યાનમાં. નિશ્ચયનો પર્યાય સમ્યગ્દર્શન, એ પણ એના કાળે તેની દૃષ્ટિ સ્વભાવ ઉપર જતાં તેને કાળે તે સમ્યગ્દર્શનની પર્યાય નિશ્ચયથી થાય છે. આહા..હા..! તે જ કાળે હજી રાગ બાકી છે, તે કાળે ક્રમમાં એને વ્યવહાર કહેવાય છે. એટલે વ્યવહારથી નિશ્ચય થાય એમ નથી, નિશ્ચય છે માટે વ્યવહાર થાય છે એમ નથી. આહા..હા..! રાગ રાગને કારણે થાય. રાગનું કારણ-કાર્ય રાગનું છે.

સમ્યગ્દૃષ્ટિમાં પણ જે રાગ થાય છે. અહીંયાં તો મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષને ગણ્યા છે. અહીં અસ્થિરતાના રાગ-દ્વેષને ગણ્યા નથી. આહા..હા..! મૂળ એની જડ છે. મિથ્યાત્વ અને મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ તે સંસારની જડ છે. એ જડ જેણે ઉડાવી દીધી છે. આહા..હા..! એ ઉડાડવાનો કાળ હતો અને ઉડાડી છે. આહા..હા..! તે સમ્યગ્દર્શનની પર્યાય એનો વ્યવહાર છે એ તો કર્તા નહિ, પણ એ સમ્યગ્દર્શનની પર્યાયનો દ્રવ્ય-ગુણ કર્તા નહિ. આહા..હા..! આવી વસ્તુસ્થિતિ.

એ જે રીતે સત્ છે એ રીતે તેને પ્રતીતમાં આવે ત્યારે તેને નિર્વિકલ્પ દૃષ્ટિ થાય, ત્યારે તે સત્ જવાબ આપે. એટલે કે જે રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય છે તે રીતે એને જ્ઞાન થઈને પ્રતીતમાં આવે ત્યારે એ દ્રવ્ય જવાબ આપે કે સમ્યગ્દર્શન આ. આહા..હા..! ઝીણું બહુ, બાપુ! આહા..! અનંતકાળના અવતારો. અહીંયાં તો હજી વખત સાંભળવાનો મળ્યો ન હોય બે કલાક કે ચાર કલાક એ પણ વખત મળે નહિ. આરે..! આરે..! મારી નાખ્યા જગતને. ધંધો ને બાયડી, છોકરા, છોકરાને પરણાવવા, છોકરી મોટી થાય એટલે ઠેકાણે નાખવી. આહા..હા..! શું કાંઈ સંબંધ એને? પરદ્રવ્યને કાંઈ કરી શકે એવું સ્વરૂપ જ નથી એનું. આહા..હા..! હવે એ કરવામાં રોકાય એને રાગનો પ્રેમ કેમ છૂટે એને? આહા..હા..! સમજાણું કાંઈ? રાગને કાળે રાગ થાય, પણ તેનો પ્રેમ છૂટીને સમ્યગ્દર્શન થાય એ એક સમયમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ આવી ભાઈ! મોંઘી બહુ અને ફળદાયક પણ બહુ. આહા..હા..!

જેના ફળ સર્વજ્ઞપણું અને અનંત આનંદ આવે. આહા..હા..! અનંત દુઃખને વેઠતા, નિગોદમાં, નરકમાં. ઓહો..હો..! એ દુઃખને સ્થાનમાં અનંત આનંદ આવે, અનંતું હોં! આહા..હા..! એના કારણરૂપ સમ્યગ્દર્શન તો અલૌકિક હોયને! સમજાણું કાંઈ? એવી જે સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિ, સત્યની સત્યદૃષ્ટિ, જેવો એ સત્ છે, સત્તા છે, જે રીતે હોવાપણે એ વસ્તુ છે, આહા..હા..! એને તે રીતે પ્રતીતમાં સમ્યક્ લક્ષને કરીને પ્રતીતમાં આવે ત્યારે તેને આનંદનો સ્વાદ આવે. કેમકે આખા દ્રવ્યની પ્રતીતિ કરી અને દ્રવ્યમાં તો અનંત આનંદ છે. આહા..હા..! એટલે તો જેટલા ગુણની સંખ્યા છે એટલી સંખ્યાનો વ્યક્ત અંશ સમ્યગ્દર્શનને કાળે પ્રગટે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે સમ્યગ્દૃષ્ટિ. એને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી ભાવમાં તે તે પ્રકારના ભાવાસ્રવો તો થતા નથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ તો જ્ઞાનીને છે જ નહિ. આહા..હા..!

‘**મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી.**’ તે ભાવ થતાં નથી તેથી બંધ પણ થતો નથી. ‘(**ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો...**’ જુઓ જરી! આ જયચંદ પંડિતે ખુલાસો કર્યો છે. આહા..હા..! પહેલાંના પંડિતો પણ. શું કહે છે? ‘(**ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો...**’ સત્તા એટલે એના પરમાણુની મિથ્યાત્વની સત્તા છે એનો ક્ષય ‘**થતી વખતે જ અનંતાનુબંધી કષાયનો...**’ ક્ષય થાય છે. આહા..હા..! ‘**તે સંબંધી અવિરતિ...**’નો ક્ષય થાય છે. એ શું કીધું સમજાણું? મિથ્યાત્વ અને કષાય, અનંતાનુબંધી એ પ્રકારની અવિરતિનો નાશ ત્યાં થાય છે. આહા..હા..! કેમકે અનંતા ગુણનો અંશ પ્રગટ થાય છે, ત્યારે તે પ્રકારના અવગુણનો અંશ પણ નાશ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

‘**અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો હોય છે...**’ શું કીધું એ? સમ્યગ્દર્શનમાં તે પ્રકારનો યોગ જે હતો કષાય ને ફલાણું એટલો પણ નાશ થઈ ગયો છે. આહા..હા..!

કેમકે અનંતા ગુણોનો વ્યક્ત અંશ પ્રગટ થયો છે. તેથી તે યોગનો અને તે પ્રકારના અવિરતિનો પણ ક્ષય થયો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! એમ કહીને જે આત્મા અનંતગુણ સંપન્ન છે એનો જે અનુભવ થયો, એને અનુસરીને તો તેમાં જેટલા ગુણો યોગાદિ, અકંપન્ન સ્વભાવ આદિ એનો એક અંશ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? તેથી અહીંયાં નાસ્તિથી વાત કરી. ભાઈ! આહા..હા..!

અસ્તિથી એક વસ્તુમાં જેટલી સંખ્યા ગુણની છે એ દ્રવ્યની પ્રતીતિ કરતાં, દ્રવ્યમાં જેટલા ગુણ છે તેનો અંશ વ્યક્ત પ્રગટ થાય છે. ત્યારે એવો યોગનો ગુણ અકંપ પણ એટલો અંશ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે પ્રગટ થાય છે એ શૈલી ન લેતા, તે પ્રકારનો કષાય અને અવિરત અને તે પ્રકારનો યોગ નાશ થાય છે એમ કીધું. આહા..હા..! નવનીતભાઈ! સવારે તો આ સ્વાધ્યાય હતી. ઓલા આવ્યા હતા આપણે ઓલા કાંપવાળા. બધા ગયા એ. ધંધા મારી નાખે. કોણ જાણે ૬૦-૬૦ વર્ષ સુધી. કોના માટે રોકાવું આ? ધંધા માટે રોકાવું આનું આ અને આ. હવે પર માટે મરી ગયો કરી-કરીને. એય..!

**શ્રોતા :—** ધંધા વિના ચાલે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ચાલે નહિ. શું કહેવાય એને? શું શેઠને છે? શરાફ. શરાફ ધંધો છોકરા કરે છેને હવે છોકરા કરે છે. અરેરે..! આ પોતાના કરવાના કાળમાં આ રોકાઈ જાય એ કે દિ' કરે? આહા..હા..!

અહીં તો ત્રણલોકના નાથની વાણીને સ્પષ્ટ કરીને જયચંદ પંડિત સ્પષ્ટ કરે છે. જુઓ તો ખરા ગૃહસ્થાશ્રમમાં. ન્યાયથી છે આ વાત હોં. કેમકે જે આત્મામાં ચારિત્રગુણ છે, એનો વ્યક્ત અંશ પ્રગટ થયો છે. એથી એને તે પ્રકારના કષાયનો નાશ છે અને એનો જે અનંતગુણ છે એમાં યોગગુણ છે, અકંપ એનો ગુણ, શક્તિ, સ્વભાવ છે. એ અનંતગુણના પ્રગટપણામાં એ પણ એક અંશ પ્રગટ થયો છે. આહા..હા..! આવી વાત ક્યાં લોકોને બિચારાને મળ્યું નથી. અરેરે..! જન્મ-મરણના ટાણા ટાળવાના કાળે સત્ય વાત ન મળે. જાય.. આહા..હા..! ઓહોહો..!

અને આ એને નિયત લાગે છે. મોટું લખાણ આવ્યું છેને ઓલામાં. જૈનદર્શનમાં. જૈનદર્શનમાં ને? જૈનગેઝેટમાં. નિયત છે. સોનગઢનું નિયત છે, ઝેર છે. અરે..! ભગવાન! સાંભળ, પ્રભુ!

**શ્રોતા :—** મિથ્યાત્વને મારી નાખવાનું ઝેર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આહા..હા..! બાપુ! એ માર્ગ તે સાંભળ્યો નથી, ભાઈ! એ સંસ્કાર બધા ઊડી ગયા. એ સંપ્રદાયની સત્યધારા હતી એ ઊડી ગઈ અને લૌકિક ધારા રહી ગઈ બધી. આહા..હા..!

અહીંયાં તો પરમેશ્વર એમ કહે કે જે સમયે જે દ્રવ્યની પર્યાયનો કાળ છે તે સમયે તે પર્યાય થાય. તેને નિમિત્તની અપેક્ષા નથી, તેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આહા..હા..! આવું કેમ બેસે? નિમિત્ત આવે તો થાય. અરે..! પ્રભુ! પણ પર્યાય પોતાની તે ક્ષણે થાય છે. એમાં

નિમિત્ત આવે તો થાય એ રહ્યું ક્યાં? હોય, નિમિત્ત હોય.

**શ્રોતા :—** ઉપાદાનમાં અનેક પ્રકારની યોગ્યતા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ વાત જ જૂઠી છે. આવ્યું છેને હમણાં મોટું. ભાઈએ લખ્યું છે વર્ધમાન શાસ્ત્રીએ. એની સામે જવાબ આપ્યો છે ભાઈ કૈલાસચંદજીએ. ભલે એ વખતે વર્ણીજીને એ શ્રદ્ધા નહોતી, પણ હવે આ ફેરી જવાબ એમણે આપ્યો છે બહુ કૈલાસચંદજીએ તો. કે ક્રમબદ્ધ થાય છે, નહિતર સર્વજ્ઞપણું રહેતું નથી. ક્રમબદ્ધ જે સમયે જે પર્યાય જે દ્રવ્યની થવાની તે થાય. વર્ણીજી કહે નહિ. તે દિ' ના પાડતા હતા. બેઠા હતા બધા. ૨૦ વર્ષ થયા. કૈલાસચંદજી હતા, ફુલચંદજી હતા. ભાઈ હતા ને? વજુભાઈ હતા? વજુભાઈ હતા લ્યો. રામજીભાઈ હતા.

પ્રભુ! આ તો સ્પષ્ટતા માટે વાત છે હોં. પ્રશ્ન આ થયો. ૨૦ વર્ષ થયા. કર્મ–રાગ કેમ ટળે? એવો પ્રશ્ન ઉઠાવ્યો મેં જાણીને કીધું કાંઈક છંછેડીએ. તો કહે કર્મ પ્રતિબદ્ધ ટળે તો ટળે. આહા..હા..! પ્રતિબદ્ધકારણ ટળે તો ટળે. આહા..હા..! અરે..! જે સમયે રાગનો વ્યય થવાનો કાળ તે પોતાથી થાય છે. સમજાણું કાંઈ? શું થાય? આખી વાત જ ફેરફાર થઈ ગયેલી અને પંડિતોને મળેલી અને એના પંડિત કહેવાય મોટા. એટલે એને બિચારાને.. માણસ વધ્યા હતા, પણ એને આ વાત જ ગુરુગમ હતી નહિ. આહા..હા..!

રાગ કેમ ટળે? એ પ્રશ્ન ઉઠાવ્યો હતો. બધા બેઠા હતા. એનો હેતુ કીધું આ કાંઈક પરાધીન વાત કરે છે કે સ્વાધીન? એ કીધું કે પ્રતિબદ્ધ કારણ ટળે તો ટળે. આહા..હા..! અહીંયાં વીતરાગ એમ કહે છે કે રાગના વ્યયકાળે પોતે પોતાથી વ્યય થાય છે. અરાગની ઉત્પત્તિ થઈ એની અપેક્ષાએ પણ રાગનો વ્યય નથી. રતિભાઈ! આવું ઝીણું! અરેરે..! શું કરે? બીજો પ્રશ્ન કર્યો હતો. ક્રમબદ્ધ છે કે નહિ? કીધું. ત્રણ પ્રશ્ન કર્યા હતા. નહિ. એક પછી એક થાય. આના પછી આ જ થાય એવો ક્રમ નહિ. આહા..હા..! હવે એ ક્રમ અહીંયાં સિદ્ધ કર્યો કૈલાસચંદજીએ હમણાં. નહિતર એ બેઠા હતા તે દિ'. આહા..હા..! શું થાય? બાપુ! આ કોઈ વ્યક્તિનો અનાદર કરવાને માટે નથી. આ તો સત્‌નું સ્વરૂપ આવું છે. આહા..હા..!

**શ્રોતા :—** નિયતવાદ કહો અને સર્વજ્ઞતા કહો, નામ દો પણ ભાવ એક જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એક જ છે. કૈલાસચંદજીએ લખ્યું છે, પંડિતજી! નવનીતભાઈ! હમણાં કૈલાસચંદજીએ આખો કાગળ લખ્યો છે. વાંચ્યું છે? કે નિયતવાદ બનામ સર્વજ્ઞતા. નિયતવાદ કહો કે સર્વજ્ઞતા કહો. આહા..હા..! કેમકે સર્વજ્ઞ પરમેશ્વરે જે દ્રવ્યની ત્રણે કાળની જે સમય જ્યાં પર્યાય થવાની તે બધી જોઈ છે. ક્રમસર થાય તે બધી જોઈ છે. અને સર્વજ્ઞ જ્યાં જાણવા જાય ત્યાં ક્રમબદ્ધ પર્યાય એને સિદ્ધ દૃષ્ટિમાં આવે. આહા..હા..! પણ એને એમ ન આવે. તોપણ જે સમયે જે પર્યાય થવાની એનો જન્મકાળ છે, એવો નિર્ણય કરવા જાય તો એને વીતરાગતા થાય. કેમકે એનું તાત્પર્ય વીતરાગતા છે. આહા..હા..!

જે સમયે જે પર્યાય થવાની તે જ થવાની, પણ એનો સાર શું? કે તે પર્યાય ઉપરથી લક્ષ છોડીને જે દ્રવ્ય આશ્રય વીતરાગતા થાય એ એનું તાત્પર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અંદરના દ્રવ્ય ઉપર લક્ષ જાય છે. એ લક્ષ જાય છે એ પર્યાયના સામર્થ્યથી જાય છે, દ્રવ્ય-ગુણના સામર્થ્યથી નહિ. આહા..હા..! આવી વાતું ભારે આકરી. એ સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યના લક્ષે જે થાય છે એ પર્યાયનું સામર્થ્ય છે. એ પર્યાયમાં વીતરાગતા આવે છે સમ્યગ્દર્શનમાં. એ ક્રમબદ્ધનો નિર્ણય જાય ત્યારે એને વીતરાગતા થાય. કેમકે એનો સાર છે કે દ્રવ્ય ઉપર લક્ષ જાવું. આહા..હા..! એટલે ક્રમબદ્ધ જ છે. જો ક્રમબદ્ધ ન માને તો સર્વજ્ઞ સિદ્ધ થતાં નથી. અને દ્રવ્યની પર્યાય ક્રમસર આયત-સમુદાય, પ્રવાહક્રમ. આહા..હા..! બે ક્રમ છેને. ક્યા?

**શ્રોતા :—** આયતસામાન્ય અને વિસ્તારસામાન્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વિસ્તારસામાન્ય. વિસ્તારસામાન્ય અક્રમ અને આયતસામાન્ય ક્રમ પ્રવાહક્રમ. પરિણામનો પ્રવાહક્રમ છે. દરેક દ્રવ્યમાં પરિણામનો પ્રવાહ એક પછી એક, એક પછી એક પ્રવાહક્રમ છે. આહા..હા..! એમાં આડીઅવળી થાય નહિ અને પોતાને તે કાળે થયા વિના રહે નહિ. આહા..હા..! આવી વાત ક્યાં છે? સમજાણું કાંઈ? (આત્મધર્મમાં) નામ લખવું નહિ હો, પણ ભાવ લખવા. ફલાણાનું નામ આવ્યું એ નામ ન લખવું. વ્યાખ્યાનમાં તો સમજવા માટે આવે. પણ કોઈનું...

**શ્રોતા :—** વિસ્તારસામાન્ય સમુદાય ગુણ અક્રમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગુણ અક્રમ. એક સમયમાં આમ ગુણ અસંખ્ય પ્રદેશે અનંત એક સાથે અક્રમ, એક પછી એક નહિ, પણ અક્રમ સાથે છે આમ. ત્યારે પર્યાય છે તે એક સાથે એક પણ ક્રમ છે. એક સાથે છે એક પછી એક.. એક પછી એક... જે થવાની હોય તે થાય. પણ એ આયતસામાન્ય સમુદાય પ્રવાહક્રમ છે. આહા..હા..! જેને દોડતો આયતસમુદાય કીધી છો. ભાઈ! આહા..હા..! દોડતો એટલે? જેમ પગ એક પછી એક જમણા પછી ડાબો... ડાબા પછી જમણો... ડાબા પછી જમણો... જમણા પછી જમણો એ તો કૂદે તો આવે. એમ પર્યાય પછી પર્યાય જે સમયે જે થવાની તે પર્યાય તે સમયે, બીજે સમયે બીજી તે થવાની, એનો પ્રવાહ એ ક્રમ ચાલ્યો. આહા..હા..!

વસ્તુનું સ્વરૂપ આવું છે. હવે વસ્તુનું સ્વરૂપ છે એ રીતે પ્રતીતમાં ન આવે એને સમ્યગ્દર્શન થાય નહિ એને. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! ક્યાં આવું સાંભળ્યું હતું ક્યાં બધું? ગોટા-ગોટા સાંભળ્યા હતા. આહા..હા..!

**શ્રોતા :—** બે ભાષા હતી આમાં. એક પછી એક અને જે થાય તે જ થાય. બે વાત થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એક પછી એક એમ નહિ, પણ એક પછી એક જે થવાની હોય

તે જ થાય.

**શ્રોતા :—** આડી-અવળી નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ આડી-અવળીની વ્યાખ્યા શું? ઘણા વર્ષ પહેલાં કહ્યું હતું એક ફેરી. આડી-અવળી એની વ્યાખ્યા શું? આ થવાની હતી તે અહીં થઈ, એ થવાની હતી તે અહીં થઈ, એનો અર્થ શું? કાંઈક ન્યાયમાં બેસવું જોઈએને? સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જેને આ સત્‌સ્વરૂપ એવું છે... પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન સમકિત લીધું છે. એટલે ત્યાં જ્ઞાનપ્રધાનમાં જે સમયે જે પર્યાય થાય તે સમયે તે દ્રવ્યનો સ્વભાવ છે. ગુણ છે એ ત્રિકાળી છે, દ્રવ્ય છે એ ત્રિકાળી અને પર્યાય ક્રમસર થાય તે દ્રવ્યનો સ્વભાવ છે. આ પછી આ જ થાય અને એ પછી આ જ થાય એવો એનો સ્વભાવ છે. આ પછી બીજી થાય એ કઈ જાતની થાય એવું કાંઈ નહિ. એમ નહિ, આહા..હા..! એ વાત છે. ત્યાં એકાંત કહે છે લ્યો. ત્યાં એકાંત કહે છે સોનગઢનું. આહા..હા..! તોપણ આટલું હવે જરી કૈલાસચંદજીએ નાખ્યું એટલું જરી કે ક્રમસર ન માને તો સર્વજ્ઞતા રહેતી નથી. આહા..હા..! એ પ્રશ્ન તો અમારે છેકનો ૭૨ની સાલનો છે. સમજાણું કાંઈ? ક્રમબદ્ધ નહોતું ત્યારે. પણ સર્વજ્ઞે જે દીઠું અને સર્વજ્ઞની સત્તા જેને બેઠી એને જ્ઞાનમાં ભવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત બહુ, બાપુ! અભ્યાસ નહિ.

**શ્રોતા :—** .. પણ ઉપાદાન વિના ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ખોટી વાત છે. ઉપાદાન અને નિમિત્ત બે થઈને કાર્ય કરે એ વાત ખોટી છે. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવા એ વાત કરી છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં બે કારણનું એક કાર્ય. એમ. પણ એનો અર્થ એ તો પ્રમાણનું જ્ઞાન કરાવ્યું. પ્રમાણ છે તો બે ભેળવીને કરે છે. ખરેખર પ્રમાણનું જ્ઞાન એ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? નિશ્ચય તો જે સમયે જે થાય તે નિમિત્ત વિના થાય. થાય છે પછી પ્રશ્ન શું એને. નિમિત્ત આવે તો થાય અને નિમિત્ત કરે. આહા..હા..! બહુ આકરું માણસને પડે. નિયતવાદ થઈ જાય, પણ નિયતવાદમાં પુરુષાર્થ છે. એ નિયત છે એની સાથે પુરુષાર્થ છે.

જે સમયે જે પર્યાય થાય એનો નિર્ણય કરે છે ત્યાં સ્વભાવ અને પુરુષાર્થ બધું આવે છે ભેગું. આહા..હા..! શું થાય હવે આમાં કાંઈ! ભગવાનના વિરહ પડ્યા, કેવળી રહ્યા નહિ, અવધિ-મનઃપર્યય જ્ઞાન રહ્યું નહિ અને આ વાત કોને કહેવી. પ્રભુ! આ શું તમે કહો છો? જુઓ, આ માર્ગ છે કે નહિ? હવે કોને પૂછવું? એય..! માર્ગ તો આ જ છે, પણ આ લોકો ના પાડે છે તો પ્રભુ શું કહો છો તમે? એય..! ઉપાદાન?

**શ્રોતા :—** ઉપાદાન સર્વજ્ઞ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જાણી છે કે ઉપાદાનની પર્યાય આ છે. એ સમયની ઉપાદાનની એક જ પર્યાય છે તે જાણી છે ભગવાને. તો ઓલામાં એમ આવ્યું છે. માટીમાં ઘડો થવાની,

કુંડું થવાની, કુંડુ થવાની ઘણી શક્તિ છે, પણ નિમિત્ત કુંભારની ઈચ્છા હોય એ પ્રમાણે કરે. આહા..હા..! શું થાય? એ ઘડા વખતે માટીમાંથી ઘડો થવાની એક જ લાયકાત છે. એ નિમિત્તને લઈને નહિ, પોતાની લાયકાતને લઈને છે. અરે! પણ આ કોણ જોવા જાય, સાંભળવા જાય, નક્કી કરવા જાય? જય નારાયણ માથે કહેતો હોય જય નારાયણ થઈ રહ્યું લ્યો. આહા..હા..! ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, સર્વજ્ઞનો કહેલો છે અને તે પણ વસ્તુનો સ્વભાવ આવો છે. ભગવાને વર્ણવ્યું છે એ કાંઈ ઘરનું વર્ણવ્યું છે? આહા..હા..!

દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયે તે થાય તે તેનું સત્‌ છે, એમ જ્ઞાન જાણે, ગુણને ગુણ જાણે, દ્રવ્યને દ્રવ્ય જાણે. એ જાણીને પ્રતીત કરે ત્યારે એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! કારણ કે પ્રતીત કરનાર પર્યાય છે અને પ્રતીતનો વિષય છે એ તો દ્રવ્ય ત્રિકાળી છે. એટલે દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે આવી ગયા ભેગા, પણ આ રીતે આવ્યા. સમજાણું કાંઈ? જોયું! કેટલું સરસ નાખ્યું. એ ચોથે ગુણસ્થાને અવિરતી તે સંબંધી અવિરતિનો નાશ. એ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને, પણ તે મિથ્યાત્વ અને તે સંબંધીનો જે અવિરતિભાવ તેનો નાશ. આહા..હા..! **'અને યોગભાવનો પણ ક્ષય થઈ ગયો છે...'** જોયું! ક્ષય થઈ ગયો છે. આહા..હા..! ચોથે ગુણસ્થાને પણ તે પ્રકારના યોગના અંશનો ક્ષય થયો છે. આહા..હા..! નહિતર એ યોગગુણની શક્તિની વ્યક્તતા અંશે પ્રગટ થઈ છે એ વાત સાબિત થતી નથી. સમજાણું કાંઈ?

શ્રીમદ્દે એમ કહ્યું કે અનંત ગુણની પ્રાપ્તિ પર્યાયમાં. 'સર્વગુણાંશ તે સમકિત.' એટલું કહ્યું. સર્વ ગુણાંશ. જેટલા ગુણો છે તેનો અંશ એટલે પર્યાયમાં જેટલા ગુણો છે તેનો અંશ પ્રગટ. એનું નામ સમ્યગ્દર્શન. ભાઈએ એમ કહ્યું ટોડરમલે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં, ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ સર્વ એક અંશ પ્રગટ થયા છે. કેવળજ્ઞાનમાં જ્ઞાનાદિ પૂર્ણ બધા ગુણ પ્રગટ થયા છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. આહા..હા..! તો પછી જ્યારે યોગ નામનો પણ એક ગુણ છે, કંપન્ન તો એનો વિકાર છે. સમજાણું કાંઈ? યોગ એટલે અજોગપણું અથવા યોગ એવો ગુણ છે. એની વિકૃત અવસ્થા તે આ કંપન્ન છે.

પણ અહીં તો કહે છે કે ક્ષાયિક સમકિત થયું તો તે સંબંધીના યોગનો પણ તેટલો તે નાશ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગના શાસનો, એનો એક શબ્દ પણ યથાર્થ સમજવો ઝીણી વાત છે. એક ભાવ બરાબર સમજે તો બધા ભાવ બરાબર સમજે. સમજાણું કાંઈ? એક ભાવ પણ યથાર્થ જેમ છે તેમ જાણે, તો બધા યથાર્થ ભાવ એના ખ્યાલમાં આવી જાય. **'एगं जाणे सव्वं जाणेहि'** આત્મા એક જણાય તો સર્વ જણાય, એ બીજી વાત. પણ અહીં તો એક ભાવ જાણે એમ છે, જયસેનાચાર્યની ટીકા સમયસારમાં. એક ભાવ જાણે તો સર્વભાવ જાણવામાં આવે. આહા..હા..! એકેય ભાવ એણે યથાર્થ જાણ્યો નથી એટલે અનંતા ભાવો યથાર્થ જાણ્યા જ નથી એણે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી તેને તે પ્રકારનો બંધ થતો નથી;...**' તે પ્રકારનો નામ? ક્ષાયિકસમકિત અને મિથ્યાત્વ અનંતાનુબંધીનો અને તે સંબંધીનો અવિરતી અને તે સંબંધીનો યોગ, એનો નાશ થયો માટે એનાથી એટલો બંધ થતો નથી. આહા..હા..! એક વાત લીધી ક્ષાયિકસમકિતમાંથી. '**ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાયો માત્ર ઉપશમમાં–સત્તામાં જ હોવાથી સત્તામાં...**' પડ્યા છે. ક્ષાયિકવાળાને સત્તા ઊડી ગઈ છે. આહા..હા..!

'**દ્રવ્ય ઉદયમાં આવ્યા વિના...**' તે સત્તામાં દ્રવ્ય હોવાથી. સત્તામાં રહેલું દ્રવ્ય. કર્મ ઉદય. '**ઉદયમાં આવ્યા વિના તે પ્રકારના બંધનું કારણ થતું નથી;...**' એને ઉદય થાતો નથી ત્યાં એને. ઉપશમસમકિતનો ઉદય નથી. મિથ્યાત્વ અને અનંતાનુબંધી છે જ નહિ. આહા..હા..! '**અને ક્ષયોપશમિકસમ્યગ્દૃષ્ટિને...**' હવે ત્રીજું. '**પણ સમ્યક્ત્વમોહનીય સિવાયની છ પ્રકૃતિઓ વિપાક–ઉદયમાં આવતી નથી...**' આહા..હા..! એ સમકિતમોહનીયનો ઉદય જરી છે, ક્ષયોપશમ સમકિતમાં. '**તેથી તે પ્રકારનો બંધ થતો નથી.)**' આહા..હા..! સમકિત સિવાય છ પ્રકૃતિ ઉદયમાં આવતી નથી. મિથ્યાત્વ, અનંતાનુબંધી, ક્રોધ–માન–માયા અને મિશ્ર એ છ. કઈ છ? મિથ્યાત્વ, મિશ્ર પ્રકૃતિ અને અનંતાનુબંધીના ચાર—એ છ પ્રકૃતિનો એને ઉદય જ નથી ક્ષયોપશમવાળાને, એક સમકિતનો ઉદય છે જરી. એ પણ ઉદય છે, પણ એનો કોઈ બંધ નથી. આહા..હા..!

'**અવિરતિસમ્યગ્દૃષ્ટિ વગેરેને જે ચારિત્રમોહનો ઉદય વર્તે છે...**' ત્રીજો પેરેગ્રાફ. કેટલી અપેક્ષાઓ! એ અપેક્ષાઓનો અર્થ જ્ઞાનની વિશાળતા છે. જ્ઞાન બધું જાણી જાય છે. કઈ કઈ અપેક્ષાઓ બધું જ્ઞાનમાં તાકાત છે. એને જ્યાં વિઘ્ન થતું નથી કે આટલી અપેક્ષા! આથી આમ... આથી આમ.. આ શું કહે છે? વળી સમકિતીને '**ચારિત્રમોહનો ઉદય વર્તે છે તેમાં જે પ્રકારે જીવ જોડાય છે...**' શું કીધું એ? જડકર્મનો, ચારિત્રમોહનો ઉદય વર્તે છે એને સમકિતીને. જડનો ઉદય. એટલી વાત. '**તેમાં જે પ્રકારે જીવ જોડાય છે...**' એ ઉદયને લઈને થાય છે એમ નહિ. જે પ્રકારે તેનો જોડાણનો સમય છે તે પ્રકારે જોડાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** એટલું બાકી રહી ગયું હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બાકી રહી પણ એ ઉદયમાં એમ નહિ, એ તો સત્તામાં પડી છે. ઉદય આવ્યો માટે વિકાર થયો એમ નહિ. એમાં જેટલું પોતાની યોગ્યતાથી થવાની પર્યાય છે તેટલો જોડાય છે. ઉદય ઘણો હોય અને જોડાય થોડો તો બંધ એટલો થતો નથી એને. આહા..હા..! કર્મનો ઉદય આવે એટલે વિકાર એના પ્રમાણમાં જ કરવો પડે એમ નથી. આહા..હા..! તે સમયની પર્યાય જે થવાની છે તે તેને નિમિત્તની અપેક્ષા વિના તેને થાય છે. આહા..હા..! તેટલું તેને બંધનું કારણ થાય, પણ એ અહીં ગણવું નથી. છે?

'**તે પ્રકારે તેને નવો બંધ થાય છે;...**' અહીં ના પાડી. અહીં થાય છે એ તો ચારિત્રમોહની

અપેક્ષાએ. **'તેથી ગુણસ્થાનોના વર્ણનમાં અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનોએ અમુક અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે.'** શાસ્ત્રમાં. ચોથે ગુણસ્થાને ૪૧ પ્રકૃતિ સિવાય બીજી પ્રકૃતિનો બંધ છે. આહા..હા..! ૧૪૮ પ્રકૃતિ છે. એમાં ૪૧ પ્રકૃતિનો નાશ છે. બીજી પ્રકૃતિ છે ૧૦૭. આહા..હા..! ૧૪૮ છેને? આઠ કર્મ. એમાં ૪૧ને નહિ. આહા..હા..! **'અમુક અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે. પરંતુ આ બંધ અલ્પ હોવાથી...'** સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના ઉદયકાળમાં પોતાની જેટલી યોગ્યતા છે તેટલો એને વિકાર થાય છે અને તેનો બંધ પણ થોડો થાય. **'પરંતુ આ બંધ અલ્પ હોવાથી તેને સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી.'** સામાન્ય સંસાર એટલે મૂળ સંસાર જે છે એમાં એને ગણવામાં આવ્યો નથી.

**'સમ્યગ્દૃષ્ટિ ચારિત્રમોહના ઉદયમાં સ્વામિત્વભાવે તો જોડાતો જ નથી,...'** એક વાત. એ રાગનો સ્વામી થઈને તો જોડાતો પણ નથી. આહા..હા..! કર્તાબુદ્ધિથી કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઉદય પ્રમાણે થતું નથી, કર્તાબુદ્ધિથી કરતો નથી અને થાય છે એનો સ્વામી થતો નથી. આહા..હા..! શું કીધું સમજાણું? સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી અને મિથ્યાત્વ તો ક્ષય થઈ ગયા છે. એટલો એનો ભાવ નથી અને એટલું એને જોડાણ પણ નથી પર સાથે. આ ફક્ત ચારિત્રમોહનો ઉદય જે છે એ કાળમાં પણ પોતાની જેટલી યોગ્યતા છે તે પ્રકારે તેમાં જોડાય છે, એ નિમિત્તને લઈને નહિ. એક વાત. અને જોડાવા છતાં તે ભાવનો સ્વામી નથી. બે વાત. જોડાવા છતાં તે ભાવનો એ કર્તા નથી. આહા..હા..! આવી વાત! આહા..હા..! એ તો રાગ છે તેને જાણે છે. તે કાળે જાણેલો રાગ પ્રયોજનવાન છે. ૧૨મી ગાથા. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવું વાણિયાને નવરાશ ક્યાં? ધંધા આડે નવરા થઈને કલાક સાંભળવા જાય એમાં આવું સાંભળવા મળે એમાં પકડાય નહિ. આહા..હા..! માટે તૈયારી કરવી જોઈએ એણે. સમજવાની તૈયારી કરવી. એમ નહિ લ્યો એમ ને એમ આવી જશે. નિશ્ચયની વાતું આવે ત્યારે સાંભળે, પણ એમાં નિશ્ચય થાય ક્યારે? સમજાણું કાંઈ? એને વાસ્તવિક દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન જેવું એનું સ્વરૂપ છે, તે રીતે થાય તો તેને દ્રવ્યદૃષ્ટિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

નિશ્ચયમાં તો જેમ રાગનું પરિણમન ષટ્કારકથી સ્વતંત્ર છે એ વાત થઈ ગઈ તે દિ'. પંચાસ્તિકાયસંગ્રહની ૬૨ ગાથા. તે દિ' ૨૦ વર્ષ પહેલાં. ઈસરીમાં-મધુવનમાં, કે રાગ જે થાય છે કે દ્વેષ થાય છે વિષયની વાસના એ વાસના ષટ્કારકના પરિણમનથી પોતાથી થાય છે. એ વખતે બહુ આકરું લાગ્યું લોકોને. નહિ, એમ ન હોય. એ તો અભિન્નની વાત. પણ અભિન્નનો અર્થ શું? પરની અપેક્ષા નથી અને પોતાથી કરે એનું નામ અભિન્ન છે. અભિન્ન શબ્દ પડ્યો છે ને ૬૨ ગાથામાં. આહા..હા..! એ વિકાર જો પોતાથી થાય તો એનો સ્વભાવ થઈ જશે, એમ એ કહેતા. પણ ભૂલ્યા.

એ કાગળ આવ્યો હતો ત્યાં કલકત્તા શાહુજી ઉપર. શાહુજીને કાંઈ નિર્ણયની કાંઈ મોટપમાં

જરી બિચારા પડે છે ખરા એટલું. આ ફેરી જરા આ વિરૂદ્ધને સામે પડ્યા એટલું જરી. આ શાસ્ત્રોને આ કરે છે એ ખોટું છે, અશોભનીય છે. એ ગળગળા થઈને બોલ્યા હતા. પાછું ઓલું વળી ધર્મસાગરે કહ્યું કે જે શાસ્ત્ર સર્વજ્ઞના છે એની અવહેલના ન કરવી, પણ જેણે શાસ્ત્રમાં પોતાના ઘરનું નાખ્યું છે એ જોડી નાખ્યું. ધર્મસાગર અને શ્રુતસાગર છેને ત્યાં. આ શાહુજી રહ્યા છે. શાહુજીને સાધુ ઉપર પ્રેમ છે. ત્યાગી ઉપર પ્રેમ છે. ત્યાગીઓનો આદર કરવો એમ કહે છેને. હવે એણે આમ કહ્યું. એનો અર્થ એ છે કે સોનગઢવાળાએ શાસ્ત્રના અર્થમાં ઘરનું કાંઈક નાખ્યું છે. હવે કૈલાસચંદજી એમ કહે છે કે જેટલું સાહિત્ય છે સોનગઢનું એ બધું કુંદકુંદાચાર્યનું જ સાહિત્ય છે અને તે જૈનસાહિત્ય છે. એમ લખ્યું છે.

**શ્રોતા :—** મૂળમાં કાંઈ બદલ્યું નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કાંઈ બદલાણું નથી. એ તો એનું સ્પષ્ટીકરણ કર્યું છે. આહા..હા..!

અરે..! ભાઈ! ઘરની વાત શું તું કહે છે આ? વાત એટલે એમ કે પોતાને ન ગોઠેને. કર્મથી થાય એવું કે કાળલબ્ધિથી આવે એનો અર્થ કર્યો હોય એ એને ન ગોઠે. આહા..હા..! અને જે પ્રકારે જે થવાનું એ થશે તો નિયત થઈ જશે, પણ નિયત નથી, એ નિયતમાં પુરુષાર્થ છે. આહા..હા..! વસ્તુ તો એમ જ છે. જે દ્રવ્યની જે સમયે જે અવસરે પર્યાય થવાની તે જ થવાની, પણ એનો સ્વીકાર કરનાર પર્યાયનો સ્વામી દ્રવ્ય છે એક ન્યાયે, એ દ્રવ્યની એને દૃષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાની રાગનો સ્વામી નથી, પણ નિર્મળ પર્યાયનો સ્વામી છે. છેને? સ્વસ્વામીસંબંધ, ૪૭ શક્તિ. સ્વસ્વામીસંબંધ શક્તિ. એવો સ્વસ્વામી સંબંધ નામનો એક ગુણ છે કે પોતાનું દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય નિર્મળ એનું સ્વ છે એનો એ સ્વામી છે. રાગનો નહિ.

શક્તિના વર્ણનમાં તો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે નિર્મળ લીધા છે, મલિન લીધા જ નથી. ક્રમ-અક્રમ નિર્મળ પરિણતિનો ક્રમ અને અક્રમમાં દ્રવ્ય અને ગુણ એમ લીધા છે ત્યાં. શક્તિનું વર્ણન છેને? શક્તિ એટલે ગુણ, ગુણનો ધરનાર ગુણી. એનું પરિણમન શક્તિનું નિર્મળ જ હોય. આહા..હા..! હવે આવું બધું ક્યાં યાદ રાખવું અને મેળવવું? બધું કરવું પડશે, બાપુ! આહા..હા..! એને સત્યનો સત્યને સત્ય છે, જે રીતે સત્ય છે એ રીતે એને જાણીને પ્રતીત કરવી પડશે. આહા..હા..! ભાઈ! જેમાં જન્મ-મરણના અંત છે, એ દુનિયાની સિફારીશ ત્યાં કામ કરશે નહિ કે મને ઘણા માનતા હતા માટે સાચું, એમ નહિ કામ કરે. આહા..હા..! સત્ય કઈ રીતે છે એ રીતે તે માન્યું હોય તો તને સત્ય જવાબ આપશે. દુનિયા માનશે લાખો-કરોડો માટે સત્ય છે (એમ નથી). સત્યને સંખ્યાની જરૂર નથી. સત્યને સત્‌સ્વભાવના ભાનની જરૂર છે. આહા..હા..! છે?

**'સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી. સમ્યગ્દૃષ્ટિ ચારિત્રમોહના ઉદયમાં સ્વામિત્વભાવે તો જોડાતો જ નથી,...'** આહા..હા..! **'માત્ર**

**અસ્થિરતારૂપે જોડાય છે;...'** ભાષા જુઓ! અસ્થિરતા છે, કમજોરી. તે સમયનો તે પર્યાયનો થવાની અસ્થિરતા છે. આહા..હા..! **'અને અસ્થિરતારૂપ જોડાણ તે નિશ્ચયદષ્ટિમાં જોડાણ જ નથી.'** અસ્થિરતાની અહીંયાં ગણતરી લીધી જ નથી. અહીંયાં તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ-મોહની વાત છે. આહા..હા..! **'અસ્થિરતારૂપ જોડાણ તે નિશ્ચયદષ્ટિમાં જોડાણ જ નથી.'** એ તો પર્યાયની વાત થઈ. **'માટે સમ્યગ્દષ્ટિને રાગદ્વેષમોહનો અભાવ કહેવામાં આવ્યો છે.'** મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધી મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો અભાવ કહેવામાં આવ્યો છે. આહા..હા..! આવા શાસ્ત્રો પડ્યા છે ચોખ્ખાં. આહા..હા..!

**'જ્યાં સુધી કર્મનું સ્વામીપણું રાખીને...'** ભાષા જુઓ હવે. **'કર્મના ઉદયમાં જીવ પરિણમે છે...'** આહા..હા..! રાગનો સ્વામી થઈને કર્મમાં જોડાય છે. આહા..હા..! **'ત્યાં સુધી જીવ કર્મનો કર્તા છે;...'** એ રાગનો કર્તા છે. દયા, દાન, વ્રતાદિના પરિણામ તો તે કાળે તેને આવશે જ, પણ તે જ્ઞાની તેને સ્વામીપણે માનતો નથી, અજ્ઞાની સ્વામીપણે તેનો કર્તા થાય છે. આહા..હા..! હવે આ ચરણાનુયોગનું જે આચરણ છે વ્યવહારનું, એમાં કર્તા થઈને પરિણમે એ તો અજ્ઞાન છે એમ કહે છે. સ્વામીપણે પરિણમે, ચરણાનુયોગનો વ્યવહાર છે એ હોં. અજ્ઞાનભાવ છે એ તો. આહા..હા..!

એ બહારમાં વ્યક્તિઓને માટેનો અનાદર કરીને ન બોલવું. વસ્તુનું સ્વરૂપ પોતે સમજવા માટે વાત છે. આ મુનિઓ આમ નથી પાળતા એ વાત લેવાની જરૂર નથી. અહીંયાં તો આત્માને માટે આ માર્ગ છે એ સમજવા માટે વાત છે. સમજાણું કાંઈ?

**'ઉદયનો જ્ઞાતાદષ્ટા થઈને...'** જોયું! જે કાંઈ રાગાદિ થાય એને **'જ્ઞાતાદષ્ટા થઈને પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે...'** નિમિત્તથી એટલે? એ નિમિત્ત છે તેને લક્ષે અસ્થિરતારૂપે પરિણમે છે એમ. નિમિત્તથી પરિણમે છે એમ નહિ, આધિન થયો છે. આહા..હા..! ૪૭ શક્તિમાં છે એ ઈશ્વરશક્તિ, અનિશ્વરશક્તિ. નિમિત્તને આધિન પોતે થાય છે. નિમિત્તને આધિન કરે તો એની શક્તિ પોતાની પર્યાયની છે. આહા..હા..! નિમિત્તને આધિન થાય છે, પોતે પોતાની શક્તિથી. નિમિત્ત આધિન કરાવતું નથી. આહા..હા..! આમાં ફેર કેટલો! ભાષા આ રહી જુઓ!

**'પરના નિમિત્તથી માત્ર...'** જુઓ કહે છે **'પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે...'** ત્યાં તો એમ કહેવું છે કે અસ્થિરતાના પરિણમનનો કર્તા નથી, સ્વામી નથી. માટે નિમિત્તને લક્ષે જે પરિણમે છે અસ્થિરતા, એનો એ ધણી-કર્તા નથી. આહા..હા..! છે? પણ **'ત્યારે કર્તા નથી, જ્ઞાતા જ છે. આ અપેક્ષાએ, સમ્યગ્દષ્ટિ થયા પછી...'** **'આ અપેક્ષાએ, સમ્યગ્દષ્ટિ થયા પછી ચારિત્રમોહના ઉદયરૂપ...'** અસ્થિરતા છેને રાગાદિ? **'પરિણમવા છતાં તેને જ્ઞાની અને અબંધક કહેવામાં આવ્યો છે.'** આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે અને તેમાં જોડાઈને જીવ રાગદ્વેષમોહભાવે પરિણમે છે...**' બસ આ. ઉદય છે ભલે હો ત્યાં, પણ પોતે જોડાય છે પોતાના પુરુષાર્થની ઉંધાઈથી. '**ત્યાં સુધી રાગદ્વેષમોહભાવે પરિણમે છે ત્યાં સુધી જ તેને અજ્ઞાની અને બંધક કહેવામાં આવે છે.**' લ્યો! દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય છે એ બધું નિર્મળ છે. એ અપેક્ષાએ એને નિર્મળદૃષ્ટિ થઈ એને એ પ્રકારના મિથ્યાત્વના રાગ-દ્વેષ નથી અને તે પ્રકારનું બંધન નથી. માટે તેને અબંધ કહેવામાં આવે છે. આ અપેક્ષાએ. આહા..હા..! આમ કહે કે દસમા ગુણસ્થાન સુધી જે રાગ થાય છે એ પોતાનો અપરાધ છે. એ પોતે કરે છે. તીર્થંકરગોત્ર બાંધે છે એ ભાવ શુભ છે એ પોતાનો અપરાધ છે. કર્મને લઈને એ શુભભાવ થયો છે એમ નહિ. આ સાચું એક. રાગ અપરાધ છે અને રાગ પોતાથી થયો છે. સ્વામિપણા વિના થયો છે. આહા..હા..! અને કર્તા વિનાનો થયો છે. આહા..હા..! લોકોને આકરું લાગે. એ પ્રથા જ ઊડી ગઈ છે આખી. શું થાય?

'**જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધ-અબંધનો આ વિશેષ જાણવો.**' જોયું! આ ખાસ આ ઠેકાણે જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધક-અબંધકનો આ પ્રકારે વિશેષ જાણવો. '**વળી શુદ્ધસ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા...**' સમકિતી પછી શુદ્ધસ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા '**કેવળજ્ઞાન પ્રગટવાથી જ્યારે...**' એમ કહે છે. એ પાછો સમકિતી છે અને વ્રત પાળશે અને તપસ્યા બહારની કરશે માટે કેવળજ્ઞાન પામશે એમ નહિ. '**શુદ્ધસ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા...**' આહા..હા..! જે શુદ્ધસ્વરૂપ અનુભવમાં આવ્યું છે, એમાં લીનતા કરવાનો અભ્યાસ કરશે. આહા..હા..! આવી વાત છે. બે ઉપાય નથી, એક જ ઉપાય છે. વ્યવહારવ્રત ને એ પણ એક ઉપાય છે, એમ નથી. એ તો આરોપિત એક કથન કર્યું છે. આહા..હા..!

'**જ્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણજ્ઞાની થાય છે...**' શું કીધું એ? પહેલાં કહ્યુંને ત્યાં કે જ્ઞાની અબંધક કહેવામાં આવ્યો છે, જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે તેમાં જોડાઈને, ત્યાં સુધી તેને અજ્ઞાની અને બંધક કહેવામાં આવ્યો છે. હવે એને સર્વથા અબંધક સર્વથા સર્વરહિત ક્યારે થાય? એ '**સ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા કેવળજ્ઞાન પ્રગટવાથી જ્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણજ્ઞાની...**' જોયું! ઓલામાં જ્ઞાની હતો. અહીંયાં '**સંપૂર્ણજ્ઞાની થાય છે ત્યારે તો તે સર્વથા નિરાસ્રવ થઈ જાય છે...**' ઓલો આસ્રવરહિત સાધારણ કીધો હતો. આ સાક્ષાત્ નિરાસ્રવ થઈ જાય છે. અને '**એમ પહેલાં કહેવાઈ ગયું છે.**' લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ? આ પેરેગ્રાફ જયચંદ્ર પંડિતનો પણ સમજવો કઠણ પડે. એણે ખુલાસો કર્યો છે, સ્પષ્ટીકરણ કર્યું છે. ભાઈ આ ગાથામાં એમ કહ્યું છે કે જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહ હોય જ નહિ તો એ કઈ અપેક્ષાથી કહ્યું છે; કે દૃષ્ટિ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ-મોહ જે અનંતાનુબંધી એની અપેક્ષાએ કહ્યું છે. અને છતાં એ જ્ઞાની છે, રાગ થાય છે એનો સ્વામી નથી, રાગનો કર્તાનો કામી નથી. આહા..હા..! આવી વાત છે.

અને જ્યારે એ પોતાના સ્વરૂપમાં લીન થઈને કેવળજ્ઞાન પ્રગટ કરશે ત્યારે સાક્ષાત્ જ્ઞાની થશે. જોયું! ત્યારે સાક્ષાત્ કીધુંને? સંપૂર્ણજ્ઞાની થાય છે. આહા..હા..! ઓલામાં જ્ઞાની એકલું હતું. અહીંયાં સંપૂર્ણજ્ઞાની થાય છે. **'ત્યારે તો તે સર્વથા નિરાસ્રવ...'** સર્વથા નિરાસ્રવ. ઓલાને તો મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ સંબંધીનો નિરાસ્રવ અને અહીંયાં સર્વથા નિરાસ્રવ થશે. આહા..હા..! આ તો ઘરે વાંચીને, વિચારીને, બેસાડવું જોઈએ. એકલું એકદમ સાંભળીને અદ્ધરથી ... જય નારાયણ ચોપડા પડ્યા રહે એકકોર. ઘરના ચોપડા વાંચે. આહા..હા..!

**શ્રોતા :—** જે આવડે એ વંચાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ પણ વંચાય તો આવડે. એમાં પોતાને આવડતનો સ્વભાવ જ્ઞાન એનો સ્વભાવ છે. એનો સ્વભાવ છે અને જ્ઞાન ન થાય એમ હોય? આહા..હા..!

**'ત્યાં તો તે સર્વથા નિરાસ્રવ થઈ જાય છે એમ પહેલાં કહેવાઈ ગયું છે.'** આહા..હા..! લ્યો અધિકાર પૂરો થયો. વખત પૂરો થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૨, મંગળવાર, તા. ૨૩-૧૧-૧૯૭૬, ગાથા-૧૭૭-૧૭૮, કળશ-૧૧૮-૧૧૯, પ્રવચન નં. ૨૪૦

સમયસાર, આસ્રવ અધિકાર, એમાં ૧૧૮ કળશ.

(मालिनी)

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा-
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।११८।।

**'શ્લોકાર્થ :' 'यद्यपि' 'પોતપોતાના સમયને અનુસરતા (અર્થાત્ પોતપોતાના સમયે ઉદયમાં આવતા)...'** પૂર્વબદ્ધ કર્મ છેને? સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ કોને કહીએ? કે જેને મિથ્યાત્વ અને અનંતાનુબંધી રાગ-દ્વેષનો નાશ કર્યો છે. એ અત્યારે ચાલે છે. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ગુપ્ત સ્વભાવ જે છે. પર્યાયમાં ગુપ્ત સ્વભાવ આવતો નથી. ગુપ્તસ્વભાવ જે ધ્રુવ છે. ઓલા છ બોલ લીધા છેને ભાઈ! છે કર્તા. શ્રીમદ્દે નહિ? અસ્તિ કર્તા. એમાં આમાં એમ લીધું. અસ્તિ એટલે કે ધ્રુવ ત્રિકાળ સ્વરૂપ છે એ અસ્તિ. પછી કર્તા અજ્ઞાનપણે પુણ્યનો કર્તા,

નિત્ય તો ત્રિકાળ છે. ભોક્તા પણ અજ્ઞાનપણે પુણ્ય-પાપનો ભોક્તા છે. પણ નિર્વાણની વ્યાખ્યા એવી કરી છે અસ્તિત્વ ધ્રુવ. એ ધ્રુવ અસત્ત્વ છે એવું પ્રગટ. પણ અસ્તિત્વ ધ્રુવ છે એટલું લીધું છે ચિદ્‌વિલાસમાં.

ધ્રુવ ચૈતન્ય ભગવાન નિત્યાનંદ અનાદિઅનંત એવી ચીજ ધ્રુવપણે રહેવી એનું નામ મોક્ષ. અહીંયાં એવી ચીજ પોતાની જે છે, ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ, એક સમયની પર્યાયથી ભિન્ન ગુપ્ત સ્વરૂપ શક્તિરૂપ ગુપ્તસ્વરૂપ. આહા..હા..! એક સમયમાં રાગ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પથી તો ભિન્ન, પણ એક સમયની પર્યાય જે વ્યક્ત પ્રગટ છે એનાથી પણ ભિન્ન ગુપ્તસ્વરૂપ ભગવાન છે. જાણક-દેખન સ્વભાવ. એ પર્યાયમાં આવ્યો નથી અને દ્રવ્યમાં પર્યાયની અપેક્ષાએ ગુપ્ત છે. આહા..હા..! એવું સમ્યગ્દર્શન, જ્ઞાનદર્શનસ્વભાવ ધ્રુવ. આહા..હા..! એને અનુભવમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન છે. શાંતિભાઈ! આવો માર્ગ છે. અત્યારે તો આ. સમ્યગ્દર્શન અર્થાત્ જેવું એનો પૂર્ણ સ્વભાવ છે. સામાન્ય ધ્રુવસ્વભાવ જેનો કાયમી સ્વભાવ છે. એ શક્તિરૂપ છે, સામર્થ્યરૂપ છે, સ્વભાવરૂપ છે. અનાદિ-અનંત નિત્યરૂપ છે. આહા..હા..! એવા સ્વભાવને અનુસરીને અનુભૂતિ થવી-અનુભવ થવો, એમાં રુચિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમ્યક્ શું કહે છે એની ખબર નથી. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન વિના જેટલાં વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા બધું કરે એ બધું વૃથા પુણ્ય છે, મિથ્યાત્વસહિત પુણ્ય બંધાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો અહીંયાં સમ્યગ્દર્શન થવાથી જે મિથ્યાત્વ મહાપાપ છે એ તો નાશ થયું અને એની સાથે અનંતાનુબંધી અનંત સંસારનો, અનંત જે મિથ્યાત્વ છે એના અનુબંધ સંબંધવાળા એવા જે રાગદ્વેષ છે એનો પણ નાશ થયો. ધન્નાલાલજી! આહા..હા..! આવી ચીજ છે, ભાઈ! ચિદાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણ પરમાત્મસ્વરૂપ જ પોતે ધ્રુવ છે. આહા..હા..! કદી પર્યાયને છોડીને ધ્રુવનું આલંબન લીધું જ નથી અને ધ્રુવનું અવલંબન લીધા વિના પરનું અવલંબન છૂટતું નથી. આહા..હા..! એવી ચીજની સ્વસ્વરૂપ જે ત્રિકાળ એના અવલંબનથી, એના આધારથી, એ પણ વ્યવહાર છે, પણ એના લક્ષે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. એ નિશ્ચયમાં તો સમ્યગ્દર્શનનો આધાર સમ્યગ્દર્શન છે. ષટ્કારક છે ને? આહા..હા..! પણ એનું લક્ષ ધ્રુવ ચિદાનંદ ગુપ્તસ્વભાવ જે જાણન-દેખનસ્વભાવરૂપ ધ્રુવ છે એ અશુદ્ધ થયું નથી અને એ અલ્પજ્ઞ રહેતું નથી. સર્વજ્ઞસ્વભાવ અંદરમાં છે. આહા..હા..!

એની અંતરમાં અનુભૂતી થઈને ભગવાન પૂર્ણાનંદના નાથને અનુસરીને અનુભૂતિ, અનુસરીને ભૂતિ થાય. જે રાગને અનુસરીને અનાદિથી વિકાર થાય છે, આ સ્વભાવને અનુસરીને જે આનંદની પર્યાય થાય છે. આહા..હા..! એની રુચિ, એનું નામ સમ્યગ્દર્શન છે. તો સમ્યગ્દર્શનમાં કહે છે કે સમ્યગ્દષ્ટિને **'પોતપોતાના સમયે અનુસરતા...'** પૂર્વનું કર્મ જડ છે. સત્તામાં પડ્યું છે. એ સમય-સમયે ઉદયમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..! સમયે-સમયે ઉદયમાં આવે

છે જડ સત્તામાં. આહા..હા..! **'पूर्वबद्धाः' 'પૂર્વબદ્ધ (પૂર્વે અજ્ઞાનાવસ્થામાં બંધાયેલા)...'** **'द्रव्यरूपाः प्रत्ययाः' 'દ્રવ્યરૂપ પ્રત્યયો...'** આસ્રવ જડ. **'પોતાની સત્તા છોડતા નથી...'** સમ્યગ્દર્શન થયું અને એ સંબંધી રાગ-દ્વેષ પણ નાશ થયો, પણ આઠ કર્મ જે પડ્યા છે એ પોતાની સત્તા છોડતા નથી, પોતાના અસ્તિત્વને છોડતા નથી. સમજાણું કાંઈ? એ સત્તામાં રહે છે **'તોપણ...' 'સમયે ઉદયમાં આવતા...'** એ પહેલા શબ્દ લઈ લીધો. સમજાણું કાંઈ? જડ કર્મનું અસ્તિત્વ તો સમ્યગ્દૃષ્ટિને પણ છે. પ્રદેશમાં, આત્મપ્રદેશમાં આઠ કર્મ. આહા..હા..! તેમાંથી મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ થઈ ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે. ઝીણી વાત છે, ભગવાન! આ તો અપૂર્વ વાત છે. અત્યારે તો આ બધી ક્રિયા કરો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ-પૂજા કરો એવું ચાલે છે. અહીં તો એમ કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન અનાકુળ આનંદનો પિંડ એ છે. એ સ્વભાવ પર્યાયથી ભિન્ન ગુપ્ત છે. પર્યાયમાં દ્રવ્ય સ્વભાવ આવતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવો જે દ્રવ્યસ્વભાવ ભગવાન આત્માનો અનાકુળ આનંદનો રસકંદ જ આત્મા છે. એની સન્મુખ થઈને સંયોગી ચીજના નિમિત્તથી, રાગથી અને એક સમયની પર્યાય જે છે અવસ્થા, એનાથી વિમુખ થઈને. આહા..હા..! અને ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય અસ્તિત્વ ધ્રુવ છે, એની સન્મુખ થઈને અનુભૂતિ થવી, આનંદની પર્યાય પ્રગટ કરવી... આહા..હા..! અતીન્દ્રિય આનંદની અનુભૂતિ થવી, સ્વાદ આવવો. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એનું નામ સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! એનું નામ શરૂઆતનું પહેલા નંબરનું સમ્યક્ જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! એણે કદી સાવધાની કરી જ નથી. પરાવલંબી સાવધાનીમાં સ્વાવલંબી સાવધાની ચૂકી ગયો. આહા..હા..!

એ રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ પરાલંબીભાવ છે. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! તો પરાલંબીભાવનું.. અવલંબન કરતા આવડે છે, પણ એ પરનું અવલંબન કરે છે, પુણ્ય-પાપના ભાવનું અવલંબન કરે છે. એમાં તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? કેમકે આત્મા જ્ઞાયકભાવ ત્રિકાળ છે એ તો દૃષ્ટિમાં આવ્યો નહિ. દૃષ્ટિમાં તો ફક્ત પુણ્ય અને પાપના, શુભ-અશુભભાવ અને અલ્પજ્ઞ પર્યાય. એ દૃષ્ટિમાં આવ્યો. એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! બહુ ઝીણી વાતું, બાપુ!

ત્રિલોકનાથ જિનવરદેવ પરમેશ્વર એમ કહે છે કે જેને અંતરમાં આ આત્મા શુદ્ધચૈતન્યઘન આનંદકંદ વીર્યના પુરુષાર્થનો પિંડ.. આહા..હા..! એવી નિર્વિકલ્પ દૃષ્ટિ અંતરમાં થઈ, મનના અવલંબનથી પણ નહિ, સ્વરૂપના અવલંબને જે નિર્વિકલ્પ અનુભવદૃષ્ટિ, અનુભૂતિનો સ્વાદ આવ્યો એમાં જે રુચિ થઈ એનું નામ સમ્યગ્દર્શન. તો એ સમ્યગ્દૃષ્ટિને હવે નવા કર્મ બંધાતા નથી એ સિદ્ધ કરવું છે, એ સંબંધી. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જે ગયા એ સંબંધી બંધ થતો નથી, એ ભાવ થતો નથી તો એ સંબંધી બંધ પણ થતો નથી. આહા..હા..! આવી વાત છે.

ડોક્ટરને પણ રોગ આવે છે. રતિભાઈ! આ તમારો ડોક્ટર એને રોગ આવ્યો કહે છે.

**શ્રોતા :—** શરીરને રોગ આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શરીરને. પ્રવિણભાઈને રાત્રે એને એકદમ આવ્યો. માથે ગરમી ચડી ગઈ હતી. વંદન કરવા આવ્યો હશે. હવે મને ઠીક છે. જોખમ થઈ ગયું છે કહે. શરીર છે એમાં... આહા..હા..! બહુ સારું ત્યાં વાંચે છે. રુચિ બહુ સારી અને ટાઢો માણસ છે. પણ આ શરીર જડમાં શું થાય? ક્ષણભંગુર. એક ક્ષણમાં આમ નિરોગી દેખાય ત્યાં.. આહા..હા..! ભગવાન તો નિત્યાનંદ પ્રભુ છે. આહા..હા..! શરીર પલટવા છતાં આત્મા તો ત્રિકાળ નિત્ય છે. હવે એક સમયની પર્યાય પલટવા છતાં પણ વસ્તુ તો ત્રિકાળ નિત્ય છે. આહા..હા..! એનું જેને સમ્યગ્દર્શન અનુભવ થયો અને અનુભવમાં આનંદનો સ્વાદ આવ્યો, એની રુચિ થઈ એનું નામ સમ્યગ્દર્શન, એને કર્મ સત્તામાં પડ્યો છે અને સમયે-સમયે કર્મ ઉદયમાં પણ આવે છે. તો એને અનુસરીને રાગ-દ્વેષ-મોહ જે મિથ્યાત્વનો હતો એ તો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતાની સત્તા છોડતા નથી. તોપણ...'** **'सकलरागद्वेषमोहव्युदासात्'** અહીં રાગદ્વેષ સકળ એટલે બુદ્ધિપૂર્વકનો, રુચિપૂર્વકનો જો મિથ્યાત્વ અને રાગ એ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? એ જ મિથ્યાત્વ એ જ સંસાર છે. મિથ્યાત્વ પુણ્યના પરિણામ જે થાય છે વ્રત અને તપ આદિ, એનાથી ધર્મ થાય છે એ મિથ્યાત્વ એ જ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મલિન પરિણામ છે, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ મલિન પરિણામ છે, અશુચિ છે. એનાથી પવિત્રતા પ્રગટશે એવી માન્યતા એ મિથ્યાત્વની જડ છે. એ સંસારનું જડ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જડનો જેણે મૂળમાંથી નાશ કર્યો. પાંદડા રહી ગયા હજી. પત્ર કહે છેને? પત્તા રહી ગયા પણ મૂળ તૂટી ગયું. એમ રાગની એકતા તોડીને ભગવાન સચ્ચિદાનંદસ્વભાવની એકતા જામી ગઈ. આહા..હા..! એને પૂર્વનું કર્મ સત્તામાં પડ્યું છે અને ઉદયમાં પણ આવે છે તોપણ એને રાગ-દ્વેષ-મોહ થતો નથી. કહો, સમજાણું કાંઈ? ક્યા પ્રકારના? આ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના. એ અપેક્ષાએ. અસ્થિરતાના અહીંયાં ગણવામાં આવ્યા નથી. એ સાધારણ વાત છે. ચારિત્રદોષ છે એ તો બહુ જ સાધારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એનો ત્યાગ બહારનો કરે તો એને મહિમા લાગે છે. વ્રત પાળે, સ્ત્રીનો ત્યાગ કરે, શરીરથી બ્રહ્મચર્ય પાળે એ તો બધી બહારના ત્યાગની વાત છે, એ કોઈ ચીજ નથી. આહા..હા..! એમાં રાગ મંદ કરે તોપણ એ બાહ્યની ચીજ છે, અંતરની ચીજ નથી. આહા..હા..!

એ કહે છે કે **'કર્મબંધ કદાપિ અવતાર ધરતો નથીથતો નથી.'** આહા..હા..! જ્ઞાનીને. એ જ્ઞાની એને કહીએ. એમ નહિ કે જ્ઞાની કોઈ ઊંચી ચીજ છે અને ધર્મી કોઈ બીજી ચીજ છે. એમ કે અમે ભાઈ અમે જ્ઞાની તો નથી, પણ અમે ધર્મી છીએ. જૂઠી વાત છે બધી. જ્ઞાની કહો કે ધર્મી કહો. એક જ વાત છે. તો ધર્મી જ્ઞાની છે અને જ્ઞાની એ જ ધર્મી છે. આહા..હા..!

નિર્વિકલ્પ ભગવાન આત્માનો જેણે અનુભવ કર્યો એ ધર્મી છે, એ સમ્યગ્દૃષ્ટિ છે અને એ જ્ઞાની છે. જ્ઞાન વિશેષ ખુલ્યું ન હોય તોપણ એ જ્ઞાની છે અને સમ્યગ્દર્શન વિના અગિયાર અંગ ભણે તોપણ તે અજ્ઞાની છે. આહા..હા..! અરેરે..! એને ચીજ શું અંદર છે? જેનું માહાત્મ્ય કરવું જોઈએ એને છોડીને બીજું માહાત્મ્ય કરે છે. તો કહે છે કે જેનું માહાત્મ્ય કરવાનું હતું એ માહાત્મ્ય થઈ ગયું. આહા..હા..! અને અલ્પજ્ઞ પર્યાય રાગાદિનું માહાત્મ્ય છૂટી ગયું. એને સત્તામાં કર્મ હોય અને સમય-સમયમાં ઉદય પણ હોય, પણ જેનો રાગ-દ્વેષ-મોહ, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ગયા છે એને રાગ-દ્વેષભાવ થતાં નથી. એ કર્મના ઉદયને કાળે પણ જ્ઞાનીને મોહ અને રાગ-દ્વેષ થતાં નથી. શેઠ! આવી ચીજ છે. આહા..હા..! માંડ પકડવું આકરું.

ઓલું તો એમ કે વ્રત કરો, બ્રહ્મચર્ય પાળો, જાત્રા કરો. એ તો સાવ સહેલુંસટ હતું. એમાં શું કરવું હતું? રાગનો મંદભાવ હોય તો પુણ્યબંધ થાય. ભગવાન અબંધસ્વરૂપ એને બંધ થાય. આહા..હા..! અને એ અબંધસ્વરૂપને પકડતા જે પરિણતિ થઈ એ અબંધ પરિણામ થયા. અબંધ પરિણામ થયા. ગુજરાતી વચ્ચે આવી જાય. દિલ્હીથી આવ્યા છે. બહેનો આવી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્ઞાનીને કર્મબંધ કદાપિ અવતાર ધરતો નથી–**' અવતાર એટલે કર્મબંધન થતું નથી. સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો જે રાગ-દ્વેષ હતો એ ગયો છે. એનાથી જે બંધન થાય છે તેને અહીંયાં બંધન કહેવામાં આવે છે. પાછળ થોડો ચારિત્રદોષ છે. આહા..હા..! ભરત ઘરમાં વૈરાગી. આવે છે કે નહિ? છન્નું હજાર સ્ત્રી હતી, વિષયની વાસના પણ હતી, પણ એ તો ચારિત્રનો દોષ છે. એ દોષ તો બહુ અલ્પ છે. આહા..હા..! લોકોને બાહ્યત્યાગમાં મહિમા છે. એ નિર્દોષતા એને ભાસે છે. સમજાણું કાંઈ? એ નિર્દોષ ભાસે છે એને. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રાગ-દ્વેષ. એ નિર્દોષ એ આત્મા છે એવી મહિમા દેખાતી નથી. બહારનો ત્યાગ કરે હોય ભલે મિથ્યાદૃષ્ટિ. વ્રત ને તપ ને ભક્તિ, પૂજાને ધર્મ માને. પણ બાહ્યત્યાગ કરે તો લોકોને મહિમા લાગે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો જેણે અંતરમાંથી વિપરીત માન્યતા અને એને અનુસરીને થનારો રાગ-દ્વેષ, એનો જેને નાશ થયો અને પોતાનો અનુભવ આઠ વર્ષની બાળિકા હોય અને સમ્યગ્દર્શન અને જ્ઞાની હોય, પણ આ રીતે હોય હોં, આહા..હા..! તો એને એ પ્રકારનો રાગ-દ્વેષ અને મોહ ઉત્પન્ન થતો જ નથી. સમજાણું કાંઈ?

'**अवतरति न**' કર્મબંધન કદાપિ થતું નથી જ્ઞાનીને. ઓહો..હો..! અને લાખો વર્ષ સુધી વ્રત પાળે, તપસ્યા કરે, અપવાસ કરે, ભક્તિ કરે. કેમકે એમાં ધર્મ માને છે કે એ ધર્મ છે. આહા..હા..! હવે એ બાહ્યત્યાગની મહિમાવાળાને અંતરના મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ત્યાગની મહિમા આવતી નથી. સમજાણું કાંઈ? એમ કે સંયમ એ વસ્તુ છે અને સંયમપણું તો મનુષ્યપણામાં પણ આવે છે. ત્રણ ગતિમાં. પણ ક્યુ સંયમ? જેને આત્માનો અનુભવ થયો છે, સમ્યગ્દર્શન

છે. એને સ્વરૂપમાં રમણતા થાય છે એનું નામ સંયમ છે. આ વ્રત ને ભક્તિ ને વ્રત-તપ કરે એ સંયમ નથી. એ તો અસંયમ છે. દેવીલાલજી! બહુ વાત આકરી. ફેરફાર. આહા..હા..!

ભગવાન એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ આઠ વર્ષની બાળિકા હોય, પછી લગ્ન પણ કરે તોપણ એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ એને છે નહિ. આહા..હા..! અને લાખ, કરોડ, અબજ વર્ષ સુધી વ્રત ને નિયમ ને બ્રહ્મચર્ય શરીરનું પાળે છતાં એ મિથ્યાદૃષ્ટિ છે કેમકે એનાથી ધર્મ માને છે. આહા..હા..! એ મિથ્યાદૃષ્ટિના કરોડો વર્ષના અપવાસ આદિ બાળવ્રત અને બાળતપ છે. આહા..હા..! અરેરે..! આ ક્યાં એને સમજવાની દરકાર છે.

મહાપ્રભુ જે અનાદિનો ચૈતન્ય ભગવાન, એનો આદર નહોતો એ આદર થયો અને પુણ્ય-પાપ ક્ષણિક હતા એનો આદર હતો એનો અનાદર થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? તો જ્ઞાનીને.. ઓહો..હો..! ભરતચક્રવર્તી ગૃહસ્થાશ્રમમાં છન્નું કરોડ પાયદળ, છન્નું હજાર સ્ત્રી. તો કહે છે કે એને રાગ-દ્વેષ-મોહ નથી. એય..! મિથ્યાત્વ અને મિથ્યાત્વને અનુસરીને અનંતાનુબંધી. અનંત એટલે મિથ્યાત્વ અને અનુબંધી, એને અનુસરી થયેલો રાગ અને દ્વેષ. આહા..હા..! એનો તો અભાવ છે. તો એ પ્રકારના રાગ-દ્વેષ અને મિથ્યાત્વનો અભાવ સમકિતીને થાય છે. તો એ આસ્રવ વિના એને બંધ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં મહિમા બાહ્યત્યાગની થઈ ગઈ હવે લોકોને. આચરણ તો કાંઈક કરે છે ને. વ્રત પાળે છે, અપવાસ કરે છે, શરીરથી બ્રહ્મચર્ય પાળે છે, કોઈ જીવને મારવાનો ભાવ નથી, દયા પાળે છે. એ તો બાહ્યત્યાગની વાતું થઈ. એવું તો અભવિ પણ અનંતવાર કરે છે. અહીંયાં કહે છે કે જેની મહિમા કરવાની હતી એની મહિમા થઈ ગઈ તો એને એ પ્રકારનો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવ થાય છે. આહા..હા..!

'**ભાવાર્થ :—જ્ઞાનીને પણ પૂર્વે અજ્ઞાન-અવસ્થામાં બંધાયેલા દ્રવ્યાસ્રવો...**' એટલે જડકર્મ. '**સત્તા-અવસ્થામાં હયાત છે અને તેમના ઉદયકાળે ઉદયમાં આવતા જાય છે.**' સમયે-સમયે શબ્દ આવ્યો હતોને? એનો અર્થ કર્યો છે. પહેલાં આવ્યું હતુંને સમય-સમયમાં. એ ઉદયની વાત હતી. પહેલી સમય-સમયની વાત કરી પછી સત્તામાં છે. અહીં પહેલી વાતનો ખુલાસો કર્યો. '**તેમના ઉદયકાળે ઉદયમાં આવતા જાય છે.**' પૂર્વના જડકર્મ પોતાના કાળે ઉદયમાં રહે છે.

'**પરંતુ તે દ્રવ્યાસ્રવો જ્ઞાનીને કર્મબંધનું કારણ થતા નથી,...**' આહા..હા..! કારણ કે જેને અંદર આત્માનું અવલંબન લઈને સમ્યગ્દર્શન થયું એ પ્રકારનો મિથ્યાત્વ અને એ પ્રકારનો રાગ-દ્વેષ નાશ થયા તો દ્રવ્યાસ્રવ-પૂર્વનો ઉદય જ્ઞાનીને કર્મબંધનું કારણ થતા નથી. '**કેમકે જ્ઞાનીને સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે.**' ભાષા જુઓ, '**સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે.**' સકળ નામ એ મિથ્યાત્વને એ. સમજાણું કાંઈ? ભાષા તો એવી છે. અને એમાં પણ આવ્યુંને '**सकलरागद्वेषमोहव्युदासात्**' સકળ રાગદ્વેષમોહનો ત્યાગ છે એને તો. આહા..હા..!

કઈ અપેક્ષાથી વાત છે? સંસારનું મૂળ મિથ્યાત્વ છે અને સંસારનું મૂળ અનંતાનુબંધી કષાય છે. આહા..હા..! એ મૂળનો જડમાંથી જેણે નાશ કર્યો એને રાગદ્વેષમોહ થતો નથી, એમ કહે છે. આહા..હા..! છ લાખ પૂર્વ સુધી ભરતચક્રવર્તી ચક્રવર્તી પદમાં રહ્યા. છ લાખ પૂર્વ. ૭૭ લાખે દીક્ષા લીધી. દીક્ષા શું રાજમાં બેઠા. છ લાખ પૂર્વ ચક્રવર્તીપદ રહ્યું. છેલ્લે એક લાખપૂર્વ દીક્ષિત છ લાખપૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય એક પૂર્વમાં. એવા એવા છ લાખ પૂર્વ. તો કહે છે કે તેને કર્મબંધન નથી. એય..! શેઠ!

**શ્રોતા :—** મોટા પુરુષો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મોટાની વાત નથી. એણે મોટો આત્મા છે એનો અનુભવ કર્યો છે. સમજાણું કાંઈ? એ પ્રકારના જે અનંત સંસારનું કારણ જે મિથ્યાત્વ અને અનંત સંસારનું કારણ રાગદ્વેષ એ છે નહિ. ફક્ત થોડું છે. એટલામાં જે કર્મસ્થિતિ બંધાય તો અલ્પસ્થિતિ અને અલ્પરસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો મોક્ષગામી છે, પણ મોક્ષગામી ન હોય અને એક ભવે સ્વર્ગમાં જવાના હોય, તોપણ સમ્યગ્દૃષ્ટિને એ પ્રકારનો રાગદ્વેષમોહ છે નહિ. અને એને જ્યાં સુધી શુભભાવ ન આવે ત્યાં સુધી આયુષ્ય બંધાય નહિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને શુભ અને અશુભભાવ આવે છે. અહીંયાં એ પ્રકારનો આવે છે એનો નિષેધ કર્યો. પણ આવે છે એમાં ભવિષ્યનું આયુષ્ય બંધાય ત્યારે શુભભાવ આવે ત્યારે બંધાય. અશુભભાવમાં આયુષ્ય ન બંધાય. એટલું ત્યાં જડ બંધાય ગયું. આહા..હા..! શું કહ્યું સમજાણું? પોતાના સ્વરૂપનો અનુભવ અને ભાન છે જેને એવા અનુભવીને અશુભભાવ પણ આવે છે. અહીંયાં તો ના જ પાડી છે. એ સંબંધી છે મિથ્યાત્વ છે એ સંબંધી છે જ નહિ, પણ અસ્થિરતાના ભાવમાં જે શુભ-અશુભભાવ આવે છે, તો અશુભભાવ જ્યાં સુધી હો ત્યાં સુધી ભવિષ્યનું આયુષ્ય ન બંધાય.

**શ્રોતા :—** અસ્થિરતાથી રાગની પક્કડ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ. અસ્થિરતાનો શુભનો ભાવ આવશે ત્યારે બંધાશે. અશુભભાવ છે ત્યાં સુધી બંધાશે નહિ. આહા..હા..! એ છન્નું હજાર સ્ત્રીના. ચક્રવર્તી આ તો મોક્ષ ગયા. પણ બીજા કોઈ ચક્રવર્તી હોય એને સ્વર્ગમાં જવાનું હોય. બળદેવ સ્વર્ગમાં જવાના. તો જ્યાં એને અશુભભાવનો કાળ છે ત્યાં સુધી તો ભવિષ્યનું આયુષ્ય બંધાશે નહિ. અહીંયાં તો બિલકુલ બંધનો નાશ કર્યો છે. આયુષ્ય જ બંધાતું નથી. એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ કહ્યું છે, પણ અસ્થિરતાની અપેક્ષાએ બંધ છે એ પણ ભવિષ્યનું આયુષ્ય શુભભાવ હોય ત્યારે બંધાય, અશુભના કાળે બંધાશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એમાં વૈમાનિક સ્વર્ગમાં જવાના છે. તો એ સ્વર્ગનું આયુષ્ય જ્યારે શુભ હોય ત્યારે બંધાય. આહા..હા..!

અહીંયાં તો એ બંધની ના પાડે છે. અનંતાનુબંધીના રાગદ્વેષ અને મિથ્યાત્વની અપેક્ષાએ.

સમજાણું કાંઈ? પણ અસ્થિરતાનો રાગ છે એમાં પણ અશુભરાગ જ્યાં સુધી હોય ત્યાં સુધી ભવિષ્યનું આયુષ્ય નથી બંધાતું. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યારે શુભભાવ આવશે. શુભભાવ તો ઘણાં આવે છે. અશુભભાવ પણ ઘણાં આવે છે. ચોથે ગુણસ્થાને રૌદ્રધ્યાન છે, આર્તધ્યાન છે. સમજાણું કાંઈ? પણ એ સમયે ભવિષ્યનું આયુષ્ય નહિ બંધાય. એટલું સમ્યગ્દર્શનનું જોર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અશુભભાવ હોય.. આહા..હા..! સ્ત્રીના સેવનમાં રાગ હોય તોપણ આયુષ્ય ન બંધાય. શું કહે છે સમજાય છે કાંઈ?

**શ્રોતા :—** પહેલાં બંધ કર્યો હોય એ પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ વળી જુદાં. આ તો વર્તમાનમાં સમકિતીને આ જે કહે છે એવા તો રાગદ્વેષમોહ તો છે નહિ, પણ અસ્થિરતાનો જે રાગ આવે છે એના બે પ્રકાર શુભ અને અશુભ. તો અશુભના કાળે ભવિષ્યનું આયુષ્ય એને બંધાય જ નહિ. કેમકે એને સ્વર્ગમાં વૈમાનિકમાં જવાનું છે. આહા..હા..! શુભભાવ આવે તો ઘણા વખતે, પણ જ્યારે આયુષ્ય બંધાય ત્યારે શુભભાવ થાય. આહા..હા..! જુઓ, મહિમા તો જુઓ. એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની શું મહિમા છે લોકોને. આ બાહ્યત્યાગની મહિમા ધૂળની થાય. આ રાજ છોડ્યા, કુટુંબ છોડ્યા, દુકાન છોડી, બ્રહ્મચર્ય જાવજીવનું લઈ લીધું. એમાં થયું શું? એ તો રાગની મંદતા મિથ્યાત્વસહિત પુણ્યભાવ છે. આહા..હા..! એમાં જરા પણ ત્યાગ નથી. એ મિથ્યાત્વનો ત્યાગ નથી ત્યાં જરા પણ ત્યાગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને જ્યાં મિથ્યાત્વનો ત્યાગ છે ત્યાં સર્વથા ત્યાગ સમસ્ત ત્યાગ છે એમ કહી દીધું. આવ્યુંને?

'**સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે.**' ત્યાં સકળ કીધું. આહા..હા..! કઈ શૈલીથી વાત કરે છે! અરે..! એને ક્યાં પડી છે? એક તો સંસારમાં બાયડી, છોકરા, કુટુંબ, ધંધા, એમાં હેરાન જાય. થોડો વખત બચે અને સાંભળવા જાય ત્યાં મળે આવું ઊંધું વ્રત કરો ને તપ કરો ને જાત્રા કરો ને ભક્તિ કરો તમારું કલ્યાણ થશે. એ ઊંધી શ્રદ્ધા મિથ્યાત્વ. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :—** કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કરવું આ. આત્માનો સ્વભાવ છે ત્યાં દૃષ્ટિ કરવી. જ્યાં પ્રભુ પડ્યા છે ત્યાં પાસે જાવું. ભગવાન બિરાજે છે પોતે. પરમાત્મા પોતે સ્વરૂપે નિજ સ્વયં પરમાત્મસ્વરૂપ. એની પાસે જવું. રાગ અને નિમિત્ત ને પર્યાયની પાસે જવાનું છોડી દેવું. આહા..હા..! ઝીણી વાતું, બાપુ! આ તો મૂળમાર્ગની વાત છે. આહા..હા..! દેવીલાલજી!

**શ્રોતા :—** એ લોકો કહે છે કે વ્રત-તપ કરતાં-કરતાં શુદ્ધાત્માની દૃષ્ટિ સહેલી થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળેય સહેલી નથી પડતી. એ તો રાગ કરતાં-કરતાં! સહેલી દૃષ્ટિ થઈ જાય? લસણ ખાતા ખાતા કસ્તુરીના ઓડકાર આવે? એ અજ્ઞાનપણું એમ જ છે અને અજ્ઞાનની પોષક પ્રરૂપણા પણ એવી જ છે. આહા..હા..! સમાધિમાં કહ્યું છેને? સમાધિશતકમાં?

કે ભાઈ! અવ્રત કરતા વ્રત .. તડકા કરતા છાયાંમાં બેઠા હોય અને શુભ ઉપયોગની ભાવના રહો, પણ તડકે. તડકો સમજ્યા? ધૂપમેં. તડકામાં અવ્રતમાં રહેવું એ તડકો છે અને વ્રતમાં રહેવું એ છાયો છે, પણ એ વ્રત કોને હોય છે? જેને આત્મજ્ઞાન થયું એની વાત ત્યાં છે. આત્મજ્ઞાન વિના અવ્રત તડકો છે અને વ્રત એ છાયો છે એમ નથી. સમજાણું કાંઈ?

જેને આત્મજ્ઞાન સમ્યગ્દર્શન અનુભવ થયો એને અવ્રતમાં રહેવું એ અશુભભાવ છે. એ કરતા શુભમાં આવવું એ છાયો છે. પણ શુભવ્રતનો વિકલ્પ છે એને અંદર ચોથે ગુણસ્થાન કરતા શાંતિ વધી ગઈ છે એને વ્રતનો વિકલ્પ આવે છે. એકલા વ્રતનો વિકલ્પ ચોથે હોય છે? આહા..હા..! સમજાણું કાંઈ? સમાધિશતકમાં દૃષ્ટાંત છે. એ દૃષ્ટાંત લઈને જુઓ ભાઈ! આ અવ્રત કરતા વ્રત સારા, પણ કોના? કોને? ધન્નાલાલજી! આવો બહુ ફેરફાર થઈ ગયો છે. એટલે સોનગઢનું એને એવું એકાંત લાગે. ભગવાનનું આ તો સ્વરૂપ છે. ભગવાને એમ કહ્યું છે. પણ ખબર નહિ બિચારા સાધારણ માણસો. આહા..હા..! એમ ને એમ પડ્યા. સાધારણ માણસ લ્યો! શાંતિભાઈ જેવા પણ સાધારણ? મોઢાઆગળ પડે જ્યાં હોય ત્યાં એને. આહા..હા..!

અહીંયાં ભગવાન કહે છે કે '**સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે.**' સમકિતીને. આહા..હા..! આઠ વર્ષની બાળિકા આત્મજ્ઞાન મેળવે છે. તો કહે છે કે એને '**સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે.**' એ ક્યા? મિથ્યાત્વ અને અનંતાનુબંધી એ સમસ્ત. એય..! અને બીજો થાય એ પોતાનો ક્યાં છે? ભલો માનતો નથી, પોતાનો માનતો નથી. આહા..હા..! પોતાનો તો જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ છે, આનંદસ્વરૂપ ભગવાન છે. આહા..હા..!

'**અહીં સકળ રાગદ્વેષમોહનો અભાવ બુદ્ધિપૂર્વક...**' એ ખુલાસો કર્યો કે ભાઈ! આ સમસ્ત રાગદ્વેષમોહનો અભાવ કહ્યુંને પાઠમાં? સકળ. એ '**સકળ રાગદ્વેષમોહનો અભાવ બુદ્ધિપૂર્વક...**' રુચિપૂર્વકની અપેક્ષાએ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? બુદ્ધિપૂર્વક નામ રુચિપૂર્વક. રાગની રુચિ થાય એ રાગની રુચિપૂર્વક થાય છે એ જ્ઞાનીને નથી થતો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અભાવ બુદ્ધિપૂર્વક...**' બુદ્ધિપૂર્વકનો અર્થ આટલો અહીં હોં! રુચિપૂર્વક નહિ. બાકી બુદ્ધિપૂર્વકના બે અર્થ લીધા હતા. આવ્યું હતું? એક જ્ઞાનીને રાગ આવ્યો એ ખ્યાલમાં છે. ખ્યાલમાં, જાણવામાં આવે છે કે આ રાગ છે, તેને બુદ્ધિપૂર્વક કહે છે; અને જે રાગ આવ્યો એનો ખ્યાલ નથી આવતો તેને અબુદ્ધિપૂર્વક કહે છે. એ અહીંયાં નથી. અહીંયાં તો રુચિપૂર્વક રાગનો પ્રેમ છે. શુભરાગાદિનો પ્રેમ છે એવી રુચિપૂર્વક રાગ જ્ઞાનીને નથી હોતો. એ બુદ્ધિપૂર્વકનો અર્થ છે અહીં. બાકી રાજમલની ટીકામાં આવ્યું હતું. બુદ્ધિપૂર્વકના બે અર્થ. જ્ઞાની છે એને રુચિપૂર્વક તો રાગદ્વેષ નથી. એક વાત. અને બીજો જે ખ્યાલમાં આવે છે એવો રાગ છે પણ એને ટાળવાનો પ્રયત્ન છે. સમજાણું કાંઈ? અને અબુદ્ધિપૂર્વક છે એને પણ આત્મા સ્પર્શીને નાશ કરવાનો પ્રયત્ન કરે છે. આત્મા સ્પર્શીને. આહા..હા..! જુઓ, આ રાગ કેમ ટળે? કે

આમ ટળે. આહા..હા..!

ભગવાન આનંદસ્વરૂપ એનો સ્પર્શ, સ્પર્શ વેદન આનંદનો કરતાં-કરતાં રાગ નાશ થાય, એ સિવાય રાગ નાશ થતો નથી. આહા..હા..! આ બધી વાતું ક્યાં સાંભળવી અને સમજવી? સંસારના કામ આડે નવરો નથી. ત્રંબકભાઈ! ઘરે દીકરો ન હોય તો ભાઈની દીકરી લે છેવટે, પણ થોડું લપ તો રાખે અંદર. કોણ જાણે? એટલે ઓલા પૈસાબૈસા ખર્ચાય નહિ ખર્ચવા હોય તો પછી છોડી માટે રાખવું પડે કે નહિ? આ સંસાર કઈ જાતનો? છોકરો ન હોય તો ઓલું લે શું કહેવાય? ગોદ-ગોદ. હવે ભાઈ ગોદ લેવા કરતા આટલા પૈસા છે એ ધર્મમાં નાખને તો શુભભાવ તો થશે. ઓલાને દેવા...

**શ્રોતા :—** એનો વંશ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વંશ કોનો પણ? જડનો? આહા..હા..! અરે! આ સંસાર ભારે! આહા..હા..! ક્યાં વિચિત્ર રાગમાં રોકાય જાય છે. આહા..હા..! ફુરસદ નથી. ફુરસદ નથી. નિવૃત્તિ નથી શાસ્ત્ર શું કહે છે? શ્રવણ-મનનની ફુરસદ નથી. એકાદ કલાક, બે કલાક સાંભળે એ પણ પોતાની દૃષ્ટિએ એને ખતવે. આહા..હા..!

'**બુદ્ધિપૂર્વક રાગદ્વેષમોહની અપેક્ષાએ સમજવો.**' એ ૧૧૮ થયો.

'**હવે, આ જ અર્થ દૃઢ કરનારી બે ગાથાઓ આવે છે તેની સૂચનિકારૂપ શ્લોક કહે છે :-**' ૧૧૯ કળશ.

(अनुष्टुभ्)

रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।
तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।।११९।।

'**શ્લોકાર્થ :** કારણ કે **જ્ઞાનીને...**' જ્ઞાની શબ્દે સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનથી. આહા..હા..! એ '**જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે...**' આહા..હા..! પાછું એકાંત તાણીને એમાં લઈ જાય કે જ્ઞાનીને રાગદ્વેષ અને દુઃખ છે જ નહિ, એ એકાંત છે. અહીં તો કઈ અપેક્ષાએ કહ્યું છે? મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ અને મિથ્યાત્વ નહિ, એમ કહે છે. આવું સાંભળે તો કહે એને બિલકુલ રાગ છે નહિ એટલે દુઃખ છે જ નહિ. એકલું સુખ જ છે.

ભલે છઠ્ઠે ગુણસ્થાને પણ રાગ છે, અશુદ્ધતા છે, દુઃખ છે. સાચા સંત મુનિ ભાવલિંગી સંત જેને આત્મજ્ઞાનસહિત પ્રચુર સંવેદન પ્રગટ્યું છે. પ્રચુર આનંદનું વેદન પ્રગટ્યું છે એનું નામ સંત કહેવામાં આવે છે. આહા..હા..! એ સંતને પણ હજી રાગ બાકી છે એ દુઃખરૂપ છે. લ્યો અહીં કહે કે રાગદ્વેષમોહ છે નહિ. ત્યાં કહ્યું કે જરી રાગ છે. એ તો કાલે કહ્યું હતુંને રાત્રે નહિ? શુભાસ્રવી સાધુ વિકલ્પવાળા એ શુભાસ્રવી છે અને નિર્વિકલ્પવાળા એ અણાસ્રવી છે. તો હજી મુનિ થયા ભાવલિંગી હો સંત. એકલા દ્રવ્યલિંગના પણ ઠેકાણા નહિ એની વાત અહીંયાં નહિ. જેને આત્મજ્ઞાન આનંદનો સ્વાદ આવ્યો અને મુનિને તો અતીન્દ્રિય આનંદનું

પ્રચુર સ્વસંવેદન છે, તેને પણ જેટલો વિકલ્પ છે એટલો આસ્રવ છે, વિકલ્પરહિત થઈ જાય તો નિરાસ્રવ છે.

અહીંયાં બીજી વાત કહે છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે.**' એ બુદ્ધિપૂર્વક નામ રુચિપૂર્વકની વાત છે. સમજાણું કાંઈ? અહીંયાં બુદ્ધિપૂર્વકનો અર્થ રુચિપૂર્વક. જ્ઞાનીઓને. બહુવચન લીધું છેને? જ્ઞાનીઓને. ઘણાં સમકિતી છેને? આહા..હા..! તિર્યંચમાં સમકિતી છે. અસંખ્ય તિર્યંચ છે બહાર, અઢીદ્વીપ બહાર, આત્મજ્ઞાની પંચમ ગુણસ્થાનવાળા અસંખ્ય છે. આહા..હા..! એક સમકિતી અને અસંખ્ય મિથ્યાદષ્ટિ એવી રીતે પણ અસંખ્ય છે. શું કહ્યું?

સ્વયંભૂરમણ સમુદ્રમાં એક પંચમગુણસ્થાનવાળા અને અસંખ્ય મિથ્યાદષ્ટિ એવા અસંખ્ય સમકિતી અને એનાથી અસંખ્યગુણા મિથ્યાદષ્ટિ. આહા..હા..! તો એ તિર્યંચને પણ સમકિતી અને જ્ઞાની કહેવામાં આવે છે, એને પણ રાગદ્વેષમોહનો અભાવ આ અપેક્ષાએ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અવિરતિસમ્યગ્દષ્ટિ છે અસંખ્ય અને પંચમ ગુણસ્થાનવાળા અસંખ્ય તિર્યંચ સમકિતી છે. પાણીમાં હજાર યોજનના મચ્છ છે. હજાર યોજન, ચાર હજાર ગાવનો લાંબો. તો પાણીના, દરિયાના પાણી પીવે છે. એ પાણીના બિંદુએ બિંદુએ અસંખ્ય જીવ. ત્યાં ગાળીને પીવાનું નથી. ત્યાં કાંઈ ગરણું નથી. આહા..હા..! છતાં એનું પાપ અલ્પ છે, એને અલ્પબંધન છે, એમ કહ્યુ છે; અને સમ્યગ્દર્શનની અપેક્ષાએ એને બિલકુલ બંધ અને આસ્રવ છે જ નહિ. અસ્થિરતાની અપેક્ષાએ બંધ અલ્પ છે અને અલ્પ સ્થિરતા છે. આહા..હા..! અરેરે..! આવી શું વાત! પરમસત્ય આવી ચીજ છે લ્યો. આહા..હા..!

'**અસંભવ છે, તેથી તેને બંધ નથી;...**' આહા..હા..! હવે આમાંથી એમ કાઢે. લ્યો! આચાર્યો કહે છે કે છન્નું હજાર સ્ત્રી ભોગવે તોપણ એને બંધ નથી. એમ કહે છે કે નહિ? કઈ અપેક્ષા છે એ ન સમજે ને. આ ખોટું છે કહે આ ખોટું છે. આચાર્યો એમ કહે કે કરોડોપૂર્વ રહે, હજારો સ્ત્રી, મોટા રાજપાટ, ચક્રવર્તીનો ખોરાક જેનો. સમજાણું કાંઈ? આહા..હા..! જેનો એક કોળિયો છન્નું કરોડ પાયદળ પચવી ન શકે. ચક્રવર્તીનો આહાર. તીર્થંકર હોય, ચક્રવર્તી હોય સાધારણ સમકિતી હોય. એક કોળિયો. બત્રીસ કોળિયાનો આહાર. સોનાની અને હીરાની ભસ્મોનો આહાર. શેઠ! આ નવી-નવી વાતું છે. હીરા-હીરા. એક કોળિયો. ચક્રવર્તી બત્રીસ કોળ્યાનો આહાર લે એનો એક કોળિયો છન્નું કરોડ પાયદળ ન પચવી શકે. એય..! આવી વાતું! હીરાની ભસ્મું. આહા..હા..!

**શ્રોતા :–** શરીરની પાચનશક્તિ ન હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાચનશક્તિ નહિ એ તો જડની ક્રિયા છે એમાં આત્માને શું? એમાં રાગ થાય પણ એ તો અસ્થિરતાનો દોષ છે, સમ્યગ્દર્શનનો દોષ નથી એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? '**दंसण भट्ठा न सिजंती, चरित्त भट्ठा सिजंती**' પહેલી ગાથા છેને? સમ્યક્‌થી ભ્રષ્ટ છે, પુણ્યથી ધર્મ માને, વ્રત, તપથી ધર્મ માને એ દર્શનભ્રષ્ટ છે, એ જ્ઞાનભ્રષ્ટ

છે અને ચારિત્રભ્રષ્ટ છે. **'चरित्त भट्ठा सिजंती'**. કેમકે રાગનો દોષ છે એ એને ખ્યાલમાં છે. ખ્યાલમાં છે કે આ દોષ છે. આહા..હા..! એ છોડવાનો પુરુષાર્થ મારામાં નથી અત્યારે એમ જાણે છે. સમજાણું કાંઈ? **'चरित्त भट्ठा सिजंती'** કીધું છે પાઠ. અરે..! પણ પ્રભુ એટલું બધું તમે? ચારિત્રનો દોષ લાગે એને કહે સિજંતી. તમારે શું કરવું છે? એ ચારિત્રનો દોષ છે એ જ્ઞાનીને ખ્યાલમાં છે. એ છોડી દેશે. અંતરના આનંદના અવલંબને રાગનો દોષ છૂટી જશે, એ અપેક્ષાએ **'चरित्त भट्ठा सिजंती'** કહેવામાં આવ્યું છે; પણ ચારિત્રભ્રષ્ટ છે, એમાં પડ્યા છે અને એને લઈને સિજશે (એમ નથી). શું કહ્યું સમજાણું કાંઈ?

ચારિત્રભ્રષ્ટ છે અને એમાંથી સિજશે (એમ નથી). પછી છોડી દેશે, છોડી દેશે, દૃષ્ટિમાં છે. મિથ્યાદૃષ્ટિને તો દૃષ્ટિ ને રુચિ ને જ્ઞાન પણ નથી. વ્રત, તપ, ભક્તિ, પૂજા એ દોષ છે એની ખબર પણ નથી અજ્ઞાનીને તો. શુભભાવ એ દોષ કહ્યો છેને. આલોચનાનો, પડિક્કમણા આલોચના ને પચ્ચખાણ. એ આલોચનાનો એ સમયસારમાં દોષ લીધો છે. વર્તમાનનો દોષ છે એ, એમ લીધું છે. ..અધિકાર. શુભભાવ એ દોષ છે, એમ લીધું છે. વર્તમાન એ શુભભાવ પણ એ દોષ છે, એનું આલોચન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ફેરફાર ભાઈ માર્ગની એવી. જિનવરમાર્ગ આ તો વીતરાગમાર્ગ છે, કેવળીનો માર્ગ છે. આહા..હા..! લોકોએ ચુંથી નાખ્યો. વીતરાગમાર્ગને રાગમાં રગડી નાખ્યો. આહા..હા..! વીતરાગમાર્ગ છે તે વીતરાગ પર્યાયથી ઉત્પન્ન થાય છે. એ રાગની પર્યાયથી વીતરાગ માર્ગ ઉત્પન્ન ન થાય. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ જે ચોથે છે એ વીતરાગ પર્યાય છે, એ રાગને લઈને ઉત્પન્ન થઈ નથી. રાગને લઈને ઉત્પન્ન થયું નથી. પોતાનું ત્રિકાળ વીતરાગસ્વરૂપ ને આશ્રયે ઉત્પન્ન થયું છે. આહા..હા..!

જેના ઉપદેશમાં એમ આવે કે આ વ્રત ને તપ ને કરતાં-કરતાં તમારું કલ્યાણ થશે એ દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. આહા..હા..! શ્રદ્ધામાં વિપરીતતા છે. સમજાણું કાંઈ? એને વ્રત, તપ તો છે જ નહિ પણ શ્રદ્ધા વિપરીત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં કહે છે કે '**જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે તેથી તેને બંધ નથી;...**' આહા..હા..! પણ અહીંયાં એકાંત પકડી લે. ચક્રવર્તી છ ખંડનું રાજ કરે એને બંધ નહિ? ભાઈ! કઈ અપેક્ષાએ બંધ કહ્યું? મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ કહ્યું. બુદ્ધિપૂર્વકની, રુચિપૂર્વકની અપેક્ષાએ કહ્યું. એ અસ્થિરતાની રુચિ જેટલી અસ્થિરતા છે, રુચિ નથી. જેટલી અસ્થિરતા છે એનો ક્ષણે-ક્ષણે બંધ છે. એકબાજુ એમ કહ્યું નિર્જરા અધિકારમાં જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. ત્યાં પકડે લ્યો આ નિર્જરાનો હેતુ છે? આ તો ભોગ-વ્યભિચાર! અરે! સાંભળ તો ખરો. જ્ઞાનીને આનંદના ભોગની અંતર અનુભવદશા છે. એની આગળ જે આ રાગાદિભોગ છે એ તો નિર્જરા એટલે દૃષ્ટિની પ્રધાનતામાં સ્વભાવની મહિમામાં એ રાગ છૂટી જાય છે, એમ કહેવામાં આવે છે. બાકી ભોગ નિર્જરાનો હેતુ થાય છે? શુભભાવ જ્યાં બંધનું કારણ છે, ત્યાં વળી ભોગ નિર્જરાનો હેતુ? આહા..હા..!

જ્યાં પંચમહાવ્રતના પરિણામ બંધનું કારણ છે, ત્યાં ભોગ નિર્જરાનું કારણ છે? સમયસારમાં આવ્યું છે. અપેક્ષા ન સમજે તો એમ તાણે તો એમ ન ચાલે.

ભગવાન સંતો વાત અનેક પ્રકારની કરે કઈ અપેક્ષાથી. સમજ્યા? તેથી ભોગને ભોગવ એમ કહે છે ત્યાં? નિર્જરા અધિકારમાં આવે છે. હે સંત! હે સમકિતી! પરદ્રવ્યને ભોગવ. પરદ્રવ્યના અપરાધથી તને નુકસાન થાય એ દૃષ્ટિ છોડી દે. એટલે પરદ્રવ્યને ભોગવી શકતા નથી અને ભોગવ એમ કહે છે ત્યાં તો. એ ભાવમાં પરદ્રવ્યના કારણે અપરાધ છે એ દૃષ્ટિ છોડાવવા વાત કરી છે. આહા..હા..! પરદ્રવ્યના અપરાધથી તને બંધ છે? તારા ભાવથી તને બંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાતે-વાતે બહુ ફેર પડે છે ભાઈ! સત્ય એવી ચીજ છે. આહા..હા..!

**'બંધ નથી; કેમકે તે (રાગદ્વેષમોહ) જ બંધનું કારણ છે.'** એ રાગદ્વેષમોહ જ્ઞાનીને છે જ નહિ. લ્યો!

**'હવે આ અર્થના સમર્થનની બે ગાથાઓ કહે છે :'** બે. ૭૭-૭૮.

रागो दोसो मोहो य आसवा णित्थि सम्मदिट्ठिस्स।
तम्हा आसवभावेण विणा हेदू ण पच्चया होंति।।१७७।।
हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं।
तेसिं पि य रागादी तेसिमभावे ण बज्झंति।।१७८।।

**નહિ રાગદ્વેષ, ન મોહ—એ આસ્રવ નથી સુદૃષ્ટિને,**
**તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.**
**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,**
**તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.**

જૂનો કર્મ હેતુ ન બને. આહા..હા..! કેટલું આસ્રવમાં? શરૂઆતથી વાત લીધી. જૂના કર્મ નવામાં બંધના કારણ છે, પણ ક્યારે? જે જીવ રાગદ્વેષ અને મોહ કરે તેને. જૂના કર્મ છે પુરાણા એ નવા બંધનું કારણ આસ્રવ છે. ભાવાસ્રવનું કારણ દ્રવ્યાસ્રવ છે, પણ કોને? કે જેને મિથ્યાત્વનો રાગ-દ્વેષ-મોહનો ભાવ છે એને. આહા..હા..! એનું દ્રવ્યાસ્રવ નવા બંધમાં કારણ થાય છે. જે અજ્ઞાની રાગ-દ્વેષ-મોહ કરે તેને. આહા..હા..! ૧૭૭-૧૭૮.

**'ટીકા :—સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહ નથી.'** એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અપેક્ષાએ વાત છે. ઓહો..હો..!

**શ્રોતા :—** મોહનો અર્થ મિથ્યાત્વ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મિથ્યાત્વ છે, મોહનો અર્થ મિથ્યાત્વ છે. આમ દસમે ગુણસ્થાન સુધી જરી રાગભાગ છે. છ કર્મનું કારણ છે દસમે ગુણસ્થાને. અબુદ્ધિપૂર્વક રાગ એ છ કર્મના બંધનું કારણ છે, એક મોહનું નહિ અને એક આયુષ્યનું નથી. છના બંધનું કારણ છે. આહા..હા..!

એ કઈ અપેક્ષાએ? એ તો ચારિત્રદોષના એના અસ્તિત્વમાં એ શું કરે છે એ અપેક્ષાએ બંધ છે. અહીંયાં તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જે અનંત સંસારનું કારણ છે તેને અહીંયાં સંસાર કહીને એને આસ્રવ કહ્યો છે. મિથ્યાત્વ અને રાગદ્વેષ અનંતાનુબંધી એને અહીંયાં રાગ કહ્યા, એને આસ્રવ કહ્યો છે. આહા..હા..! એથી કોઈ બચાવ કરે કે અમે અસ્થિરતા ગમે તેટલી હોય અમારે શું છે! એમ ન ચાલે. એ ચારિત્રદોષ છે એ દોષ છે એ. સમજાણું કાંઈ? જ્યાં સુધી શુભરાગ છે ત્યાં સુધી દોષ છે. આહા..હા..! દોષ છે, પણ એ તીવ્ર મિથ્યાત્વ અને રાગદ્વેષ જે કીધા એ દોષ નથી. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૩, બુધવાર, તા. ૨૪-૧૧-૧૯૭૬, ગાથા-૧૭૭-૧૭૮, પ્રવચન નં. ૨૪૧

સમયસાર, ૧૭૭-૧૭૮નો ભાવાર્થ. સમ્યગ્દષ્ટિને. સમ્યગ્દષ્ટિ એટલે? બીજી ગાથામાં આવે છેને, કેવળજ્ઞાનની જ્યોતિ ઉત્પન્ન કરવાનું, ભેદવિજ્ઞાન જ્યોતિ. કેવળજ્ઞાન છે એ સર્વ પદાર્થને જાણવાની તાકાતવાળું છે. સર્વ પદાર્થને પ્રકાશનારું એવું કેવળજ્ઞાન એને ઉત્પન્ન કરનારી ભેદવિજ્ઞાન. રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન કરવું એ કેવળજ્ઞાન ઉત્પત્તિનું કારણ છે એવી જેને સમ્યગ્દષ્ટિ પ્રતીતમાં આવી છે. સમજાણું? આ તો એમ કહે છેને કે ભાઈ! કર્મને લઈને શુભરાગ થાય. અને શુભરાગ લઈને શુદ્ધતા થાય, શુદ્ધતાને લઈને મોક્ષ થાય. એ તો કર્મને લઈને શુભ થયો અને શુભને લઈને શુદ્ધ થયો એ કર્મને લઈને મુક્તિ થઈ. આહા..હા..! એ અહીં સમ્યગ્દષ્ટિ એટલે રાગ-દ્વેષ-મોહ જેને નથી. મિથ્યાત્વ સંબંધીની વાત છે આ. ભેદજ્ઞાન થયું છે એને રાગ-દ્વેષ અનંતાનુબંધીના અને મિથ્યાત્વ, મોહ-મિથ્યાત્વ એ એને નથી. કેમકે સમ્યગ્દષ્ટિ છે એ ભેદજ્ઞાની છે. આહા..હા..! રાગ અને વિકલ્પથી ભિન્ન પડીને જેણે ભેદજ્ઞાન અથવા સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એને રાગ-દ્વેષમોહ નથી. એને અનંતાનુબંધીનો રાગ-દ્વેષ અને મોહ નામ મિથ્યાત્વ એ ત્રણે નથી. સમજાણું કાંઈ?

'**કારણ કે સમ્યગ્દષ્ટિપણાની અન્યથા અનુપપત્તિ છે...**' સમ્યગ્દષ્ટિપણાની બીજી રીતે ઉત્પત્તિ છે નહિ. એટલે કે એને રાગ અને મોહ નથી એથી સમ્યગ્દષ્ટિપણું ઉત્પન્ન થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે અહીંયાં રાગ કરવો. એ વીરવાણીમાં આવ્યું હતું કાલે, રાગથી પુણ્ય થાય અને પુણ્યથી ધર્મ થાય. અત્યારે તો એ છે. આહા..હા..! અહીં તો રાગથી... વીરવાણીમાં

આવ્યું છે. એ કોઈ જ્ઞાનચંદજી છે. ઘણા માણસો અત્યારે ઓહો...હો..! ઓલામાં આવ્યું છેને? ચોથી ગાથામાં નહિ? પરસ્પર આચાર્યપણું કરે છે. 'રાગ કરવો' એવું કરનાર આચાર્યપણું કરે છે અને સાંભળનારો પણ હા પાડે છે. સમજાય છે? શ્રુતપરિચિત અનુભૂતા આવ્યું છેને? એ રાગને કરવો અને સાંભળનારા પણ પરસ્પર હા, હશે બરાબર, માર્ગ આ. આ મારા રાગ વિનાની.. એમ કહે છે એ. રાગ શ્રુત-પરિચિત. એવો રાગ એણે સાંભળ્યો છે. ત્યાં તો ત્યાં સુધી કહ્યું છે, ચોથી ગાથા. શ્રુત પરિચિત. માંહોમાંહે આચાર્યપણું કરે છે એટલે કે પરસ્પર રાગ કરવો અને ઓલો કહે કે હા. પરસ્પર બધા આચાર્યપણું જ કરે છે એ. આહા..હા..! રાગ કરવો અને રાગ કરતા કરતાં સમ્યગ્દર્શન થાય. એવી વાત છે. છે એમાં? આહા..હા..! ચોથી ગાથા.

**'આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને...'** જોયું! આહા..હા..! પાંચ ઇન્દ્રિયના વિષયોમાં તો વાણી આવી હોં પણ ભગવાન! આકરું બહુ પણ ભાઈ. છે ચોથી ગાથા. વચમાં છે. **'મૃગજળ જેવા વિષયગ્રામને જે ઘેરો ઘાલે છે અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે. (અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે).'** જોયું! છે? શેઠ! આવ્યું?

**'મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે,...'** મિથ્યાત્વ એને રાગના કર્તાપણામાં જોડીને બળદની જેમ કામ કરે છે એ. આહા..હા..! બળદને જેમ માથે ધોંસરું નાખીને કામ કરેને, એમ મોહરૂપી ભૂતડું રાગના ભાવને કરવામાં પ્રેરે છે. આહા..હા..! બળદ જેવા. આવી વાત ભાઈ! છે? ઘેરો ઘાલે છે એટલે કે સ્વને છોડીને પરમાં ઘેરો ઘાલે છે. આ સાંભળું, આનાથી થાય... આનાથી થાય... આનાથી થાય... ભગવાનની પ્રતિમાના દર્શનથી થાય અને વાણીથી થાય અને ભગવાનના દર્શનથી થાય, શાસ્ત્ર વાંચવાથી થાય અને શુભરાગથી થાય. આહા..હા..!

**'પરસ્પર આચાર્યપણું પણ કરે છે (અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે).'** 'કરો એમ, રાગ કરો, શુભરાગ કરો, કરતાં-કરતાં થશે' એમ અજ્ઞાનીઓ પરસ્પર આચાર્યપણું કરીને અંગીકાર કરાવે છે. આહા..હા..!

**શ્રોતા :—** પંચમકાળમાં તો એ એક જ કરવા જેવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પંચમકાળમાં આ જ કરવા જેવું છે રાગથી ભિન્ન પાડીને. આહા..હા..! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' વળી પાંચમે આરે રાગથી થાય અને ચોથે આરે રાગ વિનાથી ભેદવિજ્ઞાન થાય તો એમ હશે? આહા..હા..! બહુ ફેરફાર કરી નાખ્યું. આ તો આચાર્યપણું એટલે માંહોમાંહ એમ કે અંગીકાર કરે. કરો એ રાગ કરો, કરો, કરવા જેવો છે, એનાથી કલ્યાણ થશે. શેઠ! છે એમાં? ચોથી ગાથા આમ છે. આહા..હા..!

કુંદકુંદાચાર્યની ટીકા કરનાર અમૃતચંદ્રાચાર્ય આમ કહે છે. કુંદકુંદાચાર્યની ગાથામાં એ ભાવ

ભરેલો છે. કેમકે શ્રુત પરિચિત કીધુંને? એ તો ઠીક એકેન્દ્રિય જીવે પણ રાગને સાંભળ્યો છે એમ કીધું છે. પાઠ એવો છેને? સમસ્ત જીવલોકને. ટીકાનો પહેલો શબ્દ. દેવીલાલજી! સમસ્ત જીવ લોકને. એકેન્દ્રિયથી માંડીને. હજી નિગોદમાંથી નથી નીકળ્યા એણે પણ સાંભળ્યું. સાંભળ્યું એટલે રાગનો અનુભવ કરે છે એટલે સાંભળ્યું છે. આહા..હા..!

ભગવાન રાગથી ભિન્ન છે એનું તો ભાન નથી અને રાગ એનામાં નથી ચીજમાં એવા રાગને પોતે અનુભવે છે. એટલે એકેન્દ્રિય પણ એ રાગની કથા અનુભવે છે તો સાંભળીને પરિચયમાં આવી છે એમ કહેવામાં આવે છે. નહિતર નિગોદના જીવ તો હજી કેટલાક ત્રસ થયા પણ નથી, તો એણે સાંભળ્યું ક્યાંથી? પણ વેદે છે ને? આહા..હા..! જે રાગને, વિભાવને વેદે છે એણે એ સાંભળ્યું અને પરિચયમાં આવી વાત તો સાધારણ થઈ ગઈ. આહા..હા..!

'**સમસ્ત જીવલોકને, કામભોગ...**' કામભોગ એટલે આ કામ-વિષય નહિ. કામ એટલે ઈચ્છા અને ઈચ્છાનું ભોગવવું. રાગને કરવો અને રાગને વેદવો એનું નામ કામભોગ છે. કામભોગ એટલે આ સ્ત્રીનો વિષય એ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? કામ એટલે ઈચ્છા, રાગ અને ભોગ એટલે રાગને ભોગવવું. એવી વાત તો સમસ્ત જીવે અનાદિથી વેદનમાં આવી છે એને. સાંભળી છે, પરિચયમાં આવી છે અને વેદનમાં આવી છે. આહા..હા..! નવ.. એક ઉપલબ્ધ પરથી ભિન્ન, રાગથી ભિન્ન એ વાત એણે સાંભળી નથી, પરિચય કર્યો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જેમ સંસારની વાત પાપની અને પાપની વાત સાંભળ્યા જ કરે આખો દિ ને રાત. ત્યાં તો શું સંસારમાં છે એકલું પાપ છે. બાયડી, છોકરા માટે, કુટુંબ માટે, રળવા માટે જે કરે એ એકલું પાપ છે. એ પાપને તો એણે સાંભળ્યું છે, પરિચય કર્યો છે અને વેદન છે.

અહીં તો એનાથી આગળ જઈને પુણ્યના પરિણામ રાગને એણે સાંભળ્યા છે, પરિચય કર્યા છે અને વેદ્યા છે. આહા..હા..! એકેન્દ્રિયને શુભભાવ છે કે નહિ? આહા..હા..! તો કહે છે કે રાગની વાત એટલે રાગનો ભાવ. રાગકથા શબ્દ છે, પણ રાગનો ભાવ એણે સાંભળ્યો છે, પરિચય કર્યો છે રાગનો અને વેદનમાં પણ છે. આહા..હા..! સમસ્ત જીવને છે. આહા..હા..! કેમકે એ રાગનું કરવું એ માંહોમાંહ એક બીજા સ્વામી આચાર્યપણે થઈને જાણે હું વક્તા છું, હું તમને કહું છું, રાગ કરો, શુભરાગ કરતાં-કરતાં પંચમ આરામાં પછી સમકિત થશે. આવ્યું હતુંને એ વીરવાણીમાં. આહા..હા..! અરેરે..! આત્મા અંદર રાગના વિકલ્પથી રહિત પ્રભુ છે એને રાગથી પ્રાપ્ત થશે એવી વાત એકબીજા હોંશથી કરે છે અને હોંશથી સાંભળે છે. આહા..હા..! પણ આ રાગથી ભિન્ન એવો જે ભગવાન એની ખબર પણ ક્યાં છે? એક તો ચોવીસ કલાક સંસારમાં ધંધો, પાપ આખો દિ' બાયડી, છોકરા, કુટુંબનું રક્ષણને. આહા..હા..! ધર્મ તો ક્યાંય રહ્યો પણ પુણ્યના પણ એના ઠેકાણા ન મળે. આહા..હા..! અહીં તો પુણ્ય અને પાપ બેય છોડવા જેવા. પણ હજી અહીંયાં પહેલાં પાપને કરે છે એમાં પુણ્યને કરવાનું છે નહિ. આહા..હા..!

આખો દિ' આમ રળવું, આમ પેદા કરવું, આનું આમ કરવું, આ માલ આમ લાવવો, આને આમ વેચવું, એને આમ વખારમાં નાખવા, આને આમ સંભાળ કરવી. આખો દિ' આ શું પાપ, પાપ ને પાપ છે.

**શ્રોતા :—**આ તમારો ધંધો શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ ધંધો કહે છે કે આ રાગરહિત થવાનો આ ધંધો છે આત્માનો. આહા..હા..! મોક્ષાર્થીને મોક્ષને માર્ગે જેને જાવું છે એને તો કેવળજ્ઞાન જે સર્વપદાર્થને જાણનારી ચૈતન્યજ્યોતિ, એને ઉત્પન્ન કરનાર ભેદવિજ્ઞાન. રાગથી ભિન્ન પાડીને એણે ઉપાય કરવાનો છે. રાગને ભેગા રાખીને ભેદજ્ઞાન થાતું હશે? આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ આ છે. જન્મ-મરણના અંત લાવવા હોય તો આ છે. બાકી તો બધું પુણ્ય પણ અનંતવાર કર્યા, સ્વર્ગમાં ગયો. 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' સજ્ઝાયમાં આવે. કેવળી આગળ રહી ગયો કોરો. એવું આવે છે. સજ્ઝાયમાં આવે છેને.

શ્વેતાંબરમાં ચાર છે. એક સજ્ઝાયમાલામાં ૨૦૦-૨૫૦ સજ્ઝાયું છે. ચાર પુસ્તક છે અહીં બધા. એ દુકાન ઉપર ચારેય મગાવ્યા હતા. ૬૫-૬૬ની સાલ. ચારેય મગાવ્યા હતા અને ચારેય વાંચ્યા હતા. અહીં તો ધંધો પહેલેથી એ હતો. એય શેઠ! ૬૫-૬૬ની સાલ. ચાર પુસ્તક અહીં છે. વચ્છરાજભાઈનો છેને ઓલો કપાટ? વચ્છરાજભાઈ ગુજરી ગયાને એનો .. એમાં ચાર પુસ્તક, ચાર સજ્ઝાયમાળા. એમાં આ બે વાત અંદર રહી ગયેલી યાદ કે 'કેવળી આગળ રહી ગયો કોરો.' કેવળી પાસે ગયો, સમવસરણમાં અનંતવાર ગયો પણ કોરો ધાકોર રહ્યો. એણે શું કહ્યું એનું ભેદજ્ઞાન કર્યું નહિ. એની વાત, ભગવાનની વાતમાં તો ભેદજ્ઞાનની વાત આવતી હતી.

ભગવાનની વાર્તામાં તો વીતરાગતાની વાત આવતી હતી. તો વીતરાગતાનો અર્થ કે રાગથી ભિન્ન પડીને વીતરાગદશા પ્રગટ કરવી તે. આહા..હા..! ભગવાનના સમવસરણમાં અનંતવાર સાંભળ્યું છતાં રહી ગયો કોરો. કોરાને શું કહે છે? લુખ્ખા. રાગને કરવો એ વાત રુચિ ગઈ એને પણ રાગ ન કરવો અને રાગથી ભિન્ન પડવું એ વાત રુચિ નહિ. આહા..હા..! એક વાત અને એક 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો.' મિથ્યાદષ્ટિએ બહારની ઇન્દ્રિય દમન આદિ વિષય ત્યાગ્યા બહારના અને દ્રવ્ય સંયમ પાળ્યો, પણ 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો.' જેમ આપણે કહ્યુંને છ ઢાળામાં? 'મુનિવ્રત ધાર અનંતબૈર..' એ શ્વેતાંબરમાં આમ આવે છે કે સમજાણું? 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો.' એ દ્રવ્યસંયમ ક્રિયા. રાગની મંદતાની. 'ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' ત્યાંથી પડ્યો નીચે, માણસ થયો, ત્યાંથી ઢોરમાં જઈને નરક અને નિગોદમાં જાશે. આહા..હા..! આવી વાત છે, બાપુ!

જુઓને આમાં કેવું કહ્યું? ચોથીમાં કીધુંને એ? અને ઓલું? કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી શેમાં કીધું? બીજી ગાથામાં. જુઓ, 'જ્યારે આ (જીવ),...' બીજી ગાથામાં છેલ્લો પેરેગ્રાફ

છે. પેરેગ્રાફ છેલ્લો એનો ટીકાનો. '**જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...**' એક તો એ સિદ્ધ કર્યું. કેવળજ્ઞાની સર્વ પદાર્થને જાણે. ત્રણકાળ, ત્રણલોકની પર્યાય ને ગુણ ને બધું જાણે. આહા..હા..! છે? બીજો પેરેગ્રાફ. '**આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવે...**' જોયું! '**પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' આહા..હા..! રાગથી ભિન્ન એવી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય. કેવું ભેદજ્ઞાન છે? કે સર્વ પદાર્થને પ્રકાશનારા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી છે. આહા..હા..! ત્યાં એમ ન કહ્યું કે રાગથી કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી, રાગ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? આ તો શરૂઆત ગાથામાં આમ કહ્યું છે. આહા..હા..! અરેરે..!

સર્વ દ્રવ્યોથી છૂટી. જોયું! '**સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે...**' પર રાગથી હજી છૂટી અને સ્વભાવમાં એકત્વપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં વર્તે છે, તે મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલી ત્રીજી કીધી હતી સવારમાં. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને અડતું નથી, સ્પર્શતું નથી. આહા..હા..! કેટલી વાત મૂકી છે શરૂઆતમાં! એક પરમાણુને આત્મા છુતા હી નહીં. કર્મનો ઉદય આત્માને છુતો જ નથી ક દિ'. અને વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ. હવે અહીં તો રાડુ એ પાડે છે બધા પંડિતો મોટા. કર્મને લઈને વિકાર... કર્મને લઈને વિકાર... નહિતર વિકાર સ્વભાવ થઈ જાય. હવે સાંભળને. સ્વભાવ જ છે વિકાર એક સમયનો. આહા..હા..!

જુઓ ત્રીજી ગાથામાં એ કહ્યું. સમજાણું? બીજીમાં આ કહ્યું ભેદજ્ઞાનનું. ચોથીમાં એમ કહ્યું પરસ્પર આચાર્યપણું કરે છે રાગ કરવાનું. પાંચમામાં એમ કહ્યું કે મારા ગુરુએ મને શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો છે. આહા..હા..! રાગ કરવાનો ઉપદેશ નથી આપ્યો. કુંદકુંદાચાર્ય એમ કહે છે. પાછા ગુરુ કોણ? નિર્મળ વિજ્ઞાનઘનમાં મગ્ન એવા જે કેવળી, નિર્મળ વિજ્ઞાનઘનમાં મગ્ન એવા જે કેવળી અને એનાથી માંડીને અમારા ગુરુ બધા વિજ્ઞાનઘનમાં મગ્ન હતા એ બધા સાધુ હતા. છે? આહા..હા..! ભારે વાત પણ, ગજબ કર્યો છેને. અમારા ગુરુપર્યંત. કેવળીથી માંડીને અમારા ગુરુપર્યંત. એ બધા કેવા હતા? મહાવ્રતમાં હતા અને વિકલ્પમાં હતા એમ નથી કહ્યું. છે? એ પાંચમામાં છે જુઓ.

વળી તે કેવો છે મારો વૈભવ? '**નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા...**' આત્મા કેવો છે? કે નિર્મળ વિજ્ઞાનઘન ભગવાન છે. આહા..હા..! એ રાગ પણ નથી અને અલ્પજ્ઞ પણ નથી. છે? શાંતિભાઈ નીકળ્યું? આ તો એક-એક ગાથામાં કેટલું ભર્યું છે! '**નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા...**' એટલે આત્માની વ્યાખ્યા કરી પહેલી તો, કે આત્મા એટલે નિર્મળ વિજ્ઞાનઘન. એક વાત. '**તેમાં અંતર્નિમગ્ન...**' અંતર નિમગ્ન-નિમગ્ન અંદર. '**પરમગુરુ-સર્વજ્ઞદેવ...**' આહા..હા..! મહાવીર ભગવાન આદિ સર્વજ્ઞદેવો પરમ વિજ્ઞાનઘનમાં મગ્ન છે. આહા..હા..! લોકોને જાણનારા છે એમ ન લીધું. એ કેવળજ્ઞાનની શક્તિ બતાવી ત્યારે એમ કીધું કે બધાને જાણવાની

શક્તિ છે અને એને ઉત્પન્ન કરનારું ભેદજ્ઞાન છે. આહા..હા..!

અહીં કહે છે કે **'નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ-સર્વજ્ઞદેવ અને અપરગુરુગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત,...'** એ બધા નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. મહાવ્રત પાળતા હતા અને નગ્ન હતા એ વાત લીધી નથી. એ તો બધા નિમિત્ત છે. વસ્તુમાં ક્યાં છે એ? અમારા મુનિ ગણધર દિગંબર સંત. કેવળીથી માંડીને અમારા ગુરુ પર્યંત બધા નિર્મળ વિજ્ઞાનઘનમાં મગ્ન હતા. સમજાણું કાંઈ? **'તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ...'** એમનાથી મહેરબાની કરીને અમને આપ્યો. આહા..હા..! એમ ન કહ્યું કે અમે લાયક હતા માટે અમને આપ્યું, એમ નહિ. પ્રસાદી મહેરબાની કરીને (આપી). આહા..હા..!

**'શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ,...'** લ્યો બસ શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો હશે? બીજા છ દ્રવ્ય અને ફલાણું કાંઈ નહિ? પણ એ બધામાં અભેદ છે એ તો શુદ્ધાત્મ જ છેને? એ આવ્યું છે ને? અભિધેય... આમાં આવ્યું છેને? ગ્રંથના અભિધેય, સંબંધ અને પ્રયોજન તો પ્રગટ છે. શુદ્ધાત્માનું સ્વરૂપ તે અભિધેય છે. જોયું! કહેવા માગે છે એ શુદ્ધ આત્માને કહેવા માગે છે. લાખ વાતની વાત હોય પણ શુદ્ધાત્મા ભેદ એ બતાવે છે. આહા..હા..! અમારા આત્માએ શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો અને અહીંયાં અભિધેય શુદ્ધાત્મા ગ્રંથમાં કહેવો છે કહે છે. આહા..હા..! ભલે રાગ કરશે અને એની બધી વાતું કરશે, પણ એનો સાર શુદ્ધાત્મા બતાવવો છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ બધું ચાલી ગયું છે. આ તો ૧૮મી વાર. આ તો ૧૮મી વાર ચાલે છે. છેને પુસ્તક હાથમાં?

**શ્રોતા :—** પુસ્તક હાથમાં હોય એમાં શું થયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ તો એમાં છે કે નહિ? એમાં છે. એમાં છે. આહા..હા..!

અહીં તો શાસ્ત્ર નીચે અને ઉપર બેસવું એ અવિનય છે, પણ એનો હેતુ બીજો છે. શાસ્ત્રની લીટી એ લીટીએ શું કહેવું છે એ વિનય છે એનો. એ બતાવવા નીચે રાખ્યા છે. સમજાણું કાંઈ? નહિતર શાસ્ત્ર નીચે અને ઉપર બેસવું (એ શાસ્ત્રનો અવિનય છે), પણ એનાથી વિનય આ છે કે શાસ્ત્રમાં આ કહેવા માગે છે એ જોવે તો એને વિનય આવે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે. એ સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા કરી અહીંયાં તો હજી પહેલી.

કે જે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર ભેદજ્ઞાનથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એવી જેની દૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ થઈ છે. બીજી વાત. એ રાગથી લાભ થાય એ વાત એને બેઠી નથી. વીતરાગ પર્યાયથી લાભ થાય એ વાત બેઠી સમ્યગ્દૃષ્ટિને. સમજાણું કાંઈ? આહા..હા..! અને રાગથી લાભ થાય એવો ઉપદેશ સમ્યગ્દૃષ્ટિનો નથી. આહા..હા..! શુભરાગથી શુદ્ધતા પ્રગટે એ ઉપદેશ સમકિત દૃષ્ટિનો નથી, મિથ્યાદૃષ્ટિનો ઉપદેશ છે એ તો. આકરી વાત બાપુ! શું થાય? સત્ય જ આવું છે ત્યાં. એ તો નિર્મળ વિજ્ઞાનઘન છે એમ કીધુંને? ભગવાન તો નિર્મળ વિજ્ઞાનઘન છે પ્રભુ બધા. આહા..હા..! એને લક્ષમાં લઈને રાગથી ભેદ પાડવો એ જ મોક્ષનો માર્ગ શરૂઆત

થાય છે ત્યાં. આહા..હા..! એ એની શ્રદ્ધામાં તો બેસે કે આ રીતે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આહા..હા..! રાગથી થાશે અને આથી પંચમકાળ માટે શુભ પ્રવૃત્તિ થાય. આહા..હા..! વીરવાણીમાં જુઓને ઘણું લાંબુ નાખ્યું એણે. હવે એને સંભળાવ્યું હતું ત્યાં ઘણું. એમ હોય? અરે..!

ભાઈ! રાગથી ભિન્ન વસ્તુ છે એનું ભાન અને શ્રદ્ધા ન થઈ શકે? પછી નિર્વિકલ્પ અનુભવ પછી. આહા..હા..! પહેલી એની શ્રદ્ધામાં એવી જામ જમવટ હોય કે વિકલ્પથી આત્મામાં લાભ બિલકુલ નથી. આહા..હા..! એવી શ્રદ્ધાના જોરમાં એને પરથી ભિન્ન પડે છે અને સ્વમાં એકત્વ થાય છે. એવો સમ્યગ્દૃષ્ટિ તેને રાગ-દ્વેષ-મોહ નથી. જોયું! રાગ કરવાલાયક છે એવી બુદ્ધિ નથી એટલે મિથ્યાત્વ નથી અને રાગ-દ્વેષ જે અનંતાનુબંધીના છે એ એને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. આમાં હિન્દી લોકોને ગુજરાતી પકડવું કઠણ પડે. એક તો ભાવ ભલે હિન્દીમાં કહે તો પણ ભાવ એવા આકરા. પરિચય જોઈએ કીધું નહિ? પરિચય કરવો જોઈએ. જેમ સંસારમાં રાગનો પરિચય છે આખો દિ'. એમ 'આ રાગ તારું સ્વરૂપ નથી' એનો એણે પરિચય કરવો જોઈએ. વારંવાર એને સાંભળવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** વારંવાર સાંભળવું એ રાગ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** રાગ છે, પણ એ કહે છે એ સાંભળવું એમાં આવશે આ ને? રાગથી ભિન્ન છે એ સાંભળશે એ. સમજાવી શકાતું નથી એ સમજાવ્યું. અમારે શંકરલાલ કહેતા હતા સવારે. શંકરલાલ છેને? આ શંકરભાઈ. બહુ રુચિવાળા. હરિજન છે. હરિજન છે. અહીં ચાર મહિનાથી છે. શ્રાવણ, ભાદરવો, આસો, કારતક, માગશર. પહેલા પણ આવ્યા હતા. અહીંથી છે. બહુ રુચિ છે. આજ તો આ બધું સવારમાં આવ્યું ને ઝીણું. એક દ્રવ્યને બીજું સ્પર્શે નહિ. કહે સમજાય નહિ એ મને તમે સમજાવ્યું. શંકરભાઈ છેને. મનસુખભાઈને ત્યાં કામ કરે છે. મનસુખભાઈ ખીમચંદભાઈના ભાઈ. ગુજરી ગયા છે ને. શ્રાવણ સુદ પાંચમે અહીંયાં આપણે હતોને ક્લાસ? તે પહેલાથી આવ્યા છે. હરિજન છે હરિજન. આત્મા ક્યાં હરિજન હતો? હરિ-હરિ એટલે આત્મા. એણે કહ્યું છેને પંચાધ્યાયમાં. હરિ કોણ? કે રાગ-દ્વેષ અને અજ્ઞાનને હરે તે હરિ. પંચાધ્યાયમાં કહ્યું છે. હરિતી તે હરિ. કોને હરે? એ વ્યવહારની વાત છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષને હણે-હરે તે હરિ. એવો ભગવાન આત્મા હરિ છે. આહા..હા..!

'**સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહ નથી...**' આમાંથી એ કાઢ્યું કે એણે રાગથી લાભ થાય એ વાત સાંભળી નથી. એણે તો સાંભળી છે રાગ વિનાનો આત્મા અને એમ પ્રગટ કર્યું છે. આહા..હા..! જન્મ-જરા-મરણ. એક શ્વાસમાં ૧૮ ભવ નિગોદના, બાપુ! ભૂલી ગયો તું મારો. થોડું માણસપણું મળ્યું કાંઈક પંચેન્દ્રિય થઈ અને કાંઈક પુણ્યનો યોગ હોય તો કાંઈક પૈસા-બૈસા હોય પાંચ-દસ-લાખ-પચાસ લાખ, અને બાયડી-છોકરા ઠીક હોય, થઈ રહ્યું, ભૂલી ગયો. ક્યાં હતો ને ક્યાં આવ્યો છું? અને શું કરવાનું છે? આહા..હા..!

અહીં તો કહે છે કે એ વાત સાંભળવાનો પરિચય કરવો જોઈએ. સાંભળવું, એનો પરિચય કરવો અને પછી વેદન કરવું. આહા..હા..! અને સાંભળવું એને કહીએ કે રાગથી ભિન્ન પડીને રુચિથી સાંભળવું એ સાંભળવું કહેવાય. આહા..હા..!

**શ્રોતા :—** રાગથી ભિન્ન છે તો પછી સાંભળવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ એ એને સાંભળવાનું એ છે. ત્યારે એણે સાંભળ્યું કહેવાય. આહા..હા..! કાંઈક આવ્યું હતું ખરું મગજમાં. વયું ગયું પાછું. એ તો ભાઈ આવે અંદરથી. આને લગતી વાત હતી. સાંભળ્યું એટલે? એણે અંદરમાંથી રુચિથી સાંભળ્યું છે. એમ ને એમ સાંભળ્યું એમ નહિ. આહા..હા..! એને રુચિ થઈ કે આહા..હા..! આવો મારો નાથ આત્મા. વિકલ્પની એક ક્ષણિક અવસ્થાથી તદ્દન ભિન્ન છે. વિકલ્પની, રાગની, ક્ષણિક અવસ્થા કૃત્રિમ, ક્ષણિક. તે પણ નીકળી જાય એવી એ ચીજ છે. આહા..હા..! અરે..! એ વાતને એણે સમ્યગ્દૃષ્ટિએ સાંભળી છે, પરિચયમાં આવી છે અને વેદનમાં આવી છે. આહા..હા..!

**શ્રોતા :—** એવું સામર્થ્યવાળું તત્ત્વ પડ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છે એવું તત્ત્વ. આહા..હા..! કહ્યુંને? એ '**श्रुत परिचित अनुभूता**'. રાગ અને એની સામે આમ. નવરંગ.. પણ રાગથી ભિન્ન છે એ વાત સાંભળી નથી, પરિચયમાં આવી નથી અને વેદનમાં આવી નથી. ભાઈ! એની સામે નાખવાનુંને એ ત્રણ? આહા..હા..! શું કહ્યું એ? ફરીને. કે જ્યારે મિથ્યાદૃષ્ટિએ પરથી ભિન્નની વાત સાંભળી નથી, રાગની સાંભળી છે. રાગ કરવો... રાગ કરવો... રાગ કરવો... એ અનંતવાર સાંભળ્યું અને અનંતવાર પરિચયમાં અને અનંતવાર વેદનમાં આવ્યું, પણ સમ્યગ્દૃષ્ટિ ધર્મી એ રાગથી ભિન્નની વાત સાંભળી છે પરિચયમાં આવી વારંવાર અભ્યાસમાં અને રાગથી ભિન્ન પડીને અનુભવમાં આવી છે. આહા..હા..! બાકી '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा। एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।**' પરથી ભિન્ન છે એ સાંભળવું, પરિચયમાં આવવું એ કાંઈ સુલભ નથી, એમ કહે છે. આહા..હા..! આચાર્યોએ તો થોડા શબ્દોમાં તો કેટલું ભરી દીધું છે! આહા..હા..! આ જુઓને પણ કેટલું છે! આહા..હા..! શાંતિભાઈ! આ કોઈ દિ' દરકાર જ કરી નથી અત્યાર સુધી. વેપાર-છોકરા માટે ને ફલાણા માટે, ઢીંકણા માટે. ઠીક! પણ અમથા છોકરા માટે નહિ. બીજે ત્યાં મોઢા આગળ ક્યાંક સભા-બભામાં બેસીને પછી શું કહે કાંઈક સૌની સાથે? મોટપ મળે ત્યાં. પણ આ વાત એણે કોઈ દિ' સાંભળી નથી. એ તો ભાઈ પણ કહે છેને. અશ્રુતપૂર્વ, અભૂતપૂર્વ એ તો ભાઈ પણ કહે છે. શાંતિભાઈ કહે છે, આ વાત અમે પૂર્વે સાંભળી નથી. વાત તો એવી છે, બાપુ! આહા..હા..! અહીં તો આત્માનું હિત કેમ થાય એ વાત છે, બાપુ! બાકી બધી રાગની વાતું ઘણી સાંભળી અને ઘણી કરી. આહા..હા..!

'**સમ્યગ્દૃષ્ટિને....**' આ લીટીમાં આટલો વખત ગયો લ્યો! ૩૫ મિનિટ, ૩૭ મિનિટ થઈ.

**શ્રોતા :** .. બાકી રહી ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** બાકીનો પાર ન મળે ભગવાનની વાણીમાં. આચાર્યની વાણીમાં એટલી ગંભીરતા ભરી છે. આહા..હા..!

'**સમ્યગ્દષ્ટિને રાગદ્વેષમોહ નથી...**' ક્યા રાગ-દ્વેષ-મોહ? મોહ એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એટલે અનંતાનુબંધીના રાગ. '**કારણ કે સમ્યગ્દષ્ટિપણાની અન્યથા...**' બીજી રીતે ઉત્પત્તિ નથી. રાગ-દ્વેષ-મોહ ન હોય ત્યાં સમ્યગ્દષ્ટિની ઉત્પત્તિ છે. આહા..હા..! મિથ્યાત્વ સંબંધી મોહ અને રાગ-દ્વેષ અનંતાનુબંધીનો એ જ્યાં નથી ત્યાં સમ્યગ્દષ્ટિપણું છે. એના '**રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું બની શકતું નથી);...**' આહા..હા..! આવો માર્ગ છે.

'**કારણ કે સમ્યગ્દષ્ટિપણાની...**' બીજી રીતે રાગદ્વેષમોહ(-ના અભાવ) વિના પ્રાપ્તિ થાય એવી વાત છે નહિ. આહા..હા..! '**(અર્થાત્ રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું બની શકતું નથી);....**' આહા..હા..! રાગથી લાભ થાય એવો જે મિથ્યાત્વભાવ એના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું હોઈ શકતું નથી. આહા..હા..! અને મિથ્યાત્વ અને સંબંધવાળા જે રાગ અનંતાનુબંધી છેને? અનંતાનુબંધીનો અર્થ એ છે કે અનંત એટલે મિથ્યાત્વ. અનુબંધ એટલે મિથ્યાત્વની સાથે રહેલા. આહા..હા..! એવા રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું સંભવિત નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

રાગના કર્તાપણાના ભાવ વિનાનું તે સમ્યગ્દષ્ટિપણું છે. રાગના કર્તાપણાની અન્યથા, રાગના કર્તાપણાનો અભાવ અન્યથા હોઈ શકે નહિ. સમ્યગ્દષ્ટિ વિના રાગના કર્તાપણાનો અભાવ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું! આ તો ધીરાની વાતું, બાપા! ભગવાન અંદર મોટો બિરાજે છે. આહા..! ચૈતન્ય મહાસત્તા પ્રભુની. એ સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ જ છે. પરમાત્મપ્રકાશમાં તો એ જ આવે છેને. પોતે જીવ તે પરમાત્મસ્વરૂપ છે. આહા..હા..! અહીંયાં આવ્યું નહોતું હમણાં પાંચમી ગાથામાં. અમારા ગુરુ, કેવળીથી માંડીને ગુરુ નિર્મળ વિજ્ઞાનઘનમાં મગ્ન હતા, પાંચ મહાવ્રતમાં હતા અને નગ્ન હતા એ વાત નહિ, એ તો પરસંયોગી ચીજ છે એની. આહા..હા..!

કેમકે આત્મા નિર્મળ વિજ્ઞાનઘન છે. એમાં પછી મગ્ન છે એ પછી. પણ આત્મા એટલે શું? આહા..હા..! નિર્મળ વિજ્ઞાનઘન. આહા..હા..! એવો જે ભગવાન આત્મા એને 'રાગ કરું' એવી બુદ્ધિના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું સંભવે નહિ. સમજાણું કાંઈ? 'રાગને કરું' એવી બુદ્ધિના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું સંભવે નહિ. સમજાણું કાંઈ? છે? શું કહ્યું એ? જુઓ, આ તો ગંભીર વાત છે, બાપુ! કુંદકુંદાચાર્યના શાસ્ત્રો એટલે કે આહા..હા..! ભગવાનની વાણી સીધી દિગંબર સંત પોતાના નિજવૈભવથી વાત કરી રહ્યા છે. નિજવૈભવ 'ભગવાને કહ્યું મેં સાંભળ્યું છે એમ કહું છું' એમ નહિ. શ્વેતાંબરમાં એમ આવે પહેલેથી આચારંગમાં. .... મેં સાંભળ્યું છે કે ભગવાન આમ કહેતા હતા, એમ કહીને વાત કરે છે. અહીં કહે છે કે હું મારા નિજવૈભવથી કહું છું. 'ભગવાનનું સાંભળ્યું છે માટે કહું છું' (એમ નહિ). આહા..હા..! બેની

શૈલી જ જુદી છે. આચારાંગ.

**શ્રોતા :—** એકની વ્યવહારની અને એકની નિશ્ચયની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એકની પરના આશ્રયથી થયેલી વાત. આ તો કહે પરનો આશ્રય શું હતો એ અનુભવમાં આવ્યા વિના આશય મારો અને એમનો એક છે એ ક્યાંથી થયું? સમજાણું કાંઈ?

**શ્રોતા :—** સમ્યગ્દર્શન હુઆ ઈસલિયે હમકો ખબર નહીં પડે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ છે જ નહિ. એના અભિપ્રાયમાં એ વાત બેઠી હોય ત્યારે એ માન્યું છે. આહા..હા..! ઓલામાં છે નહિ? દ્રવ્યદષ્ટિપ્રકાશમાં. કે કહેનારનો આશય આવ્યા વિના રહે નહિ. ભાઈ! ભલે ગમે ત્યાંથી સાંભળ્યું હોય, પણ કહેનારનો પોતાનો અભિપ્રાય-આશય એને આવ્યા વિના રહે જ નહિ. એય..! એમાં છે. દ્રવ્યદષ્ટિપ્રકાશ. છેને ભાઈ! આહા..હા..! આ તો મેળવાળું આવી જાય છે અંદરથી. કહેનારનો આશય. કેમકે સાંભળ્યું છે પણ આશય એને બેઠો ન હોય અને બીજી રીતે બેઠું હોય તો એનો આશય જ કહેનારનો આવે. સાંભળ્યું માટે એને આશય ભગવાનનો આવે એમ નહિ. આહા..હા..!

**શ્રોતા :—** બેઠુ એ અનુસાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એને બેઠું હોય એ. દ્રવ્યદષ્ટિપ્રકાશ શેઠ આપ્યું છેને? એમાં આ છે. આ તો યાદ આવી જાય છે અંદરથી. એ લખે છે. આ બાજું છે પેરેગ્રાફ. કહેનારનો આશય કહેનારને આવ્યા વિના રહે નહિ. આહા..હા..!

જેને અંતરથી વાત બેઠી નથી. ભગવાને જે કીધી છે તે, તો એને પોતાને જે બેઠી છે એ આશય અંદર આવી જ જાય. સમજાણું કાંઈ? આવી ધર્મ કથા હવે. એ દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા કરવી એ તો સમજાય પણ ખરું. શું સમજવું હતું? હવે એ તો અનંતવાર કરી. એ તો રાગની ક્રિયાઓ અનંતવાર કરી છે. એ કાંઈ ધર્મ નથી અને એ કાંઈ ધર્મનું કારણ પણ નથી. આહા..હા..!

**શ્રોતા :—** માટે સમ્યગ્દષ્ટિને જોર નથી આવ્યું ઉપદેશ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ... નહિ... નહિ... પહેલો તો જ્ઞાનીનો ઉપદેશ જોઈએ. પછી એનો આવે તો જુદી વાત છે. દેશના તો પહેલી જ્ઞાનીની હોવી જોઈએ. કારણ કહેનારનો આશય સમ્યગ્દષ્ટિ છે એને એ આશય આવશે અને અજ્ઞાની છે એને ક્યાંક-ક્યાંક ઊંડે-ઊંડે ક્યાંક-ક્યાંક આવી જશે એને. કારણ કે ઓલામાં લીધું છેને મોક્ષમાર્ગ પ્રકાશમાં ભાઈ! કે અજ્ઞાનીના જ્ઞાનમાં સાંભળેલું હોય છતાં કારણવિપરીતતા, ભેદાભેદવિપરીતતા, સ્વરૂપવિપરીતતા. ત્રણ. ત્રણમાંથી એની વિપરીતતા આવ્યા વિના રહે જ નહિ એને. આહા..હા..! મોક્ષમાર્ગ પ્રકાશમાં. આહા..હા..!

મિથ્યાદષ્ટિ ભલે વીતરાગની વાત કરે, પણ એને કારણવિપરીતતા, ભેદાભેદવિપરીતતા અને સ્વરૂપવિપરીતતા આવ્યા વિના રહે જ નહિ. આહા..હા..! કાંઈક ને કાંઈક એ કથા અને પ્રરૂપણા

કરશે. આહા..હા..! આકરી વાતું બહુ, ભાઈ! આહા..હા..! જુઓને સિદ્ધાંતમાં કેવી રીતે! આહા..હા..! ચારેકોરથી સત્ય ગુંથાઈ છે. આહા..હા..!

'**રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું બની શકતું નથી...**' એ આ મિથ્યાત્વનો રાગ-દ્વેષ. મિથ્યાત્વ અને મિથ્યાત્વસંબંધી અનંતાનુબંધીની વાત છે આ. એના અભાવ વિના સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. આહા..હા..! '**રાગદ્વેષમોહના અભાવમાં તેને (સમ્યગ્દષ્ટિને) દ્રવ્યપ્રત્યયો...**' કર્મ જડ છે એ જડ. પૂર્વના બંધાયેલા. '**પુદ્ગલકર્મનું (અર્થાત્ પુદ્ગલકર્મના બંધનનું) હેતુપણું ધારતા નથી...**' શું કીધું એ?

'**રાગદ્વેષમોહના અભાવમાં તેને (સમ્યગ્દષ્ટિને)...**' જૂના દ્રવ્યપ્રત્યયો કર્મના હેતુ, બંધના હેતુપણે ધારતા નથી-બંધના હેતુ થતા નથી. આહા..હા..! '**કારણ કે દ્રવ્યપ્રત્યયોને પુદ્ગલકર્મના હેતુપણાના હેતુઓ રાગાદિક છે;...**' આહા..હા..! જડકર્મનો ઉદય છે એ નવા બંધનું કારણ ક્યારે થાય? કે એમાં એને મોહનો રાગ-દ્વેષભાવ હોય તો. આહા..હા..! ભાઈ! વીતરાગમાર્ગ છે આ તો સર્વજ્ઞનો. એ સમજવા માટે એને ઘણો પ્રયત્ન જોઈએ. આહા..હા..!

ઘણાં એમ હોય કે અમારા ગામમાં આવે તો ગામમાં ધંધો પણ થાય વેપાર પણ અને સાંભળવાનું મળે બેય થાય. અને અહીં આવવું હોય તો ધંધો તો થાય નહિ. એય..! સાંભળવાનું મળે બે વખત. રાતે ચર્ચા મળે અને બીજો વખત ધંધાનો મળે ગામમાં તો અને અહીં તો ધંધાનું કાંઈ છે નહિ. ઉલ્ટાનું ઉપાધિ થાય અહીં તો. આહા..હા..! અહીં તો પરિચય શબ્દમાંથી યાદ આવ્યું. ઓલા સંસારના પરિચયમાંથી છૂટીને સાંભળવાનો પરિચય કરવો. આહા..હા..! આ તો માર્ગ અલૌકિક છે, બાપુ! આહા..હા..! એ દુનિયાની પુણ્યની પ્રકૃતિ હોય અને પાંચ-પચાસ લાખ પેદા કરતો હોય, છોકરા બધા સારા હોય, બધી ધૂળધાણી છે. એને ક્યાં અડતો હતો? અડે છે ક્યાં એ પરદ્રવ્યને? પરદ્રવ્યને જોડે પડ્યો છે? અડે છે એ? અડતો નથી ને મારા માને છે. મૂર્ખ છે મોટો. આહા..હા..! આ દીકરા મારા, આ ધંધો મારો. આ બાયડી મારી. શું છે તને આ? આહા..હા..! અરે..! અડ્યો નથી. તારામાં એ ચીજ આવી નથી અને એ ચીજમાં તું ગયો નથી, છતાં એ મારા એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! છતી સગાઈએ જેને પરણીને હાથ મેળાપ કરીને ૨૫-૫૦ વર્ષ થયા હોય, તો કહે એ બાયડી મારી નહિ. આહા..હા..! અરે..! એના પ્રત્યેની આસક્તિ થાય એ પણ મારી નહિ. બાપુ! માર્ગ એવા છે, ભાઈ!

કહે છે કે સમ્યગ્દષ્ટિપણું રાગદ્વેષમોહના અભાવ વિના સંભવે નહિ અને રાગદ્વેષ અને મોહનો ભાવ નથી તેથી તેને પૂર્વના દ્રવ્યકર્મનો ઉદય નવા બંધનો હેતુ થતો નથી. કેમકે નવા બંધના હેતુમાં નિમિત્ત તો દ્રવ્યકર્મ છે, પણ એમાં મોહ અને રાગ-દ્વેષ થયા નથી, માટે નવા બંધનો હેતુ એ થતો નથી. આહા..હા..! નવો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ બંધ. અસ્થિરતાના બંધની અહીં વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એકનો એક છોકરો હોય અને રળતો હોય સારી

રીતે અને એમાં લગનનો પ્રસંગ આવ્યો હોય અને સારી કન્યા ઠેકાણેથી આવતી હોય. જુઓ એ વખતે એ મલાવો કરે અંદરથી! આહા..હા..! અને એની માં તો સાદ બેસી જાય ત્રણ દિ', ચાર દિ' જલેબી ખાઈને. ઘાટો તાણ્યા જ કરે જાણે શું અંદર રસ હશે? આહા..હા..! છે ક્યાં તારો? આહા..હા..!

**શ્રોતા :—** સમજ્યા નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બાઈ હોયને એની માં. છોકરાના લગન હોયને ગૃહસ્થ હોય ૨૫-૫૦ લાખના આસામી. બે લાખ ખરચવાના હોય. તો એ વખતે એને જલેબી ખાઈને સાદ બેસી જાય. તો બીજા એમ કહે કે બા પણ તમે આ બહુ બોલો નહિને. પણ થોડા દિ' છેને. એમ કહીને ઘાટો તાણીને રસ લે બાઈ. અમારે તો આ છેલ્લુ-પહેલું છે, બાપા! છોકરો છેલ્લા-પહેલાનો છે. છેલ્લો પણ એ અને પહેલો તોપણ એ. હવે એકનો એક છે એટલે એ વખતે... શું છે પણ આ? ગાંડપણાના કાંઈ ઘર જુદાં હશે? ગામ જુદા હશે? ગામદીઠ ગાંડા-પાગલ.

જ્ઞાની સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહે. પાંચ, દસ-દસ અબજના મોટા અરીસાભૂવનમાં રહે. એથી શું? એ ક્યાં છે ત્યાં? એ રાગમાં નથી તો પરમાં ક્યાં છે? એ તો પોતાના સ્વભાવમાં છે. આહા..હા..! બહુ આકરી વાત! બહુ સ્પષ્ટ કરવા જાય તો પોગળ ખુલ્લું થઈ જાય બધું. આહા..હા..! ઘરની વહુ હોય છોકરાની. પાંચ હજારનો સાડલો બનાવ્યો હોય અને એને આપ્યો હોય ઝરીના ઓલા છેડાવાળો. છેડો હોયને? વચમાં તો ન હોય પણ એને છેડે જરી દોઢ હાથની ઝરી ભરી હોય. પાંચ હજારનો સાડલો, દસ હજારનો આવે, પચાસ હજારનો આવે. એ છોકરાની વહુ પહેરીને નીકળી હોય. ત્યારે બીજા ઓલા નજરું નાખેને એના ઉપર. ત્યારે આ ખુશી થાય કે મારો સાડલો છે એ વહુએ પહેર્યો એ બહાર પડું છું. મૂર્ખ! ક્યાં ગઈ તારી બુદ્ધિ પણ? સાડલો અને એના છેડા. છેડામાં હોયને? આખા સાડલામાં ન હોય કાંઈ. અને એ છેડા પાછા આમ નાખેને. છેડા હોય. આ તો બધું પોગલ જોયું છેને. નાચ્યા નથી પણ નાચ્યાને જોયા છે. આ શું કરે છે પણ આ? અને ઓલો બીજી નજરે જોતો હોય બીજો જુવાન. આ જાણે કે મારો સાડલો બહાર પડે છે. આહા..હા..!

(**શ્રોતા :—** પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૪, ગુરુવાર, તા. ૨૫-૧૧-૧૯૭૬,**
**ગાથા-૧૭૭-૧૭૮, કળશ-૧૨૦, પ્રવચન નં. ૨૪૨**

સમયસાર, ૧૭૭-૧૭૮નો ભાવાર્થ. રાગ-દ્વેષ-મોહનો અભાવ એના વિના સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે નહિ. આજે આવ્યું છેને? જેને ચૈતન્ય પ્રકાશ અનંત છે એવી અંતરમાં દૃષ્ટિ થઈ. પર્યાયમાં અલ્પજ્ઞતા છે, પણ એનો સ્વભાવ છે એમાં ચૈતન્ય પ્રકાશ, અનંત પ્રકાશ છે. એવા અનંત પ્રકાશમાં દૃષ્ટિ પડી ત્યારે તેને એકાગ્ર થતાં સમ્યગ્દૃષ્ટિ અને આનંદનું વેદન આવ્યું, એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. વસ્તુ છે એ અનંતજ્ઞાન છે, અનંત જેનો પ્રકાશ ચૈતન્ય, અનંત જેનું દર્શન દેખવી શક્તિ છે. અનંત જેમાં રમણતારૂપ ચારિત્ર વીતરાગતા છે, અનંત આનંદ છે, એવા સ્વભાવની અપરિમિતતા ઉપર દૃષ્ટિ પડતાં તેમાં એકાગ્ર થતાં તેને સમ્યગ્જ્ઞાન-દર્શન-આનંદનો અંશ પ્રગટ થાય છે. આહા..હા..! એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. એને રાગદ્વેષમોહનો અભાવ છે. લ્યો! જો રાગદ્વેષમોહ ન હોય તો સમ્યગ્દૃષ્ટિપણું હોય. રાગદ્વેષમોહ હોય તો સમ્યગ્દૃષ્ટિપણું હોય નહિ. કેમકે રાગ અને દ્વેષથી ભિન્ન પડીને પોતાના સ્વરૂપનો આશ્રય લઈને સ્વ-આલંબિત દૃષ્ટિ થઈ છે એને એ સંબંધિ મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામ તીવ્ર જે અનંતાનુબંધીના એના વિના સમ્યગ્દૃષ્ટિપણું હોઈ શકે નહિ. એના અભાવ વિના હોઈ શકે નહિ. આહા..હા..!

'**એવો અવિનાભાવી નિયમ કહ્યો...**' એટલે? કે જ્યાં રાગદ્વેષમોહ ન હોય ત્યાં સમ્યગ્દૃષ્ટિ હોય અને જ્યાં સમ્યગ્દૃષ્ટિ હોય ત્યાં રાગદ્વેષમોહ હોય નહિ. '**ત્યાં મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ સમજવો.**' જે રાગની રુચિ છે અને સ્વભાવની રુચિ નથી ત્યાં આગળ એને મિથ્યાત્વ સંબંધી રાગદ્વેષમોહ સમજવો. જ્ઞાનીને એ મિથ્યાત્વ સંબંધી રાગદ્વેષમોહ હોતા નથી. આહા..હા..! '**મિથ્યાત્વસંબંધી રાગાદિકને જ અહીં રાગાદિક ગણવામાં આવ્યા છે.**' આહા..હા..! જેમાં રાગની રુચિ છે એવા મિથ્યાત્વ-અવસ્થામાં જે રાગદ્વેષભાવ ગણવામાં આવ્યા છે એને અહીંયાં રાગદ્વેષ કહ્યાં છે, અસ્થિરતાના રાગદ્વેષની વાત અત્યારે નથી. આહા..હા..! આખો ભગવાન હાથ આવ્યો, એમ કહે છે. દૃષ્ટિમાં ખોવાઈ ગયો હતો. રાગમાં માન્યું હતું, પુણ્ય-પાપના વિકલ્પમાં પોતાનું સ્વરૂપ માન્યું હતું, ત્યાં ભગવાન ખોવાઈ ગયો હતો. દૃષ્ટિમાં છે તો ખરો. એ દૃષ્ટિએ જ્યાં પરના સ્વીકારનો ત્યાગ કરીને, સ્વસ્વરૂપનું ગ્રહણ કર્યું એથી એને મિથ્યાત્વસંબંધીના રાગ-દ્વેષ હોતા નથી. આહા..હા..!

એક બાજુ કહે કે છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ, એ અસ્થિરતાની અપેક્ષાએ વાત છે. દસમા ગુણસ્થાન સુધી પણ રાગ અબુદ્ધિપૂર્વક હોય છે, તો એનાથી પણ આસ્રવ છ કર્મ આવે છે. તો એ અસ્થિરતાની અપેક્ષાએ વાત છે. અહીં તો મૂળ રકમ જે

આખી ચૈતન્યમૂર્તિ ભગવાન. આહા..હા..! અતીન્દ્રિય અનંત આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પ્રભુ, એમાં જ્યાં દૃષ્ટિ ગઈ. આહા..હા..! પરિણામનો વળાંક દ્રવ્ય સ્વભાવ ઉપર ગયો એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષમોહ હોતા નથી. આહા..હા..!

**'અહીં રાગાદિક ગણવામાં આવ્યા છે.'** એ મિથ્યાત્વ સંબંધી છે. **'સમ્યગ્દૃષ્ટિ થયા પછી...'** આહા..હા..! **'કાંઈક ચારિત્રમોહસંબંધી રાગ રહે...'** કાંઈક હોં! આહા..હા..! જેને આત્માનો સ્વાદ આવ્યો છે આનંદનો એને રાગ હોય છે આસક્તિનો, પણ એમાં એને રુચિ અને પ્રેમ નથી. આહા..હા..! કેમકે રાગ છે એ દુઃખરૂપ છે. એ લડાઈનો રાગ પણ જ્ઞાનીને આવે, પણ એ રાગને અહીં ગણ્યો નથી. આહા..હા..! અને જેણે રાગના એક અંશને પણ પોતાનો માન્યો એના મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ગણવામાં આવ્યા છે. આહા..હા..! આવી લડાઈમાં ઊભો રહે, છન્નું હજાર સ્ત્રીના વિષયમાં હોય, છતાં એ ચારિત્રમોહસંબંધી રાગ રહે છે, તેને અહીં ગણ્યો નથી. આહા..હા..! કેમકે સંસારની જડ જે મિથ્યાત્વ અને કષાય, રાગ-દ્વેષ એનો તો નાશ કર્યો. મોટી આંબલીનું ઝાડ હોય, એને મૂળમાંથી કાપી નાખ્યું, પછી પાંદડા રહ્યા એની ગણતરી શું? એ તો પંદર દિ'એ સુકાઈ જશે. આહા..હા..! રાગની રુચિરૂપ મિથ્યાત્વભાવ જે મૂળ સંસારનું જડ છે, આહા..હા..! એ જડને તો જેણે પોતાના પરિણામને, પરિણામી સ્વભાવ વસ્તુ અપરિમિત શક્તિનો સાગર એનો જ્યાં સ્વીકાર કર્યો, એનું મૂળ કપાઈ ગયું સંસારનું. આહા..હા..! અસ્થિરતાના જેમ ઓલા પાંદડા રહે એમ અસ્થિરતાનો મૂળ રાગ હોય થોડો એને અહીં ગણ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે ગૌણ છે.'** ગૌણ છે, અભાવ છે એમ નહિ. ચારિત્રમોહ સંબંધી રાગ જ્ઞાનીને હોય છે, એને ગૌણપણે, અભાવપણે એમ નહિ. એની મુખ્યતા ન લીધી. સમજાય છે કાંઈ? મૂળ પાપ જ આ છે એની તો લોકોને કિંમત નથી અને બાહ્યનો ત્યાગ કરે, રાગ કાંઈક મંદ કરે એટલે જાણે થઈ ગયો ધર્મ; પણ રાગની રુચિ છે, રાગનો કર્તા છે એ તો સંસારનું મૂળ તો પડ્યું છે આખું. એ સંસાર છોડ્યો છે ક્યાં એણે? આ બાયડી, છોકરા અને કુટુંબ એટલે સંસાર છોડ્યો એમ કહે લોકો બધા. જાદવજીભાઈ! કારણ કે પોતે છોડી શકે અને આ છોડે એટલે કહે ઓહોહો..! હવે એને અહીં ધર્મીમાં ગણ્યા જ નથી. સમજાણું કાંઈ?

જેને રાગના પ્રેમથી રાગનું કર્તાપણું ઊભું છે એ બધા રાગની મંદતાવાળાને પણ અહીંયાં મિથ્યાદૃષ્ટિમાં નાખ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે! કેમકે અજ્ઞાની અશાંતિ જે રાગ છે તેને પોતાનું સ્વરૂપ માને છે અથવા તેનાથી લાભ માને છે. એથી એ રાગ મંદ એને પોતાનો માન્યો એ જ મિથ્યાત્વ જડ છે. આહા..હા..! એ જડ જેણે કાપી છે. પોતાનો ભગવાન અતીન્દ્રિય આનંદના સ્વભાવથી છલોછલ ભર્યો પ્રભુ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ નામ કાયમી, જ્ઞાન અને આનંદના રૂપવાળું એ તત્ત્વ છે. રાગવાળું એ તત્ત્વ નથી. આહા..હા..! એની દૃષ્ટિમાં ચારિત્રમોહ સંબંધી જે રાગ એને અહીં

ગૌણ કર્યો છે. આહા..હા..!

**'આ રીતે સમ્યગ્દષ્ટિને ભાવાસ્રવનો અર્થાત્ રાગદ્વેષમોહનો અભાવ છે.'** આ અપેક્ષાએ. **'દ્રવ્યાસ્રવોને બંધના હેતુ થવામાં...'** જૂના કર્મ જડ છે એને નવા બંધના હેતુ થવામાં **'હેતુભૂત એવા રાગદ્વેષમોહનો સમ્યગ્દષ્ટિને અભાવ હોવાથી...'** આહા..હા..! જડ કર્મ છે એ નવા બંધનું કારણ છે, પણ જ્ઞાનીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે નહિ, એથી જૂના કર્મ પણ બંધનું કારણ થતું નથી. કારણ કે બંધના કારણ મિથ્યાત્વ અને રાગદ્વેષ એ તો છે નહિ. આહા..હા..! આવું ઝીણું. ઝીણું કાંત્યું બહુ કહે. ૧૨૦ નંબરનો દોરો કાંતેને. બહુ ઝીણો હોય ઝીણો, પાતળો. આહા..હા..!

**'અને દ્રવ્યાસ્રવો બંધના હેતુ નહિ થતા હોવાથી સમ્યગ્દષ્ટિને-જ્ઞાનીને બંધ થતો નથી.'** લ્યો! આહા..હા..! જેની કિંમત કરવી હતી એની કિંમત થઈ ગઈ. અને જેની કિંમત નહોતી એની કિંમત ગઈ, બસ થઈ રહ્યું એમ કહે છે. ભલે અસ્થિરતાનો રાગ પણ એની કોઈ કિંમત નથી. આહા..હા..! અને ભગવાન આનંદનો નાથ પ્રભુ પરમાત્મસ્વરૂપ જ છે આત્માનું. આહા..! ઓલામાં ન આવ્યું? કહ્યું નહિ? પાંચમી ગાથા સમયસારની. નિર્મળ વિજ્ઞાનઘનમાં. એટલે આત્મા નિર્મળ વિજ્ઞાનઘન બસ. એમાં નિમગ્ન અંતર. એ તો પર્યાય થઈ પછી. આહા..હા..!

ચૈતન્ય પ્રકાશની પૂર્ણતાનો સ્વભાવ જેનો, જેમાં રાગનો અંધકાર નથી. આહા..હા..! અરે..! એક સમયની પર્યાયનો પણ જ્યાં સ્પર્શ નથી એને. આહા..હા..! એવો જે ભગવાન નિર્મળ વિજ્ઞાનઘન એમાં અંતર મગ્ન તે સાધુ કહેવાય. એ તો કાલે કહ્યું હતું, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી સુધી લીધું હતું. પાંચમી સુધી લીધું હતું. છઠ્ઠી નહોતું લીધું. આહા..હા..! એક-એક ગાથામાં ચમત્કાર ચૈતન્યનો ભર્યો છે, એ ચમત્કારિ વસ્તુ છે આ, ચિંતામણિ રત્ન છે, કલ્પવૃક્ષ છે. આહા..હા..! એ ..ઘટ્ટ. કામકુંભ છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ. અરે..! એની ઉપર નજર ન કરી અને રાગની રુચિની નજરમાં... સવારમાં નહોતું આવ્યું? આવ્યું હતુંને, અજ્ઞાનીની દૃષ્ટિમાં પુણ્ય છે ધર્મને નામે, એને પરદ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. જ્ઞાનીની પુણ્ય હોવા છતાં પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ છે. આહા..હા..! આવ્યું હતું સવારે. પરમાત્મપ્રકાશ. આહા..હા..!

ધર્મીની ભલે આઠ વર્ષની બાળિકા હોય. ઓહો..! પણ એની દૃષ્ટિ તો નિર્મળ વિજ્ઞાનઘનમાં છે. એનો અર્થ એ કે એની દૃષ્ટિ રાગમાં નથી, એની દૃષ્ટિ પર્યાયમાં નથી, એની દૃષ્ટિ નિમિત્તમાં નથી. આહા..હા..! આ તો ભગવાન સ્વરૂપ છે, પ્રભુ!

**શ્રોતા :—** પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અડતી નથી. પર્યાય પર્યાયમાં રહે. દ્રવ્યને જાણે છતાં પર્યાય દ્રવ્યમાં ભળતી નથી.

**શ્રોતા :—** આપ નિમગ્ન કહો છોને કે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિમગ્ન અર્થ? તેનામાં લીન. દ્રવ્ય તરફ લીન. આ બાજુ લીન

હતી એ આમ લીન. લીનનો અર્થ કાંઈ દ્રવ્યમાં ભળી ગઈ નથી. આહા..હા..!

જે પરિણામ રાગમાં એકાકાર હતા તે પરિણામ ત્યાં રહ્યા. પછીના પરિણામને પોતાના પરિણામીકભાવ ઉપર ઢાળ્યા એ લીન થયો એમ કહેવામાં આવે, પણ લીન થઈને એકમેક થઈ ગયો છે એમ નહિ. આહા..હા..! એક સમયની પર્યાયમાં આખા દ્રવ્યનું જ્ઞાન આવે, આખા દ્રવ્યની પ્રતીતિ પૂર્ણસ્વરૂપની આવે, પણ એ પર્યાય દ્રવ્યમાં ભળી જાય, એમ નહિ. આહા..હા..! આવી ચીજ ક્યાં છે માર્ગ? અરે..! અંતરમાં ભગવાન બિરાજે છે. એની ખબર ન મળે અને એના સિવાય આ વ્રત પાળો ને દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો. આહા..હા..! એ બધું મિથ્યાત્વસહિત રાગની ક્રિયાના કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે દ્રવ્યાસ્રવનો બંધ તો એને છે નહિ. કેમકે દ્રવ્યાસ્રવ હેતુ ક્યારે થાય? કે જો મિથ્યાત્વ અને રાગદ્વેષનો ભાવ આસ્રવ જો નિમિત્ત થાય તો. એ તો જ્ઞાનીને છે નહિ. આહા..હા..! હવે કહે છે કે **'સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે યોગ્ય જ છે.'** આહા..હા..! ચોથે ગુણસ્થાને ભલે નરકનો નારકી જીવ હોય કે તિર્યંચનો જીવ હોય કે મનુષ્યનો હોય કે દેવનો હોય. આહા..હા..! એ સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે. જ્ઞાનીનો અર્થ એમ નથી કે એ બહુ જાણપણું છે, શાસ્ત્રનું માટે જ્ઞાની કહેવામાં આવે છે. એમ નથી. એ જ્ઞાનના સ્વરૂપને જાણ્યું માટે તેને જ્ઞાની કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? અનંત ચૈતન્યના પ્રકાશના પૂર જ્યાં પડ્યા છે. આહા..હા..! એવા જ્ઞાનને જેણે જાણ્યું એ જ્ઞાની છે, પછી ભલે શાસ્ત્રનું જ્ઞાન નહિ હોય. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનો પૂર, ચૈતન્યના પૂરનું તેજનું નૂરનું તેજ એનું પૂર પ્રભુ છે આખું. કેમ બેસે? કોઈ દિ' ખબર ન મળે. આહા..હા..!

આ બહારના પુણ્ય એન પુણ્યના ફળ, એમાં આસક્તિ, એમાં પ્રેમ, એને અધિકપણે જાણ્યા. આહા..હા..! ભગવાન એનાથી ભિન્ન છે એવો અધિકપણે જુદો ન જાણ્યો. આહા..હા..! એને જુદો જાણ્યો છે આત્માને તેને જ્ઞાની કહીએ, એમ કહે છે. શેઠ! બહુ જાણપણું ન હોય વિશેષ. આહા..હા..! પણ હજી જ્ઞાનનું સ્વરૂપ જે ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે, એનું જેને જ્ઞાન થયું એ સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'તે યોગ્ય જ છે.'** એમ કહ્યુંને? **'સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે યોગ્ય જ છે. 'જ્ઞાની' શબ્દ મુખ્યપણે ત્રણ અપેક્ષાએ વપરાય છે :-'** જ્ઞાની જ્ઞાન કહેવું જ્ઞાનીનું. એ જ્ઞાનના ત્રણ મુખ્ય અર્થ છે. **'(૧) પ્રથમ તો, જેને જ્ઞાન હોય તે જ્ઞાની કહેવાય;...'** બધા આત્માને જ્ઞાન હોય માટે જ્ઞાની કહેવાય. આહા..હા..! બધા ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. સમ્યક્ મિથ્યાત્વની અત્યારે વાત નહિ. જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય ભગવાન અંદર છે. આ તો આંધળા જડ, માટી, ધૂળ છે. અંદર પુણ્ય-પાપના ભાવ થાય એ આંધળા, જડ, અચેતન, અજીવ છે. આહા..હા..! અહીંયાં તો જ્ઞાનસ્વરૂપ એનું છે, બધા જીવોનું હો પછી ભલે મિથ્યાદષ્ટિ હોય કે અજ્ઞાની. પણ એ જ્ઞાનસ્વરૂપ ભગવાન છે માટે એને બધાને જ્ઞાની

કહેવામાં આવે છે. એક વાત. સર્વ જીવો જ્ઞાની છે. કીધુંને?

**'સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ તો સર્વ જીવો જ્ઞાની છે.'** જોયું! સામાન્ય એટલે? ચૈતન્યના સ્વરૂપનું જેને જ્ઞાન થયું, બીજું જ્ઞાન ભલે ન હોય, તો એ જીવને જ્ઞાની, બીજું જ્ઞાન ન હોય એટલે? ભલે મિથ્યાત્વ હોય, પણ જ્ઞાનસ્વરૂપ છે માટે બધાને જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..! એને ધર્મ થાય કે નહિ એ પ્રશ્ન અહીં નથી હોં! હવે '(૨) **સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે તો સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી...'** સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી '**તે અપેક્ષાએ તે જ્ઞાની છે અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.**' આહા..હા..! નવ પૂર્વનું જ્ઞાન હોય, અગ્યાર અંગનું જ્ઞાન, પણ જેને જ્ઞાનસ્વરૂપ ભગવાન એનું ભાન નથી, એને પર્યાય ને રાગમાં જેનો અધિકપણાનો પ્રેમ છે એ બધા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. નવ પૂર્વ ઉઘડે તોપણ અજ્ઞાની છે. આહા..હા..! અગ્યાર અંગ જેને એક અંગમાં ૧૮ હજાર પદ અને એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક, એવા એવા ૧૮ હજાર, ૩૬ હજાર, ૭૨ હજાર એમ ડબલ લઈ લેવું, તે અગ્યાર અંગ સુધી અને એ ઉપરાંત નવપૂર્વની પણ લબ્ધિ પ્રગટે, એ ભણેથી ન પ્રગટે. એ એની લબ્ધિ જ પ્રગટે રાગની મંદતાથી.

**શ્રોતા :—** તો તો ભારે જ્ઞાની!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છતાં એ અજ્ઞાની છે. એ કહે છે જુઓને, મિથ્યાદૃષ્ટિ તે અજ્ઞાની છે અને સમ્યગ્દૃષ્ટિ તે જ્ઞાની છે. આહા..હા..! જે જાણનારને જાણ્યો એ જ્ઞાની છે અને જાણનારને ન જાણ્યો અને બીજું બધું જાણ્યું એ અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અરે..! અનંત-અનંત કાળથી એમ ને એમ પરિભ્રમણમાં જાણનારને ન જાણ્યો, એના વિના માથાકૂટ કરી બધી. શાસ્ત્ર ભણ્યો, ઉપદેશ જગતને આપ્યા. આહા..હા..! પણ જેણે જાણનારને જાણ્યો નહિ, દેખનારને દેખ્યો નહિ, આનંદના માણનારને માણ્યો નહિ, આહા..હા..! એ જીવો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..!

'(૩) **સંપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણ જ્ઞાનની અપેક્ષા...'** ત્રીજો બોલ. સંપૂર્ણ જ્ઞાનની અપેક્ષાએ તો કેવળી જ્ઞાની છે. હોવામાં લેવામાં તો કેવળી ભગવાન જ્ઞાની છે. '**અને છદ્મસ્થ અજ્ઞાની છે...**' આહા..હા..! બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાન કહ્યું. અજ્ઞાન એટલે મિથ્યાજ્ઞાન નહિ. પણ અલ્પજ્ઞાન છેને, એ અપેક્ષાએ બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાન કહેવામાં આવ્યું છે. ઓહો..! મિથ્યાત્વનું અજ્ઞાન જુદું અને આ ઓછું જ્ઞાન એ પણ જુદું. આહા..હા..! બારમે ગુણસ્થાને તો મોહનો બિલકુલ નાશ અને અકષાયભાવ, છતાં જ્ઞાનની પૂર્ણતા નથી, કેવળજ્ઞાને છે એવી. એ અપેક્ષાએ એને જ્ઞાનની કમી છે એથી એને અજ્ઞાની કહેવામાં આવે છે. ઓહોહો..! પડખાં તો જુઓ!

એકકોર સમ્યગ્દૃષ્ટિને આત્માનું જ્ઞાન છે એથી તે જ્ઞાની છે. મિથ્યાદૃષ્ટિને અગ્યાર અંગ અને નવપૂર્વનું જ્ઞાન હોવા છતાં તે અજ્ઞાની છે. એકબાજુ પૂર્ણ કેવળજ્ઞાનીને જ્ઞાની કહ્યો અને જ્ઞાનમાં

અપૂર્ણતા, સમ્યગ્દૃષ્ટિ વીતરાગતા છે, પણ ઓછા જ્ઞાનની અપેક્ષાએ તેને અજ્ઞાની કહ્યો. આમ ત્રણ પ્રકાર થયા. સમજાણું કાંઈ? '**કારણ કે સિદ્ધાંતમાં પાંચ ભાવોનું કથન કરતાં બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે.**' એ અજ્ઞાની મિથ્યાત્વ નહિ હોં એ. આહા..હા..! ઓછું જ્ઞાન છે ને? જ્ઞાન પૂરું નથી એટલે અજ્ઞાન એમ. આહા..હા..! '**આ પ્રમાણે અનેકાંતથી અપેક્ષા વડે વિધિનિષેધ નિર્બાધપણે સિદ્ધ થાય છે; સર્વથા એકાંતથી કાંઈ પણ સિદ્ધ થતું નથી.**' આહા..હા..!

'**હવે, જ્ઞાનીને બંધ થતો નથી એ શુદ્ધનયનું માહાત્મ્ય છે માટે શુદ્ધનયના મહિમાનું કાવ્ય કહે છે :—**' ૧૨૦ કળશ.

(वसन्ततिलका)

**अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-**
**मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।**
**रागादिमुक्तमनसः सततं भवन्तः**
**पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।।१२०।।**

આહા..હા..! બંધથી રાંડ્યો છે કહે છે. આ વિધુર નથી કહેતા? બાઈને વિધવા કહે અને બાયડી મરી જાય એ ધણીને વિધુર કહે. બંધથી એ વિધુર છે, બંધ એને છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :-**' '**उद्धतबोधचिह्नम् शुद्धनयम् अध्यास्य**' '**ઉદ્ધત જ્ઞાન (-કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન) જેનું લક્ષણ છે એવા શુદ્ધનયમાં રહીને...**' એટલે ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાં રહીને. આહા..હા..! જે જ્ઞાન ઉદ્ધત છે. ત્રિકાળીને જ ગણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધનય એટલે આત્મસ્વભાવ ત્રિકાળ અને એને પર્યાય જ્ઞાન છે એને જ ગણે છે. આહા..હા..! એવું એ ઉદ્ધત છે. સ્વના જ્ઞાન વિનાના જ્ઞાનને તે ઉદ્ધત જ્ઞાન ગણતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં ભગવાન આવ્યો નહિ જ્ઞાનમાં એને જ્ઞાન કહેતા નથી એમ કહે છે. એ ઉદ્ધત જ્ઞાન છે. કોઈને ગણતું નથી. એટલું બધું જાણપણું હોય નવ પૂર્વનું અને અગ્યાર અંગનું, તોપણ જે જ્ઞાનની પર્યાય અંતરમાં વળેલી છે એ જ્ઞાન ઉદ્ધત થઈને કોઈને ગણતું નથી.

આ ઉદ્ધત છોકરો નથી થાતો? આ છોકરો ઉદ્ધત છે એટલે કોઈને ગણતો નથી. એની માને પણ ગણતો નથી, એના બાપને ગણતો નથી, ઉદ્ધત છોકરો છે; એમ આ શુદ્ધનય ઉદ્ધત છે. ત્રિકાળને પકડનારી જ્ઞાનની પર્યાય ઉદ્ધત છે. સ્વને ગણનારું જ્ઞાન પરના જ્ઞાનને ગણતું નથી. મિથ્યાત્વ છે.

**શ્રોતા :—** કોને ગણે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ સ્વને ગણે છે. સ્વને જ ઉદ્ધત જ્ઞાન ગણે છે. આહા..હા..! ઉદ્ધત જ્ઞાનના બે પ્રકાર છે. એક ત્રિકાળી વસ્તુને પણ ઉદ્ધત જ્ઞાન કહીએ દ્રવ્યને અને

એને જાણનારને પણ ઉદ્ધત જ્ઞાન કહીએ, શુદ્ધનયનું પરિણમન. અહીં કહેશેને. કેવળી થાય ત્યાં સુધી શુદ્ધનયનું પરિણમન પૂરું ત્યારે થાય છે, એ પર્યાયની અપેક્ષાએ. આહા..હા..! ઉદ્ધતજ્ઞાન કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉદ્ધત જ્ઞાન, ત્રિકાળી જ્ઞાન કોઈનું દબાવ્યું દબે નહિ અને તે જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા એને ગણનારું જ્ઞાન કોઈથી દબાવ્યું દબે નહિ. આહા..હા..!

જ્ઞાનાવરણીય એને દબાવે, જ્ઞાનાવરણીયનો ઉદય આવે તો એને દબાવે. બિલકુલ દબાવે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કાંઈ જ્ઞાનાવરણીને લઈને આત્મામાં કમી-બેસી છે. ઘટાડો-વધારો જ્ઞાનાવરણીને લઈને થાય છે. આવ્યું છેને? અહીં કહે કે એ વાત સાચી નથી. એ જ્ઞાનમાં ઉદ્ધતપણું સમ્યગ્જ્ઞાન જેણે રાગને ગણ્યો નહિ, નિમિત્તને ગણ્યું નહિ, અલ્પજ્ઞ પર્યાયને પણ જેણે ગણી નહિ. એ છે અલ્પજ્ઞ પર્યાય પોતે શુદ્ધ, પણ એને ગણી નહિ, ત્રિકાળને એ ગણે છે. આહા..હા..! મારો નાથ તો આ છે. સમજાય છે? સમ્યગ્જ્ઞાનની પર્યાયનો નાથ તો પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે અંદર. અરેરે..! આહા..હા..! કેમ બેસે? થોડાઘણાં જાણપણા જ્યાં થાય, ત્યાં એને એમ થઈ જાય કે હવે આપણે જુઓ, જાણ્યું અને બીજા કરતા અધિક થઈ ગયા. આહા..હા..!

કહે છે કે આ જ્ઞાન... આહા..હા..! એવું જેનું લક્ષણ છે. ઉદ્ધત જ્ઞાન જેનું લક્ષણ છે. એમ છે ને? **'એવા શુદ્ધનયમાં રહીને અર્થાત્ શુદ્ધનયનો આશ્રય કરીને...'** એટલે કે ત્રિકાળીનો આશ્રય કરીને. આહા..હા..! **'સદા એકાગ્રપણાનો જ અભ્યાસ કરે છે...'** આહા..હા..! ઓલા પ્રવચનસારમાં નથી આવ્યું? અમૃતચંદ્રાચાર્ય. વધારે ક્ષયોપશમ બસ થાઓ. અમે તો અમારામાં છીએ. આહા..હા..! વધારે જ્ઞાન હોય પર વિષે જાણપણાનું એની અમને જરૂર નથી. આત્મામાં એકાગ્રતા એ વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો જેને કાંઈ જાણપણું હોય અને બોલતા આવડે એને જ્ઞાની ગણે અને બોલતા ન આવડે... એટલે માન્યતામાં જ આખો ફેર છે. સમજાણું કાંઈ?

**'શુદ્ધનયમાં રહીને...'** એટલે શુદ્ધનયનો એટલે ત્રિકાળીનો આશ્રય કરીને **'જેઓ સદાય એકાગ્રપણાનો જ...'** અનુભવ કરે છે. અભ્યાસ કરે એટલે અનુભવ કરે. **'कलयन्ति'** આહા..હા..! જ્ઞાનની પર્યાયને ત્રિકાળનો અનુભવ કરે છે. એ જ્ઞાનને અહીં જ્ઞાન કહીએ અને એ જ્ઞાન ઉદ્ધત છે. એ રાગને ગણતું નથી, નિમિત્તને ગણતું નથી. આહા..હા..! ત્રણલોકના નાથનો પણ આશ્રય લેતો નથી. સમજાણું કાંઈ? અરે..! આ શું વસ્તુ છે? બાપુ! તું છો એટલો જ્ઞાનનો ચિદ્રૂપ અહં. ચિદ્રૂપોહં. જ્ઞાનસ્વરૂપ જ એ આખી ચીજ છે. જ્ઞાનનું ઢોકળું, જ્ઞાનનો પુંજ, જ્ઞાનનો ગંજ. આહા..હા..!

એવા જ્ઞાનને આશ્રયે જેને જ્ઞાન થયું... આહા..હા..! એનો જે અનુભવ કરે છે આહા..! **'તેઓ નિરંતર...' 'रागादिमुक्तमनसः भवन्तः' 'રાગદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા,...'** આહા..હા..! એ તો જ્ઞાનની એકાગ્રતાનો અનુભવ કરે છે. એ રાગના ચિત્તથી રહિત

છે. રાગાદિ રહિત ચિત્તવાળા છે. આહા..હા..! અધ્યાત્મની ઝીણી વાત પડે બહુ માણસને. એટલે બહારમાં બિચારા તણાઈ ગયા. આ વ્રત પાળવા ને આ કરવા ને આ કરવા. અરે..! એ ચીજ તો ભાઈ અનંતવાર કરી છે, બાપુ! પણ તેં તારી કિંમત કરી નથી. ચિંતામણી ચૈતન્ય રતન ભગવાન આત્મા! ચૈતન્ય હીરલો અનંતા શક્તિના હીરાના પાકથી ભરેલો છે. આહા..હા..! ક્યાં છે એની ખબર નથી. કેવો છે એની ખબર નથી. કેમ જણાય એની ખબર નથી. એ જાણે કે અહીંથી જણાય છે. ઓલાએ ના પાડી છે કે આ લોકો સોનગઢવાળા એમ કહે છે કે દિવ્યધ્વનિથી પણ આત્મા ન જણાય. પરમાત્મપ્રકાશમાં આવી ગયું છે આપણે. વેદ અને મુનિના શાસ્ત્રોથી પણ આત્મા ન જણાય. આહા..હા..! વાંચતા પણ નથી. શાસ્ત્રોના અર્થો શું છે એની પણ ખબર નથી. આહા..હા..! શું થાય? અરે..! સત્ય વાતથી એને દુઃખ લાગે.

આજે એક અહિંસાનો લેખ આવ્યો છે, ભાઈ! રજનીશનો. એમ કે ગાંધીની અહિંસા એ અહિંસા નહોતી. કેમકે એ સત્યાગ્રહ કરતા. બીજાને દબાવતા ને કરતા એ તો હિંસા છે. આહા..હા..! રજનીશ તમારો. એમાં હતાને શેઠિયા. તારણસ્વામી. નહિ? તારણસ્વામીમાં હતા. એટલું જરી ઠીક લખ્યું. બાકી તો .. છે બધું. આહા..હા..! અહીં તો મહાવીરની અહિંસા અને ગાંધીની અહિંસામાં ઉગમણો-આથમણો ફેર છે. ભગવાન એને અહિંસા કહે છે કે રાગથી પૃથક્ પડેલી દશા, પૃથક્ પડેલું તત્ત્વ, એને તે રીતે પ્રગટ કરવું એનું નામ અહિંસા છે. વીતરાગભાવને પ્રગટ કરવો એનું નામ અહિંસા છે. આહા..હા..! પરની દયા પાળવાનો ભાવ પણ રાગ અને હિંસા છે. આ મહાવીરની હિંસા અને અહિંસાની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ?

ગાંધીજી તો આ બીજા બધા જીવોને આમ કરવા, સુખી કરવા, સુખી કરવા રોકાય છે એ બધા ધર્મી છે. આહા..હા..! એ અહિંસા છે. આહા..હા..! કોઈને દબાણમાં લેવા એ હિંસા છે. સત્યને આગ્રહ હોય એવો? કે બીજાને આમ કરું અપવાસ તો બીજાને અસર થાય અને સવળી બુદ્ધિ એને થાય. એ વસ્તુસ્થિતિ નથી. અહિંસા તો એને કહીએ પુરુષાર્થ સિદ્ધિઉપાયમાં.. પંડિતજી! હા એ. હવે આવી શાસ્ત્રમાં વાત છે એને સાંભળતા નથી. આહા..હા..! પરની દયા પાળવાનો ભાવ ઉઠે છે એ રાગ અને હિંસા છે. આહા..હા..! અને તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ... આહા..હા..! એ અપરાધ છે. સમજાણું કાંઈ? કેમકે રાગ છે એ. આહા..હા..! આહારક શરીરને બાંધવાનો ભાવ, સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બાંધવાનો ભાવ... આહા..હા..! એકાવતારી ત્યાંના દેવો છે, પણ એનું આયુષ્ય બાંધવાના ભાવ છે તે રાગ અને હિંસા છે. આહા..હા..! આવો વીતરાગમાર્ગ! રાગ છેને? રાગ એ હિંસા છે. કેમ? કે વસ્તુ પોતે અહિંસકસ્વરૂપ છે. એટલે? આત્મા વીતરાગસ્વરૂપ છે. એ અહિંસકસ્વરૂપ જ આત્માનું છે. આહા..હા..! એની દૃષ્ટિ અને સ્થિરતા કરતાં વીતરાગતા જે આવે એ પર્યાયમાં અહિંસા છે. એ શું કહ્યું?

રાગની અનુત્પતિ અને વીતરાગતાની ઉત્પત્તિ તે અહિંસા. એનો અર્થ શું થયો? કે રાગની અનુત્પત્તિ અને વીતરાગપણાની ઉત્પત્તિ તે અહિંસા. એનો અર્થ થયો કે એ આત્મા પોતે ત્રિકાળી

અહિંસક જ છે. ભાઈ! ઓલું કહ્યું હતુંને પ્રાયશ્ચિતમાં? પ્રાયશ્ચિત શુદ્ધ પરિણતિ છે નિર્મળ, પણ વસ્તુ પ્રાયશ્ચિતસ્વરૂપ છે એમ કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? એમાંથી પ્રાયશ્ચિતની પરિણતિ પ્રગટે વીતરાગી એને પ્રાયશ્ચિત વ્યવહારે કહીએ. નિશ્ચયથી તો પ્રાયશ્ચિતસ્વરૂપ જ ભગવાન છે. આહા..હા..! પ્રાયશ્ચિત-બહોળા જ્ઞાનનો દરિયો. પ્રાય એટલે બહોળું અને જ્ઞાન ચિત્ત એટલે જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો અહિંસાની વ્યાખ્યા કરવી છે જરી. રાગની અણુત્પત્તિ તે અહિંસા. એ અહિંસા એ પરિણતિ છે એની. પણ એ અહિંસા પરિણતિ ક્યાંથી આવી? એ અહિંસકસ્વરૂપ જ વીતરાગ છે ત્યાંથી આવી છે. દેવીલાલજી! સ્વરૂપ એ છે. અહિંસક પરિણતિ આવી એ અહિંસાસ્વરૂપ જ છે પોતે. ભગવાન વીતરાગસ્વરૂપ છે. વીતરાગસ્વરૂપ છે એ જ અહિંસા છે. આહા..હા..! એમાં કોઈને દબાવવું છે કે આ દબાવીને આમ કરવું છે એ ક્યાં છે? આહા..હા..! મહાવીરે કોઈનું ભલું કર્યું નથી અને કોઈનું ભૂંડું કર્યું નથી. આહા..હા..! એણે તો અહિંસક સ્વભાવ પ્રગટ કર્યો. આહા..હા..! એ અહિંસકસ્વભાવ જ જીવનો અનાદિથી છે. ભગવાન આત્માનું સ્વરૂપ જ અહિંસક છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ અહિંસકસ્વભાવ જ જીવનો, આત્માનો અહિંસકસ્વભાવ છે. અહિંસકસ્વભાવ એટલે વીતરાગ સ્વભાવ. વીતરાગ સ્વભાવ જ એનું અનાદિ સ્વરૂપ છે. આહા..હા..! તો એનો આશ્રય લઈને અને રાગનો આશ્રય છોડી દઈને. છોડવું એ પણ હજી વ્યવહાર છે. સ્વના આશ્રયે વીતરાગતા પરિણતિ કરવી એ અહિંસા છે, એમાં રાગ ઉત્પન્ન થતો નથી એટલે રાગને છોડે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપુ! ઓહો..હો...!

**શ્રોતા :—** આપ તો આધ્યાત્મિક ક્રાંતિ કરો છો. ઓલા સામાજિક ક્રાંતિ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સામાજિક ક્રાંતિ શેની? ક્રાંતો શેનો કર્યો? આકરી વાત છે, બાપા! સામાજિક ક્રાંતિ કરે કોણ? બીજા દ્રવ્યની ક્રાંતિ કરે કોણ? આહા..હા..! વ્યાખ્યાનમાં આવ્યા હતાને ત્યારે. બે વાર વ્યાખ્યાનમાં આવ્યા. એક ફેરી મુંબઈ. શ્રીમદ્નું જ્યાં સમાધિમરણ થયું હતુંને. આવ્યા હતા ત્યાં. ત્યાં વ્યાખ્યાન હતું ત્યારે આવ્યા હતા. વ્યાખ્યાન પૂરું થયું પછી આવ્યા હતા. અને એકવાર તો વ્યાખ્યાનમાં આવ્યા હતા ત્યાં રાજકોટ. પણ આ વાત.

ત્યાં એમ કહ્યું હતું કે 'પરને હું જીવાડી શકું છું, પરને સુખી કરી શકું છું' તે અજ્ઞાન અને મિથ્યાત્વભાવ છે. એને ન ગોઠ્યું. તે દિ' ત્યાં ન બોલ્યા. પણ કેટલા વર્ષ પછી નટવરભાઈ, બેચરભાઈનો દીકરો, એને કહ્યું કે એક મહારાજ મને મૂઢ કહેતા એ મહારાજ ક્યાં છે? આપણે તો ઓલા બંધ અધિકારમાં આવે છેને? પરને જીવાડી શકું, પરને સુખી કરી દઉં એ મૂઢ છે, અજ્ઞાની છે, મિથ્યાદષ્ટિ છે. ત્રણ બોલ આવે છે બંધ અધિકારમાં. એ તો એ વસ્તુસ્થિતિ કહી હતી. પણ એને કહે મને મૂઢ કહ્યો હતો એ મહારાજ ક્યાં છે? એ તો સામાન્ય વાત હતી. બંધ અધિકારમાં નથી! હું બીજાને જીવાડી શકું, બીજાને હું સુખી કરી શકું સમાજને, સુખના

સાધનો આપી શકું, મૂઢ છે, અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાતું બાપા આકરી!

વીર પરમાત્માની અહિંસા દુનિયામાં ક્યાંય છે નહિ એવી. જિનવરની અહિંસા. આહા..હા..! રાગની ઉત્પત્તિ ન થવી તે જ અહિંસા. આહા..હા..! એમાં પછી 'હું આને કરું, આને દઉં,' આહા..! એવી અહિંસા જેને દૃષ્ટિમાં નથી આવી. એ લોકો દૃષ્ટિના ભાન વિનાના અહિંસકદૃષ્ટિ વિના જે કાંઈ વ્રત, તપ આદિ કરે એ બધા મૂઢમાં જાય છે. હવે એને દુઃખ લાગે, તો એ દુઃખ લાગે તો એ તો એની માન્યતાને કારણે છે. દુઃખ દેવાનો ભાવ કાંઈ છે નહિ. સમજાય છે કાંઈ?

વસ્તુનું સ્વરૂપ એવું છે. જેને વીતરાગસ્વભાવ એવો અહિંસકસ્વરૂપ પ્રભુ આત્માનું એની જેને દૃષ્ટિ અહિંસક થઈ નથી, એ દૃષ્ટિ વિના જે કાંઈ રાગાદિ કરે એ તો હિંસા છે. વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે એ બધો રાગ છે, હિંસા છે. આહા..હા..! ધન્નાલાલજી! આ શરાફી ધંધો આ છે. આહા..હા..! ભગવાનની શરાફની પેઢી છે. શરાફે જે ઓલા ખોટા રૂપિયા આવેને તો શરાફ ચાલવા ન દે. જડી દે ત્યાં. ઉંબરો હોયને ઉંબરો. ઉંબરો શું કહે છે? લાકડું હોયને બારણાનું? ખોટો રૂપિયો આવે તો શાહુકાર ચાલવા ન દે. ત્યાં જડી દે. એવો પહેલાં નિયમ હતો. એ તો અત્યારે હવે. ત્યાં મોટા પહેલાનાં જે છેને? એને બારણા આગળ ત્યાં રૂપિયા જડેલા પડ્યા હોય. અત્યારે દેખાય છે. ૫૦ વર્ષ, ૬૦ વર્ષ પહેલાં. શાહુકાર ખોટો રૂપિયો કાંઈક આવ્યો હોય એને ખબર પડી, એને પાછો ન આપે. લાકડાની સાથે જડી દે. એટલે આઘો ચાલે નહિ. શેઠ! શું કહે છે? ...આહા..હા..!

'**તેઓ, નિરંતર રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા,...**' ભાષા તો જુઓ! ઓહો..હો..! આ મિથ્યાત્વસંબંધીના રાગ-દ્વેષની વાત છે હોં! પોતાના સ્વરૂપમાં ભગવાન શુદ્ધનયસ્વરૂપ છે. વસ્તુ એ શુદ્ધનયસ્વરૂપ છે એમ કીધુંને ૧૧મી ગાથામાં. ૧૧મી ગાથા. શું કીધું ત્યાં? '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' બીજું પદ. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो**' ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ ભૂતાર્થ તે શુદ્ધનય એને કહીએ. એ વસ્તુને શુદ્ધનય કહીએ. આહા..હા..! શુદ્ધનયની પરિણતિ પ્રગટી, પણ એનો વિષય છે એ પોતે જ શુદ્ધનય છે કહે છે. આહા..હા..!

જેમ અહિંસક રાગ વિનાની દશા પ્રગટી. અહિંસક. સમ્યગ્દર્શન આદિ વીતરાગી પરિણતિ અહિંસક છે. એ અહિંસકસ્વરૂપ જ છે એમાંથી પ્રગટ્યું, એના આશ્રયે પ્રગટ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું પડે માણસને પણ શું થાય ભાઈ! આવી વાત! પરિણામને અંતરમાં વાળ્યા વિના કોઈ રીતે વસ્તુ એને ભાનમાં નહિ આવે. જ્યાં વસ્તુ છે ત્યાં પરિણામને વાળ્યા વિના એ વસ્તુનું જ્ઞાન કેમ થાશે? સમજાણું કાંઈ? આહા..હા..! મીઠાલાલભાઈ! સમજાણું આ? હવે આ બધું સમજવું મુશ્કેલ પડે ગુજરાતીવાળાને, મારવાડીવાળાને. આહા..હા..! બાપુ માર્ગ તો આ છે, ભાઈ!

અનંત તીર્થંકરોએ, વીતરાગ પ્રભુએ આ માર્ગ કહ્યો છે. આહા..હા..! ભગવાનને વાણી નીકળે છે તે ઇચ્છા વિના નીકળે છે. આહા..હા..! અને મુનિઓને જે વાણી હોય છે ત્યાં આગળ વિકલ્પ છે. આહા..હા..! ગજબ વાત છેને. છદ્મસ્થ છે રાગવાળા પ્રાણી, એની જે ઉપદેશ શૈલીમાં તો રાગ આવે જ તે. આહા..! અરેરે..! અને એ એટલી હિંસા છે. આહા..હા..!

હવે કોઈ એમ કહે કે એટલો રાગ છે એ હિંસા છે, તો એ રાગ દ્વારા તમારે અહિંસાને સમજાવું છે? ભાઈ! એમ ન બોલાય. એ રાગ દ્વારા જે વસ્તુ છે એ કહેવામાં આવે છે. સમજાય છે? એમ કે આ નિમિત્તથી થાય નહિ, પાછા તમે નિમિત્તો દ્વારા 'નિમિત્તથી થાય નહિ' એ તો સમજાવો છો તમે. આ મોટા આવા બંગલા ૨૬-૨૬ લાખના. લાખો પુસ્તકો ૧૪-૧૪, ૨૦-૨૦ લાખ. પુસ્તકો ૨૦ લાખ કોઈ દિ' થયા હશે નહિ બીજા કોઈને. શેઠ! ૨૦ લાખ. ૧૪ લાખ આપણે અહીં છપાણા, ૬ લાખ જયપુર. હુકમચંદજી. ૨૦ લાખ. એ આટલા વર્ષમાં જે થોડા વર્ષમાં. એ તમે નિમિત્ત દ્વારા નિમિત્ત કાંઈ કરતું નથી એનું તમારે સમજાવું છે. એમ કહે. અરે..! ભગવાન!

ઉપદેશમાં વિકલ્પ હોય એથી એ તે વિકલ્પ દ્વારા વીતરાગતા બીજાને સમજાવી છે તારે? કહે છે. અરે..! સાંભળને બાપુ! ભાઈ! વીતરાગને તો ઇચ્છા નથી. એને ૐ ધ્વનિ વીતરાગમાં ઉત્પન્ન થાય છે. આહા..! નીચલા છદ્મસ્થ જીવને તો ઉપદેશમાં રાગ આવે ચારિત્રમોહનો દોષ છે. આહા..હા..! અને એ ચારિત્રમોહના દોષથી જગતને સત્ય સમજાવવું છે? એમ કહે તો. અરે..! ભાઈ! આવા તત્ત્વ છે. વાત એ છે. બાપુ! એમ ન લેવાય. સમજાય છે કાંઈ? એનો ઉપકાર લેવાય કે ઓહો..!

અહીં તો કહે છે ઉદ્ધત જ્ઞાન. કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત્ત જ્ઞાન. આહા..હા..! ઉન્નત્ત જ્ઞાન. જેનું લક્ષણ એવા શુદ્ધનયમાં રહીને જેઓ સદાય અભ્યાસ કરે છે આત્માનો. આહા..હા..! વિકલ્પ હોવા છતાં સ્વભાવ તરફની એકાગ્રતાનો જ પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? ભારે વાતું, બાપા! તમે તો દોષ કરો છો ઉપદેશમાં. વીતરાગમાર્ગને તમારે પ્રરૂપવો છે? એમ કોઈ કહે. ભગવાન એમ ન બોલાય. એમ કહેવાય નહિ. આહા..હા..! એ પાંચમામાં કહ્યું ને?

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।
जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।

આહા..હા..! એને તું બીજું કરીશ નહિ કે આ બોલવામાં પહેલી વિભક્તિ હતીને આમ કર્યું, ફલાણું થયું. એનું તને જ્ઞાન હોય કદાચ તો તને લાગે, પણ છળ ગ્રહીશ નહિ, બાપુ! આહા..હા..! અનુભવની જે વાત કરે છે એ અનુભવ કરજે પ્રમાણમાં. આહા..હા..! અનુભવ કરીને પ્રમાણ કરજે એમ કીધું છે. એ વ્યાકરણ અને સંસ્કૃતની ભાષામાં ફેર પડ્યો હોય તો એને ગ્રહણ કરીશ નહિ. આહા..હા..! અને આ રીતે પણ અમને રાગ આવ્યો માટે થાય છે એમ ગ્રહીશ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! ટીકામાં તો આટલું લીધું છે, વ્યાકરણ

અને સંસ્કૃતમાં કોઈ શબ્દમાં ફેર આવી જાય બોલવામાં, એનો તેને ખ્યાલ હોય. અમારો આશય અનુભવ કરાવાનો છે. આહા..હા..! પ્રમાણ કરીને અનુભવ કરાવાનો છે. આહા..હા..!

**શ્રોતા :—** ધોખાબાજી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધોખાબાજી નથી. અરેરે..! વાતું કેવી!

આવેને આઠમી ગાથામાં? .. ભાષા વિના જાણી ન શકે, એમ વ્યવહાર વિના પરમાર્થ ન સમજાવાય. ત્યારે એમાંથી પકડે કે જુઓ, વ્યવહારથી સમજાય છે કે નહિ? એ આવે છે પણ એને અનુસરવું નહિ. કહેનાર અને સાંભળનાર બેયને અનુસરવું નહિ એમ આવે છે ૮મી ગાથામાં. આહા..હા..! આચાર્યોએ તો ગજબ કામ, વીતરાગી સંતોએ તો. ઓહો..હો..! અનાર્યને ન સમજાવાય. એમ જે જીવ સમજવા માગે છે એને વ્યવહારના ભેદ વિના સમજાવાય નહિ, પણ ભેદ પાડીને સમજાવે છે માટે ભેદ ઉપર લક્ષ રાખવું એમ નથી. વ્યવહારને અનુસરવો નહિ એમ કહ્યું છે ત્યાં. આહા..હા..! પણ ભેદ વ્યવહારથી સમજાવવો અને વ્યવહારને અનુસરવો નહિ? પણ એને બીજો ઉપાય નથી. વ્યવહારને કહેનાર અને સાંભળનારને અનુસરણ ન કરવું એમાં છે ૮મી ગાથામાં. આહા..હા..! બાપુ! શૈલી તો એવી વાત છે. આહા..હા..!

આવા **'રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા,...'** આવ્યું જુઓ. **'बन्धविधुरं समयस्य सारम्'** બંધથી વિધુર સમયસાર. બંધથી રહિત છે. વિધુર નથી કહેતા? સ્ત્રી મરી જાય તો વિધુર થયો એમ કહે. ધણી મરી જાય તો વિધવા કહે. એમ અહીં **'बन्धविधुरं'** બંધથી નાશ થઈ ગયો જેને. આહા..હા..! એવા **'બંધરહિત એવા સમયના સારને...'** આહા..હા..! બંધના અભાવસ્વરૂપ એવો સમયસાર. આહાહા..! **'(અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને) દેખે છેઅનુભવે છે.'** આહાહા..! ચૈતન્યના પ્રકાશનું અનંતપુર છે આ. પર્યાય છે વર્તમાન સમય પૂરતી, પણ એ જોવે છે અનંત પ્રકાશના પૂરને. સમજાણું કાંઈ? એમાં એકાગ્રતાનો અભ્યાસ કરે છે એ.

અને એવા જીવો **'રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા, બંધરહિત એવા સમયના સારને...'** પામે છે. આહા..હા..! શુદ્ધ આત્માને પામે છે અને પૂર્ણ શુદ્ધ આત્મા કેવળજ્ઞાનને એ પામી જાય છે અંતરમાં એકાગ્ર થઈને. વિશેષ કહેવાશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ-૫, શુક્રવાર, તા. ૨૬-૧૧-૧૯૭૬,**
**કળશ-૧૨૦-૧૨૧, પ્રવચન નં. ૨૪૩**

આ સમયસાર. આસ્રવ અધિકાર ચાલે છે, એનો ભાવાર્થ. ૧૨૦ કળશનો ભાવાર્થ છેને? **'અહીં શુદ્ધનય વડે એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું છે.'** હવે શું આમાં સમજે? શેઠ! આમ કહ્યું. આ વાંચીને શું સમજે? **'અહીં શુદ્ધનય વડે એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું છે.'** એટલે શું? **'હું કેવળજ્ઞાનસ્વરૂપ છું,...'** એવી અંતર દૃષ્ટિ કરવી.

**શ્રોતા :—** કાંઈ સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ? હું તો જ્ઞાનસ્વરૂપ છું. રાગ નહિ, અલ્પજ્ઞ નહિ, પરનો સંબંધ મને કાંઈ છે જ નહિ. આહા..હા..!

**શ્રોતા :—** અત્યારે વર્તમાનમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વર્તમાનમાં. રાગથી ભિન્ન થઈને પોતાનું જ્ઞાનસ્વરૂપ જ હું ચિદાનંદ સ્વરૂપ છું એવું.. છે? **'શુદ્ધ છું...'** જ્ઞાનસ્વરૂપ છું પણ પવિત્ર છું. બિલકુલ અશુદ્ધતા કે અપવિત્રતા મારી ચીજમાં નથી. એવા જે સમ્યગ્દૃષ્ટિ **'એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય.'** લ્યો ઠીક! નહિતર શુદ્ધનય તો ત્રિકાળી છે, પણ એનું પરિણમન કરવું તેને અહીં શુદ્ધનય કહેવામાં આવ્યું છે.

**શ્રોતા :—** ત્યારે શુદ્ધનય જાણ્યું કહેવાયને? પરિણમન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** થાય ત્યારે જાણ્યું છેને. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ! આ તો જિનેન્દ્રદેવ, એમાં પણ દિગંબર સંતો. આહા..હા..! ક્યાંય છે નહિ વાત એવી.

કહે છે કે **'શુદ્ધવય વડે...'** ધર્મીને એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું. એનો અર્થ શું? હું તો કેવળજ્ઞાન, કેવળ એટલે પર્યાય નહિ, એકલું જ્ઞાનસ્વરૂપ છું અને હું શુદ્ધ છું, પવિત્ર છું, પુણ્ય અને પાપના ભાવ પણ મારામાં નથી. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ શુભરાગ એ પણ મારામાં નથી. હું તો શુદ્ધ છું. આહા..હા..! **'એવું જે આત્મદ્રવ્યનું પરિણમન...'** એવું જે આત્મવસ્તુનું પર્યાયમાં પરિણમન, એવી અવસ્થાનું થવું, શુદ્ધ અવસ્થાનું થવું-જ્ઞાનસ્વરૂપનું પરિણમન જ્ઞાનરૂપે થવું, એનું નામ શુદ્ધનય કહેવામાં આવે છે અહીંયાં. કહો, શેઠ! પહેલો પ્રશ્ન તમારો હતોને કે પર્યાય... આહા..હા..!

આવી વાત ક્યાંય બીજે છે નહિ. દિગંબર સંતો ભાવલિંગી એ સિવાય ક્યાંય આ વાત છે નહિ. બધી વિપરીત વાત છે બધે. આહા..હા..! આ તો કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. દિગંબર સંત. આહા..હા..! મોરપીંછી, કમંડળ. આત્માના આનંદની મસ્તી. અતીન્દ્રિય આનંદની મસ્તી. આહા..હા..! એ ભગવાન પાસે જઈને આઠ દિન રહ્યા. ત્યાંથી આવીને આ

સમયસાર બનાવ્યું છે. આહા..હા..! આ ભગવાનનો સંદેશ છે. આહા..હા..! સૂક્ષ્મ છે, ભગવાન!

**શ્રોતા :—** શ્વેતાંબર પણ કહે છે કે આ ભગવાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શ્વેતાંબરને ક્યાં છે? શ્વેતાંબર તો બધા.. આપણે કોઈને દુઃખ લાગે એવું નહિ કહેવું, પણ શ્વેતાંબર તો.. મોક્ષમાર્ગ પ્રકાશકમાં ટોડરમલે કહ્યું છે, અન્યમતિ છે, એ જૈનમત જ નથી. શેઠ! ટોડરમલ મોક્ષમાર્ગ પ્રકાશ, પાંચમો અધ્યાય. એમાં લીધું છે. આખું વેદાંત, શ્વેતાંબર, આ સ્થાનકવાસી ઢુંઢીયા, તેરાપંથી આ છેને શ્વેતાંબરમાં તેરાપંથી છે, એ તુલસી. બધાને અન્યમતિમાં નાખ્યા છે. આહા..હા..!

**શ્રોતા :—** એવું એમાં લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છેને. આ અન્યમતિ... સેંકડોવાર વાંચ્યું છે અહીં તો ધંધો જ જિંદગીમાં.. ઘરની દુકાન હતી. દુકાન ઉપર મેં બધા શાસ્ત્રો વાંચ્યા છે શ્વેતાંબરના. અમે શ્વેતાંબર હતાને. સ્થાનકવાસી હતા, મૂર્તિવાળા. પછી તો અંદરથી આવ્યું કે આ માર્ગ છે નહિ. આ માર્ગ સાચો નથી. ભાઈએ તો મોટી દીક્ષા દીધી હતી ઘરે. ૬૩ વર્ષ થયા. આ માગસર સુદ નોમે ૬૪ વર્ષ બેઠશે. આજે પાંચમ છેને. માગશર સુદ નોમ. ચાર દિ' રહ્યા. ૬૩ વર્ષ દીક્ષા લીધી એને પૂરા થશે. ૬૪મું વર્ષ બેઠસે. સાડા ત્રેવીસ વર્ષે દીક્ષા લીધી. ૮૦ અને ૭ ચાલે છે. ૮૭મું વર્ષ ચાલે છે. ૯૦માં ત્રણ ઓછા. એ તો શરીર દેખાવડું છે તો એટલું દેખાતું નથી. બાકી વર્ષ તો ૯૦માં ત્રણ ઓછા ૮૭ વર્ષ છે. ખરેખર તો ગર્ભના તો ૮૮મું ચાલે છે. ભગવાન તો જન્મ પછી નથી ગણતા. ભગવાન તો માતાના પેટમાં આવ્યા ત્યારથી આયુષ્ય ગણે છે. સવા નવ મહિના. આહા..હા..! ગર્ભમાં આવ્યા ત્યારથી ગણે છે. તો ૮૮મું ચાલે છે. આહા..હા..! શાસ્ત્ર તો અમે દુકાન ઉપર વાંચતા હતા. ઘરની દુકાન ગુજરાતમાં હતી. અત્યારે પણ દુકાન ચાલે છે. ૬૪ વર્ષ તો દીક્ષીત થયા એને થયા. ૬૩ પૂરું અને ૬૪મું ચાલે છે.

એ કહે છે જુઓ, પાઠમાં છેને? અધિકાર પાચમો અન્યમત-નિરાકરણ, મોક્ષમાર્ગ પ્રકાશક. એમાં લખ્યું છે જુઓ, અન્યમત-નિરાકરણ. અન્યમતમાં શ્વેતાંબર. કારણ કે એ દિગંબરમાંથી ભગવાન પછી ૬૦૦ વર્ષે નીકળ્યો છે. વસ્ત્રથી મુક્તિ થાય છે, સ્ત્રીને મુક્તિ થાય છે, ભગવાનને રોગ થાય છે, ભગવાનને બે માતા, બે પિતા છે—એવો નવો પંથ કાઢ્યો. આ દિગંબર પંથ તો અનાદિ સનાતન જૈનદર્શન છે. આહા..હા..! પણ ઝીણું સૂક્ષ્મ બહુ, ભાઈ! છે? મોક્ષમાર્ગપ્રકાશક. અન્યમત નિરાકરણ, એમાં શ્વેતાંબરમાં નિરાકરણ. ૧૪૮મું પાનું છે.

એમાં સ્થાનકવાસી પેટા ભેદ છે. મુહપતિવાળા. એ પછી આવશે. અન્યમત-નિરાકરણ, ઢુંઢકમત- નિરાકરણ. અમે તો એમાં હતાને. એ જૈનધર્મ નથી. ઘણી વાત કરી. હજારો બોલ ફરી ગયા. આ તો સનાતન અનાદિ છે. માર્ગ સર્વજ્ઞનો કહેલો એ માર્ગ કુંદકુંદાચાર્યે કહ્યો. સમજાણું કાંઈ? જુઓ આ ઢુંઢકમત- નિરાકરણ. ૧૬૧ પાનું છે. એ બધા અન્યમત-નિરાકરણ છે.

અહીંયાં કહે છે... આહા..હા..! ભગવાન આત્મા વિજ્ઞાનઘન, નિર્મળ વિજ્ઞાનઘનસ્વરૂપ છે.

જેમ શિયાળાના દિવસોમાં જે ઘી થાયને ઘી? પહેલાં. અત્યારે તો ભેળસેળ ઘણું થઈ ગયું. શિયાળાના દિવસોમાં માગશર-પોષ મહિનામાં. એમાં ઘી એવા આવતા હતા નિર્દોષ ઘન કે જેમાં આંગળી તો ન પ્રવેશે, પણ ખુરપો પણ અંદર જાય તો વળી જાય એવું ચોખ્ખું ઘી આવતું હતું. અત્યારે તો બધી ગડબડ થઈ ગઈ. શું કહેવાય? ભેળસેળ. ઘીમાં બનાવટ આ શું કહેવાય તમારે. મિલાવટ વનસ્પતિ. વેજીટેબલ. ચોખ્ખા ઘી નહિ. ઓલા તો ચોખ્ખા. ઘન જેમાં આંગળી ઘૂસે નહિ અને આંગળીમાં ફાંસ વાગી જાય. ઘીની ફાંસ અને ખુરપો તો માંડ-માંડ ઘુસે; એમ ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે એમાં વિકલ્પનો-શરીરનો તો પ્રવેશ નથી, કર્મનો પ્રવેશ નથી, પણ દયા, દાનના વિકલ્પનો એમાં પ્રવેશ નથી. આહા..હા..! આવો માર્ગ છે ભગવાનનો.

કુંદકુંદાચાર્યનો પોકાર છે. જગત પાસે જાહેર છે. કુંદકુંદાચાર્ય તો આડતિયા તરીકે માલ આપે છે. માલ ભગવાનનો છે. સમજાણું કાંઈ? કહે છે કે હું તો શુદ્ધ કેવળ જ્ઞાનસ્વરૂપ. કેવળ એટલે કેવળજ્ઞાન પર્યાય નહિ, એકલું જ્ઞાનસ્વરૂપ છું, જ્ઞાનઘન છું અને હું શુદ્ધ છું, પવિત્ર છું. એવું આત્મદ્રવ્યનું પરિણમન, આત્મદ્રવ્યની અવસ્થા નિર્વિકારી, શુદ્ધ પવિત્ર પરિણમન થવું એનું નામ શુદ્ધનય છે. દ્રવ્યને શુદ્ધનય કહ્યું ૧૧મી ગાથામાં, પણ અહીંયાં એનું પરિણમન શુદ્ધનયથી જણાયું તો શુદ્ધનય કહેવામાં આવ્યું. આહા..હા..! શાંતિભાઈ! આવી ઝીણી વાતું છે આ બધી. આહા..હા..! સૂક્ષ્મ વાત છે. ભગવાન આત્મા વીતરાગસ્વરૂપી આત્મા છે. એનો સ્વભાવ, શક્તિ, સામર્થ્ય તો વીતરાગસ્વરૂપ જ છે. એ વીતરાગસ્વરૂપનું પરિણમન પર્યાયમાં આવવું. વ્યવહારરત્નત્રય છે એ તો રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના વિકલ્પ, શાસ્ત્રનું જાણપણું એ તો બધો વિકલ્પ રાગમાં આવ્યું. એનાથી ભિન્ન થઈને... આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છે એવા પવિત્ર છે, એવું દ્રવ્ય એટલે આત્મા પોતાનું પરિણમન એવું કરે એને શુદ્ધનય કહે છે, એને મોક્ષનો માર્ગ કહે છે. લિંગ, ફિંગ અને પંચમહાવ્રત કોઈ મોક્ષનો માર્ગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ તે શુદ્ધનયના પરિણામ. આહા..હા..! એ કહ્યાને? **'આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય. આવા પરિણમનને લીધે વૃત્તિ જ્ઞાનમાં વળ્યા કરે...'** ભગવાનસ્વરૂપ ચિદ્ઘન આત્મા, એવા પરિણમનને કારણે, એ પરિણમન દ્રવ્યની સન્મુખ થાય છે. આહા..હા..! છે? **'જ્ઞાનમાં વળ્યા કરે...'** ઉન્મુખ નામ સન્મુખ. **'અને સ્થિરતા વધતી જાય...'** છે. આહા..હા..! આનંદની દૃષ્ટિ થઈ ત્યારે સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ આવ્યો. આહા..હા..! પછી આનંદ વધતો જાય છે અંતરમાંથી. એ શુદ્ધતા વધે છે એનું નામ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. ઝીણી વાત બહુ અત્યારે તો... આહા..હા..!

એ વીરવાણીમાં ઘણું આવ્યું છે, ભાઈ! એમ કે અત્યારે સાધુમાં શિથિલપણું થઈ ગયું છે. કાંઈ મેળ રહ્યો નથી કોઈ. એમ ને એમ નગ્નપણું બધાને દીક્ષા આપી દે છે. શાહુજીએ

ધર્મસાગરને ભલામણ કરી છે, એવું આવ્યું છે. હવે કાંઈ કરો. આ બધું પોલંપોલ ચાલે છે બધું. આહા..હા..! વીતરાગ મુનિપણું કેવું છે એની તો વાત ક્યાં રહી? પણ સમ્યગ્દર્શન કેવું છે અને કેમ છે? સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ એ બધા એકડા વિનાના મીંડા છે. એકડા વિનાના મીંડા. આહા..હા..! એ સમ્યગ્દર્શન આ. ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદનું પરિણમન પર્યાયમાં આવવું, નિર્મળ વીતરાગી પર્યાય વીતરાગસ્વરૂપ છે એની વીતરાગી પર્યાય થવી. આહા..હા..! એમાં પછી '**જ્ઞાનમાં વળ્યા કરે અને સ્થિરતા વધતી જાય તે એકાગ્રતાનો અભ્યાસ.**' આ એકાગ્રતાનો અભ્યાસ. આહા..હા..! રાગ આવે છે, હોય, પણ એનાથી એકાગ્રતા થવી એ તો વિકાર છે. આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન ભગવાન. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવી જે ચીજ છે એ તરફ એકાગ્રતા થવી, શુદ્ધનયનું પરિણમન એને કહેવામાં આવે છે, એનું નામ મોક્ષનો માર્ગ છે. આહા..હા..!

'**શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે...**' બીજો પેરેગ્રાફ. એ શુદ્ધનય શું છે? કે ભાવશ્રુતજ્ઞાનનો એક અંશ છે. ભાવશ્રુતજ્ઞાન જેને આત્માનો અનુભવ થાય એની પર્યાયમાં ભાવશ્રુત આવ્યું છે. દ્રવ્યશ્રુત શબ્દ નથી, વાણી નહિ, એ તો પર છે. અંતરમાં સ્વરૂપની દૃષ્ટિ થવાથી ભાવશ્રુતજ્ઞાન પર્યાયમાં પ્રગટે છે એની સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહા..હા..! છે?

'**શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે તેથી તે અપેક્ષાએ શુદ્ધનય દ્વારા થતો શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ પરોક્ષ છે.**' એટલે આત્મા એમાં પ્રત્યક્ષ નથી દેખાતો, પ્રત્યક્ષ તો કેવળજ્ઞાન થાય તો દેખાય, પણ અનુભવમાં પ્રત્યક્ષ થાય છે. આનંદના વેદનમાં આત્મા આનંદ પ્રત્યક્ષ વેદે છે. આહા..હા..! હું આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું, એવી દૃષ્ટિ થઈ તો પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું વ્યક્તપણું, પ્રગટપણું વેદનમાં આવ્યું. આહા..હા..! એનું નામ ભાવશ્રુતજ્ઞાન કહે છે, આહા..હા..! અને એ જૈનશાસન છે. સમજાણું કાંઈ?

૧૪-૧૫ ગાથામાં આવ્યુંને? '**जो पस्सदि अप्पाणं**' જે કોઈ આત્મા, પોતાના આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે, કર્મથી સંબંધ નહિ, રાગથી સંબંધ નહિ. આહા..હા..! અને એમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી. એકલો અબદ્ધ અર્થાત્ મુક્તસ્વરૂપ ભગવાન આત્મા છે અંદર. એને જે '**पस्सदि**' જે દૃષ્ટિથી, શુદ્ધોપયોગથી દેખે છે એ શુદ્ધોપયોગ જૈનશાસન છે. સમજાણું કાંઈ? એ ૧૫મી ગાથા.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।
जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

આહા..હા..! વીતરાગભાવથી આત્માને જે દેખે છે, શુદ્ધોપયોગથી જે આત્માને જાને છે, માને છે એ શુદ્ધોપયોગને જૈનશાસન કહેવામાં આવે છે. રાગ વચ્ચે આવે એ જૈનશાસન નથી,

એ તો વચ્ચે દોષ છે. આહા..હા..! આવી વાત છે, શાંતિભાઈ! બધું અત્યાર સુધી બધા ગોટા વાળ્યા બધાએ. જ્યાં હોય ત્યાં બેસીને પછી પ્રરૂપણા કરી હોય બધી. મોઢા આગળ અગ્રેસર બનાવે. કાર્યકર્તા ખરાને? પણ ત્યાં તો હોય એ હોયને. બીજું શું હોય? આહા..હા..!

**શ્રોતા :—** સભા એવી હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સભા તો... આહા..હા..! ભાઈએ લખ્યું છે ને કૈલાસચંદજીએ. અત્યારે સમ્યગ્દર્શન વિના વ્રત, તપ વૃથા એવો ઉપદેશ જ નથી ચાલતો. કૈલાસચંદજીએ જૈનસંદેશમાં. પોતાનો સમ્યગ્દર્શન અનુભવ, આનંદનું વેદન અનુભૂતિ એનું નામ સમ્યગ્દર્શન. તો સમ્યગ્દર્શન વિનાના વ્રત અને તપ બધા નિરર્થક છે એવો ઉપદેશ કોઈ સાધુ કરતા નથી, એમ લખ્યું છે. વાત સાચી છે. થોડું-થોડું લખાણ ઠીક આવે છે. ત્રણ લેખ આવ્યા છે. ત્રણ લેખ ઠીક આવ્યા છે. આહા..હા..! કોઈ વ્યક્તિનું કે આ વસ્તુનું સ્વરૂપ એવું છે. પ્રથમ ધર્મ સમ્યગ્દર્શન છે. જો સમ્યગ્દર્શન ન હોય તો સમ્યગ્જ્ઞાન પણ નથી અને ચારિત્ર પણ નથી. આહા..હા..! સમ્યગ્દર્શન વિનાના વ્રત અને તપ બંધનું કારણ એકાંત અજ્ઞાનમયભાવ છે, એ સંસાર છે. આહા..હા..!

અહીં એ કહે છે '**શુદ્ધનય દ્વારા થતો શુદ્ધ સ્વરૂપનો અનુભવ...**' અંદર ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ થવો એ પરોક્ષ છે. '**વળી તે અનુભવ એકદેશ શુદ્ધ છે...**' આત્માનો અનુભવ થવો એ એક અંશે શુદ્ધ છે, પૂર્ણ શુદ્ધ નથી. '**તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે.**' જુઓ, આહા..હા..! વસ્તુ આમ પ્રત્યક્ષ જોવામાં નથી આવતી. અસંખ્ય પ્રદેશી આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એ પ્રત્યક્ષ તો કેવળજ્ઞાની દેખે છે, પણ નીચે સમ્યગ્દર્શનમાં પરોક્ષ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ અને શ્રુતજ્ઞાનનો પેટાભેદ શુદ્ધનય એની અપેક્ષાએ અહીંયાં પૂર્ણસ્વરૂપે બધા ભાવ પ્રતીતમાં આવે છે, પણ વેદનની અપેક્ષાએ તો પ્રત્યક્ષ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને નિર્વિકલ્પ આનંદનું વેદન થાય છે એ પ્રત્યક્ષ આનંદ પોતાથી વેદે છે, એ અપેક્ષાએ પ્રત્યક્ષ છે. વ્યવહારે પ્રત્યક્ષ કહેવામાં આવે છે. આહા..હા..! આવો માર્ગ હવે. આહા..હા..!

'**તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે. સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.**' જુઓ, શેઠ! શું આવ્યું?

**શ્રોતા :—** સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઠીક! કેવળજ્ઞાન તો પર્યાય છે. એ શુદ્ધનય છે એ તો પવિત્ર દૃષ્ટિ છે અને પવિત્ર દૃષ્ટિનો વિષય જે પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે. તો ખરેખર પૂર્ણાનંદસ્વરૂપ છે એ શુદ્ધનય છે. પણ અહીં તો કહે છે કે શુદ્ધનય એ છે. ૧૧મી ગાથામાં કહ્યુંને? '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ૧૧મી સમયસાર. ભૂતાર્થ ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મા એને અમે શુદ્ધનય કહીએ છીએ. પણ એ શુદ્ધનય છે એવું અનુભવમાં આવ્યા વિના એ શુદ્ધનય છે એ આવ્યું ક્યાંથી? એમ કહે છે. સમજાણું કાંઈ? આ નવું પુસ્તક છેને. પહેલામાં ચિહ્ન કરેલું

છે. પહેલું વાંચ્યું છે. સાક્ષાત્ શુદ્ધનય અર્થાત્ પૂર્ણ પવિત્રતાનું પરિણમન તો કેવળજ્ઞાન થતાં થાય છે. સાક્ષાત્ પૂર્ણ પવિત્રતાનું પરિણમન પર્યાયમાં કેવળજ્ઞાન થતાં થાય છે. તો અહીંયાં એ કહ્યું કે સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે. સમજાણું કાંઈ? કેમકે ભૂતાર્થ જે ત્રિકાળી વસ્તુ છે એને શુદ્ધનય કહ્યું, પણ ત્રિકાળી વસ્તુ પ્રત્યક્ષ જ્યારે થાય છે પર્યાયમાં, ત્યારે સાક્ષાત્ પૂર્ણ શુદ્ધનય થયું. આહા..! જરી ઝીણી વાત છે.

**શ્રોતા :—** કેવળજ્ઞાનમાં નય ક્યાંથી આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પૂર્ણ થયું એ નય કીધું એમ. ત્યાં એને તો ક્યાં? એ તો પ્રમાણ છે. પણ કેવળજ્ઞાનમાં પૂર્ણશુદ્ધ પરિણમન થયું એને શુદ્ધનયનું પરિણમન થયું એમ કહેવામાં આવે છે. ઝીણી વાત છે. બે ઠેકાણે આવશે. શું કહ્યું? હવે આવો તે ઉપદેશ કઈ જાતનો? ભક્તિ કરવી, જાત્રા કરવી, વ્રત પાળવા, અપવાસ કરવો એ તો સમજાય.

**શ્રોતા :—** એવો ખોટો ઉપદેશ ઘણા વર્ષ કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બાપુ! એ તો વિકલ્પ રાગ છે. અશુભથી બચવા એવો શુભરાગ આવે છે, પણ એ ધર્મ નથી. આહા..હા..! જૈનદર્શનનો ધર્મ જે સમ્યક્ એ નથી. આહા..હા..! જૈનદર્શન સમ્યગ્દર્શન એને કહીએ કે જે શુદ્ધ ચૈતન્ય પૂર્ણવસ્તુ છે એનો ભાવશ્રુતજ્ઞાનમાં પરોક્ષ રીતે અનુભવ થવો. અનુભવ છે એ તો પ્રત્યક્ષ વેદન છે, પણ એનો અનુભવ એટલે જે પૂર્ણ છે એને અનુસરીને થવું એનું નામ શુદ્ધનય કહેવામાં આવે છે. આહા..હા..! હજી તો વાત સમજવી કઠણ પડે. આહા..!

**'સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.'** જોયું! એકકોર ભૂતાર્થને શુદ્ધનય કહે. ત્રિકાળ આનંદકંદ પ્રભુ સત્યાર્થ ત્રિકાળી એક સમયની પર્યાયને પણ ગૌણ કરીને અભૂતાર્થ કહ્યો છે અને ત્રિકાળી ચીજને મુખ્ય કરીને નિશ્ચય શુદ્ધનય કહ્યું છે. અહીંયાં એ શુદ્ધનય છે તો એ, પણ અનુભવમાં આવ્યો ત્યારે આ શુદ્ધનય છે, આત્મા છે એવો ખ્યાલ આવ્યો. સમજાણું કાંઈ? અંતરમાં રાગથી, વિકલ્પથી પૃથક્ થઈને શુદ્ધ ચૈતન્યઘનમાં એકાગ્રતા થવી, એ પરિણતિ જે છે એ શુદ્ધનય કહેવામાં આવી અહીંયાં તો. કેમકે પરિણતિથી પરિણામી પદાર્થ પરમભાવ પકડમાં આવ્યો. શું કહ્યું સમજાણું? શુદ્ધનયને પરિણતિ, વીતરાગી પરિણતિ પર્યાય છે, એમાં શુદ્ધ ચૈતન્ય પક્કડમાં આવ્યો. છે તો એ શુદ્ધનય, પણ શુદ્ધ જે છે એવી પવિત્ર દૃષ્ટિથી પક્કડમાં આવ્યો તો એ પવિત્ર દૃષ્ટિને શુદ્ધનય કહેવામાં આવી. આવો માર્ગ છે.

**શ્રોતા :—** ત્રિકાળી શુદ્ધજ્ઞાન પરોક્ષ છે અને જ્ઞાયક પ્રત્યક્ષ જણાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પરોક્ષ તો પર્યાયની અપેક્ષાએ કહ્યું. વસ્તુ તો છે એ છે, પણ શ્રુતજ્ઞાન દ્વારા જાણવામાં આવ્યું તો એ શ્રુતજ્ઞાન પરોક્ષ છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે તો એનો અંશ જે શુદ્ધનય એ પણ પરોક્ષ છે, તો એને જે જાણવામાં આવ્યું એ પરોક્ષ જણાયું, પ્રત્યક્ષ અસંખ્ય પ્રદેશમાં અનંતગુણ છે એવું પ્રત્યક્ષ નથી થયું. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કેવળજ્ઞાન પ્રત્યક્ષ. અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા છે. શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન. એ અસંખ્ય પ્રદેશી. એ સાંભળ્યું ન હોય.

જેમ સાંકળ હોય છેને સાંકળને શું કહે છે? ચેન-ચેન. ચેનના મકોડા હોય છેને એક હજાર કે. તો એ મકોડા છે એ પ્રદેશ, સાંકળી છે એ દ્રવ્ય અને મકોડામાં સોનાપણું છે એ એનો ગુણ. મકોડો છેને? એ એનો ગુણ. સોનાપણું, પીળાશપણું એ ગુણ અને મકોડો એ પ્રદેશ અને આખી સાંકળી દ્રવ્ય. એમ ભગવાન આત્મા આખો આત્મા એ દ્રવ્ય અને એમાં અસંખ્ય પ્રદેશી તે એના મકોડા. અને દરેક મકોડામાં જ્ઞાન, આનંદ આદિ ગુણ. ભગવાન જાણે શું દ્રવ્ય-ગુણ-પર્યાય એનો ખ્યાલ પણ નથી અને એને ધર્મ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

દ્રવ્ય, ગુણ અને પર્યાય. અનંતા ગુણનું એકરૂપ તે દ્રવ્ય અને એ દ્રવ્યનો સ્વભાવ અને શક્તિ એ ગુણ અને એ ગુણની વર્તમાન પરિણતિ એ પર્યાય. દ્રવ્ય, ગુણ અને પર્યાયની ખબર ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પર્યાય જે નિર્મળ થઈ, રાગરહિત નિર્વિકલ્પ નિર્મળ પર્યાય થઈ એ દ્વારા ભગવાન આત્મા જાણવામાં આવ્યો, છે તો ત્રિકાળી આત્મા જ શુદ્ધનય, પણ એ શુદ્ધનય પરિણતિ દ્વારા જાણવામાં આવ્યો તો તેને શુદ્ધનય કહેવામાં આવ્યો. આહા..હા..! આ તો ૧૮મીવાર ચાલે છે. આખું સમયસાર એક-એક કડીનો અર્થ કરતાં-કરતાં ૧૭વાર વંચાઈ ગયું છે સભામાં. આ ૧૮મી વાર ચાલે છે. ૧૭-૧૭ સમજ્યા? સતરહા. ૧૦ અને ૭. એ વખતે એક-એક શબ્દનો અર્થ કરીને આખું સમયસાર ૧૭વાર વંચાઈ ગયું છે. આ ૧૮મીવાર ચાલે છે. આહા..હા..!

**શ્રોતા :—** કેટલી વાર અમે સાંભળીએ તો સમ્યગ્દર્શન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ અંદરમાં દૃષ્ટિ કરે તો જે સાંભળ્યું એને સાંભળ્યું એમ કહેવામાં આવે. આહા..હા..! વર્તમાન પર્યાય નામ અવસ્થાને ત્રિકાળી વસ્તુમાં વલણ કરવું, જુકવું આ એનું નામ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :—** સવારે તો શુદ્ધોપયોગ કહ્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ શુદ્ધોપયોગ કહો કે સ્વભાવમાં એકાગ્રતા કહો બેય એક જ વાત છે. શુદ્ધનયની પરિણતિ કહો. આહા..હા..! ઝીણો માર્ગ છે, ભાઈ! અનંત જન્મ-મરણનો અંત લાવવો, અનંત-અનંત ચોર્યાસી લાખ યોનિ, એક-એક યોનિમાં અનંત અવતાર ધારણ કર્યા, એક નિગોદમાં એક શ્વાસમાં ૧૮ ભવ. એક નિગોદ. આ લસણ, કંદમુળ, ડુંગળી એની એક કટકી લ્યો એટલી રાય જેટલી, તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં સિદ્ધ અત્યાર સુધી થયા એટલા અનંતગુણા જીવ છે. સિદ્ધ થયાને સિદ્ધ? છ માસ અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિ પામે એવી ભગવાનની વાણી છે. છ માસ અને આઠ સમય એમાં ૬૦૮ મુક્તિ પામે છે. અત્યાર સુધીમાં કેટલા મુક્તિ પામ્યા? અનંત... અનંત... અનંત... અનંત...

આહા..હા..! એથી પણ રાય જેટલી કટકી લસણની લ્યો તો એ કટકીમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા આત્મા છે. આહા..હા..! અરે..! ભગવાન શું કહે છે એ સાંભળ્યું જ નથીને. આહા..હા..! એમાંથી એક-એક આત્મા નિગોદમાં પોતાની પર્યાયથી ભિન્ન કામ કરે છે. કોઈની સાથે સંબંધ નથી અંદર. આહા..હા..!

એક આત્મા બીજા આત્માને ચુંબતો નથી, સ્પર્શતો નથી. આહા..હા..! એક આત્મા એક રજકણને અડતો નથી. શરીરને કદી આત્મા સ્પર્શતો નથી અને શરીર આત્માને કદી સ્પર્શ્યું નથી. આહા..હા..! બધા ભિન્ન-ભિન્ન પદાર્થો છે. એમાંથી ભગવાન આત્મા પોતાના ભાવશ્રુતજ્ઞાનથી નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાનથી, ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ છે અને એના પેટાભેદ એ શુદ્ધનય અંશ છે, એ શુદ્ધનયથી આત્મદ્રવ્યનું પરિણમન પર્યાયમાં વીતરાગપણાની દશા થવી એનું નામ શુદ્ધનય કહેવામાં આવે છે. તો એ નયમાં આત્મા પરોક્ષ છે. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ નથી, પણ વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. સમ્યગ્દર્શનમાં આનંદનું આવવું, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો. આહા..હા..! એ આનંદ કોઈ બીજા ભોગવે છે એમ નથી, એ અપેક્ષાએ પ્રત્યક્ષ કહેવામાં આવે છે.

'**હવે કહે છે કે જેઓ શુદ્ધનયથી ચ્યુત થાય તેઓ કર્મ બાંધે છે :**' જુઓ. '**णयपरिहीणा**' આવે છે ને પછી? ૧૮૦ ગાથા, ભાઈ! '**णयपरिहीणा**' ૧૮૦ ગાથા આવશે. આ તો એનો ઉપરનો ઉપોદઘાત છે. '**णयपरिहीणा**' ૧૮૦ ગાથા. આ તો એનો ઉપોદ્‌ઘાત છે. '**णयपरिहीणा**' શુદ્ધનયને જ નય કહે છે. નય.. શુદ્ધનય એમ નથી લીધું. શુદ્ધનયને જ શુદ્ધનય કહે છે. આહા..હા..! તો જે કોઈ આત્મા શુદ્ધનયથી હીન છે, પોતાના ત્રિકાળી શુદ્ધ ચૈતન્યના અનુભવથી ભ્રષ્ટ છે. આહા..હા..! પોતાનો આત્મા શુદ્ધ પવિત્રના આનંદના વેદનથી જે આત્મા ભ્રષ્ટ છે એ કર્મને બાંધે છે. એ અનંત સંસારનું કારણ દર્શનમોહ બાંધે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાતે-વાતે ફેર. વ્યવહારની વાતું સાંભળી હોય. એમાં તો આ વાતનો મેળ થતો નથી. શું કહે છે આ? આહા..હા..!

અહીં કહે છે કે '**શુદ્ધનયથી ચ્યુત થાય તેઓ કર્મ બાંધે છે :-**' ૧૨૧ કળશ છેને?

(वसन्ततिलका)

**प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु**
**रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।**
**ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-**
**द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।१२१।।**

'**શ્લોકાર્થ :જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને...**' એના બે અર્થ કરશે. આત્મા અંદર સમ્યગ્દર્શનમાં આનંદને વેદનારો છે. એ આનંદના વેદનથી ચ્યુત થાય તો ભ્રષ્ટ થયો સંસારને બાંધે છે. એક વાત. બીજી લેવી, શુદ્ધનય છે તો એના ઉપયોગમાં, પરિણમનમાં જ્ઞાતા, જ્ઞેય,

જ્ઞાનનો ભેદ છોડીને ઉપયોગમાં રહે છે એ શુભ છે. એનાથી ભ્રષ્ટ થાય છે. શુદ્ધનયથી હટી જઈને વિકલ્પમાં આવે એ પણ કર્મને બાંધે છે. અરે..!

**'જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને ફરીને રાગાદિના સંબંધને પામે છે...'** જુઓ, સમ્યગ્દર્શનમાં તો રાગથી ભિન્ન થઈને, રાગનો સંબંધ છૂટી ગયો છે. આહા..હા..! પ્રથમ સમ્યગ્દર્શનમાં, ચોથે ગુણસ્થાને રાગનો સંબંધ જ્ઞાનીને છૂટી ગયો છે અને સ્વભાવનો સંબંધ થયો છે. આહા..હા..! આવો અધ્યાત્મમાર્ગ! છે? **'ફરીને...'** એટલે પહેલાં શુદ્ધનયમાં આવ્યો હતો, એમ. દ્રવ્યસ્વભાવ શુદ્ધ પવિત્ર છે એના વેદનમાં આનંદના વેદનમાં આવ્યો હતો. પછી ત્યાંથી હટીને છૂટતો રાગનો સંબંધ છૂટતો હતો એ રાગનો સંબંધ કર્યો. આહા..હા..! કહો, ધન્નાલાલજી! આવી વાત છે. એ રાગના સંબંધ બે પ્રકારના. એક ઉપયોગમાં છે અને છૂટી ગયો એ સમ્યગ્દર્શન રહ્યું. ઉપયોગ ત્યાં હતો એ છૂટી ગયો. એક વાત. અને એક તો સમ્યગ્દર્શન જ છૂટી ગયું. મિથ્યાદૃષ્ટિ થયો એ શુદ્ધનયથી ભ્રષ્ટ થયો એમ પણ કહેવામાં આવે છે. આવશે અર્થમાં. સમજાણું કાંઈ?

આ તો પહેલા કેટલોક અભ્યાસ હોવો જોઈએ. આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! અનંતકાળમાં એક સેકન્ડ પણ ધર્મ પ્રગટ કર્યો નથી. દિગંબર સાધુ થયો, પંચમહાવ્રત લીધા, હજારો રાણીનો ત્યાગ કર્યો, આહા..હા..! અને શરીરને ચામડી ઉતારીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે, એવી ક્રિયા અનંતવાર કરી છે. શુક્લલેશ્યા. શુક્લલેશ્યા છે. શુક્લધ્યાન બીજી ચીજ છે, શુક્લલેશ્યા બીજી ચીજ છે. શુક્લધ્યાન તો આઠમા ગુણસ્થાને મુનિને જ આવે છે. અને શુક્લલેશ્યા તો અભવિને પણ હોય છે. શુભભાવ, રાગની મંદતાનો એટલો શુભભાવ. શુક્લ-ધોળી લેશ્યા પુણ્યબંધનું કારણ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ રાગથી ભિન્ન મારી ચીજ છે એવી અંતર દૃષ્ટિ કદી કરી નથી. આહા..હા..!

કહ્યુંને? સવારમાં કહ્યું હતું, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! આ તો છ ઢાળામાં પાઠશાળામાં ચાલે છે. પણ અર્થ. 'મુનિવ્રત ધાર...' નગ્ન મુનિવ્રત હોં. આ લૂગડા-બુગડાવાળા મુનિવ્રત એ તો દ્રવ્યલિંગી પણ નથી. સમજાણું કાંઈ? મુનિવ્રત નગ્નપણું અને અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રત. મુનિવ્રત ધારણ કર્યા અનંતવાર. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' સ્વર્ગમાં ગ્રૈવેયક છે. ગ્રીવાને સ્થાને નવ પાંખડા છે વૈમાનિક. ત્યાં અનંતવાર ગયો. 'પણ આતમ જ્ઞાન બિન...' આહા..હા..! એ રાગથી હઠીને સ્વભાવનો અનુભવ કરવો એ આત્માના સુખનું કારણ છે. એ સુખનું કારણ એમાં બિલકુલ થયું નથી એને. પંચમહાવ્રતાદિ એ તો દુઃખનું કારણ છે. આહા..હા..! આસ્રવ છેને? રાગ છેને? રાગ એ દુઃખરૂપ છે.

એમાં આવે છેને છ ઢાળામાં. 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેઈએ.' એ છ ઢાળામાં આવે છે. 'રાગ, આગ દાહ દહે સદા.' શુભરાગ હોય તોપણ આગ છે. આહા..હા..!

કષાય છે ને? આહા..હા..! 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' આહા..હા..! ચિરકાળ ભજ્યા વિષય અને કષાય હવે તો આ ભજ કહે છે. આવે છેને એમાં? દૌલતરામ કહે છે. આહા..હા..! પહેલાંના પંડિતો યથાર્થ કહેતા હતા. અત્યારે ગડબડ થઈ ગઈ. પંડિતો પણ એમ કહે અને સાધુ પણ એમ કહે, વ્રત પાળો, અપવાસ કરવો, તપસ્યા કરો, નિર્જરા થાય અને ધર્મ થશે. આહા..હા..! બંધનું કારણ કહો, મોક્ષનું કારણ પ્રરૂપે છે, માને છે તો દૃષ્ટિ વિપરીત છે.

એ અહીં કહે છે. પહેલા અનુભવ થયો, પછી શુદ્ધનયથી ચ્યુત થયો. '**રાગાદિના સંબંધને પામે છે...**' આહા..હા..! રાગ જે વિકલ્પ છે એનાથી ભિન્ન થઈને અનુભવ થયો, પાછો ત્યાંથી ભ્રષ્ટ થઈને રાગના સંબંધમાં આવ્યો. આહા..હા..! '**એવા જીવો, જેમણે જ્ઞાનને છોડ્યું છે...**' આહા..હા..! જેણે પોતાનો આનંદકંદ પ્રભુ ભગવાન દૃષ્ટિમાંથી છોડી દીધો છે. પહેલી દૃષ્ટિ પછી ઉપયોગમાં કહેશે. જ્ઞાન શબ્દે આત્મા. શુદ્ધ જ્ઞાન આત્મા. જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ રાગના સંબંધમાં આવ્યો, તો જ્ઞાનનો સ્વભાવ છોડી દીધો. આહા..હા..! આવો ધર્મ હવે. માર્ગ એવો છે, ભાઈ! વર્તમાનમાં તો બહુ ગડબડ થઈ ગઈ. અહીંયાં કહે છે કે '**જેમણે જ્ઞાનને છોડ્યું છે...**' આહા..હા..! રાગને પકડ્યો છે અને આત્માને છોડ્યો છે. ધર્મી જીવે રાગને છોડ્યો છે અને આત્માને પકડ્યો છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવે રાગને છોડ્યો છે અને સ્વભાવને પકડ્યો છે. અજ્ઞાનીએ આત્માને છોડ્યો છે અને રાગને પકડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અત્યારે ભાઈ નથી આવતા. સવારે આવે છે, નવનીતભાઈ. આહા..હા..! '**જેમણે જ્ઞાનને છોડ્યું છે...**' વસ્તુસ્વરૂપ જે ભગવાન જ્ઞાતાદૃષ્ટા, રાગના પ્રેમમાં સ્વભાવને છોડ્યો અને રાગનો પ્રેમ થયો, રાગનો સંબંધ કર્યો. આહા..હા..!

'**એવા થયા થકા,...**' ભાષા જુઓ! '**એવા થયા થકા,...**' આત્માની દૃષ્ટિ છોડી દીધી અને રાગના સંબંધમાં આવ્યો '**એવા થયા થકા, પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો વડે કર્મબંધને ધારણ કરે છે...**' આહા..હા..! પૂર્વનું દ્રવ્યકર્મ તો જ્ઞાનીને પણ છે, પણ રાગનો સંબંધ નથી તો બંધને પામતો નથી. અજ્ઞાની રાગના સંબંધમાં આવ્યો, સ્વરૂપને છોડી દીધું તો જૂના કર્મમાં નિમિત્ત થયો, જૂના કર્મ નવામાં નિમિત્ત, પણ જૂના કર્મને આત્માના રાગદ્વેષ નિમિત્ત થયા. આહા..હા..! બંધનું કારણ થયું તેને. સમ્યગ્દૃષ્ટિને બંધ નહિ, આસ્રવ નહિ, મિથ્યાત્વની અપેક્ષાએ. અને અનંતાનુબંધીનો રાગ-દ્વેષ-મોહ નથી. પણ અહીંયાં એ જ કહેવું છે. આહા..હા..!

ધર્મી જીવ છે એણે પોતાના આત્માને પકડ્યો છે અને અંતરમાંથી રાગને છોડી દીધો છે. ચાહે તો વ્યવહારરત્નત્રય રાગ હોય, પણ દૃષ્ટિમાંથી છોડી દીધો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો કેવો ધર્મ હશે? કઈ જાતનો? બાપુ! એ વીતરાગનો ધર્મ એવો છે. આહા..હા..! એ અનંતકાળમાં એણે એક સેકન્ડમાત્ર પણ કર્યો નથી. બાકી રાગ ને પુણ્ય ને દયા ને વ્રત ને ભક્તિ એવું અનંતવાર કર્યું. આહા..હા..! પણ રાગને છોડીને વીતરાગસ્વરૂપી ભગવાન આત્મા

અંદર છે, એની પક્કડ કરી નથી, વેદન કર્યું નથી, અનુભવ કર્યો નથી. અને અનુભવ કર્યો એ જ્ઞાની જીવ ફરી રાગનો સંબંધ કરે છે તો જ્ઞાનસ્વભાવથી છૂટી જાય છે. આહા..હા..! વળી રાગની રુચિ થઈ ગઈ. શુભરાગ છે એ કલ્યાણ કરે છે. શુભરાગ કરતાં-કરતાં કલ્યાણ થશે. એવી દૃષ્ટિ થઈ ગઈ રાગના સંબંધમાં. આહા..હા..!

એ જીવ જ્ઞાનને છોડીને '**પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો વડે કર્મબંધને ધારણ કરે છે...**' આહા..હા..! કર્મને બાંધે છે. '**कृत-विचित्र-विकल्प-जालम्**' '**કે જે કર્મબંધ વિચિત્ર ભેદોના સમૂહવાળો હોય છે. (અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે).**' એમ કહે છે. દર્શનમોહ, ચારિત્રમોહ, જ્ઞાનાવરણીય આદિ અનેક પ્રકારના બંધનને અજ્ઞાની કરે છે. આહા..હા..! છે? અનેક પ્રકારના વિકલ્પ એટલે કે અનેક પ્રકાર. અનેક પ્રકારે દર્શનમોહ, ચારિત્રમોહ, જ્ઞાનાવરણીય, અંતરાય. આહા..હા..! અબદ્ધસ્વભાવની દૃષ્ટિ છૂટી ગઈ, રાગના સંબંધમાં આવ્યો, નવા આઠ કર્મ અનેક પ્રકારના બંધાય છે. કળશ સૂક્ષ્મ છે.

'**ભાવાર્થ :- શુદ્ધનયથી ચ્યુત થવું એટલે 'હું શુદ્ધ છું' એવા પરિણમનથી છૂટીને અશુદ્ધરૂપે પરિણમવું તે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ બની જવું તે.**' છે? શુદ્ધ ચૈતન્યઘન ભગવાન એની દૃષ્ટિથી-પરિણમનથી છૂટી જવું. આહા..હા..! છે? '**મિથ્યાદૃષ્ટિ બની જવું તે.**' આહા..હા..! શુદ્ધ ચૈતન્ય પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ છે એ દૃષ્ટિ છોડીને રાગના સંબંધમાં આવ્યો તો મિથ્યાદૃષ્ટિ થઈ ગયો. રાગની એકતાબુદ્ધિવાળાની વાત છે હોં.

**શ્રોતા :–** કોઈક જીવ છૂટી જાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈકની વાત છેને.

અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિ છે, શુદ્ધસ્વરૂપનું પરિણમન થયું, ચોથે ગુણસ્થાને ભલે રાજકુટુંબમાં હોય. ભરત ઘરમાં વૈરાગી. આવે છે? વૈરાગી. છ ખંડમાં હોવા છતાં વૈરાગી હતા. રાગની રુચિ નહિ, રાજની રુચિ નહિ, વિષયની રુચિ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છન્નું હજાર સ્ત્રી હતી, પણ આ સ્ત્રી મારી છે એવી દૃષ્ટિ નથી. આહા..હા..! મારો તો આત્મા આનંદસ્વરૂપ જ હું છું. આહા..હા..! આવે છે કે નહિ? ભરતચક્રવર્તી ઘરમાં વૈરાગી.

એકવાર નીકળ્યા હતાને ભરતચક્રવર્તી? રાત્રે. સોની-સોની. એવો વિચાર આવ્યો. સોની વાત કરતા હતા કે આ ભરત કહે છે કે અમે જ્ઞાની છીએ; અને રાજ કરે છે, છન્નું હજાર સ્ત્રી ભોગવે છે અને જ્ઞાની છે? એમ કેમ હોઈ શકે? એમ સોની રાત્રે વાત કરતાં હતા. ભરત નીકળ્યા હતા. કાળા લૂગડા પહેરીને. સવારમાં બોલાવ્યા. સોની મહાજન! આવો, આવો. આજે ગામમાં વેશ્યા નાચે છે, ગામની શોભા ઘણી કરી છે. આ તેલનો કટોરો લ્યો. તેલ-તેલ. કળશ હોય તો આમ લઈ શકે. પણ આ ખુલ્લો કટોરો. ગામમાં જાઓ, ફરો. જો એમાંથી તેલનું એક ટીપું પડશે તો સિપાઈ સાથે છે, ગળુ કાપી નાખશે. આખા ગામમાં શોભા કરી છે. સોની મહાજન નીકળ્યા આમ. ટીપુ ન પડી જાય. નહિતર સિપાઈ ઊભા છે. આવ્યા. કેમ સોની

મહાજન! કેવી અયોધ્યા છે? સાહેબ મને તો ખબર જ નથી કેવી અયોધ્યા છે. મારી તો દૃષ્ટિ એમાં હતી. અરે..! સોની! અમારી દૃષ્ટિ તો ભગવાન આત્મા ઉપર છે. અમે તો આત્માને છૂટો દેખીએ છીએ. નાળિયેર હોય છેને? ગડગડીયો નથી હોતો? એ કાચલી કહે છેને શું કહે છે? કાચલી. કાચલી કહે છે. બીજી ભાષા છે? નરેટી. એ કાચલીથી છૂટો ગોળો એમ નાળિયેર રહે છેને અંદર? એમ મહાજન! અમે તો રાગથી ભિન્ન રહીએ છીએ. મહાજન .. તમને એમ કે આ આખી અયોધ્યા શણગારી પણ જોઈ નહિ, એમ અમારી નજર દ્રવ્યસ્વભાવ ઉપર અનાદિથી પડી છે. જ્યારથી ભાન થયું દ્રવ્યસ્વભાવ ઉપર અમારી દૃષ્ટિ છે. આહા..હા..!

એ તો આપણે આવી ગયુંને પહેલાં? પરમાત્મપ્રકાશમાં કે ખેડૂતની દૃષ્ટિ અનાજ ઉપર હોય છે. ખેડૂત. એમાં ઘાસ પાકે છે, પણ ઘાસ ઉપર દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? એમ ધર્મીની દૃષ્ટિ પોતાના શુદ્ધ ચૈતન્ય ઉપર છે. દયા, દાન, ભક્તિના પરિણામ તો એને પણ આવે છે, પણ એના ઉપર દૃષ્ટિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. એ આવી ગયું આપણે. ખેડૂત. પરમાત્મપ્રકાશ. એની દૃષ્ટિ તો પુણ્ય ઉપર– ખડ ઉપર છે સાધારણ. ખેડૂતની દૃષ્ટિ તો અનાજ ઉપર છે, એમ સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર છે. પુણ્ય આવે પણ એના ઉપર દૃષ્ટિ નથી, એનો જાણનાર-દેખનાર રહે છે. આહા..હા..! ઝીણો માર્ગ. મૂળ માર્ગની શરૂઆત જ સૂક્ષ્મ છે. પછી વળી ચારિત્ર થાય એ તો અલૌકિક વાત છે. સ્વરૂપના અનુભવ પછી ચારિત્ર આનંદમાં રમવું. ચારિત્ર નામ ચરવું, અતીન્દ્રિય આનંદ જે અનુભવમાં આવ્યો, એ અતીન્દ્રિય આનંદમાં રમવું, જમવું, જાણવું એનું નામ ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે પોતાના સ્વભાવના પરિણમનથી છૂટીને, આહા..હા..! '**અશુદ્ધરૂપે પરિણમવું તે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ બની જવું તે.**' 'અશુદ્ધ પરિણમન એ હું છું' એમ થઈ જાય છે એને. શુદ્ધ પરિણમન હું છું એ છૂટી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? '**એમ થતાં, જીવને મિથ્યાત્વ સંબંધી રાગાદિક ઉત્પન્ન થાય છે,...**' સાથે અનંત અનુબંધી, અનંત નામ મિથ્યાત્વના સંબંધવાળા અનંતાનુબંધીના રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. આહા..હા..! '**તેથી દ્રવ્યાસ્રવો કર્મબંધના કારણ થાય છે...**' જૂના દ્રવ્યકર્મ છે એમાં નિમિત્ત થાય છે '**અને તેથી અનેક પ્રકારના કર્મ બંધાય છે. આ રીતે અહીં શુદ્ધનયથી ચ્યુત થવાનો અર્થ શુદ્ધતાના ભાનથી (સમ્યક્ત્વથી) ચ્યુત થવું એમ કરવો.**' મુખ્ય વાત તો એ છે. શુદ્ધ સ્વરૂપની પ્રતીતિથી ચ્યુત થવું. છે? આ તો જયચંદ્ર પંડિત લખે છે ખુલાસો.

આચાર્ય મહારાજે તો શ્લોક લીધો, અમૃતચંદ્રાચાર્ય. કુંદકુંદાચાર્યનો મૂળ શ્લોક, અમૃતચંદ્રાચાર્યનો કળશ અને જયચંદ્ર પંડિતનો અનુવાદ. આહા..હા..! એક પણ કડી યથાર્થપણે સમજે તો એને ખ્યાલ આવે કે વસ્તુ શું છે! એમ ને એમ આખું શાસ્ત્ર ભણે, વાંચે, પણ અંદર વસ્તુ શું છે એની દૃષ્ટિ ન હોય ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ નથી. ભલે ઘણું શાસ્ત્ર ભણેલો હોય અને લાખો

માણસને સમજાવવાની શક્તિ હોય, એ કોઈ ચીજ નથી. આહા..હા..! પોતાના સ્વભાવને પકડવાની અનુભવ દૃષ્ટિ થઈ એ ચીજ છે, એને નવું કર્મબંધન થતું નથી. પણ જે શુદ્ધનયની પ્રતીતિથી, શુદ્ધસ્વરૂપ પૂર્ણાનંદ છે, એવો જે વિશ્વાસ હતો એ વિશ્વાસથી પતીત થયું-વિશ્વાસ છૂટી ગયો. હું તો રાગ છું, હું અલ્પજ્ઞ છું, હું રાગવાળો છું, એ મિથ્યાદૃષ્ટિ થઈ ગયો. આહા..હા..! 'હું પૂર્ણ છું, હું વીતરાગ છું' એવી જે અનુભવદૃષ્ટિ હતી એ છૂટી ગઈ. હું અલ્પજ્ઞ છું અને હું રાગ છું એવી દૃષ્ટિ મિથ્યાત્વની થઈ. આહા..હા..!

આ માને કે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનવા એ મિથ્યાત્વ છે અને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રને માનવા એ સમકિત છે; પણ એ તો સમકિત વ્યવહાર છે, રાગ છે. સમજાણું કાંઈ? એનાથી ભિન્ન પડીને પોતાના આત્માનો અનુભવ થવો, આનંદઘન ભગવાનસ્વરૂપે પ્રભુ એની પરિણતિમાં, દશામાં આનંદનો અનુભવ થવો, અતીન્દ્રિય આનંદનું વેદન આવવું એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! અને એનાથી છૂટીને રાગના સંબંધમાં આવ્યો, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હોય, પણ એના સંબંધમાં આવ્યો, એકત્વબુદ્ધિ થઈ તો શુદ્ધથી ભ્રષ્ટ થયો. આહા..હા..! આવી વાતું લ્યો!

'**ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે,...**' શું કહે છે? શુદ્ધનયથી ચ્યુત થવું, શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું એવો અર્થ મુખ્ય નથી. છેને? '**ઉપયોગની અપેક્ષાએ ગૌણ છે અર્થાત્ શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધોપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી;** કારણ કે **શુદ્ધોપયોગરૂપ રહેવાનો કાળ અલ્પ હોવાથી...**' શું કહે છે? આહા..હા..! પોતાના આત્મામાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એવો ભેદ છોડીને પોતાના જ્ઞાયકસ્વભાવનો અનુભવ થવો એ તો શુદ્ધોપયોગ અંતર્મુહૂર્ત રહે છે. પછી શુદ્ધોપયોગથી હટી જાય છે, પણ શુદ્ધ ચૈતન્યની પ્રતીતિથી હટતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે? '**ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે, અર્થાત્ શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધોપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી;...**' ઉપયોગથી ચ્યુત થવું એ અર્થ મુખ્ય નથી. સ્વરૂપથી ચ્યુત થવું એ અર્થ મુખ્ય છે. શું કહ્યું સમજાણું કાંઈ? આહા..હા..! પોતાનો આત્મા અંતરમાં શુદ્ધોપયોગ લાગ્યો. શુભાશુભ છોડીને શુદ્ધ ઉપયોગમાં આવવું એ અર્થ અને ઉપયોગથી છૂટી જવું અને રાગમાં આવવું એનો અહીં મુખ્ય અર્થ નથી. અહીંયાં તો શુદ્ધ સ્વરૂપથી પતીત થવું અને રાગના સંબંધમાં આવવું એ મુખ્ય અર્થ છે. સમજાણું કાંઈ? પછી બીજો અર્થ કરશે, પણ મુખ્ય અર્થ આ છે. આહા..હા..!

**શ્રોતા :–** શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ જવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શ્રદ્ધાથી ભ્રષ્ટ થવું. આનંદકંદ પ્રભુ એકલો જ્ઞાનસ્વરૂપી આત્મા, એવી જે અનુભવમાં પ્રતીતિ થઈ એ પ્રતીતિથી હટી જવું અને રાગનો ઉપયોગ પોતાનો છે એમાં આવવું એ અર્થ અહીંયાં મુખ્ય છે. ઉપયોગથી હટીને વિકલ્પમાં આવવું એ અર્થ અહીંયાં

મુખ્ય નથી. સમજાણું કાંઈ? એ શું કહે છે?

કહે છે કે શુદ્ધ ચૈતન્ય પ્રભુ પોતાના અનુભવમાં આવ્યો, પ્રતીતિ થઈ એનું નામ સમ્યગ્દર્શન. અને એ શુદ્ધ ઉપયોગમાં હોય કે અશુદ્ધોપયોગમાં આવો એ અહીંયાં મુખ્ય અર્થ નથી. મુખ્ય તો શુદ્ધ સ્વભાવથી ભ્રષ્ટ થવું અને રાગની રુચિ થવી એને અહીંયાં મુખ્ય અર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ કહ્યુંને? **'ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી;...'** શુદ્ધનયથી ચ્યુત થવું નામ શુદ્ધોપયોગથી ચ્યુત થવું એ અર્થ મુખ્ય નથી. શું કહ્યું સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા પોતાના શુદ્ધ અનુભવની પ્રતીતિ, એમાં ચ્યુત થવું એ અર્થ અહીંયાં મુખ્ય છે. પોતાના અનુભવમાં રહે છે અને વિકલ્પમાં આવ્યો એ અર્થ અહીંયાં મુખ્ય નથી. સમજાણું કાંઈ? ધ્યાનમાં જમવટ થઈ ગઈ ઉપયોગની અને ઉપયોગમાંથી છૂટીને રાગમાં આવ્યો એ અર્થ મુખ્ય નથી, પણ શુદ્ધસ્વરૂપની પ્રતીતિથી ભ્રષ્ટ થયો એ અર્થ અહીંયાં મુખ્ય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૬, શનિવાર, તા. ૨૭-૧૧-૧૯૭૬, ગાથા-૧૭૯-૧૮૦, કળશ-૧૨૧, પ્રવચન નં. ૨૪૪

ભાવાર્થ થોડો ચાલ્યો છે. ફરીને લઈએ. **'શુદ્ધનયથી ચ્યુત થવું એટલે...'** પ્રશ્ન છે. ત્યાં એમ કહ્યું છેને પાઠમાં કે આ આત્મા જે શુદ્ધચૈતન્યઘન આનંદકંદ છે એનો અનુભવ થવો એ શુદ્ધનયની દૃષ્ટિ અને શુદ્ધનયથી સ્થિર થયો. એ શુદ્ધનયથી ભ્રષ્ટ થાય એનો મુખ્ય અર્થ તો એ છે કે 'શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આનંદ છું' એની દૃષ્ટિ છોડીને 'રાગ છું, પુણ્ય છું' એવી દૃષ્ટિ થવી એ શુદ્ધનયથી ભ્રષ્ટ કહેવામાં આવે છે. મુખ્ય અર્થ તો આ છે. સમજાણું કાંઈ આમાં? આવી વાતું ઝીણી. આ આત્મા અંદર વસ્તુ છેને ચૈતન્ય મહાપદાર્થ. મહાપદાર્થ કીધો છેને? પ્રવચનસારમાં ૧૯૨ ગાથામાં. મહા પદાર્થ છે. જે જગતના પદાર્થને પ્રસિદ્ધ કરે એ પદાર્થ છે. જગતના પદાર્થ બીજા છે કે નહિ એ પ્રસિદ્ધ કોણ કરે? જ્ઞાન કરે છે. એવો જે જ્ઞાનસ્વભાવ મહાપ્રભુ પદાર્થ, એની અંતરમાં અનુભવદૃષ્ટિ થવી, પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પડીને અનુભવ થવો એનું નામ શુદ્ધનયમાં દૃષ્ટિમાં આવ્યો એમ કહેવાય છે. સમજાણું કાંઈ? આહા..! આવી વાતું હવે.

**'શુદ્ધનયથી ચ્યુત થવું એટલે હું શુદ્ધ...'** પવિત્ર, જ્ઞાતાદૃષ્ટા છું. **'એવા પરિણમનથી**

**છૂટીને અશુદ્ધરૂપે પરિણમવું તે અર્થાત્ મિથ્યાદષ્ટિ બની જવું તે.'** આહા..હા..! સમજાય છે કાંઈ? આત્મા ચૈતન્યસ્વરૂપ, આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ છે આત્મા. આહા..હા..! એવા અતીન્દ્રિય આનંદના સ્વરૂપનો સમ્યગ્દર્શન દ્વારા અનુભવ થવો, પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પડી અને સ્વરૂપના વેદનમાં આનંદના વેદનમાં આવવું એનું નામ 'શુદ્ધનયે ગ્રહણ કરી' એમ કહેવામાં આવે છે. અને એનાથી ભ્રષ્ટ થવું એટલે કે 'શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છું' એવું જે પરિણમન આનંદનું છે એમાંથી ભ્રષ્ટ થવું એટલે રાગના પરિણમનમાં એકલું આવી જવું. આહા..હા..!

પુણ્ય અને પાપનો રાગ એ રાગના અશુદ્ધ પરિણમનમાં આવવું એ શુદ્ધનયથી ચ્યુત થવાનું લક્ષણ છે. દેવીલાલજી! ઝીણી વાત છે હોં. છોકરાઓને સમજાય એવી છે. આઠ-આઠ વર્ષના છોકરા કેવળજ્ઞાન પામતા. આતો અત્યારે બિચારા ૬૦ વર્ષના ઠેકાણા ન મળે. આઠ વર્ષના બાળક-છોકરાઓ. આત્મા ક્યાં બાળક છે! આત્મા તો મહાપ્રભુ અંદર ચિદાનંદસ્વરૂપ છે. એને આઠ વર્ષમાં અનુભવ થઈને કેવળજ્ઞાન અંતર્મુહૂર્તમાં પામે અને અંતર્મુહૂર્તમાં આઠ વર્ષની ઉંમરે મોક્ષે ચાલ્યા જાય. એ એનો સ્વભાવ છે. ચોથો આરો કે પાંચમો આરો. સમજાય છે કાંઈ?

એવો ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ છે એ. એને ક્યાં ખબર? એક-બે બીડી મળે સારી પીવાની સિગરેટ ત્યાં રાજી-રાજી થઈ જાય. આહા..હા..! એક બાયડી, છોકરા જરા મીઠાશથી બોલે ત્યાં ગલગલિયા થઈ જાય. મૂર્ખતા તે કેટલી છે એને? આહા..હા..! આમાં એક આ ભાવદિપીકામાં છેને, ગૃહીતમિથ્યાત્વનું અને અગૃહીત મિથ્યાત્વનું વર્ણન ઘણું વિસ્તારથી કર્યું છે. અગૃહીત કોને કહેવું અને ગૃહીત કોને કહેવું? ઘણો વિસ્તાર કર્યો છે.

અહીંયાં કહે છે કે આત્મા સમ્યગ્દર્શન પામે એમાં આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્ય છે એનો અનુભવ થાય. શાંતિભાઈ! આહા..હા..! એવા અનુભવમાંથી જે ભ્રષ્ટ થાય અને વળી રાગ ને પુણ્યનું પરિણમન જ જેનું એકલું રહે એ શુદ્ધનયથી ચ્યુત થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! છે?

**'એમ થતાં, જીવને મિથ્યાત્વસંબંધી રાગાદિક ઉત્પન્ન થાય છે,... '** જોયું! મિથ્યાત્વસંબંધી રાગ ઉત્પન્ન થાય છે. અસ્થિરતાના રાગની અહીં વાત નથી. 'પુણ્યના પરિણામ તે હું છું અને એ મને લાભદાયક છે' એવું મિથ્યાદષ્ટિપણું ઉત્પન્ન થવું. સમજાણું? **'જીવને મિથ્યાત્વસંબંધી રાગાદિક ઉત્પન્ન થાય છે,...'** એ સંબંધી એને રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. **'તેથી દ્રવ્યાસ્રવો કર્મબંધના કારણ થાય છે...'** તેથી પૂરાના કર્મ જડ, ભાવથી સ્વભાવથી ભ્રષ્ટ થયો અને રાગરૂપે થયો મિથ્યાત્વના રાગ, તો પુરાના કર્મ નવા બંધનું નિમિત્ત થાય છે. આ મિથ્યાત્વપણે થયો ત્યારે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું. હવે સંસારના કેળવણી માટે બિચારા કેટલા મરી જાય છે, જુઓ! ૩૦-૩૦ વર્ષ સુધી કેળવણી. અભ્યાસ કર્યા જ કરે. એમ.એ.નો ફલાણાનો, ઢીકણાનો. આના અભ્યાસ માટે નિવૃત્તિ મળે નહિ.

**શ્રોતા** :— આનો અભ્યાસ કરે તો એક પૈસો કમાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પૈસો તો એને આવવાનો હશે એ આવશે. એ ભણે માટે આવશે? એ નથી ખબર તમને? એક બેરિસ્ટર નહોતો આવતો તમારો ગોંડલનો? કોઠારી. બેરિસ્ટર થયેલ. કોઈ ગ્રાહક જ આવે નહિ. ગ્રાહક એટલે અસિલ. અને રામજીભાઈ કાંઈ ભણ્યા નહોતા બેરિસ્ટરનું અને ઘરે અસીલ મોટા-મોટા આવતા. એ તો પુણ્યને લઈને છે. શું એનું નામ ઓલું નહિ? ગોંડલના. ગિરજાશંકર કોઠારી નો દીકરો બેરિસ્ટર થયો. ધન્નાલાલજી! કોઈ અસીલ જ આવે નહિ. ગ્રાહક આવે નહિ. પુણ્ય નહિ. બેરિસ્ટર. અને રામજીભાઈ બેરિસ્ટર કાંઈ નહોતા. સામા ઘરે આવે ૨૦૦ રૂપિયા દઈને. કોર્ટમાં પધારો કોર્ટમાં.

**શ્રોતા** :— વકીલ .. મૂર્ખાઈ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ તો વાત જ અહીં નથી. અહીં તો પુણ્યને લઈને મળે છે, એ કાંઈ બેરિસ્ટર થયો માટે મળે છે એવું કાંઈ છે નહિ. એ તો કહ્યુંને દુનિયાના ડાહ્યા હોય માટે પૈસા મળે છે એ વાતમાં કાંઈ માલ નથી. મૂર્ખાઓ લાખો રૂપિયા પેદા કરે છે. આ જુઓને રાજાની વાત ન કરી સવારમાં? એક કલાકની દોઢ લાખની પેદાશ. બધા સમજવા જેવા હોય મૂર્ખા મોટા. પેટ્રોલ. પેટ્રોલ પાકે છે બહુ ઈરાન. છે દેશ નાનો. દેશ નાનો, પણ એમાં કૂવા એના નીકળ્યા. પેટ્રોલ લાખો મણ નીકળે. એટલી પેદાશ તો એક દિવસની ૩૬ લાખની. એક દિવસની ૩૬ લાખની પેદાશ. તો એના કુટુંબીએ એને મારી નાખ્યો. વૈભવ એવો ભોગવવાનો.. પછી ભલે નરકે જાય એની ક્યાં એને છે? એ તો બધા નરકના જ મહેમાન છે બધા. આહા..હા..! ૩૬ લાખની એક દિવસની પેદાશ.

**શ્રોતા** :— આપ કહો છો એમાં આકર્ષણ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ધૂળેય નથી આકર્ષણ ત્યાં. મરી ગયા છે બધા.

અહીં તો એમ કહેવું છે કે બુદ્ધિ નથી સાધારણ છતાં પેદાશ આટલી કરી અને બુદ્ધિવાળા હોય છતાં બે હજાર પેદા કરવા હોય મહિને, કેટલી મહેનત કરવી! ૨૪ કલાક બરાબર દુકાનમાં ધ્યાન રાખવું, આમ કરવું, તેમ કરવું, ફલાણું કરવું. આહા..હા..! એથી પૈસા મળવા એ કાંઈ પુરુષાર્થનું કાર્ય નથી, એ તો પૂર્વના પુણ્યને લઈને છે.

અહીંયાં એમ કહ્યું કે જે સ્વરૂપ જે આત્માનું ચૈતન્ય ભગવાન, એનો અનુભવ, આનંદના સ્વાદમાં આવવું એનું નામ શુદ્ધનયને ગ્રહી અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. એ જીવ જ્યારે રાગની રુચિમાં આવી જાય છે અને સ્વભાવની રુચિ નાશ થાય છે ત્યારે તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આહા..હા..! રુચિ પલટવાથી રાગની અહિંસા એ ધર્મ જે માનતો, રાગની ઉત્પત્તિ તે હિંસા અને રાગની અણુત્પત્તિ તે અહિંસા એમ જે માનતો એ ફરીને માનવા લાગ્યો કે રાગની ઉત્પત્તિ તે પણ અહિંસા છે. પરની દયા પાળવી, પરને સુખી કરવાનો ભાવ કરવો, બીજાઓને સગવડતા આપવી, એવો જે ભાવ એ ધર્મ છે એમ એ માનવા લાગ્યો. એ હિંસામાં

અહિંસા માની. આહા..હા..! એ સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ગયો છે. એથી એને જૂના કર્મ બંધનું કારણરૂપ થાય છે.

'**આ રીતે અહીં શુદ્ધનયથી ચ્યુત થવાનો અર્થ શુદ્ધતાના ભાનથી** (સમ્યક્‌ત્વથી) **ચ્યુત થવું...**' શુદ્ધતાના જ્ઞાતા-દૃષ્ટાના ભાનથી ચ્યુત થવું અને રાગની એકતારૂપે પરિણમન થવું એવું અહીંયાં શુદ્ધનયના ચ્યુતનો અર્થ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**શુદ્ધતાના ભાનથી ચ્યુત થવું એમ કરવો. ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે,...**' એ શું કીધું? અંતરમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન ભૂલીને અંદર અનુભવમાં ઉપયોગ જામી જવો અંદર અને ઉપયોગમાંથી ખસીને વિકલ્પમાં આવવું એ વાતને અહીંયાં ગૌણ છે. એની મુખ્યવાત અહીંયાં નથી. ગૌણ ને મુખ્ય ને એમાં. આહા..હા..! ચોર્યાસીના અવતારમાં પરિભ્રમણ કરીને મરી ગયો છે. એ પૈસાવાળા રાજા શેઠિયા બધા મહા દુઃખમાં પીલાઈ ગયા છે. આહા..હા..!

**શ્રોતા :—** અત્યારે તો મોજશોખ માણી લે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અત્યારે મોજમાં નથી. એને વર્તમાન દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું આ સમજાણું કાંઈ? કે આત્મા આનંદસ્વરૂપ છે એનું ધર્મદૃષ્ટિમાં ભાન થવું, સમ્યગ્દૃષ્ટિમાં ભાન થવું. એ છે એનું ભાન થવું. છે તો છે. છે તો અજ્ઞાનીને પણ છે, જ્ઞાનીને પણ છે, પણ છે એ છે એવું ભાન થવું. જ્ઞાનમાં જ્ઞેય શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન થવું. આહા..હા..! સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્યની પૂર્ણ શ્રદ્ધા થવી. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને અનુભવ છે. એમાંથી ભ્રષ્ટ થઈને રાગની એકતામાં આવી જાય અને સ્વભાવની એકતા તૂટી જાય એને અહીંયાં અનુભવથી છૂટી ગયો, શુદ્ધનયથી છૂટી ગયો, મિથ્યાત્વમાં આવ્યો, એને કર્મબંધન થાય એમ કહેવામાં આવે છે. છે?

'**શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધોપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી;...**' મુખ્ય નથી. ગૌણમાં આવે છે. કહેશે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યાને આમાં. આહા..હા..! '**કારણ કે શુદ્ધોપયોગરૂપ રહેવાનો કાળ અલ્પ હોવાથી...**' શું કહે છે એ? શુદ્ધોપયોગ અલ્પકાળ રહે. આનંદ ભગવાન આત્મા સ્વરૂપે પરમાત્મા, એનો અનુભવ ઉપયોગમાં તો અલ્પકાળ જ રહે. ધ્યાનમાં અલ્પકાળ જ રહી શકે. પછી વિકલ્પ એને આવે જ. પણ કહે છે કે '**ઉપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી; કારણ કે શુદ્ધોપયોગરૂપ રહેવાનો કાળ અલ્પ હોવાથી માત્ર અલ્પ કાળ શુદ્ધોપયોગરૂપ રહીને પછી તેનાથી છૂટી જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય...**' રાગમાં, વિકલ્પમાં આવે જ, જાણવામાં હોં. આહા..હા..!

'**તોપણ મિથ્યાત્વ વિના જે રાગનો અંશ છે...**' પણ અનુભવની દૃષ્ટિથી ચ્યુત થયો નથી. રાગમાં આવી ગયો છે. ઉપયોગમાં અંદર ધ્યાનમાં હતો એમાંથી વિકલ્પમાં આવી ગયો એટલું. એટલે રાગનો અંશ થયો. '**તેનાથી છૂટી જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય તોપણ**

**મિથ્યાત્વ વિના જે રાગનો અંશ છે તે અભિપ્રાયપૂર્વક નહિ હોવાથી...'** અભિપ્રાયમાં રાગ કરવો એ છે નહિ એને. આહા..હા..! શ્રદ્ધામાં રાગ કરવા જેવો છે એ વાત તો સમકિતીને છે નહિ. રાગ આવ્યો ખરો. ઉપયોગમાં રહી શક્યો નહિ અંદર. સમજાણું? **'જ્ઞાનીને માત્ર અલ્પ બંધ થાય છે...'** ધર્મી શુદ્ધોપયોગમાં રમતા કાળ લાંબો હોતો નથી એથી એને શુદ્ધોપયોગમાંથી ખસીને રાગની જાણવાની દશામાં એ આવે છે. સ્વને જાણે છે અને રાગની દશામાં રાગને જાણે એ દશામાં આવે છે. તો એ રાગમાં એને અલ્પ બંધ અને અલ્પ સ્થિતિ કર્મની પડે છે. છે? એ **'અલ્પ બંધ સંસારનું કારણ નથી. માટે, અહીં ઉપયોગની અપેક્ષા મુખ્ય નથી.'** એક વાત.

**'હવે જો ઉપયોગની અપેક્ષા લઈએ તો...'** ઉપયોગ એટલે અંદરમાં, ધ્યાનમાં, ધ્યેયમાં એકાકાર થઈ જવું. જેને 'હું અનુભવું છું' એ પણ વિકલ્પ નથી. આવી વાતું છે. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ આત્મા અંદર બિરાજે છે એમાં ઉપયોગ લાગી ગયો છે. હવે એ ઉપયોગમાંથી ખસી જાય છે. કારણ કે થોડો કાળ ઉપયોગ રહે. એ કહે છે. **'ઉપયોગની અપેક્ષાએ લઈએ તો આ પ્રમાણે અર્થ ઘટે જીવ શુદ્ધસ્વરૂપના નિર્વિકલ્પ અનુભવથી છૂટે, પરંતુ સમ્યક્ત્વથી ન છૂટે...'** આહા..હા..! અંતરના ઉપયોગના અનુભવથી ખસે, પણ સમ્યગ્દર્શનથી ખસે નહિ. રાગમાં આવ્યો જરી, પણ સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયો નથી. આહા..હા..!

**'ચારિત્રમોહના રાગથી કાંઈક બંધ થાય છે.'** એને ચારિત્રમોહના ઉદયમાં જરી જોડાણ છે એ ચારિત્રમોહને લઈને નથી, પણ ચારિત્રમોહના આશ્રયથી જે વિકાર છે એનાથી થોડો બંધ થાય છે. **'તે બંધ જોકે અજ્ઞાનના પક્ષમાં નથી...'** અજ્ઞાનના પક્ષમાં એ બંધ નથી. એ અસ્થિરતાનો થોડો બંધ છે. **'તે બંધ તો છે જ. માટે તેને મટાડવાને સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને શુદ્ધનયથી ન છૂટવાનો અર્થાત્ શુદ્ધોપયોગમાં લીન રહેવાનો ઉપદેશ છે.'** લ્યો! અંદરમાં ઠરવાનો ઉપદેશ છે. ત્યાંથી ખસીને શુભમાં આવવું વિકલ્પમાં, એને છોડીને ઠરવું એનો ઉપદેશ છે અહીં તો. આહા..હા..! વાત બધી અજાણી જાણે કોકના ઘરની હોય. તારા ઘરની વાત, બાપુ! તું કોણ છો અંદર? પરમાત્મા સ્વરૂપે બિરાજમાન છો, ભાઈ! તને ખબર નથી. આહા..હા..!

**શ્રોતા :—** ભાઈ તને ખબર નથી અને તું મોટો મૂર્ખ છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આહા..હા..! જેના ચૈતન્યના પ્રકાશ અનંત છે, જેની આનંદની લક્ષ્મી અનંત છે, જેની શ્રદ્ધાના સામર્થ્ય અનંત છે, જેની ચારિત્રની રમણતાનું સામર્થ્ય અનંત છે. જેના વીર્યનું સામર્થ્ય શક્તિ-સ્વભાવે અનંત છે. આહા..હા..! એવો જે આ આત્મા.. આહા..હા..! એ જેણે અનુભવમાં લીધો-શુદ્ધોપયોગમાં આવ્યો, ત્યાં તો થોડો કાળ રહી શકે. ત્યાંથી અલ્પકાળમાં ખસીને વિકલ્પમાં આવે, પણ આવે છતાં એ વિકલ્પના અંશની બંધની સ્થિતિ બહુ થોડી છે. એમાં વધારે બંધ (નથી). મિથ્યાત્વ નથીને? મિથ્યાત્વ એ સંસાર અને

મિથ્યાત્વ એ મહાપાપ છે. આહા..હા..!

**'શુદ્ધોપયોગમાં લીન રહેવાનો ઉપદેશ છે. કેવળજ્ઞાન થતાં...'** શું કહ્યું? ત્યાં શુદ્ધનય ત્યાં થાય છે કહે છે. જુઓ, એકવાર તો આવી ગયું હતું અહીંયાં. શુદ્ધનયથી કેવળજ્ઞાનથી થાય છે. ૧૨૦. આ ૧૨૧માં આવ્યું. છે? **'કેવળજ્ઞાન થતાં...'** આત્મામાં ઝળહળ જ્યોતિ જેમ પૂનમનો ચંદ્ર જેમ પૂનમે પૂરો ખીલે, એમ જ્યાં આત્મા પૂર્ણ જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ ખીલીને વિકાસ થયો ત્યારે સાક્ષાત્ શુદ્ધનય થાય છે. સાક્ષાત્ શુદ્ધનય પરિણમન પૂરું થયું એ અપેક્ષાએ.

વસ્તુ જે છે પૂર્ણ આનંદ એનો આશ્રય પૂર્ણ થઈ ગયો હવે. કેવળજ્ઞાનમાં હવે આશ્રય લેવાનું રહ્યું નહિ. એથી શુદ્ધનયની પૂર્ણતા ત્યાં થઈ એમ કહેવામાં આવે છે. એકબાજુ એમ કહે કે ત્રિકાળી વસ્તુ તે શુદ્ધનય છે. ૧૧મી ગાથામાં એમ કહ્યું. **'भूदत्थमस्सिदो खलु सुद्धणओ।'** બાપુ! આ તો અમૃતના સાગરની વાતું છે. આહા..હા..! એવી વાત સાંભળવાનો એણે અવકાશ જ થોડો લીધો અને રુચિપૂર્વક સાંભળવાનો એણે અવકાશ લીધો જ નથી કોઈ દિ'. સમજાણું કાંઈ? આહા..હા..! એ બધા એક-એક દિવસના ૩૬ લાખની પેદાશવાળા દેહ છૂટે અને નરકમાં જાય. નારકીમાં રાડ નાખે, રાડ નાખે. જેની એક પળ વેદન. ઓહો..હો..! એવું-એવું સાગરોપમનું વેદન, પલ્યોપમનું વેદન, અસંખ્ય અબજ વર્ષનું. આહા..હા..! એણે કે દિ' વિચાર કર્યો છે પોતાની જાતનો? અને જાત ભૂલીને મેં કજાતને શી રીતે સેવ્યા છે એની પણ ખબર ક્યાં છે? આહા..હા..! કહે છે, જ્યારે પૂર્ણ પરમાત્મા થાય ત્યારે સાક્ષાત્ શુદ્ધનય થાય છે. જોયું! શુદ્ધનય તો ધ્રુવ છે તે છે, પણ એનો આશ્રય પૂરો થઈ ગયો અને કેવળજ્ઞાન થયું ત્યારે સાક્ષાત્ શુદ્ધનય થાય છે એમ કહેવામાં આવે.

**શ્રોતા :** નયનો અભાવ થાય ત્યારે એને નય કીધી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :** એ નયનો અભાવ થયો ત્યારે એને નય કહેવામાં આવી. કેવળજ્ઞાનમાં નય ક્યાં છે? આ તો શ્રુતજ્ઞાનની અપેક્ષાએ છેને? શ્રુતજ્ઞાનીની અપેક્ષાએ કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે. પૂર્ણદશા પ્રગટ થઈ ગઈ, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા, પૂર્ણ જેની દશામાં પ્રગટ થઈ ગયું. એટલે શુદ્ધનયનો વિષય જે ત્રિકાળ છે, એનું પરિણમન જે છે પૂર્ણ એ પૂર્ણ થઈ ગયું. એટલે ત્યાં શુદ્ધનયને સાક્ષાત્ કહેવામાં આવી છે. આહા..હા..!

**શ્રોતા :—** પૂર્ણ પર્યાય થઈને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પર્યાય છે. કેવળજ્ઞાન પર્યાય છેને.

**શ્રોતા :—** પૂર્ણ થયા પછી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પૂર્ણ થઈ ગઈ. હવે એનો આશ્રય લેવો રહ્યો નહિ એટલે પૂર્ણ થઈ ગઈ. જેવી શુદ્ધ વસ્તુ છે એવી શુદ્ધતા પૂર્ણ પ્રગટ થઈ ગઈ. આહા..હા..! સમજાણું

કાંઈ? આવો ધર્મનો ઉપદેશ હવે. શાંતિભાઈ! ઓલા વ્રત કરવા, અપવાસ કરવા, ભક્તિ કરવી. એમ હો તો ધમાધમ ચાલે. બધા હાથી કાઢવા, ગજરથ કરવા લ્યોને મોટા, લાખો રૂપિયાના ખર્ચ, દસ-દસ લાખના ખર્ચ, વીસ-વીસ લાખના ખર્ચ. કહો, સમજાણું? આહા..હા..!

એક ફોટાવાળાનું આવ્યું છે. ફોટોવાળો મોટો જબરો. એ પોતાના ફોટાના દસ લાખ રૂપિયા ઉપજ્યા. એમાં આવ્યું હતું તમારે જૈનપ્રકાશમાં. કોઈ ફોટાવાળો હશે બહુ હુશિયાર ઘણો. તે એનો ફોટો તો નકલી હતો, અસલી નહોતો, પણ મૂળ લેનારને અસલી જાણીને એક ફોટાના દસ લાખ આપ્યા. દસ લાખ. અને પછી એની વહુ પાસે ગયો કે આ ફોટો એમનો છેને? કહે હા એમનો છે. હું બેઠી હતી અને એમણે કર્યો છે. એમની પાસે ગયા. ત્યારે કહે ભાઈ આ ફોટો અસલી નથી. મારો અસલી નથી. અસલીમાંથી નકલ કરી એ છે. એમાં આવ્યું હતું. સમજાણું કાંઈ? ફોટોગ્રાફી જબ્બર હશે. રાજેન્દ્રભાઈ આવ્યા છે કે નહિ? એ ફોટોગ્રાફી છે. આમ તો ડોક્ટર થયા છે હવે. આહા..હા..! ફોટોગ્રાફી. ભાઈ પૂનમચંદ અને બેય સાથે હતા. આપણા પૂનમચંદ નહિ? એ બેય સાથે. મુંબઈવાળા. બિચારા મરી ગયાને ઓલામાં. આહા..હા..! એવું કાંઈ લખાણ છે આમાં.

અસલ અને નકલ. મહાનચિત્રકાર પિકાસોનું એક ચિત્ર. પિકાસોનું નામ સાંભળ્યું છે રાજેન્દ્રભાઈ? કોઈ ચિત્રકાર છે મોટો. ચિત્રકાર છે. મહાન ચિત્રકાર પિકાસોનું એક ચિત્ર એક વ્યક્તિએ દસ લાખ રૂપિયામાં ખરીદ્યું, પરંતુ આ ચિત્ર પિકાસોનું જ છે કે કેમ? તેની ખાત્રી કરવા તે વ્યક્તિ પિકાસોની પત્નીને પૂછ્યું, શું આ ચિત્ર પિકાસોનું જ દોર્યું છે? પત્નીએ વિશ્વાસ આપતા કહ્યું હું અધિકારપૂર્વક કહી શકું કે આ ચિત્ર પિકાસોએ જ બનાવ્યું છે. તેઓ જ્યારે આ ચિત્ર બનાવી રહ્યા હતા ત્યારે હું તેમની સામે જ બેઠી હતી. એટલે આ ચિત્ર બાબતમાં કોઈ શંકા-આશંકા નથી. ખરીદનાર ઘણી રાજી થયો. આ ખુશાલીના સમાચાર આપવા તે પિકાસો પાસે પહોંચ્યો અને કહ્યું. ચિત્રકાર પાસે ગયો.

મેં આપનું ચિત્ર દસ લાખ રૂપિયામાં ખરિદ્યું. પિકાસોએ કહ્યું કે તે ચિત્ર.. મિત્ર! આ અસલી ચિત્ર નથી. આ વાત સાંભળીને ખરીદનારને ઊંડો આઘાત લાગ્યો. દસ લાખ રૂપિયા ખર્ચ્યા છે તો આ ચિત્ર તો નકલી છે. થોડીક ક્ષણ બાદ તેણે ફરીથી પૂછ્યું. આપ જરા ઊંડાઈથી ચિત્રને નિહાળો. આપે તે ચિત્ર દોર્યું છે. આપની પત્ની આ વાતની સાક્ષી છે. તેણે જ મને કહ્યું કે પિકાસોએ આ ચિત્ર મારી નજર સામે બનાવ્યું. આ સમયે કોઈ કારણોસર પિકાસોની પત્ની પણ ત્યાં આવી. એણે પણ ભારપૂર્વક કહ્યું કે આપ ભૂલી ગયા લાગો છો. આ ચિત્ર મારી સામે તમે બનાવ્યું છે. પિકાસોએ હસતા-હસતા કહ્યું કે આ ચિત્ર મેં બનાવ્યું છે તે ખરું, પણ આ અસલી નથી. અસલ અને નકલમાં આટલો ફેર. ખરીદનારે કહ્યું શું આપ મારી મશ્કરી કરી રહ્યા છો? આપે આ ચિત્ર બનાવ્યું તો પછી તે અસલ નથી કેમ કહેવું? પિકાસોએ રહસ્ય ખુલ્લું કરતા કહ્યું. આ ઉપહાસ નથી, મિત્ર! આ એક પરમસત્ય છે. આવું

ચિત્ર મેં પહેલાં પણ એક બનાવ્યું હતું. તેની આ ચિત્ર પ્રતિકૃતિ છે. ચિત્રની જ પ્રતિકૃતિ છે. આહા..હા..! છે? મૂળ ચિત્ર નથી. એક અન્ય વ્યક્તિ પ્રતિકૃતિને બનાવે તો તે પ્રમાણિક નથી હોતી. તો પછી ભલે હું જાતે નકલ કરું, તોપણ તે પ્રમાણિત કહેવાય નહિ. ખરીદનાર તેમની પત્નીને ત્યારે ખ્યાલ આવ્યો કે પિકાસોની અસલ અને નકલની પરિભાષામાં શું છે? અસલ શું અને નકલ શું? એવો આખો મોટો લેખ છે. આહા..હા..!

એમ ધર્મમાં અસલ શું અને નકલ શું? આહા..હા..! વ્યવહારે વ્રત પાળે, ધર્મ કરે, વ્યવહારની શ્રદ્ધા એ નકલી ધર્મ છે અને અંતરનો આત્મા આનંદનો નાથ પ્રભુ પૂર્ણાનંદનું સ્વરૂપ જેનું એનો અનુભવ કરે એ જ અસલી ધર્મ છે. આહા..હા..! શેઠ! આ દસ લાખનું ચિત્ર જુઓ. એવું કાંઈક બન્યું હશે. કોક હશે. રાજેન્દ્રભાઈ જાણતા હોય તો. મોટો ચિત્રકાર છે. આહા..હા..! એમ ભગવાન ત્રિલોકનાથ, સર્વજ્ઞદેવે જે આત્માનો અનુભવ થવો તે ધર્મ તે અસલી છે અને દયા, દાન, વ્રતના પરિણામને ધર્મ માનવો તે નકલી છે. આહા..હા..!

**શ્રોતા :** એ પણ ધર્મ તો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** ધર્મ તો નામ તો અપાયને. ધર્મ તો. વ્યવહાર ધર્મને ધર્મ તો કહેવાય છે ને. પુણ્યને ધર્મ શબ્દ વાપરે છે શાસ્ત્ર સમયસારમાં. ધર્મને ઈચ્છે. જ્ઞાની ધર્મને ઈચ્છતો નથી એટલે ધર્મ એટલે પુણ્ય. સમયસારમાં આવે છે. નિર્જરા અધિકાર. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મને ઈચ્છતો નથી. એવો પાઠ છે. ધર્મ એટલે પુણ્ય. પુણ્ય એટલે શુભભાવ. એને એ ઈચ્છતો નથી. આત્માના વીતરાગભાવની જ એની ભાવના હોય છે. આહા..હા..! વ્યવહાર હોય છે ખરો. પૂર્ણ ન થાય ત્યારે એને વ્યવહાર હોય અને વ્યવહારને કારણ પણ ઉપચારથી કહેવામાં આવે, પણ ખરું કારણ એ નથી. આહા..હા..! આવી વાતું ભારે, ભાઈ! લ્યો!

**'કેવળજ્ઞાન થતાં...'** આત્માની પૂર્ણજ્ઞાન દશા થતાં સાક્ષાત્ શુદ્ધનયનું પરિણમન થઈ ગયું એને. નહિતર નય તો ત્યાં છે નહિ, એ તો પ્રમાણ જ્ઞાન થઈ ગયું, પણ નીચલે શુદ્ધજ્ઞાનની અપેક્ષાએ જે સ્વનો આશ્રય લઈને ધર્મ કરતો એ સ્વનો આશ્રય પૂર્ણ થઈ ગયો એટલે શુદ્ધનય સાક્ષાત્ પૂર્ણ થઈ ગયું એમ. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું હવે.

હવે ગાથા ૧૭૯-૧૮૦.

**जह पुरिसेणाहारो गहिदो परिणमदि सो अणेयविहं।**
**मंसवसारुहिरादी भावे उदरग्गिसंजुत्तो।।१७९।।**
**तह णाणिस्स दु पुव्वं जे बद्धा पच्चया बहुवियप्पं।**
**बज्झंते कम्मं ते णयपरिहीणा दु ते जीवा।।१८०।।**

આહા..હા..! **'णयपरिहीणा'** શબ્દ કહીને આચાર્યને.. કે શુદ્ધનય તે જ નય છે, વ્યવહારનય તો એક ઉપચારિક વ્યવહાર કહેવાય. શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા પવિત્ર પિંડ પ્રભુ છે. એનો અનુભવ થવો એ જ શુદ્ધનય છે અને એનાથી ભ્રષ્ટ થવું એ નયથી પરિભ્રષ્ઠ છે, એ નયથી

પરિભ્રષ્ટ છે. આહા..હા..! એકલા પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ. એ પરિણામમાં એકત્વબુદ્ધિ થવી એ જ શુદ્ધનયથી ભ્રષ્ટ થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અંતર સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં તો રાગથી ભિન્ન પોતાના સ્વરૂપનો અનુભવ હોય છે અને એની પ્રતીતિ હોય છે. ત્યારે એ અનુભવની પ્રતીતિ છોડીને રાગનો વિકલ્પ ઉઠ્યો એની એકતાબુદ્ધિમાં આવી ગયો એ શુદ્ધનયથી ભ્રષ્ટ થયો, નયપરિહીણાં છે એ સાચી નયથી ભ્રષ્ટ થયો. એ નય કીધી છે અહીંયાં. પછી નય કઈ એ નથી કીધી. '**णयपरिहीणा**' એટલે ખરેખર એ નય જ એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આનંદના નાથમાંથી ખસી, ચિદાનંદ પ્રભુ એની બેઠકમાંથી ખસી અને રાગની બેઠકમાં ગયો... આહા..હા..! એને '**णयपरिहीणा**' કીધા છે. વાસ્તવિક નયથી ભ્રષ્ટ થયો છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? નીચે.

**પુરુષે ગ્રહેલ અહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે**
**બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.**
**ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે**
**બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.**

પાઠમાં તો '**णयपरिहीणा**' છે. ગુજરાતીમાં શુદ્ધનય કરવું પડ્યું. પાઠનો અર્થ ફેરવી નાખ્યો એમ છે? એ '**णयपरिहीणा**'નો અર્થ જ એ છે. શુદ્ધનયથી પરિભ્રષ્ટ થયો એમ છે મૂળ અર્થ. એનું સ્પષ્ટીકરણ છે એ તો.

'ટીકા :- **જ્યારે જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થવાથી,...**' આહા..હા..! આત્મા અતીન્દ્રિય આનંદના સ્વભાવમાં હોય, અનુભવમાં, ત્યારે તો એ શુદ્ધનયમાં હોય છે, પણ જ્યારે એનાથી ચ્યુત થાય. આહા..હા..! પર્યાયબુદ્ધિ થઈ જાય, રાગના વિકલ્પ ઉપર દૃષ્ટિ થઈ જાય ત્યારે એ શુદ્ધનયથી ભ્રષ્ટ થયો, ત્યારે એને મિથ્યાત્વ સંબંધીના રાગભાવોનો સદ્ભાવ થયો. આહા..હા..! બહુ ઝીણું.

સ્વરૂપ નિર્વિકલ્પ અભેદ ચૈતન્ય પ્રભુ. એની દૃષ્ટિમાં શુદ્ધનયનું વેદન થવું એને અહીંયાં શુદ્ધનયમાં રમે છે તેમ કહેવામાં આવે છે અને તેમાંથી ખસીને જ્યારે ભલે શુભરાગ હો, પણ શુભરાગમાં એકત્વબુદ્ધિથી પરિણમે છે, ત્યારે તે સ્વભાવથી ભ્રષ્ટ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત હજી સાધારણને સમજે નહિ એમાં આવી વાત. અરે..! એણે સમજે છૂટકો છે, બાપુ! એ જન્મ-મરણના દુઃખો ટાળવા હોય તો આ ઉપાય છે. આહા..હા..! વચ્ચે વ્યવહાર આવે ખરો અને એને કારણ પણ કહેવામાં આવે ઉપચારે. આહા..હા..! યથાર્થ તો એક જ કારણ છે. આહા..હા..! શુદ્ધ સ્વભાવનો અનુભવ વીતરાગી પર્યાયનું વેદન એ એક જ મોક્ષનું કારણ છે, પણ એ વેદનથી છૂટી જાય અને વળી રાગની એકતામાં આવી જાય ત્યારે તેને મિથ્યાત્વ સંબંધી, અનંતાનુબંધી સંબંધી રાગ-દ્વેષ અને મિથ્યાત્વ થાય છે. આહા..હા..! એ રાગની રુચિ થઈ ત્યાં મિથ્યાત્વ થયું એમ કહે છે.

**શ્રોતા :—** પુણ્યની રુચિનો વાંધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ રાગથી તો પુણ્ય. અહીં તો મુખ્ય પુણ્યની જ વાત લીધી છે. જે દયા, દાન, વ્રત, ભક્તિ શુભભાવ, શુભોપયોગ એની રુચિ થવી એ જ મિથ્યાત્વભાવ છે, એ સ્વરૂપથી ભ્રષ્ટ થયો છે. આહા..હા..! બહારમાં ક્રિયા એવી ને એવી કરતો હોય. વ્રતની, સંયમની જે આચરણની, નિર્દોષ આહાર લેતો હોય, બધું કરતો હોય, પણ અંદરમાં ચૈતન્ય ભગવાન જે પરમાત્મસ્વરૂપે બિરાજમાન, એના વેદનમાંથી ખસીને રાગના વેદનમાં આવી ગયો. આહા..હા..! એ મિથ્યાત્વ ભાવના રાગ-દ્વેષ થાય છે એને. બહુ ઝીણું બાપુ! અત્યારે આ ઝઘડા ઊભા થાય છેને નિશ્ચયાભાસ ને. આહા..હા..! સોનગઢ નિશ્ચયાભાસ એમ કહે છે. આહા..હા..!

બાપુ! વ્યવહાર હોય છે, વ્યવહાર નથી હોતો એમ નહિ. નિમિત્ત છે, પણ નિમિત્ત કાર્યગત પરને કરે શુદ્ધને એમ છે નહિ. આહા..હા..! નિમિત્તને નિમિત્તકારણ તરીકે પણ કહેવાય, વ્યવહારને કારણ તરીકે કહેવાય, પણ એ કારણ કાર્યને કરે છે એમ બિલકુલ નથી. આહા..હા..! આવી વાતું છે. નવા માણસને એવું લાગે કે આ શું કહે છે આ તે? આ ધર્મ સાંભળવા અમે તો આવ્યા છીએ કહે. હવે કાંઈ ધર્મ કેમ થાય એ તો આવતું નથી. આ શું આવે છે આ? પુણ્ય અને પાપના પરિણામથી ભિન્ન પડીને ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ કરવો, એનું નામ ધર્મ વીતરાગના માર્ગમાં કહેવામાં આવે છે અને એ શુદ્ધ સ્વભાવનો આદર અને સત્કારના અનુભવ છોડી અને રાગનો આદર અને સત્કાર કર્યો એને અધર્મદૃષ્ટિ થઈ એમ કહેવામાં આવે છે. આહા..હા..! આ દુનિયા ભભકા બહારના. આહા..હા..! સ્મશાનના હાડકા હોય, એમાં ફોસ્ફરસ જેમ ચમક-ચમક-ચમક થાયને, લોકો એમ માને કે આ ભૂતડા લાગે છે એવા. ભૂતડું-બૂતડું નથી. એ હાડકામાં એ ફોસ્ફરસ હોય છે. શું કહેવાય એ? ફોસ્ફરસ. એમ આ બધા હાડકાની ફોસ્ફરસ છે બધી. સ્મશાનના હાડકા છે એ આ શરીર, વાણી બધા. આહા..હા..! એ બહારના ફોસ્ફરસમાં જગત અર્પાઈ જાય છે. એ તો વળી સ્થૂળ વાત થઈ.

અહીંયાં તો રાગના પરિણામમાં જે અર્પાઈ જાય છે, આહા..હા..! એ પણ સ્વરૂપથી ભ્રષ્ટ થઈ જાય છે. આહા..હા..! અભિપ્રાય એનો શુદ્ધ ચૈતન્ય હતો જે અભિપ્રાય, એ અભિપ્રાય ખસી ગયો અને 'રાગ તે હું છું' એવો અભિપ્રાય થયો એ, અજ્ઞાનીના બહારની ક્રિયાકાંડ તો એવા ને એવા રહે, પણ અંદરમાં ભ્રષ્ટ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવી વ્યાખ્યા! માર્ગ આવો છે, બાપુ! તારા જન્મ-મરણના આટાને મૂકવાનો માર્ગ આ છે. તને આકરો લાગે, દુર્લભ લાગે, પણ છે તો આ. એ વિના તારા આરા નહિ આવે, બાપા! એવા વ્રત ને નિયમ ને અપવાસ કરીને મરી ગયો અનંતવાર. આહા..હા..!

ઉપવાસ. આત્મા આનંદનો નાથ એની ઉપ નામ સમીપે વસ્યો નહિ. અપવાસ કર્યા. રાગની મંદતાના અપવાસ કર્યો ત્યારે એમ કહે છે કે ને. એક જણે ચર્ચા થઈ હતી એક આર્જિકા

સાથે. વડોદરામાં આપણે આવે છેને ભાઈ વેજલકાના એક ચંદુભાઈ. ચંદુભાઈ નહિ? વેજલકા. એ આર્જિકા સાથે વાત થઈ. ભાઈ આર્જિકા કહે તમે બીજી ગમે તે વાત કરો. પણ અપવાસ છે તે તપસ્યા છે, તપસ્યા છે તે નિર્જરા છે અને નિર્જરા છે તે મોક્ષમાર્ગ છે. એય..! શાંતિભાઈ! ઓલા તપના બોલ આવેને, અનશન, ઉણોદરી, વૃત્તિસંગ્રહ, એ તો નિમિત્તના કથન છે. તપની વ્યાખ્યા નહોતી કરી સવારમાં? આત્માવલોકનમાં. અપવાસ, તપ એ તો રાગની ક્રિયા છે. આહા..હા..!

દાન, શીલ, ભાવના, તપ-તપ. શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ... આહા..હા..! ઈષ્ટ મિત્ર, શત્રુરૂપ પરજ્ઞેયો કો છોડના યાનિ ઉનમેં મમતારહિત પરિણતિ હોના તથા ઉનમેં તૃષ્ણા-રહિત હોના, મમતારહિત પરિણતિ હોના, તૃષ્ણારહિત હોના, અપને સ્વભાવમેં સ્થિરતા હોના. આનંદનો નાથ ભગવાન એમાં સ્થિરતા હોના. ઐસી તપસ્યા હી તપ કહલાતી હૈ. સવારમાં કહ્યું હતું. દીપચંદજી સાધર્મી એમ કહે છે પોતે. ભાષા સાધર્મી. આહા..હા..! એને તપ કહીએ. અહીં તો અપવાસ કરે જ્યાં ઓલું થાય ઓહો..હો..! એક મહિનાના અપવાસ કર્યા અને એને ઉજવ્યા, પાંચ-પચાસ હજાર ખર્ચ્યા ધર્મશાળા, અપાસરા જેવા સ્થાનમાં ૧૦૦-૧૦૦, ૨૦૦-૨૦૦, ૫૦૦-૫૦૦ આપ્યા. ભાઈ તપસ્યા ઉજવી. તપસ્યા કરી અને વળી ઉજવી. ધૂળેય નથી તપસ્યા સાંભળને.

**શ્રોતા :—** અમદાવાદમાં શુભ કર્યું એનું કાંઈ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અમદાવાદ ત્યાં લોકો. પોણો લાખ રૂપિયા ખર્ચ્યા. ધૂળેય નથી. પાપ મિથ્યાત્વનું બાંધ્યું હશે. શેઠાણી હતીને. મોટા ગૃહસ્થ કરોડોપતિ. વર્ષીતપ કર્યું. પોણો લાખ ખર્ચ્યા. સ્પેશ્યલ આવી હતી આખી અહીં અમદાવાદથી પાલિતાણા. મંગલભાઈની વહુ. મંગલ ઉજમશી. જેસંગ-જેસંગ, જેસંગ ઉજમશી. જેસંગભાઈ આવ્યા હતાને અમારી પાસે. અહીં આવ્યા હતા. અહીં આવ્યા હતા. પણ એ શ્રીમદ્‌ના રાગી. એટલે બાકી કાંઈ ખબર ન મળે. અહીં પૈસા આપ્યા હતા. એના શ્રીમદ્‌નો ફોટો મૂક્યોને આપણે. પાંચ હજાર રૂપિયા હતા. એક માણસ કચ્છી આવ્યો હતો. કચ્છી હતોને ત્યાં કોક. બીજું કોક. નામ હતું કાંઈક ભૂલી ગયો. દામજીભાઈ નહિ? બીજો હતો. દામજીભાઈ અહીં આવ્યા નથી. દામજીભાઈ ત્યાં મળ્યા હતા. પોરબંદર મળ્યા હતા. આ બીજો હતો. પાંચ હજાર રૂપિયા મોકલ્યા હતા એણે.

કેમ? કે એમાં એવી એક વાત આવે છે. શ્રીમદ્‌માં કહી ગયા છે કે મારી પાછળ પચાસ વર્ષ પછી એક ધર્મનો ઉદ્યોત થશે એવું શ્રીમદ્ કહી ગયા છે એવી વાત અંદર છે. ધર્મનો ઉદ્યોત થશે, ધર્મની પ્રભાવના થશે ૫૦ વર્ષ પછી. એટલે એને એમ થયું કે આ કાનજીસ્વામી તરફથી આ થાય છે એ લાગે છે. એટલે એમનો ફોટો મૂકેલો છે આપણે. એ એક કચ્છી લઈને આવ્યા હતા. પાંચ હજાર રૂપિયા આપ્યા હતા. સંસ્થાને પાંચ હજાર આપ્યા. અને એ ફોટો નથી મૂક્યો આપણે સ્વાધ્યાય મંદિરમાં? શ્રીમદ્‌નો ફોટો છેને એ. તે દિ'નો છે એ. એ

જેસંગભાઈ શેઠે મોકલેલા. કારણ કે શ્રીમદ્ એમ કહી ગયા છે ક્યાંક ખાનગીમાં, લખાણમાં ક્યાંય આવ્યું નથી, કે પચાસ વર્ષ પછી આ વાસ્તવિક ધર્મનો ઉદ્યોત થશે. જૈનધર્મનું વાસ્તવિક સ્વરૂપ છે ત્યારે ઉદ્યોત પ્રભાવના થશે. એટલે એને એમ થયું કે આ કાનજીસ્વામી નીકળ્યા લાગે છે ત્યાંથી આ ઉદ્યોત થશે. એટલે એમાં શ્રીમદ્નો ફોટો નાખો. પાંચ હજાર રૂપિયા આપ્યા હતા. કચ્છી લઈને આવ્યા હતા. આહા..હા..! આ તપની વ્યાખ્યા. આ અપવાસ કરવા, લાંઘણું કરવી, એ તપ નહિ. આહા..!

અપને સ્વભાવમેં સ્થિરતા હોના. જુઓ છેને? આહા..હા..! ભાવ શોભનં... તદૈવ. પાઠ એવો છે. ભાવ શોભનં. શુદ્ધ નિર્વિકલ્પ આનંદની શોભા પ્રગટ થાય અંદર. વીતરાગી પર્યાય શોભનમ્ પ્રગટ થાય એનું નામ તપ છે. આત્માવાલકોન છે. દયાનો, ભાવાનો, બધા ઘણા પદો છે. દાનનું, શીલનું લક્ષણ. દાનનું પણ આ લક્ષણ વર્ણવ્યું છે. નિજસ્વભાવભાવ શક્તિરૂપી જીવદ્રવ્ય છે. નિજસ્વભાવભાવશક્તિરૂપ જીવદ્રવ્ય હૈ. અવ્યક્ત જો નિજસ્વભાવભાવ ઉસકે અભિવ્યક્ત હો જાને પર અવ્યક્ત જો સ્વરૂપ હૈ વહ પર્યાય મેં વ્યક્ત હો જાને પર, જિસ સમય અપને રૂપ પરિણમન કરતા હૈ વહી દાન હૈ. અપની વસ્તુ જે શક્તિરૂપ જે છે, જ્ઞાન, આનંદ શક્તિરૂપ છે. વહ પર્યાય મેં વ્યક્તરૂપ હો જાના, આનંદ અને જ્ઞાનની શાંતિ આદિ વેદન હો જાના એનું નામ દાન કહેવામાં આવે છે. આત્માએ પોતાને એ દાન આપ્યું. પૈસા દેવા, ઢીંકણા દેવા એ કાંઈ દાન નહિ, કહે છે. કહો, લાલજીભાઈ!

**શ્રોતા :—** 'પૈસા દેવા એ દાન નહિ' એ તો બહુ ગમે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો કાંઈ માણસ ઉદાર છે. એ તો પૈસા ખર્ચે છે. પણ આ તો દુનિયા. આહા..હા..! આને દાન કહીએ. શીલ કોને કહેવું, તપ કોને કહેવું બધા અર્થ કર્યા છે અધ્યાત્મ અર્થ છે. આહા..હા..!

આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં શોભનં. એની શોભા, આનંદની શોભા, વીતરાગતાની પર્યાયની શોભા એનું નામ ભગવાન તપ કહે છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! આવું તો કોઈ દિ' સાંભળ્યું નહિ હોય કોઈ દિ' ક્યાંય. બધા અપવાસ કરે, વર્ષીતપ કરે, બેસે પછી વખાણ કરે ત્યાંના. આહા..હા..! બહુ સારું કર્યું શેઠિયાઓ. ભાઈ પચાસ લાખના આસામી અને એની છોકરાની વહુ, એણે વર્ષી તપ કર્યો. આહા..હા..! ધૂળેય નથી કાંઈ સાંભળને.

'**જ્યારે જ્ઞાની...**' એટલે આત્માના શાંતિ અને આનંદનો અનુભવ કરનારો એવો જે જ્ઞાની '**શુદ્ધનયથી ચ્યુત થાય...**' એટલે પોતાના શુદ્ધ અનુભવથી આનંદના વેદનથી ચ્યુત થાય, ત્યારે તેને રાગાદિભાવનો સદ્ભાવ થવાથી, ત્યારે તો તેને રાગની હયાતી થાય છે. સ્વભાવની હયાતીનો અનુભવ છૂટી ગયો. આહા..હા..! આનંદની હયાતીનું સ્વરૂપ, તેની હયાતીની દૃષ્ટિ છૂટી ગઈ. આહા..હા..! અને રાગના પ્રેમમાં, રાગની રુચિમાં, '**રાગાદિભાવનો સદ્ભાવ તેને થવાથી, પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો,...**' પૂર્વના બાંધેલા કર્મો. '**પોતાને (–દ્રવ્યપ્રત્યયોને) કર્મબંધના**

**હેતુપણાના હેતુનો...' જૂના કર્મ જે હેતુ છે એ હેતુ, મિથ્યાત્વસંબંધી રાગ-દ્વેષના ભાવ, એનો સદ્ભાવ થતાં 'હેતુમાન ભાવનું અનિવાર્યપણું હોવાથી,...'** પછી કાર્યભાવનું એટલે જરૂર એનું કાર્ય બંધનમાં આવે. આહા..હા..! ભાષા પણ એવી. છે આખી ગાથાઓ જ ઝીણી છે.

કહે છે કે જૂના કર્મ તો પડ્યા છે. જ્ઞાનીને પણ છે અને અજ્ઞાનીને પણ છે; પણ જ્ઞાનીને જૂના કર્મ પડ્યા હોવા છતાં દૃષ્ટિ અને વેદનમાં, આત્માના આનંદનું વેદન છે, માટે તેને તે સંબંધીના મિથ્યાત્વસંબંધીના રાગ-દ્વેષ નથી. તેથી તેને દ્રવ્ય આસ્રવનું નિમિત્ત એવો મિથ્યાત્વના રાગ-દ્વેષ એનું નહિ હોવાથી, તેને દ્રવ્યકર્મ બંધનનો હેતુ થતો નથી. દ્રવ્યકર્મ બંધનો હેતુ થતો નથી. અજ્ઞાનીને, હવે દૃષ્ટિ ફરી જેની. આહા..હા..! પર્યાયબુદ્ધિ થઈ, દ્રવ્યબુદ્ધિ ભ્રષ્ટ થઈ. આહા..હા..! એકલા જ્ઞાનના ક્ષયોપશમનો અનુભવનો અહંકાર રહ્યો. સમજાય છે કાંઈ? એથી મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષના ભાવને પામ્યો. તેથી જૂના કર્મ નવા બંધનો હેતુ, એનો હેતુ મિથ્યાત્વસંબંધીના રાગદ્વેષભાવ, એવો સદ્ભાવ થવાથી એને નવા બંધનમાં જૂના કર્મ નિમિત્ત થાય છે. કારણ કે નિમિત્તને નિમિત્ત તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૂના કર્મ તો જ્ઞાનીને પણ હતા, પણ એના ઉદયકાળમાં પોતાને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ નથી તેથી તે ઉદય ખરી જાય છે અને નવા બંધનું કારણ થતું નથી. પણ અજ્ઞાનીને જેની પર્યાય બુદ્ધિ રાગ રુચિ થઈ. આહા..હા..! વીતરાગસ્વભાવની રુચિથી ભ્રષ્ટ થઈને, રાગની રુચિમાં જે આવ્યો, ત્યારે તેને મિથ્યાત્વસંબંધી રાગ-દ્વેષભાવના સદ્ભાવને લઈને જૂના કર્મનું નિમિત્ત આ રાગ-દ્વેષ, એને નવું બંધન થાય છે. સમજાય છે કાંઈ?

એટલે શું કહે છે? કે જૂના કર્મને નવા રાગ-દ્વેષ મિથ્યાત્વ નિમિત્ત હોવાથી નવું બંધન અનિવાર્ય છે. હવે બંધન થશે જ એને. સમજાણું કાંઈ? જૂના કર્મના ઉદયને અજ્ઞાનીના સ્વભાવથી ભ્રષ્ટ થયેલા ભાવ, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ હેતુનો હેતુ હોવાથી, હેતુમાન બંધનું કાર્ય તેને અનિવાર્ય છે, એને બંધન થશે. આહા..હા..! ભારે ભાષા આવી. છે?

**'હેતુપણાના હેતુનો સદ્ભાવ થતાં હેતુમાન ભાવનું (-કાર્યભાવનું) અનિવાર્યપણું...'** છે. શું કહ્યું સમજાણું કાંઈ? જ્યારે આત્મા પોતાના સ્વભાવના આનંદના વેદનથી, ઉપયોગથી છૂટ્યો અને સ્વભાવની રુચિથી છૂટ્યો, ત્યારે તેને રાગના પ્રેમની રુચિમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ ઉત્પન્ન થયા. એ રાગ-દ્વેષ અને મિથ્યાત્વના સદ્ભાવને કારણે જૂના કર્મનો હેતુ એ રાગ-દ્વેષ હોવાથી, નવા બંધના કાર્યનું અનિવાર્ય હોવાથી એને નવું બંધન થાશે. વાત સમજાય છે કાંઈ? વાત શું કહે છે એ કઠણ પડે. આહા..હા..!

**'જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે.'** છેને? અનિવાર્યપણું હોવાથી. આહા..હા..! જૂના કર્મને મિથ્યાદૃષ્ટિનું મિથ્યાત્વ અને રાગ-દ્વેષ નિમિત્ત હોવાથી નવું બંધન અનિવાર્ય છે, એને બંધન નવું થશે જ. આહા..હા..! જ્ઞાનીને બંધ નથી એમ કહ્યું હતું

કે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અનંતાનુ બંધી એ સંબંધીનું એને બંધ નથી, ત્યારે આને એ સંબંધીનું બંધન છે. બસ એટલી વાત. અસ્થિરતાની વાત અહીંયાં ગણી નથી. સમજાણું કાંઈ? આવો ઉપદેશ અને આવી ધર્મની રીત, લ્યો! નવી કાઢી કોકે એમ કહે છે લ્યો. સોનગઢવાળાએ નવું કાઢ્યું. આ શેમાં લખેલું આવું? આ સોનગઢનું પુસ્તક છે? આ તો ૨૦૦૦ વર્ષથી છપાઈને પડ્યું છે. છપાણું ભલે ગમે ત્યાંથી હોય એને શું અર્થ છે? એ તો ભાઈએ લખ્યું છે શેઠે શાહુજીએ,

કોઈપણ સંસ્થાથી કુંદકુંદંચાર્યના પુસ્તકો બહાર પડ્યા હોય તે એનો અવર્ણવાદ ન કરવો. કોઈપણ સંસ્થાથી. ભગવાનની વાણી છે એ. એમણે એ પક્ષ બહુ ઓલો કર્યો છે. એટલી હિંમત. એ વાણીને પાણીમાં બોળવા કે ટૂકડા કરવા. આહા..હા..! એને લઈને તો લક્ષ્મીચંદજી પણ જરી ફરી ગયા લ્યો. લલીતપુરમાં વિરોધ કર્યો હતો મોટો. સોનગઢના માનવાવાળાને તો તલવારથી, ખંજરથી કાપી નાખવા. એણે બિચારાએ પંડિતોના બહેકાવ્યો બહેકાઈ ગયો. મારી મોટી ભૂલ થઈ ગઈ. ખાનદાની. એની ખાનદાન માણસ. એમ લેવું જોઈએ. આહા..હા..! થાય ભૂલ તો. અરે..! આ બાપુ! અને એ મૂળ તો શેઠનો પક્ષ રહ્યોને? શાહુજીનો. શાહુજી ગળગળા થઈને બોલેલા સભામાં. ઓહો..! કુંદકુંદાચાર્યની વાણી એ ધર્મના થાંભલા, એને જો કાઢી નાખો તો જૈન ધર્મ જ નહિ રહે. આહા..હા..! કુંદકુંદાચાર્યનું સાહિત્ય, એનામાંથી જે ધર્મ ઊભો થયો એને કાઢી નાખશો તો ધર્મ નહિ રહે કહે. ગળગળા થઈને કહ્યું હતું. એટલા ભાગ્યશાળી. બાપુ! આ તો સત્ય છે, ભાઈ! આ કોઈ પક્ષની વાત નથી. અહીં શું કહ્યું? કે જેને પુણ્યની રુચિના ભાવ છે એને મિથ્યાત્વભાવ છે. જેને ધર્મની રુચિનો ભાવ છે એને સમ્યક્ભાવ છે. આહા..હા..!

**શ્રોતા :—** તીવ્ર ઉદયને કારણે ભ્રષ્ટ થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ, એ પ્રશ્ન જ અહીંયાં છે નહિ. પોતાથી ભ્રષ્ટ થયો એમ કીધું છે. રાગાદિભાવોનો સદ્ભાવ છે (તેથી,) શુદ્ધનયે ચ્યુત થયો. કર્મે ચ્યુત કરાવ્યો એમ નથી. આહા..હા..!

'**પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે. અને આ પ્રસિદ્ધ પણ નથી. (અર્થાત્ આનું દૃષ્ટાંત જગતમાં પ્રસિદ્ધ જાણીતું છે);...**' શું? હવે આનું દૃષ્ટાંત જગતમાં પ્રસિદ્ધ છે કહે છે. શું? કે '**ઉદરાગ્નિ, પુરુષે ગ્રહેલા આહારને...**' ઉદરાગ્નિ-જઠરાગ્નિ. જઠરાગ્નિવાળા પુરુષે ગ્રહેલા આહારને જઠરાગ્નિ '**રસ, રુધિર, માંસ આદિ ભાવે પરિણમાવે છે...**' જઠરાગ્નિ જે છે એમાં આહાર લે તો એ જઠરાગ્નિ એ આહારને માંસ, રુધિર અન લોહીપણે પરિણમાવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

કારણ કે એ દૃષ્ટાંત પ્રસિદ્ધ છે જગતમાં કહે છે. આહા..હા..! ઉદરાગ્નિ, જઠરાગ્નિ પુરુષે ગ્રહેલા આહારને... છેને? પહેલી ગાથા એ છે. '**गहिदो परिणमदि सो अणेयविहं।**' '**આહારને રસ, રુધિર, માંસ, આદિ ભાવે પરિણમાવે છે એમ જોવામાં આવે છે.**' જે આહાર

લે છે જઠરાગ્નિ એને માંસના .. પરિણમાવે છે; એમ અજ્ઞાનીને જે રાગ-દ્વેષ-મોહ થયા, એ કર્મ બંધનમાં નિમિત્ત થયા. કર્મને પરિણમાવે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગશર સુદ-૭, રવિવાર, તા. ૨૮-૧૧-૧૯૭૬, ગાથા-૧૭૯-૧૮૦, કળશ-૧૨૨-૧૨૩, પ્રવચન નં. ૨૪૫

૧૭૯-૧૮૦નો ભાવાર્થ છે. શું કહે છે? 'જ્ઞાની શુદ્ધનયથી છૂટે ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે.' એટલે શું કહ્યું? કે આ આત્મા વસ્તુસ્વભાવ અનંત, જ્ઞાન, દર્શન આનંદ સ્વભાવ. જેનો ચૈતન્યપ્રકાશ આનંદની સત્તા જેની અનંત છે. એવો જે દ્રવ્યસ્વભાવ, તેની દૃષ્ટિમાં રહેવું એ શુદ્ધનયમાં રહેવું એમ કહેવામાં આવે છે અને એમાંથી છૂટીને એક સમયની પર્યાયની રુચિ થવી કે દયા, દાનના વિકલ્પના રાગની રુચિ થવી એ શુદ્ધનયથી ભ્રષ્ટ થાય છે. સમજાણું કાંઈ?

'શુદ્ધનયથી છૂટે...' ધર્મી. જ્ઞાની એટલે ધર્મી. ધર્મી એટલે શુદ્ધ આનંદ, અનંત જ્ઞાન, અનંત આનંદ એવો જે દ્રવ્યસ્વભાવ એનો જ્યાં અનુભવ છે, એવા દ્રવ્યસ્વભાવ જે અનંત શાંતિ, આનંદ, સ્વચ્છતાથી ભરેલો ભગવાન, એની અંતરમાં રુચિ થઈને પરિણમન થવું એનું નામ જ્ઞાની અને એનું નામ ધર્મી. એ ધર્મી જ્યારે શુદ્ધનયથી છૂટે. પોતાના શુદ્ધસ્વભાવની મહત્તાની મહિમામાં હોય ત્યાં સુધી ઠીક, પણ એ મહિમાની મહત્તા છૂટીને એને એક સમયની જ્ઞાનની વર્તમાન અવસ્થા અથવા રાગ પુણ્ય-દયા-દાનના ભાવ એના મહત્તામાં જાય તો એ શુદ્ધનયથી-સ્વભાવથી ચ્યુત થાય છે. આવી વ્યાખ્યા આ. ક્યા દેશની ભાષા? સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવી ભાષા છે આ.

વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર એની દિવ્યધ્વનિમાં આ આવ્યું કે જે કોઈ ધર્મી થાય એ કઈ રીતે થાય? તે દ્રવ્યસ્વભાવ જે આત્મા અનંત પ્રકાશ જ્ઞાનનો, ચેતનના પ્રકાશનું પૂર એવો જે વસ્તુનો સ્વભાવ, એમાં જે અનંત આનંદ અને વર્તમાન આનંદ અકષાય શાંતિ ભરેલી છે, એવી ચીજનો અનુભવ થવો, નિમિત્તની દૃષ્ટિ છૂટી અને રાગના વિકલ્પની રુચિ છૂટી એક સમયની પર્યાયની પણ રુચિ અને આશ્રય છૂટી વસ્તુસ્વભાવ જે ચૈતન્યબિંબ ભગવાન પરમાત્મસ્વરૂપ પોતે છે એની દૃષ્ટિ થવી નિર્વિકલ્પ અનુભવ એનું નામ શુદ્ધનયનો વિષય જાણ્યો અને અનુભવ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત.

હવે આ વ્રત પાળવા અને દયા પાળવી એ બધી ક્યાં છે વાતું? એ તો પ્રભુ રાગ છે, ભાઈ! તને ખબર નથી. તારું સ્વરૂપ તો સચ્ચિદાનંદ પ્રભુ છે. આહા..હા..! સત્ શાશ્વત ચિદ્ આનંદ, જ્ઞાન અને આનંદનો પૂર્ણ સ્વભાવ, પૂર્ણ સ્વભાવ. નાળિયેરનો દાખલો આપ્યો નહોતો? નાળિયેરમાં જેમ ધોળો સફેદ ગોળો છે એ નાળિયેર છે. એમાં લાલ છાલ છે એ નાળિયેર નથી. લાલ છાલ કાચલી કોરની. જેમ કાચલી નાળિયેર નથી; એમ એના છાલા એ નાળિયેર નથી. એમ આત્મામાં શરીર એ આત્મા નથી, અંદર કર્મ છે એ આત્મા નથી, કર્મ એ કાચલી, અને પુણ્ય-પાપના, શુભ-અશુભના ભાવ થાય એ છાલ જેવી લાલ છાલ જેવા ફોતરા છે એ આત્મા નહિ. આહા..હા..! જેમ શ્રીફળમાં ધોળો અને મીઠો ગોળો છે, એમ આ ભગવાનની પુણ્ય-પાપની છાલની પાછળ એકલો ધોળો એટલે શુદ્ધ અને મીઠો એટલે આનંદ. શુદ્ધ આનંદનો નાથ.. આહા..હા..! એ બાળગોપાળ બધા આત્માઓ આવા જ છે. શરીરની અવસ્થા બાળ હોય, યુવાન હોય, વૃદ્ધ હોય, સ્ત્રીનો દેહ હોય, પુરુષનો દેહ હોય, નારકીનો, છતાં વસ્તુ તો આવી છે. સમજાય છે કાંઈ? એ વસ્તુની દૃષ્ટિ કર્યા વિના જે કાંઈ દયા, દાન, વ્રત કરવામાં આવે...

સવારમાં આવ્યું હતું નહિ? એ કાંઈ કાર્યકારી નથી એમ આવ્યું હતું. પરમાત્મપ્રકાશ. એથી કે વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ભાવ એ કાંઈ આત્માનું કાર્ય કરે એવું છે નહિ. આહા..હા..! એ તો રાગ છે. આહા..હા..! આત્માનું કાર્ય તો અંદર શુદ્ધ ચૈતન્યઘન, એમાં દૃષ્ટિ પ્રસરતા અથવા એ દૃષ્ટિએ આખો આત્મા સ્વીકારતા અથવા જ્ઞાનની એક સમયની પર્યાયમાં જ્ઞેય પરિપૂર્ણનું જ્ઞાન થતાં જે અનુભવ થાય તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! એ જીવ ધર્મને પંથે પડ્યો હતો, સુખને રસ્તે ગયો હતો, એમાંથી સુખના રસ્તાથી ભ્રષ્ટ થાય. આહા..હા..! શુદ્ધનયની વ્યાખ્યા ચાલે છે આ. છૂટે અને રાગના દયા, દાન, વ્રતાદિના શુભરાગનો પ્રેમ થાય ત્યારે એને શુદ્ધસ્વભાવથી ભ્રષ્ટ થઈ જાય છે. બહારમાં ક્રિયાકાંડ ભલે ઊભી રહે એમ ને એમ. સમજાય છે કાંઈ? વ્રત, નિયમ, સંયમ, બ્રહ્મચર્ય શરીરનું હોય, પણ અંતરમાં આનંદના નાથને શોધતા એની શોધ રાગમાં જાય છે જ્યાં. આહા..હા..! કાંતિભાઈ! આવું બધું સાંભળવું કઠણ પડે એવું છે. આહા..હા..! મીઠી મધુરી વાત છે, પ્રભુ! આહા..હા..! તું કોણ છો? ક્યાં છો? કેમ છો?

શ્રીમદ્‌માં નથી આવતું? 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' આહા..હા..! 'કોના સંબંધે વણગણા છે રાખુ કે એ પરહરું? એના વિચાર વિવેકપૂર્વક' રાગથી ભિન્ન પડવું એ વિવેક છે, એ ભેદજ્ઞાન છે. 'એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનના...' ૧૬ વર્ષની ઉંમરે. હજી લગન કર્યા નહોતા. લગ્ન પછી થયા ૨૧ વર્ષે. ૧૬ વર્ષનો પોકાર છે. આહા..હા..! 'કોના સંબંધે વળગણા છે રાખું કે એ પરિહરું? એના વિચારવિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા. તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.' આહા..હા..! સમજાય

છે કાંઈ? આ તો ભાષા સાદી છે શેઠ! ગુજરાતી. શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વર્ષે પોકારે છે ૧૬ વર્ષે. અને આ ૬૧ વર્ષે એને સમજાતું નથી. આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળતો ખરો, પ્રભુ! તું કોણ છે? આ હાડકા અને શરીર, વાણીના ભભકા એ તો બધા નાશવાન છે. અંદરમાં પુણ્યના પરિણામ પણ નાશવાન છે. આમ તો કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે, પણ આ તો વિભાવ છે. શુભભાવ, અશુભભાવ એ તો વિકાર છે, પ્રભુ! એ તો દુઃખના પંથે છે. એના પ્રેમમાં ફસ્યો એ દુઃખને રસ્તે છે. વેશ્યાને વશ થઈ ગયો. એ રાગ વ્યભિચાર છે. આહા..હા..!

ભગવાન તો એમ કહે, પોતાની બુદ્ધિ સ્વભાવમાંથી ખસીને શાસ્ત્રમાં જાય તો એ વ્યભિચારણી બુદ્ધિ છે. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! આહા..! તું સચ્ચિદાનંદ નાથ પ્રભુ, પૂર્ણાનંદનો કંદ છો નાથ અંદર. આહા..હા..! એમાંથી ખસીને, હઠીને તે શુભરાગ વ્યભિચાર છે, તેના પ્રેમમાં ફસ્યો એ વેશ્યાના પ્રેમમાં છે. આહા..હા..! એ આ કહે છે. ઝીણી વાત, ભગવાન! આહા..હા..! એ અંતર ચૈતન્ય ધોળો, સફેદ, મીઠો એટલે આનંદ. શ્રીફળની જેમ.. .. શું થાય પણ અહીં તો શાંતિની વાત છે, બાપા! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! તું તારા સ્વરૂપના પ્રેમથી જો છૂટી જા, ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય. મિથ્યાત્વસહિત રાગ-દ્વેષની હયાતી ઉત્પન્ન થાય. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**રાગાદિભાવોના નિમિત્તે દ્રવ્યાસ્રવો અવશ્ય કર્મબંધનાં કારણ થાય છે...**' એટલે શું કહ્યું? કે ચૈતન્યસ્વભાવના મીઠા મધુરાં મહેરામણ, આનંદનો મહેરામણ ઉછળે છે અંદર. આહા..હા..! એ આનંદનો મહેરામણ સાગર છે. એના પ્રેમમાંથી, અનુભવમાંથી છૂટ્યો અને રાગના પ્રેમમાં ફસ્યો. આહા..હા..! એથી જૂના કર્મ જે પડ્યા હતા એ નવા બંધમાં એ નિમિત્ત થાય. એ નિમિત્તને આ મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ નિમિત્ત થાય, એથી જૂના કર્મ બંધનું કારણ થાય. આહા..હા..! આવી વાતું હવે. એટલી અટપટી. ઓલી તો સીધી એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, પંચેન્દ્રિયા... એય..! કેશુભાઈ! બધું કેટલું સહેલું હતું? એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રેઈન્દ્રિય મિચ્છામી દુક્કડમ જાવ ધર્મ થઈ ગયો. તસ્સઉતરી કરણે.. તાવકાએ ઠાણેણં માણેણં જાણેણં... બાપુ! એ તો બધી રાગની ક્રિયાની વાતું છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..!

**શ્રોતા :—** .. આનંદનો મહિમા છૂટી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છૂટી જાય. આનંદનો મહિમા ગઈ.. અનુભવ .. રાગની મહિમા છૂટી જાય. આહા..હા..!

ત્રણ લોકનો નાથ ભગવાન પોતે છે. અતીન્દ્રિય આનંદનો સાગર ઉછળે છે એ. મહેરામણ, આનંદનો મહેરામણ દરિયો છે એ. 'મહેરામણ માજા ન મૂકે...' આવે છેને ઓલા? 'છેલ્લો સત્ ન ચૂકે.' કથા આવે છે. ચેલો હતોને. ચેલી વાતું કથા છે એ તો બધી. પછી ઘરે એક બાવો

આવ્યો. એણે માંસ માગ્યું ભીક્ષા માટે. માંસ ન મળે. હવે છોકરો ભણવા ગયેલો. એ આવે તો એમાંથી માંસ અપાય કાપીને ઘરે. એ છોકરાને ખબર પડી કે મારો બાપ બોલાવે છે આમ કરીને. એ લૌકિક કથા વૈષ્ણવમાં આવે છે. 'મહેરામણ માજા ન મૂકે, ચેલૈયો સત્ ન ચૂકે.' હું મારા પિતાની આજ્ઞા હોય ત્યાં જઈશ. ભલે ને મને કાપે. મારી મર્યાદા નહિ મૂકું. સમજાય છે કાંઈ? મહેરામણ સમજ્યા? દરિયો.

એમ આ મહેરામણ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ. આહા..હા..! એ મહેરામણ માજા મૂકીને રાગમાં ન જાય. સમજાય છે કાંઈ? આહા..હા..! ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હોય, તોપણ જ્ઞાની પોતાના સ્વભાવને છોડીને રાગમાં ન જાય. આહા..હા..! આવી વાતું હવે. અરે..! બાપુ! તે દુઃખના પંથે અનંતકાળ ગાળ્યા, ભાઈ! એ શરીરની જુવાની, એ પાંચ-પચાસ લાખના પૈસા, એમાં હોંશમાં મરી ગયો ઝેરમાં. ઝેરના પ્યાલા પીને મરી ગયો છે એ. એને અમૃતનો સાગર અંદર ભગવાન, એની એને ઓળખાણ અને મહત્તા અને મહિમા આવી નહિ. એ મહિમા આવી એવી જો મહિમા પાછી છોડીને રાગની મહિમામાં જાય તો નવા કર્મ બાંધે. મિથ્યાત્વસહિતની વાત છે અહીં. સમજાય છે કાંઈ?

એ રાગ-દ્વેષાદિ જરૂર કારણ થાય બંધને. **'તેથી કાર્મણ વર્ગણા બંધરૂપે પરિણમે છે.'** પાઠમાં એમ આવ્યું હતું કે જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે. છે? ટીકા-ટીકા. પહેલી લીટી. આહા..હા..! જ્યારે અંદર મિથ્યાત્વભાવ આવ્યો એટલે કે રાગના પ્રેમમાં ફસ્યો અને ભગવાન આનંદના નાથથી ચ્યુત થઈ ગયો, ત્યારે તેને તે પ્રકારના મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ જૂના કર્મના નિમિત્ત થઈને નવા કર્મને પરિણમાવે છે. પરિણમાવે છે એટલે એનો શું અર્થ? એમ કહે છે.

**'ટીકામાં જે એમ કહ્યું છે કે દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે,...'** મિથ્યાદષ્ટિ થયો એવા મિથ્યાત્વના અને રાગદ્વેષના ભાવ જૂનાં કર્મના નિમિત્તને આ નિમિત્ત થયું અને એ નિમિત્ત નવાબંધમાં થયું. તો નવા બંધને જૂના કર્મ પરિણમાવે છે એનો અર્થ કે જૂના કર્મ નિમિત્ત છે. એ કહે છે જુઓ. **'તે નિમિત્તથી કહ્યું છે. ત્યાં એમ સમજવું કે દ્રવ્યપ્રત્યયો નિમિત્તભૂત થતાં...'** જૂના કર્મની ઉદયની યોગ્યતા નિમિત્ત થતાં **'કાર્મણવર્ગણા સ્વયં બંધરૂપે પરિણમે છે.'** નવા કર્મ એની મેળાએ સ્વયં પરિણમે છે. આવી વાતું હવે. આમાં એકેય વાત કોઈ ઈચ્છામી પડિક્કમણા તસ્સ ઉતરીની આવે નહિ. અરે..! ભગવાન! માર્ગ બીજો, પ્રભુ! એ વીતરાગ ત્રણલોકના નાથ. આહા..હા..! જિનવરનો કહેલો માર્ગ બાપુ! અત્યારે તો બધો ભ્રષ્ટ થઈ ગયો. અત્યારે બહુ ફેરફાર થઈ ગયો.

કહે છે કે જૂના કર્મ નવાને પરિણમાવે એમ કહ્યું ટીકામાં એનો અર્થ સમજવો કે નવા કર્મ પોતે પોતાથી પરિણમે છે ત્યારે જૂના કર્મ તેને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આટલી બધી વ્યાખ્યા સાંભળવી. આ દુનિયામાં નવરાશ ક્યાં? છોકરાઓ તો ભણવામાં મશગુલ,

વેપારીઓ તો વેપારમાં મશગુલ, નોકરીયાત તો નોકરીમાં મશગુલ. હવે આ કે દિ' સમજવું? આહા..હા..!

બાપુ! સમજવું પડશે, ભાઈ! આ મનુષ્યનો ભવ ફરીને મળવો મુશ્કેલ છે. આ મનુષ્યનો ભવ અનંતેકાળે મળે છે, પ્રભુ! એ ભવમાં ભવના અભાવ કરવાના ટાણા છે. આહા..હા..! એ ભવનો અભાવ કેમ થાય? કે જેમાં ભવ અને ભવના ભાવ જેમાં નથી એનો આશ્રય લે ત્યારે ભવનો અભાવ થાય. આહા..હા..! શેઠ! આહા..હા..! આવી વાતું છે, બાપુ! ભગવાન! તારી રીત તો જો. આહા..! તારા ઘરમાં શું છે? તારા ઘરમાં શું છે? આહા..હા..! 'હમ તો કબહુ ન નિજ ઘર આયે, કબહુ ન નિજ ઘર આયે રે હમ તો કબહુ ન નિજઘર આયે.' અતીન્દ્રિય આનંદના નાથના ઘરમાં હું કદી આવ્યો નહિ. 'પર ઘર ભમત અનેક નામ ધરાયે.' મેં પાપ કર્યા, મેં પુણ્ય કર્યા અને મેં પુણ્યશાળી અને પુણ્યના ફળમાં આ બધી સામગ્રીઓ ભભકા સ્મશાનના. આ પૈસા, શરીર અને ભભકા એ મારા. મરી ગયો બાપુ તું કહે છે.

'પર ઘર ભમત અનેક નામ ધરાયે.' અમે પુણ્યશાળી છીએ, અમે પંડિત છીએ, અમે મૂર્ખ છીએ. આહા..હા..! અનેક નામ ધરાવ્યું ભાઈ! ચંડાળ, શેઠ ને માણસ ને સ્ત્રી ને પુરુષ ને હીજડા-પાવૈયા આ બધા નામ ધરાવ્યા પરઘર ભમતાં. નિજઘરમાં એ ક્યાં છે કાંઈ. આહા..હા..! એ અહીં કહ્યું. '**કાર્મણ વર્ગણા સ્વયં બંધરૂપે પરિણમે** છે.'

'**હવે આ સર્વ કથનના તાત્પર્ય...**' આ સર્વ કથનનું રહસ્ય. તાત્પર્ય નામ રહસ્ય. આહા..હા..! સમજાય છે કાંઈ? એ '**શ્લોક કહે** છે :-'

(अनुष्टुभ्)

अदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि।।१२२।।

ઓહોહો..! એક શ્લોકમાં તો આખું માખણ ભરી દીધું છે. અરે..! ભગવાન તારા ઘરમાં શું છે જોતો ખરો કહે. '**અહીં આ જ તાત્પર્ય છે...**' રહસ્ય. આ શાસ્ત્રના કથનનું રહસ્ય એ છે કે-મર્મ એ છે કે, આહા..હા..! સમજાણું કાંઈ? '**शुद्धनयः न हि हेयः**' આહા..હા..! પરમાનંદના નાથને ઉપાદેયપણે જાણ્યો, તે છોડવા જેવો નથી. આહા..હા..! શુદ્ધાત્મ પરમાત્મસ્વરૂપ એ જેણે જાણ્યું અને એનો આશ્રય લીધો એ ત્યાગવાયોગ્ય નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! બાકી બહારના બધાં બે-પાંચ કરોડ રૂપિયા ને ધૂળ ને અબજો રૂપિયા ભેગા થયા. મરી ગયો એમાં મારા-મારા માનીને. જડ ક્યાં તારા? શરીર ક્યાં તારું? આ તો માટી છે, આ તો તારું ક્યાં છે? આ તો પુદ્ગલની ચીજ છે જડની. પુણ્ય અને પાપ એ તારી ચીજ ક્યાં છે? એ તો આસ્રવની ચીજ છે. આહા..હા..!

'**શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી;...**' આહા..હા..! આખા આસ્રવ અધિકારનો અને સિદ્ધાંતનું આ રહસ્ય છે. એમ કહે છે. સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિ. વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા

કેવળજ્ઞાનીની વાણીનું રહસ્ય આ છે કે... આહા..હા..! ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એ ઉપાદેય છે, તે છોડવાયોગ્ય નથી. આહા..હા..! કોઈ પળે, કોણ ક્ષણે, કોઈ કારણે... આહા..હા..! રાગ ઉપાદેય છે તે ત્યાગવાયોગ્ય છે અને શુદ્ધાત્મા ઉપાદેય છે તે ત્યાગવાયોગ્ય નથી. બહુ ટૂંકી વાત, ભગવાન! આહા..હા..! અત્યારે સંપ્રદાયમાં તો વિરહ પડ્યા તત્ત્વના. દુઃખ લાગે ભાઈ બીજાને. કે અમારી વાત સાચી. બાપુ! ક્ષમા કરજો ભાઈ! તમને દુઃખ થાય તો. માર્ગ તો આ છે, બાપા! સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા તારો એ પૂર્ણાનંદ પ્રભુ છે એ ક્ષમા આપે ભાઈ! આહા..હા..! સત્ય તો આ છે. એથી કોઈને દુઃખ લાગે, અમારી વાત ખોટી પડે છે, બાપુ! એ ભગવાન! એ ખોટી હોય એને ખોટી થાય એમાં તો હિત છે, ભાઈ! આહા..હા..! આ અમે બધું વ્રત ને તપ ને કરીએ છીએ એ ધર્મ નહિ? લ્યો એક આર્જિકા તો એમ કહેતી હતી, કે ભાઈ અપવાસ કરીએ છીએ, આ જે ત્યાગ એ અપવાસ છે તે તપ છે. તપમાં નથી એ શબ્દ અનશન, ઉણોદરી. અનશન નથી તપમાં? શેઠ! તપનો ભાગ અનશન નથી પહેલો? અનશન કરવું, આહાર છોડવો એ તપ છે, તપ છે તે નિર્જરા છે, નિર્જરા છે તે મોક્ષનો માર્ગ છે કહે. વડોદરામાં એક આર્જિકા સાથે ચર્ચા થઈ હતી. આપણા ચંદુભાઈ છેને એક વેજલકાના. રાણપર પાસે વેજલકા છે. ત્યાં ચંદુભાઈ છે એક દશાશ્રીમાળી. એ ત્યાં વડોદરા રહે છે. બહુ અર્થી છે. બિચારા આવે છે. નરમ માણસ છે. ચંદુભાઈ છે દશાશ્રીમાળી. વેજલકા. રાણપર પાસે છેને. એ એની ચર્ચા થયેલી કે તમે બધું ગમે તે કહો પણ અપવાસ છે એ ધર્મ છે અને ધર્મ છે તે તપ છે અને તપ છે તે નિર્જરા છે. ક્યો અપવાસ ભગવાન! એ તો અપ-વાસ છે. આહારનો ત્યાગ કરું છું, અપવાસ ગ્રહણ કરું છું. એ ત્યાગ-ગ્રહણ છે એ જ મિથ્યાત્વ છે. પરદ્રવ્યના ત્યાગગ્રહણ આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ? ત્યાગ-ઉપાદાનશૂન્યત્વશક્તિ. ભગવાન આત્મામાં એવી એક શક્તિ છે, એવો સ્વભાવ અને ગુણ છે કે પરના ત્યાગ અને ગ્રહણરહિત છે. આહા..હા..! એ તો અનાદિથી પરના ત્યાગ-ગ્રહણ રહિત જ છે. ફક્ત એણે રાગને પકડ્યો છે તેનો ત્યાગ કરવો અને સ્વભાવને છોડ્યો છે તેને ગ્રહણ કરવો. આહા..હા..! આવું છે. શું થાય, ભાઈ? માર્ગની તો આ રીત છે. ન ચાલે અને ન માને અને બીજાને દુઃખ લાગે, પણ શું થાય ભગવાન! આહા..હા..!

પરમાત્મા સંતો જૈનશાસ્ત્રનું રહસ્ય કહે છે. તાત્પર્ય કીધુંને? આહા..હા..! ચારેય અનુયોગનું રહસ્ય શાસ્ત્રનું એ છે કે... આહા..હા..! ઓલા વળી એમ કહે કે આ એક જ અનુયોગ માને છે. ત્રણ અનુયોગ માનતા નથી, અરે..! ભગવાન! પ્રભુ! શું કરે છે તું આ? આહા..! ચારેય અનુયોગમાં પ્રભુ કહેવાનો આશય તો વીતરાગતા છે. પંચાસ્તિકાયમાં એમ કહ્યું ૧૭૨ ગાથામાં, ચાહે તો કરણાનુયોગ હોય, ચરણાનુયોગ, કથાનુયોગ કે દ્રવ્યાનુયોગ, એનું તાત્પર્ય-રહસ્ય તો વીતરાગતા છે. તાત્પર્ય કહો કે રહસ્ય કહો. આ તાત્પર્ય કીધુંને? આ ત્યાં તાત્પર્ય કીધું છે

૧૭૨ ગાથામાં. તાત્પર્ય છે ને ત્યાં? તાત્પર્ય કહો કે રહસ્ય કહો. આહા..હા..!

**'અહીં આ જ તાત્પર્ય છે કે...'** **'शुद्धनयः न हि हेयः'** શુદ્ધ ભગવાન પૂર્ણાનંદનો નાથ જે ઉપાદેયપણે અનુભવ્યો તે ત્યાગવાયોગ્ય નથી. તેનો અનાદર કરવાલાયક નથી. આહા..હા..! આવી વાત છે. આ શું સમજવું? બાપુ સમજ્યે છૂટકો છે, નહિતર આ નરક અને નિગોદના ભવ કરી કરીને... આહા..હા..! નિગોદમાં તો એક અક્ષરના અનંતમા ભાગે પર્યાય રહી ગઈ. બાકી વસ્તુ તો જ્ઞાનનો કંદ છે એ. નિગોદનો જીવ જે દ્રવ્યસ્વભાવ છે એ તો જ્ઞાન શક્તિ છે, જ્ઞાન સામર્થ્ય છે. જ્ઞાનનું સામર્થ્ય સ્વરૂપ તો દ્રવ્યમાં એનું પડ્યું એવું ને એવું છે. પર્યાયમાં અવસ્થામાં અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડ રહી ગયો. જેને લોકો જીવ માનવાને પણ હા ન પાડે. આ નિગોદના અનંત જીવ છે, બાપુ! ભાઈ! તું ત્યાં પડ્યો હતો એમાં. આહા..હા..! તારી કાંઈ ગણતરી નહોતી એવી સ્થિતિમાં પડ્યો હતો, ભાઈ! હવે ટાણા આવ્યા એમાં આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એને ઉપાદેય તરીકે માન્યો, એ ઉપાદેય છોડવાલાયક નથી. આહા..હા..! લાખ વાતની વાત. આવે છેને છ ઢાળામાં. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, ત્યાગી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો.' આહા..હા..!

આ સારા શાસ્ત્રનું વીતરાગ શાસ્ત્રનું રહસ્ય છે. એને હા તો પાડ. માર્ગ તો આ છે, ભાઈ! એ **'ત્યાગવાયોગ્ય નથી; કારણ કે તેના અત્યાગથી બંધ થતો નથી...'** આહા..હા..! ભગવાન શુદ્ધસ્વરૂપી, પરમાત્મસ્વરૂપ. એ જેને ઉપાદેય તરીકે સત્કાર્યો, સન્માન્યો, ઉપાદેય કર્યો એ હવે ત્યાગવાયોગ્ય નથી. કેમકે એના **'તેના અત્યાગથી બંધ થતો નથી...'** તેના અત્યાગથી એટલે ગ્રહણથી કર્મબંધન થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અત્યાગથી એટલે નહિ છોડવાથી. શુદ્ધ આનંદકંદ પ્રભુ તે અત્યાગથી, એનો ત્યાગ ન થાય તો એને બંધન ન થાય. તો એને બંધન ન થાય. આહા..હા..! જુઓ, આ ત્યાગ અને અત્યાગની આ વ્યાખ્યા. બહારના આ ત્યાગ્યું અને આ છોડ્યું એ વાત છે નહિ આમાં. વસ્તુ અતીન્દ્રિય આનંદનો સફેદ શુદ્ધ ગોળો પ્રભુ છે. એની પર્યાય હાલતમાં પુણ્ય-પાપ વિકાર આદિ હોય, પણ વસ્તુના સ્વભાવમાં એ છે નહિ કાંઈ. આહા..હા..! એવી વસ્તુ ચીજને જેણે અનુભવી, આદરી, સત્કારી, સ્વીકારી, ઉપાદેયપણે જેણે ગ્રહણ કરી. આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ. તે ઉપાદેયપણે તેને અત્યાગ એને નહિ છોડવાથી કર્મબંધન થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો ભાઈ આત્માના પોતાની વાત છે, બાપુ! અહીંયાં દુનિયા કેમ માને ન માને એની જવાબદારી કાંઈ આત્માને છે? સ્વતંત્ર જીવો છે. અરે..! અનંતકાળથી તીર્થંકરે પણ એવું કર્યું હતુંને ભૂતકાળમાં? તીર્થંકરનો જીવ પણ પૂર્વે અનંતા પાપ કર્યા હતા મિથ્યાશ્રદ્ધા આદિ. આહા..હા..! જ્યારે તરવાના ઉપાય પકડ્યા ત્યારે તર્યા. બાકી એ પણ નિગોદમાં, એકેન્દ્રિયમાં કસાયખાના કર્યા છે એણે અનાદિકાળથી. આહા..હા..! ચૈતન્ય હીરલો અંદર ભગવાન અનંતગુણના પાસાવાળો પ્રભુ હીરો. એ જેણે અંદર આદર્યો, દૃષ્ટિમાં એનો સ્વીકાર કર્યો, એને એના અત્યાગથી

કર્મબંધન નથી. એટલે કે તેના ગ્રહણથી એટલે કે એના અત્યાગથી કર્મબંધન નથી. આહા..હા..! આવી વાતું હવે. ઓલી 'માહણો-માહણો જીવને' એ ભગવાનનો ઉપદેશ છે. આવેને પહેલી સ્તુતિ કરે ત્યારે આવે. ભગવાનનો એમ કે ઉપદેશ છે કે 'માહણો.. માહણો જીવને' પણ માહણો હણી કોણ શકે છે પરને? ભગવાનનો એ ઉપદેશ જ ક્યાં છે કે એ ન હણે. આહા..હા..!

રાગ ન કર અને અહિંસા વીતરાગ પર્યાય ઉત્પન્ન કર એ ભગવાનનો આદેશ છે. પરને હણી કોણ શકે, પરની દયા કોણ પાળી શકે? પરપદાર્થની અવસ્થાને બીજો કરી કોણ શકે? આહા..હા..! આવું ઝીણું મોંઘું. આહા..હા..! જેણે પૂર્ણાનંદના નાથને ઉપાદેય તરીકે સ્વીકાર્યો, એનો જેને અત્યાગ છે એટલે કે એનો ત્યાગ નથી, એને કર્મબંધન નથી. આહા..હા..! ભાષા તો સાદી છે, ભાવ ભલે... આહા..હા..! અરેરે..! સત્ય મળ્યું ત્યારે પણ ઉંધાઈ જ કરી છે. 'નહિ એકાંત થાય છે' સ્વભાવનો અનાદર. એ વ્યવહાર કરતાં-કરતાં ઉપાદેય આત્મા થશે. આહા..હા..! કાર્યકારી નથી એમ આવ્યું હતું સવારમાં. વ્રત ને નિયમ એ કોઈ કાર્યકારી નથી. એનાથી કાર્ય થાય આત્માનું એવું નથી એમ કહે છે. પણ ક્યાંક લખ્યું હોય વ્યવહાર કારણ થાય એ પકડે. એ તો વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..!

**'તેના અત્યાગથી બંધ થતો નથી અને તેના ત્યાગથી બંધ જ થાય છે.'** જોયું! આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ. પૂર્ણમિદં. એનો ત્યાગથી જ બંધન થાય છે. એનો આદર ન કરતાં રાગનો આદર કરે, એનો ત્યાગ થયો એને કર્મબંધન છે. સ્વભાવનો ત્યાગ છે તે કર્મબંધન છે. સ્વભાવનો અત્યાગ છે તે કર્મબંધનનો અભાવ છે. બહુ ટૂંકું. કર્મને લઈને આ છે એ વાત અહીં છે નહિ. સમજાણું કાંઈ? ભાઈ! કર્મના જોરને લઈને એનો ત્યાગ થઈ જાય છે અને કર્મ કાંઈ મંદ પડે તો અત્યાગ રહે છે, એમ નથી. આહા..હા..! દેવીલાલજી! આવો માર્ગ છે, પ્રભુ! આહા..હા..! ત્રિલોકના નાથને સાંભળવા, ઈન્દ્રો એકાવતારી આવે છે મહાવિદેહમાં, નાગ ને વાઘ ને સિંહ જંગલમાંથી ચાલ્યા આવે સેંકડો, એ કેવી વાણી, બાપા! એવી કથા આ કરો.. આ કરો.. એવી વાર્તા ભગવાનની હશે?

ભગવાન તો આમ કહે છે કે પ્રભુ આત્મા રાગ વિનાની ચીજ છે, જેમાં એક સમયની પર્યાયનો પણ જેમાં નાસ્તિભાવ છે અને પૂર્ણની જેની અસ્તિ છે, જેની શક્તિ ને સ્વભાવની પૂર્ણતાની હયાતી છે, એનો જેણે આદર કર્યો એને કર્મબંધન હોતું નથી અને તેનો જેણે ત્યાગ કર્યો એને કર્મબંધન છે. બહુ ટૂંકું. આહા..હા..! બાહ્યત્યાગ કર્યો એને કર્મબંધન નથી, એમ ન આવ્યું. બાહ્યત્યાગ નથી કર્યો એને કર્મબંધન છે, એમ નથી આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો સ્ત્રી, કુટુંબ, દુકાન, બુકાન છોડીને ત્યાં ત્યાગ કર્યો મોટો. શેનો પણ ત્યાગ? કેદી એણે ગ્રહ્યું હતું તે ત્યાગ કર્યો તેં? આહા..હા..! ત્યાગગ્રહણ તો ત્રિકાળી સ્વરૂપનો ત્યાગ અને રાગનું ગ્રહણ એ બંધનું કારણ. ત્રિકાળી સ્વભાવનો અત્યાગ અને રાગનો ત્યાગ એ અબંધનું કારણ. આહા..હા..! વીતરાગમાર્ગ છે આ. પરમેશ્વર સર્વજ્ઞ કેવળી. આહા..હા..! શરીરની યુવાન

અવસ્થા હોય ૨૫-૩૦ વર્ષની. આમ શરીર ફૂટડું લાગે, આમ લાગે.. આહા..હા..! એ યુવાની તારા ઝોલા ખાય, એ બાપુ! વૃદ્ધાવસ્થા આવીને ઊભી રહેશે. યુવાની તારી ચીજ નથી. કેટલાકને ૨૫-૩૦ વર્ષે ધોળા વાળ આવી જાય છે, નહિ? અને કેટલાકને ૬૦ વર્ષે ધોળા ન આવે. એ તો બહારની જડની ચીજ છે. આહા..હા..!

અંદરમાં બાળપણું કોને કહેવું? કે શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદઘન, એનો પ્રેમ દૃષ્ટિ છોડીને રાગનો પ્રેમ કરે છે તે બાળક છે. સમજાણું કાંઈ? અને જેણે શુદ્ધાત્માનો આદર કર્યો અને રાગનો જેણે દૃષ્ટિમાં ત્યાગ કર્યો એ યુવાન છે. એ અંતરાત્મા યુવાન છે, બહિરાત્મા બાળક છે. આહા..હા..! પુણ્યના ભાવનો પણ જેણે આદર કર્યો એ બાળક છે, અજ્ઞાની બાળક છે. આહા..હા..! અને જેણે ભગવાન આનંદના નાથનો આદર કર્યો અંતર્મુખમાં, એ યુવાન છે, અંતરાત્મા થયો એ યુવાન છે અને એમાંથી જ્યારે પરમાત્મા થાય ત્યારે વૃદ્ધ થયો એ. આહા..હા..! પાકી ગઈ એની દશા. સમજાણું કાંઈ? આ બાળ, યુવાન અને વૃદ્ધાવસ્થા એ તો જડની-માટીની છે. આહા..હા..! આ બાળ, યુવાન અને વૃદ્ધાવસ્થા તારી આમાં છે. એ અહીં યુવાન અવસ્થાની વાત કરે છે. આહા..હા..!

**'तत्-त्यागात् बन्धः'** આહા..હા..! ભગવાન શુદ્ધ સ્વરૂપનો આદર છોડી દે, એનો ત્યાગ કરે એટલે રાગનો આદર કરે, એને બંધ છે મિથ્યાત્વનો, રાગ-દ્વેષનો. આવી વ્યાખ્યા અને આવી વાતું. માંડ સાંભળવા મળે કોક દિ' એમાં માંડ પકડે અને એમાં લાકડા ઉંધા ગરી ગયા હોય ને. નહિ? આ વ્રત, તપ કરે છે એ બધા મફત બિચારા સુકાય છે. આ બધા કરોડોપતિ, લાખોપતિની દીકરીયું વર્ષીતપ કરે ઉભી- ઉભી એને કાંઈ ધર્મ નહિ? વર્ષીતપ તમારે નથી દિગંબરમાં, શ્વેતાંબરમાં છે. એક દિવસ ખાવું ને એક દિવસ ઉપવાસ. અરે..! ભગવાન! આહારનો ત્યાગ અને શેનું ગ્રહણ? અણહારીનું ગ્રહણ થયું? ત્યાં તો રાગનું ગ્રહણ છે. આહા..હા..! અહીંયાં તો કહે છે કે જેણે ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટા એવો ભગવાન આત્મા, એણે જેણે ત્યાગ્યો એટલે કે જેણે રાગનો આદર કર્યો એ બંધનમાં પડ્યો છે, એને બંધન છે. આહા..હા..! લ્યો, આ રહસ્યની ગાથા આ તો આવી. આહા..હા..! વીતરાગ પરમેશ્વર એના શાસ્ત્રનું રહસ્ય આ છે કહે છે. આ રહસ્ય બધે લાગુ પાડ. કથનમાં આવ્યું હોય વ્યવહાર, પણ એ વ્યવહાર છોડવાલાયક છે. આહા..હા..! વ્યવહાર આવે છે. હોય છે. પણ એ છોડવા લાયક છે અને પરમાત્મા પૂર્ણ પર્યાયમાં પ્રગટ થયો નથી, છતાં તે પૂર્ણસ્વરૂપ છે તે આદરણીય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ આ તો હિતની વાત છેને? એ તને કેમ લાગે દુઃખ લાગે? એ અમારી માનેલી વાતમાં ખોટી પડે છે. બાપુ! ખોટી હોય તો ખોટી પડે એમાં તને શું? એમાં વાંધો શું છે? એ ૧૨૨ કળશ થયો.

**'ફરી, શુદ્ધનય છોડવાયોગ્ય નથી એવા અર્થને દૃઢ કરનારું કાવ્ય કહે છે : –'** ૧૨૩.

(शार्दूलविक्रीडित)

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिं
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वङ्कषः कर्मणाम्।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः
पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यन्ति शान्तं महः।।१२३।।

આહા..હા..! 'शान्तं महः' શાંત તેજ. ભગવાન આત્માનું શાંત તેજ છે. આ ચંદ્રનું શાંત તેજ એ પત્થરનું છે. સૂર્યનો આતાપ તે પત્થરનું છે, ભગવાનનું તેજ તો આત્માનું શાંત... શાંત... અકષાય સ્વભાવથી ભરેલો એવું એનું શાંત તેજ છે. આવી વાતું! કહો, સમજાણું કાંઈ? 'धीरोदार'हिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिं' આહા..હા..! મોટી પંક્તિ છે. કહે છે કે શુદ્ધનય કેવો છે? એટલે કે ત્રિકાળી વસ્તુને આદરનારી નય એ નય કેવી છે? ધીર છે. ચળાચળરહિત છે. આહા..હા..! ધીરો છે અંદરમાં ધીર છે. ધ્રુવને પકડનારી ધીરતા છે. આહા..હા..! ઉદાર છે. સર્વપદાર્થને જાણવાની જેની શક્તિસહિત છે. ઉદાર છે. આટલા જ પદાર્થ જાણવા એમ નહિ, ત્રણકાળ, ત્રણલોકના પદાર્થ જાણે એવી એની જ્ઞાનની ઉદારતા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ ઉદાર નથી કહેતા પૈસાવાળાને? પૈસા આપે તો ઉદાર માણસ હશે. ગમે તે આવો લઈ જાવ. આહા..હા..! એમ આ ઉદાર છે. ધીર છે, શુદ્ધનયનો વિષય અને શુદ્ધનય પોતે અને ઉદાર છે. જેની જ્ઞાનમહિમાનો પાર નથી. જેના શ્રુતજ્ઞાનની પર્યાયમાં પરોક્ષ રીતે લોકાલોક જાણે એટલી એની તાકાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ એના ગાણા સાંભળ્યા નથી એણે. એના ગુણના ગાણા એણે સાંભળ્યા નથી. ગાળ કોઈ આપે સરખાયની.. આ મંડપમાં માંડવો હોય ને દીકરાના લગન હોય અને એમાં આવ્યા હોય કોઈ વેવાઈ ને એ ટાણે ગાળ આપી હોય, 'તમે શું જાણો એમાં? બક બક કરશો નહિ.' એ ગાળ એવી લાગે. ગાંઠે બાંધે. ૨૫ વર્ષ સુધી, ૪૦-૫૦ વર્ષ સુધી ગાંઠ બાંધે. મને ખરે ટાણે મંડપમાં મને તીરસ્કાર્યો હતો. શેઠ! સમજ્યા? ન સમજ્યા? ભાષા તો સાદી છે.

મંડપ હોયને લગનનો. દીકરીનો કે દીકરાનો. એમાં વેવાઈ ભેગા થયા હોય જમાઈ કે એના. એમાં કાંઈક બોલચાલ થઈ હોય. જમાઈ બોલતો હોય કાંઈક ઓલાનું તો એનો સાળો એમ બોલે તમે કાંઈ શું જાણો એમાં? બકબક કરશો નહિ. એ અનાદર કર્યો હોય એ ગાંઠે બાંધે. ૨૫-૫૦ વર્ષ યાદ રાખે. આહા..હા..! કીધું હતુંને એક કાઠી હતો. .. બોટાદ પાસે ખસ છે. આપણે જીવનલાલજી હતાને એ ખસના હતા. ત્યાં એક રજપુત બે હતા સાળો-બનેવી બે રજપુત. એમાં એના સાળાને કોઈ વખતે કાંઈ તિરસ્કાર્યો હશે જરી બનેવીએ. એ ભાઈ પોતે એનો સાળો છરો લઈને. એની બહેન રાંધતી હતી. રોટલી એના બનેવી ખાતા હતા. સાળા આવો આવો... આવો... બાપા આવો. એને ખબર નહિ કે આ હમણા મારી નાખશે. સાળા-

બનેવી સગા. એ જોડે બેસી ગયો ત્યાં જઈને. છરો ઉડાડ્યો. બહેન અહીં રાંધે છે, બનેવી ખાય છે અને સાળો આવીને મારી નાખે છે. ટાણે એવો તિરસ્કાર કરેલો કે એને લઈને મારી નાખ્યો. ખરે ટાણે મારું અપમાન કર્યું. આ ખસમાં બન્યું હતું. રાડેરાડ એની બહેન. કોઈ ગાળ બાળ દીધી હોય, તિરસ્કાર કર્યો હશે. રજપુત રજપુત છેને એ તો. થોડો પણ તિરસ્કાર હોય. માને એક વચને બોલાવે તો પણ એનો તિરસ્કાર થાય. શું આપ જાણો? એમ કાંઈક કહ્યું હોય તો એને અપમાન લાગે. રજપુતના દીકરા ગરાસિયા. એને બે નામે બોલાવાય. આહા..હા..! એવું કાંઈક કર્યું હશે થોડું. ખસમાં બનેલું. અમારે જીવણલાલજી કહેતા. એ સાળો આવીને ભાઈ એનો બનેવી ખાતો હતો, એની બહેન રોટલી કરતી હતી. આવો આવો આપા. કીધું એના બનેવી. જોડે આવીને છરો માર્યો. ખરે ટાણે કોઈ અપમાન કર્યું હશે તિરસ્કાર. એનું આ ફળ. આહા..હા..! એમ જેણે આ ભગવાન આત્માના આનંદનો તિરસ્કાર કર્યો અને જેણે રાગનો આદર કર્યો એ મરી ગયો ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! શેઠ! આપણે દાખલો ત્યાં ઉતારવાનો છેને? દાખલો દાખલામાં. આહા..હા..!

અહીં કહે છે ઉદાર છે. જેને શુદ્ધાત્મા અનુભવમાં આવ્યો એ અનુભવની દશા ઉદાર છે. શક્તિ ઉદાર છે અને દશા પણ ઉદાર છે. આહા..હા..! જેના જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય એવી એની તાકાત છે, ભલે શ્રુતજ્ઞાન હોય. આહા..હા..! ઉદાર જેનો વિસ્તાર. '**જેનો મહિમા છે...**' ઉદાર જેનો મહિમા છે. આહા..હા..! ગમે તેટલું જ્ઞાન કરવું હોય તો એનું જ્ઞાનપર્યાય ઉદાર છે. આહા..હા..! અલ્પજ્ઞાનમાં પણ લોકાલોક જાણે એવી એની તાકાત છે. આહાહા..! એવો શુદ્ધનયનો અથવા ત્રિકાળીનો આશ્રય કર્યો એની પર્યાયનો એ મહિમા છે. આહા..હા..!

વળી '**એવા અનાદિનિધન જ્ઞાનમાં...**' છે? આ તો અનાદિનિધન વસ્તુ કીધી. અનાદિ અનંત જ્ઞાનમાં જે ચળાચળરહિત ધીર નિત્ય છે, ઉદાર છે જેનો મહિમા અનાદિનિધન જ્ઞાનમાં '**સ્થિરતા બાંધતો...**' આહા..હા..! એવું જે જ્ઞાન એટલે આત્મા અનાદિ-અનંત એમાં સ્થિરતા બાંધતો, પરિણતિ કરતો. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ કરતો. આહા..હા..! '**શુદ્ધનય...**' '**कर्मणाम् सर्वकषः**' '**કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે...**' આહા..હા..! જેણે ભગવાન પૂર્ણાનંદનો આશ્રય લીધો એ પૂર્ણ વસ્તુ અને એની પરિણતિમાં શુદ્ધ પરિણતિ થઈ એ કર્મોને મૂળથી નાશ કરનારો છે. આહા..હા..!

'**कृतिभिः**' જેણે પૂર્ણદશા પ્રાપ્ત કરી છે અથવા કાર્ય જે કરવાનું. કાર્ય જે આત્માના આનંદનો અનુભવ કરવો તે કર્યો. આહા..હા..! એ '**कृतिभिः**' કાર્યથી પૂર્ણ કર્યું એણે. સમ્યગ્દર્શન અનુભવમાં જે કાર્ય કરવાનું હતું એ કર્યું. પૂર્ણાનંદના નાથને વેદનમાં લીધો એણે કાર્ય પૂરું કર્યું. '**कृतिभिः**' એટલે સમ્યગ્દૃષ્ટિએ પૂર્ણ કાર્ય કર્યું. આહા..હા..! પૂર્ણના નાથને સ્વીકારતા એણે પૂર્ણ કાર્ય કર્યું એમ કહે છે. અરે..! આવી વાતું અને આ ઉપદેશ! જૂની રૂઢિના માણસ બિચારા. નમો અરિહંતાણં...

કર્મે ભંતે .. થઈ ગઈ સામાયિક, લ્યો. બેઠા બે ઘડી. એ ફેરવે કા આનુપૂર્વી ફેરવે. નમો અરિહંતાણં, નમો લોએ સવ્વ સાહુણં, નમો આઈરિયાણાં. આડાઅવળા હોયને. બે ઘડી ફેરવે થઈ ગઈ સામાયિક. અરે..! ભગવાન! એ સામાયિક ક્યાં હતી તારી? બાપા! સામાયિકમાં તો સમતાના-વીતરાગના આનંદનો લાભ થાય એનું નામ સામાયિક છે. તો હજી આત્મા વીતરાગ આનંદમૂર્તિ છે એનો જેને અનુભવ નથી એને વીતરાગી આનંદની પ્રાપ્તિ ક્યાંથી થાય? સામાયિક છે ને? સમય-આય-સમતાનો વીતરાગપણાનો લાભ. આય એટલે લાભ, એ પર્યાય. તો કોને સામાયિક થાય? જેને વીતરાગમૂર્તિ ભગવાન આત્મા અને પૂર્ણાનંદનો નાથ એનો જેને સ્વીકાર કરીને અનુભવ થયો છે, એમાં સ્થિરતા થઈ છે એને વીતરાગતાના લાભને પામે છે એ. આહા..!

હવે એ આત્મા કોણ છે એની ખબરું નથી અને થઈ ગઈ સામાયિક. એક પથરણે પાંચ કરી, આઠ કરીને. શાંતિભાઈ! પોષા કર્યા પોષા. બાપુ! પોષા કોને કહેવા? આનંદના નાથને પોષવો એને પોષા. રાગનું પોષણ છોડી દઈ અને આનંદનો નાથ એની દૃષ્ટિમાં આવીને એમાં પોઢું થવું. જેમ ચણ્યો પાણીમાં પોઢો થાય, પણ એ તો કાચો પોઢો થાય છે, પોલો પોઢો થાય છે. પોલો પોઢો સમજ્યા? આ ચણા પાણીમાં નાખે તો ફુલે, પણ એ પોલું ફુલશે. આહા..હા..! આ તો આનંદના નાથની દૃષ્ટિમાં સ્થિરતા થતાં જામેલી પુષ્ટા છે. આ કોને કહેવા પોષા અને કોને કહેવી સામાયિક? સાંજે પડિક્કમણા કરે સવાર-સાંજ. શેના પડિક્કમણા? હજી મિથ્યાત્વથી પાછો ફર્યો નથી. મિથ્યાત્વથી પાછો ફરીને ભગવાનનો સ્વીકાર કર્યો નથી એના પડિક્કમણા કેવા તારા? સમજાણું કાંઈ? ઊંધું છે, બાપુ! દુનિયાથી તો ઉંધું છે. ઉંધાથી દુનિયા ઉંધી છે. આહા..હા..!

'**कृतिभिः**' કર્યા છે કાર્ય પવિત્ર ધર્મી. આહા..હા..! અથવા '**कृतिभिः**' જેના કાર્ય કર્યા છે. જે કરવાનું હતું એ કર્યું છે. કાર્ય સુકૃતકર્યા છે જેણે. '**कृतिभिः**' સુકૃતકાર્ય કર્યા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સુકૃતકાર્ય છે. સદાચરણ લૌકિક છે, દયા-દાન એ કાંઈ સુકૃત નથી. આહા..હા..! આ તો સુકૃત છે. '**कृतिभिः**' કાર્ય જેના સુકૃત છે એવો જે પવિત્ર ધર્મી સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! જેણે પૂર્ણાનંદના પવિત્ર નાથને.. આહા..હા..! રાગમાંથી નીકાળીને સ્વભાવના જેણે શરણ લીધા છે એ પવિત્ર ધર્મી સુકૃત કર્યા એણે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્મળ કર્યું એ સુકૃત કર્યું. આહા..હા..! લૌકિકમાં તો એ દયા પાળે, વ્રત કરે, સદાચરણ કરે, સદાચરણ. સદાચરણ ક્યાં હતા ત્યાં? સત્ આચરણ. સત્ આચરણ તો આત્માના આનંદનું આચરણ કરે એ સત્ આચરણ છે. સમજાણું કાંઈ? વાતે-વાતે ફેર પડે. લોકો બિચારા ન પચે ને એને વિરોધ લાગે. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! જ્યારે-જ્યારે તને સુખને પંથે જાવું પડશે ત્યારે આ રસ્તો છે. દુઃખને પંથે તો દોરાઈ ગયો છો. પુણ્ય ને પાપના ભાવના કર્તાબુદ્ધિએ દુઃખમાં દોરાઈ ગયો. આહા..હા..!

'**कृतिभिः**' કાર્ય જેણે કર્યા છે અથવા સુકૃતવાળો જીવ છે એટલે પવિત્ર ધર્મી છે. એવા '**(સમ્યગ્દૃષ્ટિ) પુરુષોએ કદી પણ...**' '**न त्याज्यः**' શુદ્ધનનયનો આદર કર્યો છે પરમાત્માનો

અંદર, એને કોઈ દિ' છોડવાયોગ્ય નથી. આહા..હા..! લાખ વાત આવે કોઈ વ્રત, તપ ને ભક્તિનો વિકલ્પ ઉઠે પણ આ વસ્તુનો ત્યાગ નથી, એને જાણવાયોગ્ય છે એ આવે એને. આહા..હા..! સમજાણું કાંઈ? આ પા કલાક મોડું કર્યું હતુંને. પોણા ત્રણ થયા. વઢવાણવાળા માટે. 'કદી પણ...' 'જાતુ' છેને? કોઈ કાળે પણ ચૈતન્યમૂર્તિ ભગવાન જેને દૃષ્ટિમાં આવ્યો છે એ કોઈ દિ' એણે છોડવા જેવો નથી. આહા..હા..! પ્રતિકુળતાના ગંજ ઉઠે, શત્રુના ટોળા પાકે, દુશ્મનો માથા કાપે પણ આ દૃષ્ટિ છોડવા જેવી નથી. આહા..હા..! 'न त्याज्यः' **'છોડવાયોગ્ય નથી.' 'શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો, બહાર નીકળતા એવા પોતાના જ્ઞાનકિરણોના સમૂહને અલ્પ કાળમાં સમેટીને,...'** આહા..હા..! એ જરી વિશેષ વાત છે. અવસરે આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૮, સોમવાર, તા. ૨૯-૧૧-૧૯૭૬, કળશ-૧૨૩, પ્રવચન નં. ૨૪૬

૧૨૩ કળશ છે. એનો ભાવાર્થ અડધો થયો છે શ્લોકાર્થ. ફરીને એનો. **'શુદ્ધનય છોડવાયોગ્ય નથી.'** એટલે? શુદ્ધ ચૈતન્ય અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ એનો આશ્રય છોડવા જેવો નથી. આહા..હા..! પરનો આશ્રય કરે ત્યાં તેને રાગ થશે. **'એવા અર્થને દૃઢ કરનારું કાવ્ય કહે છે :-'** કેવું છે અનાદિ અનંત જ્ઞાનસ્વરૂપ ભગવાન? નિત્ય ધ્રુવ. એ ધીર છે. નિત્ય છે તે ચળાચળરહિત છે. ઉદાર છે. એ જ્ઞાનસ્વભાવ, જ્ઞાયકભાવ ધીર છે અને ઉદાર છે. ગમે તેટલું જાણવું હોય તોપણ એ જાણવાની તાકાતવાળી ચીજ છે. આહા..હા..! કોઈનું કરવાવાળું એ નથી, પણ બધાને જાણવાવાળું એ છે, એમ કહે છે. આહા..હા..!

એક ફેરી પ્રશ્ન થયો હતો ને આ ટી.જી. શાહનો કે મહારાજ! સિદ્ધ શું કરે ત્યાં? મહાન પુરુષ થયા પૂર્ણ. સિદ્ધ શું કરે? કીધું કરે નહિ કાંઈ બીજાનું. પોતાના અતીન્દ્રિય આનંદને અનુભવે. વીતરાગતાને અનુભવે એ સિદ્ધ કરે. કોઈનું કાંઈ ભલું-બુરું એ કરી શકતા નથી. હેં? સિદ્ધ જેવા કોઈનું કરે નહિ. અમે તો કેટલાનું કરીએ છીએ! સાધારણ માણસ છીએ કેટલાનું કરીએ છીએ. ધૂળનું પણ કરતો નથી. અભિમાન છે મિથ્યાત્વ. અહીંયાં તો એનો સ્વભાવ જ ભગવાન આત્માનો, જ્ઞાનસ્વભાવ, ચૈતન્યસ્વભાવ એ ધીર છે અને ઉદાર છે. શાંત છે, ધીરુ છે અને ઉદાર છે. જ્ઞાનની દશામાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવી શક્તિની ઉદારતા છે. એના સ્વભાવની એવી ઉદારતા છે. આહા..હા..! એવો જેનો તો મહિમા છે. આહા..હા..! એ બાળક હો કે વૃદ્ધ હોય કે પુરુષ એ તો દેહની દશા છે. એનો જે સ્વભાવ છે... આહા..હા..! એક નિત્ય

ધ્રુવ પ્રભુ એ તો ધીરું છે, ચળાચળરહિત છે એટલે ચળતું નથી, સ્થિર છે એમ. શાશ્વત સ્થિર છે અને ઉદાર છે. એવા અનાદિ નિધન. અન-આદિ અનિધન. જે વસ્તુ છે જ્ઞાયકભાવ એ નથી આદિ એની, નથી એનો અંત, એ તો સહજાત્મસ્વરૂપ અનાદિઅનંત છે. આહા..હા..! આવી વાત.

એમાં સ્થિરતા બાંધો શુદ્ધનય, એમ. એટલે કે જે સ્વરૂપ છે ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ, એમાં સ્થિરતા કરતો. એનો આશ્રય લઈને એમાં સ્થિરતા કરતું જ્ઞાન. આહા..હા..! એને શુદ્ધનય કહીએ. પરિણતિને શુદ્ધનય કહીએ. સમજાણું કાંઈ? એમ કહ્યુંને? '**સ્થિરતા બાંધતો (અર્થાત્ જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો) શુદ્ધનય-**' આહા..હા..! શુદ્ધનય તો ત્રિકાળી વસ્તુ છે, પણ એ ત્રિકાળી ચૈતન્યઘન જે નિત્યાનંદ પ્રભુ એને જે પરિણતિએ ખ્યાલમાં લીધો એ પરિણતિને પણ અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. આવી વાતું. લોકોને અત્યારે.. ટીકા આવી છે એક ઓલી હશે.

આમાં આત્મધર્મમાં નાખ્યું હશે, હિન્દીમાં. શ્રીમદ્‌માંથી નાખ્યું લાગે છે ભાઈએ. પાલનપુરમાં એક શ્રીમદ્‌ની ઓલી થઈ હતીને જયંતિ? ઘણાવર્ષ પહેલાં. એમાં કોઈ બોલ્યો હતો કોઈ માણસ કે હિન્દુસ્તાન બાહ્યત્યાગમાં ઠગાયું છે. એમાં છે એ. ચોપડી એક નાની છે એમાં છે. આપણે અહીં છે. એમાં છે. ખ્યાલ છે. ઘણા વર્ષ પહેલાં. જયંતિની બહાર પડી. પાલનપુરમાં. કોક નામ ભૂલી ગયા હતા કોક હતો ગૃહસ્થ હતો જુવાન. એણે. પરીખ હતોને કોક? રસીકલાલ પરિખ. ખબર છે? આહા..હા..! નાની ઓલી .. છે. એટલે આપણે હિન્દી ભાષામાં ભાઈએ નાખ્યું લાગે છે. હુકમચંદજીએ. એની ટીકા એવી છે. છે મધ્યસ્થ માણસ. પણ એને બિચારાને... કે આમાં ગલતી પણ છે અને સત્ય પણ છે, કે બાહ્યત્યાગમાં ત્યાગ છે એ પણ યથાર્થ. અભ્યંતરત્યાગ રાગનો, બાહ્યત્યાગ વસ્તુનો. એ હિસાબે તો એ સત્ય છે. પણ સમજ્યા વિના હોય અને માન માટે હોય તો એ બાહ્ય ત્યાગ ગલત છે. એણે જરી બાહ્યત્યાગની મહિમા કરી છે. .. લખ્યું છે બિચારામાં. કાંઈક એમાં ભૂલ થાતી હોય તો. મારી ભૂલી થતી હોય તો સુધારજો, એમ કહ્યું છે.

પણ બાહ્યત્યાગ એટલે શું? બાહ્ય પદાર્થ તો ત્યાગ છે આત્મામાં. એ તો કહ્યું નહિ? ખાનગી પત્ર આવ્યો છે. આત્મામાં ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. પરનો ત્યાગ અને પરનું ગ્રહવું તેનાથી તો શૂન્ય છે ત્રિકાળ. પરવસ્તુને ગ્રહી છે કે દિ' તે પરવસ્તુને છોડે? આહા..હા..! ત્યાગઉપાદાન, ત્યાગઉપાદાન, પરનો ત્યાગ અને પરનું ઉપાદાન-ગ્રહવું એનાથી તો શૂન્ય છે ત્રિકાળ. આહા..હા..! વાત એ કે બાહ્યના ત્યાગવાળાની કાંઈક મહિમા હોવી જોઈએ. એને પણ બાહ્યત્યાગ કહેવાય ક્યાંથી? આ વ્યવહારમાં જ આ બધા ઝઘડા ઊભા થયા છે.

અહીં તો કહે છે કે એ જ્ઞાન જ એવું છે કે પરના ત્યાગ-ગ્રહણરહિત અને પરના જાણવાના પુર્ણ સામર્થ્યવાળું. સમજાણું કાંઈ? એ ચૈતન્ય પ્રભુ રાગથી ભિન્ન પડીને જે પરિણતિ નામ

પર્યાય જ્ઞાયકને પકડે છે એ જ્ઞાયકભાવ અનાદિ અનંત ધીર, ઉદાર છે. ગમે તેટલું જાણવું હોય તો જાણવાની તાકાત કાઢી શકે છે અંદરમાં. કરવાનું કાંઈ કોઈ પાસેથી કે કરવું એ નહિ. આહા..! ઝીણી વાત છે, ભાઈ!

**શ્રોતા :—** પોતાનું કરે એ તો સ્વાર્થી કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ સ્વાર્થી જ છે. સ્વનું જ પ્રયોજન સિદ્ધ કરે છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? લીંબડીવાળા આવ્યા. બે ભાઈઓ. ઠીક. સમજાણું કાંઈ? પોણા અઢી ઉપર થઈ ગયું. શું કહે છે? કે અસ્તિ-અસ્તિ સત્તા જ્ઞાયકભાવનું વસ્તુસ્વરૂપે અનાદિ-અનંત હયાતીરૂપ વસ્તુ એ ધીર છે એટલે એમ ને એમ છે. પર્યાયમાં પલટો ખાય આદિ. વસ્તુમાં તો છે એમ છે. અને ઉદાર છે. ગમે તેટલું જાણવું હોય. લોકાલોક છે એને જાણે એથી અનંતગણુ હોય તો જાણવાની તાકાતવાળું છે. આહા..હા..! એવું જે આ આત્મતત્ત્વ. એમાં સ્થિરતા બાંધતો થકો. એમ છે ને? આહા..હા..! એ જ્ઞાયકભાવ જે નિત્ય છે, ધ્રુવ છે. બધા આત્માઓ એવા જ છે અનાદિ. બાળ, ગોપાળ એને છોડી દ્યો કહે છે કે. આહા..હા..!

૧૭મી ગાથામાં તો ત્યાં સુધી લીધું, ૧૭-૧૮, કે દરેક પ્રાણીને સંજ્ઞીને, અસંજ્ઞીને એકકોર રાખો, એની જ્ઞાનની એક સમયની વર્તમાન પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે.

**શ્રોતા :—** એવો નિર્ણય કરતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ તો બધાને જાણવાનું જ્ઞાન સમર્થ છેને? પણ એ પર્યાયમાં ત્રિકાળને વસ્તુને જાણવાની તાકાત છે. વસ્તુમાં છે એ તો તાકાત છે જ, પણ પર્યાયમાં એવી તાકાત છે. આહા..હા..! કે એક સમયની પર્યાય... કેમકે જ્યારે દ્રવ્યગુણ તાકાતવાળું છે તો એનું પર્યાય પણ એટલી જ તાકાતવાળું.. કેમકે જ્ઞાનની પર્યાય પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને જાણે છે, એને અડ્યા વિના, સ્પર્શ્યા વિના તે જ્ઞાયકને પર્યાય જાણે છે. આહા..હા..! કહો, કાનજીભાઈ! આવી વાતું છે આ. આહા..હા..! વીતરાગમાર્ગ બાપુ! ક્યાંય છે નહિ. અત્યારે તો મોટી ગડબડ થઈ ગઈ ગડબડ. સત્યને માથે. આહા..હા..!

કહે છે, વસ્તુ જે છે વસ્તુ છેને? તો વસ્તુ છે તો એની શક્તિઓ એમાં વસેલી છેને? વસ્તુ છે તો એમાં શક્તિ કહો, ગુણ કહો, સ્વભાવ કહો, સત્‌નું સત્ત્વ કહો, સત્‌નું સત્ત્વ કહો, ભાવપણું કહો, એ એમાં અનંતગુણો વસેલા છે. આહા..હા..! એની અહીં વાત ચાલે છે અત્યારે. એવો જે ભગવાન આત્મા એક સમયમાં ધીરો છે, ઉદાર છે, અનાદિ-અનંત છે, તેમાં શુદ્ધનય સ્થિરતા બાંધતો. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ભાઈ બહુ અલૌકિક છે, ભાઈ! વ્યવહારના પક્ષવાળાને આ વાત બેસવી બહુ કઠણ છે. સમજાણું કાંઈ? જેને જન્મ-મરણના દુઃખનો ત્રાસ લાગ્યો હોય એ આ ચૈતન્યની સંભાળ કરવા જશે. કેમકે એમાં જન્મ-મરણ નથી અને જન્મ-મરણના કારણોનો ભાવનો પ્રભુમાં અભાવ છે.

અરે..! બહારની હજી મીઠાશ ખસે નહિ. આ બહારના બધા ભભકા શરીર ને વાણી

ને.. આહા..હા..! એમાં જે ખેંચાઈ ગયું છે એ તો મિથ્યાત્વભાવ છે, પણ અહીં તો રાગમાં ખેંચાઈ જાય એકલો તો પણ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? અહીં તો સ્થિરતા સામે આ વાત લેવી છે. ભાષામાં એમ છેને? '**अनादिनिधन**' જ્ઞાનમાં સ્થિરતા બાંધતો. જ્ઞાનમાં પરિણતિને સ્થિર કરતો શુદ્ધનય. આહા..હા..!

ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદની કાતળી એ તો ઘન છે. આહા..હા..! એવા જ્ઞાનમાં જેની દૃષ્ટિ ત્યાં થંભી છે ગઈ છે ત્યાં સ્થિરતા બાંધે છે. આહા..હા..! આકરી વાતું બહુ! આસ્રવ અધિકાર છેને? એ આસ્રવથી છૂટે છે ત્યારે અણાસ્રવ એવા ભગવાન આત્મામાં સ્થિર થાય છે એમ કહેવું છે. આહા..હા..! આમાં આ વાત કેમ નાખી? એનું તાત્પર્ય કહ્યું હતુંને કાલે. એ રહસ્ય. એ રહસ્ય તો એ છે કે વીતરાગભાવ તે શાસ્ત્રનું રહસ્ય છે. તાત્પર્ય કહો કે રહસ્ય કહો. આહા..હા..! તો એ વીતરાગભાવ ક્યારે પ્રગટે? કે વીતરાગસ્વરૂપ પોતે અનાદિ-નિધન નિત્ય ધ્રુવ છે, અક્રિય છે, પરિણમનની પર્યાય વિનાનું છે. આહા..હા..! એમાં જે પરિણતિને સ્થિર કરે છે. પરિણતિને પરિણતિમાં સ્થિર કરવી નથી. આહા..હા..! આવો ધર્મ કઈ જાતનો ભારે! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને પરમાં સુખબુદ્ધિ ઊડી જાય છે. રાગ હોય છે, વિષય, વાસના પણ હોય છે, પણ અંદરથી સુખબુદ્ધિ ઊડી જાય છે. કેમકે સુખનો કંદ પ્રભુ છે એવું જ્યાં દૃષ્ટિમાં આવ્યું ત્યારે પરમાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે. છતાં રાગ હોય છે, ભોગ હોય છે, પણ એનું દુઃખ લાગે છે એને. આહા..હા..! અહીંયાં તો એનાથી આગળ વધીને હવે, જે દૃષ્ટિમાં નિત્યાનંદ ધ્રુવ અનાદિ-અનંત ઉદાર એવો આવ્યો. હવે એમાં સ્થિર થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ક્યારે કરે આ? અરે..! જન્મ-મરણમાંથી ક્યારે નીકળે એ? આહા..હા..! આ રીતે, ભગવાન! આહા..હા..! પછી વ્યવહારથી આવું થાય. ભાઈ! એ નહિ હોં. વ્યવહાર આ વ્રત ને નિયમ ને કરીએ તો આ રીતે આત્મામાં નિશ્ચયતાને પામે. એમ તો છે નહિ. વ્યવહારના વિકલ્પમાં જતું જ્ઞાનને પાછું ફેરવે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! છે?

એ '**શુદ્ધનયકે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે...**' આહા..હા..! એટલે કે રાગને ઉત્પત્તિ કરનારનો નથી એટલે કર્મના રાગને નાશ કરનારો છે એ તો. આહા..હા..! '**પવિત્ર ધર્મી પુરુષોએ...**' છે? એ કાલે આવી ગયું છે આપણે. '**कृतिभिः**' જેણે સમ્યગ્દર્શનનું કાર્ય જેને પ્રગટ્યું છે એને સુકૃત પ્રગટ્યા છે. આહા..હા..! જે કાર્ય સત્ય છે તે સત્ય કાર્ય જેને પ્રગટ્યા છે. તેથી સમ્યગ્દૃષ્ટિને સુકૃતિ કીધો છે. સુકૃતિ-શુદ્ધ કાર્યનો કરનાર. આહા..હા..! રાગાદિનો કરનાર એ નથી. જ્ઞાનીને રાગ આવે, પણ એનો કર્તા નથી. અહીં તો હવે એ પરિણમન છે તેને છોડાવીને સ્થિર કરવાની વાત છેલ્લી છે અહીં તો. સમજાણું કાંઈ? અરે..! વાત આવી એના ઘરની ન મળે. એને ક્યારે છૂટવું? જન્મ-મરણથી ક્યારે? આહા..હા..! ચોર્યાસીના અવતાર ડૂબકા ગળી ગયો અંદર. ડૂબકા મારીને પડ્યો છે અંદર. રાગનું કણ અને રજકણનો કણ એ

મારો અને હું એ. એ તો સંસારના ચોર્યાસીના અવતારમાં ડૂબી ગયો છે. સમજાણું કાંઈ? કેમકે રાગ છે એ પોતે સંસાર છે અને રજકણ છે તે સંસારમાં નિમિત્ત છે જડ. આહા..હા..! શાંતિભાઈ! આવો માર્ગ છે. અરેરે..! એને વખત પણ મળે નહિ. પોતાના ઉદ્ધારના કાળ પણ મળે નહિ. આહા..હા..!

કહે છે પ્રભુ અંદર ચૈતન્ય ધ્રુવ આનંદનો નાથ એમાં સ્થિરતા કરતો શુદ્ધનય. એટલે અંદરનો આશ્રય કર્યો છેને એટલે એ શુદ્ધનય સ્થિરતા કરે છે એમ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મશાસ્ત્ર છે, બાપુ! આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો પરમાત્માની કથા છે. આહા..હા..! રાગના વિકલ્પથી ધર્મ થાય એવી કથા તે વિકથા-કુકથા છે. ૨૫ પ્રકારની કથા આવી છેને? ઓલી તરંગિણી કેવી? તત્ત્વજ્ઞાનતરંગિણી અને સુદૃષ્ટિતરંગણી. અધ્યાત્મતરંગણી. ટેકચંદજીની. એમાં પણ આવી છે અને આમાં આવ્યું છે. આમાં આવ્યું છે. ભાવદિપીકામાં ૨૫ પ્રકારની વિકથા. એમાં આ વિકથા એટલે. આમ ચાર કથા કહેવાય સ્ત્રી કથા, ભોગકથા, દેશ કથા, રાજ કથા, પણ એનો વિસ્તાર કરતા ૨૫ પ્રકારની કથા થાય છે. આહા..હા..! કુકથા. અરેરે..! જેને ચિદાનંદ ભગવાનની અંતરની સ્થિરતા છોડીને જે રાગની વિકલ્પની દશાથી જીવને લાભ થાય, એવી પ્રરૂપણા એ કુકથા-વિકથા છે. આહા..હા..!

ભાઈએ નથી લખ્યું હમણાં? કૈલાસચંદજીએ. કૈલાસચંદજીએ. હમણા ત્રણ બોલ સારા આવ્યા છે એના. એમાં લખ્યું છે કે ભાઈ અત્યારે, નિશ્ચયસમ્યગ્દર્શન વિના વ્રત, તપ બધા નિરર્થક છે એ પ્રરૂપણા જ ક્યાં ચાલે છે અત્યારે? શાંતિભાઈ! આહા..હા..! એ બહુ સારી વાત લખી છે. સમ્યગ્દર્શન નિશ્ચય. વ્યવહારસમ્યગ્દર્શન એ સમ્યગ્દર્શન છે જ ક્યાં? એ તો રાગ છે. આહા..હા..!

જે જ્ઞાયકભાવ જેમાં અનંત શુદ્ધચૈતન્ય .. આદિ સ્વભાવ ભર્યો છે એવો જે જ્ઞાનભાવ, આત્મભાવ, એમાં જેણે આશ્રય લઈને સ્થિરતા બાંધી છે તે કર્મનો નાશ કરે છે. વ્યવહારમાં આવતો કર્મનો નાશ કરે છે એમ નહિ. વ્યવહાર નામ વિકલ્પો છે એ તો બંધના કારણો છે. આહા..હા..! અરે..! પ્રભુ તને દયા નથી તને હોં! એમ કહે છે. આહા..હા..! તારી તને દયા નથી, ભાઈ! તું પવિત્ર પિંડ ચૈતન્યનો એનો આદર છોડી દઈને એ રાગના આદરમાં ગયો પ્રભુ તેં તારી હિંસા કરી છે એટલે કે હું એ નહિ. આવો પવિત્ર પ્રભુ એ નહિ અને હું તો રાગ છું. આહા..હા..! જીવનનો નાશ કરે છે ને ભાઈ આ. કે એમ પૂરું થાય છે આયુષ્ય. ત્યારે એમ આ જીવન જીવતી જ્યોત ચૈતન્ય સહજાનંદ મૂર્તિ, સહજાત્મસ્વરૂપ એને ન સ્વીકારતા, એનું જીવનને ટકવું ત્રિકાળી છે, ટકતાને ન સ્વીકારતા, અટકતું નાશવાન પુણ્ય અને પાપના વિકલ્પોનો સ્વીકાર. એ સ્વરૂપ આવું છે એવો એણે નકાર કર્યો એટલે હિંસા કરી છે. આહા..હા..! દેવીલાલજી! ભાષા તો સાદી છે, પ્રભુ! ભાવ તો છે એમ છે. આહા..હા..! એમાં આસ્રવ અધિકાર. આહા..હા..! ઉપદેશ દેવામાં પણ વિકલ્પ આવે છે, કહે છે. એ અંદરમાં ઠર તો એ વિકલ્પ છૂટી જશે. આહા..હા..!

જુઓ અહીં સુધી તો આવ્યું હતું આપણે. **'પવિત્ર ધર્મી પુરુષોએ કદી પણ...'** **'न त्याज्यः'** **'છોડવાયોગ્ય નથી.'** સ્વનો આશ્રય કદી છોડવાલાયક નથી. આહા..હા..! જેને કલ્યાણ કરવું છે, જેને જન્મ-મરણરહિત થવું છે, એ દુઃખના દરિયામાંથી ડૂબકી મારે છે અનાદિથી એમાંથી જેને ખસી જવું છે, એણે તો સ્વરૂપ આનંદકંદ છે તેમાં સ્થિરતા બાંધવી. દૃષ્ટિ તો બંધ કરી છે પણ પછી સ્થિરતા વિશેષ કરવી. સમજાણું કાંઈ? છેલ્લા શ્લોક છેને આસ્રવના.

**'શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો,...'** છેને? **'तत्रस्थाः'** **'तत्रस्थाः'** **'तत्र'** નામ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવમાં **'स्थाः'** **'स्थाः'** આહા..હા..! જેમાં સ્થ રહ્યો છે એ. એ રાગમાં નહિ, એક સમયની પર્યાયમાં પણ નહિ. આહા..હા..! પર્યાય રહી છે **'तत्रस्थाः'** આહા..હા..! તત્ર નામ જે ધીર અને ઉદાર ને પવિત્ર પુરુષોએ ત્યાં આગળ **'तत्रस्थाः'** ત્યાં ઘર કર્યું છે. આહા..હા..! ત્યાં એણે ઘર બાંધ્યું છે. સમજાણું કાંઈ? **'तत्रस्थाः'** **'શુદ્ધનયમાં સ્થિત પુરુષો,...'** આહાહા..! **'बहिः निर्यत् स्व-मरीचि-चक्रम् अचिरात् संहृत्य'** આહા..હા..! **'બહાર નીકળતા...'** જે જ્ઞાનની પર્યાય પરને અવલંબે નીકળતી તે એને રોકી દે હવે કહે છે. વ્યવહારના રાગમાં, પરના અવલંબનમાં, આહા..હા..! આ બધી ભભકાની ચીજો બહારની, એમાં જ્ઞાનની પર્યાય આમ જાય છે બહાર, એને રોકી દે. આહા..હા..!

અરે..! એને વ્યવહારના રત્નત્રયના વિકલ્પમાં જ્ઞાનનું કિરણ જાય છે એને રોકી દે. આહા..હા..! છે? **'बहिः निर्यत्'** છે ને? **'बहिः निर्यत्'** બહાર નીકળતી **'स्व-मरीचि'** રાગનું ચક્ર. અશુદ્ધતાના ચક્ર અને **'अचिरात् संहृत्य'** **'अचिरात् संहृत्य'** શીઘ્રપણે રોકી દે. આહા..હા..! શું આચાર્યોના શબ્દો! રામબાણ છે. આહા..હા..! ભાઈ! તે સાંભળ્યું નથી, બાપુ!

કહ્યું નહોતું એક ફેરી? લાઠીની વાત નહોતી ભાઈ, છોડીની? લાઠીની છોડી હતી એક. બે વર્ષનું પરણેતર. એના ધણીને પહેલી વહુ મરી ગઈ તો આને પરણ્યો બે વર્ષ. ૧૮ વર્ષની રૂપાળી છોડી. અમે જોયેલું ત્યાં. પછી એને આ શીતળા નીકળ્યા. શું કહેવાય આ દાણે-દાણે? દાણે-દાણે ઈયળ પડી. ૧૮ વર્ષની જુવાન. આ ધીરૂભાઈના ડેલામાં. આ ધીરૂભાઈ છેને આપણે અહીંયાં લાઠીવાળા? એનો ડેલો કહેવાય એ. એની સામે. આ તો ઘણા વર્ષ થઈ ગયા. એને શીતળા નીકળ્યા. ચેચક કે શું? તે દાણે-દાણે દાણા આખા શરીરમાં કાણા અને દાણે-દાણે ઈયળ. જુઓ આમ બાઈ બે વર્ષનું પરણેતર. અને આમ તળાઈમાં સૂતી. તળાઈમાં પણ તળાઈને અડે ત્યાં રાડ નાખે. આમ પડખું આમ ફેરવે ત્યાં હજારો ઈયળું આમ નીકળે અને આમ ફેરવે ત્યાં હજારો ઈયળું-ઝીણા જીવડા. એમ કહ્યું, બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. શું આવ્યું આ? સહ્યું જાય નહિ, સૂયું જાય નહિ, ફર્યું જાય નહિ. આહા..હા..! એ પીડા એ નરકની પીડાથી અનંતમા ભાગની છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કેમકે આનંદનો નાથ જ્યારે ઊલટો પડે ત્યારે એમાં પર્યાયમાં દુઃખ ઊભું થાય છે. એને અહીં કહે છે કે ત્યાંથી પાછો વાળ હવે. ભગવાનમાં સ્થિર થા ત્યાં. ભારે વાતું બાપુ, આવી! આહા..હા..! મરી ગઈ

બિચારી. બાઈ મરી ગઈ. રાડે-રાડ પાડે. રોવે. આમ સુવાઈ નહિ, આમ સુવાઈ નહિ. તળાઈમાં અગ્નિમાં .. સુવાઈ. ચામડી બધી ઊની થઈ ગયેલી ઈયળું પડી ગઈ. છેલ્લું આ બોલી હતી આ, બા! આવા પાપ મેં આ ભવમાં નથી કર્યા. જ્યારે આવે ત્યારે રાડ નાખે છે અને પાપ કરે ત્યારે હોંશથી કરે છે મારો. આહા..હા..! હોંશ છે. આહા..હા..!

આવે છે એક સજ્ઝાયમાં એવું આવે છે. સજ્ઝાય વાંચી છે? 'હોંશેથી બાંધ્યા કર્મ, એ રોતા ન છૂટે પ્રાણીયા.' એ સજ્ઝાય આવે છે હોં. આ તો દુકાન ઉપર બધી વાંચેલી. આ તો ઘણાં ૬૫-૬૭ વર્ષ પહેલાંની વાત છે. ચાર સજ્ઝાયમાળા છે. એમાં એ આવે છે. શ્વેતાંબરની છે બધી સજ્ઝાય. વૈરાગ્યની તો હોય વાત, દૃષ્ટિની તો ક્યાં છે? 'એમ કે હસતા તે બાંધ્યા કર્મ, રોતા ન છૂટે પ્રાણીયા.' એ આંસુની ધારા ચાલી જાય. બા! હું મરી જાવ છું. મને કાંઈ... તમે.. આહા..હા..!

અને એક છોડી હતી પ્રેમચંદભાઈના ઓળખીતી. રાણપર. માસ્તરની દીકરી. ૧૨-૧૩ વર્ષની હતી. ૧૩-૧૪ વર્ષની. એને કૂતરું કરડેલું હડકાયું. હડકાયું શું કહે છે? પાગલ. એ કૂતરું કરડ્યું અને પાગલપણું પ્રગટ્યું એને. પ્રેમચંદભાઈ આપણા. વીંછીયા નહિ, રાણપુરવાળા. એ એના માસ્તરની દીકરી. માસ્તર એના મિત્ર હતા. અપાસરાની સામે. વાડીભાઈનું ઘર છે એની જોડે હતું. કાકા! મારાથી કાંઈ સહન થતું નથી. તમે પવન નાખો એ ઠીક પડતું નથી, પાણી જોવામાં ઠીક પડતું નથી, મને કાંઈ ઠીક નથી. શું છે આ? શું થાય છે કાંઈ ખબર પડતી નથી. આમ રાડ નાખે. ૪૮ કલાક સુધી એમ ને એમ રાડ નાખી અને મરી ગઈ. ૪૮ કલાક પીડા... પીડા... પીડા... પાણી દેખે તો ત્રાસ થાય. હવા શું કહેવાય તમારે વીંઝણો પવન-પંખા રાડ નાખે અંદરથી. કાકા! મને કાંઈ ઠીક પડતું નથી આ બધું કરે છે એ. મને અંદર હાય.. હાય.. શું કરું? ક્યાં જાવ? શું કરવું? એ એમ થઈ જાય. એ ૪૮ કલાક સુધી. બે દિ' હોં ને બે રાત. આહા..હા..! પ્રભુ! તેં આવા દુઃખ તો અનંતવાર સહ્યા. ભૂલી ગયો. આહા..હા..! એ દુઃખને મટાડવાનો પ્રભુ, ઉપાય આ છે. આહા..હા..!

અનાદિ અનંત ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, નાથ! આહા..હા..! એમાં બહાર નીકળતી જ્ઞાનની પર્યાયો અશુદ્ધતાના ભાવમાં જતી શુભ-અશુભ બેય અશુદ્ધ છે. છે? '**बहिः निर्यत्**' પરના અવલંબે જતી જ્ઞાનની પર્યાયને હવે રોક, પાછી વાળ, બાપા! આહા..હા..! '**बहिः निर्यत् स्व-मरीचि-चक्रम्**' પોતાના કિરણો. મરીચિ-કિરણ. જ્ઞાનનું કીરણ આમ બહાર જાય છે રાગમાં, એવું જે ચક્ર એટલે વિકલ્પનો સમુહ. '**अचिरात् संहृत्य**' અલ્પકાળમાં રોકી દે હવે તારે. આહા..હા..! આવી વાતું હવે. અહીં તો હજી નવરો થાય નહિ ચોવીસ કલાક. બાયડી, છોકરા, ધંધાના પાપમાંથી નવરો થાય નહિ, ધર્મ તો ક્યાંય નથી. આહા..હા..! એને આવું કહે કે તું ત્રણલોકનો નાથ! એ વિકલ્પમાં જતી જ્ઞાનની કીરણને પાછી વાળ પ્રભુ! તને શાંતિ જોઈતી હોય તો. સમજાણું કાંઈ? એ અશુભરાગથી તો પાછી વાળ પણ શુભરાગ એ...

આહા..હા..! એ બંધનું કારણ છે. એ જ્ઞાનનો પર્યાય આમ જાય છે. પરાવલંબી જ્ઞાનપર્યાય થાય છે એ '**बहिः निर्यत्**', ભગવાનના માંથી બહાર નીકળી ગઈ કીરણ. સમજાણું કાંઈ? આહા..હા..!

એ પોતાના '**બહાર નીકળતા એવા પોતાનાં જ્ઞાનકિરણોના સમૂહને...**' ચક્ર લીધું છેને? એ સમૂહ છે વિકલ્પની જાળ. આહા..હા..! જ્ઞાન રોકાઈ ગયું અહીંયાં. અને જ્ઞાનના ભેદો પડે છે એમાંથી પાછુ વાળી દે હવે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**બહાર નીકળતા એવા પોતાનાં જ્ઞાનકિરણો...**' ભાષા જુઓ! જ્ઞાનની પર્યાય પોતે બહાર નીકળે છે, કર્મને લઈને નહિ. આહા..હા..! સ્વાલંબનપણું છોડી અને જ્ઞાનની પર્યાય પરાવલંબપણે જાય છે રાગમાં ને પુણ્યમાં.. આહા..હા..! એને પ્રભુ! હવે પાછી વાળ. આહા..હા..! કોની સાથે આમાં વાદ કરવો? આ તો સમજીને સમજાવાની વાત છે, બાપુ! ભગવાન જાણે. એને ઠીક લાગતું હોય તો એકાંત માની લે તો શું થાય? આહા..હા..! વસ્તુ તો આ છે. આહા..હા..!

ભર્યું ઘર છેને પ્રભુ તારું. એમ કહે છે. આહા..હા..! મરી જાયને છોકરો નાની ઉંમરનો, તો બાયુ રોવે. ભર્યા ઘરમાંથી નીકળવું ભાઈ કેમ તને ઠીક પડ્યું? એય..! શાંતિભાઈ! આ બધું સાંભળેલું હોયને. ભર્યા ઘરમાંથી એમ કે પૈસા, આબરૂ, મકાન, આ શું કહેવાય તમારે? ફર્નિચર. આહા..હા..! એમાં વચમાં ખાટલો નાખીને સૂતો હોય આમ ચારે બાજુ.. આહા..હા..! ભાઈ! તને ભર્યા ઘરમાંથી નીકળવું કેમ સ્મશાનમાં ગોઠ્યું? એમ કહે. આહા..હા..! અહીં કહે છે કે ભર્યું ઘર એવું તારું આનંદનો નાથ એમાંથી બહાર નીકળવું તને કેમ ગોઠે, બાપા? આહા..હા..! કહો, શેઠ! આ વાત છે અહીં તો ભગવાન. આહા..હા..! દુનિયા દુનિયાની જાણે, બાપા! કોઈ દુનિયા કાંઈ સાથે આવે એવી નથી. આહા..હા..! પરતરફ ચિંતાનો વિકલ્પ પણ જ્યાં દુઃખરૂપ છે. આહા..હા..!

'**બહાર નીકળતી એવા પોતાનાં જ્ઞાનકિરણોના સમૂહને (અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને)...**' નિમિત્ત એટલે ઉપાદાન પોતાનું એમાં નિમિત્ત કર્મ છે એટલું. નિમિત્ત કરતું નથી કાંઈ. નહિતર તો નિમિત્ત કહેવાય નહિ. આહા..હા..! આવી ભાષા આવે ત્યાં જુઓ કર્મના નિમિત્તે નીકળતી જ્ઞાનની. અરે..! બાપા! એ ભાઈએ સારું લખ્યું છે. એ કૈલાસચંદજીએ એ આ ફેરી સારું લખ્યું છે. સોનગઢવાળા નિમિત્તનો નિષેધ નથી કરતાં, નિમિત્ત નથી એમ નહિ, પણ નિમિત્તકર્તા નથી એમ કહે છે. વાત તો એમ છે, બાપા! નિમિત્તનો નિષેધ કરે છે, પણ નિમિત્ત છે એમ માને છે, પણ નિમિત્ત કરે છે પરમાં એની એ ના પાડે છે. આહા..હા..!

કર્મનું નિમિત્ત છે, પણ નિમિત્ત વિકાર કરાવે છે, કે કર્મ કર્તા છે વિકારનો એમ નથી. તેથી તો અહીં ભાષા ઓલી. જુઓ, '**પોતાનાં જ્ઞાનકિરણોના સમૂહને...**' એમ. એ પોતાની પર્યાય ઊલટી થાય છે, પરમાં જાય છે. આહા..હા..! અહીં તો દેવ, ગુરુ ને શાસ્ત્રમાં જતી

પર્યાય પણ રાગવાળી છે કહે છે. દૃષ્ટિમાં તો એનો નિષેધ કર્યો છે, પણ હવે સ્થિરતા દ્વારા એને છોડી દે. છેલ્લી ગાથાઓ છેને આસ્રવની. આહા..હા..!

**'જ્ઞાનકિરણોના સમૂહને (અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને)...'** પર્યાયો. **'અલ્પકાળમાં સમેટીને,...'** છેને **'अचिरात्'**? **'अचिरात्'**નો અર્થ છે એ. **'अचिरात्'** શીઘ્ર કામ લે, ભાઈ! આહા..હા..! શીઘ્ર. **'अचिरात्'** શબ્દ છેને? દીર્ઘકાળ નહિ, અલ્પકાળમાં સમેટ, ભાઈ! લાંબાકાળ ન થવા દે હવે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કે બહાર જતાં વિકલ્પો છે એનો લાંબો કાળ ન રહે હવે તને. અલ્પકાળમાં પાછો વળી જા. આહા..હા..! વ્યવહારમાં જતાં વિકલ્પને અલ્પકાળમાં પાછો વાળ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સમેટીને,...'** એ બાજુ જતી જ્ઞાનની કિરણ પર્યાય ભેદવાળી, રાગવાળી સમેટી લે. અથવા રાગને પણ એકલી જ્ઞાનની પર્યાયનો ભેદ પડે છે એને સમેટીને અભેદમાં જા. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે, કાંતિભાઈ! આવો માર્ગ લોકોથી બહુ ફેર છે. ખળભળાટ થઈ ગયો છે હવે ચારેકોર. ભલે થાવ બાપા! જેમ છે એમ છે, બાપુ! આહા..હા..! ભાઈ! તારી દયાનો માર્ગ તો આ છે. તારી દયા અને તારી હિંસાના ત્યાગનો માર્ગ તો આ છે. આહા..હા..! પરતરફ જ્ઞાની.. અહીં તો એમ કહે છે કે જે સામાન્ય વસ્તુ છે જ્ઞાન, એની વિશેષ જે ભેદ પડે છે એ ભેદમાંથી પાછી વાળ અને અંતરમાં જા. આહા..હા..! અરે..! એનો નિર્ણય તો કર પહેલો. આહા..હા..! માર્ગ તો આ છે, બીજો કોઈ છે નહિ. સમજાણું કાંઈ? આવી વાત! ઓહો..! શ્લોકો તે શ્લોકો છેને! એક-એક શ્લોક પણ અમૃતથી ઝર્યા! અમૃતચંદ્રાચાર્યે અમૃત રેડ્યા છે એમાં. આહા..હા..!

**શ્રોતા :** ... પંચમકાળ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :** હા, પંચમકાળ વાત સાચી. આહા..હા..!

'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત, સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત. શ્રી ગુણવંતા રે જ્ઞાની એ અમૃત વરસ્યા રે પંચમકાળમાં.' આહા..હા..! તારે ક્યાં જવું નાથ? તું ક્યાં છો ભાઈ? આહા..હા..! અનાદિ અનંત ધીરૂ-ઉદારવાળું જ્ઞાનનું તત્ત્વ તારું સ્વરૂપ છે. આહા..હા..! એમાં જ્ઞાનની પર્યાયનો ભેદ પડે છે. આહા..હા..! એને પાછો વાળ, બાપુ! અભેદ થા. આહા..હા..! આવું છે. કહો, કાંતિભાઈ! આવો માર્ગ છે. આહા..હા..!

**'પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ,...'** જોયું હવે? જ્ઞાનની શક્તિ સામાન્ય છે, એમાંથી વિશેષના જે ભેદો પડે છે, એમાંથી પાછુવાળીને સામાન્યમાં જા હવે. આહા..હા..! **'પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ,...'** પ્રભુ. અંદર પૂર્ણ જ્ઞાનના પૂર્ણમિદં આત્મા. ભગવાન પૂર્ણ જ્ઞાનસ્વરૂપે પૂર્ણ બિરાજે છે. આહા..હા..! પૂર્ણ જ્ઞાનઘન. આટલા શબ્દ વાપર્યા છે. પાઠ છેને? **'पूर्णं'** પૂર્ણ છે અને પૂર્ણ કેવી રીતે છે? કે એ જ્ઞાનનું ઘન છે. અને એનો ઓઘ છે. આહા..હા..! જ્ઞાનઘનનો પુંજ

છે એમ કહે છે. **'पूर्णं ज्ञान-घन-ओघम्'** આટલા તો શબ્દ વાપર્યા છે. આહા..હા..!

જ્ઞાનસ્વરૂપી પ્રભુ ભગવાન, પૂર્ણ છે, ઘન છે, આહા..હા..! અને સમૂહ છે. જ્ઞાનઘનનો પિંડ છે. સમૂહ છે પ્રભુ આમ. એકલો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો ભગવાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ,...'** એટલે વ્યાખ્યા. એ એક-એક શબ્દનો અર્થ થયો. પછી **नएकम्** કેવું છે ત્રિકાળી જ્ઞાન વસ્તુ ધ્રુવ? એકરૂપ છે. એમાં પર્યાયનો ભેદ પણ નથી. આહા..હા..!

એક છે, અચળ છે. આહાહા..! ત્રિકાળી જ્ઞાનઘન ભગવાન. એક સમયની પર્યાયની અવસ્થામાં રમતો અનાદિથી એ રમતું ફેરવ પ્રભુ કહે છે. આહા..હા..! ઓલામાં નથી આવતું કીધું? 'રાણા રમતું મેલ, કટક આવ્યું કિનારે.' રાણપર. સાડા ચારસો વર્ષનો એ છે મહેલ. નદિને કાંઠે છે. અપાસરાની જોડે છે. એ રાજા હતો. રાજા રમત કરતો હતો આ. શું કહેવાય આ? સોગઠાબાજી. અને રાજા હતો. કટક એના રાજ આવ્યું તો કાંઈ ખબર નહિ. કિનારાનું ગામ હતું. એ 'રાણા રમતું મેલ, કટક આવ્યું કિનારે.' હવે તો છોડ રમત. એમ અહીં ભગવાન કહે છે કે હે પરમાત્મા! હવે તો પરની રમતું છોડ. આહા..હા..! એ પરમાં વિકલ્પ જાય ભેદ પડે છે એ બધું નુકસાન છે તને, ભાઈ! સમજાણું કાંઈ?

એક તો પૂર્ણ કીધું, બીજું જ્ઞાનઘન કીધું, ત્રીજું ઓઘપુંજ કીધું, ચોથું એને એક કહ્યું. પછી અચળ કહ્યું. એકરૂપ ચળે નહિ એવું ધ્રુવ વજ્ર પિંડ જેવું. આહા..હા..! એવી ચૈતન્ય ધાતુ જે અચળ પડી છે અંદર. આહા..હા..! અચળ. શાંત. પાછી કેવી છે? શાંત તેજ છે. આહા..હા..! અવિકારી શાંતનું તેજનું પુંજ છે પ્રભુ. આહા..હા..! ભાઈ! તારે શાંતિ જોઈતી હોય તો એ શાંતિનો પુંજ છે એ. સમજાણું કાંઈ? આવી વાત લોકોને બિચારાને વ્યવહારવાળાને એવી લાગે, શેઠ! પછી બિચારાને એવું લાગે અરેરે..! તમે એકાંત તાણો છો, એકાંત છે. ભાઈ! બાપા! આહા..હા..! આ વિના પ્રભુ તારા રસ્તા નથી. આહા..હા..!

કલકત્તામાં એક હોડીમાં સાંજે ફરવા ગયા મા-બાપને. હોડી-હોડી. સાત-આઠ માણસ હતા. ફરવા નીકળ્યા. એમ કે ફરી આવીએ થોડું દરિયામાં. દરિયામાં હોડીમાં. એમાં એક આઠ વર્ષનો છોકરો. કેટલો? આઠ વર્ષનો હતો. એણે પગ બારો કાઢ્યો હોડીની બહાર. આમ હોડીમાં બેઠો, પગ બહાર કાઢ્યો ત્યાં મગરમચ્છે પગ જાલ્યો. મોટો મગરમચ્છ. એવું નાવડિયાએ કહ્યું અરે..! ભાઈ એને ફેંકી દ્યો છોકરાને. નહિતર હમણાં ખેંચ્યું ભેગું આખું નીચે વયું જશે. આખી હોડી ડૂબી જશે. કારણ કે મોટો મગરમચ્છ છે. એણે પગ જાલ્યો છે છોકરાનો. એ જો આમ ખેંચશે તો બધા નીચે જઈશું. આહા..હા..! એ વખતે મા-બાપ બે બાજુનો હાથ જાલી. માએ આ હાથ જાલ્યો, બાપે આ હાથ જાલ્યો. દરિયામાં ફેંકી દીધો. શું કરે પણ? નહિતર તો બધા મરી જાત. આહા..હા..! જેની રક્ષા કરી તેને મારી નાખવાની તૈયારી કરી. એ બા! એ બા! એમ કરેને. બે બાજુ હાથ જાલે. કારણ કે પગ મગરમચ્છે પકડ્યો હતો. એ મગરમચ્છે ખેંચે

એટલી વાર. એક સેકન્ડમાં ઉડાડી દેશે બધાને. નાવડિયો કહે કે જો તમે નહિ કરો તો હું કરી દઉં. ઓલા સમજ્યા કે વાત તો સાચી. એમાં કાંઈ વાર લગાડાય એવું આમાં નથી. 'अचिरात्' શીઘ્ર. આહા..હા..! એમ તારી હોડી એ રાગમાં ન બૂડે માટે 'अचिरात्' એમાંથી ઘસી જા અને આવી જા અહીં અંદર. આહા..! રાગે ખેંચી નાખ્યો છે અંદર, સમુદ્રના દરિયામાં. આહા..હા..! ચાહે તો શુભરાગ હોય તોપણ એ સંસારનો મગરમચ્છ છે. એ ખેંચી જશે તને સંસારમાં, ભાઈ! આહા..હા..! આવું.

એક જાણો કહેતો હતો ઓલો ભાઈ, ૯૫માં. આંખના ડોક્ટર રતિભાઈ રાજકોટ નહિ? મહારાજનું આવું સાંભળવા જઈએ તો આપણે કાંઈ કરી શકશું નહિ. રતિભાઈ આંખનો ડોક્ટર. મોટો ડોક્ટર. ઉજમશીભાઈનો ભાઈ અને નાનો છોટુભાઈ છેને એ દાંતનો ડોક્ટર. જોડે એ અને જોડે એ છે. બે-ચારવાર સાંભળવા આવ્યો. અને આબરૂવાળો હતો. બે-ચાર.. પૈસા ખુબ થઈ ગયા હતા કરોડો. પછી કાંઈક ફેરફાર થઈ ગયો તો વયા ગયા પૈસા. અંદર કાંઈક ખૂબ કરવા જાય સટ્ટાબટ્ટા તો વયા ગયા બધા. એ સાંભળવા આવે, પણ એકવાર એમ કહ્યું કે મહારાજનું જો સાંભળીએ વારંવાર તો આપણે સંસારની કાંઈ કરી શકશું નહિ. આહા..હા..! અરે..! ભાઈ! સંસારનું કોણ કરે? બાપુ! એ તો જડની ક્રિયા જડથી થાય, ભાઈ! આંખમાં પેલું નાખેને જોવા માટે? દવા નાખે. એ મોટી થાય અને પછી એ ઓલું કરે. આહા..હા..! એ ક્રિયા જાણે આત્મા કરે છે સાવધાનથી. ધૂળેય નથી, બાપુ! સાંભળને ભાઈ તને ખબર નથી. એમાં તને રાગ થાય છે અને અભિમાન થાય છે કે 'હું કરું છું' એ મહામિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ ચાર ગતિમાં ઉડાડી દેશે તને. બહાર નીકળવું, ત્રસ્ત થવું મુશ્કેલ પડશે, બાપુ! આહા..હા..! નિગોદમાં જો ગયો તો અનંતેકાળે પાછું ત્રસ થાવું મુશ્કેલ છે. આહા..હા..!

અહીં કહે છે એ તેજપુંજ. શાંતના તેજને. આહા..હા..! 'शान्तं महः' છેને? 'अचलं शान्तं महः' શાંતનું તેજ છે. 'महः' એટલે તેજ. એવા તેજપુંજને દેખે છે. આહા..હા..! જેણે બહારથી જતી પર્યાયોને ભેદમાંથી પાછી વાળી ત્યાં અંતરમાં આવો આત્મા એ દેખે છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મશાસ્ત્ર, ભાઈ! અને તે ભગવાનની વાણી. કુંદકુંદાચાર્ય એની વાણીના આડતિયા છે આ. આહા..હા..! આ કોઈ કથાવાર્તા નથી. આ તો એકલા હિતના, અમૃતના ઝરણા છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ?

'હોંશે હકારો આપજે' એમ કાંઈક આવ્યું હતુંને. કોક .. આવ્યું હતું કોક. હોંશે હોંકારો આપજે. કોકે ગાયુ છે ખરું આપણામાંથી. એ મગજમાં આવ્યું ક્યાંકથી. એમ કે હોંશે હોંકારો આપજે આ તત્ત્વને. એમ કે 'હાય.. હાય.. આ સમજાતું નથી' એમ રહેવા દે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કોકે બનાવ્યું છે ગાયન. ઘાટકોપર. રમેશે. હા લ્યો. આ વીંછીયાવાળો. રમેશ-રમેશ. આપણે પ્રેમચંદભાઈના દીકરાનો દીકરો. 'હોંશે હોકારો આપજે બાપા!' એમ કહ્યું છે એણે. ત્યાં ભજન કર્યા છે. આહા..હા..! તારા સત્કારની વાત સાંભળીને હોંશ કરજે પ્રભુ!

ના ન પાડીશ, ના ન પાડીશ. નાથ! ના પાડી તો નરક-નિગોદ અને હા પાડી તો હાલત થઈ જશે તારી. આહા..હા..! સમજાણું કાંઈ? શું છે શ્લોક તે. એમાંથી બહાર નીકળવું કઠણ પડે. આહા..હા..!

તેજના શાંતિના. શાંતિ... શાંતિ... શાંતિ... અકષાયસ્વભાવનો સમુદ્ર પ્રભુ! અકષાયસ્વભાવ કહો કે શાંતસ્વભાવ કહો. અકષાય, કષાય નહિ એ અપેક્ષાએ. આ શાંત તે અસ્તિથી છે. આહા..હા..! શાંતનું તેજ અચળપ્રભુ, એને તું દેખીશ. આવા કષાયના વિકલ્પને ભેદતરફથી અસ્થિરતા છોડી દઈને સ્વભાવમાં જઈશ તો તું શાંત તેજને અનુભવીશ. શાંત તેજને '**पश्यन्ति**' નામ અનુભવીશ. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવે છે જોયુંને? '**पश्यन्ति**' પ્રત્યક્ષ અનુભવે છે, એમ કહે છે. આહા..હા..!

'**ભાવાર્થ : શુદ્ધનય, જ્ઞાનના સમસ્ત વિષેશોને ગૌણ કરી...**' જોયું! આત્માના સમસ્ત વિષેશો જે છે એને ગૌણ કરી. પર્યાયના ભેદ છેને એ. '**તથા પરનિમિત્તથી થતા સમસ્ત ભાવોને ગૌણ કરી,...**' બેય વાત લીધી. બેય નિયતિમાં. વસ્તુ જે જ્ઞાયકભાવ સામાન્ય ધ્રુવ ચૈતન્ય એકરૂપ છે એમાં એના જે ભેદ પડે છે પર્યાયના, તેને ગૌણ કરીને, તેના ઉપરથી લક્ષ છોડી દઈને. આહા..હા..! અને '**પરનિમિત્તથી થતા સમસ્ત ભાવોને...**' એટલે વિકારભાવને. આહા..હા..! શુભ- અશુભભાવ. એ થાય છે પોતાથી પોતામાં એ નિમિત્ત કર્મ છે, એમ કહે છે, પણ નિમિત્ત કર્તા નથી એના.

'**પર નિમિત્તથી થતા સમસ્ત ભાવોને ગૌણ કરી,...**' બેયને ગૌણ કર્યા. એક તો જ્ઞાનના વિશેષો, પ્રકારો, ભેદોને ગૌણ કર્યા અને અભેદમાં દૃષ્ટિમાં જાય. આહા..હા..! જગતને દેખવાને આંધળો થઈ જા. ભગવાનને દેખવાને હજાર આંખ પ્રગટ કર અંદરથી કહે છે, આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. વ્યવહારના રસિયાને આ વિરોધ લાગે છે. પાગલ કહે બિચારા. શું કહે? મુનિઓને કહે પાગલ. વ્યવહાર ઉડાવે છે, વ્યવહારથી થાય નહિ. પણ વ્યવહાર હતો ક્યાં એના સ્વભાવમાં તે ન ઉડાડે? વ્યવહારથી થાય? આ તો એ છે. વ્યવહારથી થાય એમાં બાહ્યત્યાગમાં અંદરમાં રાગની મંદતામાં તીવ્ર રાગનો ત્યાગ છે અને એનાથી લાભ થાય છે એમ કહે. અરે..! ભગવાન! અહીં તો સ્વરૂપ જે જ્ઞાતાદૃષ્ટા, એના વિશેષ જે ભાવો. આહા..હા..! એને પણ છોડીને. આહા..હા..! ભગવાન આત્મા અંદર ચિદાનંદ સ્વરૂપ, એકરૂપ અચળ બિંબ ધ્રુવ નિત્યધાતુ, ચૈતન્યધાતુ બિરાજે છે અંદર. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પરમાત્મ સ્વરૂપે બિરાજે છે આત્મા. અરે..! એ કેમ બેસે? હજી 'હું છું આત્મા' એ પણ બેસતું નથી. કે શરીર હું છું, રાગ છું; અને છું આત્મા તે છે કેવો? અનંત આનંદ અને અનંત જ્ઞાનનો દરિયો, સાગર ભગવાન છે. આહા..હા..! ક્યાં બેસે? આહા..હા..!

આટલા ક્ષેત્રમાં રહ્યો અને અનંત અનંત દરિયો ગુણનો? આહા..હા..! ભગવાન! તને ખબર નથી. નિગોદના જીવ અંગુલના અસંખ્ય ભાગમાં અનંતા છે. છતાં એક-એક આત્મા

અનંતગુણનો ભરેલો સમુહ છે એ વસ્તુ છે, શક્તિ છે, સામર્થ્ય છે. આહા..હા..! લસણનો જીવ. લસણ-લસણ. એક કટકી રાયની લ્યો એમાં તો અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા આત્માઓ, તે એક-એક આત્મા જ્ઞાનઘન અચળ ધાતુથી ભરેલા છે. સમજાણું? એની શક્તિ એટલે સામર્થ્ય. એનું સામર્થ્ય જ એ છે. શક્તિ કહો, સામર્થ્ય કહો, પોતાની હયાતીનું બળ કહો. આહા..હા..! વીર્ય છેને? અનંતવીર્ય છેને અંદર? આહા..હા..!

પણ પર્યાયબુદ્ધિમાં રમ્યો છેને અનાદિથી. સાધુ થયો અનંતવાર, દિગંબર સાધુ અને પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ હજારો રાણીને છોડી. રમતું બધી પર્યાયમાં, દ્રવ્યમાં આવ્યો નહિ. ભગવાન દરિયો ભર્યો છે અંદર ત્યાં ન ગયો. પર્યાયમાં રમતું કરી બધી. કષાય મંદ અને શુક્લલેશ્યા ને પંચમહાવ્રત એ બધી રાગની ક્રિયા છે. આહા..હા..! કેમકે જેની વર્તમાન પર્યાયમાં અંશબુદ્ધિ છે એ આગળ જાય તો રાગના લક્ષમાં જશે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં બે પ્રકાર—એક પર્યાય અને એક દ્રવ્ય. હવે જેને વર્તમાન પર્યાયનો અંશ છે ત્યાં જ જેની રુચિને પડ્યો છે... આહા..હા..! તો એ પર્યાય લંબાશે ત્યારે રાગમાં જાશે. અંતરમાં જાશે, તો દ્રવ્યમાં જાશે તો ત્યાં સ્થિર થાશે. આહા..હા..! લ્યો. ગૌણ કરીને. પછી કોને અવલંબવું? એ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૯, મંગળવાર, તા. ૩૦-૧૧-૧૯૭૬, કળશ-૧૨૩-૧૨૪, પ્રવચન નં. ૨૪૭

સમયસાર, ૧૨૩ કળશનો ભાવાર્થ. સારમાં સાર વાત છે આ. આસ્રવનો અધિકાર છે ને? એટલે જીવને '**શુદ્ધનય, જ્ઞાનના સમસ્ત વિશેષોને ગૌણ કરી...**' એટલે કે જ્ઞાનની પર્યાયો ભેદરૂપ પડે તેને પણ ગૌણ કરી. આહા..હા..! '**પરનિમિત્તથી થતા સમસ્ત ભાવોને ગૌણ કરી,...**' પર નિમિત્તથી થતા વિકલ્પ આદિ જે છે શુભ હો કે અશુભ. મૂળ અશુભની વાત તો ગૌણ, અહીં શુભભાવ છે એને પણ ગૌણ કરી. કેમકે છેલ્લો વિચાર જ્યારે ચાલે ત્યારે તો એને શુભભાવ જ હોય. એ શુભભાવને પણ ગૌણ કરી. આહા..હા..! ત્યાં સુધી આવ્યું હતું કાલે.

**શ્રોતા :—** સમસ્ત વિશેષોને ગૌણ કરી...

***પૂજ્ય ગુરુદેવશ્રી*** **:—** વિશેષ ભેદ ઉપર લક્ષ નથી. મતિ, શ્રુત, અવધિ આદિ ભેદ ઉપર લક્ષ નથી. ભેદ છે એ અભિનંદે છે અભેદને. આવે છેને? પણ ભેદ ઉપર લક્ષ નથી.

સમજાણું કાંઈ? આહા..હા..! શુદ્ધતાના અંશો દ્રવ્યના લક્ષે વધતા જાય છે. પણ વધતા જાય છે એ અભિનંદે છે અભેદને .. છે, પણ એ ભેદ ઉપર લક્ષ ન કરવું એમ કહે છે. આહા..હા..! પર્યાયના ભેદો ઉપર લક્ષ છોડી દઈને અને શુભભાવનું જે પરનિમિત્તથી થતો રાગ, વ્યવહાર એને પણ છોડી દઈને એટલે ગૌણ કરીને. અભાવ તો નહિ, ગૌણ કરીને. વસ્તુ તો છેને? પર્યાયભેદ છે, શુભભાવ છે. છે એટલે એનો અભાવ કરીને નહિ. અહીં તો સાધકપણે કરવું છેને એટલે અભાવ તો થઈ શકે નહિ. ગૌણ કરીને મુખ્ય જે ત્રિકાળી વસ્તુ તેને નિશ્ચય. આવે છેને આપણે ૧૧મી ગાથામાં? મુખ્ય તે નિશ્ચય અને ગૌણ તે વ્યવહાર, એમ આવે છે. અભાવ તે વ્યવહાર એમ નહિ. સમજાણું કાંઈ? ત્રિકાળી ચૈતન્યબિંબ એ આવે છે. આત્માને શુદ્ધ જોયું! એ ત્રિકાળી શુદ્ધ નિત્ય. કાયમ ટકનારી ચીજ જે છે એના ઉપર એની દૃષ્ટિ હોવી જોઈએ. આહા..હા..!

**શ્રોતા :—** જ્ઞાનમાં ગોણ-મુખ્ય કરે, શ્રદ્ધામાં થોડી કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શ્રદ્ધામાં જ ગૌણ-મુખ્ય કરે. જ્ઞાનમાં તો પછી જાણે છે હોય એવું. શ્રદ્ધામાં ગૌણ-મુખ્ય. નિશ્ચય તે મુખ્ય નહિ, મુખ્ય તે નિશ્ચય અને વ્યવહાર તે ગૌણ એમ નહિ, ગૌણ તે વ્યવહાર. આ મોટો ફેર છે બેમાં. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આ તો તત્ત્વની વાત છેને ભગવાન! એણે કોઈ દિ' જન્મ-મરણરહિત થવાની વાત એણે રુચિથી કરી જ નથી. આહા..હા..! બધા બહુ લખે છે. રાજકોટવાળો કોક છે વલ્લભદાસ રવિદાસ અન્યમતિ. હુશિયાર છે. ભણેલો વાંચેલું છે. વૈષ્ણવના બધા શાસ્ત્રો, સ્વામિનારાણયના બહુ વાંચ્યા, ઘણા સમાગમ કર્યા, પણ આ વાત ક્યાંય છે નહિ. કોઈ શાસ્ત્રમાં નથી, કોઈ ધર્મમાં નથી. .. એટલો પ્રમોદ બતાવે છે. ચાર પાના એના ડબલ લખાણના છે, આઠ. ત્યાં પડ્યો હશે કાગળ. આહા..હા..!

કેમકે પોતે ભગવાન સ્વરૂપ છે પૂર્ણાનંદ. એમાં પણ એણે પર્યાયને ગૌણ કરી અને રાગને પણ ગૌણ કરી અને વ્યવહાર કહીને એને અભૂતાર્થ કહ્યો છે. વસ્તુ નથી એમ નહિ. તો તો વેદાંત થઈ જાય. સમજાણું કાંઈ? એટલે કેટલાક એમ કહે છેને, કુદુંદકુંદાચાર્યે વેદાંતના ઢાળામાં ઢાળી છે વાત. એક હતા પંડિત મુંબઈમાં. ક્યા? નાથુરામ પ્રેમી પંડિત હતા દિગંબર મોટા. એણે આ એમ કે કુંદકુંદાચાર્યે સમયસારને વેદાંતની ઢાળમાં ઢાળ્યું છે. અરે..! વેદાંતની ઢાળામાં આ વાત ક્યાં હતી?

**'वंदित्तु सव्व सिद्धे'** પહેલેથી ઉપાડ્યું ત્યાં અનંત સિદ્ધ થયા એ છે ક્યાં એમાં? વેદાંતમાં અનંત સિદ્ધ ક્યા છે? અનંત આત્મા ક્યાં છે? એને કાંઈ સમજણ ન મળે. એ જૈન દિગંબર પંડિત એ એમ કહેતા હતા. ગુજરી ગયા. મુંબઈમાં હતા. નાથુરામ પ્રેમી. અહીંયાં તો ગૌણ-મુખ્ય કરીને પર્યાય નથી એમ છે તો તો વેદાંત થઈ જાય. અને તે પણ એક દ્રવ્યની પર્યાય પોતાની વાત છે. અનંતા બીજા દ્રવ્ય છે, બીજાની અનંતી પર્યાય છે એને તો અહીંયાં લક્ષમાં

લેવાની નથી. સમજાણું કાંઈ? બહુ પ્રમોદ બતાવ્યો છે ઘણો. સમયસાર વાંચીને હમણાં લઈ ગયા હશે. આપ્યું હતું નહિ સમયસાર?.. આપ્યું હતું. ભાઈ કહેતા હતા. રતિભાઈ લઈ ગયા. આહા..હા..! આ બધા અન્યમતિના.. એના શાસ્ત્રો વાંચેલા, ગુરુ બહુ મળેલા. આ સત્ય વાત ક્યાંય છે નહિ. આ વીતરાગી વાણી.. એણે બિચારાએ લખ્યું. આહા..હા..!

અહીંયાં તો એક આત્મા એવા અનંત આત્મા ભિન્ન, એથી અનંતગુણા રજકણો ભિન્ન, એના ઉપર લક્ષ કરવું એ તો નહિ. હવે પોતામાં પણ પર્યાયનું ભેદનું લક્ષ કરવું એ છોડી દેવું, ગૌણ કરીને તેને લક્ષમાં ન લેવું. અને વિકલ્પ ઉઠે જે શુભનો, દયા, દાન, વ્રતાદિનો એને પણ ગૌણ કરીને એને છોડી દેવો. આહા..હા..! અને મુખ્યપણે આત્માને શુદ્ધ ત્રિકાળ એ નિશ્ચય. નિત્ય. જોયું આ નિત્ય. પર્યાયને ગૌણ કરી નાખી. **'અભેદરૂપ,...'** એમાં પર્યાયનો ભેદ નહિ. લક્ષમાં પર્યાયનો ભેદ નહિ. ત્રિકાળ અભેદસ્વરૂપ ભગવાન. આહા..હા..! શુદ્ધ, નિત્ય અને અભેદ આટલા વિશેષણ વાપર્યા છે ત્રિકાળને.

**'એક ચૈતન્યમાત્ર...'** છેલ્લો શબ્દ આ. એક ચૈતન્યમાત્ર. અનંત ચૈતન્યના પ્રકાશનું રૂપ, એકરૂપ. આહા..હા..! આ સમ્યગ્દર્શનનો વિષય. સમજાણું કાંઈ? આહા..હા..! મુખ્ય તે નિશ્ચય. ગૌણ તે વ્યવહાર. એ એક જ વાત છે નિશ્ચયની અત્યારે. શ્રદ્ધાનો વિષય જ્ઞાન છે એની સાથે એ જ્ઞાન પછી નિશ્ચયને જાણે અને પર્યાયમાં વ્યવહાર છે, અલ્પતા છે એને જાણે. ૧૨મી ગાથામાં ન આવ્યું? ૧૧મી ગાથામાં એ આવ્યું કે **'भूदत्थमस्सिदो खलू'** ભૂતાર્થ તે ત્રિકાળી તે મુખ્ય તે નિશ્ચય છે એને શુદ્ધનય કહીએ અને એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય. હવે ત્યાં એમ કહ્યું. પર્યાયને અને રાગને અભૂતાર્થ કીધાં. અભૂતાર્થ એટલે જૂઠાં કહ્યાં. એ કઈ અપેક્ષાએ? ગૌણની અપેક્ષાએ. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! આવી વાત ક્યાંય વીતરાગસ્વરૂપ સિવાય, એમાં દિગંબર સંતો સિવાય એ વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? ક્યાંય સત્ય છે જ નહિ આ.

જરી વિચાર કરે, તુલના કરે, મેળ કરે તો ખબર પડે. આહા..હા..! કેવી શૈલી જુઓ! એ બેજ પંક્તિમાં કે પર્યાયને-ભેદને ગૌણ કરી, વિશેષોને ગૌણ કરી. વિશેષો કહો કે ભેદ પર્યાય કહો. પરનિમિત્તથી થતા વિકલ્પને ગૌણ કરી. આહા..હા..! **'આત્માને શુદ્ધ, નિત્ય, અભેદરૂપ, એક ચૈતન્યમાત્ર ગ્રહણ કરે છે...'** એ એનો સ્વભાવ લીધો. ઓલું આત્મદ્રવ્ય લીધું. એનો **'શુદ્ધ, નિત્ય, અભેદરૂપ, એક ચૈતન્યમાત્ર ગ્રહણ...'** ચૈતન્યમાત્ર એકરૂપ જ્ઞાયકભાવ, એને દૃષ્ટિમાં ગ્રહણ કરી. આહા..હા..! દૃષ્ટિ તેના ઉપર પ્રસરીને. આવી વાતું.

એ તો આવ્યું નહોતું? સવારમાં આવ્યું હતું કે ભાઈ! નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય. નિશ્ચય સંયમ છે, સ્વને આશ્રયે થયેલું એને જે શુભરાગ છે એને વ્યવહારસંયમ કહેવામાં આવે છે, પણ નિશ્ચય નથી ત્યાં વ્યવહાર કેવો? આહા..હા..!

**શ્રોતા :—** પહેલો વ્યવહાર આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોને વ્યવહાર પહેલો આવે? એ તો છઠ્ઠા-સાતમાની અપેક્ષાએ વાત કરી. સમ્યગ્દર્શનમાં પહેલો વ્યવહાર આવે અને પછી સમ્યગ્દર્શન, એમ છે જ નહિ. સમજાણું કાંઈ? એ તો સીધો પર્યાયને ગૌણ કરી, રાગને ગૌણ કરી ત્રિકાળી નિત્ય શુદ્ધ અભેદ એક ચૈતન્યમાત્રને મુખ્ય કરી... આહા..હા..! હવે આવી વાત હવે આ બધા બહારની વાતુંમાં બિચારા પડ્યા આખો દિ'. એક તો ૨૨-૨૩ કલાક જાય સંસારના પાપમાં, કલાક-બે કલાક સાંભળવા આવે તો એમાં સામાયિક કરો, પડિક્કમણા કરો, ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી. આવું સાંભળે બિચારા. હવે એને આ વાત... આહા..હા..!

પાલિતાણાની જાત્રા એવા હોંશથી જાય લાકડી હાથમાં રાખીને, આહા..હા..! જાણે શું કરી આવ્યા ઉપર. રાગની મંદતાનો ભાવ હોય તો, પણ તેમાં પાછું આ કર્તાબુદ્ધિ પડી છે અંદર. આહા..હા..! મિથ્યાત્વનું પોષણ છે. હવે એમાં એ ધર્મ માને. આ શું કરવું? આહા..હા..! હસમુખભાઈને તો બહુ જોવા મળે ઓલા ઉપડતા હોય ત્યાંથી બારીમાંથી. એ બધા આદમી નીકળે, સાધુ નીકળે. બાંધ્યું હોયને જાણે ઓહો..હો..! શું કરી આવ્યા ઉપરથી. ઉપર તો ક્ષેત્રપર છે, ભગવાન પણ પર છે. એમાં રાગની મંદતા કરી હોય કદાચિત તો શુભભાવ અને તે પણ પાછું કર્તાબુદ્ધિ. આ શરીરની ક્રિયા મેં કરી અને આ ચાલ્યો હું, વાણી મારું કર્મ, શરીરને બરાબર હું ભગવાન પાસે લઈ ગયો—આવી બુદ્ધિ છે ત્યાં તો મિથ્યાત્વનું પોષણ છે. આ વાત આકરી પડે લોકોને, શું થાય? માર્ગ બાપુ! આવો છે જન્મ-મરણરહિત (થવાનો). નહિતર જન્મ-મરણના.. આહા..હા..!

**શ્રોતા :—** .. કરણી સારી કરવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કઈ કરણી પણ? કરણી ત્રણ પ્રકારની—જડની ક્રિયા, એક વિભાવિક ક્રિયા અને એક સ્વભાવિકક્રિયા. તો એ સ્વભાવિકક્રિયા એ .. ઉત્તમ છે. આહા..હા..! આ તો વીતરાગસ્વરૂપ છે પ્રભુ! આત્મા વીતરાગસ્વરૂપ જ છે. એને અહીંયાં નિત્ય, શુદ્ધ, અભેદ, એક ચૈતન્યમાત્ર કીધો. આહા..હા..! એકરૂપ ચૈતન્ય પ્રકાશની મૂર્તિ પ્રભુ! આહા..હા..! જેને ૧૪-૧૫માં કીધુંને? **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** આહા..હા..! ત્યાં એ વાત લીધી. જે કોઈ અબદ્ધસ્પૃષ્ટ રાગ અને કર્મના સંબંધ વિનાની ચીજ છે એને જે દેખે, સામાન્યને દેખે, વિશેષને ગૌણ કરી, ગુણગુણીના ભેદ પણ ગૌણ કરી નાખે. આહા..હા..! ૭મી ગાથામાં તો એ કહ્યું કે વ્યવહાર.. જ્ઞાનીને દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ એ વ્યવહાર છે, એ તો અશુદ્ધ છે. આહા..હા..! વિકાર તો એકકોર રહ્યો. જ્ઞાનદર્શનના ભેદ ઉપર દૃષ્ટિ જાય, લક્ષ જાય તો એ તો અશુદ્ધતા છે, વિકલ્પ ઉઠ્યો, રાગ છે. એને ગૌણ કરી નાખી,

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्त ण दंसणं जाणगो सुद्धो।।७।।**

ત્યાં ઓલા એક સ્થાનકવાસી સાધુ ભડક્યો. જુઓ, જ્ઞાનીને જ્ઞાનદર્શનચારિત્ર નથી? કઈ

અપેક્ષાએ? એને જ્ઞાન, દર્શન, ચારિત્રનો ભેદ નથી દૃષ્ટિમાં. આહા..હા..! આવી વાત. અરે..! જ્ઞાયકો શુદ્ધો. એમ લીધું છેને? **'ण वि णाणं चरितं ण दंसणं जाणगो सुद्धो'** જ્ઞાયકો શુદ્ધો. આ એ. જ્ઞાયકશુદ્ધ એકરૂપ એ ૭મી ગાથામાં કહ્યું એ અને ૧૧મી ગાથામાં કહ્યું એ. **'भूदत्थमस्सिदो'** ત્રિકાળ એકરૂપ સ્વભાવ ભગવાન આત્મા. અરે..! ચોર્યાસીના અવતાર. આ જુઓને. આહા..હા..! કહો આ આ કુતરી ત્યાં વીયાણી છે. બે બચ્ચા છે હોં. જીવતા. અત્યારે જોયા. ચાર હશે. બેને ખાઈ ગઈ. કહો કૂતરીની મા. ત્યાં બે બચ્ચા પડ્યા હતા. આહા..હા..! આ અવતાર.. આ અવતાર.. કોના માન અને કોના સન્માન? મોટાની મોટપમાં મરી ગયો. મોટો ભગવાન છે ત્યાં જાતો નથી. આહા..હા..! મોટો તો પ્રભુ છે આ અભેદચૈતન્ય. એક સ્વભાવરૂપથી મોટો છે. એની મોટપ છે. નથી આવતુ? અર્થમાં આવે છે. મહત્તા છે એમ અર્થ કર્યો છે એક ઠેકાણે. એની મોટપ છે. મોટાની એ મોટપ છે. આહા..હા..! આ તો વાત ધર્મની છે, બાપુ! એ તો કોઈ અલૌકિક વાતું છે. ઓલા તો કહે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો. એ તો બધી રાગની ક્રિયા છે; અને એમાં કર્તા થાય દેહાદિની ક્રિયાનો, મિથ્યાત્વને પોષે છે, અનંત સંસાર, અનંત સંસાર વૃદ્ધિ થતી જાય છે. શું થાય? આહા..હા..! વાસ્તવિક સ્થિતિને જોતો નથી, ચીજ શું છે અંદર.

એ કહે છે કે નિત્ય. ઓલામાં ભૂતાર્થ કહ્યો હતો. એ અહીંયાં નિત્ય કીધો છે. **'અભેદરૂપ, એક ચૈતન્યમાત્ર...'** આહા..હા..! એ ૭મી ગાથામાં કહ્યુંને, જેને જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદ પણ અશુદ્ધતા ઊપજાવે છે. આહા..હા..! અને ૧૦૦મી ગાથામાં તો એમ કહ્યું, કળશમાં કે ભેદ છે એ મલિનતા છે, મેચક છે. આહા..હા..! એય..! મેચક છે, એ તો મેલ છે. વ્યવહાર છે તે મલિનતા છે. આહા..હા..! શૈલી તો જુઓ પરમાત્માની! ભગવાન અભેદસ્વરૂપ જે છે. આહા..હા..! એને ગ્રહણ કરે છે. સમ્યગ્જ્ઞાન શુદ્ધનય તેને ગ્રહણ કરે છે અને તે પર્યાય અને રાગને ગૌણ કરીને એને દૃષ્ટિમાંથી છોડી દે છે. આહા..હા..!

હવે આ સ્થિતિ નથી ત્યાં આગળ એને સંયમ અને ચારિત્ર ક્યાંથી આવ્યા, બાપા? ભાઈ! તારા હિતની વાતુ છે. એને દુઃખ લાગે. એમ અહીં છે નહિ. કોઈનો તિરસ્કાર કરવાની વાત નથી, બાપુ! આહા..હા..! દૃષ્ટિ જેની મિથ્યાત્વ છે, એ દેહ છૂટીને ચોર્યાસીના અવતારની ખાણમાં ચાલ્યો જશે, ક્યાંય પત્તો નહિ ખાય. એ મિથ્યાત્વના ઉંધી શ્રદ્ધાના લોઢમાં, લોઢમાં તણાતો... તણાતો... નરક અને નિગોદમાં, બાપુ! ભાઈ! એ મિથ્યાત્વનો ત્યાગ એને સમ્યગ્દર્શન ગ્રહણ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દર્શનમાં આવા આત્માને ગ્રહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવો માર્ગ છે.

આ ઓલું તો એક જણાએ લખ્યું છે ક્યાંક હમણા, **'सेवा योगिनाम अपी गहनो'** આવે છે ને? **'सेवा धर्म परमो... योगी नाम अपी गहनं'** ધૂળ શેની સેવા? સ્વરૂપની સેવા યોગી નામ ગહનો. આહા..હા..! આ તો પરની સેવા કરે લોકોને એમ લાગે હા આપણી

સેવા કરે ભારે માણસ. કોણ સેવા કરે ધૂળ? એ પરની સેવાની ક્રિયા છે એ તો જડની છે. એ કાંઈ આત્મા કરી શકે? આહા..હા..! પરને આપવું-દેવાની વાત તો ક્યાંય રહી ગઈ. અહીંયાં તો પોતામાં જે કાંઈ રાગ થાય તેને ગૌણ કરી અને પર્યાયમાં ભેદ ઉત્પન્ન થાય, જ્યાં સુધી પૂર્ણાનંદની પ્રાપ્તિ નથી ત્યાં ભેદ તો ઉત્પન્ન થાય જ, એના ઉપરને પણ ગૌણ કરી નાખીને.

અભેદ એક ચૈતન્યમાત્ર. એક એટલે? બધા થઈને એક એ અહીં નથી. વેદાંત કહે છે કે એક ચૈતન્ય એ આ નથી. આ તો વસ્તુ પોતે એકરૂપ તે છે. ભેદ વિનાની સામાન્ય એને અહીંયાં એક છે. પણ આમાંથી કાઢે છે વેદાંત કેટલાક કે લ્યો આ ચૈતન્યમાત્ર છે. પણ બધું થઈને એક ચૈતન્યમાત્ર. પણ એની ક્યાં વાત છે અહીં? આહા..હા..! વેદાંતના ઢાળામાં ઢાળ્યો. ભગવાન! વેદાંત તો મિથ્યાદૃષ્ટિનું કથન છે. એને તો શાસ્ત્રમાં અલિંગગ્રહણમાં તો એવું લીધું છે. સમજાણું કાંઈ? ૧૫મો બોલ છે. ૨૦ બોલ છે અલિંગગ્રહણ, ૧૫મો બોલ છે. અમેહનાકાર લૌકિક સાધનમાત્ર હોવાથી વ્યાપકપણું માનવું જીવનું લોકપ્રમાણે, પાખંડ સાધુ છે, પાખંડી છે. આહા..હા..!

આ એક ચૈતન્યમાત્ર જુદી ચીજ, એ એક ચૈતન્યમાત્ર કહે જુદી ચીજ. સમજાણું? અહીંયાં તો એકરૂપ વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય, અભેદ તેને ચૈતન્યમાત્રને ગ્રહણ કરીને '**અને તેથી પરિણતિ શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર...**' દેખી. જ્યાં શુદ્ધ અભેદને ગ્રહણ કરે છે જે પરિણતિ. તેની પરિણતિ એટલે પર્યાય '**શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એકાગ્ર-સ્થિર થતી જાય છે.**' આહા..હા..! અભેદ ચૈતન્યને ગ્રહણ કરનારી પર્યાય તેમાં એકાગ્ર થતી જાય છે. આવી વાતું હવે. કાંતિભાઈ! ઓલું સહેલું સટ હતું. ... ઠાણેણં... થઈ ગઈ સામાયિક. આહા..હા..! ભાઈ! સામાયિકમાં તો સમતાનો લાભ આવવો જોઈએ. સમતાનો લાભ ક્યારે થાય? અભેદ ચીજ ઉપર દૃષ્ટિ પડી અને પછી સ્થિરતા થાય એમાં, ત્યારે તેને વીતરાગપણામાં અમૃતના સ્વાદનો લાભ થાય. આહા..હા..! એને અહીંયાં સામાયિક કહે છે. હવે એ નામ પણ સાંભળ્યું ન હોય એણે. કેમ મલુકભાઈ! સામાયિક તો કરી હશે કે નહિ પૂર્વે? આહા..હા..!

**શ્રોતા :—** એ વખતે તો બધું એમ જ હતુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બધું એમ. એ તો અમારા સંપ્રદાયના ગુરુ પણ બિચારા એમ માનતા. પર જીવની દયા અહિંસા એ ઉત્કૃષ્ટ જૈનધર્મનો સાર છે. '**अहिंसा समयं सेव**' એમ કહેતા. સૂયગડાંગની ગાથા છે. '**एवंत्थु णाणिनो सारं**' બોલે શાંતિથી. વસ્તુ ખોટી તદ્દન, કષાય મંદ. બાળબ્રહ્મચારી હતા. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ એક ચૈતન્યમાત્ર છે તેને ગ્રહણ કર. આહા..હા..! '**તેથી પરિણતિ...**' ચૈતન્ય અભેદને ગ્રહણ કરતા તેની પર્યાય '**શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એકાગ્ર-સ્થિર થતી જાય છે.**' આહા..હા..! જુઓને, અર્થ કરનારા જયચંદ્ર પંડિત જેવા. આવા પંડિતો હતા. કહો પંડિતજી! આહા..હા..! હા, તમારા ગામના. જયપુરના હતા?

શું કહે છે? જેણે પોતાની જ્ઞાનની પર્યાયને અભેદ તરફ ઢાળી છે એ ક્રમે-ક્રમે એમાં એકાગ્ર થતો જાય છે. આહા..હા..! રાગની એકાગ્રતા છૂટીને સ્વભાવની એકાગ્રતા થઈ ત્યાં પરિણતિ શુદ્ધ થઈ, સમ્યક્ થયું અને પછી એકાગ્રતા થતી જાય છે એ ચારિત્ર થયું. આહા..હા..! '**એકાગ્ર-સ્થિર-થતી જાય છે. એ પ્રમાણે શુદ્ધનયનો આશ્રય કરનારા જીવો અલ્પકાળમાં બહાર નીકળતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને સંકેલીને,...**' આહા..હા..! '**શુદ્ધનયમાં (આત્માની શુદ્ધતાના અનુભવમાં) નિર્વિકલ્પપણે ઠરતાં...**' આહા..હા..! '**સર્વ કર્મોથી ભિન્ન કેવળ જ્ઞાનસ્વરૂપ, અમૂર્તિક પુરુષાકાર,...**' આહા..હા..! છે?

'**કેવળજ્ઞાન સ્વરૂપ,...**' કેવળ એક પ્રગટ થયેલી પર્યાય. '**અમૂર્તિક પુરુષાકાર, વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ પોતાના આત્માને દેખે છે...**' આહા..હા..! હજી તો શરૂ કેવળજ્ઞાન ત્રિકાળી. એવું '**અમૂર્તિક પુરુષાકાર, વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ પોતાના આત્માને દેખે છે અને શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ કરીને...**' એટલે કે આત્માનો વિશેષ આશ્રય કરીને. '**અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે.**' આહા..હા..! અનંત આનંદની અવિનાશી શક્તિ સાથે કેવળજ્ઞાન પ્રગટાવે છે. આહા..હા..! હવે આવો માર્ગ આકરો પડે 'એટલે શુભ કરતાં-કરતાં થાય' એવું લોકોને ઘૂસી ગયું છે લાકડું. અહીં તો કહે છે કે શુભને પણ લક્ષમાંથી છોડી દે, ગૌણ કરી નાખ ત્યારે તને અભેદ દૃષ્ટિ થશે. આહા..હા..! શુભને રાખી ને શુભ તને અભેદ દૃષ્ટિ કરાવશે (એમ નથી). આહા..હા..!

અહીં તો એમ કહ્યું વ્યવહાર તે નિશ્ચયને પ્રાપ્ત કરાવશે, એમ તો ના પાડી અહીં. અને બીજા ઠેકાણે એમ કે વ્યવહાર કારણ છે, નિશ્ચય કાર્ય છે. એ તો નિમિત્તકારણ. નિમિત્તકારણનો અર્થ કે એ કાર્ય કરતું નથી પરમાં, એમ એનો અર્થ છે. આહા..હા..! શાસ્ત્રની શૈલી ભારે આકરી. એ લોકો એમ કહે કે તમે અર્થ ફેરવી નાખો છો. વ્યવહારથી લાભ થાય ત્યાં આવે તો કહે ના, એ તો નિમિત્ત છે. નિમિત્ત કાર્ય કરે નહિ એવો અર્થ તમે કરી નાખો. નિમિત્તથી થાય. ભાઈ! નિમિત્તથી થાય એની વ્યાખ્યા આમ છે. આહા..હા..! પરના લક્ષે એને રાગ થયો, એ રાગને પણ લક્ષમાંથી છોડી દઈ અને વીતરાગમૂર્તિ, ચૈતન્યમૂર્તિ ભગવાન, એનો આશ્રય કરે ત્યારે તો એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાને સ્વરૂપાચરણ દશા થાય. પછી એ વસ્તુમાં એકાગ્ર-સ્થિર થતો જાય તેમ-તેમ નિર્મળતા પરિણતિની વધતી જાય. વધતા-વધતા શુક્લધ્યાનની શ્રેણીમાં આત્માનો ઉગ્ર આશ્રય લે ત્યારે તેને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય. આહા..હા..! આ એની વિધિ કેવળજ્ઞાન-મોક્ષને પામવાની છે. કેવળજ્ઞાન કહો કે મોક્ષ કહો. મોક્ષ એ કેવળજ્ઞાન. આહા..હા..!

'**શુદ્ધનયનું આવું માહાત્મ્ય છે. માટે શુદ્ધનયના આલંબન વડે...**' આહા..હા..! '**જ્યાં સુધી કેવળજ્ઞાન ઊપજે નહિ ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવોએ શુદ્ધનય છોડવાયોગ્ય નથી એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**' આહા..હા..! ટીકામાં છેને અમૃતચંદ્રાચાર્યનું અને કુંદકુંદાચાર્યનું. આહા..હા..! '**કેવળજ્ઞાન ઊપજે નહિ ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવોએ...**' પોતાનું નિધાન

ભગવાન શુદ્ધનય, એનું અવલંબન છોડવા જેવું નથી. આહા..હા..! એમ કુંદકુંદાચાર્ય દિગંબર સંતોનો એ ઉપદેશ છે, એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પહેલો એનો નિર્ણય તો કરે કે આ માર્ગ તો આ છે. ભલે વિકલ્પસહિત હોય, પણ વિકલ્પસહિતના નિર્ણયમાં આ આવે કે ભેદને લક્ષમાંથી છોડી દઈ અને અભેદની દૃષ્ટિ કરતાં જે અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહીએ. આહા..હા..! એ સમ્યગ્દર્શન પછી અંદર સ્થિરતા જામતી જાય એને ચારિત્ર કહીએ. આહા..હા..! અને એ ચારિત્રથી અંતર્મુહૂર્તમાં શુક્લધ્યાન પ્રવર્તતા કેવળજ્ઞાન થાય. આહા..હા..!

આ મહાવ્રતને આ પાળતા, અઠ્યાવીશ મૂળગુણ પાળતા-પાળતા. એ અઠ્યાવીશ મૂળગુણ પણ ક્યાં છે? ભાવદિપીકામાં તો બહુ લખ્યું છે. આહારની એષણાની તો વાત નહિ, પણ કંઈ પણ બીજો દોષ લગાડે તો એ સાધુ નથી. જેના વ્યવહારના ઠેકાણા નથી એને નિશ્ચય ક્યાં છે? આહા..હા..! એ વસ્તુનું સ્વરૂપ છે. હવે એ કહે છે કે તમે શાસ્ત્રના અર્થ ઊંધા કર્યા, ધર્મસાગરે એમ નાખ્યું છે. આચાર્ય મોટા કહેવાય છેને? અત્યારે શાંતિસાગરની ત્રીજી પેઢી. એ એમ કહ્યું. અર્થો શાસ્ત્રની વિરૂદ્ધ કર્યા છે માટે એ પણ પાપ છે મોટું. અરે..! ભગવાન! પણ વિરૂદ્ધ શું? વ્યવહારથી લાભ થાય એમ જ્યાં કહ્યું હોય એનો અર્થ કરવો કે વ્યવહારથી લાભ નથી, પણ વ્યવહારથી કહેવાલાયક છે. આહા..હા..! વસ્તુની સ્થિતિ તો એમ છે.

**'હવે, આસ્રવોનો સર્વથા નાશ કરવાથી...'** પૂર્ણ લે છે ને હવે તો? **'જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :'** કેવળજ્ઞાન.

(मन्दाक्रान्ता)

रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां
नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।
स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-
नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्।।१२४।।

**'શ્લોકાર્થ :જેનો ઉદ્યોત (પ્રકાશ) નિત્ય છે...'** કેવળજ્ઞાન પ્રગટ થયું. આસ્રવનો ત્યાગ થઈને, સ્વભાવનો આશ્રય લઈને, જે **'નિત્ય છે એવી કોઈ પરમ વસ્તુને...'** આહા..હા..! જેનો પ્રકાશ નિત્ય છે એ વસ્તુ. એવી કોઈ પરમવસ્તુને. આહા..હા..! પરમવસ્તુ એટલે દ્રવ્યવસ્તુને, અભેદવસ્તુને. **'अन्तः सम्पश्यतः' 'અંતરંગમાં દેખનારા પુરુષને,...'** જે વસ્તુ અંતર છે તેને તે રીતે દેખનાર પુરુષને. આહા..હા..! **'रागादीनां आश्रवाणां' 'રાગાદિક આસ્રવોનો...' 'झगिति' 'શીઘ્ર સર્વ પ્રકારે નાશ થવાથી,...'** આહા..હા..!

**'एतत् ज्ञानम्' 'આ જ્ઞાન...' 'उन्मग्नम्' 'પ્રગટ થયું-'** નિમગ્ન ડૂબી ગયું અને આ ઉન્મત પ્રગટ થયું. આહા..હા..! **'स्फारस्फारैः' 'કે જે જ્ઞાન અત્યંત-અત્યંત (-અનંત-અનંત) વિસ્તાર પામતા...'** કેવળજ્ઞાન અનંત અનંત વિસ્તાર પામતું **'स्वरसविसरैः' 'નિજરસના ફેલાવથી...'** આનંદ રસ અને જ્ઞાનરસના વિસ્તારથી ખીલી ગયું. જેમ કળી ખીલે એમ ભગવાન

સ્વરૂપ જે શક્તિ અને સામર્થ્ય હતું, તેમાં એકાગ્ર થવાથી તે જ્ઞાન ખીલી નીકળ્યું, કેવળજ્ઞાનરૂપે ખીલી નીકળ્યું. આહા..હા..! આ ફલાણી ક્રિયા કરવાથી ખીલી નીકળ્યું એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? આવો ઉદ્યોત જેનો પ્રકાશ નિત્ય છે એવા વસ્તુને અંતરંગમાં દેખનારા પુરુષને. એમ કીધું. છે? '**રાગાદિક આસ્રવોના શીઘ્ર સર્વ પ્રકારે...**' આહા..હા..! શીઘ્ર કીધું ત્યાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું? ક્રમબદ્ધ જ થયું. એને અલ્પકાળમાં ક્રમબદ્ધમાં નાશ થઈને કેવળજ્ઞાન થશે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાંધા કરે. વસ્તુએ-વસ્તુએ વાંધા. '**કે જે જ્ઞાન અત્યંત અત્યંત વિસ્તાર પામતા નિજરસના ફેલાવથી...**' નિજ શક્તિની વ્યક્તતાથી. આહા..હા..! નિજસામર્થ્ય છે જ્ઞાન અને આનંદ આદિ શક્તિઓનું શક્તિરૂપે સામર્થ્ય છે, તેને ફેલાવતું, પર્યાયમાં તેનો વિકાસ કરતું જ્ઞાન. આહા..હા..!

'**લોકના અંત સુધીના સર્વ ભાવોને...**' જોયું! લોક અને આલોક બેય લઈ લેવું. '**લોકના અંત સુધીના સર્વ ભાવોને...**' '**प्लावयत्**' ભાષા દેખો! આહા..હા..! '**તરબોળ કરી દે છે...**' આહા..હા..! જેમ પુરણપોળી હોય છેને પુરણપોળી? ઊની-ઊની પુરણપોળી. આ રોટલીને ઘીમાં નાખે છે. પુરુણપોળી હોયને અંદર તુરની દાળનું શું કહેવાય એ? પુરણ-પુરણ. તુરની દાળનું પુરણ. તુરની દાળ. એનું પુરણ. રોટલી પુરણપોળી કરે છેને. પુરણપોળી નથી સમજતા? રોટલીમાં ઓલું પુરણ નાખે. તુરની દાળનું પુરણ સાકર નાખેલું પુરણ કરેલું હોય મીઠું અને એ પછી રોટલીમાં નાખીને... એ પછી ઊની થઈને ઘીમાં નાખે આખી તરબોળ ઘીમાં થાય. હા ઘીના ઠામમાં નાખે; એમ આત્માનું જ્ઞાન તરબોળ થઈ જાય, આખા લોકાલોકને તરબોળ કરી નાખે-બધાને જાણી લે. આહા..હા..!

અહીં તો ઉઘાડની વાત છે. ડૂબવાની વાત એ છે કે રાગને એકઠો કરે એ ડૂબી જાય છે. આહા..હા..! જ્ઞાનરસ ત્યાં શક્તિનો ઢંકાઈ જાય છે. આહા..હા..! રાગ ને પુણ્ય ને વ્યવહારને એકપણે માનીને એનું જ્ઞાન ઢંકાઈ જાય છે એટલે જ્ઞાન ડૂબી જાય છે. સત્ વસ્તુ એવી હોવા છતાં એનો અનાદર થઈ જાય છે અને આ વસ્તુનો આદર કરતાં શક્તિનો વિસ્તાર ફેલાવ થાય છે. આહા..હા..! કળી જેમ ખીલી જાય સો પાંખડી ગુલાબની, આહા..હા..! એમ અનંતગુણની પાંખડીએ ખીલી ગયો આત્મા. આહા..હા..! આવો આત્મા એણે સાંભળ્યો નથી. પામર માન્યો પામર એણે. આહા..હા..! પાંચ-પચ્ચીસ લાખ પૈસા થાય ત્યાં અમે સુખી છીએ. બાયડી સારી મળે ત્યાં એની સાથે વાતું કરવામાં એને જાણે શું આ તે મજા! ભગવાન મળ્યા કે શું થયું? ગલગલિયા અને રૂપાળી કાંઈક હોય. આહા..હા..! મરી ગયો આમ ને આમ. મારી નાખ્યા. પોતાની મહત્તાને ભૂલીને પરની મહત્તામાં મુંઝાઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

છોકરાઓ રળાવ થાયને પૈસા-બૈસા પેદા કરતાં હોય તો. છોકરા ઉપર બહુ પ્રેમ આવે કે... આહા..હા..! છોકરો બહુ કમાઉ પાક્યો છોકરો.

**શ્રોતા :—** કર્મી છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કર્મી એટલે હુશિયાર પાક્યો એમ કહે એ. એ તમારા સસરાને એમ થયું હતું. રામજીભાઈના જયચંદભાઈ હતાને તે એડનમાં ગયેલા. પોણો લાખ રૂપિયા. તે દિ' પોણો લાખ એટલે! ૨૦ ગુણા, ૨૫ ગુણા અત્યારના થઈ જાય. તો એના બાપ આવ્યા તો આહા..હા..! બેટા બહુ કમાઈને આવ્યો! આહા..હા..! આ દુનિયાના ગાંડપણની વાતું. એના સસરા. આ નવીન. તે દિ' તો પોણો લાખ ઘણું કહવાયને? તે દિ' વીસ, પચ્ચીસ ગણું. એડન જઈને પોણો લાખ રૂપિયા લાવ્યા હતા. તો એના બાપ. અરે..! જયચંદ! આહા..હા..! બહુ કમાઈને લાવ્યો બાપા, દીકરા ઓહો..હો..! અરેરે..! એ ગાંડપણાના ગાંડાના ગામ જુદાં હોય છે કાંઈ? આહા..હા..!

ભેટો ભગવાનનો કરવો જોઈએ એને ઠેકાણે ભેટો આનો કર્યો, રાગનો ભેટો થયો. આહા..હા..! અહીં તો જરી '**प्लावयत्**' તરબોળ થઈ જાય છે, એમ. લોકાલોકને જાણે નીતરતું જ્ઞાન જાણી લે છે. આહા..હા..! '**તરબોળ કરી દે છે અર્થાત્ સર્વ પદાર્થોને જાણે છે,...**' આહા..હા..! '**જે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે અર્થાત્ પ્રગટ્યા પછી સદા એવું ને એવું જ રહે છે...**' આહા..હા..! કળી તો ખીલ્યા પછી પણ કરમાઈ જાય. કળી ખીલે પછી કરમાઈ જાય બે-ચાર દિ'. આ તો ખીલ્યું એ ખીલ્યું. આહા..હા..!

એક સમયમાં કેવળજ્ઞાન ચમક-ચમક લોકાલોકને જાણી જાય, તરબોળ કરી દે જાણે, આથી અનંત-અનંત લોકાલોક હોય તોપણ જાણી જાય એવી એની તાકાત છે. આહા..હા..! એ એવું ને એવું રહે છે. આહા..હા..! જુઓ, આસ્રવનો અભાવ કરીને થયેલી... આહા..હા..! આસ્રવના ભાવને રાખીને નિગોદમાં અનંતમાં ભાગે અક્ષરમો અનંતમો ભાગ રહે ત્યાં જાશે. આહા..હા..! અને એનું આરાધન કરીને આવું કેવળજ્ઞાન તરબોળ, લોકાલોકને જાણવાનું, કરવાનું કાંઈ નહિ અને જાણવાનું પૂરું. આહા..હા..! આવી વાતું! આવો ધર્મ! એ તો એ કેટલાક કહે. એ નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ નિશ્ચય એટલે સત્ય. પરમસત્ય તેને અહીંયાં નિશ્ચય કહીએ. વ્યવહાર એટલે ઉપચારે કહેવું તેનું નામ વ્યવહાર કહીએ. આવું તે કથન એનું નામ વ્યવહાર. આહા..હા..! અભેદમાં ભેદનું કથન, એમાં લક્ષ જાવું એ અશુદ્ધતા છે કહે છે, મલિનતા છે. આહા..હા..! આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણમય છે એમ લક્ષ કરવું એ પણ મલિનતા છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને જે જ્ઞાન અતુલ છે અર્થાત્ જેના તુલ્ય બીજું કોઈ નથી.**' આહા..હા..! જે કેવળજ્ઞાન અંતરના સ્વરૂપને પકડીને એકાગ્ર થઈને પૂર્ણ આશ્રય કરીને કેવળજ્ઞાન થયું એ એવું ને એવું અચળ અને એ રીતે અતુલ, અચળ અને અતુલ બે શબ્દ છેને? ચળતું નથી અને છે એ ઉપમા વિનાનું છે. આહા..હા..! જેના તુલ્ય બીજું કોઈ નથી. આવી વાત. આહા..હા..! મીઠી મધુરી વાત છે. મીઠી મધુરી મોરલી વાગે છે. ભગવાનની વાણીની ધ્વનિ આ તો! ભગવાન! તારા સ્વરૂપમાં જતાં તને આનંદ આવશે અને વિશેષ એકાગ્ર થતાં તને ચારિત્ર વૃદ્ધિ પામશે

અને વિશેષ એકાગ્રતા થતાં કેવળજ્ઞાન થશે. એ કેવળજ્ઞાન અચળ અને અતુલ છે. આહા..હા..! ચળે નહિ અને ઉપમા નહિ જેને. આહા..હા..! એના જેવું તો એ. કોના જેવું એ? કેવળજ્ઞાની જેવું કેવળજ્ઞાન. આહા..હા..! એને કોઈ ઉપમા નથી. એનું નામ કેવળજ્ઞાન, એનું નામ મોક્ષ. આહા..હા..! અરેરે..! જિંદગીમાં જીવન જેના અજ્ઞાનમાં ગયા એ બધા ઢોરમાં જઈ, નરકમાં જઈ... આહા..હા..!

અહીં સરવાળો આ આવ્યો તો ઓલાને સરવાળો બીજો આવ્યો, એમ કહે છે. જેણે તત્ત્વનો વિરોધ કર્યો, આહા..હા..! એને નિગોદ જશે. નરક અને સ્વર્ગ તો પછી શુભાશુભભાવનું ફળ છે. પણ ખરેખર તત્ત્વનો અનારાધક વિરોધ કરનાર, એ નિગોદનો .. છે એનો સ્વામી; અને તત્ત્વનું આરાધન કરનાર મોક્ષલક્ષ્મી એને છે. વચ્ચે નરક અને સ્વર્ગ તો પછી શુભાશુભભાવનું. આહા..હા..! સમજાણું કાંઈ? આવી આ જગતની મીઠાશ. દિવસના બબ્બે હજારની પેદાશ થતી હોય અને એય મોટી દુકાન ચાલતી હોય. આહા..હા..! મોટા ગોદામ અને દુકાનોમાં માલ લાખો રૂપિયાના માલ ભર્યા હોય. ઠસોઠસ દુકાનમાં. એક ફક્ત રસ્તો ચાલવાનો થોડો હોય. અમારે દુકાન ત્યાં કુંવરજીભાઈને છેને. મોટી દુકાન. મોટા ગોદામ. ૧૩ તો ગોદામ મોટા છે. ૬૦-૬૦ હજારના હશે. પહેલાં ૫૦ હજાર હતી. કિંમત વધી ગઈને મકાનની? કેમકે ત્યાં તો ઘરના મકાન, ઘરની દુકાન, ઘરના પૈસા અને ગામમાં ૩૩ કરોડનો સંચો પાલેજમાં આવ્યો છે. ૩૩ કરોડ કોકે નાખી અને કાંઈક આ બનાવે છે. મોટરનું કાંઈક છે. મોટરના ટાયર બનાવે છે? પાલેજના જોડે એક ૩૩ કરોડ ખર્ચવાના છે. હવે મોટું શહેર થઈ જશે. આહા..હા..! અને આ લોકોને ઘરના મકાન અને ઘરના દુકાન અને વળી પૈસા ઘરના. એટલે એને પેદાશ વધી જવાની. પેદાશ વધી જવાની. માણસ ઘણા હોય છે ને. ૨૫-૫૦ હજાર માણસ એમાં. ૩૩ કરોડ જ્યાં એના સંચાના માણસ હશે. ફાટી નીકળે એમાં પછી. આહા..હા..! રાજીપો... રાજીપો... રાજીપો... દરરોજ આમ પહોળીયા ... શું કહેવાય એ? પૈસાનું? પૈસા નાખવાનો ગલ્લો-ગલ્લો. આપણે શું કહે છે? ગલ્લો કહે છે. હડફો, આપણે હડફો કહે. એ દેશી ભાષા છે. આ તો મોટી દુકાન છે તો હડફા મોટા કર્યા છે આવડા આવડા. મોટી દુકાન ભેગી હતીને ત્રણેય છોકરાની. ત્રણ લાખની પેદાશ એક દુકાન ભેગી. હવે જુદાં પડી ગયા. મોટા ઓલા કર્યા છે હડફા. ઊંચા મોટા. વેપારી ખરાને. આહા..હા..! એમાં સલવાઈ જાય માણસ. થઈ રહ્યું. પાપ આખો દિ' પાપ. આહા..હા..! એય..!

**શ્રોતા :—** પાપના ફળમાં પૈસા કમાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પાપના ફળમાં હોય? એ પુણ્યના ફળ છે. એ પાપ તો કરે છે. અને ફળ આવે છે પૂર્વના પુણ્યનું. એ કાંઈ વર્તમાન રાગનું ફળ છે એ? આહા..હા..! કરોડોપતિઓ છે આ બધા જુઓને મોટા-મોટા. અબજોપતિ નહિ મોટો શાંતિલાલ ખુશાલ. અહીં જયપુરમાં જુઓને ભાઈ દુર્લભજી ઝવેરીનો દીકરો. છેલશંકર ૬૦ કરોડ રૂપિયા. સ્થાનકવાસી. મોટા દીકરાનો

દીકરો છે. એની પાસે પણ ૪૦ કરોડ હશે. એમ એક અબજ રૂપિયા. અરેરે..! ત્યાં મૂંઝાઈ જાય માણસો. આહા..હા..! અને એમાં કોક બે-પાંચ લાખ, દસ લાખ ખર્ચે ધર્મમાં. અબજોપતિને .. આવેય પાંચ લાખ કે દસ લાખ. ૩૫ લાખનું કર્યું હતુંને. કર્યું હતું ૩૫ લાખનું. એની માના નામનું ૩૫ લાખનું. અમે ઉતર્યા હતાને પૂનમચંદ ગોદીકા. એની સામે ૩૫ લાખનું એની માના નામનું ૩૫ લાખનું એક બનાવ્યું હોસ્પિટલ. ૩૫ લાખ નાખીને. અબજોપતિને ૩૫ લાખની શું ગણતરી? લોકો વખાણે. આહા..હા..!

**શ્રોતા :—** પૈસાનો સદ્ ઉપયોગ કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સદુપયોગ કર્યો બાપુ! મળ્યું એના. પૈસા મળ્યા એનો ઉપયોગ પણ સદ્ કર્યો.

**શ્રોતા :—** કમાઈ જાણ્યા અને ભોગવી પણ જાણ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, એમ પણ કહે. અરે! કમાઈ જાણ્યો, ભોગવી શું? ધૂળ કમાય છે? કોણ કમાય બાપા! એ કમાણીમાં તો પાપની કમાણી છે. આહા..હા..! આ ભગવાનનું શરણ લેતાં તો પવિત્રતાની કમાણી એમાં છે. આહા..હા..! આખું નિધાન છેને પ્રભુ! અનંત શક્તિ, અનંત સત્‌નું સત્ત્વ, અનંતગુણ અનંત સ્વભાવ, મોટી ખાણ છે, ગોદામ છે, અનંતગુણનું ગોદામ છે. આહા..હા..! અનંત શક્તિનો સંગ્રહાલય છે. સંગ્રહાલય સ્થાન છે. અનંત સ્વભાવનો સાગર છે. આહા..હા..! એને આ પર્યાયમાં આ થાય અને રાગ થાય એમાં તો નુકસાન છે. આહા..હા..! આને સ્વીકારીને એમાં લીન થવું, એકાગ્ર થવું એનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય એમ કહે. આ વ્યવહારથી થાય છે એમ ન આવ્યું એમાં. જે સ્વરૂપ અભેદ નિત્ય છે તેની દૃષ્ટિ પ્રસાર કરી અને પછી એકાગ્ર થતો જાય તેને કેવળજ્ઞાન એમ કહ્યું છે. પછી પાછો વ્યવહાર કરે તો થાય એમ કહ્યું નથી. વ્યવહાર આવે ખરો, દખલ છે એ તો, બંધનું કારણ છે. આહા..હા..! અરેરે..! આવું સત્ય એને બીજું કેમ થાય બાપુ? એના શાસ્ત્રના અર્થ પણ આ રીતે થવા જોઈએને? આહા..હા..!

'**ભાવાર્થ :—જે પુરુષ અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે છે...**' જુઓ! આહા..હા..! '**અંતરંગમાં...**' જે કોઈ આત્મા. પુરુષ એટલે આત્મા. '**અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે...**' પરમવસ્તુ. જેમાં અનંતા જ્ઞાનના તેજ પડ્યા, અનંતા આનંદના ઢગલા પડ્યા છે. આહા..હા..! અનંતા પુરુષાર્થનો પિંડ પોતે ભગવાન. એવો જે આત્મા પરમ વસ્તુ એને દેખે છે. '**અને શુદ્ધનયના આલંબન વડે તેમાં એકાગ્ર થતો જાય છે...**' જોયું! આહા..હા..! એ દેખે છે તેમાં શુદ્ધદ્‌નયના આલંબન વડે એકાગ્ર થતો જાય છે.

'**તે પુરુષને, તત્કાળ સર્વ રાગાદિક આસ્રવભાવોનો સર્વથા અભાવ થઈને, સર્વ અતીત, અનાગત ને વર્તમાન પદાર્થોને જાણનારું...**' આહા..હા..! ત્રણકાળને જાણનારું. આહા..હા..! અનાગતને જાણનારું? અનાગતને જાણનારું તો પછી અનાગતમાં થયું, થશે એ

બધું જાણનારું? પછી અનાગતને જાણનારું પછી ઓલાને પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો? ભવિષ્યની પર્યાયો તે કાળ જેટલી છે અનંતી એ બધાને ભગવાન જાણે છે. આહા..હા..! પણ એ ભગવાનમાં જ્ઞાનનો પૂર્ણનો સ્વીકાર કરવો. આહા..હા..! બાપુ! રાગ નહિ, પુણ્ય નહિ. ચૈતન્યની એક સમયની સર્વજ્ઞતા. ભાઈએ લખ્યું છેને. નિયતિવાદ બનામ શું કહ્યું? નિયતિવાદને? બનામ-બનામ, બનામ. સર્વજ્ઞતા. અથવા સ્વરૂપ. એટલે એ. આહા..હા..!

'જે જે સમયે જે થશે તે પર્યાય થવાની' તેમ જેને નિર્ણય કર્યો તેને તો સમ્યગ્દર્શન થાય. આહા..હા..! પર્યાયબુદ્ધિ ઊડી અને દ્રવ્યબુદ્ધિ થાય, તેને ક્રમબદ્ધનો નિર્ણય સાચો કહેવાય કર્તાપણું છૂટી જાય એને. ક્રમબદ્ધમાં તો કર્તાપણું છૂટી જાય છે. થાય છે તેને કરવું ક્યાં રહ્યું? આહા..હા..! સમજાણું?

શ્રોતા :— અનંત પદાર્થનો ફેરફાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શેનો ફેરફાર? વસ્તુ ક્રમસર છે, પણ એ ક્રમસરના નિર્ણયમાં કર્તાપણું ઊડી જાય છે. એ અકર્તાપણું થાય એ જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. આહા..હા..! પણ એ કળા હાથ ન આવી. કારણ કે કાંઈક કરીએને, રાગ કરીએ, વ્યવહાર કરીએ તો આવું થાય (એમ માનનારને) એ વાત આને ન બેસે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અતીત, અનાગત ને વર્તમાન પદાર્થોને જાણનારું નિશ્ચળ, અતુલ કેવળજ્ઞાન પ્રગટ થાય છે.'** અચળ અને અતુલની વ્યાખ્યા કરી. અચળ અને અતુલ છે. **'તે જ્ઞાન સર્વથી મહાન છે, તેના સમાન અન્ય કોઈ નથી.'** 'ટીકા :**આ રીતે આશ્રવ** (રંગભૂમિમાંથી) બહાર **નીકળી** ગયો.' લ્યો! આસ્રવ છૂટી ગયો અને કેવળજ્ઞાન થયું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગશર સુદ-૧૦, બુધવાર, તા. ૧-૧૨-૧૯૭૬, કળશ-૧૨૪-૧૨૫ પ્રવચન નં. ૨૪૮

આ સમયસાર, આસ્રવ અધિકાર. 'આસ્રવ બહાર **નીકળી** ગયો.' એટલે શું? એમ કહે છે. ભાવાર્થ. આ આત્મા છે. એ જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે. એમ જેણે જાણ્યું એને પુણ્ય-પાપના ભાવનો આસ્રવ એને છૂટી જાય છે. રંગભૂમિમાંથી નીકળી ગયો એનો અર્થ એ. પુણ્ય અને પાપના ભાવ એ દુઃખરૂપ છે અને આત્મા આનંદસ્વરૂપ છે એવું ભેદજ્ઞાન થવાથી, આત્મા આત્મામાં ઠરે છે, ત્યારે આસ્રવ તેનો નાશ થઈ જાય છે એટલે આસ્રવનો સ્વાંગ રંગભૂમિમાંથી નીકળી ગયો, એમ.

**શ્રોતા :—** આસ્રવ આવતો જ નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આસ્રવ છેને પરિણામમાં. પરિણામમાં. ભાવ છે આસ્રવ. નવા કર્મની વાત નથી આ. એ દ્રવ્ય આસ્રવ છે. આ તો ભાવાસ્રવ જે સ્વાંગ હતો. મિથ્યાત્વ અને પુણ્ય-પાપના ભાવ જે ભાવાસ્રવ હતો અને જ્ઞાને જાણી લીધું કે એ સ્વરૂપ મારું નથી. હું તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છું. એમ પ્રજ્ઞાછીણીથી રાગને જુદો પાડ્યો અને એમાં ઠર્યો, આસ્રવ ઉત્પન્ન થતો નથી એનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આવી વાતું છે હવે.

આસ્રવનો સ્વાંગ હતો એ. કાંઈ વસ્તુનું સ્વરૂપ નહોતું એ. પુણ્ય અને પાપનો સ્વાંગ રંગભૂમિમાં આવ્યો હતો. એણે '**જ્ઞાને યથાર્થ સ્વરૂપે જાણી લીધું તેથી તે બહાર નીકળી ગયો.**' એટલે આસ્રવનો નાશ થઈ ગયો. આહા..હા..! હવે છેલ્લો એનો છે.

**યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આશ્રવ દ્રવ્યત આગમ ગાયે,**
**રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;**
**જે મુનિરાજ કરૈ ઇનિ પાલ સુરિદ્ધિ સમાજ લયે સિવ થાયે,**
**કાય નવાય નમૂં ચિત લાય કહૂં જય પાય લહૂં મન ભાયે.**

કહે છે કે '**યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ...**' હતા. આત્મામાં યોગનું કંપન્ન થાય, એને લઈને પુણ્ય-પાપના ભાવ થાય અને એને લઈને આસ્રવ થતાં એ યોગે આસ્રવને રોક્યો. એ આ જડની વાત છે પહેલી. યોગ એટલે જડ, જડનો ઉદય. એ કષાય તે કર્મનો ઉદય. મિથ્યાત્વ તે પણ જડનો ઉદય. અસંયમ એ પણ જડનો. એ '**આસ્રવ દ્રવ્યત આગમ ગાયે,...**' એ દ્રવ્યાસ્રવ આગમમાં કહેવામાં આવે છે, જડ-જડ, નિમિત્ત.

અને ભાવ '**રાગ વિરોધ વિમોહ વિભાવ...**' રાગ, વિરોધ નામ દ્વેષ, વિમોહ નામ મિથ્યાત્વ એવો જે '**અજ્ઞાનમયી યહ ભાવ જયાતે;...**' ભગવાને એ ભાવ બતાવ્યા. ભાવાસ્રવ. આ ભાવાસ્રવની વાત છે. પહેલામાં દ્રવ્યાસ્રવ એટલે જડના નિમિત્તની વાત હતી. આ ઉપદાન મહાઅશુદ્ધપણે મિથ્યાત્વ, રાગ-દ્વેષ અને વિભાવપણે અજ્ઞાનમયભાવ... આહા..હા..!

'**જે મુનિરાજ કરૈ ઇનિ પાલ...**' ઉત્કૃષ્ટ વાત લેવી છેને અહીંયાં તો? જે કોઈ આત્મદર્શન પામીને આત્મામાં લીનતારૂપી મુનિપણું, વિજ્ઞાનઘનમાં નિર્મળ, નિર્મળ વિજ્ઞાનઘન એમાં અંતર નિમગ્ન. એ આવ્યું હતું પાંચમી ગાથામાં. ભગવાન કુંદકુંદાચાર્ય કહે ભગવાન પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા, ત્યાંથી માંડીને અમારા ગુરુ પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા. આહા..હા..! કહો, કેવળીની સાથે પોતાના ગુરુને નાખ્યા છે. સર્વજ્ઞ જ્યાં વિજ્ઞાનઘન નિર્મળમાં નિમગ્ન હતા એમ અમારા પછી ગણધરથી માંડીને અમારા ગુરુ. એ બધા સંતો, મુનિરાજો, નિર્મળ વિજ્ઞાનઘન એવું ચૈતન્યનું પ્રકાશસ્વરૂપ તેમાં નિમગ્ન હતા. આહા..હા..! આ મુનિપણું.

એવા '**જે મુનિરાજ કરૈ...**' પોતાનું વિજ્ઞાનઘન નિર્મળસ્વભાવ, એમાં જે ઠરે છે, રમે છે, લીન થાય છે. એની પાલ. એની રાગની આડ પાડ બાંધી લીધી. '**સુરિદ્ધિ સમાજ...**'

પોતાની રિદ્ધિની સમાજને લઈને 'સિવ થાયે,...' આનંદ આદિ પર્યાયની ઋદ્ધિ, અનંતગુણી જે ઋદ્ધિ છે એને પામીને સિવ થાયે-મોક્ષે જાય. આહા..હા..! લ્યો, મુનિરાજની આ વ્યાખ્યા કીધી. સમ્યગ્દષ્ટિ છે એ દૃષ્ટિપૂર્વક દ્રવ્યનો આશ્રય છે એટલો. દ્રવ્યનો આશ્રય છે એને આસ્રવ મિથ્યાત્વનો નથી. જેને દ્રવ્યદૃષ્ટિ થઈ છે. વસ્તુ ચૈતન્યઘન નિર્મળ આનંદ એમાં જેની દૃષ્ટિ થઈ છે, એને મિથ્યાત્વનો આસ્રવ નથી અને એને આગળ વધીને સ્વરૂપમાં જે લીન થાય છે ચારિત્ર એને પછી રાગદ્વેષનો આસ્રવ નથી. આહા..હા..! એને એની પાળ રોકે.

'સુરિદ્ધિ સમાજ લિયે...' અનંતગુણનો ભગવાન દરિયો આનંદનો નાથ એ પર્યાયમાં અનંત સમાજની લક્ષ્મી પ્રગટી. આહા..હા..! 'સિવ થાયે,...' એ મુક્તિને પામે. એમાં કાંઈ એમ ન આવ્યું કે મહાવ્રત પાળે ને નગ્નપણું પાળે. શાહુજીએ લખ્યું છેને હમણાં. નગ્નપણું એ મોક્ષનો માર્ગ છે. એ સોનગઢવાળાએ પરિવર્તન કરવું પડશે ... એમ લખ્યું છે. વાંચ્યું છે? એમાં લખ્યું છે. એમાં આવ્યું છે. એને બિચારાને આમ માણસ નરમ પણ હવે એને જરી વસ્તુની સ્થિતિની ખબર ન પડે. તેમ એને માટે શબ્દો વાપરવા આકરા એ પણ ઠીક નહિ. બહુ આકરું આવ્યું છે લખાણ. જૈનશાસનને મોટી અશોભાવાળા શબ્દ છે. એવું હોય. વસ્તુસ્થિતિ જણાવી. શક્તિ કષાયભાવથી નહિ, શાંત ભાવથી. કોઈ વ્યક્તિનો વિરોધ નહિ. પર્યાયનું વસ્તુનું સ્વરૂપ બતાવે, પણ તેમ નિશ્ચયથી તો એ દ્રવ્ય સાધર્મી સંત આત્મા છે. આહા..હા..! એ દ્રવ્ય એ તો ભગવાન છે. અભવિનો જીવ હોય કે ભવિનો એ બધા આત્મા ભગવાનસ્વરૂપ જ છે. જેની દૃષ્ટિ, પર્યાયથી નીકળી ગઈ અને દ્રવ્યદૃષ્ટિ થઈ એને તો ભગવાન જેમ પોતાનો ભાસ્યો છે એમ બીજા આત્માઓ ભગવાનસ્વરૂપ છે. એક સમયની ભૂલ છે તે કાઢી નાખી. તિરસ્કાર ન હોય. સમજાય છે કાંઈ? સત્વેષુ મૈત્રી. બધા ભગવાન આત્મા પ્રત્યે એને પ્રેમ હોય છે. દ્વેષ નહિ. મૈત્રી કીધીને? ગમે તે હોયને એથી શું? આહા..હા..! એવું અંદર ઉત્તેજન થઈને બીજાનો અનાદર થાય એ તો પોતાના શાસનને નુકસાન કરનાર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો મુનિરાજ કરે આસ્રવની પાળ-રોકે અને જ્યારે અંતરની ઋદ્ધિ પ્રગટ થાય... આહા..હા..! અનંત આનંદ, અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન, જ્યારે આસ્રવને રોકે ત્યારે અતીન્દ્રિય આનંદનો ઉભરો પર્યાયમાં આવે છે, એ એની ઋદ્ધિ છે, એ એનો વૈભવ છે. આહા..હા..! ધૂળના વૈભવની વાત નથી આ. આહા..હા..! 'સુરિદ્ધિ સમાજ લયે...' એટલે અનંતગુણનો સમાજની પ્રાપ્તિ પર્યાયમાં થઈ. 'સિવ થાયે,...'

'કાય નવાય...' જયચંદ્ર પંડિત કહે છે કે હું કાયા વડે નમન કરું છું. ભાવ તો મનનો છે. 'નમુ ચિત લાય...' જોયું! ચિત્તને લાવીને કાયને નમન કરું. એકલું કાયાનું નમન કરું છું એમ નહિ. આહા..હા..! એવા સંતો જેને મોક્ષની તૈયારી છે અને શિવપદને પામે છે આવા ભાવથી. એવા જીવને નમાય. 'નમુ ચિત લાય...' ચિત્તથી એને હું નમુ છું. 'કહૂં જય

પાય...' અને જય થયો છે તેનો એ જય પામીને લહુ મન ભાય. મારા મનમાં એની ભાવના ભાવું છું. આહા..હા..! જુઓ, આ જયચંદ્ર પંડિત! કેવી મીઠી ભાષા છે! સમજાણું કાંઈ?

**'આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો.'**

લ્યો! હવે આવ્યો ભેદજ્ઞાનનો અધિકાર અલૌકિક. કળશ ટીકાકારે નહિ પણ આ છે ને, અધ્યાત્મ તરંગિણી. એ અહીં સંવરનો અધિકાર ઉપાડતા ૐ **નમઃ** ઉપાડ્યું છે. ટીકાનો પહેલો શબ્દ ૐ **નમઃ** ત્યાંથી ઉપાડ્યું છે. આ છેને. એમ કહે ઓહો..હો..! અલૌકિક વાત છે. ભેદજ્ઞાન સંવર. ભેદજ્ઞાન સંવર જિન પાયો. આહા..હા..! રાગથી ભિન્ન સ્વભાવમાં એકત્વ. એવું જે ભેદજ્ઞાન તે એને વિસ્તાર કરતાં શાસ્ત્રનો ૐ **નમઃ** એમ કીધું. બીજા અધિકારમાં એમ નથી કીધું. સમજાણું? છેને શું કહેવાય આ અધ્યાત્મ તરંગિણી. કળશની અધ્યાત્મ તરંગિણી. કળશટીકા છે ઓલી. સંસ્કૃત ટીકા છેને.

ૐ **નમઃ** અથ સંવર સુચયતિ. એમ શરૂ કરી છે ટીકા. ૐ **નમઃ**. આહા..હા..! પછી ટીકાથી શરૂઆત ૐ **નમઃ** મૂકીને. બીજા ટીકામાં ૐ **નમઃ** નથી. ભેદજ્ઞાન છેને સંવર? આહા..હા..!

**'પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે "હવે સંવર પ્રવેશ કરે છે".** આસ્રવ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા પછી હવે સંવર રંગભૂમિમાં પ્રવેશે છે.

**મોહરાગરુષ દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;**
**સંવરમય આત્મા કર્યો, નમું તેહ મન ધારી.**

જેણે મોહ, મિથ્યાત્વ અને રાગદ્વેષનો નાશ કરી અને જેણે નિશ્ચય સમિતિ, ગુપ્તિ આદિ ભાવ પ્રગટ કર્યા, '**સંવરમય આત્મા કર્યો,...**' એણે તો આત્માને નિર્મળ પરિણતિરૂપ સંવર ધારણ કર્યો. આહા..હા..! '**નમું તેહ, મન ધારી.**' મનમાં તેને લક્ષમાં લઈને હું નમન કરું છું. આહા..હા..! જેણે પરમાત્મપદ પ્રાપ્ત કર્યું અને સંવરને આત્મા કર્યો તેને હું મનથી નમન કરું છું, કહે છે.

**'પ્રથમ ટીકાકાર આચાર્યદેવ સર્વ સ્વાંગને જાણનાર સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે :—'** ૧૨૫ કળશ.

(शार्दूलविक्रीडित)

आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव–
न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक्स्वरूपे स्फुर–
ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते।।१२५।।

આહા..હા..! જુઓ તો ખરા મંગળિક કેવું કર્યું છે! 'आसंसार–विरोधि–संवर–जय–एकान्त–

**अवलिप्त-आस्रव-न्यक्कारात्'** '**અનાદિ સંસારથી માંડીને પોતાના વિરોધી સંવરને જીતવાથી...**' મિથ્યાત્વ અને રાગદ્વેષે સંવરને જીતી નાખ્યો. એકાંત ગર્વિત આસ્રવ થયો. એ પંચમહાવ્રત પાળે તોપણ એને 'હું ધર્મી છું, મેં સંવર કર્યો' એવો આસ્રવે ગર્વિત થયો છે. મેં તો મોટા માંધાતાને પાડ્યા છે નીચે. મોટા દિગંબર મુનિ, હજારો રાણી છોડી જંગલમાં રહ્યા દિગંબરપણે, પણ એને પણ આસ્રવ કહે કે મેં એને જીતી લીધા છે. એને આસ્રવની ક્રિયામાં એને અહંપદ હતું. આહા..હા..! એ પંચમહાવ્રત ને વ્યવહારસમિતિ, ગુપ્તિ રાગ છે એ. એટલે કે એના અહંકારથી સંવરને ઉત્પન્ન જ ન થવા દીધો મેં. મારો જ જય છે. આહા..હા..!

'**અનાદિ સંસાર...**' નિગોદની દશાથી માંડીને '**પોતાના વિરોધી સંવરને જીતવાથી જે એકાંત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ...**' એ આસ્રવની વ્યાખ્યા કરી. આહા..હા..! '**તેનો તિરસ્કાર કરવાથી...**' હવે જુઓ એક વસ્તુ. જુઓ, એમાં વાત અલૌકિક આવે છે. '**તેનો તિરસ્કાર કરવાથી...**' '**प्रतिलब्ध-नित्य-विजयं संवरम्**' આહા..હા..! '**જેણે સદાય વિજય મેળવ્યો છે એવા સંવરને...**' આહા..હા..! શું કહે છે, સમજાય છે? અપ્રતિહતભાવ કહે છે.

અમે જે સંવર પ્રગટ્યો છે એ હવે મોક્ષ થશે ત્યાં સુધી રહેશે. એ સંવર હવે પાછો હઠવાનો નથી. આહા..હા..! ઓલાએ તો ક્ષણિકપણે કર્યું હતું અને અમે તો હવે સંવરને.. શું કીધું? '**प्रतिलब्ध-नित्य-विजयं संवरम्**' નિત્ય વિજય કર્યો છે મેં તો. આહા..હા..! રાગથી પૃથક્ થઈને જે અમે આસ્રવને જીત્યો એ સદાય જીત અમારી રહેશે હવે. આહા..હા..! છદ્મસ્થ મુનિ છેને? પંચમ આરાના છેને? સાંભળને ભાઈ હવે. દેવીલાલજી! આહા..હા..!

જેણે પ્રતિલબ્ધ એટલે મેળવ્યો છે. શું? નિત્યવિજય. '**સદા વિજય મેળવ્યો છે એવા સંવરને...**' આહા..હા..! અમારો ભગવાન આનંદનો નાથ, એને અમે અનુભવ્યો અને પકડ્યો, હવે એ દ્રવ્ય પડે તો સંવર પડે. આહા..હા..! એમ કહે. સંવરે સદાય વિજય મેળવ્યો છે. પણ ભગવાનને પૂછ્યું છે તમે કે આ તો છદ્મસ્થ મુનિ છે. આહા..હા..! બાબુભાઈ! આવી વાતું છે.

**શ્રોતા :—** દ્રવ્ય સાથે મુલાકાત થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મુલાકાત તો થઈ ગઈ પણ પાછી એ મુલાકાત હવે જશે નહિ, એ ખુબી છે. આમ તો સમ્યગ્દર્શન પામીને .. પડે છે એ પહેલા આસ્રવમાં આવી ગયું છે '**नयपरिहणा**' પણ અહીં તો કહે કે અમે પડવાના નથી. સદાય વિજય મેળવ્યો છે. આહા..હા..! દેવીલાલજી! આહા..હા..!

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનની લક્ષ્મીનો ભંડાર, એનો અમે આશ્રય લીધો છે, એનો સંવર પ્રગટ કર્યો છે એ આસ્રવને અમે હંમેશા, અત્યારથી તે અનંતકાળમાં એને અમે વિજય મેળવ્યો છે. હવે પછી સંવર ટળીને આસ્રવ થશે અમને એમ નહિ, એમ કહે છે. આહા..હા..!

હિંમતભાઈ તો ગયા છે, નહિ? ઉમરાળા ગયા છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે? મહામંગળિક કર્યું છે.

પુણ્ય અને પાપના ભાવ, હિંસા, જૂઠું, વિષય, ભોગ, વાસના એ બધું પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પુણ્ય—બેય આસ્રવે ગર્વ કર્યો હતો કે અમારી જીત છે. એને અહીં કહે છે કે હવે સદા માટે વિજય મેળવ્યો. આહા..હા..! વસ્તુનો સ્વભાવ તેનો આશ્રય લીધો, એ લીધો એ લીધો હવે કહે છે. એ અમે પાછા નહિ પડવાના હવે. આહા..હા..! આપણે આ પરણવા જાય સાંભળ્યું છે તમે? એકફેરી મેં સાંભળેલું ત્યાં હું ગઢડામાં હતોને અને આ કુંવરજીભાઈના લગન હતા. આ બીજા-બીજા લગન. આ મનસુખ. ૭૩ની સાલ છે. એ અપાસરામાં અમે હતા ને એ જાન નીકળી. બીજીવાર પરણ્યા છે. પહેલીવાર તો ઉમરાળે, પણ એ ગુજરી ગયા. ત્યારે ઓલી બોલતી હતી બાયુ અંદર. પાછો નહિ પડે. એમ કે માણસનો બળિયો વર્તો. એમ બોલતા હતા. પછી પહેલું પદ ભૂલી ગયા. હા, મોટાના છોરું પાછા નહિ ફરે. આ તો ૭૩ની વાત છે. ૭૩ની વાત .. થયા. ત્યારે અપાસરાની જોડે નીકળી હતીને. એ તો બધું સમજવા જેવું હતું અંદર. આહા..હા..! મોટાના છોરું પાછા નહિ ફરે, એમ. એ નાણાનો બળિયો વર્તો એમ શબ્દ હતો. નાણું-નાણું. પૈસાનો વર પાછો નહિ ફરે, એમ જ્ઞાનનું બળ આત્મા પાછો હવે નહિ ફરે એમ કહે છે. આહા..હા..! પૂર્ણ કેવળજ્ઞાનને વરવા નીકળ્યો છે એ પાછો નહિ ફરે હવે. આહા..હા..! ગજબ કર્યો છેને. પંચમ આરાના સાધુ છદ્મસ્થ. ભગવાન પછી તો હજાર વર્ષે આ થયા. પંદર સો વર્ષ પછી તો કુંદકુંદાચાર્ય, પછી હજાર વર્ષે. આહા..હા..! અરેરે..! ત્રણ જ્ઞાનના વિરહ, ચાર જ્ઞાનના વિરહ, કેવળજ્ઞાનના વિરહ, પણ ભગવાન ચિદાનંદનો એવો વિરહ તૂટી ગયો. આહા..હા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ જ્ઞાન અને આનંદનો સાગર આત્મા! એવી જે અમારી દૃષ્ટિ થઈ અને એમાં ઠર્યા છીએ, તો અમે કહીએ છીએ કે સદાય અમે તો આસ્રવ ઉપર વિજય મેળવ્યો છે. આસ્રવ કોઈ દિ' જય પામે, હવે મિથ્યાત્વ થાય અને રાગ-દ્વેષ થાય એ છે નહિ. આહા..હા..! જુઓ, આ સંવર અધિકારની શરૂઆતમાં અપ્રતિહત ભાવનું માંગલિક કરે છે. આહા..હા..!

શેઠ! આહા..હા..! ભાઈ! આવી વાત કોઈ સાધારણ નથી. સમજાણું કાંઈ? એ દિગંબર સંતોના કાળજા અંદર આવી ગયા છે. આહા..હા..! એવી વાણી ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? પ્રભુ અમને મળ્યા. પૂર્ણાનંદનો નાથ ભગવાન પોતે એના અમને ભેટા થયા. આહા..હા..! હવે અમે જે સંવર પ્રગટ કર્યો, સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની દશા પ્રગટ કરી, એ હવે સદા વિજય રાગ ઉપર વિજય સદાય મેળવ્યો છે. આહા..હા..! સદાય અમે તો વર્તમાન છે, તેમ ભવિષ્યમાં સદાય અમારે તો વિજય છે અમારો. અમારા વિજયના ડંકા છે. આહા..હા..! આસ્રવની હાર છે અને અમારો વિજય છે. સમજાણું કાંઈ? જીત નગારું વાગ્યું. આનંદઘનજીમાં આવે છે. ચોવીસ સ્તવન છેને. 'વીરપણું તે આતમ ઠાણે તમછી વાણે રે. જ્ઞાન વિનાને જ્ઞાન પીછાણે

તે નિજપદ પીછાણે.’ આહા..હા..! ‘વીર જિનેશ્વર ચરણે લાગુ, જિત નગારું વાગ્યું રે.’ જિત નગારું વાગ્યું. આનંદઘનજી શ્વેતાંબરમાં થઈ ગયા. સમજાણું? અહીં એ અમૃતચંદ્રાચાર્ય કહે છે. હજી તો હજાર વર્ષ થયા છે. ભગવાન તો પછી પંદરસો વર્ષે. અવધિજ્ઞાન નથી, મનઃપર્યય જ્ઞાન નથી. એક મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું બળ છે એટલું. આહા..હા..! ભાવશ્રુતનું હોં. ઝીણી વાત છે, બાપુ! અંદરના આ તો માખણ છે. મંગળિક કરે છે ભેદજ્ઞાનનું.

કહે છે કે અમે જે ભેદજ્ઞાન કર્યું છે, રાગથી ભિન્ન પડ્યા છીએ, એ સદાય એમ ને એમ રહેશે હવે. કોઈ દિ’ રાગમાં એકત્વ થશે એવી વાત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શું છે આ? સહજાત્મસ્વરૂપ ત્રિકાળી આનંદ અતીન્દ્રિય આનંદનો સાગર. આ બહારમાં સુખ કલ્પે છે એ તો ઝેર છે. સ્ત્રીમાં, લક્ષ્મીમાં, બંગલામાં, આહારમાં, આબરૂમાં એ તો ઝેરના પ્યાલા છે. આહા..હા..! આ તો અમૃતના પ્યાલા નિર્વિકલ્પ પીયા, આહા..હા..! એમ કહે છે. એ હવે સદાય અમારી દશા એમ ને એમ રહેશે અને અમે કેવળજ્ઞાન લેવાના છીએ, એમ કહે છે. એય..! ભગવાનને પૂછયા વિના? હજી કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા. આ તો ભગવાન પાસે ગયા નથી. આ ભગવાન પાસે પણ એવી રીતે ગયા... આહા..હા..! અમે તો સદાય આસ્રવનો જીત વિજય મેળવ્યો. એની હાર છે અને અમારો વિજય છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! આવી વાતું છે. ઓહો..હો..! ભેદજ્ઞાન સંવર. સંવર આપણે .. સંવર. કરો પચ્ચખાણ. ધૂળેય નથી સંવર સાંભળને. સંવર કેમ થાય એની ખબર નથી. આહા..હા..!

**શ્રોતા :—** પાંચ પાપનો ત્યાગ એ જ સંવર માનતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હજી ક્યાં મિથ્યાત્વના ઠેકાણા, સમકિતના ઠેકાણા નથી. હજી તો પુણ્યના પરિણામથી ધર્મ થશે અને શુભભાવ કરતાં-કરતાં કલ્યાણ થશે એ તો મિથ્યાત્વ મહા પડ્યું છે અંદર. આહા..હા..! આકરું પડે ભાઈ! શું થાય? માર્ગ તો આવો છે, બાપા! આ તો જૈનશાસનની શૈલી તો જુઓ! ઓહો..હો..!

કાલે એક કાગળ આવ્યો છે. કીધુંને કોક રાજકોટનો. કોઈ વલ્લભદાસ રવિદાસ છે કોક. અન્યમતિ છે, પણ અહીંનું વાંચન કરીને ત્યાં એવું એને પ્રમોદ. આઠ-આઠ કાગળ છે. એક પાનામાં ચાર. એટલો પ્રમોદ બતાવ્યો છે. ઓહો..હો..! મહારાજ! આ વીતરાગવાણી, લાખો જીવને સમકિત પમાડે એવી વાત છે. આ વાત હિન્દુસ્તાનમાં તમારા સિવાય ક્યાંય ભાગવત વાંચ્યા, રામાયણ વાંચી, .. વાંચ્યા, સ્વામિનારાયણના ધર્મનું વાંચ્યું, સાધુના સમાગમ બહુ કર્યા. વલ્લભદાસ રવિદાસ કોક છે. હવે ત્યાં કાયમ વ્યાખ્યાનમાં જાય છે, ચંદુભાઈ ને પ્રવિણભાઈના. પહેલા એક કાગળ આવ્યો હતો. આ ફેરે તો બહુ. તે દિ’ પણ હોંશ બતાવી હતી. આ ફેરે તો એણે ઓહો..હો..! આ તો જરૂર સમ્યક્ પામવાની જ રીત છે આ. લાખો જીવો સમકિત પામશે, મહારાજ! એમ કરીને. કેટલીવાર ગુરુદેવ... ગુરુદેવ... ગુરુદેવ... લખ્યું છે. આહા..હા..! આ માર્ગ! આહા..હા..! એ વીતરાગની વાણી, વીતરાગભાવને બતાવનારી. એના પરિભ્રમણ

ટળવાના આ તો રસ્તા છે. હવે અમારા પરિભ્રમણ ટળી જશે એમ લખ્યું. છે અન્યમતિ કોઈ વિષ્ણુ નામ છે ને રવિદાસ. અન્યમતિના નામ હોય છેને. અમારે ત્યાં ગુજરાતમાં ઘણા નામ એવા. આહા..હા..!

આસ્રવનો તિરસ્કાર કર્યો, એટલે શુભભાવનો આદર છોડ્યો એમ. પહેલો શુભભાવનો આદર હતો ત્યાં સુધી મિથ્યાત્વ હતું. આહા..હા..! એ શુભભાવનો પણ તિરસ્કાર કર્યો, 'એ તું નહિ મારી ચીજ, મારામાં નહિ તું' આહા..હા..! હું મારામાં રહીને તને અનાદર તારો કરું છું. છોડી દઉ છું તને. આહા..હા..! તિરસ્કાર. ઓલા પણ ફક્ત માંડીને .. એકાંત ગર્ભિત એટલું જ હતું. અભિમાન થઈ ગયું હતું. આ કહે કે પણ મેં એવી રીતે કર્યું છે કે એને આસ્રવને જીત્યો એ જીત્યો. અમારા વિજયના ડંકા વાગ્યા છે. આહા..હા..! 'સમકિત સાથે સગાઈ કીધી. સપરિવાર સુ ગાઢી.' અનંતગુણના પરિવાર સાથે અમે સમકિતની સગાઈ કરી છે હવે. હવે અમે લગન કરશું કેવળજ્ઞાનમાં. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ તો ખરા કેવી વાત છે!

**'प्रतिलब्ध' 'મેળવ્યો છે...'** શું? **'प्रतिलब्ध' 'મેળવ્યો છે'** લાભ. શેનો? **'नित्य-विजयं संवरम्' 'સદા વિજય મેળવ્યો છે એવા સંવરને...'** આહા..હા..! એ તો આ વાત નીકળી. એ કહ્યું હતુંને, બહેનને આવ્યું છેને સ્મરણમાં કે આ ક્ષાયિકના બે પ્રકાર છે——એક સીધું ક્ષાયિક છે અને એક જોડણીક્ષાયિક છે એટલે વર્તમાન ક્ષાયિક નથી પણ એ ક્ષયોપશમ ક્ષાયિકમાં જ જવાનો. પડવાનો નહિ. એ શૈલી છે આ. સમજાણું કાંઈ? આહા..હા..! ક્ષાયિકસમકિત છે એ તો પડે નહિ. એ તો છેક એનું એ સમકિત સિદ્ધમાં જાય, પણ ક્ષયોપશમસમકિત પણ એવું છે કે એને ક્ષાયિક જ થાય. એ જોડણીક્ષાયિક. એ ક્ષયોપશમ પડે નહિ. એ વાત છે આ. છે તો ક્ષયોપશમસમકિત આને, કાંઈ ક્ષાયિક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બીજા પડખાની વાતું છે, બાપુ! રાગને પડખે ચડેલો એ તો હેરાન થઈને મરી ગયો અનાદિથી. આહા..હા..!

ત્રણલોકનો નાથ ભગવત્ સ્વરૂપ પ્રભુ, એને પડખે ચડ્યો એ કહે છે કે ચડ્યા એ ચડ્યા. હવે પાછા પડવાના નથી. આહા..હા..! ૐ નમઃ ભેદજ્ઞાન બતાવવું છે. જે ભેદજ્ઞાન થાય છે એને અમે ૐ નમઃ. પંચપરમેષ્ઠીનું સ્વરૂપ જે ૐ એને અમે નમસ્કાર કરીએ છીએ. જે પંચપરમેષ્ઠી અપ્રિતહતભાવે મોક્ષને પામ્યા, એમ અમે એને નમસ્કાર કરીએ છીએ. આહા..! અને અમે ટીકા કરીએ છીએ. સમયસારની પહેલી ગાથામાં અથ લીધો છે ટીકામાં. અથ એટલે ધર્મની શરૂઆત કરીએ છીએ એમ. અહીં ૐ નમઃથી લીધું છે. ફડાક બે જુદાં પડે છે અંદર. રાગનો વિકલ્પ અને નિર્વિકલ્પ ચિદ્દઘન આત્મા. એણે આપ્યું છે એમાં ભાઈએ. ત્યાં દાખલો આપ્યો હશેને એણે આપ્યું છે. વલ્લભદાસ રવિદાસે. આપ એમ કહેતા હતા કે પત્થરમાં તિરાડ છે. આ પત્થર હોય છેને મોટા? રગ રગ હોય છે ઝીણી. કાળી, લાલ, ધોળી ઝીણી આખી. એ રગમાં કાણુ પાડીને સુરંગ કરે તો હજારો મણ નીચે અને ઉપર જુદાં પડી જાય પથરા.

વચ્ચે દળ છે, તડ છે. એને .. સાંભરીને. એમ ભગવાન આત્માની વચ્ચે અને રાગ વચ્ચે તિરાડ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કે જેમાં પ્રજ્ઞાછીણી પેસી જાય છે. આહા..હા..! અરેરે..! ભાઈ! માર્ગ બાપા આવો છે, ભાઈ! તને એ વાત ગોઠે નહિ ને એકાંત લાગે પ્રભુ, એમાં ક્યારે તું ત્યાં જઈશ? આહા..હા..! ભગવાન! તું પણ મોટો છો ભાવશક્તિએ તો, પણ વિશ્વાસમાં લાવ તો એ શક્તિ છે તને. વિશ્વાસમાં ન લાવ તારી શક્તિ છે એ ક્યાંથી આવી? આહા..હા..!

ભાઈએ પ્રશ્ન કર્યો હતોને વારિયાએ. ત્રિભુવન વારિયા. વીરજીભાઈનો દીકરો. કે મહારાજ! કારણપરમાત્મા તમે કહો તો તો કાર્ય આવવું જ જોઈએ. કારણપરમાત્મા કહો તો કાર્ય આવવું જોઈએ. કારણપરમાત્મા તો બધાય છે, કેમ આ કાર્ય આવતું નથી? આહા..હા..! ભાઈ! કારણપરમાત્મા છે, કારણજીવ છે, કારણપ્રભુ છે, પણ એ છે એની પ્રતીત આવે એને છેને? ન આવે એને ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..! જેને વિશ્વાસમાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, કારણ પરમાત્માનો જેણે સ્વીકાર કર્યો તેને કારણનું કાર્ય સમકિત થયા વિના રહે નહિ. પણ કારણપરમાત્મા છે માટે કાર્ય તો આવવું જોઈએ, એમ પ્રશ્ન કર્યો. પણ કારણપરમાત્મા છે એનો વિશ્વાસ કોને છે? આહા..હા..! એક સમયની પર્યાયમાં ત્રિકાળી ભગવાન જ્ઞાનમાં આખું જ્ઞાયક આવી જાય છે પર્યાયમાં. એક સમયની પર્યાયમાં આખું જ્ઞાયકનું જ્ઞાન. જ્ઞાયક આવતો નથી. આહા..હા..! એની પ્રતીતિમાં આખો જ્ઞાયક અનંત-અનંત ગુણનો સાગર, એનું જ્ઞાન પૂરું પર્યાયમાં આવે છે. જ્ઞાન આવે છે, શ્રદ્ધા એની પૂરી આવે છે, વસ્તુ તો વસ્તુમાં રહે છે. આહા..હા..! વસ્તુ ત્યાં પર્યાયમાં આવતી નથી. સમકિતની પર્યાયમાં વસ્તુ નથી આવતી. વસ્તુ સંબંધીની શ્રદ્ધા અને જ્ઞાન એની પર્યાયમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! પ્રભુ માર્ગ આવો છે, બાપા! આવો બહાર આવ્યો અને હવે... આહા..હા..! અવસર સબ આવી ગયા છે. આહા..હા..! લખ્યું છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે, સબ અવસર આ ગયા હૈ. આહા..હા..! અહીંયાં લખ્યું છે બિચારાએ બહુ હોં. બહુ લખ્યું છે. બધો અવસર આવી ગયો છે. આહા..હા..! હવે તો મોક્ષ થવાની તૈયારી આત્માને અનુભવવાની, એમ કહે. હું હવે એ પ્રયાસ જ કરું છું એમ લખ્યું. એ તો આત્મા છેને. અહીંયાં કોઈને આત્માની ચીજ છે એ તો આત્મા છે. અહીંયાં ક્યાં ફલાણા મતનો, ફલાણા મતનો આત્મા છે આહા..હા..! પશુ પણ આત્મા પામે છે. આહા..હા..! હજાર યોજનના મચ્છ, ચાર હજાર ગાવના લાંબા. આહા..હા..! જેના ફુંકારે પવનમાંથી આમ પાણી આવે અને જાય. મોઢુ આમ કરે. અંદરમાં આત્મદર્શન થાય છે. આહા..હા..! હું તો અતીન્દ્રિય આનંદનો સાગર છું. એની દૃષ્ટિએ રાગને મેં જીત્યો. આહા..હા..! આ તો મુનિરાજ કહે છે. 'प्रतिलब्ध-नित्य-विजयं संवरम्' આહા..હા..! મોટું મંગળિક. આહા..હા..!

જ્યોતિ. એમ છેને. ચિન્મય. આહા..હા..! જ્યોતિ, ચૈતન્યજ્યોતિ અને સદાય વિજય મેળવ્યો છે સંવર કરીને. આહા..હા..! વિજય મેળવ્યો એવો સંવર, એમ. આહા..હા..! એણે

તો બિચારાએ એવું લખ્યું કે આ વસ્તુ ભગવાનસ્વરૂપ છે એ વાત ક્યાં છે ક્યાંય? ઘણા અમે શાસ્ત્રો જોયાં, સાધુ જોયા, પણ આ આત્મા પૂર્ણ ભગવાન છે. બધા નહિ, બધા થઈને એક એમ નહિ. આહા..હા..! વસ્તુ છેને? તત્ત્વ છેને? એ તત્ત્વમાં અપૂર્ણતા કેમ હોય વસ્તુમાં? અપૂર્ણતા એ તો પર્યાયમાં અપૂર્ણતાનો ભાસ છે. વસ્તુ અપૂર્ણ હોઈ શકે નહિ, વસ્તુ વિકારી હોઈ શકે નહિ, વસ્તુ દુઃખરૂપ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા એને અમે વિજય મેળવ્યો છે સંવરને. આહા..હા..! એવા સંવરને ઉત્પન્ન કરતી જ્યોતિ. આહા..હા..! ચૈતન્યજ્યોતિ. જેમ અગ્નિજ્યોતિ લાકડાને બાળી નાખે છે. આહા..હા..! ઝીણી જીવાત હોય તોપણ બાળી નાખે અગ્નિ. એમ ભગવાન આત્મા ચૈતન્યજ્યોતિ અંદર જ્યાં પ્રગટ થઈ. આહા..હા..! **'જેણે સદા વિજય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતી,...'** જોયું! **'સદા વિજય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતી,...'** પછી લખ્યું. **'પરરૂપતઃ વ્યાવૃત્તં'** **'પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્ત થતા ભાવોથી જુદી),...'** વિકલ્પો શુભાદિ. એનાથી ચૈતન્યજ્યોતિ જુદી. આહા..હા..!

**'सम्यक्-स्वरूपे नियमितं स्फुरत्'** આહા..હા..! **'પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી,...'** પોતાના સમ્યક્ સત્ પૂર્ણસ્વરૂપ ભગવાન એમાં નિશ્ચળપણે પ્રકાશતિ. આહા..હા..! **'चिन्मयम्'** ચિન્સ્વરૂપ. મય છેને? ચિનસ્વરૂપ જ ભગવાન છે જ્યોતિ. આહા..હા..! જ્ઞાનમય છે અથવા ચૈતન્યસ્વરૂપ છે. મય એટલે સ્વરૂપ. **'ઉજ્વળ (-નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન)...'** છે. આહા..હા..! જ્યોતિ ચૈતન્ય અંદર હોં. આહા..હા..! એવી **'નિર્મળ, દેદીપ્યમાન) અને...'** **'निज-रस-प्राग्भारम्'** **'નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી-અતિશયપણાવાળી...'** આહા..હા..! જેની જ્ઞાનની જ્યોતિની પરિણતિ માર અતિશય ભારવાળી. આહા..હા..! **'જ્યોતિ પ્રગટ થાય છે,...'** એવી ચૈતન્યજ્યોતિ વિસ્તારપણાને પામે છે. આહા..હા..! રાગનો વિકલ્પ દુઃખરૂપ છે, પુણ્ય અને પાપના બેય ભાવ દુઃખરૂપ છે, એને જીતીને, સંવરને પામેલી એ જ્યોતિ. આહા..હા..! હવે એ જ્યોતિ દુઃખને કોઈ દિ' અડશે નહિ, આસ્રવને અડશે નહિ. આહા..હા..!

ત્રીજી ગાથામાં તો એમ કહ્યું કે દરેક આત્મા પોતાના ગુણ પર્યાયને ચુંબતો ટકી રહ્યો છે. ગુણપર્યાયને ચુંબતો, સ્પર્શતો અને પરદ્રવ્યને ચુંબન અડ્યો જ નથી કોઈ દિ'. આહા..હા..! ભગવાન આત્મા કર્મને અડ્યો નથી, શરીરને અડ્યો નથી કોઈ દિ'. આ તો જડ-માટી-ધૂળ છે. આહા..હા..! ભગવાન જડને અડ્યો નથી, ચુંબ્યો નથી, એટલે સ્પર્શ કર્યો નથી. અહીં તો એથી કાઢી નાખે છે હવે. પોતાના ગુણપર્યાયને ચુંબે છે. આસ્રવ, સંવર એ પર્યાય છેને? એને સ્પર્શે છે, પરદ્રવ્યને નહિ. અહીં તો હવે કાઢી નાખે છે એ રાગને સ્પર્શતી નથી ચૈતન્યજ્યોતિ. સમજાણું કાંઈ? આવી વાતું. આવો ઉપદેશ કઈ જાતનો હશે? આ ધર્મનો, જિનવરનો, જિનેશ્વરનો માર્ગ આવો હશે? જિનેશ્વરનો માર્ગ દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, એવું આવે

છે લ્યો. ચોવિહાર કરવો, છપરબી દયા પાળવી, છપરબી બ્રહ્મચર્ય પાળવું. લ્યો! એ તો બધા રાગ છે. એ તો આસ્રવની ક્રિયા છે. એને જીતે તે જૈન કહેવાય છે અહીં તો. સમજાણું કાંઈ? આહા..હા..!

અમૃતચંદ્રાચાર્ય પાક્યાને! કુંદકુંદાચાર્ય તો ગયા હતા ભગવાન પાસે એટલે એની યોગ્યતા તો અલૌકિક. સાક્ષાત્ સ્વદેહે જાત્રા કરી ભગવાન બિરાજે છે તેની. આહા..હા..! આઠ દિ' રહ્યા. સાક્ષાત્ ત્રણલોકના નાથની વાણી સાંભળી. આહા..હા..! અને અહીંયાં આવીને આ શાસ્ત્ર બનાવ્યા; પણ આ તો હજી હજાર વર્ષે પછી થયા. ભગવાન પાસે ગયા નહોતા. પણ આ ભગવાન પાસે એવા ગયા અંદર... આહા..હા..! કહે છે કે અમે તો આત્માનો એવો ભેટો કર્યો કે સંવરને પ્રગટ કરતી જ્યોતિ પ્રગટ થાય છે. સદાય અમે વિજય મેળવ્યો છે રાગ ઉપર. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! શું એની શૈલી! શું સંતોના ભાવથી ભરેલા શાસ્ત્રો! આહા..હા..! અને લોકો એમ ને એમ વાંચી જાય. એક જણો કહે સમયસારના તમે બહુ વખાણ કરો છો, પંદર દિ'માં હું વાંચી ગયો આખું. તો શું છે પણ? એનો એક અક્ષર સમજ્યો નથી વાંચી ગયો પણ. આહા..હા..! બાપુ! આ સમયસાર તો એક શ્લોક સમજે તો એને સમ્યગ્જ્ઞાન થાય એવું આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

પર્યાય એક સમયની છે, એમાં અનાદિની રમતું છે. નવમી ગ્રૈવેયકે ગયો, અગિયાર અંગ અને નવ પૂર્વની લબ્ધિ થઈ, પણ એ પર્યાયમાં જ્ઞાન થયું, એ દ્રવ્ય શું છે એનું જ્ઞાન નહિ. આહા..હા..! પર્યાયમાં રમતું કરી શુભભાવની, જ્ઞાનના ઉઘાડની. આહા..હા..! પણ ભગવાન એક સમયની પર્યાય જેટલો નથી. એ તો ત્રિકાળી અંદર છે. આહા..હા..! એ ત્રિકાળી પર્યાયમાં આવતો નથી, પણ પર્યાયથી ભિન્ન ત્રિકાળી રહે છે. સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! દુનિયા દુનિયાની જાણે, બાપા! આહા..હા..! અરે..! ભાઈ! એકવાર આઠ દિ' સાંભળતો ખરો. આગ્રહ છોડી દઈને તો તને ખબર પડે, બાપુ, આ શું છે! આહા..હા..!

'**सम्यक्-स्वरूपे नियमितं स्फुरत्**' જોયું! રાગનો સંવરે, સંવરની જ્યોતિએ એણે જય મેળવ્યો અને '**પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી,...**' '**चिन्मयम्**' જ્ઞાનમય વસ્તુ આમ પ્રકાશતી. ચિન્મય. મય એટલે ચિન્સ્વરૂપે પ્રકાશતી. ઓલું રાગસ્વરૂપ છે એ તો આસ્રવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં કાંઈ પંડિતાઈની બહુ જરૂર નથી. વસ્તુની દૃષ્ટિ ને રુચિ ને સ્થિરતાની જરૂર છે, બસ. આહા..હા..! કે બહુ ભણ્યો હોય અને બહુ આવડ્યું હોય, લાખોને સમજાવતા આવડે તો એ જ્ઞાની છે, એમ નથી બાપુ આ. આહા..હા..! સમજાણું કાંઈ?

આણે તો આત્મા અંદર ભેદજ્ઞાન કરીને જેણે સંવર વડે રાગને જીત્યો. ઓહો..હો..! એવી ચૈતન્યજ્યોતિ ઉજ્જ્વળ. પોતાના સમ્યક્ સ્વરૂપમાં પ્રકાશતી ચિન્જ્યોતિ '**ઉજ્જ્વળ (-નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન) અને નિજરસના ભારવાળી...**' આહા..હા..! આનંદની પર્યાય પ્રગટી

તે એનો બોજો કહે છે કે જીલી શકે નહિ બીજા. આહા..હા..! સમજાય છે કાંઈ? '**(પોતાના ચૈતન્યરસના) ભારવાળી-અતિશયપણાવાળી જ્યોતિ પ્રગટ થાય છે, ફેલાય છે.**' ભગવાન આત્મા જેમ ફૂલની કળી સંકોચમાં હોય છે, એ જ્યારે કળી ખીલે છે. હજાર-હજાર પાંખડીનું ગુલાબ થાય. લાખ, લાખ પાંખડીનું ગુલાબ ફુલ થાય છે. ગુલાબ શું કહેવાય પુષ્પ. ત્યાં ગયા હતાને ક્યું ગામ કીધું? ચીખલી. ચીખલી ગયા હતા ત્યાં એક મોટું તળાવ છે. કહે અમારે અહીંયાં હજાર પાંખડીના ગુલાબ પાકે છે અહીં. હજાર પાંખડીનું ગુલાબ. એવા ગુલાબો પાકે છે. ચીખલી છે ગુજરાતમાં. એ અત્યારે સુકાઈ ગયું છે. જ્યારે પાકે ત્યારે હજાર પાંખડીનું એક ગુલાબનું ફૂલ. બીજો કહે એક લાખનું છે, અહીં નહિ કહે. એ બીજે ક્યાંક થાય છે લાખ પાંખડીનું. આહા..હા..! આ તો અનંત પાંખડીનો ભગવાન. એમાં અનંતાગુણોનો પાક થાય છે એવું એ સરોવર છે.

'**ભાવાર્થ :—અનાદિકાળથી જે આસ્રવનો વિરોધી છે એવા સંવરને જીતીને...**' આસ્રવનો વિરોધી સંવર છે, એમ કહે છે. '**અનાદિકાળથી જે આસ્રવનો વિરોધી છે એવા સંવરને જીતીને આસ્રવ મદથી ગર્વિત થયો છે.**' એ બેયને અહીં આપ્યા. કે સંવર અને આસ્રવ બે વિરોધ છે. શુભ-આસ્રવ આસ્રવ છે અને એને રોકીને સ્થિર થાય એ સંવર બેય વિરોધી છે. આહા..હા..! અને બે નય પણ વિરોધી છે. શુભ-આસ્રવ છે એ વ્યવહારનયનો વિષય છે અને આત્મા સંવર આદિ એ નિશ્ચયનો વિષય છે. શુદ્ધ પરિણતિ, શુદ્ધનયસ્વરૂપ તો છે ભગવાન, પણ એ શુદ્ધનયસ્વરૂપ જ્યારે પરિણતિમાં આવ્યું ત્યારે એને શુદ્ધનય છે એમ ભાસ્યું એટલે પરિણતિમાં શુદ્ધનય પ્રગટી. સમજાણું કાંઈ?

શુદ્ધનય સ્વરૂપ કીધી છે. વ્યવહાર.. ત્યાં તો એમ કહ્યુંને ૧૧મી ગાથામાં? '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભગવાન ભૂતાર્થ, ભગવાન ભૂતાર્થ, સત્યાર્થ, સત્ ચિત્ પ્રભુ એ શુદ્ધનય છે; પણ એ છે એ એને જ્યારે જાણવામાં નય દ્વારા આવ્યો, ત્યારે એણે છે એવું શુદ્ધનય થયું ત્યારે એ પરિણતિ શુદ્ધનય થઈ ગઈ. આહા..હા..! અને રાગનો વિષય વ્યવહારનો અને શુદ્ધ પરિણતિનો વિષય તે નિશ્ચયનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બહુ વિરોધ આવે છેને એટલે સ્પષ્ટ વધારે થાય છે. એ તો બિચારા એને બેઠું હોય એમ કહેને. એને નવું લાગે, નવું લાગે, એકાંત લાગે એને હોં! આહા..હા..!

'**આસ્રવનો તિરસ્કાર કરીને...**' લ્યો સંવરે. '**તેના પણ જેણે હંમેશને માટે જય મેળવ્યો છે...**' એ આ '**प्रतिलब्ध-नित्य**' એનો અર્થ કર્યો. આહા..હા..! હંમેશાને માટે બસ જેણે રાગનો નાશ કર્યો અને સંવરનો વિજય થયો એ હવે સદાને માટે વિજય રહેવાનો છે. કેવળજ્ઞાન પામવા સુધી એ વિજય રહેવાનો છે. આહા..હા..! '**સમસ્ત પરરૂપથી જુદો...**' શું? ચૈતન્યપ્રકાશ. ઓલામાં પહેલામાં કળશમાં જ્યોતિ હતી. જ્યોતિ ચૈતન્ય અને આ હવે અહીં લીધો ચૈતન્ય પ્રકાશ.

'**સમસ્ત પરરૂપથી જુદો...**' શું? ચૈતન્યપ્રકાશ. '**અને પોતાના સ્વરૂપમાં નિશ્ચળ એવો આ ચૈતન્યપ્રકાશ નિજરસની...**' એટલે એમ કહે છે કે રાગને કારણે થયો નથી, પોતાના નિજરસને કારણે પ્રગટ થયો છે. સમજાણું કાંઈ? વ્યવહારનો રાગ મંદ હતો તો એનાથી થયો નથી. નિજબળથી, નિજરસથી પ્રગટ થયો છે. આહા..હા..! આવું સ્વરૂપ જ છે ત્યાં શું થાય? લોકોને સાંભળવા મળ્યું નહિ બિચારાને અને આ સાધુ થઈને પડ્યા રહે.

ઓલામાં તો લખ્યું છે. હમણાં છાપામાં આવ્યું છે કે દરેક સાધુને માટે નિત્ય ચોકા બનીને આહાર લેવાય છે. છાપામાં આવ્યું છે. કોઈએ લખ્યું છે. એટલે તમે એમ કહો છો કે ભાઈ! આ નિત્ય, હંમેશા એને માટે બનેલા જ આહાર લેવાય છે. કાળાકેર તારા. અને છાપામાં એમ આવે ચોકા કરવા માટે આવજો. અરર..! આ તે કાંઈ? આહા..હા..! ભાઈ! મારગડા જુદાં, બાપા! તારા હિતની વાતું છે આ તો. એમાં અહિત થાય છે એની ખબર નથી. આહા..હા..! એને મુનિ માનવા એને શલ્ય છે મિથ્યાત્વનું કે શુભથી થશે અને તે વ્યવહારમાં એને માટે કરેલા આહાર લે છે. એ મુનિપણું જ ક્યાં છે ત્યાં? આમાં ખૂબ નાખ્યું છે આમાં. ભાવદિપીકા. દીપચંદજીની છે ભાવદિપીકા. એમાં તો ખુબ નાખ્યું છે. એકપણ દોષ અઠ્યાવીશ મૂળગુણમાં લાગ્યો તો એને સાધુપણું છે જ નહિ. બહુ લખ્યું છે. ત્યાં સુધી લખ્યું છે, બતાવ્યું હતુંને એક ફેરી? કે અત્યારે.. વર્ષે અઢીસો કીધા ભાઈએ. આ દીપચંદજી છે આ. કોઈ સાડા ત્રણસો કહેતા હતા, પછી અઢીસો કહેતા હતા. દીપચંદજીને. અઢીસો વર્ષ.

એ અઢીસો વર્ષ પહેલાં એમ કહે છે કે હું તો કોઈ શ્રદ્ધાવાન જીવ દેખતો જ નથી આ હિન્દુસ્તાનમાં. અને કોઈ વક્તા, સત્ય વક્તા એ પણ હું તો જોતો નથી ક્યાંય અને સીધું કહ્યું માનતા નથી. સાંભળે નહિ કે મારા. આ લખી જાવ છું. આમાં છે. ૨૪૩ પાનું. છેલ્લે. હું આ લખી જાવ છું. માર્ગ આ છે બાપા! શું થાય? કોઈ વક્તા સાચો છે એ દેખાણું નહિ, એકેય નથી, તેમ સાચી શ્રદ્ધાવાળો કોઈ જીવ છે એ પણ દેખાતું નથી. આહા..હા..! અઢીસો વર્ષ પહેલા હોં! આહા..હા..! બતાવ્યું હતુંને? આહા..હા..!

અહીં તો કહે કે નિર્મળપણે, અતિશયપણે. આહા..હા..! ચૈતન્યપ્રકાશ. જોયું! '**પોતાના સ્વરૂપમાં નિશ્ચળ એવો આ ચૈતન્યપ્રકાશ...**' ચૈતન્ય શાંતિનું ચંદ્ર. આહા..હા..! પ્રકાશનો પુંજ ચૈતન્યનો પ્રગટ થાય છે. ઝળહળ જ્યોતિ પર્યાયમાં પ્રગટ થાય છે. આહા..હા..! એવો '**નિજરસની અતિશયતાપૂર્વક...**' એમ. પોતાના સામર્થ્યથી વિશેષથી '**નિર્મળપણે ઉદય પામે છે.**' રાગની મંદતાથી એને કારણે... સમજાણું કાંઈ? લ્યો, એ કળશ કીધો. ૧૨૫.

'**ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો...**' સકળ કર્મનો સંવર કરવાનો એક વાત '**ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે :-**' આહા..હા..! 'ભેદજ્ઞાન સાબુ ભયો...' આવે છેને. નિર્મળ સમતા નિર્મળ નીર. 'ધોબી અંતર આત્મા ધોવે નિજગુણ ચીર.' આહા..હા..! આવું ભેદજ્ઞાન. એ

સંવર શરૂઆતમાં ભગવાન કુંદકુંદાચાર્ય પાઠ. '**સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે :-**' ગાથામાં આવશે હવે પછી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ